## યુગદ્રષ્ટા યોગનિષ્ઠનો

# જ્ઞાન વૈભવ



શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ, મહુડી

ડૉ. રેણુકાબેન જે. પોરવાલ

શાસ્ત્રવિશારદ યોગનિષ્ઠ
૧૦૮ ગ્રન્થના રચયિતા જૈનાચાર્ય
શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.






પ્રગટભાવક : જૈન શાસનરક્ષક શ્રી ઘંટાકર્ણ-મહાવીરદેવ (મહુડી તીર્થ)

યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની
ભવ્ય પ્રતિભા અને શ્રુતવૈભવ દર્શાવતો

## વિરાટ આલેખ

# યુગદ્રષ્ટા યોગનિષ્ઠનો જ્ઞાનવૈભવ

### દિવ્યઆશિષ

શ્રી મહુડી તીર્થના પરમ ઉપકારક તથા ઉદ્ધારક પરમ પૂજ્યપાદ નેત્રાદિ
પાંચે ઈન્દ્રિયોના અજોડ સંયમી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરી સમુદાયના શણગાર
પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા. તથા
પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મહારાજ

### આશીર્વાદ

તપાગચ્છનાયક આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.
રાષ્ટ્રસંત આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.

### પ્રેરણામૃત

પ્રવચન પ્રભાકર પ.પૂ. આચાર્ય શ્રી ઉદયકીર્તિસાગરસૂરીશ્વરજી મ.સા.

### સાદર અર્પણ

તપાગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરજી મ.સા.
રાષ્ટ્રસંત પ.પૂ. આચાર્ય શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.

### લેખક

ડૉ. રેણુકા જે. પોરવાલ

प्रकाशक

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક ટ્રસ્ટ

પહેલી આવૃત્તિ

પ્રત - ૧૦૦૦

વિ. સંવત-૨૦૭૪

ઈ.સ. ૨૦૧૭

કિંમત : રૂા. ૩૦૦/-

પુસ્તક મેળવવાનું સ્થળ

મુ. પો. મહુડી, તા. માણસા, જી. ગાંધીનગર

(ઉ.ગુ.) પિનકોડ - ૩૮૨ ૮૫૫

ફોન નં. : (૦૨૭૬૩) ૨૮૪૬૨૬,૨૮૪૬૨૭

૧૦૫, ૧૦૬, મહાકાન્ત કોમ્પલેક્ષ વી. એસ. હોસ્પિટલ સામે,

પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭.

ફોન નં. ૩૦૦૨૭૨૮૬, ૨૬૫૭૭૯૬૪

# શ્રી મહુડી જૈન તીર્થના પ્રણેતા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબના હસ્તાક્ષર



અહીં ઝટ મેઘ વર્ષાવો.

વિનંતિ સર્વ દેવોને - જીગરથી ધર્મ ઘોતાર્થે.
કરું તે ધ્યાનમાં લઈને - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧
તપસ્વી ઓ તપઃ તપતા - તપો મહિમા બળ વેગે -
અહો શાસનસુરો પ્રેમે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૨
જગતમાં ધર્મ જીવોના - ખરા પુણ્યે દયા લાવી.
પજુસણ પર્વમાં યત્ને - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૩
ગયાં પર્વો ઘણાં ખાલી - અરે વૃષ્ટિ વિના જાણી.
હવે પર્યુષણે નક્કી - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૪
સુધારો પર્વ આ ટેલું - ખરા ઉપકારને માટે.
કરોડો વિઘ્નવારીને - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૫
મહત્ત્વે માનના પુણ્યે - ઘણી પ્રેરાઈને મનમાં.
બની હજુ આણ ઉર ભાવે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૬
તમોએ વિશ્વમાં સાચા - જગત નિશ્ચય કરાવાને.
જિનેશ્વર ધર્મ રક્ષાર્થે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૭
વિનંતિ ખાલી ના જાતી - ખરેખર સત્ય ઠરી યોજી.
ખરો નિશ્ચય કરાવાને - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૮
કદાપિ સત્યનાં ગાવ્યો - નહીં નિષ્ફલ થતાં જગમાં.
અહો એની પ્રતિષ્ઠાર્થે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૯
તમારી લાજને માટે = પ્રભાવકતા ધરી મનમાં -
ગમે તે યુક્તિ શક્તિથી - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૦
હવે તો હદ વળી સમજો - લગાડો વાર ના કિંચિત્.
કુશળ [illegible] શાન્તિના માટે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૧
કહું આ કાવ્ય પરમાર્થે - પરોના વેગ ભાવે.
અહો એ સત્ય કરવાને - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૨
કરવું આવશ્યક કાર્ય જ - નિહાળી કાવ્ય કીધું આ.
બુદ્ધ્યબ્ધિ ધર્મ લક્ષાર્થે - અહીં ઝટ મેઘ વર્ષાવો - ૧૩
ॐ શાન્તિઃ ૩

આ કાવ્ય કર્યા બાદ ભાદરવામાં વર્ષા થઈ અને તેથી ગુજરાતમાં [illegible] સુકાલ થયો.

આ કાવ્ય ભાદરવા વદિ [illegible] લખ્યું.

[illegible]

લી. બુદ્ધિસાગર

# તપાગચ્છાધિપતિ પ.પૂ. પ્રશાંતમૂર્તિ આચાર્ય
# શ્રી મનોહરકીર્તિસાગરસરીશ્વરજી મ.સા.ના આશીર્વચન



ગુરુદેવ યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.એ વર્તમાન જગત પર અસીમ ઉપકાર કર્યો છે. તેઓના ઉચ્ચ આધ્યાત્મિક જીવન અને ગહન જ્ઞાનસમુદ્ર જેવા સાહિત્યનો વિચાર કરીએ ત્યારે લાગે કે પૂ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા. સાચે જ બુદ્ધિના વિરાટ સાગર હતા. એમણે એવો સાગર છલકાવ્યો કે ૧૪૦ ગ્રંથ સરિતાનું સર્જન કર્યું. એ સાહિત્યગંગા નિર્મળતા આપે છે, વળી આ બિંદુમાં સિંધુ સમાયેલો છે.

એમણે આ સર્જનોનું ચિંતન કર્યું. પોતાની આત્મશક્તિ દ્વારા સર્જન કર્યું, સમજવાનું દોહન કર્યું. દોહન કર્યા પછી નીકળ્યું શું? એક અમૃત અને એક વિષ. અમૃત દેવો લઈ ગયા એમ પૌરાણિક કથા કહે છે, તેમ વિષનું પાન શંકરે કર્યું એટલે નીલકંઠ કહેવાયા. આપણે યોગનિષ્ઠ આચાર્ય પૂજ્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના જીવનમાંથી સાગરને પામ્યા. એમણે અમૃતનું લહાણું કર્યું, જેનાથી આપણા જીવનમાં પ્રકાશ આવે અને અંધકાર દૂર થાય. શબ્દોમાં અધ્યાત્મનું અમૃત એમણે પીધું, આપણને પાયું. એમણે રચેલા જ્ઞાન અને અધ્યાત્મના અમૃતનો ડૉ. રેણુકાબેન પોરવાલે લખેલા "યુગદ્રષ્ટા યોગનિષ્ઠનો જ્ઞાનવૈભવ" ગ્રંથમાં વિસ્તૃત આસ્વાદ મળે છે, તે ઘણી પ્રસન્નકર બાબત છે.

આમાં યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.નું નિર્ભિક વ્યક્તિત્વ, નિજાનંદની મસ્તી, અલખની અલગારી દશા, પ્રભુ પ્રેમની ઉત્કટતાના પરિચયની સાથોસાથ એમનાં કવિત્ત્વ, કરૂણા અને પ્રકૃતિપ્રેમના અંશો પણ અહીં જોવા મળે છે. આમ જોઈએ તો અધ્યાત્મયોગી આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીનું જીવન માત્ર બે પચ્ચીસીનું, પરંતુ એમના જીવનના પૂર્વાર્ધના ૨૫ વર્ષોમાં એક ઉત્કટ સાધક અને ધર્મજિજ્ઞાસુ આત્માનો આલેખ જોવા મળે છે. એમના જીવનના ઉત્તરાર્ધમાં જૈનાચાર્ય તરીકેની એમની આગવી ગરિમા નજરે પડે છે. જિનશાસનને પામવાના પોતાના ધ્યેયની આડે આવતા તમામ અવરોધો એમણે પાર કર્યા અને જીવનઉત્થાનના સોપાન પર એક પછી એક ડગલું આગળ ભરતા રહ્યા. એમાંથી મહાન ત્યાગી, તેજસ્વી અને શાસનપ્રભાવક સૂરિપુંગવ સમાજને મળ્યા.

એ મહાન યોગી હતા, ઉત્તમ કવિ હતા, પ્રવચન પ્રભાવક હતા, માનવતાની ભાવનાથી પરિપૂર્ણ હતા, વજ્રાંગ બ્રહ્મચર્યનું તેજ ધારણ કરતા હતા. વિશેષે તો યોગી આનંદઘનની યાદ આપે એવા અને અઢારે આલમની ચાહના મેળવનારા મસ્ત અવધૂત હતા.

એમના જીવન વિશે અને એમના તમામ ગ્રંથો વિશે રેણુકાબેન પોરવાલે વિસ્તૃત ચર્ચા કરી છે અને એની વિશેષતાઓ પણ સુંદર રીતે તારવી આપી છે. એમનું આ પુસ્તક આજે પ્રગટ થાય છે તેનો આનંદ અને સાથોસાથ યોગનિષ્ઠ આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજીના ગ્રંથરચનાઓથી તેઓ સતત પ્રેરણા પામતા રહે અને સર્જન કરતા રહે તેવા શુભાશિષ.

# રાષ્ટ્રસંત આચાર્યશ્રી પદ્મસાગરજીસૂરીશ્વરજીના આશીર્વાદ



योगनिष्ठ आचार्यदेव श्रीमद् बुद्धिसागरसूरीश्वरजी अनेक आयोमों में सिद्ध – सामर्थ्य धराने वाले तेजोपुंज ऊर्जा पुरुष थे।

अंतर में अध्यात्म और ध्यान की गहनतम गहराईयों में मग्न रहने वाले योगनिष्ठ बाहर की दुनिया के लिए युग–परिवर्तक दीर्घदृष्टा कर्मयोगी थे।

ध्यान की गहराईयों में स्फूरित विचार–प्रेरणाओं को पूज्यश्रीने महज 25 वर्ष जितने संयम पर्याय में लेखनीबद्ध करके 108 से भी ज्यादा अमरग्रंथों का सर्जन किया।

अध्यात्म–ध्यानोद्धार, ज्ञानोद्धार, समाजोद्धार, इतिहास संशोधन, भावी समाज को देश कालोचित प्रेरणा–मार्गदर्शन आदि उनके कार्य के एवं लेखन के क्षेत्र रहे. उनकी लेखनी अपने समय से काफी आगे थी, समयातीत थी।

प्रज्ञापूत उस बुद्धि के सागर में सभी ओर से गोते लगा कर सुश्री रेणुकाबेन पोरवालने उनके कृतित्व व व्यक्तित्व का परिचय करवाने वाला शोध प्रबंध लिखा और उसी का परिवार्धित संशोधित संस्करण महुडी तीर्थ–श्री (मधुपुरी) महुडी जैन श्वेतांबर ट्रस्ट की ओर से प्रकाशित होने जा रहा है यह जान कर बडी ही प्रसन्नता हुई।

मैं सुश्री रेणुकाबेन एवं महुडीतीर्थ के ट्रस्टी मंडल को इस महत्वपूर्ण कार्य को साकर करने के लिए हार्दिक साधुवाद देता हूँ।

मुझे विश्वास है कि प्रस्तुत ग्रंथ पूज्य योगनिष्ठ आचार्यदेवश्री बुद्धिसागरसूरीश्वरजी के ग्रंथों के अध्ययन हेतु एक नया वातावरण खडा करेगा।

भविष्य में भी इसी तरह के और भी नए–नए कार्य इनके द्वारा होते रहे ऐसी शुभकामनाओं एवं आशीर्वाद के साथ...

# વિરાટ પ્રતિભાનો વિસ્તૃત આલેખ



બહુ ઓછાને એ ખ્યાલ હશે કે ડૉ. રેણુકાબેન પોરવાલે જૈન સંસ્કૃતિના આધારસ્તંભ જેવાં મથુરામાં આવેલા પુરાતત્ત્વીય અવશેષોનો અભ્યાસ કરીને 'The Jaina Stupa at Mathura : Art and Icons' નામનો અભ્યાસપૂર્ણ સુંદર ગ્રંથ લખ્યો છે. અભિલેખો ઉકેલવાની સૂક્ષ્મદૃષ્ટિ, સંબંધિત ગ્રંથોનો અભ્યાસ અને જુદી જુદી જૈન પરંપરાઓનું એમણે કરેલું ચિંતન-મનન તો આપણું ધ્યાન ખેંચે જ છે, પરંતુ એમના ગ્રંથો સંકુચિત, સંપ્રદાયવાદથી ઊંચે ઊઠીને નિરપેક્ષ અને વ્યાપક દૃષ્ટિએ એનો વિચાર કરે છે.

એમનામાં આવી વ્યાપકતા કઈ રીતે આવી હશે એનો વિચાર કરતાં કરતાં મને એમના પીએચ.ડી.ના મહાનિબંધ 'યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ - એક અધ્યયન ગ્રંથ' માં એની કૂંચી મળી ગઈ. નાનપણથી જ એમણે ધર્મ અને ઈતિહાસને એક સાથે જોવાનો પ્રયાસ કર્યો. બને છે એવું કે ઈતિહાસને ભૂલી જનારા ધર્મનું ભવિષ્ય ચિંતાજનક બની રહે છે. ત્યારે બે ભિન્ન વિષયોનું ઊંડું અધ્યયન એ ડૉ. રેણુકાબેન જિનેન્દ્રભાઈ પોરવાલની એક આગવી વિશેષતા છે અને યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના એમણે કરેલા ઊંડા અધ્યયનમાં એમની આ આગવી દૃષ્ટિ સતત પ્રતીત થાય છે.

યોગનિષ્ઠ આચાર્યશ્રીએ એમના જીવનમાં આશરે દસ હજારથી વધારે પુસ્તકોનું વાચન કર્યું હતું. આ પુસ્તકોમાં ધાર્મિક ગ્રંથો તો ખરા જ, પરંતુ એ ઉપરાંત ઈતિહાસ, સમાજશાસ્ત્ર, રાજનીતિ વગેરે વિષયક ગ્રંથોનું વાચન કર્યું હતું. વિહારમાં હોય કે ચાતુર્માસમાં હોય, પણ એમની વાચનયાત્રા અવિરતપણે ચાલુ રહેતી હતી.

જ્યારે એમની કાવ્યયાત્રાનો વિચાર કરીએ તો ખ્યાલ આવે કે અર્વાચીન યુગમાં ભાગ્યે જ કોઈ જૈન સાધુ-મહાત્માઓએ આટલું વૈવિધ્યપૂર્ણ કાવ્યસર્જન કર્યું હશે. યોગનિષ્ઠ

આચાર્યશ્રીનાં કાવ્યસર્જનોમાં એમના આત્મલક્ષી જીવનનું ભવ્ય પ્રતિબિંબ પડે છે. એમની દૃષ્ટિ કાવ્યના અનેક પ્રકારો પર ઘૂમી વળે છે. ભજન, ઊર્મિગીત, રાષ્ટ્રગીત, અવળવાણી, ખંડકાવ્ય, કાફી, ચાબખા, ગહુલી જેવા અનેક કાવ્યપ્રકારો પર એમની કલમ આસાનીથી વિહરે છે અને એમાં એમના હૃદયના ભાવો અને આત્માની મસ્તી પ્રગટ થાય છે.

તો સાથોસાથ કવ્વાલી અને ગઝલ જેવા આધુનિક સાહિત્યસ્વરૂપોમાં કરેલી રચનાઓ મળે છે.

ગુજરાતના પ્રાચીન ઈતિહાસને ઉકેલવામાં આચાર્યશ્રીનો અપૂર્વ ફાળો છે. સૂક્ષ્મ સંશોધન વૃત્તિ અને ઝીણી વિગત મેળવવાની ચીવટ એમના ઈતિહાસગ્રંથોમાં દેખાય છે.એમની વાણીમાં અનુભૂતિનો રણકાર સંભળાય છે. અધ્યાત્મના વિષયમાં પણ એમની એવી સરળતા અને સહજતા યુક્ત આલેખન પદ્ધતિ છે કે જનસામાન્યને પણ તે સમજાય.

ગુજરાતી પ્રકૃતિને આચાર્યશ્રીએ કાવ્યસૌંદર્યથી મઢી આપી છે. તાપી, નર્મદા, સાબરમતી જેવી નદી અને તારંગા, પાવાગઢ, ગિરનાર, ડાંગ વગેરે પ્રદેશોના આટલાં વર્ણનો ભાગ્યે જ કોઈ કવિએ આપ્યા હશે. એમાં પણ સાબરમતી નદીના સૌંદર્યને એમણે અનુપમ કાવ્યોથી પ્રગટ કર્યું છે.

આચાર્યશ્રીની જ્ઞાનસાધનાની વિશેષતા એ હતી કે એમણે પોતાની પ્રસ્તાવનાઓમાં ગ્રંથરચનાનો ઉદ્દેશ અને એની પાછળની ધારણા માર્મિક રીતે પ્રગટ કરી છે. પરિણામે એમના ગ્રંથોની માફક એમની પ્રસ્તાવનાઓ પણ વ્યાપક વિચારસૃષ્ટિનું પ્રતિબિંબ પાડે છે. જૈન સાધુઓમાં ડાયરી લખનાર તેઓ સૌપ્રથમ હતા. જ્યાં શાંતિ, એકાંત અને સુંદર વાતાવરણ જોતા ત્યાં ધ્યાન-સમાધિ કરતા હતા. કન્હેરીની ગુફાઓમાં અને તારંગાના શ્રી અજિતનાથ ભગવાનના તીર્થમાં એમની ધ્યાનસમાધિ લાગી હતી.

આનંદની વાત તો એ છે કે આ મહાનિબંધનું સર્જન કર્યા પછી ડૉ. રેણુકાબેન પોરવાલે આ વિષયના અભ્યાસની સમાપ્તિ કરી નથી, પરંતુ જ્યાં જ્યાં યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી વિશે જ્ઞાનસત્ર કે પરિસંવાદો યોજાય, ત્યાં જઈને એમણે આ વિરાટ પ્રતિભાના વિશાળ જ્ઞાનસાગરનો સુંદર રીતે પરિચય આપ્યો છે. આમ **"યુગદ્દષ્ટા યોગનિષ્ઠનો જ્ઞાનવૈભવ"** ગ્રંથનું પ્રકાશન થાય છે ત્યારે મારા અંતરનો આનંદ પ્રગટ કરું છું અને ડૉ. રેણુકાબેન પોરવાલની સરસ્વતી ઉપાસનાને ધન્યવાદ આપું છું.

- પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

# પ્રસ્તાવના



શ્રી પદ્મપ્રભસ્વામી, આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીમહારાજ અને શ્રી ઘંટાકર્ણમહાવીરદેવને મારા વંદન. તપાગચ્છનાયક પ.પૂ. મનોહરકીર્તિસાગરજી અને રાષ્ટ્રસંત આચાર્ય શ્રી પદ્મસાગરજીના આશીર્વાદથી મારી આધ્યાત્મિક ભાવનાને પ્રબળવેગ મળ્યો, સર્વ ગુરુજનોનાં ચરણોમાં મારા નમન. મારા વિદ્યા ગુરુ ડૉ. કલા શાહ, ડૉ. સાગરમલજી જૈન, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈના ઉત્સાહપ્રેરહ વચન અને માર્ગદર્શન મને વારંવાર મળતા રહ્યા, હું તેમની ઋણી છું.

શ્રી મહુડી (મધુપુરી) શ્વેતાંબર જૈ મૂ.પૂ. ટ્રસ્ટને પુસ્તક પ્રકાશનની વિનંતી કરતા તેમણે સહર્ષ આ કાર્યને વધાવી લીધું. હું અને મારા પરિવારજનો શ્રી મહુડી ટ્રસ્ટની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુધ્ધિસાગરજીએ ધ્યાન અને યોગસાધનાના બળે અલૌકિક આત્મિક સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી. આ સિધ્ધિઓ તથા યોગ સાધનાનું વિષય વસ્તુ લઈને તેમણે અમર ગ્રંથોનું સર્જન કર્યું. એની રચના પાછળ એમનું લક્ષ એ હતું કે, એ ગ્રંથો સેંકડો વર્ષ સુધી જનસાધારણને ઉપદેશ આપે, જેને તેમણે ગ્રંથશિષ્યો કહ્યા.

તપાગચ્છનાયક આચાર્ય મનોહર કીર્તિસાગરજી અને રાષ્ટ્રસંત આચાર્ય શ્રી પદ્મસાગરજીની પ્રેરણાથી મેં મુંબઈ યુનિવર્સિટીમાં ઈ.સ. ૨૦૦૧માં આચાર્યશ્રી પર એક શોધ નિબંધ રજૂ કર્યો હતો, તેને સંશોધિત કરી નવો ગ્રંથ 'યુગદૃષ્ટા યોગનિષ્ઠનો જ્ઞાનવૈભવ' ગુરુદેવોના આશિર્વાદથી પ્રકાશિત કરતાં હું અત્યંત આનંદ અનુભવું છું.

બાળપણમાં મેં યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજીની પ્રેરણાથી સ્થાપિત થયેલ ધાર્મિક પાઠશાળા-વલસાડમાં શિક્ષણ લીધું હતું. તે સમયે વલસાડમાં ગુરુદેવના ઘણા ભક્તો હતા જે તેમની શિક્ષણ પ્રવૃત્તિને વેગ આપતા હતા.વલસાડના શ્રી રોહીડા વીસા પોરવાલ સંઘે જૈન

ગુરુકુળ સ્થાપવાની અનુમતિ પણ આપી હતી. જ્યારે મેં ગુરુદેવ પર અધ્યયન પ્રારંભ કર્યું ત્યારે આ સર્વ બાબતો પર ધ્યાન ખેંચાયું અને તન, મન, ધનથી ગુરુદેવના અતિ વિશાળ ગ્રંથોનું પરિશિલન કરી નવનીત રૂપે આ ગ્રંથ તૈયાર કર્યો.

આચાર્ય બુધ્ધિસાગરજીની સૂક્ષ્મનિરિક્ષણ શક્તિ ખૂબ તેજોમય હતી. સાથે સાથે ભવિષ્યની પ્રજા માટે અદભૂત અણમોલ જ્ઞાન ખજાનો મૂકી જવાની તમન્ના પણ એટલીજ તીવ્ર હતી માટે એમણે જ્યાં શક્ય હોય ત્યાં દરેક સૂક્ષ્મ અવલોકનોનું દસ્તાવેજીકરણ (documantaion) કર્યું છે જેથી એ સર્વ હકિકતો જળવાય રહે અને જૈનધર્મનો કડીબધ્ધ ઈતિહાસ આપણને મળતો રહે.

આચાર્યશ્રીએ 'ભવિષ્યવાણી-૨'નામનું એક કાવ્ય, ભજન સંગ્રહ ભાગ-૭ માં આપ્યું છે. એમાં તેમણે કરેલી ભવિષ્યવાણી આજે સાચી ઠરે છે. તેઓ ઘણી સચોટતાથી એમાં નોંધે છે. કે જેવી રીતે એક બીજ વાવો તો એમાંથી ઘણા ફળો થાય છે અને એ મધુરાં ફળોનો સ્વાદ લઈને લોકો એને ફરી ફરી રોપે એમ પરંપરાએ ઘણા ફળોનો પાક ઉતરે. એ પ્રમાણે ઉપદેશામૃતનો સ્વાદ ચાખીને અન્ય જ્ઞાનીજનો ફરી ઉપદેશ આપશે અને એવી રીતે ઉપકારની શ્રેણીઓ તૈયાર થશે.

અમે જ્યારે આ ગ્રંથના પ્રકાશન માટે આ. શ્રી મનોહરકીર્તિસાગરજી પાસે આશિષ લેવા ગયા ત્યારે તેમણે આ. બુદ્ધિસાગરજી વિશે ઘણી અપ્રગટ વાતો કરી જેમ કે......

"એકવાર આચાર્ય શ્રી બુ.સા.જીએ ખંભાત નગરમાં સ્થિરતા દરમ્યાન ગ્રંથ ભંડારમાં શ્રીયશોવિજય ઉપાધ્યાયજીની કૃતિ 'સમુદ્ર-વહાણ સંવાદ'ની હસ્તપ્રત જોઈ. પ્રથમ તો તેમણે કૃતિને પ્રકાશિત કરાવી અને ત્યારબાદ અંતઃસ્ફૂરણા થતાં પ્રભુ મહાવીરસ્વામીનો જીવનસંદેશ સંવાદના માધ્યમથી લોકો સુધી પહોંચાડવા અજોડ ગ્રંથ 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર'ની રચના કરી. એમાં મોટાભાઈ નંદીવર્ધનના લગ્ન સમયે કુટુંબના સભ્યોની વાતચીત દર્શાવી સુખી લગ્નજીવન કેવું હોય તેનું આલેખન કર્યું."

ગુરુદેવની લેખિનિ પર મને અધ્યયન કરવાનો મોકો મળ્યો અને ભવિષ્યમાં પણ મળતો રહે એવા આશિર્વાદ સર્વ ગુરુભગવંતો આપે એ જ અભ્યર્થના.

મારા પરિવારજનો માતા સરોજબેન, પતિ શ્રીજિનેન્દ્ર, પુત્ર રાહુલ, પ્રત્રવધુ રાખી, મોટાભાઈ પ્રકાશ, રાજેન્દ્ર, સુરેન્દ્ર અને વિરેન્દ્ર પ્રત્યે મારી કૃતજ્ઞતા પ્રગટ કરું છું.

સમયસર કામ કરવા બદલ મહાલક્ષ્મી ઓફસેટ પ્રિન્ટર્સનો આભાર.

જીનાજ્ઞા વિરુદ્ધ મારાથી આ ગ્રંથમાં કાંઈ લખાયું હોય તો મિચ્છામી દુકડમ્ યાચું છું.

- રેણુકા જિનેન્દ્ર પોરવાલ

## શ્રી મહુડી જૈન તીર્થના પ્રણેતા શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબે

### વિક્રમ સંવત ૧૯૭૦ માં ભાખેલ અદ્ભૂત ભવિષ્યવાણી

એક દિન એવો આવશે ! એક દિન એવો આવશે !
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં થાવશે ! એક દિન એવો આવશે !

સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં, શુભ દિવ્ય વાદ્યો વાગશે !
બહુ જ્ઞાનવીરો કર્મવીરો, જાગી અન્ય જગાવશે ! એક દિન એવો આવશે !

અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે !
અશ્રુ લ્હુહી સૌ જીવનાં, શાન્તિ ભલી પ્રસરાવશે ! એક દિન એવો આવશે !

સહુ દેશમાં સૌ વર્ણમાં, જ્ઞાનીજનો બહુ ફાવશે !
ઉદ્ધાર કરશે દુઃખીનો, કરૂણા ઘણી મન લાવશે ! એક દિન એવો આવશે !

સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે !
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્ભૂત વાત જણાવશે ! એક દિન એવો આવશે !

રાજા સકળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે !
હુન્નરકળા સામ્રાજ્યનું બહુ જોર લોક ધરાવશે ! એક દિન એવો આવશે !

એક ખંડ-બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે !
ઘરમાં રહ્યા વાતો થશે, પર ખંડ ઘર સમ થાવશે ! એક દિન એવો આવશે !

એક ન્યાય સર્વે ખંડમાં, સ્વાતંત્ર્યતામાં થાવશે !
બુધ્ધ્યબ્ધિ, પ્રભુ મહાવીરનાં, તત્ત્વો જગતમાં વ્યાપશે ! એક દિન એવો આવશે !

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રકરણ ૧ | યુગની ભૂમિકા અને જૈન સાહિત્ય | ૧ |
| પ્રકરણ ૨ | આચાર્ય બુધ્ધિસાગરજી મહારાજના જીવનની રૂપરેખા | ૫ |
| પ્રકરણ ૩ | આચાર્ય બુધ્ધિસાગરજી મહારાજનું પદ્ય સાહિત્ય | ૪૨ |
| | ★★★ આચાર્ય બુધ્ધિસાગરજી મહારાજની કાવ્યસૃષ્ટિ | ૪૨ |
| | અ.વિભાગઃ આચાર્ય બુધ્ધિસાગરજી મહારાજ રચિત ભજનોની સમીક્ષા | ૪૬ |
| | ૧. ભજનનું સ્વરુપ અને વિકાસ | ૪૬ |
| | ૨. આચાર્ય બુધ્ધિસાગરજી મહારાજનું ભજન સાહિત્ય | ૫૧ |
| | ૩. ભજન સંગ્રહ ભાગ ૧ થી ૧૨ની સમીક્ષા | ૫૩ |
| | બ.વિભાગઃ આચાર્ય બુધ્ધિસાગરજી મહારાજ રચિત પૂજાઓ અને ગહૂંલીઓ | ૧૬૨ |
| | ૧. જૈન ધર્મની દૃષ્ટિએ પૂજાનું સ્વરૂપ | ૧૬૨ |
| | ૨. વિવિધ પૂજાઓ | ૧૬૪ |
| | ૩. ગહૂંલીઓ | ૧૭૩ |
| | ક.વિભાગઃ આચાર્ય બુધ્ધિસાગરજી મહારાજ રચિત નવીન પરિબળો ઝિલતાં કાવ્યોની સમીક્ષા. | ૧૭૭ |
| | ૧. ભારત સહકાર શિક્ષણ કાવ્ય | ૧૭૭ |
| | ૨. સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય | ૧૮૪ |
| | ૩. કક્કાવલિ સુબોધ | ૧૯૦ |
| | ★★★ અચાર્ય બુધ્ધિસાગરજી મહારાજનું કવિ તરિકેનું સદૃષ્ટાંત મૂલ્યાંકન | ૨૦૦ |
| પ્રકરણ ૪ | આચાર્ય બુધ્ધિસાગરજી મહારાજ રચિત ગદ્ય સાહિત્યઃ | ૨૩૬ |
| | અધ્યાત્મ અને તત્વજ્ઞાન - વિષયક ગ્રંથો | ૨૩૬ |
| | ★★★ આચાર્ય બુધ્ધિસાગરજીની ઉત્કૃષ્ટ સાહિત્યિક કૌશલ્યતા | ૨૩૭ |
| | ૧. અધ્યાત્મ વ્યાખ્યાનમાળા ૨. પરમાત્મ દર્શન ૩. શ્રી પરમાત્મા જ્યોતિ ૪. તત્ત્વજ્ઞાન દીપિકા ૫. વચનામૃત ૬. યોગદીપક ૭. અધ્યાત્મ શાંતિ ૮. ષડ્દ્રવ્ય વિચાર ૯. કર્મયોગ ૧૦. આત્મતત્ત્વ દર્શન ૧૧. આગમ સાર ૧૨. સત્ય સ્વરૂપ ૧૩. આત્મશક્તિ પ્રકાશ ૧૪. આત્મદર્શન ૧૫. આત્મશિક્ષાભાવના પ્રકાશ ૧૬. આત્મપ્રકાશ ૧૭. તત્ત્વવિચાર ૧૮. શ્રી તત્ત્વબિંદુ | ૨૪૦ થી ૩૧૦ |

| | | |
|---|---|---|
| **પ્રકરણ ૫** | **નિતીબોધ તથા ઉપદેશાત્મક ગ્રંથો** | ૩૧૧ |
| | ૧. ગુરુબોધ ૨. તીર્થયાત્રાનું વિમાન ૩. શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ ૧-૨ ૪. જૈનોપનિષદ ૫. શિષ્યોપનિષદ ૬. ગુણાનુરાગ કુલક ૭. કન્યાવિક્રયનિષેધ ૮. ચિંતામણિ ૯. જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો ૧૦. લાલા લજપતરાય અને જૈન ધર્મ ૧૧. પ્રતિજ્ઞાપાલન ૧૨. મિત્રમૈત્રી ૧૩. શોક-વિનાશક ગ્રંથ ૧૪. સાંવત્સરિક ક્ષમાપના ૧૫. જૈન સૂત્ર મૂર્તિપૂજા ૧૬. જૈન ધાર્મિક શંકા-સમાધાન ૧૭. મુદ્રિત જૈન શ્વેતાંબર ગ્રંથ ગાઈડ ૧૮. શ્રી સંઘ પ્રગતિ મહામંત્ર ૧૯. કાલ્પનિક અધ્યાત્મ મહાવીર | ૩૧૨ થી ૩૫૬ |
| **પ્રકરણ ૬** | **ઈતિહાસ તથા વિવેચનાત્મક ગ્રંથો** | ૩૬૧ |
| | **ઐતિહાસિક ગ્રંથો** : (૧) જૈન ઐતિહાસિક રાસમાળા (૨) જૈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ (૩) (ગુજરાત) વિજાપુર બૃહદ્ વૃત્તાંત (વિજાપુર લઘુ વૃત્તાંત અંદર છે.) (૪) જૈન ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભાગ ૧-૨-૩<br>**વિવેચનાત્મક ગ્રંથો** : (૫) શ્રી આનંદઘન પદ ભાવાર્થ (૬) ધ્યાન વિચાર (૭) ઈશાવાસ્યોપનિષદ ભાવાર્થ (૮) સમાધિશતકમ્ (૯) અનુભવ પંચવિંશતિ ગ્રંથ (૧૦) શ્રી કર્મપ્રકૃતિ ટીકા ભાષાંતર (શ્રી દેવચંદજીનું છે.) | ૩૬૨ થી ૪૧૮ |
| **પ્રકરણ ૭** | **શ્રી બુધ્ધિસાગરજી દ્વારા રચિત અન્ય** | ૪૧૯ |
| | **(૧) જીવનચરિત્રો** : (અ) શ્રી સુખસાગર ગુરુગીતા (બ) શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ-૧ (ક) શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ-૨ (ડ) શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર તથા દેવવિલાસ (ઈ) શ્રીમદ્ યશોવિજયજી નિબંધ **(૨) રોજનીશીનું સ્વરૂપ (૩) ધાર્મિક ગદ્યસંગ્રહ તથા પત્ર સદુપદેશ ભાગ - ૧** (રોજનીશી) **(૪) પત્રસદુપદેશ ભાગ ૨ અને ૩ (૫) સંસ્કૃત ગ્રંથો (૬) 'બુદ્ધિપ્રભા' માસિક** | ૪૨૦ થી ૪૪૯ |
| **પ્રકરણ ૮** | **ગુરુદેવનું સમાજજીવનમાં યોગદાન** | ૪૫૨ |
| | ★★★ (૧) શ્રી બુધ્ધિસાગરજીના ગદ્યની સમીક્ષા (૨) યુગદર્શી આચાર્યશ્રીનો યુગ સંદેશ (૩) ગુરુદેવની જ્ઞાનપ્રાપ્તિની ઝંખના અને તેમની રોજનીશી (૪) શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ સ્મારક ગ્રંથ-શ્રદ્ધાંજલિ (૫) વિશિષ્ટ અનુભૂતિ (૬) જૈન સાહિત્ય પરિષદો (૭) ગુરુદેવ અને અન્ય મહાનુભાવોની મુલાકાતો (૮) ગુરુદેવ આપેલ દિક્ષાઓ (૯) મંદિર પ્રતિષ્ઠા, પાઠશાળા પ્રારંભ અને જીર્ણોધ્ધાર | ૪૫૨ થી ૪૮૦ |
| **પ્રકરણ ૯** | **પરિશિષ્ટ** | ૪૮૧ |
| | (૧) જન્મ, દિક્ષા વગેરે (૨) ચાતુમાર્સ, પાટ પરંપરા વગેરે (૩) ગ્રંથોની યાદી રચના સ્થળોની સાથે (૪) સંદર્ભ સૂચિ | ૪૮૧ થી ૪૯૬ |

# પ્રકરણ ૧ યુગની ભૂમિકા અને જૈન સાહિત્ય

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજના સાહિત્યનું અધ્યયન કરતાં પહેલાં તેની ભૂમિકારૂપે પ્રાચીન અને મધ્યકાલીન જૈન સાહિત્યના ઈતિહાસની રૂપરેખા જોઈએ.

આગમકાળથી માંડીને વર્તમાન સમય સુધી જૈન સાહિત્ય ઘણું બધું ખેડાયેલું છે. ભારતીય સંસ્કૃતિને ઘડનારાં પરિબળોમાં જૈન સાહિત્યનું પણ મૂલ્યવાન યોગદાન રહ્યું છે. દુનિયાની તમામ સંસ્કૃતિઓમાં આજ દિવસ સુધી જીવંત રહેલી ભારતીય સંસ્કૃતિ પ્રાચીનતમ છે. દશ-પંદર હજાર વર્ષથી પણ અધિક સમયથી, વિપરીત સંજોગોમાં પણ જીવંત રહેલી આ સંસ્કૃતિને જીવવાનું બળ પૂરું પાડનારા, એનું પોષણ-સંવર્ધન કરનારાં પરિબળોમાં ધર્મ અને તત્ત્વજ્ઞાનની સાથે સાહિત્ય ને કલા પણ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. વેદો, ઉપનિષદો, બ્રાહ્મણો, સ્મૃતિઓ, પુરાણો, રામાયણ અને મહાભારત જેવાં પૌરાણિક મહાકાવ્યો તથા કાલિદાસ, શ્રી હર્ષ, માઘ, ભારવી, બાણભટ્ટ વગેરે સર્જકોની મહાન સર્જનકૃતિઓ ભારતીય જીવનના ઘડતર ઉપર ઘણો મોટો પ્રભાવ પાડે છે.

ભગવાન મહાવીર સ્વામીના સમયમાં જૈન આગમ સાહિત્ય આરંભમાં કંઠસ્થ સ્વરૂપે હતું અને પછીથી ગ્રંથરૂપે સુચવાયેલું છે. છેલ્લાં બે હજાર વર્ષથી વધુ સમયના ગાળામાં બીજું પણ વિપુલ જૈન સાહિત્ય લખાયેલું છે. જૈનો જ્ઞાનને અત્યંત પવિત્ર માને છે. તેથી પોતાના સાહિત્યને જાળવી રાખવા એક વિશિષ્ટ પરંપરા ઊભી કરી છે. જૈન ગ્રંથોની હસ્તપ્રતો લહિયાઓના હાથે લખાયેલી રહેતી. તેની શાહી વર્ષો સુધી ઝાંખી પડે નહીં અને કાગળ જલદી જર્જરિત થાય નહીં એવી પદ્ધતિ અપનાવાયેલી હતી. આરંભમાં તાડપત્ર અને પછીથી હાથ બનાવટના કાગળ ઉપર લહિયાઓ દ્વારા લખાયેલી હસ્તપ્રતો આજે પણ જેસલમેર, જોધપુર, બિકાનેર, જયપુર, પાટણ અમદાવાદ, ખંભાત, છાણી, વડોદરા, ડભોઈ, સુરત, લીંબડી, ચાણસ્મા, મૂડબિદ્રિ, બંદીવારા, કોડાય વગેરે સ્થાનોનો ગ્રંથભંડારોમાં સાચવીને રાખવામાં આવી છે. હસ્તપ્રતોની જાળવણી કરવા માટે જુદી જુદી પદ્ધતિ અપનાવવામાં આવે છે. પ્રાચીન સમયમાં જૈનો, ધર્મસાહિત્યની જાળવણી માટે અધિક ધન ખર્ચતા, તેમ છતા કાળના પ્રવાહમાં કેટલીય હસ્તપ્રતો લુપ્ત થઈ ગઈ. સ્વ. મોહનલાલ દલીચંદ દેસાઈ, પ્રો. હીરાલાલ રસિકલાલ કાપડિયા, શ્રી કેશવરામ કા. શાસ્ત્રી, ડૉ. ભોગીલાલ સાંડેસરા, ડૉ. હરિવલ્લભ ભાયાણી, ડૉ. રમણલાલ ચીમનલાલ શાહ અને પ્રો. જયંતભાઈ કોઠારી, ડૉ. જિતેન્દ્ર શાહ વગેરે વિદ્વાન સંશોધકોએ જૈન જ્ઞાનભંડારો અને તેની

હસ્તપ્રતો વિશે અવલોકન કરતા લેખો કે ગ્રંથો સંપાદિત કર્યા છે, જૈન જ્ઞાનભંડારોની ગ્રંથસૂચિઓ વાંચતાં ખ્યાલ આવે છે કે હજુ પણ જૈનોનું અપ્રગટ સાહિત્ય કેટલા બહોળા પ્રમાણમાં છે. જૈન સાહિત્ય કોઈ એક ભાષામાં જ નહીં પણ ઘણી પ્રાદેશિક ભાષામાં લખાયેલું છે. સંસ્કૃત, પ્રાકૃત, રાજસ્થાની, ગુજરાતી ભાષાઓ ઉપરાંત કન્નડ, તામિલ, તેલુગુ, મલયાલમ વગેરે ભષાઓમાં પણ જૈન ધર્મના ગ્રંથોની પ્રાચીન હસ્તપ્રતો મળે છે. ફક્ત ગુજરાત અને રાજસ્થાનના ભંડારોમાં વીસ લાખથી વધુ હસ્તપ્રતો હાલ ઉપલબ્ધ છે. દુનિયામાં સૌથી વધુ હસ્તપ્રતો જૈન ધર્મની મળે છે.

ભારતીય દાર્શનિક શાખાઓ મુખ્ય ત્રણ છે : (૧) વૈદિક, જૈન અને બૌદ્ધ. વૈદિક સાહિત્ય રચનામાં વેદો, ઉપનિષદો, સ્મૃતિગ્રંથો, બ્રાહ્મણગ્રંથો, સૂત્રો, ભાષ્યો, ટીકાઓ, પ્રકરણ ગ્રંથો વગેરે છે. આ બધાની રચનામાં પંજાબ, બ્રહ્માવર્ત, કાશી, મિથિલા, દક્ષિણ બંગાળ અને કાશ્મીર જનપદ વગેરેનો ફાળો છે. જૈન સાહિત્ય મગધમાં જન્મ પામ્યું અને પછીના કાળમાં તેની રચના ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ ભારતમાં થઈ. બૌદ્ધ પિટકોનો ઉદ્‌ભવ પણ મગધમાં થયો પણ પછીનું દાર્શનિક સાહિત્ય હિન્દુસ્તાન, શ્રીલંકા, થાઈલેન્ડ વગેરેમાં રચાયું. છેલ્લાં પંદરસો વર્ષમાં જૈન સાહિત્યની રચનામાં પશ્ચિમ ભારતના ગુજરાત અને રાજસ્થાનનો મુખ્ય ફાળો રહ્યો છે. તેમાં પણ ગુજરાતનું યોગદાન સવિશેષ રહ્યું છે.

ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ એટલે ગુજરાતના જૈનોનો ઇતિહાસ એમ કહી શકાય. શ્રી વનરાજ ચાવડાને ઉછેરનાર એક જૈન સાધુ, રાજતિલક કરનાર જૈન શ્રાવિકા અને એના રાજમંત્રી પણ જૈન શ્રાવક હતા. તેના રાજ્યથી કરણઘેલાના રાજ્ય સુધી મંત્રીપદે પરંપરાથી જૈનો જ હતા.

જૈન સિદ્ધાંત પ્રમાણે તીર્થંકર પરમાત્મા દેશના વખતે પોતાના ગણધરોને 'ત્રિપદી' આપે છે. ગણધર ભગવંતો એ ઉપદેશને 'દ્વાદશાંગી' માં ગૂંથી લે છે. આ દ્વાદશાંગી ઉપર પછી ભાષ્યો, ટીકા, નિર્યુક્તિ, ચૂર્ણિ વગેરે લખાયાં છે. જૈનધર્મનું સાહિત્ય ચાર અનુયોગમાં વિભાજિત છે : (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ગણિતાનુયોગ અને (૪) ધર્મકથાનુયોગ.

આ સાહિત્ય સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલું તથા અનેક રીતે સમૃદ્ધ છે. ઐતિહાસિક દૃષ્ટિએ પણ એ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. બૃહત્‌કલ્પ ભાષ્ય, વ્યવહાર ભાષ્ય, નિશીથચૂર્ણિ, આવશ્યક ચૂર્ણિ, આવશ્યક ટીકા, ઉત્તરાધ્યયન ટીકા, આદિ ગ્રંથોમાં પુરાતત્ત્વ સંબંધી વિવિધ સામગ્રી ભરી પડી છે જે ભારતના રીતરિવાજો, મેળા, તહેવાર, સાધુ સંપ્રદાય, દુષ્કાળ, ચોર, લૂંટારા, સાર્થવાહો, વ્યાપારના રસ્તા, ભોજન, કપડાં, મકાન, અલંકાર આદિ વિવિધ વિષયો પર ઘણો પ્રકાશ પાડે છે. આગમ સાહિત્ય ઉપર પછીના સમયમાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં વિવેચનરૂપે

ઘણા ગ્રંથો લખાયા. તેની સાથે સાથે સર્જનાત્મક અને સૈદ્ધાંતિક સાહિત્ય પણ લખાયું છે. ભદ્રબાહુસ્વામી, વાચક ઉમાસ્વાતિ, સિદ્ધસેન દીવાકર, હરિભદ્રસૂરિ, ઉદ્યોતનસૂરિ, શાલિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્યજી, માણિક્યસુંદરસૂરિ, સોમસુંદરસૂરિ વગેરે સાધુઓએ સંસ્કૃત અથવા પ્રાકૃતમાં રચનાઓ કરી છે.

જૈન કવિઓએ અર્ધમાગધી ભાષામાં આદિનાહ ચરિયં, સુપાર્શ્વનાહ ચરિયં, નેમિનાહ ચરિયં, વગેરે મહાકાવ્યોમાં તીર્થંકરોના ચારિત્ર આલેખ્યા છે. એ જ રીતે સંસ્કૃતમાં પણ રચનાઓ થઈ છે. તદુપરાંત સંખ્યાબંધ કથા, કાવ્યો અને ઐતિહાસિક ચરિત્રો પણ લખાયાં છે.

જૈન સાધુ કવિઓના હાથે લલિત સાહિત્ય પણ લખાયું છે. જેમકે જૈન કુમારસંભવ, તિલકમંજરી, જૈનમેઘદૂત. કાવ્ય કે નાટકના પ્રકારની કૃતિઓ તથા વ્યાકરણના પ્રકારની કૃતિઓની રચના પણ થઈ છે; શ્રી હેમચંદ્રાચાર્યકૃત 'સિદ્ધહેમશબ્દાનુશાસન' એ તો એક અજોડ રચના છે, જેનું અધ્યયન આજ દિવસ સુધી થતું આવ્યું છે. વિ.સં. ૧૨૨૫ થી ૧૪૯૦ સુધીના ગાળામાં ગુજરાતી ભાષામાં મુખ્યત્વે રાસકૃતિઓની રચનાઓ બહોળા પ્રમાણમાં થયેલી જોવા મળે છે. તેથી કેશવરામ કે. શાસ્ત્રી આ યુગને 'રાસયુગ' તરીકે ઓળખાવે છે.

'રાસ' સંજ્ઞા ધરાવતી કે રાસ પ્રકારમાં સમાવેશ પામતી બધી જ પદ્યરચના કથાત્મક નથી. કેટલીક કૃતિઓમાં ઊર્મિતત્ત્વ પણ હોતું નથી છતાં અનેક જૈન સાહિત્યકારોને હાથે વિપુલ રચનાઓ થઈ છે.

એમાં મુખ્યત્વે શાલિભદ્રસૂરિ કૃત 'ભરતેશ્વર - બાહુબલી રાસ', તેરમા સૈકામાં અભયતિલક કૃત 'મહાવીર રાસ', વિનયચંદ્ર કૃત 'બારવ્રત રાસ' અમ્બદેવ કૃત 'સમરારાસો', અજ્ઞાતકવિ કૃત 'કચ્છૂલી રાસ' વગેરે રાસકૃતિઓ ચૌદમા સૈકામાં લખાયેલી છે. પંદરમા અને સોળમા સૈકામાં આ રાસનો પ્રકાર વધુ વિકાસ પામેલો જોવા મળે છે. વિનયપ્રભકૃત 'ગૌતમ સ્વામિનો રાસ' હીરાનંદ સૂરિ કૃત 'દશાર્ણભદ્રરાસ', ગુણરત્નસૂરિ કૃત 'ઋષભરાસ' વગેરે રાસકૃતિઓમાં નવા વિષયો ગૂંથાયેલા છે. સોળમા અને સત્તરમા સૈકાના કવિઓને હાથે આ રાસ પ્રકાર ખૂબ ખીલવા પામ્યો છે. તેમાં મહત્ત્વના કવિઓ લાવણ્યસમય, સહજસુંદર, કુશળ લાભ, સમયસુંદર, નયસુંદર, ગુણવિનય, સકલચંદ્ર તથા ઋષભદાસનાં નામ નોંધપાત્ર છે. અઢારમાં સૈકામાં ઉપાધ્યાય યશોવિજયજી, જિનહર્ષ, ઉદયરત્ન, માનવિજય, જ્ઞાનસાગરજી, જ્ઞાનવિમલ, અભયસોમ વગેરે મુનિઓએ રાસની રચના કરીને રાસસાહિત્યના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે.

જૈન કવિઓ તેરમા અને ચૌદમા સૈકાથી 'ફાગુકાવ્ય' પ્રકારની રચનાઓ પણ કરી છે અને તેનો અઢારમા સૈકા સુધી વિકાસ થયો, પરંતુ રાસકૃતિ જેટલો આ પ્રકારનો વિકાસ થયો નથી. છતાં મુખ્યત્વે 'સિરિ સ્થૂલિભદ્ર ફાગુ', 'નેમિનાથ ફાગુ', 'જંબુસ્વામી ફાગુ', 'ભરતેશ્વર ચક્રવર્તિ ફાગુ' વગેરે ફાગુઓ સુપ્રસિદ્ધ છે.

જૈન કવિઓએ રાસ અને ફાગુ ઉપરાંત બારમાસી, છપ્પા, વિવાહલુ, છંદ, માતૃકા, કક્કા, સ્તવન, સજ્ઝાય વગેરે પ્રકારની કૃતિઓ હજારોની સંખ્યામાં રચી છે.

વિક્રમના સત્તરમા શતકથી ઓગણીસમા શતક સુધી સ્તવન, સજ્ઝાય, છંદ, થોય, પદ વગેરે પ્રકારની સુગેય લઘુ રચનાઓ બહુ પ્રચલિત બની હતી. રાગ-રાગિણીમાં ગાઈ શકાય એવી આ રચનાઓ જિનભક્તિ નિમિત્તે લખાતી રહી અને જિનમંદિરોમાં, ઉપાશ્રયોમાં તે બુલંદ સ્વરે ગવાતી રહી. કેટલીયે વ્યક્તિઓને આવી સેંકડો રચનાઓ કંઠસ્થ રહેતી અને આજે પણ રહે છે. આ સમયગાળામાં આનંદઘનજી, યશોવિજયજી અને દેવચંદ્રજી એ ત્રણ સમર્થ કવિઓએ સ્તવન વગેરે પ્રકારનું વિપુલ સાહિત્ય રચ્યું. તદુપરાંત ઉદયરત્ન, પદ્મવિજય, મોહનવિજય, જિનહર્ષ વગેરે ઘણા કવિઓએ સ્તવન-ચોવીશીની રચના કરી.

આમ જૈન સાધુ કવિઓ તથા જૈન ગૃહસ્થ કવિઓએ મધ્યકાળમાં વિપુલ પ્રમાણમાં સમૃદ્ધ સાહિત્યની રચના કરી છે.

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ અને વીસમી સદીના પ્રારંભના સમય દરમિયાન જૈન સાહિત્યમાં એક નવા સૂરજનો પ્રકાશ ફેલાયો તેનું નામ યોગનિષ્ઠ શાસ્ત્રવિશારદ શ્રીમદ્ આચાર્ય બુદ્ધિસાગરસૂરિ મહારાજ. તેમના જન્મ સમયે ભારત દેશમાં જાગૃતિનો સમય ચાલતો હતો. કચડાઈ ગયેલી પ્રજાને અંગ્રેજી રાજ્યના આગમન સાથે એક નવું જ પુનર્જીવન પ્રાપ્ત થયું હતું. ભારતદેશમાં છાપખાનાનું આગમન અને વર્તમાનપત્રોનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. લોકો શિક્ષણ અને શિષ્ટાચારની નવી બ્રિટિશરોની પદ્ધતિ અપનાવા લાગ્યા. સંપૂર્ણ ભારતમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ આવતાં અનેક યુનિવર્સિટીઓની સ્થાપના થઈ હતી. સંપૂર્ણ ભારતમાં નવચેતનાનો સંચાર થયો અને તે સાથે ધાર્મિક વાતાવરણમાં પણ ચેતના જાગૃત થઈ.

સમાજની અને દેશની આવી પરિસ્થિતિમાં દાદાભાઈ નવરોજજી અને ગાંધીજીનો જન્મ થઈ ચૂક્યો હતો. શ્રી મૂલચંદજી મહારાજ, શ્રી રાજેન્દ્રસૂરિજી, શ્રી બુટેરાયજી, શ્રી આત્મારામજી, શ્રી રવિસાગરજી વગેરે ગુરુદેવો પોતાની અનન્ય પ્રતિભા દ્વારા સમાજને પુનર્જીવિત કરી રહ્યા હતા. આવા પ્રતિભાવંત સમાજમાં બુદ્ધિસાગરજીએ જીવનની ઉષાનો પ્રથમ પ્રકાશ ઝીલ્યો.

●●●

# પ્રકરણ ૨ આચાર્ય શ્રીબુદ્ધિસાગરજીના જીવનની રૂપરેખા

**જન્મ સંસ્કાર :**

ભારતમાં મોગલવંશ પછી અંગ્રેજોની સત્તા આવી પણ ભારત દેશ ગુલામીની જંજીરમાંથી મુક્ત ન થયો. આ સમયમાં અનેક ધર્મપ્રેમી સાધુ-સંતો, ચિંતકો તથા સ્વાતંત્ર્ય વીરપુરુષોએ લોકોમાં ચેતનાનો સંચાર કર્યો. એ સમયે લોકો ગરીબી, ગુલામી, અંધશ્રદ્ધા અને તાનાશાહીથી કંટાળી ગયા હતા. જેને પરિણામે અન્ય ધર્મીઓની વાતોમાં જલદીથી ભોળવાઈ જઈ સમૂહમાં ધર્મ-પરિવર્તન કરતા હતા. આવા અંધશ્રદ્ધા અને વહેમમાં ડૂબેલા સમાજમાં એક ધુરંધર પ્રભાવશાળી વ્યક્તિનો ઉદય થયો, જેણે પરદેશીઓના ધર્મ-પરિવર્તનના અઘટિત કાર્યને પડકાર્યું.

શ્રી બુદ્ધિસાગરજીનો જન્મ થયો તે ભૂમિ એટલે ગુણિયલ ગુર્જરદેશની ભૂમિ. રમ્ય આમ્રઘટાઓ અને પ્રાચીન જિનાલયો વડે વિજાપુર-વિદ્યાપુર નગરી ખૂબ દીપે છે. વિજાપુર નગરમાં જૈનોના અમૂલ્ય ગ્રંથો વિદ્યાનંદ-વ્યાકરણ, ચંપકમાલા ચરિત્ર, ગજસિંધુકુમારરાસ, ધર્મપરીક્ષાનો રાસ વગેરેની રચના થઈ છે. ઈતિહાસ-પ્રસિદ્ધ માંડવમંત્રી પેથડદેવ અહીંના વતની હતા.

કણબીઓનાં ખેતરો અને વાડીઓથી વિજાપુર ગામની શોભા અનેરી જ લાગે છે. કણબી પ્રજા સશક્ત, ભોળી અને માનવતાવાદી હોય છે. તેમની ધાર્મિકવૃત્તિ અને ક્રિયાકાંડમાં પણ પશુપ્રેમ અને વૃક્ષઉછેર નજરે પડે છે.

શ્રી બુદ્ધિસાગરજીનો જન્મ મહા શિવરાત્રિએ - વિ.સં. ૧૯૩૦ મહા વદ ચૌદશના દિને વિજાપુરમાં થયો હતો. તેમની માતાનું નામ અંબામાતા અને પિતાનું નામ શિવા પટેલ. તેઓ માતાપિતાનું પાંચમું સંતાન હતા. તે સમયે આંગણે છાશ લેવા આવેલી ગોવાલણોને ગોરસ પીરસવામાં આવ્યું અને તેઓએ બાળકને પાંચમો પરમેશ્વર કહીને ખૂબ આશીર્વાદ આપ્યા.

પિતા શિવા પટેલ અને અંબામાં ખેતરમાં કામ કરે ત્યારે બાળકને ઝાડ પર બાંધેલી કપડાની ઝોળીમાં સુવડાવી રાખે. એક વાર બાળક ઝાડ પર સૂતું હતું ત્યારે એક ઝેરી સર્પ તેની ખૂબ નજીક આવી ગયો. આ દૃશ્ય જોઈ માતા ખૂબ ભયભીત થઈ. મા બહુચરાને બાળકને બચાવવા પ્રાર્થના કરી, માતાની મમતાભરી પ્રાર્થના સાંભળીને કે બીજા કોઈ અગમ્ય કારણે સર્પ ધીરેથી બાળકની ઝોળીથી દૂર ચાલ્યો જતા બધા ખુશ થઈ ગયા. અંબામાએ બહુચર માતાને ઘીના પાંચ દીવા કરી બાળકનું નામ બહેચરદાસ રાખ્યું. બહેચર નૈસર્ગિક વાતાવરણમાં મિત્રોની સાથે રમતા-રમતા મોટા થયા. તેમને આકાશદર્શન ખૂબ પ્રિય હતું. કુદરતના સર્જનહાર વિષે અનેક જાતની કલ્પનાઓ તેમના મનમાં આકાર લેતી હતી. ભણવામાં તે ખૂબ તેજસ્વી હતા. શાળાની પ્રથમ કક્ષાની પરીક્ષામાં તેઓ પહેલે નંબરે પાસ થયા, ત્યારે શિક્ષક તેમના મિત્ર બની ગયા.

એ સમયે બાળકોને શિક્ષકો સિવાય સમાજ તરફથી પણ શિક્ષણ મળતું હતું. સાધુ-સંતો, વડીલો વગેરે બાળકોને થોડો ડર બતાવી સારા સંસ્કારોનું સિંચન કરતા.

જેમ કે 'જવાના માર્ગ પર શૌચે બેસશો તો પૂંઠે ગૂમડાં થશે.' છોકરાઓ સમજી જતા ને રસ્તો સ્વચ્છ બનતો. 'શિક્ષક પર ક્રોધ કરનાર પરભવમાં સાપ થાય ને પોતાની સાથેના વિદ્યાર્થીથી જે વિદ્યાચોરી કરે તે મગર થાય. જો રસ્તામાં કાંટા વેરીશ તો પરભવમાં ભગવાન તને પરદેશી થુવેર બનાવશે.' બેચરદાસે તરત તેમ ન કરવાની પ્રતિજ્ઞા લીધી. નાગરિકશાસ્ત્રનો આ પહેલો પાઠ હતો. આજે હજારો સાઈન-બોર્ડ કે ફિલ્મો જે કામ નથી કરતાં એ કામો આવી સાદી કલ્પનાથી થઈ જતા.

કથા કરતા પુરાણી કહેતા, "પાપીને, જૂઠાને, જમડા નરકમાં લઈ જાય છે ને વ્યાજખોરને લોઢાની ઘાણીએ ઘાલે છે. ચોરને ઊકળતી કડાઈમાં નાખે છે. વ્યભિચારીને તપાવેલ થાંભલે બાથ ભિડાવે છે ને ધર્મીને અને પુણ્યશાળીને લેવા ભગવાન પોતે વિમાન લઈને આવે છે અને સ્વર્ગમાં લઈ જાય છે." પુરાણીનાં આ વિવેચનો બેચરદાસ પરમ સત્ય સમજીને ગ્રહણ કરતા.

આ પ્રમાણે બાળકો અલ્પ વયથી જ અસત્ય, નિંદા, દગાબાજી વગેરે કુટેવોથી દૂર રહેતા અને સત્ય તથા અહિંસાને માર્ગે પ્રયાણ કરતા. બાળક બહેચર પણ વડીલ વર્ગની શિખામણ શિરોધાર્ય કરી સત્ય, અહિંસા, દયાના પાઠો શીખી તેજસ્વી બન્યા. બાળક બહેચર પશુને માતાની જેમ પૂજતા હતા. કદી પણ તેના પર લાકડીથી પ્રહાર કરતા ન હતા. તેમજ બળદને વગર જરૂરે દોડાવતા ન હતા. ખેતી કરતા કરતા સાધુ-સંતોની સેવા કરવાનો અને ભજનો સાંભળવાનો અવસર ચૂકતા નહીં.

બાળક બહેચરે સરસ્વતી દેવીની આરાધના કરવાની શુભ શરૂઆત તેમનું ચિત્ર લાવી, તેને શ્રદ્ધાપૂર્વક પધરાવી, દીવો કરીને કરી. તેમના મિત્ર ડાહ્યાભાઈ દેસાઈએ ઘરના જૂના હસ્તલિખિત ગ્રંથોમાંથી સરસ્વતી મંત્ર આપ્યો. જેની સાધના તેમણે ભાદાણીવાડના દેરાસરમાં પદ્માવતી દેવી સમક્ષ કરી. આ પ્રમાણે ધીરે ધીરે ધર્મમાં તેમની આસ્થા દૃઢ બની.

એમના હૃદયમાં વહેતી દયાની સરવાણીઓ નીચેના પ્રસંગો પરથી પ્રતીત થાય છે.

સંવત ૧૯૪૫માં ગામમાં કૉલેરાને લીધે માણસો મોટી સંખ્યામાં મરવા લાગ્યા. આ પ્રકોપથી બચવા હોમ-હવનમાં બકરા-પાડાના વધ થતા હતા. મેલીવિદ્યા જાણતી ઢેડ-ગરોડા કોમને આ માટે જવાબદાર લેખી તેમને ભૂખ્યા-તરસ્યા બાંધીને મારવામાં આવતા. તેમનાં બાળકો તો વગર રોગે જ મરી જતાં. આવી પરિસ્થિતિ બહેચરદાસ માટે અસહ્ય હતી. તેમણે જાતે આ રોગચાળા નિમિત્તે દેવીને મળીને ઉપાલંભ આપવાનું નક્કી કર્યું. એ માટે પીપળાના ઝાડ, સ્મશાન વગેરે સ્થળોએ આંટા માર્યા. પણ આવી વાતનો ઉકેલ ન મળ્યો. ભૂત, પ્રેત અને ડાકણનો

સામનો કરવા હંમેશાં તત્પર બહેચર પોતાના દોસ્ત-ભાઈબંધ સાથે ટોળીમાં જ્યાં ભૂવાઓ ધૂણીને ડરાવતા હોય ત્યાં પહોંચી જઈ ભૂતને ભગાડી ત્યાં મૂકેલા લાડવા-પૂરી આરોગી જતા.

**સંત સમાગમ અને વિદ્યાસાધના :**

એક વાર વૃદ્ધ રવિસાગર મુનિ શાંતિથી રસ્તા પર ચાલી રહ્યા હતા ત્યારે તેમના તરફ ખૂબ વેગથી ભડકેલી ભેંસ દોડી આવતી હતી. આ દૃશ્ય ત્યાંથી પસાર થઈ રહેલા બહેચરે જોયું અને એ વીજળીની ત્વરાથી ભેંસની નજીક પહોંચી જઈ ભેંસનાં શિંગડાં પકડી હચમચાવીને જોરથી લાકડી મારી જેથી ભેંસ કાબૂમાં આવી ગઈ. વૃદ્ધ સાધુ મહારાજે આશીર્વાદ આપતાં કહ્યું કે ભેંસને લાકડીના ફટકાથી ઈજા થઈ હશે. અહિંસા-પ્રેમની આ વાત સાંભળીને બહેચરને આશ્ચર્ય થયું અને તેમની વધુ વાતો સાંભળવા ઉપાશ્રય ગયા.

બહેચરદાસ સવારવાળા મુનિરાજના દર્શને ગયા. ઉપાશ્રયમાં સિંહ જેવી નિર્ભીક મુખમુદ્રા ને કેશવાળી સમી દાઢીથી શોભતી એ મુનિરાજની છબી જુવાનના દિલમાં ચિતરાઈ ગઈ... 'આવો મહાનુભાવ !' ને મુનિરાજે હેતની વાદળી વરસાવી, નાત-જાતની સ્વધર્મી કે પરધર્મીની જાણે અહીં ગંધ જ ન હતી. મુનિરાજે, પાસે બેઠેલા શ્રાવકોને સવારમાં ઘટેલી ઘટના, આ જુવાનની બહાદુરીનાં વખાણ સાથે કહી સંભળાવી. એના મનોબળ ને શરીરબળનાં વખાણ કર્યાં. આવા જુવાનો ધારે તે કરી શકે, એમ કહ્યું... બેચરદાસે ગુરુના પગની રજ માથે ચઢાવી પૂછ્યું :

'ગુરુ મહારાજ, મને પ્રભુ દેખવાની ઘણી ઇચ્છા છે, પ્રભુ દેખાડશો ?'

'ભાઈ, એ ધર્મગુરુઓનું - અમ જેવા આડતિયાઓનું કામ જ છે. ઘટઘટમાં રામ રહ્યો છે... તારા દેહમાં છુપાયેલા રામને તો પ્રથમ પિછાન.'

'એની પિછાન કેમ થાય ?'

'પવિત્ર મન ને પવિત્ર આચરણથી.'

'એ કેમ થાય ?'

'સાધુઓના સત્સંગથી, શાસ્ત્રોના સ્વાધ્યાયથી અને ગુરુના સમાગમથી.' ધીરે ધીરે એમનો લૌકિક જીવનમાંથી રસ ઓસરતો ગયો.

તે સમયની સામાજિક સ્થિતિ અનેક દૂષણોથી યુક્ત હતી. લોકો સ્વાર્થી થઈ ગયા હતા. પશુઓનું ખૂબ શોષણ થતું હતું. વાછરડાને માતાનું દૂધ ફક્ત પાંચ-દશ દિવસ જ મળતું પછી એને છાશ જ અપાતી. જ્યારે ગાય દૂધ આપવાનું બંધ કરે એટલે કે વસૂકી જાય ત્યારે એને ઘાસચારો કે રોટલા પેટપૂરતા પણ ન મળે. ખેડૂતો શાહુકારોને વ્યાજ ચૂકવી ન શકે તો એમના ખેતર પરથી માલિકી હક્ક જતા રહેતા. ફક્ત મજૂરી કરવાનો જ ઉપાય બાકી રહેતો. વહેમ, અજ્ઞાન અને ક્લેશમાં ડૂબેલા લોકોની સ્થિતિ જોઈ બહેચરદાસનું હૃદય દ્રવી ઊઠ્યું. તેમણે શ્રી રવિસાગરજીને પોતાના ગુરુ બનાવ્યા અને સંવત ૧૯૪૫માં શાસ્ત્રાભ્યાસ કરવા વિદ્યાશાળામાં પંદર વર્ષની ઉંમરે દાખલ થઈ પ્રથમ ચરણ ઝીલ્યું, એ પહેલા પ્રાથમિક અભ્યાસ ચાલુ જ હતો.

અધ્યાપકના કહેવાથી તેઓએ વિદ્યાસાધના સાથે સારા આચાર-વિચાર કેળવવા રાત્રિભોજન અને કંદમૂળનો ત્યાગ કર્યો. સમવયસ્ક મિત્રો સાથે ભેગા મળીને તેમણે એક મંડળની સ્થાપના કરી. જેનો મુખ્ય હેતુ અભ્યાસ અને લેખન પ્રવૃત્તિનો હતો. કવિ દલપતરામનાં કાવ્યો બધા હોંશેથી વાંચતા. એક દિવસ તેમને કવિતા રચવાની ઈચ્છા થઈ. સરસ્વતી દેવીને દીવો કરી હૃદયના ઊંડાણમાંથી નીકળતા સ્વયંસ્ફુરિત શબ્દો વડે પ્રથમ સર્જન કર્યું :

**ઓ ઈશ્વર માબાપ તું, તું છે તારણહાર**
**સારો કર મુજને પ્રભુ, લે મારી સંભાળ**
**સારી વિદ્યા આપ તું, દુર્ગુણ દોષો ટાળ,**
**કૃપા કરી મુજને પ્રભુ, ગણજે તારો બાળ.**
**અલ્પ બુદ્ધિ છે માહરી, આપો મુજને જ્ઞાન,**
**નમન કરું વંદુ સદા, આપો મુજને સાન.**

દલપતશાહી આ કવિતામાં અલબત્ત મૌલિકતા નહોતી. પરંતુ ભજન, ઢાળ, ચોપાઈ વગેરે કવિતાના પડઘા જરૂર હતા. ખંત, ઉદ્યોગ અને અનુભવથી તેઓ તેની પાછળ લાગી ગયા. પુરુષાર્થ પાસે અશક્યતા છે જ નહિ. એમણે વિદ્યાર્થી મંડળમાં પોતાના કવિત્વની જાહેરાત કરી. વત્સરાજ બારોટે એમને એ પ્રસાદી આપવા આગ્રહ કર્યો ને તરત જ કવિતા રચાવા લાગી :

**જનો મોટા થતાં જનો પંકાતા સારાં કરીને કાજ,**
**દુઃખને વેઠી વિદ્યા ભણે જે, હૈડે રાખી હામઃ**
**ખંતીલા ઉત્સાહી ટેકી, ઉદ્યમી રાખે નામ રે...**

વિદ્યાર્થીને અનુલક્ષીને બનાવેલી કવિતા -

**વિનય કરે શિક્ષકનો બેશ, ઊઠે પ્રાતઃકાળ હંમેશ,**
**ઊઠી નમન કરે માબાપ, સારા ગુણની પાડે છાપ.**

ધર્મ પ્રત્યેના અનહદ રસ અને પ્રેમને લીધે તેઓ દેવદર્શન, ગુરૂદર્શન, રાત્રિભોજન નિષેધ વગેરે નિયમો ખૂબ ચીવટથી પાળતા હતા.

વિજાપુર નિવાસી શ્રદ્ધાવંત નથુભાઈ મંછારામે આ પુણ્યશાલી આત્માને ઓળખી લીધો. તેઓ તથા તેમનાં પત્ની જડાવબહેન બહેચરના ધર્મનાં માતા-પિતા બન્યાં. બાળક બહેચર પર તેઓનો અનહદ પ્રેમ હતો. તેની બધી જરૂરિયાતોનું તેઓ સંપૂર્ણ ધ્યાન રાખતા હતા. ધર્મપિતા શેઠ નથુભાઈના સંસ્કાર સિંચન, દૂરંદેશી અને મહેનતના પ્રતાપે તેઓ ઈતિહાસ, ભૂગોળ, સંસ્કૃત વગેરે વિષયોમાં પ્રવીણ બન્યા. તેમના સાંનિધ્યમાં તેઓ જીવનને અલગ દૃષ્ટિથી નિહાળતાં શીખ્યા. જૈનોની આયંબિલની ઓળી જેમાં ઘી, દૂધ, શાક, ફળ વગેરે ન લેવાય તે કઠણ તપસ્યા

પણ તેમણે કરી. તેમનો જૈન ધર્મ પ્રત્યેનો વધતો જતો અનુરાગ જોઈને ઘણા લોકો એમનો વિરોધ કરતા હતા. તેઓ વિરોધીઓની જાતજાતની ટીકાઓ જેવી કે - 'આ ધર્મ તો યજ્ઞનો વિરોધી છે માટે તું શીરા માટે શ્રાવક ન થા.' વગેરે સાંભળીને કંઈ જ ઉત્તર આપવાને બદલે મૌન સેવતા હતા.

**બહુમુખી વ્યક્તિત્વ :**

અડગ નિશ્ચયી બહેચરદાસ વિશે શ્રી જયભિખ્ખુ નોંધે છે : "મહિનાઓ સુધી નિરુત્તર રહ્યા બાદ બહેચરદાસે શિક્ષકને એક વાર સવિનય જવાબ આપ્યો - સાહેબ હું શીરા માટે શ્રાવક થયો છું. એ વાત સાચી છે પણ ફેર એટલો છે કે આપનો ને મારો શીરો જુદો છે. એ ઘી, ગોળ ને ઘઉંનો બનેલો નથી, પણ જ્ઞાન, ભક્તિ અને ભાવનો બનેલો છે. જૈન સાધુઓના મલિન આચારવિચાર માટે મને લોકોએ કહ્યું પણ કહેનારાઓ તો કદી એકાદ કલાક પણ એ સાધુઓની સાથે રહ્યા નહીં હોય. મેં તો ચોવીસ ચોવીસ કલાક તેમનો નિરંતર સહવાસ સેવી પરિચય કર્યો છે. આપણા બાવાઓ કરતાં એ વધુ પ્રભુ-લક્ષી છે. એ હાથે વાળ ખેંચે છે. માથાનો એક વાળ તમે તોડી તો જુઓ ! તેમને આજીવન પાદવિહારનું વ્રત છે. લક્ષ્મીનો સ્પર્શ સુદ્ધાં કરતા નથી. સ્ત્રીના સહવાસથી વેગળા રહે છે. બીડી, ગાંજો, ભાંગ, ચરસને સ્પર્શતા પણ નથી. ધ્યાન, તપ, ભક્તિ એમના જીવનમાં વણાયેલાં છે. એમના દેરાસરમાં પ્રભુ છે. એમના ઉપાશ્રયમાં સંત છે. એ પણ પૂજા-પાઠ કરે છે. શાંતિસ્નાત્ર ને બીજા વિધિવિધાન સ્વીકારે છે. પુણ્યમાં માને છે. પાપથી ડરે છે. એને નાસ્તિક કઈ રીતે કહો છો ?" શિક્ષક આ નિખાલસ સત્ય સામે શી દલીલ મૂકે ? ટીકાકારોનાં તીખાં તીર વરસતાં રહ્યાં એમ એમનો ઉછરંગ વધતો ચાલ્યો. દર્શન, પૂજન, સ્વાધ્યાય, સામાયિક ને પ્રતિક્રમણ એમના નિત્ય જીવનનાં અંગ બની ગયાં.

તે સમયમાં જૈન ધર્મ પુસ્તકો યતિઓની પાસે હતાં. તેઓ મંત્ર-તંત્રના જાણકાર હોવા ઉપરાંત મંદિરોના કાર્યભાર પણ સંભાળતા. તેઓ તાવ, આધાશીશી, ભૂતપ્રેતના વળગાડ દૂર કરવા જેવા લોકકલ્યાણનાં કાર્ય પણ કરતા હતા. આવા એક યતિ અમૃતવિજયજીને બહેચરે ભૂત-પ્રેતની વાતો સાચી હોય ખરી ? એમ પૂછ્યું. જતિજીએ સૌમ્ય ભાવે પ્રત્યુત્તર આપ્યો કે ભૂત-પ્રેત, પિશાચ, ડાકિની, શાકિની દેવ વર્ગના હોય છે તથા તેમને ખુશ કરવાના મંત્રો પણ હોય છે.

બહેચર જ્યારે છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે તેમના શિક્ષકે મોટી ઉંમરે લગ્ન કર્યાં હતા. નવી વહુને ભૂત વળગી ગયું હતું. જે ઘણા ઉપાયો પછી એક ફકીરે કાઢી આપ્યું અને તેણે ગામની બહાર મીરાંદાતાર પર મલીદો એટલે કે ઘઉંનો લોટ, ઘી-ગોળમાંથી બનાવેલું ચૂરમું ચઢાવવા કર્યું, ત્યાં જવા માટે કોઈ તૈયાર ન હોવાથી છેવટે બેચરદાસ કબ્રસ્તાનમાં મલીદો-દીવો વગેરે લઈને પહોંચ્યા. આ પ્રસંગે બહેચરે બતાવેલી નીડરતાનું વર્ણન કરતાં ડૉ. કુમારપાળ દેસાઈ લખે છે :

"બહેચર કબર પાસે આવ્યો. બાજુમાં થાળી મૂકી, રૂની દિવેટ કરી ઘીમાં બોળી દીવાસળીથી સળગાવી, શ્રીફળ વધેર્યું અને પછી મલીદાની થાળી કબર પાસે મૂકી દીવો બાજુએ મૂકી હાથ જોડ્યા અને બોલ્યા, 'હે પીરસાહેબ ! આપના માટે આ મલીદો લાવ્યો છું. થાળીમાં રૂમાલથી ઢાંકીને આપની સામે મૂકું છું. પા-એક કલાક બેઠો છું. આપ એટલી વારમાં જમી લેજો. થાળી મારે માસ્તરસાહેબને પાછી આપવાની છે."

બહેચર થોડી વાર બેઠો. એની નજર મલીદાની થાળી પર હતી. એ વિચારતો હતો : ક્યારે પીરસાહેબ આવે અને મલીદો આરોગે... તેણે ફરીથી પીરસાહેબની હજૂરમાં નિવેદન કર્યું, 'પીરસાહેબ, હું વિદ્યાર્થી છું, વળી રાત્રે જમતો નથી. એય વાત આપને ક્યારનીય કરી છે. ઘેર પહોંચતાં ચોક્કસ અંધારું થઈ જશે. આથી મને આશા છે કે હું મલીદો ખાઈશ તો આપ જરૂર રાજી થશો.' આમ કહીને બહેચર તો નિરાંતે એ મલીદો આરોગી ગયો ! માસ્તર તો ક્યારની ગામમાં રાહ જોઈને બેઠા હતા. એમણે તરત પૂછ્યું :

'કેમ અલ્યા બહેચર મલીદો બરાબર ચઢાવ્યોને ? આટલી વાર કેમ થઈ ?'

'અરે સાહેબ ! મલીદો ચડાવ્યા પછી પીરસાહેબ આરોગે એટલી વાર તો રાહ જોવી પડે ને ? પીરસાહેબ આવ્યા નહિ એટલે હું મીલદો ખાઈ ગયો.' શિક્ષકનો પિત્તો ફાટ્યો. કેવો ગજબનો છોકરો ! રખે એને કંઈ થઈ ન જાય !

તેમનામાં નાનપણથી જ ગજબની બહાદુરી હતી. વિદ્યાર્થી બહેચરદાસ ચિંતક બનવા લાગ્યા. પ્રભુદર્શન, પ્રભુને પામવાની એમની તાલાવેલીમાંથી એમને પ્રભુના નવા સ્વરૂપની ઝાંખી થવા લાગી. પ્રભુ પામવાની એમની ઝંખના વિશે શ્રી જયભિખ્ખુ લખે છે :

"જે પ્રભુને પામવા પ્રેમ-જીવન એ જીવી રહ્યા હતા ત્યાં એ પ્રભુના સ્વરૂપની નવી વ્યાખ્યા તેમની સામે આવી ખડી રહી : સર્વ કર્મોનો ક્ષય કરનાર, રાગ-દ્વેષમાંથી સર્વથા મુક્ત થનાર આત્મા-જેને જન્મ ને મૃત્યુ અવશેષ રહ્યાં નથી એ જ ઈશ્વર, એ પરમાત્મા એ જ પ્રભુ !"

જૈન ધર્મના અભ્યાસી બહેચર દેવદર્શન, યતિ અને સાધુઓની સેવા વગેરેમાં ખૂબ નિયમિત હતા.

પ્રભુને પામવાની તેની લગની વિશે શ્રી કુમારપાળ દેસાઈ લખે છે :

"બહેચરને પરમાત્માને પામવાની લગની લાગી હતી. એ એક સાચા સાધકની માફક જીવન જીવવા લાગ્યો. એકે એક ધર્મસૂત્ર પર ખૂબ ખૂબ વિચાર કરે; એકે એક તત્ત્વ પર ઊંડું મનોમંથન કરે. અંતરની તાલાવેલીના તાર સતત રણઝણવા લાગ્યા. રવિસાગરજી મહારાજના ઉપદેશે એમાં સૂર મૂક્યાં. વિજાપુરના શેઠ નથ્થુભાઈ મંછાચંદની મદદથી ધર્મભાવનાનું સંગીત વહેવા લાગ્યું."

છઠ્ઠી પાસ કર્યા પછી આગળ ભણવા માટે ગામમાં સગવડ ન હોવાને કારણે તેમણે ખાનગીમાં ઊર્દૂ, મરાઠી, ઇતિહાસ, ભૂગોળ તથા જૈનોનાં મુખ્ય સૂત્રોનો અભ્યાસ કર્યો. તે સમયે તેમણે થોડી લેખન પ્રવૃત્તિ પણ આરંભી.

બેચરદાસના સંવત ૧૯૪૯ માં લખાયેલા નિબંધના થોડાક વિચારો અહીં રજૂ કર્યા છે :

'હિન્દુસ્તાનમાંથી હિંદુઓનું રાજ ગયું. તેમાં રજપૂત રાજાઓનો કુસંપ, પરસ્પર દ્વેષભાવ તથા હિન્દુસ્તાનના રાજાઓને ઇતિહાસનું ખરેખરું જ્ઞાન નહોતું તેમજ તેઓ રાજકીય નીતિ શિક્ષણથી પણ અજ્ઞ હતા તે કારણ મુખ્ય છે. ગુજરાતના ભોળા ભીમદેવ પણ આબુના રાજાની કુંવરી સાથે લગ્ન કરવાની અયોગ્ય ઇચ્છા કરીને લડાઈ આરંભી ગુજરાતના બળ પર કુહાડો માર્યો. કરણ ઘેલાએ વ્યભિચારના પાપથી ગુજરાતનું રાજ ખોયું. દક્ષિણના રાજાઓ પણ ઐતિહાસિક જ્ઞાનવાળા નહોતા. હિંદુઓમાં મુસલમાનોની પેઠે ધર્મનો જુસ્સો રહ્યો ન હતો. હિંદુ રાજાઓ સૈન્યને યુદ્ધની વ્યવસ્થિત તાલીમ આપતા ન હતા.'

હિંદુ રાજાઓની નબળાઈ બતાવી, સાથે સામા પક્ષનું નિરીક્ષણ પણ તેઓએ ખૂબ સચોટ રીતે કર્યું : "મુસલમાન બાદશાહોએ ધર્મના જુસ્સાથી હિન્દુસ્તાન લીધું. હિંદુનાં દેવળો તોડ્યાં. ધર્મશાસ્ત્રો બાળ્યાં. હિંદુ રમણીઓ પર અત્યાચાર કર્યા અને હિંદુ કુમારિકાઓને જોરજુલમથી પોતાની બીબીઓ બનાવી જનાનખાનામાં બેસાડી. એથી જ હિંદુઓમાં બાળલગ્નોનો પ્રચાર વધ્યો. અકબર બાદશાહે હિંદુ-મુસલમાનની એકતા કરી મોગલ બાદશાહી સ્થિર ચિરંજીવી કરવા ઉદ્યમ કર્યો હતો."

બહેચરદાસ પોતાના ભવિષ્ય વિશે અનેક જાતની કલ્પના કરતા હતા :

માતા-પિતા ખેતીના ધંધામાં જોડાવા માટે કહેતા હતા. એક મિત્ર તેમને આગળની પરીક્ષા આપી સરકારી અમલદાર કે વકીલ બનવા સલાહ આપતા હતા. વકીલ રીખવદાસ અમૂલખની પેઢીમાં કામ શીખવાનું શરૂ કર્યું છતાં મન કામમાં ચોંટતું ન હતું.

તેમના મનોમંથન વિશે ડૉ. કુમારપાળ દેસાઈ લખે છે :

"એક વાર એના આત્માએ અસીલના રૂપમાં દાવો દાખલ કર્યો અને બહેચરને પૂછ્યું કે 'તારા જ્ઞાનનો ઉપયોગ સાચાને ખોટું અને ખોટાને સાચું ઠેરવવામાં ઉપયોગ કરવા માગે છે ? પરમાત્માની પ્રાપ્તિનું તારું સાધ્ય આ દુનિયાદારીમાં સાવ ભૂલી જ ગયો કે શું ?

ત્યાં વળી અંતરમાંથી પ્રતિવાદીનો અવાજ આવ્યો કે 'મારે પહેલાં કુટુંબનું કલ્યાણ કરવું જોઈએ : આત્માનું કલ્યાણ એ પછી આવે છે.' બહેચર વ્યાકુળ થઈ ગયો.

બહેચર શહેરની કચેરીમાં કેસ લડે, એની સાથોસાથ એના અંતરની અદાલતમાં પણ કેસ ચાલે. સામસામી દલીલો થાય. આક્ષેપો થાય. અંતે બહેચરને થયું કે વેપારમાં છળકપટ છે, વકીલાતમાં કાળાંધોળાં કરવાનાં છે. દુનિયાદારી પ્રપંચમય છે, ત્યારે પોતે પોતાના આત્મા સાથે પણ દગો નહિ રમે તેની શી ખાતરી ?

અકળાયેલા બહેચરને શીલ અને સમતાના ધારક સાધુઓ પાસે શાંતિ મળતી, એમની સેવામાં આનંદ મળતો. એમની સ્વસ્થતામાંથી સાચે માર્ગે જીવન જીવવાની કેડી મળતી."

એમનું સરળ દિલ સાચી-જૂઠી દલીલો, આક્ષેપો, લાંચ-રુશ્વત બધાથી દૂર રહેતું. લગ્નજીવનમાં પણ તેમને જીવનની પ્રગતિ રૂંધાતી જણાતાં અંતે તેમણે શિક્ષક થવાનું નક્કી કર્યું. જેથી ભણવું અને ભણાવવાની સાથે ધનોપાર્જન થતાં પરાશ્રયી ન રહેવાય.

આ સમય દરમ્યાન તેમને નજીકના આજોલ ગામના યતિ ગણપતસાગરજીના શિષ્ય બાપુલાલજીને વિદ્યાભ્યાસ કરાવવા માટેનું આમંત્રણ મળ્યું જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો. આમ તેઓની શિક્ષક બનવાની મહેચ્છા પૂરી થઈ. શુભ મુહૂર્તે તેમણે માતા-પિતા અને જન્મભૂમિની ચરણરજ લઈ મનમાં નમસ્કાર મહામંત્રનું રટણ કરતા સ્વજનોની વિદાય લઈ આજોલ તરફ પ્રયાણ કર્યું.

આજોલ ગામની કુદરતી શોભા અવર્ણનીય હતી. અહીં સુંદર જિન-મંદિર, ઉપાશ્રય, બોરિયા મહાદેવનું મંદિર તથા ધર્મશાળામાં નિત્ય વહેલી સવારથી જ આરતી, મંગલગીતો અને ઘંટનાદોના ગુંજનથી વાતાવરણ પ્રફુલ્લિત થતું હતું. આવા પવિત્ર નૈસર્ગિક વાતાવરણમાં માસ્તર બહેચરદાસે યતિશ્રીના શિષ્ય બાપુલાલ અને બાળ શ્રાવક-શ્રાવિકાઓને પંચપ્રતિક્રમણ આદિ સૂત્રો શીખવવાનો પ્રારંભ કર્યો. તેઓ મધ્યાહ્નને રાસાઓનું વાંચન કરતાં જે શ્રવણ કરવા સર્વ સંપ્રદાયના લોકો આવતા હતા. અહીં તેઓએ યતિશ્રી પાસેના હસ્તલિખિત ગ્રંથોનો પણ અભ્યાસ કર્યો. આ સમય દરમ્યાન તેઓ સરલ, શાલીન અને નમ્ર સ્વભાવી શ્રી વિનયવિજયજી મહારાજ, શ્રી વીરવિજયજી, શ્રી હીરવિજયજી, શ્રી જિતવિજયજી વગેરે મુનિઓ સાથે ગીત, સ્તવન વગેરે રચનાની પ્રવૃત્તિ સાથે પૂ. આત્મારામજી મહારાજજીના ગ્રંથોનો અભ્યાસ પણ કરતા હતા.

વાંચન, ચિંતન, મનન અને સાધુઓના સત્સંગના બળે તેઓ જૈન ધર્મના તત્ત્વને પામી શક્યા. આત્મવિકાસ સાથે જીવનશુદ્ધિ પર પણ તેઓ પૂર્ણ લક્ષ રાખતા હતા. તેમણે અપનાવેલા થોડા નિયમો આ પ્રમાણે છે -

'હું ઉત્તમ જૈન બનીશ. ઉત્તમ જૈનપણું જાણવા જૈન શાસ્ત્રનું અધ્યયન કરીશ. જૈન શાસ્ત્રોના અધ્યયન માટે ગમે તેવાં કષ્ટ સહીશ. સંસ્કૃત, પ્રાકૃત, પાલિ, અર્ધમાગધી વગેરે ભાષાઓનું અધ્યયન કરી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરીશ. જૈન સાધકને શોભીતું બ્રહ્મચર્ય ધરીશ. જુવાન, સ્ત્રી, બાળા સાથે ખાનગી પરિચયમાં નહીં આવું. રાગદૃષ્ટિ પેદા થાય તે રીતે જાહેરમાં પણ કોઈ સ્ત્રી સાથે વાત કરીશ નહિ. સત્ય બોલીશ. સ્વાર્થ માટે કોઈની જૂઠી ખુશામત કરીશ નહીં. અસત્યનો પક્ષ છોડીશ. જાહેરમાં કોઈના મર્મનો પ્રકાશ કરીશ નહીં. કોઈને ક્રોધ થાય તેવી વચનાદિક પ્રવૃત્તિ આચરીશ નહીં, શત્રુ કે વેરી જેમાં સદ્ગુણ હશે તે વખાણીશ, દુર્ગુણનો મર્દાઈથી સામનો કરીશ. કોર્ટમાં જૂઠી સાક્ષી ભરીશ નહીં. પ્રતિદિન સામાયિક-પ્રતિક્રમણ કરીશ. મારામાં રહેલી ભૂલોની હંમેશાં એકાંતમાં આલોચના કરીશ. નિત્ય પ્રતિ અષ્ટદશ દોષ રહિત જિનેશ્વરની પ્રતિમાનાં દર્શન કરીશ. જૈન ધર્મ પર પૂર્ણ શ્રદ્ધા ધરીશ, રોગી, ગ્લાન દીન મનુષ્યોની સેવા કરીશ.'

આ રીતે આજોલના ઉપાશ્રયના એકાંત શુભ પરિણતીના પગથિયે ચડતા માસ્તર બહેચરદાસ આત્મવિકાસની સન્મુખ પ્રયાણ કરી રહ્યા હતા.

ગૃહસ્થ બહેચરદાસ વિજાપુરમાં શ્રી વિનયવિજયજીના પરિચયમાં આવ્યા. તેમના સત્સંગથી ગ્રંથ પઠન-પાઠનના કાર્યને પૂરતો વેગ મળ્યો.

એક વાર આજોલ ગામમાં જૂની અદાવતને કારણે પાસેના બીજા ગામના ઠાકોરો લાકડી વડે ગાય-ભેંસને હંકારી જવા લાગ્યા. આવી આફતમાં ગામમાં બૂંગિયો વાગતોહોય છે જે સાંભળીને ગામના જુવાનો ભાલા, ધારિયા, લાકડી વગેરે લઈને બહાર નીકળે પરંતુ અહીં બૂંગીનો અવાજ સાંભળી વાણિયા, બ્રાહ્મણ, પટેલ બધા લોકોએ ઘરનાં બારણાં બંધ કરી અંદર ભરાઈ ગયા પરંતુ નીડર અને બહાદુર બહેચર તરત જ ઉપાશ્રયમાંથી લાકડી લઈને બહાર નીકળ્યા. આ હિંમતવાન બહેચરના વ્યક્તિત્વનું વર્ણન કરતાં ડૉ. કુમારપાળ દેસાઈ લખે છે :

"ક્યાં શાંત અને સ્વસ્થ બહેચરદાસ માસ્તર અને ક્યાં અન્યાયનો સામનો કરવા નીકળેલો બહેચરદાસ માસ્તર ! એમની મોટી મોટી આંખો ભલભલાને ડારતી હતી. સાગના સોટા જેવો નક્કર અને પડછંદ દેહ પડકાર ઝીલવા થનગનતો હતો. વળી હાથમાં લાકડી ઘૂમતી હતી."

બહેચરદાસની વીરતાભરી વર્તણૂકથી મામલો શાંત તો પડ્યો. પરંતુ લોકો ટીકા કરવા લાગ્યા કે 'શાસ્ત્ર ભણાવનાર શસ્ત્ર કેમ ઉપાડે ?' 'આ તો કણબી છે. જૈન ધર્મના સંસ્કાર ક્યાંથી હોય ?' વગેરે બહેચરદાસે આ બધી ટીકાનો સણસણતો જવાબ આપ્યો ને કહ્યું, 'જૈન ધર્મ તો વીરોનો ધર્મ છે, ક્ષત્રિયોનો ધર્મ છે.' ઈતિહાસ જોશો તો ખબર પડશે કે જૈન સાધુ, જૈન પ્રજા અને જૈન રાજાઓએ ધર્મરક્ષા કાજે હથિયાર ઉપાડ્યા છે, કાયર બનશો તો આ ઉપાશ્રય, મંદિર, ઘર કે દુકાનની રક્ષા કેવી રીતે કરશો ? જીવદયાના બહાના હેઠળ કાયરતા પંપાળવી એના કરતાં પ્રાણની આહુતિ આપવી સારી.'

આમ ટીકાકારોથી ડરી ન જતાં તેમની ગેરસમજ દૂર કરી.

સત્યની શોધમાં નીકળેલા એ ધર્મપ્રેમીને વિશાળ, વિરાટ, વિશ્વબંધુત્વની ભાવનાવાળા જૈન ધર્મ પ્રત્યે અનેરું આકર્ષણ જાગ્યું. એમની જ્ઞાનતૃષા આગમ વાણીથી તૃપ્ત થઈ.

આજોલમાં રહીને ફક્ત વીસ વર્ષની ઉંમરે પાઠશાળાના વિદ્યાર્થીઓને તથા યતિશિષ્ય બાપાલાલને પંચપ્રતિક્રમણ, જીવ-વિચાર, નવ-તત્ત્વ વગેરેનો અભ્યાસ કરાવ્યો. રાસાઓનું વાંચન કરાવ્યું તથા સર્વ વર્ણના લોકો સાથે સંપર્ક કેળવ્યો. મીર કોમના લોકો પણ તેમની સાથે પ્રભુ ભક્તિના ગીતો ગાતા હતા. જેમાં આભુમીર મુખ્ય હતા.

આજોલથી તેઓ પૂ. રવિસાગરજીની પ્રેરણાથી વધુ અભ્યાસ માટે મહેસાણા ગયા.આજોલના બધા લોકો એમની સાથે સ્નેહબંધનમાં બંધાઈ ગયા હતા. શેઠ પાનાચંદ ડુંગરશી,

શેઠ અમૂલખ માણેકચંદ, શેઠ રતનચંદ વીરચંદ, આભુમીર તથા બાળ શ્રાવક-શ્રાવિકો બધાએ તેમને ભારે હૈયે વિદાય આપી. તેઓ સન્મિત્રજી સાથે પગપાળા આજોલથી મહેસાણા ગયા હતા.

**ઉત્કૃષ્ટ સાધ્વાચારની આકાંક્ષા :**

જુવાન બહેચરદાસમાં જીવનનાં રહસ્યોને પામવા માટે ઉત્કૃષ્ટ ઝંખના હતી. તેમની વિદ્યાપ્રાપ્તિની અપૂર્વ ધગશ માટે આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરજી લખે છે :

"જોતજોતામાં પાંચ પ્રતિક્રમણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય અને કર્મગ્રંથનો સંગીન અભ્યાસ પૂર્ણ કર્યો. અર્થ ભાવાર્થ પરમાર્થનું પરિશીલન કર્યું. આધ્યાત્મિક આનંદની છોળો ઊછળવા લાગી વિશેષ અધ્યયનની ઉત્કંઠા જાગી. સંસ્કૃત અને પ્રાકૃત વ્યાકરણના અધ્યયનની તાલાવેલી લાગી. જૈન દર્શનના તાત્ત્વિક અધ્યયન માટે ગુજરાતનું કાશી-બનારસ સમ જ્ઞાનતીર્થ મહેસાણામાં શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પ્રાકૃત પાઠશાળામાં સુંદર તલસ્પર્શી અધ્યયન કર્યું."

આ સમસ્ત વિશ્વમાં ક્યાંય ન મળે એવા શ્રી સર્વજ્ઞ જિનેશ્વર ભગવંત ભાષિત પારમાર્થિક પદાર્થોનું અધ્યયન કરતાં કરતાં તો તેમનું શ્રદ્ધેય મન નાચી ઊઠ્યું, અતૃપ્ત દિલ તરસી ઊઠ્યું. સતત પરિશીલન, એકાગ્રતા, જિજ્ઞાસા અને સાધનાથી અધ્યયનનું શ્રમસાધ્ય કઠિન કાર્ય સહજ ભાવે પરિપૂર્ણ કરી લીધું.

મહેસાણામાં શ્રી રવિસાગરજી અને પંજાબી મુનિ શ્રી દાનવિજયજીના સદુપદેશથી જૈન સાધુઓના પઠન માટે 'શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા'ની સ્થાપના થઈ હતી. તેમાં બધા સાધુઓ ભેગા થઈ વાંચન પ્રવૃત્તિ કરતા. બહેચરદાસ ગૃહસ્થ હતા. છતાં પણ વિજાપુર નિવાસી શેઠ નથ્થુભાઈએ મહેસાણાના શેઠ નગીનદાસ તારાચંદ સાથે પત્રવ્યવહાર કરીને જિજ્ઞાસુ બહેચરદાસ માટે અભ્યાસ કરવાની પરવાનગી મંગાવી લીધી. વિદ્યાના ભંડાર શ્રી રવિસાગરજીને શ્રી સુખસાગરજી અને ભાવસાગરજી બે શિષ્યો હતા જ છતાં બુદ્ધિશાળી બહાદુર બહેચરને જોઈને તેને શિષ્ય બનાવવાની ઇચ્છા થઈ.

શ્રી રવિસાગરની ઝંખના વિશે શ્રી કુમારપાળ દેસાઈ લખે છે :

"ગુરુદેવને દીક્ષિત બનેલો બહેચર દેખાતો હતો. એ સભાઓ ગજવતો હતો. ધર્મગ્રંથોનું સર્જન કરતો હતો અને આત્મધર્મનો આહ્લેક પોકારતો હતો."

બહેચરદાસ બ્રહ્મચારી રહીને શ્રાવક ધર્મ પાળવા માગતા હતા. એમણે ગુરુ રવિસાગરજીની સેવા કરી. ગુરુજીએ એમને એક નવકારવાળી ભેટ આપી અને કહ્યું કે એ માળા ગણવાથી એમના પર આવનારા દુઃખનાં વાદળ આપમેળે વિખરાઈ જશે તથા તેઓ આત્મજ્ઞાની બનશે. સન્મિત્રજી સાથે તેઓ શ્રી દાનવિજયજીના દર્શનાર્થે ઘણી વાર જતા. ગુરુ રવિસાગરજી બહેચરદાસને ઘણી શિખામણો આપતા જે તેમને ખૂબ કામ આવતી. ગુરુની સેવામાં તેમને અનેરો આનંદ આવતો.

મહેસાણાના દૂરંદેશી અને ઉદારદિલ શ્રાવકો શેઠ વીરચંદ સુરચંદ, શેઠ ડાહ્યાભાઈ, શેઠ વસ્તારામ, શેઠ વેણીભાઈ તથા પ્રતાપી મહાજનની નિઃસ્વાર્થ કાર્યપ્રણાલીએ તેમનામાં સારા સંસ્કારોનું સિંચન કર્યું. તેમને ધ્યાન અને યોગમાં ધીરે ધીરે રસ વધતો ગયો.

માસ્તર બેચરદાસને સરળ સ્વભાવી મોહનલાલ તથા વેદાંતી ગણપતરામ સાથે ગાઢ દોસ્તી થઈ. આ મિત્ર-ત્રિપુટી પૂ. રવિસાગરજી, પૂ. સન્મિત્રજી અને તેજોમૂર્તિ દાનવિજયજી પ્રત્યે ખૂબ આદરભાવ રાખતી અને નિત્ય તેમનાં દર્શન-વંદન કરતી. પૂ. દાનવિજયજી સ્પષ્ટભાષી, નીડર અને અવિછિન્ન સંસ્કૃત ભાષામાં વાદ-વિવાદ કરનાર સાધુ હતા. તેઓ શાસ્ત્રાર્થ અને વાદવિવાદમાં મોટા પંડિતોને પણ પલક વારમાં હરાવી દેતા, તેમના વ્યક્તિત્વની ઘેરી છાપ બહેચરદાસ પર થઈ.

બહેચરદાસ ગુરુ રવિસાગરજી સાથે રહી અંત સમયે તેમને સ્તવન, સજ્ઝાય, નવસ્મરણની વગેરે શ્રવણ કરાવતા હતા. પૂ. રવિસાગરજીએ આ ગૃહસ્થ શિષ્યને અંતરથી ખૂબ આશીર્વાદ આપ્યા અને તેઓએ સં. ૧૯૫૪ના જેઠ વદ અગિયારસની વહેલી સવારે અમૃતસિદ્ધિ યોગમાં, સકળ સંઘની હાજરીમાં સમાધિ અવસ્થામાં દેહત્યાગ કર્યો. બહેચરદાસને ગુરુવિયોગ ખૂબ દુઃખદાયી થયો હતો.

બહેચરદાસને આકરો આઘાત થયો. જે ગુરુએ જીવતરને ઉજાળવાનો માર્ગ બતાવ્યો, એ ગુરુની વિદાય વસમી લાગી ! જેમણે સાચું બળ આપ્યું એ જ ગુરુ શિષ્યને છોડીને ચાલ્યા ગયા. સંસારમાં મોતી તો ઠેર ઠેર વેરાયેલાં છે, પણ એને મૂલવનાર રવિસાગરજી મહારાજ જેવા બીજા આત્મીય ઝવેરી ક્યાંથી મળશે ? બહેચરનો આત્મા જાણે અનાથતા અનુભવી રહ્યો હતો. મહેસાણા ગામમાં જૈન, વૈષ્ણવ, શૈવ અને મુસ્લિમ સર્વ લોકોએ શોક પાળ્યો. શેઠ વીરચંદ દીપચંદભાઈએ શ્રી રવિસાગરજી દેરી બંધાવી.

બહેચરદાસ મહેસાણાની સાર્વજનિક લાઈબ્રેરીમાંથી પુસ્તકો લાવીને તેનું વાંચન કરતા હતા. બહેચરદાસની વાંચનશક્તિ અદ્‌ભુત હતી. એક દિવસમાં પાંચસો પાનાં તો સહેજે વાંચી જતા. જમતી વખતે પણ તેમની પાસે પુસ્તક રહેતું. આ રીતે સતત અભ્યાસથી તેઓ વિદ્યાની અનેક દિશાઓને સ્પર્શી ચૂક્યા. અહીં જ પુરાણ, ભાગવત, ગીતા ને વેદાંતના અનેક ગ્રંથો વાંચ્યા. જેવા કે - સ્વામિનારાયણનો 'શિક્ષાપત્રી', બ્રહ્માનંદ કાવ્યમાળા, સર્વદર્શનસાર, શંકરદિગ્‌વિજય વગેરે.

તેઓ વાંચનપ્રવૃત્તિની સાથે સાધુ ભગવંતોની સેવા-શુશ્રૂષા કરવાનો એક પણ મોકો ગુમાવતા ન હતા. તેમણે શ્રી કર્પુરવિજયજી એટલે સન્મિત્રજી પાસે આજીવન બ્રહ્મચારી રહેવાની પ્રતિજ્ઞા લીધી. આધ્યાત્મજ્ઞાની પ્રતિભાવંત ભાવસાગરજી પ્રત્યે તેમને ખૂબ આદર હતો. તેમનું વ્યાખ્યાન શ્રોતાઓ એકચિત્તે સાંભળી જીવનમાં ઉતારતા. તેઓ શ્રી વીરવિજયજી સાથે ભક્તિરસથી ભરપૂર પૂજાઓ ભણાવતા, જેમાં બેચરદાસ પણ ભાગ લેતા.

એક વાર બહેચરદાસ તેમના મિત્ર મોહનલાલ સાથે પાલિતાણા ગયા જેથી દેવદર્શન, સાધુસેવા, શાસ્ત્રશ્રવણ વગેરે થઈ શકે. પંજાબી મુનિ દાનવિજયજી જે ખૂબ નીડર અને બહાદુર હતા તે હંમેશાં જૈનશાસન ઊંચે લાવવા પ્રયત્ન કરતા. તેમના વ્યક્તિત્વની ઊંડી છાપ બહેચરદાસ પર પડી. દિવાળીમાં તળેટી પાસે આવેલી સરસ્વતી ગુફામાં તેમણે ત્રણ દિવસના અઠ્ઠમ તપનું વ્રત લઈ સરસ્વતી મંત્રની આરાધનાથી દેવીને પ્રસન્ન કર્યાં. બહેચરદાસજીએ સિદ્ધાચલ તીર્થને અધ્યાત્મ દૃષ્ટિ વડે નીરખતાં ભાવથી યાત્રા કરી. ત્યાં થોડા દિવસ રોકાઈને તેઓ ફરી મહેસાણા આવ્યા.

**કરૂણાસાગર બહેચરદાસ :**

આ સમય દરમ્યાન છપ્પનિયા દુકાળના એંધાણ જણાવા લાગ્યાં. ઘાસચારો કે પાણી જવલ્લે જ જોવા મળતું હતું. સૌરાષ્ટ્ર, મેવાડ, મારવાડ, કચ્છનાં નાનાં ગામડાંમાંથી માણસો પોતાના ઢોરોને લઈને શહેર તરફ આવતા હતા. એમાંના ઘણા માણસો અને ઢોરો ભૂખમરાને લીધે રસ્તામાં જ મરણાસન્ન થઈ જતાં. સર્વત્ર કરુણ સ્થિતિ દેખાતી હતી. મહેસાણા મોટું શહેર અને રેલ્વેનું જંક્શન હોવાથી ગામેગામના લોકો દુકાળથી બચવા અહીં આવવા લાગ્યા. અહીંના જીવદયા પ્રેમી મહાજન, નગરશેઠ વસ્તારામભાઈ, વેણીચંદભાઈ, ડાહ્યાભાઈ તથા બહેચરદાસે સભાઓ ભરીને લોકોને દાન આપવા અપીલ કરી. હજારો રૂપિયા એકઠા કરીને તત્કાળ અન્ન-વસ્ત્ર, દવા તથા ઢોરો માટે ઘાસચારાની સગવડ કરી.

દુઃખી, દયનીય અને ભૂખ્યા મનુષ્યો બાળકો તથા પશુઓની દારુણ સ્થિતિ જોઈ એમનો આત્મા રડી ઊઠયો હતો, તેમણે દુષ્કાળ વિશે તત્ક્ષણ કાવ્ય રચી સભામાં ગાઈ સંભળાવ્યું -

**પશુ, માનવ લોકો, પાડે પોકાર દયા કરો નરનાર,**<br>
**અન્ન વિના દુષ્કાળથી લોકો હઝારો મરી જાય.**<br>
**છપ્પનીયાએ કેર વર્તાવ્યો, જોયું ન નજરે જાય રે... (૧)**<br>
**દયા વિના ધર્મી નહિ કોઈ, દયા છે ધર્મનું મૂળ**<br>
**દયા નહીં ત્યાં ધર્મ નહિ છે, દયા ધર્મ નહીં ભૂલ રે... (૪)**<br>
**લાખો કરોડો રૂપૈયા ખરચો, તનમન ખરચો સાર,**<br>
**માનવ ઢોરો મરતાં ઉગારો, તેથી મુક્તિ થનાર રે... (૫)**

બહેચરદાસજીને, એમનાં માતા-પિતા પંદર દિવસના અંતરમાં મરણ પામ્યાં, એ સમાચાર મળતાં જ તેઓ વિજાપુર ગયા. તેમને થયું કે માયાનાં બંધન તૂટી ગયાં, તેથી દીક્ષા લેવામાં વાંધો નહિ આવે. બહેચર બીજા લોકોની જેમ જોરથી પોક મૂકીને રડવાને બદલે હૃદયમાં શોક અનુભવી રહ્યા હતા.

બહેચરે દેવું કરીને મરણ પાછળ થતા જમણવારનો સખત વિરોધ કર્યો અને લોકોને સમજાવ્યું કે 'બાપનું બારમું ને વિવાહનું ફરી નહીં આવે ટાણું.' એવું સમજતાં કેટલાયે કણબી

કુટુંબો દેવાદાર થઈ ગયાં છે, માટે એ ખરાબ રિવાજો બંધ થવા જ જોઈએ. તેમને માતા-પિતા પળે પળે યાદ આવતાં હતા. તેઓને જ્યાં અગ્નિદાહ દીધો હતો તે સ્મશાનમાં જઈ રાખ મસ્તકે ચઢાવી પ્રતિજ્ઞા લીધી કે તેઓ માતા-પિતાની સેવા કરવાનો અને આત્મશાંતિનો બોધ બધાને આપશે. તેમણે સિદ્ધાચલજી યાત્રા માતા-પિતા નિમિત્તે કરી, તથા સર્વ મુનિવરોને યથાશક્તિ ભિક્ષા આપી.

**દીક્ષાગ્રહણ :**

પાલિતાણાથી તેઓ વિજાપુર આવી ધર્મપિતા સમક્ષ તપના તેજને અપનાવવા દીક્ષા લેવાની અનુમતિ માંગી. વિજાપુર આવ્યા પછી એમણે દીક્ષા લેવાનો પોતાનો નિર્ણય ધર્મપિતા શેઠ નથ્થુભાઈને જણાવ્યો અને એ માટે સૌ પ્રથમ તેમની રજા માંગી. એમણે બહેચરદાસની યોગ્યતા જોઈ મંજૂરી આપી. પછી બહેચરદાસે ધર્મમાતા જડાવકાકીની રજા માંગી, તેમણે અંતરની આશિષ આપી. કણબીના માઢમાં ભાઈ-બહેનોને ભેગાં કરી ને સગાસંબંધીઓને બોલાવ્યા. કદીય કોઈને કટુવચન કહેવાયું હોય તો સૌની માફી માંગી છે. સાંસારિક સંબંધે છેલ્લી વિદાય લેતાં બહેચરદાસે કહ્યું... 'ઘર કે ખેતીમાં હવે મારો કોઈ ભાગ નથી. સોનામાં કે સ્ત્રીમાં મારું મન નથી. સ્વમાત્રનો ત્યાગ કરે તે સાધુ. હવે મારું ઘર ઉપાશ્રય બનશે અને પરમેશ્વરની ભક્તિમાં હું મારું જીવન વિતાવીશ.'

સર્વ સગાસંબંધીની રજા લઈને બહેચરદાસ પાલનપુર ગુરુ સુખસાગર પાસે જઈ પોતાને દીક્ષા આપવા વિનંતી કરી. ગુરુ સુખસાગરજી બહેચરદાસના અગાધ જ્ઞાન અને સ્વભાવથી પરિચિત હતા. તેમણે તરત જ દીક્ષાની મંજૂરી આપી.

બહેચરદાસે બધા દેરાસરમાં જઈ ભાવથી પ્રભુ પૂજા કરી તથા શ્રી પૂજ્યજીના ઉપાશ્રયમાં અકબર પ્રતિબોધક શ્રી હીરવિજયજીની ગાદીની સ્પર્શના કરી ધ્યાન કર્યું. બહેચરદાસનો દીક્ષા મહોત્સવ પાલનપુરમાં ખૂબ ઠાઠમાઠથી ઊજવાયો. દીક્ષાના વરઘોડામાં તેઓ હાથીની અંબાડી પર આરૂઢ થઈ વરસીદાન દેતાં આખા શહેરમાં ફર્યા. ચારે તરફથી લોકોએ તેમના પર પુષ્પવૃષ્ટિ કરી. તેઓ નવકારમંત્રનું રટણ કરતાં સંયમની ઊંચી ભાવના ભાવતા લોકોના અભિવાદન ઝીલતા હતા.

તેઓ કહેતા - 'કીર્તિ કે પ્રતિષ્ઠાની વાસના વિના હું ધર્મકાર્ય કરીશ. નિરાસક્ત ભાવે સર્વ પ્રવૃત્તિ કરીશ... સર્વ વ્યાવહારિક કાર્યો કરીશ છતાં અંતરથી ન્યારો રહીશ. ત્યાગાવસ્થામાં સર્વ લોકોને ઉપદેશ તથા લેખથી બોધ આપવારૂપ સેવાધર્મને આદરીશ. નટની પેઠે અનેક કર્તવ્ય પ્રવૃત્તિઓ કરીશ, પણ અંતરમાં તે સર્વથી શુદ્ધ આત્માને ન્યારો માનીને આત્માના જ્ઞાન અને દર્શનને ચારિત્રના સ્વભાવમાં ધર્મ માનીશ.'

ગુરુ સુખસાગરજીએ સંઘ, રાજ્ય અને બહેચરદાસના સગાસંબંધીની અનુમતિ લઈ શ્રી બહેચરદાસને વિધિપૂર્વક દીક્ષિત કરી બહેચરમાંથી બુદ્ધિસાગર બનાવ્યા. વિ.સં. ૧૯૫૭ના માગસર સુદ છઠ્ઠને દિવસે બહેચરમાંથી બુદ્ધિસાગર બની આત્મસાધનાને પંથે પ્રયાણ કર્યું.

ગુરુદેવના વ્યક્તિત્વનું વર્ણન કરતાં ડૉ. કુમારપાળ દેસાઈ નોંધે છે : મુનિ બુદ્ધિસાગરના કપાળમાં શુભ ચિહ્નો સમો ચંદ્ર શોભે છે. એમના બાહુ ઢીંચણ સુધી પહોંચતા હોવાથી તેઓ આજાનબાહુ મહાપુરુષ લેખાય છે. એમના હાથ-પગના અઢારે આંગળા પર ચંદ્ર છે. તથા એમના વર્તનમાં સાચા યોગીની જેમ જગત તરફની બેપરવાહી દેખાય છે.

નવજુવાન મુનિ બુદ્ધિસાગરજીએ પોતાની બુદ્ધિપ્રભાનો પરિચય ત્રણસો ગાથાનું પક્ખિસૂત્ર એક જ દિવસમાં કંઠસ્થ કરીને આપ્યો. ગામોગામ વિહાર કરતાં તેઓ પાટણ ગયા. અહીં રવિસાગરજી મહારાજજીની પાદુકાની પ્રતિષ્ઠા કરાવી અમદાવાદ પહોંચ્યા. અમદાવાદમાં શ્રીમદ્ રાજચંદ્રજી અવધાન કરતા હતા. શાસ્ત્રાર્થ, તર્ક-વિતર્કના એ સમયમાં ઘણા હિંદુઓ, જૈનો અને સ્થાનકવાસી સાધુઓ પોતાની વિચારધારાથી લોકોને જીતી લઈ અલગ પંથની સ્થાપનાની પ્રવૃત્તિ કરતા હતા. **બુદ્ધિસાગરજી કદી પણ અલગ પંથની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપતા ન હતા.** તેઓ પ્રથમ ચાતુર્માસ કરવા સુરત પધાર્યા. સુરતમાં તેઓ ઘણા યતિઓ, મંત્રવાદીઓ અને સાધુઓને મળ્યા તથા આત્માર્થી શાંત અને મિલનસાર શ્રી મોહનલાલજી મહારાજ સાથે પરિચય કેળવ્યો. તેમણે સુરતમાં ઘણી મંત્રસાધના કરી જેમાં ઘંટાકર્ણ મહાવીર મંત્રકલ્પ, સૂરિમંત્રકલ્પ, પદ્માવતી દેવીકલ્પ મુખ્ય હતા. અહીંયાં શ્રી મોહનવિજયજી નામના સાધુને ખૂબ મજબૂત ભૂતનો વળગાડ હતો અને તેને પરિણામે તેઓ ખૂબ હેરાન થતા હતા. શ્રી બુદ્ધિસાગરજીથી પંચ મહાવ્રત ધારી સાધુની દુર્દશા જોવાતી ન હતી, તેમણે તરત જ ગુરુની આજ્ઞા મેળવીને તે મજબૂત વળગાડ દૂર કર્યો.

તે સમય દરમ્યાન સુરતમાં ખ્રિસ્તીઓએ જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો નામનું પુસ્તક છપાવ્યું જેમાં જૂઠા આક્ષેપો અને તાર્કિક સંવાદો વડે જૈન ધર્મ પર અણછાજતી ટીકાઓ કરી હતી. એ પુસ્તક લખનાર એક જૈન સાધુ જીતમુનિ હતા. જેણે ખ્રિસ્તી મિશનરીઓની તાર્કિક દલીલોથી ભોળવાઈ જઈ રાજકોટમાં દીક્ષા છોડી જયમલ પમ્મિગ નામ ધારણ કરીને ખ્રિસ્તી બન્યા હતા. આ બનાવથી આખા જૈન સમાજમાં ખળભળાટ વ્યાપી ગયો. નવદીક્ષિત સાધુ બુદ્ધિસાગરજીનું નાજુક દિલ ઘવાયું. શ્રી સંઘના કહેવાથી તરત જ ગુરુઆજ્ઞા લઈ પ્રથમ વખત હાથમાં કલમ ઉઠાવી પોતાની આગવી સુંદર શૈલી વડે એકેએક દલીલોનો પ્રત્યુત્તર આપતું પુસ્તક દસ દિવસમાં તૈયાર કરી શ્રી મોહનલાલજી મહારાજસાહેબને બતાવ્યું. શ્રી સંઘે એ પુસ્તકનું નામ રાખ્યું : "જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો યાને જૈન-ખ્રિસ્તી સંવાદ" અને તરત જ છપાવ્યું. ત્રણ ખ્રિસ્તી મિશનરીઓએ તેમને ચર્ચા માટે આમંત્રણ મોકલાવ્યું, જેનો સ્વીકાર કરીને તે સર્વને પોતાના બુદ્ધિચાતુર્યથી હરાવ્યા.

આમ ગ્રંથલેખનની પ્રવૃત્તિ આકસ્મિક થઈ ગઈ કે જે જીવન પર્યંત ચાલુ રહી. આ સાથે જ તેમણે દેશસેવા અને સમાજસેવાનો આરંભ પણ કર્યો.

સુરતના ચાતુર્માસ દરમ્યાન શ્રી સિદ્ધિવિજયજી મ.ની પંન્યાસ પદવીના પ્રસંગે પધારેલા મહાનુભાવોમાં શેઠ ફકીરચંદ પ્રેમચંદ અને કલકત્તાના રાયબહાદુર બાબુ બદ્રિદાસજી હતા. તે સર્વને જૈન સમાજની ઉન્નતિ માટે સારાં કાર્ય કરવા પ્રેરણા આપી. પંન્યાસ પદવીના સમારંભમાં તેમણે પોતે તૈયાર કરેલું સ્વર્ગસ્થ શ્રી રત્નસાગર મહારાજનું ઉપકારી જીવન ચરિત્ર વાંચ્યું. તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પવા અને સમાજોપયોગી કાર્યને વેગ આપવા શ્રી બુદ્ધિસાગરની પ્રેરણાથી શેઠ નેમચંદ મેળાપચંદ, ખેમચંદ મેળાપચંદ, શેઠ નગીનદાસ ઝવેરચંદ, ઝવેરી નગીનદાસ કપૂરચંદ વગેરે શ્રેષ્ઠીઓએ દાન આપીને 'શ્રી રત્નસાગરજી જૈન બોર્ડિંગ શાળા'ની સુરતમાં સ્થાપના કરી. જે આજે પણ કાર્યરત છે.

તેઓ સાધુપણાની બધી ક્રિયાઓ ભાવપૂર્વક કરતાં, જ્ઞાન અને ધ્યાનની ઉચ્ચ ભૂમિકાએ પહોંચ્યા હતા. સાધુનો આચાર કડક રીતે પાળતા. સ્ત્રીઓ સાથે તે કદી વાતચીત કે આંખ ઊંચી કરીને જોતા નહીં. ગમે તેવી ઠંડીમાં એક કપડું અને એક કામળી ઓઢીને ફરતા, એક જ વેળા ગોચરી વહોરી લાવતા અને એક જ વેળા એક જ પાત્રમાં સર્વ ચીજો એકત્ર કરીને આરોગી જતા. પ્રતિક્રમણ ઊભા રહીને કરતા. પ્રમાદનું તો નામ નહીં. સવારે ચાર વાગે નિયમિત જાગૃત થનાર આ મુનિરાજ રાતના અગિયાર વાગે ઊંઘતા. અભ્યાસવેળાએ કોઈની સાથે વાત પણ ન કરતા. જ્યારે જાઓ ત્યારે કંઈક લખતા, કંઈક વાંચતા કે કંઈક ધર્મક્રિયા કરતા જ હોય. તેમના આત્મિક ગુણો અને યોગાભ્યાસ વિશે આચાર્ય શ્રી મનોહરકીર્તિસાગરજી લખે છે :

"નામની કામના વગર સ્વયોગ્ય દરેકેદરેક ફરજોનું આત્મિકભાવે સુંદર પાલન કર્યું, પરંતુ અંતરની ઝંખના તો કંઈક જુદી જ હતી. તે તો ઝંખે છે- સ્વસંવેદન, સ્વાનુભવ, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ અષ્ટાંગ યોગની સહજ ભાવે સાધના. કલાકોના કલાક પર્યંત સહજ સમાધિ ભાવમાં તેઓ અડોલ રહેતા. આધ્યાત્મિક ઓજસ પ્રકાશી ઊઠ્યો : જાણે કે ખીલી શરદ પૂનમની ચાંદની !"

**તેઓ શ્રી વિનયવિજયજી સાથે શાસ્ત્રાભ્યાસ કરતા હતા. તે ઉપરાંત શ્રી વૃદ્ધિચંદ્રજી, શ્રી પ્રતાપમુનિજી, નીતિવિજયજી, વગેરે સાથે મૈત્રીભાવ રાખતા હતા. તેઓ માનતા હતા કે ઉપાશ્રયની ચાર દીવાલો વચ્ચે પાટ પર બેસીને વ્યાખ્યાન આપવાથી ધર્મરક્ષણ કે ધર્મપ્રચાર નહીં થાય. ખ્રિસ્તી પાદરીઓ અને આર્યસમાજીની જેમ ગમે તે સ્થળે ભાષણ કરવું એ વિદ્વાન સાધુઓએ સુધારો કરવો જોઈએ.**

શ્રી બુદ્ધિસાગરજીએ જાહેરમાં પ્રવચન કરવાની શરૂઆત સુરત શહેરથી કરી. તેમણે પ્રાચીન મંદિરોની જાળવણી માટે લોકોને જીર્ણોદ્ધારમાં દાન આપવા માટે પ્રોત્સાહિત કરતાં વ્યાખ્યાનો આપ્યાં. તેમના ઉપદેશથી ટૂંક સમયમાં જ નેવું હજાર જેટલી રકમ ભેગી થઈ. શ્રી બુદ્ધિસાગરજીએ બીજું ચાતુર્માસ સં. ૧૯૫૮ માં વડોદરા નજીક પાદરા ગામમાં કર્યું. ગુરુજીની

વ્યાખ્યાન આપવાની અદ્‌ભૂત શૈલીથી શિક્ષિત યુવાનો પણ મોટી સંખ્યામાં વ્યાખ્યાન શ્રવણ કરવા આવવા લાગ્યા. ગુરુ બુદ્ધિસાગરજીએ વકીલ મોહનલાલ હેમચંદભાઈની વિનંતીને માન આપી લોકોને જૈન ધર્મના સિદ્ધાંતો વિશે વિગતવાર માહિતી આપી.

જૈન ધર્મ એક વૈજ્ઞાનિક ધર્મ છે, ને તેમાં એવાં ઉદાર તત્ત્વો છે કે જે વિશ્વધર્મની લાયકાત ધરાવે છે. ગમે તે જીવને એનો આશ્રય લેવાની છૂટ, ક્રમશઃ જીવનવિકાસ તરફ આગળ વધવાની યોજના દરેકે દરેક પદની જવાબદારીઓ વગેરે અદ્‌ભુત વાતો એમાં ભરેલી છે.

પાદરાના ચાતુર્માસ દરમ્યાન વકીલ મોહનભાઈના ગુરુ બુદ્ધિસાગરજી સાથેના સંબંધો ઘણા મજબૂત થયા. તેઓ રાત્રે ઉપાશ્રયમાં જ સૂતા. એક રાત્રે ગુરુજીને ધ્યાનમાં ગામ પર આવી રહેલી આફતનાં એંધાણ જણાયાં. જે વિશે એમણે વકીલ મોહનભાઈને સંકેત આપ્યો. થોડા દિવસમાં પ્લેગ ફેલાવાની શરૂઆત થતાં અગમચેતી રૂપે ગુરુજીની સલાહને માન આપી બધા લોકો ગામ છોડી વડોદરા આવ્યા અને બાકીનું ચાતુર્માસ ત્યાં પૂર્ણ કર્યું.

વડોદરાથી તેઓ સર્વ વિહાર કરીને આણંદ, છાણી, બોરસદ, ગોધાવી, રાંતેજ, કડી, ભોંયણી વગેરે સ્થળોએ દેવદર્શનનો લાભ લેતા મહેસાણા પધાર્યા. મહેસાણાના સંઘે ખૂબ ઠાઠમાઠથી સર્વ સાધુભગવંતોનો પ્રવેશ મહોત્સવ ઊજવ્યો. અહીં માણસા ગામના મહાજને પણ ચાતુર્માસ અર્થે વિનંતી કરતાં ગુરુ સુખસાગરજીએ કોઈને પણ મનદુઃખ ન થાય એ રીતે નિર્ણય કર્યો કે નવોદિત બુદ્ધિસાગરજી અને ગુલાબસાગરજી માણસા ગામે ચાતુર્માસ કરે અને બાકીના સાધુઓ મહેસાણામાં જ ચાતુર્માસ કરે.

તે સમયના સાધુઓ શહેર - ગામ વચ્ચે અલિપ્ત ભાવે રહી સમાજ કલ્યાણના માર્ગે આગળ વધતા. શ્રી બુદ્ધિસાગરજી ગૃહસ્થાવસ્થામાં ઘણી વાર માણસા ગામે આવ્યા હતા.

અહીંના ચાતુર્માસ દરમ્યાન તેમણે વ્યાખ્યાનમાં, ઉત્તરાધ્યયન સૂત્ર અને ધર્મરત્ન પ્રકરણનું વાંચન કર્યું. માણસાથી ગુરુદેવ વિજાપુર પધાર્યા. વિજાપુરવાસીઓ અને ધર્મનાં માતા-પિતા જડાવકાકી તથા નથ્થુભાઈને ખૂબ આનંદ થયો. મહેસાણા સંઘની વિનંતીને માન આપી ગુરુદેવે સંવત ૧૯૬૦નું ચાતુર્માસ મહેસાણામાં કર્યું. ત્યાંથી તેઓ પેથાપુર આવ્યા. અહીંના આગેવાન શ્રાવકો જૈન કૉન્ફરન્સ ભરવાનો વિચાર કરતા હતા, ગુરુદેવે તેમના આ કાર્યને ખૂબ વેગવંતુ કર્યું. આ કૉન્ફરન્સમાં લગભગ પાંચ હજાર જૈનો તથા શ્રી વીરવિજયજી, શ્રી ભાતૃચંદજી, શ્રી આનંદસાગરજી વગેરે સાધુઓ હાજર હતા.

પેથાપુરથી વિહાર કરતાં તેઓ શાંત લીલી વાડીઓથી ઘેરાયેલા પ્રસિદ્ધ બોરિયા મહાદેવના દેવાલયમાં આવ્યા. ગુરુદેવે અહીંના યોગી સ્વામી સદાશિવ સરસ્વતીને યોગવિદ્યા શીખવવા વિનંતી કરી. સ્વામીજી યોગવિદ્યાના ખૂબ મોટા સાધક હતા. તેઓ પોતાની વિદ્યા સુપાત્ર જોઈને જ આપતા હતા. તેઓ નવદીક્ષિત સાધુને નીરખી મનોમન વિચાર કરે છે : ‘કે મારી વિદ્યા એને

ઝરશે. મંત્રવિદ્યા, તંત્રવિદ્યા, યોગવિદ્યા, સમાધિ એ તો બધું સિંહણના દૂધ સમાન છે : ગમે ત્યાંથી દોહી તો શકાશે પણ સો ટચના સોનાનું પાત્ર જોઈએ. પાત્ર વગર આપેલી વિદ્યા લેનાર - દેનાર બંનેનું અહિત અને આત્મનાશ કરે છે.' સ્વામીજીએ જુવાનના દેહ પર દૃષ્ટિ સ્થિર કરી પોતાની અનુભવી આંખે એને નિહાળવા માંડ્યો... નૈષ્ઠિક બ્રહ્મચર્યનું તેજ રોમેરોમમાંથી ઝરી રહ્યું હતું. એમણે લલાટ સામે જોયું તો બીજના ચંદ્રના જેવી શાંતિ ત્યાં ઝરતી હતી ને તેમણે નેત્રમાં જોયું તો એક મસ્ત, ખાખી, અવધૂતની ધૂણીનો ઝાંખો પ્રકાશ ભભૂકતો દેખાયો. સ્વામીજીએ વિદ્યા ભિક્ષુને જાણી લીધો ને પ્રેમથી સત્કાર કર્યો. પહેલે જ દિવસે પ્રાણાયામનો પાઠ આપ્યો એ ત્રણ દિવસમાં સિદ્ધ થઈ ગયો.

બુદ્ધિસાગરજીએ સ્વામીજી પાસે ધ્યાનની પ્રક્રિયાઓ હઠયોગ, હિપ્નોટિઝમ, મેસ્મેરીઝમ વગેરેનું જ્ઞાન પ્રાપ્ત કર્યું, વિ.સં. ૧૯૬૧નું ચાતુમાર્સ તેમણે વિજાપુરમાં કર્યું. અહીં વ્યાખ્યાન વાંચન, ગ્રંથલેખન, યોગધ્યાન, ઉપદેશ વગેરે ઘણી પ્રવૃત્તિઓ કરી.

વિ.સં. ૧૯૬૨માં વિજાપુરના વાડીલાલ હરિચંદ પાંડેચિયા અને તેમનાં બહેન પાલીબેનની વિનંતીને માન આપી ગુરુ સુખસાગરજી સાથે કેસરિયાજી છરી પાળતા સંઘમાં જોડાયા. તેઓ શામળાજી, ટિંટોઈ, નાગફણી, પાર્શ્વનાથ, ડુંગરપુર થઈને કેસરિયાજી પહોંચ્યા. કેસરિયાજી તીર્થ એટલે હિંદુઓ, જૈનો તથા ભીલ બધાના આરાધ્ય દેવ આદિનાથ, કેસરિયાનાથ આદિદેવને લોકો મણના હિસાબે કેસર ચઢાવે છે. અહીં તેમણે 'કેસરિયા તીર્થ બડા ભારી' સ્તવનની રચના કરી. કુદરતી સુંદર ભૂમિમાં ખૂબ ધ્યાન ધરતા, લોકોને કર્તવ્ય બોધનો ઉપદેશ આપતા સંઘ સાથે તેઓ પોશીનાથી ઇડર આવ્યા. ત્યાંથી સંઘ સાથે તેઓ વિજાપુર આવી, લોદરા, વરસોડા, લીંબોદરા, બાવળા થઈ પેથાપુર પહોંચ્યા.

અમદાવાદથી ચાતુર્માસ વિનંતી માટે કેટલાક શ્રાવકો આવ્યા હતા. જેમાં શેઠ લાલભાઈ દલપતભાઈ, શેઠ જેસિંગભાઈ હઠીસિંગ, શેઠ મનસુખભાઈ ભગુભાઈ, શેઠ લલ્લુભાઈ રાયજી વગેરે હતા. અમદાવાદના નગરશેઠ લાલભાઈ, મણિભાઈ જગાભાઈ ને શેઠાણી ગંગાબહેન પૂર્વજોની પરંપરાનું અનુકરણ કરીને ધાર્મિક કાર્ય કરવા માટે હંમેશાં તત્પર રહેતા. બીજા શ્રેષ્ઠી જેસિંગભાઈ હઠીસિંગ એમની ઉદારતા, સંગીત શોખ અને ઘોડેસવારી માટે જાણીતા હતા. આ બધા શ્રેષ્ઠિઓ ધર્મપ્રવૃત્તિ સાથે રાષ્ટ્રપ્રવૃત્તિ પણ કરતા હતા. ભારતદેશને ઊંચો લાવવા માટે નવા નવા ઉદ્યોગ અને ધંધાકીય સાહસ માટે હંમેશાં મોખરે રહેતા હતા.

અમદાવાદમાં શ્રી બુદ્ધિસાગરજી રોજ સવારે દોઢ કલાક વ્યાખ્યાન વાંચતા અને રાજકીય, સામાજિક અને ધાર્મિક પ્રશ્નોની ચર્ચા કરતા. બાકીના સમયગાળમાં તેઓ કાશીથી પધારેલા પંડિત શ્યામસુંદરાચાર્ય પાસે ત્યાગવાદના ગ્રંથોનો અભ્યાસ કરતા હતા.

ચાતુર્માસ પછી તરત જ સં. ૧૯૬૩ માગસર મહિનામાં જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું સમાયોજન થયું. તે સમયે પધારેલા પ્રખ્યાત મુનિઓ શ્રી કાંતિવિજયજી, આનંદસાગરજી, મણિવિજયજી, ધર્મવિજયજી, ભાયચંદજી વગેરે બધા સાથે વિવિધ વિષયો પર નિખાલસતાથી ચર્ચાવિચારણા કરી.

અમદાવાદથી તેઓ પ્રાંતિજ થઈ વરસોડા આવ્યા. અહીંનાં સુંદર વન-ઉપવન, કોતરો, લીલીછમ ધરતી અને મોરના ટહુકાથી તેઓ ખૂબ પ્રભાવિત થયા. વરસોડામાં ગુરુજીએ લોકકલ્યાણાર્થે જાહેર પ્રવચનો કર્યાં. તેમના પ્રવચનની ઊંડી અસર મહંત સુખલાલપુરી તથા વનરાજ ચાવડાના વંશજ ઠાકોર શ્રી સૂરજમલ પર થઈ અને તેમણે જૈન ઉપાશ્રય બનાવવા માટે જગ્યા આપી.

વરસોડાથી ગુરુદેવ ડાભલા-મહેસાણા થઈ સાણંદ પધાર્યા અને સંવત ૧૯૬૩નું ચાતુર્માસ ત્યાં જ કર્યું. તેમનું વ્યાખ્યાન હિંદુ, મુસ્લિમ, જૈન વગેરે સર્વલોકો રસપૂર્વક સાંભળતા હતા. અહીંયાથી તેઓ વિહાર કરીને અમદાવાદ આવ્યા. અમદાવાદમાં તેમની મુલાકાત પંજાબકેસરી લાલાલજપતરાય સાથે થઈ. મહારાજ સાહેબે તેમને દેશહિતના કાર્ય કરવાનો ઉપદેશ આપ્યો. તે ઉપરાંત બ્રિટિશ સરકાર સમેતશિખર પહાડ પર કતલખાનું ચાલુ કરવાની વિચાર કરતી હતી જેનો કૉંગ્રેસ પક્ષ વિરોધ કરે એમ સલાહ આપી.

સાહિત્ય જગતની વિભૂતિઓ ડૉ. આનંદશંકર કેશવલાલ ધ્રુવ, મહાકવિ નાનાલાલ વગેરે સાથે પણ તેમની મુલાકાતો હતી.

એમના ધાર્મિક દરબારમાં સાધુઓ, વેદાંતી, સંન્યાસી મહાત્મા વગેરે ઘણા સંતપુરુષો આવતા અને સાત્ત્વિક ચર્ચાઓ કરતા. જેમાં મહાત્મા સરજુદાસજી અને સ્વામિનારાયણ સંપ્રદાયના બાલમુકુંદજી મુખ્ય હતા. ગુરુદેવની જ્ઞાનગોષ્ઠિમાં થતી નિખાલસ ચર્ચાઓ નીચે મુજબ છે : જ્ઞાનગોષ્ઠિવાળી સભાઓ વાદની પ્રચંડ દલીલો અને તર્કવાદથી ગાજી ઊઠતી. ઈશ્વર જગત્કર્તાની ચર્ચાઓ છેડાતી, મૂર્તિખંડનની વાતો થતી. ને સામે તર્કકેસરીની ગર્જના થતી. સદા શાંતીથી, સમન્વયથી ચર્ચા કરનાર મુનિરાજ પોતાની સચોટ તર્કશક્તિનાં તીરથી દલીલોને વીંધી દેતા. ફૂલસમી કોમળ ભાષામાં વજ્ર જેવા આ વાક્યપ્રહારો ક્યાં છુપાયા હશે ? અંતે ગુરુદેવ ક્ષીર-નીરના વિવેકી છેલ્લે કહેતા : "तात्त्विक दुनिया और यह दुनिया अलग अलग है। सनातन धर्म के नाते से भले ही हम आपके साथ – भिन्न रहें, समय धर्म के नाते से हम आपके समाज की सराहना करते हैं। मृत शांति में सोते हुए हिन्दु समाज को जगाया, उसका रुण हम अदा नहीं कर सकते।"

આમ, દરેક સંપ્રદાયના લોકો સાથે આત્મીયતા કેળવી તેમની પાસેથી સારી વસ્તુઓ ગ્રહણ કરતા હતા. અમદાવાદથી તેઓ તારંગા તીર્થ આવ્યા અને રાજા કુમારપાળ નિર્મિત દેરાસરમાં અજિતનાથ પ્રભુનાં દર્શન કર્યાં. ત્યાંથી તેઓ ઊંઝા આવ્યા. ઊંઝામાં કડવા કણબી

પટેલોની મોટી સભા મળી હતી, ગુરુદેવે ત્યાં ગયા. કણબી સમાજે તેમનો ખૂબ આદરસત્કાર કર્યો. ગુરુદેવે તેમને શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું તથા લગ્ન અને મરણ પાછળ દેવું કરીને જમણવાર નહીં કરવાનો ઉપદેશ આપ્યો, જેની ભોળા દિલના કણબીઓ પર ખૂબ અસર થઈ. તેઓએ તરત જ ઠરાવ પસાર કરી નક્કી કર્યું કે દેવું કરવું નહિ, મરણ પછી જમણવાર ફરજિયાત કરવો નહિ. નીચવર્ણ કે કસાઈને ઢોર વેચવા નહિ. આમ ગુરુદેવના આગમનથી કણબી સમાજમાં જાગૃતિ આવી.

ગુરુદેવ ઊંઝાથી મહેસાણા થઈ માણસા પધાર્યા. એ સમયે બ્રિટિશ સરકાર અખંડ બંગાળ પ્રાંતને બે વિભાગમાં વહેંચી નાંખવા માંગતી હતી જેનો વિરોધ આખા ભારતમાં થયો. આવા કટોકટીના કાળમાં જૈન સાધુ-સમુદાય ગમે તે ભોગે શિષ્ય વધારવાની પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેતા હતા. સમાજ પણ જે સાધુના શિષ્ય વધારે તેને વધુ પૂજનીય ગણી માન આપતો હતો. સાધુઓ બાળકને સંતાડીને, ભગાડીને કે ભોળવીને દીક્ષા આપવમાં જરાપણ નાનમ અનુભવતા ન હતા.

**દેશકાળની આવી પરિસ્થિતિમાં એક સાધુએ એકસો આઠ શિષ્યો બનાવવાની પ્રતિજ્ઞા લીધી. આ વાત સાંભળ્યા પછી ગુરુદેવને પણ પોતાની પરંપરા અને આદર્શ વિચારોની જાળવણી માટે વારસદારની આકાંક્ષા જાગી. એમને અમૃતમય અમર વારસદાર જોઈતા હતા. જે કદી ભાગી ન જાય, ગુરુનું નામ લજવે નહિ અને હરહંમેશ સદ્દુપદેશ આપી સહુનું ભલું ઇચ્છે એવા એકસો આઠ ગ્રંથ-શિષ્ય બનાવવાનું નક્કી કર્યું.**

એમના લખેલા ગ્રંથોને છપાવવા માટે એમણે એક મંડળ સ્થાપવાનો નિર્ણય લીધો જેથી ભવિષ્યમાં પણ એ કાર્ય અવિરતપણે ચાલુ જ રહે. માણસા ગામના હોંશીલા શ્રાવકોએ આ અમૂલ્ય અવસર ખૂબ વ્યવસ્થિત રીતે પાર પાડ્યો. ઠાકોર શ્રી તખ્તસિંહજી રાઓલ તરફથી ઘણી સહાય મળી. તેઓ ગુરુદેવના પરમ ઉપાસક બન્યા. ગામોગામ કંકોતરી મોકલવામાં આવી. ઘણા મહેમાનો બહારગામથી આવ્યા. ગુરુદેવે ત્રણ દિવસ જાહેર વ્યાખ્યાન આપ્યું અને "અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ"ની સ્થાપના કરી. ફંડ એકઠું કરી નિયમો નક્કી કરવામાં આવ્યા. સંસ્થા ગુરુદેવના સર્વ ગ્રંથોને પ્રગટ કરશે એમ નક્કી કરવામાં આવ્યું. સંવત ૧૯૬૪નું ચાતુર્માસ માણસામાં જ કર્યું. સંપ્રદાયના સંકુચિત વાડાઓમાં બંધાયા વગર તેઓ બધા સાથે સંપર્ક કેળવતા હતા. સાધુઓમાં થતી ખટપટોથી પોતે અલિપ્ત જ રહેતા.

તેઓ લોકસંપર્કના ભારે શોખીન હતા. ભજનિકો, ગાયકો, ભરથરી, ફકીર, સાંઈ, સાધુ સંન્યાસી રોજેરોજ મુલાકાતે આવતા. ત્યાં ભજનોની ધૂન જામતી. દૃષ્ટાંત ને ઉપદેશની અવિરત ધારા વહેતી. કોઈને બાધા, કોઈને નિયમ, કોઈને કંઈ ! રબારી લોકોને એકઠાં કરી બોધ આપ્યો કે કોઈએ ઢોર ન વેચવાં આજુબાજુનાં ગામડાંમાં આસો સુદ આઠમે ઠાકરડાઓ બકરાં વગેરેનો વધ કરતા, તે ઉપદેશ દ્વારા બંધ કરાવ્યું.

માણસાથી અમદાવાદ, પાદરા ખેડાથી વસો આવ્યા. વસોમાં શેઠ ચુનીલાલ સાકળચંદ, દરબાર ગોપાલદાસ, શ્રી મોતીભાઈ અમીન વગેરે શ્રેષ્ઠીઓના આગ્રહથી સમાજ સુધારણાની સુંદર ચર્ચા જાહેર વ્યાખ્યાનમાં કરી.

વસોથી તેઓ ખંભાત આવ્યા. અહીંના જૂના ગ્રંથભંડારો તપાસ્યા અને મંદિરોનાં દર્શન કર્યાં. ત્યાંથી તેઓ વડોદરા આવ્યા.

વડોદરામાં વિદ્વાન સયાજીરાવ ગાયકવાડે ગુરુદેવ બુદ્ધિસાગરને રાજમહેલમાં પધારવા નિમંત્રણ આપ્યું. શહેરના મોટા આગેવાનો, શાસ્ત્રીઓ અને પંડિતોની હાજરીમાં 'આત્માની ઉન્નતિ' પર બે કલાક પ્રવચન આપ્યું. લોકલાડીલા સયાજીરાવ સુદારક વિચારવાળા સંત બુદ્ધિસાગરજીના પરમ ભક્ત બની ગયા.

વડોદરાથી પાદરા થઈને વિહાર કરતા તેઓ ડભોઈ આવ્યા. અહીં યશોવિજયજી સ્મારકનાં દર્શન કરીને ધ્યાન ધર્યું. ડભોઈ ગામ કવિ દયારામની જન્મભૂમિ પણ છે. ત્યાં ફરીને તેમની સ્મૃતિ તાજી કરી. અહીંથી ગુરુદેવે બોરસદ વિહાર કર્યો. બોરસદમાં ઘણાં જાહેર પ્રવચનો કરી લોકોમાં નવચેતનાનો સંચાર કર્યો. તેઓ સહેલાઈથી બીજા સંપ્રદાયના સાધુ સંન્યાસી સાથે હળીમળીને વિચારોની આપલે કરતા. તેમની ચર્ચા હંમેશાં રાગદ્વેષથી પર રહેતી. તેઓ કહેતા કે બધું વાંચો, વિચારો અને પોતાની બુદ્ધિ અને તર્ક પર જે ખરું ઊતરે તેને જ સ્વીકારો.

બોરસદમાં તેમનો મેળાપ અમીરખજી વગેરે ચાર સ્થાનકમાર્ગી સાધુઓ સાથે થયો. તેમની સાથે જૈન ધર્મનો ઇતિહાસ, મૂર્તિનિષેધનાં કારણો, સ્થાનકમાર્ગી ટબાની મીમાંસા વગેરે વિષયો પર વિચારોની આપલે થઈ. ગુરુજી ત્યાંથી અમદાવાદ આવ્યા. અમીરખજી વગેરે મુનિઓ સાથે પત્રવ્યવહાર ચાલુ જ હતો. અમીરખજી ઘણા વિદ્વાન હતા, ખૂબ જ મનોમંથનને અંતે તેમણે બુદ્ધિસાગરજીને પોતાના ગુરુ સ્વીકાર્યા.

અમદાવાદ શહેર જૈનોના બધા સંપ્રદાયોનું મુખ્ય કાર્યાલય ગણાય, ત્યાં પાંચ સ્થાનકવાસી સાધુઓ મૂર્તિપૂજક ધર્મ સ્વીકારે એ ચર્ચા સાંભળીને આખો સમાજ ચોંકી ગયો, પરંતુ સાધુઓનો નિર્ણય અફર હતો. અમીરખજી ઋષિનું નામ અજિતસાગરજી તથા તેમના ભાઈનું નામ મહેન્દ્રસાગરજી રાખવામાં આવ્યું. બીજા ત્રણ સાધુઓના નામ સૌભાગ્યસાગર, હીરસાગર ને સિદ્ધસાગર રાખવામાં આવ્યાં.

ગુરુ બુદ્ધિસાગરજી અને શિષ્ય અજિતસાગરજીનાં વ્યાખ્યાન સાંભળવા ઘણી મોટી સંખ્યામાં શ્રોતાઓ હાજર રહેતા હતા. જેમાં છોટાલાલ લખમીચંદ, નગરશેઠ મોહનલાલ લલ્લુભાઈ, હીરાચંદ કકલભાઈ, બાલાભાઈ કકલભાઈ તથા શેઠાણી ગંગાબહેન, ચંચલબહેન, સરસ્વતીબહેન વગેરે મુખ્ય હતાં.

ગુરુદેવ આખો દિવસ કામકાજમાં ગૂંથાયેલા રહેતા હતા.

સવારમાં પોતાનો અભ્યાસ કરતા, વ્યાખ્યાન વાંચતા અને ગોચરી - પાણી પછી આરામ કરતા. એ વખતે જુદી જુદી જાતના અને સમાજના માણસો શંકા-સમાધાન માટે આવતા, તેમની સાથે ચર્ચા કરતા. નવરાશની વેળાએ પોતાના ગુરુ શ્રી સુખસાગરજી મહારાજની પાસે બેસી તેમના વિશાળ અનુભવોનું પાન કરતા ને રાત્રીએ ધ્યાન સમાધિમાં લીન થતા.

અહીંના ચાતુર્માસ દરમ્યાન કાર્તિક પૂર્ણિમાનો પવિત્ર અવસર આવ્યો. જે જૈનો પાલિતાણા યાત્રાધામ ન જઈ શકે તેઓ ગામની નજીક બાંધવામાં આવતા ચિત્રમય પટ્ટનાં દર્શન કરતાં. ગુરુદેવ બુદ્ધિસાગરજીએ વયસ્ક સાધુ ભગવંતોની અનુમતિ લઈને અમદાવાદના બધા સાધુઓ ભેગા થઈ પટ્ટના દર્શને ગયા. આ પ્રસંગ ઘણો અનોખો અને જૈન સમાજ માટે ગૌરવ લેવા જેવો હતો. કારણ કે એકસાથે શ્રી હંસવિજયજી, શ્રી ચતુરવિજયજી, શ્રી સુખસાગરજી, શ્રી મેઘવિજયજી, શ્રી નીતિવિજયજી વગેરે મુનિઓએ સંયુક્ત રીતે દર્શન-પૂજન કર્યાં. અમદાવાદથી તેઓ નવદીક્ષિત સાધુઓ સાથે પાલિતાણા શ્રી ઋષભદેવના દર્શનાર્થે પધાર્યા. ત્યાં તેમનો સમાગમ પંજાબની ધરાને ધ્રુજાવનાર શ્રી વલ્લભવિજયજી સાથે થયો. તે સમયે પાલિતાણામાં વિજયનેમિસૂરિ, કર્પૂરવિજયજી, નીતિવિજયજી વગેરે મુનિઓ સાથે જૈન શાસનની ઉન્નતિ વિશે ખૂબ ચર્ચાઓ થતી હતી. આ ચર્ચામાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના મુનિમ બાબુ ગિરધારીલાલજી પણ ભાગ લેતા હતા.

પાલિતાણાથી તેઓ સોનગઢ, વલ્લભીપુર, ખંભાત, ગંભીરા થઈ વડોદરા આવ્યા. અહીંના શ્રાવકો ગુરુદેવને મળીને અતિ પ્રસન્ન થયા. જૂની ઓળખાણ ફરી સ્મૃતિપટ પર આવી. અહીંયાં હિંદુઓ, મુસ્લિમો, જૈનો બધાને બોધ આપ્યો તથા ઉચ્ચ અમલદાર વગેરેને તેમનું કર્તવ્ય સમજાવ્યું.

વડોદરાથી તેઓ ઇટોલા આવ્યા. અહીં આર્યસમાજી અને સ્થાનકવાસી ભાઈઓ સાથે મૂર્તિપૂજા સંબંધી ચર્ચા કરી. ત્યાંથી ઝઘડિયા તીર્થમાં દર્શન કરી કતારગામ થઈ સુરત શહેરમાં પ્રવેશ કર્યો. સુરત શહેરમાં તેમના પ્રવેશ દરમ્યાન સુરતીઓએ અનેરો ઉત્સાહ અને ઉમંગ પ્રગટ કર્યો. સ્વાગત માટેના વરઘોડામાં વિવિધ પ્રકારના સાબેલાઓ હતા. (વિવિધ વેશભૂષામાં સજ્જ થઈ સ્ત્રી, પુરુષો, બાળકો બગીમાં બેસે છે.)

તેઓ સુરતમાં ગોપીપરામાં મોહનલાલજી મહારાજના ઉપાશ્રયમાં ઊતર્યા. અહીંના પ્રખ્યાત દાનવીરો ઝવેરી ભૂરાભાઈ જીવણચંદ, શેઠ ધરમચંદ ઉદયચંદ, નગીનદાસ કપૂરચંદ, ઝવેરી ગુલાબચંદ દેવચંદ તથા બીજા અન્ય શ્રાવકોની વિનંતીથી સુરતની નજીક ડુમ્મસના દરિયાકાંઠે આયંબીલની ઓળીની આરાધના કરવા સર્વે લોકો સાથે આવ્યા. અહીંયાં નવરાશની પળોમાં તેમણે સંસ્કૃતમાં "યોગદીપક ગ્રંથ" ની રચના કરી તથા "શ્રીપાળ રાજાનો રાસ" વાંચવાની પરંપરા પણ નિભાવી.

સુરતમાં તેમનું સંવત ૧૯૬૬નું ચોમાસુ ખૂબ સુંદર રીતે પસાર થયું. બધા સંપ્રદાય-ગચ્છના સાધુઓ સાથે બેસીને રાગ-રાગિણી સાથે પૂજાઓ ભણાવતા હતા. આંતરિક વિખવાદનું સ્થાન મિત્રતાએ લેતા, બધા લોકો વચ્ચે આત્મીયતા કેળવાઈ અને સુરતની રંગત જ બદલાઈ ગઈ.

ગુરુદેવનો સેવાભાવી પરગજુ સ્વભાવ નીરખીને કેટલાક પારસી ભાઈઓએ તેમને દૂબળા-જનજાતિના લોકોને ઉપદેશાત્મક ભાષણો આપવા વિનંતી કરી જેથી તેઓનો ઉદ્ધાર થઈ શકે. આ વિનંતીને સહર્ષ વધાવી ગુરુદેવે સરળ ભાષામાં ભોઈ અને દૂબળાઓને દારૂ-માંસ છોડવાનો ઉપદેશ આપતાં પ્રવચનો કર્યાં. અહીંના ચાતુર્માસ દરમ્યાન મુંબઈના શ્રાવકોની વિનંતીનો સ્વીકાર કરીને સંવત ૧૯૬૭નું ચાતુર્માસ તેઓએ મુંબઈમાં કરવાનું નક્કી કર્યું, જેથી ધર્મનો પ્રચાર અને સમાજસેવાલક્ષી કાર્યો થઈ શકે. **તેમનું સ્વપ્નું ભારતમાં સૌથી મોટું જૈનોનું પુસ્તકાલય બાંધવાનું હતું. જેમાં જૈનોના સર્વે ગ્રંથોનો કોઈ પણ વ્યક્તિ અભ્યાસ કરી શકે. તેઓ આ વિશે તેમની રોજનીશીમાં નોંધે છે :**

"આખા આર્યાવર્તમાં એક મોટું લાખો રૂપિયા ખર્ચીને જ્ઞાનાલય કરવાની જરૂર છે. ઈંગ્લૅન્ડની મોટામાં મોટી લાઈબ્રેરી જેવડું જ્ઞાનાલય બાંધવામાં આવે અને જૈન ધર્મના લખાયેલા તથા છપાયેલા દરેક જાતનાં પુસ્તકો રાખવામાં આવે તો જૈન ગ્રંથોની ભક્તિ સારી રીતે કરી એમ કહી શકાય.. જૈનોના લાખો રૂપિયા વ્યવસ્થા અને ઉત્તમ પ્રકારની સંકલનાના અભાવે અન્ય બાબતોમાં ખર્ચાય છે, પણ એક મોટા જૈન ધર્મ પુસ્તકાલય બનાવવા માટે લાખો રૂપિયા ખર્ચાય તો ભવિષ્યની પ્રજાને મહાન વારસો આપી શકાય. અમદાવાદ, પાલિતાણા, વડોદરા વગેરે સ્થળોમાંથી ગમે તે સ્થળ પસંદ કરવામાં આવે તો તે યોગ્ય ગણી શકાય. આ હિન્દુસ્તાનના જૈનોમાં આવા ઉત્તમ વિચારોને પ્રથમ તો ફેલાવવાની જરૂર છે. પશ્ચાત્ આગેવાન શ્રાવકોએ આ કામ ઉપાડી લેવું જોઈએ. જૈનધર્મના આચાર્યો, ઉપાધ્યાયો, સાધુઓ વગેરેનાં પુસ્તકો તેમના નામે રાખવામાં આવે અને જ્ઞાનાલયમાં તે જુદી જુદી કોટડીઓમાં મૂકવામાં આવે એવી વ્યવસ્થા કરવામાં આવે અને તેમને ખપ વડે મોકલવામાં આવે તો જૈન ભારત જ્ઞાનાલયની ઉન્નતિ થાય. એક મોટું જૈન ભારત મહાજ્ઞાનાલય અને તેની શાખાઓ તરીકે ભિન્ન ભિન્ન શહેરનાં જ્ઞાનાલયો સ્થાપવામાં આવે એવી વ્યવસ્થા થાય તો જૈનોનો ઉદય થઈ શકે."

મુંબઈ તરફ પ્રયાણ કરતી વખતે રસ્તામાં તેઓ વલસાડ ગામમાં રોકાયા. અહીંનો શાંત દરિયાકિનારો, નાળિયેરી અને કેરીનાં વૃક્ષો તથા ભક્તિ ભાવનાસભર શ્રાવકોએ તેમનું મન મોહી લીધું. અહીંના ભક્તોએ તેમની અખંડ સ્મૃતિ માટે 'શ્રીમદ્ બુદ્ધિસાગર જૈન પાઠશાળા' શરૂ કરી જેમાં હજારો બાળકોએ જૈન ગ્રંથોનો અભ્યાસ કર્યો અને હજુ પણ કરી રહ્યા છે. વલસાડમાં તેમણે તેમના ભક્ત શ્રી જીવણચંદ ધરમચંદ જે પાલિતાણા ગયા હતા તેમને પત્ર દ્વારા યાત્રા કેવી

રીતે કરવી તેનો ઉપદેશ આપ્યો. જે પત્રો "તીર્થયાત્રાનું વિમાન" ગ્રંથમાં સાંકળી લેવામાં આવ્યા ત્યાંથી વિહાર કરીને તેઓ નજીકના પારડી ગામે આવ્યા. ત્યાંના શ્રાવકોએ ગુરુદેવના નામની પુસ્તકાલયની સ્થાપના થઈ. જેથી ગુરુદેવની સ્મૃતિ અખંડ રહે. એ જ પ્રમાણે દમણ, વાપી બધાં ગામોમાં ગુરુદેવના નામની પાઠશાળા, પુસ્તકાલય વગેરેની સ્થાપના કરી જેથી તેમનું સંભારણું હરહંમેશ રહે. દમણથી દરિયાકિનારે, મુંબઈ તરફ વિહાર કરતા તેઓએ સોપારા ગામમાં પ્રવેશ કર્યો. શૂર્પારક બંદર ત્રણ-ચાર હજાર વર્ષે પૂર્વે જૈનોની ખૂબ જ વસ્તી ધરાવતું મોટું વેપારનું કેન્દ્ર હતું. ત્યાંથી તેઓ અગાસી તીર્થ આવ્યા. મુનિ સુવ્રતસ્વામીનાં દર્શન કર્યાં તથા દેરાસરની પ્રતિષ્ઠા કરી.

ગુરુદેવે તા. ૧૩-૨-૧૯૧૧ ના શુભ દિને ભાયખલાથી મુંબઈ શહેરમાં પ્રવેશ કર્યો. તે સમયે જૈન શ્રાવકોએ તેમનું અદ્‌ભૂત સ્વાગત કર્યું. પ્રવેશ માટેના વરઘોડામાં પચીસ સાબેલાઓ હતા. એ દરેક સાબેલાની આગળ અલગ પ્રકારનાં બૅન્ડ-વાજિંત્ર વાગતાં હતાં. લગભગ દશ હજાર શ્રાવક-શ્રાવિકાઓ તેમના સ્વાગત માટે આતુરતાથી રાહ જોતા હતા. ઝવેરી બજારમાં શેઠ જીવણચંદ લલ્લુભાઈ, શેઠ તલકચંદ માણેકચંદ વગેરે શ્રેષ્ઠીઓએ મોતીના તોરણો બાંધીને ગુરુદેવનું ભવ્ય સ્વાગત કર્યું. મુંબઈનો ચાતુર્માસ પ્રવેશ મહોત્સવ ખૂબ ઠાઠમાઠ અને ઉત્સાહથી ઊજવાયો. તેઓ ભુલેશ્વરમાં આવેલ લાલબાગ ધર્મશાળામાં ચાતુર્માસ રહ્યા. તેઓ કોલાબાના જૈન મંદિરમાં દર્શન કરવા ગયા. અહીં તેમની લેખન પ્રવૃત્તિ ખૂબ થઈ. જૈનોના સંપ્રદાયોમાં ચાલતા આંતરિક વિખવાદ અને ટીકા વગેરેથી તેઓ દૂર જ રહેતા હતા. તેમણે ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનું જીવનચરિત્ર વાંચ્યું, જેની તેમના મન પર ઘણી ઊંડી અસર થઈ. **મુંબઈમાં પર્યુષણ પર્વમાં પ્રતિક્રમણ કરવા ઘણા શ્રાવકો ભેગા થતા હતા ત્યારે રાત્રિના અંધકારનો લાભ લઈને ઘણા વિઘ્નસંતોષીઓ કાંકરા ફેંકી શુભ ક્રિયામાં વિઘ્નો ઊભાં કરતા હતા. બુદ્ધિસાગર મહારાજસાહેબે ખૂબ વિચારણા કરીને સાંવત્સરિક પ્રતિક્રમણ સાંજે સાડાત્રણથી ચારના સમયમાં ભણાવવાનું ચાલુ કર્યું જેથી દિવસના અજવાળામાં કોઈ નાસ્તિક, ધર્મપ્રેમીને હેરાનપરેશન કરી શકે નહિ. એમની આગવી સૂઝબૂઝને લીધે પ્રતિક્રમણની ક્રિયા શાંતિથી નિર્વિઘ્ને થવા લાગી. ત્યાર પછી તો એ નિયમ બની ગયો જે આજ પર્યંત ચાલુ છે.**

ગુરુદેવના મુંબઈના ચાતુર્માસ દરમ્યાન બ્રિટનના રાજવી સર જ્યૉર્જ સ્ટીમર મારફતે મુંબઈમાં પધાર્યા હતા. એ સમયનું સુંદર વર્ણન તેમણે તેમની રોજનીશીમાં કર્યું છે. તા. ૩૦-૧૧-૧૯૧૧ ના દિનની તેમની નોંધપોથીમાં તેઓ નોંધે છે :

**"શહેનશાહને દેખવા માટે મુંબઈમાં પરદેશના શ્રાવકો આવેલા તેઓને બોધ દીધો. આજરોજ મુંબઈમાં નામદાર શહેનશાહ સર જ્યૉર્જનું આગમન થયું. બહારગામથી લગભગ ૨૦-૨૫ લાખ અને શહેરના મનુષ્યો સર્વ ભેગા કરતાં ૩૦-૩૫ લાખ મનુષ્યોની સંખ્યા મુંબઈમાં થઈ છે... બ્રિટિશ રાજની પદ્ધતિ સરસ હોવાથી સાધુઓને તથા દરેક પ્રજાને પોતાનો ધર્મ પાળતાં કોઈ તરફથી સહન કરવું પડતું નથી."**

**તે સમયે ગોરક્ષાના કાયદા માટે સરકારને વિનંતી કરવા માટે શહેરના અગ્રણી નાગરિકો, વૈષ્ણવાચાર્ય શ્રી દેવકીનંદન, શ્યામસુંદરાચાર્ય અને ગુરુદેવ બુદ્ધિસાગરજીએ નિવેદન પત્ર ઘડવામાં અગત્યનો ભાગ ભજવ્યો. તેઓ આવા લોકસેવાનાં કાર્યમાં ખૂબ રસ ધરાવતા જેને લીધે તેમની ખ્યાતિ ચોમેર ફેલાઈ ગઈ અને અન્યધર્મી સાધુ મહાત્માઓ પણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતા.** તા. ૮-૧૨-૧૯૧૧ ના દિવસે ચાતુર્માસ પૂર્ણ કરી ભૂલેશ્વરથી ભાયખલા તરફ વિહાર કર્યો. ભાયખલામાં તેઓ શ્રાવકો સાથે રાણી વિક્ટોરિયા પ્રાણી સંગ્રહાલય જોવા ગયા અને જાતજાતના પશુઓ અને પંખીઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. ચીંચપોકલીમાં સ્થાનકવાસી સાધુ નાગજીસ્વામી સાથે ધર્મચર્ચા કરી અને ત્યાં સ્થિત ગોકલદાસ મૂળચંદ જૈન બોર્ડિંગની મુલાકાત લઈ વિદ્યાર્થીઓને ધાર્મિક જ્ઞાનની જરૂરિયાત સમજાવી. તેઓ પોતાની સારગ્રહી દૃષ્ટિ દ્વારા જ્યાંથી જે સારું જણાય તે ગ્રહણ કરી તે વિશે નિખાલસ ભાવે ચર્ચા કરતા. ગુરુદેવે શ્વેતાંબર કૉન્ફરન્સના પ્રણેતા શ્રી ગુલાબચંદજી ઢઢ્ઢા સાથે ચર્ચા કરીને કૉન્ફરન્સને દિગંબર મહાસભાની જેમ મતભેદ વિનાના નાના શહેરમાં કે તીર્થસ્થાનમાં રાખવામાં આવે તો ઓછા ખર્ચે સારું પરિણામ આવે તથા તેવા શુભ કાર્યની પરંપરા હંમેશાં ચાલુ રહે એવો મત દર્શાવ્યો.

ચીંચપોકલીથી ગુરુદેવ સાંતાક્રુઝ ગયા. તેઓ શેઠ નરોત્તમદાસ ભાણજીને બંગલે રહ્યા. તેમને ગુજરાતી સાહિત્યના લેખક ભોગીન્દ્રરાવ દિવેટિયા મળવા આવ્યા હતા. તેમની સાથે જૈન ધર્મ સંબંધી ચર્ચાઓ કરી. મુંબઈ કરતા તેમને મુંબઈના ઉપનગરના જીવનમાં શાંતિનું વાતાવરણ લાગ્યું. સાંતાક્રુઝથી તેઓ મલાડ થઈને બોરીવલી તરફ વિહાર કર્યો. અહીં ગુરુદેવ, શેઠ લલ્લુભાઈ ધરમચંદ, તુકારામ હનુમંતરાય મરાઠા વગેરે સાથે બૌદ્ધકાલીન કેન્હેરીની ગુફાઓ જોવા ગયા, જે તેમને ખૂબ જ ગમી.

બોરીવલીથી તેઓ વસઈ ગયા, વસઈમાં પહેલાં જૈનોનાં ચાલીસ ઘરો હતાં, પરંતુ સાધુ-સમાગમના અભાવે તેઓએ અન્ય ધર્મ સ્વીકાર્યો. વસઈથી તેઓ ફરી અગાશી તીર્થ આવ્યા. અહીંના મૂળનાયક મુનિ સુવ્રતસ્વામીની સુર્પારક નગરના તળાવમાંથી મળી આવી હતી. યોગાનુયોગ મોતીશા શેઠનાં દરિયાના તોફાનમાં ફસાયેલાં જહાજ અહીં ખેંચાઈ આવતાં તેમણે આ જિનાલય બંધાવ્યું.

અગાશીથી તેઓ પાલગઢ (પાલઘર) થઈ વાનગામ આવ્યા. વિહારમાં તેમણે ઘણી જગ્યાએ જાહેર ભાષણો તથા ખેડૂત અને માછીમાર કોમને તેમના કર્તવ્ય પ્રમાણે ઉપદેશ આપ્યો. ગામેગામ વિહાર કરતાં તેઓ, બોરડી આવ્યા. બોરડીમાં તેમણે 'શ્રીમદ્ ભગવદ્ગીતા' ના અઢાર અધ્યાયોનું આઠમી વારનું વાંચન પૂર્ણ કર્યું. બોરડીથી તેઓ પારસીઓના ધામ સંજાણ ગયા. ત્યાંના ઐતિહાસિક કિલ્લાનું નિરીક્ષણ કર્યું.

સંજાણથી ગુરુદેવ સીરીગામ, વાપી, દમણ, બગવાડા વગેરે ગામોમાં દેવદર્શન કરી લોકોને ઉપદેશ આપતા વલસાડ આવ્યા. વલસાડમાં પ્રેમ, દયા, દ્રવ્યપૂજા, ભાવપૂજા વગેરે વિષય પર માતાજીની ધર્મશાળામાં જાહેર વ્યાખ્યાનો આપ્યાં. અહીંની બુદ્ધિસાગરજી પાઠશાળામાં ચાલતી વિવિધ શુભ પ્રવૃત્તિઓ અને ભાવિક શ્રાવકોને જોઈ ગુરુદેવ ઘણા પ્રસન્ન થયા. અહીંના શ્રાવક કેસરીચંદ ગુલાબચંદે ગુરુદેવની જૈન ગુરુકુળ સ્થાપવાની ભાવનાને સમજીને તે માટે ફંડ એકઠું કર્યું.

વલસાડથી વિહાર કરતાં તેઓ બીલીમોરા આવ્યા. ત્યાં 'જૈન ધર્મની વિશ્વવ્યાપકતા' પર ભાષણ આપ્યું. ત્યાંથી સુરત ગયા, અહીં ઘણી શુભ પ્રવૃત્તિઓ કરી તેઓ સાયણ ગયા. ત્યાં એક સ્થાનકવાસી સાધુ બીમાર હતા પરંતુ ગામમાં તે સંપ્રદાયનું કોઈ ઘર ન હોવાને લીધે તેમની કોઈ સેવાચાકરી કરતું ન હતું. આ જોઈને ગુરુદેવને ઘણું દુઃખ થયું. બીમાર સાધુને ઉપાશ્રયે લઈ જઈને તેની સેવાશુશ્રૂષા કરીને સારા કર્યા. તેઓ સાયણથી ઝઘડિયા તીર્થની યાત્રા કરી, શુકલતીર્થ આવ્યા. ત્યાં ઓમકારનાથ મહાદેવનાં દર્શન કર્યાં અને ત્યાંના બ્રાહ્મણોને ઉપદેશ આપ્યો. એક જૈન સાધુ પાસેથી ઉદાર વિશ્વવ્યાપી ઉપદેશ સાંભળીને બ્રાહ્મણો ખૂબ ભાવવિભોર બન્યા. ગુરુદેવ બુદ્ધિસાગરજી કોઈ જાતપાત, ધર્મ, સંપ્રદાયના સંકુચિત વાડામાં માનતા નહિ. તેમને મન ધર્મ એટલે પ્રભુ ભક્તિ કરવી, સત્ય વચની રહી શુદ્ધ આચરણ કરવું અને યૌગિક ક્રિયાઓ કરવી. તેઓ ઇટોલામાં આર્યસમાજી, સ્થાનકવાસી વગેરે જેઓ મૂર્તિપૂજાનો વિરોધ કરતા હતા તેમની સાથે મૂર્તિપૂજા સંબંધી ઘણી ચર્ચાઓ કરી.

ઈટોલાથી તેઓ પાદરા આવ્યા. પાદરાના શ્રાવકો તેમના આગમનની ઘણી રાહ જોતા હતા. તેઓ સર્વ ગુરુજીને મળીને ખૂબ ખુશ થયા. તે સમયે વડોદરામાં ગુજરાતી સાહિત્ય પરિષદનું ચોથું અધિવેશન શરૂ થવાનું હતું. પરિષદના મંત્રીઓની વિનંતીને માન આપીને બુદ્ધિસાગરજીએ 'ઉપાધ્યાય શ્રી યશોવિજયજી' વિશે નિબંધ લખ્યો. જે ૭-૪-૧૯૧૨ ના દિને અધિવેશનમાં ત્રિભોવનભાઈ દલપતભાઈ શાહે વાંચી સંભળાવ્યો. આમ, એક રીતે બુદ્ધિસાગરજીએ ગુજરાતી સાહિત્ય પરિષદમાં ભાગ લીધો એમ કહી શકાય. તેઓ હંમેશાં લોકભાષામાં બોધ આપવાનો આગ્રહ રાખતા. તેમના મતે લોકભાષામાં ગ્રંથો લખતા પાંડિત્ય ઓછું થતું નથી.

તેઓ આત્માના ગુણને વિકસાવવા પર વધારે ભાર મૂકતા. એક વાર આત્મામાં ગુણો ખીલવા માંડે કે પછી આપોઆપ જ્ઞાન તરફ રુચિ વધે છે. પાદરામાં ગુરુજીનો મેળાપ આત્મારામજી મહારાજ સાહેબના શિષ્ય સમુદાય શ્રી વિજયકમલ સૂરિ, પંન્યાસ આનંદસાગરજી અને પં. દાનવિજયજી તથા પં. મેઘવિજયજી સાથે થયો. એમની સાથે ખૂબ ચર્ચાઓ કરી. તેઓએ વિહારમાં રોજ થોડો સમય ફાળવીને - "શ્રીમદ્ આનંદ ઘન બહોતેરી - ભાવાર્થ" ગ્રંથ લખ્યો.

ગુરુજી વિહારમાં ફરતા વડતાલ આવ્યા. અહીંયાં સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરના દર્શનાર્થે ગયા. ત્યાંથી બોરસદ, કાવીઠા, વસો, માતર, ખેડા, બારેજા વગેરે સ્થળોએ પ્રભુનાં દર્શન કરી અમદાવાદ પધાર્યા. અહીંના ખરતરગચ્છના સાધુ પંડિત કૃપાચંદજી ગુરુવર સાથે ધર્મચર્ચાઓ કરી. તેઓને ગુરુજીને મળીને ખૂબ આનંદ થયો.

ગુરુદેવે સંવત ૧૯૬૮ નું ચાતુર્માસ અમદાવાદમાં કર્યું. દીક્ષાના બાર વર્ષ દરમ્યાન તેઓએ લગભગ ત્રીસેક ગ્રંથો રચ્યા તથા દસેક હજાર જેટલાં પુસ્તકો વાંચ્યાં હતાં. અમદાવાદથી તેઓ શેરીસા, પાનસર, નારદીપુર વગેરે ગામોમાં ફરતાં વિજાપુર આવ્યા. વિજાપુરમાં તેમણે મુસ્લિમોના પવિત્ર ગ્રંથ 'કુરાનેશરીફ' નો અભ્યાસ કર્યો.

અહીં તેમને ગુરુ સુખસાગરજીની નાદુરસ્ત તબિયતના સમાચાર મળતાં તેઓ ગુરુદેવને મળવા સાણંદ ગયા. ગુરુમહારાજ સુખસાગરજીએ બુદ્ધિસાગરજીને જીવનમાં આવતી અનેક મુશ્કેલીઓનો સામનો હિંમતપૂર્વક ધૈર્યથી કરવાની સલાહ આપી. તેમણે માતા બાળકને જે રીતે શિખામણ આપે તેવી રીતે તેમને અનેક બાબતોમાં સમતા રાખીને નિર્ણય લેવા માટે સૂચન કર્યું. બુદ્ધિસાગરજીએ ગુરુનો ઉપદેશ બરાબર ધ્યાનમાં રાખી તેમણે આપેલ નવકારવાળી પર તેમના નિમિત્તે એક લાખ નવકાર અને એક ગ્રંથ રચવાની પ્રતિજ્ઞા કરી. ગુરુ સુખસાગરજીનો સ્વર્ગવાસ અમદાવાદમાં થયો.

**આચાર્ય પદવી પ્રદાન :**

અમદાવાદથી વિહાર કરતા તેઓ પેથાપુર આવ્યા. અહીંના સંઘની ખાસ વિનંતીને માન આપીને અનેક મોટી મેદની વચ્ચે તેમણે "આચાર્ય" પદવી સ્વીકારી. તેમની પંડિતાઈનો પ્રભાવ ગુજરાતથી દૂર બનારસ સુધી પહોંચ્યો. ત્યાંના વૈયાકરણીઓ અને નૈયાયિકોએ તેમને "શાસ્ત્રવિશારદ" ની માનદ્ પદવી અર્પણ કરી.

આ જ્ઞાનદીપકની દૂર સુધી પ્રસરેલી આભાનું આલેખન કરતાં આચાર્ય મનોહરકીર્તિસાગરજી લખે છે : **"જ્ઞાનદીપકોની જ્યોતિ, જાજ્વલ્યમાન પ્રભા દૂર સદૂર પ્રસરતી - કાશી બનારસના મહાવૈયાકરણાચાર્યો અને નૈયાયિકોના હૃદયકમળને પ્રકાશમાન કરવા સમર્થ બની. જ્ઞાનસૌરભથી આકર્ષિત થયેલા અનેક વિદ્વદ્વર્ય પંડિતોએ એકત્રિત થઈને પૂજ્યપાદ ગુરુદેવશ્રીને 'શાસ્ત્રવિશારદ'ની માનદ્ પદવી અર્પણ કરી, ગૌરવપ્રદ વિદ્વતાનું બહુમાન કર્યું.**

**વિ.સં. ૧૯૭૦ ના મહા સુદ ૧૫ ના દિને પેથાપુર નગરના આંગણે ભારતભરના જૈન સંઘો એકત્રિત થયા, પૂજ્યપાદ્ ગુરુદેવશ્રીનો 'આચાર્ય પદ-પ્રદાન' મહોત્સવ ઉમંગ અને અનેરી શાસન પ્રભાવના સહ ઊજવીને મહાન લાભ લેવા મહાભાગ્યશાળી બન્યા."**

ગુરુદેવ પેથાપુરથી રિદ્રોલ આજોલ થઈને મહુડી આવ્યા. મહુડી એમનું પ્રિય સ્થળ હતું. એનું જૂનું નામ ખડાયતા હતું. ત્યાંથી એક-એક મણની ઈંટો નીકળે છે. અજિતનાથ ભગવાનની કાઉસગ્ગવાળી ઊભી મૂર્તિ પણ નીકળી હતી. ગુરુજી વિહાર કરતાં તારંગા આવ્યા અને ત્યાં

સ્થિત ઘણા શિલાલેખોનું અધ્યયન કર્યું. ત્યાંની સિદ્ધશિલા પરબધા સાધુઓ સાથે ધ્યાન ધર્યું તથા ત્યાંના ચૈત્યમાં પ્રભુ અજિતનાથને વંદન કર્યું. અહીંથી તેઓ માણસા ગયા. અહીંના ચાતુર્માસ દરમ્યાન અનેક પ્રસંગોમાં આજુબાજુના ગામના લોકો ઉત્સાહપૂર્વક ભાગ લેતા. ઠાકોર શ્રી તખ્તસિંહજી પણ વરઘોડા વગેરે ઉત્સવોમાં હાજરી આપતા. તેમણે ગુરુદેવને ચાવડાવંશનો ઇતિહાસ મેળવી આપવા વિનંતી કરી.

તેઓ જૈન ધર્મની ઉન્નતિનાં સ્વપ્નાં જોતા હતા. તેમને એક જૈન બાળકના જન્મના સમાચાર સાંભળીને તીર્થયાત્રા જેટલો આનંદ થતો. તેઓ દિવસમાં ફક્ત એક જ વાર એક પાત્રમાં સર્વ વાનગી એકત્ર કરીને ભોજન લેતા. આવા ચરિત્રવાન, યોગી, ત્યાગી, બાલ બ્રહ્મચારી મહાત્માની ટીકા કરનારા લોકો પણ સમાજમાં હોય છે. સુરતના ચાતુર્માસ દરમ્યાન તેઓ દેરાસરમાં ભાવથી પૂજા ભણાવી રહ્યા હતા ત્યારે એક વ્યક્તિએ લાખોની આંગીના હીરા માણેક વિશે ઘણું કહ્યું....

**શ્રાવક :** લાખોની હીરાની આંગીના હીરા-માણેક વિશે આપનો અભિપ્રાય આપો.

**આ. બુદ્ધિસાગર :** પ્રભુએ જે હીરા-માણેકને પથ્થર સમજીને ત્યાગ કર્યો એનાં વખાણ શાં ? **વખાણ તો પ્રભુના ત્યાગનાં કરવાં જોઈએ.**

આચાર્ય બુદ્ધિસાગરજીનો ઉત્તર શ્રાવકની ધારણા વિરુદ્ધનો હતો. એ અસંતુષ્ટે મૂળ વાતને જુદો જ વળાંક આપીને એવી અફવા ફેલાવી કે ગુરુદેવ મૂર્તિપૂજામાં માનતા નથી. બુદ્ધિસાગરજીને આ વાત સાંભળીને ઘણું દુઃખ થયું. અપૂર્વ ઉલ્લાસ અને પ્રેમથી પૂજા રચનાર પ્રભુપૂજામાં માનતા ન હોય એવી પાયા વગરની ગેરસમજ ફેલાવનારી વાતથી જરાપણ વિચલિત થયા વગર શાસનની સેવાનું કાર્ય તેમણે અવિરતપણે ચાલુ જ રાખ્યું.

તેઓ સુરતથી ઈડર થઈ ખેડબ્રહ્મા આવ્યા. ત્યાં વસતા તપોધન બ્રાહ્મણોને ઉપદેશ આપી સંસ્કૃત શાળા ખોલાવી. ત્યાંથી તેઓ વડાલી થઈ કુંભારિયાજી પહોંચ્યા. ત્યાં સરસ્વતી નદી આગળ ધ્યાન ધર્યું. ત્યાંના બધા દેરાસરોના લેખોનો અભ્યાસ કર્યો. અહીં આવેલ અંબામાતાના મંદિરમાં યજ્ઞ સમયે થતો નિર્દોષ પશુઓનો વધ બંધ કરાવ્યો. પૂજારી અને બ્રાહ્મણોને યજ્ઞનું સાચું સ્વરૂપ સમજાવ્યું. ત્યાંથી આબુ, અચલગઢ વગેરે સ્થળોએ પ્રભુનાં દર્શન કર્યાં. ત્યાંની ગુફાઓ જ્યાં એક સમયે ભર્તૃહરિ, ગોપીચંદ ધ્યાન કરતા હતા ત્યાં તેઓએ પણ ધ્યાન કર્યું.

આબુથી તેઓ બામણવાડા, હણાદ્રા, જીરાવલા વગેરે સ્થળોએ સુંદર દેરાસરોનાં દર્શન કરીને સિદ્ધપુર આવ્યા. અહીં ઉપાધ્યાય યશોવિજયજીની ગાદીની સ્પર્શના કરી તથા રુદ્રમાળના ખંડેર, સરસ્વતી નદી વગેરે જોયું. અહીં તેમની મુલાકાત પ્રસિદ્ધ મલ્લ પ્રો. રામમૂર્તિ સાથે થઈ, જેઓ ગુરુજીને મળીને ઘણા ખુશ થયા. સિદ્ધપુરથી તેઓ તેમના માનીતા સ્થળ ભોંયણી આવ્યા. અહીં મલ્લિનાથના દેરાસરમાં દર્શન કરી, ગામના લોકોને દારૂ ન પીવાનો ઉપદેશ આપ્યો.

ભોંયણીથી ગુરુદેવ પેથાપુર આવ્યા અને ચાતુર્માસ ત્યાં જ કર્યું. અહીં તેમને અમદાવાદના દાનેશ્વરી પરોપકારી શ્રેષ્ઠી લલ્લુભાઈ રાયજીના અવસાનના સમાચાર મળ્યા. તેમણે અમદાવાદમાં ઘણાં સત્કાર્યો કર્યાં હતાં. છપ્પનિયા દુકાળમાં ગરીબોની ખૂબ સેવા કરી હતી. તેઓ ખૂબ હિંમતવાન, સાહસી તથા સહનશીલ હતા. તેમને અને બીજા મશહૂર જૈન શ્રેષ્ઠીઓને સ્મરણાંજલિ આપતા કાવ્યોની રચના કરી.

ગુરુદેવે વિ.સં. ૧૯૭૨ નું ચાતુર્માસ વિજાપુરમાં કર્યું. ત્યાં તેમનો પરિચય કવિ લલિતજી, શ્રી આનંદશંકર બાપુભાઈ ધ્રુવ અને શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ સાથે થયો. તેમણે ત્યાંના ચાતુર્માસ દરમ્યાન સમાજસેવાનાં ઘણાં કાર્યો કર્યાં.

**સર્વધર્મ સન્માન :**

અઢારે આલમ બ્રાહ્મણ, મુસલમાન, મીર, સાંઈ, ઠાકરડા, રજપૂત કે ભીલ કોમ પર એમની પ્રેમ ઝરણી સદા વહેતી. સાથેસાથે સમાજના ઉત્કર્ષનો વિચાર એક ક્ષણ પણ તેઓ વિસરતા નહીં.

બાળકોને યોગ્ય સંસ્કાર મળી રહે તે માટે તેમણે ગુજરાતમાં બોર્ડિંગ સ્કૂલ સ્થાપવાનું નક્કી કર્યું. વિજાપુરમાં, અમદાવાદમાં નાગોરી-સરાહમાં તથા વડોદરામાં ગોયાગેટ પાસે એમણે બોર્ડિંગ સ્કૂલો શરૂ કરાવી જેથી ભવિષ્યમાં બાળકો તેજસ્વી બને. તેમને કીર્તિ માટે કે પોતાના મઠ સ્થાપવા માટે ગુરુકુળની સ્થાપના કરવી ન હતી, તેમનો ઉદ્દેશ્ય ફક્ત બાળકોને વીર બનાવવાનો હતો. એમણે પાલિતાણાની "શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા અને બોર્ડિંગ" જે ફંડ અને સંચાલનના અભાવે બંધ થવાની તૈયારીમાં હતી ત્યાં, તેમણે મુંબઈના શેઠ જીવણચંદ ધરમચંદને આ વાત જણાવીને ફંડ ભેગું કરી, શ્રી અજિતસાગરજીને પાલિતાણા મોકલીને એને ફરી જીવંત કરી.

બુદ્ધિસાગરજી ઊંચનીચ કે વર્ગભેદમાં માનતા ન હતા. તેમણે પ્રાંતિજ અને વિજાપુરમાં હરિજનો માટે શાળા ખોલી. આમ એમના દ્વારા શરૂ થયેલી જ્ઞાનની સંસ્થાઓનો હજારો બાળકોએ લાભ લીધો. અહીં તેમણે બાકી રહેલા ગ્રંથોનું કામકાજ પૂરઝડપથી આગળ વધાર્યું. વિજાપુર ગામમાં પ્લેગ ફાટી નીકળતાં ગામના રહેવાસીઓ ખુલ્લા ખેતરમાં રહેવા લાગ્યા. મહારાજશ્રી પણ તેમના એક મુસ્લિમ ભગત કાજુમિયાંના ખેતરમાં એક આંબા નીચે તંબુ બાધીને રહ્યા. ત્યાં તેઓ આસપાસ ઘાંચી, મુસલમાનો, વગેરે બધા સાથે જ્ઞાનગોષ્ઠી કરતા હતા. એ આંબા ઉપર ચાલીસ વર્ષથી કેરીઓ આવી ન હતી, મહારાજશ્રીના પુણ્ય પ્રતાપે એના પર એ જ વર્ષે આંબા પર મહોર ફૂટ્યો અને કેરીઓ આવતી શરૂ થઈ. તે આમ્રવૃક્ષ ગુરુ આંબા તરીકે આજે ઓળખાય છે. ગુરુદેવે આમ્રવૃક્ષના ગુણ જોઈને તે પરથી મનુષ્યને ઉપદેશ આપતું કાવ્ય 'ભારત સહકાર શિક્ષણ' ની રચના કાજુમિયાંના ખેતરમાં રહીને જ કરી.

ગુરુદેવ શહેર કે ગામ જ્યાં પણ વિહાર કરે ત્યાં લોકોને ઉપદેશ આપીને હાઈસ્કૂલ કે બોર્ડિંગ શાળા માટે ફંડ એકત્ર કરીને શાળા ચાલુ કરાવતા જેથી હજારો બાળકો તેમાં અભ્યાસ કરી શકે. તેમણે મહેસાણા ગામમાં ત્યાંના સૂબાની વિનંતીથી ૩૫,૦૦૦ રૂ. નું ફંડ એકઠું કરીને હાઈસ્કૂલનું બાંધકામ ચાલુ કરાવ્યું. મહેસાણામાં સરળ સ્વભાવી ભાખરિયા ભાઈઓ ગુરુદેવને બધા કાર્યમાં ખૂબ સહકાર આપતા હતા.

તેમણે વિ.સં. ૧૯૭૪નું ચાતુર્માસ વિજાપુર કર્યું. મહેસાણાના ભાખરિયા કુટુંબીઓ ગુરુદેવ બુદ્ધિસાગરજી પર અનન્ય પ્રેમ રાખતા હતા. તેઓ બધા પરોપકારી અને સરળ સ્વભાવના હોવાથી ગુરુદેવ પણ તેમના પર કૃપાદૃષ્ટિ રાખતા હતા. તે સર્વમાં તેઓને શ્રી મોહનલાલ ભાખરિયા સાથે વિશેષ સંબંધ રહ્યો. તેમણે ગુરુદેવની જ્ઞાનમંદિર પ્રારંભ કરવાની પ્રવૃત્તિને વેગ આપ્યો અને વિજાપુરમાં એ માટે ખાતમુહૂર્ત કર્યું.

વિજાપુરના ચાતુર્માસ પછી તેમણે મહુડી ગામમાં પદ્મપ્રભુની પ્રતિષ્ઠા કરી. ત્યાંથી ગુરુદેવ પેથાપુર, રાયપુર, નડિયાદ વગેરે સ્થળોએ લોકોને ઉપદેશ આપતા, પ્રવચનો કરતા છાણી થઈ વડોદરા આવ્યા. વડોદરામાં મહારાજ સયાજીરાવની આગ્રહભરી વિનંતીને માન આપી તેઓએ રાજમહેલમાં ભક્તિયોગ, જ્ઞાનયોગ, કર્મયોગ વિશે પ્રવચનો આપ્યાં. તેમણે વિ.સં. ૧૯૭૫ નું ચાતુર્માસ પાદરામાં કર્યું. અહીંના શ્રાવકોને અધ્યાત્મજ્ઞાન તથા આગમ ગ્રંથોમાં ખૂબ રુચિ હોવાથી ગુરુદેવ તેમની સાથે ધાર્મિક ચર્ચાઓ પણ કરતા હતા.

પાદરાથી ગુરુદેવ અમદાવાદ ગયા. તેમણે ત્યાં સ્થિત શેઠ લલ્લુભાઈ રાયજી બોર્ડિંગની ગેરવ્યવસ્થા દૂર કરી નિયમોમાં સુધારા કરાવ્યા. ત્યાંથી ગુરુદેવ વિજાપુર આવ્યા. જ્ઞાનમંદિરનું બાંધકામ પૂર્ણ થયું હોવાથી તેઓએ વૈશાખ સુદ પાંચમ સં. ૧૯૭૬ ના દિને તેનું વાસ્તુ કર્યું તથા તેમનાં પોતાનાં સર્વ પુસ્તકો ત્યાં સમર્પિત કર્યાં.

સંવત ૧૯૭૬ નું ચાતુર્માસ, ગુરુદેવે વિજાપુરમાં જ કર્યું વતન વિજાપુરની ઉન્નતિ માટે તેઓ કહેતા :

"એક વાર આખું ગામ ખાલી કરીને સહુ બહાર નીકળી જાઓ પછી હું આપું તે મુહૂર્તે સહુ પ્રવેશ કરો."

કોઈ પણ શહેરની દુર્દશા જોઈ તેઓ તરત જ તેના ઉપાયો દર્શાવતા.

એક સમયે જ્યારે તેઓ મહેસાણા ગામમાં હતા ત્યારે જૈનો અને બીજા ધર્માવલંબીઓ સાથે થતા અણબનાવોએ ઉગ્ર રૂપ ધારણ કર્યું. પ્રતિસ્પર્ધીઓ ઉપાશ્રય સળગાવવા આવ્યા તે સાથે ડરપોક જૈનો ડરના માર્યા છુપાઈ ગયા. ગુરુ બુદ્ધિસાગર તરત જ ત્યાં પહોંચીને દંડ લઈને ઉપાશ્રયના ઓટલા પર ઊભા રહ્યા. તેમને જોઈને ટોળું વિખરાઈ ગયું. તેમણે ઉપદેશ આપ્યો કે **સબળ મનુષ્યોએ નિર્બળ મનુષ્યોને દબાવવાને બદલે તેમને મદદ કરવી જોઈએ.**

સંવત ૧૯૭૭ નું ચાતુર્માસ તેમણે સાણંદમાં કર્યું. સાણંદના ઠાકોરે ગુરુદેવના સાંનિધ્યમાં આવી મદિરાનો ત્યાગ કર્યો તથા ગામમાં પણ કોઈએ દારૂ પીવો નહિ એવી આજ્ઞા ફરમાવી, એ આજ સુધી પળાય છે. સાણંદના જૈનો અને મુસ્લિમો વચ્ચે ચાલતા વૈમનસ્ય દૂર કરવા તેઓ જાતે મસ્જિદમાં ગયા અને સમાધાન કરાવ્યું.

સાણંદથી તેઓ વિહાર કરતા અમદાવાદ ગયા. ત્યાં મહાસભાના અધિવેશનની ખૂબ તૈયારી ચાલી રહી હતી તે નિહાળી. ત્યાંથી તેઓ માણસા ગયા. માણસાના ઠાકોર રાઓળજી ઘણા સમયથી ગુરુદેવના દર્શનની ભાવના રાખતા હતા તે અંતે પૂર્ણ થઈ. ગુરુદેવને મળીને તેઓ ભાવવિભોર થઈ ગયા. માણસાથી તેઓ મહુડી આવ્યા અને શેઠ કાળીદાસ માનચંદ વોરાએ ઊજવેલા ઉજમણાના પ્રસંગમાં ભાગ લઈ તેઓ મહેસાણા આવ્યા અને સંવત ૧૯૭૮ નું ચાતુર્માસ ત્યાં કર્યું.

મહેસાણાથી ગુરુદેવ શેરીસા, પાનસર વગેરે તીર્થની યાત્રા કરતાં સાણંદ, પેથાપુર, વરસોડા થઈ મહુડી ગયા.

સંવત ૧૯૭૯ નું ચાતુર્માસ વતન વિજાપુરમાં કર્યું. વિજાપુરમાં તેમણે પોતાની દેખરેખથી જ્ઞાનમંદિરનું બાકી રહેલું કાર્ય પૂર્ણ કરાવ્યું. ત્યાં ગામમાં વસતા હરિજનો માટે શાળા ખોલાવી. ગુરુદેવની તબિયત થોડી નરમ રહેવા લાગી. અશક્તિ, મધુપ્રમેહ વગેરેથી શરીર નબળું થયું હતું. છતાં તેઓ તેમનું કાર્ય એક પછી એક પૂર્ણ કરતા હતા. તે સમયના પ્રખ્યાત ડૉ. કૂપરે ગુરુદેવને તપાસીને 'આવા દર્દી બહુ લાંબું ન જીવે' એમ કહેતાં ગુરુદેવે પ્રત્યુત્તર વાળતાં કહ્યું કે 'મારું કાર્ય પૂર્ણ ન થાય એ પહેલાં મૃત્યુ આવશે નહિં.' તેઓએ ગ્રંથલેખનનું કાર્ય આગળ ધપાવ્યું. **એક સાથે સત્તાવીસ ગ્રંથો પ્રેસમાં આપ્યા.**

સંવત ૧૯૮૦નું ચાતુર્માસ તેમણે પેથાપુર કર્યું. તેઓ પત્રો દ્વારા પોતાના શિષ્યોને-શ્રાવકોને ઉપદેશ આપતા. તેઓ કહેતા - "વ્યવહારિક જ્ઞાન વિના કેળવણી પામેલા શ્રાવકો હવે સાધુઓને બાવાઓના કરતાં પણ બૂરી દૃષ્ટિએ દેખે છે માટે ખરચા ઓછા કરો. વગેરે."

**આમ સાધુઓ જો પ્રતિષ્ઠા કે ઉજમણાના સમયે શ્રાવકો પાસે વધુ ખર્ચાઓ કરાવે તો ભણેલા શ્રાવકો સાધુઓ વિશે ખોટી માન્યતા ધરાવતા થઈ જાય માટે સમયને અનુસરીને સાચવીને ચાલવાની શિખામણો તેઓ હંમેશાં આપતા.** અહીં ગુરુદેવે ભક્તિવંત સુશ્રાવક નગીનદાસ ભાખરિયાનું જીવનચરિત્ર લખ્યું.

શ્રી અજિતસાગરજીને તેમણે સ્વહસ્તે પ્રાંતિજમાં આચાર્ય પદવી આપી તથા શ્રી મહેન્દ્રસાગરજીને ગણિ પદવી આપી.

ગુરુજીએ મહુડી ગામમાં સંવત ૧૯૮૦ ના માગસર સુદ બીજના દિવસે ઘંટાકર્ણવીરની મૂર્તિ બિરાજમાન કરી, જેને સર્વ ધર્મના લોકો પૂજે છે. મહુડીમાં શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની સ્થાપના કરવામાં આવી તે પ્રસંગ વિશે પ.પૂ. આ. મનોહરકીર્તિસાગરજી લખે છે :

"અપૂર્વ આધ્યાત્મિક ઓજસવંત લોકોત્તર શક્તિના પ્રભાવે અનેક દૈવીશક્તિઓ આકર્ષાઈને પૂજ્યશ્રીની સેવામાં ઉપસ્થિત રહેવા લાગી. પોતાની પ્રતિભા પ્રજ્ઞા અને પુરુષાર્થની શક્તિઓ દ્વારા પૂજ્યશ્રી સમાજ અને શાસન પ્રભાવનામાં સતત કાર્યશીલ રહેવા લાગ્યા. તે સમયમાં ચોમેર અંધશ્રદ્ધા, વહેમ, શંકા અને અજ્ઞાનતાનાં અંધારાં છવાઈ ગયાં હતાં. ભૂત, પ્રેત ને ભૂવાઓનું સામ્રાજ્ય વ્યાપી ગયું હતું. આવી દયનીય સમાજની સ્થિતિથી લોકો ત્રાસી ગયા હતા. કોઈ ઉદ્ધારક નરશાર્દૂલ જન્મે એની રાહ જોતા હતા. એવે સમયે મહુડીમાં શ્રી પદ્મપ્રભુજીના નૂતન જિનાલયના સાંનિધ્યમાં શ્રી અરિહંત પરમાત્માના અનન્ય ઉપાસક સમ્યકૂદષ્ટિ શાશનરક્ષક, પરોપકારરસિક યક્ષરાજ શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવની પ્રભાવિક મૂર્તિની સ્થાપના કરવામાં આવી અને ભ્રષ્ટ થતી જતી પ્રજાનું ધર્મ, શ્રદ્ધા અને આચરણથી રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી, પરંતુ એ સમયે સંપ્રદાયમાં પણ અનેક વાદવિવાદો પેદા થયા હતા અને ફૂલ્યાફાલ્યા હતા. નાના નાના વાડાઓ ઊભા થતા જતા હતા. પૂજ્યશ્રીને પોતાનાં કાર્યોમાં સહાય કરે એવો વર્ગ અલ્પ હતો. તેમ છતાં તેઓશ્રી પોતાના નિર્ણયોમાં અડગ રહ્યા અને સામાજિક નવોત્થાનનાં કાર્યો કરતા રહ્યા."

સંવત ૧૯૮૧ માગસર સુદ છઠ્ઠને મંગળવારે તેમની દીક્ષાનાં પચ્ચીસ વર્ષ પૂરાં થયાં ત્યારે તેમણે ડાયરીમાં નોંધ્યું :

"આજે ચારિત્ર દીક્ષાનાં ચોવીસ વર્ષ પૂર્ણ થયાં. પચ્ચીસ વર્ષની વયે વિ.સં. ૧૯૫૭ ના મૃગશીર્ષ શુક્લ પક્ષ છઠના રોજ ચારિત્ર દીક્ષા અંગીકાર કરી હતી. પંચ મહાવ્રત અને છઠ્ઠા રાત્રિભોજન વ્રતનો હજી સુધી ભંગ થયો નથી. અતિચાર પ્રગટ થતા વારી દીધા છે. ધારણા, ધ્યાન અને સમાધિથી આત્માની શુદ્ધતામાં આગળ વધી આત્મારૂપી પરમાત્માનો સાક્ષાત્કાર કર્યો."

ગુરુજી આખર પર્યંત લોકોને સદુપદેશ આપતાં ધર્મ કાર્ય કરતા માણસા, મહુડી, વિજાપુર, લોદ્રા વગેરે સ્થળે વિચર્યા.

ચૈત્ર સુદ પાંચમના દિવસે તેમના ખરા આત્માર્થી શિષ્ય વૃદ્ધિસાગરજી ટૂંકી માંદગીમાં સ્વર્ગે સિધાવતાં ગુરુદેવ બુદ્ધિસાગરજી એકલવાયા થઈ ગયા. તેઓ વિજાપુરથી મહુડી ગયા ત્યાં તેમને ઘણી શાંતી મળી. ત્યાં તેમને પોતાના મૃત્યુનો (અમર યાત્રાનો) સાદ સંભળાવા લાગ્યો.

મહુડીમાં તેઓને મળવા શ્રી સિદ્ધિમુનિ પધાર્યા હતા. તેઓની સાથે ઘણી ચર્ચાવિચારણાઓ ગુરુદેવે કરી. શ્રી સિદ્ધિમુનિ ગુરુ બુદ્ધિસાગર વિશે થયેલી વાતચીત વિશે નોંધે છે :

**શ્રી સિદ્ધિમુનિ :** "તમે વધારે સમય આ સંસારમાં હયાત રહો તો શું મહત્ કાર્ય કરો ? અથવા જો હયાત ન રહી શકો એમ તમને લાગે તો તમારી ઈચ્છાને અનુસરનારા શખ્સને તમે શું કરવાનું કહો ?"

**શ્રી બુદ્ધિસાગરજી :** "હું હવે ઝાઝો સમય કાઢીશ નહીં પણ માનો કે હું વધારે જીવું તો આ મહુડી પ્રદેશમાં એક ગુરૂકુલ માટે પ્રયત્ન કરું કે જેમાંથી સમર્થ જૈનો બને એવા પિતાઓ તૈયાર થાય અને સમર્થ આચાર્યો બને એવા નિસ્પૃહીઓ નીવડે તથા નેતાઓ થવાને ભોગ આપનારા પણ પાકે." ગુરુદેવની મહેચ્છા મહુડીની આસપાસ એક ગુરૂકુળ સ્થાપવાની હતી.

મહુડીમાં ગુરુદેવના સર્વ ભક્તો તથા સાધુ-સાધ્વી સમુદાય તેઓની સેવામાં પધાર્યા હતા. વિજાપુરવાસીઓ ગુરુદેવને અંતિમ સમયે ત્યાં પધારવાનું કહેતા હતા. ગુરુદેવે સહુને સ્પષ્ટપણે કહી દીધું :

"હું પરવારી ગયો છું, સમય હવે નિકટ છે. મુસાફરી હવે પૂરી થવા આવી છે. તમે ગભરાસો નહીં. સર્વે હળીમળીને ચાલશો. સંઘને છોડસો નહીં."

**અંતીમ યાત્રા :**

અંત સમય નજીક આવ્યો છે, એમ જાણી ગુરુદેવ હરપળે તેમની સેવામાં તત્પર મહુડી જૈન સંઘને કહ્યુ, "મે વખતોવખત તમને બહુ કહ્યું હશે, બધાની માફી માંગુ છું. તમો મને ખરા દિલથી ચાહો છો એ હું જાણું છું આપ સર્વની લાગણી પણ સમજુ છું પરંતુ હવે મારો અંત સમય ખૂબ નજીક છે માટે તમે મને વિજાપુર તરફ લઈ જાવ. મારો કાળધર્મના સમાચાર જાણી વિશાળ જનસમુદાય દોડી આવશે, મહુડી સંઘ હજી નાનો છે તેથી વ્યવસ્થા નહીં સંભાળી શકે."

મહુડી સંઘે અશ્રુભીની આંખે ગુરુદેવને પાલખીમાં બેસાડ્યા. પાલખીમાં બિરાજી વિદાય લેતા પહેલા પ્રેમથી સંઘના આગેવાનોને પૂછ્યું "આપને કયા આશિર્વાદ જોઈએ ?" આવા સમયે કઈ પણ જણાવવા અસમર્થ સંઘ નિરૂત્તર રહ્યો. ગુરુજીએ ફરી વાત્સલ્ય ભાવે પૂછ્યું, "આપને વસ્તી જોઈએ કે પૈસા ?"

સંઘે કહ્યું, "આપ અમને આશીર્વાદ આપો જેથી મહુડી ગામમાં વસ્તી આવે."

ગુરુદેવે આશીર્વાદ આપ્યા અને ત્યારબાદ પાલખી ઉચકવામાં આવી. મહુડીના સમસ્ત નગરજનોએ ચોધાર આંસુએ વિનંતી કરી કે "હે ગુરુદેવ ! આપને કંઈક થશે તો અમને તેની શી રીતે ખબર પડે ?"

ગુરુદેવે જણાવ્યું, "મારો દેહ જ્યારે પડશે ત્યારે અહીંનો ઘંટ વાગશે ત્યારે આપ સમજી જશો. તમારી સંભાળ અજીતસૂરિ રાખશે. તે મારી ખોટ પડવા દેશે નહીં."

ગુરુ બુદ્ધિસાગરજીએ આ. અજિતસાગરજી તથા બીજા શિષ્ય પરિવાર સાથે વિજાપુર તરફ પ્રયાણ કર્યું. તેઓ પાલખીમાં બિરાજમાન હતા.

પ્રયાણયાત્રાના એ સંઘ-સમુદાયનું દૃશ્ય અપૂર્વ હતું. એક પાલખી પર યોગીરાજની અડીખમ કાયા વિરામ લઈ રહી હતી. માત્ર શ્વાસોચ્છ્વાસ અને ૐ अर्हम् મહાવીરના સ્વરો સંભળાતા હતા. અનેક જણ પાછળ સાથે આવતા હતા. પૂર્વના આકાશમાં સૂર્ય પૃથ્વીના એક મહાન આત્માના પ્રવાસીને આવકારવા કંકુ છાંટણાં કરી રહ્યો હતો. ઠંડો વાયુ વનવગડાની સૌરભ તાણી લાવી સહુના ઉષ્ણ શ્વાસથી ભરેલાં હૈયાને ઠંડક પમાડતો હતો, ને મૃત્યુની ગંભીર છાયામાં મૌન બનેલા ભક્તમાનવોને રૂડાં પંખી મીઠી પુકારે પંપાળી રહ્યા હતા.

વિજાપુર ગામમાં પ્રવેશ કર્યા પછી તેઓએ ધીમા અવાજે પં. મહેન્દ્રસાગરજી આગળ "ભાઈ, શાંતિ ! શાંતિ ! શાંતિ !" નો શબ્દોચ્ચાર કર્યો.

સર્વ વર્ણના લોકો ગુરુદેવના દર્શનાર્થે પધાર્યા. સવારે સાડા આઠ વાગે શાંત મુખમુદ્રા સાથે ગુરુદેવે આંખો મીંચી લીધી.

અહીં મહુડીમાં સર્વ ગુરુભક્તો ત્યાં જ બેસી ગુરુદેવના ભજનો ગાતા હતા. લગભગ એક કલાક પછી જેવો તેમનો આત્મા આ નશ્વર દેહ મૂકી અનંતની યાત્રાએ ચાલી નીકળ્યો કે તરતજ મહુડીના દેરાસરનો ઘંટ આપોઆપ વાગવા લાગ્યો. જે પંદરથી વીસ મિનીટ સુધી ચાલુ રહ્યો. ઘંટનો અવાજ આસપાસના ૫ કિ.મી. સુધીના ક્ષેત્રફળમાં સંભળાયો. મહુડી સંઘને ગુરુદેવના શબ્દો યાદ આવ્યા અને સહુએ વિજાપુર તરફ પ્રયાણ કર્યું. ગામેગામ વીજળી વેગે આ દુઃખદ સમાચાર પહોંચી ગયા. લોકોનાં ટોળે ટોળાં ગુરુદેવના દર્શનાર્થે આવ્યાં. બે દિવસ સુધી આખા વિજાપુર ગામે સ્વૈચ્છિક શોક પાળ્યો. હજારો માણસો હોવા છતાં શાંતિ ને શિસ્તતા જળવાઈ હતી. અઢારે આલમના ભાઈ-બહેનો હાજર હતા. ગુરુદેવની પાલખી આખા વિજાપુર ગામમાં ફરી. શેઠ મગનલાલ કંકુચંદની વાડીમાં તેમના નશ્વર દેહને અગ્નિદાહ દેવામાં આવ્યો. હાજર રહેલા સર્વ લોકોએ અશ્રુભરી આંખે ગુરુદેવને અંતિમ વિદાય આપી.

ઘણાં ગામો અને શહેરોથી ગુરુદેવને અંજલિ આપતા શોક સંદેશાઓ આવ્યા.

●●●

# શ્રી મહુડી તીર્થ પરિચય

મહુડીતીર્થની મહત્તા એના હાજરાહજૂર દેવ શ્રી ઘંટાકર્ણવીરને લીધે સોનામાં સુગંધની ગરજ સારે છે. વિશ્વપ્રસિધ્ધ આ તીર્થની યાત્રાએ લાખો શ્રધ્ધાળુઓ ભક્તિભાવથી આવી પોતાની મનોકામના પૂર્ણ કરે છે. મહુડી યોગનિષ્ઠ આચાર્ય શ્રીબુદ્ધિસાગરજીની સાધનાભૂમિ અને કર્મભૂમિ. ગુરુદેવને અહીંનો પ્રાકૃતિક વૈભવ, કુલીન નગરજનો, મહૂડા, રાયણ, આમળાના વૃક્ષો અને મોર-કોયલ જેવા પક્ષીઓ ઘણા જ પ્રિય. અહીંની કોતરો, નદી અને વૃક્ષોના છાંયડામાં તેઓ કલાકોના કલાકો સુધી ધ્યાન ધરતાં માટે જ તેમણે મહુડીના સંત તરીકે લોકચાહના મેળવી.

જૂના મહુડી ગામે દેરાસરમાં મૂળનાયક શ્રી પદ્મપ્રભુસ્વામી બિરાજમાન હતા પરંતુ સાબરમતી નદીમાં વિનાશક પુર આવતાં મંદીર ક્ષતિગ્રસ્ત થયું. ગુરુદેવ આચાર્ય બુદ્ધિસાગરજીએ નજીકમાં જ નવું નગર વસાવ્યું. એને મધુપુરી - નવું મહુડી નામ આપી ત્યાં દેરાસર બનાવી મૂળનાયક શ્રી પદ્મપ્રભુજીની એ પ્રતિમા પધરાવી. આજે આપણે અહીં પૂજા-અર્ચના કરીએ છીએ. આ દેરાસરના પ્રાંગણમાં અલગથી મંદીર બનાવી તેમાં શ્રી અરિહંત પરમાત્માના અનન્ય ઉપાસક સમ્યકદૃષ્ટિ શાસન રક્ષક પરમવીર ઘંટાકર્ણ મહાવીરદેવની અત્યંત પ્રભાવક પ્રતિમાની સ્થાપના કરી. તેમના દર્શનથી લોકોને અનેરી શાંતિનો અનુભવ થવા લાગ્યો. તેમને સુખડીનું નૈવેદ્ય ચઢાવવામાં આવે છે. તેઓ બાવનવીરમાંના ત્રીસમાં વીર છે, ધર્મમાં શ્રધ્ધા રાખનાર ધર્મીજનોને સહાય કરે છે. દેરાસરોની પ્રતિષ્ઠામાં ઘંટાકર્ણયંત્રનું સ્થાપન હોય છે માટે તે શાસનરક્ષકદેવ કહેવાય છે. તેમને સુખડીનો પ્રસાદ ધરાવી એ સુખડી શ્રધ્ધાળુઓ વાપરે છે. આ પ્રસાદ મંદીરની બહાર લઈ જવાતો નથી.

આ. બુદ્ધિસાગરજી અઢારે આલમના અવધૂત હતા. સાંપ્રદાયિકતા કે સંકુચિતતાને તેમણે કદિ મનમાં પ્રવેશવા દીધી ન હતી. તેમણે વહેમ અને અંધશ્રધ્ધામાં ડૂબેલી જનતાને તેના દુઃખદર્દમાં સહાય કરવા શાસનરક્ષક શ્રી ઘંટાકર્ણવીરની સ્થાપના કરી જેથી લોકોની આસ્થા સ્વધર્મમાં જ જળવાઈ રહે અને મોક્ષમાર્ગે આગળ વધી શકે.

શ્રી ઘંટાકર્ણયંત્ર ફક્ત નેપાળના એક દીવાલ પર લખેલો ઉપલબ્ધ હતો. ગુરુ રવિસાગરજીએ આ મંત્રના આમ્નાય શ્રી બુદ્ધિસાગરજીને આપ્યા હતા, પરંતુ તેમની મૂર્તિ કે ચિત્ર વિશેની માહિતી મળતી ન હતી. ગુરુ બુદ્ધિસાગરજીએ શ્રી ઘંટાકર્ણવીરને પ્રત્યક્ષ કરવા માટે મંત્ર સાધવાની

તૈયારી કરી. તે માટે તેમણે ચરિત્રવાન શ્રી મણિલાલ પાદરાકરને સાત વર્ષ સુધી તાલીમ આપીને તૈયાર કર્યા. ગુરુદેવ અને શ્રી પાદરાકર આસો વદ તેરસના દિને પાદરા ગામમાં શાંતિનાથના મોટા દેરાસરમાં ભોયરામાં પ્રાતઃકાળે સવારે ચાર વાગ્યાથી સાધનામાં બેસી ગયા. ત્રીજે દિવસે રાત્રે એટલે કે અમાવસ્યાના દિને મધ્યરાત્રીએ મંત્ર સિદ્ધ થયો. દિવ્ય તેજ ચોમેર પ્રસર્યું છતાં પણ ગુરુદેવ ધ્યાનમાં લીન જ રહ્યા. આખરે વેદિકામાંથી મહાપુરુષ હાથમાં ધનુષ્ય-બાણ, કાનમાં કુંડળ અને માથે મુગટ સહિત પ્રગટ થયા જે સાક્ષાત્ ઘંટાકર્ણવીર હતા. ગુરુજીએ તેમને વંદન કર્યાં અને તેઓ અદશ્ય થયા. ગુરુદેવે તુરત જ મંદિરની બહાર આવીને ચોક વડે તેમણે નીરખેલી પ્રતિમાજીનું ચિત્ર દીવાલ પર આલેખ્યું. મૂળચંદભાઈ મિસ્ત્રી અને સોમપુરા કારીગરો દ્વારા ચિત્રના જેવી આબેહૂબ મૂર્તિ મહુડીતીર્થમાં ઘડવામાં આવી. એ ઘંટાકર્ણવીરની પ્રતિમાજીની મહુડી ગામમાં ગુરુદેવ બુદ્ધિસાગર દ્વારા પ્રતિષ્ઠા કરવામાં આવી.

શ્રી મણિલાલ પાદરાકર શ્રી ઘંટાકર્ણવીરની સ્થાપના વિશે લખે છે :

"અનેક ચમત્કારો સહિત તે મૂર્તિ મધુપુરીમાં ગુરુશ્રીના હાથે પ્રતિષ્ઠિત થઈ. હજારો ભાવિકો પોતાનાં દુઃખ દૂર થયા બાદ ત્યાં દર્શને આવે છે ને સુખડી ધરાવે છે. ગુરુશ્રી કહેતા કે પીરપેગંબર મીરાં દાતાર અને અન્યત્ર પોતાનાં દુઃખ દૂરકરવા જતાં જૈનોને બંધ કરવા છે ને તે, સમકિત દેવને સ્થાપન કરીને, આમ આ મૂર્તિ પ્રકટી - પ્રતિષ્ઠિત બની."

આ પ્રમાણે હિંદુ અને જૈન ધર્માવલંબીઓ માટે મહુડી-ઘંટાકર્ણવીર મહત્ત્વના તીર્થધામ તરીકે પ્રકાશમાં આવ્યું.

હજારો ભાવિકોને નવી શ્રધ્ધા ભક્તિ અને આસ્થા મળી ભૂત-પ્રેત અને પીરના વહેમમાં ડૂબેલી પ્રજાને નવું બળ મળ્યું. આ દૈવી સહારો અને શ્રધ્ધા આત્મશક્તિના વિકાસનું સાધન બને એ જ આ યોગી મહારાજ-મહુડીના સંતનો હેતુ હતો.

અઢારે આલમના શ્રધ્ધાવંત યાત્રાળુઓ અહીં પધારી દેવને ચરણે પોતાનો અર્ઘ્ય ભાવભીના હૃદયથી અર્પણ કરે છે. શ્રી ઘંટાકર્ણવીર પણ સર્વ શ્રધ્ધાળુજનોની આશા પૂર્ણ કરે છે. સંસારની ભૌતિક ઉપલબ્ધિ પરિપૂર્ણ થતાંજ અહિં પધારેલ ભક્તજનો આધ્યાત્મિક ભાવનાનું ભાતું લઈને જાય છે.

## શ્રી મહુડી તીર્થની પ્રાચીનતા

શ્રી જિનેશ્વર પરમાત્માના પરમતારક શાસનમાં બાવન વીરોમાં શ્રી ઘંટાકર્ણ મહાવીર ત્રીસમાં દેવ છે. શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ પૂર્વભવમાં મહાબલ નામના ક્ષત્રિય રાજા હતા. તેમના રાજ્ય શ્રીનગર, (ઉ.પ્ર. નજીક શ્રી પર્વત) પર ત્રેવીસ તીર્થંકર પરમાત્માના જિનાલયોની યાત્રાર્થે આવતા યાત્રાળુઓની પર્વતીય પ્રદેશમાં વસતા વન્ય હિંસક પશુઓ અને અનાર્ય પ્રજાથી રક્ષણ કરવા સદૈવ તત્પર રહેતા. તેઓ યાત્રિકોનું રક્ષણ કરતા પ્રાણાર્પણ કરી શુભ ધ્યાનમાં મૃત્યુ પામી શ્રી પાવનતીર્થના મહાપ્રભાવિક અધિષ્ઠાયક શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવ થયા.

૧૪ મી સદીમાં પૂજ્ય પાદ શ્રી જિનપ્રભસૂરી વિરચિત "વિવિધ તીર્થકલ્પ, પૂ.પાદ શ્રી રત્નશેખરસૂરી વિરચિત "જલયાત્રાદિવિધિ" પૂ. પાદશ્રી શાંતિચંદ્ર ઉપાધ્યાય વિરચિત "ઘંટાકર્ણ-કલ્પ" આદિ અનેક જૈન પ્રાચીન ગ્રંથોમાં શ્રી ઘંટાકર્ણ મહાવીરનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે.

સેંકડો વર્ષ પ્રાચીન મહુડી ગામમાં અતિ પ્રાચીન શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાનનું જિનાલય હતું. જે સાબરમતી નદીના પ્રચંડ પૂરના કારણે સંપૂર્ણ ગામ ભયમાં આવી જતા અગ્રણી જૈનોએ નવા ગામમાં વસવાટ કર્યો અને નૂતન જિનાલય નિર્માણ કરાવ્યું. મૂળનાયક શ્રી પદ્મપ્રભસ્વામી ભગવાન, શ્રી આદિશ્વર ભગવાન, શ્રી ચંદ્રપ્રભસ્વામી ભગવાનની પ્રતિષ્ઠા પરમપૂજ્ય યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.એ વિ.સં. ૧૯૭૪ માગસર સુદ ૬ ના દિવસે કરી. વિ.સ. ૨૦૨૪માં પૂજ્ય ગચ્છાધિપતિ આ.શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા. તથા પ.પૂ. આ શ્રી સુબોધસાગરસૂરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ૨૭ જિનાલયનું નિર્માણ થયું અને ત્યારથી આ મહાન તીર્થનો વિકાસ થયો.

કાળક્રમે પ્રાચીન મહુડી ગામના મંદીરના અવશેષોમાંથી એક અજીતનાથની માર્બલ (આરસ)ની પ્રતિમા મળી આવી જે આશરે આઠમી સદીની હોવાનું અનુમાન છે. એ પ્રતિમાજી ખંડીત હોવાથી એને વ્યવસ્થિત કરી દર્શન માટે નવા મહુડીના રંગ મંડપમાં બિરાજમાન કરવામાં આવી. ઉપરાંત પાંચમી સદીની ચાર ધાતુ/કાંસ્ય (Bronze) પ્રતિમા પણ મળી આવી જેમાં પાર્શ્વનાથ ઋષભદેવ અને શાંતિનાથ મુખ્ય છે. શાંતિનાથની ધાતુ પ્રતિમાને પણ દર્શનીય તરીકે ગર્ભમંડપમાં પધરાવી જ્યારે બાકીની પ્રતિમાઓ વડોદરાના મ્યુઝિયમમાં સચવાયેલ છે.

**શ્રી ઘંટાકર્ણ મહાવીરદેવની પૂજા અને હોમઃ**

પ્રતિવર્ષે આસોવદ-૧૪ના દિવસે શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવના જમણા અંગુઠે તથા ભાલમાં વર્ષમાં એકજ વાર કેસર પૂજા થાય છે. ત્યારબાદ વિજયમૂર્હતે (૧૨-૩૯ મિનીટે) શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનો હોમ થાય છે. આ દિવસે લાખો ભાવિકો દર્શનાર્થે આવી ભક્તિ કરે છે અને ધન્યતા અનુભવે છે. આ તીર્થમાં શ્રી પદ્મપ્રભુસ્વામી ભગવાનના પૂજન, દર્શન અને ભક્તિ કરી તેમજ શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવને સુખડી, શ્રીફળ તથા સોનાના વરખથી પૂજા કરી, પૂજા ભણાવીને ભાવિક યાત્રિકો આધિ-વ્યાધિ, ઉપાધિથી મુક્ત થાય છે, એવી પ્રચલિત માન્યતા છે.

**ધર્મીરાગી સમકિતીને, વીર કરતો સહાય,**
**સમ્યક્ દૃષ્ટિ ધર્મીને, સંકટ આવ્યાં જાય...**

વિ.સં. ૧૯૮૩ના વૈશાખવદ-૬ શ્રી અજીતસાગરસૂરીશ્વરજી મ.સા.એ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.ની તથા તેમની છત્રી ઉપર ચૌમુખજી ભગવાન બિરાજમાન કરી ગુરુમંદિરની સ્થાપના કરી.

આ ભવ્ય તીર્થમાં પૂજ્યપાદ ગુરુદેવ ભગવંત શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજાના ચિત્રમય જીવન પરિચયનું હુબહુ દર્શનીય પટ્ટમંદિર તથા પૂજ્યપાદ ગુરુદેવ ભગવંત વિરચિત ૧૫૦ થી અધિક મહામૂલ્યવાન સાહિત્ય સંગ્રહનું અતિભવ્ય જ્ઞાનમંદિર નિર્માણ કરવામાં આવ્યું છે. જેનો હજારોની સંખ્યામાં ભાવિકો લાભ લઈ રહ્યા છે.

તે ઉપરાંત આ ભવ્ય તીર્થમાં અતિ વિશાળ ઘંટ છે. જેનો રણકાર નજીકના પાંચ કિલોમીટર એરીયામાં સંભળાય છે. અહીં ઘંટ વગાડવાથી ભૂત-પ્રેતાદિના દુષ્ટ ઉપદ્રવો દૂર થાય છે તેવો સ્વાનુભવ બધાને થાય છે.

યાત્રાળુઓ માટે આ તીર્થમાં ભવ્ય ધર્મશાળા, ભોજનશાળા, આયંબિલભવન, પ્રસાદીભવન વગેરે અનેક પ્રકારની સગવડતા ઉપલબ્ધ છે.

●●●

# પ્રકરણ ૩ આ. શ્રી બુદ્ધિસાગરજી મહારાજનું પદ્ય સાહિત્ય

**★★★ આ. શ્રી બુદ્ધિસાગરજીની કાવ્યસૃષ્ટિ :**

ગુજરાતની સાહિત્યિક અસ્મિતાને ચોતરફ પ્રસરાવવાનું કાર્ય અનેક કવિઓ અને વિદ્વાનોએ કર્યું છે. અર્વાચીન સમયમાં ગુજરાતી તથા સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથો, કાવ્યો, વિવેચનો વગેરે રચીને સંત શિરોમણિ યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજીએ પોતાનો અનુપમ ફાળો આપ્યો છે. તેમણે તત્ત્વજ્ઞાન, નિબંધ, જીવનચરિત્ર, પત્ર, ઇતિહાસ, અધ્યાત્મજ્ઞાન વગેરે અઢળક વિષયો પર કલમ ચલાવીને ગદ્ય લેખક તરીકે તથા ઊર્મિ ગીતો, રાષ્ટ્રગીતો, સૌંદર્યકાવ્ય, દીર્ઘકાવ્ય, હરિયાળી વગેરે પ્રકારો પર સુંદર કાવ્યો રચીને પદ્ય લેખક તરીકેનું પોતાનું કલાકૌશલ્ય બતાવ્યું.

ગુરુદેવ બુદ્ધિસાગરજીનો અભ્યાસ ફક્ત છઠ્ઠા ધોરણ સુધીનો હતો, પરંતુ તેઓ સતત અભ્યાસમાં પરોવાયેલા રહેતા. બાળપણમાં માતા-પિતાને મુખેથી રામાયણ અને મહાભારતની કથાઓનું અમૃતપાન કર્યું. કુદરતના ખોળામાં સૃષ્ટિ સૌંદર્યથી ભરપૂર ક્ષેત્રમાં જન્મથી જ ઊછરવાનું સૌભાગ્ય તેમને સાંપડ્યું હતું. કવિના આ પ્રેરકબળ વિશે શ્રી જયભિખ્ખુ લખે છે :

"સાબરમતીના જળમાં છબછબિયાં કરતાં, વાંઘા અને કોતરકંદરાઓમાં ફરતાં, રેતના ઢગલાઓ ઉપર આળોટતાં, પક્ષીઓના કલરવ સુણતાં, લીલાં વૃક્ષોની આમલી પીપળી ખેલતાં, તેમના હૃદય પર અપૂર્વ છાપ પડી હતી. કવિ સ્વભાવને અનુકૂળ આ વાતાવરણ તેમના રસિક આત્માને બહલાવવામાં સંપૂર્ણ સફળ થયું હતું. તેમનાં કાવ્યોમાં સ્થળે સ્થળે નિસર્ગપ્રેમ દૃષ્ટિગોચર થાય છે."

સાહિત્યનાં ઉત્તમોત્તમ પુસ્તકોનો અભ્યાસ જેમ જેમ બુદ્ધિસાગરજી કરતા ગયા તેમ તેમ તેમની જ્ઞાનપિપાસા વધવા લાગી. એક તરફ સંસ્કૃત, ગુજરાતી અને બીજી તરફ કાવ્ય, તર્ક અને ન્યાયનો અભ્યાસ કરતાં તેમને સાહિત્ય પ્રત્યે રસ જાગવા લાગ્યો. તેમના પર ગુજરાતી સાહિત્યના યુગ-પ્રવર્તક ગોવર્ધનરામના 'સરસ્વતીચંદ્ર' અને કલાપીની મીઠી વાણીની ઘણી અસર પડી હતી. તે સમયે તેમના જીવનમાં એક વિશેષ પ્રકારનું પરિવર્તન આવ્યું.

અંતરમાં ભવ્ય સમરાંગણ મચ્યા બાદ વિજય તો ત્યાગ ભાવનાએ જ મેળવ્યો અને તેના ભાવિ પરિપાકમાંથી અનેક કાવ્યો જન્મ્યાં. ગદ્ય અને પદ્ય બંનેએ મૂર્ત સ્વરૂપ ધારણ કરી તેમનું સાહિત્ય જીવન રચ્યું.

ગુરુદેવનાં કાવ્યોની ભાષા ગુજરાતી છે. તેમનાં કાવ્યોનું વર્ગીકરણ નીચે પ્રમાણે કરી શકાય :

(૧) પરંપરાગત જૂની શૈલીનાં કાવ્યો (ભજનો)
(૨) નવીન પરિબળો ઝીલતાં કાવ્યો
(૩) બોધપ્રધાન કાવ્યો.

**(૧) પરંપરાગત જૂની શૈલીનાં કાવ્યો (ભજનો) :**

આચાર્ય બુદ્ધિસાગરજીની કવિતામાં ભક્ત કવિ નરસિંહ મહેતા અને મીરાંબાઈનાં પદોની જેમ પ્રભુભક્તિ, આત્મ અનુભવ, વૈરાગ્ય, સંસારની ક્ષણભંગુરતા વગેરે વિપુલ પ્રમાણમાં નજરે પડે છે. તેમની કવિતાના શબ્દો હૃદયના ઊંડાણમાંથી નીકળતા સ્પષ્ટપણે અનુભવાય છે. તેમનાં કાવ્યોમાં પ્રભુપ્રેમ પામવાની ભક્તની ઉત્કંઠા, ભક્તિના સૂર, આત્મસમર્પણની તીવ્ર ભાવનાને લીધે તેમની રચનાઓ આનંદઘનજી, મીરાંબાઈ, ધીરો અને ભોજોની હરોળનાં લાગે છે.

**પ્રભો તુજ ભજન વિના નહિ શાંતિ, દેખું સહુ આ ભ્રાંતિ,**
**સુખ નહિ સ્વપ્ને દુનિયામાંહી, મોહે નહિ ઉત્ક્રાંતિ,**
**દુનિયા શોધી જ્ઞાની થાકયા, સુખના પુદ્‌ગલ જાતિ.**

(હસ્તલિખિત ડાયરી, સં. ૧૯૬૭, પૃષ્ઠ ૨૩૮)

કવિ બુદ્ધિસાગરજીનાં ભજનપદોમાં સાંપ્રદાયિક તત્ત્વોનો અભાવ હોવાને કારણે દરેક ધર્મની વ્યક્તિ એને ગાય છે અને સાંભળે છે. તેમનાં કાવ્યોમાં ગઝલો અને કવ્વાલીઓ પણ વિપુલ માત્રામાં છે અને તે સર્વ જ્ઞાનગર્ભિત ઉપદેશાત્મક શૈલીમાં રચાયેલી છે.

**(૨) નવીન પરિબળો ઝીલતાં કાવ્યો :**

સૈકાઓથી જૈન કવિઓ ઘણાં કાવ્યોની રચના કરતાં, પરંતુ તે સર્વ આત્મલક્ષી અને ધાર્મિક રંગે રંગાયેલી હતી. શ્રીમદ્‌ બુદ્ધિસાગરજી પ્રથમ કવિ હતા જેમણે આત્મલક્ષી કવિતાની રચના સાથે ઊર્મિગીતો, રાષ્ટ્રગીતો, નિસર્ગનાં સૌંદર્ય કાવ્યો વગેરેની રચનાઓ કરી. તેઓ પોતે સુધારક વિચારના હતા. ગુજરાતી સાહિત્યમાં આવેલી નવી લહેરની સાથે તેમણે પણ પોતાના લખાણમાં નવયુગનાં રોચક તત્ત્વો દાખલ કર્યાં.

શ્રીમદની કવિતા પર નવા યુગના કવિ કલાપી, કવિ બાલાશંકર, મણિલાલ નથ્થુભાઈ વગેરેની અસર હોય એમ જણાય છે.

ગુરુદેવના નવા યુગને સ્પર્શતાં કાવ્યો નીચે પ્રમાણે વિભાજિત કરી શકાય :

(અ) કુદરતી સૌંદર્યનાં કાવ્યો
(બ) સ્વદેશ પ્રેમનાં ગીતો
(ક) શ્રદ્ધાંજલિ અર્પતાં કાવ્યો

**(અ) કુદરતી સૌંદર્યનાં કાવ્યો :**

કુદરતની અપાર સૃષ્ટિનું અથાગ વર્ણન કરતાં દીર્ઘ કાવ્યો ગુરુદેવ બુદ્ધિસાગરજીએ રચ્યાં છે. તેમાં 'સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય' અને 'ભારત સહકાર શિક્ષણ' કાવ્યમાં તેમની વર્ણન શક્તિનો આપણને પરિચય થાય છે.

તેમની કલ્પનાશક્તિ યૌવનને વૃક્ષ અને સાગર સાથે સરખાવીને જેમ યૌવન ધીરે ધીરે ક્ષિણ થાય છે તેમ સાગરમાં પણ ભરતી બાદ ઓટ આવે છે તે ભારત સહકાર શિક્ષણ કાવ્યની નીચેની પંક્તિઓમાં નજરે પડે છે.

**યૌવન વધે ક્ષણ ક્ષણ વિશે પ્રાણ પ્રવાહે રગરગે,**
**આછાં રસીલાં ગાત્ર તેથી તે જ યોગે ઝગ ઝગે,**
**પ્રાણો ઉછળતા જોરથી સાગર વિષે ભરતી યથા,**
**મંદા પડે પ્રાણો તદા છે ઓટ સાગરમાં તથા.**

(ભારત સહકાર શિક્ષણ કાવ્ય)

**(બ) સ્વદેશપ્રેમનાં ગીતો :**

ગુરુદેવ પ્રખર રાષ્ટ્રપ્રેમી હતા. તેમનાં સ્વદેશભક્તિનાં કાવ્યો માતૃભૂમિ પ્રત્યેના પ્રેમથી છલોછલ ભરેલાં છે. ભજનસંગ્રહ ભાગ નવ (૯) દેશપ્રેમ અને સ્વદેશી ખાદી વિશેનાં ગીતોથી ભરેલા છે. ગુરુદેવનું ગુજરાતી ભાષામાં રચેલું 'વંદે માતરમ્' ગીતમાં ભારતદેશની વિશાળ રસીલી ભૂમિ, પવિત્ર તીર્થસ્થળો, અલગ અલગ પહેરવેશ અને ધર્મ પાળતી પ્રજા વડે રળિયામણા ભારત દેશને વંદન કરતું આ ગીત એકદમ નવીન અને નિરાળું લાગે છે.

**જય ભારતી રળિયામણી, સહુ તીર્થને ઘટ ધારિણી,**
**જય જય રસીલી યોગિની, આર્યોતણી ઉદ્ધારિણી,**
**શકિત અનંતી ધારિણી, દુ:ખવારિણી વિશ્વે ભણી,**
**વર્ણો વિવિધે શોભતી, ભાવેન વંદે માતરમ્.**

(ભજનસંગ્રહ ભાગ ૯)

ગુરુદેવ ખાદીનાં વસ્ત્રો જ પરિધાન કરતાં હતાં. તેમના મતે દેશનાં હિતોની રક્ષા માટે સ્વદેશી વસ્તુના આગ્રહી થવું જોઈએ.

તેઓ ખાદી વિશે લખે છે :

**સ્વદેશી રૂડી છે ખાદી, ઘણી સસ્તી અને સાદી,**
**કરી નિજ દેશની યાદી, બનો નહિ ચિત્ત ઉન્માદી.**

(ભજનપદસંગ્રહ ભાગ ૯)

**(ક) શ્રદ્ધાંજલિ અર્પતાં કાવ્યો :**

શ્રદ્ધાંજલિ કાવ્યો એ કોઈ વ્યક્તિના મૃત્યુ પ્રસંગે અપાતી અંજલિકાવ્ય છે. ગુરુદેવે ચાર શોકપ્રધાન કાવ્યો લખ્યાં છે. તેમના શોકકાવ્યમાં આત્મા અમર છે. માટે દેહનો શોક કરવો મિથ્યા છે તેવી ફિલસૂફીનાં દર્શન થાય છે.

**જગ રડવું કોને, શોક કોનો, ક્ષણિકતા સહુ દેહની,**
**એ નિત્ય ચેતન એ મરે નહીં, કર્મથી દેહો વરે.**

('ધર્મ સ્નેહાંજલિ'માંથી)

**(૩) બોધપ્રધાન કાવ્યો :**

લોકોને અને સમાજને સુધારવા માટે આચાર્ય બુદ્ધિસાગરજીએ તેમની દરેક કૃતિમાં પ્રયત્ન કર્યો છે. તેમણે રચેલાં ઉપદેશાત્મક કાવ્યો, કટાક્ષ કાવ્યો અને આત્મકલ્યાણનાં કાવ્યો લોકહિત માટે રચેલાં હોવાથી સરળ, સુમધુર અને ગેય છે. દુનિયાના મનુષ્યોને આત્મજ્ઞાનના માર્ગ તરફ વાળવાની ગુરુદેવની ઇચ્છા તેમનાં ભજનોમાં અને કાવ્યોમાં દેખાય છે.

**પ્રભુ સર્વનો, સર્વે પ્રભુના, ધર્મ ભેદ કલેશો હરવા,**
**દેશાદિક ભેદે નહીં લડવું, પલ પલ પ્રભુ દિલમાં સ્મરવા...(૩)**

(ભજનસંગ્રહ ભાગ ૧૧મો)

●●●

*શ્રી બુદ્ધિસાગરજી એવું સૌભાગ્ય લઈને અવતર્યા હતા કે તેમને ગુજરાતે એક સાચા સાધુ તરીકે ઓળખ્યા, સાચા સાહિત્યકાર તરીકે પિછાન્યા અને સાચા સમાજસેવક તરીકે સન્માન્યા. મેં પણ શ્રીમદ્ બુદ્ધિસાગરજીના દર્શન કર્યા હતા અને તેમના બોલો કદિ કદિ સાંભળ્યા હતા. "આર્ય સંસ્કૃતિના એક ભવ્ય નમૂના સરખા શ્રી બુદ્ધિસાગરજીને ગુજરાત ફરી ઓળખે અને તેમના જીવનમાંથી એકાદ અંશ કે અંશનો અંશ મેળવી કૃતાર્થ થાય એ જ અભિલાષા."*

**-ર.વ. દેસાઈ**

**વડોદરા, તા. ૨૫-૦૮-૧૯૪૯**

# (અ) વિભાગ
# આ. શ્રી બુદ્ધિસાગરજી રચિત ભજનોની સમીક્ષા

## (૧) ભજનનું સ્વરૂપ અને વિકાસ

'ભજન' વિશે વિચાર કરીએ ત્યારે વેદ અને ઉપનિષદના ઋષિઓએ પોતાની અંતઃપ્રજ્ઞા દ્વારા પરમ તત્ત્વનો જે સાક્ષાત્કાર કરેલો અને પોતાની આર્ષવાણી દ્વારા વ્યક્ત કરેલો ત્યાં સુધી ઊંડા ઊતરીને ગહનતાપૂર્વક ચિંતન કરવું પડે. એમની અનુભૂતિને, દર્શનને આપણી નજર સમક્ષ પ્રતીતિ કરવી પડે.

વર્તમાન યુગમાં નજર કરતાં જણાય છે કે જે રીતે સંસ્કૃત ભાષાના અનેક ગ્રંથોની પરંપરાનું મહત્ત્વ વધ્યું છે તે રીતે ભારતીય ભાષાની મૌખિક પરંપરાનું મહત્ત્વ પણ સારા પ્રમાણમાં વધવા લાગ્યું છે. મધ્યકાલીન સાહિત્યના ઇતિહાસના મનન પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે તે સમયમાં લોકગીતો, લોકવાર્તાઓ અને લિખિત પરંપરાના સાહિત્યનું સારા પ્રમાણમાં અનેક લેખકો દ્વારા સંપાદન કરવામાં આવ્યું છે.

ગુજરાતી ભાષામાં કંઠસ્થ પરંપરાનું સાહિત્ય અનેક વિશેષતાઓ ધરાવતું હોવા છતાં તેનું સુગ્રથિત સ્વરૂપે સંપાદન ઝાઝું પ્રાપ્ત થતું નથી. જો કે કંઠસ્થ પરંપરાના સ્વરૂપ, બંધારણ અને મૂળ વિશે અનેક માહિતીઓ જરૂર પ્રાપ્ત થાય છે તેથી આ પરંપરાનું વધુ પ્રમાણમાં સંશોધન અને સંપાદન થાય તો તે આવકારપાત્ર ગણાશે.

ભજન વિશે વિજયરાય વૈદ્ય લખે છે :

"ભજનોનો રચનાર ભક્ત કવિ સ્થૂળને વીંધી સફળતાથી તેની પાર જઈ જડને ચેતન રસ કરી જાણે છે. ભગવાનના સાંનિધ્યમાં સદાય અનંત ઓચ્છવ માણે છે. એ ખરેખરો તાદૃશીજન બને છે. તત્ જે પરમાત્મા તેનો સદૃશ આ જીવાત્મા બની જાય છે અને એ પોતાના અદ્ભુત સંવેદનને, પ્રભુદર્શનને અને તેના મહિમાને, મહિમાની પ્રોજ્વલતાના પ્રમાણમાં, તો ઓછી અધૂરી, છતાંયે કલાત્મક વાણીમાં અવતારવા એ મથે છે. એવાં મંથનમાંથી તે પ્રવાહતી પદ્યકૃતિઓ તેને હાથે રચાય, એને જ આપણે ભજનો કહેવાં જોઈએ... માગણીઓનો અભાવ એ ભજનનું મહત્ત્વનું લક્ષણ છે." (જુઈ અને કેતકી, પૃષ્ઠ ૨૮૨)

ભજન વિશે ડૉ. ચન્દ્રકાન્ત મહેતા લખે છે :

"મંદિરોમાં અને ભક્તોના ઘેર, ભક્તજનો ભેગાં થઈ ભજનો ગાતાં, ભજન મંડળી એ ઘણી પુરાણી સંસ્થા છે એ મંડળીમાં ગાવા માટે ભજનિકો પ્રચલિત ભજનો ગાતાં અથવા નવાં રચતાં. ભક્તો એકત્રિત થઈ વાદ્યો સહિત, ઈશ્વરની સ્તુતિના, જગતના મિથ્યાત્વના, પરબ્રહ્મની મહત્તા તથા ભવ્યતાના, આત્માપરમાત્માની એકતાના, ઈશ્વર જોડેની એકતાથી અનુભવાતી

આનંદમૂર્છાના, જગત પ્રત્યેના નિર્વેદના, ઈશ્વર પ્રત્યેની અપ્રતિમ શ્રદ્ધાના એમ વિવિધ ભાવો ભજનોમાં આલેખાતા. આ ભજનોની વિશેષતા એ હતી કે એમાં ભક્ત ઈશ્વર પાસે કશી પણ ઐહિક માંગણી કરતો નહિ."

(મધ્યકાળના સાહિત્ય પ્રકારો, પૃષ્ઠ ૯૨)

ભજન સાહિત્ય એ કંઠસ્થ સાહિત્ય પરંપરાનો એક અત્યંત લોકપ્રિય પ્રકાર છે અને તે મૌખિક પરંપરામાં જીવંત છે. તે સંત સાહિત્ય તરીકે ઓળખાય છે.

ડૉ. બળવંત જાની ભજનસાહિત્ય વિશે જણાવે છે : "ભજન સાહિત્ય કંઠસ્થ પરંપરામાં જીવંત છે અને તે સંત સાહિત્ય તરીકે ઓળખાય છે. એમાં નામ છાપ છે. એટલે મધ્યકાલીન ગુજરાતી સાથે એનો અનુબંધ છે. પણ કંઠસ્થ પરંપરાનું હોઈને એ મધ્યકાલીન ગુજરાતીની લિખિત પરંપરાથી અનોખું છે."

ભારતીય સંસ્કૃતિ સંતોની સંસ્કૃતિ છે. વિવિધ ધર્મોના વિવિધ સંપ્રદાયોની આ સંસ્કૃતિમાં અનેક સંતોએ પોતપોતાની સાધનાને અનુરૂપ એવાં અસંખ્ય ભજનોની રચનાઓ કરી છે.

'ભજન' મધ્યકાળનો અન્ય કાવ્યસ્વરૂપોની જેમ ધર્મમિશ્રિત પદ્ય છે અને તે આજ દિન સુધી ધર્મ સાથે સંકળાયેલું છે. ભજન એ શુદ્ધ આધ્યાત્મિક કાવ્ય સ્વરૂપ છે.

ભજનના સ્વરૂપ વિશે ડૉ. નિરંજન રાજ્યગુરુ લખે છે :

"કાવ્ય પ્રકાર તરીકે ભજનને ઓળખવું હોય તો એટલું કહી શકાય કે મધ્યકાળમાં ઉદ્ભવેલ ધર્મ કે આધ્યાત્મકના ચિંતન સાથે સંકળાયેલ ભક્તિ, જ્ઞાનયોગ, ઉપદેશ કે કથા જેવાં તત્ત્વોથી ઘડાયેલી ઊર્મિકાવ્ય જેવું સ્વરૂપ ધરાવતી ગેય રચના એટલે 'ભજન' એ અધ્યાત્મ માર્ગના પ્રવાસી સંત, ભક્ત, જ્ઞાની વેદાન્ત કે યોગી, સિદ્ધ-સાધક દ્વારા પરંપરિત રાગ, ઢાળ અને તાલમાં સર્જાઈ હોય છે."

ભજન શબ્દ વિવિધ અર્થોમાં ઈશ્વર સ્મરણ સ્તુતિ, પ્રાર્થના, ભક્તિ, નામસ્મરણ, ઈશ્વર સંબંધી કવિતા, ભક્તિનું કાવ્ય કે ગાયન વગેરે શબ્દોનો પ્રયોગ થતો રહ્યો છે.

ભજનના સ્વરૂપ વિશે અનેક વ્યાખ્યાઓ પ્રાપ્ત થાય છે છતાં ભજનના સ્વરૂપને સંપૂર્ણપણે સ્પષ્ટરૂપે સમજાવે એવી કોઈ પણ વ્યાખ્યા મળતી નથી.

**ભજનના પ્રકારો :**

ભજનના પ્રકારો અસંખ્ય છે. આગમ, અવળવાણી, સાવળ, હેલો વગેરે નામના પ્રકારો પ્રાપ્ત થાય છે. સમયાનુસાર ગવાતાં ભજનો પણ મળે છે. સવારે ગવાતાં ભજનો પ્રભાતિયાં તરીકે ઓળખાય છે. ભજનોની સાથે મંજીરા, તબલા અને તંબૂરા જેવાં વાદ્યોનો પણ સંગમ હોય છે.

સંપ્રદાયના ભેદ પ્રમાણે અનેક પ્રકારનાં ભજનો મળી આવે છે- વૈષ્ણવમાર્ગી, પુષ્ટિમાર્ગી, રામાનંદી, દશનામી, મહાપંથી, નાથપંથી વગેરે. સ્ત્રીઓના મુખે ગવાતાં અનેક ભજનો જેવાં કે

ધોળા, કીર્તન, પદો વગેરે પણ પ્રાપ્ત થાય છે. પ્રેમલક્ષણા ભક્તિને વ્યક્ત કરતાં અનેક ભજનો દરેક સંપ્રદાયના કવિઓ પાસેથી પ્રાપ્ત થાય છે. પદ સાહિત્યની વિવિધ ધારાઓ ઉપરાંત મંત્ર, ક્રિયાકાંડને વિષય બનાવતાં ભજનો પણ મળી આવે છે. સૂફી સંતો અને મુસ્લિમ સાધકોએ પણ પોતાની ગુરુપરાયણતા વ્યક્ત કરતા 'ગિનાન' નામનાં ભજન જેવા પ્રકાર પણ બનાવ્યા છે.

શબ્દ અને સૂરતાનું સંયોજન એટલે 'ભજન'. અમર ભજનની રચના માટે આ બંનેનો મેળ હોવો અત્યંત આવશ્યક છે. ભજનવાણી એટલે કાનથી શ્રવણ કરવાની અને મનોમન હૃદયમાં અનુભવવાની, સમજવાની વાણી છે. શબ્દો દ્વારા જે આપણને શબ્દાતીત તરફ લઈ જાય તે ભજન. મોરારી સાહેબ ભજનને શબ્દમાં સાધવાની રીત સમજાવતાં કહે છે :

**'સત્ ગુરુ શબ્દ રે, સતવ્રત સાધીએ રે આરાધીએ અંતર રામ.'**

આમ ભજનમાં અંતરની આરાધના કરવાની હોય છે. ભજન વિશે ભૈરવનાથના શબ્દોમાં શ્રી મકરન્દ દવે કહે છે :

"ભજન એ કોઈ કવિ કે ગાયકની રચના નથી, ભજન સાધુડાની વાણી છે. સાધુડા ભજન ગાય છે માત્ર પોતાના માલિકને રીઝવવા, પોતાના રુદિયામાં બેઠેલા અંતરયામીને રાજી કરવા અને તેથી જ સાધુડાનું મન જ નથી ગાતું પણ તેનું આખું અસ્તિત્વ ગાય છે."

આ રીતે જોતાં સમજાય છે કે ભજનિકોએ પોતાનાં ભજનોમાં જે ઉપદેશ આપ્યો છે તે કોઈ એક જ વાડામાં બંધાઈને ટીલાંટપકાં તાણી, ક્રિયાકાંડો કરવાનો નથી પણ કોઈ પણ માર્ગે જીવનસાધનામાં આગળ વધીને પરમાત્મા પ્રત્યે અપાર શ્રદ્ધા અને આધ્યાત્મિક પ્રેમ પ્રગટાવવા માટે આપ્યો છે.

ગુજરાતી સાહિત્યના વિવેચક શ્રી ડોલરરાય માંકડ ભજનને પદનો એક પ્રકાર ગણાવે છે.

પદ એ ઊર્મિકાવ્યનો પ્રકાર છે. એટલે ભજનને પણ ઊર્મિકાવ્ય ગણાવી શકાય. ભજનિકો ભજનને અનાદિ માને છે.

ભજનમાં મુખ્યત્વે જ્ઞાન અને વૈરાગ્યના ભાવો હોય છે. ભજનનું બાહ્ય સ્વરૂપ અસ્પષ્ટ છે. બીજાં સ્વરૂપોથી ભિન્ન અને સ્પષ્ટ ભેદરેખા બતાવી શકાતી નથી. ભજન અર્થાત -

**"ઈષ્ટ દેવ કે ઈષ્ટતત્ત્વને ભજવાને, સેવવાને રચાયેલું પદ તે ભજન."**

ભજનના બાહ્યસ્વરૂપ વિશે મકરંદ દવે લખે છે :

"ભજનનું બાહ્યસ્વરૂપ ગેય છે. એમાં કોઈ છંદ કે રાગ નથી, પરંતુ તેનો પોતાનો ઢાળ છે. તેમાં ટેકની પંક્તિ હોય છે અને બહુધા તે ધારદાર હોય છે. ક્યારેક આખું ભજન સંવાદાત્મક હોય છે, ક્યારેક કથાત્મક હોય છે. શબ્દ અને ભાવ કરતાં અર્થનું પ્રાધાન્ય અર્થાનુસારી લય ભજનને ચોટદાર બનાવે છે. લાઘવ ભજનમાં પ્રાણ પૂરે છે. ઉક્તિ માર્દવ અને ઉક્તિ-પટુતા ભજનને તરલ કાવ્ય પ્રકાર બનાવે છે."

સામાન્ય રીતે ભજન રાત્રિના સમયે રામસાગર અને તંબુરા તથા મંજીરા સાથે સમૂહમાં ગવાય છે. ભજન આખી ભજનમંડળીમાં જ ગાવાનું સ્વરૂપ છે.

ભજન એક ગેય સ્વરૂપ છે. ભક્ત હૃદયમાં પડેલા ભક્તિભાવને અભિવ્યક્ત કરવા માટેનું માધ્યમ છે. ભક્તિભાવને દૃઢ બનાવવા માટે ભજનમાં જ્ઞાન અને વૈરાગ્યની અનેક વાતો તથા ક્યારેક દૃષ્ટાંતો પણ હોય છે. આ રીતે જોતાં ભજન એ એક શ્રેષ્ઠ કાવ્યસ્વરૂપ છે એમ સ્વીકારી શકાય. પરંપરાગત લય-તાલ-રાગ-ઢાળની વાણીને તદ્દન સ્વાભાવિક રીતે ગાઈ શકાય એવી રચનાઓને આપણે ત્યાં ઊર્મિકાવ્ય તરીકે ઓળખવામાં આવે છે. આપણાં ભજનો પણ આ રીતે ઊર્મિકાવ્યો જ છે. જેમાં શબ્દ સાથે સંગીત અભિન્ન રીતે વણાયેલું છે. આ પ્રમાણે

**શબ્દ, સ્વર અને ભાવની ત્રિવેણીમાંથી નીપજેલું ભક્તિ રસાયન તે ભજનો.**

ભજનના સ્વરૂપની વિશેષતા એ છે કે તેમાં પ્રાર્થના, આરાધના, જીવ-શિવનો સંબંધ અને ગુરુ મહિમા દર્શાવવામાં આવે છે. તેમાં વૈષ્ણવી પ્રેમલક્ષણા ભક્તિ, કબીરની સાધના, નાથપંથીની યોગસાધના, ઇસ્લામની સૂફી કે પીરાણા પરંપરાની નિરાકાર ભક્તિનો અને વિવિધ વેદાન્તી શાખાઓની વિચારણાનો સમન્વય થયો છે.

ભજનોનું અને લોકગીતોનું સૌથી પ્રધાન પાસું તેની પ્રવાહિતા, શબ્દોની સરળતા અને ગેયતા તેમ જ ભાવવાહી ઉપદેશાત્મકતા છે. ટૂંકા શબ્દોમાં સમગ્ર ચીજનો સાર આપણી સમક્ષ મૂકી દે છે. પંડિત ઓમકારનાથજીએ માટે જ લોકસંગીતને 'શાસ્ત્રીય સંગીતનો મૂળાધાર કહ્યો છે. ભજનો તેમજ લોકગીતો, લોકસંગીતની બે પ્રમુખ શાખાઓ છે.

ભજનનાં લક્ષણો નીચે પ્રમાણે તારવી શકાય :

(૧) પ્રેમલક્ષણા ભક્તિ
(૨) સગુણ સાકારની ઉપાસના
(૩) નિર્ગુણ નિરાકારની ઉપાસના
(૪) ગુરુ મહિમા
(૫) યોગમાર્ગની સાધનાઓનું નિરૂપણ
(૬) નાત-જાત કે સ્ત્રી-પુરુષ વચ્ચે અભેદ
(૭) સર્વ માનવની સમાનતા
(૮) પરમાત્માની ઉપાસના
(૯) માનવકલ્યાણની ભાવના
(૧૦) જીવન, જગત, માયા અને શરીરની નશ્વરતાનું ગાન
(૧૧) પ્રભુ પ્રત્યે સમર્પણની ભાવના
(૧૨) પોતાના લૌકિક કાર્યમાં સહાય કરવા માટેની અરજ.

**ભજનના પ્રકારો :**

મૂળભૂત રીતે ભજનના બે વિભાગ પાડવામાં આવે છે :

(૧) આત્મચિંતનપ્રધાન, (૨) સ્વાનુભૂતિપરક

કાવ્ય પ્રકારની દૃષ્ટિએ ભજનના પચાસેક પ્રકાર જ્યારે

સ્વરૂપની દૃષ્ટિએ ભજનના ચાર પ્રકાર છે :

(૧) ઘટનાત્મક (૨) ઉપદેશાત્મક

(૩) સ્તુત્યાત્મક (૪) ગૂઢ આત્માનુભૂત્યાત્મક

**(૧) ઘટનાત્મક :** ભજનમાં કવિ ક્યારેક પોતાના કૌટુંબિક જીવનની કઠોરતા કે વિષમતાભરી પરિસ્થિતિનું આલેખન કરીને વિકટ પ્રસંગોમાં પરમાત્માએ તેને કેવી રીતે સહાય કરી હતી તેનો ઉલ્લેખ કરે છે. ક્યારેક પ્રભુની ભક્ત વત્સલતાનું ગાન ભજનમાં કરે છે.

**(૨) ઉપદેશાત્મક :** આ પ્રકારનાં ભજનોમાં માનવજીવનની ક્ષણભંગુરતા સમજાવી પરમાત્માનો આશરો લેવાનું ભક્તજનોને સમજાવે છે. વૈરાગ્યની મહત્તા, ઉપરાંત અહંમમતાનો ત્યાગ અને ઈશ્વર સ્મરણની મહત્તા પણ તેમાં આવરી લેવામાં આવે છે.

**(૩) સ્તુત્યાત્મક :** આ પ્રકારનાં ભજનોમાં પરમાત્માની અકળ લીલાનું ગાન કરવામાં આવ્યું હોય છે. ભક્તની પરમાત્મા પ્રત્યેની તીવ્ર ઝંખના, અનાહત તત્ત્વની ઉપાસના વગેરેનું સાદી સરળ વાણીમાં નિરૂપણ કરવામાં આવે છે.

**(૪) ગૂઢ આત્માનુભૂત્યાત્મક :** ભજનોમાં ગૂઢ ભાષામાં ગહન ભાવો અને ગંભીર અનુભૂતિ વ્યક્ત કરવામાં આવે છે. આ ભજનો સહેલાઈથી સમજી શકાતાં નથી. અઘરી છતાં કલાત્મક વાણીમાં દિવ્ય તત્ત્વો સાથેનો ભજનિકનો સંબંધ અવળવાણી કે પરંપરિત પ્રતીકાત્મક શૈલીમાં કરવામાં આવતો હોય છે.

**ભજનોમાં ભક્તિ, જ્ઞાન અને યોગ :**

**(૧) ભક્તિપરક ભજનો :** આ પ્રકારનાં ભજનોમાં આત્મા - પરમાત્માના વ્યાપક ઉદાત્ત અને પવિત્ર સંબંધોનું વર્ણન કરવામાં આવે છે. તેમાં ભક્તહૃદયની ઝંખના, વિરહ, તડપન વગેરેનું નિરૂપણ હોય છે. તે ઉપરાંત ભક્તિનો મહિમા અને ભક્તહૃદયની સંવેદનાનું આલેખન પણ હોય છે.

**(૨) જ્ઞાનપરક ભજનો :** નિર્ગુણ નિરાકાર બ્રહ્મની આરાધના અને અદ્વૈત વેદાન્તના જ્ઞાનગર્ભ કાવ્યસભર પદોને જ્ઞાનપરક ભજનો કહેવામાં આવે છે. તેમાં વેદાન્તના પ્રવાહોનું જ્ઞાનપરક આલેખન હોય છે. તેમાં ભજનિક જ્ઞાન અને ભક્તિનો સમન્વય સાધીને પરબ્રહ્મની ઉપાસના સાધવાનું કહે છે.

**(૩) યોગપરક ભજનો :** સંતોએ પરમાત્માની ઉપાસના કરવા માટે શરીર અને મનની શુદ્ધિ માટે યોગમાર્ગનું અનુસરણ કર્યું છે. આ પ્રકારનાં ભજનોમાં પોતાની ઉપાસના અર્થે યોગસાધનાને મહત્ત્વનું સ્થાન આપવામાં આવે છે.

## (૨) શ્રી બુદ્ધિસાગરજીનું ભજન સાહિત્ય

આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીએ લેખક તરીકે દરેક વિષયને તેમના લખાણમાં આવરી લીધો છે. ઇતિહાસ, જીવનચરિત્રો, નોંધ, નિબંધ, ભાષાંતર, ટીકા, સંવાદ, અધ્યાત્મજ્ઞાન વગેરે દરેક ક્ષેત્રમાં તેમનો કૌશલ્યનો પરિચય થાય છે, તે જ પ્રમાણે એક સમર્થ કવિ તરીકે તેમનું કૌશલ્ય તેમના દરેક પદ્યમાં ઝળકે છે. તેમનો પ્રકૃતિપ્રેમ, રાષ્ટ્રપ્રેમ, માતૃભૂમિ પ્રેમ, પ્રભુ પ્રેમ તેમની કવિતાઓ, ભજનો તથા ખંડકાવ્યોમાં દેખાય છે.

ગુરુદેવ બુદ્ધિસાગરજીનાં આત્મલક્ષી ભજનોનો હેતુ કોઈ પણ આત્માને મોક્ષમાર્ગ બતાવવાનો છે. આત્માને જ્યારે પ્રભુની લગની લાગે છે ત્યારે તેને દુન્યવી સુખ-મોહ તુચ્છ લાગે છે અને આખરે તે આત્મા સમ્યગ્‌દૃષ્ટિ અને સ્યાદ્‌વાદનું જ્ઞાન ગ્રહણ કરી પરમ શાંતિ પામી મોક્ષ માર્ગે પ્રયાણ કરે છે. તેમના અધ્યાત્મજ્ઞાનથી ભરપૂર અર્થગંભીર ભજનોમાં જનસમુદાયને ભક્તિરસમાં તરબોળ કરવાની શક્તિ છે. તે મીરાંબાઈ, નરસીંહ મહેતા, શ્રી આનંદઘનજી અને શ્રી દેવચંદ્રજીનાં ભજનોની યાદ તાજી કરે છે. આચાર્યશ્રી દ્વારા રચિત 'ભજન પદસંગ્રહ ભાગ ૧ અને ૨'ની પ્રસ્તાવનામાં આપેલા નિવેદનમાં શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર લખે છે :

"આ માત્ર જૈનોનાં જ ભજનો નથી. ભજનમાં માત્ર આત્મોદ્ધારક રસાયણ હોય છે ને તે સર્વ કોઈ મત, પંથ, દર્શન ને ધર્મના આરાધકોને જ્ઞાનામૃત થાય છે. આ ભજનો એ કોટિનાં હોઈ, મુસલમાન - મીર - બ્રાહ્મણ - વૈષ્ણવ - પટેલ - ગરાસિયા - બારિયા - કોળી - ઠાકરડા, પારસી આદિ સૌ કોઈ વાંચી ગાઈ આત્માનંદની મસ્તી માણી શકે છે."

આત્મકલ્યાણના અર્થે લખાયેલાં તેમનાં ભજનો વાંચવાથી, ગાવાથી કે શ્રવણ કરવાથી આત્મા ધન, મોહ વગેરે બાહ્ય પદાર્થોથી અલિપ્ત રહેવા પ્રયત્ન કરવા લાગે છે અને ધીરે ધીરે શુદ્ધ દશા પ્રાપ્ત કરે છે. આત્માની શુદ્ધ દશા પ્રાપ્ત થયા વગરનું જ્ઞાન મનુષ્યમાં અભિમાન ઉત્પન્ન કરે છે.

ગુરુદેવ બુદ્ધિસાગરજી 'ભજન સંગ્રહ ભાગ ૧'ની ગ્રંથની પ્રસ્તાવનામાં લખે છે :

"જ્ઞાનીઓનો ઉપદેશ ભજનો દ્વારા આત્મજ્ઞાનથી સમ્યગ્‌દૃષ્ટિ મનુષ્યોને મોક્ષ પ્રાપ્ત કરાવવાનો હોય છે. ભજન એ મોટા ભાગે આત્માના ઉદ્‌ગારો છે અને તેમાં કર્તાનો જેવો આત્મા હોય છે તેવું પ્રતિબિંબ હોય છે. આપણે કોઈનું પણ ભજન વાંચીએ છીએ ત્યારે તેનો આત્મા વાંચીએ છીએ એમ સમજાય છે. ભજનમાંથી સત્ય ખેંચી લેવું તે વાચકનું કર્તવ્ય છે."

તેમનાં ભજનોમાં પ્રભુભક્તિ, ગુરુભક્તિ, વૈરાગ્ય ભાવ, આત્મદશા, પ્રેમલક્ષણા ભક્તિ, અધ્યાત્મજ્ઞાન વગેરે વિવિધ વિષયો દૃષ્ટિગોચર થાય છે.

તેમના ભજનસંગ્રહના એકથી અગિયાર ભાગો છે.

'સ્તવન સંગ્રહ' નામનો બારમો ભાગ છે તથા 'અધ્યાત્મ સંગ્રહ'ના શીર્ષક હેઠળ તેરમો ભાગ છે. આમાં સર્વ ભજનસંગ્રહમાંથી અધ્યાત્મજ્ઞાનવિષયક ભજનોને જુદાં તારવીને તે સર્વ એમાં પ્રસિદ્ધ કર્યાં છે.

કવિ બુદ્ધિસાગરજી ભજનની વ્યાખ્યા 'ભજન સંગ્રહ ભાગ ૩'ની પ્રસ્તાવનામાં આપતા લખે છે :

"હૃદયમાં પરમાત્મવિચારણાના ઊઠેલા ઊભરાઓ વાણી દ્વારા પ્રકાશે છે, તેથી વાણી પરજીવોને આત્મધર્મમાં પુષ્ટાવલંબન થાય છે. જિનાજ્ઞા પ્રમાણે આત્મતત્ત્વનું જ્ઞાન કરવું, આરાધન કરવું, ગાન કરવું, તે સર્વથી ઉચ્ચ ભાવનાની વૃદ્ધિ થાય છે. ઉચ્ચ ભાવથી આત્મા પરમાત્મરૂપ થાય છે. હૃદયમાં ઉચ્ચ ભાવની સ્ફુરણાઓ ઉત્પન્ન થાય છે, તેનું ગાન કરવું તે ભજન કહેવાય છે."

ભજનને કદી ધાર્મિક સીમાડાઓ નડતા નથી. તેમાં ઈશ્વર, પ્રભુ, ભગવાન એટલે સર્વ ધર્મના પ્રભુ. સંગીતની સૂરાવલી સાથે ભજનમાં ઓતપ્રોત થઈ જતા ભક્તોનાં દર્શન કરનાર કોઈ પણ વ્યક્તિ ભાવવિભોર થઈ પ્રભુમય બની જાય છે.

ભજન વિષે શ્રી નાગકુમાર નાથાલાલ મકાતી 'જૈન' સામાયિકમાં પોતાનો અભિપ્રાય આપતાં લખે છે :

"ભજનોમાં અમુક પ્રકારનું શાંતિદાયક માધુર્ય અને ઈશ્વર સાથે તન્મય કરવાનો ગુણ છે. તેથી તે પોતાની લોકપ્રિયતા આ બુદ્ધિવાદના જમાનામાં પણ સાચવી રહ્યું છે. એકાંત સ્થાન, રસનીઝરતી ચાંદની, પહાડી સૂર, તંબુરાના લય અને મંજીરાના મંજુલ સ્વરો સાથે ગવાતું ભજન સાંભળી કોનું હૃદય નાચી ઊઠ્યું નહિ હોય ? ભજનની સંપૂર્ણ પ્રભુ તન્મયતા કરાવવાની શક્તિના પૂર્ણ પ્રદર્શન માટે ઉપરની વસ્તુઓ આવશ્યક ગણી શકાય. તે હોય કે ન હોય છતાં યે ભજનની પાછળ રહેલા આત્માનું ગુંજન તેમાં અપૂર્વ લાવણ્ય સર્જે છે."

●●●

## (૩) ભજન પદસંગ્રહ ભાગ ૧ - ૧૨ ની સમીક્ષા

**ભજન સંગ્રહ ભાગ ૧-૨ :**

ભજન પદસંગ્રહ ભાગ ૧માં ૨૯૭ ભજનો છે. તેમાં ૨૩૪ થી ૨૯૭ ભજનો 'અધ્યાત્મ ભજન પદસંગ્રહ' ખંડમાં આપ્યાં છે. દરેક ભજનની ઉપર તેના વિષયને આવરી લેતું શીર્ષક છે.

ભાગ ૨માં ભજન ક્રમાંક ૨૯૮ થી ૪૨૦ સુધી એટલે ૧૨૩ ભજનો છે. ભાગ ૧ અને ભાગ ૨ મળીને કુલ ૪૨૦ ભજનો છે. પ્રથમ ભજનનું શીર્ષક 'પ્રભુ ભજનની ખુમારી' છે. તેનો પ્રારંભ તેઓ મહાવીર સ્વામીના જાપ 'ૐ અર્હ મહાવીર'થી કરે છે. જેને પ્રભુ મળી જાય તેને બીજું કંઈ પણ પામવાની ઇચ્છા રહેતી નથી. પ્રભુના જાપ કરવાથી સર્વ વિદ્યાઓ વશ થાય છે. પ્રભુનામના રટણથી મનની નિર્વિકાર સ્થિતિ નિર્માણ થાય છે જેથી મનુષ્ય જીવનમાં શાશ્વત આનંદ પ્રસરે છે.

**"પ્રભુ ભજનની ખુમારી"**

ૐ અર્હ મહાવીર જિનેશ્વર, જાપ જપું દિન રાત રે,
પ્રભુ વિણ બીજું કાંઈ ન ઇચ્છું, માતાપિતા તું ભ્રાત રે, ... (૧)
પરા પશ્યંતી મધ્યમા વૈખરી, જાપે ટલે સહુ પાપ રે,
રાગદ્વેષ ન પાસે આવે, જાપ જપંતા અમાપ રે... (૨)
પ્રભુ જાપે પ્રભુ ઘટમાં પ્રકાશ્યા, પ્રકટી સુખની ખુમારી રે,
બુદ્ધિસાગર મહાવીર લગની, પ્રકટી નહિ ઊતરે ઉતારી રે... (૩)

(ભજન નં. ૧, પૃષ્ઠ ૧ - ૨)

**'પ્રભુ દર્શનનું પરમસુખ'**

**પ્રભુજી તુમ દર્શન સુખકારી, તુમ દર્શનથી આનંદ પ્રગટે**
**જગ જન મંગલકારી રે ... (૧)**
**તપ જપ કિરિયા સંયમ સર્વે, તુજ દર્શનને માટે,**
**દાન ક્રિયા પણ તુજ અર્થે છે, મળતો નિજ ઘર વાટે પ્રભુજી... (૨)**

(ભજન નં. ૩૨ ભાગ ૧, પૃષ્ઠ ૨૦)

ઉપરના ભજનમાં કવિ પ્રભુદર્શનથી પ્રગટ થતાં આનંદની અનુભૂતિ વર્ણવે છે. તેમના આ ભજનમાં પ્રેમની ખુમારી સાથે તન્મયતાથી પ્રભુ દર્શન કરવાથી સર્વત્ર મંગલ એટલે કે શુભ થાય છે એમ દર્શાવ્યું છે. તપ, જપ, સંયમ, દાન વગેરે ક્રિયાઓ પણ પ્રભુપ્રાપ્તિ માટે જ હોવાથી પ્રભુના દર્શનમાત્રથી હૃદયમાં પરમસુખ વ્યાપી જાય છે.

પ્રેમલક્ષણા ભક્તિવાળા તેમના નીચેના ભજનમાં પ્રભુ સ્વામીને મળવાની ઉત્કંઠા છે. પ્રેમલક્ષણા ભક્તિમાં ગોપી શ્રીકૃષ્ણને પોતાનો પ્રિયતમ માનીને પ્રભુભક્તિ કે આરાધના કરે છે. એમાં સર્વ સમર્પણનો ભાવ સમાયેલો છે. આ ભજનમાં કવિ ગોપીભાવે સખીને પ્રભુને મળવાની પોતાની તાલાવેલીની વાત કરે છે. પ્રભુને મળવા આખી સૃષ્ટિ ખોજી, પરંતુ તે તો ઘટમાં જ બિરાજેલા મળ્યા. આમ અલખ-અરૂપી આત્મા તે જ પરમાત્મા છે એ જ્ઞાન તેઓ સહજમાં આપે છે.

**'પ્રભુ અંતરમાં છે'**

પ્રભુ મનાવવા, પ્રભુ મનાવવા, સખી હું પ્રેમે જાઉં રે,
ભટકી દેશો દેશનમેં, સ્વામિને ઘેર લાઉં રે...પ્રભુ...(૧)
ચૌદ ભુવનમાં, આથડી પણ, પ્રભુ ન દીઠા ક્યાંય રે,
શરીર ભીતર ખોજીયા તો, પ્રભુજી દીઠા ત્યાંય રે...પ્રભુ...(૨)
ભાગી ભ્રમણા થઈ સૌભાગી, જુદી ઘડી ન રહાઈ રે,
અલખ અરૂપી આતમાની, સાચી એક સગાઈ રે...પ્રભુ...(૩)
હરખી સ્વામી ઘેર આવ્યો, નાઠું ઘર અન્ધેર રે,
બુદ્ધિસાગર જાણતાં તે, ભાગે ભવનો ફેર રે...પ્રભુ...(૪)

(ભજન નં. ૮૧, ભાગ ૧, પૃષ્ઠ ૬૩)

વહેલી સવારે પ્રભાતિયાં સાંભળી દિવસનો શુભારંભ કરવાથી મન પ્રફુલ્લિત રહે છે. મધ્યકાલીન સાહિત્યમાં કવિ નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં ખૂબ જ પ્રખ્યાત છે. જે હિંદુ સમાજમાં આજે પણ ગવાય છે.

નરસિંહ મહેતાનું લોકપ્રિય પ્રભાતિયું :

**જાગને જાદવા, કૃષ્ણ રે ગોવાળિયા,**
**તુજ વિના ધેનમાં કોણ જાશે.**

નીચેના પ્રભાતિયામાં કવિ બુદ્ધિસાગર ચેતનને એટલે કે આત્માને આળસ છોડીને ધર્મ આરાધના કરવા બોધ આપે છે.

**'પ્રભાતિયું'**

ઊઠો ચેતન આળસ છંડી, ધર્મ હૃદયમાં ધારો રે,
પ્રમાદે શું પોઢ્યો ચેતન, જાય ફોગટ અવતારો રે...(૧)
નિદ્રા લેતાં કાળ અનંતો, ચાર ગતિમાં ભમીયો રે
તો પણ શું તેના વશ થઈ, શય્યામાં હિ રમીયો રે...(૨)
શું સંસારમાં સાર વિચારી, મારું મારું કરતો રે,
મૃત્યુ તણો ભય માથે ગાજે, છાયા મીશે ફરતો રે...(૪)
ઊઠી પ્રભાતે પાપારંભના, કામ નિવારણ કરજો રે,
ચોવીસ જિનવર સકલ તીર્થને ઘટમાં હિ ભવી ધરજો રે...(૬)

(ભજન નં. ૫૬, ભાગ ૧, પૃષ્ઠ ૪૦ - ૪૧)

પ્રભુના ગુણ ગાતાં તેમનું ધ્યાન ધરતાં આત્મા જાગૃત થાય છે. તેઓએ અભિનંદન સ્વામિ, અરિષ્ટનેમિ, મલ્લિનાથજી, શાંતિનાથજી અને મહાવીર સ્વામિ ભગવાન પર ભાવવાહી ભજનો રચ્યાં છે.

પ્રભુ વંદનથી સર્વ દોષો દૂર થઈ આત્માનાં સાત્ત્વિક ગુણો પ્રગટે છે તેવો ભાવ કવિ 'પ્રભુનું સ્વરૂપ' નામના ભજનમાં આલેખે છે.

**'પ્રભુ સ્વરૂપ'**

**અભિનંદન જિન વંદીએ, સમતા રસ ભંડાર રે,**
**દોષ અઢારે ક્ષય થયા, ઉપન્યા ગુણ સુખકાર રે...(૧)**
**અનુપમ પ્રભુ ગુણ ધ્યાનથી, નિશદિન મનમાં રાચું રે,**
**બુદ્ધિસાગર જિન ધ્યાવતાં, લાગ્યું સ્વરૂપ શુદ્ધ સાચું રે...(૫)**

(ભજન નં. ૫૭, ભાગ ૧, પાનું ૪૧)

**નેમ પ્રભુને !**

બાવીસમા તીર્થંકર નેમનાથ પ્રભુના જીવનની કથા અત્યંત લોકપ્રિય છે. પ્રભુ નેમનાથ રાજુલ સાથેના લગ્ન સમયે પશુઓનો પોકાર સાંભળીને તેઓ લગ્ન ન કરતાં પાછા ફરી, દીક્ષા અંગીકાર કરે છે. કવિ આ ભજનમાં રાજુલ-નેમનાથને પોતાના હૃદયરૂપી મંદિરમાં પધારવા વિનંતી કરે છે તે વાત નિરૂપે છે. પ્રભુ આગળ પોતાનું સર્વ સમર્પણ કરી નમ્રતાથી પોતાના રાગદ્વેષ દૂર કરવા વિનંતી કરે છે. પ્રભુ જો આવા દોષ દૂર ન કરે તો ફરી એક વાર જન્મમરણના ફેરામાં અટવાઈ જવું પડે માટે પ્યારા પ્રભુને મનમંદિરમાં પધારવા વિનંતી કરે છે.

**પ્યારા નેમ પ્રભુ મુજ મન મંદિરીએ પધારજો,**
**રાગને રોષ શત્રુને ધ્યાનથી દૂર નિવારજો રે...(૧)**
**જન્મ મરણના ફેરા ટાળી, પામ્યા મુક્તિ સ્ત્રી લટકાળી,**
**વ્હાલા દીનદયાળુ, સેવકને સંભારજો રે...(૨)**

(ભજન ક્રમાંક ૧૦૯, ભાગ ૧, પૃષ્ઠ ૭૯)

**વીર ભક્તિ દર્શન :**

તેમના આ ભજનમાં પ્રભુપ્રેમનો મહાસાગર હિલોળા લે છે. તેઓ સેવક બનીને પ્રભુ શરણ સ્વીકારે છે. જેમ બાળક મા પાસે પ્રેમથી માંગણી કરે તેવી રીતે તેઓ પ્રભુને પોતાના મનની ચંચળતા દૂર કરવા અને ધન-માયામાં મન લલચાય નહીં તેવા ઉપાયો બતાવવા કહે છે, જેમાં વિનવાણી અને આર્જવ ભાવનાનું દર્શન થાય છે.

**વીર જિનેશ્વર વંદના, હો જો વારંવાર**
**લળી લળી વિનવું પ્રેમથી, મારા પ્રાણ આધાર...(૧)**
**સાચી સેવા સ્વામિની બીજું આળ પંપાળ,**
**તુજ દર્શન રાચી રહું મેઘ ચાતક બાળ...(૨)**

બાળક માની આગળે, બોલે મનની વાત,
તુમ આગળ મુજ વિનંતી, માનો એ અવદાત...(૬)

આગળ ભક્તકવિ પ્રભુને ઉપાલંભ આપતાં કહે છે કે જો તું મારો ઉદ્ધાર નહિ કરે તો તારી લાજ જશે.

તારો બાપજી બાળને, સરશે સઘળાં કામ,
સેવકને નહિ તારતાં, જાશે આપની લાજ...(૭)

(ભજન ક્રમાંક ૧૪૭, ભાગ ૧, પૃષ્ઠ ૧૧૨ - ૧૧૩)

**પ્રભુ વીરને ઉપાલંભ :**

નીચેના ભજનમાં ભક્ત હૃદય પ્રભુ મહાવીરને ઉપાલંબ આપતાં કહે છે કે હે પ્રભુ, તમે નહિ આવો તો મારી અવદશા થશે. સંસારના ક્લુષિત વાતાવરણમાં સર્વત્ર પાખંડ અને અધર્મ છે, માટે તમે સહાયે આવી માર્ગ બતાવશો.

ત્રિશલાના જાયા રે, મહાવીર સહાયે આવજો જી.
નહીં આવો તો થાશે સેવકના બેહાલ...(૧)
પંથ પાખંડ જાળે રે વીંટાયો છું વેગથી જી
વિકાર વિષધરની લાગી રે ચોટ...(૪)
પંચમકાળ પૂરો રે જમ જેવો બેસીયો જી
સૂજે નહિ ધર્મ મારગની રીત...(૫)

(ભજન ક્રમાંક ૧૬૫, ભાગ ૧, પૃષ્ઠ ૧૩૪-૧૩૫)

**'પ્રભુ સેવાથી પરમપદ પ્રાપ્તિ' :**

કવિ બુદ્ધિસાગર આ ભજનમાં સોળમા જિનેશ્વર શાંતિનાથને દીનાનાથ, દયાળુ, દીનમણિ વગેરે વિવિધ વિશેષણોથી નવાજીને નમ્રતાથી પોતાના મનમાં વ્યાપ્ત ક્રોધ, કપટ, મોહ, પ્રમાદ વગેરે દુર્ગુણોને હટાવીને મનને પ્રભુમય બનાવવા વિનંતી કરે છે જે બેનમૂન અને અદ્વિતીય છે.

શ્રી શાંતિજિન અલખ અગોચર, દીનાનાથ દયાળુ,
દિનમણિ દીનોદ્ધારક દીન પર, કરુણા કરજો કૃપાળુ
મોરા સ્વામી રે ભવપાથોદધિ તારો...(૧)
ક્રોધ કપટથી મનડું મેલું, આડું અવળું ભટકે,
તુજ ગુણ ધ્યાન કરતાં સાહિબ, સટક દઈને સટકે... મોરા૦ (૨)
સેવા ભક્તિ નિશદિન કરશું, તુજ આણા શિર ધરશું :
બુદ્ધિસાગર અવસર પાકર, અજરામર થઈ ઠરશું... મોરા૦ (૬)

(ભજન ક્રમાંક ૨૯૭, ભાગ ૧, પૃષ્ઠ ૨૬૦)

**શ્રી કેસરિયા તીર્થ સ્મરણ :**

આ. કવિ બુદ્ધિસાગરજી સં. ૧૯૬૨માં વિજાપુરથી કેસરિયાજી તીર્થ સંઘ સાથે યાત્રા કરવા ગયા હતા તે સમયે આ ભજનની રચના કરી હતી. કેસરિયાજી દેવને હિંદુ, શ્વેતાંબર જૈન, દિગંબર જૈન તથા ભીલ સર્વે લોક પોતાના આરાધ્ય દેવ તરીકે પૂજે છે. કેસરિયાજી દેવ ઋષભદેવને ખૂબ કેસર ભક્તો દ્વારા ચઢાવાય છે. ઘણા લોકો પોતાના પુત્રના વજન પ્રમાણે કેસર પણ ચઢાવે છે. તેથી શ્રી ઋષભદેવ પ્રભુ કેસરિયા નાથ તરીકે ઓળખાય છે. કવિ આ ભજનમાં કેસરિયા દેવને હરિહર, બ્રહ્મા અને શિવશંકર મહાદેવ નામથી સંબોધે છે.

**કેસરિયા તીર્થ બડા ભારી, ભાવિક તુમ પૂજો નરનારી,**
**શરણ એક ઋષભ પ્રભુ ધારી, કપટ ઓર નિંદા કું વારી...(૧)**
**હરિહર બ્રહ્મા તું ખરો રે, શિવશંકર મહાદેવ,**
**દોષ અઢારે ક્ષય કર્યા રે, સુરનર કરતા સેવ,**
**ખુદા તુમ અકલ ગતિ ન્યારી, નિરંજન બ્રહ્મદશા ત્હારી... (૩)**

(ભજન ક્રમાંક ૨૯૪, ભાગ ૧, પૃષ્ઠ ૨૫૭)

**શ્રી શંખેશ્વર પાર્શ્વજિન સ્તવન :**

કવિ બુદ્ધિસાગર આ ભજનમાં પાર્શ્વપ્રભુને બાળક બનીને સંસાર નૈયાને પાર ઉતારવા માટે વિનવણી કરે છે. પાર્શ્વ પ્રભુના ચિંતામણિ મંત્રના જાપથી અને પ્રભુ દર્શનથી સર્વ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, જેથી શંખેશ્વર પાર્શ્વનાથનો મહિમા અખિલ વિશ્વમાં અપરંપાર છે. કવિ પ્રભુ સાકાર છે કે નિરાકાર એની ચર્ચામાં પડ્યા વગર સ્યાદ્વાદ દર્શન જ્ઞાન એ જ સાચું છે એમ આ ભજનમાં ઉપદેશ આપે છે. આ ભજનમાં તેમની આર્જવતા પ્રગટ થાય છે :

**શ્રી શંખેશ્વર પાર્શ્વજી તારજો રે વ્હાલા,**
**બાલ કરે છે કાલાવાલા રે...**
**ધરણેન્દ્ર ને પદ્માવતી દેવી, શાસન સાન્નિધ્યકારી,**
**વિઘ્નોપહારી મંગલકારી, સહાય્ય કરે સુખકારી રે...(૧)**
**શ્રી ચિન્તામણિ પાર્શ્વમંત્રના, જાપે સિદ્ધિ જયકારી,**
**દર્શન દઈને દુઃખડાં ટાળે, મહિમા જગતમાં હિ ભારી રે...(૨)**
**આત્મસમાધીના દાતા ને જ્ઞાતા, અરજી આ ઉરમાં સ્વીકારે.**
**ગાંડો ઘેલો આ બાલ તમારો, દયા લાવીને જટ તારો રે...(૫)**
**નિરાકાર ને સાકાર વાદની, તાણા-તાણે કેઈ ઝુલ્યા,**
**ભેદુની પાસે ભેદ લહ્યા વિણ, ભણતરમાં ભ્રાન્તિથી ભૂલ્યા રે...(૬)**

(ભજન ક્રમાંક ૨૩૦, ભાગ ૧, પૃષ્ઠ ૧૯૦-૧૯૧)

**ગુરુ બીન જ્ઞાન નહિં :**

આ ભજનમાં કવિ બુદ્ધિસાગરજીની ગુરુ પ્રત્યેની અનન્ય ભક્તિનાં દર્શન થાય છે. તેઓ લખે છે કે ગુરુ વિનાનું ફક્ત પુસ્તકનું જ્ઞાન 'પોથીમાંનાં રીંગણાં' જેવું હોય છે. ગુરુ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા રાખવાથી જ શિષ્ય સર્વ વિદ્યાઓ શીખી શકે છે. ગુરુ પ્રત્યેનો વિનય બતાવતાં સંત કબીર કહે છે :

ગુરુ ગોવિંદ દોનોં ખડે, કાકુ લાગે પાય,
બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો બતાઈ.

ગુરુ પ્રત્યે આદરભાવ ખરા હૃદયથી હોય તો શિષ્ય ગુરુનાં વચનામૃત પચાવી જ્ઞાન પામી શકે છે.

ગુરુ વિના કોઈ જ્ઞાન ન પાવે રે, વાંચો પુસ્તક પોથી પાનાં,
ગુરુની શ્રદ્ધા ગુરુની ભક્તિ, ગુરુ આજ્ઞા દિલ રાખે,
કુગુરુનો ભરમાવ્યો ભમે નહિ, સો અનુભવ રસ ચાખે...(૧)
ઉપરથી ગુરનામ ધરાવે, મનમાં નહિ વિશ્વાસ,
આપમતિથી મનમાં મ્હાલે, તે નહીં ગુરુકા દાસ...(૨)

(ભજન ક્રમાંક ૧૮૬, ભાગ ૧, પૃષ્ઠ ૧૪૯)

**ગુરુભક્તિ મહિમા :**

કવિ ગુરુભક્તિનો મહિમા ગાતા દર્શાવે છે કે ગુરુ શરણથી મનુષ્યનો અહંકાર ઓગળી જઈ તેનામાં સદ્‌બુદ્ધિ પ્રગટે છે.

ગુરુગમ વિણ નહિ જ્ઞાન, સાન તો ક્યાંથી આવે ?
ગુરુ વિના નહિ શાસ્વત સુખડાં પ્રાણી પાવે,
ગુરુ વિના નહિ તપ-જપ, સંજમ કિરિયા સાચી,
ભવ્યો, ગુરુનું શરણ કરીને રહેજો રાચી,
ગુરુની ભક્તિ સાચવીને તપ-જપ સંયમ સહુ કરો.
ગુરુ ભક્તિ થકી ભવ્ય જીવો ભવસાગરને ઝટ તારો...(૨)

(ભજન ક્રમાંક ૩૮૯, ભાગ ૨, પૃષ્ઠ ૩૫૫)

**સંત સમાગમ મહિમા :**

સંત જંગમ તીર્થ છે અને તે જ સાચા અર્થમાં ચિંતામણિ છે એ વાત નીચેના ભજનમાં કવિ નમ્ર ભાવે વર્ણવે છે :

સંત જનોને દેખીને જીવ માન તેનું બહુ કરો,
બુદ્ધિસાગર સંત સેવે મુક્તિને ક્ષણમાં વરો...(૪)

(ભજન ક્રમાંક ૩૯૦, ભાગ ૨, ૩૫૬)

**શ્રી સદ્‌ગુરુ સ્તુતિ :**

ગુરુને નીરખીને હૃદયમાં અત્યંત આદરભાવ લાવી કવિ આ ભજનમાં લઘુ બની હાથ જોડી વારંવાર નમન કરે છે. આ ભુજંગી છંદ છે.

અહો સદ્‌ગુરુ દુઃખથી તે ઉગાર્યો,
ભવાં બોધિથી સદ્‌ગુરુ તે જ તાર્યો,
નમું હું નમું હું નમું હસ્ત જોડી,
લઘુતા સજી માનની ટેવ મોડી...(૧)

(ભજન ક્રમાંક ૩૮૦, ભાગ ૨, પૃષ્ઠ ૩૪૬)

**શ્રી સદ્‌ગુરુ કૃપા મહિમા :**

ગુરુની કૃપા વિના બધું વ્યર્થ છે તે ભાવ નીચેની પંક્તિમાં ભુજંગી છંદમાં કવિ વ્યક્ત કરે છે. ગુરુકૃપા વડે જ અષ્ટ-સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ગુરુની દયાથી ટળે કષ્ટ કોડી,
રહે અષ્ટ સિદ્ધિ સદા હસ્ત જોડી,
ગુરુની કૃપાથી મહી માન પામે,
ગુરુની કૃપાથી ઠરે એક ઠામે...(૧)
કુતર્કો તજીને ગુરુને ભજીને,
લહો સિદ્ધનાં શર્મ શાન્તિ સજીને,
ગુરુ વાકયમાં શિષ્યને શર્મ સાચું,
ગુરુની કૃપા વિણ છે સર્વ કાચું... (૬)

(ભજનક્રમાંક ૩૮૧, ભાગ ૨, પૃષ્ઠ ૩૪૮)

કવિએ શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીઆનંદઘનજી, શ્રીયશોવિજયજી પર પોતે તેમના ભક્ત બનીને ભાવવાહી ભજનોની રચના કરી છે.

**શ્રી યશોવિજયજી સ્તુતિ :**

તવ પુસ્તક સાચાં મેં પારખ્યા રોમેરોમ પ્રેમ સહુ હરખ્યા.
ત્હારા હૃદય સમુદ્રે પ્રવેશ મુજ કરાવજો રે...(૨)
તુજ ભક્તિથી સત્ય નિહાળું, વિષય વિકારો વેગે ટાળું,
વાચક દીનબંધો તું સેવક સહાયે ધાવજો રે...(૪)

ઉપરોક્ત ભજનમાં કવિ બુદ્ધિસાગરજી, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી દ્વારા રચિત પુસ્તકોનાં વાંચનથી થયેલી અનુભૂતિનું વર્ણન કરે છે. તેમનું કવિ હૃદય, ઉપાધ્યાયજીનાં પુસ્તકોનું વાંચન કરીને ભાવવિભોર બની ગયું. તે તેઓ પોતાના ભજનમાં વ્યક્ત કરે છે.

**આનંદઘનજી :**

આનંદઘનજી ઉચ્ચ કોટિના અધ્યાત્મ યોગી હતા. આ ભજનમાં કવિ આનંદઘનજીના ગુણગાન ગાવા અને તેમના જેવા થવાનો સંદેશ વાચકને આપે છે.

**આનંદઘન આતમના ગુણ ગાશો, તમે શાશ્વત સુખડાં પાશો,**
**આતમના પ્રેમથી આતમના નેમથી, રૂદ્ધિ અનંતી કમાશો...(૧)**
**સત્ય સ્વરૂપ જ્યાં તાપ ન લેશ ત્યાં, કેવલ જ્યોતથી પ્રકાશો,**
**બુદ્ધિસાગર ગુરુજ્ઞાનથી ઘેનમાં, નિર્ભય યોગી જણાશો...(૩)**

(ભજન ક્રમાંક ૩૧૨, ભાગ ૨, પૃષ્ઠ ૨૭૪-૨૭૫)

**શ્રીરામ :**

રામના નામનો અનર્થ કરી ખોટી રીતે સમજી લોકો સત્ય રીતે પ્રભુને પામતા નથી, પરંતુ કવિએ આ ભજનમાં રામ શબ્દનો સાચો અર્થ સમજી તેના રંગે રંગાઈને સાચા સુખની અનુભૂતિ કરવાનું કહે છે.

**રામ રામ રટના લાગી છે જ્ઞાનથી,**
**પિંડે પરગટ વસિયો આતમરામ જો.**
**નિજગુણ રમતો રામ કહાયો આતમા,**
**જીવ ચેતન આતમ સહુ એનાં નામ જો...(૧)**
**સમજ્યા વીણ ભૂલ્યા રામનામથી માનવી,**
**શબ્દભેદથી કરતા તાણંતાણ જો,**
**રામ નામ લક્ષ્યાર્થે રામ જગાવીને,**
**પામો અનુભવ રંગે સુખની ખાણ જો...(૬)**

(ભજન ક્રમાંક ૩૦૧, ભાગ ૨, પૃષ્ઠ ૨૬૫)

**કૃષ્ણ સ્તવન :**

કવિ આ સ્તવનમાં હૃદયમાં વ્યાપિત સમક્તિને કૃષ્ણ ભગવાનના સુદર્શન ચક્ર સાથે સરખાવી છે. સમક્તિ ધારણ કરવાથી ક્રોધ, ભય, મોહ વગેરે શત્રુઓ દૂર ભાગી જાય છે.

સમક્તિ ચક્ર સુદર્શન હૃદયે ધારતા,
મોહારિ જાગો અલબેલા નાથ જો,
જાગંતા દુષ્ટો સહુ દૂરે ભાગશે,
કોઈ ન શત્રુ ભરશે તુજથી બાથ જો...(૨)

(ભજન ક્રમાંક ૩૦૧, ભાગ ૨, પૃષ્ઠ ૨૬૬)

**ૐકાર સ્તુતિ :**

ૐકાર ભારતના સર્વ ધર્મનો મૂળ મંત્ર છે. તે પ્રણવમંત્ર કહેવાય છે. નાભિકમળમાં આંતરદષ્ટિ રાખી ૐકારનો જાપ જપવાથી વચનસિદ્ધિ, અષ્ટસિદ્ધિ વગેરે અનંત સાત્ત્વિકશક્તિઓ પ્રાપ્ત થાય છે. કવિએ આ ભજનમાં 'ૐકાર' ના ગુણ ગાતાં ૬ કડીવાળા એકવીસ પદો રચ્યાં છે. દરેક પદની આખરી કડીમાં તેઓએ 'બુદ્ધિસાગર' શબ્દનો ઉપયોગ કરી પોતાને થયેલા અનુભવોનું દર્શન કરાવ્યું છે.

ૐ નમઃ મંગલ સુખકારી જગ જયકારી,
ૐ નમઃ મંગળ પદની જગમાં બલિહારી,
ૐ નમઃ અજરામર અનંત શક્તિ વિલાસી,
ૐ નમઃ પરમેશ્વર શક્તિ સત્ય પ્રકાશી.
ૐકાર ધ્યાને આત્મશક્તિ પ્રગટતી જગમાં ખરી,
બુદ્ધિસાગર પ્રણવમંગલ ધ્યાનથી સિદ્ધિ વરી...(૧)
નાભિકમલમાં પ્રણવમંત્રને પ્રેમે સ્થાપો,
સ્થિરતા અંતર્મુહૂર્ત થવાથી ટળે બળાપો,
અખંડ જ્યોતિ ઝળકે ઝળહળ સુરતા સાધે,
વરસે સમતા નૂર આત્મની શક્તિ વાધે,
અખંડ સ્થિર ઉપયોગ માંહિ ચૈતન્ય શક્તિ દીનમણી,
બુદ્ધિસાગર અનુભવે ત્યાં દેહ સ્વામિ જગધણી...(૭)

(ભજન ક્રમાંક ૩૨૬, ભાગ ૨, પૃષ્ઠ ૨૯૦-૨૯૫)

**અનંત જ્ઞાન ભંડાર આત્મા :**

આત્મા અનંત જ્ઞાનનો ભંડાર છે. તે જ્ઞાન કેવી રીતે પામવું તથા આત્માની જાગૃત અવસ્થા કેવી રીતે પ્રાપ્ત થાય તે સર્વ જાણકારી કવિએ આ ભજનમાં દર્શાવી છે. આત્માને જ્ઞેયરૂપ કરવા રોજ થોડો થોડો અભ્યાસ કરવો જોઈએ જેના વડે આત્મામાં અનંતશક્તિનો પ્રાદુર્ભાવ થાય છે.

**રુદ્ધિ સિદ્ધિ ધણી ચેત ચેતનમણિ,**
**જ્ઞાનને જ્ઞેયરૂપે, સુહાયો,**
**જ્ઞેયથી ભિન્ન તું જ્ઞાનથી ભિન્ન નહિ,**
**આત્મા જ્ઞેયરૂપે કહાયો...(૧)**
**નિત્ય અભ્યાસથી જ્ઞાનશક્તિ વધે,**
**કેવલજ્ઞાન અંતે પ્રકાશે,**
**ધર્મ ઉત્સાહથી વીર્યશક્તિ જગે**
**વીર્યશક્તિ અનંતી પ્રભાસે...(૪)**

(ભજન ક્ર. ૩૧૬, ભાગ ૨, પૃષ્ઠ ૨૭૮-૨૭૯)

**આત્માધ્યેય :**

જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે પ્રભુ દર્શન થાય છે. આત્મજ્ઞાન અને આત્મધ્યાનના બળે અભ્યાસ દ્વાર સર્વશક્તિ પ્રગટે છે તથા મિથ્યા દોષ દૂર થાય છે. અગમ પ્રદેશમાં આધ્યાત્મિક પંથે ગુરુની સહાયથી જ આત્મા પોતાનું કલ્યાણ કરી અનંત સિદ્ધિને વરી શકે. અન્યથા પુસ્તકોનાં પાનાં ફેરવીને મનુષ્ય થાકી જાય છે, પરંતુ જ્ઞાન વિશે સમજ આવતી નથી.

**પ્રગટે આતમ ભાન રે, દિલ પ્રગટે છે ભગવાન,**
**હોવે જબ એક તાન રે, દિલ પ્રગટે છે ભગવાન,**
**આત્મ પ્રદેશો ધ્યાવતાં રે શક્તિ પ્રગટે સર્વે,**
**ધ્યાન ક્રિયા અભ્યાસથી રે, નાસે મિથ્યા ગર્વ રે...(૧)**
**અગમ અગોચર વસ્તુનો રે, વીરલા પામે પન્થ,**
**ગુરુ ગમ વણ કોઈ પ્રાણિયારે, થાક્યા ભણીને ગ્રન્થ રે...(૨)**

(ભજન ક્ર. ૨૭૬, ભાગ ૧, પૃષ્ઠ ૨૩૫)

**અલખ દેશગાન :**

કવિ બુદ્ધિસાગરજીને મન આત્માનું જ્ઞાન અને તેની પિછાન જ સર્વસ્વ છે. નીચેનું ભજન તેઓએ ખડી (હિન્દી) ભાષામાં રચેલું છે.

**અલખ હમારા દેશ ખરા હૈ, અલખ હમારા નામા હૈ,**
**સિદ્ધ સ્થાન હે સત્ય હમારા, આશ્રય આતમ રામા હૈ... (૧)**

(ભજન ક્ર. ૩૦૩, ભાગ ૧, પૃષ્ઠ ૨૬૭-૨૬૮)

**ત્હારું કોણ ?**

કવિ આ ભજનમાં ચેતન એટલે કે આત્માને 'તારું-મારું' કર્યા વગર જાગૃત થવા શિખામણ આપે છે. આત્મારૂપી મુસાફર જ્યારે શરીર છોડીને અચાનક ચાલી નીકળે છે ત્યારે ગાડી કે વાડી કંઈ જ સાથે આવતા નથી, માટે આત્માએ અગમચેતી વાપરીને શુભ કાર્યો કરવા જોઈએ. આમ, કવિ સંસારની અસારતાનું દર્શન કરાવે છે.

ચેતનજી ચેતો કોઈ ન દુનિયામાં તારું,
મિથ્યા માને છે મ્હારું મ્હારું રે.
કાયા રે બંગલો મુસાફર જીવડો, જોજે તું આંખને ઉઘાડી,
ઉચાળો અણધાર્યો ભરવો રે પડશે. પડ્યાં રહેશે ગાડી ગાડી રે...(૨)

(ભજન ક્ર. ૨૨૮, ભાગ ૧, પૃષ્ઠ ૧૮૯)

**સંતજીવન :**

કવિ વૈરાગ્યની ભાવના લોકોમાં ભજન દ્વારા જગાવે છે. કર્મ સત્તા વિશે તેઓ કહે છે કે કર્મ આગળ કોઈનું કંઈ પણ ચાલતું નથી. સર્વ જનો કર્માધીન છે. નીચેના ભજનમાં તેઓ લક્ષ્મીની ચંચળતા અને કર્મસત્તા દર્શાવી લોકોમાં વૈરાગ્ય ભાવ જગાડવા પ્રયત્ન કરે છે.

**કોઈ જન નાચે કોઈ જન રૂવે, કોઈ જન યુદ્ધ કરતાં,**
**કોઈ જન જન્મે કોઈ જન ખેલે, દેશાટન કોઈ ફરતા...(૨)**
**... લક્ષ્મી સત્તાથી શું થાવે, મનમાં જોજો વિચારી**
**એક દિન ઊઠી જાવું અંતે, દુનિયા સૌ વિસારી...(૬)**

(ભજન ક્ર. ૨૩૭, ભાગ ૧, પૃષ્ઠ ૧૯૬)

**નવધા ક્રિયા ભક્તિ સ્વાધ્યાય :**

કવિ બુદ્ધિસાગરજીએ પ્રભુ ભક્તિ કરવાની નવ પ્રકારની રીત જે નવધા ભક્તિને નામે ઓળખાય છે તે માટે નવ અલગ ભજનો બનાવ્યાં છે. ભક્તિ સ્વરૂપની નવ ક્રિયાઓ આ પ્રમાણે છે : (૧) શ્રવણ ક્રિયા (૨) કીર્તન ક્રિયા (૩) સેવન ક્રિયા (૪) વચન ક્રિયા (૫) વંદન ક્રિયા (૬) ધ્યાન ક્રિયા (૭) લઘુતા ક્રિયા (૮) એકતા ક્રિયા (૯) સમતા ક્રિયા.

આ દરેક ભજનનો પ્રારંભ કવિ એક કે બે કે ત્રણ કડીવાળા 'દુહા'થી કરે છે. આ ભજનોના અંતમાં કવિ 'કળશ' દ્વારા પૂર્ણાહુતિ કરે છે.

**નવધા ભક્તિ જે કરે, એક ચિત્તથી નિત્ય,**
**પરમ મહોદય પદ વરી, હોવે શુદ્ધ પવિત્ર...(૩)**

(ભજન ક્ર. ૪૨૨, ભાગ ૨, પૃષ્ઠ ૩૮૯)

**અથ પ્રથમ શ્રવણ ક્રિયા :**

જિનવચન શ્રવણ કરવાથી અશુભ કર્મ ખરી જાય છે.

**એકતાનતા શ્રવણ પ્રતાપે, પ્રગટે અનુભવ તાન રે,**
**કર્મ વર્ગણા ત્વરિત ક્ષરંતી, નિર્મલ હંસ જ્યું ભાનુ રે...(૯)**

(ભજન ક્ર. ૪૨૩, ભાગ ૨, પૃષ્ઠ ૩૯૦)

**અથ દ્વિતીય કીર્તન ક્રિયા :**

પ્રભુ ભજન ગાવાથી અને ચિત્તને સ્થિર રાખવાથી જીવને કર્મ લાગતાં નથી જેને પ્રતાપે જીવ ભવસાગર પાર ઊતરી જાય છે. આ વાત કવિ નીચેની પંક્તિઓમાં સઘન રીતે સમજાવે છે :

**મધ્યમા વૈખરી કીર્તન કીજે, અવળે પન્થે ચિત્ત ન દેજે,**
**આત્મિક ગુણનું કીર્તન સત્ય સદા નિરખાય છે...(૫)**
**જીવનકીર્તનથી કર્મ ન લાગે, ચેતન આપ સ્વભાવે જાગે**
**ભવસાગરના કાંઠે ઝટ ઉતરાય છે રે...(૬)**

(ભજન ક્ર. ૪૨૪, ભાગ ૨, પૃષ્ઠ ૩૯૧)

**અથ તૃતીય સેવન ક્રિયા :**

કવિ નવધાભક્તિની સેવન ક્રિયા માટે ઉપદેશ આપતાં કહે છે કે દેવ. ગુરુ અને ધર્મની સેવા કરનાર મનુષ્ય જન્મ-મરણના ફેરામાંથી છૂટી જાય છે.

દેવ ગુરુને ધર્મની રે, નિશ્ચય ને વ્યવહાર,
સેવા કરતાં પ્રાણિયારે, ભવજલનિધિ તરનાર રે...(૩)

(ભજન ક્ર. ૪૨૫, ભાગ ૨, પૃષ્ઠ ૩૯૨)

**અથ ચતુર્થી વચન ક્રિયા :**

વચન દ્વારા એટલે કે વાણી દ્વારા પ્રભુને પામવાનો બોધ કવિ નીચેની પંક્તિમાં આપે છે. વચન પ્રભુને પામવા માટેનું દ્વાર છે એ વાત સ્પષ્ટ કરે છે :

વચન થકી ગાવો ચેતનને, શાણા નર ને નારી રે,
વચન શક્તિ બહુ પાપ હરે છે, શિવ મંદિરની બારી રે...(૧)

(ભજન ક્ર. ૪૨૬, ભાગ ૨, પૃષ્ઠ ૩૯૩)

**અથ પંચમ વંદન ક્રિયા :**

પ્રભુને વંદન કરવાથી સર્વત્ર મંગલ થાય છે એમ કવિ આ ભજનમાં કહે છે :

અંતર્યામીને વંદના, કરતાં મંગલ માલ,
બુદ્ધિસાગર વંદના, ચેતન શુદ્ધ વિશાલ...(૮)

(ભજન ક્ર. ૪૨૭, ભાગ ૨, પૃષ્ઠ ૩૯૫)

**અથ ષષ્ઠી ધ્યાન ક્રિયા :**

કવિ આ ભજનમાં આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાન એ બે ધ્યાનનો ત્યાગ કરીને ધર્મધ્યાન તથા શુક્લધ્યાનનું ધ્યાન ધરવા માટે કહે છે. આ બે શુભ ધ્યાનમાં આત્માને પરોવી રાખવાથી અશુભ કર્મનો ક્ષય થઈ પ્રભુપ્રાપ્તિ થાય છે.

**દુહા :**

આર્ત રૌદ્ર બે ત્યાગીને, ધરીએ ધર્મનું ધ્યાન,
શુકલ ધ્યાનને ધ્યાવતાં, ચિદાનંદ ભગવાન...(૧)

**ભજન :**

ચેતન ધરતું ધ્યાન સ્વરૂપનું પરપરિણતિ દૂર વારી રે,
ધ્યાને કર્મ ખરે છે સઘળાં, શુદ્ધ પરિણતિ ધારી રે...(૧)

(ભજન ક્ર. ૪૨૮, ભાગ ૨, પૃષ્ઠ ૩૯૫)

**અથ સાતમી લઘુતા ક્રિયા :**

કવિ મનુષ્યને નાનો-લઘુ બનવાનો ઉપદેશ આપે છે જેથી મનુષ્યમાં રહેલો અહંકાર ઓગળી જાય અને તે રાગદ્વેષથી પર થઈ મુક્તિ માર્ગે જઈ શકે.

**દુહા :**

**લઘુતા પ્રભુતા આપતી, કરે અહંતા નાશ:**
**રાગદ્વેષ દૂરે ટળે, મુક્તિપુરીમાં વાસ...(૧)**

(ભજન ક્ર. ૪૨૯, ભાગ ૨, પૃષ્ઠ ૩૯૬)

**અથ અષ્ટમી એકતા ક્રિયા :**

જીવ એકલો આવ્યો અને એકલો જવાનો છે એ જ્ઞાન કવિ આ ભજનમાં આપે છે :

**એકીલો પુણ્ય પાપ જ્યાં ત્યાં ભોગવતો, એકીલો પુણ્ય પાપ કર્તા,**
**એકીલો આવતો ને એકીલો જાવતો, એકીલો પુણ્ય પાપ હર્તા...(૨)**

(ભજન ક્ર. ૪૩૦, ભાગ ૨, પૃષ્ઠ ૩૯૭)

**અથ નવમી સમતા ક્રિયા :**

કવિ આ ભજનમાં સમતા એ સર્વ સુખનું મૂળ છે એમ વર્ણવે છે અને તેને સર્વ ગુણથી શ્રેષ્ઠ ગુણનું સ્થાન આપ્યું છે.

**સર્વયોગ શિરોમણિ સમતા, સમતા છે ત્યાં મુક્તિ રે,**
**અનુભવાનંદ લહેરો પ્રગટે, ક્ષાયિક ગુણ ગણ યુક્તિ રે...(૪)**

**કળશ :**

નવધા ભક્તિનાં નવ ભજનો અને નવ દુહા રચીને અંતમાં કવિએ કળશ રચ્યાં છે :

**નવધા ભક્તિ રસાળ, કરીએ નવધા ભક્તિ રસાળ,**
**નિજ પર આલંબન જયકારી, કિરિયા મંગલ માળ...(૧)**

●●●

## ભજનપદ સંગ્રહ : ભાગ ૩

કવિ આચાર્ય બુદ્ધિસાગરજીએ ભજન પદસંગ્રહ ભાગ ૩માં મુખ્યત્વે જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, નીતિ, શિક્ષા, પ્રેમ વગેરે વિષયોની છણાવટ કરી છે. આ ભજનોમાં કવિએ મનુષ્યને આત્મહિત સાધવાના સરળ અને સચોટ ઉપાયો વર્ણવ્યા છે.

આ ભજનસંગ્રહમાં કવિએ આત્માનું સ્વરૂપ દર્શાવતા ૨૫૫ દુહાઓ સરળ ભાષામાં 'આત્મ સ્વરૂપ ગ્રંથ' નામે તથા 'ચેતનશક્તિ ગ્રંથ'ના ૭૪ દુહાઓ સંલગ્ન કર્યા છે. કવિ પ્રસ્તુત ગ્રંથનો પ્રારંભ ચોવીસ તીર્થંકરની સ્તુતિ 'ચોવીશી' અને 'વિહરમાન વીશી'થી કરે છે.

**ચોવીશી અને વિહરમાન વીશી :**

વર્તમાન અવસર્પિણી કાળના પ્રત્યેક તીર્થંકર પરમાત્મા ઉપર એક એવા ચોવીસ તીર્થંકર પરમાત્મા વિશે ચોવીશ સ્તવનોની રચનાને જૈન સાહિત્યમાં ચોવીશી કહેવામાં આવે છે. છૂટક સ્તવનો તો અનેક લખાયાં છે, પરંતુ સળંગ ચોવીશીની રચના પણ ઘણા સમર્થ સાધુ કવિઓએ કરી છે.

મધ્યકાલીન જૈન ગુજરાતી સાહિત્યમાં વિક્રમના સોળમાંથી અઢારમાં સૈકામાં સમર્થ-સઘન અને કવિત્વની દૃષ્ટિએ ઉચ્ચ પ્રકારની રચના કરનાર ઘણા કવિઓ થઈ ગયા છે જેમ કે સમયસુંદર, લાવણ્ય સુંદર સૂરિ, આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી, શ્રીમદ્ દેવચંદ્રજી, ઉદયરત્ન, પદ્મવિજય, જિનહર્ષ, જ્ઞાન વિમલસૂરિ, મોહનવિજયજી મહારાજ વગેરે. આ બધા કવિઓનાં સ્તવનો અથવા તો રચનાઓ ભક્તિભાવની ઉત્કૃષ્ટતા, તત્ત્વજ્ઞાનની ગહનતા અને પદાવલીની રમ્યતા તથા સુગેયતાને લીધે આજે પણ જિનમંદિરોમાં અને અન્ય સ્થળોએ સતત ગવાતાં સાંભળવા મળે છે.

જૈન ધર્મમાં દર્શન, પૂજા, તીર્થયાત્રા, આદિ નિમિત્તે મંદિરે જતાં શ્રાવક-શ્રાવિકાને પ્રભુ સ્તુતિ અને સ્તવનનો મહિમા વિશેષ પ્રમાણમાં હોય છે. આ કારણે જૈન કવિઓ ચોવીશ તીર્થંકરોનાં સ્તવનોની 'ચોવીશી'ના સર્જન તરફ વિશેષ વળ્યા હોય તેવું જણાય છે.

કવિ બુદ્ધિસાગરે આ ભજનસંગ્રહમાં ચોવીશી, સજ્ઝાય, ગહુંલી સ્તુતિ, દુહાઓ વગેરે સ્વરૂપોનું આલેખન કર્યું છે. આ સંગ્રહમાં એકસો પચાસ ભજનો છે. કવિએ ચોવીશીમાં એક વર્તમાન ચોવીશી તથા વિહરમાન વીશી લખી છે. ચોવીશીનાં સ્તવનોમાં કવિએ ત્રણ, ચાર, પાંચ, છ, સાત, નવ અને અગિયાર કડીઓનાં સ્તવનો રચ્યાં છે. દરેક સ્તવન ઉપર તેના રાગ વિશેનો પરિચય આપ્યો છે. ચોવીશી અને વિહરમાન વીશીના અંતે કવિએ કળશ આલેખ્યો છે.

આ ગ્રંથનો પ્રારંભ કવિ વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના સ્તવનથી કરે છે. સાત કડીના આ સ્તવનમાં પ્રભુની સ્તુતિ કરતાં તેઓ વર્ણવે છે કે પ્રભુ સર્વ કર્મનો ક્ષય કરીને પરમ પ્રભુતાને પામ્યા.

**પરમ પ્રભુતા તું વર્યો, સ્વામી ઋષભ જિણંદ,**
**ધ્યાને ગુણઠાણે ચઢી, ટાળ્યા કર્મના ફંદ...(૧)**

(ભજન ક્ર. ૧, ભાગ ૩, પૃષ્ઠ ૧)

ઋષભદેવજીના સ્તવનની ત્રીજી કડીમાં પ્રભુનાં ગુણ ગાતા કવિએ કળામય રીતે સાતે વિભક્તિ કર્તા, કર્મ, કરણ વગેરેને નીચેની પંક્તિમાં ગૂંથી લીધી છે :

**કર્તા કર્મ કરણ વળી, સંપ્રદાન સ્વભાવે,**
**અપાદાન અધિકરણતા, શુદ્ધ ક્ષાયિક ભાવે...(૩)**

(ભજન ક્ર. ૧, ભાગ ૩, પૃષ્ઠ ૧)

બીજા અજિતજિનના સ્તવનમાં કવિ નિશ્ચય નય અને વ્યવહાર નય વડે દુઃખ અને વૈરભાવ ત્યજીને પ્રભુની સેવા કરવાની વાત સમજાવી છે. આ રચનાના અંતમાં આવતી કડીઓમાં કવિએ પ્રાસ અનુપ્રાસનો ઉપયોગ કર્યો છે.

**અજિત જિનેશ્વર દેવની, સેવા સુખકારી,**
**નિશ્ચિયને વ્યવહારથી, સેવા જયકારી...(૧)**
**નિમિત્તને ઉપાદાનથી, સેવન ઉપકારી**
**દ્વેષ ખેદ ને ભય તજી, સેવો હિતકારી...(૨)**

(ભજન ક્ર. ૨, ભાગ ૩, પૃષ્ઠ ૨)

ત્રીજા સંભવનાથની પ્રાર્થનામાં કવિ સમભાવ દૃષ્ટિ કેળવવાનો ઉપદેશ આપે છે. સમભાવ દૃષ્ટિથી મોહમાયાનું છેદન થતાં ક્ષાયિક લબ્ધિ પ્રગટે છે.

**પ્રગટે ક્ષાયિક લબ્ધિઓ, સંભવ જિનધ્યાને**
**સંભવ ચરણની સેવના, કરતાં સુખ માણે...(૨)**
**સંભવ દૃષ્ટિ જાગતાં, સંભવ જિન સરિખો**
**આલંબન સંભવ પ્રભુ, ઐક્યતાએ પરખો...(૪)**

(ભજન ક્ર. ૩, ભાગ ૩, પૃષ્ઠ ૨-૩)

ચોથા અભિનંદન સ્વામિના સ્તવનમાં કવિ પિંડસ્થ ધ્યાનથી પ્રભુભક્તિ કરતાં પ્રભુદર્શન આપે છે એમ વર્ણવે છે.

**પિંડસ્થાદિક ધ્યાનથી, પ્રભુ દર્શન આપે,**
**બુદ્ધિસાગર ભક્તિથી, સત્ય આનંદ વ્યાપે...(૪)**

(ભજન ક્ર. ૪, ભાગ ૩, પૃષ્ઠ ૩)

પાંચમા સુમતિજિનનાં સ્તવનમાં કવિ સાત નય વડે પ્રભુનું ધ્યાન કરતાં આત્મા સમક્તિ પામે છે એમ બોધે છે.

**સુમતિ ચરણમાં લીનતા, સાત નયથી ખરી છે,**
**સમક્તિ પામી ધ્યાનથી, યોગિયોએ વરી છે...(૧)**

(ભજન ક્ર. ૫, ભાગ ૩, પૃષ્ઠ ૩)

છઠ્ઠા પદ્મપ્રભુના સ્તવનમાં કવિ પ્રભુને ચૈતન્ય યોગી, હરિહર, બ્રહ્મા અને ગુરુ તરીકે સંબોધે છે તથા પોતે તેમના છાત્ર છે તેમ કલ્પના કરે છે.

**હરિહર બ્રહ્મા તું ખરો, જડ ભાવથી ન્યારો,**
**અષ્ટ રુદ્ધિ ભોક્તા સદા, ભવ તાર ઉતારો...(૨)**
**નામરૂપથી ભિન્ન તું ગુણ પર્યાય પાત્ર**
**શુદ્ધ રૂપ ઓળખાવવા; ગુરુ તું હું છાત્ર...(૩)**

(ભજન ક્ર. ૬, ભાગ ૩, પૃષ્ઠ ૪)

અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી પણ એક પદમાં પાર્શ્વનાથ પ્રભુનું સ્વરૂપ વર્ણવતા પ્રભુને રામ, રહેમાન અને બ્રહ્મા કહે છે.

**રામ કહો રહીમાન કહો, કોઉ કાન્હ કહો મહાદેવરી,**
**પારસનાથ કહો કોઈ બ્રહ્મા સકલ બ્રહ્મ સ્વયમેવરી.**

(શ્રી આનંદઘનજીનાં પદ)

ભક્તામર સ્તોત્રની પચ્ચીસમી ગાથામાં શ્રી માનતુંગસૂરિ પણ પ્રભુને 'શંકર', 'બુદ્ધ' અને 'પુરુષોત્તમ' તરીકે સંબોધે છે.

**बुद्धस्त्वमेव विबुद्धार्चित-बुद्धि-बोधात्,**
**त्वं शंकरोऽसि भुवन-त्रय-शंकरत्वात्,**
**धाताऽसि धीर ! शिव मार्ग-विधेर्विधानात्**
**व्यक्तं त्वमेव भगवान ! पुरुषोत्तमोऽसि ॥२५॥**

સાતમા જિનેશ્વર શ્રી સુપાર્શ્વનાથના સ્તવનમાં કવિ પોતાને મોહજાળમાંથી મુક્ત કરાવી ભવસાગર પર ઉતારવા વિનંતી કરે છે.

**શ્રી સુપાર્શ્વ જિનેશ્વરો પ્યારો, ભવજળધિથી તારો રે,**
**સ્થિર ઉપયોગે દિલમાં ધાર્યો, મોહ મહામલ્લ હાર્યો રે...(૧)**

(ભજન ક્ર. ૭, ભાગ ૩, પૃષ્ઠ ૪)

આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુને ચંદ્રની ઉપમા આપતા કવિ તેમને ચંદ્રની જ્યોતિ જેવા નિર્મળ દીપે છે એમ કહે છે.

**ચંદ્રની જ્યોતિ પેઠે, નિર્મળ, ચેતન જ્યોતિ દીપે રે,**
**બુદ્ધિસાગર ચેતન જ્યોતિ, સર્વ જ્યોતિને જીપે રે...(૪)**

(ભજન ક્ર. ૮, ભાગ ૩, પૃષ્ઠ ૫)

નવમા તીર્થંકર શ્રી સુવિધિ જિનનાં ભજનમાં કવિ આ. બુદ્ધિસાગરજી અષ્ટાંગ યોગ, યમ-નિયમ, પ્રાણાયામ, આસન, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિના અભ્યાસથી ચેતનશક્તિ જાગૃત થાય છે એમ સમજાવે છે.

**યમ નિયમ આસન જયકારી, પ્રાણાયામ અભ્યાસે રે,**
**પ્રત્યાહારને ધારણા ધારે, ચેતનશક્તિ પ્રકાશે રે...(૨)**
**ધ્યાન સમાધિ એ યોગનાં અંગો, પાર લહ્યા જિન દેવા રે**
**બુદ્ધિસાગર સુવિધિ જિનેશ્વર, સેવા મીઠા મેવા રે...(૩)**

(ભજન ક્ર. ૯, ભાગ ૩, પૃષ્ઠ ૫)

દશમા જિન શીતલનાથની વંદના કરતાં કવિ પ્રભુને શીતલતા કરનારા પ્રાણથી પ્યારા દર્શાવે છે.

**શીતલ જિન પતિ યતિ તતિ વંદિત, શીતલતા કરનારા રે,**
**અજ અવિનાશી શુદ્ધ શિવંકર, પ્રાણથકી તું પ્યારા રે...(૧)**

(ભજન ક્ર. ૧૦, ભાગ ૩, પૃષ્ઠ ૫)

અગિયારમાં શ્રેયાંસનાથના સ્તવનમાં કવિ મનુષ્યને પ્રભુની સેવા કરવાનો ઉપદેશ આપે છે. કવિ અગ્નિથી જેમ અગ્નિ પ્રગટે તેમ શુદ્ધ ચેતનથી શુદ્ધ ચેતના પ્રગટે એમ વર્ણવે છે.

**અગ્નિથી જેમ અગ્નિ પ્રગટે, શુદ્ધ ચેતનથી શુદ્ધ રે**
**બુદ્ધિસાગર પુષ્ટાવલંબન, ઉપાદાન ગુણ બુદ્ધ રે...(૫)**

(ભજન ક્ર. ૧૧, ભાગ ૩, પૃષ્ઠ ૬)

બારમાં વાસુપૂજ્યના સ્તવનમાં કવિએ પૂજાના ફાયદા વર્ણવ્યા છે. પ્રભુપૂજા કરતાં મનુષ્ય પોતે પણ પૂજ્ય બને છે અને અંતે મોક્ષગામી થાય છે એમ કવિ આલેખે છે.

**વાસુપૂજ્યની પૂજા કર્તા, પોતે પૂજ્ય તે થાય રે,**
**જિનવર પૂજા તે નિજ પૂજા, શુદ્ધ વિચારે સદાય રે...(૧)**

(ભજન ક્ર. ૧૨, ભાગ ૩, પૃષ્ઠ ૬)

તેરમા વિમલનાથની સ્તુતિ કરતાં કવિ આત્માના અખૂટ જ્ઞાનની અનંત શક્તિના ઉપયોગથી મુક્તિ દ્વારા ખૂલી જાય છે એમ તેમની લેખની દ્વારા લોકોને ઉપદેશ આપે છે.

**અનંત ગુણની શુદ્ધક્રિયાનો સમયે સમયે ભોગી રે**
**બુદ્ધિસાગર શુદ્ધ ક્રિયાથી, સિદ્ધ સનાતન યોગી રે...(૪)**

(ભજન ક્ર. ૧૩, ભાગ ૩, પૃષ્ઠ ૭)

ચૌદમા અનંતનાથના સ્તવનમાં પ્રભુના ગુણ ગાતા કવિ કહે છે કે કેવલજ્ઞાની પ્રભુ સપ્તભંગીથી ધર્મ પ્રબોધે છે.

**એક સમયમાં સર્વ ભાવનો, કેવલજ્ઞાની જાણે રે,**
**સપ્તભંગીથી ધર્મ પ્રબોધે, ઉપદેશક ગુણકારણે રે."...(૫)**

(ભજન ક્ર. ૧૪, ભાગ ૩, પૃષ્ઠ ૭-૮)

પંદરમા ધર્મનાથના સ્તવનમાં પ્રભુદર્શનનો મહિમા કવિ ગાય છે. તેઓ વર્ણવે છે કે પરમ કૃપાળુ ધર્મનાથને વંદન કરવાથી ભવના ફેરાનો ભય ટળી જાય છે. તથા તેમનું ધ્યાન ધરવાથી હૃદય પૂર્ણ પ્રકાશિત થાય છે.

**ધર્મ જિનેશ્વર પરમ કૃપાળુ, વંદી ભવ ભય ટાળું રે,**
**ધર્મ જિનેશ્વર ધ્યાન કર્યાથી, અંતરમાં અજવાળું રે...(૧)**

(ભજન ક્ર. ૧૫, ભાગ ૩, પૃષ્ઠ ૮)

સોળમા શાંતિનાથના સ્તવનમાં કવિ વિશ્વના જીવોને આત્મજ્ઞાનનું પાન કરાવતા કહે છે કે સકળ કર્મ છેદનથી આત્મા સાચી શાંતિ પામે છે. જ્યારે આત્મા બાહ્ય પુદ્‌ગલથી પોતાને અલિપ્ત રાખે છે ત્યારે આત્મિક સિદ્ધિનો સ્વામિ બને છે.

**કર્મ ખર્યાથી સાચી શાંતિ, ચેતન દ્રવ્યની પ્રગટે રે,**
**શાંતિ સેવે પુદ્‌ગલથી ઝટ, ચેતન સિદ્ધિ વછૂટે રે...(૪)**

(ભજન ક્ર. ૧૬, ભાગ ૩, પૃષ્ઠ ૯)

સત્તરમા કુંથુનાથના સ્તવનમાં પ્રભુના ગુણ ગાતાં અને સ્તુતિ કરતાં કવિ પ્રભુને કરુણાનાગર, દયાના ભંડાર, ચેતનમૂર્તિ તરીકે સંબોધે છે.

**કુંથું જિનેશ્વર કરુણાનાગર, ભાવદયા ભંડાર રે,**
**ચિદાનંદમય ચેતનમૂર્તિ, રૂપાતિત જયકાર રે...(૧)**

(ભજન ક્ર. ૧૭, ભાગ ૩, પૃષ્ઠ ૯)

અઢારમા અરનાથના સ્તવનમાં પ્રભુવંદનનો મહિમા ગાતા કવિ વર્ણવે છે કે વંદનથી આત્મિક શક્તિ વિકાસ પામે છે તેથી જડ-ચેતનનું જ્ઞાન થતાં આત્મા પ્રકાશી ઊઠે છે.

**શ્રી અરનાથજી વંદીએ, શુદ્ધ જ્ઞાન પ્રકાશી,**
**જડ ચેતન ભેદ જ્ઞાનથી, ટળે સકળ ઉદાસી...(૧)**

(ભજન ક્ર. ૧૮, ભાગ ૩, પૃષ્ઠ ૧૦)

ઓગણીસમા મલ્લિનાથના સ્તવનમાં કવિ આત્માની ઉન્નતિનો માર્ગ ચીંધતા કહે છે કે શુદ્ધ ઉપયોગ રાખીને બાહ્યદશા એટલે કે મોહ-માયા-ક્રોધ વગેરે કષાયોનો ત્યાગ કરીને કર્મક્ષય કરવાથી મનુષ્ય મોક્ષગામી થાય છે.

**ઉપયોગ ધરી મલ્લિ જિનેશ્વર પ્રણમી શિવ સુખ ધારીએ,**
**તજી બાહ્ય દશા શુદ્ધ રમણતા યોગે કર્મ નિવારીએ.**
**પ્રભુ મુજ સત્તા છે તુજ સમી, નિર્મળ વ્યક્તિ મુજ ચિત્ત રમી.**
**તે અશુદ્ધ પરિણતિ તુર્ત દમી...(૧)**

(ભજન ક્ર. ૧૯, ભાગ ૩, પૃષ્ઠ ૧૧)

વીસમા મુનિસુવ્રત સ્વામિના સ્તવનમાં કવિ પ્રભુના સ્વરૂપનું ધ્યાન ધરતાં વર્ણવે છે કે પ્રભુના અલખ અગોચર રૂપનું ધ્યાન દ્રવ્ય ક્ષેત્ર, કાલના ભાવ, અનુભવ યોગ અને શુદ્ધ ધ્યાનથી ભાવતાં મનુષ્ય પરમાનંદ પ્રાપ્ત કરે છે.

**મુનિસુવ્રત જિન તાહરું રે, અલખ અગોચર રૂપ, મનમાં ધ્યાવું.**
**અસંખ્ય પ્રદેશી આતમા રે, પરમેશ્વર જગ ભૂપ...(૧)**

એકવીસમા નેમિનાથના સ્તવનમાં કવિ શુદ્ધ ધ્યાનમાં પ્રભુ ભજન કરતાં પ્રભુ સાથે એકલા તન્મય થઈ જાય છે સ્વ-પર વચ્ચેનો ભેદ વિસરાઈ જાય છે અને તેથી પ્રભુ રગેરગમાં વસે છે એવા આનંદની અનુભૂતિ તેઓ વર્ણવે છે.

**તારું ધ્યાન તે માહરું, દોષ મુજથી નાશે,**
**શુદ્ધ દશાના ધ્યાનમાં, એકમેકતા ભાસે...(૬)**
**શુદ્ધ ધ્યાનમાં આવીને, રગોરગમાં વસીયો,**
**ધાતોધાત મળી ખરી, લેશ માત્ર ન ખસીયો...(૨)**

(ભજન ક્ર. ૨૧, ભાગ ૩, પૃષ્ઠ ૧૨)

બાવીસમા નેમિનાથના સ્તવનમાં કવિ પોતે રાજુલ બનીને શામળા નેમિનાથને ઉપાલંભ આપે છે. આ કાવ્યમાં કવિએ વિરહ વ્યથા અને સંયમ માર્ગને પોતાની અદ્‌ભુત શૈલીથી એકવીસ કડીમાં ગૂંથી લીધું છે. રાજુલની વિરહ વ્યથાનું વર્ણન કરતાં કવિ કહે છે કે ઋષભદેવ વગેરે જિન પણ ગૃહવાસમાં રહ્યા હતા જ્યારે નેમનાથ પ્રભુ આઠ ભવની પ્રીત છોડી વૈરાગી થયા. આમ, વિરહમાં તપતાં તપતાં રાજુલ રાગિણીમાંથી વૈરાગિણી થઈ. તેને પ્રભુ સંયમ માર્ગ દર્શાવવા જ અહીં આવ્યા હતા એમ જ્ઞાન થતાં તે પ્રભુ પાસે દીક્ષા ગ્રહણ કરે છે.

**રાજુલ કહે છે શામળા, કેમ પાછા વળીયા,**
**મુજને મૂકી નાથજી, કોનાથી હળીયા...(૧)**
**પશુ દયા મનમાં વશી, કેમ મારી ન આણો**
**સ્ત્રીને દુઃખી કરી પ્રભુ હઠ ફોગટ તાણો...(૨)**
**ઋષભાદિક તીર્થંકરા, ગૃહવાસે વસીયા**
**તેનાથી શું તમે જ્ઞાની કે, આવી દૂરે ખસીયા...(૪)**
**વિરાગી જો મન હતું કેમ તોરણ આવ્યા**
**આઠ ભવોની પ્રીતડી, લેશ મનમાં ન લાવ્યા...(૮)**
**વિરહ વ્યથાની અગ્નિમાં, બળતી મુને મુકી,**
**કાળાથી કરી પ્રીતડી, અરે પોતે હું ચૂકી...(૧૦)**
**બની વૈરાગણ નેમિની, પાસે ઝટ આવી,**
**ઉપકારી સ્વામી કર્યા, સંયમ લય આવી...(૨૫)**

(ભજન ક્ર. ૨૨, ભાગ ૩, પૃષ્ઠ ૧૩, ૧૪, ૧૫)

ત્રેવીસમા પાર્શ્વપ્રભુના સ્તવનમાં કવિ પ્રભુનું શરણ સ્વીકારવાથી શાશ્વત સુખની પ્રાપ્તિ થતાં ભવેભવનાં દુઃખ દૂર થઈ જાય છે એમ વર્ણવે છે.

**પાર્શ્વ પ્રભુ પ્રભુતામયી, મારે મોટું શરણું,**
**મેરુ અવલંબી કહો, કોણ ઝાલે તરણું...(૧)**
**ભાવ ચિંતામણી તું પ્રભુ, શાશ્વત સુખ આપે**
**ચઉ નિક્ષેપે ધ્યાવતાં, ભવનાં દુઃખ કાપે...(૨)**

(ભજન ક્ર. ૨૩, ભાગ ૩, પૃષ્ઠ ૧૫)

ચોવીસમા શ્રી મહાવીર સ્વામિ જિનરાયાના સ્તવનમાં કવિ બુદ્ધિસાગર ત્રિશલાનંદન વીર પ્રભુને મનમંદિરમાં પધારવા વિનંતી કરે છે.

**ત્રિશલા નંદન વીરજી, મન મંદિર આવો,**
**ભાવ વીરતા માહરી, પ્રભુ પ્રેમે જગાવો.**

(ભજન ક્ર. ૨૪, ભાગ ૩, પૃષ્ઠ ૧૬)

કવિએ ચોવીશીમાં પ્રભુભક્તિ, પ્રભુના ગુણગાન, પ્રભુ દર્શનનો મહિમા, આત્મઉન્નતિનો માર્ગ, શુદ્ધ ધ્યાનનો મહિમા વગેરેને હૃદયસ્પર્શી રીતે નિરૂપ્યા છે.

**કળશ :**

ચોવીસ તીર્થંકરોની વંદનાની ચોવીશી પછી ગુરુદેવ બુદ્ધિસાગરજીએ અંતમાં 'કળશ'ની રચના કરી છે. કળશ એટલે અર્ચના. એમાં પ્રભુ સ્તવન ગાવાનાં શુભ પરિણામો વિશે કહેવામાં આવે છે. કળશનાં અંતમાં કાવ્ય રચનારનું નામ તથા તેના ગુરુનું નામ વગેરે સાંકળી લેવામાં આવે છે. જે સ્થળે ચોવીશી કે પૂજાની રચના થઈ હોય તે સ્થળ અને બહુધા સાલ, તિથિ વગેરેની વિગત પણ કવિ કળશમાં આવતી કડીઓમાં દર્શાવે છે.

**સંવત ઓગણીસ ચૌસઠે, પુનમદિન સારો,**
**અષાઢ શુકલ પક્ષમાં, ગામ માણસા ધારો...(૬)**
**સુખસાગર ગુરુ પ્રેમથી, બુદ્ધિસાગર ગાવે,**
**ગાશે ધ્યાવશે જે ભવી, તે શિવસુખ પાવે...(૮)**

(કળશ, ભાગ ૩, પૃષ્ઠ ૧૭)

કવિ આચાર્ય બુદ્ધિસાગરજીએ વીશ વિરહમાન દેવો વિશે સ્તવનોની રચના કરી છે. આ વીશ દેવો મહાવિદેહક્ષેત્રમાં વિચરે છે એમ કહેવાય છે.

**વિહરમાન વીસી એટલે શું ?**

"જૈન ધર્મની માન્યતા પ્રમાણે ભરતક્ષેત્રની આગામી ચોવીસીના સાતમા તીર્થંકર નિર્વાણ પામશે અને આઠમા તીર્થંકર જન્મ લેશે તે વચ્ચે શ્રી સીમંધરસ્વામી આદિ વીસ વિહરમાન જિનેશ્વર દેવો શ્રાવણ સુદ ત્રીજને દિવસે નિર્વાણ પદ પામશે. આ વીસ જિનેશ્વર દેવોને વિશે રચાયેલાં ૨૦ સ્તવનોનો સમૂહ તે વીશી." આ વિહરમાન વીશ દેવોમાં —

| | |
|---|---|
| ૧. પ્રથમ સીમંધર સ્વામિ. | ૨. યુગમંધર જિન |
| ૩. બાહુજિન | ૪. સુબાહુ જિન |
| ૫. સુજાત પ્રભુ | ૬. સ્વયંપ્રભુ |
| ૭. ઋષભાનન | ૮. અનંતવીર્ય |
| ૯. સૂરપ્રભુ | ૧૦. વિશાલજિન |
| ૧૧. વજ્રંધર જિન | ૧૨. ચંદ્રાનનપ્રભુ |
| ૧૩. ચંદ્રબાહુ | ૧૪. ભુજંગ દેવ |
| ૧૫. ઈશ્વર જિન | ૧૬. નમિજિન |
| ૧૭. વીરસેન | ૧૮. મહાભદ્ર |
| ૧૯. દેવયશા | ૨૦. અજિતવીર્ય |

વિહરમાન દેવનાં સર્વ સ્તવનોનો પ્રારંભ તેઓ તે દેવના નામથી કરે છે. જેમકે 'સ્વામી સુબાહુ શોભતા', 'ક્ષાયિક ગુણધારી', 'સ્વયંપ્રભુ જિન જ્ઞાનથી લોકાલોક પ્રકાશી', સ્તવનની અંતિમ કડીમાં કવિએ પોતાનું નામ આલેખીને સ્વયં પ્રભુભક્તિમાં તલ્લીન થઈ પ્રભુ શરણું સ્વીકારે છે એમ રચના કરી છે. જેમ કે 'બુદ્ધિસાગર ભાવથી, પ્રભુ શરણથી રાચું.' 'બુદ્ધિસાગરને પ્રભુ, તું પ્રાણથી પ્યારો' વગેરે.

**પ્રથમ સીમંધર જિન સ્તવન :**

આ સ્તવનમાં કવિ સીમંધર પ્રભુના રૂપ અને ગુણ સ્મરણમાં રચ્યાપચ્યા રહે છે જેથી તેમનાં કર્મબંધનો હળવાં થાય છે. તેઓ દ્રવ્ય કર્મને સૈન્ય સાથે તથા ભાવકર્મને તેના સરદાર સાથે સરખાવે છે :

સીમંધર જિન રૂપમાં, હું તો રહિયો રાચી;
ભાવ કર્મને ટાળવા, શુદ્ધ પરિણતિ સાચી...(૧)
ભાવ કર્મના નાશથી, દ્રવ્યકર્મ ટળે છે,
નાયક મરવાથી યથા, સૈન્ય પાછું વળે છે...(૨)

(ભજન ક્ર. ૧, ભાગ ૩, પૃષ્ઠ ૧૮)

**પાંચમા સુજાત પ્રભુ સ્તવન :**

સુજાત પ્રભુના સ્તવનમાં કવિ પ્રભુદર્શનથી ક્રોધ, માન, માયા, લોભ એ ચારે કષાયો અદૃશ્ય થઈ જાય છે એમ વર્ણવે છે.

**સ્વામી સુજાત સોહામણા, અંતરમાં ઉતાર્યા.**
**ક્રોધાદિ ચાર વૈરિયો, પ્રભુ દેખી હાર્યા...(૧)**

(ભજન ક્ર. ૫, ભાગ ૩, પૃષ્ઠ ૩૦)

**તેરમા ચંદ્રબાહુ જિન સ્તવન :**

પ્રભુદર્શન માનવહૃદયમાં રહેલા ક્લેશ અને દુઃખને દૂર કરે છે એ ભાવ નીચેની પંક્તિઓ દ્વારા કવિ આલેખે છે.

**શુદ્ધ રૂપ તારું ખરું, સ્મરતાં ટાળે રે ક્લેશ,**
**બુદ્ધિસાગર ધ્યાનથી, આનંદ હોય હંમેશ...(૪)**

(ભજન ક્ર. ૧૩, ભાગ ૩, પૃષ્ઠ ૨૪)

**ચૌદમા ભુજંગદેવનું સ્તવન :**

આ સ્તવનમાં કવિએ વર્ણાનુપ્રાસ દ્વારા ચમત્કૃતિ આપી છે.

**ભુજંગ દેવ ભાવે ભજો, ભય સઘળા હરનાર,**
**પુરુષોત્તમ ભગવાન છો, ભાવ દયાના ભંડાર...(૧)**

(ભજન ક્ર. ૧૪, ભાગ ૩, પૃષ્ઠ ૨૪)

**વીસમા અજિતવીર્ય સ્તવન :**

આ સ્તવનમાં પ્રભુને નમસ્કાર કરવાથી મનુષ્ય સુખી થાય છે એમ વર્ણવતા કવિ પ્રભુને જગબંધવ, જગત્રાત, દીનદયાળુ, દિનમણિ વગેરે વિશેષણોથી સંબોધે છે.

**અજિતવીર્ય જિનવર નમું, જગબંધવ જગ ત્રાતા રે,**
**દીનદયાળુ દિનમણિ, નિષ્કામી સુખ દાતા રે...(૧)**

(ભજન ક્ર. ૨૦, ભાગ ૩, પૃષ્ઠ ૨૭)

વીશ વિરહમાન દેવના સ્તવનોને અંતે કવિએ 'કળશ'ની રચના કરી છે. તેમાં પ્રભુભક્તિ કરતાં પ્રભુના ગુણ ગાતાં મનુષ્યના દોષ ઓછા થાય છે તેથી તે અપાર શાંતિ અનુભવે છે એમ કવિ આલેખે છે.

**ગાયા ગાયા રે વીશ જિનવરના ગુણ ગાયા.**
**વિહરમાન જિનવર ગુણ ગાતાં, અનુભવાનંદ પાયા રે...(૧)**
**મન વાણી કાયાના દોષો, ભક્તિ કરતાં નાસે,**
**રત્નત્રયીની લક્ષ્મી પ્રગટે, પરમ પ્રભુતા પ્રકાશે રે...(૩)**

(ભજન ભાગ ૩, પૃષ્ઠ ૨૮)

આ પ્રમાણે કવિએ વિહરમાન વીશીમાં જૈન દર્શનનાં વિવિધ તત્ત્વોને વણી લીધાં છે.

**સ્થૂલિભદ્રની સજ્ઝાય :**

કવિ બુદ્ધિસાગરજીએ સ્થુલિભદ્ર પર પચાસ ગાથાની સજ્ઝાયની રચના કરી છે. તેઓ શકડાલ મંત્રીના જ્યેષ્ઠ પુત્ર હતા. યૌવનાવસ્થામાં સ્થૂલિભદ્ર કોશા નામની ગણિકાના મોહમાં રચ્યાપચ્યા રહેતા હતા, પરંતુ ભાગ્યયોગે તેમને વૈરાગ્ય ભાવ પામતાં તેમણે આચાર્ય સંભૂતિવિજય પાસે દીક્ષા લીધી હતી. તેમને દશપૂર્વ સુધિનું જ્ઞાન હતું. ગુરુની અનુમતિથી તેમણે ચાતુર્માસ કોશા ગણિકાને ત્યાં કર્યું. જ્યાં તેઓએ અનેકવિધ પ્રલોભનોનો સામનો કરી સંપૂર્ણ સંયમ અને ચારિત્ર પાળ્યું. ગુરુએ તેમના કાર્યને 'અતિદુષ્કર' કહીને બિરદાવ્યું હતું.

કોશા વેશ્યા સાધુ સ્થૂલિભદ્રને પોતાની મોહજાળમાં સપડાવવા ઘણી કોશિશ કરે છે તે કહે છે, 'યોગી થઈને અહીં આવવાનું શું પ્રયોજન ?' એમ સંવાદ દ્વારા કવિ આ પ્રસિદ્ધ ઐતિહાસિક કથાનું આલેખન કરે છે.

**કોશા કહે સ્થૂલિભદ્રનો, વિનતી અલબેલા,**
**નવરસ રંગે રીજીયે, આ ભોગની વેળા...(૧)**
**યોગીનો વેષ કેમ ધર્યો, ભોગી નવરસ ભમરા,**
**વૈરાગી અહીં કેમ આવીયા, થઈ ડાહ્યા ડમરા...(૨)**

(ભાગ ૩, પૃષ્ઠ ૩૦)

કવિ આ સજ્ઝાય સંવાદમાં સ્થૂલિભદ્રની મનની વાત આલેખતા કહે છે કે સ્થૂલિભદ્ર પોતે કોશાને સમજાવવા આવ્યા છે કે ભોગ ભોગવવામાં સાચું સુખ નથી. મોહથી આકર્ષાઈ પ્રેમરસ પીનારા વિષયસુખને સુખ માનનારા કોઈ સુખી થતાં નથી.

**શાણી થઈ કેમ ભૂલતી, વાત તત્ત્વની સારી,**
**નવરસમાં શું સુખ છે, બોલ બોલ વિચારી...(૬)**
**પ્રેમના પ્યાલા મોહથી, પીનારા દુઃખી,**
**ક્ષણિક વિષયાનંદમાં, કોઈ થાય ન સુખી...(૧૪)**

કવિ સ્થૂલિભદ્રના મનના ભાવ આલેખતા આગળ જણાવે છે કે પોતે ત્યાં બોધ આપવા આવ્યો છે. ગુરુની સંગતમાં સંયમ તપની આરાધના કરવાથી સાચું સુખ મળ્યું તથા મોહરૂપી અંધકારનો નાશ થયો.

**બોધ દેવાને આવિયો, યોગી વૈરાગી,**
**રાગ થકી નહિ આવિયો, બ્રહ્મ જ્ઞાનથી જાગી...(૧૨)**
**અવઘટ ઘાટ ઓળંગવા, ગુરુ મળીયો સાચો.**
**બ્રહ્મચર્ય ધરી મોહને, ઝટ માર્યો તમાચો...(૪૧)**
**કોશા શ્રાવિકા થઈ, વળી શિવપુર વાટે,**

**સમકિત રત્ન આપિયું, વસતિના જ સાટે...(૪૨)**
**સદ્‌ગુરુ સંગત યોગથી, વેશ્યા સુખ પામી,**
**રત્નત્રયીને સાધતાં, થઈ સુખ વિશ્રામી...(૪૪)**

(ભાગ ૩, પૃષ્ઠ ૩૦ થી ૩૪)

કવિ આ કથામાં સાધુ સ્થૂલિભદ્રના સમજાવટથી કોશા વેશ્યામાંથી શ્રાવિકા બની રત્નત્રયી-જ્ઞાન-દર્શન-ચારિત્રની સાધના કરી શિવસુખ પામી એમ વર્ણવે છે.

**પ્રભુપ્રાપ્તિ સ્વાધ્યાય :**

કવિ પ્રભુને પ્રાપ્ત કરવાના સરળ ઉપાયો નીચીની પંક્તિઓમાં સૂચવે છે :

**પરમ પ્રભુની પ્રાપ્તિ કરવા, નીતિ રીતિ રાખો રે,**
**પરમ પ્રભુની ભક્તિથી ઝટ, અનુભવ અમૃત ચાખો રે...(૧)**

(ભાગ ૩, પૃષ્ઠ ૪૦-૪૧)

**કલિયુગના શેઠિયાઓ :**

આ કટાક્ષ કાવ્યમાં કવિ પૈસા કમાવવા પાછળ આંધળી દોટ મૂકતા માનવીની તુલના 'વેઠિયા મજૂર' સાથે કરે છે. માનવી પાસે પૈસા આવતા દેવ, ગુરુ, ધર્મ સર્વ ભૂલી જઈ મોજશોખમાં ગળાડૂબ થઈ જાય છે અને જ્યારે ચંચળ લક્ષ્મી હાથમાંથી સરી જાય છે ત્યારે ખૂબ પશ્ચાત્તાપ કરે છે. કવિ દ્વારા રચાયેલા આવાં ભજનો સાંભળીને માનવી પોતાની ભૂલો સુધારી સન્માર્ગે પ્રયાણ કરવા લાગે છે.

**નહીં ધર્મનું ભાન, માનના જે પૂજારી,**
**નહીં ગુરુમાં પ્યાર, નારી તો ગુરુથી પ્યારી,**
**જ્યાં ત્યાં જગમાં દેખ જો બહુ લાખો પતિ જે શેઠિયા,**
**પૂજક નહીં છે દેવના તે નારીના છે વેઠિયા...(૧)**
**બણી ઠણીને ધમ ધમ ગાડી જે દોડાવે,**
**નાત જાતને કુલજનોનું ભૂંડું જે ગાવે,**
**રાગ ધરીને આંખો ફાડી નાટક જોવે,**
**લક્ષ્મી ગયાથી અશ્રુ ઢાળી ક્ષણમાં રોવે...(૪)**

(ભાગ ૩, પૃષ્ઠ ૪૧-૪૨)

**ખટપટ ત્યાગ :**

પરભવમાં કાયા, માયા, મમતા સાથે કંઈ જ આવતું નથી માટે મનુષ્યે સર્વ ખટપટનો ત્યાગ કરી આત્માને જ્ઞાની બનાવવા પ્રયત્ન કરવો જોઈએ એવો ઉપદેશ કવિ બુદ્ધિસાગરજી 'ખટપટ ત્યાગ'ના ભજનમાં આપે છે.

**"તન ધન મંદિર માળીયાં, કોઈ સાથ ન આવે.**
**ચેત ચેત અરે આતમા, કેમ મમતા ધરાવે"...(૨)**

(ભાગ ૩, પૃષ્ઠ ૪૫-૪૬)

**અસાર સંસાર :**

કવિનો સંસારની અસારતા વિશેનો ઉપદેશ આ કાવ્યમાં ઝળકે છે.

**આ સંસાર અસાર છે, જન્મ મૃત્યુથી ભરિયો,**
**રોગ શોકથી વ્યાપ્ત છે, મહાદુ:ખનો દરિયો...(૧)**

**વર્તમાનકાળ સુધારો :**

'વર્તમાનકાળ સુધારો' ભજનમાં કવિએ એકસો સડસઠ કડીની રચના કરી છે. આ ભજનમાં મનુષ્યને દોષરહિત થવા માટેની સચોટ સલાહ છે. મનુષ્યે પોતાના જીવનમાં ભૂતકાળમાં કરેલા કર્મો, પાપો, ભૂલો, ખોટા વિચારો એ સર્વને તિલાંજલિ આપી વર્તમાન સમયને સુધારી લેવો જોઈએ એમ તેઓ નીચેની કડીઓમાં નિરૂપે છે :

**ભૂતકાળમાં બાંધ્યાં કર્મો, વર્તમાનમાં ટળતાં રે,**
**વર્તે તે વર્તમાન કાળમાં, પ્રાણી શિવપુર વળતાં રે...(૪)**
**ભૂતકાળમાં બાંધ્યાં કર્મો, વર્તમાનમાં આવે રે,**
**ઉદયાગત દ્વિવિધ કર્મોથી ધ્યાને ભિન્ન સુહાવે રે...(૯)**

જે માનવી વર્તમાનમાં પાપ કરે છે તે ભવિષ્યમાં દુ:ખી થાય છે, પરંતુ જે પોતાનો સમય ધર્મધ્યાનમાં વિતાવે છે તે કદી દુ:ખી થતો નથી એમ કવિ નીચેની પંક્તિમાં વર્ણવે છે.

**વર્તમાનમાં પાપ કર્યાથી, ભવિષ્યકાળે દુ:ખી રે,**
**વર્તમાનમાં ધ્યાન વિના તો, કદી ન થાશો સુખી રે...(૨૬)**

વર્તમાન સમય એ મોટામાં મોટો અવસર છે. એ ચૂકી ગયા પછી ફરી આવતો નથી માટે ધર્માચરણને કદી વીસરવું ન જોઈએ. એમ કવિ નીચેની પંક્તિઓમાં આલેખે છે.

**વર્તમાનનું ટાણું મોટું, પહોંચે કદી ન નાણું રે,**
**વર્તમાનમાં ધર્માચારે, હોવે શિવપુર આણું રે...(૩૭)**

કવિ બુદ્ધિસાગરજી આ ભજનમાં આગળની પંક્તિઓમાં મનુષ્યને હરહંમેશ ઉચ્ચ ભાવના ભાવવા માટે કહે છે. તેઓ ઉપદેશે છે કે જગતનાં સર્વ જીવો સિદ્ધ સમાન છે માટે કોઈ સાથે પણ દ્વેષભાવ રાખવો નહિ.

**લટપટ ખટપટ ઝટપટ ત્યાગી, ધીર વીરતા ધારી રે,**
**ઉચ્ચ ભાવના ક્ષણ ક્ષણ કરીએ, અનુભવ અમૃત ક્યારી રે...(૬૨)**
**કોઈ નહીં જગતમાં મારું દ્વેષી, દ્વેષી કોઈ ન મારો રે,**
**જીવો સર્વે સિદ્ધ સમા છે, ઉચ્ચ ભાવો જયકારો રે...(૬૩)**

ઉચ્ચ ભાવનાનો મહિમા ગાતા આ ભજનમાં કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે કે યોગીઓ ઉચ્ચ ભાવનાથી જ અનેક સિદ્ધિઓના સ્વામિ બને છે.

**જાતિ વૈર તજીને પશુઓ, યોગી પાસે બેસે રે,**
**ઉચ્ચ ભાવનો અદ્‌ભુત મહિમા, સમજુ ચિત્ત પ્રવેશે રે...(૧૩૫)**
**યોગીજનનાં શરીર વાયુથી, સર્પાદિક વિષ નાશે રે,**
**ઉચ્ચ ભાવનો અદ્‌ભુત મહિમા, સમજુને સમજાશે રે...(૧૩૭)**

અહિં કવિ મનુષ્યને આગળ વધવા માટે પ્રોત્સાહિત કરે છે. નીચેની પંક્તિઓમાં કવિ ઉપદેશ આપે છે કે મનુષ્યે પોતાના આત્માના વિકાસ માટે શુદ્ધ મન વડે નૈતિકતાની ભાવનાથી પ્રયત્ન કરવો જોઈએ. કોઈ પણ કાર્ય કરવામાં આવી પડતી મુશ્કેલીઓનો ધૈર્યથી સામનો કરવાથી વિજય અચૂક મળે જ છે.

**ઉત્તમ નીતિ ઉત્તમ રીતિ નિર્મલ મનડું કરીએ રે**
**સંકટ પડતાં ધૈર્ય ધરીને, જયલક્ષ્મી ઝટ વરીએ રે...(૧૦૬)**

જ્યારે મનુષ્ય કંઈક ઉત્તમ કાર્ય કરવા માટે આગળ વધે છે ત્યારે ઘણાં વિઘ્નો આવે છે. ઘણા ધર્મવિરોધી કે મૂર્ખ વ્યક્તિઓ કંઈક ને કંઈક અણછતી ટીકાઓ કરતા હોય છે, પરંતુ તેઓ પર જરા પણ ક્રોધ ન કરતાં આત્મ સ્વભાવમાં લીન બની શુભ માર્ગ પર આગળ પ્રયાણ કરતાં જ રહેવું જેથી ટીકા કરનારાઓ આપોઆપ જ ચૂપ થઈ જશે. આ વાત કવિ નીચેની પંક્તિઓમાં સ્પષ્ટ કરે છે.

**કોઈક ક્રોધી કપટી કહેશે, સમતા લેશ ન છંડો રે**
**ક્રોધ કપટથી ન્યારો ચેતન, ઉચ્ચ ભાવ નહીં ખંડો રે...(૧૧૧)**

કવિ બુદ્ધિસાગરજીને ગુરુકૃપાથી મનમાં જે સ્ફુરણાઓ થઈ તેનો આ કાવ્યમાં ભવ્ય જીવોને ઉપદેશ આપ્યો છે. તેઓ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે કે અનુભવ જ્ઞાનથી જ શાશ્વત સુખ પ્રાપ્ત થાય છે. જે સમય પાસે છે તેને જે ધર્મ આરાધનામાં ગાળે તે જ શિવસુખ પામે છે એ પ્રમાણે પ્રસ્તુત 'વર્તમાન સુધારો' કાવ્યમાં દર્શાવ્યું છે :

**ગુરુકૃપાથી મનમાં આવી, સ્ફુરણા અત્રે પ્રકાશી રે,**
**બુદ્ધિસાગર અનુભવ જ્ઞાને, શાશ્વત સુખ વિલાસી રે...(૧૬૪)**
**મળ્યા વખતની સાર્થકતા છે, ધર્મપંથમાં ગાળે રે,**
**સમ્યક્ ભાવે ભણશે ગણશે, તે શિવમંદિર મ્હાલે રે...(૧૬૫)**

(ભાગ ૩, પૃષ્ઠ ૪૬ થી ૬૦)

**આત્મ પ્રેમાનંદ :**

કવિ બુદ્ધિસાગરજીએ આત્મધ્યાનના અનુભવથી જાણ્યું કે આત્માના આનંદ સિવાયનું જીવન શુષ્ક છે માટે માનવીએ સુખી થવા માટે હંમેશાં વૈર, ઝેર, નિંદા વગેરે કુટેવો છોડી હંમેશા આનંદમાં રહેવું જોઈએ તે વાત કવિ નીચેની પંક્તિઓમાં દર્શાવે છે :

**આત્મપ્રેમ આનંદ વિનાનું, જીવન લુખું છે, જગમાં,**
**આત્મધ્યાનથી અનુભવીને, આનંદ વ્યાપ્યો રગરગમાં...(૧)**
**વૈરઝેર, નિંદાની ટેવો, આત્મ પ્રેમથી શીઘ્ર ટળે,**
**શત્રુઓ મિત્રો ઝટ થાવે, અકળ કળાને કોણ મળે...(૧૩)**

(ભાગ ૩, પૃષ્ઠ ૬૦ થી ૬૩)

**આત્મજ્ઞાનીના ઉદગાર :**

કવિ બુદ્ધિસાગરજી જ્ઞાની આત્માના સ્વભાવનું ચિત્રણ કરતાં કહે છે કે આત્માનું અનંત સુખ મળ્યા પછી જ્ઞાની આત્મા જ્ઞાનધ્યાનમાં મગ્ન રહે છે. તેને દુનિયાની પરવાહ રહેતી નથી. કોઈ વ્યક્તિ જ્ઞાની આત્માની નિંદા કરે કે વંદના કરે, પરંતુ આત્માની ઉચ્ચ દશાને લીધે એના પર અસર થતી નથી.

**નિંદો કોઈક વંદો કોઈક, દુનિયાની પરવાહ નથી,**
**મનમાં આવે તેવું માનો, લ્યો શું અમૃત વારિ મથી...(૩)**
**અલખની અવધૂત દશામાં, જગનું સ્વપ્નું ભુલાયું.**
**હું-તુંનો સહુ ભેદ ગયો દૂર, ભૂલ્યો સહુ મિથ્યા ગાયું...(૫)**

(ભાગ ૩, પૃષ્ઠ ૭૦)

**આત્મદેશમાં અનંત સુખ :**

આ ભજનમાં કવિ 'માયા હંમેશાં દુઃખદાયી હોય છે' એમ દર્શાવે છે. આત્મપ્રદેશમાં મનુષ્યે ધ્યાન ધરીને નીરખવાથી સર્વ સુખનો અનુભવ થાય છે એમ કવિ જ્ઞાન આપે છે.

**દુઃખ દેનારા માયા દેશો, માયા દુઃખની છે ક્યારી,**
**સુરતા સાધો અલખ દેશમાં, અલખ દેશની બલિહારી...(૭)**

(ભાગ ૩, પૃષ્ઠ ૭૦-૭૧)

**યોગવિષય :**

અધ્યાત્મ યોગી, યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજીએ યોગવિદ્યા સાધી હતી. તેમના આ ભજનમાં તેમણે અનુભવેલી અધ્યાત્મ સુખની લહેરીઓનું અમૃતપાન સર્વને કરાવ્યું છે. નાભિબિંદુમાં સુરતા સાધીને તેમણે આત્માની અનંતશક્તિ જાગૃત કરી અને એ શક્તિ પ્રાપ્ત થયા પછી કોઈ જ ઈચ્છા બાકી રહેતી નથી.

નાભિ કમલમાં સુરતા સાધી, ગગન ગુફામાં વાસ કર્યો,
ભૂલાણી સહુ દુનિયાદારી, ચેતન નિજ ઘરમાંહિ ઠર્યો...(૧)
ઈન્દ્રાસનની પણ નહિ ઈચ્છા, વંદન પૂજન માન ટળ્યું.
અલખ નિરંજન સ્વામી મળિયો જલબિંદુ જલધિમાં ભળ્યું...(૩)

(ભાગ ૩, પૃષ્ઠ ૭૯)

**વૈરાગ્ય અમૃત :**

કવિની તીવ્ર વૈરાગ્ય દશા તેમના આ ભજનમાં દૃષ્ટિગોચર થાય છે. જગતની મિથ્યા મોહમાયાનું સ્વરૂપ તેઓ નીચેની પંક્તિમાં વર્ણવે છે :

મ્હારું માને ફોગટ પ્રાણી, ત્હારું કોઈ ન થાનારું,
સગાંસંબંધી ગાડી લાડી, અંતે સર્વે જાનારું...(૨)

(ભાગ ૩, પૃષ્ઠ ૮૦)

**અલ્પજ્ઞાન હાનિ :**

કવિ નીચેની પંક્તિમાં અલ્પ જ્ઞાનથી નુકસાન થાય છે એમ ઉપદેશ આપતાં કહે છે કે ઓછા જ્ઞાન વડે ઘણી વાર સત્ય-અસત્ય વચ્ચે ભેદ પારખવામાં મુશ્કેલી ઊભી થાય છે અને અંતે નુકસાન થાય છે માટે સદ્‌ગુરુની કૃપા મેળવીને મનુષ્યે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

અલ્પજ્ઞાનથી અવળી વાટે, મનુષ્યનું મનડું જાશે,
જેવું હરાયું ઢોર ભમે છે, તેવું મનડું ભટકાશે...(૨)
"ગુરુ કૃપા મેળવવી વિનયે, ગુરુકૃપાથી જ્ઞાન મળે
સદ્‌ગુરુ પદ પંકજના સેવક, મુક્તિપુરીમાં જઈ ભળે... (૮)

(ભાગ ૩, પૃષ્ઠ ૯૧)

**કરવા લાયક શિષ્ય :**

કવિ સાધુ સમાજ પર કટાક્ષ કરતા આ ભજનમાં કહે છે કે સાધુઓએ કોઈ પણ વ્યક્તિને પોતાનો શિષ્ય બનાવતાં પહેલાં તેની યોગ્યતા આંકી લેવી જોઈએ. ઘણી વાર સંસારના દુઃખથી કંટાળીને દીક્ષા લેનારી વ્યક્તિઓમાં સાચી વૈરાગ્યની ભાવના ન હોવાને લીધે તેઓ શ્રદ્ધાથી વિનય વડે ગુરુઆજ્ઞા નહિ પાળતા શાસનોન્નતિ કરી શકતા નથી એમ કવિ નીચેની પંક્તિમાં ઉપદેશ આપે છે.

વિના વિચારે શિષ્ય કરો નહિ, શિક્ષાવણ નહિ દ્યો દીક્ષા,
વિનેય શિષ્યો કોઈક વિરલા, પુનઃ પુનઃ કરશો ઈક્ષા...(૧)
દુઃખના માર્યા શિષ્યો થાવે, પાળે નહિ ગુરુની આણા,
વિનય વિનાનાં ઢોર હરાયાં, જેવા જ્યાં ત્યાં છવરાણા...(૨)

(ભાગ ૩, પૃષ્ઠ ૯૯)

# ગહુંલી

**ગહુંલીનું સ્વરૂપ :**

જૈન કાવ્યસાહિત્યમાં ગહુંલીની રચનાઓમાં અન્ય કાવ્ય પ્રકારોની માફક સાધુ કવિઓએ કલમ ચલાવી છે. ગેય, દેશી કે પ્રચલિત ગરબા ગરબીની ઢાળમાં ગહુંલીઓ રચાઈ છે. તેમાં મુખ્યત્વે ગુરુ મહિમા ગાવામાં આવે છે.

દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણમાં ગુરુ કેન્દ્રસ્થાને છે. ગુરુ પોતાના વિશિષ્ટ જ્ઞાનથી દેવ એટલે કે વીતરાગનું સ્વરૂપ વિસ્તારથી સમજાવે છે. વીતરાગનો ધર્મ શું છે ? તે વિશે પણ વૈવિધ્યપૂર્ણ માહિતી આપે છે. જૈન સમાજમાં વ્યાખ્યાનનો મહિમા વિશેષ છે. ધર્મના સ્વરૂપને સમજવા માટે વ્યાખ્યાન સાંભળવું અનિવાર્ય છે. જૈનેતરોની કથા શ્રવણની પ્રવૃત્તિની તુલનામાં વ્યાખ્યાન કંઈક જુદી જ પ્રવૃત્તિ છે. તેમાં જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો, આગમ ગ્રંથો અને અન્ય પૂર્વાચાર્યો વિરચિત ગ્રંથોના સંદર્ભથી કથા કે દૃષ્ટાંતનો આશ્રય લઈને વિશ્લેષણ કરવામાં આવે છે. પરિણામે વ્યાખ્યાન, શ્રવણ શ્રોતાઓને હૃદયસ્પર્શી બની ધર્મ પામવાની અનેરી ધન્ય પળ પ્રાપ્ત કરાવે છે. આ ધર્મ શ્રવણ ત્યાગ અને વૈરાગ્યના બીજારોપણની મહત્ત્વની કામગીરી પણ કરે છે. સંસારની મોહમાયામાં ફસાયેલા લોકોને વ્યાખ્યાન દ્વારા ધાર્મિક જ્ઞાન આપીને અનન્ય ઉપકાર કરનાર ગુરુને વિસ્મૃત કેવી રીતે કરાય ? આવા ગુરુનો મહિમા ગહુંલી દ્વારા ગાવામાં આવે છે. વ્યાખ્યાનના મધ્યમાં ગહુંલી ગાવાની જૈનસમાજની પ્રચલિત પ્રણાલિકા છે. ગહુંલીનું મધુર કંઠે શ્રવણ એ વ્યાખ્યાનનું અનેરું અંગ પણ છે. ગહુંલીમાં ગુરુ મહિમા ઉપરાંત વ્યાખ્યાનના વિષયોને પણ આવરી લેવામાં આવે છે. પર્વના દિવસો, તહેવારો, ધાર્મિક મહોત્સવો, દીક્ષા પ્રતિષ્ઠા યાત્રા વગેરેને પણ વિષય બનાવીને ગહુંલીઓ રચાયેલી છે.

ભજનસંગ્રહના ભાગ ત્રીજામાં કવિએ તેર ગહુંલીઓ આપી છે. એમાં ગુરુવંદન, ગુરુ મહિમા, જિનધર્મ વગેરે વિષયોને કવિએ આવરી લીધા છે.

**મુનિવરનો શ્રાવકને ઉપદેશ :**

કવિ આ ગહુંલીમાં સદ્‌ગુરુ મુનિ દ્વારા શ્રાવકોને ઉપદેશ આપે છે. મુનિ શ્રાવકોને સંસારમાં અશુભ કર્મો કર્યા વગર દેવગુરુનું આરાધન કરતાં જલકમલવત્ રહેવાનો ઉપદેશ નીચેની પંક્તિમાં આપે છે :

સદ્‌ગુરુ મુનિવર શ્રાવકને ઉપદેશે જો,
પડો ન શ્રાવક પાપ કર્મના કલેશે જો,
દેવગુરુનું આરાધન નિશદિન કરો જો...(૧)
કમળ રહે છે જલમાંહિ નિશદિન જો,
જોશો તે વર્તે છે જલથી ભિન્ન જો,
સંસારે લેપાતા નહિ શ્રાવક ખરા જો...(૨)

(ભાગ ૩, પૃષ્ઠ ૧૪૫)

**મુનિનો ઉપદેશ :**

આ ગહુંલીમાં કવિ ગુરુનો ઉપદેશ ગ્રહણ કરી તેનું યથાર્થ પાલન કરવા શ્રાવકને વિનંતી કરે છે.

**મુનિવરના ઉપદેશે મનડું વાળીએ,**
**કહેણી જેવી રહેણી રાખો ભવ્ય જો,**
**વ્રત ઉચ્ચરીએ મુનિની પાસે પ્રેમથી,**
**માનવ ભવનું સાચું એ કર્તવ્ય જો...(૧)**

(ભાગ ૩, પૃષ્ઠ ૧૫૧-૧૫૨)

**ગુરુવંદન :**

બહેનો એકબીજાને ગુરુવંદન કરવા જવા માટે આમંત્રે છે. એ રીતે કવિ આ ગહુંલીનો પ્રારંભ કરે છે. ગુરુ સાધુ ધર્મ અને શ્રાવક ધર્મ પ્રવર્તાવે છે જે શ્રવણ કરવાથી અનેક જન્મનાં કર્મો ક્ષય થાય છે.

**બેનો ચાલો ગુરુજીને વંદીએ, ઉપદેશે છે જિન ધર્મ,**
**સાધુ શ્રાવક ધર્મ બે ભાખતા, તેથી નાસે સઘળાં રે કર્મ...(૧)**

**જિનવાણી ગહુંલી :**

નીચેની પંક્તિમાં કવિ પોતાની મનોદશા વર્ણવે છે. તેમનું મન પ્રભુભક્તિમાં એટલું એકાકાર થઈ ગયું કે તેમને પ્રભુ સિવાયની કોઈ વાતમાં રુચિ રહી નહિ.

**મારું મન મોહ્યું જિનવાણીમાં, અતિ આનંદ ઉભરાય.**
**અન્ય વાત પ્રસન્ન ન આવતી. કોને દિલની વાત કહેવાય...(૧)**

આ પ્રમાણે ગહુલીમાં ઉપદેશ, ગુરુવંદના, પ્રભુવાણી જેવા અનેક વિષયોને કેન્દ્રમાં રાખીને ગાવામાં આવે છે.

**આત્મ સ્વરૂપ ગ્રંથ :**

મનુષ્યને પોતાના આયુષ્યની કદી જાણ થતી નથી માટે અલ્પ સમયમાં આત્મહિત સાધવા માટે જિનવાણીનું યથાર્થ પાલન અનિવાર્ય છે. જીનેશ્વર દેવો દ્વારા દર્શાવેલ આત્મજ્ઞાનનું પૂર્ણસ્વરૂપ પ્રભુ ભક્તિમાર્ગે નીતિ-નિયમથી ચાલતા યથાર્થપણે સમજાય છે. કવિ બુદ્ધિસાગરજીએ આત્મજ્ઞાનનું આજ સ્વરૂપ પ્રસ્તુત ગ્રંથમાં દુહાઓ દ્વારા સરળ રીતે સમજાવ્યું છે.

દુહાઓ ગેય હોવાથી શ્રોતાઓ એને ગાઈને તથા સાંભળીને જીવનમાં ઉતારી શકે છે. કવિએ ભજન પદસંગ્રહ ભાગ ૩માં 'આત્મસ્વરૂપ ગ્રંથ' શીર્ષક હેઠળ બસો પંચાવન દુહાઓની સરળ ગુજરાતી ભાષામાં રચના કરી છે.

કવિ પ્રથમ દુહામાં પરમાત્માનું સ્વરૂપ દર્શાવતાં કહે છે કે પરમાત્મા ચિદાનંદ સ્વરૂપ છે.

**શુદ્ધ બુદ્ધ પરમાત્મા, અવિનાશી ચિદ્રૂપ**
**અખંડ અજરામર વિભુ, ચિદાનંદ સુખરૂપ...(૧)**

કવિ કર્મરૂપી ઉપાધી ટાળવા માટે આત્મજ્ઞાન સમજાવતાં વર્ણવે છે કે -

**કર્મોપાધિયોગથી આતમ ભેદ કહાય.**
**કર્મોપાધિ જો ટળે, ભેદભાવ દૂર જાય...(૪)**

કવિ લોકોને આત્માના રૂપની સાદી સમજ આપતાં દર્શાવે છે કે આત્માના ત્રણ પ્રકાર હોય છે એટલે કે આત્મા ત્રણ સ્વરૂપે મનુષ્ય શરીરમાં બિરાજેલો હોય છે : (૧) બહિરઆત્મા, (૨) અંતરઆત્મા, (૩) પરમાત્મા.

**બહિર અંતર આતમા, પરમાતમ ત્રણ ભેદ**
**તેનાં લક્ષણ જુજવાં, સમય વાણીથી વેદ...(૫)**

કવિ લોકોને બહિર્આત્મા સ્વરૂપ સમજાવતાં કહે છે કે લોકો બાહ્ય પુદ્ગલમાં જ રાચતા રહે છે. સારું ભોજન આરોગીને બની ઠનીને ફરીને જિંદગી પૂરી કરે છે. મનુષ્ય ખોટા તર્ક-વિતર્ક કરીને પોતે જે કરે તે સંપૂર્ણ સત્ય અને બીજા કરે તે અસત્ય એમ સમજીને ભ્રમણામાં જ જીવન ગુમાવે છે. આવી અસત્ય ભાવનાથી પાપકર્મ બંધાતાં મનુષ્ય ભવના ફેરામાં ફર્યા કરે છે. આચાર્ય બુદ્ધિસાગરજી લોકોને આ જંજાળમાંથી મુક્ત થવાનો સંદેશ નીચેની પંક્તિમાં આપે છે :

**ખાવું, પીવું, પહેરવું, જગમાં માને સાર,**
**બહિર્આતમ પદ પ્રાણિયા, લહે ન તત્ત્વ વિચાર...(૮)**
**બાહિર્ દૃષ્ટિ તેહની, ભૂલે ભવમાં ફોક**
**એળે જન્મ ગુમાવતાં, શું ત્યાં કરિયે શોધ...(૧૦)**

કવિ નીચેના દુહાઓમાં લોકો કેવી રીતે અશુભ કર્મ તરફ ખેંચાઈ જાય છે તે સમજાવતાં કહે છે કે કર્મની અકળ ગતિ વિશે લોકો અજાણ હોવાથી પાપ-પુણ્ય, સ્વર્ગ-નરક, ભગવાન એ બધાને કલ્પનાના વિષય સમજીને દાન-પુણ્ય, તપ, જપ, સદ્ગુરુની સંગતિ કરવાને બદલે બાહ્ય આડંબરમાં ફસાઈને વિવેકદૃષ્ટિ ગુમાવી દે છે.

**પરભવ કોણે દેખિયો, ક્યાં ઈશ્વર દેખાય.**
**ખાવું, પીવું, પહેરવું, સત્યપણે મન લાય...(૧૮)**
**પુણ્ય પાપ દીસે નહીં, સ્વર્ગ બતાવો ભાઈ**
**પાપ-પુણ્યની કલ્પના, જગમાં બડી ઠગાઈ...(૧૯)**
**ભોળા ત્યાં ભરમાય છે, કરે વિચારો એમ,**
**બહિરાતમ પદ વાસિયા, ભવજલધિ તરે કેમ...(૨૦)**

કવિ આ સર્વ દુહાઓનો પોતે જ ઉત્તર આપીને સમજાવતાં વર્ણવે છે કે આપણા જે પિતામહ થઈ ગયા એમને આપણે જોયા નથી છતાં પણ માનીએ છીએ. જે રીતે ઠંડી કે ગરમી દેખાતી નથી પણ અનુભવાય છે તે જ પ્રમાણે કર્મના પુદ્ગલો જ્યારે સારું કે ખરાબ ફળ આપે છે ત્યારે જે તે જ્ઞાન ચક્ષુ વડે અનુભવાય.

**પરભવ કોને દેખિયો, એનો ઉત્તર એમ**
**સર્વજ્ઞે દીઠો સદા, જ્ઞાનદષ્ટિથી તેમ...(૩૫)**
**ઈશ્વર ક્યાં દેખાય એમ, વદે વિકલ જન વાણ,**
**જ્ઞાનદષ્ટિથી સહુ ઘટે, શું ત્યાં તાણાતણ...(૩૬)**
**ચક્ષુથી દેખાય જે, માન તેહ પ્રમાણ**
**પિતામહાદિક થૈ ગયા, શું છે ત્યાં એંધાણ...(૩૭)**
**સૂર્ય, ચંદ્ર ગ્રહાદિકો, ભાખ્યા સૂત્ર મઝાર,**
**સ્વર્ગ, નરક પણ ભાખિયાં, સત્યપણે તે ધાર...(૪૭)**

(ભ.સં. ભાગ ૩, પૃષ્ઠ ૧૬૩-૧૬૪)

કવિ નીચેની પંક્તિઓમાં જીવનું સ્વરૂપ દર્શાવતા જણાવે છે કે જીવ કર્મરૂપી પુદ્ગલ સ્કંધ ગ્રહીને અવતાર ધારણ કરે છે. જેવાં કર્મ જેવો જન્મ જીવને મળે છે.

**પુદ્ગલ સ્કંધો કર્મરૂપ, ગ્રહી કરે અવતાર,**
**નિશ્ચયથી અરૂપ પણ, રૂપી નય વ્યવહાર...(૭૨)**
**અંધા બહેરા બોબડા, કર્મ થકી ઉપજાય.**
**યશ અપકીર્તિ માનપાન, ચેતન એ સહુ પાય...(૭૩)**

(ભ.સં. ભાગ ૩, પૃષ્ઠ ૧૬૬)

આત્મા તે જ પરમાત્મા છે અને જ્યારે એનાં સર્વ કર્મનો ક્ષય થાય છે ત્યારે તે શુદ્ધ બુદ્ધ સિદ્ધ બને છે એમ કવિ નીચેની પંક્તિઓ દ્વારા સ્પષ્ટ કરે છે :

**આતમ તે પરમાતમા, અનંત આતમ જાણ,**
**કર્મક્ષયેથી સિદ્ધબુદ્ધ, ચિદાનંદ ભગવાન...(૯૪)**
**સિદ્ધ બુદ્ધ પરમાતમા, જેવા સિદ્ધ મઝાર,**
**તેવો હું છું આતમા, ફેરફાર નહીં ધાર...(૧૩૭)**

(ભજન સં., ભાગ ૩, પૃષ્ઠ ૧૬૮, ૧૭૨)

મનની ચંચળતા દર્શાવતા કવિ કહે છે કે મન ઘણું ચંચળ હોય છે જ્યારે મન માયા, મોહ અને દ્વેષમાં લપેટાયેલું હોય ત્યારે ધ્યાનમાં તે ચોટતું નથી. માટે મનને જીતીને મુક્તિમાર્ગે પ્રયાણ કરી ભવના ફેરા ટાળવા જોઈએ.

આડું અવળું દોડતું, મનડું મોટું ઝેર,
યાવત્ મન નવી જીતીયું, તાવત્ છે અંધેર...(૧૬૨)
મન ચંચળતા શું કરે, મન ચંચળતા વાર,
મુક્તિ સન્મુખ મન કરો, પામો ભવજલ પાર...(૧૬૩)

નીચેની પંક્તિઓમાં કર્મનું સ્વરૂપ દર્શાવતાં કવિ કહે છે કે મનુષ્ય પોતાના કર્મ પ્રમાણે રાજા કે રંક થાય છે. જે મનુષ્ય શુભ કર્મ કરતાં તૃષ્ણાને વશ કરી પ્રભુ ધ્યાનમાં સમર્પિત થઈ જાય એને જ દુનિયા પૂજે છે.

રાજા રંક ને બાદશાહ, એ સહુ દુનિયા ખેલ,
ત્હારું નહીં એમાં જરા, મમતા પુદ્‌ગલ મેલ...(૧૮૨)
સૌથી મોટો શ્રેષ્ઠ તું, દુનિયા છે તુજ દાસ,
આશાદાસી વશ કરી, કર તું ધ્યાને વાસ...(૧૮૩)

કવિ આ ગ્રંથના અંતમાં મનુષ્યે આત્માની ઉન્નત દશા પ્રાપ્ત કરવા માટે મનમાં 'સોડહં'નો પ્રાદુર્ભાવ કરી પરમાત્માનું સ્વરૂપ ચિંતવવું જોઈએ એમ સમજાવે છે.

"પરમાતમ તે હું સદા, સિદ્ધ બુદ્ધનો ભાઈ,
સોહં સોહં અનુભવે, સાચી હોઈ સગાઈ"...(૨૦૭)

મનુષ્યનું આયુષ્ય કર્માધીન છે. સકળ કર્મક્ષય થવાથી જ તે મોક્ષ મેળવે છે એમ કવિ નીચેની પંક્તિમાં દર્શાવે છે :

આયુઃ કર્મોદય થકી, વિચરે મહીતલ પીઠ,
સર્વ કર્મના અંતથી, પામે શિવપુર ઈષ્ટ...(૨૩૨)

કવિ 'આત્મસ્વરૂપ ગ્રંથ'ના અંતિમ દુહામાં ધરણેન્દ્રદેવ, પાર્શ્વયક્ષ અને પદ્માવતી દેવીને મંગળ કામના કરે છે.

ધરણેન્દ્ર પદ્માવતી, પાર્શ્વયક્ષ ગુણશાલ,
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, કરશો મંગળ માળ...(૨૫૫)

(ભજન સં., ભાગ ૩, પૃષ્ઠ ૧૮૧)

**ચેતનશક્તિ ગ્રંથ :**

કવિ બુદ્ધિસાગરજી ઉપકારી, મંગલકારી અરિહંત પ્રભુને પ્રણામ કરી આ ગ્રંથ 'ચેતનશક્તિ ગ્રંથ' પ્રારંભ કરે છે. આ ગ્રંથમાં આત્માની અનંત શક્તિનો મહિમા વર્ણવતાં **ચુંમોતેર** દુહાઓ છે.

કવિ આત્મશક્તિના વિકાસનો મહિમા વર્ણવતાં કહે છે કે તેઓએ ૐકાર મંત્રનું ધ્યાન કરી સરસ્વતી દેવીની આરાધના કરી ચેતનશક્તિને જાગૃત કરી. પ્રભુનું ધ્યાન ધરતાં તેમનામાં શક્તિનો સ્રોત વહેતો થયો તથા પરા, પશ્યંતિ, વૈખરી વગેરે વિદ્યાઓ વશમાં થઈ.

હંસગામિની સરસ્વતિ ઘટઘટમાં વ્યાપી,
પરાપશ્યંતી ધ્યાને મનમાં મુનિએ થાપી,
અંતરમાં ઉદ્યોગ સદા તેનાથી થાવે,
શબ્દ સૃષ્ટિનું બીજ યોગીના મનમાં ભાવે,
આદ્ય શક્તિ બ્રહ્મની છે. જગતમાં જયજયકારી,
બુદ્ધિસાગર બીજ મંત્રે સરસ્વતી ઘટમાં વરી...(૩)

(ભજન સં., ભાગ ૩, પૃષ્ઠ ૧૮૨)

નીચેની પંક્તિઓમાં કવિ આત્મશક્તિના વિકાસની રીત દર્શાવતાં કહે છે કે તપ, જપ, સંયમ અને ધ્યાનથી સર્વ લબ્ધિ પ્રાપ્ત થાય છે.

તપ જપ સંયમથી ચેતનની શક્તિ વૃદ્ધિ,
પિંડસ્થાદિક ધ્યાન ધર્યાથી પ્રગટે ઋદ્ધિ,
અઠ્ઠાવીસ લબ્ધિ આતમની શક્તિ સાચી,
ચેતન તન્મય ચિત્ત કરીને રહીએ રાચી.
મંત્ર હઠને રાજ યોગે જ ચૈતન્ય શક્તિ ભક્તિ છે.
બુદ્ધિસાગર ધ્યાન યોગે પ્રગટતી નિજ શક્તિ છે...(૨૦)

(ભજન સંગ્રહ, ભાગ ૩, પૃષ્ઠ ૧૮૬)

કવિ બુદ્ધિસાગરજી 'આત્મ શક્તિ ગ્રંથ'ના અંતિમ દુહાઓમાં આત્મશક્તિ ખીલવવાના અનેક ઉપાયો વર્ણવ્યા છે. મનુષ્ય હંમેશાં પ્રભુ સ્મરણ કરે, પ્રભુ ગુણ ગાય અને શ્વાસોચ્છ્વાસે ધ્યાન કરે તો આત્મ સુખનો સાક્ષાત્કાર કરી શકે.

શ્વાસોશ્વાસે ધ્યાન લગાવો ચિન્મય થાવા.
શ્વાસોશ્વાસે પ્રભુ ગુણ ગાવો શિવપુર જાવા,
શ્વાસોશ્વાસે અલખ નિરંજન પ્રેમે ધ્યાવો.
શ્વાસોશ્વાસે પરમ મહોદય મંગલ પાવો,
સપ્તરાજ ઊંચું જવું પણ જીવને બહુ સહેલ છે,
બુદ્ધિસાગર સહજ યોગે આત્મસુખનો ખેલ છે...(૬૧)

(ભજન સં., ભાગ ૩, પૃષ્ઠ ૧૯૬)

કવિએ 'ચેતનશક્તિ ગ્રંથ'ની રચના તારંગામાં પ્રભુ અજિત જિનનાં દર્શન કરી સંવત ૧૯૬૪ ચૈત્ર અમાવસ્યાના દિને એક જ દિવસમાં કરી છે.

તારંગા શ્રી અજિત જિનેશ્વર દર્શન કીધું,
ચઉ નિક્ષેપે જિન દર્શન સ્પર્શન સુખ લીધું,
નિશ્ચય ચેતન શક્તિ સાથે અજિત જિનેશ્વર
વ્યક્તિથી છે ભિન્ન ગુણોથી સદૃશ સુખકર
ઓગણીશ ચોસઠ સાલ ચૈત્રની અમાવસ્યાએ કર્યો
બુદ્ધિસાગર ચેતનશક્તિ ગ્રંથ મંગલ પદ ભર્યો...(૭૪)

(ભજન સં., ભાગ ૩, પૃષ્ઠ ૧૯૯)

**પ્રીતિવર્ણન :**

કવિ બુદ્ધિસાગરજીએ પ્રીતિ-પ્રેમ વિશે સુંદર ભજનની રચના કરી છે. સામાન્ય જનોને સમજાય એવાં દૃષ્ટાંત આપી ભાવવાહી વર્ણન તેમણે કર્યું છે.

દૂધ મીઠું, સાકર મીઠી, મીઠી ઘેબર ઘારી રે
સહુથી મીઠી પ્રીત જગમાં સમજો નર ને નારી રે...(૫)
પ્રીતિ આગળ સર્વ નકામું પ્રીતિ સુખની કયારી રે,
બુદ્ધિસાગર ધાર્મિક પ્રીતિ ધરજો નર ને નારી રે...(૧૦)

(ભ. સંગ્રહ, ભાગ ૩, પૃષ્ઠ ૨૦૩)

કવિ બુદ્ધિસાગરજી કેળવણીનો મહિમા અપરંપાર છે એ દર્શાવતા તેમના પ્રસ્તુત ભજનમાં પચીસ કડીઓ છે. કવિ કેળવણીનો પ્રચાર કરતાં આલેખે છે કે કેળવણી પામેલ વ્યક્તિ એટલે કે શિક્ષિત વ્યક્તિ નિંદા, કૂથલી, હિંસા વગેરે કુટેવોથી દૂર રહે છે. તે દાન, દયા પુણ્ય વગેરે સદ્‌ગુણોની વૃદ્ધિ કરી અનંત સુખનો સ્વામી બને છે.

કેળવણીથી ચેતન સુધરે, નિંદા વિકથા જાવે રે,
ધાર્મિક કેળવણી ખીલવતાં, શાશ્વત સુખડાં પાવે રે...(૧૧)
હિંસાદિક દોષોને હણવા, કેળવણી છે પહેલી રે,
દયાદાન ગુણ વૃદ્ધિ માટે, કેળવણી છે વહેલી રે...(૧૨)
ગુરુગમ કેળવણી પામીને, લહીએ શાશ્વત સિદ્ધિ રે
બુદ્ધિસાગર મંગલમાળા, રત્નત્રયીની ઋદ્ધિ રે...(૨૫)

(ભજનસંગ્રહ, ભાગ ૩, પૃષ્ઠ ૨૦૬-૨૦૭)

આ ભજનસંગ્રહ ભાગ ૩માં કવિ બુદ્ધિસાગરજીએ વર્તમાન ચોવીશી, વિહરમાન વીશી, સજ્ઝાયો, સ્તવનો, સ્તુતિઓ, ગહુંલીઓ વગેરેની અદ્‌ભુત અને અદ્વિતીય રચનાઓ કરી છે. આ સંગ્રહમાં તેમણે મનુષ્યને બોધ આપતી રચનાઓનો સમાવેશ પણ કર્યો છે. જેમાં અલ્પજ્ઞાન, હાનિ, વ્યવહાર ધર્મ, કલિયુગના શેઠિયાઓને, ચિંતા, ઈર્ષ્યા, ખટપટ, જગતની ખટપટ, ધૈર્ય, કેળવણી, ઉચ્ચ બોધ, આત્મબોધ, હેતુબોધ, પરમ બોધ, સાપેક્ષ બોધ, સત્ય બોધ વગેરે અગણિત વિષયોને સમાવી લીધા છે.

આ ગ્રંથમાં કવિએ વર્તમાનકાળ સુધારો, આત્મ સ્વરૂપ, ચેતન સ્વરૂપ, વગેરે વિષયો પર પ્રચુર માત્રામાં દુહાઓનું સર્જન કરીને તેને નાના ગ્રંથોનું સ્વરૂપ આપ્યું.

## ભજનસંગ્રહ ભાગ ૪

કવિ બુદ્ધિસાગરજીએ ભજનસંગ્રહ ૪માં ચોવીશી, આપબડાઈ, બાહ્યાડંબર, અનિષ્ટ રૂઢિઓ વગેરે વિવિધ વિષયો પર ઉપદેશાત્મક ભજનો રચ્યાં છે. આ ઉપરાંત આ ગ્રંથમાં કવિએ જૂની ગુજરાતી ભાષામાં સંવત ૧૩૨૭માં રચાયેલ 'સતા ક્ષેત્રનો રાસ'નું સંશોધન કરીને સમાવેશ કર્યો છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયની કૃતિઓ 'શ્રી પંચપરમેષ્ઠિ ગીતા', 'શ્રી સમુદ્ર વહાણ સંવાદ' અને 'બ્રહ્મગીતા'નું સંશોધન પણ આચાર્ય બુદ્ધિસાગરજીએ કરીને આ ગ્રંથમાં સમાવ્યું છે.

આ ભજનસંગ્રહની પ્રસ્તાવના વરસોડા નિવાસી પંડિત ભોળાનાથ શર્માએ લખી છે. તેઓ લખે છે, "મહાપુરુષો અધ્યાત્મજ્ઞાનનો ઉપદેશ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આપે છે જે જન્માંતરમાં પણ નષ્ટ થતું નથી. પ્રત્યક્ષ રીતે ઉપદેશ મહાપુરુષો તેમની હયાતીમાં આપે છે અને તેમના દ્વારા રચેલા ગ્રંથો વડે તેઓ ભવિષ્યની પ્રજાને પણ ઉપદેશ આપતા જ રહે છે."

શ્રી પંડિત ભોળાનાથજી, બુદ્ધિસાગરજીની સરખામણી આધ્યાત્મિક કવિ તરીકે શ્રી આનંદઘનજી અને શ્રી ચિદાનંદજી સાથે કરતાં પ્રસ્તાવનામાં આગળ લખે છે :

"શ્રીમાન બુદ્ધિસાગરજીને અમો જૈનોમાં તો આનંદઘનજી અને ચિદાનંદજીની જોડમાં ભેળવીને એ ત્રણની ત્રિપુટી કરી આહ્‌લાદીએ છીએ, કારણ કે ઉપરોક્ત મહાત્માઓના વિચારો સ્વઆત્મનિષ્ઠતાની કવિતાઓમાં કવચિત ભિન્ન જણાતા નથી. અમો હદ બહાર જઈ વખાણતા નથી. પણ હૃદયપૂર્વકની લાગણી સાથે કહીએ છીએ કે આત્મજ્ઞાન, સ્વદેશોદય, વ્યવહારોદય માટે સર્વે જણને આ ભાગ બહુ ઉપયોગી છે. જૈનોના તીર્થંકરોની સ્તુતિઓ એમાં સમાયેલી છે તે જૈનોને અતિ ઉપયોગી છે. પણ દયા, દાન, તપસ્યા, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય યોગ આદિના વિષયો લખવા નિર્લોભતાએ જનકલ્યાણ માટે જ એ વિરક્ત પુરુષે જે પ્રયત્ન કર્યો છે તેને ધન્યવાદ આપીએ છીએ."

## ચોવીશી (બીજી)

**ઋષભદેવ સ્તવન :**

ભજનસંગ્રહ ભાગ ચારનો પ્રારંભ કવિ ચોવીશ તીર્થંકરમાંથી પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના સ્તવનથી કરે છે. આ ચોવીશીનાં સ્તવનો કોઈ સાત કડીના કે કોઈ આઠ કડીના છે. કવિએ આ સ્તવનોની રચનામાં વિવિધ રાગોનો ઉપયોગ કર્યો છે. ઋષભદેવ પ્રભુને વંદના વારંવાર હોજો એમ કહીને આર્જવ ભાવે તેમના હૃદયમાં સ્થિત પ્રભુપ્રેમના ઊંડા ભાવોનું દર્શન એમની લેખિની દ્વારા વાચકને કરાવે છે :

**ઋષભ જિનેશ્વર વંદના, હોજો વારંવાર.**
**પુરુષોત્તમ ભગવાન, નિરાકાર સંત છો, ગુણ પર્યાય આધાર.**
**ઉત્પત્તિ વ્યય ધ્રૌવ્યતા, એક સમયમાં હિ જોય,**
**પર્યાયાર્થિક નયથી વ્યય ઉત્પત્તિ છે, હૃદય થકી ધ્રુવ હોય...(૧)**

(ભાગ ૪, પૃષ્ઠ ૧)

**અભિનંદન સ્વામિ સ્તવન :**

ચોથા અભિનંદન સ્વામિના સ્તવનમાં કવિએ પ્રભુ સ્મરણ, ધ્યાન અને યોગથી મળતાં અનંત સુખનો મહિમા ગાયો છે :

**અભિનંદન જિનરૂપને, ધ્યાનમાં સ્મરણથી ભાવું રે,**
**ધ્યાનમાં લીનતા યોગથી, સુખ અનંત ઘટ પાવું રે...(૧)**
**મન વચન કાયના યોગની, સ્થિરતા જેહ પ્રમાણ રે,**
**તદનુગત વીર્યતા ઉલ્લાસે, ભાવ ક્ષયોપક્ષમ સુખ ખાણ રે...(૨)**

(ભાગ ૪, પૃષ્ઠ ૪)

**ચંદ્રપ્રભુ સ્વામિ સ્તવન :**

આ સ્તવનમાં કવિએ આઠમા ચંદ્રપ્રભુ સ્વામિને અનંત ગુણ લક્ષ્મીના દરિયા તરીકે સંબોધી પ્રભુને તેઓ ચિદાનંદ ઘનસ્વરૂપે જુએ છે :

**ચંદ્રપ્રભુ પદ રાચું હો, ચિદ્દ્ઘન, ચંદ્ર પ્રભુ પદ રાચું,**
**મન માન્યું એ સાચું હો, ચિદ્દ્ઘન ચંદ્રપ્રભુ પદ રાચું.**
**શુદ્ધ અખંડ અનંત ગુણ લક્ષ્મી, તેના પ્રભુ તમે દરિયા,**
**સત્તાએ જ્ઞાનાદિક લક્ષ્મી, વ્યક્તિપણે તમે વરિયા હો....(૧)**

(ભાગ ૪, પૃષ્ઠ ૯)

**નેમિજિન સ્તવન :**

કવિ બાવીસમા નેમિનાથની સ્તુતિ કરતાં પ્રભુને આર્જવ ભાવે વંદના કરે છે અને પ્રભુને મનમંદિરિયે પધારવા આમંત્રણ આપે છે.

નેમિજિનેશ્વર વંદના, હોજો વાર હજાર,
ત્રિકરણ યોગે રે સેવના, પ્રીતિ ભક્તિ ઉદાર...(૧)
સાલંબન ધ્યાને પ્રભુ, દિલમાં આવો સનાથ,
ઉપયોગે તુજ ધારણા, આવાગમન તે નાથ...(૨)

(ભાગ ૪, પૃષ્ઠ ૨૪)

**પાર્શ્વનાથ સ્તવન :**

કવિ બુદ્ધિસાગરજી પાર્શ્વપ્રભુના સ્તવનમાં કહે છે કે પ્રભુએ કેવલજ્ઞાનથી લોકાલોક પ્રકાશ્યો. ધ્યાનમાં ધ્યાવતા પ્રભુને તેઓ પોતાના હૃદયમાં આવી વસવા પ્રાર્થે છે :

પૂર્ણાનંદમાં રે, પાર્શ્વપ્રભુ જયકારી,
ધ્રુવતા શુદ્ધતા રે, શાશ્વત સુખ ભંડારી...(૧)
કેવલજ્ઞાનથી રે લોકાલોક પ્રકાશો,
ધ્યાતા ધ્યાનમાં રે, સાહિબ નિજ ઘર વાસો...(૨)

(ભાગ ૪, પૃષ્ઠ ૨૫)

ઉપરોક્ત ચોવીશીના સ્તવનોમાં ગુણ, પર્યાય, નય, ધ્યાન, યોગ તથા પ્રભુભક્તિ વગેરે તત્ત્વોને અતિ સરળ રીતે ગુંથી લીધા છે.

**બાહ્ય ક્રિયા આડંબર :**

આ જગતમાં લોકો ધર્મનો મર્મ સમજ્યા વગર ઉપરછલ્લેથી ફક્ત દેખાવ ખાતર ધાર્મિક ક્રિયાઓ કરે છે જે કશું કામનું નથી. સત્ય સમજીને સાધ્યનો ખ્યાલ સતત મનમાં રાખીને ક્રિયાઓ કરવી જોઈએ એમ કવિ કવિ નીચેની પંક્તિઓમાં ઉપદેશ આપે છે :

બાહ્ય ક્રિયા આડંબરમાં ભૂલ્યા ભોળા નર ને નારી રે !
ઉપર ઉપરથી ધર્મની બુદ્ધિ, ભટકે જગ બહુ ભારી રે...(૧)
સાધ્ય સાધનનું જ્ઞાન ન હોયે, મૂઢ મતિથી ચાલે રે !
સત્ય વાતને નિશ્ચય નય કહે, મન આવે ત્યાં મહાલે રે...(૨)

(ભાગ ૪, પૃષ્ઠ ૮૨)

સાધુ બનતાં પહેલાં મનને કાબૂમાં રાખતાં શીખવું જોઈએ. એક વાર સાધુવેશ પહેર્યા પછી બીજાની નિંદા કરવાથી ધર્મની હાનિ થાય છે. એવો ઉપદેશ કવિ નીચેની પંક્તિઓમાં આપે છે :

મન સુધર્યા વિણ શિશ મુંડાવે, વેશ પ્રભુનો બજાવે રે !
એક એકનાં છિદ્ર જ શોધે, મૂઢની આગળ ફાવે રે...(૪)

(ભાગ ૪, પૃષ્ઠ ૮૨)

**શુદ્ધ બ્રહ્મજ્ઞાન :**

કવિ બુદ્ધિસાગરજી ધ્યાન અને યોગવિદ્યામાં ખૂબ નિપુણ હતા. તેઓ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ કેવી રીતે થાય છે તે નીચેની પંક્તિઓમાં વર્ણવે છે. પ્રભુને ચિદાનંદ સ્વરૂપે પૂજ્યા પછી અલખની અવધૂત દશામાં સર્વ નાડીઓ ઈડા, પિંગલા સુષુમ્ણા વશ થાય છે અને ધ્યાન સમાધિમાં આત્મા બ્રહ્મરૂપ થાય છે :

શુદ્ધ ચિદ્‌ઘન રૂપને ધ્યાવું રે, શુદ્ધ ચિદ્‌ઘન રંગને ધ્યાવું રે...
કામને મારી મોહને હઠાવી બ્રહ્મરૂપ હોઈ જાઉં રે...(૧)
અલખની અવધૂત દશામાં, ક્યાંઈ ન જાવું આવું રે.
અનહદ તુર બજાવી દયાને, મોહનું જોર હઠાવું રે...(૨)
સુરતા લાગી કબુ ન છૂટે, પ્રભુ મળે હરખાવું રે
ઈડા પિંગલા સુષુમ્ણા સાધી, બ્રહ્મરંધ્રમાં જાવું રે...(૪)

(ભાગ ૪, પૃષ્ઠ ૪૨)

**ઉપાધ્યાયજી સ્તવનમ્ :**

આચાર્ય બુદ્ધિસાગરજીએ સંવત ૧૯૬૫માં ફાગણ સુદ અગિયારસના દિને ડભોઈમાં ઉપાધ્યાય યશોવિજયની પાદુકાના દર્શન કર્યાં. તેમના અગણિત ગુણ દર્શાવતાં સ્તવન, ગહુંલી વગેરેની રચના આચાર્યશ્રીએ કરી. પ્રસ્તુત સ્તવનમાં આચાર્ય બુદ્ધિસાગરજી, ઉપાધ્યાયજીને વંદન કરીને પંચમહાવ્રતધારી, અનેકાંત નયધારી, ગીતાર્થ, જ્ઞાની, ધ્યાની, ઉપકારી તરીકે સંબોધીને તેમણે એકસો ઈઠોત્તેરથી વધુ ગ્રંથ સંસ્કૃતમાં રચ્યા છે એવી માહિતી આપે છે.

વંદુ સદ્‌ગુરુના પદપંકજ, યશોવિજય જયકારી રે,
ઉપાધ્યાયજી જ્ઞાની, ધ્યાની, ભાવદયા ઉપકારી રે...(૧)
અષ્ટોત્તર શત ગ્રંથ અધિક શુભ, સંસ્કૃત રચના સારી રે,
જિન શાસનની ઉન્નતિ કીધી, સંવિગ્ન પક્ષ વધારી રે...(૨)
જિનશાસનના ધોરી કલિયુગ, ગીતારથ અનગારી રે
દીર્ઘદષ્ટિ જિનશાસન રક્ષક, ધ્યાને ઘટ ઉજિયારી રે...(૬)
પ્રાણજીવન મુજ હૃદયના સ્વામી, જંગમ તીર્થ સુધારી રે
તુજ વિરહે મુજ ચેન પડે નહિ, દર્શન દ્યો સુખકારી રે...(૭)

(ભાગ ૪, પૃષ્ઠ ૪૩)

**બ્રહ્મગીતા :**

આચાર્ય બુદ્ધિસાગરજીએ ઉપાધ્યાયશ્રી યશોવિજયજી દ્વારા રચાયેલો અપ્રગટ કૃતિ 'બ્રહ્મગીતા'નું સંશોધન કર્યું. આ કૃતિ શ્રી જંબુસ્વામિ મહારાજ પર રચાયેલી છે. ઉપાધ્યાયજી આ કૃતિ સરસ્વતી દેવીને પ્રણામ કરીને શરૂ કરે છે તથા અંતમાં ગુરુસ્મરણ કરતાં કૃતિ પૂર્ણ કરે છે.

સમરીય સરસ્વતી વિશ્વમાતા, હોયે કવિરાજ જસધ્યાન ધ્યાતા,
કરિય રંગરસ ભરિ બ્રહ્મગીતા, વરણવું જંબુ ગુણ જગ વદીતા...(૧)

**રાગ : ફાગ**

**બ્રહ્મચારી સિર સેહરો, બ્રહ્મ મનોહર જ્ઞાન,**
**બ્રહ્મવતીમાંહિ સુંદર, બ્રહ્મધુરંધર ધ્યાન.**
**મોહ અબ્રહ્મ નિવારણ તારણ તરણ જિહાજ.**
**જંબુ કુમાર ગુણ થુણતાં જ જન્મ કૃતારથ આજ...(૨)**

**અંતિમ કડી**

**ખંભ નગર થુણ્યા ચિત્ત હરખે.**
**જંબુ વસુભુવન મુનિ ચંદ વરખે,**
**શ્રી નયવિજય બુધ સુગુરુ સીસ,**
**કહે અધિક પુરચો મનય જગીસ...(૩૦)**

(ભાગ ૪, પૃષ્ઠ ૨૬૦-૨૬૫)

શ્રી બુદ્ધિસાગરજીએ સંવત ૧૩૨૭ની સાલમાં ગુર્જર ભાષામાં રચાયેલા "સાત ક્ષેત્રનો રાસ"નું સંશોધન કર્યું. આ રાસ જૂની ગુજરાતી ભાષામાં રચાયેલો છે, તે ખંભાતના ગ્રંથભંડારમાંથી મળ્યો. એને શુદ્ધ કરીને કઠિન શબ્દોના ભાવાર્થ સાથે ભાગ ચારમાં ગુરુદેવે સ્થાન આપ્યું છે.

જેમ કે -

**ધુનુધુન - ધન્ય ધન્ય**
**નાણુ પહાણુ - જ્ઞાન પ્રધાન**
**ચઉથઉ ભાગ - ચતુર્થ ભાગ**
**તિહુયણસાસ - ત્રિભુવન સાર**

સાત ક્ષેત્ર એટલે જિનમંદિર, જીર્ણોદ્ધાર, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા અને જ્ઞાન. વીતરાગને પ્રણામ કરીને આ રાસનો પ્રારંભ કરાયો છે.

॥ૐ નમો વીતરાગાય॥

સવિ અરિહંત નમેવિ, સિદ્ધ સૂરિ ઉવજ્ઝાય
પનર કર્મભૂમિ સાહૂ, તીહ પણમિય પાય...(૧)
"ધુનુ ધુનુ તેજિ સંસારે, જિહં જિણવસ સ્વામી,
ગુરુ સુસાહુ જિણભણિક, ધમ્મુ સુઝાઈ ગામી...(૩)

ઉપરોક્ત ત્રીજી ગાથાનો ભાવાર્થ કવિ બુદ્ધિસાગરે આ ગ્રંથમાં આપ્યો છે, જે આ પ્રમાણે છે : "જ્યાં જિનેશ્વર સ્વામી છે તે દેવ તરીકે છે, સુસાધુ ગુરુરૂપ છે. સુગતિ દેનાર જિન કથિત ધર્મ એ ત્રણ રત્નની જેને પ્રાપ્તિ થઈ છે તે જીવ જગતમાં ધન્ય છે."

(ભાગ ૪, પૃષ્ઠ ૨૪૧)

આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીના ભ.સં. ભાગ-૪ના ભજનોમાં અલખની અનેરી ખુમારીનાં દર્શન થાય છે. આ ભજનોમાં કર્તા બાહ્યવૃત્તિમાંથી નિવૃત્ત થઈને સ્વાત્મલક્ષમાં ઊંડા ઊતરીને આત્મભાવની ઉચ્ચ પરાકાષ્ટા પર પહોંચી જાય છે. 'દેહ તંબુરા' વિશે કવિ નીચેના ભજનમાં હૃદયાકર્ષક રીતે આત્મખુમારી, યોગવિશે અને તત્ત્વજ્ઞાનનું અતિ ઉત્કૃષ્ટ આલેખન કરે છે.

"દેહ તંબુરો સાત સાધુનો
રચના તેની લેશ બની
ઈડા પિંગળા અને સુષુમ્ણા
નાડીની શોભા અજબ ઘણી
દેહ તંબૂરો અલખ ધૂનમાં, પરા પશ્યંતીથી વાગે,
જાગૃત તુર્યાવસ્થામાંહી ચેતન યથાક્રમે જાગે
દેહ તંબૂરો વગાડનારો, ચિદાનંદ ઘટમાં જાગે,
બુદ્ધિસાગર અલખ ધૂનમાં, અનંત સુખ છે વૈરાગ્યે.

(ભાગ ૪, પૃષ્ઠ ૧૨)

કવિએ આ ઉપરાંત સ્વદેશોદય, વ્યવહારોદય જેવા વિષયો પર પણ ભજનો રચ્યાં છે. આ ભજનોની ભાષા ઉચ્ચ કક્ષાની છે. કવિએ જનકલ્યાણ માટે દયા, દાન, તપસ્યા, જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય, યોગ વિશે ઘણાં ભજનો નિરૂપ્યાં છે. આ સર્વ ભજનોમાં આપણને બુદ્ધિસાગરજી એક સત્યાગ્રહી, જ્ઞાની, યોગી, આત્મનિષ્ઠ અને પરોપકાર પરાયણ એવા પુરુષરૂપે પ્રગટ થતાં દેખાય છે.

●●●

## ભજનસંગ્રહ ભાગ ૫

આચાર્ય બુદ્ધિસાગરજી કૃત ભજનસંગ્રહ ભાગ ૫માં ગઝલ અને ગીતનો સમાવેશ વધુ છે જેમાં એમનું કોમળ કવિહૃદય છતું થાય છે. તેમની ગઝલોમાં શબ્દો ખૂબ જ ભાવવાહી સૂરમાં રેલાય છે જેથી વાચક એને આનંદથી માણી શકે.

**અલખ ફકીરીની મસ્તી :**

અલખ અવધૂત ફકીરીની મસ્ત ગઝલો વાંચતાં જ સાધુ-ફકીરના વેશમાં ફરતાં કોઈ સંતનું સ્વરૂપ આંખ સામે ખડું થઈ જાય છે. અલખ સાધુઓ દુનિયાની પરવાહ કર્યા વગર નિસ્પૃહ જીવન ગુજારતાં પ્રભુની ધૂનમાં મસ્ત થઈને વિચરે છે. તેઓ સર્વ મનુષ્યનાં દુઃખ દૂર કરવા પ્રયત્નશીલ હોય છે એમ કવિ ગઝલની નીચેની પંક્તિઓમાં વર્ણવે છે.

**અમો ઉસ્તાદના ચેલા, ફકીરી વેશમાં ફરતા**
**નથી દુનિયા તણી પરવા, અલખની ધૂનમાં રહેતાં,**
**જગાવીશું હૃદયગુફા, ધ્રુજાવીશું વિકલ્પોને**
**જગાવીશું ચિદાત્માને, નથી લેવું નથી દેવું.**

(ભજન સં., ભાગ ૫, પૃષ્ઠ ૧૧૦)

**મ્હારી ત્યાગ દશા :**

કવિ સાધુજીવન સ્વીકારતા પહેલાં સર્વ દુન્યવી વસ્તુઓનો ત્યાગ કરવો પડે છે તેનો ચિતાર નીચેની પંક્તિઓમાં આપે છે. પ્રભુપ્રાપ્તિની ખેવનામાં મોહમાયાથી દૂર રહેવા માતા-પિતા, ભાઈ-બહેન, મિત્રો સર્વનો ત્યાગ કરી ફકીરી વેશ ધારણ કરાય છે. એમ કવિ આલેખે છે :

**ત્યજ્યાં માતા-પિતા ભ્રાતા, ત્યજ્યાં વહાલાં સગા સર્વે,**
**ત્યજી બહેનો ત્યજ્યા મિત્રો, પ્રભુ ઓ સર્વ તુજ માટે...(૧)**
**ત્યજાઈ દેહની મમતા, નિરંજન નિત્ય નિરધાર્યો**
**અકલ તારું સ્વરૂપ જોવા, ફકીરી વેશ લીધો મ્હેં...(૨)**
**નથી લેવું, નથી દેવું, નથી પરવા અમીરીની,**
**બુદ્ધયબ્ધિની ફકીરીમાં, અમીરી બાદશાહીની...(૧૨)**

(ભજન સંગ્રહ, ભાગ ૫, પૃષ્ઠ ૧૧૮)

**વીરરસ :**

વીરરસથી નીતરતી ગઝલોમાં કવિ મનુષ્યને કર્મયોગી થવાનો ઉપદેશ આપે છે. તેઓ વીર, બળવાન અને નિર્માલ્ય જન વચ્ચેનો ભેદ સમજાવે છે. નિર્માલ્ય મનુષ્ય કંઈ પણ ધર્મ-કર્મ કરવા શક્તિમાન હોતો નથી માટે તેઓ પ્રત્યેક માનવીને વીર બનવા હાકલ કરે છે.

વીર રસનો તો અનુભવ જાણે, મર્દ જનોકી છાતી,
પતિવ્રતા પતિવ્રત કું જાણે, કુલટા લાતો ખાતી.
અનુભવ એવો અટપટો રે, વચને નહિ કહેવાતો,
વાગ્યાં ભાલડીયાં તે જાણે, અનુભવ જ્ઞાની પાતો.

(ભજન સંગ્રહ, ભાગ ૫, 'જૈન' રોપ્ય અંક ૧૯૭)

**નગુરા - બેકદર જગતમાં ક્યાંય ખરા માનવ નથી મળતા :**

આ જગતમાં ખરા માનવો શોધ્યા જડતાં નથી. બહુ ઓછા માણસોમાં માણસાઈ રહી છે. સંતો ઉપદેશ આપે તે વિનયથી ગ્રહવા માટે લાયક વ્યક્તિઓ જવલ્લે જ જોવા મળે છે એમ કવિ નીચેની પંક્તિમાં આલેખે છે :

કહું કોને ? ન કહેવાતું, અધિકારી નથી મળતા,
ચળે તે ચિત્તાના મેલા, નથી લેતા વિનયથી તે...(૧)
પડ્યો દુષ્કાળ પ્રેમીનો, મળે વિશ્વાસઘાતીઓ,
મળે નહિ ચિત્તમાં પ્રેમે, અધિકારી ખરા નહીં તો...(૨)

કવિ આ જ ગઝલમાં બીજી પંક્તિઓમાં વર્ણવે છે કે આ મતલબી દુનિયામાં કોઈને માનની તો કોઈને કીર્તિની અભિલાષા હોય છે. સ્વાર્થી સિવાયની સાચી પ્રીતિ કે દોસ્તી ભાગ્યે જ જોવા મળે છે :

કંઈ તો માનના ભૂખ્યા, પૂજારી કીર્તિના કોઈ,
હૃદયના સ્વાર્થમાં રમતા, નથી યારી નથી પરવાહ...(૫)

કવિ નીચેની પંક્તિઓમાં સાચા હૃદયથી પ્રેમ કરવાવાળી વ્યક્તિઓ બહુ ઓછી હોય છે એમ નિર્દેશ કરતા કહે છે કે આ દુનિયામાં નિઃસ્વાર્થ પ્રેમ મળવો દુર્લભ છે. અહીંયાં બધા રૂપના પૂજારી અને રૂપના ગુલામોની વચમાં ખરા અંતઃકરણથી ચાહવાવાળાને શોધવા મુશ્કેલ છે.

ગુલામો કોઈ ગોરીના, ત્વચાના રંગમાં મોહ્યા,
નથી અંતર ખરા પ્રેમી, નથી તો પ્રેમ મસ્તાના...(૬)
અમે તો એ જ નિર્ધાર્યું, ફકીરી વેશમાં ગાયું !
બુધ્ધ્યબ્ધિ સત્ય સર્વત્ર, અપેક્ષાએ વિચારી લો...(૧૩)

(ભાગ ૫, પૃષ્ઠ ૧૧૮)

આચાર્ય બુદ્ધિસાગરજી તેમની દીક્ષાનો ઉદ્દેશ્ય સમજાવતાં કહે છે કે તેઓએ જગતને ઉપદેશ આપવા લોકકલ્યાણ માટે દીક્ષા લીધી છે. વિશ્વમાં સર્વત્ર જૈન ધર્મનો ફેલાવો થાય એ આશયથી 'યાહોમ' કરીને ઝુકાવી દીધું છે. ગુરુદેવ માટે ધર્મ એટલે સ્વાર્પણ.

અમારો ધર્મ ફેલાવા, દીધી છે પ્રાણની આહુતિ,
ઝુકાયો છું કરી યાહોમ, અમારી એ પ્રતિજ્ઞા છે...(૧)
બન્યો છું વીરનો ચેલો, બનાવીશું સકલ વીરો
કર્યું અર્પણ જીવન સઘળું અધિક નહિ ધર્મથી બીજું...(૨)

આચાર્ય બુદ્ધિસાગરજી હૃદયના ભાવોને અત્યંત સહજ અને સરળ બાનીમાં કવાલી અને ગઝલો દ્વારા વ્યક્ત કરતાં પોતાના 'ફકીર-સાધુ'નાં જીવન વિશે લખે છે. અહીં વર્ણસગાઈ અને વર્ણાનુપ્રાસ અલંકારનાં દર્શન થાય છે.

ફકીરીવેશ લીધો મેં, નિવૃત્તિ મુક્તિને વરવા,
વિકલ્પોને શમાવવાને, અખંડાનંદમાં રહેવા.
ફકીરી વેશ લીધો મેં, ફિકરની ફાકીઓ ભરવા,
નથી દુનિયા તણી પરવા, નથી આશા મનાવવાની.

**સર્વ ધર્મ સહિષ્ણુતા :**

તેમની આ ગઝલમાં સર્વ ધર્મનો બાંધવો પ્રત્યેની તેમની સહૃદયતાનાં દર્શન થાય છે. જગતના સર્વધર્મી જનોને તેઓ પોતાનાં અંગ-ઉપાંગો સાથે સરખાવે છે. તેમની આ ગઝલ દ્વારા તેમનો અન્યધર્મી બંધુઓ પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ દષ્ટિગોચર થાય છે.

અમારાં અંગ છે, સર્વે જગતમાં ધર્મબંધુઓ,
નથી ન્યારા અમારાથી, તમારા વણ નથી હું તો...(૧)
અરે વૈશેષિકો સાંખ્યો, ચરણ મારાં તમે બે છો,
અરે મીમાંસકો બૌદ્ધો, તમે છો હાથ બે મ્હારા...(૨)
અરે જડવાદી ચાર્વાકો, ઉદર મ્હારું તમે છો રે !
ખરા સ્યાદવાદી જૈનીઓ, સદા મ્હારું તમે શિર છો...(૩)

ઉપરોક્ત ગઝલમાં કવિની અન્ય ધર્મ પ્રત્યેની સહિષ્ણુતાની પરાકાષ્ઠા નજરે પડે છે.

જેને કવિત્વશક્તિ જન્મથી જ પ્રાપ્ત થઈ હોય તેવા કવિઓ જ ભાવ અને શબ્દ સૃષ્ટિઓને કવિતામાં સાચવી શકે છે. શબ્દસૃષ્ટિ એટલે શબ્દોની બાંધણી જેમાં પ્રાસાનુપ્રાસ, વર્ણસગાઈ, રસગાંભીર્ય અર્થભાવ આદિ સમાય અને ભાવ સૃષ્ટિમાં નવે રસ કરુણા, હાસ્ય, શૃંગારાદિ સમાય.

આ સંગ્રહમાં અલખનો નાદ જગાવતી ગઝલો, વીરરસમાં ભીંજાતી કવિતાઓ, દીક્ષાનો ઉદ્દેશ્ય, ત્યાગદશાનું વર્ણન, વગેરે છે જ્યારે મસ્ત ગઝલોમાં વ્યવહારમાંથી પરમાર્થ માર્ગ પર જવા માટે તથા પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ માર્ગ શોધી લેવા માટે મનુષ્યને બોધ કરાવવામાં આવ્યો છે. ફકીરીના વેશમાં દુનિયાના વ્યવહાર કે અભિપ્રાયથી દૂર મસ્ત રહેનાર સાધુ, જીવનમાં અખંડ આનંદ ભોગવે છે એ વાત તેમના આ સંગ્રહમાં સર્વત્ર વર્તાય છે.

●●●

## ભજનસંગ્રહ ભાગ ૬

આચાર્ય બુદ્ધિસાગર દ્વારા રચિત ભજનસંગ્રહ ભાગ ૬માં કવ્વાલીઓ, ગઝલો અને કાવ્યોની રચનાઓ છે. તેમની કવ્વાલીઓ આત્મજ્ઞાનથી ભરપૂર હોવાની સાથે હૃદયના ઊંડાણમાંથી ઉદ્ભવતી ભાવનાઓને શાબ્દિક રૂપ આપે છે. કવ્વાલીઓ દ્વારા તેમણે જનકલ્યાણની ભાવનાઓને પ્રતિબિંબિત કરી છે. તેઓ લોકોને નિજાનંદની મસ્તીનો સ્વાદ તે કવિતા દ્વારા ચખાડીને આત્મિક ગુણો ખીલવવાનું પ્રલોભન આપે છે. તેમણે કાવ્યોમાં આત્માને જાગૃત કરી પ્રભુમય બનવાનો સંદેશ લોકોને આપ્યો છે.

ભજન કવ્વાલી કાવ્યસંગ્રહ ભાગ ૬માં વ્યક્ત થતી ગુરુદેવની વિશ્વસેવાની ભાવના વિશે શ્રી જયભિખ્ખુ અને પાદરાકર લખે છે :

"હૃદયશિલામાંથી દ્રવતા શેલારસ જેવા આત્મજ્ઞાનનાં કાવ્યો, કવ્વાલીઓ પણ હૃદયમાં ગૂઢ ભાવોને જ પ્રતિબિંબિત કરતા હોય છે. ગુરુદેવ તો વિશ્વકલ્યાણ - નિજ - આત્મકલ્યાણ અને નિજાત્મજ્ઞાન ગાવા જ આવ્યા હતા. એમણે આ કવ્વાલી સંગ્રહમાં જે ગાયું છે તેનો સાક્ષાત્કાર કરાવવા શબ્દો નથી. આ કવ્વાલીઓનો આસ્વાદ તો જાતે જ ચાખીને કરવો રહ્યો. આમાં નિઃસ્વાર્થ બુદ્ધિથી વિશ્વસેવાની ભાવના-સૌ પર પરમપ્રેમ અને સ્વાનુભવ ઝળકે છે."

**જીવનકાર્ય :**

નીચેની કાવ્ય પંક્તિઓમાં જીવનનો ઉદ્દેશ્ય વર્ણવતાં કવિ કહે છે કે ઘણા પુણ્યથી મળેલા માનવ દેહને જ્યારે જીવનનું સત્ય સમજાય છે ત્યારે એ ફક્ત આત્મકલ્યાણની ભાવના નથી રાખતો, પરંતુ આ જગતમાં સર્વને સ્વઆત્મા સમજીને તેઓનું પણ ભલું કરવાના પ્રયત્ન કરે છે.

**જગતમાં જન્મ શા માટે, થયો શા પુણ્યથી મ્હારો !**
**વિચારે સત્ય પરખાયું, ઘણું છે કાર્ય કરવાનું...(૧)**
**ગ્રહ્યું જે જે બધામાંથી બધાને આપવું, પાછું**
**સકલને આત્મવત્ લેખી યથાશક્તિ ભલું કરવું...(૨)**
**શુભાર્થે સર્વ ઈન્દ્રિયો, શુભાર્થે દેહ આ ધાર્યો !**
**ચઢ્યા ચઢશું ચઢાવીશું, ભલું લેવું ભલું દેવું...(૩)**

(ભાગ ૬, બુદ્ધિસાગરજી ગ્રંથ, પૃષ્ઠ ૧૨૦)

**જૈનોને :**

જૈનોએ એક સંપથી કાર્ય કરવું જોઈએ. સાધર્મિક બંધુઓને સહાયની જરૂર હોય તો તે કરી તેઓની મુશ્કેલી દૂર કરવા પ્રયત્ન કરવો જોઈએ. પ્રભુ મહાવીરનો ઉપદેશ ગ્રહીને સર્વ જૈનોએ કાયરતાને દૂર હઠાવી બહાદુર બનવું જોઈએ. એવો ઉપદેશ કવિ નીચેની પંક્તિઓમાં જૈન સમાજને આપે છે :

જિનેન્દ્રોનું કહ્યું સમજો - જિનેન્દ્રોની ગતિ પકડો,
પરસ્પર સહાય આપીને બનો બહાદુર સકલ જૈનો...(૧)
જીતે છે કર્મ જે જૈનો - રહે મડદાલ નહિ ક્યારે
ભણીને વીરનાં તત્ત્વો - બનો બહાદુર સકળ જૈનો...(૭)
અમારા દિલની સ્ફુરણા પ્રકટશો સર્વ જૈનોમાં
અમારા ક્ષત્રિય પુત્રો બનો બહાદુર સકલ જૈનો...(૨૩)
અમારા પ્રેમનાં પાત્રો - અરે જાગો જુઓ સાચું
બુદ્ધયબ્ધિ સહાયમાં દેવો બનો બહાદુર સકલ જૈનો...

(ભાગ ૬, બુદ્ધિસાગરજી ગ્રંથ, પૃષ્ઠ ૧૨૧)

**જન્મદાતા માતાને :**

કવિ બુદ્ધિસાગરજી માતાના બાળક પરના અનંત ઉપકાર આ કાવ્યમાં દર્શાવે છે. માતા બાળકને સુખી કરવા સર્વ પ્રકારે આત્મભોગ આપે છે. ગુરુદેવનો તેમની માતા અંબા પરનો અનહદ પ્રેમ નીચેની પંક્તિઓમાં મધુર શબ્દોમાં રેલાય છે. માતાને તેઓ સાક્ષાત્ તીર્થ તરીકે વર્ણવે છે :

ઉદરમાં રાખનારી મા, ઘણો ઉપકાર તારો છે,
અનંતા સુખ દેવાને, બનો મારા થકી સારું,
અરે અંબા કૃપાળી તું, કરાયું નહિ ભલું તારું,
જિગરથી હું જણાવું છું બનો મારા થકી સારું,
સદાનો સ્નેહ ધરનારી, ખરું તું તીર્થ વ્યવહારે,
મળો ને બોધની પ્રાપ્તિ, બનો મારા થકી સારું...

(ભાગ ૬, બુદ્ધિસાગરજી ગ્રંથ, પૃષ્ઠ ૧૨૦)

**ગુરુદેવને :**

ગુરુદેવ થકી આચાર્યશ્રીના જ્ઞાનચક્ષુ ઊઘડ્યાં, તેઓ જ્ઞાની થયા. ગુરુ પ્રત્યેનું ઋણ અદા કરવા કવિ પોતાનું સમગ્ર જીવન અર્પણ કરે છે. પોતાને પ્રાપ્ત ધન, કીર્તિ અને પ્રતિષ્ઠાને તેઓ ગુરુદક્ષિણા રૂપે સમર્પિત કરે છે. ગુરુને શુદ્ધ શ્રદ્ધારૂપી કોમળ પુષ્પો દ્વારા પૂજે છે. ગુરુ પ્રત્યેની તેમની અનન્ય ભક્તિ અને એકાત્મભાવ નીચેની પંક્તિઓમાં છતી થાય છે :

**હૃદયચક્ષુ ઉઘાડ્યા મુજ, ખરું તે શું જણાવ્યું મુજ !**
**અનન્ય પ્રેમથી પ્રાર્થું-ગુરુજી દક્ષિણા લેશો...**
**ભવોભવમાં સદા ભક્તિ, જીવન અર્પણ કર્યું તે લો**
**પ્રતિષ્ઠા કીર્તિ ને ધનની ગુરુજી દક્ષિણા લેશો.**
**અનન્ય શુદ્ધ શ્રદ્ધાના સુકોમળ પુષ્પથી પૂજું.**
**તમારો હું તમો તે હું, ગુરુજી દક્ષિણા લેશો.**
**નથી હું ને તમે એવું, સદા જ્યાં ઐક્ય આનંદમય**
**બુદ્ધિયબ્ધિ પ્રેમ લાવીને ગુરુજી દક્ષિણા લેશો.**

(ભાગ ૬, બુદ્ધિસાગરજી ગ્રંથ, પૃષ્ઠ ૧૨૦)

**સુશિષ્યોને :**

આ કાવ્યમાં કવિ શિષ્યોને મહાવીર પ્રભુની આજ્ઞા શિરોધાર્ય કરવાનો ઉપદેશ આપે છે. શિષ્યોએ સર્વ જીવ પર કરુણાદૃષ્ટિ રાખી સર્વનું ભલું કરવું સંતોનું સાચું કાર્ય ઉપકાર કરવાનો અને ઉપદેશ દેવાનો છે. તે હંમેશાં લક્ષમાં રાખવું જોઈએ એમ નીચેની પંક્તિમાં ગુરુદેવ શિષ્યોને સમજાવે છે :

**દઈ ઉપદેશને ખાવું, ગમે તેને ખરા ભાવે**
**કરી ઉપકારને ખાવું, હુકમ મારો સુશિષ્યોને...(૧)**
**કરુણા સર્વ પર કરવી, બૂરાનું પણ ભલું કરવું.**
**ધરો મહાવીરની આજ્ઞા, હુકમ મારો સુશિષ્યોને...(૨)**

(ભાગ ૬, પૃષ્ઠ ૧૪૬) (બુદ્ધિસાગરજી ગ્રંથ, પૃષ્ઠ ૧૨૧)

આવાં અનેક કાવ્ય અન કવ્વાલીઓથી ભરપૂર આ ભજનસંગ્રહ ભાગ ૬નાં ભજનો વાંચવાથી ભક્ત સાધુ કે કોઈ પણ વ્યક્તિ પોતાના જીવનની બહુમૂલ્ય ફરજો સુંદર રીતે બજાવી આત્મકલ્યાણ સાધી શકે છે.

●●●

## ભજનસંગ્રહ (કાવ્ય) ભાગ ૭

આચાર્ય બુદ્ધિસાગરજીના સાતમા ભજનસંગ્રહનું નામ કાવ્યસંગ્રહ છે. આમાં સુંદર મધુર કવ્વાલીઓ અને ગીતોનો સંગ્રહ છે. તેમના આ સંગ્રહમાં શુદ્ધ પ્રેમ, ઉત્સાહ, ધૈર્ય, ગુરુભક્તિ વૈરાગ્યભાવ, અધ્યાત્મજ્ઞાન વગેરે વિવિધ વિષયોનો સમાવેશ થાય છે. તેઓ તેમની અનેરી સર્જનશક્તિનો ઉપયોગ મનુષ્યને હિતશિક્ષા આપવામાં કરે છે જેથી મનુષ્ય જીવનમાં શાંતિ પ્રાપ્ત કરી આત્માને ઉચ્ચ કોટિનો બનાવી શકે.

ગુરુદેવના આ કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં તેમના વિચારો વિશે શ્રી જગાભાઈ દલપતભાઈ લખે છે :

"શ્રી સદ્‌ગુરુનાં ભજનો-પદો અને કાવ્યોથી આખી દુનિયાના મનુષ્યોને લાભ થવા નિશ્ચય છે. ભારતવર્ષના મનુષ્યોનો પ્રાયઃ મોટો ભાગ તો શ્રીમદનાં કાવ્યોથી પરિચિત થયો છે અને ગુર્જર ભાષાના ઉપાસકો તો તેમનાં કાવ્યોમાંથી હિતશિક્ષાઓ ગ્રહણ કરીને સ્વાત્મોન્નતિ કરવા પ્રયત્ન કરે છે. શ્રીમદ્ ગુરુરાજનું મુનિજીવન અને તેમની જિંદગી ધાર્મિક પ્રવૃત્તિ અને ધાર્મિક નિવૃત્તિમય છે. તેમના હૃદયમાં ધાર્મિક વિચારોનાં ચિત્ર ચીતરાયાં છે. તેથી તેમનાં કાવ્યોની પાસે જતાં અને તે કાવ્યની અંદર પ્રવેશીને કાવ્યની ઉપાસના કરતાં, શાંતરસનું આસ્વાદન થાય છે અને તેથી સ્વાત્મજીવન સુધારવા માટે અનેક વિચારોને આચારમાં મૂકતાં ઉત્સાહ વધે છે. કાવ્યો એ જ્ઞાની કવિની જીવતી પ્રતિમા છે. કાવ્યો એ વિચારો અને આચારોનો ભંડાર છે."

પ્રસ્તુત કાવ્યસંગ્રહ ભાગ ૭નો મંગલ પ્રારંભ કવિ પ્રભુ મહાવીર તથા ગુરુને પ્રણામ કરતા શ્લોકથી કરે છે :

**प्रणम्य श्री महावीरं, सर्वज्ञं पूर्णशान्तिदम् ।**
**सद्‌गुरुं ज्ञानदातारं, स्मृत्वा काव्यं करोम्यहं ।।**

**ભલું કર સર્વ જીવોનું :**

આ કવ્વાલીમાં તેઓ મનુષ્યને સર્વ જીવો પર કરુણા વરસાવવાનો ઉપદેશ આપે છે. ઘણા પુણ્યોદયે મળતા માનવદેહનો ઉપયોગ બીજા પર ઉપકાર કરવામાં કરવો જોઈએ. શક્તિશાળી મનુષ્યે પોતાની શક્તિનો ઉપયોગ વૃક્ષ અને નદીનું ઉદાહરણ લઈને તેમની જેમ લોકકલ્યાણનું કાર્ય કરવા કરવો જોઈએ તથા ઉપકાર કર્યા પછી તે કાર્ય માટે કદી પણ પશ્ચાત્તાપ ન કરવો એવી અનુમોદના કરવાનું કવિ આ કવ્વાલીમાં કહે છે :

**ભલા માટે થયો તું શ્રેષ્ઠ, ભલું કરવા ધરી તે દેહ,**
**ગુમાવીશ વ્યર્થ નહિ શક્તિ, ભલું કર સર્વ જીવોનું...(૧)**
**સદા ઉપકારને માટે બહુ સરઝાડ ને નદીઓ,**

થયો માનવ બહુ પુણ્યે, ઘણા ઉપકાર કર જગમાં...(૨)
કરી ઉપકાર અન્યો પર, પછીથી ક્લેશ આદિથી,
અહો પસ્તાય તે નહિ સુજ્ઞ, અનુમોદન ભલાનું કર...(૩)

(સંવત ૧૯૬૮ મહા સુદ ૭, નવસારી) (ભાગ ૭, પૃષ્ઠ ૧)

**સ્વકાર્ય સેવા :**

જે પરમાર્થ કાર્ય કરવાની ફરજ સ્વશિરે આવી હોય તેને દઢ મનોબળથી ગમે તે સંજોગમાં પૂરી કરવી. જેમ જમીનમાં સારું બીજ વાવીએ તો એમાંથી સારું વૃક્ષ બને છે તે જ પ્રમાણે મનમાં જે સારા વિચારો આવે તેને સમય જતાં આચરણમાં મૂકતાં સારું વૃક્ષરૂપી કાર્ય થાય છે અને તે દ્વારા બીજાને લાભ થાય છે એમ કવિ નીચેની પંક્તિઓમાં શુભ વિચાર કરવાનો ઉપદેશ આપે છે :

અમારા શીર્ષ પર આવ્યાં, થવાના જે અમારા હાથે,
અધિકાર કરીશું તે, સકલ પરમાર્થનાં કાર્યો...(૧)
વિચારો બીજ કાર્યોનાં, વિચારોથી બને છે કાર્ય,
વિચારોના અનુસારે, સદા શુભ કાર્ય કરવાનાં...(૩)
વિચારો શુભ જે કીધા, કદી ના જાય નિષ્ફળ તે
વિચારો ઉચ્ચ વેગેથી, કરીને કાર્ય સાધીશું...(૪)

**બોલેલી વાણી :**

આ કવ્વાલીમાં કવિ કટુવાણીની અસર વિશે સમજાવે છે. મનુષ્ય ક્રોધમાં અંધ બનીને સામી વ્યક્તિને કટુવેણ કહે છે. આવા કડવા વેણ હૃદયમાં ઊંડે ઊતરી જાય છે જે કદી રુઝાતા નથી. આવી ઝેરી વાણી કોઈના પ્રાણ પણ હરી શકે એવી હોય છે. માટે મનુષ્યે ક્રોધ કર્યા વગર શાંત ચિત્તે રહેવું જોઈએ. સંત પુરુષો આવી વ્યક્તિઓને સુધારે છે તેથી કવિ બુદ્ધિસાગરજી આવા સંતોને ઝેર ઉતારનારા ગારુડીની ઉપમા આપે છે. જેમ ગારુડી સર્પનું ઝેર ઉતારે છે તે જ પ્રમાણે સંતો મનુષ્યનો ક્રોધ, ધિક્કાર વગેરે ભાવોને નિર્મૂળ કરીને તેને શાંત અને વિનયી બનાવે છે.

અવિચારે બની ક્રોધી, હૃદયમાં માર મારેલો,
મલંપટ્ટા કરો તો પણ, વચનના ઘા નહીં રૂઝે...(૧)
ખરેખર ક્રોધના ઝેરે, વચનનાં બાણ રંગેલા,
હૃદયને વીંધતા ભારી, સમાવ્યાં પણ સમે ના તે...(૨)
બનીને સર્પ સમજ જિહ્વા, જનોને ડંખતી ક્રોધે,
જનોના પ્રાણને હરતી, થયેલી મસ્ત બેભાની...(૩)
ભલા છે સંત ગારૂડી, ચઢેલા ઝેરને હરતા,
"બુદ્ધયબ્ધિ" વાક્સમિતિથી, બને જિહ્વા સદા સુખકર...(૮)

(સંવત ૧૯૬૮ના પોષ વદ ૧૧, ભાગ ૭, પૃષ્ઠ ૬-૭)

**પ્રામાણિકતા :**

મનુષ્યનો મોટામાં મોટો સદ્‌ગુણ તે પ્રામાણિકતા, પ્રમાણિક મનુષ્ય પર સહુ કોઈ વિશ્વાસ રાખે છે. પોતે જે બોલે તે પાળવાવાળી વ્યક્તિ બોલતાં પહેલાં વિચાર કરીને નીતિમય વચન જ બોલે છે, કારણ કે એને શબ્દોની કિંમત હોવાથી જે બોલે તે એણે આચરણમાં મૂકવાનું હોય છે. આવા નીતિનિયમના પાયા પર જ ધર્મના મહેલ ચણાય છે. એમ કવિ બુદ્ધિસાગરજી પ્રામાણિકતા વિશે નીચેની પંક્તિઓમાં આલેખન કરે છે :

**પ્રમાણિકતા વિના માનવ, કદી ના શ્રેષ્ઠ બનવાનો,**
**પ્રમાણિકતા પ્રભુ જેવી સકલ વિશ્વાસનું બીજ જ...(૧)**
**પ્રમાણિકતા ખરી નીતિ, પ્રમાણિકતા ખરી રીતિ,**
**બહુ બોલે વળે ના કંઈ, પ્રમાણિકતા વિના ક્યાં ધર્મ...(૨)**
**રચ્યો નીતિથકી પાયો, પડે નહિ ધર્મનો તે મહેલ,**
**કથ્યું આચરણમાં મૂકી, પ્રમાણિકતા ધરે ઉત્તમ...(૪)**

(સંવત ૧૯૬૮ પોષ વદ ચોથ, બગવાડા)

**આત્મિક ધર્મકાર્યની ઉન્નતિની દિશા :**

કવિ બુદ્ધિસાગરજી આ કવ્વાલીમાં સફળતાનું રહસ્ય દર્શાવે છે. તેઓ કહે છે કે પોતાનું કાર્ય સફળ થવાનું જ છે એમ વિચારીને કાર્યની પાછળ પડવાથી તેમાં સફળતા ચોક્કસ મળે જ છે. કવિ નર્મદની ઉક્તિ "યાહોમ કરીને પડો ફતેહ છે આગે"ની જેમ કાર્ય પૂરું કરવામાં પડતી મુશ્કેલીનો સામનો હિંમતથી કરવો. પરંતુ અધવચ્ચેથી કાર્યને પડતું મૂકવું નહિ. ધૈર્ય અને હિંમતથી કાર્યને પૂરું કરવા પ્રયત્ન કરવો.

**ત્વરિત જાગ્રત થઈને ઉઠ, તપાસી લે અધિકાર જ**
**વિજય નિજ કાર્યમાં ધારી, સદા મંડ્યા રહે તેમા...(૧)**
**વિપત્તિનાં ચઢે વાદળ તથાપિ કાર્ય નહિ તજજે,**
**પ્રભુ મહાવીરનું ચિત્ર જ, હૃદય પટમાં ખડું કરજે...(૨)**

કવિ નીચેની પંક્તિઓમાં મનુષ્યને ચારે તરફથી વિઘ્નો આવે તો પણ તેની પરવા કર્યા વગર શ્રદ્ધા રાખી આગળ વધવાનો ઉપદેશ આપે છે.:.

**અરે ચૌદિશ ઉપસર્ગો, નિહાળીને જરા ના બ્હીશ,**
**ધરીને આત્મની શ્રદ્ધા, મુસાફર ચાલજે આગળ...(૪)**

(વલસાડ, પોષ વદ ૧૦, વિ. ૧૯૬૮) (ભાગ ૭, પૃષ્ઠ ૯)

**આવનારાઓ :**

મંદાક્રાન્તા છંદમાં રચેલા આ કાવ્યમાં કવિએ તેમને મળવા આવતા વિવિધ લોકોના ગુણદોષની માહિતી આપી છે. આચાર્યશ્રીને મળવા આવતા લોકોમાંના થોડા જ ગુણગ્રાહી સ્વભાવવાળા હોય છે. બાકીના કેટલાક લોકો ફક્ત છિદ્રો કે બૂરાઈઓ જોવા જ આવતા હોય છે. જ્યારે કેટલાક લોકો સારા ખોટા પરિચય કાઢીને અવિરત પ્રશ્નો જ પૂછતા રહે છે. તે બધા લોકો તેમની સમજશક્તિ પ્રમાણે આચાર્યશ્રી દ્વારા તેમના પ્રશ્નોના ઉત્તર મેળવે છે.

લોકો આવે અધિક સમિપે, આશયો ભિન્ન દેખું,
લેવા આવે સુજન ગુણને, કોઈ તો છિદ્ર જોવા.
પ્રેક્ષાકારી બહુજન અહો ! કોઈ મધ્યસ્થ ભાવે,
આવે જેવી મતિ થકી અહીં, સાર લે તેહ તેવો...(૧)
સારા ખોટા પરિચય કરી પૂછતા ખૂબ પ્રશ્નો
સારું ખોટું નિજ મતિ થકી, પામી પાછા ફરે તે...(૨)

(ભાગ ૭, પૃષ્ઠ ૩૫)

**સત્ય કર્તવ્ય :**

કર્તવ્ય બોધની આ કવ્વાલીમાં કવિએ સાધુઓને સત્યના માર્ગે સ્વફરજ અદા કરતાં વિચરવાનો બોધ આપ્યો છે. કોઈ પણ જાતની આકાંક્ષા રાખ્યા વિના સત્યને રસ્તે સાધુ-ફકીરોએ આગળ વધવું જોઈએ એમ કવિ નિર્દેશે છે.

ભલે માનો ન વા માનો, અમારે તે જ જોવાનું,
અમારે સત્યના માર્ગે, સહી દુઃખો વિચરવાનું...(૧)
સુજે તે સત્ય માનીને, અમારે કાર્ય કરવાનું,
સ્પૃહા ના કોઈની કિંચિત્ નથી જી હા જ કરવાનું...(૨)

આ કવ્વાલીમાં સાધુનું કર્તવ્ય કવિએ દર્શાવ્યું છે. ફકીરીનો વેશ પહેર્યા પછી તેની ખુમારી જ અલગ હોય છે. ફકીર કે સાધુ થયા પછી કોઈની પરવાહ રહેતી નથી. તેઓ જગતના જુઠા વ્યવહારમાં ડુબ્યા વગર મસ્ત બનીને રહે છે. આમ કવિ ફકીરીની ખુમારીની મસ્ત દશાનું આલેખન નીચેની પંક્તિઓમાં કરે છે :

ફકીરી રંગ જુદો છે, ફકીરી તાર જુદો છે,
ફકીરી બોલ જુદો છે, ફકીરી પંથ જુદો છે...(૪)
ફકીરી મસ્તી છે જુદી, ફકીરી આંખ છે જુદી
ફકીરી પ્રેમ છે જુદો, પ્રભુની જ્યોત પ્રગટાવે...(૫)
ફકીરીએ ધરી છે મેં, નથી પરવા તમારી કંઈ,
જગતના જૂઠ વ્યવહારે, ફસાતા ના ફકીરોએ...(૬)

(ભાગ ૭, પૃષ્ઠ ૮૨-૮૩)

**પ્રભુ પ્રેમદશા :**

પ્રભુપ્રેમની ઉત્કટ દશા કેવી હોય તેનો ભાવાત્મક ચિતાર કવિ 'પ્રભુપ્રેમદશા' કાવ્યમાં આપે છે. પ્રભુની વિભૂતિ જ્યાં જ્યાં દેખાય ત્યાં તેઓ પોતાના પ્રાણ પાથરે છે તથા પ્રભુપ્રેમનું અમૃત પીને આનંદથી હસતા-ગાતા સૌનું કલ્યાણ થાય એવી ભાવના તેઓ રાખે છે...

**જ્યાં જ્યાં વિભૂતિ આપની ત્યાં, પ્રાણ મારા પાથરું,**
**તવ નામ પિયૂષ પી ઘણું, આનંદથી હસતો ફરું,**
**તુજ નામને ગાતો ફરું, શ્રવણે સુણાવું સર્વને,**
**તુજ સદ્‌ગુણો પ્રસરાવવા જે જે બને તે સૌ કરું...(૧)**

પ્રભુનો પ્રેમ પામ્યા પછી વહેતાં હરખનાં અશ્રુઓમાં કવિ પોતે ભીંજાયા અને સર્વને પણ ભીંજવ્યા. પ્રભુ પ્રેમના પ્રકાશમાં કવિ આખી દુનિયાનાં દર્શન કરે છે...

**તુજ પ્રેમથી અશ્રુ ઝરે એ, અશ્રુનો સાગર કરું,**
**એ અશ્રુના સાગર વિષે, ઝીલું ઝીલાવું સર્વને,**
**તવ તેજના અંબારમાં દુનિયા સકલ જોતો રહું,**
**કાયા અને માયા સહુ, એ તેજ જોતાં છે નહીં...(૨)**

પ્રભુને પોતાનું સર્વસ્વ અર્પણ કર્યા પછી તારા મારાનો ભેદ જ રહેતો નથી, એમ કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે...

**મારું હૃદય સોંપ્યું તને એ, પ્રેમમાં અર્પણ સહુ,**
**જ્યાં ભેદનો ખેદ જ નથી ત્યાં, ભેદ શાને માનવા,**
**જે તું અરે ! તે હું અરે જે તું નહીં તે હું નહીં...(૩)**

(ભાગ ૭, પૃષ્ઠ ૧૦૬)

આચાર્યશ્રીના ઉપરોક્ત 'હરિગીત' છંદ કાવ્ય આપણને કવિ કલાપીની "જ્યાં જ્યાં નજર મારી ઠરે" કાવ્યની યાદ અપાવે છે.

**પૂજકો :**

આ જગતમાં ઘણા લોકો એવા છે કે માનવીની મર્યા પછી કિંમત કરે છે. જ્યારે એ માનવી જીવતો હોય ત્યારે એની ઘણી નિંદા કરે છે, પરંતુ એના મરણ પછી એને પૂજે છે. લોકોએ આવું ન કરતાં સારી પૂજ્ય વ્યક્તિને પારખીને એને એની હયાતીમાં જ એના ગુણના ચાહક અને પૂજક બનવું જોઈએ. એવા પૂજકો જ સાચા માનવીઓ કહેવાય છે એમ કવિ નીચેની પંક્તિઓમાં દર્શાવે છે :

કે ઘોર પૂજક માનવીઓ, દેખીયા જગમાં ઘણા,
એ જીવતા ને નિંદતા ને, સદ્‌ગુણો જોતાં નથી.
એ દોષદર્શી માનવીઓ, જીવતાં ગુણ ના લહે.
મૂઆ પછી પૂજા કરે, ચૈતન્ય પૂજક એ નહીં...(૧)

**ભક્તની સેવામાં પ્રભુની સેવા :**

પ્રભુભક્તના રોમેરોમમાં પ્રભુ સમાયો હોય છે. આવા પ્રભુભક્તની સેવા કરવાથી કે તેના દર્શનમાત્રથી આપણને ઈશ્વરની ઝાંખી થાય છે. જે જન સર્વ જીવમાં પરમાત્માનું દર્શન કરે તે જ સાચો જૈન ગણાય. પ્રભુના ભક્તોને જોઈને કવિ હૃદય ખૂબ આનંદિત થાય છે અને આવા ભક્તોની સેવામાં સાક્ષાત્ પરમાત્માનાં દર્શન કરી પોતે ધન્યતા અનુભવે છે.

જ્યાં ભક્તને પણ દેવ પેઠે, પૂજતા તે લોકનો,
ઉદ્ધાર થાતો જલદીથી એ માનજો નિશ્ચય થકી,
જ્યાં જ્યાં પ્રભુના ભક્તની પૂજા થતી ઈશ્વર સમી,
ત્યાં ત્યાં સુણી લ્યો મુક્તિની વધાઈનાં વાજિંત્રને...(૫)
જે ભક્તના દિલમાં પ્રવેશી ભક્તમાં ઈશ્વર જુએ,
જે પ્રાણીઓમાં સિદ્ધત્તા, સત્તા થકી જુવે ખરી
જે સિદ્ધ સત્તા ધ્યાવતો સૌ, પ્રાણીઓમાં ધ્યાનથી,
તે ભક્તની ભક્તિ થકી, ઈશ્વર તણી ઝાંખી થતી...(૬)

(ભાગ ૭, પૃષ્ઠ ૧૨૧)

આ પ્રમાણે બુદ્ધિસાગરજી રચિત કાવ્યસંગ્રહ ભાગ ૭માં અધ્યાત્મજ્ઞાન, કર્તવ્ય દિશા, શુદ્ધ પ્રેમ, સત્ય માર્ગદર્શક બોધ, વૈરાગ્યભાવના વગેરે વિષયોનો સમાવેશ થાય છે. શ્રીમદ્‌નાં આ કાવ્યોમાં ભાષાની સરળતા, ઉચ્ચ વિચારો અને ગુણાનુરાગી દૃષ્ટિનાં દર્શન થાય છે. કેટલાંક કાવ્યો તેમના પોતાના આત્માની તે સમયની ઉચ્ચ દશાનો પરિચય કરાવે છે અને કેટલાંક કાવ્યો અન્યોને બોધ આપવાને નિમિત્તે રચાયાં છે. તેમનાં કાવ્યોમાં મન, વાણી અને કાયાના સ્વામી બનવાનો બોધ છે. આ સંગ્રહમાંનાં મોટા ભાગનાં કાવ્યોમાં તેમણે તેની રચનાનો સમય અને સ્થળનો નિર્દેશ કર્યો છે.

●●●

## ભજનસંગ્રહ ભાગ ૮

આચાર્ય બુદ્ધિસાગરજીનો ભજનસંગ્રહ ભાગ ૮ ખૂબ વિશાળ છે. એમાં તેઓએ અનેક વિષયો પર સુંદર સમધુર ભાવવાહી ભજનો અને કાવ્યો રચ્યાં છે. એમાંનાં ઘણા કાવ્યોનો ભાવાર્થ તેઓએ પોતે સમજાવ્યો છે. એની પ્રસ્તાવના ૬૫ પૃષ્ઠોની છે.

આ સંગ્રહમાં તેઓએ પત્રો, કવ્વાલીઓ, કહેવતો, સુવાક્યો, સુશબ્દસમૂહ, મોહ, માયા, માન, બાળક, જુવાન, વૃદ્ધ, વગેરે અઢળક વિષયો પર કાવ્યમય રચનાઓ રચી છે. જ્યાં જરૂર લાગે ત્યાં તે રચનાને અંતે ભાવાર્થ, સંસ્કૃત શ્લોક વગેરે ટાંક્યા છે. આ કાવ્યસંગ્રહ દ્વારા તેમની વિદ્વત્તા છતી થાય છે. આ ગ્રંથમાં 'વૃદ્ધાવસ્થા' વિશેના કાવ્યમાં તેઓ વૃદ્ધજનની અવસ્થા વર્ણવે છે તથા તેને મળતો સંસ્કૃત શ્લોક 'વૈરાગ્ય શતક' નામના ગ્રંથમાંથી ઉદ્‌ધૃત કરીને આપ્યો છે...

**"પડે છે લાળ મુખડાથી, વળે છે ચીપડા આંખે,**
**જણાતી હાડપાંસળીઓ, કરોચળીઓ વળે આંખે,**
**પડે છે ગાલ પર ખાડા, જતી આંખો અરે ઊંડી,**
**પડી રહેવું પડે ઘરમાં, ગમે ના ત્યોંય શું કરવું..." (૧૧)**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૦૦-૬૦૧)

**गात्रं संकुचितं गतिर्विगलिता भ्रष्टा च दन्तावलि,**
**दृष्टिर्नश्यति वर्धते बधिरता वक्त्रं च लालायते ।**
**वाक्यं नाद्रिय ते च बान्धवजनो भार्या कलत्रं न शुश्रुषते,**
**हा कष्टं पुरुषस्य जीर्ण वयसः कुत्रोप्यभिजायते ?**

(વૈરાગ્ય શતક)

**વ્હાલા હૃદયના બાળકો એવા બનો... એવા બનો :**

આ ભજનસંગ્રહમાં કવિએ વીરરસથી ભરપૂર દેશભક્તિવાળાં કાવ્યો દ્વારા બાળકોને શિવાજી, રાણા પ્રતાપ, પૃથ્વીરાજ ચૌહાણ, હમીર, કુંભા રાણા જેવા શૂરવીર થવાનો સંદેશ આપ્યો છે...

નિજ માતૃભૂમિ રક્ષવા, શૂરો શિવાજી થઈ ગયો.
અવટંક શૂરો, ટેકીલો, પરતાપ મહારાણા થયો,
નિજ માતૃભૂમિ પ્રેમમાં સ્વાર્પણ કર્યું, સર્વે મળ્યું.
વ્હાલા હૃદયનાં બાળકો એવાં બનો એવાં બનો...(૧)

(ભાગ ૮, પૃષ્ઠ ૭૧૯)

માતૃભૂમિ ભારતની સેવા તો પુણ્યોદયથી જ પ્રાપ્ત થાય એમ તેઓ આ કાવ્યમાં વર્ણવે છે. તેઓ ભારત દેશને સૌથી ઉત્તમ દેશ કહે છે. ભારતની ભૂમિ ઋષિઓ, તીર્થંકરો, બુદ્ધ,

પયગંબર સર્વથી પાવન થયેલી છે. એમાં ગંગા, સિંધુ, જેવી પવિત્ર નદીઓ વહે છે.

વાહ હમેરા ભારત, દેવોં કું પ્યારા રે
દેવોં કું પ્યારા રે, જીવોં કું પ્યાર રે... વાહ
સબ દેશોં સે અચ્છા, બહુ હમકો પ્યારા રે... વાહ
તીર્થંકરો ઋષિયોં કી નિર્મલ જન્મભૂમિ સુખકારી
પયગંબારો ઈશુ બુદ્ધદેવકી, જન્મભૂમિ જયકારી...(૧)
કૃતકૃત્ય હમ જન્મ હુઆ અબ, ભારતકા ગુણ ગાયા,
બુદ્ધિસાગર ભારત સેવા, પુણ્યોદય સે પાયા...(૯)

(ભાગ ૮, પૃષ્ઠ ૭૫૪-૭૫૫)

**ગુર્જર ભૂમિ :**

ગુજરાત ગુર્જર ભૂમિ વિશેના કાવ્યમાં કવિ અહીં થતી વનસ્પતિઓ અને પશુઓ વગેરેની માહિતીનું આલેખન કરે છે તથા પશુઓ નિર્ભય રીતે ફરે છે એમ દર્શાવીને ગુજરાતની ભૂમિ અહિંસક છે એનો ખ્યાલ તેઓ પરોક્ષ રીતે આપે છે.

સીતાફલ દાડીમડી રે, મહુડા ને કન્થેર,
બોરડી, જામફડી, લીંબડારે, લીંબુ ઉંબર ખેર...(૫)
મૃગલાં સસલાં રાનમાં રે, કરતાં દોડંદોડ
ચારિત્રનાયકની ભૂમિની રે જડે ન જગમાં જોડ...(૧૭)

(ભાગ ૮, પૃષ્ઠ ૨૮૭)

**પ્રભુને :**

પ્રભુ સાથે તન્મય થઈ તેમને ચરણે સર્વસ્વ અર્પણ કરી તેઓ પરમાત્માની ભક્તિ કરે છે. "હું પ્રભુ તારો' બોલવું સહેલું છે, પરંતુ પ્રભુમય થઈને રહેવું ઘણું કઠિન છે એમ તેઓ નીચેની પંક્તિઓમાં આલેખે છે :

લગાવ્યો તાર તારાથી, બહિર્ ત્યાગીપણું કીધું,
થઈ તન્મય તને ધ્યાવું, સદાએ ચિત્તમાં રુચે...(૨)
સદાનો હું પ્રભુ ! તારો, એ બોલવું સહેલું,
પ્રભુના ધર્મમય રહેવું, કઠિન એ કાર્ય છે મોટું...(૩)

(ભાગ ૮, પૃષ્ઠ ૨૦૬)

**અલખ પ્રભુરૂપ :**

પ્રભુના માર્ગમાં આગળ ચાલતા ગમે તેટલી મુશ્કેલી આવે તો તેનો સામનો હસતા રહી કરવો. સાચા પ્રેમની ખુમારી હોય અને સાચી લગની હોય તેને પ્રભુપ્રાપ્તિ અચૂક થાય જ છે. કવિ બુદ્ધિસાગરજી આ કાવ્યમાં મધ્યકાલીન કવિ 'પ્રીતમ'ના કાવ્ય 'હરિનો માર્ગ છે શૂરાનો નહિ કાયરનું કામ જોને'ની રીતે પોતાની ભાવનાની અભિવ્યક્તિ કરે છે...

**મેં તો પકડ્યો પ્રભુ તુજ પંથ, વળું નહીં હવે પાછો,**
**ભલે કષ્ટો પડે શિર ક્રોડ, મનમાંહી, ઉલ્લાસો,**
**લાગી લગન તુજ સાથે વહાલા, મનમાંહી એક તુંજ રે,**
**પ્રેમ ખુમારી ચઢી મગજમાં, જાણે તું અંતર ગુજ્જ...(૧)**

(ભાગ ૮, પૃષ્ઠ ૪૮૯)

જ્યાં પ્રભુ પ્રેમની પ્રતીતિ થઈ જાય છે ત્યાં કોઈ ડર કે ભય મનુષ્યને સતાવતો નથી, કારણ કે તે પોતે પ્રભુમય બની જાય છે અને એના રોમેરોમમાં પ્રભુનો વસવાટ થાય છે એમ કવિ નીચેની પંક્તિઓમાં નિર્દેશ કરે છે...

**પ્રભુ તુજ અકળરૂપ મહાભારી અલખ અલખ જયકારી,**
**વૈખરી ભાષાથી ન કથાતું, અનુભવ એ નિર્ધારી,**
**પરા પશ્યંતી કંઈ ઝાંખી ભાવ સુષુમ્ણા પ્રચારી...(૧)**

કવિ પ્રભુનું નિરાકાર સાકાર સ્વરૂપ સમાધિમાં અનુભવે છે જે નામરૂપથી ભિન્ન સ્વયં સિદ્ધ સ્વરૂપ છે.

**નિરાકાર સાકાર સ્વરૂપી, સહજાનંદની ક્યારી,**
**સર્વ સ્વરૂપી સર્વથી ન્યારો, ભાસે સમાધિ મઝારી...(૬)**

(ભાગ ૮, પૃષ્ઠ ૪૮૯)

**નામરૂપાતીત અલખ પરમાત્મા :**

આચાર્ય બુદ્ધિસાગર કવિ પ્રભુનાં નામ અને સ્વરૂપનું વર્ણન કરતાં કહે છે કે પ્રભુનું સ્વરૂપ લેખિની દ્વારા લખી શકાતું નથી, પરંતુ તેને યોગીઓ જ જાણી શકે છે, પ્રભુ તીર્થસ્થાનમાં વસે છે અને મનુષ્યના હૃદયમાં પણ વસે છે. પરમાત્મા સિદ્ધાચલ કાશી વિશ્વેશ્વર, સિદ્ધપુરમાં પણ છે તે જ પ્રમાણે આપણા આત્માના ક્ષેત્રમાં જ્યાં દર્શન, જ્ઞાન અને સ્થિરતાના ત્રિવેણી સંગમ પર શુદ્ધ સમાધિનો ઝળહળતો પ્રકાશ છે ત્યાં છે. જેનું ધ્યાન ધરવાથી જન્મમરણના ફેરા ટળી જાય છે.

**તારું નામ ન રૂપ લખાય, પરમદેવ આતમા,**
**તને નિશદિન યોગીઓ ગાય પરમ દેવ આતમા...(૧)**
**સિદ્ધાચલ દર્શન કરો, સિદ્ધાચલ તું જ વાસ,**

સિદ્ધાચલને ભેટતાં રે, નિરંજન અવિનાશ...(૨)
ગંગાકાંઠે કાશીમાં રે વિશ્વેશ્વર તું ખાસ,
ત્રિવેણીના કાંઠડે રે, તુજ ઝળહળતો પ્રકાશ...(૩)
સરસ્વતી નદી કાંઠડે રે શોભીતું સિદ્ધપુર
વાસ કરતાં તેહમાં રે, વાલ્હમ વાધે નૂર...(૪)

(ભ. સં. ભાગ ૮, પૃષ્ઠ ૪૯૦)

**પ્રભુ ભાવના રંગ :**

જેણે પ્રભુના રંગમાં પોતાના આત્માને અજવાળી દીધો છે તે પ્રભુ વિના રહી શકતો નથી. તે ભવ્ય જીવ પ્રભુ સાથે એકાકાર થઈ જેમ હંસ સરોવરમાં અને મીન જલમાં રહે છે તેમ તે પ્રભુ સાથે લયલીન બનીને રહે છે. આ કાવ્યમાં કવિ પોતાની અને પ્રભુની તુલના માતા-બાળક, ચંદ્ર-જ્યોતિ, સૂર્ય-કિરણ, સાગર-તરંગ, વાયુ-ગગન વગેરે સાથે કરે છે. તે સર્વ સાથે જ રહે છે અને તેમનું અસ્તિત્વ ભિન્ન નથી તેમ ભક્ત કવિ અને પ્રભુ સાથે જ રહે છે તેમનું ભિન્ન અસ્તિત્વ નથી એમ તેઓ આલેખે છે...

પ્રભુજી રંગ લાગ્યો રે, ટળે ના કદી તે ટાળ્યો,
જણાઈ પ્રભુની ઝાંખી રે આતમ નિજ અજવાળ્યો,
પ્રભુ સરોવર હંસ તદા હું, વારિ યદી તો મીન,
પ્રભુ સાગર તો તરંગ હું છું, પુરુષ પ્રકૃતિરૂપ બીન,
પ્રભુ ભાનુ તો કિરણો રે હું, રસિક રસ નિર્ધાર્યો...(૧)
પ્રભુ માત તો હું છું બાળક, પિતા તનુ જ પ્રશસ્ત,
પ્રભુ ચંદ્ર હું જ્યોતિ રે, અંગાગી ભાવ ઘટ ધાર્યો..." (૨)

(ભાગ ૮, પૃષ્ઠ ૫૦૫)

**પ્રભુ વિજ્ઞપ્તિ :**

સેવક કવિને પ્રભુ પર સંપૂર્ણ વિશ્વાસ છે કે તે સેવકને ભવસાગર પાર કરાવશે. કવિ પાસે પ્રભુપ્રેમ સિવાય બીજું કંઈ નથી. તે સામાન્ય તપ, જપ કે ક્રિયા પણ ન કરી શકવાને લીધે મનમાં ક્ષોભ પામે છે. જો પ્રભુકૃપા મળે તો એ ક્ષોભ દૂર થઈ જાય એમ કવિ નીચેની પંક્તિઓમાં દર્શાવે છે :

પ્રભુજી પાલવડો ઝાલીને પાર ઉતારજો રે
પ્રભુજી પૂર્ણ ભરુસો તારો મન અવધારશો રે
તપ જપ કિરિયા કરી શકું નહીં, પણ તુંજ પર પ્રીતિ નિશ્ચય સહી,
પ્રભુજી જેવો તેવો પણ ત્હારો, ઝટ ઉદ્ધારજો રે...(૧)

(ભાગ ૮, પૃષ્ઠ ૭૨૪)

**જિનેશ્વર મેઘને, ભવ્ય જીવ ચાતકની વિજ્ઞપ્તિ :**

કવિ દીનદયાળુ પરમાત્માને મેઘનું રૂપક આપીને ભવ્ય જીવ એવા પોતાને ચાતક સાથે સરખાવીને પ્રભુને અનહદ કૃપાદૃષ્ટિ વરસાવવા વિનંતી કરે છે :

**વ્હાલા વર્ષો રે અમ પર કરુણાધારી,**
**જેવો તેવો પણ ત્હારો ગણીને, અંતરમાં અરજી સ્વીકાર,**
**દીનદયાળુ ધર્મ ધુરંધર, તાપ નિવારક ત્રાતા,**
**મહેર કરીને મોટી નજરે, આપો નિર્ભય સાતા...(૧)**

કવિ બુદ્ધિસાગરજી ચાતક બનીને આ જ કાવ્યની બીજી પંક્તિઓમાં પ્રભુને મેઘની જેમ ઝરમર વરસવા માટે વિનંતી કરે છે :

**મહેર કરીને પરમ પ્રભુજી, વરસો ઝરમર ધારે,**
**બુદ્ધિસાગરજી ભવ્ય ચાતકની , ચઢશે વહેલા વ્હારે...(૯)**

(ભાગ ૮, પૃષ્ઠ ૮૦૦)

**જ્ઞાન ધ્યાનથી પ્રભુની સાથે તન્મયતા :**

આ ભજનમાં કવિ પ્રભુને પ્રેમી હૃદયના વાલમથી સંબોધે છે. કવિ સર્વજ્ઞ પ્રભુના શુદ્ધ રૂપમાં તન્મય બની જ્યારથી પ્રભુ સાથે ઓળખાણ થઈ, તેમના આભાસની પ્રતીતિ થઈ ત્યારથી તેમના પર પ્રાણ ન્યોછાવર કરે છે.

**ત્હારો પ્રભુ, ત્હારો પ્રભુ પ્રેમી હૃદયનાં વહાલમાં,**
**તન્મય બની તવ રૂપમાં રાચી રહું માચી રહું.**
**વારી જઉં ત્હારા ઉપર કુરબાન પ્યારા પ્રાણ છે.**
**આંખે થયો આભાસ વ્હાલા, ત્યારથી પહિચાણ છે...(૧)**

(ભાગ ૮, પૃષ્ઠ ૮૨૩)

કવિશ્રીએ આ ભજનની સાથે તેનો ભાવાર્થ આપ્યો છે.

કવિ લખે છે -

"હે અસંખ્યા પ્રદેશમય નિર્મલ પ્રભો ! હું ત્હારો છું અને તું મ્હારો છે. મારા પ્રેમી હૃદયનો તું વ્હાલમ છે."

પ્રભુનો સાક્ષાત્કાર થયા પછી પ્રભુ વિના ભક્ત રહી શકતો નથી. તેમની પ્રભુભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ જેવી છે. પ્રભુપ્રેમનો નશો ભક્ત પર એવો ચઢ્યો કે ભક્ત અને પ્રભુ વચ્ચેનો મારા-તારાનો ભેદ વિસરાઈ ગયો. ચિત્ત ઘાયલ થવાથી સંસારની મોહ-માયાથી મન અલિપ્ત રહેવા લાગ્યું અને ફક્ત પ્રભુને નીરખવાની જ લગની લાગી એમ કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

ચમકારો આંખો આગળે, દેઈને ક્યાં ભાગી જશો,
તવ તે જ પ્રીતિ જોરનો, શિર પર ચઢ્યો ભારે નશો,
ઘાયલ કર્યું મુજ ચિત્તને પરખાવિયું તુજ રૂપને,
લાગી લગનવા તાહરી, છોડું નહીં દિલ ભૂપને...(૨)

(સંવત ૧૯૭૦, ચૈત્ર વદ ૯, વિસનગર) (ભાગ ૮, પૃષ્ઠ ૮૨૩)

**સંતસેવા :**

સંતો ધર્મના આધારસ્તંભ છે. કવિ શ્રી બુદ્ધિસાગરજી સંતોને પ્રાણથી પણ પ્યારા ગણે છે. તેઓ સંતોને પ્રભુ સન્મુખ જવાના દ્વારા સમાન ગણે છે અને તેઓ જ સાચા પ્રભુના પ્રતિનિધિ છે એમ નીચેની પંક્તિઓમાં આલેખે છે.

સંત મારો પ્રાણો રે, સંતોની સેવા નિત્ય કરું,
પ્રભુનું દ્વાર સંતો રે, સંતોની સાથે પ્રેમે ફરું,
મુનિવર સંત ભલા જગમાંહિ પ્રભુ પ્રતિનિધિ રૂપ,
ત્રિવિધ તાપ હરે જગ સાધુ, સમતા શચીના ભૂપ,
પોતાનો રંગ દેતા રે, સેવા કરી સહેજે તરું...(૧)

(ભજન સંગ્રહ, ભાગ ૮મો, પૃષ્ઠ ૧૩૩)

**સંત મળવાની ચાહના :**

કવિને સૌભાગ્યવંત જ્ઞાની પરમાનંદ રંગમાં રંગાઈ ગયેલા સંત મળે એવી ખૂબ ઈચ્છા છે. તેઓને ભાષા પંડિતો, ષડ્દર્શનના જ્ઞાતા પંડિતો ઘણા મળે છે, પરંતુ એ બધાએ આત્માનો સાક્ષાત્કાર કર્યો હોતો નથી. માટે કવિને સત્ય, સર્વધર્મ સહિષ્ણુ અને આત્મામાં રમણતા કરતાં સંત મળે એવી ઈચ્છા છે.

સંત મળો સોભાગી, મ્હને એ સન્ત મળો સોભાગી,
પરમાનંદ રસરાગી,
નિરપક્ષી વચનો વદે રે, તત્ત્વરમણ લય લાગી,
ષડદર્શન અનુભવ વડે રે, જ્યોતિ હૃદયમાંહી જાગી...(૧)
મ્હારું ત્હારું ના કરે રે, સ્વાભાવિક ગુણરાગી
વૃત્તિ વિના અનુભવ કરે રે, આત્મારામ સુભાગી...(૨)

(ભજન સંગ્રહ, ભાગ ૮, પૃષ્ઠ ૩૩૪)

**સંતોની બલિહારી :**

આ જગતમાં સૌભાગી જનને જ સંતનું શરણું મળે છે. જ્ઞાની, પવિત્ર અને ઉપકારી સંતોના સંપર્કમાં આવવાથી ભક્તોના જીવનમાં સર્વત્ર આનંદ અને શાંતિ છવાઈ જાય છે.

આચાર્ય બુદ્ધિસાગરજી સંતોને પ્રભુના પ્રતિનિધિ તરીકે વર્ણવતા તેમને 'પ્રભુનાં જીવતાં મંદિરો'ની ઉપમા આપે છે :

**સંતોના પૂજારી અમે તો સંતોના પૂજારી,**
**સંતોની બલિહારી,**
**સંત સમાગમમાં પ્રભુ યારી, આનંદ ઉલ્લસે ભરી,**
**સંતોથી મુક્તિસુખ મળતું સર્વોત્તમ ઉપકારી...(૧)**
**જીવતાં પ્રભુનાં મંદિરો સંતો મહાવતારી,**
**પ્રભુના પ્રતિનિધિઓ છે સંતો, સંતોનો સહચારી...(૨)**

(ભજન સં., ભાગ ૮, પૃષ્ઠ ૩૩૮)

**પ્રભુરૂપ સર્વ જીવોનાં દર્શન :**

આ કાવ્ય દ્વારા કવિ સર્વ જીવોમાં પ્રભુ વસે છે એ સમજાવે છે. તેઓ જણાવે છે કે સંસારમાં સર્વ જીવો પ્રભુ સ્વરૂપ છે. આત્મા તે જ પરમાત્મા છે. જીવના ઊંચનીચના ભેદ કર્મને આધીન છે. જીવની વૈરભાવના, પ્રેમભાવના એ સર્વકર્મના ખેલ છે. સર્વ જીવ પરમાત્મ સત્તામય હોય છે એવું જ્ઞાન થવાથી દરેક જીવને પ્રેમ સભર દિલથી મળવાનું મન કવિને થાય છે.

**પ્રભુરૂપ સત્તાએ જીવોનાં દર્શન હું કરું રે,**
**પ્રીતિ ભક્તિયોગે જીવોમાં પ્રભુને સ્મરું રે.**
**સત્તાએ ઈશ્વર છે જીવો, ભાવ પ્રાણે સુખકર જીવો,**
**પ્રેમભર ઊછળ્યા દિલથી જીવોને ભેટી પડું રે...(૧)**

(ભજન સં., ભાગ ૮, પૃષ્ઠ ૩૪૮)

કવિએ આ કાવ્યનો ભાવાર્થ પણ સમજાવ્યો છે. તેઓ લખે છે, "સંગ્રહનયની સત્તાની અપેક્ષાએ સર્વ જીવો સિદ્ધ સમાન છે, સંગ્રહનય સત્તાએ સર્વ જીવો પ્રભુરૂપ અર્થાત્ સિદ્ધ છે. अप्पा सो परमअप्पा–आत्मा सो परम आत्मा, આત્મા તે જ પરમાત્મા છે. જૈન દર્શનની અપેક્ષાએ જીવ, આત્મા ચેતન એ પર્યાયવાચી શબ્દો છે. આત્માઓ અર્થાત્ જીવોને દેહકર્મથી ભિન્ન જીવરૂપે દેખવા તે આત્મદર્શન અવબોધવું."

આ કાવ્ય પંક્તિઓમાં કવિ અન્ય જીવો સાથે વેર ભૂલી મૈત્રીભાવ રાખી તેમાં રહેલા પ્રભુપણાને સ્મરે છે.

**તીર્થો :**

કવિએ મહુડી, વિજાપુર, આબુ વગેરે અનેક તીર્થોનો મહિમા વર્ણવતાં ભજનો લખ્યાં છે. એમાં તે તીર્થનું સ્થાન, ત્યાંના મંદિરો વિશેની માહિતી, ત્યાં વસેલા શ્રાવકોના ઘરની સંખ્યા તથા આસપાસના વિસ્તારોની ઝીણવટભરી માહિતી કલામય રીતે તેમણે ગૂંથી લીધી છે.

**સાબરમતીના કાંઠે મહુડી :**

સર્પાકાર વહેતી સાબરમતીના તીરે આંબા અને મહુડીનાં વૃક્ષોથી શોભિત મનોહર મહુડી ગામ વસેલું છે. ત્યાં જિન મંદિરમાં અજિતનાથ પ્રભુ છે. ત્યાં કવિએ શ્રી કાલીદાસ માનચંદ વોરાના ઘરે મુકામ કર્યો હતો. તે સમયે ત્યાં ભક્તિવંત શ્રાવકોનાં પચીસ ઘર હતાં.

**મનોહર સાબરકાંઠડે રે, દીઠા કુદરત દેખાવ,**
**સાબરમતીના કાંઠડે રે, મનહર મહુડી ગામ,**
**જિન મંદિર રળિયામણું રે, દેખી કીધ પ્રણામ...(૧)**
**ભક્તિવંત શ્રાવક ભલા રે, શ્રાવક ઘર પચ્ચીસ,**
**દેવગુરુ ભક્તિ કરે રે, દયાળુ વિશ્વાવીશ...(૨)**
**માનચંદ સુત જાણીએ રે, વહોરા કાલીદાસ,**
**તેના ડહેલામાં કર્યો રે, દિવસ બેનો વાસ...(૩)**

(ભજન સંગ્રહ, ભાગ ૮, પૃષ્ઠ ૩૧૩)

**વિજાપુરનું વર્ણન :**

આચાર્ય બુદ્ધિસાગરજીની જન્મભૂમિ વિજાપુર હતી. પહેલાં એનું નામ વિદ્યાપુર હતું. કવિ આ કાવ્યમાં વિજાપુર શહેરની ભૂતકાલીન ભવ્યતા અને વર્તમાનની સ્થિતિનો આબેહૂબ ચિતાર આપે છે. તેઓ વર્ણવે છે કે હાલનું વિજાપુર ત્રીજી વાર વસ્યું છે. અહીં ઘણા શૂરવીર નરબંકાઓ, કવિઓ અને બારોટો પાક્યા છે. વિજાપુર નગરી નવ જિનમંદિર અને દશ પૌષધશાલા વડે શોભતી હતી. તેમાં પદ્માવતી માતાનું મંદિર સૌથી પ્રાચીન છે. કવિના સમયમાં ત્યાં ગાયકવાડી રાજ્ય હતું.

**જન્મભૂમી જયકારી, વિજાપુર જન્મભૂમિ જયકારી.**
**સંવત નવ સત્તાવીશ રે વિદ્યાપુર વસેલું.**
**વર્ણ અઢારે શોભતું રે, શૂરવીરમાં પહેલું...(૧)**
**નવ જિનમંદિર શોભતાં રે, જન્મ જરા ભય હારી**
**દશ પૌષધ શાલા ભલી રે, ધર્મીજન સુખકારી...(૫)**
**ગાયકવાડી રાજ્યમાં રે, શ્રેષ્ઠપણે વખણાતું,**
**પંડિતો અહીં જન્મતાં રે, સાર્થક નામ સુહાતું...(૭)**

(ભાગ ૮, પૃષ્ઠ ૩૧૫)

**આબુજી પર આનંદ :**

આ કાવ્યમાં કવિ આબુ તીર્થની અપરંપાર શોભાનું વર્ણન આલેખે છે. પંખીઓનો કલરવ, વિવિધ ફૂલો, વનસ્પતિઓ, શીતલ પવન અને શિખરો પર પડતાં સૂર્યનાં સોનેરી કિરણો વડે સંપૂર્ણ વાતાવરણ ખુશનુમા થઈ સર્વત્ર આનંદ જ વર્તાય છે એમ કવિ નીચેની પંક્તિઓમાં આબુના સૌંદર્યનું વર્ણન કરે છે.

**અહા, અહીં આનંદ આવે રે વાણીથી ના કથાય મઝાનો**
**શિખર પર કિરણો પડે રે શીતલ વાયુ વાય**
**પંખી કલરવ બોલતાં રે, શાંતિ મઝાની જણાય...(૧)**

કવિએ આબુમાં જિન મંદિરોમાં સ્તવના કરી, ભર્તૃહરિની ગુફામાં ધ્યાન કર્યું જેથી આત્મામાં ધ્યાનવડે સ્થિરતા થઈ અને અપાર આનંદ પ્રગટ્યો.

**ભર્તૃહરિ ગુફા વિષે રે, ધ્યાન કર્યું જયકાર,**
**આત્મામાં સ્થિરતા થઈ રે, આનંદ પ્રગટ્યો અપાર...(૭)**

(ભજન સં., ભાગ ૮, પૃષ્ઠ ૬૨૬-૬૨૭)

**કુંભારિયાજી :**

આબુ, કુંભારિયાજી વગેરે તીર્થની યાત્રા ગુરુદેવે સંવત ૧૯૭૧ના માઘ મહિનામાં કરી હતી. આ તીર્થનો મહિમા તેઓએ બાર કડીમાં વર્ણવ્યો છે. કવિ ગુરુદેવ બુદ્ધિસાગરજી આ કાવ્યમાં આ તીર્થના ઇતિહાસ વિશે લખે છે કે કુંભારિયાજીનું જૂનું નામ આરાસણ હતું. પ્રભુ નેમિનાથજી અહીં નગરપતિ હતા. અંબિકાદેવીના આદેશથી વિમલશાહે અહીં પાંચ દેરાસર કરાવ્યાં હતાં. આ સ્થળ પાણીનાં ઝરણાં અને ખજૂરનાં ઝાડો વડે ખૂબ દીપે છે.

**ચારે બાજુ પર્વત હાર, સરસ્વતી વહેતી જયકાર,**
**ઝાડ ખજૂરીનાં બહુ થાય, નાન્હા વહેળા વહે સદાય...(૧)**
**પિંપળ, ઉંબર આદિ ઘણાં, વૃક્ષો લાગે સોહામણા,**
**આરાસણી નગરી અહીં હતી, નેમિનાથજી નગરપતિ...(૨)**
**રાજા વિમળશાહે કર્યાં, દેરાં પાંચે લક્ષ્મી ભર્યાં,**
**સ્વર્ગ જવાને પંથ વિમાન, શોભે કોરણીએ ગુણ ખાણ...(૩)**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૨૭)

**કાવ્ય-પત્રો :**

ગુજરાતી સાહિત્યમાં પત્રકાવ્યોની રચના કેટલાક કવિઓએ કરી છે. શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠીએ પોતાની નવલકથા 'સરસ્વતીચંદ્ર'માં પત્રકાવ્યનો ઉપયોગ કર્યો છે. આ ગ્રંથમાં કવિએ કેટલાક કાવ્યમય પત્રોનું આલેખન કર્યું છે. તેમના કાવ્યપત્રોમાં બોધ અને ઉપદેશનું તત્ત્વ જ મુખ્ય છે. તેમણે પોતાની વાત સમજાવવા માટે ક્યાંક ક્યાંક દૃષ્ટાંત તથા ઉપમાનો ઉપયોગ કર્યો છે.

ગુરુદેવ બુદ્ધિસાગરજીએ શેઠ જગાભાઈ દલપતભાઈ અમદાવાદવાળાને ઘણા પત્રકાવ્ય લખ્યા છે. પત્ર દ્વારા ગુરુદેવ શ્રાવકને દૃષ્ટાંત આપીને સમજાવીને ઉપદેશ આપે છે જેથી શ્રાવકના મનમાં રહેલી અનેક મૂંઝવણોનો અંત આવે.

(રાગ : ધનાશ્રી)

બે નહિ સાથે થાય, પરસ્પર વિરુદ્ધ કાર્ય સદાય,
ભસવું ને આટો ફાંકવો રે, સંગાતે ના થાય.
તમ અને તેજ બે ના રહે રે, એક ઠેકાણે ભાય...(૧)

આ કાવ્યમય પત્રમાં ગુરુદેવ પરસ્પર વિરુદ્ધ કાર્યનું દૃષ્ટાંત આપીને સમજાવે છે કે ભસવું એટલે બોલવાની ક્રિયા તેની સાથે સૂકો આટો ફાંકવા જતાં બેમાંથી એક પણ ક્રિયા થઈ શકતી નથી. તે જ પ્રમાણે અંધકાર અને પ્રકાશ એકસાથે એક જ સ્થળે રહી શકતાં નથી. આમ, જ્યારે માનવી એકસાથે બંને વિરોધ પક્ષોનો પક્ષ લેવા જતાં બંનેને માઠું લાગવાનો ભય ઊભો થાય છે.

સંશય નિશ્ચય બેઉનો રે સાથે ના એક ઠામ
પરસ્પર વિરોધીના રે આશ્રયમાં બદનામ...(૫)
બંનેનું મન રાખતા રે એકનું પણ ન સધાય,
ઘરનો નહીં ને ઘાટનો રે, ધોબી શ્વાનનો ન્યાય...(૮)

(ભાગ ૮, પૃષ્ઠ ૨૯૭)

ઉપરોક્ત પંક્તિઓમાં કવિ ધોબી અને શ્વાનનું દૃષ્ટાંત આપીને જગાભાઈને ઉપદેશ આપે છે કે પરસ્પર વિરોધી વ્યક્તિઓનું મન સાચવવા જતાં વ્યક્તિ કેટલીકવાર બંને બાજુથી હડધૂત થઈ જાય છે.

**બીજો પત્ર જગાભાઈને :**

પ્રસંગો ભાવીના કેવા, વિચારીને પ્રથમ સર્વે,
પછી નિશ્ચય કરી બોલી, કરીને વાયદો પાળો...(૧)
નહીં બંધાવવું કોથી, વિચાર્યા વણ અરે જગમાં
સદા વિશ્વાસી થાવાને, કરીને વાયદો પાળો...(૫)

(ભાગ ૮, પૃષ્ઠ ૬૯૫)

ગુરુદેવ શ્રી જગાભાઈને ઉપદેશ આપતા લખે છે કે કોઈને કંઈ પણ અભિપ્રાય આપતાં પહેલાં તેની ભવિષ્યની અસર વિશે વિચાર કરીને બોલવું કારણ કે એક વાર બોલ્યા પછી ફરી જનાર વ્યક્તિનો લોકો જલદી વિશ્વાસ કરતાં નથી.

**પત્ર શેઠ લલ્લુભાઈને :**

સુશ્રાવક લલ્લુભાઈ રાયજી ખૂબ દાનવીર અને કર્મવીર હતા. તેમણે જૈન બોર્ડિંગની સ્થાપના કરી. પોતાની લક્ષ્મી સન્માર્ગે વાપરીને ખૂબ કીર્તિ મેળવી. તેમનો જ્યારે સ્વર્ગવાસ થયો ત્યારે આચાર્ય બુદ્ધિસાગરજીએ એમને અંજલિ અર્પતું કાવ્ય રચ્યું.

લલ્લુભાઈ રાયજી રે શેઠ ભલો ઉપકારી,
દાનવીર રત્ન જયકારી,
ઓગણીશ ઈકોતેર સાલે રે જેઠ સુદ ચોથ ગુરુવારે રે
દેહ ત્યાગી રે ગયો અહીં થકી ચાલી,
જગ્યા તારી રહી અરે ખાલી,
જૈન ગરીબ વર્ગ ઉદ્ધાર્યો રે, દીન લોકને બહુ મન પ્યારો રે...(૧)

(ભજન સં., ભાગ ૮, પૃષ્ઠ ૫૬૭)

**કહેવત :**

કવિએ પ્રચલિત કહેવતો દૃષ્ટાંત અને ભાવાર્થ સહિત સમજાવીને બોધદાયક ભજનોની રચનાઓ કરી છે. આ પ્રકારના કાવ્યમાં કાવ્યતત્ત્વ નહિવત્ છે અને બોધ વધારે છે.

**નાદાનની દોસ્તી જાનનું જોખમ :**

એ કહેવત વિશેના કાવ્યમાં કવિ નાદાનની દોસ્તીના પરિણામે વિવાહની વરસી થાય તથા જગતમાં હાંસીપાત્ર થવાય એમ વર્ણવે છે.

નાદાનની દોસ્તી કદી કરશો નહીં.
નાદાનની સંગત થકી દુઃખો ઘણાં પામો સહી,
નાદાનના મુખ બોલના વિશ્વાસમાં દુઃખો વસે,
વેળા વિપત્તિ આવતાં નાદાન ઝટ દૂરે ખસે...(૧)
"વિવાહની વરસી કરે પાડે કૂવામાં ક્રોધથી,
હાંસી કરાવે પાસમાં રહીને, દૂરે રહે બોધથી
નાદાનથી દૂરે રહો, નાદાન સંગત ના કરો.
બુદ્ધયબ્ધિ સંગત ધીરની પામી, વહો શાંતિ ઝરો...(૪)

(ભજન સં., ભાગ ૮, પૃષ્ઠ ૧૮૬)

**હસ્તી પાછળ ભસતાં શ્વાનો :**

હાથી જ્યારે નગરમાર્ગ પર તેની મદમસ્ત ચાલે આગળ વધતો જાય છે ત્યારે તેની પાછળ ઈર્ષ્યાળુ શ્વાનો ભસતાં ભસતાં થોડે સુધી જાય છે. અંતે હાથી આગળ નીકળી જતાં શ્વાનો થાકીને બેસી જાય છે. કવિ તેમની બોધદાયક આ કવિતામાં શ્વાન અને હાથીનું રૂપક આપીને વર્ણવે છે કે શ્વાન જેવી વૃત્તિવાળા મનુષ્ય કદી આગળ વધી શકે નહિ અને કુસંપને લીધે અંદરોઅંદર લડી મરે છે.

ભસાભસ હસ્તી પાછળ જ્યારે, પરસ્પર જ લડવાનાં ત્યારે,
કરવો કદી ન પડતો ન્યાય જ તેનો કાજીને રે...(૪)

**ભસવાથી હલકો નહીં હસ્તી, હસ્તીની જુદી છે મસ્તી,**
**બુદ્ધિસાગર શોભે બળથી વિશ્વ વિરાજીને રે...(૫)**

(ભજન સં., ભાગ ૮, પૃષ્ઠ ૩૦૮)

આ દૃષ્ટાંત દ્વારા કવિ વર્ણવે છે કે બળવાન અને મહેનતુ મનુષ્ય હાથીની જેમ ઈર્ષ્યાખોર લોકોની પરવાહ ન કરતાં પોતાના ધ્યેયમાં આગળ નીકળી જાય છે.

**કહેણી તેવી રહેણી :**

કેટલાક મનુષ્યો જેવું બોલે છે તેવું તેમનું વર્તન હોતું નથી. આવા મનુષ્યો જ્યારે બીજાને કંઈક ઉપદેશ આપે છે ત્યારે એવા શુષ્ક ઉપદેશની સામી વ્યક્તિ પર કંઈ જ અસર થતી નથી, પરંતુ જે મનુષ્ય બોલવાને બદલે કંઈક કરી બતાવે છે તેની જ વિશ્વમાં ગણના થાય છે.

**જેની કહેણી સરખી રહેણી, તે નર ધન્ય છે રે,**
**બોલ્યા કરતાં કરી બતાવે, તે કૃતપુણ્ય છે રે,**
**કથન ભવઈ જ્યાં ત્યાં થાતી, ફાંગા બોલે છાતી કાઢી.**
**રહેણી શૂન્ય જે બકતો, તે તો જગતમાં અપુણ્ય છે રે...(૧)**
**કરવું કાંઈ ન કહેવું બહુલું, એ તો કાર્ય ઘણું છે સહેલું.**
**બોલ્યું આચારે મૂક્યા વણ કાંઈ ન મૂલ્ય છે રે...(૪)**

(ભજન સં., ભાગ ૮, પૃષ્ઠ ૩૧૪)

**સુવાક્ય :**

આચાર્યશ્રીએ ઉપદેશાત્મક સારા શબ્દસમૂહ અને સુવાક્યોના ભાવાર્થ પ્રમાણે ઉપદેશાત્મક સારગ્રાહી ભજનોની રચના કરી છે.

**મૃગતૃષ્ણા :**

સંસારમાં જ્યાં સુખનાં સરોવર દેખાય છે ત્યાં નજીકથી જોતાં દુઃખ અનુભવાય છે. બાહ્ય ઠાઠમાઠની અંદર કશું હોતું નથી. સુખદુઃખનાં ચક્રોની સાથે પામર અજ્ઞાની જીવ ચકરાવે ચઢી સુખ દુઃખનો અનુભવ કરતો રહે છે, પરંતુ આત્મયોગી વ્યક્તિ સૂર્ય સમાન રહે છે જેના પર સુખદુઃખના વાદળની અસર થતી નથી. એમ કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**સુખદુઃખનાં ચક્રો ફરે પામર જીવ ચક્રે ફરે,**
**મસ્તાન નિજ મસ્તી થકી, એ ચક્રના ચૂરા કરે,**
**સુખદુઃખ વાદળ છાંયડા, પૃથ્વી પર બહુ એ પડે,**
**પણ ભાનુ પર છાયા પડે નહિ આત્મજ્ઞાની રવિ પર...(૩)**

કવિ બુદ્ધિસાગરજી મૃગતૃષ્ણા નામના ભજનમાં આત્મજ્ઞાની વ્યક્તિ સંસારમાં કેવી રીતે રહે છે તે દર્શાવતાં લખે છે કે જ્ઞાની વ્યક્તિ સુખ-દુઃખમાં જલકમલવત્ રહીને આનંદથી

પ્રભુભક્તિમાં સમય વ્યતીત કરે છે જ્યારે અજ્ઞાની વ્યક્તિ થોડું દુઃખ પડતાં દુઃખી થઈને અહીં તહીં કોઈ પણ વ્યક્તિ આગળ પોતાના દુઃખની વાર્તા કરે છે અને સુખ મળતાં જ અભિમાનથી છકી જાય છે, એમ કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**સુખ દુઃખ વાદળ છાંયડા, અજ્ઞાનીને દેખાય છે,**
**જ્ઞાની સદા ન્યારો રહે આનંદમાં મલકાય છે.**
**એ આત્મજ્ઞાની મસ્તની, મસ્તી વિશે સુખ તોર છે.**
**જ્ઞાની વિચારે સહુ કરે, તે વિશ્વ દૃષ્ટે ઓર છે...(૪)**

(ભાગ ૮, પૃષ્ઠ ૩૨૩)

**ઇચ્છાઓ દૂર જાઓ :**

ઈચ્છાઓ કે વાસનાઓનું ઊગમસ્થાન જીવ છે. જીવ અલગ અલગ જાતની ઈચ્છાઓ કરે છે અને એને તૃપ્ત કરવા માટે મનુષ્ય ખોટાં કાર્ય કરે છે. જ્યાં ઈચ્છા છે ત્યાં ઉપાધિ નિશ્ચિત છે. કવિ નીચેની પંક્તિઓમાં ઈચ્છાઓને સંબોધીને કહે છે કે તેઓ શા માટે કવિને વળગી ? કોણે એને બોલાવી ?

**ઈચ્છાઓ દૂર જાઓ રે, શાને લાગી અમોને,**
**શાને સતાવો વિપાકે રે, કોણ બોલાવે તમને...(૧)**
**ધર્મ અમારો મૂળ ભુલાવી પરભાવે લેઈ જાઓ,**
**રચનારો તમને છું મોહે, બળવત્તર કેમ થાઓ,**
**આત્માધિષ્ઠાન તમારું રે, જાણ્યું શું ભરમાવો...(૨)**

(ભાગ ૮, પૃષ્ઠ ૩૨૯)

**અમને જાણનારાઓ :**

આપણને જાણનારાઓ આપણા શરીરને જાણે છે જ્યારે શરીરમાં રહેલો હું કોણ છું એને પ્રત્યક્ષ આપણે જ જાણતા નથી તો બીજા શી રીતે જાણી શકે ? આવી ફિલસૂફીભરી વાત કવિ સરળ ભાષામાં નીચેની પંક્તિ દ્વારા સમજાવે છે :

**જાણું ન પૂર્ણ હું કોણ રે, ક્યાંથી જાણો તમો તો,**
**મુજને જાણે સહુ જાણે રે, દેખો નહીં તે અમે તો**
**નામથી જાણો, રૂપથી જાણો, તેમાં ભૂલ જણાતી,**
**જાણે કદાપિ વેષાચારે, વાત ન જાણી સુહાતી રે...(૧)**

(ભાગ ૮, પૃષ્ઠ ૩૩૦)

કવિ ઉપરોક્ત પંક્તિઓમાં તેમને જાણનારાઓને કહે છે કે જે બાહ્ય પર્યાય શરીર, વેષ વગેરે છે એમાં સમય પ્રમાણે ફેરફાર થાય છે તેથી તેમને સંપૂર્ણપણે જોઈ શકાય નહિ. કવિશ્રી આ પંક્તિઓનો ભાવાર્થ સમજાવતાં લખે છે.

"પુસ્તકમાં ચારિત્ર લખતાં જે જે પર્યાયો વડે ભૂતકાળમાં હતો, વર્તમાનમાં છું અને ભવિષ્યમાં થવાનો તેમાં સ્વભાવ પર્યાય અને વિશેષ ભાવ પર્યાય આદિથી મ્હને પુસ્તકાદિમાં ચીતરતા પૂર્ણ સ્વરૂપે મારું વાસ્તવિક સ્વરૂપ ન ચીતરાવાથી હું મારા સ્વરૂપથી પૂર્ણપણે અન્ય મનુષ્યોના વિચારોમાં અને પુસ્તકોમાં પૂર્ણ સ્વરૂપે શોભી શકવાનો નથી. જો તમે મને અવબોધવા ઈચ્છતા હો તો હું કહું છું તે પર લક્ષ રાખો.

હું જગતમાં અને જગત મારામાં છે. ઈશ્વરમાં હું છું અને ઈશ્વર મારામાં છે. હું ઈશ્વર છું, અન્ય ઈશ્વરો પરમાત્માઓ છે. સત્તાએ સર્વ જીવોનું ઐક્ય છે. વ્યક્તિએ જ્ઞાનાદિ ગુણ સમાનપણે સર્વ સિદ્ધોનું ઐક્ય છે. એમ સપ્તભંગી નયનિક્ષેપાદિથી જો તમે જાણી શકો તો તમે ખરા જ્ઞાની સિદ્ધ થઈ શકો."

આ પ્રમાણે કવિએ સમજાવેલો ભાવાર્થ પણ તાત્ત્વિક અને માર્મિક છે.

**આત્મભોગી કર્મયોગી :**

કવિ નીચેની પંક્તિઓમાં સાચા કર્મયોગી કેવા હોય તે દર્શાવતાં કહે છે કે ખરા કર્મયોગી નિર્ભય થઈને મોતનો ડર રાખ્યા વગર ખંત અને ઉદ્યમથી આત્મભોગ આપીને કાર્ય કરે છે. તેમને માટે કશું જ અશક્ય નથી.

**"માથું મૂકીને કરે કામ, એવો નર વિશ્વમાં રાખે નામ,**
**વિશ્વ કરે છે પ્રણામ.**
**જ્યાં સુધી ભીતિ રહે રે, ત્યાં સુધી છે હાર**
**નિર્ભય થઈ કાર્યો કરે રે, હોવે જયજયકાર,**
**સહાય કરે સુર તામ...(૧)**

(ભજન સં., ભાગ ૮, પૃષ્ઠ ૪૦૫-૪૦૬)

**નથી કોઈ વહેમનું ઔષધ :**

પ્રચલિત કહેવત પરના પ્રસ્તુત કાવ્યમાં કવિ મનુષ્યોને વહેમ ત્યજીને જ્યાં જેવી શંકા હોય તેનું ખુલાસા દ્વારા નિરાકરણ કરવાનો ઉપદેશ આપે છે.

જગતમાં રોગ હરવાના ઘણા ઔષધ પ્રવર્તે છે.
તથાપિ જાણીને જાણો, નથી કોઈ વહેમનું ઔષધ...(૧)
પડાવે મિત્ર સખીઓમાં, અરેરે ભેદ અણધાર્યો,
કરે વિશ્વાસની હોળી, નથી કોઈ વહેમનું ઔષધ...(૬)

(ભાગ ૮, પૃષ્ઠ ૭૬૬)

વહેમને લીધે મિત્રો કે સહેલીઓ વચ્ચે નજીવી બાબતમાં મનદુઃખ અને ગેરસમજ થાય છે જેથી તેઓ એકબીજાને અવિશ્વાસભરી નજરે જુએ છે. આ વહેમની કોઈ દવા નથી. એ તો

નિખાલસ હૃદયપૂર્વક વાતચીત કરવાથી જ દૂર થઈ શકે એમ કવિ ઉપરની પંક્તિઓમાં નિરૂપે છે.

**બળ કળથી જિતાય :**

આચાર્ય બુદ્ધિસાગરજીએ સામાન્ય માનવીએ વિકટ સંજોગોમાં પોતાનો માર્ગ કેવી રીતે શોધવો તે દૃષ્ટાંત આપી નીચેના ભજન દ્વારા સમજાવ્યું છે.

**'દોહરા'**

**સિંહ બળી વનરાજ પણ, કળથી તે પકડાય,**
**નિશ્ચય છે આ વિશ્વમાં બળ કળથી જીતાય....(૧)**

બળ અને કળ એટલે શક્તિ અને યુક્તિ, એ માટે કવિએ સિંહનું દૃષ્ટાંત આપ્યું છે. જેમ શક્તિશાળી વનરાજ કળથી જ વશ થાય છે, બળથી નહિ તે જ પ્રમાણે શક્તિશાળી મનુષ્યો યુક્તિ-પ્રયુક્તિથી જ જિતાય છે એમ કવિ ઉપરોક્ત પંક્તિઓમાં સમજાવે છે.

**બળિયા ગળિયા થઈ જતા, કલા વિના ભટકાય,**
**બ્રિટિશોવત્ જાણવું, બળ કળથી જીતાય...(૨)**
**વિદ્યા બુદ્ધિ પ્રયુક્તિના બળ કળથી જીતાય,**
**બળિયાના બે ભાગ છે, કલા તણા ન ગણાય...(૩)**

(ભાગ ૮, પૃષ્ઠ ૮૦૪)

આ ભજન આજથી ઘણાં વર્ષ પૂર્વે રચાયું હતું ત્યારે ભારતમાં બ્રિટિશ હકૂમત હતી. ઉપરોક્ત પદોમાં કવિ એવો નિર્દેશ કરે છે કે બળવાન બ્રિટિશ હકૂમતમાંથી દેશને સ્વતંત્ર કરવો હોય તો બળનો નહિ પણ યુક્તિનો ઉપયોગ કરવો જોઈએ.

**સુધારો ભૂલ પોતાની :**

મનુષ્ય પોતાની ભૂલ સુધારે અને બીજાની ભૂલો તરફ લક્ષ ન રાખે તો જ તે ઉન્નતિનાં શિખરો સર કરી શકે છે એમ કવિ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં ઉપદેશ આપે છે. જ્યારે આપણે કોઈ વ્યક્તિ તરફ એક આંગળી ચીંધીએ ત્યારે પોતાના તરફ ચીંધાતી ચાર આંગળીની જે પરવાહ કરે છે અને સુધરવા પ્રયત્ન કરે છે તે જ મનુષ્ય પ્રગતિ કરી શકે છે. ભણી ગણીને મનુષ્ય જો બીજાની પંચાતમાં જ રચ્યોપચ્યો રહે તો એ ભણતર વ્યર્થ બને છે.

**ભણ્યા તો શું ? ગણ્યા તો શું ? બન્યા જો ડાહ્યલા તો શું ?**
**બન્યા પંચાતિયા તો શું ? સુધારો ભૂલ પોતાની...(૧)**
**જણાતા અન્ય પાપીઓ, સ્વયં જાણે જ ધર્માત્મા,**
**થશે ના તે થકી પ્રગતિ, સુધારો ભૂલ પોતાની...(૫)**

(ભાગ ૮, પૃષ્ઠ ૮૧૦)

**પડ્યા પર માર ના પાટુ :**

જ્યારે કોઈ વ્યક્તિ માનભંગ, અપકીર્તિ, ધન હાનિ વગેરેથી ઘેરાઈ જાય છે ત્યારે તેને મદદ કરવાને બદલે વેરવૃત્તિથી વધુ નુકસાનીના ખાડામાં ઉતારવી એ પડેલાને પાટુ મારવા સમાન કાયરનું કામ છે.

**બનીને ક્રોધથી રાતો, બની કાયર વગર સત્યે,**
**ધરીને વેર હૈયામાં, પડ્યા પર માર ના પાટુ...(૧)**

(ભાગ ૮, પૃષ્ઠ ૮૨૦)

**ગણે ડાહ્યા સકલ નિજને :**

દુનિયામાં બધા વ્યક્તિઓની વિચારધારા અલગ હોય છે. તુંડેતુંડે મતિર્ભિન્ના સર્વ લોકો પોતાના જ વિચારો સાચા અને બીજાના ખોટા છે એમ સમજી નિજને ડાહ્યા ગણાવે છે.

**"જગતમાં દેખશો જ્યાં ત્યાં ગમે તેવા પ્રસંગોમાં**
**મતિની ભિન્ન દૃષ્ટિએ, ગણે ડાહ્યા સકલ નિજને"...(૧)**

(ભાગ ૮, પૃષ્ઠ ૮૨૨)

આચાર્ય બુદ્ધિસાગરજીએ અગણિત શબ્દો અને ભાવો જેવા કે માન, માયા, પ્રેમ, કરૂણા, ભાષા, મનુષ્ય, સગા, મિત્ર, શ્રાવક વિશે પદો અને ભજનો રચ્યાં છે. આ વિવિધ ભજનો દ્વારા તેમણે નીતિનો ઉપદેશ લોકોને આપ્યો છે.

**માયા :**

કવિ માયાને ધુતારી નારીનું રૂપક આપતાં વર્ણવે છે કે તે અખિલ વિશ્વને ઠગનારી છે માટે તેનાથી દૂર રહેવું સારું.

**માયા મહાધુતારી નારી,**
**કરતી સર્વ વિશ્વ ખુમારી**
**વિષ્ણુ અને મહાદેવ પણ**
**મહામાયામય નારીથી મુઝાય છે...(૧)**

(ભાગ ૮, પૃષ્ઠ ૫૫૨)

**માન :**

સર્વ દુઃખનું મૂળ માન એટલે અભિમાન છે. માનના તોરમાં રાચતા મનુષ્ય માટે દુનિયા આજે પણ રાવણ અને દુર્યોધનનું ઉદાહરણ આપે છે. એમ કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**માન મહાદુઃખકારી અહાહા માન મહા દુઃખકારી,**
**જોશો ચિત્ત વિચારી...**
**માનો રાવણ જગમાં હાર્યો, થયું સર્વ ધૂલધાણી,**
**દુર્યોધન પામ્યો દુઃખ અંતે, એવી ખૂબ કહાણી...(૧)**

(ભાગ ૮, પૃષ્ઠ ૭૩૫)

**જગતમાં પ્રેમ ના સાચો :**

કવિ આ કાવ્યમાં પ્રેમ વિશે રાજા ભર્તૃહરિ અને રાણી પિંગલાનું ઉદાહરણ આપીને પ્રેમને સ્વપ્ના જેવો નાશવંત કહ્યો છે.

"થતાં જે પ્રેમનાં સ્વપ્નાં ટળી જાવે પલકમાં તે ખરેખર નામરૂપોનો, જગતમાં પ્રેમ ના સાચો."

**જુઓને પિંગલા પ્રીતિ, હતી ભર્તૃહરી પર શી ?**
**કરોડો છે જ દૃષ્ટાંતો, જગતમાં પ્રેમ ના સાચો.**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૪૨)

**મિત્ર મૈત્રી :**

આચાર્ય બુદ્ધિસાગરજીએ મિત્રમૈત્રી કાવ્ય પેથાપુરમાં રચ્યું હતું. તેમાં બસો છ કડીઓની જોડકણાં રૂપે રચના તેમણે કરી છે. આ કાવ્યમાં તેઓ મિત્રધર્મ વર્ણવતા કહે છે કે જ્યાં મિત્રો વચ્ચે કુદરતી પ્રેમ હોય ત્યાં જ સાચી મિત્રતા શક્ય બને છે. સ્વાર્થ વૃત્તિથી પ્રેરિત મનમેળ વગરની મિત્રતા નિભાવવી મુશ્કેલ બને છે.

**સ્વાભાવિક જ્યાં પ્રેમના બે દિલ થાય ન એક,**
**મિત્ર મૈત્રી ત્યાં ના ખરે, ધારો ચિત્ત વિવેક...(૨)**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૫૯)

સાચા સજ્જન મિત્રનાં લક્ષણો દર્શાવતાં કવિ સમજાવે છે કે જે મિત્ર મુસીબતમાં સહાય કરે, ધીર, વીર અને ગંભીર હોય, મિત્રના દોષ ઢાંકે તથા જરૂર પડે તો મૈત્રી પાછળ પ્રાણ પણ અર્પણ કરવા તત્પર હોય તે જ સાચો મિત્ર કહેવાય.

**સજ્જનતા મનમાં ધરે, મિત્ર ગુણોને ગાય,**
**સહાય કરે આપત્તિમાં, મિત્ર ખરો તે થાય...(૧૦)**
**ઢાંકે દોષો મિત્રના, આપે અવસર શિર,**
**ખરો મિત્ર તે જાણવો, ધીર વીર ગંભીર...(૧૧)**

સાચો મિત્ર પ્રાણાંતે પણ મિત્રદ્રોહ કરતો નથી. તે વિકટ સંજોગોમાં પણ સાથ નિભાવે છે એમ કવિ નીચેની પંક્તિઓમાં દર્શાવે છે :

**મિત્ર દ્રોહ ના આચરે, પ્રાણાન્તે પણ જેહ,**
**મિત્ર ખરો તે જાણવો, સજ્જનતાનું ગેહ...(૨૪)**

કવિ સાચા મિત્રને ચંદનની સાથે સરખાવે છે.

**કરે અપકારો ત્હોંય પણ, કરે મિત્ર ઉપકાર,**
**ચંદન સમો તે મિત્ર છે. સેવો નર ને નાર...(૧૪૩)**

સારા બુદ્ધિવંત ગુણવાન મિત્ર હોય તો તેની સંગતથી ધર્મ, વિજ્ઞાન વગેરે સર્વ વિષયોમાં જ્ઞાનવૃદ્ધિ થાય છે અને મન આનંદમય રહે છે.

**નીતિની વૃદ્ધિ થતી, બુદ્ધિને વિજ્ઞાન,**
**ધર્મ વૃદ્ધિ જેથી થતી, મિત્ર સત્ય તે માન...૧૬૫.**

આચાર્ય બુદ્ધિસાગરજી આધ્યાત્મિક મૈત્રીનો રસાસ્વાદ લેવાનું કહે છે. સ્વયં જેવો મિત્ર બીજો કોઈ નથી જેનાથી પ્રગતિ સધાય છે.

**યાવત્ સ્વયં ન મિત્ર છે, તાવત્ અન્ય ન હોય,**
**આધ્યાત્મિક મૈત્રી વિના દિવ્ય જીવનના જોય...(૧૫૯)**
**આધ્યાત્મિક મૈત્રીથી અમૃતરસનો સ્વાદ,**
**આવે અંતરમાં અહો, અનુભવ પ્રગટે નાદ...(૧૬૦)**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૭૦-૬૭૧)

દુષ્ટ મિત્રોનું વર્ણન કરતાં કવિ નીચેની પંક્તિઓમાં બોધ આપે છે કે જે વ્યક્તિઓ વધુ પડતાં મીઠાં, નમ્ર અને દંભી હોય તેવાની મૈત્રી કરવી નહીં. કારણ કે તેઓ કપટયુક્ત હોય છે.

**અતિવિનયી, મીઠા અતિ, અતિ આચારી જેહ,**
**કપટી જન તે જાણવો, મિત્ર ન કરવો એહ...(૩૭)**

જે વ્યક્તિ માતા, પિતા અને ગુરુની અમાન્યા જાળવવાને બદલે તેમની નિંદા કરતો હોય કે તેમને અપમાનિત કરતો હોય, તેની મૈત્રી દ્વારા ઘણો લાભ થતો હોય તો પણ એ કરવી નહીં એમ નીચેની પંક્તિઓમાં કવિ ઉપદેશ આપે છે.

**માતાપિતા ગુરુદ્રોહી જે, નિંદા બહુ કરનાર,**
**મિત્ર નહીં તે કીજીએ, લાભ મળે જો અપાર...(૪૧)**

ઘણા મિત્રો ઉછાંછળા અને મીંઢા હોય છે. તેઓમાં દીર્ઘદૃષ્ટિનો અભાવ હોય છે. તેવા મિત્રોની દોસ્તીથી મન અશાંત અને ક્લુષિત થઈ જાય છે એમ કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**મીંઢા મનના મિત્રથી, મળે ન શાંતિ લેશ,**
**ઉછાંછળા મિત્રો થકી, પ્રગટે મનમાં ક્લેશ.**

કવિ મનુષ્ય જીવનમાં જો ત્રણ નજીકની વ્યક્તિઓ મિત્ર, પત્ની અને શિષ્ય જો સારા હોય તો જીવન સુખી થાય છે એમ કહે છે, પરંતુ જો એ સારા ન હોય તો જીવન દુઃખદાયક બને છે એમ વર્ણવે છે :

**મિત્ર, નારી ને શિષ્ય ત્રણ્ય, સુખ કરનારાં હોય,**
**પણ દુઃખ દેનારાં બને, એ સમ વિશ્વ ન કોય...(૪૮)**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૬૧-૬૬૨)

**સગાસંબંધી :**

કવિ સગાસંબંધીઓ કેવા હોય છે તે વિશે આ કાવ્યમાં દર્શાવતાં કહે છે કે કોઈક જ સગાં એવાં હોય છે જે જરૂર પડે ત્યારે તન, મન અને ધનથી મદદ કરે.

**વ્હાલા વ્હાલા સહુ કહે, વ્હાલું કોઈક હોય,**
**અવસર આવે પ્રાણ દે, વ્હાલપણું તે જોય...(૧)**
**સગાંસંબંધી સહુ કહે, સગાં વિરલ જગ જાણ,**
**તન ધન સત્તા પ્રેમથી, પાથરતાં જે પ્રાણ...(૨)**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૭૬)

**સમતા :**

સમતા, ધીરજ, શાંતિ મનમાં રાખવાથી જ મનુષ્ય સુખી થઈ શકે છે એમ કવિ નીચેની પંક્તિઓમાં નિરૂપે છે :

**સમતા સહજ સમાધિ છે, સમતા સુખ ભંડાર,**
**સમતા વિના સમાધિ નહિ, કરશો ચિત્ત વિચાર...(૧)**

સમતાધારક યોગી હઠયોગી કરતાં પણ મહાન હોય છે એમ કવિ 'સમતા' કાવ્યની નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**હઠયોગીથી મોટકા, સમતાયોગી જાણ,**
**તાણ્યા ખેંચ્યા મન થકી, સદા ન શાંતિ પ્રમાણ...(૩)**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૭૭)

**શ્રાવક :**

સાચા શ્રાવકની વ્યાખ્યા આપતા કવિ કહે છે કે જે શ્રાવક નાસ્તિક બુદ્ધિ રાખે, દેવ ગુરુ પાસે જાય નહિ, ગુરુની નિંદા કરે અને દેવ દ્રવ્ય વાપરે તે સાચો શ્રાવક કહેવાય નહિ.

**શ્રાવક સાચો તે નહિ, દેવદ્રવ્યને ખાય,**
**નામ ધરાવી જૈનનું ગુરુ પાસ ન જાય...(૫)**
**દેવ ગુરુને ઓળવે, ફરે બોલીને બોલ,**
**નાસ્તિક મતિ શ્રાવક નહીં. સડેલ ફૂટ નિઢોલ...(૬)**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૪૩)

**મનુષ્ય :**

કવિ બુદ્ધિસાગરજીએ ભજનસંગ્રહ ભાગ ૮માં 'મનુષ્ય' કાવ્યની રચનામાં એકસો પંચાવન કડીઓનો સમાવેશ કર્યો છે. તેમણે સારો મનુષ્ય કેવો હોય ? તેના જન્મનો હેતુ શો ? તેનું કર્તવ્ય શું ? વગેરે પ્રશ્નોને બોધદાયક શૈલીમાં સમજાવ્યા છે.

તેઓ વર્ણવે છે કે જે મનુષ્ય પોતાનું કર્તવ્ય સમજે, ધીર, વીર, ગંભીર હોય. અન્ય જીવોને પોતાના ગણી પરોપકાર કરે તે જ સાચો મનુષ્ય છે.

મનુષ્ય જન્મનો હેતુ શો ? શું કર્તવ્ય સ્વશિર,
જાણે મનુષ્ય તે ખરો, ધીર વીર ગંભીર...(૫)
આત્મસમા જીવો ગણે, કરતો પર ઉપકાર.
ટાળે દુ:ખો અન્યનાં, મનુષ્ય તે નિર્ધાર...(૬)

કવિ ઉત્તમ માનવીના ગુણોનું વર્ણન કરતાં કહે છે કે ઉત્તમ માનવી પ્રભુનું ધ્યાન ધરે છે, અતિથિની સેવા કરવા તત્પર રહે છે અને આવી પડતા દુ:ખને ભવિતવ્યતા માનીને સહન કરી આત્મોન્નતિ કરે છે.

અતિથિ સેવારત સદા, કરે પ્રભુનું ધ્યાન,
અનુભવ નવલા પામવા, સદા રહે મસ્તાન...(૧૩૩)
ભવિતવ્યતા માનીને, ત્યાગે નહિ ઉદ્યોગ,
આત્મોન્નતિ સાધક ખરો, સાધે નિશદિન યોગ...(૧૪૩)

(ભાગ ૮, પૃષ્ઠ ૬૭૮)

**આત્મનિશ્ચય :**

કવિના આત્માની અલખ દશાનો પરિચય કરાવતાં ભજનોમાં શબ્દોનો પ્રભાવ એવો છે કે કાચા મનનો માનવી પણ ભજન સાંભળીને લોખંડી વ્યક્તિ બની જાય. નીચેની પંક્તિમાં કવિ મનુષ્યને સર્વ ચિંતા છોડીને પ્રભુના રંગમાં રંગાઈ જવાનું કહે છે, કારણ કે જે થવાનું હોય તે થાય જ છે.

હરદમ પ્રભુસે ચિત્ત લગા દે, હોનેવાલા હોય રહા,
મતકર ચિંતા કોઈ બાતકી, અકલ ભેદ સબ છાય રહા...(૧)

(ભાગ ૮, પૃષ્ઠ ૬૯૦)

**પ્રભુ સાથે :**

હિન્દીમાં રચેલા આ ભજનમાં કવિ માનવીને જન્મ-મરણથી ડર્યા વગર સાક્ષી બનીને સકલ કર્મ કરવાનો ઉપદેશ આપે છે.

મરનેકી પરવાહ નહીં રખ, જીવનકી આશા મત કર,
સાક્ષી હોકે કરલે કરણી, નામરૂપ ભ્રાન્તિ પરિહર...(૨)
જન્મ મરણ સે કબુ ન ડરના, પ્રભુ બંદાકો ભય નહીં હૈ,
અહંવૃત્તિ ત્યજ કર કર્તવ્યો, કરના નિશ્ચય વહી સહી હૈ...(૩)

**સંસાર વિસ્મરણ દશા સ્ફુરણ :**

નીચેની પંક્તિઓમાં કવિ જોગી બન્યા પછી સંસારની માયાજાળ ભૂલી કાવાદાવાને તિલાંજલિ આપી ત્યાગના માર્ગે પ્રયાણ કરવાનો શુભ સંદેશ આપે છે :

**અમે તમને ગયા ભૂલી, જશો ભૂલી તમો અમને,**
**બન્યા ત્યાગી અમે બાવા, ત્યજવા કાવા અને દાવા...(૨)**

સંસાર છોડ્યા પછી આવી પડતી મુશ્કેલીમાં પ્રભુ જ માર્ગ બતાવે છે. તેની સામે તન્મયતાથી એકરૂપ થવાથી જ સાચું સુખ પ્રાપ્ત થાય છે.

**પ્રભો તું છે, પ્રભો તું છે, અમારો તું સદાનો બેલી,**
**પ્રભો તું હું સમાધિમાં, થતાં ઐક્યે ખરાં સુખડાં...(૫)**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૩૬)

**ક્ષમા આપી ત્હને સાચી :**

ક્ષમા એ વીરનું ભૂષણ છે. કોઈ પ્રત્યેનો વેરભાવ ભૂલી તેને ક્ષમા આપવી એ કાર્ય કોઈ દિલદાર વ્યક્તિ જ કરી શકે. જે મનુષ્ય સામી વ્યક્તિ પ્રત્યેનો પોતાના હૃદયમાં ભંડારેલા વેરને ભૂલી ઉદારતાથી ક્ષમા આપે તે મહાન છે એમ કવિ નીચેની પંક્તિઓમાં નિરૂપે છે.

**ગણીને આત્મવત્ ભાવે, ત્યજીને વૈર અન્તરથી,**
**ધરીને ચિત્તમાં વૈરી, ક્ષમા આપી ત્હને સાચી...(૧)**
**કરુણા દૃષ્ટિ ધારીને, હૃદયના દોષ વારીને,**
**પ્રતિ બદલો નિવારીને, ક્ષમા આપી ત્હને સાચી...(૨)**

દુનિયામાં બનતા સર્વ બનાવો કર્માધીન છે. આપણે તો નિમિત્ત માત્ર છીએ.' આ કર્મનો સિદ્ધાંત સમજવાથી સામી વ્યક્તિને ક્ષમા કરવાનો ભાવ ઉત્પન્ન થાય છે એમ કવિ નીચેની પંક્તિમાં નિરૂપે છે :

**થતું કર્માનુસારે સહુ, નિમિત્તો માત્ર ત્યાં અન્યો,**
**વિચારી કર્મના ભાવો, ક્ષમા આપી ત્હને સાચી...(૩)**

(ભજન સં., ભાગ ૮, પૃષ્ઠ ૬૨૪)

**ભાષા :**

ભાષાપંડિતો પર કટાક્ષ કરતી આ નાની કવિતા ખૂબ સુંદર છે. ભાષાને જાણનારા મોટા પંડિતો વાદવિવાદ અને તર્કબાજીમાં જ રચ્યાપચ્યા રહે છે. એથી કંઈ ફાયદો થતો નથી, પરંતુ તેઓ ગર્વિષ્ઠ થઈને મનની શાંતિ ગુમાવે છે. એમ કવિ નીચેની પંક્તિઓમાં કટાક્ષ કરે છે :

**ભાષા પંડિત ભાષા જાણે, વાદવિવાદોમાં મન તાણે,**
**ફુલે ફોગટ ભાષા જ્ઞાની, શાંતિ થતી ના તેથી મઝાની...(૧)**

તેઓએ ભાષાને કોથળાની, શબ્દને સોપારી અને પંડિતને વેપારીનું રૂપક આપીને અખાના ચાબખા જેવું પદ રચ્યું છે.

**ભાષા કોથળો, શબ્દ સોપારી, પંડિત તેનો છે વેપારી,**
**શબ્દ સોપારી અન્યો ખાવે, વ્યાપારી વ્યાપારે ફાવે...(૩)**

(ભાગ ૮, પૃષ્ઠ ૧૩૧)

**શક્તિમાન :**

દુનિયામાં શક્તિવંત મનુષ્ય આગળ સર્વ કોઈ ઝૂકે છે. જ્યારે નિર્બળ વ્યક્તિની અવગણના થાય છે. જે મનુષ્યમાં પોતાની રક્ષા કરવાની શક્તિ અને સામર્થ્ય નથી એ ધર્મની રક્ષા પણ કરી શકતો નથી. એવી શક્તિહીન વ્યક્તિ માન, સત્તા વગેરે પણ પામી શકતી નથી એમ નીચેની પંક્તિઓમાં કવિ નિરૂપે છે.

**નિજ રક્ષણ શક્તિ વિના રે, બનતો માનવ દાસ,**
**સત્તા વણ માનવ ખરે રે, ધર્મ ન રક્ષે ખાસ...(૯)**
**શક્તિ વિના શું જીવવું રે, શક્તિ વિના ક્યાં માન,**
**શક્તિ વિના ક્યાં બોલવું રે, શક્તિ વિના શું દાન...(૧૦)**

(ભાગ ૮, પૃષ્ઠ ૪૦૧-૪૦૨)

**વ્યાપાર દક્ષ વણિક :**

વાણિયા સમાજની વ્યક્તિઓ વણિક કે વાણિયા કહેવાય છે.

તેઓ મોટે ભાગે જૈન કે વૈષ્ણવ ધર્માવલંબીઓ હોય છે. તેઓ વ્યાપારમાં પ્રવીણ હોય છે. તેઓ બળથી નહિ પણ કળથી કામ લે છે. કોઈ પણ કાર્ય કરતાં પહેલાં પરિણામનો વિચાર કરીને અગમચેતી વાપરી તેઓ બુદ્ધિથી કાર્ય કરે છે. જેને આપણે લોકભાષામાં વાણિયાબુદ્ધિ કહીએ છીએ. નીચેની પંક્તિઓમાં કવિ વાણિયા વિશે વાત કરે છે.

**વાણિયા વ્યાપારે હુશિયાર, ખાવા વખતે ગમ નિર્ધાર.**
**અગમ બુદ્ધિ વાણિયો, જગમાં આપે શ્રેષ્ઠ સલાહ.**
**ગાંડો ઘેલો પણ વાણિયો ડાહ્યો, આપે બુદ્ધિ ઉત્સાહ...(૧)**

આચાર્ય કવિ બુદ્ધિસાગરજી વાણિયા વિશે તેમના આ કાવ્યમાં જણાવે છે કે રાવણના રાજ્યદરબારમાં કોઈ વાણિયો નહિ હોય માટે એનું રાજ્ય છિન્નભિન્ન થયું. ભારતમાં પહેલાંના સમયમાં વાણિયાઓ તેમની બુદ્ધિને લીધે રાજ્યદરબારમાં અગત્યનો હોદ્દો ભોગવતા હતા. જેમકે રાજા નંદના દરબારમાં શક્ટાલ મંત્રી, અવંતીમાં ઉદયન મંત્રી, જહાંગીરના દરબારમાં શાંતિદાસ ઝવેરી હતા. તે ઉપરાંત વસ્તુપાલ તેજપાલ ગુજરાત રાજ્યમાં અને પેથડદેવ માલવાના માંડવ પ્રદેશના પ્રધાનમંત્રી હતા.

**વાણિયા વણ અહો રાજ્ય રાવણનું ગયું વિચાર વિચાર,**
**જૈન વણિકો અક્કલમાં ચહાવા, પ્રધાનપદ ધરનાર...(૨)**
**શાહ નામ વાણિયાનું સાચું. મહાજન પદવી માન,**
**જાણે સમયને સહેજે, કુદરતી એવું જ્ઞાન...(૫)**

કવિશ્રી વાણિયાઓ વિશે તેમની આ કવિતમાં વર્ણવે છે કે તેઓ સુલેહમાં માનતા શાંતિપ્રિય હોય છે અને પરદેશ જઈને ખૂબ પૈસા કમાઈને વતનમાં લાવે છે.

**સલાહ સુલેહનો સંગી વાણિયો, સર્વ જીવોનો આધાર.**
**દેશમાં દોલત વાણિયો લાવે, પરદેશે વ્યાપાર...(૯)**

(ભાગ ૮, પૃષ્ઠ ૩૯૭)

**કપટી વણિક :**

વાણિયાઓ બુદ્ધિશાળી હોવા ઉપરાંત અસત્યવાદી અને કપટી પણ હોય છે. તેઓ દેવ, ગુરુ અને માતાને પણ છેતરી શકે છે. એમ કવિ નીચેની પંક્તિઓમાં નિર્દેશે છે.

**દેવ ગુરુના સોગન ખાઈને કરતા જૂઠ વ્યાપાર,**
**ગુરુને છેતરે, દેવને છેતરે, ઉપર ધર્માચાર...(૨)**

(ભાગ ૮, પૃષ્ઠ ૩૯૬)

વાણિયાઓ દયાવાન હોય છે, પરંતુ મોટે ભાગે વ્યાજનો વેપાર હોવાથી લોકો વચ્ચે તેનું માન રહેતું નથી. તે નાના નાના જીવજંતુઓની દયા રાખે છે, પરંતુ મોટા નર અને નારીની દયા કરતો નથી એવી એની છાપ જગવિખ્યાત બની છે.

લોકો એને કહે છે,

**વાણિયા રે વાણિયા માં તને જાણીયા,**
**પાણી પીધું છાણી અને ખૂન પીધું અણછાણી.**

દયાની મોટી વાતો કરીને ઘરાકને તે વધુ પડતો છેતરે છે. આ વાત કવિ નીચેની પંક્તિઓમાં નિરૂપે છે :

**દયાની વાતે ડાહ્યો બને પણ, લેતો ઘરાકના પ્રાણ,**
**જીવડાં નાના બહુ બચાવે, કરે મોટાની હાણ...(૫)**

(ભાગ ૮, પૃષ્ઠ ૩૯૬)

**વાહ વાહ પ્યારાં પુસ્તકો :**

આચાર્યશ્રી બુદ્ધિસાગરજીને પુસ્તકો ખૂબ પ્રિય હતા. તેઓ પુસ્તકો વિશેના કાવ્યમાં લખે છે કે તે વાંચવાથી મનમાં આનંદની છોળો ઊછળે છે. તેઓ પુસ્તકને નંદનવન સાથે સરખાવે છે...

**આનંદની હેલી વિશે, રેલાવતાં અમને સદા,**
**રમણીય નંદનવન સમાં, વાહ વાહ પ્યારાં પુસ્તકો...(૧)**

(ભાગ ૮, પૃષ્ઠ ૭૦૬)

**બાળકો :**

નિર્દોષ બાળકો પોતાની કાલી મધુરી વાણી દ્વારા સર્વનાં મન મોહી લે છે. તેઓ હાથમાં આવેલી દરેક વસ્તુને પ્રથમ તો મોંમાં ચાવીને જોશે પછી ન પસંદ પડે તો ફેંકી દેશે. કવિ કૂદતા ને દોડતા નિર્દોષ બાળકોનો આબેહૂબ ચિતાર નીચેની પંક્તિઓમાં આપે છે :

**વાહ નાચતાં ને કૂદતાંને, દોડતાં ને ખેલતાં,**
**કાલું મઝાનું બોલતાં, વ્હાલાં હૃદયનાં બાળકો...(૮)**
**કોઈક વસ્તુ આપતાં તે પ્રાયઃ મુખમાં ચાવતાં,**
**કાઢે બહિર્ ના ફાવતાં, વ્હાલાં હૃદયનાં બાળકો...(૯)**

(ભાગ ૮, પૃષ્ઠ ૭૦૭)

પ્રેમભૂખ્યા બાળકો પ્રેમ વડે જ જિતાય છે. રડતું બાળક માના ખોળામાં આવીને નિર્ભય બની કિલ્લોલ કરવા લાગે છે. તે માની પાસે એકદમ ચૂપ થઈને રાજાની જેમ વર્તવા લાગે છે. એમ કવિ નીચેની પંક્તિઓમાં દર્શાવે છે :

**પ્રેમે દોડી રૂદન કરતાં માતની પાસ જાવે,**
**માતા દેખી ખુશ થઈ જતાં નિર્ભયી રાજ્ય પાવે...(૪)**

(ભાગ ૮, પૃષ્ઠ ૭૦૭)

**જુવાની :**

મનુષ્યમાં જુવાનીના જોશમાં ઉછાંછળાપણું, ઉતાવળ અને અહમ્‌વૃત્તિ વધતાં જ જાય છે તથા તે અનુભવી વ્યક્તિની સલાહસૂચન પર ધ્યાન આપ્યા વગર સ્વચ્છંદી નિર્ણયો લે છે એમ કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**ખભા પર આવે છે આંખ, અહં વૃત્તિની પ્રગટે પાંખ,**
**ઘરડાંનું કીધું નવ ગમે, ઈન્દ્રિયો મન જ્યાં ત્યાં ભમે...(૪)**
**ઉછાંછળા ઉતાવળાપણું, અહંકાર ને નિર્દયપણું**
**વિના વિચારે થાતાં કામ, મનમાં ગમતાં સ્ત્રીને દામ...(૬)**

(ભાગ ૮, પૃષ્ઠ ૬૦૬, ૬૦૭)

**વૃદ્ધાવસ્થા :**

આ કાવ્યમાં કવિ વૃદ્ધાવસ્થાનું વર્ણન કરે છે. વૃદ્ધાવસ્થામાં આંખોની રોશની ઓછી થાય છે. બુદ્ધિ, શક્તિ સર્વ ક્ષીણ થઈ જાય છે અને કાયા રોગથી ઘેરાઈ જાય છે.

**વૃદ્ધાવસ્થા અહહહ અરે રોગથી છે ભરેલી,**
**ગાત્રો થાવે શિથિલ સઘળાં બુદ્ધિ ના રહે ઠરેલી,**
**આંખોમાંથી ઝરઝર ઘણું પાણી નિત્યે વહે છે,**
**દેખાતું ના નયન થકી રે આશ ચિત્તે જ રહે છે...(૧)**

(ભાગ ૮, પૃષ્ઠ ૫૯૯)

નીચેની પંક્તિઓમાં કવિ વૃદ્ધજનોને ઉપદેશ આપતાં વર્ણવે છે કે વૃદ્ધાવસ્થા આવતા મોહતૃષ્ણાનો ત્યાગ કરીને પ્રભુ ભક્તિમાં મન લગાવવાથી સર્વ મંગલ થાય છે.

**વૃદ્ધ થઈ વૈરાગ્યમાં ધ્યાને કાઢો ઢાળ,**
**પરમ પ્રભુના ધ્યાનથી, હોવે મંગલ માલ...(૬)**

(ભાગ ૮, પૃષ્ઠ ૫૯૯)

**'અરે તું પેટ ! ક્યાં વળગ્યું ?' :**

'ભૂખ કોઈની સગી નથી' એ ઉક્તિ અનુસાર જ્યારે મનુષ્યને ભૂખ લાગે છે ત્યારે તે ન કરવાના કાર્ય કરી બેસે છે. પેટ ભક્તિમાં પણ વિઘ્ન નાંખે છે. ભૂખને લીધે પ્રભુભક્તિમાં મન ચોંટતું નથી. તે બીજા પાસે યાચના કરાવે છે અને પેટ વેઠ પણ કરાવે છે. કવિ આ માર્મિક કાવ્યમાં ભૂખી જનની વ્યથાનું વર્ણન કરે છે.

**સ્પૃહા ના વિશ્વમાં કોની, અરે રાખત નહીં કોઈ,**
**ગુફામાં જંપવા ના દે, અરે તું પેટ ક્યાં વળગ્યું ?...(૪)**
**વિચારો ફેરવી નાંખે દબાવે પૂર્ણ સત્તાથી,**
**કરાવે વેઠ અન્યોની અરે તું પેટ ક્યાં વળગ્યું ?...(૫)**

(ભાગ ૮, પૃષ્ઠ ૫૮૩)

**માતા :**

સ્વર્ગથી મહાન અપૂર્વ સ્નેહાળ જો દુનિયામાં કોઈ હોય તો તે માતા છે. 'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरियसी ।' માતા અને માતૃભૂમિ સ્વર્ગ કરતાં પણ મહાન છે. કવિએ કલ્પનાશક્તિ દ્વારા જનની પ્રત્યેનો સહજ પ્રેમભાવ અતિશયોક્તિ અલંકાર દ્વારા અત્યંત સુંદર રીતે નિરૂપ્યો છે. સર્વ સમુદ્રના પાણીની શાહી અને ગિરિશૃંગોની લેખિની બનાવી પૃથ્વી રૂપી કાગળ પર માતાના સ્નેહનું વર્ણન લખીએ તો પણ અપૂર્ણ રહે એવો માતાનો અલૌકિક સ્નેહ હોય છે એમ કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**સુહાતી સ્વર્ગથી મોટી, સદા સંતાન સંભાળે,**
**કદી ના વર્ણવ્યો જાતો, અપુર્વ સ્નેહ માતાનો...(૧)**
**કરી સર્વાબ્ધિની શાહી, કરી લેખણ ગિરિન્દ્રોની,**
**કરીને પત્ર પૃથ્વીનો લખું જો સ્નેહનું વર્ણન...(૨)**
**તથાપિ પૂર્ણ ના થાવે જગતમાં ક્યાંય ના મળે,**
**અહો એવો અલૌકિક છે, અપૂર્વ સ્નેહ માતાનો...(૩)**

(ભાગ ૮, પૃષ્ઠ ૫૫૬)

**કવ્વાલી :**

જૈન ભક્ત કવિ બુદ્ધિસાગરજીએ ભજનોમાં ગઝલો, કવ્વાલીઓને પણ અનોખું સ્થાન ભજનસંગ્રહમાં આપ્યું છે. તેમની કવ્વાલીઓ ઘણી ઉમદા અને બોધદાયક છે. વાચક એને વાંચીને તુર્ત જ પોતાનામાં વ્યાપ્ત ખામીઓને સુધારે છે અને પ્રભુમય બની જાય છે એ જ એનું અગત્યનું પાસું છે.

આ કવ્વાલીમાં કવિ મનુષ્યજન્મનો ઉદ્દેશ્ય વર્ણવે છે. દુર્લભ મનુષ્ય જન્મ મળ્યા પછી આપણે આપણી શક્તિ અનુસાર ક્યા સારાં કાર્ય કર્યા એ વિચારવું જોઈએ. જો પ્રાપ્ત થયેલી લક્ષ્મીથી ગરીબોને કે અન્ય જીવોને મદદ ન કરી હોય તો માનવજીવન વ્યર્થ છે.

ધરીને જન્મ માનવનો, વિચારીને હૃદયમાંહી,
જીવોની શાંતિ માટે, કર્યું સારું જગમાં શું ?...(૧)
ગરીબોનાં હૃદય લુહ્યાં, નહીં તો શી દયા પાળી,
મળેલી બાહ્ય લક્ષ્મીથી, કર્યું સારું જગતમાં શું ?...(૪)

બુદ્ધિસાગરજી માનવને પૂર્ણ શ્રદ્ધાથી પ્રભુભક્તિ કરી સન્માર્ગે વળવાનો ઉપદેશ આપે છે જેથી માનવ જન્મ સાર્થક થાય.

**ખુશામતિયા ગુલામો છે :**

આ જગતમાં ગુલામીની પ્રથા નાબૂદ થઈ ગઈ છે, પરંતુ કેટલાક મનુષ્યો પોતાના નિજી સ્વાર્થ ખાતર સત્તાધારી વ્યક્તિની ખોટી વાતમાં પણ 'હા જી હા' કરીને સત્ય વાત આગળ આંખ આડા કાન કરીને ખુશામત કરી ગુલામ બને છે. આવા ખુશામત કરનારા માનસિક રીતે ગુલામ લોકોને કવિ ઉપદેશ આપે છે કે જગતમાં પ્રશંસા પામવા માટે ખોટી ખુશામત છોડી પ્રમાણિક બનો.

દબાવી સત્યને જેઓ, નકામી હા જી હા કરતા,
પરાશ્રય ઈચ્છનારાઓ, ખુશામતિયા ગુલામો છે...(૨)
ખુશામતથી રહી અળગા, પ્રમાણિકતા ધરી પૂરી,
બુદ્ધ્યબ્ધિ જે પ્રવર્તો છે, ખરી વાહ વાહ છે તેની...(૯)

(ભાગ ૮, પૃષ્ઠ ૮૦૬)

**તમે શ્રાવક કહો કેવા ? :**

આચાર્ય કવિ બુદ્ધિસાગરજી 'અખાના ચાબખા' જેવી કડક વાણીમાં શ્રાવકોને ઉપદેશે છે કે જો તમને આગમ પ્રત્યે શ્રદ્ધા નથી અને ધર્માચાર પાળવાની પરવાહ નથી તો તેઓ શ્રાવક કહેવાને લાયક નથી.

નથી શાસન તણી ભક્તિ, નથી શ્રદ્ધા જીનાગમની,
નથી આચારની પરવા, તમે શ્રાવક કહો કેવા...(૨)

(ભાગ ૮, પૃષ્ઠ ૬૪૩)

**ભવિષ્યવાણી :**

**'એક દિન એવો આવશે, એક દિન એવો આવશે.'**

આચાર્યશ્રીની સુપ્રસિદ્ધ ભવિષ્યવાણી આ ભજનસંગ્રહમાં છે. તેમણે યૌગિક આત્મિક લબ્ધિઓ વડે વિશ્વનં ભાવિ કેવું હશે તેનું તાદૃશ્ય વર્ણન કર્યું છે. એક દિવસ એવો આવશે. મહાવીરના સિદ્ધાંતો અહિંસા, પ્રેમ અને દયા વડે ભારત તથા વિશ્વના બીજા દેશો સ્વતંત્ર થશે.

**એક દિન એવો આવશે એક દિન એવો આવશે.**
**મહાવીરના શબ્દો વડે સ્વાતંત્ર્ય જગમાં થાવશે,**
**સ્વાતંત્ર્ય જગમાં થાવશે.**
**સહુ દેશમાં સ્વાતંત્ર્યનાં શુભ દિવ્ય વાદ્યો વાગશે.**
**બહુ જ્ઞાનવીરો, કર્મવીરો જાગી અન્ય જગાવશે...(૧)**

વિશ્વમાં ઘણા મહાપુરુષો જન્મ લેશે જે લોક કલ્યાણની પ્રવૃત્તિ અને શાંતિ સંદેશ વડે જગતમાં છવાઈ જશે. વિનોબા ભાવે, મહાત્મા ગાંધી, મધર ટેરેસા વગેરે મહાન વ્યક્તિઓએ દીનદુઃખીઓની સેવા સાચા અર્થમાં કરી છે :

**અવતારી વીરો અવતરી કર્તવ્ય નિજ બજાવશે.**
**અશ્રુ લુહી સૌ જીવનાં શાન્તિ ભલી પ્રસરાવશે...(૨)**

અખિલ વિશ્વમાં સર્વત્ર ભણેલી વ્યક્તિઓ અને વિદ્યાસંસ્થાઓ ગરીબો અને દુઃખી પ્રજા પ્રત્યે કરુણા દાખવીને તેઓનો ઉદ્ધાર કરશે :

**સહુ દેશમાં, સહુ વર્ણમાં જ્ઞાનીજનો બહુ ફાવશે,**
**ઉદ્ધાર કરશે દુઃખીનો કરુણા ઘણી મન લાવશે...(૩)**

વિજ્ઞાનની અવનવી શોધોને લીધે મનુષ્ય ઘણો આગળ વધશે. આજ સુધી અજ્ઞાત રહેલી ઘણી બાબતોની જાણકારી આપણને અદ્યતન મશીન અને કોમ્પ્યૂટર દ્વારા મળે છે. દા.ત., શરીરનાં અવયવો કેવી રીતે કાર્ય કરે છે તે મશીન દ્વારા જોઈને એમાં થતા રોગને નિવારી શકાય છે :

**સાયન્સની વિદ્યા વડે શોધો ઘણી જ ચલાવાશે,**
**જે ગુપ્ત તે જાહેરમાં અદ્‌ભુત વાત જણાવશે...(૪)**

આચાર્યશ્રીએ 'ભવિષ્યવાણી' કાવ્ય ઘણાં વર્ષો પહેલાં રચ્યું હતું. એમાં તેઓએ ઘોષણા કરી હતી કે 'રાજા સકલ માનવ થશે'. આજ પ્રજાતંત્ર છે, લોકોનું રાજ્ય છે. હુન્નરકલા એ આજે કમાણીનું સાધન બની ગયું છે, 'વિશ્વમાં આજે કલા-કારીગરોને ઘણું મહત્ત્વ અપાય છે જેની ભવિષ્યવાણી પણ તેઓએ કરી હતી :

**રાજા સકલ માનવ થશે. રાજા ન અન્ય કહાવશે,**
**હુન્નરકલા સામ્રાજ્યનું બહુ જોર લોક ધરાવશે...(૫)**

રોજેરોજ બનતા બનાવોની ખબર સકળ વિશ્વમાં તરત જ ટેલિફોન અને સેટેલાઈટ દ્વારા પહોંચે છે. આપણે આપણા દૂર રહેતા મિત્રો સાથે ટેલિફોન, ઈન્ટરનેટ, વિડિયો, અને મોબાઈલ વગેરેથી તત્કાળ વાત કરી શકીએ છીએ. દૂર બનતા બનાવોનું નિરીક્ષણ આપણે ટેલિવિઝન પર જીવંત રીતે કરી શકીએ છીએ. એ વાત તેઓ નીચેની કડીમાં નિરૂપે છે :

**એક ખંડ બીજા ખંડની ખબરો ઘડીમાં આવશે,**
**ઘરમાં રહ્યા વાતો થશે, પરખંડ ઘરસમ થાવશે...(૬)**

ન્યાય માટે તેઓ વર્ણવે છે કે રાજા અને રંક સર્વને એકસરખો ન્યાય અખિલ વિશ્વમાં મળશે તથા પ્રભુ મહાવીરનો અહિંસા અને પ્રેમનો સંદેશ આખા જગતમાં વ્યાપ્ત થશે.

**એક ન્યાય સર્વે ખંડમાં સ્વાતંત્ર્ય ન્યાયો થાવશે.**
**બુદ્ધયબ્ધિ પ્રભુ મહાવીરનાં તત્ત્વો જગતમાં વ્યાપશે...(૭)**

(સંવત ૧૯૭૦ના આસો સુદ એકમ, રવિવાર, ભાગ ૮, પૃષ્ઠ ૪૨૦-૪૨૧)

તેમણે ઘણાં વર્ષો પહેલાં કરેલી ભવિષ્યવાણી આજે અક્ષરશઃ સાચી છે.

આ ભજનસંગ્રહ આઠમાં અસંખ્ય ભજનો, કવ્વાલીઓ, કાવ્યો વગેરે છે. એમાં વિષયોનું વૈવિધ્ય પણ ઘણું છે. કવિએ સામાન્ય માનવીને સમજાય તેવી સરળ વાણીમાં બોધ આપ્યો છે. ‘ગુજરાત’ વિષયક કાવ્યમાં સ્વદેશ ભક્તિ કવિએ દર્શાવી છે. ‘કુંભારિયા’, ‘આબુ’ વગેરે તીર્થના કાવ્યમાં કવિએ અત્યંત રસપ્રદ માહિતી વર્ણવી છે. વિવિધ ભાવો દર્શાવતાં કાવ્યોમાં કવિએ પ્રચુર માત્રામાં ઉપદેશ લોકોને આપ્યો છે. ‘મૈત્રી’ વિષયક કાવ્યમાં તેમણે સાચા મિત્રની સમજ આપી છે. તેઓ કેટલાંક કાવ્યમાં અત્યંત કટાક્ષમય વાણી દ્વારા સામાજિક દંભને પણ વાચા આપતા અચકાતા નથી. ‘વાણિયા’ અને ‘કપટી વાણિયા’ના શીર્ષક હેઠળ લખેલું કાવ્ય આ પ્રકારનું છે. આ કાવ્યમાં કવિની વાણી અત્યંત વેધક બની છે. ‘માતા’ જનની વિશેની કાવ્ય સમગ્ર કાવ્ય સંગ્રહમાં કવિતાની દૃષ્ટિએ ઉચ્ચ કોટિનું બન્યું છે.

સમગ્ર કાવ્યસંગ્રહ તરફ દૃષ્ટિપાત કરતાં એક વાત ઊડીને આંખે વળગે છે કે કવિ અઢળક વિષયો પર કાવ્ય રચવાની લાલચમાં એટલો બધો બોધ આપી દે છે કે એમાં કેટલીક જગ્યાએ કાવ્યતત્ત્વને હાનિ પહોંચી છે.

આ ગ્રંથમાં તેમણે કેટલાંક દીર્ઘકાવ્યનો સમાવેશ પણ કર્યો છે જેમ કે ‘મિત્ર મૈત્રી’ કાવ્યમાં ૨૦૬ કડીઓ છે. ‘જૈન શ્રાવક’ના કાવ્યમાં શ્રાવકના ધર્મ અને ફરજ વિશેની ચર્ચા કરતી ૨૦૮ કડીઓ છે. જ્યારે મનુષ્યને સંસારની અસારતાનું દર્શન કરાવતા ‘સ્મશાન’ શીર્ષક હેઠળના કાવ્યમાં ૮૬ કડીઓ છે.

●●●

## ભજનસંગ્રહ ભાગ ૯

આચાર્ય બુદ્ધિસાગરજીનો નવમો ભજનસંગ્રહ જ્યારે લખાતો હતો ત્યારે ભારતમાં સ્વતંત્રતાની ચળવળ ચાલતી હતી. સંપૂર્ણ ભારતમાં દેશભક્તિનો જુવાળ નજરે ચઢતો હતો. માતૃભૂમિ માટે સર્વ કોઈ આહુતિ આપવા તૈયાર હતા. આવા સમયમાં તેઓની કલમે રચાયેલા આ ભજનસંગ્રહમાં રાષ્ટ્રસેવાની સાથે આધ્યાત્મિક જ્ઞાનદૃષ્ટિ પણ ઝળકે છે.

આચાર્યશ્રી આ ગ્રંથની પ્રસ્તાવનામાં ભારતની તે સમયની સ્થિતિ વિશે લખે છે :

"...હિંદમાં જડતાની વૃદ્ધિ પામવાથી આત્મબળ ઘટી ગયું. તેથી હિંદ નબળું પડી ગયું, તેથી હિંદીઓ શારીરિક તથા માનસિક બળથી હીન થયા ને તેથી તેમનું આધ્યાત્મિક બળ ઘણું ઘટી ગયું. તેથી અંગ્રેજોએ હિંદને યુક્તિ-પ્રયુક્તિથી સ્વાયત્ત કરી લીધું... હવે શિક્ષણથી અને દુખદ્રારિદ્રથી હિંદ જાગૃત થયું છે. તે પોતાની સ્વતંત્રતા માટે મહાસભાઓ ભરે છે. હિંદમાં સ્વરાજ્યનું પ્રભાત તો થઈ ચૂક્યું છે... હિંદમાં જન્મેલાઓએ હિંદ માટે સર્વસ્વ અર્પણ કરવું જોઈએ."

આચાર્યશ્રીનો ઉત્કટ રાષ્ટ્રપ્રેમ 'વંદે માતરમ્' કાવ્યમાં ઝળહળે છે. એમાં પ્રાસઅનુપ્રાસયુક્ત મધુર, મોહક ને સરળ ભાષા હોવાથી ગાનાર અને વાંચનાર સર્વના હૈયાને આનંદિત કરી વીરરસ જગાવી જાય છે.

**જય ભારતી રળિયામણી, સહુ તીર્થ ને ઘટધારિણી,**
**જય જય રસીલી યોગિની, આર્યો તણી ઉદ્ધરિણી,**
**શક્તિ અનંતી ધારિણી, દુ:ખ વારિણી વિશ્વે ભલી,**
**વર્ણો વિવિધે શોભતી, ભાવેન વંદે માતરમ્.**

પોતાની જનેતા અંબાનું નામ મા ભારતી સાથે જોડી 'અંબાભારતી' કહી તેમને વંદન કરતાં કહે છે કે તેમનો પુત્ર જગતનો ઉદ્ધાર કરશે. સ્વતંત્રતા, સત્ય, પ્રીતિ અને અધ્યાત્મ શક્તિઓ વડે જગતમાં સુખશાંતિ ફેલાવશે.

**ચૈતન્ય જડશક્તિ ભર્યા, તુજ પુત્ર જગ ઉદ્ધરશે.**
**અધ્યાત્મ શક્તિઓ વડે, તુજ મુખ ઉજવાળશે,**
**સ્વાતંત્ર્ય પ્રીતિ સત્યને, સુખશાંતિ જગ ફેલાવશે,**
**અધ્યાત્મ અંબાભારતી, ભાવેન વંદે માતરમ્.**

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ દેશને સ્વતંત્રતા અપાવવા ચલાવેલી ચળવળના આદર્શોથી રાષ્ટ્રભક્તિનો એક અનેરો અને અનોખો જુવાળ સમગ્ર દેશમાં આવ્યો હતો. તેથી પ્રજાના રોમેરોમમાં સ્વદેશ પ્રેમ પ્રગટ્યો હતો. આચાર્યશ્રી ખાદી જ પહેરતા હતા અને સ્વદેશી વસ્તુઓ જ વાપરતા હતા. તેમનો પ્રસ્તુત ભજનસંગ્રહ ભાગ ૯ દેશભક્તિનાં ગીતોનો છે.

શ્રી મણિલાલ પાદરાકર અને શ્રી જયભિખ્ખુ ગુરુદેવના રાષ્ટ્રપ્રેમ વિશે લખે છે :

"શ્રીમદ્ જેમ સૃષ્ટિસૌંદર્યના મહાન ઉપાસક હતા તેમ અટલ રાષ્ટ્રભક્ત પણ હતા. તેમનું સ્વદેશાભિમાન ઘણા ઉચ્ચ પ્રકારનું હતું. ભજનપદસંગ્રહ ભાગ ૯ આખો દેશભક્તિ માટે રોકેલો છે. તેમનાં બધાં કાવ્યો દેશભક્તિના જ્વલંત નમૂનારૂપ છે. તેમના હૃદયમાં સ્વદેશ પ્રેમ ઊછળી રહ્યો હતો. સ્વભૂમિની મુક્તિ માટે ઝૂઝવું વા કાયદાભંગ કરવો તેને તેઓ રાજદ્રોહ માનતા નહોતા, છતાં હિંસાના તેઓ વિરોધી હતા.

... જન્મથી મૃત્યુ પર્યંત નિવાસસ્થાન આપવા બદલ જન્મભૂમિના આપણે ઋણી છીએ. તેથી તેના પર પ્રીતિ રાખવી એ મોહ નથી પણ ફરજ છે... જન્મભૂમિનું અભિમાન ન રાખનાર દેશદ્રોહી છે એમ તેમનો મત હતો."

**સ્વદેશી ને ખાદી :**

આચાર્યશ્રી પોતે ખાદી જ પહેરતા હતા ને લોકોને ખાદી પહેરવાનો જ ઉપદેશ તેઓ આપતા હતા. તેમના મતે ખાદી સસ્તી, ટકાઉ અને દેશમાં જ બનેલી હોવાથી તેના વપરાશથી દેશના ગૃહઉદ્યોગોને ઉત્તેજન મળે છે તથા દેશને ફાયદો થાય છે.

**સ્વદેશી વસ્તુ વાપરશો ભલું નિજ દેશનું કરશો.**
**સ્વદેશી વસ્ત્ર વાપરશો, સ્વદેશી વેષને ધરશો.**
**ટકંતી બહુ વખત ખાદી, થતી નહિ દેશની બરબાદી,**
**બનો નિજ દેશ હિતવાદી, બનો શૂરા વખત સાધી.**
**સ્વદેશી હો ગમે તેવું, સ્વદેશી પ્રેમથી લેવું**
**સહાયક દેશના બનવું, ભલું એવું સદા ગણવું.**

(ભજન સંગ્રહ, ભાગ ૯, પૃષ્ઠ ૨૪૩)

રાષ્ટ્રપ્રેમનાં ગીતોમાં સદ્ગુણો મેળવીને સ્વદેશમુક્તિની સાથે આત્માને જાગૃત કરવાનો ઉપદેશ તેઓ આપે છે.

આ કાવ્યમાં તેમણે સ્વદેશને આત્મદેશના રૂપક વડે અલંકૃત કર્યો છે. આ રીતે કવિએ પોતાની કલ્પનાશક્તિ વડે રાષ્ટ્રભક્તિગીતમાં પણ અધ્યાત્મ રસ પીરસ્યો છે.

**લોકો ગ્રહો સ્વદેશી ચીજો, વાપરી મન માંહી રીઝો,**
**દયાસ્વરૂપી સ્વદેશી ખાદી, સસ્તી ને બહુ સાદી રે,**
**વાપરતાં આતમ આબાદી, થાય નહીં બરબાદી.**

કવિ નીચેની પંક્તિઓમાં સત્યને સાદી ટોપી સાથે સરખાવી તે વાપરવા આગ્રહ કરે છે એટલે કે સત્યભાષી થવા કહે છે. દુર્ગુણને તેઓ પરદેશી વસ્તુઓ સાથે સરખાવીને તેને તિલાંજલિ આપવાનો ઉપદેશ આપે છે.

**સત્ય સ્વરૂપી સાદી ટોપી, શિર પર મૂકી મહાલો રે,**
**દુર્ગુણ સઉ પરદેશી ચીજો, છંડી ન્યાયથી ચાલો.**

કવિ આત્માને સ્વદેશ સાથે સરખાવે છે અને સદ્‌ગુણોને સ્વદેશી ચીજવસ્તુઓ જોડે સરખાવતાં તેઓ સ્વદેશી વસ્તુ વાપરવાનો આગ્રહ કરે છે અને સાથે સાથે સદ્‌ગુણોને વિકસાવીને આત્માને ઉચ્ચ કોટિનો બનાવવાનો પ્રયત્ન કરવા માટેનો સુંદર બોધ નીચેની પંક્તિઓમાં આપે છે :

**આતમ છે નિજ દેશ હમારો, ગુણ સહુ એની ચીજો રે,**
**અમે વાપરીએ એવી ચીજો, જડવાદે નહીં ખીજો.**
**દુનિયા લોકો ! સ્વદેશી ચીજો, એવી ગ્રહી વાપરશો રે,**
**બુદ્ધિસાગર પ્રભુ રાજ્યમાં, અનંત સુખથી ઠરશો !**

(ભજન સંગ્રહ, ભાગ ૯, પૃષ્ઠ ૩૪૮)

આ ભજનસંગ્રહ ૯માં કવિનો ઉત્કટ પ્રખર રાષ્ટ્રપ્રેમ અને નિસર્ગપ્રેમ દૃષ્ટિગોચર થાય છે. સ્વદેશી વસ્તુ વાપરવાના આગ્રહી શ્રીમદ્ પોતે પણ શુદ્ધ ખાદીનાં જ વસ્ત્રો પરિધાન કરતા હતા.

## ભજનપદસંગ્રહ ભાગ ૧૦

આચાર્યશ્રી બુદ્ધિસાગરજીનાં ભજનો સર્વ ધર્મના લોકો પ્રેમ અને ઉમળકાથી ગાય છે. આ ભજનો અધ્યાત્મ જ્ઞાન રસથી ભરપૂર છે. અધ્યાત્મજ્ઞાન એ આત્માની ગુપ્ત વિદ્યા છે અને એના વડે જ આત્માની પૂર્ણ શુદ્ધિ થાય છે.

બુદ્ધિસાગરજી આ ગ્રંથની પ્રસ્તાવનામાં લખે છે, "દૂધનું સાર જેમ ઘૃત(ઘી) છે તેમ જ્ઞાનનું સાર અધ્યાત્મજ્ઞાન છે. તેને જે પચવે છે, તેમાં જે લયલીન થાય છે, તેના હૃદયમાંથી અધ્યાત્મજ્ઞાનનાં ભજનોનો પ્રવાહ નીકળે છે... ... અધ્યાત્મજ્ઞાનનાં પુસ્તકો વાંચવા માત્રથી તો ફક્ત અધ્યાત્મજ્ઞાનની રુચિ પ્રગટે છે અને ગુરુને શીર્ષ પર ધારણ કરીને આત્મજ્ઞાન મેળવવા પુરુષાર્થ કરતાં આત્માનો સાક્ષાત્કાર અનુભવ થાય છે... ગીતાર્થ ગુરુની સેવાભક્તિમાં જીવતાં જેઓ મરજીવા બને છે તે જીવતાં પ્રભુ પરમાત્મા રૂપે આત્માનો સાક્ષાત્કાર કરે છે."

આ ભજનસંગ્રહ ભાગ ૧૦નો પ્રારંભ તેઓ ગુરુ સ્તુતિથી કરે છે. તેઓ ગુરુને પ્રભુનો મેળાપ કરી અપાવવા પ્રેમભરી વિનંતી કરે છે.

**ગુરુસ્તુતિ :**

**ગુરુવા ગુણવંત ગુરુજી પ્રાણથી પ્યારા,**
**આતમના આધારા રે ગુરુજી પ્રભુને મિલાવો,**
**અલખ પ્રભુ ઓળખાવો રે...(૧)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧)

**ગુરુગીત સ્તુતિ :**

આચાર્યશ્રીનાં ભજનો અતિ ઉત્કૃષ્ટ અનોખી પ્રકારની ગુરુભક્તિથી રંગાયેલાં છે. નીચેની પંક્તિઓમાં તેઓ ગુરુને હૃદયમાં બિરાજી જ્ઞાન અર્પવા વિનંતી કરે છે.

મારા મન માન્યા ગુરુરાજ, જ્ઞાનને આપો રે.
મારા જ્ઞાની ગુરુ ગુણવંત, દિલમાં વ્યાપો રે...(૧)

(ભાગ ૧૦, પૃષ્ઠ ૩)

**કરના જ્ઞાની ગુરુકા શરણા :**

કવિ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં મનુષ્યને ઉપદેશ આપે છે કે જ્ઞાની ગુરુ ભગવંતને શરણે જવાથી અને તેનો ઉપદેશ ગ્રહણ કરવાથી મનુષ્ય જન્મ-મરણની જંજાળમાંથી મુક્ત થઈ મોક્ષ પ્રાપ્ત કરે છે.

કરના જ્ઞાની ગુરુકા શરણા, ગુરુ સેં હોત ઉગરના,
ગુરુબિન જ્ઞાન મિલે ન કદાપિ, ગુરુ બિન હોત ન તરના,
ગીતાર્થ ગુરુકા શરણ સેં હોત ન, જન્મ મરણ કા ફિરના...(૧)

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૩)

**જ્ઞાની ગુરુ કરો :**

રાગ સોરઠમાં રચેલા તેમના આ કાવ્યમાં તેઓ મનુષ્યને ગુરુ કરતાં પહેલાં ગુરુ, સદ્ગુરુ અને જ્ઞાની છે કે નહિ તેની ખાતરી કરવા પર ખાસ ભાર મૂકે છે. ઘણા ગુરુઓ કંચન અને કામિનીના રાગી, ક્રોધી, વ્યસની અને જૂઠા હોય છે. એવા ગુરુઓ ભક્તિ અને ઉપાસના કરતા નથી તથા તેઓને આત્મજ્ઞાનનો અનુભવ પણ હોતો નથી માટે તેવા કુગુરુઓથી દૂર રહેવા માટે તેઓ લોકોને સલાહ આપે છે.

સદ્ગુરુ કરશો જ્ઞાની, લોકો !! સદ્ગુરુ કરશો જ્ઞાની,
અજ્ઞાની ગુરુ તરે નહીં તારે, જડ મોહી અભિમાની
લોભી, લાલચુ હઠવાદી બહુ જૂઠી જેની વાણી,
કંચન કામિનીના રાગી, વ્યસની દુર્ગુણ ખાણી...(૧)
ભક્તિ ઉપાસના કર્મ ન જાણે, કુગુરુની એ એંધાણી,
આત્મજ્ઞાનનો અનુભવ નહિ કંઈ, કરતો ધર્મની હાનિ...(૩)

(ભાગ ૧૦, પૃષ્ઠ ૨૧)

**યોગી :**

કવિ બુદ્ધિસાગરજી અવધૂત યોગી હતા. તેઓ 'યોગી' કાવ્યમાં યોગીની જટા, કુંડલ વગેરેને ક્રિયા, ત્યાગની સાથે સરખામણી કરી તેને વિશે નીચેની પંક્તિમાં વર્ણન કરે છે. તેઓ

જોગીએ કરેલા ત્યાગ, તપ, સંયમ અને સેવાને ભભૂતિ, ચલમ, જટા, કુંડલ વગેરેની સાથે સરખાવે છે.

**જોગી ઐસા જોગ જગાયા, ત્યાગ ભભૂત લગાયા.**
**શુદ્ધ પ્રેમકી મસ્તી પાયા, યોગ જટાકું ધરાયા,**
**શીલ લંગોટા સત્સંગ મુદ્રા, ક્રિયા કુંડલ લગાયા....(૧)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૭)

**ધર્મી :**

સદ્‌ગુણી સંતો મોહમાયાનો ત્યાગ કરીને દેવગુરુની સેવામાં લીન રહે છે. એમ કવિ નીચેની પંક્તિમાં વર્ણવે છે :

**ન્યાય થકી નિજ જીવન ગાળે, મોહની વૃત્તિ બાળે,**
**દેવગુરુની સેવા સારે, દુર્વ્યસનો સહુ ટાળે...(૨)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૭)

**પંથવાડા :**

કવિ બુદ્ધિસાગરજી ગચ્છભેદ કે અલગ પંથો વગેરેની ખૂબ વિરુદ્ધમાં હતા. તેઓ હંમેશાં એકજૂટ થઈ કાર્ય કરવાની સલાહ આપતા. નીચેની પંક્તિઓમાં તેઓ અલગ પંથમાં માનનારાઓને વાડામાં બંધાઈ રહેતાં પશુઓ સાથે સરખાવીને તેમને ઉપદેશ આપ્યો કે સિંહની જેમ રહી રાગદ્વેષથી દૂર થઈ શુદ્ધબુદ્ધિથી પ્રભુ મહાવીરના ઉપાસક થઈને રહો.

**મત પંથ દર્શન વાડામાં, પશુ થૈ ન બંધાશો,**
**રાગદ્વેષની વૃત્તિને, પોષી દુ:ખી થાશો...(૧)**
**સિંહ સમા સંત જ્ઞાનીઓ, વાડામાંહી ન રહેતા,**
**પ્રભુ મહાવીર દેવના, બોધને દિલ વહેતા...(૮)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૩૫-૩૬)

**રામ રામ હરિ :**

આચાર્ય બુદ્ધિસાગરજી સાચો ભક્ત અને ઢોંગી ભક્તનો તફાવત નીચેના ભજનમાં સમજાવે છે. લોકો આત્મજ્ઞાન વિના માત્ર 'રામ' 'રામ' બોલે તો ગાડરિયા પ્રવાહમાં તણાઈ છે, તેને પ્રભુ મળતાં નથી. પ્રભુની સત્તા સમગ્ર જગમાં વ્યાપ્ત છે. એ વાત જ્યારે ભક્તના આત્માને સમજાય છે ત્યારે તેને પ્રભુપ્રાપ્તિ થાય છે.

**સબ જન રામ રામ હરિ ગાવે, પણ નહીં પ્રભુને પાવે,**
**એક રામ દશરથ નંદન છે, બીજો ઘટ ઘટ બોલે,**
**સત્તારામ છે જગમાં વ્યાપક સમજી આતમ તોલે...(૧)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૩૮)

**સબ જગ મતકી મારામારી :**

રાગદ્વેષથી પ્રેરિત પોતાની જ માન્યતાને ખરી કહેવડાવતા મનુષ્યોને બોધ આપતાં ભજનો પણ તેમણે રચ્યાં છે. હિંદી ભાષિત આ ભજનમાં તેઓ 'અહમ્' ભાવથી પીડાતા માનવી માનવી વચ્ચે ચાલતા મતમતાંતરની વાત કરે છે.

**સબ જગ મતકી મારામારી, ખોપરી ખોપરી ન્યારી મત હૈ,**
**ભૂલે નર અરુ નારી...**
**અપને મતમેં સબ હૈ રાગી, અન્ય કે મત મેં ન યારી,**
**દુનિયા મેં જહાં તહાં હૈ ઐસા, મત કી બાત હૈ પ્યારી...(૧)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૪૦)

**દુનિયા હમકું ન કબહિ પિછાને :**

દુનિયાના લોકો આ અલખ નિરંજન અવધૂત યોગીને ઓળખી નહિ શક્યા તથા તેમના અલગારી આત્માને પણ જાણી નહિ શક્યા તે વાત તેઓ તેમના ભજનમાં સ્પષ્ટ કરે છે. તેઓ કહે છે કે દુનિયા તેમને બાહ્યવેશે ઓળખે છે, પરંતુ જેઆત્મજ્ઞાની હોય તે જ સિદ્ધ બુદ્ધ આત્માને પિછાની શકે છે.

**દુનિયા હમકું ન કબહિ પિછાને, અલખ નિરંજન આતમ હમ હૈ,**
**જ્ઞાન બિના ક્યા જાને...**
**મન ઈન્દ્રી કાયા મેં ભૂલી, માયાકું બ્રહ્મ માને.**
**દેહ વેષ મેં હમકું જાને, મુંઝે મિથ્યા જ્ઞાને...(૧)**
**આતમ જ્ઞાની હોય સો હમકું આતમ રૂપે જાને,**
**બુદ્ધિસાગર દિલ મેં પ્રગટ, પરમેશ્વરકું પ્રમાને...(૩)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૪૯)

**ભયે હમ આતમ મસ્ત દીવાના :**

દુનિયાના માનવીઓના અભિપ્રાયની પરવાહ ન કરતાં તેઓ હરહંમેશ મસ્ત બનીને રહેતા હતા. અમીરી દિલની ખુમારીથી રચાયેલું તેમનું આ ભજન કલ્પનાતીત ન્યારું છે.

**ભયે હમ આતમ મસ્ત દીવાના, દુનિયાકી હમકું નહિ પરવાહ,**
**સબ જગ નાટક માના...**
**દુનિયા કે અભિપ્રાય મેં હમને હર્ષ શોક નહિ માના...**
**પ્રભુ મસ્તી મેં હમ મસ્તાનેં, હમ નહીં પાગલ શ્યાના...(૧)**
**પ્રભુ સ્વરૂપ હમ કિસકું ગાના, રહા નહિ કછુ છાના,**
**આતમ આપોઆપ પ્રકાશ્યો, કિસકા કરના ધ્યાના...(૨)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૫૧)

**અમારો પાર ન કો જન પામે :**

બ્રહ્મ સ્વરૂપી યોગી કવિ બુદ્ધિસાગરજીને આત્મ સ્વરૂપી મસ્ત માનવી જ જાણી શકે. બીજા કોઈ એમના સાચા સ્વરૂપને ઓળખી ન શકે એ વાત તેમણે નીચેના ભજનમાં નિરૂપી છે.

**અમારો પાર ન કો જન પામે,**
**શાબ્દિક તાર્કિક, પંડિત થાક્યા,**
**ઠરિયા નહિ નિજ ઠામે...**
**જેમાં જેટલી બુદ્ધિ તેટલી, વાત હમારી જણાવે,**
**મન બુદ્ધિથી પેલે પાર હું, ત્યાં કોઈ ભેદુ આવે... (૧)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૬૦)

**આતમ છોડ દે મોહ કી યારી :**

કવિ નીચેની પંક્તિઓમાં આત્માને વશ કરવા માટેના માર્ગો દર્શાવે છે. તેઓ કહે કે તે માટે રાગદ્વેષ, મોહમાયા ત્યજીને ચિત્તની શુદ્ધિ કરવી જેથી આત્મા સમતા ભાવમાં સ્થિર રહે.

**આતમ છોડ દે મોહ કી યારી, મોહ કી યારી સે દુઃખ ભારી,**
**બહોત ભરી હૈ ખુવારી...**
**જબ તક મનમેં મોહ હૈ તબ તક, આંખ રહત હૈ વિકારી,**
**અસ્થિર મન તન રહત હૈ વાચા, સમજો ચિત્ત વિચારી... (૧)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૬૩)

**અલખ અમે મર્યા ન ક્યારે મરશું :**

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આત્માનું સ્વરૂપ સમજાવતાં અનેક કાવ્યોની રચના થઈ છે અને તેમાં 'આત્મા અજર અમર છે' એ વાત સમજાવવામાં આવી છે. આચાર્ય બુદ્ધિસાગરજી પણ એ જ ભાવના પોતાના ભજનમાં વ્યક્ત કરે છે.

**અલખ અમે મર્યા ન ક્યારે મરશું,**
**અજ અવિનાશી અજરઅમર હમ, બ્રહ્મ સ્વરૂપ સમરશું.**
**દેહ પ્રાણ પંચભૂતમાં ભળશે, ઠામ અમે નિજ ઠરશું,**
**સત્યને છંડી જૂઠું ન કરશું, ભય ચંચળતા ન ધરશું...(૧)**
**ઊપજે મરે સહુ પુદ્‌ગલ સ્કંધો, સાક્ષી બનીને વિચરશું.**
**બુદ્ધિસાગર બ્રહ્મ સનાતન, જ્ઞાનાનંદને વરશું...(૩)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૮૬)

**ખરી એ પ્રભુ પામ્યાની નિશાની :**

પ્રભુ પામ્યાની નિશાની વર્ણવતાં તેઓ કહે છે કે પ્રભુ પ્રાપ્ત કર્યા પછી મનુષ્યનું જીવન બદલાઈ જાય છે. તે પ્રભુ ભક્તિ, સાત્ત્વિકતા અને સાદાઈથી ઓતપ્રોત થઈ જાય છે. તે સ્વભાવે મૃદુ બને છે અને ધીરે ધીરે શરીરની ચિંતા છોડી આનંદી થઈ ફરે છે.

**ખરી એ પ્રભુ પામ્યાની નિશાની, સાત્ત્વિક જ્ઞાન,**
**ને સાત્ત્વિક ભક્તિ આનંદ ઓઘ કમાણી,**
**દેહાધ્યાસ રહે નહિ મનમાં હોય ન તાણાતાણી,**
**આંખોમાં અમૃત દિલમાં દયા બહુ, વૃત્તિ નહીં અભિમાની...(૧)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૯૧)

**આતમ છોડ દેં મોહ :**

કવિની અધ્યાત્મ દશા સહસ્ર કળાએ ખીલેલી હતી, જે તેમનાં ભજનોમાં અનુભવાય છે. તેઓ ભજનમાં લોકોને ઉપદેશ આપે છે કે જ્યાં સુધી દિલમાં મોહ હોય ત્યાં સુધી તપ, જપ, ક્રિયા, ધ્યાન વગેરે કરવું નકામું છે. મોહને તેઓ ગુલામી તરીકે વર્ણવીને, તેને છોડીને, આત્મધર્મમાં લયલીન બનવા કહે છે.

**આતમ છોડ દેં મોહ ગુલામી, જ્ઞાન સે હો સાવધાના,**
**બુદ્ધિસાગર આત્મધર્મમેં, હો જા મહામસ્તાના...(૪)**

**હમને ધ્યાન પતંગ ઉડાયા :**

આત્મ સુખની પ્રાપ્તિ પછીની દશાનું વર્ણન કવિ નીચેની પંક્તિઓમાં કરે છે. અહીં કવિ રૂપક અલંકાર દ્વારા અનુભવજ્ઞાનને દોરી, આત્માને આકાશ અને ધ્યાનને પતંગનું રૂપક આપીને સમજાવે છે. અનુભવ જ્ઞાનની લાંબી દોરી વડે આત્માના આકાશમાં કવિ ધ્યાન પતંગ ચગાવે છે. જે આનંદની લહેરો વડે ઊંચે ને ઊંચે જાય છે. આત્મજ્ઞાનના અજવાળામાં સર્વ અંધકાર વિલીન થઈ જાય છે. શ્રુતજ્ઞાનરૂપી દીપક દ્વારા બુદ્ધિરૂપી પ્રકાશ પ્રાપ્ત થયો તથા કેવળજ્ઞાન મેળવી આત્મા પરમાત્મામાં સમાઈ ગયો.

**હમને ધ્યાન પતંગ ઉડાયા,**
**ઊલટી અખિયાંસે દેખત હમ, સુરતા તાન લગાયા... હમને**
**અનુભવ જ્ઞાન કી દોરી લંબી, ઉસકા પાર ન પાયા.**
**આતમ ગગનમેં ઊંચા ઊડતા, આનંદ લહેરે સુહાયા...(૧)**
**શ્રુત જ્ઞાન કા દીપક સાથે, બુદ્ધિ પ્રકાશ બઢાયા,**
**બુદ્ધિસાગર કેવલજ્ઞાન કી જ્યોતિ મેં જ્યોતિ સમાયા...(૨)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૯૬)

**આતમ !!! તુમ સબસે ન્યારા :**

આત્મા નામરૂપથી ભિન્ન અજર, અમર, અલખ અને અરૂપી છે. એના પ્રકાશમાં સર્વ અંધકાર વિલીન થઈ જતાં પરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે એમ બુદ્ધિસાગરજી આ ભજનની પંક્તિઓમાં નિરૂપે છે.

**અજ અવિનાશી અલખ અરૂપી, જ્ઞાન સે હૈ ઉજિયારા,**
**બુદ્ધિસાગર પરબ્રહ્મ તુમ, મિટ ગયા સબ અંધિયારા...(૩)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૯૬)

**હમારા ભજનો કું નહિ ગાના :**

આત્મસુખની પ્રાપ્તિ માટે અને સાચા હૃદયની ખુમારી માણવા માટેનાં તેમનાં ભજનો ગાનાર માનવી જો કાચો પોચો શ્રદ્ધા વગરનો હોય તો તેને તેઓ ભજન ગાવાની સ્પષ્ટ ના પાડે છે, કારણ કે એમનાં ભજનોનું ગવૈયાની રીતે ફક્ત ગાન જ કરવાનું નથી, પરંતુ એનું તથ્ય જીવનમાં ગ્રહણ કરીને મસ્ત બનીને ગાવાનું છે. જેમ સિંહણનું દૂધ ગ્રહવા માટે સોનાનું પાત્ર જોઈએ તેમ તેઓ ભજના ગાનાર વ્યક્તિ જ્ઞાની અને સુપાત્ર હોય તો જ તેને ભજન ગાવા માટે કહે છે.

**(રાગ : આશાવરી)**

**હમારા ભજનો કું નહિં ગાના, હમ હૈ પાગલ બડા દીવાના,**
**તુમ ભી હોગા દીવાના**
**કચ્ચા પારદ ખાના જૈસા, જૈસા સોમલ ખાના,**
**ઐસે જ્ઞાન બિના ભજનો કું ગાને સેં પસ્તાના...(૧)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૯૭)

**દુનિયા દીવાની :**

કવિ ભક્તની ખુમારી વ્યક્ત કરતાં કહે છે કે દુનિયા ભલે અમને દીવાની કહે, અમે એનાથી ડરતા નથી કારણ કે અમે તો આત્મામાં મગ્ન થઈ ગયા છીએ. "દુનિયાને ઊંધા ચશ્મા ડાહ્યા દીવાના લાગે..."

**દુનિયા દીવાની ચાહે સો બોલો, હમ નહીં કોઉસે ડરતે,**
**આતમ મેં હમ મગ્ન ભયે હૈં, આતમ સહેલ કું કરતે...(૧)**
**સબસે ન્યારી ગતિ હમારી ઊલટી નદી ઉતરતે.**
**વર્તન પાગલ જૈસા હમારા, નક્કલ કરે સો મરતે...(૨)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૦૭)

**ક્ષમાપના :**

જૈન ધર્મમાં વર્ણવેલી ક્ષમાની ભાવનાને વણી લેતાં એકતાળીસ પદોની રચના કવિ બુદ્ધિસાગરજીએ કરી છે. તેમાં જીવાત્મા દ્વારા થતાં સર્વ અપરાધોને ખમાવ્યા છે. તેઓ કોઈ પણ જીવને હણ્યા હોય કે સંતાપ્યા હોય તે સર્વને પશ્ચાત્તાપની ભાવના વડે ખમાવ્યા છે.

**સઘળાં જીવને રે, આજ ખમાવું સાચા ભાવે,**
**ક્રોધ માન, માયા ને લોભે, જીવો હણ્યા હણાવ્યા.**
**સંતાપ્યા પરિતાપ્યા જે મેં, આજે સર્વે ખમાવ્યા...(૧)**
**શિષ્યો ભક્તો ગુરુબંધુઓ, દુષ્ટ જનોને ખમાવું,**
**રાગને રોષ કરું નહિ કોથી, વીરપ્રભુ દિલ ધ્યાવું...(૩૫)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૦૩ થી ૧૦૬)

**પ્રભુકા ધર્મ સો ધર્મ હમારા :**

કવિ પ્રભુભક્તિમાં તન્મય થઈ પ્રભુ સાથે એકાકાર થઈ જાય છે.

**"પ્રભુ હમારા દિલમેં સમાયા, પ્રભુ કે રૂપમેં હમ ભી સમાયા.**
**પ્રભુ સો હમ હૈ હમ સો પ્રભુ હૈ, સત્તાપેક્ષા એક વિભુ હૈ..." (૨)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૦૯)

**હમકું જાનત હૈ કોઉ જ્ઞાની :**

અવધૂત જ્ઞાની યોગીને અજ્ઞાની, પાપી કે દંભી માનવી ઓળખી શકતા નથી પણ જ્ઞાની-જન ઓળખી શકે છે, એ વાત કવિએ નીચેની પંક્તિમાં નિરૂપી છે.

**હમકું જાનત હૈ કોઉ જ્ઞાની, હમકું ન જાનત પાપી અજ્ઞાની,**
**જાનત નહીં અભિમાની**
**હમકું જો જાનત ઉસકે દિલ મેં ઉભરાત આનંદવાણી,**
**બુદ્ધિસાગર સમજે સો પાવે આનંદઘનકી ખાનિ...(૩)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૧૬)

અહીં કવિ જ્ઞાનીજન અને અજ્ઞાની જનની તુલના થકી બોધ આપે છે. ઉતાવળે રચાયેલી આ કવિતામાં અમુક ગુજરાતી શબ્દોને પરાણે હિન્દીભાષિત શબ્દો બનાવ્યા હોય એવું લાગે છે. દા.ત., 'દિલમેં ઉભરાત આનંદવાણી.'

**દીર્ઘાયુષી અને આરોગ્યવંત સુખી થવાના ઉપાયો :**

કવિ બુદ્ધિસાગરજીએ સુખી અને દીર્ઘાયુ થવા માટે આરોગ્ય સંબંધી ભજનો પણ રચ્યાં છે, તેમાં આહારની સાત્ત્વિકતા પર ભાર મૂક્યો છે. જેથી તન અને મન બંનેની સુખાકારી રહે. નીચેની પંક્તિમાં તેઓ ભોજન સમયે ક્રોધ, ક્લેશ, શોક વગેરે કરવો ન જોઈએ એમ ઉપદેશ આપે છે.

**દુગ્ધાદિક સાત્ત્વિક ભોજનથી, તનુનું પોષણ કીજે રે,**
**ભોજન કરતાં શોક ને ભીતિ, ક્લેશાદિક ત્યજીએ રે... (૪)**

કવિ તંદુરસ્ત શરીર માટે સારા સાત્ત્વિક ભોજનની સાથે તાજી ચોખ્ખી હવા અને પાણીની પણ એટલી જ અગત્ય છે એમ નીચેના પદમાં નિરૂપે છે. તેઓ સમજાવે છે કે તંદુરસ્તી માટે શરીરની સાથે મન પણ નિર્મળ હોવું ખૂબ જરૂરી છે.

**તાજી હવા ને નિર્મળ પાણી, બંનેથી તનુ પોષો રે,**
**પાપી ખોટા ધંધા ત્યાગો, પરધન સામું ન જોશો રે...(૭)**

તેઓ નીરોગી થવાના ઉપાયો સરળ સાદા દુહાઓ દ્વારા સમજાવે છે. આ દુહાઓમાં તેઓ 'અતિ સર્વત્ર વર્જયતે' પ્રમાણે બહુ વધારે ભોજન ન લેવું તથા બહુ નિદ્રા ન લેવી વગેરે આયુર્વેદના સરળ સિદ્ધાંતો વર્ણવે છે.

**દેવ ગુરુને સંતની સેવા, કરીએ રૂડી રીતે રે,**
**અતિશ્રમ અતિ ખાવું, અતિનિદ્રા ત્યજીએ ચોખે ચિત્તે રે...(૯)**

(ભા. ૧૦, પૃષ્ઠ ૧૧૭-૧૧૯)

**કુરબાની ને હોમ પશુવધ સંબંધી ઉપદેશ :**

આચાર્યશ્રીના સમયમાં કેટલાક લોકો દેવ-દેવી સમક્ષ નિર્દોષ પશુઓને બલિ ચઢાવતાં એ વિશે રચેલા ઉપદેશાત્મક ભજનમાં તેઓ આલેખે છે કે દેવદેવીને જો પશુભક્ષણની ઇચ્છા હશે તો એ સ્વયં મારી લેશે તમને શું કામ કહેશે.

કોઈ પણ દેવદેવી આવા બલિથી કદી રીઝતા નથી. પશુમાંસનું ભક્ષણ પાપી અને રાક્ષસ કરે છે, પ્રભુ નહિ.

**અલ્લાને પશુ ભક્ષણની ઇચ્છા નથી.**
**ખાવું હોય તો સ્વયં ગ્રહીને ખાય જો,**
**એવું તો સમજાય નહીં મતપક્ષમાં,**
**પશુ એ શું ? કીધો પ્રભુનો અન્યાય જો,**
**સત્ય બુદ્ધિથી સાચું શુદ્ધ વિચાર જો....(૨)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૨૨)

**યોગ સ્વરૂપ :**

કવિ બુદ્ધિસાગરજીએ 'યોગસ્વરૂપ'ના શીર્ષક હેઠળ યોગનું સ્વરૂપ વર્ણવતાં ઓગણચાળીસ દુહાઓની રચના કરી છે. 'ૐ અર્હં મહાવીર' મંત્ર સ્વયં મોટો યોગ છે. એનો જાપ કરતાં, પિંડસ્થ ધ્યાન અને યમનિયમ ધારણ કરીને આત્મશુદ્ધિ કરવી જોઈએ. એમ તેઓ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે.

ૐ અર્હં મહાવીરના મંત્રે, મંત્ર યોગ છે મોટો,
પરમેષ્ઠી જપતાં ને ધ્યાતાં, મોહ રહે નહિ ખોટો...(૩૪)
પિંડસ્થાદિક ચાર ધ્યાનથી, આતમશુદ્ધિ કરવી,
સાધન માંહી મુંઝાવું નહિ, સાધ્યદશાને વરવી...(૩૫)

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૩૬)

**શોક નિવારક ભાવના ગ્રંથ :**

કવિ એ આ ભજનસંગ્રહ ભાગ દશમાં શોકનિવારણનાં એકસો બાર પદો રચ્યાં છે. મહાવીર પ્રભુને વંદના કરીને તેઓ આ કાવ્યનો પ્રારંભ કરે છે. આ કાવ્યમાં તેઓ પ્રભુમુખથી શોક નિવારવાનો સંદેશ આપે છે. જ્યારે માતા ત્રિશલા તથા પિતા સિદ્ધાર્થના સ્વર્ગવાસ પછી સમગ્ર કુટુંબ અને રાજ્યમાં શોક છવાઈ જાય છે ત્યારે વીરપ્રભુ સર્વને ઉપદેશ આપે છે કે આત્મા કદી મૃત્યુ પામતો નથી, એ કર્મવશ શરીર ધારણ કરે છે અને આયુષ્ય પૂરું થતાં શરીર મૃત્યુ પામે છે.

ત્રિશલા રાણી જનનીને, સિદ્ધારથ ભૂપ તાત,
બેઉ સ્વર્ગે સિધાવતાં, પામ્યા નંદિ અશાત...(૨)
કુટુંબ જ્ઞાતિને દેશમાં, રહિયો શોક છવાઈ,
પ્રભુ મહાવીર ચિત્તમાં, ભાવદયા ખૂબ આઈ...(૩)
માતપિતાદિના આતમા, મર્યા નહીં કદી મરશે,
ચારિત્ર પામી સિદ્ધ થૈ, શિવપુરમાંહી ઠરશે,
શોક કરો નહીં કોઈનો...(૧૩)

કવિ મનુષ્યને નાશવંત શરીર વિશે સમજાવતાં કહે છે કે આત્મા શરીરમાં રહેવા છતાં શરીરથી ભિન્ન છે. જે જન્મે છે તેણે દેહ ત્યજીને જવાનું નક્કી જ છે, પરંતુ મનુષ્ય ભવ વારંવાર ન મળતો હોવાને કારણે ધર્મધ્યાનમાં મન પરોવવું જોઈએ.

દેહને આતમ માનતાં, મોહભીતિ પ્રગટે;
આતમને ભિન્ન માનતાં, શોક ભીતિ વિઘટે...(૧૭)

આ અસાર સંસારમાં પાપ-પુણ્ય પ્રમાણે જીવ કર્મ ભોગવે છે. દુઃખી જીવને જોઈ મનમાં દયા લાવી તેને મદદ કરવી એ પુણ્યનું ભાથું છે એમ કવિ નીચેની પંક્તિઓમાં આલેખે છે :

દુઃખી જીવો દેખતાંજી, કરુણા પ્રગટે અપાર,
દયા ધર્મ કર્મો થતાં જી, થાતાં પર ઉપકાર રે...(૫૦)

કવિ દ્વેષ અને શત્રુતા વિશે સમજાવતાં કહે છે જ્યારે કોઈ વ્યક્તિ શત્રુ પરનો વૈરભાવ ત્યજી દિલમાં કરુણા અને ક્ષમાભાવ ધારણ કરે ત્યારે જ એનામાં આત્મશુદ્ધિ પ્રગટે છે.

**શત્રુ પર નહિ દ્વેષતાજી, ક્ષમા અને શુદ્ધબુદ્ધિ,**
**દેવગુરુ આરાધતાં જી, પ્રગટે આતમશુદ્ધિ રે...(૫૩)**

કવિ બુદ્ધિસાગરજી પ્રભુ મુખથી શોક નિવારવાના ઉપાયો દર્શાવતાં કહે છે કે જે મનુષ્ય શ્વાસોશ્વાસે પ્રભુ સ્મરણ કરે છે તેનાં સર્વ પાપ ક્ષીણ થઈ જાય છે. અંત સમયે જે પ્રભુ ધ્યાનમાં મગ્ન રહી પ્રભુ શરણું સ્વીકારે છે તેના જન્મમરણના ફેરા ટળી જાય છે. આયુષ્ય પૂર્ણ થતાં આત્મા શરીર છોડી ચાલી જાય છે તેવા સમયે સાથી સંગાથી તેને યાદ કરીને રુદન કરે છે, પરંતુ જે નર આત્મસ્વભાવમાં લીનતા કરી પ્રભુ શરણું સ્વીકારે છે તે કદી મોહાસક્ત થઈ રુદન કરતો નથી.

**શ્વાસોશ્વાસે મારું ધ્યાન, કરતાં પ્રગટે સાચું જ્ઞાન,**
**શ્વાસોશ્વાસે મારો જાપ, જપતાં કોઈ ન લાગે પાપ...(૮૯)**
**છેવટ મૃત્યુકાલે જેહ, શરણ કરે મુજ તે વૈદેહ,**
**અનંત ભવનાં કર્મ વિનાશ, મુજ શરણે મુક્તિ છે ખાસ...(૯૦)**
**શરણ મારું જે નરનાર, કરતાં તે ઊતરે ભવપાર,**
**દેહ ત્યજતાં કરે ન શોક, કદી ન પાડે મોહે પોક...(૮૮)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૩૬-૧૪૬)

**ચેટક ચોવીશી ગ્રંથ :**

પ્રભુ મહાવીરે રાજા ચેટકને દીક્ષા લેતી વખતે જે સદ્‌બોધ આપ્યો હતો તે આચાર્ય બુદ્ધિસાગરજીએ પ્રસ્તુત ચોપાઈમાં વર્ણવ્યો છે. એમાં સત્તાવીશ પદો છે. તેઓ વૈશાલીરાજન ચેટકને દાન, દયા અંતરમાં રાખીને રાજ્ય કરવાનો અનુરોધ કરે છે.

**દયા દાન ધર્મ વર્તન ધરો, સમજી સર્વે કર્મો કરો,**
**રાજ્ય કરતા જાતિ યત્ન, કરી કમાણી ખાઓ અન્ન...(૨)**

આચાર્ય કવિ ચેટક રાજાને ધર્મીરાજા થવા કહે છે જે હંમેશાં પ્રજાની પડખે રહે અને દુકાળ કે મહામારી (પ્લેગ) જેવા આફતના સમયે પ્રજાની રક્ષા કરે, તથા ધર્મની રક્ષા કાજે પોતાના પ્રાણ અર્પણ કરે.

**મહામારી દુષ્કાળે જેહ, પ્રજા વર્ગને રક્ષે તેહ,**
**સર્વ પ્રકારે કરે ઉપાય, ધર્મી રાજા સત્ય ગણાય...(૨૨)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૪૬-૧૪૮)

**સંઘ કર્તવ્ય ગ્રંથ :**

સંઘના કર્તવ્ય પર પ્રકાશ પાડતા આ ચોપાઈ કાવ્યના એકસો આઠ દુહાઓની રચના કવિ બુદ્ધિસાગરજીએ કરી છે. સંઘ એ જંગમ તીર્થ છે. પ્રભુ પણ સંઘને પ્રણામ કરે છે. ચતુર્વિધ સંઘ એ ચાર વર્ગ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો બનેલો છે. જૈન ધર્મમાં સંઘનું ખૂબ મહત્ત્વ છે. સંઘભક્તિ એ પ્રભુ ભક્તિ સમ ગણાય છે.

સંઘ આજ્ઞા અને સંઘ પ્રવૃત્તિમાં દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ પ્રમાણે જે જરૂરી ફેરફાર કરવો પડે તે પ્રભુ આજ્ઞા સમજીને શિરોધાર્ય કરવો જોઈએ અને સંઘના દોષ કદી ન જોવા જોઈએ એમ કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**આચારો તો ફરતા રહે, દેશકાલ અનુસારે વહે,**
**તત્ત્વોમાં કદી થાય ન ફેર, જ્યાં અજ્ઞાન જ ત્યાં અંધેર...(૧૮)**

સંઘનાં કર્તવ્યોની છણાવટ કરતાં કવિ નિરૂપે છે કે સંઘે સ્વ અધિકારે કાર્યો કરવાં જોઈએ. ધર્મી જીવ પર પ્રેમ રાખવાની સાથે અન્ય જીવો પર પણ દયા રાખવી જોઈએ અને સર્વ સાથે સંપીને કાર્ય કરવું જોઈએ.

**નિજ નિજ અધિકારે ગુણધર્મ, કરવામાં સમજતો ધર્મ,**
**એવા સંઘનું ધાર્યું થાય, આધ્યાત્મિક પ્રગતિ તે પાય....(૨૫)**

સંઘની પ્રગતિ માટે બધાએ સાથે મળીને નિષ્કામ ભાવે કાર્ય કરવું જોઈએ અને સંઘનો વિશ્વમાં પ્રચાર કરવો જોઈએ.

**દોષો ટાળે સદ્‌ગુણ ધરે, ધર્મીનો રાગી થૈ ફરે,**
**સર્વ સંઘનો વિશ્વ પ્રચાર, કરવામાં તન અર્પે સાર...(૩૫)**

નીચેની પંક્તિઓમાં કવિ દર્શાવે છે કે સંઘની રક્ષા એ માનવીનું પરમ કર્તવ્ય છે. યથાશક્તિ ચતુર્વિધ સંઘની ભક્તિ કરવાથી આત્મિક શક્તિ પ્રગટે છે.

**સંઘની સેવા તે નિજસેવા, માની વર્તે તજે કુટેવ,**
**સંઘ આજ્ઞા વહેવામાં મરે, સંઘ તે હું માની સહુ કરે...(૮૦)**

જે સંઘમાં વિદ્યાવાન મનુષ્યો શ્રદ્ધા અને ભક્તિ થકી સકળ કાર્યો કરતાં હોય ત્યાં સંઘશક્તિ વધે છે. સંઘનો નાશ એ સકળ સંઘનો વિનાશ નોતરે છે માટે સંઘની આજ્ઞા માની દેશકાળ પ્રમાણે રીતરિવાજોમાં પરિવર્તન લાવીને સંઘને મજબૂત કરવો જોઈએ. એમ કવિ નીચેની પંક્તિઓમાં દર્શાવે છે :

**સંઘનો નાશ તે મારો નાશ, જાણી સંઘના થાઓ દાસ,**
**સંઘ છે સાગરવત્ ગંભીર, સેવી સ્વયં બનો મહાવીર...(૮૭)**
**જે કાલે જે યોગ્ય ગણાય, કરવા લાયક જેહ ગણાય.**
**અતિશય જ્ઞાની સમ્મત થાય, પરિવર્તન રિવાજો પાય...(૮૮)**

જૈનીઓ સંઘને ખૂબ પવિત્ર અને પૂજ્ય ગણે છે. બુદ્ધિસાગરજી સંઘ કર્તવ્ય કાવ્યમાં સંઘના સભ્યોને ખાસ ઉપદેશ આપે છે કે સંઘની હાય કદી લેવી નહિ. સંઘની આશિષ હંમેશાં શુભ કાર્યો કરીને પ્રાપ્ત કરવી જેથી મનુષ્ય હંમેશાં પ્રગતિ કરી શકે.

**કદી ન લેવી સંઘની હાય, સંઘનો શત્રુ દુર્ગતિ જાય,**
**ત્યાગી સંઘની શુભ આશિષ, મળતાં ચડતી વિશ્વાવીશ...(૮૯)**

(ભાગ ૧૦, પૃષ્ઠ ૧૪૮-૧૫૭)

**પ્રજા સમાજ કર્તવ્ય :**

કવિ બુદ્ધિસાગરજીએ પ્રજાને નિજનું કર્તવ્ય સમજાવતાં એકસો અગિયાર પદો રચ્યાં છે. એમાં તેઓ પ્રજા એટલે કે સમાજની વ્યક્તિઓને બોધ આપે છે કે તેમણે રાજા, ગુરુ, માતા-પિતા અને વૃદ્ધજનોની સેવા-ભક્તિ કરી સન્માનવા જોઈએ. રાજાની આજ્ઞા અને રાજ્યનાં ધારાધોરણો-નિયમોનું પાલન કરવું જોઈએ. રાજા અને પ્રજા જો બંને એકબીજાનું હિત જુએ તો જ સમાજની પ્રગતિ થાય. કર્તવ્યપાલનનો આ સંદેશ કવિ બુદ્ધિસાગરજી પ્રભુ મહાવીર દ્વારા શ્રેણિક રાજાને આપે છે.

**પરમેશ્વર મહાવીર જિનેશ, શ્રેણિકને દેવે ઉપદેશ,**
**પ્રજાસમાજનું સત્ય સ્વરૂપ, પ્રજા ન પામે જાણી ભૂપ...(૧)**
**ભૂપતિ ગુરુજન વૃદ્ધનું માન, માતાપિતાનું બહુ સન્માન,**
**અરસપરસ પર બહુ ઉપકાર, સેવા ભક્તિ કર્મ વિચાર...(૨)**

કવિ નીચેની પંક્તિઓમાં નિરૂપે છે કે પ્રજાએ પોતાની ઉન્નતિ અને સાત્ત્વિક શક્તિ પ્રાપ્ત કરવા માટે પ્રભુભક્તિ કરી ધર્માર્થે સકળ કાર્યો કરવાં જોઈએ :

**જ્ઞાન ને સેવા ભક્તિથી, પ્રજોન્નતિ વર્તાય.**
**નાસ્તિક મૂઢ પ્રજા કદી, સાત્ત્વિક શક્તિ ન પાય...(૧૬)**

જ્યાં પ્રજા જ્ઞાની હોય અને નીતિનિયમ પ્રમાણે ચાલતી હોય, દીનદુઃખીને મદદ કરતી હોય તેવા રાજ્યમાં સદા સુખશાંતિ હોય છે એમ કવિ નીચેની ચોપાઈમાં વર્ણવે છે :

**કરે પ્રવૃત્તિ ફર્જથી જન, શુદ્ધ આતમમાં રાખે મન,**
**પ્રજા એહવી જ્ઞાની જ્યાંય, શાંતિ સુખ નિવૃત્તિ ત્યાંય...(૫૫)**
**જ્ઞાની ભવ્ય પ્રજા જ્યાં એમ, વર્તે ત્યાં છે યોગને ક્ષેમ,**
**હું તું અંતરથી નહિ હોય, કર્મ કરે વ્યવહારે જોય...(૮૧)**

આ ચોપાઈમાં કવિ દર્શાવે છે કે જ્યારે રાજા અને પ્રજા બંને એક થઈ જાય છે ત્યારે ગમે તેવો પ્રબળ શત્રુ હોય તો પણ તેને હરાવી શકવા તેઓ શક્તિમાન બને છે. જેમ રવિ ઊગતાં જ અંધકારનો નાશ થાય છે તેમ રાજા-પ્રજાની ઐક્યતાને લીધે શત્રુનો કોઈ પણ દાવ ચાલી શકતો નથી.

**ભૂપ પ્રજામાં ઐક્યનો ભાવ, દુષ્ટોનો ચાલે નહીં દાવ,**
**પ્રબલ શત્રુઓ હારી જાય, રવિથી તમ વેગે વિણશાય...(૯૩)**

આ ભજનસંગ્રહ ભાગ ૧૦માં ગુરુની સ્તવના, દુન્યવી લોકોની સમજ, અલખની અવધૂત દશા, યોગનું સ્વરૂપ, અલ્લાની ઇચ્છા, શોકનિવારક ભાવના ગ્રંથ, ચેટક-ચોવીસી ગ્રંથ, સંઘ કર્તવ્ય ગ્રંથ તથા પ્રજા સમાજ કર્તવ્ય ગ્રંથ વિશે ભાવવાહી ભજનો આચાર્યશ્રીએ આલેખ્યા છે.

●●●

## ભજનપદસંગ્રહ ભાગ ૧૧

કવિ બુદ્ધિસાગરજીએ ભજનપદસંગ્રહ ભાગ ૧૧માં વિવિધ વિષયો પર ૨૦૮ ભજનો રચ્યાં છે. તેમાં પ્રભુમિલન, પ્રભુભક્તિ, વૈરાગ્ય, સત્સંગ, આત્માવિષયક, વિશ્વનું પ્રભુરૂપે દર્શન, બ્રહ્મચર્યની નવ વાડનું પાલન, મૌન, એકાંત. નય દૃષ્ટિ, પ્રભુ મહાવીરનો વિશ્વ સંદેશ વગેરે વિષયો પર ઉપદેશાત્મક ભજનોની રચના કરી છે. આ સર્વ ભજનો અધ્યાત્મજ્ઞાન, ત્યાગ, તપ અને વૈરાગ્યના રસોથી ભરપૂર છે. ભક્તજનો આ ભજનોનું અમૃતપાન કરીને અનેરો આનંદ અનુભવે છે.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં ગુરુભક્ત વકીલ મોહનલાલ હિમચંદભાઈ લખે છે,

"ગુરુશ્રીના હૃદયમાં વિશ્વના જીવોને આત્મજ્ઞાનના માર્ગ તરફ વાળવાની કેટલી બધી તીવ્રેચ્છા પ્રવૃત્તિ રહી છે તે સુજ્ઞ બંધુઓને વિચારવાથી જણાશે. આવા આત્મસમાધિ જ્ઞાનમાં રમતાં ગુરુશ્રીના ગ્રંથોથી વિદ્વાન વર્ગને ઘણું જાણવાનું મળે એમાં શી નવાઈ."

**આત્મશુદ્ધોપયોગ :**

ગુરુશ્રી આ ભજનસંગ્રહનો પ્રારંભ આત્માને અજ્ઞાનના અંધકારમાંથી જગાવવાના ભજનથી કરે છે. તેઓ મનુષ્યને મન વચન કાયાથી શુદ્ધ થઈ સત્યનો સાથ લઈ અગમપથ પર પ્રયાણ કરવા આહ્‌વાન કરે છે.

**જાગો આતમ ! અગમ પન્થમાં નિજ ઉપયોગે ચાલો,**
**મન વચન કાયાથી શુદ્ધ થૈને, સત્યાનંદમાં મ્હાલો,**
**મોરા આતમ રે દિવ્ય પ્રદેશે ચાલો, વ્હાલામાં તું વ્હાલો...(૧)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૧)

કવિ નીચેની પંક્તિમાં મોક્ષપ્રાપ્તિના ઉપાયો વર્ણવતાં કહે છે કે રાગદ્વેષ અને મોહથી યુક્ત આત્મા ચોર્યાશી લાખ જીવાયોનિમાં દુઃખી થઈ ભટકતો રહે છે. જ્યારે એને દુર્લભ માનવદેહ મળે છે ત્યારે જો આત્મા જ્ઞાનદૃષ્ટિ રાખી ક્રોધ માયા કપટ ત્યજીને સર્વ જીવ પ્રત્યે પ્રેમથી વર્તે તો એ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

**લાખ ચોરાશી જીવ યોનિ જીવ, સર્વને જ્ઞાને ખમાવો,**
**રાગ ને રોષની મોહની વૃત્તિ, છંડી નિજમાં સમાવો...(૨)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૧)

આ જગતમાં મનુષ્ય ખાલી હાથે આવ્યો છે અને ખાલી હાથે જવાનો છે. અમર આત્મા, કપડાંની જેમ દરેક ભવમાં શરીર બદલ્યા કરે છે, માટે આ શરીરનો મોહ ત્યાગીને નિર્લેપ ભાવે આત્માના ગુણો ખીલવતાં સમભાવે મૃત્યુને મહોત્સવ ગણી મનુષ્યે રહેવું જોઈએ. એમ કવિ ઉપદેશ આપે છે :

**શરીર બદલે તું તો અમર છે, નિર્ભયજ્ઞાને રહેશો,**
**મૃત્યુ તે તો મહોત્સવ સરખું, માની અલખ પદ લેશો...(૫)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૧)

**આત્માઓથી ભરપૂર વિશ્વને આત્મજ્ઞાનથી દેખ :**

આ વિશ્વમાં નાનામોટા પ્રત્યેક જીવોમાં પ્રભુ વસે છે. માટે મનુષ્યે સર્વ સાથે પ્રેમભાવથી વર્તવું જોઈએ. કર્મને આધીન જીવો અલગ અલગ યોનિમાં જન્મ લે છે અને સારા-ખરાબ સ્વભાવવાળા થાય છે. એ બધા જીવોમાં એટલે કે ઘટઘટમાં પ્રભુને નીરખવા જોઈએ. એમ કવિ નીચેની પંક્તિમાં જીવ વિશે સમજાવે છે :

**જગમાં ઘટ ઘટ આત્મા પ્રભુ છે, ઘટ ઘટ આતમ ભાળ,**
**આતમ જ્યાં ત્યાં આતમ ભાળ.**
**એકેન્દ્રિ આદિ સહુ જીવો, આતમ રૂપ નિહાળ,**
**ઘટ ઘટ આત્મ પ્રભુને નિહાળ,**
**કર્મોપાધિએ ભેદો પડિયા, કર્મોપાધિને ત્યાગ,**
**સર્વ વિશ્વમાં સર્વ જીવોને, પ્રભુ દેખી ધર રાગ...(૧)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૧૨૮)

**પ્રભુ સર્વનો :**

કવિ બુદ્ધિસાગરજી ધર્મને નામે ઝઘડતા મનુષ્યોને ઉપદેશ આપતાં વર્ણવે છે કે પ્રભુ બધાના છે અને બધા પ્રભુનાં છે એ ખ્યાલમાં રાખીને ધર્મને નામે, દેશને નામે કે જાતિ ભેદે લડ્યા વગર ક્ષણે ક્ષણે પ્રભુ સ્મરણ કરવું જોઈએ.

**પ્રભુ સર્વનો, સર્વે પ્રભુનાં, ધર્મ ભેદે કલેશો હરવા,**
**દેશાદિક ભેદે નહીં લડવું, પલ પલ પ્રભુ દિલમાં સ્મરવા...(૩)**

કવિ નીચેની પંક્તિઓમાં 'માનવી માત્ર દોષને પાત્ર' એ વાત દરેક વ્યક્તિએ લક્ષમાં રાખીને બીજા લોકો દ્વારા થતી ભૂલોને ક્ષમ્ય ગણવાની સલાહ આપે છે. તેઓ કહે છે કે આ દુનિયામાં દોષ વિનાનું કોઈ જ નથી. સર્વ જીવો કંઈક ને કંઈક ભૂલ કરે છે. બીજાની ભૂલો ક્ષમ્ય ગણી કોપાયમાન ન થવું અને પ્રેમથી વેરને જીતવું એવી પ્રભુઆજ્ઞા છે.

**ભૂલને દોષ વિનાનું કો નહીં, અન્ય જીવો પર નહીં કોપો.**
**શુદ્ધ પ્રેમથી વૈર શમે છે, પ્રભુ આજ્ઞા એ નહીં લોપો...(૫)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૧૨૮)

**મનની ઇચ્છાએ ન ચાલવાનો આત્માનો નિશ્ચય :**

મનમાં ઉત્પન્ન થતા સારા ખરાબ વિચારો અને અનુચિત ઇચ્છાઓ મનને દૂષિત કરે છે. આચાર્ય બુદ્ધિસાગરજી ચંચળ મનને શયતાન તરીકે સંબોધીને કહે છે કે તેની ભ્રામક જાળમાં તેઓ ભરમાઈ જાય તેમ નથી.

**મનડા ત્હારું કથ્યું નહીં કરવું, તું જ ઇચ્છાએ ન ફરવું,**
**હું છું આતમ જ્ઞાનાનન્દમય, જન્મ મરણથી ન્યારો,**
**તુંજ ભરમાવ્યો ભરમાઉં નહીં, તું શયતાન નઠારો...(૧૦)**

કવિશ્રી મનુષ્યને આત્મસ્વરૂપની ઝાંખી કરાવતા વર્ણવે છે કે કામ, ક્રોધ, મોહથી યુક્ત મનને ભૌતિક વસ્તુઓમાં સુખ દેખાય છે. તેની લાલસામાં ફસાઈને તે ચોર્યાશી લાખ જીવાયોનિમાં ભટક્યા કરે છે, પરંતુ સુખની પ્રાપ્તિ થતી નથી, મનની સંકલ્પ-વિકલ્પ કરવાની આદતને જોરે અંતે મનુષ્ય દુઃખી થાય છે.

**રાગ રોષ કામવાસના રૂપ મન, લાખ ચોરાશી ભમાવે,**
**જડમાં સુખની બુદ્ધિ જણાવે, લોભાદિએ લલચાવે...(૧૨)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૮૨-૮૩)

**પ્રભુભક્તિ :**

પ્રભુભક્તિમાં રંગાયેલા કવિના આ ભજનમાં પ્રભુ સ્મરણ કરતાં પ્રભુમાં અર્પાઈ જઈ પ્રભુમય બની જવાનો અદમ્ય ભક્તિભાવ તેઓ દર્શાવે છે.

**જ્ઞાનાનન્દમયી આતમપ્રભુ, તુજ રૂપ પલ પલ સ્મરું,**
**તુજમાં અર્પાઈ તુજ રૂપે, થાવા સઘળું કરું...(૮)**

પ્રભુ સ્મરણ કરવાથી પ્રભુ ઘટમાં પ્રકાશે છે. પ્રભુનું નામરૂપ આર્જવ ભાવે સ્મરવાથી આત્મા પ્રભુમય થઈ જાય છે. કોઈ માને કે ન માને, અન્ય કોઈ સાક્ષી હોય કે ન હોય, પરંતુ આત્મ સાક્ષીએ પ્રભુ સાથે તે એકાકાર થઈ જાય છે એમ કવિ નીચેની પંક્તિઓમાં નિરૂપે છે :

**પ્રભુમય વૃત્તિથી પ્રભુ સઘળે, પ્રભુ પ્રભુ ઘટ સ્મરું,**
**અન્યની સાક્ષીની નહીં ઇચ્છા, આતમ સાક્ષી કરું...(૧૮)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૮-૯)

**પ્રભુ દૂર નથી :**

મનુષ્ય પ્રભુને મેળવવા મંદિરે મંદિરે ભટકે છે, કેટલીયે જાત્રાઓ કરે છે, પરંતુ તેને પ્રભુપ્રાપ્તિ થતી નથી, પ્રભુ તો દૃષ્ટિ વડે નીરખવાથી દરેક આત્મામાં વસેલો દેખાય છે. એવું અનુભવ જ્ઞાન નીચેની પંક્તિઓ દ્વારા કવિ લોકોને આપે છે :

**આતમ પ્રભુ નથી દૂર, આતમ પ્રભુ દેખું છું હાજરાહજૂર,**
**જગમાં છે મશહૂર જયાં ત્યાં આત્મ પ્રભુ મશહૂર**
**જયાં ચૈતન્ય દેખાય છે રે, આતમ પ્રભુ ત્યાં ખાસ,**
**સર્વ જીવો સત્તા વડે રે, બ્રહ્મ છે ધર વિશ્વાસ...(૧)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૬૪)

આત્મા કર્મનો કર્તા પણ છે અને અકર્તા પણ છે. ધર્મનો આધાર આત્મા છે. આત્મા જ સર્વ શક્તિમાન છે એ તથ્ય કવિ બુદ્ધિસાગરજીએ સાત વિભક્તિમાં કળામય રીતે ગૂંથી લીધી છે. સાત વિભક્તિ આ પ્રમાણે છે : કર્તા, કર્મ, કરણ, અપાદાન, સંપ્રદાન, સંબંધ અને અધિકરણ.

**આતમ કર્તા કર્મ છે રે, આતમ કરણ વિચાર,**
**સંપ્રદાન આતમ પ્રભુ રે, અપાદાન નિર્ધાર...(૪)**
**અધિકરણ છે આતમા રે, અનંત ધર્માધાર,**
**કર્તા અકર્તા અલક્ષ્ય છે રે, સદસત્ પક્ષાધાર...(૫)**

આત્મામાં રમણતા કરવાથી આનંદની અનુભૂતિ થાય છે જે જડ પદાર્થો દ્વારા થતી નથી એમ કવિ નિરૂપે છે.

**આતમમાં આનંદ છે રે, જડમાં ન આનંદ લેશ,**
**બુદ્ધિસાગર પ્રભુ વિભુ રે, ચિદાનંદ હંમેશ...(૧૫)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૬૫)

**પ્રભુ સહાય પ્રાર્થના :**

દુર્ગુણ અને દોષોથી યુક્ત મનુષ્યને પ્રભુ જ મુશ્કેલીમાંથી ઉગારી શકે છે. પ્રભુ નિરાધારના આધાર હોવાથી ભક્તની પ્રાર્થના સાંભળીને તેને નિશ્ચય સહાય કરે છે. આ પ્રમાણે કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**પ્રભુ મને આપોઆપ ઉગારો, એક છે તારો આધારો,**
**દુર્ગુણ દોષથી પૂર્ણ ભરેલો, સર્વ થકી છું નઠારો,**
**કર્મ શયતાનના વશમાં પડ્યો છું, આશરો એક છે તારો...(૧)**

**આત્મ પ્રભુમાં કંઈ બાકી નથી :**

માનવીને આત્મામાં પ્રભુદર્શન થયા પછી બીજું કંઈ મેળવવાનું બાકી રહેતું નથી. મન સાત્ત્વિક વૃત્તિમાં પ્રવૃત્ત રહેવાને લીધે એને ધર્મભેદ, પંથભેદ કે વેશાચાર વગેરે માન્યતાથી નિસ્પૃહ થઈ જાય છે. એમ કવિ નીચેની પંક્તિઓમાં દર્શાવે છે.

**આતમ પ્રભુ દીઠા મળ્યા ન રહ્યું બાકી, સાત્ત્વિક વૃત્તિઓ પાકી,**
**જાતિને લિંગરૂપ વેશાચાર નહિ, ઘરબારી નહીં ખાખી,**
**આતમ મળ્યા પછી ધ્યાનની વૃત્તિ, પોતાની મેળે થાકી...(૧)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૮૨)

**આત્મ પ્રભુને શાબાશી :**

આત્મસત્તા પર વિજય મળ્યા પછી કવિ આ વિજય માટે નિજને શાબાશી આપે છે. આત્મા પર વિજય મળ્યા પછી માનવ કોઈ વાતે ઉદાસ રહેતો નથી. આત્મા જ સર્વ તીર્થોનું તીર્થ છે એમ કવિ આ કાવ્યમાં વર્ણવે છે.

**આતમ પ્રભુ નિજના થયા વિશ્વાસી, દે નિજને શાબાશી,**
**રહ્યા નહીં કોઈ વાતે ઉદાસી, આપોઆપ પ્રકાશી;**
**ઘટમાં કાશી મક્કા તીરથ સહુ સિદ્ધાચલ ઉલ્લાસી...(૧)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૮૨)

**મોક્ષ માર્ગમાં સાવધાનતા :**

કવિ મનુષ્ય જીવને મોક્ષ માર્ગ આગળ વધવાનો ઉપદેશ આપતાં કહે છે કે જ્યારે મનુષ્ય મોક્ષના માર્ગે પ્રયાણ કરે છે ત્યારે મોહરૂપી શયતાન માર્ગ અવરોધે છે. તેના પર કાબૂ મેળવીને આગળ વધવું જોઈએ.

**જીવલડા મોક્ષ માર્ગે સંચરો, મોહની સાથે યુદ્ધ જ કરો,**
**અનેક રૂપે લાગ જોઈને, મોહ છળે મન ધરો,**
**મોહના માર્યા મરો ન આતમ, મોહને મારી મરો...(૧)**

મોક્ષ માર્ગ એ પ્રભુપ્રાપ્તિનો માર્ગ છે. એ શૂરવીરનો માર્ગ છે. અહીં કાચાપોચાનું કામ નથી. શૂર બનીને આંતરશત્રુઓ મોહ, માયા અને ક્રોધને હરાવીને સમાધિમાં સ્થિર થવું એમ કવિ નીચેની પંક્તિઓમાં દર્શાવે છે :

**શૂર બનીને મોહની સાથે, ઉપયોગી થૈ લડો,**
**ધ્યાન સમાધિમાં સ્થિર થઈને, જ્યોતિ જ્યોતમાં ભળો...(૩)**
**કાયરથી નહીં કારજ સીજે, પાછું ન ડગલું ભરો,**
**મુક્તિ મારગ છે શૂરાનો, મૃત્યુ થકી નહીં ડરો...(૫)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૧૪-૧૫)

**દુર્લભ મોક્ષપ્રાપ્તિ :**

આચાર્ય બુદ્ધિસાગરજી મોક્ષપ્રાપ્તિના ભજનમાં ઉપદેશ આપે છે કે મોક્ષ પ્રાપ્ત કરવું એ બાળકનો ખેલ નથી. એમાં નામરૂપ મોહ છોડનારા જ પરમ પ્રભુને પામે છે. અગમ, અરૂપી અલખ આત્મા એવો છે કે તેને લેખક, વાચક, કવિ, ધનવાન, પદવીધારી કે સત્તાધારી કોઈ પકડી શકે નહિ કે પામી શકે નહિ, પરંતુ ચિદાનંદ પ્રભુની લગની લાગતાં તે આપોઆપ જ હાજર થઈ જાય છે.

વૈકુંઠ મુક્તિ વરવી રે, એ તો બાલકની નહીં વાતો,
મરજીવા કેઈ મુક્તિ પામે - મોહી લાતો ખાતો.
નામરૂપની વાસના વારે, દેહાધ્યાસ હઠાવે,
મડદા જેવા થઈ જગ જીવે, પરમ પ્રભુપદ પાવે...(૧)
ગ્રંથો લખતાં ગમ નહીં પડશે, લેખકથી ન લખાશે
વાચકથી નહીં તે વંચાશે, વકતાથી ન વખણાશે...(૨)
વ્યાકરણ કાવ્યને ન્યાય ન પહોંચે, વેદોથી પણ દૂરે,
ચિદાનંદ લગની લાગતાં આપોઆપ હજૂરે...(૫)

(ભાગ ૧૧, પૃષ્ઠ ૧૩૪-૧૩૫)

**સુખદુ:ખમાં સમસાક્ષીભાવ :**

આ ભજનમાં કવિ મનુષ્યને ઉપદેશ આપે છે કે જીવનમાં આવી પડતા સુખદુ:ખમાં હર્ષ શોક કર્યા વગર સમતા રાખી આત્મ ભાવમાં લીન રહેવું જોઈએ. કોઈ તેના વખાણ કરે કે નિંદા કરે તો તેને કર્મની ગતિ સમજીને ખુશી કે દુ:ખી થઈ જવાને બદલે આત્મામાં શાંતિ રાખી આત્માનંદમાં મગ્ન રહેવું જોઈએ. જે વ્યક્તિ રાજા કે રંગ જેવી બંને સ્થિતિમાં પ્રભુલીલા સમજીને જલકમલવત્ સંસારમાં રહે તે જ મોક્ષગામી બની શકે છે.

**સુખમાં દુ:ખમાં સાક્ષી રહો, હર્ષ ને શોકપણું નહીં લહો.**
**કોઈક પૂજે, કોઈક નિંદે, કર્મ થકી સદ્ હો.**
**ત્રીજા પુરુષની પેઠે તેમાં, આતમભાવને વહો...(૧)**
**કોઈ દિન રાજા કોઈ દિન રંક જ, કર્મનું નાટક અહો,**
**કોઈ દિન ઊંચા કોઈ દિન નીચા, કર્મની લીલા સહો...(૨)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૧૫)

**દુ:ખીઓની સેવા :**

કવિ દરેક આત્મામાં પરમાત્મા-પ્રભુનું દર્શન કરવાનું કહે છે, જ્યારે કોઈ વ્યક્તિ દુ:ખી હોય ત્યારે તેને સહાય અને હૂંફની ખાસ જરૂર હોય છે. એવા દુ:ખીઓની સેવા કરવાથી પુણ્યનું ભાથું બંધાય છે એવો ભાવ નીચેની પંક્તિઓમાં વ્યક્ત થાય છે.

**ગરીબ દુ:ખી રોગીઓની, સહાય કરો જગમાં નરનાર,**
**અનાથ બાલક મરતાંઓની, વ્હારે ચઢશો થૈ તૈયાર...(૧)**
**તન મન ધનનું અર્પણ કરીને, દુ:ખીઓની કરશો સેવા,**
**પ્રભુની ભક્તિ તેથી છે સહી, માનવ દિલમાં આતમ દેવ...(૨)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૪૩)

**બાલભાવના :**

આચાર્ય બુદ્ધિસાગરજી પ્રભુને તેમનાં માતાપિતા બની ક્ષણે ક્ષણે સંભાળ લઈ લાલનપાલન કરવા વિનંતી કરે છે,

**પ્રભુ ! હું ત્હારો એક બાલ, ક્ષણ ક્ષણ કર સંભાલ,**
**પ્રભુ તું જ બાલક હું તું જ સરખો, લાલનનો પણ લાલ,**
**શુદ્ધ પ્રેમ શ્રદ્ધાથી ત્હારો, એક છું બાલક ધાર...(૧)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૧૨૯)

**સ્વારથિયો સંસાર :**

આ દુનિયામાં સર્વ સ્વાર્થના સગા છે, દુનિયાના સર્વ સંબંધો સ્વાર્થમય થઈ ગયા છે. અહીંયાં સર્વત્ર 'ગરજ સરી કે વૈદ્યવૈરી' જેવી વૃત્તિઓ ઠેર ઠેર અનુભવવા મળે છે. લોકોની આવી સ્વાર્થથી ભરપૂર વૃત્તિઓ પર કટાક્ષ કરતી પંક્તિઓ કવિએ રચી છે.

**સઘળો સ્વારથિયો સંસાર, જ્યાં ત્યાં સ્વારથિયાં નર નાર,**
**સ્વારથ હોય તો સ્નેહને સગપણ, કરે ખુશામત પ્યાર,**
**સ્વાર્થ સર્યો કે દૂરે નાસે, સ્વાર્થે મારામાર...(૧)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૬૫)

**સર્વ દર્શન ધર્મશાસ્ત્ર સાર વીશી :**

સર્વ ધર્મશાસ્ત્રોનો સાર સમજાવતાં વીસ પદોની રચના આચાર્ય બુદ્ધિસાગરજીએ કરી છે. સર્વ ધર્મો એક જ વાત કહે છે કે રાગ, રોષ અને મોહને ત્યજીને કામનારહિત નિરાસક્ત ભાવે ઈશ્વરને ભજવા જોઈએ.

**રાગ રોષના ત્યાગમાં સર્વ કર્મનો સાર,**
**રાગ ને રોષે ધર્મ નહિ, કરશો સત્ય વિચાર...(૪)**

ક્રોધમાં વ્યક્તિ ભાન ભૂલીને દુર્જન, શત્રુ કે વૈરીનું બૂરું ઇચ્છે છે એવી મનની અઘટિત ઇચ્છાઓનો ત્યાગ કરીને દેવ-ગુરુ પ્રત્યે પ્રીત રાખવી જોઈએ એમ કવિ સર્વ ધર્મનો સાર સમજાવતાં વર્ણવે છે.

**દુર્જન શત્રુ દ્વેષીનું બૂરું કરવું ત્યાગ,**
**સત્યદેવ ગુરુ સંતનો, કરજે મનમાં રાગ...(૧૨)**

આત્મા રજોગુણ અને તમોગુણથી ભિન્ન છે. પુણ્ય અને પાપથી પણ ભિન્ન સત્ચિત્ આનંદમય છે એમ કવિ નિરૂપે છે.

**તમો રજો ગુણ સત્ત્વથી, ભિન્ન છે આતમ દેવ,**
**પુણ્ય પાપથી ભિન્ન છે, ચિદાનંદ પદ સેવ...(૧૪)**

આત્મા પંચદેહથી ભિન્ન છે. પુરુષ સ્ત્રી તિર્યંચ વગેરે ભેદોથી આત્મા ભિન્ન હોય છે. આત્મા અસંખ્ય પ્રદેશી છે માટે પોતાના આત્મામાં લીન થવું જોઈએ એમ કવિ નીચેની પંક્તિમાં આલેખે છે :

**વેદ ન જાતિ લિંગ નહિ, પંચ દેહથી ભિન્ન,**
**અસંખ્ય પ્રદેશી આતમા, થા તું નિજમાં લીન...(૧૬)**

મનમાં ઊઠતા સંકલ્પ-વિકલ્પથી અલગ આત્માને જે નિર્વિકલ્પ ભાવે અનુભવે તેને જ આત્માના બ્રહ્મસ્વરૂપની પ્રતીતિ થાય છે એમ કવિ બુદ્ધિસાગરજી આત્માનું સ્વરૂપ સમજાવતાં વર્ણવે છે.

**મન સંકલ્પ વિકલ્પથી, તું છે ન્યારો નિત્ય**
**નિર્વિકલ્પ અનુભવે, પ્રગટે બ્રહ્મ પ્રતીત....(૧૯)**

(ભાગ ૧૧, પૃષ્ઠ ૭૪-૭૫)

પ્રસ્તુત ભજનસંગ્રહ ભાગ ૧૧માં કવિના આત્માની ઉચ્ચ ભૂમિકાના દર્શન થાય છે. આ ગ્રંથનું પ્રથમ ભજન 'મોરા આતમ રે દિવ્ય પ્રદેશે ચાલો' વાંચીને આપણા આત્માને જાણે કોઈ પ્રેમથી જગાવતું હોય એવું અનુભવાય છે. આ સંગ્રહમાંનાં ભજનો વાંચીને કોઈ નાસ્તિક પણ ભાવવિભોર થઈ પ્રભુના દરબારમાં પહોંચી જાય એવું એમાં સત્ત્વ સમાયેલું છે.

આ ગ્રંથમાં મુખ્યત્વે આત્મજ્ઞાન, યોગ, ઉપદેશ અને અસાર સંસાર, ત્યાગ અને તપની ભાવનાને જગાવતાં ભજનો છે.

●●●

## ભજનસંગ્રહ ભાગ ૧૨

### (સ્તવન સંગ્રહ દેવવંદન સહિત)

કવિ બુદ્ધિસાગરજીએ ભજનો ઉપરાંત ઘણાં સ્તવનોની પણ રચના કરી છે. પ્રસ્તુત ગ્રંથમાં સ્તવનો, દેવવંદનની રીત, સ્તુતિઓ અને ચૈત્યવંદન વગેરેનો સમાવેશ થાય છે. દેવવંદન ચાતુર્માસ દરમિયાન આવતાં જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ફાગણ સુદ ચૌદશ, અષાઢ સુદ ચૌદશ વગેરે પવિત્ર દિવસોમાં સ્થાપનાચાર્ય કે ગુરુ આગળ કરવામાં આવે છે. તેમાં શ્રી ઋષભદેવના ચૈત્યવંદનથી પ્રારંભ કરીને ચોવીસ તીર્થંકરોનાં સ્તવનો, સ્તુતિઓ અને ચૈત્યવંદન વગેરે બોલવાનાં કે ગાવાનાં હોય છે. અંતમાં બૃહત્‌શાંતિ કહીને સિદ્ધાચલ, ગિરનાર, આબુ અને સમેતશિખરજીનાં સ્તવનો ગાઈને આ વિધિમાં કંઈ ત્રુટિ રહી ગઈ હોય તો તેની માફી માંગવાની એટલે કે 'મિચ્છામિ દુક્કડમ્' કહેવાનું હોય છે.

ગુરુદેવે સ્તવનોની રચના માતૃભાષામાં કરેલી હોવાથી સરળ અને મધુર છે. સ્તવન એટલે સ્તવના પ્રશંસા. સ્તવનમાં પ્રભુના ગુણોની પ્રશંસા કરવામાં આવે છે. ભક્તિ અને પ્રેમથી પ્રભુના ગુણોનું વર્ણન કરતાં ભક્ત પ્રભુમય બની જાય છે. તે પ્રભુની સંપૂર્ણ શરણાગતી સ્વીકારે છે.

ગુરુદેવ બુદ્ધિસાગરજી આ ગ્રંથમાં સ્તવન વિશે સમજાવતાં લખે છે :

"જે સ્તવનો વગેરેનો અર્થ સમજવામાં આવે અને તે ગાતાં શરીરમાં ભક્તિભાવનાં આંદોલનો પ્રગટે, તન વિકસે, આંખ વિકસે, આત્મામાં રસનાં ઝરણો પ્રગટે એવાં સ્તવનો ગાવાં અગર શબ્દો બોલતાની સાથે સહેજે અર્થ સમજાય અને હૃદયમાં ભક્તિભાવ પ્રગટ થાય એવાં સ્તવનો અને સ્તુતિઓને બોલવી જોઈએ."

આ ગ્રંથની પ્રસ્તાવનામાં શ્રી કીર્તિસાગર મહારાજ લખે છે, "આત્માના ઉપયોગ વિના ભણેલ જ્ઞાન અભિમાન ઉત્પન્ન કરે છે, અને કરેલ ક્રિયાઓ જાડ્ય (જડતા) લાવે છે, માટે કરુણાનિધિ સૂરીશ્વરજી કહે છે કે, આત્માના ઉપયોગપૂર્વક જ્ઞાનક્રિયા સેવવાથી અલ્પ સમયમાં ભવ્યો મુક્ત બને છે."

સ્તવનોની ભાષા લોકભાષા હોય છે. તેના રાગો તે સમયગાળામાં પ્રચલિત ગરબા, નાટક અને સિનેમાનાં ગીતો પરથી લેવામાં આવ્યા હોય છે અને એ સર્વ ભક્તની રુચિ પર આધાર રાખે છે. સ્તવન ગાનારનો ફક્ત પ્રેમભાવ જ નીરખવો જોઈએ. જો એ વિશે કોઈ સખત નિયમ બનાવવામાં આવે કે સંકુચિત દૃષ્ટિ રાખવામાં આવે તો ગીત ગાનારની ભક્તિભાવ કરેલી કાલી ઘેલી ભાષાનું મૃત્યુ થાય છે.

આચાર્ય બુદ્ધિસાગરજી લોકો દ્વારા ગવાતાં સ્તવનોના રાગ-રાગિણી અને ભાષા વિશે પોતાનું મંતવ્ય રજુ કરતાં કહે છે.

"ભાષા, રાજ્ય, કોમ, પ્રજા, ધર્મ વગેરે પર જો કડક નિયમ પડે છે તો તેથી તેઓનું મૃત્યુ થાય છે. સંસ્કૃત ભાષા પર ઘણા નિયમ કાયદા થયા તેથી જીવતી ભાષા રહી નહીં, તેમ સ્તવનો વગેરે પર જો હૃદયભાવ દબાવવા નિયમો પડે તો દુનિયામાંથી ઔદ્ગારિક સ્તવનોવાળી ભક્તિનો નાશ થાય એમ અનુભવીઓ જાણે છે. ભાવ પર કાયદો તે જીવતાં મૃત્યુ છે."

સ્તવનો મુખ્ય બે પ્રકારનાં હોય છે :

(૧) તીર્થંકરો એટલે કે પ્રભુ વિશેનાં સ્તવનો

(૨) તીર્થો વિશેનાં સ્તવનો.

**(૧) તીર્થંકરો :**

પ્રભુ વિશેનાં સ્તવનોમાં પ્રભુનાં માતા-પિતાનાં નામ, જન્મ સમય તથા તેમણે સહન કરેલા ઉપસર્ગો વગેરેનું આલેખન હોય છે. પ્રભુએ ઉપસર્ગ સહન કરતાં જે ઉપશમ ભાવ ધર્યો તે જ પ્રમાણે પોતે પણ મુશ્કેલીઓનો સામનો કરી શકે એવી શક્તિ અર્પવા પ્રભુને પ્રાર્થના કરેલી હોય છે. નીચેનું સ્તવન પાર્શ્વનાથ તીર્થંકરનું છે તેમાં તેમનો જન્મ સમય, માતા-પિતાનું નામ તથા તેમણે સહન કરેલા ઉપસર્ગનું દૃષ્ટાંત દ્વારા આલેખન કવિ બુદ્ધિસાગરજીએ કર્યું છે :

**અશ્વસેન તાતજી રે, વામારાણી માતજી રે,**
**તસકૂખે પ્રભુજી જાયા, પોષ દશમી દિન આવ્યા,**
**મેં બહુ આનંદ પાયા, ઊલટ આજે ઘણો રે**
**કમઠ સુરે દુઃખ દીધું રે, ધરણેન્દ્રે સુખ કીધું રે...**

(જિનેશ્વર સ્તવન)

**(૨) તીર્થો વિશેનાં સ્તવનો :**

તીર્થો વિશેનાં સ્તવનોમાં તેનું વર્ણન, તેનો મહિમા તથા તેનો જીર્ણોદ્ધાર કોણે કરાવ્યો વગેરેની માહિતી કલામય રીતે આપવામાં આવી હોય છે. તારંગા તીર્થમાં બીજા તીર્થંકર અજિતનાથજી મૂળનાયક તરીકે બિરાજે છે. એ અતિ સુંદર મંદિરનો જીર્ણોદ્ધાર કોણે ક્યારે કરાવ્યો તેની માહિતી કવિ બુદ્ધિસાગરજીએ નીચેના સ્તવનમાં આપી છે :

**તારંગા તીર્થ મઝાનું રે, આનંદ કે નિર્ધાર,**
**અજિતનાથ મહારાજનું રે, જિન મંદિર જયકાર,**
**અજિતનાથ પ્રભુ ભેટિયા રે, સુખ સંપત્તિ દાતાર...(૧)**
**કુમારપાળે કરાવીયું રે, પાછળ જીર્ણોદ્ધાર**
**સંવત સોળની સાલમાં રે શોભે સુન્દરાકાર...(૨)**

આ સ્તવન સંગ્રહમાં આચાર્ય કવિ બુદ્ધિસાગરજીએ ચોવીસ તીર્થંકરોનાં સ્તવનો અને વીસ વિહરમાન દેવનાં સ્તવનોની પણ રચના કરી છે. તેઓ ત્રીજા સંભવનાથના સ્તવનમાં

હાથીનું દૃષ્ટાંત આપીને સમજાવે છે કે દુર્જન લોકો હંમેશાં નિંદા અને ઝઘડો કરતા જ હોય છે માટે જરા પણ ડર્યા વગર હાથી જેમ મસ્ત ચાલે આગળ નીકળી જાય છે અને શ્વાન પાછળ ભસતાં રહી જાય છે તેમ સત્ય ધર્મી મનુષ્યે આગળ વધવું જોઈએ પાખંડી લોકો નિંદા કરીને અંતે થાકી જાય છે. આમ, તેઓ દુર્જન લોકો પર કટાક્ષ કરે છે.

**સંભવ જિન સ્તવન :**

**સંભવ જિનવર દેવ નિરંજન, નિશદિન તુઝ ગુણ ધ્યાન ધરું રી...**
**દુર્જન લોકો નિંદે ભાંડે તેથી મનમાંહી ન ડરું રી...(૧)**
**બૂરી અફવા ખૂબ ઉડાડે, દુર્જન લોકો બૂમ કરી રી,**
**હાથી પાછળ શ્વાન ભસતા, સૂરજ સામી ધૂળ ધરી ધરી...(૨)**

(સંવત ૧૯૬૯, જેઠ વદ ૧૦, અમદાવાદ), (ભ.સં. ભાગ ૧૨, પૃષ્ઠ ૧૬૬)

**મહાવીર સ્વામી જન્મગીત :**

આચાર્ય કવિ બુદ્ધિસાગરજી શ્રી મહાવીર સ્વામીના ગીતમાં પ્રભુના જન્મસમયનું વર્ણન કરતાં કહે છે કે સ્વર્ગ, નરક, પૃથ્વી ત્રણે ભુવનમાં આનંદની જ્યોત ઝળકી, સર્વ ઈન્દ્ર અને ઈન્દ્રાણીઓ હરખાઈ ઊઠ્યા, ઈન્દ્ર મહારાજાએ પ્રભુ વીરને મેરુ પર્વત પર સ્નાન કરાવ્યું. ત્રિશલામાતાએ પ્રભુને સોનારૂપાના પારણામાં હાલરડાં ગાઈને ઝુલાવ્યા, એમનો જન્મદિવસ ચૈત્ર સુદ તેરસ જગમાં અમર થઈ ગયો.

**આજે મહાવીર જન્મ્યા જગમાં આનંદ આપવા.**
**કોટિ ચંદ્ર સૂરજની ઝળકી જગમાં જ્યોત :**
**પ્રગટ્યો ત્રણ ભુવનમાં આનંદમય ઉદ્યોત.**
**વિરમ્યા જડવાદી પાપી પંડિત ખદ્યોત...(૧)**

(ભ.સં. ૧૨, પૃષ્ઠ ૨૧૬)

**સુવિધિનાથ સ્તવન :**

કવિ આ સ્તવનમાં પ્રભુને લબ્ધિ અર્પવાવાળા ચિદાનંદ તરીકે વર્ણવે છે. કવિ પ્રભુને ઈશાનેશ, અરિહંત, અખિલ બ્રહ્માંડના રાજા-બ્રહ્માંડેશ, અલખ, વિષ્ણુ, તમહર, દિનકર, શશીની ઉપમા આપીને તેમને લોકાલોકના ધારક કહે છે.

**સુવિધિ જિનેશ્વર સાહિબા માહ્યરો રે, ક્ષાયિક લબ્ધિ નિધાન,**
**રૂપારૂપી પરમ પ્રભુ વિભુ રે, ચિદાનંદ ભગવાન...(૧)**
**વિશ્વંભર તમહર દિનકર શશીરે, કેવલજ્ઞાનધાર**
**લોકાલોકના ધારક જ્ઞાનથી રે, લીલા અપરંપાર...(૩)**

**પ્રભુપ્રેમ દશા :**

કવિએ 'હરિગીત' છંદમાં રચેલું આ ગીત કવિ કલાપીની 'જ્યાં જ્યાં નજર મારી ઠરે'ની યાદ અપાવે છે. પ્રભુ પ્રેમરૂપી અમૃત પી-પીને આનંદથી સર્વ જગ્યાએ ફરતાં પ્રભુના ગુણો પ્રસરાવતાં શક્ય એટલો પ્રયત્ન કરતાં જ્યાં પ્રભુની વિભૂતિ હોય ત્યાં નમન કરે છે.

**જ્યાં જ્યાં વિભૂતિ આપની, ત્યાં પ્રાણ મારા પાથરું,**
**તવ નામ પીયૂષ પી ઘણું, આનંદથી હસતો ફરું.**
**તુજ નામને ગાતો ફરું, શ્રવણે સુણાવું સર્વને**
**તુજ સદ્‌ગુણો પ્રસરાવવા જે જે બને તે સૌ કરું...(૧)**

(ભજનસંગ્રહ, ભાગ ૧૨, પૃષ્ઠ ૧૬૨) (વિ.સં. ૧૯૬૮, ભાદરવા સુદ ૧૧)

**સિદ્ધાચલ તીર્થ :**

તીર્થની સ્તવના કરવાથી માનવી અસાર સંસારની મોહજાળ ભૂલી પ્રભુમય બની જાય છે. સિદ્ધાચલ તીર્થના સ્તવનમાં એને વિમલાચલ, મુક્તિરાજ, શત્રુંજય, શાશ્વતગિરિ, વગેરે અલગ અલગ નામોથી સ્તુતિ કરે છે. તીર્થનાં દર્શન કરવાથી મનની ઉદાસી દૂર થઈ આનંદની છોળો ઊછળે છે.

**મુક્તિરાજ વિજયી સદા, અજરામર સુખવાસી,**
**વિમલાચલ ને વંદતા, મટે સકલ ઉદાસી...(૩)**
**સહજાનંદ શ્રીનાથજી, વિશ્વાનંદ વખાણો**
**શત્રુંજય શાશ્વતગિરિ, ત્રણ ભુવનનો રાણો...(૪)**

(ભજનસંગ્રહ, ભાગ ૧૨, પૃષ્ઠ ૧૦૦)

**ડભોઈ લોઢણ પાર્શ્વનાથ :**

આ સ્તવનમાં કવિ નિરૂપે છે કે પ્રભુની મન, વચન અને કાયાથી ભક્તિ કરતાં ઋદ્ધિ, સિદ્ધિ, તુષ્ટિ અને પુષ્ટિ પ્રાપ્ત થતાં સર્વત્ર મંગલ થાય છે. પ્રભુ પાર્શ્વને તેઓ હરિહર, બ્રહ્મા, અલખ, નિરંજન વગેરે વિશેષણો વડે સંબોધીને પ્રભુ સર્વજનને આનંદકારી છે એમ જણાવે છે. કવિ અંતિમ કડીમાં પ્રભુ પાર્શ્વને પુરિસાદાની કહે છે. આ વિશેષણ 'પુરુષાદાનિયે' ફક્ત પાર્શ્વપ્રભુ માટે જ સંબોધવામાં આવે છે.

**મન વચન કાયાથી ભક્તિ, કરતાં મંગલકારી,**
**ઋદ્ધિ સિદ્ધિ તુષ્ટિ પુષ્ટિ, અનુભવ સુખ નિર્ધારી...(૨)**
**હરિહર, બ્રહ્મા અલખ નિરંજન, વર્તોજગ જયકારી,**
**પુરિસાદાની પુરુષોત્તમ તું, જગ જન આનંદકારી...(૩)**

ભજનસંગ્રહ ૧૨માં કવિએ ચાતુર્માસ દરમિયાન કરવામાં આવતા દેવવંદનની રીત, તીર્થંકરો, પ્રભુ અને તીર્થોનાં સ્તવનોનું આલેખન કર્યું છે.

બુદ્ધિસાગરજીના ભજનસંગ્રહ ભાગ ૧ થી ૧૨ અધ્યાત્મજ્ઞાન, વૈરાગ્ય, ત્યાગ, તપ, આત્માની ઉજાગર દશા, પ્રભુપ્રેમની ઉત્કટતા, મનના ભાવો વગેરેથી પરિપૂર્ણ છે. તેમના ભજનનું શ્રવણ કે વાંચન માત્ર કરવાથી આત્મા આહ્‌લાદક શાંતિનો અનુભવ કરે છે.

શ્રીમદ્‌નાં ભજનોમાં પ્રભુપ્રેમની ખુમારીની સાથે તેમનું ભક્ત હૃદય પ્રભુપ્રેમમાં ગળાડૂબ થઈ હિલોળા લે છે જે પ્રભુમિલનની તાલાવેલી દર્શાવે છે :

**પ્રેમીડો બતલાવો રે, કોઈ મારો પ્રેમીડો બતલાવો :**
**પ્રભુ સાગર તો તરંગ હું છું, પુરુષ પ્રકૃતિરૂપ લીન.**

(ભજનસંગ્રહ ભાગ ૮)

તેમના આત્માના ઊંડાણમાંથી નીસરતાં મસ્ત ભજનો વિશે શ્રી નાગકુમાર મકાતી પોતાનો અભિપ્રાય આપતાં લખે છે :

"શ્રીમદ્‌ને સ્વાત્માનો સાક્ષાત્કાર થયો હશે એમ એમનાં અસંખ્ય ભજનો પરથી અવબોધાય છે. ઊંચા પ્રકારની જ્ઞાનદશા અને સમાધિ સ્થિરતા એ સ્વરૂપ પ્રાપ્તિનાં આવશ્યક અંગ છે... શ્રીમદે સ્વાત્માની રોશની કદી ઝાંખી, કદી ઝગારા મારતી એમ ભાળી છે. આત્માનાં પડળો ખૂલ્યા સિવાય એમનું ભજન સાહિત્ય આટલું પ્રાણવંત ન હોત.

**"તુજ પધરામણી ભણકારા, પ્રેમી આંખોમાં તુજ ચમકારા,**
**થતા આનંદનૂર ઝગારા, ત્હારી પ્રભુ વ્હાલા"**

આજ સુધીના ભક્ત કવિઓમાં નહિ જણાયેલાં એવા બે અપૂર્વ તત્ત્વો શ્રીમદ્‌ના કવનમાં નજરે પડે છે : પ્રખર રાષ્ટ્રપ્રેમ અને ઉત્કટ નિસર્ગ પ્રેમ... આ જૈન ભક્ત કવિએ ભજન સાહિત્યમાં એટલો બધો ફાળો આપ્યો છે કે તેના સંપૂર્ણ દિગ્દર્શન માટે પુસ્તકો ભરવાં પડે."

તેમનાં ભજનોમાં સાંપ્રદાયિક તત્ત્વ નહિવત્ હોવાને લીધે એ લોકભોગ્ય બન્યું.

●●●

# (બ) વિભાગ
# બુદ્ધિસાગરજી રચિત પૂજાઓ અને ગહુંલીઓ

## (૧) જૈન ધર્મની દૃષ્ટિએ પૂજાનું સ્વરૂપ

મનુષ્યમાં જ્યારથી સમજણ આવી ત્યારથી એટલે કે અનાદિકાળથી તે ઈશ્વર, પરમાત્મા કે પ્રભુની સેવાભક્તિ અને પૂજા કરે છે. તે પોતાની માતૃભાષા કે બીજી કોઈ પણ ભાષામાં અનેક રીતે પ્રભુની ભક્તિ કરે છે. તેમાં મુખ્ય ભાવ પ્રભુ પ્રત્યેના પ્રેમનો હોય છે.

દરેક ધર્મમાં ભક્તિને પ્રભુપ્રાપ્તિનું સાધન માનવામાં આવે છે. કેટલાક લોકો પ્રભુને સાકાર માનીને ભક્તિ કરે છે, જ્યારે કેટલાક પ્રભુને નિરાકાર માનીને ભક્તિ કરે છે. સાકાર ભક્તિમાં દૂધ, જલ, ચંદન, અક્ષત, ધૂપ, દીપ વગેરે સાધનોથી પ્રભુની અંગપૂજા કરવામાં આવે છે. તે સમયે ભક્તિ-ભાવનાવાળા પ્રભુના જીવનના પ્રસંગોનું વર્ણન કરતા દુહાઓ, શ્લોકો વગેરે ગાવાથી હૃદય શુદ્ધ થાય છે જેથી જ્ઞાન પ્રગટે છે. જ્ઞાન વડે ઈશ્વર નિરાકાર છે એમ ધ્યાવતાં ભાવપૂજા થાય છે. આમ સાકાર પૂજા એ મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે. શ્રાવકો સાકાર પ્રભુની પૂજાનું આલંબન લે છે જ્યારે મુનિઓ ભાવપૂજા કરે છે.

પ્રભુભક્તિ વિવિધ પ્રકારે કરવામાં આવે છે. પૂજા એ પ્રભુભક્તિનો જ એક પ્રકાર છે જેમાં દ્રવ્ય અને ભાવનો સમન્વય જોવા મળે છે. સંગીતનાં સાધનો તબલાં, વાજાપેટી, ખંજરી, મંજીરા, દાંડિયા વગેરેનો ઉપયોગ કરીને તાલબદ્ધ રીતે અનેક રાગ-રાગણીઓ દ્વારા પ્રભુના અવર્ણનીય ગુણોનું વર્ણન કરવામાં આવે છે. આ ભાવપૂજા સાથે અક્ષત, પુષ્પ, ફળ, નૈવેદ્ય, જલ, દૂધ વગેરે શુભ દ્રવ્યો વડે પ્રભુ પ્રતિમાની પૂજા પણ કરાય છે.

મનુષ્ય પ્રભુ પ્રત્યેની તેની શ્રદ્ધા અને અહોભાવ, તેમના ગુણ ગાઈને, પ્રભુ પ્રતિમા પર અભિષેક કરીને તથા વસ્ત્ર અને દાગીના ચઢાવીને વ્યક્ત કરે છે. આ સર્વ ક્રિયા દરમિયાન તે પ્રભુમય બની જાય છે. તેના હર્ષોલ્લાસની કોઈ સીમા રહેતી નથી. ન્યાતજાતના કોઈ ભેદભાવ રહેતા નથી. તેના કાર્યની અનુમોદના સર્વ લોકો દ્વારા થાય છે.

પૂજા ભણાવવામાં શ્વેતાંબર જૈનો મુખ્ય છે. સૌ પ્રથમ સત્તરમાં સૈકામાં શ્રી સકલચંદ્ર ઉપાધ્યાયે સત્તરભેદી પૂજા રચી. ત્યાર બાદ ઉપાધ્યાય યશોવિજયજી, શ્રી જ્ઞાનવિમલસૂરિ,

શ્રી પદ્મવિજયજી, શ્રી વીરવિજયજી, શ્રી હંસવિજયજી, શ્રી રાજેન્દ્રસૂરિજી વગેરે મુનિ ભગવંતોઓએ પ્રભુજીની પૂજાઓ રચી છે. ગુરુવર્ય આચાર્ય બુદ્ધિસાગરજીએ પણ ઘણી પૂજાઓની રચના કરી છે. તેઓ પૂજા ભણાવનાર શ્રાવકોની ભાવના અંગે જણાવે છે :

"પૂજા ભણાવનારાઓએ જ્ઞાની મુનિ વગેરેની સેવાભક્તિ કરીને તેઓની પાસેથી દરેક પૂજાના અર્થ ધારવા. દરેક પૂજાના રાગને ધારવા. પૂજાને સારી પેઠે ગાતાં શીખવું. પૂજાનાં સાહિત્ય તરીકે જે જે વાજિંત્ર યોગ્ય લાગે તે વગાડતાં શીખવું. જે પૂજા ભણાવવાની હોય તેનો ભાવાર્થ પ્રથમથી સમજી લેવો. એકસરખી રીતે તાલબદ્ધ સર્વ ગાનારાઓએ ગાવું. કોઈ જાતની ગરબડ ન થવા દે, વચ્ચે આડીઅવળી વાતો ન કરે, પ્રભુ સન્મુખ દૃષ્ટિ રાખે, જે પૂજામાં જેવો ભાવ હોય તેવા પરિણામ ધારણ કરે, પ્રભુ વિતરાગના ગુણોનું બહુમાન કરે અને આનંદથી ગાય તો પૂજા ભક્તિનું વાતાવરણ એવું છવાઈ જાય કે જેથી તદ્‌હેતુ અનુષ્ઠાન અને અમૃત અનુષ્ઠાનનો આનંદરસ પ્રગટે."

ઉપરોક્ત શબ્દોમાં બુદ્ધિસાગરજી શ્રાવકોને પૂજા ભણાવતાં પહેલાં જ્ઞાનીજનો પાસેથી તેના અર્થ સમજવા માટેનું સૂચન કરે છે. પૂજામાં આવતા વિવિધ રાગ-રાગિણીની તાલીમ વાજિંત્રો સાથે લેવી જોઈએ જેથી પૂજાઓ વ્યવસ્થિત રીતે તાલબદ્ધ ગાવામાં કશી મુશ્કેલી ન પડે કે ધ્યાનભંગ ન થાય. પૂજામાં આવતા શબ્દો પ્રમાણે ભાવ ધારણ કરીને આનંદથી ગાતાં ભક્તિરસનું અણમોલ વાતાવરણ ખડું થાય છે જે સાંભળતાં પ્રભુ પ્રત્યે અનેરો ભાવ જાગે છે. ભાવભરી રીતે પૂજાઓ ભણાવતાં મનુષ્યો પોતાના સંસારનાં દુઃખો ભૂલીને સમતા ધારણ કરીને જન્માંતરનાં કર્મો હળવાં કરે છે.

આચાર્ય બુદ્ધિસાગરજીએ શ્રાવક દ્વાદશ વ્રતપૂજા, બાર ભાવનાની પૂજા, અષ્ટાદશ પાપ સ્થાનક નિવારક પૂજા, પંચાચાર પૂજા વગેરે શ્રાવકના વિવિધ આચારો વિશે પૂજાઓ રચી છે. આવી વિવિધ પૂજાઓ દ્વારા શ્રાવકના સંયમ જીવનને પુષ્ટિ મળે છે. શ્રાવકો પૂજાની ઢાળ અને દુહાઓ ગાતી વખતે તેને સમજીને આત્મસાત્ કરે છે. આમ આવી પૂજાઓ દ્વારા સર્વનું કલ્યાણ થાય છે.

આચાર્ય બુદ્ધિસાગરજીએ પંદર અલગ અલગ પૂજાઓ રચી છે. જેને શ્રદ્ધાપૂર્વક આત્મિક આનંદ વડે ભણાવવાથી અનેક કર્મની વર્ગણાઓનો ક્ષય થાય છે અને મનુષ્ય મોક્ષગામી બને છે. આચાર્ય બુદ્ધિસાગરજી દ્વારા વિરચિત પૂજાઓ નીચે પ્રમાણે છે :

## (૨) વિવિધ - પૂજાઓ

(૧) મંગળ પૂજા
(૨) સ્નાત્ર પૂજા
(૩) શ્રાવક દ્વાદશવ્રત પૂજા
(૪) બાર ભાવનાની પૂજા
(૫) શ્રી મહાવીર પરમેશ્વર પંચકલ્યાણક પૂજા
(૬) પંચજ્ઞાન પૂજા
(૭) અષ્ટાદશ પાપસ્થાનક નિવારક પૂજા
(૮) નવપદ પૂજા
(૯) પંચાચાર પૂજા
(૧૦) વિંશતિ સ્થાનક પદ લઘુ પૂજા
(૧૧) દશ વિધયતિ ધર્મ પૂજા
(૧૨) અષ્ટકર્મ સૂદનાર્થ અષ્ટપ્રકારી પૂજા
(૧૩) વાસ્તુક પૂજા
(૧૪) પ્રભુ મહાવીર તીર્થંકર દેવની અષ્ટપ્રકારી પૂજા
(૧૫) શ્રી ઘંટાકર્ણ મહાવીર પૂજા

**(૧) મંગળ પૂજા :**

દરેક કાર્યનો શુભારંભ થાય અને તે નિર્વિઘ્ને સંપૂર્ણ થાય તેવા આશયથી, સર્વત્ર મંગળ થાય તેવી ભાવના વડે મંગળ પૂજાની રચના આચાર્ય બુદ્ધિસાગરજીએ કરી છે. આ પૂજા સ્વતઃ મંગલરૂપ છે. આ પૂજા દ્વારા મંગળ ઇચ્છતા દરેક સંસારી જીવને વિઘ્નો દૂર થવામાં પ્રભુ સહાય મળે છે. આમાં પૂર્વાચાર્યો દ્વારા રચિત 'લોગસ્સસૂત્ર', સંતિકરં સૂત્ર, ઉવસગ્ગહરં સ્તોત્ર વગેરે મંગલ પાઠોનું પઠન કરવામાં આવે છે :

**"પરમપ્રભુ પરમાત્મા - મહાવીર જિન વર્ધમાન**
**પરબ્રહ્મ મંગલકરા, પ્રણમું શક્તિ નિધાન"**

મંગળ પૂજાનો પ્રારંભ મહાવીર સ્વામીને નમન કરીને આચાર્ય બુદ્ધિસાગરજી કરે છે. પરમપ્રભુ પરમાત્મા પ્રભુ મહાવીરને પ્રણામ કરવાથી સર્વત્ર મંગલ થાય છે, પ્રભુને પ્રસન્ન કરવાથી સર્વ દેવીઓ અને બાવન વીરો પ્રભુના ભક્તની સેવાના કાર્યમાં તત્પર રહે છે. કાર્યના પ્રારંભમાં મંગળપૂજા ગાવાથી કે સાંભળવાથી મનમાંથી ક્લેશ, ઉદ્વેગ, ભય વગેરે દૂર થતાં શાંતિનો સુખદ અનુભવ થાય છે.

આ પૂજામાં ત્રણ ઢાળ અને અંતમાં કલશ છે. પ્રથમ ઢાળમાં પાંચ પદો છે. તેમાં ચોવીસ તીર્થંકરોના નામનું સ્મરણ કરીને તેમને શુભકાર્યમાં થતાં વિઘ્નોને નિવારવાની વિનંતી કરવામાં આવે છે.

નીચેના પદમાં મલ્લિજિન, મુનિસુવ્રતસ્વામિ, પાર્શ્વપ્રભુ અને વર્ધમાન મહાવીરને મંગલ કરવા માટે પ્રાર્થવામાં આવે છે :

**મલ્લિજિન મુનિસુવ્રત નમિ, વિભુ નેમિ પાર્શ્વ શુભકારી,**
**વર્ધમાન મહાવીર મંગલકર, મંગલ કરો નિર્ધારી...(૩)**

અતીતમાં થયેલા અને ભવિષ્યમાં થવાના સહુ તીર્થંકરોનું તેમનાં સર્વ ગણધરોનું તથા પ્રભુવીરના ગૌતમ ગણધરનું પણ મંગલ કામના માટે સ્મરણ કરવામાં આવે છે. નીચેની પંક્તિમાં આચાર્ય બુદ્ધિસાગરજી કહે છે :

**ગૌતમ ગણધર મંગલ કરશો, નામ છે મંગલકારી,**
**બુદ્ધિસાગરસૂરિ વાચક મુનિ, ભક્તિ મંગલકારી...(૫)**

બીજા ઢાળમાં અઢાર પદો છે. તેમાં નવગ્રહ, દશદિક્પાલ, યક્ષદેવ, દેવી, ચોસઠ ઇન્દ્રો સર્વને ધર્મકાર્યમાં મંગળ સહાય કરવા માટે પ્રાર્થવામાં આવે છે. નીચેની પંક્તિઓમાં પ્રભુ વીર અને જયા, વિજયા આદિ દેવીઓને કલ્યાણ કરવા માટે વિનંતી કરવામાં આવે છે :

**ૐ વીરવીર મહાવીર જયવીર, સેનવીર વર્ધમાનજી,**
**જયા વિજયા ને જયંતા અપરાજિતા કરશો કલ્યાણ...(૧૫)**

ત્રીજા ઢાળમાં ચૌદ પદો છે. તેમાં ઘંટાકર્ણવીર, માણિભદ્રવીર વગેરે વીરોને જૈન શાસનની વહારે ચઢવાની વિનંતી કરવામાં આવે છે. નીચેની પંક્તિઓમાં આચાર્ય બુદ્ધિસાગરજી ઘંટાકર્ણ મહાવીરના સ્મરણથી સર્વ દુઃખ ટળે છે એમ કહીને તેમને જૈનસંઘની સહાયે આવવા માટે પ્રાર્થના કરે છે :

**ૐ હ્રીં ઘંટાકર્ણ મહાવીર, જાગંતો કલિકાલે,**
**જૈનસંઘની વ્હારે ચડતો, સ્મરણ કરે દુઃખ ટાળે...(૭)**

મંગળ પૂજાના અંતમાં બુદ્ધિસાગરજીએ કળશ રચીને પૂજા સમાપ્ત કરી છે. કળશમાં તેમણે આ પૂજાથી થતાં ફાયદાઓ વર્ણવ્યા છે. આ પૂજા ગાવાથી કીર્તિ, વિદ્યા, સિદ્ધિ, લક્ષ્મી, પુત્ર વગેરે ઇચ્છિત કાર્યની પ્રાપ્તિ થાય છે. નીચેની પંક્તિમાં ગુરુદેવે આ પૂજાથી રાજ્ય, વિદ્યા, કીર્તિ, સિદ્ધિ, લક્ષ્મી, પુત્ર વગેરેની પ્રાપ્તિ થઈ સર્વત્ર મંગલ થાય છે એમ વર્ણવે છે :

**લક્ષ્મી રાજ્ય વિદ્યા દેનારી, કીર્તિ સિદ્ધિ કરનારી,**
**પુત્રાદિક ઇચ્છિત દેનારી, પુણ્ય ધર્મ સુખકારી...(૫)**
**પેથાપુરમાં સુવિધિ જિનેશ્વર, મંદિર છે મનોહારી,**
**તાસ પસાયે મંગલપૂજા રચી જગ આનંદકારી...(૧૦)**

અંતિમ શ્લોકોમાં ગુરુદેવે તેમની હિરવિજય સૂરિથી ચાલતી પાટ પરંપરા આપી છે. આ પૂજા તેમણે વિક્રમ સંવત ૧૯૭૯માં પેથાપુરમાં સુવિધિનાથના મંદિરમાં રચી હતી.

ઉપરોક્ત પંક્તિઓમાં ગુરુદેવ જગતના લોકના હિતાર્થે મંગલપૂજા રચી છે. એમ જણાવે છે.

**(૨) સ્નાત્ર પૂજા :**

પ્રભુનો જન્મ વિશ્વજનના કલ્યાણ માટે હોય છે. તેમના જન્મ સમયે ૫૬ દિક્કુમારીઓ આવીને સૂતિકાકર્મ કરતા હોય છે. ચારે જાતિના દેવો અને ઇન્દ્રો પ્રભુને મેરુપર્વત પરના શિખર પર લઈ જઈને ભક્તિભાવપૂર્વક જન્મમહોત્સવ કરે છે.

પ્રભુની ભક્તિ અને સ્મરણથી કર્મબંધનો હળવાં થાય છે. પ્રભુનાં અનંત ગુણનું સ્મરણ કરતાં, તેમને દૂધ, જલ વગેરેના પ્રક્ષાલનથી સ્નાન કરવાની વિધિને સ્નાત્રપૂજા કહે છે. સ્નાત્રપૂજા ભણાવવાનો પ્રારંભ ક્યારથી થયો તે વિશે આ ગ્રંથની પ્રસ્તાવનામાં આચાર્ય બુદ્ધિસાગરજી લખે છે :

"ગુજરાતમાં પ્લેગાદિ રોગો ચાલતા હતા ત્યારથી, રોગ-શોક નિવારણ અર્થે અને શાંતિ માટે આ સ્નાન-પૂજા ભણાવવામાં આવતી તે હજુ પણ ઘણાં ગામોમાં દરરોજ અને બેસતે મહિને આ પૂજા ભણાવવામાં આવે છે. આ સ્નાત્રનો સાર ગ્રહણ કરી વિશ્વના મનુષ્યો ભક્તિ કરી મહાવીર પ્રભુનું સ્મરણ અને નિદિધ્યાસન કરી ભક્તિ સેવા અને ભાવના વડે કર્મબંધનો તોડવા યથાશક્તિ પ્રવૃત્તિ કરે તે હેતુએ આ ગ્રંથની રચના થઈ છે."

સંવત ૧૯૭૭માં સાણંદ ગામના ચાતુર્માસ દરમિયાન શ્રી મહાવીર સ્વામીનું સ્નાત્ર ગુરુ બુદ્ધિસાગરજીએ રચ્યું. એ પહેલાં સ્નાત્રપૂજામાં મોટે ભાગે સોળમાં તીર્થંકર શાંતિનાથનું સ્નાત્ર ભણાવાતું હતું. ગુરુશ્રીની ભાવના મહાવીર પ્રભુનું નામ વિશ્વમાં સર્વત્ર પ્રસિદ્ધિ પામે એ હેતુથી આ સ્નાત્ર પૂજાની રચના કરી. આ સ્નાત્ર જિન પ્રતિમાની સન્મુખ વિધિસહિત ભણાવવાનું હોય છે. પ્રભુની પ્રતિમા અને સિદ્ધચક્રજીને સિંહાસન પર પધરાવીને અષ્ટ પ્રકારે પૂજા ભક્તિ, સ્નાત્રપૂજા અને બીજી પૂજાઓ કરવામાં આવે છે. પૂજા ભણાવનારાઓએ નાહી ધોઈને પવિત્ર વસ્ત્રો ધારણ કરીને શુદ્ધ દ્રવ્યો વડે પ્રભુ પ્રતિમાની સન્મુખ સ્નાત્ર ભણાવવું જેથી સર્વત્ર શાંતિ ફેલાય.

**સ્નાત્ર પૂજાની વિધિ :**

ત્રણ બાજોઠ પર સિંહાસનમાં પ્રભુજી અને સિદ્ધચક્રજીને રૂપાનાણું મૂકીને પધરાવવામાં આવે છે. એક પાટલા પર ચોખાના બે સ્વસ્તિક બનાવીને પંચામૃત ભરેલાં બે કળશની સ્થાપના કરવામાં આવે છે. કેસર, ફૂલ અને ચોખાને એક નાની થાળીમાં ભેગાં કરીને જ્યાં 'કુસુમાંજલિ મેલો'ના શબ્દ આવે ત્યાં પ્રભુના અંગ પર પુષ્પ ચઢાવવાના હોય છે. જે સાત વખત દુહો બોલતી વખતે અર્પણ કરવામાં આવે છે.

શ્રી બુદ્ધિસાગરજી વિરચિત સ્નાત્ર પૂજાનો આરંભ મહાવીર સ્વામિને પ્રણામ કરતાં દુહાથી થાય છે.

**સર્વાતિશયે શોભતા, પ્રભુ મહાવીર જિનેશ,**
**શાસન નાયક જગપતિ, પ્રણમું હું વિશ્વેશ...(૧)**

ગુરુજી પ્રસ્તુત દુહામાં ચોવીસમા તીર્થંકર સ્વામીને જૈન શાસનના નાયક, જગપતિ, વિશ્વેશ વગેરે વિશેષણોથી વર્ણવીને તેમને પ્રણામ કરે છે.

સ્નાત્ર પૂજામાં પ્રથમ ઋષભદેવ, શાંતિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને મહાવીર સ્વામીએ પાંચ તીર્થંકરોના અલગ દુહાઓ અને ઢાળ ગાઈને જિન પ્રતિમાને અભિષેક, અંગલૂછણા કર્યા પછી પુષ્પ અર્પણ કરવામાં આવે છે :

**દુહો**

**ક્ષાયિક નવ લબ્ધિ પ્રભુ શાંતિનાથ જગદેવ,**
**દ્રવ્ય ભાવથી શાંતિને, પામો કરીને સેવ...(૨)**

**ઢાળ**

**સહજાનન્દ સ્વભાવે શાંતિ,**
**કેવલજ્ઞાનની શોભે કાંતિ,**
**ટાળે સર્વ જીવોની ભ્રાંતિ,**
**આપે તન્મય થાતાં ક્ષાંતિ,**
**ચોસઠ ઈન્દ્રો સારે સેવા**
**પૂજું પ્રણમું શાંતિ દેવા.**

ઉપરોક્ત દુહો અને ઢાળ ગાઈને શ્રી શાંતિનાથ પ્રભુને અભિષેક - અંગલૂછણાં કુસુમાંજલિ કરવામાં આવે છે. પ્રસ્તુત દુહામાં કવિ સોળમા જિનેશ્વર શાંતિનાથને ક્ષાયિક નવ લબ્ધિ નિધાન કહે છે. તેમની દ્રવ્યભાવથી પૂજા કરવાથી સર્વ જીવોને શાંતિ પ્રાપ્ત થાય છે. જેની સેવામાં હર સમય ૬૪ ઈન્દ્રો પણ રહે છે એવા શાંતિપ્રભુને પ્રણામ કરીને શાંતિ અર્પવા પ્રાર્થના કરવામાં આવે છે.

આ જ પ્રમાણે ઋષભદેવ, નેમિનાથ, પાર્શ્વનાથ, મહાવીર સ્વામી, ચોવીસ જિનેશ્વર તથા અતીત, અનાગત વર્તમાનમાં થયેલા અને વિહરમાન જિનો જે ઉત્કૃષ્ટા કહેવાય છે એ સર્વને વંદના, અભિષેક અંગ અંગલૂછણાં કરીને કુસુમની અંજલિ અર્પવામાં આવે છે.

ત્યાર બાદ મહાવીર સ્વામીના મુખ્ય આગલા ભવોનું વર્ણન અને માતા ત્રિશલાને આવેલ ચૌદ સ્વપ્નાંનો ઢાળ ગાવામાં આવે છે.

ત્યાંથી ચ્યવીને દક્ષિણ ભરતે, ક્ષત્રિકુંડ પુર માંહે,
ત્રિશલારાણી કૂખમાં આવ્યા. જ્ઞાતકુલે ઉત્સાહે
ત્રિશલામાતા સ્વપ્નો દેખી, આનંદ અતિશય પાવે,
ભારતને ઉદ્ધારવા પ્રગટ્યા પ્રભુજી શક્તિ પ્રભાવે...(૩)
હાથી,વૃષભ ને કેસરી સિંહ, લક્ષ્મી પુષ્પની માળા
ચંદ્ર રવિ ધ્વજ કલશ મનોહર, સરોવર પૂર્ણ વિમાના,
સાગર રત્નની રાશિ અગ્નિ-નિર્ધૂમ ચૌદ નિહાળે,
ચૌદ સ્વપ્નો અર્થ સુણીને, આનંદ જીવન ગાળે...(૪)

મહાવીર સ્વામીનો જીવ બધા ભવો પૂર્ણ થયા પછી અંતમાં પૃથ્વીની દક્ષિણ બાજુ આવેલા ભરતક્ષેત્રમાં ક્ષત્રિયકુંડ નગરમાં જ્ઞાતાકુળમાં માતા ત્રિશલાની કૂખમાં આવે છે. માતા તે સમયે અતિ શુભ હાથી, વૃષભ, સિંહ, લક્ષ્મી વગેરે ચૌદ સ્વપ્નાં જુએ છે.

પ્રભુના જન્મોત્સવના પ્રસંગનું વર્ણન કરતાં દુહામાં કવિ વર્ણવે છે કે તે સમયે ભારતદેશના દરેક ઘરે આનંદ મનાવ્યો. તેમના જન્મથી નારકીના જીવોને પણ આનંદ થયો. માતાને પ્રણામ કરીને ૫૬ દિક્કુમારીઓ સુતિકા કર્મ કરે છે. આઠ દિક્કુમારીઓ વાયુ હરવાના સાધન વડે કચરો કાઢે છે, આઠ દિક્કુમારીઓ ગંધોદક વડે સુગંધી જલ ભરે છે. આઠ કુમારીઓ કળશ ભરે છે, આઠ કુમારીઓ દર્પણ ધરે છે, આઠ કુમારીઓ પંખા, દીપક વગેરે દ્વારા પ્રભુની પૂજા-અર્ચના કરે છે. દિક્કુમારીઓ દ્વારા થતી આ સર્વ ક્રિયાઓ, સ્નાત્રીઓ ખૂબ હર્ષથી કરે છે. તેઓ પ્રભુજીને દીપક ધરે છે. ચામર વીંઝે છે, તેમને રાખડી બાંધે છે અને સુઘોષા નામનો ઘંટ પણ વગાડે છે. આમ, પ્રભુનો જન્મોત્સવની ઘોષણા કરે છે જે સાંભળીને ઇન્દ્ર આવીને પ્રભુને મેરુ શિખર પર લઈ જઈ અભિષેક કરે છે. તે સમયે માતા પાસે બાળક જેવું પ્રતિબિંબ સ્થાપીને જાય છે જેથી માતા પોતાના બાળને ન જુએ તો ચિંતા કરે નહિ.

પ્રભુને અભિષેક સર્વ ઇન્દ્ર મળીને કરે છે ત્યારે એક ક્ષણ માટે ઇન્દ્રને મનમાં થાય છે કે નાનું બાળક આટલા બધા અભિષેકની જલધારાથી ગભરાઈ તો ન જાય ને ? પ્રભુજી અવધિજ્ઞાન વડે ઇન્દ્રના મનની વાત સમજીને તરત જ પોતાના જમણા પગના અંગૂઠા વડે આખો મેરુ પર્વત કંપાયમાન કરે છે, જેથી મહારાજા ઇન્દ્રના મનની શંકા દૂર થાય છે. આમ, પ્રભુનો જન્મોત્સવ ઊજવીને, માતા પાસે પ્રભુને બિરાજમાન કરીને તેઓ પોતાના સ્થાને જાય છે.

સ્નાત્ર પૂજા ભણાવનારાઓ પ્રભુજીને ૩૨ ક્રોડી અને રત્ન માણેકની વૃષ્ટિના પ્રતીકરૂપ થોડા રૂપિયા ચઢાવી પ્રભુ પ્રતિમાની આરતી અને મંગલ દીવો કરીને પૂજા સમાપ્ત કરે છે.

**(૩) શ્રાવક દ્વાદશ વ્રત પૂજા :**

જૈન ધર્મમાં શ્રાવકે સ્થૂલ પ્રાણાતિપાત, અપરિગ્રહ વગેરે બાર વ્રતો અંગિકાર કરવાનો હોય છે. આચાર્ય બુદ્ધિસાગરજી શ્રાવકને સર્વ આચારનું પાલન કરી પ્રભુપૂજા કરવી જોઈએ એમ ઉપદેશ આપે છે. બાર વ્રતનું પાલન કરીને જે પૂજા-અર્ચના કરે છે એની સદ્‌ગતિ થાય છે એમ તેઓ પ્રસ્તુત પૂજામાં વર્ણવે છે.

તેઓ મહાવીર પ્રભુને નમસ્કાર કરીને શ્રાવકની બાર વ્રત પૂજાનો આરંભ કરે છે. પ્રથમ જલપૂજાના દુહામાં શ્રાવકે દેવ, ગુરુ અને ધર્મમાં સાચી શ્રદ્ધા રાખવી જોઈએ એમ વર્ણવામાં આવ્યું છે.

**(૪) બાર ભાવનાની પૂજા :**

શ્રાવકે નિત્ય બાર ભાવનાઓ હૃદયમાં ભાવવાની હોય છે. આ સર્વ ભાવનાઓના ગુણ વર્ણવતી પૂજાઓ આચાર્ય બુદ્ધિસાગરજીએ રચી છે. એમાં પૂર્વે થઈ ગયેલા મહાન જૈન શ્રાવકો અને મુનિઓનાં દૃષ્ટાંતો આપીને તેમના જેવાં થવા માટે શ્રાવકે શુભ ભાવના ભાવવી જોઈએ એમ દર્શાવ્યું છે. દરેક પૂજા સમાપ્ત થયા પછી પ્રભુજીને જલનો અભિષેક કરવામાં આવે છે.

**(૫) શ્રી મહાવીર પરમેશ્વર પંચ કલ્યાણક પૂજા :**

તીર્થંકરોના પાંચ કલ્યાણક હોય છે. (૧) ચ્યવન કલ્યાણક (૨) જન્મ કલ્યાણક (૩) દીક્ષા કલ્યાણક (૪) કેવજ્ઞાન કલ્યાણક (૫) મોક્ષ કલ્યાણક. આ પાંચે કલ્યાણકની પૂજા ભણાવવાથી આત્મા શુદ્ધબુદ્ધ બને છે. આચાર્ય બુદ્ધિસાગરજીએ આ પૂજાની રચના ગોધાવી ગામમાં મહાવીર સ્વામીના મંદિરમાં કરી હતી. આ સર્વ પાંચ પૂજાઓ પૂર્ણ થતાં પ્રભુજીને અષ્ટ પ્રકારે એટલે કે જલ, ચંદન, પુષ્પ, ધૂપ, નૈવેદ્ય, ફૂલ, અક્ષત વગેરે દ્વારા પૂજા કરવામાં આવે છે.

**(૬) પંચજ્ઞાન પૂજા**

**(૭) અષ્ટાદશ પાપસ્થાનક નિવારક પૂજા**

**(૮) નવપદ પૂજા**

**(૯) પંચાચાર પૂજા**

**(૧૦) વિંશતિ સ્થાનક પદ લઘુ પૂજા**

**(૧૧) દશ વિધયતિ ધર્મ પૂજા**

**(૧૨) અષ્ટકર્મ સૂદનાર્થ અષ્ટપ્રકારી પૂજા**

**(૧૩) વાસ્તુક પૂજા :**

આચાર્ય બુદ્ધિસાગરજીની વાસ્તુક પૂજા આજે પણ દરેક નવા ઘરના મુહૂર્તમાં ભણાવાય છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને પ્રણામ કરીને આ પૂજાનો આરંભ થાય છે. પાર્શ્વયક્ષ જે ગણપતિનું

સ્વરૂપ છે તે પાર્શ્વનાથના યક્ષદેવ છે. તે સર્વ પ્રભુને પૂજનારને ઋદ્ધિસિદ્ધિ અર્પણ કરે છે. આમાં પાંચ પૂજાઓ છે. દરેક પૂજાને અંતે પ્રભુજીની અષ્ટ પ્રકારે પૂજા કરવામાં આવે છે.

આ પૂજાની રચના સંવત ૧૯૬૦ મહા સુદ બારશના દિને વતન વિજાપુરમાં ધર્મપિતા ધર્મસહાયક શ્રદ્ધાવંત શેઠ નથુભાઈ મંછારામના નવા ઘરના મુહૂર્ત પ્રસંગે કરી હતી. પ્રથમ પૂજામાં પાર્શ્વનાથના જન્મનું સ્થાન કાશી દેશમાં સમૃદ્ધ વારાણસી નગરમાં હતું તે દર્શાવ્યું છે.

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ, ત્રેવીસમા જિનરાય,**
**ધરણેન્દ્ર પદ્માવતી પૂજે જેહના પાય...(૧)**
**પાર્શ્વયક્ષ જસ શોભતો, સેવા કરે ચિત્તલાય,**
**પુરિસાદાણી પાર્શ્વનાથ, ધ્યાતાં શિવસુખ થાય...(૨)**

પ્રભુનો જન્મોત્સવ ઇન્દ્ર અને ઇન્દ્રાણી પ્રભુજીને મેરુ શિખર પર લઈ જઈને અભિષેક કરીને મનાવે છે તેનું વર્ણન પ્રથમ પૂજામાં આચાર્યશ્રીએ કર્યું છે. તેઓ પ્રભુપૂજાથી મનુષ્યનાં રોગશોક દૂર થાય છે એવો બોધ આ પૂજામાં આપે છે.

**દ્વિતીયા પૂજા :**

આ પૂજામાં ગુરુદેવ વાસ્તુક પૂજા શુભ-અશુભ બે પ્રકારની હોય છે એમ નિર્દેશે છે. જે મહેલ કે પ્રાસાદ હિંસા અને પાપની કમાણીમાંથી ચણાય છે ત્યાં હંમેશાં દુઃખ અને અશાંતિ જ રહે છે, પરંતુ જ્યાં ન્યાય સંપન્ન નીતિની કમાણીથી ઘર કે મહેલ બન્યો હોય, જ્યાં હંમેશાં દેવ, ગુરુની ભક્તિ થતી હોય ત્યાં પાર્શ્વપ્રભુ હંમેશાં મંગલ કરે છે.

**તૃતીય પૂજા :**

આ પૂજામાં આચાર્યશ્રી પુદ્ગલ જીવના બે ભેદ દર્શાવે છે. એક જીવ શુભ કર્મ ગ્રહીને પ્રભુ પૂજા દ્વારા અષ્ટ કર્મનો નાશ કરીને અનંત સુખ પામે છે. જ્યારે બીજો જીવ અશુભ કર્મ ગ્રહીને ભવ ભ્રમણના ફેરા કરે છે. આ પૂજાના અંતમાં પ્રભુજીને નૈવેદ્યનો થાળ ધરવામાં આવે છે.

**ચતુર્થ પૂજા :**

ચતુર્થ પૂજામાં ગુરુ બુદ્ધિસાગરજી પાંચ જાતના શરીર ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ આલેખે છે. મનુષ્યનો આત્મા મોહજાળમાં લપેટાઈનું આત્માનું ખરું સ્વરૂપ વીસરી જાય છે, પરંતુ પુણ્યોદયથી સદ્ગુરુ મળતાં આત્મા સદ્બુદ્ધિ ગ્રહણ કરીને શિવસુખ પામે છે એવો બોધ આ પૂજામાં કવિ આપે છે.

**પાંચમી પૂજા :**

અંતિમ પાંચમી પૂજામાં ગુરુદેવ આત્માના શુદ્ધ ચેતન સ્વરૂપનું વર્ણન કરે છે. આત્મા જ્યારે કર્મબંધથી છૂટે છે ત્યારે તે શિવસુખનો સ્વામી બને છે એમ ઉપદેશ તેઓ આપે છે.

દરેક પૂજાને અંતે પ્રભુ પ્રતિમાની ચંદન, અક્ષત, પુષ્પ વગેરે અષ્ટ દ્રવ્યો વડે પૂજા કરવામાં આવે છે. અંતમાં કળશની રચનામાં ગુરુદેવ આ પૂજા વિજાપુર નગરમાં શેઠ નથુભાઈના ઘરના મુહૂર્ત પ્રસંગે રચી હતી તે નિર્દેશે છે. શંખેશ્વર પ્રભુની પૂજા ગાતાં નગરમાં અને સંઘમાં સર્વત્ર મંગળ થાય છે એમ તેઓ પૂજામાં કહે છે. નવા ઘરના પ્રવેશમાં આ પૂજા ભણાવવાથી રોગ-શોક નાશ પામતાં આનંદમંગળ થાય છે.

**(૧૪) પ્રભુ મહાવીર તીર્થંકર દેવની અષ્ટપ્રકારી પૂજા :**

ચોવીસમાં તીર્થંકર મહાવીર દેવની પૂજા પ્રભુ પરના અપાર પ્રેમ અને શ્રદ્ધા ધરનારા ભક્તો તેમનાં ગુણ ગાતાં ભાવથી જલ, પુષ્પ, ફૂલ, નૈવેદ્ય વગેરે આઠ દ્રવ્યોનો ઉપયોગ કરીને હર્ષોલ્લાસથી ભણાવે છે. આરંભમાં આઠ કડીવાળા દુહામાં મહાવીર પ્રભુનું શરણું સ્વીકારીને અષ્ટ પ્રકારે પ્રભુપૂજા કરવાનો નિર્ધાર કરવામાં આવે છે.

**(૧૫) શ્રી ઘંટાકર્ણ મહાવીર પૂજા :**

ગુરુદેવ બુદ્ધિસાગરજીએ તેમના ભક્તોના આગ્રહથી લોકહિતાર્થે શ્રી ઘંટાકર્ણ મહાવીરની પૂજાની રચના કરી. પૂર્વાચાર્યોએ શાસન રક્ષક વીર શ્રી ઘંટાકર્ણ મહાવીર મંત્ર કલ્પ બે-ત્રણ જાતના રચેલા છે. સમ્યક્દૃષ્ટિ વીર બાવન વીરોમાંના એક છે. તેઓ ધર્મપ્રેમી ભક્તોને સદા સહાય કરે છે.

આ પૂજામાં પ્રથમ ૧૧ દુહાઓ અને પાંચ પૂજાઓ છે. ચાર પૂજાની ઢાળમાં ૭ કડી છે. જ્યારે અંતિમ પૂજામાં ૫ કડી-યુક્ત ઢાળ છે. આમાં વીરને પુષ્પ, દીપક, નૈવેદ્ય વગેરે અર્પણ કરીને સેવકને સહાય કરવા વિનંતી કરવામાં આવી છે.

પૂજાનો આરંભ પરમાત્મા મહાવીરને પ્રણામ કરીને થાય છે. દુહાની દશમી કડીમાં ઘંટાકર્ણવીર ધર્મરાગી જનોને સંકટ પડતાં સહાય કરે છે એમ આચાર્યશ્રી નિર્દેશે છે.

**ધર્મીરાગી સમકિતીને, વીર કરતો સહાય,**
**સમ્યક્ દૃષ્ટિ ધર્મીને, સંકટ આવ્યાં જાય...(૧૦)**

**પ્રથમ ધૂપપૂજા :**

પ્રથમ પૂજામાં તેમના મહિમાનું વર્ણન છે. તેમનું સ્મરણ કરવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે. તેમનું સ્મરણ કરીને ધર્મનાં કાર્યો કરવાથી તેઓ હાજરાહજૂર રહે છે. આ પૂજાને અંતે શ્રી વીરનો રોગ-ઉપદ્રવ નાશ કરવા માટે મંત્ર બોલીને તેમની ધૂપ પૂજા કરવામાં આવે છે.

**દ્વિતીય દીપકપૂજા :**

આ પૂજામાં શ્રી વીરને સર્વ ધાર્મિક કાર્યમાં સહાય કરવા અમે સર્વત્ર શાંતિ પ્રસરાવવા માટે વિનંતી કરવામાં આવે છે.

આ પૂજા પૂર્ણ થયે મંત્ર બોલ્યા પછી શ્રી વીરની દીપક પૂજા કરાય છે.

**ત્રીજી પુષ્પપૂજા :**

આ પૂજામાં શ્રી વીરને પુષ્પમાળા અર્પણ કર્યા પછી મન ખૂબ હરખાય છે એમ ઢાળની સાત કડીઓમાં વર્ણન કરીને શ્રી વીરનો મહિમા ગાવામાં આવે છે.

**ચોથી સુખડી નૈવેદ્ય પૂજા :**

દેવ શ્રી ઘંટાકર્ણ વીરના ભક્તોના ઘરે રિદ્ધિ સિદ્ધિ, પુત્ર વગેરે મનોવાંછિત સર્વ કાર્ય થાય છે એમ વર્ણવીને તેમને નૈવેદ્યમાં સુખડી અર્પણ કરવામાં આવે છે.

**પાંચમી શ્રીફળ પૂજા :**

આ પૂજામાં શ્રી ઘંટાકર્ણ વીરને પોતાની ધર્મમાં બુદ્ધિ હંમેશાં સ્થિર રહે એવા ભાવ સાથે પૂજા ગાવામાં આવે છે. પૂજાને અંતે પ્રભુજીને શ્રીફળ અર્પણ કરવામાં આવે છે.

**કળશ :**

પાંચ પૂજાને અંતે કળશમાં આચાર્યશ્રીએ આ પૂજાની રચના વિજાપુર શહેરમાં સંવત ૧૯૭૮ના અક્ષય તૃતીયાના શુભ દિને રચી હતી એમ જણાવ્યું છે. કળશને અંતે શ્રી ઘંટાકર્ણ વીરને ફળ ચઢાવીને આરતી કરવામાં આવે છે.

ગુરુદેવ બુદ્ધિસાગરજી દ્વારા રચિત વિવિધ પૂજાઓમાં ઊર્મિઓ અને લાગણીઓનું તત્ત્વ વધારે છે. શ્રાવકો અર્થ ગ્રહણ કરીને ભાવથી પૂજા ભણાવી શકે એ હેતુથી સરળ ગુજરાતી ભાષામાં ગુરુદેવે પૂજાઓની રચના કરી છે. આ પૂજાઓ પ્રચલિત સ્તવનના રાગ પરથી, રાગ ધનાશ્રી કે રાગ આશાવરીમાં રચાઈ છે.

દરેક પૂજાનું શીર્ષક તેમના વિષયવસ્તુ પ્રમાણે છે જેમકે અષ્ટાદશ પાપસ્થાનક પૂજા, વાસ્તુક પૂજા વગેરે. આમાં તેના વિષય પ્રમાણેનાં દૃષ્ટાંતો, ઐતિહાસિક માહિતી અને ઉચ્ચ ચારિત્ર ઘડતરનું ધ્યેય તથા પ્રભુ સાથે તન્મય થવા માટેના ભાવનું નિરૂપણ હોવાથી જ્યારે સંગીતનાં સાધનો સાથે તાલ અને સૂરનો મિલાપ કરીને ગાવામાં આવે ત્યારે શ્રાવકો ભક્તિરસમાં તરબોળ થઈ પૂજાનું ધ્યેય સાર્થક કરે છે.

ગુરુદેવે શ્રાવકોને પાપથી દૂર રહેવા માટે, તે વિષયને લગતાં દૃષ્ટાંત આપી તે સર્વ ત્યજવા માટેનો ઉપદેશ પૂજાઓમાં આપ્યો છે. દા.ત., રાવણ એના અભિમાનને લીધે હારી ગયો માટે મનુષ્યે અભિમાન કરવું જોઈએ નહિ.

દરેક પૂજાને અંતે કળશની રચનામાં તે રચનારનું નામ, સ્થળનું નામ, પૂજાથી થતાં લાભ અને પૂજા ગાનાર સાંભળનાર સર્વનું મંગલ ઇચ્છીને પૂજા પૂર્ણ કરવામાં આવી છે. કળશને અંતે પ્રભુજીની આરતી અને મંગળ દીવો કરાય છે.

## (૩) ગહુંલીઓ

ગહુંલી એટલે ગેય પ્રકારની કાવ્યમય રચના તેમાં મોટે ભાગે ગુરુનો મહિમા જીવનચરિત્ર, હિતશિક્ષા વગેરે પ્રચલિત ગરબા કે ગરબીના ઢાળમાં ગાવામાં આવે છે. ગહુંલી એ જૈન કાવ્ય સાહિત્યની અનોખી રચના છે જે મોટે ભાગે ગુરુને આવકારતાં કે ગુરુ સમક્ષ વ્યાખ્યાનમાં ગવાય છે. ઉપાશ્રયમાં જ્યારે મુનિ ભગવંત વ્યાખ્યાન વાંચતા હોય છે ત્યારે ઘણી વાર ગહુંલી માટે થોડો સમય ફાળવે છે અને બહેનો મધુર કંઠે ગાય છે. તે પર્વને અનુરૂપ કે ગુરુ મહિમા જેવા વિષયયુક્ત હોય છે. ડૉ. ક્વીન શાહ ગહુંલી વિશે લખે છે, "ગહુંલીની રચનાઓ સીધી સાદી હોવા છતાં અહીં કલાત્મક અંશો વિશેષ રહેલા છે. વ્યાખ્યાન વખતે ગહુંલી ગાવાનો રિવાજ પ્રચલિત છે. સ્ત્રીઓ મધુર કંઠે ગહુંલી ગાય છે. ગહુંલી ગાવાની સાથે અક્ષત, ફળ, સુવર્ણ મુદ્રાનો ઉપયોગ કરીને બહેનો સ્વસ્તિક રચે છે."

શ્રી બુદ્ધિસાગરજીએ વૈરાગ્ય, નીતિ, ધર્માચરણ, બ્રહ્મચર્ય હિતશિક્ષા વગેરે ઘણા વિષયો પર ગહુંલીઓ રચી છે. તેમણે મહાન આચાર્યો શ્રી સ્થુલિભદ્ર, શ્રી યશોવિજયજી, શ્રી આત્મારામજી વગેરેનું જીવનચરિત્ર અને તેમના ગુણો દર્શાવતી ગહુંલીઓની રચના પણ કરી છે.

આ પુસ્તકમાં અવળીવાણી અને હરિયાળી પ્રકારનાં ગીતોનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે.

પ્રથમ ગહુંલીમાં ગુરુ રવિસાગરજીને વંદન કરીને તેમની જીવનયાત્રા સંબંધી વિગત આપી છે. તેઓ પાલી ગામના ઓસવાલ કુળના હતા. તેમણે અમદાવાદમાં દીક્ષા લીધી હતી. આ ગહુંલીની અંતિમ કડીમાં સકળ વિજાપુર ગામ તેમને વંદન કરે છે એમ દર્શાવીને સર્વ સંઘનો તેમના પ્રત્યેનો આદર દર્શાવ્યો છે.

**એવા સદ્ગુરુના ગુણ ગાવતાં, પામો લક્ષ્મી લીલ વિશાળ,**
**વિદ્યાપુર સકલ સંઘ વંદતા, બુદ્ધિસાગર મંગળ માળ...(૭)**

'અસાર દુનિયા'ના શીર્ષક હેઠળ આચાર્યશ્રીએ રચેલી ગહુંલીમાં જગતમાં જીવ 'મારું મારું' કરે છે, પરંતુ અંતે સાથે કંઈ આવતું નથી એ જ્ઞાન મનુષ્યને આપે છે. માનવી આખી જિંદગી તનતોડ પ્રયત્ન કરીને ધન એકઠું કરે છે, એ માટે કંઈ કેટલાયે કાવાદાવા કરે છે, પરંતુ એ સર્વ અહીં જ છોડીને જવું પડે છે. સાથે ફક્ત તેણે કરેલાં પાપ કે પુણ્ય જ આવે છે, એમ કવિ નીચેની પંક્તિમાં દર્શાવે છે :

ગદ્ધાવૈતરુ બહુ કરે, મોહ માયા ભરેલો,
પાપની પોઠી બાંધીને, જાય નરકે એકીલો...(૪)

**આત્મારામજી મહારાજની ગહુંલી :**

શ્રી આત્મારામજી પંજાબ દેશના લહેરા ગામના રહીશ હતા. તેઓ બાળવયેથી જ ખૂબ પ્રતિભાશાળી હતા. પ્રથમ તેમણે સ્થાનવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરી હતી, પરંતુ ગુરુ પાસેથી પ્રતિમા પૂજન બંધ કરવાનું સંતોષકારક સમાધાની ઉત્તર ન મળવાથી જૂના ગ્રંથ સંશોધન કરીને સ્વતઃ સર્વ જ્ઞાન પ્રાપ્ત કરીને મંદિરગામી શ્વેતાંબર દીક્ષા લીધી. તેમણે શાસનસેવાનાં ઘણાં જ અનુપમ અદ્વિતીય કાર્યો કર્યાં. નીચેની પંક્તિમાં ગુરુ બુદ્ધિસાગરજી તેમને વિશે માહિતી આપે છે :

**જ્ઞાન ભણ્યા વળી દેશ ફર્યા બહુ, જૂનાં શાસ્ત્ર વિલોકી રે,**
**સંશય પડિયા ગુરુને પૂછે, પ્રતિમા કેમ ઉવેખી રે...(૮)**
**ઉત્તર ન મિલ્યા જબ ગુરુજીને, જ્ઞાન કળા ઘટ જાગી રે,**
**સુમતિ સખી ઘટ આય વસી જબ, ઢુંઢ પંથ દિયા ત્યાગી રે...(૯)**

આચાર્યશ્રીએ સ્ત્રીઓને ઉત્તમ હિતશિક્ષા આપતી ગહુંલીઓની રચના પણ કરી છે. સ્ત્રીઓ નવરાશનો સમય બીજાની નિંદા અને ઈર્ષ્યા કરવામાં વિતાવતી હોય છે. આચાર્યશ્રી તેઓને સાચી શિખામણ આપતાં કહે છે કે કદી શત્રુ પર પણ દ્વેષ ન કરવો કે ખોટું આળ ન ચઢાવવું. તેઓ હરતાં ફરતાં નવકાર મંત્રનું રટણ કરવાનું સૂચન કરે છે. મન તંદુરસ્ત કરવાની સાથે તનને પણ તંદુરસ્ત રાખવા માટે સપ્રમાણ આહાર કરવાની સલાહ પણ નીચેની ગહુંલીમાં આપે છે :

**'હિતશિક્ષા'**

સુખદાયક હિતશિક્ષા સાચી સાંભળો,
ધરજો મનમાં હેત ધરી નરનાર જો.
પ્રભુ ભક્તિ શ્રદ્ધાથી સુખડાં પામશો.
હરતાં ફરતાં ગણજો મન નવકાર જો...(૧)
નિંદા ચાડી ચુગલી કરવી વાર જો,
દ્વેષ કરો નહિ શત્રુ પર તલવાર જો,
આળ ન દેવું પરના ઉપર વૈરથી,
પેટ ભરીને કરશો નહીં આહાર જો...(૨)

આચાર્ય બુદ્ધિસાગરજી કુલવંતી પતિવ્રતા સ્ત્રી કેવી હોય તેનું ઉદાહરણ આપીને સમજાવતાં કહે છે :

સમતા રાખે સહુ કારજ કરતાં થકાં,
શિક્ષા દેતાં કદી નહીં અકળાય જો.
ગંભીરતા રાખી વર્તે સંસારમાં.
એવી સ્ત્રીના સદ્‌ગુણ સર્વે ગાય જો...(૫)

ઉપરોક્ત ગહુંલીની પંક્તિમાં આચાર્યશ્રી સાત્ત્વિક પતિવ્રતા નારી વિશે કહે છે કે તે હંમેશાં ચિત્તમાં શાંતિ રાખીને સર્વ કાર્ય કરે છે. ગુસ્સાને મનમાં જ રાખીને ક્રોધિત અવસ્થામાં કોઈ પણ ઉતાવળિયો નિર્ણય લેતી નથી. ધીર, ગંભીર અને શાંત એવી કુલીન સ્ત્રીનો મહિમા સર્વ કોઈ ગાય છે.

દેવ ગુરુને ધર્મે ભક્તિ જેહની,
સંકટ આવે પતિને કરતી સહાય જો,
બુદ્ધિસાગર શિયળ પાળે પ્રેમથી,
શિયળવંતી નારી સુખડાં પાય જો...(૬)

બુદ્ધિસાગરજી પતિવ્રતા સ્ત્રી વિશે જણાવે છે કે શિયળવંતી નારી દેવ, ગુરુ અને ધર્મની ભક્તિ કરે છે. જ્યારે પતિ પર કોઈ સંકટ આવી પડે છે ત્યારે તેની પડખે ઊભી રહી દરેક કાર્યમાં સહાય કરે છે. લજ્જાળુ પ્રેમાળ એવી કુલીન સ્ત્રી પોતે તો સુખી થાય છે અને તેના શિયળના પ્રભાવથી આખો પરિવાર સુખી આનંદમય થઈ જાય છે.

લક્ષ્મીપતિઓને બોધ આપતી ચાર પંક્તિવાળી દશ કડીઓમાં બુદ્ધિસાગરજી જણાવે છે કે લક્ષ્મી, લાડી કે ગાડી કંઈ પરભવમાં સાથે આવતાં નથી. મનુષ્ય પૈસા કમાવા માટે અનેક પાપો કરે છે, પરંતુ તે લક્ષ્મી કદી સાથ આવતી નથી. લક્ષ્મી કમાવાની ધમાલમાં મનુષ્ય કદી ધર્મ પણ કરતો નથી અને અભિમાનના તોરમાં ગળાડૂબ રહે છે. લક્ષ્મી આવવાથી ધીરે ધીરે લોભ વધતો જાય છે અને સત્ય-અસત્યનો વિવેક મનુષ્ય ચૂકી જાય છે એમ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં જણાવે છે :

મરતાં લક્ષ્મી સાથ ન આવે જાણજો,
હાય હાય કરતો જાઈશ તું એક જો,
લક્ષ્મી લાલચ લોભ વધે છે સોગણો,
સત્યાસત્યનો દીલમાં કરો વિવેક જો...(૬)

આ પ્રમાણે બુદ્ધિસાગરજીએ લોકોને ઉપદેશ આપવા માટે ગહુંલીમાં વિવિધ વિષયો જેવા કે ગુરુવંદન, આત્મારામજીનું જીવન, સંસારની અસારતા, પતિવ્રતા સ્ત્રીનાં લક્ષણો, લક્ષ્મીની ચંચળતા વગેરે વિષયોનું નિરૂપણ કર્યું છે.

**ગુરુગીત ગહુંલી સંગ્રહ**

આ ગ્રંથમાં વ્યાખ્યાન સમયે મહિલાવર્ગને ગાવા માટેની ગહુંલીઓ વિવિધ રાગોમાં રચાયેલી છે. આ ગ્રંથની પ્રસ્તાવનામાં બુદ્ધિસાગરજીએ સાચા ગુરુનું સ્વરૂપ દર્શાવ્યું છે. ગુરુમાં શ્રદ્ધા અને વિશ્વાસ રાખીને શિષ્ય તેમના આશીર્વાદ દ્વારા મુશ્કેલ કાર્ય પણ સરળતાથી કરી શકે છે.

ગુરુ બુદ્ધિસાગરજીની ગહુંલીઓ સાત્ત્વિક ભાવનાથી રંગાયેલી અને સમાજસુધારણાનો સંદેશ આપતી હોવાથી એ ગાવાથી ગુરુ, પ્રભુ અને વડીલો પ્રત્યે વિનયભાવ જાગ્રત થાય છે. તેમના આશિષ મળે છે જેનાથી કાર્ય કરવાનું નવું બળ મળે છે.

આચાર્ય બુદ્ધિસાગરજી નીચેની ગહુંલીમાં આત્માને ઉદ્ધારનાર ગુરુ ભાગ્યયોગથી મળ્યા અને તેમના આધારથી શિષ્યનો ઉદ્ધાર થયો એમ નિર્દેશ કરે છે. ગુરુની મીઠી અમૃતવાણીનું પાન કરવાથી આત્મા જ્ઞાની થયો.

**ભાગ્યયોગથી ગુરુજી મળીયા, અડવડીયાં આધાર.**
**રૂપ પરખાયું, પ્રતિબોધીને, કર્યો આતમનો ઉદ્ધાર...(૬)**
**સાકર શેરડી રસ સમ મીઠી, તુજ વાણી સુખકાર,**
**સુણતાં મિથ્યાતમ ઝટ નાઠું, થયો આનંદ અપાર...(૭)**

સાચા ગુરુ અને સાચા ભક્તો વિશેનું ઉત્કૃષ્ટ આલેખન આ ગહુંલીઓમાં છે. ગુરુ મહારાજ વ્યાખ્યાન વાંચે છે ત્યારે થોડી ક્ષણો વ્યાખ્યાતા રોકાય છે તે દરમિયાન સુમધુર સ્વરે સ્ત્રીવૃંદ રાગમાં ગહુંલીઓ ગાય છે. આ પુસ્તકની ભાષા ગુજરાતી છે અને તેમાં ૨૦૦ પૃષ્ઠો છે.

●●●

# (ક) વિભાગ
# નવીન પરિબળો ઝીલતાં કાવ્યોની સમીક્ષા

## (૧) ભારત સહકાર શિક્ષણ કાવ્ય

આચાર્ય બુદ્ધિસાગરજીએ 'ભારત સહકાર શિક્ષણ કાવ્ય'ની રચના જ્યારે તેઓ સંવત ૧૯૭૪ની સાલમાં વિજાપુર ચાતુર્માસ રહ્યા હતા ત્યારે કરી હતી. વિજાપુર ગામમાં અચાનક પ્લેગ ફેલાઈ જતાં ગામના સર્વ મનુષ્યો ગામ બહાર ખેતરમાં તંબુ બાંધીને રહ્યા. ગુરુદેવ પણ કાજુમિયાંના ખેતરમાં આમ્રવૃક્ષ નીચે રહ્યા. તેમણે આંબાના ગુણ જોઈને મનુષ્ય તેમાંથી સાર-ગ્રહણ કરી શકે એ હેતુથી કાવ્ય રચવાની સ્ફુરણા થઈ. તેમણે લોકોને પ્લેગની દવા મફત મળી શકે તેવી વ્યવસ્થા કરી. તેમણે હિંદુ-મુસ્લિમ એકતાની ફક્ત વાતો નહીં કરી, પરંતુ પોતે કાજુમિયાંના ખેતરમાં રહ્યા. અહીં ગામના લોકોએ બે મહિના મુકામ કર્યો. ગુરુદેવ રોજ વ્યાખ્યાન આપતા, બધા સાથે આનંદથી સમય વ્યતીત કરતા. તે આંબા પર ચાળીસ વર્ષથી કેરીઓ આવતી ન હતી તે ગુરુકૃપાએ તેના પર આમ્રમહોર ફૂટ્યા. આ ખંડકાવ્ય છે, તેમાં ૪૭૯૪ પંક્તિઓ છે. શિક્ષણ કે કેળવણી એકબીજાના સહકારથી જ શક્ય બને માટે આ ખંડકાવ્યનું નામ 'ભારત સહકાર શિક્ષણ' રાખ્યું.

આ ખંડકાવ્યનો પ્રારંભ તેઓ મંગલાચરણથી કરે છે. ઉપકારી ગુરુને યાદ કરીને આમ્રવૃક્ષને જોઈને એને ફળ આવે એવી અભિલાષા તેમણે કરી જે ફળીભૂત થઈ.

**આમ્રકાવ્ય કરવા હૃદય, પ્રગટ્યો અતિ ઉલ્લાસ,**
**ગુરુકૃપાએ તે ફળો, પ્રગટી શુભ અભિલાષ...(૧૬)**
**આંબાની સંગત કરી દેખ્યા ગુણ જે બેશ,**
**તેનું વર્ણન કાવ્યથી, કરીશ ભાવે લેશ...(૧૭)**

કવિ ગ્રંથ મંગલ પછી જન્મભૂમિ ગુજરાતની અનેરી શોભા અને સ્થાન વિશે માહિતી આપે છે :

**ઉત્તરમાં આબુનો પહાડ, પશ્ચિમ અરબી જલધિ ખાડ,**
**પૂર્વ શામળા ચાંપાનેર, દક્ષિણ કોંકણ મુંબઈ શહેર...(૨૭)**

આંબા વગેરે વૃક્ષોને લીધે અહીંના વન સ્વર્ગના નંદનવન જેવા શોભવા લાગ્યા જેથી ગુજરાતની શોભા ખૂબ વધી ગઈ એમ કવિ નીચેની પંક્તિઓમાં આલેખે છે :

**સ્વર્ગ થકી નંદનવન અહીં, આવ્યું એવી શોભે મહી,**
**આમ્રાદિક વન શોભે સાર, જેની શોભા અપરંપાર...(૨૯)**

ગુરુદેવ બુદ્ધિસાગરજી ગોટલી, બીજ, છોડ, વૃક્ષ, પર્ણ, મૂળ, આંબામ્હોર, ફળથી નમી પડતાં વૃક્ષ વગેરેના ગુણો નીરખીને તેનો મર્મ મનુષ્યજીવન, સાધુજીવન અને રાષ્ટ્રમાં સમાવીને અર્થગાંભીર્ય ખંડકાવ્યની બેનમૂન રચના કરી છે.

**આમ્રબીજરૂપ ગોટલો તેમાં આબો :**

આંબાના ગોટલામાં એટલે કે આંબાના બીજમાં સંપૂર્ણ આમ્રવૃક્ષ સમાયેલું છે. જે પાણી, તાપ, વાયુથી છતું થતું નથી તે જ પ્રમાણે અવ્યક્ત આત્મામાં પણ બ્રહ્માંડ સમાયેલો હોય છે, જે ઘણા પ્રયત્ન વડે પ્રાકટ્ય થાય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ ગાંભીર્ય-સભર માર્મિક અર્થો ગોટલીમાં છુપાયેલા અવ્યક્ત ગર્ભમાં વેદ, વેદાંત, જૈન આગમમાં દર્શાવેલ સત્અસત્નો સમાવેશ કર્યો છે.

**હરિ ગીત**

**આંબા તણો જે ગોટલો, આંબો સમાઈ ત્યાં રહ્યો,**
**અવ્યકતમાં જેમ વ્યકત છે, બ્રહ્માંડ દૃષ્ટાંતો લહ્યો,**
**અવ્યકતમાંથી વ્યકતનું પ્રાકટ્ય સહુમાંહી દિસે,**
**એ વેદને વેદાંતની સ્યાદવાદ શ્રુતતા ઉલ્સસે...(૩૨)**

**સંયોગથી ઉત્પત્તિ :**

આમ્રવૃક્ષ ફૂલી ફાલીને ત્યારે જ મોટું થાય જ્યારે એને અનુકૂળ સંજોગો પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે કોઈ પણ કાર્યની સિદ્ધિ માટે સંયોગો તે કાર્યને અનુરૂપ હોવા જોઈએ. પંચભૂતના સંયોગથી જગત બને છે એમ કવિ નીચેની પંક્તિઓમાં દર્શાવે છે :

**સંયોગ સર્વે કાર્યમાં મળતાં જ કાર્યો થાય છે.**
**પૃથિવ્યાદિ પાંચે ભૂતનો સંયોગ જગ કહેવાય છે.**
**સંયોગ મન માન્યા મળે તો કાર્ય સિદ્ધિ ઝટ થતી,**
**સંયોગને જે મેળવે તેની જ જગ ઊંચી ગતિ...(૩૮)**

**હવા વડે જીવનશક્તિની વૃદ્ધિ :**

ચોખ્ખી હવા વિશેનું પોતાનું અનુભવ જ્ઞાન લોકોને આપતા ગુરુદેવ ચોખ્ખી હવાને રાજાના રાજ્ય કરતાં પણ ઉત્તમ કક્ષાએ મૂકે છે. તેના વડે જ માનવી પ્રફુલ્લિત અને સ્વસ્થ રહી શકે છે.

શું રાજ્ય પામ્યાથી થયું ચોખ્ખી હવા જો ના મળી,
ચોખ્ખી હવા વણ હૃદયની પ્રસન્નતાના પળ ઘડી,
ચોખ્ખી હવાની આગળે કોટિ દવા શા કામની ?
ચોખ્ખી હવા વણ શક્તિની, વાતો કરો તે નામની...(૭૩)

**આંબાના મૂળ :**

ગુરુદેવ બુદ્ધિસાગરજી રાજ્ય, સમાજ અને ધર્મે પોતાની ઉન્નતિ માટે આંબાના મૂળની જેમ ઊંડે સુધી પ્રગતિ કરવી જોઈએ એમ દર્શાવે છે. જો પ્રગતિ છીછરી કે ઉપરછલ્લી જ હોય તો ધર્મ કે રાજ્ય છિન્નભિન્ન થઈ જાય છે એમ તેઓ આમ્રવૃક્ષ નિહાળીને મનુષ્યને બોધ આપે છે. જગતમાં મજબૂત પાયાવાળી સંસ્કૃતિ જ સદીઓથી અડીખમ ઊભી છે.

મૂળો નિહાળી આમ્રનાં નિજ મુળની પુષ્ટિ કરો,
જ્યાં મૂળ મજબૂતના અરે ત્યાં મૃત્યુ ભય માથે ખરો,
મૂળો ન ઊંડા જેહમાં લાંબુ ન આયુ તેહનું
ઊંડા ધરે છે મૂળ આયુ દીર્ઘ જીવન એહનું...(૮૦)
મૂળો નહીં મજબૂત તેવી કોમ જીવતી ના રહી.
રાષ્ટ્રો ઘણા વિણસી ગયા ઈતિહાસમાં સાક્ષી રહી.
મૂળો નહીં મજબૂત તેવા ધર્મ પણ ચાલ્યા ગયા.
મૂળો ઉઘાડાં થાવતાં શુભ જીવનના સંશય થયા...(૮૨)

**પ્રાણ પુષ્ટિ :**

કવિ હૃષ્ટપુષ્ટ ચૈતન્યમય વૃક્ષને જોઈને મનુષ્યને ઉપદેશ આપે છે કે જેમ મૂળ, પાંદડાં, ડાળીઓ વગેરેથી સંપૂર્ણ વૃક્ષ ચૈતન્યમય થઈ જાય છે તેમ મનુષ્યે પણ શરીર માટે યોગ્ય પોષણયુક્ત આહારથી પ્રાણની પુષ્ટિ કરી કાર્ય કરવાની શક્તિ મેળવવી જોઈએ.

મૂળો અને પત્રાદિથી પ્રાણોની પુષ્ટિ આદરે,
સહુ અંગમાં પ્રાણાદિના સંચારથી જીવન ધરે,
ડાળાં અને પર્ણો વિશે બહુ રસ વડે શોભે ખરે,
નવીન વરસે પ્રતિદિન વધે ચૈતન્ય પ્રાણે કાલકલે...(૮૭)

**સ્કંધો અને ડાળીઓ :**

આચાર્ય બુદ્ધિસાગરજી સ્કંધો અને ડાળીઓ પરથી પણ શિક્ષણ ગ્રહવા મનુષ્યને બોધ આપે છે કે જેમ વધારે શાખાઓથી વૃક્ષ સબળ બને છે તેમ કોઈ પણ વ્યક્તિ ગંભીરતા વગેરે ગુણો ધારણ કરીને શક્તિશાળી બની શકે છે. ગુણ વગરનો મનુષ્ય શાખા-ઉપશાખા વગરના ઠૂંઠા વૃક્ષની જેમ શોભા વગરનો દેખાય છે.

**શાખા-પ્રશાખા નાશથી ઠૂંઠા સમા શોભે જનો,**
**માટે જનો શાખા પ્રશાખા ધારીને સબળા બનો,**
**શાખા પ્રશાખાથી વધે ગંભીરતા નિજ દષ્ટિની,**
**ગંભીરતા મોટાઈ ચિરંજીવતા સમષ્ટિની...(૧૦૧)**

**દાતાર આંબો !**

ગુરુદેવ આંબાને જોઈને તેની ઉદારવૃત્તિને બિરદાવે છે. કોઈ વ્યક્તિ જો તેને પથ્થર મારે તો પણ તે તેની મીઠી કેરી આપે છે. આ જગતમાં આંબાના જેવા દાનવીરો લાખોમાં કોઈક જ હોય જે ખુશી ખુશી દાન આપે. તેનું દૃષ્ટાન્ત આપતાં કહે છે કે :

**બાહ્ય તાપ પણ મનથી લીલા, જગમાંહી દાતાર**
**લાખે દાતા જન કો પાકે, આંબા સમ જીવન ધરનાર...(૧૩૫)**
**લેવું સહુને વ્હાલું લાગે, દેવું મીઠું મન દાતાર,**
**ખાનદાનતા આંબા ત્હારી, સાચી જગમાંહી જયકાર...(૧૩૬)**

આ પ્રમાણે કવિ આંબાની ખાનદાની અને ઉદારતાને જગતના મોટા દાનવીર સાથે સરખાવે છે. આંબા જેવા કોઈક જ વિરલ પુરુષ હોય છે જે પથ્થર મારનારને મીઠાં મધુરાં ફળ અર્પણ કરે.

**ઉચ્ચતા :**

કવિ બુદ્ધિસાગરજી તાડના વૃક્ષની સરખામણી આમ્રવૃક્ષની સાથે કરીને બોધ આપે છે કે મનુષ્ય જો ખૂબ પ્રગતિ કરીને તાડના વૃક્ષની જેમ અક્કડ રહે તો તેનું પરિણામ તાડના કેફી ફળ જેવું આવે છે, પરંતુ જો મનુષ્ય પ્રગતિ કરતાં કરતાં નમ્ર બને તો કેરી સમ મીઠાં ફળનો સ્વામી બને છે.

**અક્કડ ઊંચા તાડ પરે જે, કેફી ફળરસના ધરનાર,**
**કેરી સમ તે કદી ન થાવે, નીચ જનો નહિ ઉચ્ચ થનાર...(૧૪૨)**

**મંજરી મોર :**

આચાર્ય કવિ મંજરી મ્હોરને જોઈને ઉપદેશ આપે છે. પ્રથમ આંબા પર ઝીણા ઝીણા મ્હોર આવે છે એ મોટા થઈ તેમાંથી કેરી બને છે. મનુષ્યે પણ ઝીણાં મ્હોરની જેમ આળસ છોડીને કોઈ પણ કાર્યની પાછળ ખંત, ઉત્સાહ અને લગનથી પ્રવૃત્તિ કરવી જોઈએ જેથી એ કાર્ય પરિપક્વ થાય. તે વાત નીચેની પંક્તિમાં સમજાવે છે :

**કર્મ કર્યા વણ જ્ઞાન તો, કદી પક્વ ન થાતું,**
**પ્રવૃત્તિ સેવ્યા વિના, ફળ નહીં પ્રગટતું,**
**માટે પ્રવૃત્તિ આદરો, ત્યજો આળસ ભૂંડી,**
**શ્રદ્ધા, ઉત્સાહ ખંતથી ગ્રહી મંજરી રૂડી...(૨૦૫)**

કવિ બુદ્ધિસાગરજી આમ્રફળ વિશે આલેખે છે કે કેરીઓ જ્યારે કાચી હોય ત્યારે કઠણ હોય છે, પરંતુ પાક્યા પછી નરમ થાય છે તે જ પ્રમાણે મનુષ્ય પ્રથમ તો કઠોર હૃદયવાળો હોય છે, પણ જ્ઞાન, અનુભવ, વિનય, વિવેક, સહનશીલતા જેવા ગુણો પામ્યા પછી નરમ અને દયાળુ બને છે.

**કઠિન કાચી કેરીઓ, પાકા રસવણ જોય,**
**પાકી થાતાં નમ્રતા, ઢીલાશતા અવલોય...(૩૪૮)**
**જ્ઞાનકર્મથી પકવતા, અનુભવ આવે થાય,**
**આત્મા અનુભવ યોગથી, પકવ દશા સુખ થાય...(૩૫૬)**

કવિ ધર્મ વિશે સમજાવતાં લખે છે કે ધર્મ એટલે પોતાની ફરજ અને કાર્ય. આંબો પોતાની ફરજ નિભાવીને ફળે છે અને સર્વ કેરીઓનું દાન કરે છે. જે રીતે મનુષ્યે તેની પાસેથી શિક્ષા ગ્રહીને યથાર્થ દાન-પુણ્ય કરવું જોઈએ.

**આંબો ધર્મ ધરીને ફળે છે તેથી શિક્ષા સાચી મળે છે.**
**ધર્મ ધરીને વહે નિજ કાયા, સારી ધર્મ તણી એક માયા...(૩૮૫)**
**દાન ધર્મ પ્રથમ સહુ ધર્મે સમજ્યા વણ રહે જગ ભમે,**
**દાનના ભેદ લાખો હજારો, સર્વ સમજી યથાયોગ્ય ધારો...(૪૦૨)**

કવિ નીચેની પંક્તિઓમાં સંતો વિશે જણાવે છે જે રીતે કેરીઓ પરદેશમાં પૂજાય છે તે રીતે સંતો પણ ભારતની પુણ્યભૂમિમાં જન્મ લે છે પણ તેઓ પરદેશમાં પૂજાય છે.

**કેરીફલ સમ સન્ત જન પુણ્યભૂમિમાં થાય,**
**પરદેશે ફરતા રહે, અધિક અધિક પૂજાય...(૫૧૮)**
**ગુણીજનની કિંમત ઘણી, પરદેશે ઝટ હોય**
**તીર્થ માહાત્મ્ય પરદેશમાં, અધિકાંશે અવલોય...(૫૨૦)**

**ધર્મગુરુઓ અને આમ્રવૃક્ષ :**

કવિ પ્રસ્તુત ખંડકાવ્યમાં ધર્મગુરુઓને ઉપદેશ આપતાં કહે છે કે સાધુઓએ આળસ છોડીને સતત પુરુષાર્થ કરવો જોઈએ. તેમણે દેશસેવા, ધર્મરક્ષા, જીવરક્ષા કરવા હંમેશાં તત્પર રહેવું. આમ્રવૃક્ષની જેમ અપકારી પર પણ ઉપકાર કરવો અને નાનામોટા ભેદ વીસરીને પરમાત્મામય બની જીવન સાર્થક કરવું.

ભક્તો તણી રક્ષા કરે ને દેશસેવા આચરે,
રક્ષા કરે સહુ જીવની પ્રાણાદિને અર્પણ કરે,
અપકારી પર ઉપકાર કરવા અવતર્યા આંબા પરે,
જે ક્ષુદ્ર ભેદો પરિહરે પરમાત્મામય જીવન ધરે...(૬૬૪)

**લેખકો, ગાયકો અને આમ્રવૃક્ષ :**

લેખકો સારા લેખ લખીને આમ્રવૃક્ષની જેમ જગત પર છવાઈ જાય છે. તેઓ પરમાર્થને જ જીવનનું ધ્યેય બનાવીને પોતાનું જીવન કૃતાર્થ કરે છે. તે જ પ્રમાણે ઘણા ગાયકો અધ્યાત્મના અને પરમાર્થનાં ગીતો ગાઈને જન્મ સફળ કરે છે એમ કવિ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં દર્શાવે છે :

એવા સુભાષક લેખકો આંબા પરે જગ છાજતા,
ફર્જો અદા કરીને સહુ અધ્યાત્મ બળથી ગાજતા,
જન્મ્યા ભલા તે અવનીમાં પરમાર્થ સાચું ધ્યેય છે.
જન્મ્યા ભલા તે ગાયકો પરમાર્થ જેનું ગેય છે...(૭૧૮)

**નાની ગોટલીમાંથી મોટું વૃક્ષ :**

જેમ પિંડમાં સમસ્ત બ્રહ્માંડ સમાયેલું છે તે જ પ્રમાણે નાની ગોટલીમાં મોટા વૃક્ષ થવાના ગુણો છુપાયેલા હોય છે. કવિ બુદ્ધિસાગરજી આના પરથી બોધ આપે છે કે નાની વસ્તુઓને તુચ્છ સમજીને કદી તિરસ્કાર કરવો નહિ, કારણ કે તેમાં ઉદારતા વગેરે ઘણા સદ્‌ગુણો સમાયેલા હોય છે :

ન્હાના બીજોમાં વસે, વૃક્ષોના મહાસ્કંધ,
પિંડ વિષે બ્રહ્માંડ છે, સમજે નહિ મન અંધ,
ન્હાના બીજો દેખીને કરો ના તિરસ્કાર,
ન્હાનામાં મોટા વસે, બ્રહ્માંડો નિર્ધાર...(૭૪૩)

**આમ્ર વૃક્ષની બાલ્યાવસ્થા :**

તેઓ આંબાની બાલ્યાવસ્થા નીરખીને દોહરા છંદમાં શિખામણ આપે છે કે જેમ કુમળું ઝાડ જેવું વાળો તેવું વળી જાય છે તે જ રીતે બાળકમાં નાનપણથી જ સારા સંસ્કારોનું સિંચન કરવું જોઈએ, કારણ કે મોટાં બાળકોને શીખવતાં મુશ્કેલી પડે છે.

**દોહરા (છંદ)**

**આંબાથી શિક્ષણ ગ્રહો, ન્હાના બાલક વૃન્દ.**
**વાળ્યા વળશે બાલ્યમાં, હોય પછીથી મંદ,**
**સદ્‌ગુણ પંથે વાળવા પહેલાંથી નરનાર**
**કઠિન થયા પછીથી અરે પડે નહિ સંસ્કાર...(૭૭૨)**

**અનંત ગુણધારી આમ્રવૃક્ષ :**

જે વ્યક્તિ આમ્રવૃક્ષની જેમ અનંત ગુણો પ્રગટાવીને લોકોનું ભલું કરે છે તે પોતાની માતૃભૂમિ, દેશ, ધર્મ તથા કુળને દીપાવે છે, એમ કવિ નીચેની પંક્તિમાં આલેખે છે.

**માતૃભૂમિ ઉજ્જવલ કીધી, દીપાવ્યો જેણે નિજ દેશ,**
**કુળ દીપાવ્યું ધર્મ દીપાવ્યો, શોભે તેનું નામ હંમેશ...(૧૦૮૩)**

**ભારત સહકાર શિક્ષણ :**

આંબો દરેક સાથે સહકારપૂર્વક રહીને સહકાર્યનું શિક્ષણ સર્વને આપે છે. એ શિક્ષણ જો લોકો પોતાના આચરણમાં મૂકે તો ભારત દેશની સર્વ પ્રકારે ઉન્નતિ નિશ્ચિત છે એમ કવિ બુદ્ધિસાગરજી પ્રસ્તુત ખંડકાવ્યના અંતમાં જણાવે છે.

**સહકાર ભારત શિક્ષણે અધિકાર યોગે શોભતો,**
**શિક્ષણ મઝાનાં આપીને તું અન્ય શિક્ષક થોભતો,**
**તવ શિક્ષણો આચારમાં લોકો યદા મૂકે તદા**
**સર્વ પ્રકારે ઉન્નતિ ભારતતણી છે સર્વદા...(૧૧૧૮)**

'ભારત સહકાર શિક્ષણ કાવ્ય'માં આંબાનું સવિસ્તર સદષ્ટાંત વર્ણન આપીને તાદશ્ય ચિત્રો ઊભા કરી વાચકના મન પર અસર કરી જાય તેવો બોધ આપ્યો છે.

આ ખંડકાવ્યમાં તેમનું ભાષા પરનું પ્રભુત્વ, તેમની કલ્પના શક્તિ, સર્વ ધર્મ સમભાવ તથા લોકકલ્યાણની ભાવનાના આપણને દર્શન થાય છે.

આ કાવ્ય વાંચીને તે સમયના કડી પ્રાંતના સૂબા સંપતરાવ ગાયકવાડે નીચે મુજબનો અભિપ્રાય આપ્યો :

**"ભારતમાં આવા ધર્માચાર્યો વિશેષ પ્રમાણમાં પ્રગટ થવાથી જરૂર છે. દેશ, કોમ, રાજ્ય, સમાજ, ધર્મનું અસ્તિત્વ રાખવા અને તેની પ્રગતિ કરવા તેમના હૃદયમાં પ્રગતિનો ઉત્સાહ અગ્નિની પેઠે ભભૂકે છે. તેઓ અમારા દેશના, રાજ્યના, ધર્મના પ્રગતિકારક આચાર્ય છે. 'ભારત સહકાર શિક્ષણ' કાવ્યને દરેક ગુજરાતી બંધુઓએ એક વાર વાંચી જવું જેથી કર્તાનો પ્રયત્ન સફળ થાય."**

## (૨) સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય

કવિ શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ સુમધુર કલકલ ગુંજારવ કરતી નદીનું રૂપક લઈને મનુષ્યને બોધ આપતા ખંડકાવ્યની રચના કરી છે. તેમણે પોતાની અનુપમ શૈલીથી સૃષ્ટિ સૌંદર્યનું ઉત્તમ વર્ણન કર્યું છે. આ કાવ્યમાં તેમની કલ્પનાશક્તિ, વર્ણનશક્તિ, શબ્દ લાલિત્ય અને ભાષાપ્રભુત્વ ઘણાં જ ઉચ્ચ કોટિના છે. આ કાવ્યમાં ૨૫૭૪ પંક્તિઓ છે, જે ૬૪૪ કડીઓ અને ૫૮ કવ્વાલીનાં પદો મળીને થાય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ સંવત ૧૯૭૨ જેઠ સુદ એકમના દિને અમદાવાદથી વિહાર કરીને નરોડા થઈને વળાદ ગામમાં આવ્યા. ગામના ઉપાશ્રયની પાસેથી જ સાબરમતી નદી વહેતી હતી. આ સુંદર સુમધુર નયનરમ્ય દૃશ્ય જોઈને તેમને ગુણ શિક્ષણ કાવ્ય રચવાની આત્મસ્ફુરણા થઈ. આ કાવ્ય તેમણે ત્યાંથી માણસા થઈને વિજાપુર જતાં પૂર્ણ કર્યું. આ કાવ્ય સંબંધી પોતાનું વક્તવ્ય જ્યારે તેઓ વરસોડા ગામમાં એકલશ્રૃંગી આશ્રમમાં રહ્યા હતા ત્યારે લખ્યું હતું. તેમને આશ્રમ, ઘટાટોપ વૃક્ષો, શાંત નદીનો કિનારો ધ્યાન ધરવા માટે ખૂબ ગમતા. આ કાવ્ય સંબંધી વક્તવ્યમાં આચાર્ય બુદ્ધિસાગરજી લખે છે :

**સંત સાધુને પ્રભુભજનનું સ્થાન છે,**
**એકલશ્રૃંગી આશ્રમે આનંદકાર જો,**
**ધ્યાન ધર્યું પદ્માસન વાળી ધ્યેયનું**
**પૂર્ણોલ્લાસે હૃદય ઘણું ઉભરાય જો...(૪)**

આ ખંડકાવ્યની પ્રસ્તાવનામાં વરસોડાના પંડિત ભોળાનાથ શર્મા લખે છે :

"આચાર્યશ્રીએ પોતાની જ પ્રચલિત માતૃભાષામાં 'સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય' લખ્યું છે. તેમાં મંદાકાન્તા અને હરિગીત એ બે છંદો મુખ્ય છે. તેમાં નવયુગની નવી બહાર રૂપે ગુજરાતીમાં પરિમલ આપતી ગઝલો પણ દૃષ્ટિગોચર થાય છે. ગંગા નદી પર કવિ 'જગન્નાથ ભગવતીનું 'ગંગાલહરી' તરીકે પ્રસિદ્ધ ગુણસ્તુતિ કાવ્ય અને અચ્યુત પંડિત દ્વારા રચિત 'ગોદા લહરી' ગોદાવરી નદી પરનું ગુણકાવ્ય બંને, સંસ્કૃતમાં હોવાથી એકબીજાની સ્પર્ધા કરતાં જણાય. જ્યારે આ કાવ્ય ગુજરાતી ભાષામાં હોવાથી લોકભોગ્ય ગણાય."

પ્રસ્તુત ખંડકાવ્યમાં કવિએ નદીનું સ્વરૂપ, તેની શોભા અને ગુણને વિષય બનાવીને સુંદર કાવ્યો રચ્યાં છે. તેમણે વહેતી નદી, પાણીમાં થતી વધઘટ, શબ્દ ધ્વનિ, સંગમ, પ્રભાતનાં કિરણો વડે શોભાયમાન થતી નદી જે રાત્રિ દિવસ કોઈને તાબે થયા વગર વહ્યા જ કરે છે તે સર્વ ગુણને મનુષ્ય જીવન સાથે સરખાવીને બોધદાયક રચનાઓ કરી છે. જેમ કે, જળમાં રહેલા નાના બેડોળ પથ્થરોને ગોળાકાર બનાવે.

નદી નાના બેડોળ પથ્થરોને પોતાના પાણી અને રેતીની મદદથી ગોળાકાર બનાવે છે તે જ પ્રમાણે જ્ઞાની મનુષ્ય અજ્ઞાનીને શિક્ષણ આપી જ્ઞાનીજન બનાવે છે એમ કવિ નીચેની પંક્તિઓમાં દર્શાવે છે :

**જળમાં પડેલા પથ્થરોને ઘર્ષતી આકર્ષતી,**
**જડ પથ્થરો પણ ગોળ થઈ, શોભા મજાની આપતા...(૧૬)**

**વહેતી નદી :**

કવિ આ ખંડકાવ્યનો પ્રારંભ ૐ અર્હં નમઃ મંત્રથી પ્રભુને નમસ્કાર કરીને કરે છે. મધુર કલરવ કરતી ખળખળ વહેતી નદી મેઘવૃષ્ટિ ઝીલીને આગળ ને આગળ વહ્યા જ કરે છે. આ મધુર દશ્ય નીરખીને કવિ બુદ્ધિસાગરજી ઉપદેશ આપે છે કે મનુષ્યે પણ જીવનમાં આવતાં વિઘ્નોથી ડર્યા વગર પ્રગતિને પંથે આગળ વધતા જ રહેવું જોઈએ. જે કાર્ય કરો તે ઉછાંછળા થયા વગર, આવી પડતી મુશ્કેલીઓની ફરિયાદ કર્યા વગર ધ્યેય તરફ લક્ષ રાખીને આગળ વધવું જોઈએ.

**વહેતી જીણા કલરવ વડે જીલતી મેઘવૃષ્ટિ,**
**વહેતી વેગે જલપુર વડે ખેલતી ઓર સૃષ્ટિ**
**વ્હેશે જેઓ પ્રગતિ પથમાં પૂર્ણતાએ જ વ્યાપે,**
**મૌની થઈને પ્રગતિ કરતી વિશ્વને એ સુઝાડે,**
**મૌની થઈને કરણી કરવી સાધ્યની દૃષ્ટિ ધારે...(૧)**

**પાણીમાં થતી વધઘટ :**

સાબરમતી નદી વર્ષાઋતુમાં પાણીના પૂરથી ખૂબ છલકાઈ જાય છે અને પછી ઉનાળામાં પાણી સુકાઈ જતાં શુષ્ક બની જાય છે તે પરથી કવિ બોધ આપે છે કે માનવીએ ચડતી-પડતી ભોગવવી જ પડે છે માટે ચડતીમાં અભિમાનથી છકી ન જવું અને પડતી આવે ત્યારે શોક ન કરવો, કારણ કે મનુષ્યે એ સ્થિતિમાંથી પસાર થવું જ પડે છે.

**દહાડા ન સરખા કોઈના વહેતા જતા આ વિશ્વમાં,**
**ચડતી જ ત્યાં પડતી થતી પડતી જ ત્યાં ચડતી થતી,**
**જેવી અવસ્થા આવતી તેવી જ જીવો ભોગવે,**
**અભિમાન કરવો ન ઘટે એવું જ પોતે શીખવે...(૪૦)**

**નદી સાગરને મળે છે :**

રમતિયાળ નદી જ્યારે મીઠું પાણી લઈને સાગરને મળવા જાય છે ત્યારે નદી પોતાનું સર્વસ્વ છોડી સાગરમાં ભળી જઈ ખારી બને છે. અહીં કવિની કલ્પનાશક્તિનો આપણને પરિચય થાય છે. કવિ નદીને સતી સ્ત્રી સાથે સરખાવીને ઉપદેશ આપે છે કે જેને મળવા જવું હોય તેને

સર્વસ્વ અર્પણ કરવું જોઈએ. જીવ જ્યારે સદ્‌ગુરુ કે સંત જનને મળે છે ત્યારે બહિરાત્મ ભાવ ટાળીને શિવપદ સ્વીકારે છે.

**પાણી અનન્તામણ લઈ સાગરપતિ મળવા જતી,**
**જલ મિષ્ટ તેને અબ્ધિમાં ભેળી સકળ ખારું કરે,**
**તેથી શિખામણ આપતી જેને અહો મળવા જવું,**
**સ્વાર્પણ કરી સઘળું અને તદ્‌રૂપતામય થઈ જવું...(૪૯)**

**સાગરપતિનો પ્રેમ :**

પાણીના પૂરથી ધસમસતી આવતી નદીને સાગર પોતાના હાથથી પાણીની છોળો ઉછાળીને તેને સામે લેવા જાય છે એવી અતિ સુંદર કલ્પના કવિએ નીચેની પંક્તિમાં કરે છે. જ્યાં પતિ-પત્નીવચ્ચે પ્રેમ હોય ત્યાં આદર, સત્કાર-આકર્ષણ હોય છે એમ નિસર્ગ મનુષ્યને કુદરતી પ્રેમનો કાયદો શીખવે છે.

**નિજ પ્યારીના આકર્ષણે, સાગરપતિ સહામો જતો,**
**છોળો ઉછાળી હસ્તથી, બે ભેટીને ભેગાં થતાં,**
**બંને વિષે જ્યાં પ્રેમ ત્યાં સત્કારબળ આકર્ષણો,**
**શિખવાડવા આ લોકને, પતિ-પત્ની પ્રીતિ કાયદા,**
**નૈસર્ગ પ્રીતિ કાયદા ત્યાં મેળના નહિ વાયદા...(પૃષ્ઠ ૨૭)**

**આગળ વહેતી નદી :**

નદી હંમેશાં આગળ જ વહે છે. માર્ગમાં કંઈ પણ અડચણો આવે તો પણ તે પાછળ વહેતી નથી તે ઉપરથી કવિ બોધ આપે છે કે નદીની જેમ શૂરવીર મનુષ્યોએ કર્તવ્યપાલન, પ્રતિજ્ઞાપાલનમાં આગળ જ રહેવું જોઈએ. જીવનમાં આવી પડતી મુશ્કેલીથી ડર્યા વગર હિંમતથી મુકાબલો કરતાં પ્રગતિ કરવી જોઈએ. એમ શિવાજીનું દૃષ્ટાંત આપીને કવિ નીચેની પંક્તિઓમાં સમજાવે છે :

**કર્તવ્યમાં નિજ જીવનને વહેતા રહી આગળ ચલે,**
**શૂરા શિવાજી સમ બની બોલ્યું ન પાછું તે ગળે,**
**સાબર પરે તે જીવતાં જગમાં રહીને ઝગમગે,**
**કીધી પ્રતિજ્ઞા તે વહે અભિમાન અંગે રગરગે...(૧૬૬)**

**શબ્દ ધ્વનિ :**

નદી કદી પણ પોતાના શબ્દ ધ્વનિ બદલતી નથી તે પરથી કવિ બુદ્ધિસાગરજી મનુષ્યને માતૃભાષાનું મહત્ત્વ સમજાવે છે. તેઓ નિર્દેશે છે કે વિદ્વાન મનુષ્ય પણ માતૃભાષા આવડતી ન હોય તો દેશની ઉન્નતિ કરી શકતો નથી. પોતાની માતૃભાષા ત્યજનારને કવિ માતૃદ્રોહી સમ ગણે છે.

**વિદ્વાન થાતાં શું વળ્યું, જો માતૃભાષા ના વદી,**
**નિજ માતૃભાષા પ્રેમવણ દેશોન્નતિ છે નહિ કદી,**
**નિજ માતૃભાષા જે ત્યજે, તે માતૃદ્રોહી જાણવો,**
**નિજ માતૃભાષા પ્રેમને, નિશ્ચય હૃદયમાં આણવો...(૨૪૭)**

**વહેતી સાબરમતી :**

કવિ વહેતી સાબરમતીને જોઈને કુદરતની અકળ લીલાનું સ્મરણ કરે છે. કુદરતના કાયદાઓ જો માનવી પાળે તો હંમેશાં સુખી રહી શકે છે. કુદરતના પ્રેમીઓ જીવનમાં આવી પડતાં દુઃખોનો સામનો ધૈર્ય અને શાંતિથી કરે છે. એ તેમાં 'પ્રભુની ઈચ્છા' એવો ભાવ મનમાં રાખીને કુદરતના નિયમ પ્રમાણે ચાલે છે એમ ઉપદેશ કવિ નીચેની પંક્તિઓમાં આપે છે :

**સહેવું ન શીખ્યા જે જનો તે લેશ પણ શીખ્યા નહીં,**
**આઘાત બહુ જો ના સહ્યા તો શાંતતા દૂરે રહી.**
**આઘાત સહી જે મસ્ત થૈ વહેતા રહે કુદરત પણે,**
**આરોગ્ય શાંતિ લહે એવું જ સન્તો જગ ભણે...(૩૦૭)**

**કર્તવ્યપાલનનો સંદેશ :**

નદી પાસે રાત્રે કે દિવસે કોઈ પણ પોતાના કાર્યની પૂર્તિ માટે આવે છે ત્યારે તે પોતાની ફરજ બજાવવા તૈયાર જ હોય છે. પશુ, પંખી, મનુષ્ય કોઈ પણ જલપાન માટે નદી પાસે આવે છે ત્યારે તે ખુશીથી તેની તૃષા મિટાવે છે. આમ, નદી આપણને કર્તવ્યપાલનનો પ્રખર સંદેશ આપે છે. એમ કવિ નીચેની પંક્તિઓમાં આલેખે છે :

**અધિકાર નિજ કર્તવ્યમાં ન્હાના ન કો મોટા નહીં,**
**સરખા સકલ જીવો ગણી ભૂલો ન ફર્જો નિજ સહી,**
**સન્માન વા અપમાનની પરવા ન મનમાં રાખવી,**
**કર્તવ્યમાં મસ્તાન થૈ આનંદવાણી ચાખવી...(૩૧૨)**

**એક અને એક અગિયાર :**

સાબરમતીને બીજી હાથમતી નદી મળે છે અને તેથી બંનેની શક્તિ વધે છે. વિજાપુર પાસે આવેલું સંઘપુર ગામ બંને નદીઓના પ્રવાહમાં વિલીન થઈ ગયું હતું. તેનો ઉલ્લેખ કરીને કવિ બુદ્ધિસાગરજી બોધ આપે છે કે બે એકડા મળે તો એક અને એક અગિયાર થાય. તે જ પ્રમાણે સંઘ, સમાજ અને ન્યાત ભેગા મળે તો શક્તિશાળી સમાજ બને છે એવો સમાજ કોઈ પણ મુશ્કેલ કાર્ય કરવા શક્તિમાન થાય છે.

**જો સંઘપુર તાણ્યું અહો ભેગી મળીને પાણીથી,**
**ઓગણીસ પચ્ચીસ સાલમાં, સમજાય સમજુ વાણીથી,**
**દૃષ્ટાંત એવું જાણીને ભેગાં મળો સ્વાર્પણ કરી,**
**મમતા અહંતાને ત્યજી મહાસંઘ શક્તિ આદરી...(૩૩૯)**

**પ્રભાતે પૂજા :**

પ્રભાતમાં જ્યારે સૂર્ય લાલાશ પડતો કંકુવર્ણો હોય છે ત્યારે તેના સોનેરી લાલી વિખેરતાં કિરણો પાણી પર પડતાં સાબરમતીની શોભા અવર્ણનીય બની જાય છે. જાણે કંકુવરણાં કિરણો એની પૂજા કરતાં હોય એવું લાગે છે.

**પરભાતમાં પૂજે રવિ કુંકુંમકિરણોએ ત્હને,**
**પૂજાય ત્યાં આશ્ચર્ય શું ? પરમાર્થની મૂર્તિ બને.**
**કુંકુમ કિરણ તવ જલ વિશે પડતાં જ શોભા બહુ થતી,**
**પરમાર્થ દેવીની અહો જાણે જ કરતાં આરતી !...(૩૧૫)**

**યુદ્ધના મહારથી જેવી નદી :**

જે રીતે ગ્રહણ વખતે સૂર્ય કે ચંદ્ર ઢંકાઈ જાય છે અને ગ્રહણ પૂર્ણ થતાં જ ફરી પ્રકાશે છે, તે જ પ્રમાણે મનુષ્યે પોતાના પર આવેલી આપત્તિ દૂર થઈ જ જશે એમ સમજીને પ્રગતિ પથ પર પ્રયાણ ચાલુ રાખવું. નદી પર ગ્રહણની અસર વધુ થતી નથી, કારણ કે તે યુદ્ધના મહારથીની જેમ આગળ નીકળી જાય છે. નદીના આ ગુણ દ્વારા કવિ બુદ્ધિસાગરજી મનુષ્યને બોધ આપે છે કે જીવનમાં આવી પડેલું સંકટ હંમેશાં દૂર થાય જ છે માટે ધીરજથી દરેક કાર્ય કરવું.

**ભાનુ, શશી સમ મોટકાં જ્યારે ગ્રહાતા ગ્રહણથી,**
**ત્હોં યે ગ્રહાતી તું નહીં જેવો જ યુદ્ધે મહારાથી,**
**અંધારીયામાં તું ગ્રહાતી તમ થકી છૂટે નહીં,**
**મોટાઓની એવી દશા ન્હાનાનું પુછો શું અહીં...(૩૨૨)**

**આલસ્યથી પ્રગતિ નહિ :**

નદી હંમેશાં વહેતી જ રહે છે એ તેનો મોટામાં મોટો સદ્‌ગુણ છે. કવિ બુદ્ધિસાગરજી નદીનો સદ્‌ગુણ સમજાવતાં કહે છે કે નદી આળસ કર્યા વગર પોતાનું આગળ વહેવાનું કાર્ય કરતી જ જાય છે એ જ રીતે મનુષ્યે પણ કદી આળસ કરવી ન જોઈએ. આળસુ માણસ પ્રગતિ કરી શકતો નથી. તે દેશની કે સમાજની ઉન્નતિમાં પોતાનો ફાળો આપી શકતો નથી.

**આલસ્યથી પ્રગતિ થતી નહિ કોઈની જગ જાણવી,**
**બુદ્ધિ બગડતી તે થકી, શ્રદ્ધા સદા મન આણવી,**
**બરબાદ બહુ થૈ દેશની આલસ્યની સેવા કરે,**
**આલસ્ય ત્યાં દેશોન્નતિ ધર્મોન્નતિ કંઈ ના ખરે...(૩૪૨)**

આળસ વિશે ઉપદેશ આપતાં કવિ વર્ણવે છે કે આળસને લીધે મનુષ્યમાં કાર્ય કરવાની પ્રગટેલી શક્તિઓ પણ વણસી જાય છે. આળસુ જન સદ્‌ભાગી હોય તો પણ તેને તેનું ભાગ્ય સાથ નથી આપતું. માટે મનુષ્યે આળસ કદી કરવી નહીં.

**આલસ્યથી સહુ શક્તિઓ પ્રકટ્યા છતાં વિણશી જતી.**
**આલસ્ય જ્યાં ઇચ્છાય ત્યાં તો જાણવું બહુ દુર્મતિ,**
**આલસ્ય મોટું ઝેર પણ મીઠું જ જેને લાગતું,**
**સદ્‌ભાગ્ય તેનું હોય ત્હોંયે થાય અંતે ભાગતું... (૩૪૩)**

ઉપરોક્ત ખંડકાવ્યમાં કવિ નદીનાં વિવિધ રૂપો અને સ્વરૂપો દર્શાવીને તેના વર્ણન દ્વારા મનુષ્યને બોધ આપ્યો છે.

●●●

## (૩) કક્કાવલિ સુબોધ

કવિ આચાર્ય બુદ્ધિસાગરજીએ તેમના જીવનના અંતિમ તબક્કામાં આ ગ્રંથ રચ્યો હતો. ગ્રંથ પૂર્ણ રચાઈ ગયા બાદ પ્રસ્તાવનાનું કાર્ય અધૂરું હતું તે ગુરુજીનો સ્વર્ગવાસ થતાં પ્રસ્તાવના શ્રી મણિલાલ પાદરાકર દ્વારા લખવામાં આવી. પ્રસ્તુત કાવ્યસંગ્રહ ગુરુદેવે લોકોને બોધ આપતા કક્કાવલિ પ્રમાણે રચ્યો. આ વિરલ કાવ્યસંગ્રહનાં કાવ્યો અલંકારયુક્ત હોવા ઉપરાંત તેની ભાષા બાળકને સમજાય તેવી સરળ છે. એમાં આવતા વિવિધ શબ્દો એટલા બધા છે કે આખો શબ્દકોશ નાના ગ્રંથમાં સમાયો હોય એમ લાગે. તેમનાં કાવ્યોમાં શબ્દોની ગોઠવણી અને રજૂઆત પરથી તેઓ કેવા ઉત્કૃષ્ટ કવિ હતા તે જણાય છે.

ગુરુદેવે બારાખડીના તમામ અક્ષર એટલે કે અ, આ, ઇ, ઈ... વગેરે સ્વર અને ક, ખ, ગ, ઘ... વગેરે વ્યંજનના પ્રત્યેક અક્ષર દ્વારા ભવ્ય જીવોને બોધ આપ્યો છે. ગુરુદેવે ‘અ’ અક્ષર પર ‘અ’કારવાળા જુદા જુદા શબ્દો લઈને ૪૦૯ (ચારસો નવ) પદોમાં એટલે કે આઠસો અઢાર પંક્તિઓ દ્વારા ત્રીસ પૃષ્ઠોમાં ઉપદેશ અને માહિતીપ્રદ પદોની રચના કરી છે. આ સંગ્રહમાં ‘અ’ વર્ણાક્ષરથી પ્રારંભ થતાં મોટા ભાગના શબ્દો આવી જાય છે. જેમ કે અરિહંત, અમર, અસ્ત, અમેરિકા, અમદાવાદ વગેરે....

ગુરુદેવના આ અલૌકિક વિશિષ્ટ ગ્રંથમાં ‘આ’ અક્ષર પર પાંચસો આઠ પંક્તિઓ, ‘ઉ’ અક્ષર પર ચારસો પંક્તિઓ, ‘ક’ અક્ષર પર એક હજાર અઠ્ઠાવન પંક્તિઓ, ‘ખ’ અક્ષર પર ચારસો બે પંક્તિઓ, ‘જ’ પર એક હજાર બાસઠ પંક્તિઓ, ‘ઘ’ પર પાંચસો પચ્ચીસ પંક્તિઓ વગેરે કુલ મળીને બાર હજાર પંક્તિઓ રચેલી છે.

આ કાવ્યસંગ્રહમાં કવિ આચાર્ય બુદ્ધિસાગરજીએ મનુષ્યોને ઉપદેશ, સાધુજીવનની મીમાંસા, પતિ-પત્નીની ફરજો, વૃદ્ધોને સૂચનાઓ, સ્ત્રીશિક્ષણનું અગત્ય, ધનવાનોની ફરજો, શિક્ષકોના ઉચ્ચ આદર્શો, સમાજ અને ધર્મના રક્ષણાર્થે સુધારાઓ, બ્રહ્મચર્યના ફાયદાઓ, કર્મયોગ, અધ્યાત્મજ્ઞાન, યોગ, ઇતિહાસ, બાળલગ્ન, દયા, ચોરી, કાયરતા, શાંતિ, ત્યાગ, ભક્તિ, ઉપાસના વગેરે દરેક વિષયો પર બારાખડીના અક્ષરો દ્વારા વિવેચન, ઉપદેશ અને માહિતી આપ્યા છે.

ગુરુદેવનો આ અમર ગ્રંથ, વિશાળ વાંચન અને જ્ઞાનના બળે રચાયેલો છે. ગ્રંથની પ્રસ્તાવનામાં શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર જણાવે છે : “ગુરુશ્રીએ અષ્ટાંગ યોગ, દ્રવ્યાનુયોગ, અધ્યાત્મ જ્ઞાન, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સમાજસેવા, આદિ પર સેંકડો અનુપમ ગ્રંથો હજારો પૃષ્ઠોનાં ગદ્ય પદ્યમાં, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, પ્રાકૃત, માગધી ભાષામાં લખ્યા પછીથી આ છેલ્લો ગ્રંથ જાણે ભાષાના પ્રત્યેક શબ્દ પર નાનકડો ગ્રંથો જ લખી કોઈ પણ શબ્દ દ્વારા બોધ

આપવો રહી ન જાય એવા આશયથી લખી તમામ (માળામાં) ગ્રંથોની માળામાં એક મેરુ સમાન આ ગ્રંથ બનાવી માળા પૂર્ણ કરી જગત પર અનન્ય ઉપકાર કર્યો છે."

આ કાવ્યસંગ્રહમાં કવિએ આદર્શ ગૃહસ્થ જીવન અને ઉત્કૃષ્ટ સાધુ જીવનની શુભ પ્રવૃત્તિઓ દર્શાવી છે. કવિએ મનુષ્યને આત્મસ્વભાવમાં લીન બની પરોપકાર, સેવા અને ત્યાગ દ્વારા આત્મજ્ઞાની થઈ મોક્ષ પ્રાપ્ત કરવાનો માર્ગ 'કક્કાવલિ સુબોધ'માં વર્ણવ્યો છે.

કવિ કાવ્યસંગ્રહનો પ્રારંભ પ્રભુ મહાવીર સ્વામિ અને ગુરુ શ્રી સુખસાગરજીને પ્રણામ કરીને કરે છે. જે સૂચવે છે કે વિના વિઘ્ને કાર્ય પૂરું કરવા માટે તથા મંગલ ઇચ્છનાર દરેક વ્યક્તિએ ઇષ્ટદેવ અને ગુરુનું સ્મરણ કરીને પછી જ કાર્ય પ્રારંભ કરવો જોઈએ.

**પ્રણમ્ય શ્રી મહાવીરં સર્વજ્ઞં પરમેશ્વરમ્ ।**
**જિનેન્દ્રં વીતરાગં ચં સદ્‌ગુરું સુખસાગરમ્ ॥૧॥**

આ કાવ્યસંગ્રહનો પ્રારંભ મંગળાચરણ કર્યા પછી તેઓ વર્ણાક્ષર 'અ'થી કરે છે. 'અ' અક્ષરવાળા શબ્દો અવસર, અરિ, અમર તથા 'અવંતિસુકુમાલ', 'અઈત્તામુનિ', 'અર્જુન' વગેરે મહાપુરુષોના ગુણગાન પણ તેમણે આ ગ્રંથમાં કર્યા છે. કવિ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં અર્જુન જેવા વીર પુરુષોનો જગતમાં જયજયકાર થાય છે એમ દર્શાવે છે.

**અર્જુન પેઠે યોદ્ધા થાતા, જે જગમાં પામે જયકાર,**
**અલબેલો પ્રભુ દિલમાં ધરતાં, આત્મપ્રભુ પ્રગટે નિર્ધાર...(૩૧૨)**

ગુરુદેવ બુદ્ધિસાગરજી શ્રેણિક રાજાના પુત્ર અભયકુમારના જેવા થવા માટે મનમાં ઉમંગ ધરવાનો બોધ આપે છે. તેઓ ઉપદેશ આપતા કહે છે કે અભયકુમારે બુદ્ધિ દ્વારા જેમ આત્મોન્નતિ કરી હતી તેમ દરેક માનવે કરવી જોઈએ.

**અભયકુમારની બુદ્ધિ પેઠે, બુદ્ધિએ કર આત્મોકર્ષ,**
**અભયકુમારના જેવો થાવા, અંતર ઉત્સાહે મન તર્ષ...(૨૦૪)**

બીજા તીર્થંકર અજિતનાથ, ચોથા અભિનંદન સ્વામિ અને આઠમા અરનાથની આરાધના ભાવથી કરવાનો ભવ્ય જીવોને 'અ' વર્ણાક્ષરથી પ્રારંભ થતાં પદ દ્વારા બોધ આપે છે.

**અજિત જિનેશ્વર અભિનંદન પ્રભુ, અર પ્રભુ પરમાતમ દેવ,**
**અર્હ એવા ભાવે ! ધ્યાવો, વીતરાગની કર સેવ...(૮૧)**

અલ્લાના નામનું રટણ કરવાથી અલ્લા પ્રાપ્ત થતાં નથી, પરંતુ મનમાંથી શયતાન કાઢીને પોતાના આત્માને અલ્લા જેવો બનાવવો જોઈએ એમ કવિ નીચેના પદમાં વર્ણવે છે :

**અલ્લા કહેતાં મળે ન અલ્લા, મનમાંથી ટળતાં શયતાન,**
**અલ્લા આતમ પોતે થાવે, મોહે ભૂલ કરે ઈન્શાન...(૨૧)**

'અ' અક્ષર પરથી શરૂ થતાં ગુજરાતના મુખ્ય શહેર અમદાવાદ વિશે પરિચય આપતાં ગુરુદેવ જણાવે છે કે એ જૈનોનું ખૂબ મોટું સ્થળ છે તથા જૈનોનાં ઘણાં મંદિરો અને ઉપાશ્રયો આવેલાં છે. અહીં સાધુ-સાધ્વીઓની નિત્ય અવરજવર થતી હોય છે.

**અમદાવાદ છે ગુર્જર દેશમાં જૈન કોમનું મોટું ધામ,**
**અનેક જૈન મંદિર ઉપાશ્રય અનેક સાધુઓનું ઠામ...(૩૪૨)**

'અ' અક્ષર ઘણી વાર નકારાત્મક અર્થમાં વપરાય છે. જેમકે અહિંસા, અજાણ, અસ્થિર, અજ્ઞાન વગેરે ગુરુદેવ આવા શબ્દોથી શરૂ થતાં પદો રચ્યાં છે. તેઓ 'અજ્ઞાની' શબ્દથી શરૂ થતાં પદમાં મનુષ્યને બોધ આપે છે કે અજ્ઞાની વ્યક્તિ પ્રાણી સમ અબુધ અને દુઃખી હોય છે માટે મનુષ્યે જ્ઞાન પ્રાપ્ત કરવું જ જોઈએ.

**અજ્ઞાની રહેવું નહિ આતમ, સર્વ દુઃખ હેતુ અજ્ઞાન,**
**અજ્ઞાની પશુ સરખો જાણો, અજ્ઞાને ભવદુઃખની ખાણ...(૨)**

કવિ બુદ્ધિસાગરજીએ 'અ'કારવાળા શબ્દો જે ક્રિયાપદ તરીકે વપરાય છે જેવાં કે 'અર્પાઈ જા', 'અવતર્યો', 'અડગ રહો' વગેરેથી પ્રારંભ થતાં પદોને તેમનાં આ 'કાવ્યસંગ્રહ'માં સમાવ્યા છે. 'અવતર્યો' શબ્દથી શરૂ થતાં પદમાં કવિ ઊંડી માર્મિક દૃષ્ટિ વડે મનુષ્યને ઉપદેશ આપે છે કે જ્યારે આત્માએ મનુષ્યરૂપે અવતાર ધારણ કર્યો છે ત્યારે ઈષ્ટ-અનિષ્ટનો વિવેક રાખીને અનિષ્ટ ત્યાગીને જીવને પ્રભુમાં સ્થિર કરવો જોઈએ જેથી આત્મિક શક્તિઓ વિકસે.

**અવતર્યો મનુષ્યરૂપે આતમ ! અનિષ્ટ-ઈષ્ટનો કરો વિવેક,**
**અનિષ્ટ ત્યાગી ઈષ્ટને પામી, પ્રભુમય જીવનની ધર ટેક...(૨૯૪)**

નીચેની પંક્તિઓમાં કવિ ઉપદેશ આપે છે કે જેને પામવું હોય તેને સૌ પ્રથમ સર્વસ્વ અર્પણ કરવું જોઈએ. પ્રભુને પામવા માટે દીન-દુઃખીની સેવા કરતાં પ્રભુ સાથે લગની લગાવવી જોઈએ તો જ આત્મા શિવપદ પામે છે.

**અર્પાઈ જા પરમાર્થે તું, પ્રભુમાં અર્પાઈને જીવ !!!**
**અર્પાઈ પ્રભુમાં જે જીવે, આતમ તે થાવે છે શિવ...(૩૯૨)**

'અ' વર્ણથી શરૂ થતાં રૂઢિપ્રયોગો જેવા કે 'અથથી ઈતિ સુધી' વડે પ્રારંભ થતાં પદમાં તેઓ ગુણવાન આદર્શ નરનારીનું વર્ણન કરતાં જણાવે છે કે પોતાના સમગ્ર જીવનમાં જે અણિશુદ્ધ ગુણી થઈને રહે તેને જગત દેવની જેમ પૂજે છે.

**અથથી ઈતિ સુધી અણિશુદ્ધ રહે ધન્ય તે નરનાર,**
**અર્ધ્ય જ તે છે દેવની પેઠે પૂજાતાં જગમાં નિર્ધાર...(૨૭૯)**

કક્કાવલિના બીજા અક્ષર 'આ'થી શરૂ થતાં પદમાં આચાર્ય કવિએ પોતે રચેલાં ગ્રંથોને જે વ્યક્તિ વાંચશે અને તેમાંથી અનુભવ જ્ઞાન પ્રાપ્ત કરશે તે ભવસાગર પાર ઊતરશે એમ 'આત્મ પ્રદીપ', 'આત્મદર્શન', 'આત્મઘન પદ સંગ્રહ' વિશે કહે છે.

**આત્મ પ્રદીપ છે દીપક સરખો, તથા આત્મદર્શન ગ્રંથ છે સાર,**
**આત્મ તત્ત્વ દર્શન શુભ નામે, રચના કીધી પર સુખકાર...(૪૧૫)**
**આનંદઘન પદ સંગ્રહ ઉપર કીધો મેં ભાવાર્થ પ્રકાશ**
**વાંચે તે ગ્રંથ તેઓ તરશે. થાશે અનુભવ જ્ઞાન પ્રકાશ...(૪૧૬)**

"આ વર્ણાક્ષરથી પ્રારંભ થતાં મોટા ભાગના શબ્દોને કવિએ સરળ બોધદાયક પદોમાં ગૂંથી લીધા છે. જેમાં આતમ, આયુષ્ય, આશુક, આદિ, આદિનાથ, આયુ, આચ્છાદાન, આકુલવ્યકુલ વગેરે.

કવિ 'આકુલવ્યાકુલ' શબ્દથી શરૂ થતાં પદમાં મનુષ્યને જીવનમાં આવી પડતી તકલીફોમાં આકુલ-વ્યાકુલ થયા વગર શાંતિ અને ધૈર્યથી જ્ઞાનીજનના સંગથી ઉકેલ શોધવા માટેનો બોધ આપે છે.

**આકુલવ્યાકુલ થા ! ના મનમાં, કટોકટીનો પડે પ્રસંગ,**
**આમણો દુમણો થા નહીં મનમાં, કર જ્ઞાની સંતોનો સંગ...(૪૮૯)**

કવિ આત્મિક શક્તિની વૃદ્ધિ માટેના ઉપાયો વર્ણવતા કહે છે કે મનુષ્યનો મોટામાં મોટો શત્રુ આળસ છે. આળસથી જીવનમાં કોઈ પણ કાર્ય સિદ્ધ થતું નથી. માટે આત્માના ઉદ્ધાર માટે આળસ ત્યજવી જ જોઈએ.

**આલસ તજીને ઊઠો આતમ ! કરો નિજ આતમનો ઉદ્ધાર,**
**આલસ સમ શત્રુ નહીં તનમાં, આળસે સિદ્ધિ ન થાયે લગાર...(૫૨૫)**

કવિની જન્મદાત્રી જનની અંબાની વાત કરતાં તેમના શબ્દોમાં માતાના અનંતા ઉપકાર અને માતૃપ્રેમ નીરખવા મળે છે. માતાના અંતિમ સમયે સેવાભક્તિ કવિથી થઈ ન શકી એનો વસવસો તેમના આખરી કાવ્યસંગ્રહમાં દૃષ્ટિગોચર થાય છે.

**અંબા માતા તુજ ઉપકારો, નભ કરતાં તે અનંત અમાન,**
**અંબા પ્રતિ બદલો શું વાળું, શત શિક્ષક સમ માતા જાણ...(૬૩૨)**

**અંત સમય જ્યારે આવ્યો તુજ, ત્યારે રહ્યો નહિ તારી પાસ,**
**અંતરમાં રહ્યું એટલું બાકી, તુજ સેવા ભક્તિની પ્યાસ...(૬૩૪)**

કવિએ સર્વ સ્ત્રીજાતિને માતા સમાન ગણીને તેમના પદમાં તેઓ કહે છે કે

**અંબા માતા તુજ સમ સઘળી, નારી જાતિ માની મેં સત્ય**
**અંબા રૂપે સહુ સ્ત્રી વર્ગની સેવાનાં બનો મુજ સહુ કૃત્ય...(૬૪૩)**

ગુરુદેવે 'ઉ' સ્વર પર ઘણાં પદો રચ્યાં છે. નીચેની કડીમાં તેઓ 'ઉગંતા' અને 'ઉઘંતા' પ્રાસ અનુપ્રાસવાળા શબ્દો વડે મનુષ્યને બોધ આપે છે કે પ્રગતિ કરતી વ્યક્તિને દુનિયા પૂજે છે, પરંતુ ઊંઘતી વ્યક્તિનું નસીબ પણ તેને સાથ નથી આપતું.

**ઉગંતાને દુનિયા નમતી, આથમતાને નમે ન કોય,**
**ઉઘંતાનું નસીબ ઊંઘે, જાગતાનું જાગે સોય...(૭૫૬)**

ઋ વર્ણાક્ષર પર કવિએ ઋષિ, ઋદ્ધિ, ઋણ, ઋગ્વેદ, ઋષભદેવ, ઋજુતા વગેરે શબ્દોથી આરંભ થતાં પદો રચ્યાં છે. સંત કવિ બુદ્ધિસાગર પોતાના આત્માને ઋજુ બનીને શુભ કર્મ કરવા નીચેની પંક્તિઓમાં કહે છે :

**ઋજુતા ધારી મારી આતમ !!! સ્વાધિકારે જગમાં વર્ત !!**
**ઋણ રાખીશ નહીં કર્મનું કિંચિત, સંતપણાની એ છે શર્ત...(૯૫૦)**

'અ' વર્ણાક્ષર પરથી તેમણે લોકહિતાર્થે એકસો ચાળીસ ગ્રંથો રચ્યા છે એમ નીચેની પંક્તિઓમાં તેઓ વર્ણવે છે.

**એકસો ચાળીસ ઉપર મોટા-નાના ગ્રંથ રચ્યા હિતકાર,**
**એક ગ્રંથ પણ શ્રદ્ધા પ્રેમે, વાંચે તે પામે ભવ પાર...(૯૫૬)**

એકવીસમી સદીમાં થનારી મહત્ત્વની ઘટનાઓ વિશેનો ઉલ્લેખ કરતાં તેઓ ભવિષ્ય ભાખે છે કે એકવીસમી સદીમાં જૈનોનાં ચાર યુગપુરુષો થશે. તેઓ જૈન શાસનનો મહિમા જગતમાં ફેલાવશે.

**એકવીસમી સદીમાંહે થાશે, યુગપ્રધાનો મોટા ચાર,**
**એક એકથી મહા ચઢિયાતા, જૈન જગત શાસન જયકાર...(૧૦૨૮)**

'ઐ' સ્વરથી પ્રારંભ થતાં પદમાં કવિ આલેખે છે કે જૈનો અને ભારતીયો એકતા વિના પ્રગતિ કરી શક્યા નહિ.

**ઐક્ય વિના આર્યો જગ હાર્યા, એકતા વણ જૈનોનો હ્રાસ,**
**ઐક્ય વિના મુસ્લિમો હાર્યા, હિંદીઓનો થતો વિનાશ...(૧૦૫૩)**

'ઓ'કારવાળા શબ્દોમાં ઓગણીસ શબ્દ દ્વારા ભૂતકાળ અને ભવિષ્યકાળના બનાવોને પદોમાં કવિએ ગૂંથી લીધાં છે.

**ઓગણીસ સિત્તેર માગશિર પૂનમ, પેથાપુરમાં સૂરિપદ યોગ,**
**ઓગણીશ નેવું લગભગ ચાલે, યુગપ્રધાનનો જન્મ પ્રયોગ...(૧૦૮૦)**

કવિ બુદ્ધિસાગરજીએ કક્કાવલિના પ્રથમ અક્ષર 'ક' પર પાંચસો ને ઓગણત્રીસ પદો રચ્યાં છે. નીચેના પદમાં તેઓ કુમારપાળ રાજા તથા કર્માશાહે કરેલાં કાર્યોની વિગતો આપી છે.

**કુમારપાલ ગુર્જર દેશાધીશ, દયા પળાવી જેણે દેશ,**
**કર્માશાહે શત્રુંજયનો, તીર્થોદ્ધાર કર્યો તજી કલેશ...(૩૮૬)**

કવિ બાળકની કાલીઘેલી મધુર વાણીની સરખામણી વેદ-ધ્વનિ સાથે કરે છે. બાળકના નિર્દોષ સ્મિત દ્વારા કાવ્ય સહેજે સ્ફુરે છે.

**કાલું ઘેલું બાળક બોલે, વેદધ્વનિ ત્યાં સમાઈ જાય,**
**કાવ્ય કવિતા, લઘુ બાલકના, હાસ્ય સહેજે પ્રગટાય...(૨૭૧)**

**વર્ણાક્ષર 'ખ' પરથી :**

ફક્ત 'ખેતર' શબ્દ પર કવિએ બાવન પદો રચ્યાં છે.

ખેતર વિશે તેઓ દર્શાવે છે કે સારો પાક લેવા માટે ખાતર, પાણી અને ખેડ જરૂરી છે. આ પદમાં નવ શબ્દો 'ખ'થી શરૂ થાય છે.

**ખેતર, ખાતર ખેડ ને પાણી, ખાંતે સારો ખેતી પાક,**
**ખરી કમાણી કરીને ખાતું, ખોટી કમાણી અંતે ખાક...(૨૨)**

'ગ' વર્ણાક્ષરથી પ્રારંભ થતાં શબ્દ 'ગુજરાતી' કવિની માતૃભાષા હતી. નીચેની પંક્તિઓમાં કવિ વર્ણવે છે કે મીઠી મધુરી ગુજરાતી ભાષાનો ઉદ્ભવ સંસ્કૃતભાષામાંથી થયો હતો અને તેની પ્રગતિ ગુજરાતી સાહિત્ય દ્વારા જ શક્ય બને.

**ગુજરાતી ભાષાની પ્રગતિ, ગુજરાતી સાહિત્યે થાય.**
**ગુજરાતી ભાષા બહુ મીઠી, કોમળ સંસ્કૃત પુત્રી સોહાય...(૧૯૩)**

'ચ' અક્ષરવાળા શબ્દો જેવાં કે ચિંતામણિ, ચાલાકી, ચાણક્યનીતિ, વગેરે શબ્દો પર કવિએ બોધદાયક પદો રચ્યાં છે. નીચેની પંક્તિઓ 'ચીલેચીલે' શબ્દથી શરૂ થાય છે. દુનિયાના લોકો વિશે વર્ણવે છે કે અબજો લોકો આ જગતમાં ચીલાચાલુ રાહ પર જ આગળ વધે છે, પરંતુ એ સર્વમાં કોઈક જ એવી વિરલ વ્યક્તિ હોય છે જે દુનિયાનો નવો રાહ દર્શાવે છે.

**ચીલે ચીલે ચાલ્યા જાતા, સાધારણ અબ્જો નરનાર,**
**ચીલો મૂકી ગમે ત્યાં ચાલે, અસાધારણ કોઈક ધાર...(૩૮)**

'છ' અક્ષરવાળા શબ્દો લઈને કવિએ ઉપદેશાત્મક સરળ સત્તાવન પદો રચ્યાં છે. નીચેની પંક્તિઓમાં તેઓ દુનિયાથી બેખબર આત્મસ્વભાવમાં લીન રહેતા છાના સંતો વિશે દર્શાવે છે કે એવા સંતો જાહેરમાં આવતા નથી, જ્ઞાનપિપાસુ ભક્તોએ તેમને ખોજવા પડે છે.

**છાના સંતો ઘણા રહ્યા જગ-જિજ્ઞાસુઓ કરતા શોધ,**
**છુપાયેલા સંતો છે મોટા, જાહેર સંતથી થતો બોધ...(૨૧)**

'જ' અક્ષરથી પ્રારંભ થતાં જ્યોતિષવિદ્યા, જગ, જીભ, જીર્ણોદ્ધાર, જુવાની, જડભરત, જીવદયા, જનની, જાદુ વગેરે શબ્દો પર કવિએ પાંચસો એકત્રીસ પદો રચ્યાં છે. કવિ 'જબરા'થી પ્રારંભ થતાં પદમાં મનુષ્યને 'શઠં પ્રતિ શાઠ્યમ્ કૃતમ્' એટલે કે જબરી વ્યક્તિ સાથે તેના જેવા જબરા બનીને કાર્ય કરવાનો ઉપદેશ આપે છે. જબરી વ્યક્તિ સાથે નરમાશ ભરેલા વર્તનથી થયેલ કાર્યનું કંઈ જ પરિણામ આવતું નથી એમ કવિ નીચેના પદમાં બોધ આપે છે.

**જબરા સાથે નબળાઈથી, રહેવાથી મરવાનું થાય.**
**જબરા સાથે જબરાઈથી, રહેવાથી જગમાં જીવાય...(૩૬૭)**

'ઝ' અક્ષર પરથી ઝાડુ, ઝાકળ, ઝોકાં વગેરે ઘણા શબ્દો પરથી ગુરુદેવે પદોની રચના કરી છે. 'ઝાડો' શબ્દ પર રચેલાં પદમાં પર્યાવરણનો સંદેશ તેમણે આજથી ઘણાં વર્ષો પૂર્વે આપણને આપ્યો હતો. તેઓ સંદેશ આપે છે કે વૃક્ષોની વૃદ્ધિ અને રક્ષણ કરવાથી મનુષ્યને અનેક લાભ થાય છે. વૃક્ષો સમાજને સાધુસંતો જેવાં જ ઉપકારી છે.

**ઝાડોની વૃદ્ધિ રક્ષણથી, વૃષ્ટિ થાતી અનેક લાભ,**
**ઝાડો સંત સમા ઉપકારી, વૃક્ષો નહિ ત્યાં વૃષ્ટિ અલાભ...(૬૭)**

કવિ બુદ્ધિસાગરજી 'ટ' અક્ષર પરથી ટીકાકાર શબ્દ પર રચેલાં પદમાં તેઓ નિર્દેશ છે કે કોઈ પણ વિષય કે વસ્તુની ટીકા-ટિપ્પણી અને અભિપ્રાય આપવો સરળ નથી. તે માટે તેનું પ્રથમ સંપૂર્ણ જ્ઞાન હોવું જરૂરી છે એ પછી જ ટીકાકાર થવાય છે.

**ટીકાકાર તું બનતા પૂર્વે, સર્વ પ્રકારનું લેજે જ્ઞાન,**
**ટીકાકાર થવું છે દુર્લભ, અભિપ્રાયે મુંઝે નાદાન...(૩૭)**

'ઠ' અક્ષર પરથી કવિએ ઠાઠમાઠ, ઠાર્યા, ઠકુરાઈ, ઠગબાજી, ઠાવકાઈ વગેરે શબ્દો પર ઘણાં પદોની રચના કરી છે. 'ઠાર્યા' શબ્દ વડે તેઓ માતા-પિતા-ગુરુનો આદરસત્કાર અને સેવા

કરવાનો બોધ આપે છે. જે વ્યક્તિ માતા-પિતા-ગુરુની સેવા કરીને આશિષ લે છે તે સર્વ રીતે સુખી-સંપન્ન બને છે, પરંતુ જેઓ તેમની સેવાભક્તિ કરતાં નથી તેમને કોઈ પણ કાર્યમાં સફળતા મળતી નથી.

**ઠાર્યા જેવાં માત-પિતા-ગુરુ, તેવા ઠરશે પોતે ઠામ,**
**ઠરીને બેસે નહીં ગુરુદ્રોહી, ઠીક નહીં જેના સહુ કામ...(૫)**

'ડ' અક્ષરથી પ્રારંભ થતાં શબ્દો ડોસા, ડુંટી, ડર, ડુંગળી વગેરે ઉપર કવિએ બોધપ્રદ પદો રચ્યાં છે. ડુંગળી એટલે કાંદાના ગુણ દર્શાવતા આ પદમાં કવિ કૉલેરા જેવા રોગમાં કાંદા, ફૂદીનો અને કપૂરના અર્કથી આ રોગ કાબૂમાં આવે છે એમ કહે છે.

**ડુંગળી પણ કૉલેરા વખતે, કૉલેરાનો કરે વિનાશ,**
**ડુંગળી ફુદીનો ને કપૂરના - અર્કથી રોગ ટળે છે ખાસ...(૭૩)**

'નમું' શબ્દ પરની કવિની આ રચનામાં તેઓ અત્યંત લઘુ બનીને સર્વને નમે છે. તેઓ આખા જગતને ગુરુ માનીને આર્જવ ભાવે સર્વને નમન કરે છે. પોતાનાથી નાના શિષ્યો પણ ખૂબ ઉપકારી હોવાથી કવિ તેમને પણ નમન કરે છે. અહીં કવિનો લઘુતાભાવ જોવાય છે.

**નમું નમું હું સર્વ વિશ્વને, સકળ વિશ્વ મુજ ગુરુ સમલેશ,**
**નમું નમું હું શિષ્યોને બહુ, ઉપગારી જે પૂરા હંમેશ...(૧૧૪)**

'પુરાતત્ત્વ' શબ્દથી પ્રારંભ થતા આ પદમાં ગુરુદેવ બુદ્ધિસાગરજી સમયને અનુસરીને ઉપદેશ આપે છે. તેઓ ભારતમાં પુરાતત્ત્વના શિક્ષણના હિમાયતી હતા. પુરાતત્ત્વનાં સંસ્થાનો નવી નવી શોધો કરીને જગત સમક્ષ નક્કર હકીકતો રજૂ કરી શકે માટે તેઓ તેની સ્થાપના કરવાનો ઉપદેશ લોકોને આપે છે.

**પુરાતત્ત્વની શોધો કરવી, પુરાતત્ત્વનાં સ્થાપો !! સ્થાન,**
**પુરાતત્ત્વના શિક્ષણ આપો !! તેથી સત્ય પ્રગટશે જ્ઞાન...(૩૬૭)**

કવિ 'બ' અક્ષર પરથી પોતાના નામ 'બુદ્ધિસાગર'થી પ્રારંભ થતાં પદમાં વર્ણવે છે કે નામથી ફક્ત બાહ્ય દેહને ઓળખાવી શકાય અને તે માટે બાવન અક્ષરથી શરૂ થતાં ઘણાં નામો હોય છે, પરંતુ આત્મા એ અનામી છે એની દુનિયા પણ નિરાળી હોય છે.

**બુદ્ધિસાગર નામ એ ફક્ત, દેહને ઓળખવાને કાજ,**
**બાવન બાહિર આત્મ અનામી, શબ્દોથી ન્યારું મુજ રાજ્ય...(૧૯)**

કવિ ભારતદેશ આત્મિકજ્ઞાનમાં સૌથી ચઢિયાતો છે તથા તેની સરખામણીમાં યુરોપ વગેરે દેશો પછાત ગણાય. તેની પ્રગતિ તેમાં રહેલા સદ્ગુણોને કારણે થતી જ રહેશે એમ કવિ 'ભ' અક્ષરથી પ્રારંભ થતાં પદમાં વર્ણવે છે.

**ભારત આતમ જ્ઞાનની આગળ, યુરોપ આદિ દેશો બાલ,**
**ભારત દેશની ચઢતી થાશે, સદ્ગુણ વૃન્દે મન કર !! ખ્યાલ...(૧૯)**

'મ' અક્ષરથી શરૂ થતાં 'મીઠા' શબ્દ દ્વારા કવિ મીઠો મધ જેવો ઉપદેશ મનુષ્યને આપે છે. તેઓ તેમના અનુભવનું ભાથું અર્પતા કહે છે કે વાણી, વર્તન અને વર્તાવ મીઠાશ ભરેલો રાખવાથી સર્વ કાર્ય અચૂક સિદ્ધ થાય જ છે. કડવા વેણનો પ્રયોગ સ્વપુત્ર સાથેની વાતચીતમાં પણ ન કરવો.

**મીઠું વર્તન મીઠી વાણી, મીઠી મિત્રાચારી રાખ !!**
**મીઠું કહેતાં કાર્ય સરે તો, કડવું નહીં નિજ પુત્રને ભાખ !!...(૧૪૦)**

'ર' અક્ષર પરથી પ્રારંભ થતાં પદમાં કવિ રામ વિશે આલેખે છે કે રામ દશરથ રાજાના પુત્ર છે પણ ઘણી વાર વ્યવહારમાં રામ નામનો ઉલ્લેખ આત્મા કે પ્રાણ રૂપે પણ થાય છે.

**રામ એક દશરથનંદન છે, ઘટઘટ વ્યાપક આતમરામ,**
**રામ એક દશ પ્રાણનો ઊપજે, વ્યવહારે તે આતમ નામ...(૧૩)**

કવિ નીચેના પદમાં રામરાજ્યની પ્રશંસા કરે છે. જે રાજ્ય નીતિથી ચાલતું હોય, જ્યાં પ્રજા પર કોઈ અત્યાચાર થતા ન હોય, જ્યાં રાજાને પ્રજાનો સરખો ન્યાય થતો હોય એ જ ખરું રાજ્ય ગણાય.

**રાજ્ય તે રામના રાજ્ય સરીખું, પ્રજા ભૂપના સરખા ન્યાય,**
**રાજ્ય ખરું જ્યાં નહીં અનીતિ, પ્રજા ઉપર જૂલ્મો નહીં થાય...(૧૭)**

'લુચ્ચાઈ' શબ્દથી પ્રારંભ થતાં પદ દ્વારા કવિ મનુષ્યને લુચ્ચાઈ કર્યા વગર ન્યાયિક રીતે લક્ષ્મી પ્રાપ્તિ કરવાનો બોધ આપે છે. તેઓ વર્ણવે છે કે અનીતિથી મેળવેલી લક્ષ્મી ઘણી દુઃખદાયી બને છે.

**લુચ્ચાઈ કરી ગ્રહો !! ન લક્ષ્મી, લુચ્ચાઈથી પ્રગટે પાપ,**
**લાભ મળે પણ ન્યાય ન છોડો !! લુચ્ચાઈથી છે સંતાપ...(૮)**

કવિ નીચેના પદમાં વ્યાધિ અને વ્યાજની તુલના વાઘ સાથે કરતાં ઉપદેશ આપે છે કે તે બંને વધી જતાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે માટે તેનું તુરત જ નિવારણ કરવું જોઈએ. તે જ પ્રમાણે વેરનું નિવારણ પ્રેમથી કરવું જોઈએ.

**વ્યાધિ વ્યાજ બે વધતાં જાતાં, વાઘ વ્યાઘ્ર સરખાં દુઃખકાર,**
**વધતું વારો !! વ્યાધિ વ્યાજને, વૈરને વારો !! ધારી પ્યાર...(૨૭)**

કવિ બુદ્ધિસાગરજી 'સંઘ' શબ્દથી પ્રારંભ થતાં પદમાં બોધ આપે છે કે સંઘ પચ્ચીસમા તીર્થંકર ગણાય છે. તેની સેવાભક્તિ કરવાથી મનુષ્ય પરમ પદ પ્રાપ્ત કરે છે.

**સંઘ છે પચ્ચીસમો તીર્થંકર, સંઘની સેવા ભક્તિ ધાર !!**
**સંઘની સેવાભક્તિ કરતાં, મુક્તિ પદ મળતું નિર્ધાર...(૫૦)**

વિશ્વના સર્વ જીવના હિત માટે રચાયેલા અંતિમ અદ્‌ભુત અમર ગ્રંથ 'કક્કાવલિ સુબોધ' પૂર્ણ થયા પછી રચેલી પ્રશસ્તિમાં કવિ બુદ્ધિસાગરજી ગ્રંથ રચવામાં કંઈ ક્ષતિ થઈ હોય તો તેની સકળ સંઘ સમક્ષ ક્ષમા માંગે છે.

**કક્કાવલિ સુબોધમાં જે, જે ભૂલચૂકને થયો જે દોષ,**
**સર્વ સંઘની આગળ તેની, માફી માંગું બહુ ગુણ પોષ...(૧૨)**

કવિ પોતાને પ્રભુના ગાંડાઘેલા બાળક ગણાવીને પ્રભુના પ્રેમનો નિરંતર અનુભવ કરે છે. તેઓ અખિલ વિશ્વમાં પ્રભુનાં રૂપનાં દર્શન કરે છે.

**પ્રભુનો બાલક ગાંડો ઘેલો, ચાહું અંતરથી પ્રભુદેવ,**
**હે પ્રભુ ! તુજ રૂપ વિશ્વને જાણી, કીધી કાંઈ પણ તારી સેવ...(૨૦)**

કવિ અત્યંત લઘુ બનીને પોતે કવિ, લેખક, જ્ઞાની કે વિદ્વાન નથી, પરંતુ પોતે બાળકની જેમ આ ગ્રંથ રચ્યો છે એમ વર્ણવે છે.

**નથી લેખક ને નથી કવિ હું, નથી જ્ઞાની વા નથી વિદ્વાન,**
**બાલક ચાલે પ્રેમે લખ્યું મેં, સત્ય જણાય તે લેશો જ્ઞાન...(૧૯)**

કવિ બુદ્ધિસાગરજીએ આ વિરલ કાવ્યસંગ્રહનાં અગણિત પદો દ્વારા વિશ્વના માનવને ઉપદેશ તથા ભરપૂર માહિતી આપીને પોતાની વર્ણનશક્તિનો પરિચય કરાવ્યો છે. કવિએ ભવ્ય જીવોને સુખી થવા માટે, જીવન વિકાસ કરવા માટે, બીમારીમાંથી સાજા થવા માટે, બળબુદ્ધિ વધારવા માટેના સચોટ ઉપાયો દર્શાવ્યા છે. કવિએ લગભગ દરેક વિષય ઈતિહાસ, યોગ, અધ્યાત્મજ્ઞાન, વિશ્વ સેવા, ત્યાગ, તપસ્વી, ઉપાસના, રામ, કૃષ્ણ, સંતો, તીર્થંકરો, કન્યાકેળવણી વગેરે ઉપર બોધદાયક પદો રચીને મનુષ્ય પોતાના જીવનનો વિકાસ સાધી શકે માટે પ્રયત્ન કરી વિશ્વ પર ઉપકાર કર્યો છે.

કવિએ આ કાવ્યસંગ્રહમાં બે પદોમાં ભવિષ્યવાણી કરી છે. તેઓ આલેખે છે કે એકવીસમી સદીમાં ચાર યુગપ્રધાનો થશે જે જૈનશાસનનો ફેલાવો વિશ્વમાં કરશે. એમાંના એક યુગપુરુષનો જન્મ લગભગ વિ.સં. ૧૯૯૦માં થશે એમ તેઓ આગાહી કરે છે.

## ★★★ શ્રી બુદ્ધિસાગરજીનું કવિ તરીકેનું સદૃષ્ટાંત મૂલ્યાંકન

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીનું કવિ તરીકે મૂલ્યાંકન કરવું એટલે તેમની કાવ્ય સરિતામાંથી મીઠા જળનું રસપાન કરવું. એમની કવિતાને સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો તેર ભજનસંગ્રહોમાં તેમણે રચેલ કાવ્યો (જેમાંનાં મોટા ભાગનાં ભજનો)ની સંખ્યા લગભગ ચાર હજારથી પણ વધારે થાય છે, અને સ્વરૂપની દૃષ્ટિએ જોતાં તેમણે કવિતાનાં વિવિધ સ્વરૂપોનું ખેડાણ કર્યું છે. બાવન વર્ષનું આયુષ્ય અને પચ્ચીસ વર્ષના દીક્ષા પર્યાયના સમયમાં આટલું અઢળક સાહિત્યસર્જન શ્રીમદ્ બુદ્ધિસાગરજીની સર્જક તરીકેની અદ્ભુત શક્તિનો પરિચય કરાવે છે.

બુદ્ધિસાગરજી યોગનિષ્ઠ આચાર્ય હતા. તેથી તેમની કવિતા, કવિતા ખાતર જ ન લખાઈ હોય તે અત્યંત સ્વાભાવિક છે.

અર્વાચીન કવિતાના પ્રવાહમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીનું સ્થાન અને જૈન સર્જકોમાં અપ્રતિમ કાવ્યપ્રતિભા ધરાવનાર કવિ તરીકેનું ભલે નથી તે છતાં તેમની રચનાઓ જોતાં એટલું તો જરૂર જણાય છે કે તેમના સમયના જૈન કવિઓમાં તેઓ અત્યંત ઉચ્ચ કક્ષાના કવિ હતા. પોતાની રચનાઓમાં તેમણે ઠેરઠેર કવિત્વ શક્તિનાં દર્શન કરાવ્યાં છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીની અનેક રચનાઓમાં કવિત્વશક્તિનો ઉન્મેષ જોવા મળે છે. સામાન્ય રીતે જૈન સર્જકોનું સાહિત્યસર્જન ધર્મરંગ્યું અને ઉપદેશાત્મક કોટિનું હોય છે. બહુ જૂજ કવિઓએ ધર્મોપદેશથી પર રહીને સાહિત્યસર્જન કર્યું છે. શુદ્ધ સર્જનાત્મકતાનો મહદ્અંશે તેમાં અભાવ જણાય છે. આમ છતાં ભાષાશૈલી અને વિષય પ્રતિપાદનની દૃષ્ટિએ જૈન સાહિત્યકારોએ હંમેશાં તત્કાલીન જૈનેતર સાહિત્યકારોને સહાય કરી છે. સમગ્ર ભારતીય ભાષાઓમાં જૈન સાહિત્યની પોતાની આગવી વિશેષતા છે. તે કદી ધાર્મિક આવરણથી મુક્ત રહી શક્યું નથી. તેમ છતાં જ્યારે જ્યારે તક મળી છે ત્યારે ત્યારે જૈન કવિઓએ પોતાનું કાવ્ય કૌશલ પ્રગટ કર્યું છે અને ક્યારેક ક્યારેક આપણને અત્યંત ઉચ્ચ કોટિની સર્જક પ્રતિભાનાં દર્શન કરાવ્યાં છે. આ રીતે જોતાં બુદ્ધિસાગરજીએ માત્ર ધાર્મિક કવિતાના ક્ષેત્રમાં જ પોતાનું પ્રદાન કર્યું છે એવું નથી પણ તે સમયનાં અન્ય પરિબળો ઝીલીને રાષ્ટ્રપ્રેમ, વતનપ્રેમ, પ્રકૃતિ કાવ્ય, નિવાપાંજલિ વગેરે વિશેનાં કાવ્યોનીય રચના કરી જૈન કવિ તરીકે નવો ચીલો પાડ્યો છે.

આમ તો સમગ્ર ભારતીય સાહિત્ય ધર્મરંગ્યું છે અને ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં સંત કવિઓનો ફાળો અદ્વિતીય છે. સંત પુરુષોનું ધ્યેય તો એ જ હોય, આદર્શ એ જ હોય કે સત્ય, સદાચાર, સંયમ, ત્યાગ, પરોપકાર, પ્રેમ અને પરિગ્રહ ત્યાગ દ્વારા આત્મધર્મનો સાક્ષાત્કાર કરવો.

અનેક બ્રાહ્મણ વિદ્વાન પંડિતો અને સંખ્યાબંધ કવિઓએ સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં અનેક ગ્રંથો રચી ભારતીય સાહિત્યની અપૂર્વ સેવા બજાવી છે. આવા અનેક સંત કવિઓમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીની કવિતાનો ફાળો અનન્ય છે. જયભિખ્ખુ શ્રીમદ્ બુદ્ધિસાગરજીને "પંડિત પ્રવર સર્વશ્રેષ્ઠ સાહિત્યકારોમાં એક મહાન અર્વાચીન સંત બુદ્ધિસાગર" એમ કહી બિરદાવે છે.

ગુજરાતી સાહિત્યમાં ભક્તિ, વૈરાગ્ય અને અધ્યાત્મ-ચિંતનના પ્રવાહ અન્ય કવિઓની જેમ જૈન ધર્મના કવિઓએ પણ પૂરજોશમાં સતત વહેતો રાખ્યો છે. સત્તરમી-અઢારમી સદીમાં અવધૂત યોગી આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી, શ્રીમદ દેવચંદ્રજી, ઉદયરત્ન વગેરે અનેક કવિઓએ ગુજરાતી કવિતાને જૈન ધર્મના રંગે રંગી છે જેમાં કવિતા અને અધ્યાત્મનો સુંદર સમન્વય થયેલો જોવા મળે છે.

મધ્યકાલીન કવિતા સાહિત્યમાં નરસિંહથી માંડીને મીરાં, અખો, દયારામ, ધીરો, પ્રીતમ, ભોજો વગેરેએ ધર્મ પરંપરામાં રહીને અનોખું પ્રદાન કર્યું છે.

અર્વાચીન કવિતામાં નર્મદ, ન્હાનાલાલ, કાન્ત, કલાપી વગેરેએ તે સમયનાં પરિબળો ઝીલી કાવ્યરચનાઓ કરી છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી અર્વાચીનકાળમાં એક એવા સંત કવિ છે જેમણે સંત પરંપરાની સાથે સાથે અર્વાચીન પરિબળો ઝીલતાં કાવ્યોની રચના કરી છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ રચેલાં કાવ્યોમાંથી સૌથી બહોળો વિભાગ તેમણે રચેલાં ભજનોનો છે અને ભજનો તો ગુજરાતી સાહિત્યને કંઠસ્થ પરંપરાની અનોખી દેણગી છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી રચિત ભજનોના કવિ તરીકે તેમનું મૂલ્યાંકન કરીએ ત્યારે એક વાત ઊડીને આંખે વળગે છે કે તેઓ જૈન સાધુ હોવા છતાં તેમણે અઢારે આલમના લોકો માટે ભજનોની રચના કરી છે.

તેમણે કવિતાની રચના પાછળનું ધ્યેય નીચેની પંક્તિઓમાં બહુ જ સ્પષ્ટ રીતે જણાવતાં કહ્યું છે :

**નથી લેખક નથી કવિ હું, નથી જ્ઞાન વા નથી વિદ્વાન,**
**બાળક ચાલે પ્રેમે લખ્યું, મેં સત્ય જણાય તો લેજો જ્ઞાન.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ બાળપણમાં સરસ્વતીને પ્રસન્ન કરવા માટે પ્રતિજ્ઞા કરવી અને સરસ્વતી મંત્રનો જાપ પણ તેઓ કરતા. પંદરમા વર્ષથી જ તેઓ દુહા, ચોપાઈ, સવૈયા અને છંદમાં કાવ્યોની રચના કરી શિક્ષકને બતાવતા. એક વાર કોઈ બ્રાહ્મણે જૈન સાધુ માટે તિરસ્કારવાચક શબ્દો વાપર્યા. તે સમયે બુદ્ધિસાગરજીએ તેમાંથી હકારાત્મક અર્થ શોધી 'ગોરજી'ની મહત્તા દર્શાવતાં કાવ્યની રચના કરી.

**મીઠા રસમેં ગોર બખાન્યો, શાસ્ત્રવચન પ્રમાણત હૈ**
**ગોર સંગ કબુ ઘૃત મીલત તબ, મિષ્ટ ભોજન બનાવત હૈ.**
**ગોર ઘી સમ ગોરજી જાણો, ઉત્તમ નામ ધરાવત હૈ,**
**ઈસ ભવ મેં શુભ કાર્ય કરત વહ પરલોકન સુખ પાવત હૈ**

શ્રીમદ્ બુદ્ધિસાગરના કાવ્યઘડતરમાં બાવાઓ, ભક્તો, માણભટ્ટ, પુરાણીઓની કથા, મહાભારત, રાવળિયાનાં ભજનો, મીરાંબાઈ, ભરથરીનાં ભજનોએ પણ ભાગ ભજવ્યો છે.

તેમનાં ભજનોનો પ્રધાન સૂર વૈરાગ્ય, ત્યાગ, આત્માનુભવ વગેરે છે. પ્રભુ સાથે એકરૂપ થવાની તાલાવેલી અને અલૌકિક આનંદની અનુભૂતિમાં કવિ હૃદયની નિર્મળ ભાવાભિવ્યક્તિનો પરિચય થાય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ કાવ્યનાં અનેક સ્વરૂપ ખેડ્યા છે. પદ્યમાં ભજનો, ગહુંલીઓ, કાફીઓ, ચાબખાઓ, પૂજાઓ વગેરે તો સાથે સાથે ઊર્મિગીતો, રાષ્ટ્રગીતો, અવળવાણી, સૃષ્ટિસૌંદર્યનાં કાવ્યો, ખંડકાવ્યો, વર્ણનાત્મક તેમજ ઉપદેશાત્મક તત્ત્વ ભરપૂર લાંબા કાવ્યોમાં પણ તેમણે તેમનું વિશિષ્ટ પ્રદાન કર્યું છે.

સૌ પ્રથમ તેમના ભજનસંગ્રહોને આધારે તેમનું ભજન કવિ તરીકે મૂલ્યાંકન કરતાં જણાય છે કે બુદ્ધિસાગરજીએ પણ અન્ય મધ્યકાલીન પરંપરાના કવિઓની જેમ પ્રેમલક્ષણા ભક્તિ દ્વારા પ્રભુને પામવાનો સતત પ્રયાસ કર્યો છે. પોતે નરસિંહ, મીરાંની જેમ પ્રભુને પામવા માટે પ્રિયતમાનો સ્વાંગ સજે છે અને પ્રભુના પ્રેમમાં મસ્ત બને છે. ભક્ત હૃદયની માત્ર એક જ આરત છે અને તે પ્રભુને પામવાની...

**પ્રેમીડો બતલાવે રે કોઈ મારો પ્રેમીડો બતલાવે**
**પ્રેમી બિના હું નિશદિન ઝૂરું, પ્રેમી મળે સુખ થાવે રે...(૧)**

અને બીજા એક ભજનના કવિ બુદ્ધિસાગરજી 'આતમ અર્પણ કરવાની મસ્તી વ્યક્ત કરતાં કહે છે :

**જયાં જયાં વિભૂતિ આપની, ત્યાં પ્રાણ મારાં પાથરું,**
**તવ નામ પીયૂષ પી ઘણું, આનંદથી હસતો ફરું...(૨)**

આવા મસ્ત અને સત્યશોધક કવિનો જીવ બીજાં અનેક ભજનોમાં પ્રભુરસ પામેલા ભક્તની દશા વર્ણવતાં કહે છે કે તેમની આંખોમાં અને હૃદયમાં અરે એમના પોતાના સમગ્ર અસ્તિત્વમાં એક અનેરો આનંદ ઝળકે છે :

**પ્રભુરસ પામેલા સંતોની આંખમાં આનંદ ઝળકે રે**
**પ્રભુરસથી ભીંજેલા હૃદયમાં પરમ પ્રેમરસ પલકે રે !**
**પ્રભુરસ પામ્યા, પ્રભુરૂપ થઈ આ, આપોઆપ વિલાસી રે**
**બુદ્ધિસાગર સંત જીવંતા, ઘટમાં વૈકુંઠ કાશી રે**

ભક્તહૃદય જ્યારે પ્રભુને સમજી શકતો નથી, તે પ્રભુને પામવાનો પ્રયત્ન કરે છે. પ્રભુ સાથે આત્માની એકતાનતા સાધવા જાય છે પણ પ્રભુને બુદ્ધિથી પામવાનો પ્રયત્ન વ્યર્થ જાય છે.

**પ્રભુ તુજ અકળ કળા ન કળાતી, સમજ્યા નહિ સમજાતી**
**જેવી કૂપની છાયા કૂપમાં પ્રકટ થઈને સમાતી**
**તેવી રીતે માહરી બુદ્ધિ, તારો પાર ન પાતી.**

પ્રભુ દર્શનનો મંગલકારી, સુખકારી આનંદ નીચેના ભજનની પંક્તિઓમાં કવિ વ્યક્ત કરતાં કહે છે :

**પ્રભુદર્શનનું પરમ સુખ પ્રભુ તુમ દર્શન સુખકારી,**
**તુમ દર્શનથી આનંદ પ્રકટે જગ જન મંગલકારી રે.**

તો વળી બીજા એક ભજનમાં ભક્ત ગોપીભાવે પ્રભુ મનાવે છે. તે ભાવની હૃદયસ્પર્શી અભિવ્યક્તિ જોવા મળે છે.

**પ્રભુ મનાવવા, પ્રભુ મનાવવા, સખી હું પ્રેમે જાઉં રે,**
**ભટકી દેશોદેશનમેં સ્વામીને ઘેર લાઉં રે...(૧)**

પ્રભુ ક્યાંય મળતા નથી એની વેદના વ્યક્ત કરીને પ્રભુ પોતાના સ્વયંમાં જ પ્રાપ્ત થાય છે. તે વાત નીચેની પંક્તિઓમાં કવિ બુદ્ધિસાગરજી સહજ રીતે વ્યક્ત કરે છે :

**ચૌદ ભુવનમાં આથડી, પણ પ્રભુ ન દીઠા ક્યાંય રે**
**શરીર ભીતર ખોજીયા તો પ્રભુ દીઠા ત્યાંય રે...(૨)**

ભક્ત અને ભગવાન એકરૂપ થઈ જાય ત્યારે તેમની એકરૂપતાનું, તન્મયતાનું વર્ણન હિન્દી ભાષામાં કરતાં કવિ કહે છે :

**પ્રભુ હમારા દિલમેં સમાયા, પ્રભુ કે રૂપમેં હમ ભી સમાયા**
**પ્રભુ સો હમ હે, હમસે પ્રભુ હે, સત્તા પેક્ષા એક વિભુ રે.**

પ્રભુપ્રેમ પામ્યા પછી આનંદના અશ્રુઓમાં કવિ પોતે ભીંજાયા અને એમાં સકલ વિશ્વના દર્શન કર્યાં.

**તુજ પ્રેમથી અશ્રુ ઝરે એ, અશ્રુનો સાગર કરું**
**એ અશ્રુના સાગર વિશે, ઝીલું ઝીલાવું સર્વને,**
**તવ તેજના અંબરમાં, દુનિયા સકલ જોતો રહું**
**કાયા અને માયા સહુએ તેજ જોતાં છે નહીં...(૧)**

પ્રભુ ભક્તિના રોમે રોમમાં સમાયો છે આવા ભક્તની સેવા કરવાથી કે તેના દર્શન માત્રથી આપણને પ્રભુના દર્શન થાય છે. એ વાત કવિ નીચેની પંક્તિઓમાં તાત્ત્વિક રીતે સમજાવે છે :

**જે ભકતના દિલમાં પ્રવેશી, ભકતમાં ઈશ્વર જુએ**
**જે પ્રાણીઓમાં સિદ્ધતા સત્તા થકી જુવે ખરી,**
**જે સિદ્ધ સત્તા ધ્યાવતો સૌ પ્રાણીઓમાં ધ્યાનથી**
**તે ભકતની ભક્તિ થકી, ઈશ્વર તણી ઝાંખી થતી.**

જે ભક્તના રોમે રોમમાં પ્રભુ પ્રેમની પ્રતીતિ થઈ હોય તેવા ભક્તને કશાનો ભય હોતો નથી.

**પ્રેમ પ્રતીતિ ત્યાં નહીં ભીતિ, પ્રેમભેદ ત્યજાઈ રે**
**પરમ પ્રભુ પુરુષોત્તમ માહરા, રોમ રોમ મહિમાય રે.**

ભક્ત સદા સર્વદા પ્રભુની સાથે જ રહે છે એ અનુભૂતિ કવિ વિવિધ રૂપક દ્વારા સમજાવે છે.

**પ્રભુ સરોવર હંસ તદા હું વારિ યદિ તો મીન.**
**પ્રભુ સાગર તો તરંગ હું છું, પુરુષ પ્રકૃતિ રૂપ બની....(૪)**

સંત કવિ બુદ્ધિસાગરજી પ્રભુકૃપાની ઝંખના અને પ્રભુ પરની શ્રદ્ધા અને ભરોસો નીચેની પંક્તિઓમાં સચોટ રીતે વ્યક્ત થયો છે. તેમાં ભક્તહૃદય લઘુતા અનુભવે છે.

**પ્રભુજી પાલવડો ઝાલીને પાર ઉતારજો રે**
**પ્રભુજી પૂર્ણ ભરુંસો, ત્હારો મન અવરોધો રે,**
**તપ જપ કિરિયા કરી શકું નહીં, પણ તુજ પર પ્રીતિ**
**નિશ્ચય સહી પ્રભુ જેવો તેવો તાહરો, ઝંટ ઉદ્ધાર જો રે.**

પ્રભુમાં રમમાણ થયેલ ભક્તને પ્રભુને પ્રતીતિ થઈ તેનું નિરૂપણ નીચેની પંક્તિઓમાં કવિએ કર્યું છે :

**ત્હારો પ્રભુ, ત્હારો પ્રભુ પ્રેમી હૃદયના વ્હાલમાં,**
**તન્મય બની તવ રૂપમાં રાચી રહું માચી રહું**
**વારી જાઉ ત્હારા ઉપર કુરબાન પ્યાર પ્રાણ રે**
**આંખે થયો આભાસ વ્હાલા, ત્યારથી પહિચાણ છે.**

આમ, શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં અનેક ભજન કાવ્યોમાં પ્રભુ ભક્તિનો મહિમા વિવિધ રીતે વ્યક્ત થયો છે. પ્રભુ ભક્તિના આ નિરૂપણમાં પ્રભુ પ્રત્યે ભક્તનો લઘુતા ભાવ, નમ્રતા ભાવ, પ્રભુને મળવાની ઉત્કટ ઝંખના, તડપ, તલપ, પ્રભુ પ્રીતિનો આનંદ, પ્રભુ સાથે રિસામણાં - મનામણાં, પ્રભુ માટે કુરબાન થવાની આકાંક્ષા વગેરે ભાવોની અભિવ્યક્તિ કાવ્યાત્મક બાનીમાં કરી છે. આ વાણી એક સાદા સરળ અઢારે આલમના કવિ હૃદયની નિર્મળ વાણી છે તેથી સહજતા તથા નિર્મળતાનો ગુણ હૃદયને સ્પર્શી જાય છે.

જૈન સાધુ પરંપરામાં ગુરુનું મહત્ત્વ અતિ વિશેષ પ્રમાણમાં છે. જૈન સાધુકવિઓ પોતાની કૃતિના અંતે ગુરુ પરંપરાનું આલેખન કરે છે. સમગ્ર ભારતીય સાહિત્યમાં ગુરુનું મહત્ત્વ છે, ગુરુનું ગૌરવ કરવાથી પ્રથા છે. અન્ય ભારતીય અને જૈન કવિઓની જેમ શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ પોતાનાં ભજનોમાં ગુરુ મહાત્મ્યની અભિવ્યક્તિ સરળ ભાષામાં કરી છે.

ગુરુ પ્રત્યેની અપાર શ્રદ્ધા અને ગુરુનો મહિમા, વ્યક્ત કરતા નીચેના ભજનમાં કવિ કહે છે :

**ગુરુ વિના કોઈ જ્ઞાન ન પાવે રે, વાંચો પુસ્તક પોથી,**
**પાના ગુરુની શ્રદ્ધા, ગુરુની ભક્તિ, ગુરુ આશા દિલ રાખે.**

ગુરુ ભક્તિનો મહિમા નીચેની પંક્તિઓમાં નિરૂપ્યો છે :

**ગુરુની ભક્તિ સાચવીને તપ જપ સંયમ સહુ કરો,**
**ગુરુ ભક્તિ થકી ભવ્ય જીવો, ભવ સાગરને ઝટ તારો.**

સદ્‌ગુરુની સમક્ષ પોતાની લઘુતા નમ્ર ભાવે કબૂલ કરતાં કવિ કહે છે :

**અહો સદ્‌ગુરુ દુઃખથી તેં ઉગાર્યો**
**ભવોદધિથી સદ્‌ગુરુ તેં જ તાર્યો**
**નમું હું નમું હું હું નમું હસ્ત જોડી**
**લઘુતા સજી, માનની ટેવ મોડી.**

ઉપરની પંક્તિમાં ત્રણ વાર 'નમું હું' કહીને પોતે પોતાનાં 'અહં' (માન) કેવી રીતે મોડ્યો-તોડ્યો એટલે નાશ કર્યો, કારણ કે ભવસાગરમાં દુઃખોથી જે ગુરુએ તાર્યો તેને કવિ નમે છે, નમસ્કાર કરે છે.

આગમ અને અગોચર એવા પરમ તત્ત્વને પામવા માટે ગ્રન્થો ભણવાથી કાંઈ પ્રાપ્ત થતું નથી પણ ગુરુની સહાય દ્વારા જ તે પામી શકાય છે.

**અગમ અગોચર વસ્તુનો રે, વીરલા પામે પન્થ,**
**ગુરુ ગમ વિણ કોઈ, પ્રાણિયા રે, થાકયા ભણીને ગ્રન્થ.**

બુદ્ધિસાગરજીએ ડભોઈમાં ઉપાધ્યાય યશોવિજયજીની પાદુકાનાં દર્શન કર્યાં અને ઉપકારી એવા ગુરુને વંદન કરતાં કવિ લખે છે :

**વંદુ સદ્‌ગુરુના પદપંકજ, યશોવિજય જયકારી રે,**
**ઉપાધ્યાયજી જ્ઞાની ધ્યાની, ભાવદયા ઉપકારી રે.**

પ્રભુનો મેળાપ ગુરુ દ્વારા જ થાય છે એ વાત સંત કબીરે તેમના વિખ્યાત પદમાં સચોટ રીતે સમજાવી છે.

**ગુરુ ગોવિંદ દોનો ખડે, કાકો લાગુ પાય,**
**બલિહારી ગુરુ આપકી ગોવિંદ દીયો બતાય.**

એ જ રીતે કવિ બુદ્ધિસાગરજી ગુરુને વિનંતી કરે છે કે ગુરુ તેમનો મેળાપ પ્રભુ સાથે-અલખ સાથે કરાવી આપો.

ગુરુવા ગુણવંત ગુરુજી પ્રાણથી પ્યારા, આતમના આધારા રે
ગુરુજી પ્રભુને મિલાવો અલખ પ્રભુ ઓળખાવો.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી દઢ રીતે માને છે કે ગુરુ વિના કદી જ્ઞાન મળતું નથી. જ્ઞાની ગુરુને વિનંતી કરે છે પોતાને જ્ઞાન આપો. ગુરુ પ્રત્યે માન અને ગૌરવનો ભાવ સરળ અને સચોટ વાણીમાં વ્યક્ત કર્યો છે.

મારા મન માન્યા ગુરુરાજ જ્ઞાનને આપો રે,
મારા જ્ઞાની ગુરુ ગુણવંત, દિલમાં વ્યાપો રે.

મોક્ષપ્રાપ્તિ માટે ગુરુનું શરણ જ સાચું છે એ વાત બુદ્ધિસાગરજી જ્ઞાનીને હિન્દી ભાષામાં લખાયેલ ભજનમાં સમજાવતાં કહે છે :

કરના જ્ઞાની ગુરુ કા શરણા ગુરુસે હોત ઉગરના,
ગુરુબિન જ્ઞાન મિલે ન કદાપિ, ગુરુબિન હોત ન તરના.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં કુગુરુ ન કરવાની સલાહ કટાક્ષયુક્ત વાણીમાં કરાવે છે. આ ભજનમાં બુદ્ધિસાગરજીની નિર્ભયતાની પ્રતીતિ થાય છે.

સદ્‌ગુરુ કરશો જ્ઞાની લોકો !! સદ્‌ગુરુ કરશો જ્ઞાની
અજ્ઞાની ગુરુ તરે નહીં તારે, જડ મોહી અભિમાની
લોભી, લાલચુ, હઠવાદી બહુ, જૂઠી જેની વાણી
કંચન કામિનીના રાગી, વ્યસની દુર્ગુણ ખાણી
ભક્તિ ઉપાસના કર્મ ન જાણે, કુગુરુની એ એંધાણી
આત્મજ્ઞાનનો અનુભવ નહિ કંઈ, કરતો ધર્મની હાનિ.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી શ્રી સુખસાગર ગુરુગીતામાં ગુરુને બિરદાવે છે અને અપૂર્વ પૂજ્યભાવ નીચેની પંક્તિઓમાં નિરૂપે છે. ગુરુ તીર્થ સમાન છે. તે નમ્રતાપૂર્વક કબૂલે છે.

પગલાં પડ્યાં ત્હારાં અહો, જ્યાં તીર્થ તે મ્હારે સદા
તવ પાદની ધૂલિ થકી ન્હાતો રહું ભાવે મુદા,
તવ પાદપદ્મે લોટતાં પાપો કર્યાં રહેવે નહિ
ત્હેં ચિત્તમાં જે માનીયું તે માન્ય મારે છે સહી.

અને આવા સદ્‌ગુરુ આર્યભૂમિમાં અવતર્યા છે જે ધર્મનો આધાર છે.

આ આર્યભૂમિ તો અમારા પ્રાણનો અવતાર છે,
આ આર્યભૂમિ તો અમારા ધર્મનો આધાર છે.

સદ્‌ગુરુ પ્રત્યેની શ્રદ્ધા બહુ જૂજ ભક્તોમાં હોય છે તે વાત નીચેની ભજન પંક્તિમાં કવિ સમજાવે છે :

**સદ્‌ગુરુ શ્રદ્ધા દુર્લભ, દુર્લભ-ભક્તિ ઉદાર,**
**ગુરુની આજ્ઞા પાળવી, જેવી અસિની ધાર.**

ચોવીશીના સ્તવનમાં ગુરુ પ્રત્યેની અદ્‌ભુત ભક્તિ પ્રકટ કરતાં કવિ લખે છે :

**ગુરુ ગુણ ગાવું, ગુરુ દિલ ધ્યાવું, ગુરુ ગુણ જગમાં છવાયા.**
**ગુરુ કૃપાએ આતમ અનુભવ, પાયા પ્રભુ પ્રકટાયા...નમું**
**સહાય કરો ગુરુ શિષ્યનો પ્રેમે, ગુરુ નામ જાપ જપાયા**
**બુદ્ધિસાગર સદ્‌ગુરુ ધ્યાયા, મહેસાણા ગુણ ગાયા...નમું**

શ્રીમદ્ બુદ્ધિસાગરજી જૈન સંત કવિ હતા તેથી તેમની નજર સમક્ષ બહોળો માનવસમાજ હતો. અને આ માનવસમાજની સમક્ષ તે સમયે જે જે પ્રશ્નો ઊભા હતા અથવા તો સમાજમાં જે બદી પ્રસરેલી હતી તેને દૂર કરવામાં તેમની કવિતાનો અનોખો ફાળો છે એમ ચોક્કસ કહી શકાય. તેમની કવિતા મુખ્યત્વે ઉપદેશપ્રધાન અથવા તો બોધપ્રધાન રહી છે સામાન્ય રીતે જ્યાં જ્યાં બોધ હોય ત્યાં કદાચ લાગણી કે ઊર્મિનો પ્રવાહ ઝાંખો થઈ જાય અને વિચારોનો પ્રવાહ વધારે હોય. બુદ્ધિસાગરજીનાં બોધપ્રધાન કાવ્યોમાં કાંઈક આવું જ થયું છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીના બોધપ્રધાન કાવ્યોમાં નીતિ, ધર્મારાધના, સંસારની અસારતા, જીવનમાં વેરઝેર ભૂલી જવા, માયા-મમતાનાં બંધનો તોડી ચેતનનો વિચાર કરવા વિષે, સમતા, સાચા જૈન બનવા વિશે એવા અનેક વિષયોને વણી લીધા છે અને આ વિષયોની અભિવ્યક્તિમાં ભાષાની સરળતા અને વિચારોની સ્પષ્ટતા ઊડીને આંખે વળગે છે.

નીચેની પંક્તિઓમાં કવિ નીતિના મહત્તા સમજાવતાં કહે છે :

**ઉત્તમ નીતિ, ઉત્તમ નીતિ, નિર્મલ મનડું કરીએ રે,**
**સંકટ પડતાં ધૈર્ય કરીને, જય લક્ષ્મી ઝટ ધરીએ રે.**

વળી બીજા એક ભજનમાં કવિ ધર્મારાધના કરવાનો બોધ આપે છે. ધર્મારાધના કરનારને સાચું સુખ પ્રાપ્ત થાય છે...

**મળ્યા વખતની સાર્થકતા છે, ધર્મ પંથમાં ગાળે રે,**
**સમ્યક્ ભાવે ભણશે ગણશે, તે શિવમંદિર મહાલે રે.**

સંસારમાં માનવે શાંતિ પ્રાપ્ત કરવી હોય તો એકબીજા પ્રત્યે શત્રુભાવ ત્યજીને મૈત્રીભાવ કેળવવો જોઈએ તે વાત નીચેની પંક્તિઓમાં સરળ રીતે સમજાવતાં કવિ લખે છે- મૈત્રીભાવ કેળવવો તે આત્માની કલા છે.

વેરઝેર, નિંદાની ટેવો, આત્મપ્રેમથી શીઘ્ર ટળે રે
શત્રુઓ, મિત્રો ઝટ થાવો, અકળ કળાને કોણ મળે.

ચેતનને-આત્માને સંસારની અસારતા સમજાવી, મમતાનો ત્યાગ કરવા કવિ કહે છે. આ સંસાર સાગર મહાદુઃખનો દરિયો છે. તેને ત્યજી આતમાનો વિચાર કરવાનો ઉપદેશ નીચેની પંક્તિઓમાં કવિ સરળ અને સચોટ વાણીમાં નિરૂપે છે.

તન ધન મંદિર માળિયા, કોઈ સાથ ન આવે,
ચેત ચેત અરે આતમા, કેમ મમતા ધરાવે,
આ સંસાર અસાર છે, જન્મ મૃત્યુથી ભરિયો
રોગ શોકથી વ્યાપ્ત છે, મહાદુઃખનો દરિયો.

માનવનો અહંકાર તદ્દન નિર્માલ્ય છે, ખોટો છે. તેની ક્ષણભંગુરતા નીચેની પંક્તિઓમાં કવિ વર્ણવે છે :

મ્હારું માને ફોગટ પ્રાણી, ત્હારું કોઈ ન થનારું
સગા સંબંધી ગાડી, લાડી અંતે સર્વે જાનારું.

કવિ બુદ્ધિસાગરજીમાં રહેલો નિર્ભયતાનો ગુણ તેમના ભજનની નીચેની પંક્તિઓમાં વ્યક્ત થયો છે. પોતે સાધુ હોવાં છતાં સાધુ સમાજમાં રહેલા દંભ વિશે કટાક્ષ કરતાં લેશમાત્ર અચકાતા નથી પણ સચોટ વાણીમાં કહે છે...

મન સુધર્યા વિણ શીશ મુંડાવે, વેશ પ્રભુનો ભજવે રે,
એક એકના છિદ્ર જ શોધે, મૂઢની આગળ ફાવે રે.

નાદાન વ્યક્તિની સાથે દોસ્તી કરવાથી જીવનમાં અનેક વિપત્તિઓ આવે છે માટે કવિ બોધ આપતાં કહે છે - નાદાનની દોસ્તી ન કરવી. નીચેની પંક્તિઓ આ વિચારની પ્રતીતિ કરાવે છે :

નાદાનની દોસ્તી કદી કરશો નહીં,
નાદાનની સંગત થકી દુઃખો ઘણાં પામો સહી.
નાદાનના મુખ બોલના વિશ્વાસમાં દુઃખો વસે,
વેળા વિપત્તિ આવતાં નાદાના ઝટ દૂરે ખસે.

ક્રોધ ન કરવા વિશે કવિ નીચેની પંક્તિઓમાં બોધ આપતાં કહે છે :

બનીને ક્રોધથી રાતો, બની કાયર વગર સત્વે,
ધરી ને વેર હૈયામાં, પડ્યા પર માર ના પાટુ.

સાચા મિત્રના ગુણો સમજાવતાં કવિ કહે છે કે સાચો મિત્ર પોતાના હૃદયમાં સજ્જનતાના ગુણ ધરીને મિત્રના ગુણોની પ્રશંસા કરે છે. મુસીબતમાં મદદ કરે છે તે જ સાચો મિત્ર કહેવાય છે. આ વાતની પ્રતીતિ નીચેની પંક્તિઓ દ્વારા કવિ કરાવે છે :

**સજ્જનતા મનમાં ધરે, મિત્રોના ગુણ ગાય,**
**સહાય કરે આપત્તિમાં, મિત્ર ખરો તે થાય.**
**ઢાંકે દોષો મિત્રતા, આપે અવસર શીર,**
**ખરો મિત્ર તે જાણવો, ધીર વીર ગંભીર.**

મિત્ર, નારી અને શિષ્ય આ ત્રણેય સુખ આપનાર હોવા જોઈએ પણ જો આ ત્રણેય દુઃખ આપનારા બને તો તે ત્રણેય વિષ સમાન હોય છે. આ વાત કવિ સરળ વાણીમાં સમજાવે છે :

**મિત્ર નારી ને શિષ્ય ત્રણ્ય, સુખ કરનારાં હોય,**
**પણ દુઃખ દેનારાં બને તો, એ સમ વિષ ન કોય.**

સમતા અને સમાધિ બંનેનો સંબંધ અગાઢ છે બંને સુખનો ભંડાર છે અને સમતા વિના સમાધિનું સુખ પ્રાપ્ત થતું નથી એ વાતનો વિચાર કરવાનો બોધ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં સહજ, સ્પષ્ટ અને સરળ વાણીમાં આપે છે :

**સમતા સહજ સમાધિ છે, સમતા સુખ ભંડાર,**
**સમતા વિના સમાધિ નહિ, કરશો ચિત્ત વિચાર.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનું સંતહૃદય ક્ષમા ભાવનાનું આગ્રહી છે. સાદી અને સરળ વાણીમાં ક્ષમા આપતાં કહે છે :

**ગણીને આત્મ તત્ત્વ ભાવે ત્યજીને વેર અન્તરથી,**
**ધરીને ચિત્તમાં વૈરી, ક્ષમા આપી ત્હને સાચી.**

ક્ષમા આપનાર હૃદયમાં કરુણાદૃષ્ટિ રાખી સામેવાળાના દોષોની અવગણના કરી સાચા હૃદયથી કવિ ક્ષમા આપે છે. તે નીચેની પંક્તિઓમાં હૃદયસ્પર્શી બાનીમાં કવિએ ઉપદેશ આપે છે :

**કરુણા દૃષ્ટિ ધારીને, હૃદયના દોષ વારીને,**
**પ્રતિ બદલો નિવારીને, ક્ષમા આપી ત્હને સાચી.**

સામાન્ય રીતે બુદ્ધિસાગરજીનાં મોટા ભાગનાં ભજનો સાંપ્રદાયિક નથી તે છતાં કેટલિક જગ્યાએ પોતે જૈન સાધુ હોવાથી સહજ રીતે સાચા જૈનને બોધ આપે છે. સાથે સાથે કટાક્ષ પણ કરી લે છે. સાચો શ્રાવક કદી દેવદ્રવ્યનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે કરતો નથી. જૈન કુળમાં જન્મ લેવા છતાં જે ગુરુની પાસે જતો નથી તે સાચો જૈન નથી; એવો કટાક્ષ સહજ રીતે કવિ નીચેની પંક્તિઓમાં કરે છે :

**સાચો શ્રાવક તે નહિ, દેવદ્રવ્યને ખાય,**
**નામ ધરાવી જૈનનું, ગુરુ પાસ ન જાય.**

બુદ્ધિસાગરજી જૈનોને પ્રભુ મહાવીરના સિદ્ધાંતો પર ચાલી સાચા અર્થમાં જૈન બનવાનો ઉપદેશ આપે છે. તેમની આ ભજનાવલિમાં વર્તમાન જૈનો પ્રત્યે કટાક્ષનો રણકો સંભળાય છે :

**જિનેન્દ્રોનું કહ્યું સમજો, જિનેન્દ્રોની ગતિ પકડો,**
**પરસ્પર સહાય આપીને, બનો બહાદુર સકલ જૈનો.**
**ધરીને જન્મ જૈનોનો, પ્રભુનો માર્ગ ઉદ્ધરવો,**
**ક્રિયા ને જ્ઞાન બે નયથી...બનો.**

સાધુ સમાજ પર તીવ્ર કટાક્ષ કરતાં કવિ કહે છે :

**હવે ચેતો સૂરીવર્યો - ઉપાધ્યાયો જ પંન્યાસો**
**મુનિવર્યો હવે ચેતો...બનો.**

જૈન ધર્મમાં એક સમયે સાધ્વીજીઓનું ગૌરવ અતિ ભવ્ય અને ઉચ્ચ હતું, પણ વર્તમાનમાં તે ક્ષીણ થયું હોવાથી તેઓ સાધ્વીજીઓને જ્ઞાનમાર્ગે જવાનો બોધ આપે છે.

**શુભંકર સાધ્વીઓ જાગો, વિદૂષીઓ બનો જ્ઞાને**
**કુસંપોને તજી સઘળા...બનો.**

તેમના સમયમાં ભારતદેશમાં અનેક સામાજિક દૂષણો પ્રવર્તમાન હતા. ખાસ કરીને કન્યા વિક્રય, બાળલગ્ન, વિધવા વિવાહ વગેરે. આ પ્રશ્નોને પણ કવિએ પોતાનાં કાવ્યોમાં સહજ અને સરળ બાનીમાં ગૂંથી લઈ ઉપદેશ આપ્યો છે.

બાળલગ્ન ન કરવા વિશે શ્રીમદ્ નીચેની પંક્તિઓમાં બોધ આપે છે :

**બાળ લગ્નથી દેહવીર્યમાં, અનેક દોષો ઝટ પ્રગટાય**
**ફલ બેસે એવો જે હેતુ, બાલ મૈથુને વિણસી જાય.**
**બાળલગ્નના હોમે હોમાતાં ઘણાં,**
**ભારતમાંહી બાળાઓને બાળ જો,**
**ભારતની પડતી થઈ તેથી લખગુણી,**
**બેઠો જન સંખ્યા લક્ષ્મી પર કાપ જો.**

બાળલગ્નને કારણે નાની નાની કન્યાઓનાં જીવન હોમાઈ જતાં અને વસ્તીવધારો અનેક ગણો થવાને કારણે ભારતદેશની પડતી થઈ. વસ્તીવધારાને કારણે અનેક પ્રકારના આર્થિક પ્રશ્નો ઊભા થયા. એટલે આર્થિક પરિસ્થિતિ નબળી પડી. આ વાત શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ ઘણા સમય પહેલાં કરી હતી.

જે પ્રજા, જે કોમ સ્ત્રીઓને સતાવે છે અને દુઃખ આપે છે તે કોમની પડતી થાય છે માટે સ્ત્રીઓ ઉપર જુલમ ન કરવાનો બોધ તેઓ સરળ વાણીમાં નીચેની પંક્તિઓમાં આપે છે :

**અબળાઓ પર જુલમ કરો નહિ, સંતાપો નહિ. અબલા જાત,**
**અબળાઓને દુઃખો દેતાં, દેશ કોમ પડતી સાક્ષાત.**

કન્યા અને વરનો વિક્રય ભારત દેશની ઘણી ન્યાતોમાં થતો એવી કોમમાં વીર પુરુષો નહિ પાકે અને એવી કોમની પડતી થશે એવી ભવિષ્યવાણી તેમણે નીચેની પંક્તિઓમાં ભાખી છે:

**વરનો વિક્રય કરનારાની કોમમાં**
**ભક્તશૂર નહિ પાકે નરનો નાર જો,**
**અબળા બાળાના શાપો જ્યાં બહુ પડે,**
**તન મન ધનની પડતી ત્યાં નિર્ધાર જો.**

ભારતની તે સમયની સામાજિક પરિસ્થિતિનું એક બહુ મોટું દૂષણ એ હતું કે નાની કન્યાઓનાં લગ્ન તેનાથી અનેક ગણા વૃદ્ધ પુરુષ સાથે કરવામાં આવતાં. આ એક અતિ દયાજનક પરિસ્થિતિ હતી. સાથે સાથે અનેક કોમમાં કન્યાઓને દૂધપીતી કરી તેની હત્યા પણ કરી નાખવામાં આવતી. તેનું વર્ણન કરતાં કવિ તેમ ન કરવાનો ઉપદેશ આપે છે :

**વૃદ્ધોની સાથે બાળાના લગ્નથી**
**વ્યભિચારનું વધતું નિશદિન પાપ જો,**
**બાલહત્યા ભારતમાં વધતી ઘણી,**
**માબાપોને બાળાઓ દે શાપ જો.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજી દેશની આબાદી માટે એક સુંદર અને સ્વસ્થ ઉપાય બતાવી સંસારના સર્વ ક્લેશો દૂર કરવાનો બોધ નીચેની પંક્તિઓમાં આપે છે :

**બ્રહ્મચર્ય ગુરુકુળને સ્થાપો, ઊર્ધ્વરીત બ્રહ્મચારી વેશ,**
**પ્રગટાવો આબાદી માટે, જેથી નાસે સઘળા ક્લેશ.**

કોઈ પણ પ્રજાએ પોતાના વિકાસ માટે આળસ ન રાખતાં, શિથિલ ન બનતાં, શૂરવીર બની, ભાવિ દિશામાં કાર્યશીલ રહેવું જોઈએ એવો બોધ કવિ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં આપે છે :

**આગળ સદા પગલાં ભરો, પાછા રહો નહિ ઊંઘથી,**
**કદી ઢીલથી ઢીલા બનો ના, શૂરવીરતા દાખવો.**
**ભાવિ હવે થાશે સહુ, વા કર્મ જેવું તે થશે,**
**બોલો નહિ ઢીલાં વચન, ઉદ્યમ થકી આગળ વધો.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં ભજનકાવ્યોમાં અઢારે આલમના આમજનો માટે બોધ ભર્યો છે. તેઓ એક સેવાભાવી જૈન સંત હોવાથી તેમના ઉપદેશમાં આચારવિચારોની શુદ્ધિ પર તેઓ ભાર મૂકે તે સ્વાભાવિક છે. તેમનાં ભજન કાવ્યોમાં વ્યક્ત થતા ઉપદેશમાં સ્ત્રીઓ વિશેના, બાળલગ્નો વિશેના અને વૃદ્ધ લગ્નો વિશેના પ્રશ્નો પર ક્યાંક ક્યાંક સાદો સરળ તો ક્યાંક ક્યાંક કટાક્ષમય વાણી દ્વારા સચોટ અભિવ્યક્તિ સાધી છે. તે છતાં એક વાત અચૂક અહીં નોંધવી પડે કે આ રીતે ઉપદેશ આપવા જવાં કાવ્યત્વને હાનિ જરૂર પહોંચી છે. છતાં તેમનાં ભજનો સુકુમારતા, સરળતા અને ગેયતાને લીધે હૃદયસ્પર્શી અને મધુર બની શક્યાં છે.

બુદ્ધિસાગરજીનાં બોધપ્રધાન ભજન કાવ્યોમાંનાં કેટલાંક તો ખાસ જૈનો માટે જ લખાયેલાં છે અને મોટા ભાગનાં આમજનતા માટે લખાયેલાં છે.

તે સમયના ભારતદેશમાં પ્રવર્તતી સામાજિક રૂઢિઓનો તેમણે કડક વિરોધ કર્યો હતો. પ્રજાએ પોતાના સુખ માટે શું શું કરવું જોઈએ. તે માટે શ્રીમદ્ બુદ્ધિસાગરની એક અર્વાચીન સુધારકની દૃષ્ટિએ ઉપદેશ આપ્યો છે. તેઓ માનતા હતા કે ભાવિ પ્રજાએ વિદ્યા કળા-કારીગરી અને હુન્નરને મહત્ત્વ આપવું પડશે. તેમના આ ઉપદેશની આપણે વર્તમાનમાં પ્રતીતિ કરી રહ્યા છીએ.

દારૂ, ગાંજો, વ્યભિચાર, સટ્ટો, ભાંગ વગેરે બદીઓથી આજે વર્તમાન યુગનો સમાજ ખદીબદી રહ્યો છે તેને દૂર કરવા પર શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ સવાસો વર્ષ પૂર્વે ભાર મૂક્યો હતો.

સમગ્ર રીતે જોતાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં ઉપદેશપ્રધાન કાવ્યોની વિચારણા કરતાં તેમનો ઉપદેશક કવિ તરીકેનું સ્થાન ઊંચું જરૂર ગણી શકાય.

**શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં કાવ્યોમાં અધ્યાત્મજ્ઞાન :**

સમગ્ર જૈન કાવ્ય સાહિત્ય અને મધ્યકાલીન કાવ્ય સાહિત્યનો પ્રધાન સૂર ધર્મ રહ્યો છે અને સંત કવિઓએ આત્મા પરમાત્મા વિષયક અધ્યાત્મ જ્ઞાનની તેમનાં કાવ્યોમાં પ્રતીતિ કરાવી છે. એ જ રીતે શ્રીમદ્ બુદ્ધિસાગરજીની કવિતામાં અધ્યાત્મજ્ઞાન ભરપૂર પ્રમાણમાં ભરેલું છે. તેઓ સંત કવિ હોવાથી તેમનું ધ્યેય મુખ્યત્વે ત્યાગ, વૈરાગ્ય અને સંયમ દ્વારા આત્મતત્ત્વને શોધવું, પામવું અને અલખની પ્રતીતિ કરવી. બુદ્ધિસાગરજીએ રચેલાં ભજનકાવ્યોનો મુખ્ય વિષય આત્મા પરમાત્માનો સંબંધ, પ્રભુના અકળ રૂપને પામવાની ઝંખના, નિરાકાર રૂપને પામવાની પ્રતીતિ, અગમ અગોચર એવા પરમાત્માનો સાક્ષાત્કાર અને અધ્યાત્મજ્ઞાનની આસપાસ ગૂંથાયેલો છે. આત્મોદ્ધારક, યોગનિષ્ઠ બુદ્ધિસાગરજીના અગિયાર ભાગમાં લખાયેલાં હજારો ભજનોનો પ્રધાન સૂર **'આત્મજ્ઞાન દ્વારા જ આત્માની ઉન્નતિ છે'**. એમ અવલોકાય છે.

અધ્યાત્મનો યાત્રિક હું-તુંનો ભેદ ભૂલે તો જ તે અલખ દશાની પ્રાપ્તિ કરી શકે છે. એ વાતની પ્રતીતિ કવિ નીચેની પંક્તિઓમાં કરાવે છે :

**અલખની અવધૂત દશામાં, જગનું સર્વ ભુલાયું,**
**હું-તુંનો સહુ ભેદ ગયો દૂર, ભૂલ્યો સહુ મિથ્યા ગાયું.**

અલખને પામવા માટે માયાને ત્યજી દેવાની વાત કરે છે, કારણ કે માયા દુઃખ દેનારી છે એ વાત નીચેની પંક્તિઓમાં નિરૂપે છે :

**દુઃખ દેનારા માયા દેશો, માયા દુઃખની છે ક્યારી,**
**સુરતા સાધો અલખ દેશમાં, અલખ દેશની બલિહારી.**

પ્રભુનું અકળ રૂપ વૈખરી વાણીથી વર્ણવવું મુશ્કેલ છે. તેની તો માત્ર અનુભૂતિ જ કરી શકાય. નીચેની પંક્તિઓમાં આ ભાવનાનું હૃદયસ્પર્શી આલેખન કવિએ કર્યું છે.

**પ્રભુ તુજ અકળ રૂપ મહા-ભારી, અલખ અલખ જયકારી,**
**વૈખરી ભાષાથી ન કથાતું, અનુભવ એ નિર્ધારી.**

સર્વ સ્વરૂપી સર્વથી ન્યારા એવા નિરાકાર, નિરંજન પ્રભુના સ્વરૂપની આ અનુભૂતિ સમાધિ દ્વારા કરી શકાય છે તે નીચેની પંક્તિઓમાં કવિ વર્ણવે છે :

**નિરાકાર સાકાર સ્વરૂપી, સહજાનંદની ક્યારી,**
**સર્વ સ્વરૂપી સર્વથી ન્યારો, ભાસે સમાધિ મઝારી.**

પ્રભુનું નામ અને પ્રભુનું સ્વરૂપ શબ્દો દ્વારા લખી શકાતું નથી. આ સંસારમાં પ્રભુનું નામ તો ત્યાગી, વિરાગી યોગી પુરુષો જ જાણી શકે છે. તે વાતની પ્રતીતિ કવિ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં કરાવે છે :

**તારું નામ, રૂપ ન લખાય, પરમદેવ આતમા,**
**ત્હને નિશદિન યોગીઓ, ગાય પરમ દેવતા.**

પરમતત્ત્વને પામવા માટે આત્માએ માયાનો ત્યાગ કરવો જોઈએ. કારણ કે માયા માનવની ખુવારી કરે છે - નાશ કરે છે. કવિ નીચેની પંક્તિઓમાં મોહમયી માયાના આ સ્વરૂપને વર્ણવે છે :

**આતમ છોડ દે મોહ કી યારી, મોહ કી યારી સે દુઃખ ભારી,**
**બહોત ભરી હૈ ખુવારી...**

આત્મા, અમર, અજર અને અવિનાશી છે, દેહ નાશવંત છે તેથી બ્રહ્મ સ્વરૂપ-પરમાત્મા સ્વરૂપને પામવા માટે અમે સત્યને માર્ગ ચાલીશું અને ભયરૂપી ચંચળતાનો ત્યાગ કરીશું. આવું ઉચ્ચ કક્ષાનું તત્ત્વજ્ઞાન કવિ નીચેની પંક્તિઓમાં સરળ વાણીમાં સચોટ રીતે વ્યક્ત કરે છે.

**અલખ અમે ન ક્યારે મરશું,**
**અજ અવિનાશી અજર અમર બ્રહ્મ સ્વરૂપ સમરશું.**
**દેહ પ્રાણ પંચભૂતમાં ભળશે, કામ અમે નિજ કરશું.**
**સત્યને છાંડી જૂઠું ન કરશું, ભય ચંચળતા ન ધરશું.**

અજર અવિનાશી અલખ અને અરૂપી એવા પરમતત્ત્વને પામવા માટે જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. બ્રહ્મરૂપ જ્ઞાન દ્વારા સ્પષ્ટ થાય છે અને અજ્ઞાન રૂપી અંધકાર દૂર થાય છે. હિંદી ખડી બોલીમાં આ તત્ત્વજ્ઞાન કવિએ નીચેની પંક્તિઓમાં નિરૂપ્યું છે :

**અજ અવિનાશી અલખ અરૂપી, જ્ઞાન એ હૈ ઉજિયારા,**
**બુદ્ધિસાગર પર બ્રહ્મ તુમ, મિટ ગયા અબ અંધિયારા.**

કવિ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં પરમાત્માનું સ્વરૂપ અતિ ઉચ્ચ કક્ષાની તાત્ત્વિક પરિભાષામાં વર્ણવે છે. પરમાત્માનું સ્વરૂપ અવિનાશી, અખંડ, અજરામર તથા ચિત્તને આનંદ અને સુખ આપનારું છે. આત્મા અને પરમાત્મા બંને એક જ છે.

**શુદ્ધ બુદ્ધ પરમાત્મા, અવિનાશી નિદ્રુપ**
**અખંડ અજરામર વિભુ, ચિદાનંદ સુખરૂપ.**
**આતમ તે પરમાત્મા જેવા સિદ્ધ મઝાર**
**તેવો હું છું આતમા, ફેરફાર નહીં ધાર.**
**પરમાતમ તે હું સદા, સિદ્ધ બુદ્ધનો ભાઈ**
**સોહં સોહં અનુભવે, સાચી હોય સગાઈ.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજી એક યોગનિષ્ઠ આચાર્ય હતા. તેઓ યોગવિદ્યા અને ધ્યાનમાં અત્યંત નિપુણ હતા. બ્રહ્મરૂપની પ્રાપ્તિ-પરમાત્માની પ્રાપ્તિ ચિદાનંદ સ્વરૂપે, અલખની અવધૂત દશામાં કરી શકાય છે એવી અનુભૂતિ નીચેની પંક્તિઓમાં કવિ વર્ણવે છે :

**શુદ્ધ ચિદ્‌ઘનરૂપને ધ્યાવું રે, શુદ્ધ ચિદ્‌ઘનરંગને ધ્યાવું રે,**
**કામને મારી મોહને હઠાવી બ્રહ્મરૂપ હોઈ જાઉં રે.**

અલખની દશા અવધૂતની દશા જેવી હોય છે. તેને પામવા માટે મોહદશાનો ત્યાગ કરી અનહદના ધ્યાનમાં લીન થવું પડે છે. તે ભાવનું આલેખન કવિ શ્રીમદ્ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં કરે છે :

**અલખની અવધૂત દશામાં, ક્યાંઈ ન જાવું આવ્યું રે,**
**અનહદ તુર બજાવી ધ્યાને, મોહનું જોર હઠાવું રે.**

અલખની અવધૂત દશાનો અનહદ આનંદ પામવા માટે સર્વ નાડીઓ ઈડા, પિંગલા, સુષુમ્ણા વશ થાય છે અને ધ્યાન સમાધિમાં આત્મા બ્રહ્મરૂપ થાય છે. આ પ્રકારની તાત્ત્વિક અનુભૂતિ એક ધ્યાની તત્ત્વજ્ઞાની પરિભાષામાં નીચેની પંક્તિઓમાં આલેખે છે :

**સુરતા લાગી કબૂ ન છૂટે, પ્રભુ મને હરખાવું રે,**
**ઈડા પિંગલે સુષુમ્ણા સાધી, બ્રહ્મ રંધ્રમાં જાવું રે.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ આલેખેલાં ભજનોમાં અલખની અનેરી ખુમારીનાં દર્શન થાય છે. કવિ નીચેના ભજનમાં બાહ્યવૃત્તિમાંથી નિવૃત્ત થઈને સ્વાત્મલક્ષમાં ઊંડા ઊતરીને આત્મભાવની ઉચ્ચ પરાકાષ્ઠા પર પહોંચી જાય છે. આત્મખુમારી અને યોગના તત્ત્વજ્ઞાનને કવિ નીચેની પંક્તિઓમાં અતિ ઉત્કટતાપૂર્વક આલેખે છે :

**દેહ તંબૂરો સાત ધાતુનો, રચના તેની લેશ બની;**
**ઈડા પિંગળા અને સુષુમ્ણા, નાડીની શોભા અજબ ઘણી.**
**દેહ તંબૂરો અલખધૂનમાં પરા પશ્યંતી વાગે,**
**જાગૃત તુર્યાવસ્થામાંહી, ચેતન યથાક્રમે જાગે.**
**દેહ તંબૂરો વગાડનારો, ચિદાનંદ ઘટમાં જાગે,**
**બુદ્ધિસાગર અલખ ધૂનમાં, અનંત સુખ છે વૈરાગે.**

બુદ્ધિસાગરજી મન ત્યાગી અને વૈરાગીનું મન હતું. અલખમસ્ત ઓલિયા અવધૂતનો આત્મા પરમાત્મને પામવા દીવાનો બન્યો છે. તે દુનિયાની પરવાહ કરતો નથી તે વાત નીચે આપેલ હિન્દી ભજનમાં હૃદયસ્પર્શી અને સચોટ બાનીમાં વ્યક્ત કર્યું છે.

**ભયે હમ આતમ મસ્ત દીવાના**
**દુનિયા કી નહિ હમકુ પરવાહ**
**સબ જગ નાટક માના.**

અને આવા અવધૂતની ઓળખ તો કોઈ જ્ઞાનીને જ થાય, તે વાત નીચેની પંક્તિઓમાં કવિ નિરૂપે છે :

બ્રહ્મરૂપ નીરખવા માટે બ્રહ્મજ્ઞાની બની પરમાર્થ દૃષ્ટિ કેળવવી પડે છે. નીચેની પંક્તિઓ આ ભાવની પ્રતીતિ કરાવે છે :

**જો બ્રહ્મજ્ઞાની હોવશો, તો બ્રહ્મ રૂપે દેખશો,**
**પરમાર્થ દૃષ્ટિ જો હશે તો તે જ રૂપે પેખશો.**

કાયાની માયા છોડીને આ ભવફેરામાંથી મુક્ત થઈને અલખનિરંજનનું ધ્યાન ધરવાની વાત સંત કવિ નીચેની પંક્તિઓમાં કાવ્યાત્મક રીતે સમજાવે છે :

**અલખનિરંજન આત્મજયોતિ સંતો તેનું ધ્યાન ધરો,**
**આ રે કાયા ઘટ આતમ હીરો, ભૂલે ક્યાં ભવમાંહી ફેરો !!**

માયારૂપી તાળાં ખૂલી જાય છે ત્યારે અલખના આગમરૂપનાં દર્શન થાય છે અને સાચું અંતર્ધન પ્રાપ્ત થાય છે. નીચેની પંક્તિઓમાં કવિ બુદ્ધિસાગરજી અગમનાં દર્શનની વાત હૃદયસ્પર્શી બાનીમાં નિરૂપે છે :

**અલખ લહેરો લાગી રે, અગમરૂપ દર્શાયુ,**
**માયાનાં તાળાં ખુલ્યાં રે, અંતર્ધન પરખાયું.**

આત્મોદ્ધારક, યોગ અને અધ્યાત્મ યોગી કવિ નીચેની પંક્તિઓમાં યોગવિદ્યાનું મહત્ત્વ એક તત્ત્વજ્ઞાની વાણીમાં સમજાવતાં લખે છે :

**યોગ વિદ્યાતણું ધામ ચેતન પ્રભુ, શક્તિ સિદ્ધો સામી રહી પ્રકાશી,**
**યોગવિદ્ માનવી ચિત્તમાં ધ્યાનથી - પિંડ બ્રહ્માંડ ભાવો વિલાસી.**

યોગરૂપી ચિંતામણિ રત્નનું મહત્ત્વ નીચેની પંક્તિઓમાં યોગનિષ્ઠ આચાર્ય કવિ બુદ્ધિસાગરજી અર્થઘન શબ્દોમાં નિરૂપે છે :

**સર્વ શક્તિ ઘણી, યોગચિન્તામણી, યોગના પગથિયે પાદ મૂકો,**
**અષ્ટ છે પગથિયા યોગના આતમા - પામી અવસર કદી ન ચૂકો.**

આત્મા રૂપી હંસ અલખ સ્વરૂપી છે. ચેતન અને બ્રહ્મસ્વરૂપીને પામવા માટે જ્ઞાનનો આધાર છે. તું તે હું છું અને હું છું તે તું છે. આત્મા-પરમાત્માની એકતા સોહમ સોહમની ભાવનાનું આલેખન કવિએ નીચેની પંક્તિઓમાં કર્યું છે :

**અનુભવના પ્યાસી તું હંસા, અલખ સ્વરૂપી છે નિર્ધાર,**
**સોહમ સોહમ્ ચિન્મય ચેતન બ્રહ્મસ્વરૂપી જ્ઞાનાધાર.**

આત્મજ્ઞાની અવધૂત યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી નીચેના ઉત્તમ ભજનમાં પોતાનો સાચો દેશ, સાચું નામ, સાચું સ્થાન, સાચો આશ્રય વર્ણવતાં કહે છે :

**અલખ હમારા દેશ ખરા હૈ, અલખ હમારા નામા હૈ !**
**સિદ્ધ સ્થાન હે સત્ય હમારા - આશ્રય આતમ રામા હૈ !**
**અસલ ફકીરી અલખ વેશમેં - સદા ચિત્ત મસ્તાના હૈ !**
**અલખ ધૂનથી હમ રંગાયા - જ્ઞાને સદા ગુલતાના હૈ.**

સરળ અને સહજ તથા નિર્ભેળ વાણીમાં કવિ આત્મારૂપી હંસને અલખરૂપી ઝળહળ અપાર જ્યોતિર્મય પ્રદેશમાં વિચરવાનું નીચેની પંક્તિઓમાં કવિ નિરૂપે છે :

**હંસા ચલો રે અલખ નિજ દેશમાંજી, જ્યાં છે ઝળહળ જ્યોતિ અપાર,**
**હંસા વિના વાદળ ચમકે વીજળી જી, નહિ જ્યાં અવરતણો આધાર.**

આવા અવધૂતને ખલકમાંથી અલખની શોધ પ્રાપ્ત થઈ અને ઝળહળ જ્યોતિનાં દર્શન થયાં. સત્યરૂપી મોતી મળ્યું. નીચેની પંક્તિઓમાં કવિ અલખની આ શોધ આલેખે છે :

**જાગી ઝળહળ જ્યોતિ રે, શોધી લીધું સત્ય મોતી**
**ખલકમાં અલખને રે, કાઢ્યો મેં તો ઝટ ગોતી.**

પરમાત્મારૂપી અલબેલાને કવિ આત્માએ પારખ્યો ત્યારે અનેરી જ્યોતિનાં દર્શન થયાં.

**ઝળહળ જ્યોતિ જાગી રે, ગગન ગઢ ઠેરાણી,**
**અલબેલાને પરખ્યો રે, જ્યોતિમાં જ્યોતિ સમાણી.**

જેના આત્માને આત્મજ્ઞાન પ્રાપ્ત થયું છે, જેણે યોગનું દર્શન કર્યું છે અને જેનો આત્મા વૈરાગ્ય રસથી તરબોળ છે એવા બુદ્ધિસાગરજીનું હૃદય પરમાત્મ સ્વરૂપની ઝાંખી કરે છે. મમતા

ત્યજી મુસાફરખાના સમા આ જગતનો ત્યાગ કરી. જ્યાં સ્થિર વાસ મળે ત્યાં વાસ કરવાની તત્ત્વજ્ઞાન ભરપૂર વાત નીચેની પંક્તિઓમાં આલેખે છે :

**જગત મુસાફરખાનું છે, મુસાફર જીવ જાણો,**
**સ્થિરતા વાસ ન લેશ છે, ફોકટ મમતા તાણો.**

પરમાત્માની શોધ કરવા અધ્યાત્મ યોગીએ દરેક પ્રયત્ન કર્યા પણ પરમાત્મા રૂપી ચેતન તો પોતાનામાં જ વસેલો છે એ ભાવની પ્રતીતિ કવિ નીચેની પંક્તિઓમાં કરાવે છે :

**નાભિકમલમાં સુરતા સાધી, ગગનગુફામાં વાસ કર્યો,**
**ભુલાણી સૌ દુનિયાદારી, ચેતન નિજ ઘરમાંહી ઠર્યો.**

પરમાત્માને, અલખ નિરંજનને પામ્યા પછી જગતનાં સર્વ સુખો તુચ્છ બની જાય છે. ઈન્દ્રાસન મળે તો પણ ભક્તને માન્ય નથી. અરે એણે તો વંદન-પૂજન પણ ત્યજી દીધું. અલખ નિરંજન - પરમાત્મ રૂપી સ્વામી પ્રાપ્ત થયાનો આનંદ જલધિમાં જલબિંદુ સમાવવા બરોબર છે. તે વાતનું નિરૂપણ નીચેની પંક્તિઓમાં કવિ કરે છે :

**ઈન્દ્રાસનની પણ નહિ પરવા, વંદન પૂજન માન ટાળ્યું,**
**અલખ નિરંજન સ્વામિ મળીઓ, જલબિંદુ જલધિમાં ભળ્યું.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં અનેક ભજનોમાં (ગઝલોમાં) અલખના આનંદની મસ્તીમાં ફકીરીની મસ્ત દશાનું નિરૂપણ સચોટ રીતે જોવા મળે છે.

અલખનું અકલ સ્વરૂપ નિહાળવા કવિએ દેહભાવની મમતાનો ત્યાગ કર્યો. ફક્ત નિરંજનને પામવાનો નિરધાર કર્યો અને ફકીરી વેશ ધારણ કર્યો છે. આ વાતની પ્રતીતિ નીચેની પંક્તિઓ કરાવે છે :

**ત્યજાઈ દેહની મમતા, નિરંજન નિત્ય નિર્ધાર્યો**
**અકલ ત્હારું સ્વરૂપ જોવા, ફકીરી વેશ લીધો મ્હેં !**

અધ્યાત્મ જ્ઞાનની સાચી દશાને સમજ્યા વિના કેટલાક શુષ્કજ્ઞાનીઓ બાહ્ય ક્રિયાઓનો ત્યાગ કરે છે, જપ-તપ કરે છે. કવિ બુદ્ધિસાગરજી આત્મજ્ઞાનીઓને સાચા અર્થમાં કર્મયોગી બનવાનું નીચેની પંક્તિઓમાં કહે છે :

**આતમધર્મ હે ન્યારા, સાધુ ભાઈ આતમ -**
**મનવાણી કાયા સે ન્યારા - નિરંજન - નિરાકારા,**
**તપ જપ વ્રત સે ભિન્ન અપારા - જહાં નહિ મોહ પસારા - સાધુ...**

બ્રહ્માનંદ ચિદાનંદમય પ્રભુને નીરખીને ભક્તહૃદયનો આત્મા મસ્તાનો થયો. આત્માએ આનંદનું નૂર અને અમીરસનું પાન કર્યું. આવા મસ્ત આનંદની અનુભૂતિનું આલેખન કવિ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં તત્ત્વમય હિન્દી બાનીમાં કરાવે છે :

**મેરા આતમ આનંદ નૂર, અમીરસ છાય રહા,**
**હમ લાલન મસ્ત ફકીર, અમીરસ પાન લહા.**
**બ્રહ્મચિદાનંદમય પ્રભુ રે, નિરખી હુઆ મસ્તાના,**
**બુદ્ધિસાગર આતમમેં રે, હુઆ પરમ ગુલ્તાના.**

આત્મસમાધિના યોગે પ્રકટેલી ભાવનાનું પ્રતિબિંબ તેમનાં અનેક ભજનોમાં પડેલ છે. આત્મધર્મનું સ્વરૂપ કવિ નીચેના ભજનમાં સમજાવે છે :

**આતમ ધર્મ હૈ ન્યારા - સાધુભાઈ આતમ**
**મનવાણી કાયા સે ન્યારા - નિરંજન નિરાકારા.**

જીવન ક્ષણભંગુર છે પણ આત્મા તો અમર અવિનાશી છે તેથી નશ્વર દેહ નાશ પામે ત્યારે આત્માની અમરતાનો વિચાર કરી આતમાના રૂપને સાચી રીતે સમજી મૃત્યુ પાછળ રડવું જોઈએ નહીં. એ જ્ઞાન નીચેની પંક્તિઓમાં સરળ રીતે કવિ નિરૂપે છે :

**અજ અવિનાશી હું આતમા - મને કોઈ ન રોશો,**
**ઓળખવો મને જ્ઞાનથી, આપો આપને જોશો.**
**આતમરૂપને ઓળખો કોના માર્યા ન મરશો.**

મૃત્યુને મહોત્સવ માનવાની આત્માની અમરતા કવિ નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**શરીર બદલે, તું તો અમર છે, નિર્ભય જ્ઞાને રહેશો,**
**મૃત્યુ તે તો મહોત્સવ સરખું, માન અલખ પદ લેશો.**
**શરીર જામા પહેર્યાં બદલ્યા - પણ તું નિત્ય સુહાયો,**
**સાક્ષી જ્ઞાને દેખો જાણો બ્રહ્મમાં બ્રહ્મ સમાયો.**

આત્માનો નાશ કદી થતો નથી. આત્માની નિર્ભય થવાની વાત કવિ નીચેની પંક્તિઓમાં નિરૂપે છે :

**નિર્ભય તું છે આતમા - નાશ ત્હારો ન થાતો,**
**બનવાનું સૌ બને જતું. કેમ મન ગભરાતો - નિર્ભય.**

અલક્ષ્ય આત્માના સ્વરૂપને કવિ ભગવત્ ગીતાની પરિભાષામાં નિરૂપી ઉચ્ચ કક્ષાનું તત્ત્વજ્ઞાન નિરૂપે છે.

**આતમ અકલ કલા ત્હારી, ત્હારી અલખ ગતિ ન્યારી,**
**નહિ તું માયા - નહિ તું કાયા, નહિ તું પવન ને પાણી રે**
**નહિ તું પૃથ્વી નહિ તું અગ્નિ, નહિ આકાર નિશાની રે.**

આમ, સમગ્ર રીત જોતાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ પોતાના જીવનકાળ દરમિયાન અધ્યાત્મનો જે વિકાસ સાધ્યો, પરમાત્માને પામવાનો જે માર્ગ તેમણે અપનાવ્યો તે અનુભૂતિનું તાત્ત્વિક

નિરૂપણ તેમણે પોતાનાં અનેક ભજનોમાં કર્યું છે. શ્રીમદ્ બુદ્ધિસાગરે રચેલા સ્વાનુભાવના, અલખમસ્ત દશાનાં ભજનોમાં એક અવધુતની મસ્ત દશાની પ્રતીતિ થાય છે.

ગુરુદેવનાં ભજનો એક તરફ અઢારે આલમના લોકો માટે સહજ સરળ વાણીમાં લખાયેલાં ભજનો છે તો બીજી તરફ અલખ-અજર-અમર અવિનાશી અકળ એવા પરમતત્ત્વની શોધને પામવા માટે ઝંખતા આત્માની ફિલસૂફીભરી બાનીમાં લખાયેલાં ભજન કાવ્યો છે. તેમણે રચેલાં ભજનોમાં કવિતા અને તત્ત્વજ્ઞાનનો સુંદર સમન્વય કેટલાંક ભજનોમાં થયેલો જોવા મળે છે તો કેટલાંક ભજનોમાં તત્ત્વજ્ઞાનના ભારથી કાવ્યતત્ત્વને હાનિ પહોંચી છે. તેઓ તત્ત્વજ્ઞાની કવિ હોવાથી તેમના તત્ત્વભરપૂર કાવ્યો પણ કલ્પના અને ઊર્મિતત્ત્વથી ભર્યાં ભર્યાં છે. તેનું દૃષ્ટાંત નીચેના ભજનપદમાં પ્રાપ્ત થાય છે :

**હંસા અલખપ્રદેશે મહાલવું જી, હંસા ઘટમાં લગાવી ધ્યાન રે**
**હંસા નિર્મળ જ્યોતિ ઝગમગે જી, હંસા કીજે અમૃત પાન,**
**હંસા જોગીડો જગાવે જોગ જ્ઞાનથી જી, હંસા જ્યાં નહિ ભેદ પ્રચાર રે,**
**હંસા અનહદ આનંદ જોગ જી, હંસા વિસરે દુઃખ અપારો.**

ઉપરના ભજનમાં ઉચ્ચમાં ઉચ્ચ કક્ષાનું તત્ત્વજ્ઞાન અતિ સુંદર કાવ્યાત્મક રીતે કવિએ અભિવ્યક્ત કર્યું છે. આવાં અનેક ભજનોમાં શ્રીમદ્‌ની કાવ્યશક્તિની પરાકાષ્ઠાની પ્રતીતિ થાય છે.

અન્ય મધ્યકાલીન જૈન સંત કવિઓની પરંપરામાં રહીને આચાર્યશ્રીએ ચોવીશીની રચના કરી છે. ચોવીશીની રચનામાં પણ તેમની કાવ્યશક્તિનો તથા તાત્ત્વિકતાનો પરિચય થાય છે. ચોવીશી મુખ્યત્વે જૈન કવિઓએ ખેડેલું કાવ્યસ્વરૂપ હોવાથી તેમાં જૈન ધર્મના ચોવીશ તીર્થંકરોના ગુણોની સ્તવના કરવામાં આવે છે. તેમણે રચેલ ચોવીશીમાં ભક્તિની સાથે સાથે ધ્યાન, નિશ્ચય, નય, વ્યવહારા, સપ્તભંગી, શુદ્ધ બ્રહ્મદશા અને પરમાત્મ દશા જેવા ભાવોને ગૂંથ્યા છે.

પ્રથમ તીર્થંકર ઋષભદેવ સ્વામીએ ધ્યાન દશાને વરીને કર્મનાં બંધનોનો ક્ષય કર્યો તે ભાવની પ્રતીતિ ચોવીશીના પ્રથમ સ્તવનમાં કવિ કરાવે છે.

**પરમ પ્રભુ તું વર્યો, સ્વામી ઋષભ જિણંદ,**
**ધ્યાને ગુણઠાણે, ચઢી, ટાળ્યા કર્મના ફંદ.**

અજિત જિનેશ્વરના સ્તવનમાં શ્રીમદ્ નિશ્ચય અને વ્યવહારની ભાવના સરળ વાણીમાં વ્યક્ત કરે છે :

**અજિત જિનેશ્વર દેવની સેવા સુખકારી,**
**નિશ્ચયને વ્યવહારથી સેવા જયકારી.**

ત્રીજા સ્તવનમાં ભક્તિ અને ધ્યાન બંને દ્વારા પ્રભુ દર્શનથી થતા અનેરા આનંદનું નિરૂપણ કવિ નીચેની પંક્તિઓમાં કરે છે :

**પિંડ સ્થાનક ધ્યાનથી પ્રભુ દર્શન આપે,**
**બુદ્ધિસાગર ભક્તિથી સત્ય આનંદ વ્યાપો.**

નીચેની પંક્તિઓમાં શ્રીમદ્ કેવળજ્ઞાની સર્વભાવને એક સમયમાં જાણી શકે છે અને સપ્તભંગી દ્વારા કર્મનો ઉપદેશ આપે છે. આવી તત્ત્વભરપૂર વાત સરળ અને સહજ બાનીમાં વ્યક્ત કરે છે :

**એક સમયમાં સર્વભાવનો કેવળજ્ઞાની જાણે રે,**
**સપ્તભંગીથી ધર્મ પ્રબોધે, ઉપદેશ ગુણ ઠાણે રે.**

શુદ્ધ જ્ઞાન દ્વારા જડ-ચેતનનો ભેદ ટાળી શકાય છે. નીચેની પંક્તિઓ દ્વારા એ ભાવનાની પ્રતીતિ થાય છે :

**શ્રી અરનાથજી વંદીએ રે, શુદ્ધ જ્ઞાન પ્રકાશી,**
**જડ-ચેતન ભેદ જ્ઞાનથી, ટળે સકળ ઉદાસી.**

મુનિ સુવ્રતસ્વામીના સ્તવનમાં અલખ અગોચર એવા પરમાત્માનું ધ્યાન ધરવાની વાત કવિ સરળ અને સચોટ બાનીમાં નીચેની પંક્તિઓમાં કરે છે :

**મુનિસુવ્રતજિન તાહરું રે, અલખ અગોચર રૂપ મનમાં ધ્યાવું,**
**અસંખ્ય પ્રદેશી આતમા, પરમેશ્વર જગભૂપ.**

બુદ્ધિસાગરજીના ચોવીશીનાં સ્તવનોની વિશેષતા છે કે કવિતા અને તત્ત્વજ્ઞાનનો સુંદર સુમેળ સમન્વય આ સ્તવનોમાં થયો છે. સરળ વાણીમાં ભક્તહૃદયમાંથી નિર્ભેળ અભિવ્યક્તિ આ કાવ્યોમાં થવા પામી છે.

**શ્રીમદ્ બુદ્ધિસાગરજીની કવિતામાં વર્ણનો :**

કોઈ પણ કવિ પોતાનાં કાવ્યોમાં પ્રકૃતિની ભૂમિકા અથવા તો પ્રકૃતિનું વર્ણન ન આલેખે એવું બનવું અશક્ય છે. કવિ, પ્રકૃતિનું વર્ણન એક તો સીધેસીધું પ્રકૃતિના જ વર્ણન માટે કરે, બીજું પ્રકૃતિની પાર્શ્વભૂમિમાં તે માનવભાવનું આલેખન કરે છે અથવા તો માનવ ભવની પડખે તે પ્રકૃતિનું આલેખન કરે છે. બુદ્ધિસાગરજીનાં કાવ્યોમાં પ્રકૃતિ-કુદરતના નિરૂપણનો વિચાર કરીએ તો એક વાત સ્પષ્ટ થાય છે કે તેમનો જન્મ કુદરતી વાતાવરણથી ભરપૂર એવા પ્રદેશમાં થયો હતો અને ઉછેર તથા બાળપણ કુદરતના ખોળામાં વીત્યું હતું.

સાબરમતી ગુણ શિક્ષણ કાવ્યમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીની કલમે તાદૃશ્ય શબ્દચિત્રો દોર્યાં છે તેનાં સુંદર વર્ણનો જોવા મળે છે :

**સાબરમતીની કુદરત શોભા દૃશ્ય છે, ગાતાં મનહર પંખીઓ શુભ ગાન જો**
**ઉચ્ચ ટેકરે આરોટી અવલોકતાં, ભલું પ્રકટતું કુદરતનું માનભાન જો,**

સાબરમતીના વ્હેણનું ચિત્ર કવિની કલમે ઊડીને આંખે વળગે એવું આહ્લાદક ચીતર્યું છે :

**સર્પાકારે સાબર વહેતી શોભતી, ધીમી ધીમી દક્ષિણ વહેતી જાય જો,**
**બેઉ કાંઠે ગામો શહેરો ધારતી, અદા કરીને ફરજ સદા શોભાય જો.**

વરસોડાના એકલશૃંગી આશ્રમમાં ધ્યાન દશા પ્રાપ્ત થઈ હતી. અહીં કવિતા અને તત્ત્વજ્ઞાનનો સુભગ સંગમ જોવા મળે છે. કવિ સાબરમતીનું વર્ણન કરીને ત્યાં ધ્યાન ધરતા થયેલા આત્માનુભવનો આનંદ વ્યક્ત કરે છે. માનવ ભાવનું આલેખન પ્રકૃતિની ભૂમિકામાં કવિએ કર્યું છે.

**યોગીઓને લાગે ભૂમિ યોગની, દૃષ્ટિ જેવી સૃષ્ટિ મન સમજાય જો**
**આત્માનુભવ જ્ઞાની પ્રભુની એકતા, કરતો ધ્યાને એકાંતે સુખદાય જો**

સાબરમતીનું એક સુંદર નયનરમ્ય શબ્દચિત્ર કવિની કલમે તાદૃશ્ય કર્યું છે.

**ઊંચા ઘણા છે ટેકરા, નીચાં જ આંઘાં બહુ ખરે,**
**વર્ષા સમે લીલી મહી, સાડી મઝાની શુભ ધરે,**
**ટહુકે મયૂરો જોશથી, પડઘા પડે તેના અહો !**
**બહુ વલ્લિઓનાં કંદથી શોભા ધરે જોઈ લહો !**

રાત્રિના સમયે સાબરમતીનું સૌંદર્ય કેટલું આહ્લાદક લાગે છે તે કવિ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં વર્ણવે છે :

**રાત્રિ સમે સાબરમતી પર, ચંદ્ર તારા ઝગમગે,**
**સાબરમતી યશપુંજના બનીને અહો તે તગ તગે.**

સાબરમતીના વર્ણનમાં કવિની કલ્પનાઓ ભવ્ય તો છે જ પણ સાથે સાથે સાત્ત્વિક પણ છે.

**નિજ પ્યારીના આકર્ષણે, સાગરપતિ સ્હામો જતો,**
**છોળો ઉછાળી હસ્તથી, બે ભેટીને ભેગા થતાં.**
**કુંકુમકિરણ તવ જળ વિષે, પડતાં જ શોભા બહુ થતી**
**પરમાર્થ દેવીની અહો જાણે જ કરતાં આરતી,**
**સાબરમતી જલમાં પડી કુંકુમ કિરણો નહાય છે.**
**તેથી બની ધોળાં પછી આકાશમાં શોભાય છે.**

શ્રીમદ્‌ની કલ્પનાશક્તિ અને શબ્દલાલિત્ય તેમની વર્ણન શક્તિમાં ઉચ્ચ સ્થાને છે. તે વાતની પ્રતીતિ નીચેની પંક્તિઓ દ્વારા થાય છે :

કાળ મેઘો તુજ પર ચઢી ગડગડી ખૂબ ગાજે,
વેગે વિદ્યુત ચમક ચમકી રોશનીથી વિરાજે,
વર્ષા વર્ષે ધડધડ રવે, ચાતકો ખૂબ દોડે,
શોભા તારી અનુપમ અહીં કોઈ ચાલે ન હોડે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી કુદરતના ખોળામાં ઊછર્યા છે તેથી કુદરત પ્રત્યેનું તેમનું ચિંતન-મનન વિશિષ્ટ પ્રકારનું છે. કુદરતમાં રહેલ બળ અને ચૈતન્યશક્તિ માનવના જીવનને એક અનોખી પ્રેરણા આપે છે. કવિને સાબરમતીની કંદરાઓનું એક ખાસ આકર્ષણ છે. તેથી તેમનાં પ્રકૃતિ વર્ણનોમાં આ તત્ત્વની અભિવ્યક્તિ સહજ રીતે થતી જોવા મળે છે. કવિ બુદ્ધિસાગરજી માને છે કે કુદરત માનવના હૃદયને શાંતિ આપે છે. કુદરત આ જગતની દરેક ઘટનાને ગતિમાન કરે છે, ચલાવે છે. બીજી રીતે કહીએ તો પ્રકૃતિમાં પ્રભુ છે અને પ્રભુમાં પ્રકૃતિ છે. આ પ્રકારનું ચિંતન પ્રકૃતિપ્રેમી કવિ બુદ્ધિસાગરજીની રચનાઓમાં કરેલાં વર્ણનોમાં પ્રત્યક્ષ થાય છે.

આ વિશ્વમાં કુદરત પ્રભુની મહેર તક જીવાય છે,
કુદરત પ્રભુની મહેરવણ પલમાં ન જીવ્યું જાય છે,
કુદરત પ્રભુની મહેર તક કારણ બધાં સફળાં થતાં
કુદરત રૂઠ્યા પછી કારણ બધાં નિષ્ફળ જતાં.

ગુજરાતનું નૈસર્ગિક વાતાવરણ કવિ હૃદયને આકર્ષે છે અને વિશાળ અને મુક્ત વાતાવરણમાં કવિ કલ્પનાની પાંખે ઉડ્ડયન કરે છે.

આંબાનાં વૃક્ષો ઘણાં રે,
ટાળે તન-મનના કલેશ
કુદરત વનરાજિ રાજે ઘણી રે,
આનંદ આપે હંમેશ
ગુર્જર શુભ અમારો દેશ.

ગુર્જર પ્રદેશમાં થતાં વિશેષ પ્રકારનાં વૃક્ષોની યાદી કવિ નીચેની પંક્તિઓમાં આપે છે :

આંબલી, રાયણ, પીંપળા રે, વડ બાવળનાં ઝાડ,
જાંબુડા મકરોડીઆ રે, દેખાતો નહીં તાડ.

ઉનાળામાં ધોમ ધખતો તાપ પડતો હોય ઊનો ઊનો પવન ઊની ઊની લૂ વાતી હોય, વંટોળીયો ચઢતો હોય એવા સમયે કવિ હૃદય બોલી ઊઠે છે :

ઉનાળો હવે આવીયો, તાપે પૃથ્વી તપંત
વંટોળિયા બહુલા ચઢો, ઊના વાયુ વહંત.
તડકો સહે ઢાઢ જ સહે પણ, મૌન તુ મૂકે નહીં
તુ પ્રાણવાયુ પ્રાણીઓને, આપતો દિવસે ભલો.

વાયુ થકી ફરફર હલે તવ, પાંદડા શોભે ઘણાં,
ઉપકાર કરવા અવતર્યો તું, રાખ બાકી નહિ હવે.
શુભ કેરીઓની લુંબ લેવા, પત્થરો જે ફેંકતા,
તેને મધુરાં ફળ દઈને, પાઠ ઉત્તમ શિખવે.

પ્રાકૃતિક વાતાવરણમાં પંખીઓ નિર્ભય બનીને વાસ કરે છે અને પશુઓને ચારો પૂરતા પ્રમાણમાં મળે છે. એવા આર્યદેશની અણમોલતાનું વર્ણન નીચેની પંક્તિઓમાં કરે છે :

પંખીઓ નિર્ભય રહે કરતાં સુખ કલ્લોલ,
પશુઓને ચારો ઘણો રે, આર્ય દેશ અમોલ
તાપે તપતાં પંખીઓ કરે વૃક્ષ વિશ્રામ,
આંબા કેરીએ શોભતા, સંતરામ ગુણધામ

**'ભારત સહકાર શિક્ષણ'** નામના ખંડકાવ્યમાં પણ શ્રીમદ્ બુદ્ધિસાગરજી પોતાની **જન્મભૂમિ ગુજરાતનું** શબ્દચિત્ર દોરી તેની અનેરી શોભાનું વર્ણન કરે છે.

સ્વર્ગ થકી નંદનવન અહીં, આવ્યું એવી શોભે મહીં.
આમ્રાદિક વન શોભે સાર, જેની શોભા અપરંપાર

શ્રીમદ્ બુદ્ધિસાગરજીની રમતિયાળ વર્ણન શક્તિનાં દર્શન **'નાનાં બાળકો'**નાં કાવ્યોમાં થાય છે.

નાનાં બાળો રમત રમતાં ખેલખેલે મઝાનાં
કાલાંઘેલાં વચન વદતાં, લાકડાં લાડ કરતાં
દોડે બેસે પળ પળ વિશે ખૂબ ચાંચલ્ય ધારી,
મીઠા હાસ્યે જનકજનનીને જ આનંદ આપે.

નિર્દોષ બાળકોની ધૂળમાં રમતને તેમની નિર્મળ બાળસહજ વૃત્તિઓને નિર્ભયતાને બુદ્ધિસાગરજી યોગીના નિર્ભય આનંદ સાથે નીચેની પંક્તિઓમાં સરખાવે છે :

ધૂલિ મધ્યે રમત કરતાં, લોટતાં મસ્ત થઈને,
ઝાલી હસ્તે અવિરહ અહો, પુચ્છને ચુંબતા એ,
નાગો સાથે રમત રમતાં નીતિ શું ? તે ન જાણે,
પ્રેમે યોગી સમ મન બની, નિર્ભયાનંદ માણે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી બાળકના નિર્દોષ હાસ્યને બ્રહ્માંડોની લીલા સાથે સરખાવતાં હસતા પુષ્પની ઉપમા આપી વર્ણવે છે :

હસતાં પુષ્પ ખરે જયમ મોતી, હાસ્ય મધુરું સુહાતું રે,
સર્વ બ્રહ્માંડોની સૌ લીલા કરતું દિલ જણાતું.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં અન્ય સૃષ્ટિ-સૌંદર્યનાં કાવ્યોમાં કવિની વર્ણનશૈલીમાં તેમની કલ્પનાશક્તિ, શબ્દપ્રભુત્વ, ઝડઝમક, અલંકાર વગેરેનો ઉત્તમ પરિચય થાય છે. તેની સાથે સાથે ભાવસભરતા તથા સૂક્ષ્મ નિરક્ષણશક્તિનો પરિચય પણ થાય છે. આમાંનાં કેટલાંક ઊર્મિકાવ્યો (ભજનો) 'પંખીને સંબોધન', 'સાગર', 'આમ્ર', 'કાળો કાગડો', 'પાકેલી બોરડીને', 'કરમાયેલા', 'કમળને', 'રાત્રિ', 'સૂર્ય', 'ચંદ્ર', 'ફૂલ', 'સંધ્યા' વગેરે છે.

**શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં કાવ્યોમાં વ્યક્ત થતો રાષ્ટ્રપ્રેમ :**

દરેક કવિના સર્જનમાં પોતાના જમાનાનું પ્રતિબિંબ મોટે ભાગે સ્વાભાવિક રીતે ઝિલાય છે. એ જ રીતે શ્રીમદ્ બુદ્ધિસાગરજી અનેક કાવ્યોમાં માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ, સ્વદેશાભિમાન અને દેશભક્તિનાં પરિબળો ઝીલ્યાં છે. મહાત્મા ગાંધીજીએ પ્રચાર કરેલ ખાદીના તેઓ હિમાયતી હતા તો બીજા પક્ષે અહિંસાની ભાવનાના એક સંત તરીકે તો અખૂટ શ્રદ્ધા ધરાવતા હતા પણ સાથે સાથે તે સમયના એક પરિબળ તરીકે પણ તેઓ અહિંસાના પ્રખર હિમાયતી હતા. ભજનસંગ્રહ ભાગ ૯માનાં ઘણાં કાવ્યોમાં તેમની દેશભક્તિની પ્રતીતિ કરાવે છે. ભારત દેશને સ્વતંત્ર બનાવવા માટે મહાત્મા ગાંધીજીએ કરેલ ચળવળના પરિબળને ઝીલીને તેમના દેશભક્તિનાં કાવ્યો રચ્યાં છે. તેમના આ પ્રકારનાં કાવ્યો ઉત્તમ દેશભક્તિનાં કાવ્યો બની શક્યાં છે.

કવિ બુદ્ધિસાગરજીનું મૂળ વતન ગુજરાતમાં હોવાથી **ગૂર્જર-ભૂમિ** પ્રત્યેના પ્રેમને તેઓ સ્વાભાવિક રીતે નીચેની પંક્તિઓમાં વ્યક્ત કરે છે :

**ગુર્જર શુભ અમારો દેશ**
**ગુર્જર શુભ અમારો દેશ**
**સર્વ દેશોથી વિશેષ**
**ગુર્જર શુભ અમારો દેશ**
**ગુર્જર સમો નહિ દેશ,**
**જેને દીઠાં નાસે કલેશ,**
**સ્વર્ગ સમી ભૂમિ રળિયાત,**
**જન્મભૂમિ રૂડી ગુજરાત.**

અમદાવાદ વિશે કવિ નીચેની પંક્તિઓમાં તેની ધાર્મિક વિશેષતાઓની માહિતી આલેખે છે :

**અમદાવાદ છે, ગુર્જર દેશમાં જૈન કોમનું મોટું ધામ,**
**અનેક જૈન મંદિર ઉપાશ્રય, અનેક સાધુઓનું ઠામ.**

ગુજરાત પ્રત્યેનો ખાસ પ્રેમ નીચેની પંક્તિઓમાં વ્યક્ત કરતાં કવિ તેને નંદનવનની ઉપમા આપે છે :

સહુથી દેશ રળિયામણો, આનંદ જ્યાં પ્રગટે ઘણો,
વાહ કુદરતી સોહામણો, ગુજરાત પ્યારો પ્રાણ છે.

મહાત્મા ગાંધીજીએ ગ્રામ્ય વિકાસ માટે, ખાદી ઉદ્યોગને મહત્ત્વ આપવા જાતે ખાદી વણી પહેરવાની જે હિમાયત કરી હતી તે ખાદી અને સાથે સાથે સ્વદેશી વસ્તુઓ વાપરવાનો આગ્રહ શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ તેમના **સ્વદેશ-ભક્તિ**નાં કાવ્યોમાં વ્યક્ત કર્યો છે :

સ્વદેશી વસ્તુ વાપરશો, ભલું નિજ દેશનું કરશો.
સ્વદેશી વસ્ત્ર વાપરશો, સ્વદેશી વેશને ધરશો
ટકંતી બહુ વખત ખાદી, થતી નહિ દેશની બરબાદી
બનો નિજ દેશ હિતવાદી, બનો શૂરા વખત સાધી.

પરદેશની ચીજો ત્યાગ કરી **સ્વદેશી ચીજો** વાપરવાનો આગ્રહ કવિ નીચેની પંક્તિઓમાં વ્યક્ત કરે છે :

સત્ય સ્વરૂપી સાદી ટોપી, શિર પર મૂકી મહાલો રે,
દુર્ગુણ સઉ પરદેસી ચીજો, છંડી ન્યાયથી ચાલો.

સંત કવિ બુદ્ધિસાગરજીનો **રાષ્ટ્રપ્રેમ** ગુજરાત પૂરતો જ મર્યાદિત ન હતો. પરંતુ સમગ્ર ભારતદેશને આવરી લેતો હતો. તેથી જ તેમની નીચેની પંક્તિઓમાં ભારતદેશ પ્રત્યેનો પ્રેમ મધુર અને મોહક વાણીમાં વ્યક્ત થયો છે :

જય ભારતી રળિયામણી, સહુ તીર્થને ઘટ ધારિણી,
જય જય રસીલી યોગિની આર્યોત્તણી ઉદ્ધારિણી
શક્તિ અનંતિ ધારિણી, દુ:ખ વારિણી વિશ્વે ભલી,
વર્ણો વિવિધે શોભતી ભાવેન વંદે માતરમ્.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી સંત કવિ હતા તેથી તેમની આધ્યાત્મિક જ્ઞાન દૃષ્ટિ તેમના **રાષ્ટ્રપ્રેમ**માં અભિવ્યક્ત થાય છે :

ચૈતન્ય જડ શક્તિ ભર્યા, તુજ પુત્ર જગ ઉદ્ધારશે,
અધ્યાત્મશક્તિઓ વડે, તુજ મુખ જગ ઉજવાળશે,
સ્વાતંત્ર્ય પ્રીતિ સત્યને સુખશાંતિ જગ ફેલાવશે
અધ્યાત્મ અંબા ભારતી ભાવેન વન્દે માતરમ્.

શ્રીમદ્ સ્વદેશભક્તિ વ્યક્ત કરતાં આ કાવ્યમાં ભારતદેશને ગાયની ઉપમા આપી. તે સમયના ભારતદેશનું ભૌગોલિક વર્ણન નીચેની પંક્તિઓમાં કરે છે :

ભારત રૂપી ગાય જગતમાં, ભારત રૂપી ગાય
સેવે દુ:ખ પલાય... જગતમાં...
શૃંગસમો અફઘાન ને શિરસમ કાશ્મીર હેમ સુહાય
મુખસમ પંજાબ સિંધ સનૂરા, દિલ સમ બંગ જણાય જગતમાં

પેટનો મધ્યપ્રાંત મરુધર ગુર્જર, માળવ દક્ષિણ ગણાય
કચ્છ સોરઠ કોંકણ છે સ્તન સમ, પગ સમ લંકા ભણાય
બ્રહ્મદેશ આસામ તે પુચ્છ છે, કેડ તિબેટ શોભાય
ગંગા સિંધુ આદિ નદીઓ આંખ સમી સોહાય.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીના દેશભક્તિનાં કાવ્યોમાં વિચારોની ઉગ્રતા અને સ્વદેશ પ્રેમની સાત્ત્વિકતા વ્યક્ત થાય છે. તેઓ આર્યભૂમિમાં સ્થિત ભારત દેશનું સ્થાન સર્વ દેશોથી ઊંચું છે અને તેમાં પોતાની માતૃભૂતિ ગુર્જર દેશ ગુજરાતનું સ્થાન પણ તેની ધાર્મિકતા, અહિંસાની ભાવના અને શાંતિપ્રિયતા જેવા ગુણોને કારણે અનોખું છે. એ વાતની પ્રતીતિ કરાવે છે તો સાથે સાથે આ કાવ્યોમાં પણ તેઓના આધ્યાત્મિક અભિગમ છૂપો રહેતો નથી. સર્વ કાવ્યોમાં 'વંદે માતરમ્' કાવ્યમાં ગુજરાતી ભાષામાં લખાયેલું પ્રથમ અને અનોખું કાવ્ય હતું. શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં રાષ્ટ્રભક્તિનાં કાવ્યો મધુર બાનીમાં ઉચ્ચ વિચારોનું દર્શન કરાવે છે.

આર્યાવર્તની સાત્ત્વિકતા વિશે તેઓ 'કર્મયોગ'માં લખે છે : "અધ્યાત્મજ્ઞાન વડે આત્મોન્નતિના પરિપૂર્ણ શિખરે પહોંચવાની કોઈ ઉત્તમમાં ઉત્તમ શાંત ને સર્વ પ્રકારે નૈસર્ગિક નિવૃત્તિ જીવન ગાળવા યોગ્ય ભૂમિ હોય તો તે આર્યાવર્તની છે. આર્યાવર્તની એક ચપટી ધૂળમાં જે સાત્ત્વિક અણુઓ-રેણુઓ રહ્યા હોય છે, તે અન્યની ભૂમિમાં નથી." અને તેમની આ ભાવનાનું-વિચારોનું પ્રતિબિંબ તેમના રાષ્ટ્રભક્તિનાં કાવ્યોમાં પડે છે.

**ગુરુદેવના કાવ્યો અને ગઝલમાં વ્યક્ત થતો આત્માનુભવ અને ધર્મપ્રેમ:**

સાધારણ માનવી ક્ષણિક ભૌતિક સુખમાંથી મનને ખેંચી લઈ આત્મામાં રમબાણ થાય અને ત્યાં ખેડાણ કરી શાસ્વત સુખ પામે એ ઉદ્દેશ્યને લક્ષ બનાવી ગુરુદેવે મોટાભાગના કાવ્યોની રચના કરી છે.

**'અલખ દેશમાં હંસને પ્રેરણા'**

હંસા ચલો રે, અલખ નિજ દેશમાં જી રે
જ્યાં છે ઝળહળ જ્યોતિ અપાર કે...
હંસા વિના રે વાદળ ચમકે વિજળી જી
નહીં જ્યાં અવર તણો આધાર રે...

યોગીઓ જીવાત્માને 'હંસ'નું સંબોધન કરે છે કારણકે એનામાં ક્ષીર-નીરની વિવેકદૃષ્ટિ હોય છે. આત્મા જ્યારે સાધનામાં લીન થાય છે ત્યારે તેને સ્વયંભૂ ઝળહળતો પ્રકાશ નિહાળવા મળે છે જે વિજળીની જેમ ઝબુકે છે ચેતન અહીં અન્ય અનુભવોનો સાક્ષાત્કાર પણ કરે છે.

આ પ્રમાણે દર્શન મોહનીયકર્મથી આવૃત્ત જીવાત્મા સંતોનું આહવાન "હંસા! ચાલો રે નિજ દેશમાં જી રે!" સાંભળે છે અને એ આત્મખેડાણ દ્વારા આત્મિક શક્તિ મેળવવા કમર કસે છે. એ સાધના કરે છે જેથી એને બંધ આંખોએ પણ સર્વ દશ્ય દેખાય છે.

**હંસા વિના રે આંખ જિહાં દેખવું જી,**
**નહિં જિહાં નિંદ્રા ન આવે લગાર રે...**
**હંસા પામ્યા પછી નહીં જયાં પામવું જી**
**એ તો નિશ્ચય પદ નિર્ધાર રે...**

જીવાત્મા સતત સ્વાધ્યાય અને વીતરાગ કથિત માર્ગને અનુસરે છે. એની આત્મિક જાગૃતિનો વિકાસ થતાં એ વ્યવહારનયને ગૌણ રાખી નિશ્ચયંનયને અનુસરે છે. સાધકને અહીં જ્ઞાનસુધારસના અમૃતમયી આનંદની ખુમારી પ્રાપ્ત થાય છે. પ્રમાદ સદંતર દૂર થાય છે. (નહિં જયાં નિંદ્રાન આવે લગાર રે.) આ પ્રમાણે સાધક ૬ ઠ્ઠા ગુણ સ્થાનકની અવસ્થામાં પહોંચે છે.

ભજન કાવ્યની અંતીમ પંક્તિઓમાં ગુરુદેવ આત્મસાધનાથી ઉપલબ્ધ થતી ઉત્કૃષ્ટ અવસ્થાનો ચિતાર આપે છે અને આત્માને મોતી ચરંતા હંસ સાથે સરખાવે છે.

**ચરે ચારો મોતીડાંનો હંસલોજી**
**દેખે તેહી જ હંસ વિચાર...રે**
**હંસા બુધ્ધિસાગર પદ ધ્યાવતાં જી**
**ત્હારો ના'વે ફરી અવતાર રે... હંસા ચાલો રે...**

સર્વ કર્મક્ષય થયા બાદ જીવાત્મા સાધના દ્વારા અનંતશક્તિ મેળવે છે. ત્યારબાદ એણે કશું પામવાનું રહેતું નથી. એના જન્મ મરણના ફેરા ટળી જાય છે. અહીં ગુરુદેવે પોતે ધ્યાન સાધના થકી અમૃતપાન કરેલ અનુભવ રસનું વર્ણન કરેલ છે. અહીં તેઓ સ્વાનુભવની અભિવ્યક્તિ નિખાલસપણે વ્યક્ત કરે છે કે 'ચરે ચારો મોતીડાંનો' હંસલો આ પ્રમાણે તેઓ દરેક જીવન આત્માર્થી થવાનું પ્રલોભન આપે છે.

**ગુરુદેવની ગઝલોઃ**

ગુરુદેવની મસ્તાની ગઝલો તેમના પદ્યસાહિત્યને વિશિષ્ટ ગરિમા બક્ષે છે. ગઝલ જયારે શાજિંદાઓની સાથે સમુહમાંગાવામાં આવે ત્યારે કવ્વાલી કહેવાય છે. ગઝલમાં બે જ પાત્ર હોય છે એક ગાનાર અને બીજો જેને ઉદેશીને રચના થઈ હોય તે. દા.ત. એક ગઝલ ગાનાર અને બીજો પ્રભુ અથવા દેવ અથવા નાયિકા. ગઝલકાર પોતાના ભાવયુક્ત શબ્દો વડે ઉદ્દેશ્યના ગુણ અને સૌંદર્યનું વર્ણન કરી તેના તરફ પોતાનો પૂજયભાવ વ્યક્ત કરે છે. એમાં ઘાયલ હરણબાળ જે રીતે દર્દભર્યા શબ્દો વડે પોતાના સ્વામિને યાદ કરે તે સ્વરૂપમાં ગઝલકાર આર્જવભાવે

પ્રાર્થના કરે છે. ગઝલની દરેક પંક્તિમાં શબ્દો ફરી ફરી આવે છે જેથી ગેયતામાં ગઝલનો પ્રકાર તુર્ત જ ઓળખાય જાય.

ગુરુદેવની ૪૦૦ થી વધુ ગઝલો અને કવ્વાલિઓ તેમના ભજન સંગ્રહોમાં સંગ્રહિત છે. આંતરચક્ષુથી અવલોકેલ આત્મજ્યોતિને તેમણે ગઝલ અને કાવ્યમાં ગૂંથી લીધી. તેમની મોટાભાગની કાવ્યકૃતિઓ શિર્ષકથી સુશોભિત છે.

**: મારી ત્યાગ દશા :**

**ત્યજ્યાં માતા પિતા, ભ્રાતા, ત્યાજ્યાં વ્હાલા સગા સર્વે,**
**ત્યજ્યાઈ દેહની મમતા, નિરંજન નિત્ય નિર્ધાર્યો,**
**સકળ તારું સ્વરૂપ જોવા, ફકીરી વેશ લીધો મેં,**
**અમર દીવો હૃદયનો તું, શુભ ધ્યાને બહુ જોયો...**
**છૂપાયો તું છૂપી રીતે, તથાપિ ઢૂંઢતો પ્રેમે,**
**ખરી દૃષ્ટિ થકી ખોળ્યો, તથાપિ ભાસતો દૂરે**
**ઘણો સૂક્ષ્મ અરૂપી તું, અનુભવ દૃષ્ટિથી જોયો...**
**સ્વયં શોધ્યો સ્વયં દીઠો, સ્વયં ગાયો સ્વયં ધ્યાયો,**
**સ્વયં સત્તા સ્વયં વ્યક્તિ, સ્વયં જ્ઞાની સદા હું છું**
**પૂરણમાં પૂર્ણ હું પોતે, પ્રકાશી જ્યોતિમય ભાસું...**

ગુરુદેવને પ્રભુનો સાક્ષાત્કાર થયો. અજર અમર અવિનાશી આત્માને તેમણે સ્વયં શોધ્યો. તેનું શુધ્ધ સ્વરૂપ શુભ ધ્યાનમાં જ્યોતિ રૂપે અનુભવ્યું અર્થાત चिदानंदरुपः शिवोहम! જ્યારે પૂર્ણમાં પૂર્ણનો પ્રાદુર્ભાવ થાય છે ત્યારે તે સ્વયં પ્રકાશે છે.

ગુરુદેવની અન્ય એક ગઝલમાં અલખનો નાદ અને તેમની આત્મનિષ્ઠા સાથે જીનાજ્ઞા પાલનની તીવ્રેચ્છા છતી થાય છે.

**અલખ ફકીરીની મસ્તાની (ગઝલ)**

અમે ઉત્સાદના ચેલા, ફકીરી વેશમાં ફરતા.
નથી દુનિયાતણી પરવા, અલખની ધૂનમાં રહેતા...
જગાવીશું હૃદય ગુફા, ધ્રુજાવીશું વિકલ્પોને,
જગાવીશું ચિદાત્માને, નથી લેવું નથી દેવું...
થઈ અધ્યાત્મમાં નિષ્ઠા, કરીશું ધર્મ વ્યવહારો,
અલખના દેશમાં જાવા, સજીશું સાધનો સર્વે...
જણાવીશું જિનાજ્ઞાને, પ્રભુના પંથમાં વહીશું,
કરી લે ચાહે તે દુનિયા, અમારે વીરનું શરણું...

ગુરુદેવની ગઝલોમાં ગઝલનું પૂર્ણ સ્વરૂપ અને વિભાવના (Concept & form) જોવા મળે છે, ઉદાહરણાર્થ ગઝલની કડીઓમાં એકી સંખ્યા, આગળની પંક્તિના શબ્દનું પુનરાવર્તન, વગેરે. ઉપરોક્ત ગઝલમાં ગુરુદેવે પ્રભુ માટે 'ઉસ્તાદ' શબ્દ વાપર્યો છે જેથી ગઝલના આત્મિક સૌંદર્યમાં વધારો થાય છે. તેઓ પોતાને ફકીરી વેશમાં ફરતા અવધૂત જોગી કહે છે. અહિં તેમનું નિર્ભિક વ્યક્તિત્વ ધ્યાન સાધનામાં રત રહેતા યોગી જેવું જણાય છે જે હર પળ અલખની ધૂનમાં જ રહે છે. સંસારથી અલિપ્ત રહેતા તેમણે ધ્યાનના બળે કેટલી યોગ્યતા મેળવી હતી તે ગઝલોમાં વર્તાય છે. જીનાજ્ઞા પાલન કરવામાં અને પ્રભુના કંડારેલા પંથે આગળ વધવામાં ગમે તે મુશ્કેલીઓ આવે, ડર્યા વગર પ્રભુશરણ પહોંચવું એ તેમની મસ્તાની ગઝલોમાં જણાય છે.

**'અમારો ધર્મ ફેલાવવા કરેલી પ્રતિજ્ઞા'**

**અમારો ધર્મ ફેલાવવા દીધી છે પ્રાણ આહુતિ**
**ઝૂકાયો છું કરી યા હોમ, અમારી એ પ્રતિજ્ઞા છે... (૧)**
**બન્યો હું વીરનો ચેલો, બનાવીશ, સકલ વીરો,**
**કર્યું અર્પણ જીવન સઘળું, આધિક નહિ ધર્મથી બીજું... (૨)**
**બનાવીશું, બધાને જૈન પ્રભુના તત્ત્વ દેખાડી**
**બની બદાહૂર બજાવીશું, બુધ્ધ્યબ્દિ ધર્મની સેવા... (૩)**

આચાર્યશ્રી જૈન ધર્મનો સર્વત્ર પ્રચાર-પ્રસાર કરવા માટે 'યાહોમ' કરીને પ્રતિજ્ઞા લીધી એમાં પોતાનો પ્રાણ ન્યોછાવર કર્યો. પોતે મહાવીરસ્વામીના શિષ્ય બન્યા અને અનેક ને પ્રભુનો માર્ગ બતાવવાની પ્રતિજ્ઞા લીધી. ધર્મના તત્ત્વો અનેકાંત અને અહિંસા નો સંદેશ સર્વત્ર પ્રસાર કરવાનું વ્રત લે છે.

અહીં ગુરુદેવ ગઝલની વિભાવના (Concept) પ્રમાણે આગળ વધે છે. ગઝલમાં સૂર્યોદય (મત્લઅ), મધ્યાન્હ અને સૂર્યાસ્ત (મક્તઅ) હોય છે.

ગુરુદેવના ધર્મપ્રચારની પ્રતિજ્ઞા-સૂર્યોદય છે (મત્લઅ). પ્રભુના શિષ્ય બની જીવન અર્પણ કર્યું - ગઝલનો મધ્યાન્હ છે. જૈન ધર્મના તત્ત્વો દર્શાવી ધર્મની સેવા કરીશું - એ ગઝલનો સૂર્યાસ્ત છે અર્થાત 'મક્તઅ' છે.

આ પ્રમાણે ગુરુદેવે ગદ્ય અને પદ્યમાં કેવું ઝીણવટ ભર્યું ખેડાણ કર્યું છે જે એમની અઢળક કૃતિઓમાં જણાય છે.

## ગુરુદેવના કાવ્યોમાં વ્યક્ત થતાં માનવ મૂલ્યો અને પ્રાકૃતિક ચિકિત્સા :

ગુરુદેવે કાવ્યના ગર્ભમાં બીજ સ્વરૂપે સંગ્રહિત અદ્‌ભૂત શક્તિને ઓળખી અને તેના દ્વારા લોકોને બોધ આપ્યો. એમાં દયા, અહિંસા, સત્ય જેવા માનવ મૂલ્યોને ઉજાગર કરતી રચનાઓ પણ છે.

**દયા-અહિંસા**

સત્ય અહિંસા શુધ્ધ પ્રેમને ભક્તિથી,
શુધ્ધ વિચારોથી આરોગ્ય જ થાય જો,
ચોરી-જારી ત્યાગથી મન-તનની ભલી,
શક્તિઓ જળવાતી, શાંતિ પમાય જો...

(ભ.સા.ભા-૧૧, કાવ્ય-૩૮)

**અનીતિથી ધન ન કમાવવાનો ઉપદેશઃ**

લુચ્ચાઈ કરી ગ્રહો ! ન લક્ષ્મી, લુચ્ચાઈથી પ્રગટે પાપ,
લાભ મળે પણ ન્યાય ન છોડો !!! લુચ્ચાઈથી છે સંતાપ

(ક્કકાવલી.સુબોધ, ૫૬-૧૮)

**આળસ શત્રુને છોડવાનો ઉપદેશઃ**

આળસ તજીને ઉઠો આતમ ! કરો નિજ આતમનો ઉધ્ધાર,
આલસ સમ શત્રુ નહી તનમાં, આળસે સિધ્ધિ ન થાયે લાગર

(ક્કકાવલી સુબુંધ-૫૨૫)

**પ્રાકૃતિક ચિકિત્સાઃ**

"પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ પંચ,
ભૂતો દેવતા પેઠે છે સુખકાર જો;
પંચભૂતનો શુભ ઉપયોગ કર્યા થકી,
લાંબુ જીવે જગમાં નર ને નાર જો..."

(ભ.સં.૧૧,૩૮)

અતિ ઊંઘ નહિં અલ્પ ઊંઘ નહિ જેહની
અતિ ઉપવાસ ન અતિ વિહાર ન જ્યાંય જો
ત્યાં આરોગ્ય છે મન તન ને નિજ આત્મનું,
ચિદાનંદથી આત્મારોગ્ય સુહાય જો...

(ભ.સા.૧૧-૩૮)

કોલેરા પ્લેગાદિક રોગો ચાલતાં
સ્વચ્છ હવા ત્યાં કરતાં વેગે વાસ જો
ખાનપાનમાં પથ્ય નિયમને પાળતાં
ઉપવાસે આરોગી દેહ જ ખાસ જો...

(ભ.સા.૧૧-૩૮)

અહીં કવિ કોલેરા અને પ્લેગ જેવા ગંભીર રોગોથી બચવા માટે ખુલ્લી હવામાં વાસ કરવાનો બોધ આપે છે.

**શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં શોકપ્રધાન કાવ્યો :**

ગુજરાતી કવિતા સાહિત્યમાં શોકપ્રધાન કાવ્યો નથી લખાયાં એવું નથી પણ એની સંખ્યા ઘણી ઓછી છે. શોકપ્રધાન કાવ્યોને વિરહકાવ્યો પણ કહેવામાં આવે છે. આ પ્રકારનાં કાવ્યો સ્વજનના મૃત્યુ પ્રસંગે, એમના મૃત્યુથી થયેલ દુઃખની અનુભૂતિને અને સ્વજનનાં સ્મરણોને, શબ્દેહ દ્વારા વાચા આપવામાં આવે છે. આ કાવ્યોને શ્રદ્ધાંજલિ અને અથવા નિવાપાંજલિનું નામ પણ આપવામાં આવે છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ 'ધર્મ સ્નેહાંજલિ', 'ખેદકારક મૃત્યુ', 'સરદાર શેઠ દલપતભાઈના મૃત્યુ વખતે બનાવેલ દોહરા' અને 'અમદાવાદના નગરશેઠ ચીમનલાલ લાલભાઈનું દેહોત્સર્ગ કાવ્ય' આમ ચાર શોકપ્રધાન કાવ્યોની રચના કરી છે.

આ શોકપ્રધાન કાવ્યોમાં શ્રીમદ્ અંગત લાગણીની સાથે આત્માની અમરતા અને દેહની પાછળ વૃથા શોક ન કરવા વિશેનો બોધ આપ્યો છે અને પોતાનો મૃત્યુ વિશેનો દૃષ્ટિકોણ અહીં ભગવદ્ ગીતાની પરિભાષામાં વ્યક્ત કર્યો છે.

**મુસાફર સૌ પ્રાણીઓ છે, દેહવસ્ત્રો છોડતા.**
**એ અવર તનુના વાસી થઈને, વેષ લેતા નવ નવા.**

મૃત્યુથી ડરવું જોઈએ નહિ કારણ કે આ સંસારમાં આવનાર સર્વને માટે મૃત્યુ નિશ્ચિત છે અને મૃત્યુને જોઈને શોકને બદલે વૈરાગ્ય આવે છે.

**જન્મે જે જે અવનિતલમાં, સર્વ તે તે મરે છે**
**માથે મૃત્યુ સકળ જનને કર્મથી ના બચે કો.**
**છે પૃથ્વીમાં સકળ જીવડા, કર્મથી પંથીઓ રે,**
**વૈરાગીને સકળ ઘટના, પૂર્ણ વૈરાગ્ય હેતુ.**

'અમદાવાદના નગરશેઠ ચીમનભાઈ લાલભાઈનું દેહોત્સર્ગ' કાવ્યમાં કવિહૃદયની અંગત ભાવના વ્યક્ત થાય છે. કવિ હૃદય ચીમનભાઈના મૃત્યુથી થયેલી વેદનાને દેવને ઠપકો આપી શબ્દસ્થ કરે છે :

**દૈવતને ઓ ! લાજ ન આવી, ખીલતાં સંહાર્યું.**
**સકળ બન્યું આ ભાવિ હતું તે, થઈ ગયું અણધાર્યું.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ રચેલા આ શોકપ્રધાન નિવાપાંજલિ કાવ્યોમાં તેમની મૃત્યુવિષયક અપૂર્વ ફિલસૂફીનું નિરૂપણ થયેલું જોવા મળે છે. શ્રીમદ્‌ની નીચેની પંક્તિઓ આ વાતની પ્રતીતિ કરાવે છે :

**મૃત્યુતણી પાછળ અહો, જ્યોતિ અનંતિ ઝળહળે,**
**મૃત્યુ તણા પટ પાછળે, શાંતિ અનંતી ઉછળે**
**સુખશાંતિ સાગરની તરંગો આનંદ લહેરે ઉલ્લેસે**
**ખૂબી અનંતા જીવનની, જ્ઞાની અનુભવીને દીસે**

શ્રીમદ્ બુદ્ધિસાગર માને છે કે મૃત્યુની પાછળ આનંદ રૂપી ઊજળું ભાવિ રહેલું છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી સ્વયં કવિ હોવાથી કવિતા વિશેની અને કવિ વિશેની વ્યાખ્યા નીચે પ્રમાણે આપે છે :

"આ જગતની સર્વશ્રેષ્ઠ વસ્તુઓને ગ્રહણ કરી, આનંદપૂર્વક સર્વ જીવો સાથે એકતાનતા સાધી શકનાર ખરો કવિ થઈ શકે છે. કલ્પનાની પાંખો, શબ્દચાતુર્ય અને રસચાતુર્યથી અલંકૃત હોય તે જ કવિ કહી શકાય. પણ આ સર્વનો ઉપયોગ પ્રભુ-પ્રીત્યર્થે અને જગહિતાર્થે થાય તો જ સાચો કવિ."

કવિનું કર્તવ્ય અને **કવિતાનું સામર્થ્ય** સંત કવિ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સાદી, સરળ અને હૃદયસ્પર્શી બાનીમાં કરુણરસ દ્વારા નિરૂપિત કરે છે :

**નયનનાં અશ્રુને લ્હુવે, હૃદયના શોકને ધૂવે,**
**સદા આનંદરસ રેલે, મધુરાં ગાયનો બોલે.**

કવિનો જન્મ અલૌકિક છે. તે સર્વનો પ્રેમ ઝીલે છે અને હંસ સમો બની સર્વમાંથી સાર ગ્રહણ કરી આનંદમાં વિલસે છે. આ વાત હંસના રૂપક દ્વારા કવિ નીચેની પંક્તિઓમાં આલેખે છે :

**અલૌકિક લલિત કવિ અવતાર,**
**વિચરે વિશ્વ મોઝાર.**
**નિર્મળ હંસ સમો બની રે, સહુમાંથી ગ્રહે સાર,**
**આનંદ વિલસે સદા રે, ઝીલે જીવોનો પ્યાર.**

કવિ અને કવિતા બંનેમાં આત્મશુદ્ધિનું મહત્ત્વ કવિ બુદ્ધિસાગરજી નીચેની પંક્તિઓમાં સમજાવે છે :

**કવિ ખરાં જે આતમ શુદ્ધિ કરતા આપે સદ્દુપદેશ**
**કાવ્ય તે સાચાં જેથી તન મન શુદ્ધિ ટળતા દુર્ગુણ કલેશ.**

નીચેની પંક્તિઓમાં કવિનો સાચો ધર્મ અને કવિતા લખવા પાછળનું કવિનું ધ્યેય સમજાવે છે. સાચો કવિ પ્રભુના ગુણ ગાવા માટે અને આત્મશુદ્ધિ કરવા માટે જ કાવ્યરચના કરે છે.

**પ્રભુગુણને પ્રેમે કવે, સત્યદા કવિ કહેવાય**
**આત્મવિશુદ્ધિ કારણે, કાવ્ય લખે સુખદાય.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનો માતૃભાષા પ્રેમ અનન્ય હતો તેની પ્રતીતિ નીચેની પંક્તિઓમાં કરેલ કટાક્ષ પરથી થાય છે અને માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાની હિમાયત પણ કરે છે :

**જે માતૃભાષા શિક્ષણે, આપી જ કેળવણી ખરી.**
**તે દેશની છે ઉન્નતિ, જાણો જ ઊંડા ઊતરી.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજીની કવિતાનું અને તેમનું એક કવિ તરીકે મૂલ્યાંકન કરીએ ત્યારે તેમનું કવિતાસર્જન પાછળનું ધ્યેય સમજવું અત્યંત આવશ્યક છે. તેઓ કહે છે :

**ગ્રહ્યું જે જે બધામાંથી, બધાંને આપવું પાછું**
**સકળને આત્મવાત લેખી યથા શકિત ભલુ કરશું**

આત્મશુદ્ધિ, સદુપદેશ, આત્મગુણોના વિકાસ એ જ એમની કવિતાનું પ્રથમ અને અંતિમ ધ્યેય છે. તેથી તેમના મોટા ભાગનાં ભજનકાવ્યો આત્મલક્ષી છે અને આ ભજનોમાં કબીર, મીરાંબાઈ, આનંદઘન, ધીરો, ભોજો વગેરે મધ્યકાલીન કવિઓની કવિતાની છાપ વર્તાય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં પ્રભુભક્તિનાં કાવ્યોમાં પ્રભુ પ્રેમની ઉત્કટ ઝંખનાની અભિવ્યક્તિ જોવા મળે છે. તેમનાં આ ભજનપદો એક અવધૂતની અલખમસ્ત દશાનો અનુભવ કરાવે છે. તેમનાં કાવ્ય આંતર-નિગૂઢ ભાવોથી ભરેલાં છે. તેમણે રચેલ કાફીઓ મધ્યકાલીન કવિ ધીરાની યાદ અપાવે છે. સંત કવિ બુદ્ધિસાગરજીના કેટલાંક કાવ્યોમાં કવિ બુદ્ધિસાગર અને તત્ત્વજ્ઞ બુદ્ધિસાગર એકમેકની સાથે અભિન્ન રૂપે ભળી ગયેલા જોવા મળે છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં ભજનો અઢારે આલમની આમજનતા માટે લખાયેલા હોવાથી તેમણે પોતાનાં કાવ્યોની ભાષા શક્ય હોય ત્યાં સુધી સરળ બનાવવાનો પ્રયત્ન કર્યો છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજી પોતે માને છે :

**ભાષા પંડિત ભાષા જાણે, વાદવિવાદોમાં મન તાણે,**
**ફૂલે ફોગટ ભાષાજ્ઞાની, શાંતિ થતી ના તેથી મજાની**
**ભિન્ન ભિન્ન ભાષાઓ જાણો, શબ્દ ગર્વને ચિત્ત ન આણો,**
**ભાષાઓમાં ના ભરમાતા, મૂંઝે તે જન ખત્તા ખાતા.**

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં ભજનોમાં ભાવોની એકવિધતા નથી પણ ત્યાગ, વૈરાગ્ય, પ્રેમભક્તિ, અલખની મસ્તદશા આત્મા પરમાત્માની એકતાની ઝંખના જેવા ભાવોની વિવિધતા પ્રાપ્ત થાય છે. બુદ્ધિસાગરજી સંત કવિ હોવાથી તેમની કવિતાનો રસ શાંત હોય એ સ્વાભાવિક છે.

શ્રીમદ્‌નાં ભજનકાવ્યોમાં જનસમાજને માટે બોધ અને ઉપદેશ મુખ્ય હોવાથી તે સરળ ભાષામાં લખાયાં છે તેમાં સંગીતનું પ્રાધાન્ય છે. આ ભજનોમાં અસંખ્ય વિચારોનો પ્રવાહ છે અને તેનો મુખ્ય ગુણ ગેયતા છે. બોધ અને ઉપદેશ હોવાથી કાવ્યતત્ત્વ ક્યાંક ક્યાંક ઊણું ઊતરે છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનું સ્થાન ઉપદેશક કવિ તરીકે ઘણું ઊંચું છે. શ્રીમદ્દનાં ભજનકાવ્યો આજે પણ વિજાપુર મહુડીની આસપાસના પ્રદેશોમાં ગવાય છે. તેમણે પોતાનાં ભજનોમાં પ્રચલિત રાગ-રાગિણીઓનો ઉપયોગ કર્યો છે. તંબૂરા સાથે ગવાતાં ભજનોની ભાષામાં પ્રાસાદિકતા અને ઓજસના ગુણો રહેલા છે. સાથે સાથે તેમનાં ભજનોમાં સાંપ્રદાયિક તત્ત્વોનો મોટા ભાગે અભાવ છે. તેઓ સર્વદર્શનના મતને માન્ય રાખતા.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ રચેલાં નવા યુગની છાયાવાળાં કાવ્યોમાં તેમની સુધારક વૃત્તિ ઊડીને આંખે વળગે છે તેમણે પોતાના સર્જનમાં નવા યુગનાં તત્ત્વો દાખલ કર્યા. તેમણે ઊર્મિગીતો, સૃષ્ટિ સૌંદર્યનાં કાવ્યો, રાષ્ટ્રભક્તિનાં કાવ્યોની રચના કરી અને એક સંત કવિ તરીકે નવો ચીલો ચાતર્યો. જૈન પરંપરાના કવિઓએ પ્રાચીન કાળથી માત્ર ધર્મરંગ્યા સાહિત્યની જ રચના કરી છે જ્યારે શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ આ પ્રકારની સંકુચિતતા દૂર કરી અને કાવ્ય સાહિત્યની દિશામાં એક નવું જ પરિવર્તન આણ્યું.

તેમણે રચેલાં ઊર્મિકાવ્યો પર કલાપી, મણિલાલ અને બાલાશંકરની છાપ પડેલી હોય એમ તેમણે એ કવિઓને કાવ્ય થકી અંજલી આપી છે. તેમણે રચેલાં દીર્ઘકાવ્યો કુદરતવિષયક કાવ્યોમાં તેમની અદ્ભુત રચના શક્તિની પ્રતીતિ કરાવે છે. સાબરમતી ગુણશિક્ષણ કાવ્ય ૨૫૭૪ પંક્તિઓનું અને 'ભારત સહકાર શિક્ષણ' કાવ્ય ૪૭૯૪ પંક્તિઓમાં રચ્યાં છે. બીજા હજાર-હજાર પંક્તિઓનાં અનેક કાવ્યો શ્રીમદે રચ્યાં છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરે રચેલાં સૃષ્ટિસૌંદર્યનાં કાવ્યોમાં તેમની વર્ણનશક્તિ કલ્પનાનાં ભવ્ય શિખરો સર કરે છે. તેમની કાવ્યશૈલી ભાવવાહી, રમતિયાળ અને ચિંતનયુક્ત રહી છે. તેમની કવિતાનું ભાષા પ્રભુત્વ અને શબ્દ લાલિત્ય અતિ ઉચ્ચ પ્રકારનાં છે. તેમનાં આ કાવ્યોમાં ગહન કુદરતનો ભેદ પામવાની ઝંખના છે સાથે સાથે તેમની સૂક્ષ્મ નિરીક્ષણ શક્તિનો પરિચય પણ આ કાવ્યો કરાવે છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીની કવિતામાં સામાજિક, નૈતિક, વ્યાવહારિક અને આધ્યાત્મિક એમ અનેક વિષયોને વણી લેવામાં આવ્યા છે. તેમના રાષ્ટ્રભક્તિનાં કાવ્યોમાં ઉચ્ચ પ્રકારની સ્વદેશભક્તિનાં દર્શન થાય છે. તેમાં ખાસ કરીને ગુજરાત પ્રત્યેનો ખાસ પ્રેમ, અહિંસા, ખાદી, આર્યભૂમિ વગેરે પ્રત્યેનો અપાર-પ્રેમ અપાર ભક્તિની પ્રતીતિ પણ થાય છે. ભારત દેશની સ્વતંત્રતા માટે અસહકારની ચળવળ અને મહાત્મા ગાંધીજીનાં પરિબળો ઘણા કાવ્યોમાં ઝિલાયાં છે અને તેમના સ્વદેશપ્રેમમાં એક સંત કવિની સાત્ત્વિકતાનો પ્રવાહ ભળતાં તે કાવ્યો નવી જ ભાત પાડે છે. 'વંદે માતરમ્' કાવ્ય માત્ર તેમના જ નહિ પણ ગુજરાતી દેશભક્તિનાં કાવ્યોમાં તેના અધ્યાત્મરસને કારણે નોખું તરી આવે છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં નિવાપંજલિ કાવ્યો હોવા છતાં તેમાં સ્વજનના મૃત્યુના શોકની સાથે ચિંતન તથા મૃત્યુ માટેનું શ્રીમદ્દનું પોતાનું વિશિષ્ટ તત્ત્વજ્ઞાન નજરે પડે છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનાં કાવ્યોમાં માત્ર ઊર્મિઓનાં કે લાગણીઓનો જુવાળ જ નથી પણ બૌદ્ધિક અભિગમ પણ સ્પષ્ટ રીતે વ્યક્ત થયેલો છે. બુદ્ધિવિકાસની નવી નવી દિશાઓ ખૂલી તેની કવિ બુદ્ધિસાગરજી ઉપેક્ષા કરતા નથી અને કુદરતનું સામાન્ય વર્ણન કરીને તેઓ અટકી જતા નથી. પણ પોતાનાં કાવ્યોમાં વૈજ્ઞાનિક પરિબળોનું નિરૂપણ કરે છે. વિજ્ઞાનનાં સત્યોને તેઓ પ્રમાણે છે. કહેવાય છે કે કવિઓ આર્ષદ્રષ્ટા હોય છે એ વાત શ્રીમદ્ બુદ્ધિસાગરજીની બાબતમાં સાચી પડે છે. તેમણે કરેલ ભારત દેશ માટેની ભાવિ આગાહી આજે સવાસો વર્ષ પછી પણ સાચી ઠરે છે. તેની પ્રતીતિ 'એક દિન એવો આવશે' કાવ્યમાં થાય છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ બાવીસ હજાર ગ્રંથોનું અધ્યયન કરેલું તેથી તેમના સર્જનમાં તેમના અતિ વિશાળ જ્ઞાન અને ગહન અધ્યયનની પ્રતીતિ થાય છે. તેમનાં કાવ્યોમાં ગૂઢતાને બદલે નિખાલસતાનું દર્શન થાય છે. સામાન્ય રીતે કોઈ પણ સર્જક તેના જમાનાનું પ્રતિબિંબ પોતાના સર્જનમાં ઝીલતાં હોય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરે પણ પોતાનાં કાવ્યોમાં તેમના સમયનું પ્રતિબિંબ ઝીલ્યું છે. તેઓ જે સમયમાં થઈ ગયા તે પરિવર્તનનો કાળ હતો. સામાજિક રૂઢિઓમાં ક્રાંતિનું બળ પેદા થયું હતું. અંગ્રેજોમાં બહિષ્કાર, મહાત્મા ગાંધીજીની અસહકારની ચળવળો, ભારત દેશને સ્વતંત્ર કરવા માટેના આંદોલનો પુરજોશમાં ચાલતા હતાં. તે સર્વ પરિબળો શ્રીમદ્નાં કાવ્યોમાં ગૂંથાયા છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીના વિચારોમાં સંકુચિતતા ન હતી. તેઓ વિશ્વસેવાની ભાવનાને મહત્ત્વ આપતા હતા. સુધારક તરીકે તેઓ પોતાનાં કાવ્યોમાં સ્ત્રીઓની ઉન્નતિને માન આપતા હતા. તેઓ માનતા હતા કે સ્ત્રીઓની ઉન્નતિથી જ સમાજની ઉન્નતિ થાય છે અને સમાજની ઉન્નતિથી જ દેશની ઉન્નતિ થાય છે. શૂરવીરો, સંતો, સમાજના ઉદ્ધારકો અને રાષ્ટ્રના ઘડવૈયા સર્વની જનની તો એક સ્ત્રી જ હોય છે માટે સ્ત્રીનું સન્માન થવું જ જોઈએ. શ્રીમદ્ બુદ્ધિસાગર સ્ત્રી સન્માનની ભાવનાના હિમાયતી હોવાથી પોતાનાં કાવ્યોમાં સ્ત્રીઓનાં ગુણો પ્રત્યે માનની લાગણી વ્યક્ત કરે છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીનું જીવન એક સંતનું જીવન હતું. નિર્મોહી કવિએ અહિંસા અને સત્યના પાયા પર પોતાના જીવનનો પાયો રચ્યો હતો તેથી તેમનું સાહિત્ય તેમની કવિતા તેમના આ આદર્શોનું દર્પણ બની રહ્યું છે. તેમનાં કાવ્યોમાં હૃદયની લાગણીઓનું ભાવોનું સત્ય અને યથાસ્થિત નિરૂપણ તેમણે કર્યું છે.

આત્મોન્નતિ, આત્મચિંતન, પરમાત્મ દશા, નીતિ વૈરાગ્ય, બોધ વગેરે તેમની કવિતામાં ભારોભાર છલકાય છે છતાં તેમની કવિતાએ કાવ્યત્વનાં ઉચ્ચ શિખરો સર કર્યાં છે.

●●●

# આચાર્ય બુદ્ધિસાગરજી રચિત ગદ્ય સાહિત્ય
# બુદ્ધિસાગરજીની સાહિત્યિક કૌશલ્યતા

પ્રકરણ ૪

## અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાન - વિષયક ગ્રંથો


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | અધ્યાત્મ વ્યાખ્યાનમાળા | ૨૪૦ |
| ૨. | પરમાત્મ દર્શન | ૨૪૧ |
| ૩. | શ્રી પરમાત્મા જ્યોતિ | ૨૪૭ |
| ૪. | તત્ત્વજ્ઞાન દીપિકા | ૨૫૦ |
| ૫. | વચનામૃત | ૨૫૩ |
| ૬. | યોગદીપક | ૨૫૮ |
| ૭. | અધ્યાત્મ શાંતિ | ૨૬૨ |
| ૮. | ષડ્દ્રવ્ય વિચાર | ૨૬૬ |
| ૯. | કર્મયોગ | ૨૬૯ |
| ૧૦. | આત્મતત્ત્વ દર્શન | ૨૭૯ |
| ૧૧. | આગમ સાર | ૨૮૧ |
| ૧૨. | સત્ય સ્વરૂપ | ૨૮૧ |
| ૧૩. | આત્મશક્તિ પ્રકાશ | ૨૮૫ |
| ૧૪. | આત્મદર્શન | ૨૯૦ |
| ૧૫. | આત્મશિક્ષાભાવના પ્રકાશ | ૨૯૧ |
| ૧૬. | આત્મપ્રકાશ | ૨૯૭ |
| ૧૭. | તત્ત્વવિચાર | ૩૦૫ |
| ૧૮. | શ્રી તત્ત્વબિંદુ | ૩૧૦ |

# શ્રીમદ્ બુદ્ધિસાગરજી રચિત ગદ્ય સાહિત્ય

## ★★★ આચાર્ય બુદ્ધિસાગરજીની સાહિત્યિક કૌશલ્યતા

યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ એક સિદ્ધહસ્ત લેખક તરીકે ગદ્યના વિવિધ સ્વરૂપોમાં ખેડાણ કર્યું અને સમર્થ કવિ તરીકે પદ્યના પણ દરેક પ્રકારોમાં સર્જન કર્યું માટે તેમને સાહિત્ય સમ્રાટ કહી શકાય.

તેમના કેટલાક ગ્રંથો સ્વયંસ્ફુરિત છે તો કેટલાક અન્ય સાધુભગવંતો રચિત રચનાઓ પર વિવેચન કરતાં પુસ્તકો છે. તેમનું પ્રથમ પુસ્તક 'જૈનધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો' ગુરુમહારાજની આજ્ઞાથી ખ્રિસ્તીઓને જડબાતોડ પ્રત્યુત્તર વાળતું પુસ્તક છે. જ્યારે 'ગુરુબોધ' ગ્રંથની રચના પરોઢના પ્રથમ પ્રહરમાં ગુરુનો સાક્ષાત્કાર થવાથી કરી છે. 'તત્ત્વજ્ઞાન દીપિકા' વાચકોની જિજ્ઞાસા સંતોષતું પુસ્તક છે. આમ તેમણે કંઈક ને કંઈક નિમિત્ત મળતાં જ પુસ્તકોની રચના કરીને ગુજરાતી સાહિત્ય જગતને ૧૧૦ સમર્થ ગ્રંથોની અણમોલ ભેટ ધરી. સાધુજીવનની દૈનિક ક્રિયાઓ, વ્યાખ્યાન, ઉપદેશ, વાંચન, મનન, યોગ, ધ્યાન અને વિહાર વગેરેમાંથી સમય ફાળવીને પ્રકાશ કે પંખાની સહાય વિના આવી અમૂલ્ય કૃતિઓની રચના કોઈ વિરલ વિભૂતિ જ કરી શકે.

શાસ્ત્ર વિશારદ બુદ્ધિસાગરજીના ધાર્મિક જીવન અને કવન વિશે પોતાના વિચારો આલેખતા શ્રી જયભિખ્ખુ અને શ્રી પાદરાકર લખે છે.

"શ્રીમદ્ બુદ્ધિસાગરજીનું ધાર્મિક જીવન 'સેવા'માં સમાઈ જાય છે. આત્મોન્નતિ કરનારા જ પર-ઉન્નતિ કરી શકે છે, તેથી આત્મચિંતન અને નૈતિક પ્રરૂપણાથી તેમનું સાહિત્ય છલકાય છે. નીતિ વિરુદ્ધ એક શબ્દ પણ ન જોઈતો હોય તો ચાલો શ્રી બુદ્ધિસાગર પાસે. આત્મા અને ધર્મની વાતો કરવી હોય તો ચાલો શ્રી બુદ્ધિસાગર પાસે. અનીતિનો એક હરફ પણ ત્યાં નહિ ચાલી શકે તેમનું સાહિત્ય એટલે નીતિસૂત્રનો ભંડાર, ધર્મત્વનો ખજાનો અને આત્માના અનુભવની તિજોરી. જીવનને ઉન્નત બનાવવાની વાતો સિવાય અન્ય સંભાષણ તેમને ખપતું નથી. આત્માના અનુભવ સિવાય અન્ય અનુભવ તેમની પાસે છે નહિ. જીવનનો વિકાસ સાધવાની કળા (ચાવી) - એટલે તેમનું સાહિત્ય."

સાહિત્ય એ જીવનનું પ્રતિબિંબ છે. નિખાલસ અધ્યાત્મિક જીવન પસાર કરતી ભવ્ય વ્યક્તિ દ્વારા રચાયેલા સાહિત્યમાં વાચકના જીવનને ઉન્નત કરવાની અપાર શક્તિ હોય છે.

તેમણે ગદ્યલેખનમાં વિવિધ વિષયોનું નિરૂપણ કર્યું છે જે નીચે મુજબ છે :

(૧) અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાન

(૨) નીતિબોધ તથા સમાજસુધારણા

(૩) ઇતિહાસ

(૪) વિવેચન

(૫) જીવનચરિત્રો

(૬) પત્રો, રોજનિશી

(૭) સંસ્કૃત ગ્રંથો

**(૧) અધ્યાત્મ અને તત્ત્વજ્ઞાન :**

અધ્યાત્મજ્ઞાન એટલે આત્મા વિષયક જ્ઞાન. આત્માને ચોંટેલા ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાયોના આવરણને દૂર કરી તેના શુદ્ધ સ્વરૂપને વિકસાવવાનું જ્ઞાન એટલે અધ્યાત્મ જ્ઞાન. શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ અધ્યાત્મજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના ગ્રંથો દ્વારા લોકોને વ્યવહારિક સદ્‌ગુણો અને આત્મિક ગુણો પ્રગટાવવાનું શીખવ્યું. આ સર્વ ગ્રંથો આત્મિક ઓજસ જાગ્રત કરનારા હોવાથી વાચકને નૈતિક અને યૌગિક શક્તિઓ ખીલવવામાં મદદરૂપ થાય છે. તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મજ્ઞાનનાં પુસ્તકોમાં 'યોગદીપક', 'કર્મયોગ', 'અધ્યાત્મ શાંતિ', 'આત્મ પ્રકાશ' વગેરે મુખ્ય છે.

**(૨) નીતિ બોધ તથા સમાજ સુધારણા :**

શ્રીમદ્દે નીતિબોધ તથા સમાજસુધારણાના સંદેશની પ્રરૂપણા કરતાં વીસેક જેટલા ગ્રંથો રચ્યા છે. તેમના જીવનકાળ દરમ્યાન અંગ્રેજી સત્તા અમલમાં હતી. લોકોમાં ધર્મ પરિવર્તન, કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધલગ્ન વગેરે દૂષણો મોટા પ્રમાણમાં ફેલાયેલાં હતાં. ભારતીય સમાજ નિરક્ષરતા, અંધશ્રદ્ધા અને અકર્મણ્યતામાં ડૂબેલો હતો. તેમણે પોતાની લેખિની દ્વારા લોકોમાં જાગૃતિ આણી. 'સંઘપ્રગતિ', 'શ્રાવક ધર્મ સ્વરૂપ', 'કન્યાવિક્રય નિષેધ', 'તીર્થયાત્રાનું વિમાન' જેવા પ્રગતિશીલ ગ્રંથોએ સમાજને ચેતનવંતો કર્યો, તેના વાંચન અને મનનથી સમાજવાસીઓની જીવનધારા બદલાઈ ગઈ. એમનું નીતિવિષયક બોધદાયક સાહિત્ય તેમના ત્યાગી, વૈરાગી અને પ્રભુમય જીવનનો નિચોડ છે. તેમણે એક લેખક તરીકે પોતાનામાં પ્રગટેલી સર્વ આત્મિક શક્તિઓને લોકોપયોગી સાહિત્ય રચવામાં વાપરી.

**(૩) ઇતિહાસ :**

આચાર્યશ્રીના ઐતિહાસિક સામગ્રીથી ભરપૂર ગ્રંથો જેવા કે 'ભારત-વિજાપુર બૃહત્ વૃત્તાંત', 'જૈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ'માં તેમની પ્રબળ અવલોકન શક્તિ, સચોટતા અને ચોક્સાઈનાં દર્શન થાય છે.

**(૪) વિવેચન :**

આચાર્યશ્રીએ પૂર્વે થઈ ગયેલા મહાત્માઓની અણમોલ કૃતિઓ પર વિવેચન અને ભાષાંતર કર્યાં છે. તેમાં 'આનંદઘનજી પદ ભાવાર્થ', સમાધિશતક વગેરે મુખ્ય છે. તેઓ જ્યાંથી જે સારું મળે તે ગ્રહણ કરીને લોકો સમક્ષ રજૂ કરતાં. તેમણે 'ઈશાવસ્યોપનિષદ્' જેવા બહુમૂલ્ય ધર્મગ્રંથોનો ભાવાર્થ જૈન દૃષ્ટિએ કરીને દર્શાવ્યું કે મહાપુરુષોને કદિ ધાર્મિક સીમાડા નડતા નથી.

**(૫) જીવનચરિત્રો :**

શ્રીમદે પોતાના ગુરુ સુખસાગરજી, દાદા ગુરુ રવિસાગરજી, અલખમસ્ત આનંદઘનજી તથા દેવચંદ્રજી જેવા સમર્થ સાધુપુરુષનાં જીવનચરિત્રોની રચના કરી છે. તેમણે અધ્યાત્મજ્ઞાની આનંદઘનજી અને દેવચંદ્રજીના ચરિત્રની મૂળ કૃતિઓને જ્ઞાનભંડારોમાંથી શોધાવીને પ્રગટ કરાવી જેથી તે કાળના પ્રવાહથી લુપ્ત ન થાય. જ્યારે 'યશોવિજયજી નિબંધ' દ્વારા તેમણે લોકોને ઉપાધ્યાયજીની મહાનતાનાં દર્શન કરાવ્યાં.

**(૬) પત્રો, રોજનીશી :**

તેમના લખેલા પત્રો અને રોજેરોજ લખાતી નોંધપોથીમાં તત્ત્વજ્ઞાન, બોધ, ઉપદેશ અને તેમનું મનોમંથન તાદશ થાય છે. તેમણે તેમના શિષ્યો તથા કેટલાક શ્રાવકોને ઉદ્દેશીને પત્રો લખ્યા હતા જેનો સંગ્રહ 'પત્ર સદુપદેશ'માં કરવામાં આવ્યો છે. 'તીર્થયાત્રાનું વિમાન' એ પણ પત્ર સંગ્રહ છે, જેમાં તેમનો ઉપદેશ અને દેશદાઝ સોળે કળાએ ઝળકે છે.

**(૭) સંસ્કૃત ગ્રંથો :**

આચાર્યશ્રીએ ૨૪ સંસ્કૃત ગ્રંથોની રચના કરી હતી. એમાં ઘણા ગ્રંથોનો ગુજરાતી અનુવાદ તેમણે પોતે જ કર્યો હતો.

આ પ્રમાણે શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ ૫૪ જેટલા ગદ્ય ગ્રંથ અને ૨૪ સંસ્કૃત ગ્રંથોની રચનાઓ કરી છે.

## (૧) અધ્યાત્મ વ્યાખ્યાનમાળા

શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજ સાહેબે વિક્રમ સંવત ૧૯૬૪માં માણસા શહેરમાં આત્મોપાસક યોગ મંડળના ત્રિદિવસીય કાર્યક્રમમાં અધ્યાત્મજ્ઞાન અને યોગવિદ્યા પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. તે સમયે બીજા ગુરુભક્તોએ પણ ભાષણો આપ્યાં હતાં. એ બધાં વ્યાખ્યાનો 'અધ્યાત્મ વ્યાખ્યાનમાળા'માં સંલગ્ન છે. માણસા શહેરમાં આ સંમેલન સમયે જ 'શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ'ની રચના થઈ તથા આ મંડળે સર્વપ્રથમ આ ગ્રંથ 'અધ્યાત્મ વ્યાખ્યાનમાળા' છપાવી પ્રસિદ્ધ કર્યો.

વ્યાખ્યાનની શરૂઆત તેઓ વીર ભગવાન અને ગુરુને નમસ્કાર કરીને કરે છે. તેઓ કહે છે કે પંચમકાલમાં કેવલજ્ઞાની પુરુષોના અભાવે તેમની વાણી તથા તે વાણીને પ્રરૂપનારા ગુરુઓ જ આધારભૂત છે. વીર ભગવાને બતાવેલ માર્ગ પર ચાલનારા મનુષ્યો પ્રગતિ કરી શકે છે. પરંતુ નિંદા કરનારા પ્રમાદી આળસુ વ્યક્તિઓ પાછળ રહી જાય છે.

તેઓ જીવ-અજીવ વિશે સમજાવતાં કહે છે કે જગતમાં અનાદિ કાળથી જડ અને ચૈતન્ય તત્ત્વ છે. તેમાં ચૈતન્ય પોતાના અજ્ઞાનથી રાગદ્વેષમાં લપેટાઈને પુદ્‌ગલ સ્કંદરૂપ શુભ-અશુભ કર્મ ગ્રહણ કરે છે. આ પ્રમાણે જીવ તત્ત્વ કર્મરૂપ અજીવ તત્ત્વથી બંધાયેલો હોય છે. તેમાંથી (કર્મમાંથી) જ્યારે છૂટે ત્યારે તેને મોક્ષ પ્રાપ્ત થાય છે. શુભ-અશુભ કર્મ પ્રારબ્ધ કે કિસ્મત કે પુણ્ય-પાપના નામે ઓળખાય છે. દયા, ધર્મ વગેરે શુભ કર્મથી પુણ્યબંધ થાય છે. જ્યારે હિંસા, ચોરી વગેરે અશુભ કર્મથી પાપ કર્મબંધ થાય છે. પુણ્ય-પાપના પરમાણુઓના સ્કંધો આત્માને લાગે છે અને ખરે છે. આમ પુણ્ય-પાપ જડ હોવા છતાં આત્મા શાંતિ-અશાંતિ તેના વડે અનુભવે છે. આત્માને કર્મબંધથી મુક્ત કરવા મનુષ્યે અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી મનુષ્ય ગમે એવી ચંચળ પરીસ્થિતિમાં પણ વિહ્‌વળ બનતો નથી.

ગુરુદેવ આત્માની શક્તિ પર શ્રદ્ધા રાખીને સાધકને ધીરે ધીરે મન સ્થિર કરવાનું કહે છે. તે માટે તેઓ કૂવો ખોદવાનું દૃષ્ટાંત આપે છે. જે રીતે કૂવો ખોદવા માટે રોજ થોડું થોડું ખોદીને માટી કાઢવામાં આવે છે અને થોડા દિવસ પછી ભેજવાળી માટી અને અંતે પાણી નીકળે છે. તે જ પ્રમાણે આત્મશક્તિઓની પ્રાપ્તિ માટે ઉત્સાહ અને શ્રદ્ધાથી ઉદ્યમ કરતાં તથા સદ્‌ગુરુની સેવા કરતાં અધ્યાત્મ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

આ ગ્રંથની રચના સંવત ૧૯૬૪માં શ્રાવણ સુદ પાંચમના રોજ કરવામાં આવી હતી. ગુજરાતી ભાષામાં રચાયેલી આ પુસ્તકની પૃષ્ઠ સંખ્યા ૨૦૦ છે.

## (૨) પરમાત્મ દર્શન

આચાર્ય બુદ્ધિસાગર મહારાજે 'પરમાત્મ દર્શન' ગ્રંથમાં મનુષ્ય જન્મ-જરા-મૃત્યુના કષ્ટમાંથી છૂટી પોતાનું જીવન સુખમય વિતાવે એવી જ્ઞાનદૃષ્ટિ રાખી આત્મતત્ત્વ એટલે કે આત્માના ગુણો વિકસાવવા માટેના ઉપાયો સૂચવ્યા છે. પૂર્વાચાર્યો, ગણધરો અને તીર્થંકરોએ મનુષ્ય સમજી શકે તેવી સરળ દૃષ્ટાંતમય લોકભાષામાં એટલે કે ગુજરાતી, માગધી, પ્રાકૃત ભાષામાં ઉપદેશાત્મક ગ્રંથોની રચના કરી છે. આચાર્ય બુદ્ધિસાગરજી આ ગ્રંથની પ્રસ્તાવનામાં લખે છે :

"પૂર્વોક્ત આચાર્યોના ગ્રંથો સૂત્રોની પેઠે માનનીય અને પૂજનીય ગણાય છે. શ્રી હેમચંદ્ર પશ્ચાત્ લોકોની સ્થિતિ વિદ્યા સંબંધી ઘટવા લાગી. લોકો માગધી અને સંસ્કૃતમાં પણ અલ્પ સમજવા લાગ્યા. ત્યારે આચાર્યોએ જમાનાને અનુસરીને બોલાતી ગુર્જર ભાષા આદિમાં રાસો વગેરે બનાવવા લાગ્યા. સંવત ૧૩૨૭માં સાતક્ષેત્રનો રાસ બન્યો છે. આ સાત ક્ષેત્રનો ગુર્જર ભાષાનો રાસ છપાવી સિદ્ધ કર્યું છે કે જૈનોમાંથી ગુર્જર ભાષા મુખ્યતાએ પ્રકાશી છે. તે પહેલાં પણ જૈન આચાર્યોએ કાવ્ય લખ્યાં હોય એમ સંભવ થાય છે, અને તે માટે શોધ ચાલે છે. પ્રથમ તો ગુર્જર ભાષામાં પદ્ય તરીકે રચના કરી ઉપદેશ આપ્યો, પશ્ચાત્ ગદ્યમાં પણ ગ્રંથ બનાવી ઉપદેશ દેવાનો પ્રારંભ કર્યો. માતૃભાષામાં જે ઉપદેશ આપવામાં આવે છે તે સહેજે સમજાય છે. ગુજરાતીઓને માટે ગુર્જર ભાષામાં લેખ લખી સમજાવવામાં આવે તો વિશેષ ઉપકાર થાય. આ ન્યાયને અનુસારી ગુર્જર ભાષામાં લેખ લખ્યો છે."

ઉપરના ફકરા પરથી આચાર્યશ્રીની સમાજને સુધારવા માટેની તીવ્ર ધગશ છતી થાય છે. તેમને પ્રાકૃત, માગધી અને સંસ્કૃત ભાષા પર ખૂબ પ્રભુત્વ હોવા છતાં એમાં ગ્રંથ રચી પોતાની ઊંચી ભવ્ય છાપના મોહમાં ફસાયા વગર તેઓએ લોકોની ગુર્જર ભાષામાં અવનવાં દૃષ્ટાંતો આપી ઉપદેશાત્મક ગ્રંથો રચી સારા સમાજસેવકનું બિરુદ મેળવ્યું.

પ્રસ્તુત ગ્રંથમાં ૫૨૮ દુહાઓ છે. તેમાંથી તેઓએ ૨૨૭ દુહાઓનું વિવેચન દૃષ્ટાંતો, ચોપાઈઓ અને સંવાદોની મદદ લઈને સામાન્ય જન સહેલાઈથી સમજી શકે એવી સરળ રીતે કર્યું છે. તેઓ ગ્રંથનો પ્રારંભ શંખેશ્વર પાર્શ્વનાથને નમન કરીને દુહા સ્વરૂપમાં ગુરુજીની સ્તુતિ કરી મંગલ કરે છે.

**સુરતરુ જંગમ તીર્થરૂપ, સદ્ગુરુ સાચા દેવ,**
**ત્રિકરણ યોગે તેહની, ભાવે કીજે સેવ.**

તેમના આ પ્રથમ શ્લોકમાં તેઓ ગુરુને જંગમ તીર્થ અને વૃક્ષની જેમ ઉપકારી કહે છે. આ મિથ્યા જગતમાં સાચા અને ખોટાનું અંતર ગુરુ જ બતાવે છે. ગુરુની ભક્તિભાવથી સેવા કરવાથી આત્માની ઉચ્ચ દશા પ્રાપ્ત થાય છે.

આત્માનું અસ્તિત્વ બતાવવા તેઓ શ્રી પાર્શ્વનાથની પરંપરામાં થયેલા કેશીમુનિ અને રાજા પ્રદેશીની વાતચીતનો પ્રસંગ આલેખે છે.

**પ્રદેશી :** "કુંથુઓમાં અને હસ્તિમાં શી રીતે સમ પરિણામી જીવ હોય ? શી રીતે તે સાચું માનવું ? લઘુ સ્થાનમાં લઘુ વસ્તુનું અવસ્થાન યુક્ત છે ?"

**કેશી :** "હે આયુષ્યમન, પ્રદીપ પ્રભાનો દૃષ્ટાંત અત્ર જાણ, દીપક મોટી શાળામાં મૂક્યો છતાં તેટલી સર્વ શાળાને તેનો પ્રકાશ વ્યાપીને રહે છે. તેમ કુંભમાં મૂક્યો છતાં તે કુંભનો જ ઉદ્યોત કરે છે. તેમ આત્મા જેવડા શરીરને અવગાહી રહ્યો હોય છે તેટલા શરીરને જ ચેતના ગુણ વડે દ્યોતન કરે છે. ત્યાં જરા પણ સંશય નથી. ઇતિ."

ગુરુ કેશીમુનિ અને રાજા પ્રદેશીના આ પ્રસંગ પરથી આત્મા શરીરમાં કેવી રીતે રહે છે તે સાધારણ બુદ્ધિ ધરાવતી વ્યક્તિ પણ સહજમાં સમજી શકે છે. આ સંવાદ દ્વારા શ્રીમદે ગુરુની શક્તિ તથા આત્માનું અસ્તિત્વ સિદ્ધ કરી બતાવી છે.

તેઓ ગ્રંથના બીજા પદમાં આત્માને વિશે કહે છે કે આત્મા જ આત્માને ઓળખે છે. જ્યાં જ્ઞાન છે ત્યાં ચેતન એટલે કે આત્મા છે અને જ્યાં ચેતન છે ત્યાં જ્ઞાન હંમેશ રહે છે. જેમ બકરાના ટોળામાં ભૂલથી રહેતો સિંહબાળ બીજા સિંહને જોતાં જ પોતાની જાતને ઓળખીને ગર્જના કરવા લાગે છે, તે જ પ્રમાણે આત્મા પણ જ્ઞાનબળે પોતાના પરમાત્મા સ્વરૂપ આત્માને ઓળખે છે.

**તેને તેહિ જ ઓળખે, અવર ન જ્ઞાતા કોય**
**જ્ઞાતા તેહિ જ આત્મા, નિત્યપણે જગ જોય...(૨)**

જ્યારે આત્માનું પરમાત્મામય સ્વરૂપ ઓળખાય છે ત્યારે પોતાનો આત્મા પરમાત્માથી ભિન્ન નથી અને સાંસારિક નાશવંત સુખો આગળ આત્મા અવિનાશી છે એમ સમજાય છે. હર્ષ, શોકરહિત, આત્માની સ્થિતિ પ્રાપ્ત કરવા માટે અહમ્ અને મોહમયી વૃત્તિનો ત્યાગ કરી મનને સ્થિર કરી એકાગ્ર ચિત્તે ધ્યાન ધરવાથી ચેતના પ્રગટ થાય છે.

તેઓ આત્માની શક્તિ વિશે સમજાવતાં દુહાઓમાં કહે છે કે કસ્તૂરી મૃગની જેમ મનુષ્ય પોતાના આત્મામાં અનંત શક્તિઓ ભરી હોવા છતાં બાહ્ય પદાર્થોમાં મમત્વ રાખીને 'મારું મારું' કરે છે. પરંતુ જ્યારે સદ્ગુરુના સત્સંગથી આત્માસ્વરૂપ જાણીને કર્મનો નાશ કરીને

મોક્ષપ્રાપ્તિની ઇચ્છા કરે છે ત્યારે જ આત્મ કલ્યાણ થાય છે. આત્માની સાચી ઓળખ કરાવનાર ગુરુ સાક્ષાત્ તીર્થ સમાન છે. હૃદયમાં ગુરુની મૂર્તિ સ્થાપી એકાગ્ર ચિત્તે ધ્યાન કરવાથી ગુરુકૃપાએ જ્ઞાન-પ્રાપ્તિ થતાં મન પ્રસન્ન બને છે.

ઘણા મનુષ્યો કાંઈપણ સમજ્યા વગર બાહ્ય ધાર્મિક ક્રિયાઓ કરતાં રહે છે. પરંતુ જ્યાં સુધી બાહ્ય ક્રિયાઓ ખરા અંતઃકરણથી કરવામાં ન આવે ત્યાં સુધી આત્મા મોક્ષ પામી શકતો નથી. આચાર્ય બુદ્ધિસાગર મહારાજ જ્ઞાન અને બાહ્ય ક્રિયાઓ માટે જ્ઞાનવાદી અને ક્રિયાવાદી વાતચીતનું નિરૂપણ કરે છે.

**ક્રિયાવાદી :** "દૂધપાક મિષ્ટાન્ન, ભોજનનું જાણપણું માત્ર હોવાથી, ઉદરપૂર્તિ થતી નથી. માટે તેની ક્રિયા કરાય તો ઇષ્ટ ફલ સિદ્ધ થાય છે."

**જ્ઞાનવાદી :** "ક્રિયાવાદી તમો ક્રિયાને ફળદાયક કહો છે તે યુક્ત નથી. ક્રિયા કરવાથી સંસારની વૃદ્ધિ થાય છે. રાંધવું, યુદ્ધ કરવું એ આદિ ક્રિયા છે. તો તેથી મુક્તિ નથી કિંતુ કર્મબંધ છે. માટે જ્ઞાન તે જ સાર છે. કર્મક્ષય જ્ઞાનથી થાય છે."

આચાર્ય બુદ્ધિસાગર મહારાજ ઉપદેશ ગ્રહણ કરતાં શ્રોતાઓ વિશે કહે છે કે શ્રોતાઓ જો સુપાત્ર હોય તો જ ઉપદેશ આપવો સફળ થાય છે. સુપાત્ર શ્રોતાઓને ગુરુવાણીમાં વિશ્વાસ હોય છે અને તેઓ વિનયી, વિવેકી, નિષ્કપટ, સદાચાર અને શ્રદ્ધાવાન હોય છે. શ્રોતાઓ જો અયોગ્ય હોય તો તેઓને આપેલો ઉપદેશ નિષ્ફળ જાય છે. શ્રોતા જો કપટી, ધૂર્ત, અવિવેકી અને મૂર્ખ હોય તો તેના પર ઉપદેશની કંઈ જ અસર થતી નથી. જે શ્રોતાઓને ગુરુ પર શ્રદ્ધા અને વિશ્વાસ ન હોય તો એને ધર્મમાં પણ શ્રદ્ધા હોતી નથી. એમ તેઓ તેમના ૬૬ અને ૬૭ દુહામાં કહે છે :

**સહસ્ર સૂર્યોદય હુએ, ચંદ્ર ઊગે શતવાર**
**દીપક કરો હજાર પણ, અંધ ન જુઓ લગાર...(૬૬)**
**જ્ઞાની સદ્‌ગુરુ જો મલે, અતિશય દે ઉપદેશ**
**મૂરખને લાગે નહીં, ઊલટો થાવે કલેશ...(૬૭)**

ઉપરના શ્લોકમાં તેઓએ મૂર્ખ માણસને અંધ જેવો કહ્યો છે કે જે હજારો સૂર્ય કે દીપકનો પ્રકાશ હોય તો પણ જોઈ શકવા શક્તિમાન ન થાય.

**ક્રિયાકાંડ નવિ મુક્તિ દે, જો નહિ આતમભાન**
**આત્મોપયોગી સાધુને ધર્મક્રિયા ગુણ ખાણ...(૧૧૭)**

આત્મધ્યાન આદિની ક્રિયાઓ સાધુનું દૃષ્ટાંત આપીને સમજાવે છે. આ દુહાઓમાં તેઓ કહે છે કે પંચાચાર પાળતા સાધુઓ અપરિગૃહી ચારિત્રવાન અને આત્મસ્વરૂપમાં લીન રહેતા હોય છે, તેઓની મુક્તિ નિશ્ચિત હોય છે. જ્યારે જેઓ ફક્ત ક્રિયાકાંડ કરતા હોય પરંતુ આત્મસ્વભાવને જાણતા ન હોય તેઓ ધર્મને સંપૂર્ણ પામી શકતા નથી.

જે મનુષ્યને નવ તત્ત્વ અને ષડ્દ્રવ્યના સ્વરૂપનું જ્ઞાન થાય છે તે જ્ઞાનીજન સંસારમાં જલકમલવત્ રહી પોાનું શ્રેય સાધી આત્મકલ્યાણ કરે છે. આત્માની ઋદ્ધિ આત્મામાં સમાયેલી હોય છે. તેનો કદી નાશ થતો નથી. આત્માની અખંડ, અક્ષય, શક્તિનું સ્વરૂપ જ્યારે માનવી પામે છે ત્યારે સંસારનું સુખ તુચ્છ ભાસે છે. આત્મા જ્ઞાન યોગે સ્વ સ્વરૂપમાં રમે તો એથી ક્ષણમાત્રમાં કર્મનો નાશ કરી શકાય છે. જ્ઞાનરૂપી અગ્નિ સર્વ કર્મોને બાળે છે. તેઓ આ માટે શ્રીમદ્ભગવદ્ગીતાના ચોથા અધ્યાયના શ્લોકનું ઉદાહરણ આપે છે :

**यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात् कुरुतेऽर्जुन ।**
**ज्ञानाग्निः सर्वकर्माणि, भस्मसात् कुरुते तथा ॥४-३७॥**

**ભાવાર્થ :** અગ્નિ કાષ્ઠ સમૂહને બાળી ભસ્મ કરે છે તેમ જ્ઞાનરૂપ અગ્નિ સર્વ કર્મોને બાળી ભસ્મ કરે છે. (૪-૩૭)

**अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।**
**सर्वं ज्ञानप्लवेनैव, वृजिने संतरिष्यसि ॥४-३६॥**

**ભાવાર્થ :** મોટામાં મોટું પાપ કરનારો તું હોઈશ તો પણ તું જ્ઞાન નૌકાથી સર્વ પાપ તરી જઈશ એમ કૃષ્ણ કહે છે. (૪-૩૬)

આત્માના ગુણો ખીલવવા માટે મનને સંતાપતા ક્રોધને દૂર કરવો જોઈએ. ગુસ્સો બુદ્ધિનો શત્રુ છે. વૈરભાવવાળા ગુસ્સા પર કાબૂ મેળવવા માટે ક્ષમા સમાન કોઈ સાધન નથી. ક્ષમા એ મોટામાં મોટું તપ છે. ગુસ્સા પછી બીજી અગત્યની વસ્તુ તે અદેખાઈ. અદેખાઈ અને લોભ માણસને પાપ કરવા પ્રેરે છે. સરળ હૃદયવાળા નિષ્કપટી મનુષ્ય જલદી પરમાત્મ સ્વરૂપ પામી શકે છે.

મનુષ્યમાં સૌથી મોટામાં મોટો ગુણ સંતોષ છે. સર્વમાં સારું જ જોવું, કોઈની પણ નિંદા કરવી નહિ. કોઈ કરે તો એનું બૂરું ઈચ્છવું નહિ. શુભભાવના ભાવી આત્મ કલ્યાણ કરવું. આવા જ્ઞાન પ્રાપ્ત કરવાવાળા કોઈ વિરલ જ હોય છે એમ તેઓ ઉપરના શ્લોકમાં નિરૂપે છે.

**દુર્લભ આત્મસ્વરૂપની, વાતો કરવી સહેલ**
**કિંતુ આત્મસ્વરૂપની, પ્રાપ્તિ છે મુશ્કેલ...(૧૧૮)**

આચાર્ય બુદ્ધિસાગર મહારાજે આ દુહાનો ભાવાર્થ સમજાવતાં કહ્યું છે કે, અજ્ઞાની મનુષ્યો ધર્મજ્ઞાનના અભાવે શાશ્વત ધર્મ પામી શકતા નથી. જો ઉપદેશ દેનાર ગુરુ પણ ધર્મનો મર્મ સમજ્યા વિના ઉપદેશ આપે તો પોતાની સાથે બીજાનું પણ નુકસાન કરે છે. ઘણા મનુષ્યો જ્યારે દુઃખ આવી પડે ત્યારે દીક્ષા અંગીકાર કરે છે. પરંતુ પાછળથી તેઓ સાંસારિક વસ્તુઓના મોહને ત્યજી શકતા નથી. આવા કુસાધુઓ પોતાના આત્માને જ ઠગે છે. ઘણા સાધુઓ પોતાના ગુરુની નિંદા કરે છે તથા તેઓનો ઉપકાર ભૂલી જઈ તેમની આજ્ઞા શિરોધાર્ય ન કરીને પોતાના મુક્તિ માર્ગને જ રૂંધે છે.

શ્લોક ૧૧૯ થી ૨૨૮ના વિવેચન કરતાં તેઓ સમજાવે છે કે, મમત્વ દૃષ્ટિથી બંધાયેલા જીવોએ આત્મિક શક્તિ મેળવવા માટે શાંતિથી એક ચિત્તે નીચેના દશ વિષયો પર મનન કરવું. મનને જે પ્રકારનો વેગ મળે છે તે પ્રકારે તે કુંભારના ચાકની જેમ ઘણા સમય સુધી ફરતો જ રહે છે. મનને જો આર્ત ધ્યાનનો વેગ આપવામાં આવે તો હંમેશ આર્ત ધ્યાનમાં જ લીન રહે છે. માટે જો એને ધર્મનો વેગ આપવામાં આવે તો મન મુક્તિપદ પામે છે. શ્રી બુદ્ધિસાગરજી મનુષ્યને આત્મા અને સંસારભ્રમણ વિગતવાર સમજાવવા માટે નીચેની સરળ પ્રશ્નોત્તરી દર્શાવી છે :

(૧) **પ્રથમ પ્રશ્ન : હું કોણ છું ? જડ કે ચેતન ?**
**ઉત્તર** : જો હું ચેતન હોઉં તો મારામાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય.

(૨) **બીજો પ્રશ્ન : હું ચેતન કે જડ ?**
**ઉત્તર** : હું જ્ઞાનમય ચેતન છું. અજીવ પદાર્થને હું જાણું છું. તેનાથી હું ભિન્ન છું.

(૩) **ત્રીજો પ્રશ્ન : સર્વ દૃશ્ય વસ્તુઓમાં હું છું કે નહીં ?**
**ઉત્તર :** વિશ્વમાં ઘણી વસ્તુઓ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ મારું તેવું સ્વરૂપ નથી જે પદાર્થો દેખાય છે. તે સર્વે પુદ્‌ગલના પર્યાયો રૂપે હોય છે. તે સર્વે આત્માથી ભિન્ન છે. જોકે આ શરીર પણ આત્માથી અલગ છે. છતાં પણ એની સારસંભાળ લેવી પડે છે. કારણ કે ધર્મસાધના શરીર વડે જ થાય છે.

(૪) **ચતુર્થ પ્રશ્ન : હું ક્યાંથી આવ્યો ? ક્યાં જઈશ ?**
**ઉત્તર :** હું એટલે કે આત્મા કયા સ્થાનમાંથી આ મનુષ્ય ગતિમાંથી આવ્યો અને આ શરીર છોડીને ક્યાં જશે ? પૂર્વભાવના સરલ હૃદયથી જ પરોપકારી, દયાળુ, ધર્માત્માનો માનવ દેહ મળે છે.

**(૫) પંચમ પ્રશ્ન : મનુષ્ય જન્મની સાફલ્યતા શાથી ?**

**ઉત્તર :** પંચમ ગતિ સાધ્ય કરવાથી મનુષ્ય જન્મ સફળ થાય છે. પુણ્ય અને પાપના ક્ષયથી મુક્તિ પદ મળે છે.

**(૬) છઠ્ઠો પ્રશ્ન : ધર્મ ક્યાં રહે છે ? એના હેતુઓ કોણ ?**

**ઉત્તર :** સાધુવ્રત, શ્રાવક વ્રત પાળવા, દેવગુરુની ભક્તિ કરવી, શ્રી અર્હન્‌ની પૂજા કરવી. અર્હન્‌ના ગુણોનું સ્તવન કરવું, કીર્તન કરવું, પ્રભુની અષ્ટપ્રકારી પૂજા કરવી.

**(૭) સાતમો પ્રશ્ન : હું સંસારમાં જન્મ-જરા-મરણ પામું છું તેનું શું કારણ છે ?**

**ઉત્તર :** પુદ્‌ગલ સ્કંધ સ્વરૂપી કર્મ આત્માની સાથે અનાદિ કાળથી લાગેલું છે. આત્મા પોતે અશુદ્ધ ભાવથી કર્મ ગ્રહે છે. કર્મમાં જ શુભ-અશુભ ફળ આપવાની શક્તિ છે. કર્મ સાથે જ બંધાયેલો જીવ ગર્ભમાં આકાર લઈને જન્મ લે છે. કર્મને લીધે જ મનુષ્ય જન્મ લે છે. અને વૃદ્ધાવસ્થાથી પીડાઈને મૃત્યુને આધીન થાય છે.

**(૮) આઠમો પ્રશ્ન : સંસારમાં આત્મા ક્યારથી છે ?**

**ઉત્તર :** સંસારમાં આત્મા અનાદિ કાળથી છે. આત્મા અજર-અવિનાશી છે.

**(૯) નવમો પ્રશ્ન : આત્મા નિર્મળ પરમ પદ શાથી પામે ?**

**ઉત્તર :** આત્મા જ્ઞાન, દર્શન અને ચારિત્રનો માર્ગ અપનાવવાથી પરમ પદ પામે છે. ભગવતી દીક્ષા લઈને પણ મોક્ષ પામી શકે.

**(૧૦) દસમો પ્રશ્ન : કર્મનો કર્તા ભોક્તા આત્મા કર્મનો નાશ શી રીતે કરી શકે ?**

**ઉત્તર :** આત્મા જ્યારે સ્વ સ્વરૂપમાં લીન બને ત્યારે કર્મનો નાશ થાય છે. જીવ બે પ્રકારના હોય છે. ભવ્ય જીવ અને અભવ્ય જીવ. જેઓ મોક્ષમાં જવાની ઇચ્છા રાખે છે તે ભવ્ય જીવો છે. બાકીના અભવ્ય જીવો છે."

અજ્ઞાની જીવ આત્માનો શુદ્ધ સ્વભાવ જાણતો ન હોવાને લીધે રાગ-દ્વેષ કરે છે. જ્યારે જ્ઞાની જન રાગ-દ્વેષનો ત્યાગ કરી મોક્ષપદનો અધિકારી બને છે. જો મનુષ્ય પોતે જ્ઞાની બનવાની કોશિશ કરે તો આત્માના શુદ્ધ સ્વરૂપને જાણી શકે છે. "હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જઈશ ? મારી સાથે પરભવમાં શું આવશે ?" આવું મનન કરવાથી આત્માના જ્ઞાનાનંદ સ્વભાવની પિછાણ થાય છે.

આ દશ પ્રશ્નો મુમુક્ષોઓ માટે અતિવિચારણીય છે. આત્મા, કર્મ, સંસાર ભ્રમણ, આત્માના શુદ્ધ સ્વભાવ, વગેરે વિશે શ્રીમદે ગહન વિવેચન આ ગ્રંથમાં કર્યું છે. તે ઉપરાંત આત્મસિદ્ધિ કરવાના ઉપાયો સવિસ્તર સમજાવ્યા છે.

## (૩) શ્રી પરમાત્મ જ્યોતિ

'શ્રી પરમાત્મ જ્યોતિ' ગ્રંથમાં બુદ્ધિસાગર મહારાજ સાહેબે ઉપાધ્યાય યશોવિજયજી દ્વારા રચિત પચીસ સંસ્કૃત શ્લોકોનું સુંદર વિવેચન કર્યું છે. આ ગ્રંથ વાંચીને મનુષ્ય પોતાના આત્માની ઉચ્ચ અવસ્થા પ્રાપ્ત કરે એ શુભ આશયને લક્ષમાં રાખીને આ કૃતિમાં તેઓએ દૃષ્ટાંતો, રૂપકો, ગુરુ-શ્રાવક સંવાદ, સજઝાય તથા આગમ સૂત્રની ગાથાઓનો આધાર લઈને ભવ્ય જીવોને બોધ આપવા સફળ પ્રયત્ન કર્યો છે. તેઓ ઉપાધ્યાયજીના પ્રથમ શ્લોકથી ગ્રંથ પ્રારંભ કરે છે :

**परमात्मा परंज्योतिः परमेष्टि निरंजनः ।**
**अजः सनातनः शंभुः स्वयंभूर्जयता जिनाः ।। ( १ )**

આ ગ્રંથમાં તેઓ આત્મા પરમાત્માનું સ્વરૂપ વિગતવાર સમજાવે છે. આત્મામાં અનંત શક્તિઓ સૂક્ષ્મપણે સંગૃહીત થયેલી હોય છે. જે રીતે બીજમાંથી વૃક્ષ પેદા થાય છે તે રીતે જીવ કર્મનો ક્ષય કરીને મનને જીતીને પરમાત્મપદ પ્રાપ્ત કરી શકે છે. મનને જીતવા માટે પોતાની શુભ શક્તિઓ ખીલવવા પ્રયત્ન કરવો જોઈએ તથા ધ્યાન ધરવું જોઈએ. ધ્યાન ધરવાથી મન બાહ્ય પદાર્થોમાં ભ્રમણ કરતું નથી.

આચાર્ય બુદ્ધિસાગરજી મહારાજ આત્મા અને કર્મના સંબંધો અસરકારક રીતે સમજાવવા માટે ગુરુ-શ્રાવક અને ગુરુ શિષ્ય સંવાદ તથા આગમ સૂત્રોની ગાથાઓનો આધાર લીધો છે. તેમણે પરમાત્માની ભક્તિભાવના દર્શાવવા માટે શ્રી દેવચંદ્રજી, શ્રી જ્ઞાનવિમલસૂરિ અને શ્રી આનંદઘનજીનાં પદોનાં ઉદાહરણો દર્શાવ્યાં છે. નીચેના સંવાદમાં બુદ્ધિસાગરજી આત્માને લગતાં શુભ-અશુભ કર્મ વિશે સમજાવે છે.

**શિષ્ય :** હે યોગીન્દ્ર મહારાજ, કર્મો તો જડ છે. તે પોતાની મેળે આત્માને લાગવા સમર્થ નથી અને આત્મા તો જ્ઞાની છે. ત્યારે જાણતો છતાં શુભ કર્મ તો ગ્રહણ કરે પણ અશુભ કર્મોને કેમ ગ્રહણ કરે છે ?

**ગુરુ :** ભિક્ષુ, બંદિજન, ઋષિ વગેરે સ્નિગ્ધ, રુક્ષ ભિક્ષાને જાણે છે. છતાં ભવિતવ્યતાયોગે સ્નિગ્ધ રૂક્ષ જેવી ભિક્ષા મળે છે તેવી ખાય છે. અપથ્યનું સેવન રોગને નિમંત્રે છે. તેમ જાણવા છતાં પણ મનુષ્ય અપથ્ય ખોરાક ખાય છે. તે જ પ્રમાણે શુભ-અશુભ કર્મને જાણવા છતાં પણ અશુભ કર્મ આત્મા ગ્રહણ કરે છે. જડ કર્મ જે રીતે લોહચુંબક લોખંડને આકર્ષે છે, તે પ્રમાણે આત્મા કર્મ ગ્રહણ કરે છે. પરંતુ લોહચુંબકમાંથી જેમ ચુંબકત્વનો ગુણધર્મ કાઢી નાંખવામાં આવે તો તે લોખંડને આકર્ષતું નથી તે જ પ્રમાણે સિદ્ધ બુદ્ધાત્મા કર્મ ગ્રહણ કરતો નથી.

જ્યારે આત્મા (જીવ) માતાના ગર્ભમાં આવે છે ત્યારે ઇન્દ્રિય અને બળવિહીન હોય છે. છતાં તે આહાર ગ્રહીને શરીર બનાવે છે. આમ આત્મા ઇન્દ્રિય વગર પણ કર્મ ગ્રહણ કરે છે. આત્મા સ્વભાવે નિર્મળ છે. પરંતુ ચિત્તની મલિનતાથી અશુભ કર્મ ગ્રહણ કરી મલિન બને છે. ચિત્તને મલિન બનતું અટકાવવા માટે મનુષ્યે અહંકાર, છળકપટ, લોભ વગેરે દૂષણોનો ત્યાગ

કરી ક્ષમાભાવ કેળવવો જોઈએ. આચાર્ય બુદ્ધિસાગર મહારાજ કહે છે કે ક્ષમારૂપ મિત્ર જેની પાસે છે તેની આખી દુનિયા મિત્ર છે. ક્ષમારૂપ મિત્રનું જે ધ્યાન ધરે છે તે સર્વને વશ કરી શકે છે.

કર્મ આત્માની સાથે જોડાયેલો હોવાથી માનવીના મૃત્યુ પછી પણ કર્મ આત્માની સાથે બીજા ભવમાં જાય છે અને શુભ-અશુભ કર્મનું ફળ માનવી ભોગવે છે. માનવીએ અશુભ કર્મબંધન ન થાય એ માટે આત્મામાં સમભાવ કેળવવો જોઈએ, જેથી દુઃખ આવે ત્યારે તે ડર્યા વગર તેનો સામનો કરી શકે. 'આત્માની શક્તિ અપાર હોય છે અને સાધના દ્વારા જીવતી જોઈએ.'

પરમાત્મા પરમજ્યોતિ સ્વરૂપ એટલે સર્વજ્ઞાનથી યુક્ત હોય છે. જ્ઞાન પાંચ પ્રકારનાં છે : (૧) મતિજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન, (૩) અવધિજ્ઞાન, (૪) મનઃપર્યવજ્ઞાન અને (૫) કેવલજ્ઞાન.

**(૧) મતિજ્ઞાન :** પાંચ ઇન્દ્રિયો અને મન વડે કોઈપણ વસ્તુનું વિગતવાર સ્વરૂપ જાણવું તે મતિજ્ઞાન કહેવાય છે. આચાર્યશ્રીએ મતિજ્ઞાનનના ઘણા ભેદોનું વર્ણન કર્યું છે.

**(૨) શ્રુતજ્ઞાન :** શ્રુતજ્ઞાન અક્ષરરૂપે હોય છે. તે બીજાને આપી શકાય છે. 'ચૌદપૂર્વ', 'આવશ્યક સૂત્ર', 'દશ વૈકાલિક સૂત્ર' વગેરે શ્રુતજ્ઞાનનાં દૃષ્ટાંતો છે.

**(૩) અવધિજ્ઞાન :** અવધિજ્ઞાનથી ભૂતકાળ, ભવિષ્યકાળ અને અનંતકાળને પણ જાણી શકાય છે. અવધિજ્ઞાની સૂક્ષ્મ વસ્તુ પણ જોઈ શકે છે. મનુષ્ય અને તિર્યંચને થતું અવધિજ્ઞાન દેવતાઓથી થતા જ્ઞાનથી અલગ છે.

**(૪) મનઃપર્યવજ્ઞાન :** મનઃપર્યવજ્ઞાની વ્યક્તિ અન્યના મનમાં રહેલા ભાવને પણ જાણી શકાય છે.

**(૫) કેવલજ્ઞાન :** બુદ્ધિસાગરજીએ કેવલજ્ઞાનને વિશેષપણે સમજાવ્યું છે. કેવલજ્ઞાન એટલે વિશેષપણે સર્વ પદાર્થોને જાણવું તે. તેનાથી સર્વ લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. સર્વ પ્રકારનાં ગુપ્ત કે પ્રગટ કાર્યો એના વડે જાણી શકાય છે.

તેઓ કેવલજ્ઞાન વિશેની સમજ નંદીસૂત્ર, કલ્પસૂત્ર, સમ્મતિતર્ક, જ્ઞાનાર્ણવ, ગ્રંથનાં ઉદાહરણો આપીને સમજાવે છે. તેઓ કહે છે :

"પંચજ્ઞાનમાં પણ કેવલજ્ઞાનનો પ્રકાર અનંત ઘણો મોટો છે. 'પરમજ્યોતિ' તે કેવલજ્ઞાન છે. બ્રહ્મ અને જ્ઞાન એક છે. પરમજ્યોતિને પરમબ્રહ્મ પણ કહે છે. કેવલજ્ઞાન થયા બાદ જીવ પરમાત્મા કહેવાય છે."

કેવલી ભગવાન જ્યારે મોહનીય કર્મની સાથે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાયકર્મનો એટલે કે ચાર ઘાતી કર્મનો નાશ કરે અને બાકી રહેલા ચાર અઘાતી કર્મ પણ ખપાવે ત્યારે ચૌદમા ગુણસ્થાનક ઓળંગીને એક સમયમાં સિદ્ધ સ્થાનમાં બિરાજે છે.

આચાર્ય બુદ્ધિસાગરજી આત્માના સમતા વગેરે ગુણો ખીલવવા માટે આનંદઘનજી રચિત ચોવીશીમાં મુનિસુવ્રત સ્વામીને વિનંતી કરતાં કહે છે કે આત્મતત્ત્વ વગર સમાધિ થતી નથી.

**मुनि सुव्रत जिनराय एक मुज विनति निसुणो,**
**आत्मतत्त्व क्युं जाण्युं, जगतगुरु एह विचार मुज कहियो,**
**आतम तत्त्व जाण्या विण चेतन, चित्त समाधि नावि लहियो ।**

આત્મા અને સમાધિ વિશે શ્રી આનંદઘનજી નિરૂપે છે કે આત્મતત્ત્વનું જ્ઞાન થવાથી સર્વ કર્મનો નાશ થાય છે. આત્માને વશ કરવા માટે મનઃસંયમ ખૂબ જરૂરી છે. ફક્ત બાહ્ય દેખાવ બદલવાથી આત્મા મનુષ્યને વશ થતો નથી. ગુરુ શ્રી બુદ્ધિસાગરજી આત્મામાં ઉચ્ચ ગુણ ધારણ કર્યા વગર ફક્ત બાહ્ય દેખાવ માટે ઉપાધ્યાય યશોવિજયજીનું પદ દર્શાવે છે :

**मुंड मुडावत् सब ही गाडरिया, हरिण रोज बन धाम,**
**जटाधार वट भस्म लगावत्, रासम सहतुह धाम**
**जब लग आवे नहीं मन ठाम तब लग कष्टक्रिया सवि शूनी...( ३ )**

મનુષ્યે બાહ્ય ક્રિયાઓ પર મમત્વભાવ, અહંભાવ રાખ્યા વગર અને શુભ-અશુભ કર્મોમાં લોપાયા વગર આત્માની ઉન્નતિ પર ભાર મૂકવો જોઈએ. રાગથી દ્વેષ, હિંસા, કપટ, વિશ્વાસઘાત વગેરે અધમ કૃત્ય થાય છે માટે ધન, વાડી, ગાડી અનિત્ય છે એમ વિચારીને જે મારું છે તે સર્વનું એમ ભાવના રાખવાથી આત્મામાં સમભાવ પ્રગટે છે.

આ ગ્રંથની રચના બુદ્ધિસાગરજીએ સં. ૧૯૮૪માં કરી હતી. ઉપાધ્યાય યશોવિજયજી કૃત પચીસ શ્લોકોની તેમણે સંસ્કૃત ભાષામાં ટીકા રચી તથા ગુજરાતી ભાષામાં વિવેચન કર્યું. તેમણે આ ગ્રંથમાં અધ્યાત્મજ્ઞાન અને યોગની અનેક દૃષ્ટિએ મહત્તા સમજાવવા માટે ઘણા શ્લોકો અને દૃષ્ટાંતો આપ્યા છે. તેમણે આ ગ્રંથમાં પ્રથમ ત્રણ શ્લોક પર ૩૫૭ પૃષ્ઠો જેટલું વિવેચન કર્યું છે અને આત્માને કર્મ લાગે છે અને તેનો ક્ષય થાય છે એ વાત સદૃષ્ટાંત સમજાવી છે. ઉપાધ્યાયજી કૃત 'परमात्मा पंच विंशतिका' ગ્રંથ પર વિવેચના કરતા આ ગ્રંથનું નામ તેમણે 'પરમાત્મ જ્યોતિ' રાખ્યું છે. ધર્મ તથા તત્ત્વની ગવેષણા કરવા માટે શ્રીમદે વ્યવહાર અને નિશ્ચયને સાથે રાખ્યાં છે. આ ગ્રંથનો મુખ્ય વિષય આધ્યાત્મિક છે.

આ ગ્રંથમાં ગુરુવરે 'યોગપ્રદીપ', 'આત્મનુશાસન', શામ્યશતક, 'પરમ જ્યોતિ' જેવા ગ્રંથો શુદ્ધ કરીને ગુજરાતી ભાષામાં ભાવાર્થ સાથે ઉમેર્યા છે :

(૧) **યોગપ્રદીપ :** આ ગ્રંથમાં યોગ અને અધ્યાત્મજ્ઞાન વિશે ૧૪૨ શ્લોકોની રચના કરી છે. બધા શ્લોકો અત્યંત રસમય છે.

(૨) **આત્માનુશાસનમ્ :** આ ગ્રંથમાં ૭૭ સંસ્કૃત શ્લોકો અર્થસહિત તેમણે લખ્યા છે.

(૩) **સામ્યશતકમ્ :** ૧૦૬ ઉત્તમ શ્લોકોની રચના છે.

(૪) **પરમ જ્યોતિ : पंचविंशतिका ग्रंथ :** યશોવિજયજી કૃત ૨૫ શ્લોકો એમાં આપ્યા છે.

આ સર્વ ગ્રંથોમાં મનુષ્યને બોધ આપતાં તેઓ જણાવે છે કે ઉત્તમ અધ્યાત્મ ગ્રંથોનું વાંચન, મનન કરવું જેથી અંતર્ચક્ષુ ખૂલે છે અને મન શાંતિ પામે છે. પરમાત્માની નવધા ભક્તિથી આરાધના કરતાં આત્મા પરમાત્મા થાય છે. પ્રભુ જેવા સદ્‌ગુણો આપણા આત્મામાં ખીલવવા પ્રયત્ન કરવો.

## (૪) તત્ત્વજ્ઞાન દીપિકા

યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગર મહારાજે 'તત્ત્વજ્ઞાન દીપિકા' ગ્રંથ જિજ્ઞાસુ બાળકો અને વિદ્યાર્થીઓ માટે રચ્યો છે. તેમાં જૈન ધર્મનું ખરું રહસ્ય તથા બીજા ધર્મ કરતાં એ કઈ રીતે જુદો પડે છે એ તેઓએ પ્રશ્નોત્તર દ્વારા સરળ ભાષામાં સમજાવ્યું છે.

ગ્રંથની શરૂઆત તેઓ જૈન તીર્થોને નમસ્કાર કરીને કરે છે :

**जैन तीर्थं नमस्कृत्य तीर्थोद्धाराय वस्तुतः ।**
**प्रश्नोत्तर स्वरूपाख्या रच्यते तत्त्वदीपिका ॥१॥**

ગ્રંથ રચનાનો પ્રારંભ તેઓ સરળ સાદા નાના પ્રશ્નોત્તરથી કરે છે :

**પ્રશ્ન : જૈન એટલે શું ?**

**ઉત્તર :** જિન ભગવાનના કહ્યા પ્રમાણે જે વર્તે છે તે જૈન કહેવાય છે.

**પ્રશ્ન : જિન એટલે શું ?**

**ઉત્તર :** જેણે અષ્ટાદશ દોષનો ક્ષય કર્યો છે તે જિન કહેવાય છે.

મનુષ્યના હૃદયમાં ઊઠતા સવાલોના ઉત્તર તેમણે સદૃષ્ટાંત સમજાવ્યા છે. દા.ત. જૈન ધર્મ ખરો ધર્મ છે. તો એને પાળનારા લોકોની સંખ્યા વધવાને બદલે ઘટી શાથી ગઈ ? આનો જવાબ તેઓ સોનાનું દૃષ્ટાંત આપીને સમજાવે છે કે સુવર્ણ કરતાં લોખંડ અને પથ્થર ઘણા પ્રમાણમાં હોય છે. તેથી સુવર્ણનું મહત્ત્વ ઘટતું નથી. એ તો સુવર્ણ જ રહે છે. દુનિયામાં સત્ય બોલનારા કરતાં અસત્ય ભાષીઓની સંખ્યા ખૂબ વધારે હોય છે. પરંતુ સત્ય તો હંમેશાં સત્ય જ હોય છે. માટે જે ધર્મને પ્રરૂપનાર સર્વત્ર રાગદોષથી પર હોય તે જ ધર્મ સત્ય કહેવાય.

આચાર્ય બુદ્ધિસાગર મહારાજ સાહેબે જૈન ધર્મ ઘણો પ્રાચીન સમયથી ચાલી આવે છે તથા એનાં ધર્મ પુસ્તકોની સંખ્યા વિશેષ હતી. તેવા પ્રશ્નના સંદર્ભમાં તેઓ જણાવે છે :

"વેદમાં શ્રી ઋષભદેવ અને અરિષ્ટનેમિનું નામ આવે છે. તેથી સિદ્ધ થાય છે કે વેદોની રચના પૂર્વે જૈન ધર્મ હતો. જૈન ધર્મનાં ઘણાં પુસ્તકો વલ્લભીપુર, ભરૂચ, પાટણ વગેરે જગ્યાએ ગ્રંથાગારમાં હતા. પરંતુ વિદેશી આક્રમણકારોએ ઘણાખરાં પુસ્તકો બાળીને ભસ્મ કરી નાખ્યાં. ભદ્રબાહુ સ્વામી તથા સ્થૂલિભદ્ર નેપાલમાં રહીને યોગાભ્યાસ કરતા હતા. તેથી જૈનમાં યોગનાં ઘણાં પુસ્તકો હતાં એમ અનુમાન થાય છે. **નેપાલના રાજાએ બે લાખ પુસ્તકોનો મોટો સંગ્રહ ઈંગ્લેન્ડની લાઈબ્રેરીમાં આપ્યા એમાં ઘણાં તાડપત્રીય પુસ્તકો જૈન હોઈ શકે."**

કર્મ વિશે બાળજીવોને સમજાવતાં તેઓ કર્મ બે પ્રકારનાં હોય છે એમ નિરૂપે છે : (૧) પુણ્યરૂપ કર્મ અને (૨) પાપરૂપ કર્મ.

જે રીતે સૂર્યનાં કિરણોમાં સ્વાભાવિક તાપ આપવાની શક્તિ હોવાથી જે વસ્તુ પર સૂર્યકિરણ પડે છે તેને તે ગરમ કરે છે. તે જ રીતે કર્મના પુદ્‌ગલોમાં સુખ દુઃખ આપવાની શક્તિ રહેલી છે. જે રીતે પેટમાં સ્થિત જઠરાગ્નિ જડ હોવા છતાં અન્ન પચાવે છે તે જ પ્રમાણે જડ હોવા છતાં શુભ-અશુભ કર્મ જીવોને સુખ દુઃખ આપવા સમર્થ બને છે. ઈશ્વર અને જગત વિશેની અન્ય ધર્મની માન્યતા પરિપૂર્ણ નથી.

આચાર્યશ્રી જગતકર્તા ઈશ્વર છે તથા તેણે સંકલ્પમાત્રથી જગત બનાવ્યું છે વગેરે પ્રશ્નનો ઉત્તર આપતાં સમજાવે છે કે ઈશ્વર નિરાકાર છે. માટે તેને મન નથી. મનના અભાવે ઇચ્છા નથી. ઇચ્છા અલ્પજ્ઞને હોય છે. ઈશ્વરમાં ઇચ્છા માનીએ તો ઈશ્વર અલ્પજ્ઞ ઠરે. ઈશ્વર વીતરાગ છે. માટે જગત બનાવવાનું કે નાશ કરવાનું કાર્ય કરતો નથી. ઈશ્વર કોઈને સુખ દુઃખ આપી શકતો નથી. તો તેની ભક્તિ શા માટે કરવી એવાં વિધાનો સમજાવતાં તેઓ લખે છે કે રાગદ્વેષરહિત સર્વજ્ઞ પરમાત્મામાં અનંત જ્ઞાન, અનંત દર્શન અને અનંત ચારિત્ર રહ્યાં છે. માટે પોતાના આત્મામાં પ્રભુના જેવા ગુણો પ્રગટે માટે તેમનું ધ્યાન, પૂજન, ઉપાસના, ભક્તિ વગેરે કરવાં જોઈએ. એનાથી ભક્તનો આત્મા નિર્મળ બને છે.

નય, સ્યાદ્‌વાદ, અનેકાંતવાદ વગેરે જૈન દર્શનનાં મૂળભૂત તત્ત્વોને સરળ શબ્દોમાં દૃષ્ટાંત આપીને બાળજીવોને સમજાવ્યા છે. 'નય' શબ્દનો અર્થ વિગતવાર સમજાવતાં તેઓ દર્શાવે છે કે :

દરેક વસ્તુમાં એટલે કે દ્રવ્યમાં અનંતા ધર્મો (ગુણધર્મો) રહેલા હોય છે. વસ્તુને ભિન્ન ભિન્ન અપેક્ષાથી તેના ભિન્ન ભિન્ન સ્વરૂપને સમજાવનાર જ્ઞાનમાર્ગને 'નય' કહે છે. નય સાત પ્રકારે હોય છે.

| | |
|---|---|
| (૧) નૈગમનય | (૫) સમભિરુઢનય |
| (૨) વ્યવહારનય | (૬) ભૂતનય |
| (૩) ઋજુ સૂત્રનય | (૭) નિશ્ચયનય |
| (૪) શબ્દનય | |

નય વિશે ભગવતી સૂત્ર, આવશ્યક સૂત્ર, તત્ત્વાર્થ સૂત્ર અનુયોગ દ્વાર વગેરે આગમોમાં વિસ્તારથી સમજાવ્યું છે.

અનેકાંત એટલે કોઈપણ વસ્તુને અલગ અલગ દૃષ્ટિકોણથી નીરખવું. દરેક વસ્તુમાં અનંતા ગુણધર્મ હોય છે. તે ભિન્ન ભિન્ન ગુણધર્મોને નયોની અપેક્ષાએ પ્રતિપાદન કરવું તે અનેકાંતવાદ સ્યાદવાદ દર્શન અથવા જૈન દર્શન કહેવાય છે. જે દૃષ્ટાંત દ્વારા સમજાવતાં બુદ્ધિસાગર મહારાજ કહે છે કે જેમ એક પુરુષ દાદા હોઈ શકે, સાથે જ તે પિતા પણ હોઈ શકે. એક જ પુરુષમાં જેમ પુત્રત્વ, પિતૃત્વ, પૌત્રત્વ આદિ અનેક ધર્મ પ્રતિપાદન થઈ શકે એ વાદને અનેકાંતવાદ કહેવાય છે. વસ્તુમાં રહેલા અનેકાંત સ્યાદ્‌વાદ ગુણધર્મને જે નય કથન કરે છે, તેને સ્યાદ્વાદ નય, અનેકાંત નય, સ્યાદવાદશાસન, સ્યાદવાદ દર્શન કહે છે.

જૈન ધર્મ પુસ્તકો ક્યારે લખાયાં તથા તેની સંખ્યા વિશેષ હતી તેવા પ્રશ્નના જવાબમાં તેઓ નીચે મુજબનો પ્રસંગ વર્ણવે છે : "આચાર્ય શ્રી સિદ્ધસેન દીવાકર વિક્રમ રાજાના સમયમાં થયા હતા. તેઓ જ્યારે વિહારમાં હતા ત્યારે ચિત્તોડ (ચિત્રકૂટ) આવ્યા ત્યાં જૈન મંદિરમાં થાંભલો જોયો. તેના પર ઘણી ઔષધીનો લેપ કરવાથી તે કમલના દડાની જેમ ખૂલી ગયો તેમાં ચમત્કારિક પુસ્તક હતું. તેમાંથી તેમણે એક પાનું લઈને વાંચ્યું તેમાંથી તેમને ત્રણેક વિદ્યાઓ મળી પરંતુ બીજાં પાનાંઓ વાંચતાં દેવોએ અટકાવ્યા. તેમના દેખતાં થાંભલો બંધ થઈ ગયો."

આ ઉપરથી સિદ્ધ થાય છે કે તે મંદિરમાં બે હજાર વર્ષ પહેલાં લખાયેલું પુસ્તક હોય એમ અનુમાન કરીએ. પાર્શ્વનાથના સમયમાં લખાયેલું તે પુસ્તક હોઈ શકે. જૈનોના શાક્ટાયન મુનિએ શાક્ટાયન વ્યાકરણ બનાવ્યું હતું જે બહુ પ્રાચીન ગણાય છે.

નવ તત્ત્વો અને તેનું સામાન્ય સ્વરૂપ તેઓએ ઘણી સહજ રીતે સમજાવ્યું છે. નવતત્ત્વ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એમ નવ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યસુખ વગેરે જેનામાં છે તે જીવ તત્ત્વ છે. જ્યારે બાકીના અજીવ તત્ત્વ કહેવાય છે. પુણ્યતત્ત્વ એટલે આત્માના પ્રદેશોની સાથે શુભ પરિણામે લાગનાર શુભ પુદ્‌ગલ સ્કંધોની પ્રવૃત્તિઓના ઉદયથી આત્મા શાતા ભોગવે તે છે. જ્યારે અશુભ પુદ્‌ગલ સ્કંધ આત્માના પ્રદેશની સાથે લાગે છે તથા જેના ઉદયથી આત્મા અશાંતિ અનુભવે છે તે પાપ તત્ત્વ કહેવાય છે.

સિદ્ધ શિલા પર મુક્તિ સ્થાનમાં અનંત સિદ્ધ પરમાત્માઓ છે. તે એક સ્થાનમાં શી રીતે સમાઈ જાય ? આના ઉત્તરમાં તેઓ દર્શાવે છે કે જેમ એક ઓરડામાં હજારો દીપક રૂપી પ્રકાશ સમાઈ શકે તે પ્રમાણે નિરાકાર અનંત સિદ્ધો એક સ્થાને રહી શકે છે.

જૈન ધર્મને મજબૂત બનાવવાના ઉપાયો વર્ણવતાં તેઓ જણાવે છે કે જૈનોએ પરસ્પર એકબીજાને મદદ કરવી જોઈએ. લક્ષ્મીનો વ્યય સન્માર્ગે કરવો, બહાદુર બનવું તથા ગચ્છ ક્રિયાના ભેદે લડવું નહિ.

આ ગ્રંથમાં જૈન એટલે શું, જિન એટલે કોણ, અન્ય ધર્મોમાં મનાતા દેવો અને જિનદેવો વચ્ચેનો તફાવત, સૃષ્ટિનો સર્જક ઈશ્વર હોઈ શકે કે નહિ, જિન ધર્મની પ્રાચીનતાનાં પ્રમાણો, જૈન ધર્મ અને અન્ય ધર્મ વચ્ચે ભેદ, જૈન તત્ત્વોની શ્રેષ્ઠતા વગેરેનું આલેખન શ્રી બુદ્ધિસાગર મહારાજે અજ્ઞાની જીવોને સમજાય તે રીતે સરળ ભાષામાં કર્યું છે.

આ ગ્રંથની રચના સંવત ૧૯૬૦માં બુદ્ધિસાગર મહારાજે કરી છે. ૧૪૦ પાનાંનો આ ગ્રંથ ગુજરાતી ભાષામાં છે અને સંવત ૧૯૬૭માં તેની બીજી આવૃત્તિ પણ પ્રગટ થઈ.

## (૫) વચનામૃત

ગુરુદેવ બુદ્ધિસાગરજીએ 'વચનામૃત' નામનું લઘુ પુસ્તક રચ્યું હતું. ત્યાર બાદ પ્રસ્તુત 'વચનામૃત'માં તે લઘુ પુસ્તિકા અને શ્રીમદ્ દ્વારા જુદા જુદા પ્રસંગે લખાયેલા લેખો તથા અમૃતવાણીનો સમાવેશ કરવામાં આવ્યો. એમાં 'ગુણાનુરાગ કુલક' તથા 'શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ ૧-૨'ને પણ સ્થાન આપી એ ચાર પુસ્કો અને અમૃતવાણીનો 'વચનામૃત' ગ્રંથ (બૃહત્) છપાવવામાં આવ્યો. આ 'વચનામૃત' ગ્રંથ ગુરુદેવ દ્વારા સ્થાપિત 'અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે' ગ્રંથ અંક - ૨૨માં છપાવીને પ્રસિદ્ધ કર્યો.

આ ગ્રંથ સુરતના શેઠ નગીનદાસ કપૂરચંદ ઝવેરીના સ્મરણાર્થે તેમના પુત્રોની સહાયતાથી મંડળ દ્વારા પ્રગટ કરવામાં આવ્યો. પુસ્તકના પ્રથમ પાના મંડળ દ્વારા શેઠ નગીનદાસની ઉદાર સખાવતો અને તેમણે કરેલાં ધાર્મિક કાર્યોનો પરિચય આપવામાં આવ્યો છે. તેઓ મોહનલાલજી મહારાજના અનન્ય ભક્ત હતા. તેમણે જીર્ણોદ્ધાર, ઉપાશ્રય, સાધર્મિક સહાય, જીવદયા વગેરે દરેક ક્ષેત્રમાં ઉદારતાથી મદદ કરી હતી. તેમણે તે સમયે રૂપિયા એક લાખથી પણ વધુ રકમ જાહેર કામોમાં ખર્ચી હતી. તેમણે સુરતમાં પુસ્તકાલય, કતારગામનું દેરાસર, પાંજરાપોળ તથા સંવત ૧૯૫૬માં દુકાળ સમયે પાલિતાણા ખાતે લોકોને અનાજ વગેરેની સહાય કરી હતી.

આ પુસ્તકમાં અલગ અલગ વિષયો પરના ગુરુદેવના લેખો અને અમૃતવચનોનો સમાવેશ થયેલો હોવાથી ખૂબ જ ઉપયોગી છે. એમાં જૈન સૂત્રમાં મૂર્તિપૂજા, અનેકાંતવાદ, સ્થાપનાચાર્યથી થતા ફાયદા, શ્રી સત્યવિજય અને શ્રી કર્પૂરવિજયનું જીવનચરિત્ર, વડોદરા-લક્ષ્મીવિલાસ પૅલેસમાં આપેલું પ્રવચન, વાંસદાના રાણાને આપેલો ઉપદેશ, શિલાલેખોના આધારે જૈનોના ઐતિહાસિક બનાવોની નોંધ વગેરે છે. જે વાંચીને વાચક ભિન્ન ભિન્ન ક્ષેત્રનું જ્ઞાન મેળવી શકે છે.

આ ગ્રંથનો પ્રારંભ મંત્રાક્ષર 'ૐ નમઃ'થી થાય છે. શ્રીમદ્ મનુષ્યને અહં અને મમત્વવાળી મારાપણાની બુદ્ધિનો ત્યાગ કરીને 'હું અજ અવિનાશી અનંત જ્ઞાનમય આત્મા છું.' એવો ભાવ ધારણ કરવાનો ઉપદેશ આપે છે. મનુષ્ય સ્ત્રી, પુત્ર, પરિવાર, ધન, દોલત સર્વને પોતાના માનીને તેમના વિયોગથી દુઃખી થાય છે. રાગ, દ્વેષ, મમતા, નિંદા, અદેખાઈ સર્વનું ઉત્પત્તિસ્થાન પુદ્ગલ વસ્તુ છે. અસાર સંસારની કોઈપણ વસ્તુ પરભવમાં સાથે આવતી નથી એવો વૈરાગ્ય ભાવ ચિંતવવાથી આત્મા અનંતસુખનો સ્વામી બને છે. વૈરાગી જીવો લક્ષ્મીને કદી પોતાની માનતા નથી. તેઓ નિરૂપાધિ દશામાં જ તાત્ત્વિક સુખને પામે છે. તેઓ મનુષ્યને વૈરાગ્યનો ઉપદેશ આપીને દુહાઓ અને સુવાક્યો દ્વારા નીતિવિષયક જ્ઞાન આપે છે.

શ્રીમદ્ લોકોને નમ્ર બનવા વિનંતી કરે છે. તેઓ કોઈને પણ કટુ વચન ન કહેવાનો ઉપદેશ આપે છે. તેઓ મનુષ્યને મિત્રની પસંદગી કરવામાં ખૂબ કાળજી રાખવાનું સૂચન કરે છે. સારી સોબતથી મનુષ્યમાં સારા ગુણો પ્રગટે છે. તેઓ માનવને સમતા રાખવાનું અનુભવ જ્ઞાન આપતાં કહે છે કે **સમય આવે ત્યારે જ કાર્યની સિદ્ધિ થાય છે માટે શાંતિ અને ધૈર્ય કદી ગુમાવવાં નહિ.**

ગુરુદેવ 'પર્યુષણ પર્વ'ના શીર્ષક હેઠળ 'કલ્પસૂત્ર'ના વાંચનની પરંપરા સમજાવે છે. તેઓ લખે છે, "શ્રીમાન મહાવીર ભગવાનથી, નવસેં ને એંશી વર્ષ ગયે છતે, શ્રી આનંદપુર નગરમાં (વડનગરમાં) ધ્રુવસેન રાજા રાજ્ય કરતો હતો. તેને અત્યંત વલ્લભ 'સેનાગંજ' નામે પુત્ર હતો. તે દૈવયોગે મૃત્યુ પામ્યો. રાજા અત્યંત શોકાતુર થયો. ગુરુ મહારાજ ધ્રુવસેન રાજા પાસે ગયા. રાજાને કહ્યું કે 'રાજન્ ! તમો શોકાતુર થયા છો, તેથી નગરના સર્વ લોકો શોકાતુર થયા છે અને ધર્મમાં ખલેલ પડે છે. તમો ઉપાશ્રયમાં આવો તો નવમા પૂર્વના આઠમા અધ્યયનમાં શ્રી ભદ્રબાહુ સ્વામીએ કહેલું કલ્પસૂત્ર મહામાંગલિક રૂપ કર્મક્ષય કરનાર છે તે વાંચો કે જેથી તમારો શોક નાશ પામે... સભા સહિત રાજા ઉપાશ્રયમાં આવ્યો ત્યારે નવ વાચનાએ કરી અને પ્રભાવનાઓ કરી કલ્પસૂત્ર ગુરુએ સભા સમક્ષ વાંચ્યું. રાજાનો શોક ગયો. તે દિવસથી સર્વ લોક સમક્ષ કલ્પસૂત્ર વાંચવાની પ્રવૃત્તિ થઈ અને તે પ્રમાણે ગુરુ પરંપરાએ હાલ પણ તે પ્રમાણે વંચાય છે."

ગુરુદેવ કલ્પસૂત્ર મંગળમય છે એમ દર્શાવે છે. એને સાંભળવા માત્રથી સર્વનું કલ્યાણ થાય છે. કલ્પસૂત્રનું માહાત્મ્ય દર્શાવવા તેમણે એક કથા આલેખી છે. એક ડોશીનો પુત્ર વનમાં સર્પ કરડવાથી બેભાન થઈ ગયો હતો. ડોશીને એ વાતની ખબર પડતાં જ જંગલમાં એની પાસે દોડી ગઈ અને રુદન કરવા લાગી. તે પુત્રના નામનું ઘડી ઘડી સ્મરણ કરતી હતી : 'રે હંસ, રે પરમ હંસ.' આ પ્રમાણે આખી રાત પોકાર કરતી રહી અને તેના પુત્રનું વિષ ઊતરી ગયું. નગરવાસીઓને આ વાતની જાણ થતાં ત્યાં સ્થિત મંત્રવાદીઓએ કહ્યું કે 'હંસ' સત્ય મંત્ર છે. તેના દ્વારા સર્પનું ઝેર ઊતર્યું. અક્ષર યોગથી એટલે કે અક્ષરની ગોઠવણીથી મંત્ર બને છે. આ જ પ્રમાણે કલ્પસૂત્ર સાંભળતા કે વાંચતાં ભવોભવનાં પાપ નાશ પામે છે.

પર્યુષણ પર્વ સર્વ પર્વમાં મોટો પર્વાધિરાજ પર્યુષણ કહેવાય છે. એમાં શ્રાવકોએ યથાશક્તિ તપ, પ્રતિક્રમણ, કલ્પસૂત્ર શ્રવણ, જિનેશ્વર પૂજન, ગુરુદર્શન વગેરે કરવાં જોઈએ. પર્યુષણને અંતે સંવત્સરી ક્ષમાપના અને ચૈત્ય પરિપાટી એટલે આસપાસનાં મંદિરોનાં દર્શન કરવાં જોઈએ. 'જૈન સૂત્રમાં મૂર્તિપૂજા' એ વિષય સમજાવવા ગુરુદેવ 'મહાનિશીથ સૂત્ર'ની ગાથાઓનો આધાર લે છે. એમાં સાધુઓ ભાવપૂજા કરે અને શ્રાવકો ધૂપ-દીપ વગેરે દ્રવ્યપૂજા, પ્રભુપૂજા તથા ભાવપૂજા કરે એમ જણાવ્યું છે.

'સજ્જનમાં અને દુર્જનમાં તફાવત' એ શીર્ષક હેઠળ સજ્જન પુરુષ અને દુર્જન પુરુષનો ભેદ દર્શાવતાં તેઓ વર્ણવે છે કે સજ્જન મનુષ્ય પૃથ્વી, સાગર, નદી તથા સૂર્યની જેમ ઉપકારક હોય છે. તેઓ ગુણદષ્ટિથી બીજાના ગુણ નીરખે છે અને હંમેશાં બધાને ઉપકારી થાય છે. જ્યારે દુર્જન મનુષ્ય કાંટાળા વૃક્ષ જેવા હોય છે. તેઓ દરેકમાં અવગુણ શોધતા જ રહે છે. તથા જેણે તેમના પર ઉપકાર કર્યો હોય તેનું ખરાબ ઇચ્છે છે. આ વચનામૃત તેમણે દમણમાં રચ્યું હતું. સજ્જન અને દુર્જનનો ફરક દર્શાવીને તેઓ માનસિક પાપનો ત્યાગ કરી સદ્‌ગુણી જીવન ગુજારવાનો ઉપદેશ આપે છે. તેઓ નિરૂપે છે કે જગતના દરેક ધર્મપુસ્તક મનુષ્યને દયાળુ અને પરોપકારી થઈ જગતમાં શાંતિ ફેલાવવાની પ્રેરણા આપે છે.

લક્ષ્મીવિલાસ પૅલેસમાં શ્રીમતં મહારાજ ગાયકવાડ સરકારની રૂબરૂમાં તેમની વિનંતીથી ગુરુદેવે પ્રવચન આપ્યું હતું તેમાં તેમણે આત્મોન્નતિ, કેળવણી, રાજા-પ્રજાનો ધર્મ, બાળલગ્ન અને વૃદ્ધલગ્ન બંધી, ધાર્મિક ઉન્નતિ તથા સાધુ ધર્મ વિશે ચર્ચાઓ કરી હતી. આ પ્રવચનમાં તેઓ ધાર્મિક ઉન્નતિ વિશે વર્ણવે છે :

"શ્રી મહાવીર સ્વામીએ આત્મોન્નતિ કરવા માટે અપાર દુઃખ સહન કરી કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. તેમના દૃષ્ટાંતથી, હું, સર્વને સદ્‌ગુણો મેળવતાં કદાપિ દુઃખ વેઠવું પડે તો પણ તેથી પાછા નહીં હઠતાં પ્રયત્ન ચાલુ રાખવાનો આગ્રહ કરું છું. મનથી પુણ્ય અને પાપ બંધાય છે, માટે મનને વશ કરવા પ્રયત્ન કરવો જોઈએ... દયા, ક્ષમા, વિવેક, સહનશીલતા, વૈરાગ્ય અને ધ્યાન આદિ ગુણો વિના આત્માની પરમાત્મ અવસ્થા થતી નથી... મુખથી રામ રામ કહેવામાં આવે અથવા અલ્લા અલ્લા કહેવામાં આવે, હરિ હરિ કહેવામાં આવે અને અરિહંત કહેવામાં આવે, પણ જ્યાં સુધી મનને વશ કરી સદ્‌ગુણો મેળવી જ્ઞાન ધ્યાનથી અંતઃકરણ શુદ્ધ કરી કર્મો ખપાવવામાં આવશે નહીં, ત્યાં સુધી આત્મોન્નતિ થઈ મુક્તિ મળી શકશે નહીં."

ગુરુદેવ આ પ્રમાણે જે મનુષ્ય મનમાં દયા, ક્ષમા, સમતા, વિનય વગેરે ગુણો વિકસાવ્યા વગર ફક્ત આડંબરનું પ્રદર્શન કરવા પ્રભુનું નામ લે છે તેમની ટીકા કરે છે પરંતુ જે મનુષ્ય રાગદ્વેષ જીતીને આત્માના ગુણો વિકસાવવા પ્રયત્ન કરે અને તે માટે પ્રભુ મહાવીરની જેમ સમતા રાખી ઉપસર્ગો સહન કરે તે જ આત્મોન્નતિ કરી શકે.

ગુરુદેવે આપેલ ઉપદેશથી શ્રીમંત મહારાજા ઘણા પ્રસન્ન થયા. તેમની આજ્ઞાથી વડોદરા કોલેજના પ્રિન્સિપાલ શ્રી દીક્ષિતે ગુરુદેવના જન ઉપયોગી પ્રવચન આપવા બદલ ખૂબ આભાર માન્યો.

તે જ પ્રમાણે ગુરુદેવ બુદ્ધિસાગરજીએ વાંસદાના રાણાને સુરત નજીક આવેલા ડુમસ ગામમાં ઉપદેશ આપ્યો. તેમણે રાણાને જૈન ધર્મનું સ્વરૂપ દર્શાવી માંસ અને મદિરાથી દૂર રહેવા સમજાવ્યું. તેમણે દયા અને ધાર્મિક કેળવણી વિશેની સમજ આપીને તેનાથી થતા ફાયદાઓની ચર્ચા રાણા સાથે કરતાં કહ્યું :

"હિન્દુસ્તાન ધર્મને માટે પ્રખ્યાત છે. હિન્દુસ્તાનમાં જૈન ધર્મે દયાની લાગણીથી પૂર્વે અત્યંત શાંતિ પાથરી હતી અને હાલ પણ પાથરે છે. જૈન સાધુઓ ગામેગામ ફરીને કોઈ જીવોને મારવા નહિ એવો દયાનો ઉપદેશ આપે છે... વ્યાસ ઋષિ પણ દયાને માટે ભગવદ્‌ગીતામાં અપેક્ષાએ સારા વિચારો જણાવે છે. ભાગવતમાં પણ યજ્ઞયાગાદિકમાં પશુઓ હોમવાનો નિષેધ કર્યો છે. સર્વ ધર્મનો સમાવેશ દયામાં થાય છે. દયા એ સર્વ પ્રાણીઓનો ધર્મ છે. અને દયા ધર્મ તે જૈન ધર્મનો મુખ્ય સિદ્ધાંત છે, માટે રાજાઓએ દયા ઉપર ખૂબ ધ્યાન આપવું જોઈએ. દયાના પ્રતાપથી દેવતાઓ તમારી સહાય કરશે...જગતની ઉન્નતિ ધાર્મિક કેળવણીથી થાય છે. આપણા લોકો પોતાનો ધર્મ બરાબર જાણતા નથી તેથી તેઓ ખ્રિસ્તી પાદરીઓના ઉપદેશથી મિથ્યા ધર્મમાં સપડાઈ જાય છે. બાલ્યાવસ્થાથી ધાર્મિક કેળવણી આપવામાં આવે તો સદ્‌ગુણોથી મનુષ્ય ઉચ્ચ બની શકે."

ઉપર પ્રમાણે ગુરુદેવ વાંસદાના રાજાને સમજાવે છે, જેથી એનામાં સાત્ત્વિક વિચારો ઉત્પન્ન થાય અને તે સમાજનું અને પોતાનું કલ્યાણ કરી શકે. રાજા ગુણવાન અને દયાવાન હોય તો 'યથા રાજા તથા પ્રજા' એ ન્યાયે લોકો પણ નીતિવાન અને ધાર્મિક બને છે. જેથી દેશ અને સમાજની ઉન્નતિ શક્ય બને. દયા માટે ગુરુદેવ રાજનને 'ભગવદ્‌ગીતા' અને જૈન ધર્મના અહિંસક વિચારો દર્શાવે છે. દેવી-દેવતાઓ મનુષ્યની સાત્ત્વિક ધાર્મિક વૃત્તિથી પ્રેરાયને તેને મદદ કરે છે.

આ ગ્રંથમાં શ્રી બુદ્ધિસાગરજીએ અગત્યની ઐતિહાસિક ઘટનાઓની તવારીખ અને શિલાલેખોના ઉતારા પ્રાચીન ગ્રંથોને આધારે આવ્યા છે. આ પાઠમાં લગભગ ૫૫ અલગ અલગ બનાવોની સાલવારીઓ આપી છે. જેમાંની કેટલીક નીચે મુજબ છે :

"શ્રી વીરથી ૨૯૧ વર્ષે સંપ્રતિ રાજા થયો. તેણે જિનપ્રસાદ અનેક કરાવ્યા... શ્રી વીરથી ૪૭૦ વર્ષે વિક્રમાદિત્ય રાજા થયો. તે સમયમાં સિદ્ધસેન દિવાકર કલ્યાણ મંદિર, સમ્મતિતર્ક વગેરેના કર્તા થયા. વિ.સં. ૫૨૩ કાલિકાચાર્યે ચોથનું પર્યુષણા પર્વ કર્યું...વિ.સં. ૧૧૬૯ આંચલિયામતની ચાંપાનેરમાં સ્થાપના, પાઠાંતરે ૧૨૧૪...વિ.સં. ૧૨૮૫ શ્રી તપાગચ્છની સ્થાપના થઈ-જગચ્ચંદ્ર સૂરિને 'તપા' એવું બિરુદ મળ્યું....સં. ૧૫૦૮ જિનપ્રતિમા ઉત્થાપક લુંપકમત નીકળ્યો...સં. ૧૫૭૦ની સાલમાં લુંપકમતમાંથી બીજો મત નીકળ્યો... સં. ૧૬૭૨ માં વિજયસેન સૂરિ સ્વર્ગે ગયા."

ઉપર પ્રમાણેની સાલવારીમાં સિદ્ધાચલનો જાવડશાહ દ્વારા સં. ૧૦૧નો જીર્ણોદ્ધાર વિ. ૧૧૯૯ ફલૌધિમાં જિન પ્રસાદ વગેરે ઘણી વિગતોનો સમાવેશ થાય છે. આ પ્રકરણમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ સાગરગચ્છની ઉત્પત્તિ કેવી રીતે થઈ એ બિના દર્શાવી છે જે નીચે મુજબ છે :

શ્રી વિજયદેવસૂરિના સમયમાં શ્રી રાજસાગરજીએ શાંતિદાસ શેઠને માટે મંત્ર આરાધના કરી હતી જેની સહાયથી તેઓ જહાંગીર બાદશાહના ખૂબ માનવંતા ધનપતિ થયા હતા. અમદાવાદમાં વિજયદેવસૂરિના ચાતુર્માસ પ્રસંગે શાંતિદાસ શેઠે તેમને મુનિ રાજસાગરને 'ઉપાધ્યાય' પદવી આપવા માટે ઘણી વિનંતી કરી જેનો તેમણે અસ્વીકાર કર્યો. ત્યારે ઘણી ચર્ચા પછી શાંતિદાસ શેઠે પોતાના હાથે વાસક્ષેપ નાંખીને રાજસાગરને આચાર્ય પદવી આપી. ત્યારથી સાગરગચ્છની પરંપરા ચાલુ થઈ. સંવત ૧૬૮૦માં શાંતિદાસ શેઠે અમદાવાદમાં સાગરગચ્છનો ઉપાશ્રય બનાવ્યો. ત્યારબાદ સુરત, ડભોઈ, સાણંદ, ખંભાત વગેરે સ્થળોએ પણ સાગરગચ્છના ઉપાશ્રય બન્યા.

પ્રસ્તુત ગ્રંથના અંતમાં તેઓ મનુષ્યને આશાથી દૂર રહેવા સલાહ આપીને ન્યાયવૃત્તિથી ઉપાર્જન કરેલા ધનમાંથી જ આહાર ગ્રહણ કરવાનો ઉપદેશ આપે છે. આ ગ્રંથમાં લોકોને હિતશિક્ષા આપતાં ઘણાં અમૃતમય વચનોનો સમાવેશ થયો છે. એમાં તેમણે ધર્મનું સંક્ષિપ્ત રહસ્ય આલેખેલું છે. તેઓ દર્શાવે છે કે સર્વ જગતના પદાર્થો નવતત્ત્વમાં સમાઈ જાય છે તેથી તેનું જ્ઞાન થવાથી દુનિયાનો સારાંશ જાણી શકાય છે.

●●●

## (૬) યોગદીપક

ગુરુશ્રી બુદ્ધિસાગરજીએ યોગદીપક ગ્રંથ પ્રથમ સંસ્કૃતમાં રચ્યો હતો, પછી એનું ગુજરાતીમાં વિવેચન લોકહિતાર્થે કર્યું. પ્રાચીન ભારતમાં ઘણા યોગીઓ હતા. યોગીઓને અઠ્ઠાવીસ પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. જૈન શાસ્ત્રોમાં યોગ વિશે ઘણા ગ્રંથો છે. જૈનોના મહાન આચાર્ય મહારાજો ભદ્રબાહુ સ્વામી, હેમચંદ્રાચાર્ય, જિનદત્તસૂરિ વગેરે યૌગિક બળવાળા હતા. યોગીઓને તપસ્વી કે જ્ઞાનીજન કરતાં પણ મહાન ગણવામાં આવે છે.

ગુરુદેવે આ ગ્રંથમાં યોગના અને પ્રાણાયામના ફાયદાઓ વર્ણવ્યા છે. પ્રાણાયામના અભ્યાસ દ્વારા યોગીઓ અન્યના શરીરમાં પ્રવેશ કરી શકે છે તથા હઠયોગ જેવી મુશ્કેલ ક્રિયાઓ પણ સિદ્ધ કરી શકે છે. તેમણે આ ગ્રંથમાં આત્માનું સ્વરૂપ અને તેની પરમાત્મપદ મેળવવાની ક્ષમતા દર્શાવી છે. કોઈપણ મનુષ્ય અષ્ટાંગયોગ વડે સુખી, નીરોગી, દીર્ઘાયુ થઈ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળના સભ્યો નિવેદનમાં જણાવે છે :

"આ ગ્રંથમાં યોગ અંગે ઘણી બાબતો વર્ણવી છે. યોગની સાધના કેમ કરવી જોઈએ, કઈ અવસ્થામાં વધુ સારી થઈ શકે, યોગના આઠ પ્રકારો અને તેમાં યમ, નિયમ, આસન આદિની જરૂર તથા સ્વરોદયનું જ્ઞાનનું દિગ્દર્શન કરાવી તેમાં કઈ વખતે શું કરવું અને તેનું ફળ શું ? - તે જણાવ્યું છે."

ગુરુદેવ બુદ્ધિસાગરજીએ આ ગ્રંથમાં યોગસાધનાની રીત દર્શાવીને તેના પ્રયોગોની સાદી સમજ આપી છે. અષ્ટાંગ યોગ વડે મનુષ્ય યોગસાધનામાં પારંગત નીવડીને પોતાના આત્મા પર કાબૂ મેળવીને અનંત સિદ્ધિનો સ્વામી બની શકે છે.

ગુરુ બુદ્ધિસાગરજી યોગિકબળને કલ્પવૃક્ષની સાથે સરખાવતાં આ ગ્રંથની ભૂમિકામાં કહે છે :

"કલ્પવૃક્ષ જેમ ઇચ્છિત ફળ આપે છે તેમ યોગની આરાધનાથી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થાય છે. સમુદ્રમાં જેમ અનેક જાતનાં રત્નો ભર્યા છે તેમ યોગવિદ્યામાં અનેક પ્રકારની લબ્ધિઓ રહી છે. યોગવિદ્યામાં કુશળતા મેળવ્યા બાદ યોગની દૃષ્ટિ ખૂલે છે."

ગુરુદેવ 'યોગદીપક ગ્રંથ' યાને 'યોગસમાધિ'ની શરૂઆત મંગલાચરણથી કરે છે. તેઓ ચોવીસમા તીર્થંકર વર્ધમાન સ્વામીને લોકપૂજ્ય, કેવલજ્ઞાનરૂપી સૂર્ય તથા સર્વ દોષનો નાશ કરનાર તરીકે વર્ણવે છે.

**नमः श्री वर्धमानाय - सर्वदोष प्रणाशिने ।**
**केवलज्ञान सूर्याय - लोकपूज्याय तायिने ।।१।।**

ગ્રંથ પ્રારંભમાં તીર્થંકર દેવને નમસ્કાર કરીને ગુરુ સુખસાગરને વંદન કરીને સર્વ કર્મના નાશ માટે 'યોગદીપક' ગ્રંથની રચનાની શરૂઆત કરે છે. પ્રથમ તેઓ સરળ પ્રશ્નોત્તર આલેખે છે જેમ કે 'હું કોણ છું ?' 'શાથી ઓળખાવું છું ?' નો ઉત્તર તેઓ આત્મા, જ્ઞાન વડે ઓળખાય છે

એમ દર્શાવે છે. સર્વ વસ્તુ જોવાની, જાણવાની અને શુદ્ધ સ્વભાવે નીરખવાની શક્તિ આત્મામાં રહેલી છે જે દર્શન, જ્ઞાન અને ચારિત્રની રત્નત્રયી તરીકે ઓળખાય છે.

આત્માની ઉચ્ચતા કેળવવા માટે લેખકે પાંચ સમિતિઓ (૧) ઈર્યા સમિતિ (૨) ભાષા સમિતિ (૩) એષણા સમિતિ (૪) આદાન-નિક્ષેપ સમિતિ અને (૫) પારિષ્ઠાપનિકા સમિતિ અને ત્રણ ગુપ્તિ મન, વચન અને કાયનું મહત્ત્વ સમજાવ્યું છે :

**समितिगुप्तियोगेन शुद्धधर्म-समुद्भवः ।**
**सुखदुःखप्रसंगेषु, समश्चारित्रवान् स्मृतः ।।१५।।**

મન ગુપ્તિ એટલે મનની આર્તધ્યાન તથા રૌદ્રધ્યાન વગરની શુભ નિર્વિકાર અવસ્થા. મનની નિર્વિકાર સ્થિતિ પ્રાત કરવા માટે યોગનાં આઠ અંગ છે જે આ મુજબ છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ.

**યમ :** યમ એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહની વૃત્તિ રાખી એ માર્ગે નીસરવું જેને યમ ધારણ કરવું કે યમનો સ્વીકાર કરવો એમ કહેવાય છે. આ યોગસાધનાનું પ્રથમ પગથિયું છે.

**નિયમ :** યોગનું બીજું અંગ નિયમ છે. જે અનેક સદ્‌ગુણો પ્રાપ્ત કરવા માટે તથા આત્માને નિર્મળ બનાવવા માટે અનુસરવામાં આવે છે.

**આસન :** આસન એ યોગનું ત્રીજું અંગ છે. મન પર કાબૂ મેળવવા માટે આસનની અતિ આવશ્યકતા હોય છે. પદ્માસન તથા વજ્રાસન વગેરે આસનોથી પેટના રોગો પણ મટે છે.

**પ્રાણાયામ :** પ્રાણાયામ દ્વારા અનેક રોગો નાશ પામે છે અને જીવન દીર્ઘાયુ બને છે.

**પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિથી** આત્મા પૂર્ણરૂપે કેળવાઈને નિર્વિકાર થાય છે. વચન ગુપ્તિ અને કાય ગુપ્તિનું યથાર્થ પાલન કરવાથી અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે. હર્ષ-શોક, દ્વેષ-પ્રેમ, વગેરે બંને વિપરીત સંજોગોમાં સમભાવ દૃષ્ટિ ધારણ કરનાર વ્યક્તિ ઉત્તમ યોગી બને છે.

બુદ્ધિસાગરજી આ ગ્રંથમાં દર્શાવે છે કે મનને વશ કરવું અતિ દુષ્કર છે. મનને જીતવું હોય તો ઘણા ઉપાયો કરવા જોઈએ. એમાં ખાસ સદ્‌ગુરુની ઉપાસના તપ, જપ અનેધ્યાન મુખ્ય છે. આત્મા અનંત ગુણોનો ભંડાર છે પરંતુ તે મોહ-માયામાં લપેટાઈ પોતાની શક્તિઓ ક્ષીણ કરે છે. ગુરુદેવ મોહ-રાગ-દ્વેષની ચર્ચા સદૃષ્ટાંત વિવેચન કરીને નીચેના શ્લોકમાં સમજાવે છે :

**रागस्य हेतवो ये ये भजन्ते द्वेषहेतुताम् ।**
**सानुकूल, प्रतिकूल, मनोवृत्ति प्रसंगतः ।।३०।।**
**रागरूपा मनोवृत्ति द्वेषरूपा तथैव चः ।**
**रागद्वेष निर्मुक्तं, मनोमोक्षस्य कारणम् ।।३१।।**

બુદ્ધિસાગરજી ઉપરોક્ત શ્લોકોનો ભાવાર્થ સમજાવતાં મનની મોહનીય વૃત્તિ પિતા-પુત્ર, પતિ-પત્નીનું દૃષ્ટાંત આપીને દર્શાવે છે. તેઓ કહે છે :

"રાગનાં કારણો જેટલાં છે તેટલા જ પ્રસંગને પામી દ્વેષનાં કારણો બને છે. સ્ત્રી વગેરે મનની સાનુકૂલ વૃત્તિથી રાગનાં કારણો બને છે. પતિનું કહ્યું ન માને તે તેના પર દ્વેષ ઉત્પન્ન થાય છે. જે પિતાના ખોળામાં બેસનાર પુત્ર પર પિતાનો અત્યંત રાગ હોય છે તે પિતા રાગના યોગે પુત્ર માંદો પડે છે તો મહાદુઃખી થાય છે. પુત્ર પર અત્યંત રાગ ધારણ કરી તેને ભણાવે છે, પરણાવે છે, તે જ પુત્ર જો પિતાના વિચારો તથા આચારોથી વિરુદ્ધ ચાલે તો પછી પિતાનો પુત્ર પર અત્યંત દ્વેષ થાય છે. પિતા પોતે પુત્રને ઘરની બાર કાઢે છે. પુત્ર પણ પિતાનું બૂરું કરવા ચૂકતો નથી."

ઉપર પ્રમાણે ગુરુદેવ રાગ-દ્વેષની ચર્ચા કુટુંબના સભ્યોનું ઉદાહરણ આપીને કરે છે. મનની રુચિ કે અરુચિ મનની પરિપક્વતા પર અવલંબે છે. બાળપણમાં અપરિપક્વ મન રમકડાં પર અત્યંત રાગ ધારણ કરે છે પરંતુ યુવાનીમાં તે સર્વ તુચ્છ લાગે છે. આ પ્રમાણે મનની અવસ્થા પર સુખ, દુઃખ, પ્રેમ, દ્વેષ, વગેરે સર્વ અવલંબે છે. ગુરુદેવ મનની દશાનું વર્ણન અલગ અલગ પ્રસંગોમાં સુખી કે દુઃખી થતું વર્ણવે છે. મન અજ્ઞાનતાને લીધે તેની વૃત્તિ બદલ્યા કરે છે. અજ્ઞાનને લીધે જ આત્મા બાહ્ય પદાર્થોમાં રંગાય છે. જ્યારે વિવેકી આત્મા રાગથી બંધાતો નથી કે નવાં કર્મો પણ બાંધતો નથી. રાગ-દ્વેષથી અલિપ્ત આત્માની દશાને સમતાદશા કહેવામાં આવે છે. મહાપાપી જનો પણ સમતા રાખીને પરમ મોક્ષપદ પ્રાપ્ત કરે છે.

ગુરુદેવ આ ગ્રંથમાં ભવ્ય આત્માની આત્મદૃષ્ટિ કેવી હોય છે તે સમજાવતાં નીચેનો શ્લોક અને તેનો ભાવાર્થ સમજાવતાં લખે છે :

**आत्मवत् सर्वं जीवेषु दृष्टिः स्वोन्नतिकारिका ।**
**भावशान्ति प्रकाशार्थं देया भक्तिपरायणैः ।।५७।।**

"ભક્તિપરાયણ જીવોએ ભાવશાંતિ રૂપ પરમાત્માના પ્રકાશની પ્રાપ્તિ માટે આત્માની પેઠે સર્વ જીવોમાં સ્વોન્નતિકારક આત્મદૃષ્ટિ ધારણ કરવી જોઈએ."

જ્યાં સુધી આત્માર્થી જીવો પોતાના ભલાની સાથે અન્યનું ભલું પણ નહિ ઇચ્છતા હોય ત્યાં સુધી આત્માની ઉચ્ચ દશાની આશા રાખવી વ્યર્થ છે. પોતાના સુખની સાથે અન્ય પણ સુખી થાય, અન્ય જીવો પર ઈર્ષ્યા, અદેખાઈ, ક્રોધ વગેરે નહીં થાય તથા અન્ય જીવોને હાનિ કરવાની વૃત્તિ નાશ પામે ત્યારે જ આત્મા ભાવશાંતિ પામી શકે છે. પ્રભુ સાથે પ્રભુના અનંત ગુણો યાદ કરીને સ્વામી-સેવક ભક્તિથી પ્રભુભક્તિ કરવાથી પણ આત્મામાં અનંત ગુણો પ્રગટે છે.

યોગનાં આસનો વડે તન અને મન બંને પ્રફુલ્લિત રહે છે. તેનાથી મનુષ્યમાં અનંત શક્તિઓ પ્રગટે છે. શાસ્ત્રોમાં ૮૪ આસનો વર્ણવ્યાં છે. જેમ કે સિદ્ધાસન, મયૂરાસન, ભુજંગાસન વગેરે.

**પ્રાણાયામ :** પ્રાણાયામ કરવાથી શરીરના ઘણા રોગો નાશ પામે છે. પ્રાણાયામ કરતે સમયે પ્રથમ ડાબી નાસિકા જે ચંદ્રસ્વર કે ઈડા નાડી કહેવાય છે તેમાંથી શ્વાસ લઈને જમણી નાસિકા એટલે કે સૂર્યસ્વર કે પિંગલા નાડી દ્વારા ધીરેથી બહાર કાઢવામાં આવે છે. શ્વાસ અંદર ગ્રહણ કર્યા પછી થોડી વાર રોકવામાં આવે છે જે કુંભક કહેવાય છે. બંને નાસિકામાં જ્યારે સાથે સ્વર વહેતો હોય તેને સુષુમ્ણા નાડી કહેવાય છે.

**પ્રત્યાહાર :** મનને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાંથી પાછું ખેંચીને ધર્મધ્યાનમાં પરોવવાની પ્રવૃત્તિને પ્રત્યાહાર કહે છે. પ્રાણાયામનો પૂર્ણ અભ્યાસી વિષયોમાં ભટકતા ચિત્તને પાછું ખેંચી શકવા સમર્થ બને છે. જો વ્યક્તિ પ્રાણાયામના અભ્યાસ વિના હઠયોગ કરીને ઇન્દ્રિયોને વશમાં લેવા પ્રયત્ન કરે તો તેને તેમાં સફળતા મળતી નથી.

**ધારણા :** પ્રત્યાહાર સિદ્ધ થયા પછી ધારણામાં પ્રવેશ કરવો જોઈએ. ધારણાનાં સ્થાનો નાભિ, હૃદય, નાસિકાનો અગ્રભાગ, ભ્રૂકુટિ, કપાળ, તાળવું, નેત્ર, મલખ, કર્ણ, મસ્તક અને બ્રહ્મરંધ્ર છે. આ સ્થાનમાં મનને ધારવું તેને ધારણા કહેવાય છે. ઉપરોક્ત કોઈપણ સ્થાનમાં ચિત્તને ફેરવવાથી મન સ્થિર થાય છે. ધારણા સિદ્ધ થતાં વ્યક્તિને અનેક ચમત્કારોનો અનુભવ થાય છે.

**ધ્યાન :** કોઈપણ એક વસ્તુનું આલંબન કરી તેમાં અંતમુહૂર્ત પર્યંત મનની સ્થિરતા કરવી તેને ધ્યાન કહેવાય છે. ધ્યાન કલાકો પર્યંત કરી શકાય છે. એમાં ઘણા અનુભવો થાય છે. એનાથી અનેક પ્રકારની લબ્ધિઓ પ્રગટે છે. ધ્યાનના અનેક પ્રકારો છે. ૐ પ્રણવ મંત્ર કહેવાય છે. તે જ પ્રમાણે 'रं' બીજમંત્ર કહેવાય છે. પૃથ્વી, અગ્નિ, જલ, વાયુ, આકાશ એ પંચ તત્ત્વના બીજાક્ષરો હોય છે. જેનું ધ્યાન ધરવાથી ઘણી વિદ્યાઓ પ્રાપ્ત થાય છે. દા.ત., અગ્નિ તત્ત્વનો બીજ મંત્ર 'रं' છે. 'रं' મંત્રનું નાભિકમલમાં ધ્યાન ધરવાથી અગ્નિતત્ત્વથી શરીર દાઝતું નથી. તે માટે રોજ ત્રણ કલાક ૧૨ વર્ષ પર્યંત ધ્યાન કરવું પડે છે તો એ સિદ્ધ થાય છે. વાયુ તત્ત્વના મંત્ર 'यं' નું છાતીમાં ધ્યાન ધરવાથી આકાશગમનની શક્તિ પ્રગટે છે, એમાં પ્રગટતી આત્મશક્તિથી મહામારી જેવા વાયુ તત્ત્વના ઉપદ્રવો શાંત કરી શકાય છે.

ગુરુદેવ 'ૐ' ને અપૂર્વ મંત્ર વર્ણવે છે. એમાં અપાર શક્તિ રહેલી છે. તેનો કુંભ પ્રાણાયામથી ધ્યાન ધરવાથી મન વશમાં રહે છે તથા રજોગુણ, તમોગુણ નાશ થઈને સાત્ત્વિક ગુણો પ્રગટે છે.

તે જ પ્રમાણે 'ॐ ह्रीँ श्रीँ अर्हं नमः' પણ ઘણો ચમત્કારિક મંત્ર છે. તેના જાપ અને ધ્યાનથી અનેક શક્તિઓ પ્રાપ્ત થાય છે.

**સમાધિ સ્વરૂપ :** સર્વકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલી સ્થિતિને સમાધિ કહેવાય છે.

લોકહિતાર્થે રચાયેલા આ ગ્રંથમાં તેમણે સ્વરચિત સંસ્કૃત શ્લોકોને સરળ ગુજરાતી ભાષામાં સમજાવ્યા છે. મનુષ્ય અષ્ટાંગ યોગ વડે પોતાના આત્માને કેવી રીતે ઉચ્ચ બનાવી શકે તે આ ગ્રંથમાં તેમણે દર્શાવ્યું છે. અજ્ઞાનવશ મનુષ્ય મોહ, માયા, ક્રોધ અને અહંકારમાં લપેટાઈને સ્વાર્થી થઈ જાય છે જેને પરિણામે તે નિરંતર ભવભ્રમણ કરતો રહે છે. પરંતુ મનુષ્ય જો પોતાની સાત્ત્વિક વૃત્તિ પ્રગટાવીને યોગસાધના અને પ્રભુવંદના કરે તો તે અનંત સિદ્ધિનો સ્વામી બને છે. ગુરુદેવ આ ગ્રંથમાં યોગસાધના અને સ્વરોદય વિશે સમજાવીને 'ૐકાર'ની મહત્તા દર્શાવે છે. યોગાભ્યાસ શીખતા મનુષ્યને સાચો રાહ દર્શાવતાં આ ગ્રંથનું નામ 'યોગદીપક' રાખ્યું છે.

## (૭) અધ્યાત્મ શાંતિ

આચાર્ય બુદ્ધિસાગર મહારાજજીએ "અધ્યાત્મ શાંતિ" પુસ્તક મનુષ્ય પોતે આત્મા, પરમાત્મા, કર્મ અને જ્ઞાનનું સ્વરૂપ સમજીને સુખ શાંતિ પામી શકે એ ઉદ્દેશ્ય લક્ષમાં રાખીને લખ્યું છે. તેઓ આ પુસ્તકને વચનામૃતાલયની ઉપમા આપે છે. આ પુસ્તકની નાની પ્રસ્તાવનામાં તેઓએ આ ગ્રંથનો ઉદ્દેશ્ય ભવ્ય જીવોને જ્ઞાન આપવાનો છે અને વીતરાગ તીર્થંકરના વચન વિરુદ્ધ કંઈપણ કહેવાયું હોય તો તે બદલ ક્ષમા માંગીને આ પુસ્તક વાંચનાર શિવસ્થાન પ્રાપ્ત કરે તેવા આશીર્વાદ આપ્યા છે.

ગ્રંથની શરૂઆત તેઓ સરસ્વતી દેવીની પ્રાર્થનાથી કરે છે. પ્રાર્થના તેઓએ ગુજરાતી અને સંસ્કૃત બંને ભાષામાં લખી છે. આ જગતમાં સર્વ માનવી સુખની અપેક્ષા રાખે છે. તે પોતાની બુદ્ધિ પ્રમાણે ધન, સ્ત્રી, પુત્ર, રાજ્ય, ભોજન વગેરેમાં સુખ પામે છે. પરંતુ કોઈ વિરલ માનવી જ ખરા આત્મ સ્વરૂપને ઓળખી અનંત સુખ પામે છે.

મનુષ્ય ખૂબ ધનવાન હોય તો પણ તે સુખી હોતો નથી. કારણ કે તેણે તે ઉપાર્જન કરવા ઘણી મહેનત કરી હોય છે. તેથી એને સાચવવાની ચિંતામાં રાત્રીની ઊંઘ જાય છે. ચોર, લૂંટારુ ધન મેળવવા માટે મનુષ્યને મારી પણ નાંખે છે એમ ધન વિશે હંમેશાં ભીતિ રહે છે. તે ઉપરાંત ક્રોધ, માન, માયા, લોભ એ દુર્ગુણો ધનથી જ વૃદ્ધિ પામે છે. માનવી ધનવાન હોય પરંતુ એને જો પુત્ર ન હોય તો પણ દુઃખી થાય છે. જો પુત્ર હોય અને તે ખરાબ હોય તો પણ દુઃખી થાય છે. તે જ પ્રમાણે સ્ત્રીસુખ પણ સદા સુખમય હોતું નથી. ભોજન પણ ઘણું ખાવાથી અજીર્ણ થઈ મરણ પણ થઈ શકે છે.

પોતાનું આત્મ સ્વરૂપ જાણવાથી મનમાં ઉત્પન્ન થતી સંકલ્પ-વિકલ્પની શ્રેણી નાશ પામીને મનની નિર્વિકલ્પ દશા પ્રાપ્ત થાય છે. જેથી દુઃખનો અનુભવ થતો નથી. આત્માનું સ્વરૂપ જાણીને જ મનુષ્યને સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે. આત્મા ત્રણ પ્રકારે દેહની અંદર વશે છે.

(૧) બહિરાત્મા, (૨) અંતરાત્મા અને (૩) પરમાત્મા.

જે બહિરાત્મા પુત્રની ઉત્પત્તિથી સુખ માને છે એ જ બહિરાત્મા તેના મરણથી શોક કરે છે. બહિરાત્મા ધન આવવાથી ખૂબ ખુશ થાય છે અને ધન જતાં દુઃખી થઈ જાય છે.

અંતરાત્મા સંસારમાં જળકમળવત્ રહે છે. તે અપરાધીને ક્ષમા આપવા ઇચ્છે છે. જ્યારે બહિરાત્મા અપરાધીને દુઃખી કરવા ઇચ્છે છે. અંતરાત્મા કર્મબંધનથી છૂટતો જાય છે અને સંતોષી બને છે. અંતરાત્મા પરમાત્માનું ધ્યાન ધરે છે. અંતરાત્મા શરીરી છે અને પરમાત્મા અશરીરી છે. અંતરાત્મા કર્મવાળો સાકાર છે, જ્યારે પરમાત્મા નિરાકાર છે.

જીવની મુક્તિ થયા પછી જીવ પરમાત્માપદ પામે છે. જેમ બળેલું બીજ ફરી ઊગતું નથી તેમ કર્મરૂપ બીજ બળી ગયા પછી જીવ ફરી સંસારમાં આવતો નથી.

આત્મા અને કર્મનો સંબંધ અનાદિકાળથી છે. આત્મા કર્મબંધનને કારણે અસંખ્ય જીવાયોનિમાં ભટક્યા કરે છે. કર્મ થકી શરીર, લેશ્યા, પ્રાણ, યોગ વગેરેની ઉત્પત્તિ થાય છે.

કર્મના આઠ પ્રકાર છે :

(૧) જ્ઞાનાવરણીય કર્મ (૫) આયુષ્ય કર્મ
(૨) દર્શનાવરણીય કર્મ (૬) નામ કર્મ
(૩) વેદનીય કર્મ (૭) ગોત્ર કર્મ
(૪) મોહનીય કર્મ (૮) અંતરાય કર્મ

**(૧) જ્ઞાનાવરણીય કર્મ :** આત્મામાં રહેલા અનંત જ્ઞાનને જ્ઞાનાવરણીય કર્મ આચ્છાદન કરે છે. જેમ વાદળ સૂર્યને ઢાંકે છે અને સૂર્યનો પ્રકાશ મંદ પડે છે તે જ પ્રમાણે જ્ઞાનાવરણીય કર્મના પુદ્ગલોના આચ્છાદનથી જ્ઞાનનો પ્રકાશ અવરોધાય છે તેથી દરેક વસ્તુનું સ્વરૂપ આપણે જાણી શકતા નથી. એના પાંચ પ્રકાર છે : (ક) મતિજ્ઞાન, (ખ) શ્રુતજ્ઞાન, (ગ) અવધિજ્ઞાન, (ઘ) મનઃપર્યવ, (ચ) કેવલજ્ઞાન.

(ક) **મતિજ્ઞાન :** દરેક મતિજ્ઞાન એકસરખું હોતું નથી. જે મનુષ્યનું શરીર નીરોગી હોય, ગુરુભક્તિ, જ્ઞાન ભક્તિ અને વિશાળ મસ્તક હોય તે મતિજ્ઞાનથી યુક્ત હોય છે. મતિજ્ઞાન વધારવા માટે તેઓ બ્રાહ્મી, વજ, માલકાંકણી, સૂંઠ, ગાયનું ઘી, દૂધ, સાકર વગેરે વસ્તુઓ ખાવાની સલાહ આપે છે. તે ઉપરાંત કુગુરુની સંગત અને વિકારવાળાં પુસ્તકો વાંચવાથી આપણી બુદ્ધિ બગડે છે એમ તેઓ કહે છે.

(ખ) **શ્રુતજ્ઞાન :** શ્રુતજ્ઞાન અટલે જે જ્ઞાન પુસ્તક કે સૂત્ર સાંભળવાથી પ્રાપ્ત થાય છે, તેને શ્રુતજ્ઞાન કહે છે.

(ગ) **અવધિજ્ઞાન :** દ્રવ્ય, ક્ષેત્ર અને કાળની મર્યાદામાં જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને અવધિજ્ઞાન કહે છે.

(ઘ) **મનઃ પર્યવજ્ઞાન :** બીજાના મનના વિચાર જાણવાવાળા જ્ઞાનને મનઃપર્યવ જ્ઞાન કહે છે.

(ચ) **કેવલજ્ઞાન :** આ લોક અને પરલોકનું સર્વ પ્રત્યક્ષ જણાય તે જ્ઞાનને કેવલજ્ઞાન કહે છે.

જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનીનો ઘાત કરવાથી, ભણવામાં અંતરાય કરવાથી, છતી શક્તિએ ભણનારને સહાયતા નહિ કરવાથી, જ્ઞાની પર કલંક ચઢાવવાથી, શિક્ષક પર અવિનય કરવાથી અને જ્ઞાનનો નાશ કરવાથી બંધાય છે.

**(૨) દર્શનાવરણીય કર્મ :** ઇન્દ્રિયોની શક્તિને આવરણ કરનાર કર્મને દર્શના વરણીય કર્મ કહે છે.

**(૩) વેદનીય કર્મ :** વેદનીય કર્મના બે પ્રકાર છે :

(ક) શાતા વેદનીય (ખ) અશાતા વેદનીય.

(ક) **શાતા વેદનીય કર્મ :** માતા-પિતા, ગુરુની સેવા કરવાથી, બીજાએ કરેલા અપરાધો સહન કરવાથી, બીજાનું દુ:ખ દૂર થાય એવી ઇચ્છા કરવાથી અને દાન આપવાથી શાતા વેદનીય કર્મ બંધાય છે.

(ખ) **અશાતા વેદનીય કર્મ :** માતા-પિતાને દુ:ખી કરવાથી કે બીજા દુ:ખી થાય એવી ઇચ્છા કરવાથી, અને દાન ન આપવાથી અશાતા વેદનીય કર્મ બંધાય છે.

**(૪) મોહનીય કર્મ :** ક્રોધ, માન, માયા અને લોભ વડે જે કર્મબંધ થાય તેને મોહનીય કર્મ કહે છે. દેવદ્રવ્ય અને જ્ઞાનદ્રવ્યને વાપરવાથી કે બીજા જે આવું કરતા હોય તેની અનુમોદના કરવાથી પણ મોહનીય કર્મ બંધાય છે.

**(૫) આયુષ્ય કર્મ :** આયુષ્ય કર્મનો બંધ થવાથી જીવ મનુષ્ય, તિર્યંચ, નરક, દેવ એ ચાર ગતિમાં જાય છે. પંચેન્દ્રિય જીવની હિંસા, માંસ, મદિરા, શિકાર વગેરે દુર્ગુણો સેવે તો નરક ગતિ મળે છે. તિર્યંચ ગતિનું આયુષ્ય કર્મ બંધાવાનાં કારણોમાં જે કપટ કરે, આર્તધ્યાની હોય, જૂઠું બોલે, અદેખાઈ કરે વગેરેનો સમાવેશ થાય છે. મનુષ્ય ગતિ બાંધવાનાં કારણોમાં ક્ષમા, વિનય, દાન, સારા સ્વભાવવાળો અને દેવ ગુરુનો પૂજક મુખ્ય છે.

**(૬) નામ કર્મ :** ગર્વ કરવાથી મળે છે.

**(૭) ગોત્ર કર્મ :** કુળ મદ, તપ, ઐશ્વર્ય, અભિમાન કરવાથી મળે છે.

**(૮) અંતરાય કર્મ :** છતી શક્તિએ પોતે કરે નહિ અને બીજા કરતાં હોય તેમાં અંતરાય નાંખે તો અંતરાય કર્મબંધ થાય છે.

જીવ કર્મને આધીન છે. જીવ જે કર્મનો ઉદય આવે તેના જેવો થઈ જાય છે. જ્યારે જીવ બીજા દ્વારા થયેલા ખરાબ આચરણથી ક્રોધિત થાય ત્યારે તેવી ખરાબ અવસ્થામાં પણ શાંતિ રાખવી. તેવે સમયે આત્માની ઉન્નતિ માટે પ્રયત્ન કરતાં પરિસ્થિતિમાં સુધારો થાય જ છે. જેમ વસ્ત્ર ફાટવાથી તેમાં રહેલા તાંતણાઓનો નાશ થતો નથી તેમ આત્માનો નાશ થતો નથી. ફક્ત શરીર જ નાશ પામે છે. દરેક જીવે પરમાત્મપદ પ્રાપ્ત કરવા ધર્મધ્યાનમાં પ્રયત્નશીલ રહેવું જોઈએ અને સંકલ્પ વિકલ્પનો ત્યાગ કરવો જોઈએ.

તેઓ આ પુસ્તકના અંતમાં લોકોને ઉપદેશ આપતા લખે છે : "દેવગુરુ ધર્મની શ્રદ્ધા રાખવી, જીર્ણોદ્ધાર કરાવવા, સાધુ મહારાજની ભક્તિ કરવી. સાધર્મિક ભાઈઓને મદદ કરવી. પોતાના વર્ષની ઊપજમાંથી છઠ્ઠો ભાગ અવશ્ય ધર્મ કૃત્યમાં ખર્ચવો, ગ્રંથો લખાવવા, પ્રતિમાઓ ભરાવી. તીર્થયાત્રાઓ કરવી. પરિગ્રહનો નિયમ ધારવો ઇત્યાદિ."

આમ તેઓ આત્મ હિત કરવા શું શું કરવું તે બતાવે છે. આત્મા જો મોહમાયાની જંજાળમાં ફસાઈ જાય તો શાંતિ અને ધૈર્ય રાખી આત્માની ઉન્નતિના કાર્ય કરવા સૂચન કરે છે. જેથી શાંતિ મળે.

આમ આ ગ્રંથમાં આત્માને શાંતિ કેવી રીતે અને ક્યારે મળે એના ઉપાયો, આત્માનું સ્વરૂપ, આત્મા અને કર્મોના સંબંધ, તેમજ બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્માનું સ્વરૂપ વર્ણવ્યું છે. અને આત્મતત્ત્વ જ જાણવા અને અનુભવવા યોગ્ય છે. એ વાત બુદ્ધિસાગર મહારાજે આ ગ્રંથમાં સમજાવી છે.

આ ગ્રંથ પાદરાના તેમના ભક્ત મોહનલાલ હિમચંદના બોધ માટે લખાયેલો છે. કર્તા ગ્રંથના અંતમાં એ વાતની સ્પષ્ટતા કરે છે :

**નગર પાદરા વાસી શેઠ, મોહનલાલ વકીલ**
**શ્રદ્ધાવંત વિવેકવંત, જેનું રૂડું શીલ**
**નગર પાદરામાં રહી, વાંચી શાસ્ત્રો અનેક,**
**ઉપકારક દૃષ્ટિ કરી, કીધી કૃતિ વિવેક.**

આ ગ્રંથ ૧૨૬ પાનાંમાં સંવત ૧૯૫૯ માગસર સુદ ત્રીજના દિવસે બુદ્ધિસાગર મહારાજે પૂર્ણ કર્યો. આ ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રગટ થઈ ચૂકી છે.

●●●

## (૮) ષડ્દ્રવ્ય વિચાર

ગુરુદેવ બુદ્ધિસાગરજીએ ભવ્ય જીવોને બોધ આપવા માટે પૂર્વાચાર્યો દ્વારા રચિત જૈન ધર્મની દ્રવ્યાનુયોગમાંથી આ ગ્રંથની રચના કરી છે. અનુયોગ ચાર છે :

(૧) દ્રવ્યાનુયોગ (૨) ગણિતાનુયોગ
(૩) ચરણકરણાનુયોગ (૪) કથાનુયોગ

પ્રસ્તુત ષડ્દ્રવ્ય ગ્રંથ એ દ્રવ્યાનુયોગનું ટૂંકું લઘુ સરળ સ્વરૂપ છે જેથી લોકો સહેલાઈથી સમજી શકે. ગુરુદેવે આ ગ્રંથની રચના પાદરા ગામમાં સંવત ૧૯૫૮માં કરી હતી. આ ગ્રંથ લખવાની પ્રેરણા તેમને કેવી રીતે થઈ તે વિશે તેઓ પ્રસ્તાવનામાં લખે છે :

"મુખ્ય પ્રયોજન એ છે જે હું સુરતથી વિહાર કરી પાદરા ગામે આવ્યો. ત્યાંના શ્રાવક વકીલ મોહનલાલ હિમચંદનો સમાગમ થયો. તેમને ષડ્દ્રવ્યનું સ્વરૂપ જાણવાની જિજ્ઞાસા થતાં વિનંતી કરવાથી પૂર્વાચાર્યો કૃત ગ્રંથોમાંથી ઉદ્ધરીને આ ષડ્દ્રવ્ય વિચાર પ્રબંધ લખી તેમને સમજાવ્યો, તેથી તેમને ઘણો હર્ષ થયો અને જૈન તત્ત્વો ઉપરની શ્રદ્ધા દૃઢ થઈ. તેમને પોતાને આ ગ્રંથથી ઘણો લાભ થયો, તેમ બીજા ભવ્ય જીવોને થાય એમ જાણી આ ગ્રંથ છપાવવા તેઓએ અનુમતિ માંગી તે યોગ્ય લાગવાથી આપી છે."

પ્રસ્તુત ગ્રંથમાં આચાર્યે દ્રવ્યના છ પ્રકારો, તેના ગુણો, તેનું સ્વરૂપ, તેના ક્ષેત્ર, પરમાણુઓના ભેદ, આત્માનું નિત્યપણું, આત્માનું અનિત્યપણું, ઉત્પાદ વ્યય અને ધ્રુવની વ્યાખ્યા, જ્ઞાનના પ્રકાર, કર્મના પ્રકાર, સપ્તનય, સપ્તભંગી વગેરે અનેક બાબતો પર સરળ ભાષામાં તલસ્પર્શી વિવેચન કર્યું છે. આ ગ્રંથ દ્રવ્યાનુયોગ સમજવા માટે ખૂબ મહત્ત્વનો છે.

ગુરુ બુદ્ધિસાગરજી નવકાર મંત્રથી મંગલાચરણ કરીને આ ગ્રંથનો શુભારંભ કરે છે. પ્રારંભમાં તેઓ દેવવંદના પછી અગિયાર દુહાઓ દ્વારા અનુયોગ દ્વારના ચાર પ્રકારો દર્શાવી એમાં સમાવેશ થતાં દ્રવ્યાનુયોગને ઉદધિ જેવો વિશાળ વર્ણવ્યો છે, જે સમજવામાં અતિ કઠિન છે.

**અતિ ગહન દ્રવ્યાનુયોગ, ઉદધિ સમ કહે જિન,**
**જેનો લેશ હું વર્ણવું અતિ ઉત્કંઠિત દીન...(૩)**

આત્માનું શુદ્ધ સ્વરૂપ ઓળખવા માટે જ્ઞાનનું સ્વરૂપ સમજવું અનિવાર્ય છે. જ્ઞાનના મુખ્ય બે ભેદ છે : (૧) વ્યવહાર જ્ઞાન (૨) નિશ્ચય જ્ઞાન.

**(૧) વ્યવહાર જ્ઞાન :** આ જ્ઞાનમાં વ્યાકરણ, છંદ, અલંકાર, અન્ય ધર્મોના ગ્રંથોનું જ્ઞાન, ગણિતાનુયોગ, કરણાનુયોગ, ચરણકરણાનુયોગ, હઠસમાધિ વગેરેનું જ્ઞાન છે. અર્થ સમજ્યા વગરના સ્તોત્રોનું પઠન પણ વ્યવહારજ્ઞાન કહેવાય છે. આનાથી આત્માની મુક્ત દશા થતી નથી.

**(૨) નિશ્ચય જ્ઞાન :** આત્માના સ્વરૂપને સમ્યક્ રીતે સમજવું, ષડ્દ્રવ્ય અને તેના સ્વરૂપને જાણવું, તથા ઉત્પાદ, વ્યય અને ધ્રુવને યથાર્થ રીતે સમજી લેવું તે નિશ્ચય જ્ઞાન કહેવાય છે. નિશ્ચય જ્ઞાનથી આત્માને મુક્તિ મળે છે.

આત્મા અનાદિ અનંત કહેવાય છે. તે કર્મના સંયોગથી દુઃખી થાય છે. કર્મ જડ રૂપે છે, તે આત્માની સાથે લાગવાથી આત્મા જુદા જુદા પ્રકારનાં શરીર ધારણ કરે છે અને ફરી કર્મધારણ કરે છે. કર્મ પુદ્‌ગલાસ્તિકાય છે. તે સક્રિય છે પરંતુ તેમાં આત્માપણું નથી, એ જ્ઞાન ષડ્‌દ્રવ્ય દ્વારા આપણને પ્રાપ્ત થાય છે.

ષડ્‌દ્રવ્યના છ પ્રકારો નીચે પ્રમાણે છે :

| | |
|---|---|
| (૧) ધર્માસ્તિકાય | (૪) પુદ્‌ગલાસ્તિકાય |
| (૨) અધર્માસ્તિકાય | (૫) કાળાસ્તિકાય |
| (૩) આકાશાસ્તિકાય | (૬) જીવાસ્તિકાય |

(૧) **ધર્માસ્તિકાય** ચાલવામાં સહાયક તત્ત્વ છે. તે અરૂપી, અચેતન, અક્રિય છે.

(૨) **અધર્માસ્તિકાય** બેસવા ઊઠવામાં સહાયક તત્ત્વ છે. તે અરૂપી, અચેતન, અક્રિય છે.

(૩) **આકાશાસ્તિકીય** પદાર્થોને જગ્યા કરી આપે છે. તે અરૂપી, અચેતન, અક્રિય છે.

(૪) **પુદ્‌ગલાસ્તિકાય** સડન, પડન, વિધ્વંસન સ્વભાવવાળા છે. તે રૂપી, અચેતન, અક્રીય છે.

(૫) **કાળાસ્તિકાય,** ચેતન અને જડ પરસ્પર ઉપગ્રહ કરે, તે અરૂપી, અચેતન, અક્રિય છે.

(૬) **જીવાસ્તિકીય,** જીવરૂપી - અરૂપી છે. તે પુદ્‌ગલરૂપી અનંત જ્ઞાન, અનંત દર્શન અનંત ચારિત્ર અને અનંત વીર્ય ગુણરૂપી છે.

ઉપરોક્ત ષડ્‌દ્રવ્યનું તેના ગુણ તથા પર્યાય પ્રમાણે બારીકાઈથી વિસ્તૃત વિવેચન આ ગ્રંથમાં દર્શાવ્યું છે.

**ધર્માસ્તિકાયના ૪ ગુણ** (૧) અરૂપી (૨) અચેતન (૩) સક્રિય (૪) ગતિસહાય.

તથા **ધર્માસ્તિકાયના ચાર પર્યાય :** (૧) ખંધ (૨) દેશ (૩) પ્રદેશ (૪) અગુરુ લઘુ વગેરે.

તેઓ સાત નય વિશે પણ આ ગ્રંથમાં સમજૂતી આપે છે.

**નય એટલે કોઈપણ વિષયનું સાપેક્ષ રીતે નિરૂપણ કરવાનો વિચાર.**

(૧) **નૈગમનય :** જે વિચાર લૌકિક સંસ્કારથી પ્રવર્તે છે તે નૈગમ નયે સાચું છે. દા. ત., આજે મહાવીર જન્મ છે એમ કહેતી વખતે તે બનાવ ૨૫૦૦ વર્ષ પહેલાં બનેલો છે. એ નેગમ નયે સાચો કહેવાય.

(૨) **સંગ્રહનય :** અનેક વ્યક્તિઓનો કે ભિન્ન પ્રકારની વસ્તુઓનો કોઈપણ સામાન્ય તત્ત્વના આધાર પર એકરૂપે સંકલિત કરનારો વિચાર જેમ કે હું તને આજે લાડુ જમાડીશ, આમ કહેનાર લાડુની સાથે દાળ, ભાત, શાક વગેરે પીરસે છે તે સંગ્રહ નયે સાચું છે.

(૩) **વ્યવહારનય :** વિવિધ વસ્તુઓને એકરૂપે સંકલિત કરીને તેનું વ્યવહારુ રીતે પૃથક્કરણ કરે તે વિચાર. દા. ત., કાપડ ખરીદવા જનાર વ્યક્તિ જો ખાદી પહેરતો હોય તો તે ખાદી જ ખરીદે છે.

**(૪) ઋજુસૂત્રનય :** જે નય ભૂતકાળ કે ભવિષ્યકાળને લક્ષમાં ન લેતાં વર્તમાન સમયનો વિચાર કરે, જેમ કે જે પુત્ર હયાત હોય તે જ માતાપિતાને સાચવે. તે વિચાર.

**(૫) શબ્દનય :** જે નય શબ્દને વળગીને શાબ્દિક અર્થ પ્રમાણે અર્થભેદ કલ્પે તે જેમ કે રાજગૃહ નગરમાં શ્રેણિક રાજા હતો એમ કહેવાથી તે પહેલાના સમયના રાજગૃહનગરની વાત છે તે શબ્દ નય કહેવાય છે.

**(૬) સમભિરુઢનય :** આ નય શબ્દની વ્યુત્પત્તિ પ્રમાણે અર્થભેદ કલ્પી લે છે જેમ કે રાજચિહ્નો મુગટ, કમરબંધ વગેરેથી શોભે તે રાજા.

**(૭) ભૂતનય :** કાર્ય પૂરું થયે જ કાર્ય પૂરું થયેલું કહેવાય. જેમ કે બેડામાં પાણી ભરીને સ્ત્રી જતી હોય ત્યારે જ એણે બેડું લીધેલું કહેવાય છે, એવં ભૂતનય પ્રમાણે સત્ય કહેવાય.

સપ્તભંગી, ચાર ધ્યાન, નિગોદનું સ્વરૂપ, સમક્તિનું સ્વરૂપ વગેરેને આચાર્યશ્રી બુદ્ધિસાગરજીએ શ્રી હરિભદ્ર સૂરિના શ્લોકો, તત્ત્વાર્થ સૂત્રના ઉત્તરાધ્યયન સૂત્ર વગેરે ગ્રંથોના શ્લોકો તથા તેનો ભાવાર્થ આપીને જ્યાં જરૂર હોય ત્યાં દૃષ્ટાંત આપીને સમજાવ્યું છે. આચાર્ય બુદ્ધિસાગરજી આ ગ્રંથના અંતમાં જણાવે છે :

"આગમસાર, નયચક્ર આદિ ગ્રંથોની સહાયતાથી તેને અનુસારે ભવ્ય જીવોના ઉપકારાર્થે ષડ્દ્રવ્ય - વિચાર ગ્રંથ બનાવ્યો છે. આ ગ્રંથ પંડિત પુરુષોને યોગ્ય છે. આ ગ્રંથ વાંચી વ્યવહારમાર્ગે ચાલી હૃદયમાં નિશ્ચિય દૃષ્ટિ રાખશે તે આત્મસુખ પામશે."

ગ્રંથના અંતમાં ગુરુદેવે પ્રશસ્તિ આપી છે. જેના દુહામાં તેઓ હીરવિજય સૂરિની પાટ પરંપરામાં થયા તે જણાવે છે. તથા વિક્રમસંવત ૧૯૫૮માં આ ગ્રંથ રચ્યો તે વિગત જણાવે છે :

**અધ્યાત્મરસ ઝીલવા, એ ષડ્દ્રવ્ય વિચાર**
**જે ભવી પ્રાણી ધારશે, તે લહેશે સુખ સાર...(૧)**
**તપગચ્છ ગગન દિવાકરુ, હીરવિજય સૂરિરાય,**
**સહજસાગર તાસ શિષ્ય, પદવી ઉપાધ્યાય...(૭)**
**પાટ પરંપરા તેહની, રવિસાગર ગુરુરાય**
**સુખસાગર શિષ્ય તેહના, વિનયવંત કહાય...(૮)**
**તાસ ચરણને સેવતા, બુદ્ધિ કહે છે એમ**
**ભણેગણે જે ધારશે, તે પામે સુખક્ષેમ...(૯)**

આ ગ્રંથમાં શ્રીમદ્ બુદ્ધિસાગરે જૈનદર્શનના મહાન સિદ્ધાંતો અને તત્ત્વજ્ઞાન તથા જૈનદર્શનનું આલેખન એવી રીતે કર્યું છે કે એ વાંચીને જૈનેતરો તથા વિદેશીઓ પણ મુગ્ધ થાય છે. દ્રવ્યાનુયોગનો આ ગહન ગ્રંથ જ્ઞાની ગુરુ પાસે જ સમજી શકાય તેવો છે. આ ગ્રંથ અતિ વિચારણીય અને ઊંડો અભ્યાસ માંગી લે તેવો છે.

સંવત ૧૯૫૯માં ગુજરાતી-માગધી ભાષામાં ૨૩૮ પૃષ્ઠોમાં લખાયેલો છે. આ ગ્રંથની ત્રીજી આવૃત્તિ પ્રગટ થઈ ચૂકી છે.

## (૯) કર્મયોગ

આજીવન કર્મયોગના સાધક શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજ સાહેબે એકસો ને આઠ ઉપરાંત ગ્રંથો રચીને સાચા કર્મયોગી જેવું જીવન જીવી બતાવ્યું કર્મયોગ ગ્રંથ તેમણે સંસ્કૃત પદ્યમાં રચેલો છે. એમાં ૨૭૨ શ્લોકો છે. તેમણે જ એનું વિવેચન સરળ ગુજરાતી ભાષામાં કર્યું છે. કર્મયોગ એટલે તન, મન અને વચનથી શુભ કાર્ય કરવું તે.

આજના સંદર્ભમાં માનવીએ કેવી રીતે કાર્ય કરવું એ સાદી સરળ શૈલીમાં ભારત તથા પાશ્ચાત્ય દેશના મહાપુરુષોનાં દૃષ્ટાંતો આપીને સમજાવ્યું છે. મનુષ્યે જીવનનું કર્તવ્ય નીડરપણે બજાવી એમાં આવતી મુશ્કેલીથી ગભરાઈ ન જતાં હિંમતપૂર્વક સામનો કરવો તથા સંસારની મોહજાળમાં લપેટાયા વગર એમાં જલકમલવત્ રહી પરમાર્થે કાર્ય કરવું એ જ સાચો કર્મયોગ.

વિશાળ દૃષ્ટિબિંદુ રાખીને સ્વરચિત સંસ્કૃત શ્લોકોનું એમણે ઉપદેશાત્મક વિવેચન ગુજરાતી ભાષામાં કર્યું. તેઓ સાચા કર્મયોગીની દેશ અને ધર્મ પ્રત્યેની ફરજ દર્શાવતાં લખે છે કે સત્ય કર્મયોગીઓ નિરાસક્ત ભાવે ધર્મપ્રવૃત્તિ સાથે શુભ પ્રવૃત્તિ કરતાં સ્વફરજ બજાવી ધર્મ, સમાજ અને દેશને દીપાવે છે. ઘણા સ્વાર્થી મનુષ્યો પોતાના ધર્મ, સમાજ અને દેશ પ્રત્યેની ફરજ ચૂકી જઈ દેશદાઝ વગરના બને છે. તેવી વ્યક્તિઓને લીધે જ દેશ અને ધર્મ બદનામ થાય છે.

આચાર્યશ્રીએ 'वसुधैव कुटुंबकम्' ની ઉદાત્ત ભાવના લક્ષમાં રાખી વિશ્વના મહાન ચિંતકોનાં દૃષ્ટાંત આપી સાધારણ મનુષ્ય પોતાના જીવન દરમ્યાન કઈ રીતે કર્મયોગ સાધીને આત્માને ઉચ્ચ કોટીએ બિરાજમાન કરવાની શુભ પ્રવૃત્તિ કરે એની અવનવી પ્રેરણા આપી છે. આ ગ્રંથનો મૂળ હેતુ વિશ્વજનને સદાચાર અને નીતિ વડે આધ્યાત્મિક માર્ગ તરફ દોરી જવાનો છે.

પ્રસ્તુત ગ્રંથમાં તેમણે વિશ્વની મહાન હસ્તીઓ નેપોલિયન, બેન્જામીન, વોશિંગ્ટન, અકબર, રાણાપ્રતાપ, અહમદશાહ, મહમ્મદ ગઝની, ભીમદેવ, ગાંધીજી વગેરેના વ્યાવહારિક કર્મયોગી તરીકે એમના ગુણોનું વર્ણન કર્યું છે.

બ્રિટિશ રાજ્ય દરમ્યાન પ્રજા આળસુ, નિઃસત્ત્વ, કર્તવ્યવિમુખ તથા નિષ્ક્રિય થઈ ગઈ હતી. આવા કપરા સમયમાં રચવામાં આવેલ કર્મયોગ વર્તમાન સમયમાં તથા ભવિષ્યની પ્રજાને પણ કાર્ય સાધવામાં ખૂબ ઉપયોગી છે. આ ગ્રંથની પ્રસ્તાવનામાં તેમણે ભારતવાસીઓને સાચા કર્મયોગી બનવા હાકલ કરી છે.

બુદ્ધિસાગરજી પ્રસ્તાવનામાં જણાવે છે : "આર્યાવર્ત પોતાના મૂળ સ્વરૂપથી બદલાઈને હાલનું યુરોપ બની જાય, તો તેથી આર્યાવર્તની પૂર્ણ રીતે પડતી થાય. માટે આર્યાવર્તમાં અસલની શક્તિઓને જાળવી રાખે અને આર્યાવર્તપણે રાખે એવા કર્મયોગીઓ પ્રગટાવવા માટે કર્મયોગ લખવાની જરૂર પડી. અન્ય દેશોની સ્પર્ધામાં આર્યાવર્ત સ્વશક્તિથી અને દેશોને-ખંડોને સ્વદેશની આદર્શતાપૂર્વક ઉપકાર કરી શકે એવા કર્મયોગીઓ ગુણો વડે પ્રકટે એમ અંતઃકરણથી ઇચ્છી

કર્મયોગમાં હૃદયના ઉદ્ગારો દર્શાવ્યા છે. ગૃહસ્થો અને ત્યાગીઓ સ્વાધિકારે કર્મયોગની શક્તિઓને મેળવી સર્વ જીવોની સાથે કર્મયોગીના અધિકાર પ્રમાણે વર્તે તો જ વિશ્વમાં શાંતિ વર્તી શકે એમ છે."

આ પ્રમાણે શ્રીમદ્ પ્રસ્તાવનામાં જ આપણા ભારતીયો ભારતની સંસ્કૃતિ ભૂલીને બીજાની નકલ કરવા જાય તો એને પરિણામે આપણી પડતી થાય એવો ભય એમણે આજથી ઘણાં વર્ષો પહેલાં વ્યક્ત કર્યો હતો. શ્રીમદે 'પાણી પહેલાં પાળ બાંધવી' એ સદ્પુરુષનું લક્ષણ ધ્યાનમાં રાખીને ભારતીયો પોતાની પરંપરા જાળવે તથા આપણા સંસ્કારનો અમૂલ્ય વારસો જાળવી રાખે એવા કર્મયોગી પ્રગટાવવા આ કર્મયોગની રચના કરી. આ ગ્રંથ વડે અખિલ વિશ્વમાં શાંતિ અને સદ્વિચાર ફેલાય એવી સુંદર ભાવના તેમણે રાખી.

શ્રીમદે કર્મયોગી બનવા માટે ફક્ત પુરુષોને જ નહિ પરંતુ સ્ત્રીઓને પણ આહ્વાન આપ્યું એ માટે તેમણે વિદુષી મિસિસ એની બેસન્ટને ધર્મવીર, કર્મવીર અને દેશવીર કર્મયોગીનીનું બિરુદ આપ્યું. એની બેસન્ટે દેશસેવા અને વિશ્વસેવા કરતાં પોતાની જિંદગી વિતાવી હતી.

તેઓ જૈન ધર્માવલીઓની સંખ્યા જે એક સમયે લગભગ ચાળીસ કરોડની હતી તે ઘટીને લગભગ બાર-તેર લાખ થઈ ગઈ તે માટે જૈન કોમમાં સાચા કર્મયોગી ન હોવાને કારણે થઈ એમ સ્પષ્ટ જણાવે છે.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં તેઓ સ્ત્રીઓના ઉદ્ધાર પર ખાસ ભાર મૂકે છે. એમના મતે સ્ત્રી જ ધર્મ, કોમ તથા સમાજને ઉપર લાવવા શક્તિમાન છે. સ્ત્રીઓની પ્રગતિ વિશેના તેમના વિચારો જણાવતાં તેઓ લખે છે :

"ધાર્મિક કર્મયોગિની અને વ્યાવહારિક કર્મયોગિની તરીકે શ્રીમતી વિદૂષી બેસન્ટ જેવી કર્મયોગિનીઓ જો જૈન કોમમાં નહીં પાકે તો જૈન કોમ હાલ જે સ્થિતિ ભોગવે છે તેવી પણ રહેવી દુર્લભ છે. જૈન કોમ અન્ય ધાર્મિક કોમની પેઠે અસ્તિત્વ જાળવી શકે તે પણ શંકાસ્પદ છે."

આ પ્રમાણે તેઓ જૈન કોમના ઉદ્ધાર માટે શ્રીમતી એની બેસન્ટનું ઉદાહરણ આપીને તેમની જેમ જો સ્ત્રીઓ કાર્ય કરે તો કોમની ખૂબ પ્રગતિ થાય એમ ભારપૂર્વક જણાવે છે. તે ઉપરાંત જૈનોની ઘણી રૂઢિઓ સંકુચિત હોવાને લીધે તથા અંદરોઅંદર ઘણા મતમતાંતર હોવાને લીધે તેમની પ્રગતિમાં રુકાવટ આવે છે એમ તેઓ નિરૂપે છે.

સ્વદેશપ્રેમી લોકમાન્ય તિલકે આચાર્ય બુદ્ધિસાગરજી દ્વારા રચિત પ્રસ્તુત 'કર્મયોગ' ગ્રંથ વાંચ્યો. તેમણે આ વાંચીને જણાવ્યું કે જો ગુરુજી આવો સુંદર ગ્રંથ રચવાના છે એની જો એમને જાણ હોત તો તેઓ કર્મયોગ ગ્રંથ રચત નહિ.

લોકમાન્ય તિલકે માંડલે જેલમાંથી કહ્યું હતું :

"Had I known in the beginning that you are writing this karmyoga, I would not have written mine, etc."

– Mandle Jail - (Sd.) **B. G. Tilak**

આચાર્ય બુદ્ધિસાગરજીએ લોકમાન્ય તિલક દ્વારા રચાયેલો કર્મગ્રંથ વાંચ્યો ત્યારે તેઓ ઘણા ખુશ થયા કારણ કે તેમના જેવા કર્મયોગીઓ જ દેશનું ભલું કરી શકે. આચાર્યશ્રીએ તિલકની પ્રશંસા કરતાં કહ્યું :

**"હિન્દુ કોમ વગેરે કોમમાં કર્મયોગીઓ પ્રગટાવવા માટે લોકમાન્ય સાક્ષર ભારતરત્ન શ્રીયુત તિલકે ભગવદ્ ગીતાના શ્લોકોથી કર્મયોગનું મહત્ત્વ દર્શાવીને ભારતની જાગૃતિમાં અપૂર્વ સુધારો કર્યો છે. તેથી શ્રીયુત લોકમાન્ય તિલકને અમારા ધર્મલાભરૂપ આશીર્વાદ સહસ્રશઃ પ્રાપ્ત થાઓ."**

આ ગ્રંથનો પ્રારંભ તેઓ ચોવીસમા તીર્થંકર મહાવીર સ્વામી કે જેઓ વર્ધમાન તરીકે પણ ઓળખાય છે તેમને પ્રણામ કરીને કરે છે જેથી ગ્રંથના કાર્યમાં કોઈ વિઘ્ન આવે નહિ. શિષ્ટજનો ગ્રંથ પ્રારંભમાં મંગલ કરતાં હોય છે જેથી જો કોઈ વિઘ્ન આવે તો એનો ત્વરિત નાશ થાય.

**नमः श्री वर्धमानाय रागद्वेष विनाशिने ।**
**सर्वज्ञाय च पूज्याय स्याद्वाद तत्त्वदेशिने ॥१॥**

સર્વજ્ઞ વર્ધમાન સ્વામીને પ્રણામ કર્યા પછી તેઓ ગુરુ સુખસાગરને નમન કરીને ક્રિયાયોગની શરૂઆત કરે છે :

**क्रियायोगं विना जीवा, जीवन्ति न कदाचन ।**
**आवश्यक क्रियायोगात् चित्तशुद्धि र्ध्रुवं नृणाम् ॥८॥**

વિશ્વમાં સર્વ જીવને પોતાના અસ્તિત્વ માટે ક્રિયાયોગ યાને કર્મયોગ યાને પ્રવૃત્તિ યોગ કરવો પડે છે. તેના વિના જીવન શક્ય નથી. મનુષ્યે બાહ્ય ક્રિયાઓ તથા આંતરક્રિયાઓ પોતાની ફરજ કે પોતાનું કર્તવ્ય સમજીને કરવી જરૂરી છે. સ્વઅસ્તિત્વ અર્થે જો ક્રિયા કે કર્મ કરવામાં ન આવે અને મનુષ્ય જો નિષ્ક્રિય રહે તો બહારથી શાંત લાગતું જીવન હૃદયમાં સંકલ્પ-વિકલ્પની પ્રવૃત્તિ કરે છે જે નુકસાન કરે છે માટે મનુષ્યે પ્રવૃત્તિને જ જીવનનું મુખ્ય સૂત્ર તરીકે અપનાવવું જોઈએ. સર્વ વિશ્વજનો માટે અમુક એક જ પ્રવૃત્તિ પ્રશસ્થ અને યોગ્ય હોતી નથી. માટે દરેક મનુષ્યે પોતાના અધિકાર પ્રમાણે સમ્યક્જ્ઞાનથી યુક્ત લૌકિક પ્રવૃત્તિ આચરવી જોઈએ.

આ ગ્રંથ દ્વારા શ્રીમદે વિશ્વહિતાર્થે લોકોને કર્તવ્યપાલનનો પ્રખર સંદેશ આપ્યો છે. લૌકિક પ્રવૃત્તિ કે લૌકિક કર્મ મુખ્યત્વે બે પ્રકારનાં હોય છે :

(૧) ઈષ્ટ કર્મ અને (૨) અનિષ્ટ કર્મ.

કોઈપણ વ્યક્તિએ કાર્યમાં પ્રવૃત્ત થતાં પહેલાં વિવેકબુદ્ધિથી તે કાર્ય ઈષ્ટ છે કે અનિષ્ટ તેનો પૂરતો વિચાર કરીને કાર્યનો આરંભ કરવો જોઈએ. ઇષ્ટ કર્મ કરવા માટેની યોગ્યતા દર્શાવતાં તેઓ નિરૂપે છે કે ધીર, વીર, વિવેકી, સદાઉદ્યમી, મક્કમ મનોબળવાળો, નિરભિમાની, જ્ઞાની

મનુષ્ય જ સત્કાર્ય કરવા યોગ્ય છે અને તેવી વ્યક્તિ જ કર્મયોગી બની શકે છે. આમ જે કાર્યથી સમાજનો ઉત્કર્ષ થાય તે ઇષ્ટ કર્મ કહેવાય છે.

જે કર્મથી કુટુંબ, સમાજ કે ધર્મની હાનિ થતી હોય કે જેને લીધે બીજાની પ્રગતિ રૂંધાતી હોય તે અનિષ્ટ કર્મ કહેવાય છે. ઇષ્ટ કર્મ કે સત્કાર્ય કરતી વખતે સંશયાત્મક બુદ્ધિ તથા કપટ રાખવું નહિ. નિષ્કપટી મનુષ્ય જ્યારે ઉદ્યમ કરે છે ત્યારે તેને વિજય અવશ્ય પ્રાપ્ત થાય છે. શ્રીમદ્ ઉદ્યમને મહામંત્ર તરીકે વર્ણવે છે કારણ કે ઉદ્યમથી જ કલ્પનાતીત સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

બુદ્ધિસાગરજીને જૈન સમાજ અને ભારતીયોની ડરપોકવૃત્તિ, બાયલાપણું તથા અકર્મણ્યતા ખૂબ સાલતાં, તેથી તેઓ 'કર્મે શૂરા તે ધર્મે શૂરા' એ સૂત્ર સમજાવીને લોકોને સાચા કર્મયોગી બનવા ઉપદેશ આપેલ છે. તેઓ લોકોને આળસ ત્યાગીને નિર્ભયતા કેળવીને કર્તવ્ય કરવા સમજાવેલ છે. શ્રીમદે નિર્ભયતા માટે વીરરાજા વિક્રમ તથા ઈશુ ખ્રિસ્તનું દૃષ્ટાંત આપ્યું છે. બંને નીડર મહાપુરુષોની સંવત આજ પર્યંત ચાલે છે. તેઓ કહે છે :

"જો રાજા વિક્રમ સ્વપ્રવૃત્તિમાં ભયભીત રહીને કાર્ય કરતા હોય તો એમના નામનો વિક્રમ સંવત ચલાવી શકાતે ન હોત. તે જ પ્રમાણે જો ઈશુ શૂળી પર ચઢતા પહેલાં 'આ લોકો મને ખીલા ઠોકશે' એવો ભય રાખ્યો હોત તો લોકો એમના નામનો ઈસવીસન સંવત ચાલુ કરત નહિ.'

આ પ્રમાણે બુદ્ધિસાગરજી **રાજા વિક્રમ** અને નિર્ભયી **ઈશુ**નું દૃષ્ટાંત આપીને લોકોને નીડરતાનો સદ્ગુણ ધારણ કરવાનો પ્રખર ઉપદેશ આપે છે. શ્રી મહાવીર પ્રભુ પણ નિર્ભયતાથી ઉપસર્ગોને સહન કરી આત્મધ્યાનથી કેવલજ્ઞાન પામી તીર્થંકર થયા. જે મનુષ્ય દાનવીર, શૂરવીર કે ધર્મવીર હોય તે જ ઇતિહાસમાં અમર થાય છે એમ બુદ્ધિસાગરજી દર્શાવે છે. **શ્રીરામ, લક્ષ્મણ, હનુમાન, અર્જુન, ભીમ** વગેરે પોતાના બાહુબળથી સ્વકાર્યમાં ઓતપ્રોત થઈ અમર થઈ ગયા.

શ્રીમદ્ મનુષ્યમાં વીરતાની સાથે વિવેક ગુણ હોવા જોઈએ એમ કહે છે. એ માટે તેઓ રાવણનું ઉદાહરણ આપે છે. **રાવણ** ખૂબ શક્તિશાળી હતો પરંતુ વગર વિચારે અવિવેકથી પોતાનો તથા સામ્રાજ્યનો નાશ કર્યો. તે જ પ્રમાણે આચાર્યશ્રી કૌરવો અને કરણઘેલાનું ઉદાહરણ વિવેકદૃષ્ટિ માટે આપે છે. કૌરવો જો વિવેકપૂર્વક વિચારણા કરી હોત તો પાંડવો સાથે યુદ્ધમાં ઊતરત નહિ. કરણ ઘેલાએ જો વિવેકબુદ્ધિ વાપરીને મંત્રી પત્ની સાથે ખરાબ વર્તન ન કર્યું હોત તો ગુર્જર રાજ્ય વિનાશમાંથી ઊગરી જાત.

ધીર, વીર, વિવેકી પુરુષો જ્યારે સ્વયોગ્ય કર્મપ્રવૃત્તિ કરે છે ત્યારે તેમનામાં સંપૂર્ણ ઉત્સાહ હોવા જોઈએ. જો કોઈ કાર્ય પૂર્ણ ઉત્સાહ વિના કરવામાં આવે તો એમાં કાર્યસિદ્ધિ થતી નથી. પૃથ્વીરાજ ચૌહાણ છેલ્લી લડાઈ ઉત્સાહ વિના લડ્યા જેમાં એમની હાર થઈ. સદા ઉદ્યમી વીર મનુષ્યો જ્યારે પૂર્ણ ઉત્સાહથી સ્વકાર્ય પ્રવૃત્તિમાં ગળાડૂબ રહે છે ત્યારે તેઓ સમર્થ રીતે કાર્ય

પૂરું પાડે છે. વીર નેપોલિયનના શબ્દકોશમાં 'અશક્ય' શબ્દ હતો જ નહિ. તેને માટે સર્વ કાર્ય મહેનતથી શક્ય હતું.

અર્વાચીન યુગમાં કવિ **વીર નર્મદે** એક સૂત્ર ગુજરાતની પ્રજાને આપ્યું હતું. "યા હોમ કરીને પડો ફતેહ છે આગે." એટલે કે કોઈપણ કાર્યમાં આવી પડતી વિપત્તિનો સામનો કરીને આગળ વધતાં સફળતા ચોક્કસ મળે છે. મહાત્મા થનાર મહાપુરુષો અસફળતાથી ડર્યા વગર પોતાનો ઉદ્યમ ચાલુ જ રાખે છે અને અંતે સિદ્ધિને વરે છે.

આચાર્ય બુદ્ધિસાગરજી મહાપુરુષો દ્વારા થતા સખત પરિશ્રમ વિશે લખે છે :

**મહાત્માઓ સહસ્ર વાર નાસીપાસ થવા છતાં પણ ઉદ્યમનો ત્યાગ ન કરવો એમ પ્રબોધે છે. કાર્યસિદ્ધિનો ઉદ્યમ સેવતાં સહસ્ર વિપત્તિઓ સહન કરવી પડે છે અને કોઈ વખત એમ પણ લાગે છે કે હવે તો ઉદ્યમ સેવતાં પણ પરાજય થશે... આવે વખતે મહાત્માઓ કર્મયોગના અનુભવ કરીને જણાવે છે, "હે મનુષ્ય, તું સ્વકાર્યમાં ઉદ્યમ કર્યા કર - જ્યાં સુધી કાર્ય કરવાનો તારો અધિકાર છે ત્યાં સુધી તું ઉદ્યમ કર્યા કર. કાર્યમાં સદા ઉદ્યમી બનતાં દૈવી શક્તિઓની તને સહાય મળશે તેથી તું કાર્યસિદ્ધિના વિજયની પાસે જઈશ."**

આ પ્રમાણે બુદ્ધિસાગરજી મનુષ્યને સ્વકાર્યમાં લીન થવા માટેનો ઉપદેશ વિશિષ્ટ શૈલીથી આપે છે તેથી તે પરાજયના ડરથી કાર્ય અધવચ્ચેથી પડતું ન મૂકે. તેમની બોધ આપવાની રીત ગીતામાં જે રીતે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને સંબોધીને ઉપદેશ આપે છે તેવી છે.

કોઈપણ કાર્યમાં વિઘ્નો તો આવે છે પરંતુ તેનાથી ડર્યા વિના દઢ નિશ્ચયથી આગળ વધવું જોઈએ. શ્રીમદ્ દઢ નિશ્ચયની સાથે વ્યવસ્થાબુદ્ધિ અને ચતુરાઈનો મહિમા પણ ગાય છે. આ સર્વ વસ્તુ વડે સાધારણ માનવી પણ કીર્તિના શિખરે પહોંચે છે. ચતુરાઈ અને વ્યવસ્થા બુદ્ધિ માટે તેઓ ચાણક્યનું દૃષ્ટાંત આપે છે. **ચાણક્ય**નું નામ ભારતીય ઈતિહાસમાં અજોડ અમર છે. તેણે પોતાની ચતુરાઈ અને વ્યવસ્થા બુદ્ધિથી ચંદ્રગુપ્ત પાસે મૌર્યવંશની સ્થાપના કરાવી.

શ્રીમદ્‌ને ભારતની ભૂમિ, ભારતીય સંસ્કાર અને ભારતીયો માટે ખૂબ ગૌરવ હતું. તેમનો રાષ્ટ્રપ્રેમ અને વિશ્વપ્રેમ તેમના ઉપદેશમાં સ્થળે સ્થળે ઝળકે છે. ભારત દેશની ખરી મૂડી તેમનો આધ્યાત્મિક વારસો છે. એ દર્શાવતાં આચાર્ય બુદ્ધિસાગરજી લખે છે :

**"આર્યાવર્તમાં આર્યોની ખરી મૂડી અધ્યાત્મશાસ્ત્રો છે. અન્ય દેશો આર્યાવર્તને અધ્યાત્મજ્ઞાન માટે ગુરુ માનશે. સર્વ વિશ્વના મનુષ્યોને આર્યાવર્ત ખરેખર અધ્યાત્મજ્ઞાનથી ઉપકાર કરી શકશે અને તે અધ્યાત્મજ્ઞાનના ક્ષેત્ર તરીકે પ્રસિદ્ધ રહેશે.**

**અધ્યાત્મ શાસ્ત્રો અને અધ્યાત્મજ્ઞાની સાધુઓ દ્વારા અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આર્યભૂમિમાં અસંખ્ય અનંત તીર્થંકરો થઈ ગયા છે અને અનેક અધ્યાત્મજ્ઞાની મહર્ષિઓ થયા છે તેથી અહીંની ભૂમિમાં અધ્યાત્મજ્ઞાનના ઉચ્ચ સંસ્કાર પડ્યા છે, કે મોટામાં મોટા જે જે વિદ્વાનો**

**આર્યાવર્તમાં ઊપજે છે તેઓ અધ્યાત્મજ્ઞાનના પ્રકાશના માર્ગે ગતિ કરે છે અને તેઓ અંતે નિવૃત્તિ માર્ગને ઇચ્છે છે. ચપટી ધૂળમાં જે જો કોઈપણ સાત્ત્વિક અણુઓ રહ્યા હોય છે તે અન્ય ભૂમિમાં નથી.''**

આચાર્યશ્રીની ઉપરોક્ત વાણી આજના સમયમાં સત્ય ઠરે છે. જ્યારથી મનુષ્યમાં આધ્યાત્મિક ભાવના ઓછી થવા લાગી ત્યારથી તેની નૈતિક પ્રવૃત્તિ, રાષ્ટ્રીય પ્રવૃત્તિ, સંઘરક્ષક પ્રવૃત્તિ જેવી શુભ પ્રવૃત્તિઓ નિરંતર ઘટવા લાગી. પરિણામે માનવી પહેલા જેવો મક્કમ મનોબળવાળો કે રાષ્ટ્રીય ભાવનાથી તરબોળ રહ્યો નહિ. વર્તમાન ભારતની સ્થિતિ માટે શ્રીમદ્નું કથન સાચું પડે છે. આજના રાજકારણીઓમાં પ્રવર્તી રહેલી સ્થિતિ જોતાં લાગે છે કે તેમની નૈતિકતા ઓછી થવાથી તેઓમાં સંગઠન અને રાષ્ટ્રપ્રેમનો અભાવ જોવા મળે છે. તેઓ પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહે છે તેથી રાષ્ટ્રહિતને બદલે સ્વહિતનાં કાર્યો વધુ કરે છે. તેઓ નીતિવિહીન હોવાને લીધે લાંચરુશ્વત જેવાં અયોગ્ય કાર્ય કરે છે. આમાંથી બચવા માટે મનુષ્યમાં આધ્યાત્મિક ઉચ્ચ ભાવનાવાળા દૃઢ સંસ્કારો પાડવા જોઈએ જેથી તે અશુભ પ્રવૃત્તિ ક્રોધ, માન, માયા, લોભ વગેરેથી દૂર રહી શુભ પ્રવૃત્તિ આચરે.

સજ્જનોએ જે કાર્યમાં અલ્પદોષ હોય પણ મહાલાભ એમાં સમાયેલો હોય તથા જો એ કાર્ય ભવિષ્યની પ્રજાને ધર્મલાભાર્થે હોય તો તેમણે એવાં કાર્ય કરવાં જોઈએ. આચાર્ય બુદ્ધિસાગરજી જેમાં અલ્પદોષ તથા મહાલાભ હોય એવા ઘણાં કાર્યો દૃષ્ટાંત આપીને સમજાવે છે. તેઓ **કાલિકાચાર્ય**નું ઉદાહરણ આપીને શાસનરક્ષાના કાર્યની અગત્યતા દર્શાવે છે. ઉજ્જૈનના રાજા ગર્દભીલ્લે કાલિકાચાર્યની સાધ્વી બહેન સરસ્વતીને પોતાના જનાનખાનામાં પૂરી દીધી. આથી કાલિકાચાર્યે અનાર્ય દેશમાંથી શકોને બોલાવી ગર્દભીલ્લ રાજાને પદભ્રષ્ટ કરાવ્યો. આ ધર્મપ્રવૃત્તિમાં અલ્પદોષ તથા મહાલાભ હોવા ઉપરાંત તે કાર્ય ભવિષ્યની પ્રજા માટે દૃષ્ટાંતરૂપ છે.

પૂર્વે કેટલાક સાધુઓનો ગચ્છ કોંકણ દેશની પર્વતની ગુફામાં રહ્યો હતો. આચાર્યે સર્વ સાધુની રક્ષા માટે એક સાધુને ગુફાના દ્વાર પાસે મૂક્યો. તેણે રાત્રિના સમયે પોતાના દંડ વડે સર્વના રક્ષણાર્થે ત્રણ વાઘને માર્યા તેમાં અલ્પ દોષ અને મહાલાભ સમજવો જોઈએ.

ધાર્મિક સત્પ્રવૃત્તિ કરતે સમયે નિરાશા ઉત્પન્ન થવાનાં ઘણાં કારણો પેદાં થાય છે છતાં હિંમતપૂર્વક ખંતથી સ્વપ્રવૃત્તિમાં લીન રહેવાથી જ સાધ્યની પ્રાપ્તિ થાય છે. હિંમત, ખંત અને ટેક માટે રાણાપ્રતાપનું દૃષ્ટાંત શ્રીમદે આપ્યું છે. ઉદેપુરના રાણા **પ્રતાપસિંહ**ને શત્રુ સેના પાછળ પડી હોવાથી રોજ ડુંગરે ડુંગરે રાણી તથા બાળકને સાથે રાખીને ભટકવું પડ્યું તો પણ તેણે તેની પ્રતિજ્ઞાભંગ ન કરી. અંતે તેને ભામાશા જૈનની કરોડો રૂપિયાની મદદ મળી જેથી તેણે પુનઃરાજ્ય મેળવ્યું.

પરોપકારની ભાવના વિશેના પોતાના વિચારો જણાવતાં આ ગ્રંથમાં બુદ્ધિસાગરજી નિરૂપે છે : ''જગતમાં જીવો પરસ્પર એકબીજા પર ઉપકાર કરે છે. અન્યની સહાય વિના એક ઘડી પણ

જીવી શકાય નહિ, માટે અભિમાનને તિલાંજલિ આપવી જોઈએ. આપણી પાસે જે કંઈ છે તે અન્યના ભલા માટે છે તેથી પરોપકાર દાન કે કીર્તિની અભિલાષા રાખીને કરવું નહિ.''

દુનિયામાં સર્વ જીવો એકબીજા પર ઉપકાર કરતાં હોય છે. વૃક્ષ અને નદી મનુષ્ય માટે ખૂબ ઉપકારી છે.

**परोपकाराय फलन्ति वृक्षः, परोपकाराय वहन्ति नद्यः ।**

અર્થાત્: વૃક્ષ મનુષ્ય અને પ્રાણીઓને ફળ આપીને ઉપકાર કરે છે તે જ પ્રમાણે વહેતી નદી મનુષ્ય પર અનંત ઉપકાર કરે છે.

મનુષ્યે વૃક્ષની જેમ વધારે ફળો આવે ત્યારે એટલે કે એ થોડો સંપત્તિવાન થાય તે સમયે નમ્રતાનો ગુણ ધારણ કરવો જોઈએ.

શ્રીમદ્ આ વિશ્વને એક શાળાની ઉપમા આપે છે જ્યાં નિરંતર કંઈક શીખવાનું હોય છે. તેઓ મનુષ્યને સંસારમાં બધો અનુભવ પ્રાપ્ત કરીને સર્વજ્ઞ થવાનો બોધ નીચેના શ્લોકમાં આપે છે :

**चेतनो - विश्वशालायां, स्वोन्नतेः कर्मसाधकः ।**
**गृहणात्यनुभवान् सर्वान् सद्विवेकप्रदायकान् ।।૬૭।।**

પોતાની ઉન્નતિનો ચાહક કર્મસાધક ચેતન આ સંસારમાં દરેક પ્રકારના અનુભવો ગ્રહી શકે છે. સંસારના સર્વ અનુભવો પ્રાપ્ત કર્યા વિના દુઃખથી મુક્ત થઈ શકાતું નથી. અનુભવી વ્યક્તિ જ દરેક બાબતનો સાચો નિર્ણય લઈ શકે છે. બિનઅનુભવી વ્યક્તિ દ્વારા લીધેલા નિર્ણયો અપરિપક્વ અને અધૂરા હોય છે.

**બુદ્ધિસાગરજી વિશ્વમાં દરેક પ્રકારનું શિક્ષણ લેવા માટે મનુષ્યને આહ્વાન કરતાં કહે છે : ''આ વિશ્વશાળાનો જે શિષ્ય બનતો નથી તે વિશ્વશાળાનો ગુરુ બની શકતો નથી. અતઃ એવ વિશ્વશાળામાં અનેક પ્રકારનું શિક્ષણ પ્રાપ્ત કરવા માટે અનુભવીઓને ગુરુ બનાવીને તેઓના અનુભવોને હૃદયમાં ઉતારી શિષ્ય બની પ્રગતિ કરવી જોઈએ. વિશ્વશાળામાં જરા માત્ર પ્રમાદ વડે ચૂક (ભૂલ) કરવામાં આવે છે, તો તુરત કોઈપણ દુઃખની ઠોકર વાગ્યા વિના રહેતી નથી. બાવન ઠોકર વાગે ત્યારે બાવન વીર જેટલી શક્તિઓને પ્રાપ્ત કરી શકાય છે. આ વિશ્વમાં જે શોધશો તે મળી શકશે. વિશ્વશાળાનાં ગુપ્ત જ્ઞાનનાં બારણાં ઠોકો જો કે તે વ્રજ જેવાં હશે તો પણ ધૈર્ય, ખંત, ઉત્સાહ અને બુદ્ધિથી તુરત જ ઊઘડશે.''**

ઉપરોક્ત વિધાનોમાં શ્રીમદ્ માનવીને આ સંસારમાં સર્વ બાબતોનું અનુભવ જ્ઞાન એટલે કે વ્યાવહારિક જ્ઞાન પ્રાપ્ત કરવાનો સંદેશ આપે છે. મનુષ્યે પ્રથમ દરેક પ્રકારના શિક્ષણમાં નિપુણતા પ્રાપ્ત કરવી જોઈએ પછી જ તે વિષયના નિષ્ણાત કે ગુરુ બની શકાય છે. અહીંયાં મનુષ્ય પોતાના દ્વારા થતી ભૂલોમાંથી જ બોધપાઠ લે છે તે દુઃખોનો સામનો કરીને જ ઘડાય છે. તેઓ ઉપદેશ આપે છે કે માનવીને જેમ દુઃખની ઠોકર વધુ વાગે તેમ તેનામાં વધુ હિંમત અને બળ

પ્રાપ્ત થાય છે. જ્ઞાનપ્રાપ્તિ માટે મનુષ્યે ધૈર્ય, ખંત, ઉત્સાહ અને બુદ્ધિ વડે કાર્ય કરવું જેથી વિજયની માળા આપોઆપ જ મળે. મનુષ્ય અવતાર દેવોને પણ દુર્લભ હોય છે માટે અખિલ વિશ્વમાં અનુભવીઓ પાસેથી જ્ઞાન મેળવવું, જે વ્યાવહારિક જ્ઞાન કહેવાય છે. પુસ્તકિયા જ્ઞાનથી મહાન થઈ શકાતું નથી. આત્મજ્ઞાની થવા માટે અનુભવીઓ પાસેથી સ્વોન્નતિ સાધક કર્મોનું અનુભવગમ્ય જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

શ્રીમદ્ સંસારમાં ફક્ત ગ્રહણ કરવાનો જ નહિ પરંતુ અન્યને વિવેકદૃષ્ટિથી આપવા યોગ્ય જે હોય તેનું દાન કરવા જણાવે છે. તેઓ દાન વિશેના પોતાના વિચારો દર્શાવતા લખે છે :

**"જેવું લેવું તેવું દેવું, દાનનું ફળ અનેક પ્રકારે કોઈ ને કોઈ રૂપમાં પ્રાપ્ત થાય છે. તીર્થંકર પરમાત્મા પણ દીક્ષા લેતા પહેલાં સાંવત્સરિક દાન દે છે. સાધુ પુરુષો પણ જગત પાસેથી થોડું લે છે અને બદલામાં જગતને અનંત ઉપકાર કરે છે, માટે સંતોને કલ્પવૃક્ષની ઉપમા આપવામાં આવે છે."**

આ પ્રમાણે મનુષ્યે ફક્ત દુનિયામાંથી ગ્રહણ કરવાનું જ નથી પરંતુ પોતાની પાસે જે કંઈ ધન, શિક્ષણ વગેરે હોય એમાંથી યથશક્તિ જરૂરિયાતમંદને વિનયપૂર્વક અર્પણ કરવું જોઈએ. તીર્થંકર પરમાત્મા અને સાધુસંતો આ જગત પર ઉપદેશ દ્વારા અનંત ઉપકાર કરે છે. શ્રી પાર્શ્વપ્રભુએ કર્મઠયોગી તપ કરતો હતો ત્યારે એના યજ્ઞના કાષ્ઠમાંથી બળતા નાગને પરોપકાર વડે બચાવ્યો. તેમણે અનેક વર્ષો પર્યંત વિશ્વજનને અહિંસા અને પ્રેમનો ઉપદેશ આપ્યો. વિશ્વમાં સંત, સાધુ, ગુરુ માતા-પિતા આપણા પર અનેક ઉપકાર કરે છે માટે હંમેશાં તેમની સેવા તથા રક્ષા કરવા તત્પર રહેવું. પરોપકાર અને સેવાના કાર્ય કરવા પાણીની પરબ, દવાખાના, ગુરુકુળ, પાંજરાપોળ, ઉપાશ્રય વગેરેમાં લક્ષ્મીનો વ્યય કરવો. લક્ષ્મી જો તિજોરીમાં બંધ રહે તો આપણે ફક્ત તેના રખેવાળ કહેવાઈએ, એવી લક્ષ્મીથી કોઈને લાભ થતો નથી.

પરોપકાર અને સેવાના કાર્ય કરતી વખતે એનાથી થતા લાભનો કદી વિચાર પણ ન કરવો. પરોપકાર હંમેશાં નિષ્કામવૃત્તિથી જ કરવો તો જ એનું ફળ મળે છે. બુદ્ધિસાગરજી નિષ્કામવૃત્તિથી થતાં કાર્ય માટે એક પ્રસંગ આ ગ્રંથમાં આલેખ્યો છે જે નીચે મુજબ છે :

વિજાપુર ગામમાં સંવત ૧૯૪૭માં એક મનુષ્યને સર્પ કરડ્યો ને તેનું ઝેર તેના શરીરમાં પ્રસરી ગયું. તેવામાં દૈવ યોગે એક ફકીર ત્યાં આવ્યો. તેણે મંત્રબળે સર્પનું વિષ ઉતાર્યું અને તરત ત્યાંથી નીકળી ગયો. જેને સર્પ કરડ્યો હતો તેના કુટુંબીજનો તેની પાસે જઈને જે માંગે તે આપવા ઘણી આજીજી કરી પણ તેણે કંઈ જ સ્વીકાર્યું નહિ. તેણે કહ્યું કે તેની નિષ્કામવૃત્તિના બળે જ સર્પનું વિષ મંત્રબળે ઊતર્યું છે.

આ પ્રમાણે નિષ્કામ સેવાથી જ મંત્રસિદ્ધિ અને પ્રભુકૃપા પ્રાપ્ત થાય છે. શ્રીમદ્‌ના મતાનુસાર જે વ્યક્તિ પરોપકારમાં ધર્મ ન માનતો હોય તે રાક્ષસ સમાન છે. સંવત્ ૧૯૫૬માં મોટો દુકાળ

પડ્યો જે 'છપ્પનિયા દુકાળ' નામે પ્રસિદ્ધ છે, તેની વિગત અને તે સમયે થયેલાં પરોપકારનાં કાર્યો દર્શાવતાં શ્રી બુદ્ધિસાગરજી આ ગ્રંથમાં લખે છે :

"આવા કપરા સમયમાં અમદાવાદ, સુરત, પાટણ વગેરે સ્થળોએ જૈન શ્રેષ્ઠીઓએ પોતાની પાસેની અઢળક લક્ષ્મીનો ઉપયોગ ગરીબ જનતા માટે કર્યો. અમદાવાદના નગરશેઠ **મણિભાઈ પ્રેમાભાઈ** દુકાળ વખતે ગરીબો તથા પશુઓને જાતે તપાસી મદદ કરતાં તેઓ બીમાર થયા અને મૃત્ય પામ્યા. પરોપકારના કાર્ય કરવામાં **સુરતના હીરાચંદ મોતીચંદ, નગીનદાસ કપૂરચંદ અને નગીનદાસ ઝવેરચંદ** પ્રસિદ્ધ થયા.

પરોપકાર અને સેવાના કાર્યમાં અંગ્રેજો પણ પાછળ ન રહ્યા. **નામદાર સર જ્યોર્જ, રાણી મેરી તથા વાઈસરૉય લોર્ડ હાર્ડિજે** સારી રીતે આત્મભોગ આપી આખા ભારતની સેવા કરી."

આ પ્રમાણે જૈન શ્રેષ્ઠીઓએ દુકાળના સમયમાં પરોપકારાર્થે પોતાની લક્ષ્મીનો સદ્‌વ્યય કર્યો. તે જ પ્રમાણે બ્રિટિશરો પણ સેવાના કાર્યમાં પાછળ ના રહ્યા.

આચાર્ય બુદ્ધિસાગરજી પ્રસ્તુત 'કર્મયોગ' ગ્રંથમાં કોઈપણ કાર્ય પ્રારંભ કરતાં પહેલાં મન, વચન અને કાયાથી સ્થિર મને એ કાર્ય વ્યવસ્થાપૂર્વક સ્વચ્છતાથી થશે કે નહિ તેની વિચારણા કરવાનો ઉપદેશ આપે છે. આચાર્યશ્રી સ્વચ્છતા અને વ્યવસ્થાશક્તિ માટે અંગ્રેજોની પ્રશંસા કરે છે. તેઓ લખે છે :

"ઇજિપ્તના પિરામિડો જોવાથી પ્રાચીનકાળમાં મનુષ્ય વ્યવસ્થિત બુદ્ધિથી કેવી રીતે અદ્‌ભુત કાર્ય કરી શકતા તેનો ખ્યાલ આવે છે. આપણા જૂના ગ્રંથો તથા તાડપત્રીય ચિત્રકલા પણ સ્વચ્છતાના અને વ્યવસ્થિત બુદ્ધિના ઉદાહરણ છે. આબુજીનાં દેરાસરોની કોતરણી પણ વ્યવસ્થા અને સ્વચ્છતાના ઉત્તમ નમૂના છે."

ઉત્તમ વ્યવસ્થિત રીતે સર્જાયેલી ઇમારતો સદીઓ સુધી સલામત રહે છે એમ દૃષ્ટાંત દ્વારા શ્રીમદ્‌ ઉપરોક્ત વાકયોમાં દર્શાવે છે.

ધીર, વીર, શૂરવીર, સેવાભાવી, પરોપકારી અને પ્રમાણિક વ્યક્તિ જે બોલે તે અમલમાં મુકતો હોય, તેના દ્વારા જે ઉપદેશ અપાય તે લોકો સંપૂર્ણ શ્રદ્ધાથી ગ્રહણ કરે છે. અન્ય વ્યક્તિનો ઉપદેશ ગ્રહણ કરતાં નથી. ચાલાક માણસોની ચાલાકી વધુ સમય ટકી શકતી નથી. સુંદર ભાષા અને દેખાવથી મનુષ્યનો આત્મા કેળવતો નથી. આચાર્યશ્રી વાણી અને વર્તન માટે હીરવિજયજીનું દૃષ્ટાંત આપતાં લખે છે :

**"અનેક પ્રકારની ભાષા બોલતાં અને લખતાં આવડી જાય એટલે મનુષ્યનો આત્મા કેળવાઈ ગયો એમ કદાપિ ભૂલ ન કરવી. કહેણી પ્રમાણે કરણી રાખવાથી વિશ્વના લોકોને એક ઈશારામાત્રથી શુભ માર્ગે દોરી શકાય. મોગલ સમ્રાટ અકબરને પ્રતિબોધ કરનાર શ્રી હીરવિજયસૂરિ પોતાના વચન પ્રમાણે વર્તન કરતા હતા તેથી તેઓ અકબર રાજાના પ્રિય ગુરુ બન્યા."**

હીરવિજયજીસૂરિનો ઉપદેશ સાંભળીને અકબર રાજાએ જીવહિંસાનો ત્યાગ કર્યો. જે ઉપદેશ શુદ્ધ આચરણધારી શુદ્ધ આત્મામાંથી પ્રગટે છે એને દુનિયાના લોકો ગ્રહણ કરે છે.

શુદ્ધ આચરણધારી વ્યક્તિ જો મૌન રહીને પણ કંઈ કાર્ય કરે તો એ કાર્યની અસર જગત માટે સંદેશ બની જાય છે, એવું કાર્ય કરનારને આખું વિશ્વ આદર્શ પુરુષ માને છે. **મોતીશાહ શેઠ** એનું જ્વલંત ઉદાહરણ છે. તેમણે મુંબઈમાં અને પાલિતાણામાં અઢળક દ્રવ્ય ખર્ચીને કેટલાંયે મંદિરો બનાવ્યાં. તેમની સભામાં અન્ય ધર્મીઓ પણ લાખો રૂપિયાના દાન આપતા હતા. તેમણે કરેલી શાસનસેવા અનોખી હતી.

દેશભક્તિ, સ્વામીભક્તિ અને કર્તવ્યપાલનનું પ્રખર દૃષ્ટાંત **ઝાલા રાણા**નું છે. ઝાલા રાણાએ મોગલ સમ્રાટ સાથેની રાણા પ્રતાપની લડાઈમાં રાણા પ્રતાપનું શિરછત્ર પોતાના શિરે લઈને આત્મભોગ આપ્યો.

આ ગ્રંથમાં ગુરુદેવ બુદ્ધિસાગરજીએ સાચા કર્મયોગીનાં લક્ષણો દર્શાવ્યાં છે. કર્મયોગી થવા માટે આળસ-પ્રમાદનો ત્યાગ કરીને કાર્યમાં પ્રવૃત્ત થવાનો સંદેશ તેમણે આપ્યો છે. મનુષ્યે શુભ-અશુભ પરિણામોનો ત્યાગ કરીને આત્મધર્મમાં તન્મય થઈને બાહ્ય આવશ્યક પ્રવૃત્તિઓ કરવી જોઈએ. આત્મામાં સમભાવ કેળવવા માટે ધર્મધ્યાન અને શુકલધ્યાનથી રાગદ્વેષનો ક્ષય કરવો જોઈએ. સમતાધારી આત્મા અનંત શક્તિઓ પ્રગટાવી શકે છે.

'કર્મયોગ' ગ્રંથમાં ગુરુદેવે વિશ્વના મહાન ચિંતકો અને વીર પુરુષોનાં દૃષ્ટાંતો દ્વારા મનુષ્ય પોતાની જિંદગીમાં શી રીતે આગળ વધી શકે તે દર્શાવ્યું છે. આ ગ્રંથમાં તેમણે કાર્ય કરવાની પ્રણાલી દર્શાવી છે. કાર્ય પૂર્ણ કરવામાં પડતી મુશ્કેલીઓનો ચિતાર આપીને માનવી તેનો હિંમત, ધૈર્ય અને ખંતથી સામનો કરીને કાર્ય પૂરું કરે એમ અનેક ઉદાહરણો આપીને સમજાવ્યું છે. આ ગ્રંથમાં તેમના સ્ત્રીઓની પ્રગતિ વિશેના ઉમદા વિચારોનો પડઘો પડે છે.

શ્રીમદ્‌ના અનુસાર સમાજ અને દેશવાસીઓએ સાચા કર્મયોગીઓનો સન્માન-સત્કાર કરવો જોઈએ જેથી તેમનામાં ભગીરથ કાર્ય કરવાનું નવું બળ પ્રાપ્ત થાય.

તીર્થંકર પ્રભુ, સાધુ કાલકાચાર્ય, વીર રાજા વિક્રમ, પ્રભુ, ઈશુ, શિવાજી, રાણા પ્રતાપ, ઝાલા રાણા વગેરે વીર, પ્રતિભાશાળી મહાન પુરુષોના ગુણો દર્શાવીને તેઓ કેટલા પરિશ્રમથી પોતાનું લક્ષબિંદુ પ્રાપ્ત કરી શક્યા તે દર્શાવીને મનુષ્યને તેમના જેવા પ્રયત્ન કરવાનો ઉપદેશ તેમણે આપ્યો છે.

મહેનત, લગન, ખંત અને ઉત્સાહથી વિશ્વની સર્વ સિદ્ધિઓ મનુષ્ય પામી શકે છે એવો કર્તવ્યપાલનનો ઉપદેશ તેમણે આ વિરલ ગ્રંથમાં આપ્યો છે.

# (૧૦) આત્મતત્ત્વ દર્શન

આ ગ્રંથમાં શ્રી બુદ્ધિસાગરજીએ આત્મતત્ત્વની માન્યતાઓ સિદ્ધ કરવામાં જૈન અને જૈનેતર દર્શનોના વિચારોની સમાલોચના કરી છે. જો દરેક ધર્મનાં તત્ત્વોને પક્ષપાત વગર શુદ્ધ બુદ્ધિથી તપાસીને એમાંથી સત્ય તત્ત્વ તારવવામાં આવે તો એના વડે મનુષ્યને લાભ થાય છે.

ગુરુ બુદ્ધિસાગરજી મનુષ્યની ધર્મભાવના અને માન્યતા અંગે પોતાના વિચારો દર્શાવતાં આલેખે છે :

"દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોમાં સર્વ ધર્મની માન્યતાઓનો સમાવેશ થાય છે... મનુષ્યો પોતે જે ધર્મ અંગીકાર કરે છે તેને સત્ય માને છે. અને અન્યને અસત્ય કે અર્ધસત્ય તરીકે માને છે. મનુષ્યનો સ્વભાવ એવો છે કે તે ધર્મ માન્યા વિના રહી શકતો નથી. જે જે ધર્મના સ્થાપકો થયા તેઓની ભાવના ઈચ્છા એવી હતી કે અમારો ધર્મ, આખી દુનિયાના મનુષ્યો માને પરંતુ ભિન્ન પ્રકૃતિવાળા મનુષ્યોની આગળ તેઓની ભાવના નકામી થઈ જાય છે અને જશે."

ધર્મ એ માન્યતા છે. વિશ્વમાં આજ સુધી ઘણા ધર્મનો ઉદય થયો પરંતુ સર્વ ધર્મ ટકી શકતા નથી. ઘણા ધર્મ તેના સ્થાપકોના સ્વર્ગવાસ પછી ૧૦૦ વર્ષના ગાળા દરમ્યાન જ લુપ્ત થઈ જાય છે. જે તત્ત્વો અનાદિ કાળથી અસ્તિત્વ ધરાવે છે તે અનંત કાળ પર્યંત રહેશે. બાકીના ધીરે ધીરે નષ્ટ થાય છે. વિશ્વમાં દરેક ધર્મનાં તત્ત્વોમાં મતભેદ હોવાને લીધે મનુષ્ય એકબીજાનાં શત્રુ થઈને ધર્મયુદ્ધ કરે છે.

મનુષ્ય પોતાની પ્રકૃતિને અનુકૂળ ધર્મ પસંદ કરે છે જેમ કે વેદાંત ધર્મમાં ઘણા મનુષ્યો સાકાર ઈશ્વરને માને છે જ્યારે કેટલાક મનુષ્યો નિરાકાર ઈશ્વરને માને છે. દરેક પોતાની રુચિ અનુસાર ધર્મનાં તત્ત્વોને માને છે. દરેક ધર્મના સ્થાપકો અલગ અલગ નામ-ઉપનામ વડે ઓળખાય છે. જેમ કે પયગંબર, અવતાર, તીર્થંકર વગેરે.

દરેક ધર્મના અનુયાયીઓ પોતાના ધર્મને પ્રાચીન માને છે. મોટા ભાગના ધર્મો એશિયા ખંડમાં ઉદયમાં આવ્યા. ભારતમાં વિશ્વના ત્રણ ધર્મોનો ઉદય થયો. ગુરુદેવ ધર્મની પ્રાચીનતાને લીધે તેમાં વિશેષ લાભ હોય એવી માન્યતાનું ખંડન કરે છે. જે ધર્મના આચાર-વિચારથી મનુષ્ય સ્વકલ્યાણ કરી શકે તે જ સત્ય ધર્મ કહેવાય છે. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી પરમાત્મપદની પ્રાપ્તિ માટેના પોતાના વિચારો દર્શાવતાં નોંધે છે :

"જૈન ધર્મનાં શાસ્ત્રો જણાવે છે કે જૈન ધર્મમાંથી વેદી વેદાંત ધર્મ પ્રગટ્યો છે, પ્રાચીન ધર્મ હોય યા અર્વાચીન ધર્મ હોય પરંતુ તેથી કંઈ રાજી થવાનું નથી. જે ધર્મમાં સત્ય આચારો-વિચારો હોય અને જેથી સમાજનું કલ્યાણ થતું હોય અને પરમાત્મપદની પ્રાપ્તિ થતી હોય તો પછી

પ્રાચીન-અર્વાચીન વાદમાં ઊતરવાથી કંઈ લાભ નથી. જૈન શાસ્ત્રો અને હિન્દુ શાસ્ત્રોનું બારીકીથી મધ્યસ્થ ભાવે અવલોકન કરવાથી ભવ્યાત્માને તેનો વિશેષ ખ્યાલ આવી શકે.''

ગુરુદેવ આ ગ્રંથમા વાચકને દરેક ધર્મસ્થાપકના જીવનનો અભ્યાસ કરીને તેનું ચારિત્ર નીરખવાનું જણાવે છે. ધર્મસ્થાપકના ચારિત્રના અભ્યાસથી તેમનામાં વ્યાપ્ત રાગદ્વેષ, અહંકાર, અજ્ઞાન વગેરે દુર્ગુણો કેટલા પ્રમાણમાં હતા અને એમનો આત્મા કેટલો ઉચ્ચ કોટિનો હતો એ લક્ષમાં આવે છે. ક્યારેક ધર્મપ્રવર્તકો ધર્મસ્થાપના અને ધર્મપ્રચાર માટે રાજામહારાજાની જેમ યુક્તિ-પ્રયુક્તિનો આશરો લઈને ધર્મયુદ્ધો પણ કરતા હોય છે. આ સર્વ હકીકતો તે સમયનો ઈતિહાસ જાણવાથી પ્રાપ્ત થાય છે.

શ્રી મહાવીર પ્રભુએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને સર્વ ધર્મોમાં રહેલાં સત્યને અપેક્ષાએ સમજાવ્યાં છે. જેથી આગમશાસ્ત્રોનું વાંચન કરનાર ભવ્યાત્મા રાગદ્વેષથી પર સમભાવ દૃષ્ટિ ધારણ કરીને પરમાત્મપદની પ્રાપ્તિ કરે છે.

આચાર્ય બુદ્ધિસાગરજી શ્રી મહાવીર પ્રભુએ નિરૂપેલા ઉપદેશ વિશે દર્શાવે છે :

"શ્રી મહાવીર પ્રભુએ અસંખ્ય યોગોની આરાધના વડે મુક્ત થવાનું દર્શાવ્યું છે. તેમાં જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણ યોગ મુખ્ય છે. એ ત્રણનો પણ જ્ઞાનયોગમાં અને કર્મયોગમાં (ક્રિયાયોગ પ્રવૃત્તિયોગ) સમાવેશ થાય છે. શ્રી મહાવીર પ્રભુનાં ઉપદેશ રહસ્યો છે તે આગમોમાં અને નિગમોમાં જળવાઈ રહ્યાં છે. અધ્યાત્મજ્ઞાનીઓ ધર્મશાસ્ત્રોનો અનુભવ કરીને તેમાંથી સત્યની ખૂબીઓ બહાર પાડે છે, વેદાદિ સર્વ ધર્મશાસ્ત્રોના શ્રી મહાવીર પ્રભુ સર્વજ્ઞાતા હતા તેથી તેમાં વેદાદિ ધર્મશાસ્ત્રોની સત્યતા આવી જાય છે... સર્વ ધર્મશાસ્ત્રોમાં આત્મા, પરમાત્મા, કર્મ વગેરે તત્ત્વોનું થોડાઘણા અંશે પ્રતિપાદન કરવામાં આવ્યું છે.''

જૈન આગમશાસ્ત્રોમાં આત્મા, પરમાત્મા, મોક્ષ, કર્મ વગેરેનું વિગતવાર સદૃષ્ટાંત આલેખન છે. જ્ઞાનીઓએ સાત્ત્વિક બુદ્ધિથી મધ્યસ્થભાવે સત્યને ગ્રહણ કરવું જોઈએ. પ્રભુ મહાવીરના સિદ્ધાંતોનું શ્રવણ-મનન કરીને આત્માદિ તત્ત્વોનો અનુભવ મેળવવો જોઈએ.

આ ગ્રંથમાં ગુરુદેવ જૈન ધર્મની મહત્તા અન્ય શાસ્ત્રોની મદદથી સિદ્ધ કરી બતાવી છે. જગતમાં ઘણા ધર્મો ઉદય થયા અને અસ્ત પામ્યા. દરેક ધર્મમાં દેવ, ગુરુ અને ધર્મની માન્યતાનો સ્વીકાર છે, પરંતુ સમયની સાથે તેમાં થોડાં અસત્ય તત્ત્વો પણ દાખલ થઈ જાય છે જેથી તેના અનુયાયીઓની માન્યતા પણ ભિન્ન થતાં અલગ સંપ્રદાયો અસ્તિત્વમાં આવે છે. ગુરુદેવે આ ગ્રંથમાં જૈન ધર્મના સિદ્ધાંતોને અન્ય દર્શન કરતાં ચઢિયાતા પ્રતિપાદન કર્યા છે.

## (૧૧) આગમ સાર

આ ગ્રંથની મૂળ રચના પંડિત દેવચંદ્રજી મહારાજની છે. એના પર સવિસ્તર વિવેચન ગુરુદેવ સંવત ૧૯૭૮ માં કર્યું. મૂળ ગ્રંથ અને વિવેચન ગુજરાતી ભાષામાં છે.

ચૈતન્યવાદ અને સજીવસૃષ્ટિનું વિજ્ઞાન દર્શાવતો દ્રવ્યાનુયોગનો આ ગ્રંથ આગમનો સાર ગણાય છે. આ ગ્રંથની મૂળ ૪૯ ગાથાઓ શ્રીમદ્ દેવચંદ્રજીએ ગુજરાતી ભાષામાં રચેલી છે. તેઓ ઘણા વિદ્વાન અને અધ્યાત્મ જ્ઞાની મહાપુરુષ હતા.

આ ગ્રંથમાં જૈન ધર્મોના સિદ્ધાંતો અને તત્ત્વોની છણાવટ છે.

પ્રસ્તુત ગ્રંથ આગમ સારનો સમાવેશ 'શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ - ૧'માં કરવામાં આવ્યો છે. તે ઉપરાંત તેમાં 'કર્મ-પ્રકૃતિ ટીકા' વગેરે ગ્રંથો ગ્રંથભંડારમાંથી શોધાવીને વ્યવસ્થિત કરીને બે ભાગમાં પ્રકાશિત કરવામાં આવ્યા જેથી બહુમૂલ્ય કૃતિઓ કાળના પ્રવાહમાં લુપ્ત થઈ ન શકે.

## (૧૨) સત્ય સ્વરૂપ

'સત્ય સ્વરૂપ' ગ્રંથ આચાર્ય મહારાજ બુદ્ધિસાગરજીએ વિક્રમ સંવત ૧૯૬૨માં કેસરિયાજીના સંઘ સાથે વિહાર કરતાં નવરાશના સમયે લખ્યો હતો. આ ગ્રંથ સર્વ કોમને ઉપયોગી છે. કારણ કે આમાં સામાન્ય મનુષ્ય માટે સત્યનું સ્વરૂપ સમજાવ્યું છે. યાત્રામાં ઘણો સમય મળવાથી તેઓ પ્રાણાયામ અને ધ્યાનની સાથે સાથે થોડો સમય લખાણ માટે ફાળવીને આ અમૂલ્ય ગ્રંથ લખ્યો છે.

તેઓ 'સત્ય સ્વરૂપ' ગ્રંથની પ્રસ્તાવનામાં તેઓ જણાવે છે કે રસ્તામાં આવતાં ગામોમાં જિન પ્રતિમાનાં દર્શન કરતાં તેઓ દરરોજ બે-ત્રણ કલાક ચાલીને વિહાર કરતા. જ્યાં જરૂર પડે ત્યાં રાજા-પ્રજાને ઉપદેશ આપીને તેમણે કેટલાક નગરમાં જાત્રાળુ પાસેથી લેવાતો કર માફ પણ કરાવ્યો હતો. આમ તેઓ લોકકલ્યાણનાં કાર્યો પણ કરતા હતા.

તેમણે ટિંટોઈમાં મુહરી પાર્શ્વનાથની અલૌકિક પ્રાચીન પ્રતિમાનાં દર્શન કર્યાં. ત્યાંના ઠાકોર દીપસિંહજીને અહિંસાનો ઉપદેશ આપ્યો. મુહરી ગામ જે શામળાજીની પાસે દક્ષિણ દિશામાં મોરી નામનું નગર છે ત્યાં આવેલું હતું. ત્યાં આજે ફક્ત ખંડેરો છે. તે તેઓએ જોયું. આજુબાજુ વેરણછેરણ થયેલાં મંદિરોના અવશેષો પણ જોયા. મુસલમાનોની સવારીમાં મંદિર નષ્ટ થયાં અને પ્રતિમા ગુપ્ત સ્થળમાં રાખી હતી. પછીથી ટિંટોઈમાં સ્થાપના કરી. ત્યાંથી નાગફણા (નાગફણી) પાર્શ્વનાથની યાત્રા કરી, ત્યાંથી વીંછીવાડા, ડુંગરપુરથી કેસરિયાજી ગયા.

તેમના આ ગ્રંથની શરૂઆત તેઓ શંખેશ્વર પાર્શ્વનાથની સ્તુતિથી કરી છે :

**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શાંતિ તુષ્ટિ કરનાર,**
**નમન કરી ધ્યાયી હૃદિ, ગ્રંથ કરું સુખકાર,**
**ધરણેન્દ્ર પદ્માવતી, પાર્શ્વયક્ષ સુખદાય**
**ગ્રંથ રચનામાં પ્રેમથી, કરજો બુદ્ધિ સહાય્ય.**

પ્રથમ ગ્રંથારંભે તેઓ સરસ્વતી દેવીનું પણ સ્મરણ કરે છે. તે પછી તેઓ, સદ્‌ગુરુને સ્મરે છે. તેઓ ગુરુને પાર્શ્વમણિથી પણ અધિક કહીને વર્ણવે છે, જે અજ્ઞાની શિષ્યને જ્ઞાની બનાવે છે.

તેઓ તેમના આ ગ્રંથમાં સતપુરુષનાં લક્ષણ, મૂર્ખ માણસના લક્ષણ, લોભી પુરુષ, દાની પુરુષ, દાનના પ્રકાર, કર્મ તથા કર્મના પ્રકારો વર્ણવીને જીવન સન્માર્ગે વાળવા માટે તથા જગતના ઉદ્ધાર માટે નીતિવિષયક એકસો ને નવ ઉપદેશાત્મક સાદાં વાક્યોમાં બોધ આપે છે, જે જીવન અમૃતતુલ્ય છે.

તેઓ બે પ્રકારનાં મૂર્ખ માણસો હોય છે તેમ જણાવે છે : એક અભણ મૂર્ખ અને બીજો ભણેલો મૂર્ખ. જેઓ પ્રપંચી હોય સ્ત્રીને વશ થઈ જઈ પોતાના અંતરની વાત તેને કહે અને સગાંવહાલાંથી દૂર રહે તે મોટા મૂર્ખ કહેવાય. જે સસરાના ઘરમાં રહે, અકુલીન કન્યા સાથે લગ્ન કરે, આત્મશ્લાઘા કરે, અવિવેકી, અભિમાની પોતે જ પોતાના પગ પર કુહાડો મારે તે સર્વે મૂર્ખ માણસનાં લક્ષણ છે. જ્યાં માન ન હોય ત્યાં વારંવાર જવું એ મૂર્ખ માણસનું લક્ષણ છે. જે સાંભળે નહિ તેને શીખવવું, દેવ, પિતાને માને નહિ, બીજાના ઉપકારને અવગુણ ગણે, હંમેશાં પોતાનો જ ક્કકો ખરો કરવા જાય, પુત્રને મુખ્ય માની દેવ-ગુરુને, ધર્મને વીસરી જાય, પારકાને દુઃખી જોઈ સુખ માને તથા પારકાને સુખી જોઈ દુઃખ માને તે મોટા મૂર્ખ છે.

જ્યારે જે પઢત મૂર્ખ માણસ મોટા મોટા ગ્રંથો વાંચે પણ ખોટું અભિમાન ત્યજે નહિ, ભગવાનના નહિ પણ માણસોના ગુણગાન ગાય તથા મોં પર એક વાત અને પીઠ પાછળ બીજી વાત એવા ભણેલા-ગણેલા મૂર્ખ માણસો હોય છે.

તેઓ ઉત્તમ પુરુષના કાર્ય સમજાવતાં વર્ણવે છે કે ઉત્તમ પુરુષોએ બહુ વાદવિવાદમાં પડવું નહિ કુળહીન કન્યા પરણવી નહિ. પાપીનું દ્રવ્ય લેવું નહિ. વિદ્યાભ્યાસ છોડવો નહિ. સત્‌સંગે ચાલનારનું અપમાન કરવું નહિ. આળસમાં સુખ માનવું નહિ. અતિ કૃપણ થવું નહિ. કોઈની ચાડી-ચૂગલી કરવી નહિ, ધન, અન્ન શાશ્વત છે એમ માનવું નહિ.

ગુરુ શિષ્ય કેવા હોવા જોઈએ એ માટે તેઓ કહે છે કે સદ્‌ગુરુની કૃપા વગર જો કોઈ સત્‌કર્મ કરે તે અંધ મનુષ્યની જેમ ઠોકર ખાઈને ખાડામાં પડે. મોક્ષની ઇચ્છા રાખનારે સદ્‌ગુરુનું શરણ લેવું. સંસારમાં માતા-પિતા, ગુરુ, રાજગુરુ વગેરે હોય છે. પણ મોક્ષ આપનાર સદ્‌ગુરુ તે જ ધર્મગુરુ જાણવા.

શિષ્ય દિલથી સાફ વૈરાગ્યશીલ, સંસારનાં બંધનમાંથી છૂટવાની ઇચ્છા પામેલ હોવો જોઈએ, સત્ય સ્વરૂપ પુસ્તકમાં બુદ્ધિસાગરજીએ દરેક વિષયવસ્તુને આવરી લીધી છે. આમાં દરેક વિષય પર થોડી થોડી પણ સંપૂર્ણ છણાવટ કરી છે. સત પુરુષનાં લક્ષણ સાથે મૂર્ખ માણસનાં લક્ષણ પણ તેઓએ બતાવ્યાં છે. ગુરુની સાથે શિષ્ય કેવો હોવો જોઈએ તે પણ સમજાવ્યું. આત્મજ્ઞાન, કર્મના પ્રકાર વગેરે દરેક વિષય પર તેમણે ચર્ચા કરીને તેનાં લક્ષણ બતાવીને મનુષ્યને સન્માર્ગે વાળવા પ્રયત્ન કર્યો છે.

તેઓ કહે છે, "જ્ઞાન જેવું પવિત્ર તથા ઉત્તમ બીજું કાંઈ નથી. સર્વ ઉપદેશમાં આત્મજ્ઞાનનો ઉપદેશ અતિ શ્રેષ્ઠ છે. જ્યાં સુધી આત્મજ્ઞાન થયું નથી ત્યાં સુધી સર્વ કર્મ નિષ્ફળ છે... આત્મજ્ઞાનથી જન્મમરણના ફેરા ટળે છે. આધિવ્યાધિ ઉપાધિનાં દુઃખો નાશ પામે છે. અને ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષનો નાશ થાય છે. હું કોણ છું, ક્યાંથી આવ્યો અને ક્યાં જઈશ, મરણ શાથી થાય છે અને જન્મ-મરણ શાથી ટળે છે તેનું જ્ઞાન કરવું, પંચદેહથી આત્માને જુદો જાણવો. અજ્ઞાની જીવ સંસારમાં ફસાય છે અને ચોર્યાસી લાખ જીવયોનિમાં ભટકે છે. જ્ઞાનીને આ સંસાર બળતાં અગ્નિ સમાન ભાસે છે. જ્ઞાની પુરુષ પોતાના અંતરમાં સર્વ ઋદ્ધિ દેખે છે. ગુફામાં રહેલું અંધારું લાકડીઓના મારથી નાશ પામતું નથી અથવા ગુસ્સો કરવાથી નાશ પામતું નથી પણ દીવા વડે તુરંત જ નાશ પામે છે. અને તે ક્યાં ગયું તેની પણ સમજણ પડતી નથી. તેવી જ રીતે જ્ઞાનરૂપી દીવા વડે મનનું અંધારું નાશ પામે છે."

આચાર્ય શ્રી બુદ્ધિસાગર મહારાજ સાહેબે તેમના આ 'સત્ય સ્વરૂપ' ગ્રંથોમાં કર્મના આઠ પ્રકારો વર્ણવ્યા છે :

(૧) જ્ઞાનવરણી કર્મ
(૨) દર્શના વરણીય કર્મ
(૩) વેદનીય કર્મ
(૪) મોહનીય કર્મ
(૫) આયુષ્ય કર્મ
(૬) નામ કર્મ
(૭) ગોત્ર કર્મ
(૮) અંતરાય કર્મ

આ આઠ કર્મોનો ક્ષય થવાથી આત્માના આઠ ગુણોનો પ્રાદુર્ભાવ થાય છે. તેમણે મનુષ્યને ગ્રહણ કરવા યોગ્ય અમૃતતુલ્ય વચનોનો સમાવેશ પણ આ ગ્રંથમાં કર્યો છે, જે નીચે મુજબ છે :-

તમારા આત્માના કર્તવ્યની ફરજ ન ચૂકવવા તેઓ વિનંતી કરે છે.

- આત્મા છે, કર્મ છે, પરમેશ્વર છે, મુક્તિ છે, પુણ્ય છે, પાપ છે, પુનઃજન્મ છે. એ બધી વાત અનુભવથી સત્ય કહું છું.
- સત્ય શોધવું દુર્લભ છે. અસત્ય તો ડગલે ને પગલે છે. પથરા તો પગલે પગલે હોય છે. કિંતુ રત્ન તો કોઈક જ ઠેકાણે હોય છે.
- જે કાર્યમાં તારી મતિ પહોંચે નહીં તેમાં ઉત્તમ પુરુષની સલાહ લેજે, જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી.
- કોઈની આજીવિકા પર તરાપ મારવી નહીં, કોઈની આંતરડી કકળાવીશ નહિ.
- વ્યસનથી મુક્ત થવા માટે તેઓ હિંદવાસીઓને બોધ આપે છે. દારૂ, વ્યભિચાર, બાળલગ્ન, વૃદ્ધલગ્ન વગેરેથી દૂર રહેવા લોકોને ઉપદેશ આપે છે.

"દારૂથી હિન્દ ઘણું પાયમાલ થયું છે. પરદેશી વસ્તુઓના મોહથી મોજશોખમાં હિન્દવાદીઓ પાયમાલ થાય છે. ધાર્મિક જ્ઞાનની કેળવણી વિના હિન્દ પોતાનું સ્વરૂપ વિકૃત કરી દેશે અને આર્યપણું ખોઈ બેસશે. **હિન્દુસ્થાનમાં જંગલ અને વૃક્ષોનો ઘણો નાશ થાય છે અને તે પ્રમાણમાં નવાં વૃક્ષો ઊગતાં નથી તેથી હિન્દુસ્થાનમાં વૃક્ષોના અભાવે સૃષ્ટિની કમી થાય છે.** જુગાર સટ્ટાના વ્યાપારથી દૂર રહો...હિન્દવાસીઓ જાગો, પાપકર્મથી દૂર થાઓ, અનાથ ગરીબ લોકોને સહાય કરો, પૂર્વના આર્યોના ગુણોને પ્રાપ્ત કરો. સત્યના માર્ગે ચાલો, દુર્ગુણ વ્યસનોથી મુક્ત રહો અને સર્વે લોકોના કલ્યાણમાં પરસ્પર હાથ મેળવી એકાત્મા બની પુણ્ય કાર્યો કરો અને દુઃખના માર્ગથી દૂર કરો."

**ઉપરોક્ત વાક્યોમાં બુદ્ધિસાગરજી સમાજ-સુધારક તરીકે ઝળકે છે. તેમણે આજથી એંશી વર્ષ પહેલાં ભારતની પરતંત્ર જનતાને પર્યાવરણ જાળવવાનો જે સંદેશ આપ્યો હતો તે આજના સ્વતંત્ર ભારતની પ્રજાને તેટલો જ ઉપયોગી છે. એમના ઉપદેશમાં લોકકલ્યાણની પ્રખર ભાવના અને ઉત્કટ રાષ્ટ્રપ્રેમ છલોછલ ભરેલો દેખાય છે.**

●●●

## (૧૩) આત્મશક્તિ પ્રકાશ

ગુરુદેવ આચાર્ય બુદ્ધિસાગરજીએ વિ.સં. ૧૯૬૧માં પેથાપુરમાં આ ગ્રંથની રચના કરી હતી. ત્યાં વહેતી સાબરમતીનાં રમ્ય કોતરોમાં તેઓ અષ્ટાંગ યોગની સાધના કરતા હતા. યોગસાધનાથી આત્મસાધના કેવી રીતે થઈ શકે તથા અનંત શક્તિમાન આત્મા પરમાત્મા કેવી રીતે બની શકે તે વિશે તેમણે સરળ ભાષામાં સમજાવ્યું છે. આ ગ્રંથ આત્મજાગૃતિને પંથે આગળ વધતાં સર્વ દર્શનના માનવીઓ માટે ઉપયોગી છે. આ ગ્રંથમાં મનુષ્ય પોતાના મનમાં ચાલતા શુભ-અશુભ વિચારો પર કેવી રીતે વિજય પ્રાપ્ત કરી શકે છે તે દર્શાવ્યું છે.

મનુષ્ય આત્મા-પરમાત્માનું જ્ઞાન કેવી રીતે પ્રાપ્ત કરે તે વિશે શ્રી બુદ્ધિસાગરજી પ્રસ્તાવનામાં લખે છે :

"પરમાત્મામાં પોતાનું ચિત્ત કેવી રીતે જોડાવું તે પણ આ ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે તથા આત્મામાં ઉપયોગરૂપ સુરતા કેવી રીતે રાખવી તે પણ જણાવવામાં આવ્યું છે...જ્ઞાન તથા ક્રિયા થકી મોક્ષ થાય છે એમ છેવટે જણાવવામાં આવેલું છે. સર્વ દર્શન ધર્મવાળા લોકોને આ ગ્રંથ ઉપયોગી થઈ પડે એવો છે. એકંદરે આ ગ્રંથમાં આત્માની પરમાત્મદશા થવાની સત્ય યુક્તિ જણાવવામાં આવી છે. ગ્રંથમાં દર્શાવ્યા પ્રમાણે સર્વ દેશના મનુષ્યો જો આત્મશક્તિનો પ્રકાશ કરવા ઇચ્છે તો તે કરી શકે અને પરમાત્મપદ પ્રાપ્ત કરી શકે તેમાં કોઈ સંદેહ નથી."

ગ્રંથનો પ્રારંભ લેખક બુદ્ધિસાગરજી અનંતગુણ ભંડાર પાર્શ્વપ્રભુ અને તેમના યક્ષદેવ પાર્શ્વયક્ષને નમન કરે છે :

**नत्वा जिनाधीशं पार्श्व, पार्श्वयक्षेण पूजितम् ।**
**आत्मशक्ति प्रकाशोयं, ग्रन्थो वितन्यते मया ॥१॥**

જગતના સર્વ જીવોના પોતાના શરીરમાં રહેલા આત્માની શક્તિની પિછાન કરાવવા માટે લેખક સર્વને પ્રેમભાવથી નિમંત્રણ આપે છે. સર્વ દુ:ખથી મુક્તિ મેળવવા અને સુખની પ્રાપ્તિ માટે આત્મધર્મમાં મન પરોવવું જોઈએ. આત્મધર્મ શું છે એ જાણવા માટે આત્મશ્રદ્ધા કેળવવી જોઈએ તથા બીજા મનુષ્ય પણ એવી શ્રદ્ધા કેળવે તેમાં યથાયોગ્ય મદદ કરવી એ પણ એક જાતનું દાન છે.

જગતનો પ્રત્યેક માનવી પોતાના આત્માને ઓળખે એ માટેનો પ્રાથમિક ઉપદેશ આપતાં આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી જણાવે છે :

**'અમુક કામ તમે નહિ કરી શકો', એવું ટાંટિયા ભાંગી નાખનાર વચન, કોઈની આગળ, બંધુઓ વદશો નહિ, આત્મશ્રદ્ધા પ્રગટાવવી એ મોટામાં મોટું દાન છે. આત્મશ્રદ્ધાનો નાશ કરવો એ મોટામાં મોટું પાપ છે. જ્યાં જાઓ, જેની સાથે બેસો, જેની સાથે વાત કરો, ત્યાં આત્મશ્રદ્ધા પ્રગટાવવાનાં વચન વદો. જેની સાથે સંબંધ થાય તેને આત્મશ્રદ્ધા પ્રકટે એમ વાણી-વ્યવહાર ચલાવો. નક્કી તમે જગતનો ઉદ્ધાર એવી રીતે કરશો. આત્મસ્વરૂપની શોધ બહાર કરવાની નથી પણ પોતાનામાં કરવાની છે."**

તેઓ મનુષ્યને આત્મજ્ઞાન-પ્રાપ્તિના સરળ ઉપાયો દર્શાવે છે જેને અમલમાં મૂકવાથી મનુષ્ય ઉત્તરોત્તર ખૂબ પ્રગતિ સાધી આત્માને ઉચ્ચ બનાવીને ઘણી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકે છે.

પ્રથમ મનને સ્થિર કરવું મનની અવસ્થા શાંત અને અક્રિય કરવી. તે માટે પ્રભાતમાં થોડાં વહેલાં ઊઠીને શાંતિથી ધૂપ કરીને ઊની વસ્ત્રના આસન પર બિરાજીને પ્રભુ ધ્યાન ધરવું. મુખ પૂર્વ કે ઉત્તર દિશા તરફ રાખવું. આ સમયે શરીર અને મનને સ્થિર રાખવા પ્રયત્ન કરવો. નેત્રદૃષ્ટિ બે ભ્રમરની વચ્ચે રાખવી. ધીરે ધીરે ત્રણ કલાક સુધી દૃષ્ટિ સ્થિર થતાં અનેક રંગના ગોળા દેખાય છે પરંતુ એમાં ચિત્તને આકર્ષ્યા સિવાય આગળ અભ્યાસ ચાલુ રાખતાં સુખનો અનુભવ થાય છે.

મનની સ્થિરતા બાદ લેખક પ્રાણાયામ વિશે સમજાવે છે. ઈડા નાડી એટલે કે ડાબી નાસિકાથી શ્વાસ અંદર લઈને થોડી વાર સુધી અંદર રહેવા દઈ એટલે કુંભક કરીને ધીરેથી પિંગળા નાડી-જમણી નાસિકાથી બહાર કાઢવો. પ્રાણાયામ ૐ અર્હમ્ નમઃનો જાપ સાથે સારું ફળ આપે છે. પ્રાણાયામ સવાર, બપોર અને સાંજે પચીસથી ત્રીસ વાર કરવો જોઈએ.

આત્મશુદ્ધિની ક્રિયા કરનાર મનુષ્યે પોતાનું બાહ્ય વર્તન પણ સુધારવું જોઈએ. બધા સાથેનું વર્તન ખૂબ પ્રેમાળ હોય તો તે વ્યક્તિ શરીરમાં રહેલા આત્મારૂપી પ્રભુની ખૂબ નજીક આવી જાય છે અને કાર્યસિદ્ધિ કરનારી એકાગ્રતાને જલદી સિદ્ધ કરતો થાય છે.

આત્મોન્નતિ અંગે આધ્યાત્મિક જ્ઞાનનો પ્રકાશ મેળવવા માટે આંખ બંધ કરીને હું સર્વશક્તિમાન છું એવું ચિંતવવું જોઈએ. સાધકને ધીરે ધીરે શાંતિથી પુરુષાર્થ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. મનુષ્યને ઉદ્યમ કરવા માટેની પ્રેરણા આપતા વીરપ્રભુનું દૃષ્ટાંત આપી આચાર્ય બુદ્ધિસાગરજી જણાવે છે :

"સાધક પોતાના સ્વરૂપમાંથી આડો જાય છે કે તુરત તેના અંતઃકરણમાં સપાસપ તે વિચારો પ્રવેશ કરી સાધકને બાધક બનાવી દે છે...તમો વીર પ્રભુના ઉદ્યમ ઉપર ધ્યાન આપો. તેમણે કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવા સાડાબાર વર્ષ પર્યંત ધ્યાનાવસ્થામાં ગાળી હતી, વાવ્યો આંબો કે તુરત કંઈ કેરી પાકવાની નથી. નિશાળમાં બેઠા કે તુરત કંઈ એમ.એ.ની પદવી મેળવાતી નથી, સરોવર પણ ટીપે ટીપે ભરાય છે. તમને પ્રથમ નિશાળમાં બેસીને પેન વડે એકડો કાઢતાં કેટલી મહેનત પડતી હતી તેને ઠેકાણે હાલ તમે કેટલી જ્ઞાનની ઉચ્ચ સ્થિતિ મેળવી છે એ શું ભૂલી ગયા ? માટે ધૈર્ય ધરો, અભ્યાસ કરો...અભ્યાસ અને તેની પુષ્ટિ કરનાર વૈરાગ્ય વડે મનનો જપ કરવો લેશ પણ કઠિન નથી."

લેખક બુદ્ધિસાગરજી મનુષ્ય દ્વારા કોઈ કાર્ય માટે થતા પ્રયત્નને ચિંતામણિ રત્ન સમાન ગણે છે, એ પ્રયત્નને છોડવો જોઈએ નહિ. એવા કઠિન પ્રયત્ન અને પરિશ્રમથી જ કાર્યસિદ્ધિ થાય છે. જે કાર્ય કરવાનું હોય તે વર્તમાન સમયમાં જ કરવું જોઈએ. જે કાર્ય પાછળથી કરવાનો

વિચાર હોય તેને અમલમાં મૂકતાં ઘણો સમય લાગતો હોય છે. માટે વર્તમાન સમયમાં જ કઠિન પરિશ્રમથી કાર્યસિદ્ધિ માટે પ્રયત્નો કરવા જોઈએ જેથી તેમાં વિજય મળે.

લેખક મનને સ્થિર કરીને પ્રાણાયામના અભ્યાસ પછી ત્રાટક કરવાનું આ ગ્રંથમાં શીખવે છે. તે માટે સવારમાં આકાશ તરફ પશ્ચિમ દિશામાં એકસરખી દષ્ટિથી એકાગ્ર ચિત્તથી નીરખવાથી અને સાંજના સમયે પૂર્વ દિશામાં આકાશને સ્થિર દૃષ્ટિથી નિહાળવાથી રંગબેરંગી ગોળાઓ દેખાશે તેનાથી આગળ વખતાં ત્રાટક સિદ્ધ થાય છે. જો બાહ્ય ત્રાટક કરવાનું અનુકૂળ ન હોય તો પ્રભુ પ્રતિમાની સામે દૃષ્ટિ સ્થિર કરવાથી પણ તે પ્રાપ્ત થાય છે.

આપણને ઘણી વસ્તુનું જ્ઞાન હોય છે પરંતે તે આચરણમાં મૂકતાં નથી. જ્ઞાનની સાર્થકતા તેને આચારમાં મૂકવાથી છે. ગુરુ બુદ્ધિસાગરજી જ્ઞાનને મગજમાં ભરી રાખવાની સ્થિતિની તુલના પુસ્તકાલય સાથે કરતાં કહે છે :-

"જ્ઞાનની સાર્થકતા જ્ઞાનને આચારમાં મૂકવા વડે જ છે, કંઈ મગજમાં ભરી મૂકવાથી નથી. એમ તો પુસ્તકાલયોમાં જ્ઞાન ભરી મૂક્યું છે, કાગળોમાં તે ભરી મૂક્યું છે. પુસ્તક પોતાનામાં ભરેલા જ્ઞાનનો ઉપ્યોગ કરી પોતાનું હિત્ સાધી શકતું નથી, અને તમે પણ તમારા મગજમાં ભરેલા જ્ઞાનનો ઉપયોગ કરી તમારું હિત સાધી શકતા નથી... દાળ-ભાત-લાડુ કેમ બનાવવા તેનો વિધિપાક શાસ્ત્રમાંથી ગોખીને મુખે રાખનારનું પેટ ભરાતું નથી. પરંતુ જાણેલા વિધિને આચારમાં મૂકવાથી જ પેટ ભરાય છે."

જ્યારે આપણે કંઈક સારું કાર્ય કરતા હોઈએ ત્યારે ઘણી વાર મનમાં અસંગત ખરાબ વિચારો અજાણતાં જ પ્રવેશી જાય છે. તેને દૂર કરવા માટે સારાં લયબદ્ધ ભજન કે સ્તવન મોટેથી ગાવાં જોઈએ. ઘણી વાર સ્થાન બદલવાથી પણ મલિન વિચારો દૂર થઈ જાય છે. આધ્યાત્મિક આત્માના વિચારો કે સંસારની ક્ષણભંગુરતા વિચારો દ્વારા પણ મન આનંદિત થતાં ખરાબ વિચારો દૂર થાય છે. મનુષ્ય પોતે ખરાબ વિચારો કે દુઃખના વિચારો સેવીને દુઃખી થયા કરે છે. આમ તે પોતે જ દુઃખ ઊભું કરે છે. જ્યારે દુઃખ આવે ત્યારે તે પૂર્વે કરેલાં ખરાબ કર્મોનાં ફળ રૂપે છે એવું સેવવાથી દુઃખ ભોગવવાનું બળ પ્રાપ્ત થાય છે. બને તેટલું પુણ્ય કરવાથી શુભ વિચારોનું મનન કરવાથી મનુષ્ય ધીરે ધીરે પુણ્યશાળી બને છે.

આત્મા અનંત ગુણનો સ્વામી છે. આત્મામાં હંમેશા ભગવાન સાથેની સુરતા સાધવાથી સાત્ત્વિક વૃત્તિ પ્રગટે છે, તેથી મનુષ્ય અનંત રિદ્ધિસિદ્ધિનો સ્વામી બને છે. નિર્મળ આત્મા દ્વારા પ્રગટેલી રિદ્ધિ હંમેશા રહે છે. સર્વસુખદાતા આત્માની સુરતા માટે આચાર્ય બુદ્ધિસાગરજી ઉપદેશ આપે છે :

"સર્વસુખના નિધાન એવા આત્મામાં ક્ષણે ક્ષણે સુરતા ન રાખીએ અને આત્મસ્વરૂપને ભૂલી જઈએ તેમાં આપણો જ દોષ છે, માટે દોષને દૂર કરવા આત્મસ્વરૂપને પામવાની ઉત્કટ ઈચ્છાવાળા બનો અને સત્યમાં સત્ય, શરણમાં શરણ આત્માને ગણી તેમાં તમારા પ્રેમભથાવથી સુરતા લગાડો. નક્કી તમારા જન્મની સાર્થકતા થશે. કીડીનો કુંજર થવા માટે આ અમૂલ્ય સમય છે."

અધ્યાત્મબળની પ્રાપ્તિ માટે સૌ પ્રથમ ભ્રાતૃભાવ અને પ્રેમભાવ ખૂબ જરૂરી છે. જે મનુષ્ય આત્મપ્રેમી હોય છે તે સત્યવદની અને શાંત હોય છે. તે કોઈને દુઃખ થાય એવું કદી બોલતો નથી, તે કોઈની નિંદા કરતો નથી કે કોઈને ઠગતો પણ નથી. આત્મોન્નતિના માર્ગે આગળ વધતાં મનુષ્યે હંમેશાં સર્વનું કલ્યાણ જ ઇચ્છવું જોઈએ. બીજી વ્યક્તિમાં રહેલો પરમાણુ જેટલો ગુણ હોય તો તેની પ્રશંસા કરવી.

શુક્લધ્યાન અને ધર્મધ્યાન જેવાં શુભ ધ્યાન ધરતી વખતે માર્ગમાં ઘણાં વિઘ્નો આવે છે. ઘણી વાર ક્રોધ, માન, માયા, લોભ વગેરે કષાયો મનુષ્યના મન પર સવાર થઈને તેની પાસે અધમ કૃત્ય કરાવે છે. ગુરુદેવ આ ચાર કષાયને ચંડાળચોકડીનું રૂપક આપીને તેનાથી દૂર રહેવાની મનુષ્યને સલાહ આપે છે. આત્મામાં રમણતા કરતા મનુષ્યને ગુરુદેવ ક્રોધ, માન વગેરે કષાયોથી દૂર રહેવાનો ઉપદેશ આપતાં વર્ણવે છે,

"પ્રિય ભાઈ !! તમને આત્માના સ્વરૂપની વાટે વળતાં અને આત્મધ્યાનના રસ્તામાં ચાલતાં મિત્રોની મુલાકાત થશે.. તે મિત્રોના નામ શાં છે ? - સાંભળો : ક્રોધ, માન, માયા અને લોભ, એ ચારની ચોકડી કહેવાય છે, તે તમારી પાસે આવી તમને રસ્તામાંથી પાછા વાળશે. પણ તમે તેને ખરા મિત્રો ધારશો નહિ હો !!! એ ચાર ચંડાળ ચોકડી જેવા મિત્રો છે. એ ચાર મિત્રોએ તમને આડા માર્ગે વાળી ચોરાશી લાખ જીવયોનિમાં અનંતીવાર પરિભ્રમણ કરાવ્યું છે. હજી એ ચંડાળ ચોકડી તમને છેતરી આડા માર્ગે લઈ જશે... માટે એમને તો દોઢ ગાઉથી નમસ્કાર કરજો."

ચંચળ મન વીજળી કરતાં પણ વધુ વેગવાન છે. તેને વશ કરવા માટે તીવ્ર વૈરાગ્ય ભાવના અને અભ્યાસ જરૂરી છે. સદ્‌ગુરુની સંગત કરવાથી પણ મન સારા વિચારોમાં પરોવાયેલું રહે છે. તીવ્ર વૈરાગ્યની પ્રાપ્તિ માટે જો માર્ગમાં દુઃખ આવે ત્યારે તે પૂર્વ કર્મના ઉદયથી છે માટે ધર્મ જ જીવનનો સાર છે એવું ચિંતવવાથી મન સાત્ત્વિક બને છે. મનુષ્યે ધર્મ માર્ગ કે મોક્ષ માર્ગ દર્શાવનાર ગુરુનું હંમેશાં શરણું સ્વીકારવું કારણ કે ઘણા માનવીઓ થોડી ઘણી આવડત આવી જવાથી ગુરુશરણ છોડી દે છે. તેઓ મોક્ષ પ્રાપ્ત કરી શકતા નથી. ગુરુનું શરણ અને ગુરુની સેવાભક્તિથી મનુષ્ય સહનશીલતા વગેરે ગુણ આવે છે.

ગુરુ બુદ્ધિસાગરજી જંગમ તીર્થરૂપ સદ્‌ગુરુ વિશે આલેખે છે : "તમો તીર્થની યાત્રા કરવા જાઓ છો, તો હજારો સંકટ વેઠો છે. તેવા સ્થાવર તીર્થ કરતાં સદ્‌ગુરુરૂપ તીર્થ ઓછું સમજશો નહિ, કારણ કે 'तीर्थः फलति कालेन सद्यः साधुसमागमः' સ્થાવર તીર્થ તો કાલાંતરે ફળે છે, એટલે તેમનું પૂજન-ભક્તિ અન્ય ભવમાં સુખનું આપનાર થાય છે અને સદ્‌ગુરુરૂપ તીર્થ તો તુરત તેમનાં દર્શન કરતાં જ ફળ આપે છે. તેમનો સંગમ થતાં અનેક પ્રકારની શંકાઓનું નિરાકારણ થાય છે. અજ્ઞાન મટે છે અને સત્ય જ્ઞાન મળે છે."

આત્મતત્ત્વનું ધ્યાન ધરવા માટે શાંત પ્રભાત કે રાત્રીનો સમય ઉત્તમ છે. પદ્માસન કે સુખાસનમાં બેસીને આત્મદ્રવ્યના ગુણ પર્યાયનું સ્મરણ કરવાથી ધીરે ધીરે આત્મ અનુભવ થાય છે. જેમ ઉતાવળે આંબા ન પાકે કે પાયો ખોદ્યો એટલે તરત જ મહેલ તૈયાર થઈ ન જાય એ જ પ્રમાણે ધીરેથી અભ્યાસ થતાં આત્મિક શક્તિઓ પ્રાપ્ત થાય છે. ગુરુદેવ બુદ્ધિસાગરજી પોતે રચેલા ભજનની પંક્તિઓ આત્માના પ્રદેશને સમજાવતા લખે છે :

**અલખ દેશમેં વાસ હમારા, માયાસે હમ હૈ ન્યારા,**
**નિર્મલ જ્યોતિ નિરાકાર હમ, હરદમ ધ્રુવ કા તારા...(૧)**
**સુરતા સંગ ક્ષણક્ષણ રહેના, દુનિયાદારી દૂર કરણી**
**સોહં જાપકા ધ્યાન લગાના, મોક્ષ મહેલ કી નિસ્સરણી...(૨)**

આત્માનું યથાર્થ સ્વરૂપ લક્ષમાં આવે એવું ન હોવાથી તે અલખ છે. બાહ્યદૃષ્ટિ વડે નીરખી શકાતું ન હોવાથી એ ન્યારું છે. આત્મપ્રદેશ આકારવિહીન નિર્મળ જ્યોતિ સ્વરૂપ છે. આત્મસ્વરૂપમાં દરેક ક્ષણે સુરતા સાધી સંસારની મોહજાળથી દૂર રહી સોહમ્‌નો જાપ જપવાથી મનુષ્ય મોક્ષ-માર્ગે પ્રયાણ કરે છે, એમ લેખક ઉપરોક્ત પદમાં સમજાવે છે.

જ્ઞાન હંમેશાં યોગ્ય વ્યક્તિને આપવામાં આવે તો જ તેનો સદુપયોગ થાય છે. જે વ્યક્તિ જ્ઞાનનો દુરુપયોગ કરી શકતી હોય તેવા મનુષ્યને વિદ્યા ન આપવામાં જ શાણપણ છે. ગુરુ હંમેશાં શિષ્યની યોગ્યતાની ચકાસણી કરીને જ તેને વિદ્યા આપે છે. આચાર્ય બુદ્ધિસાગરજી અયોગ્ય વ્યક્તિને આત્મજ્ઞાનની સમજ ન આપવી એમ બોધ આપતાં તેઓ શ્રી મહાનિશીથ સૂત્રની ગાથા સમજાવે છે :

**आमे घडे निहित्तं जहा जलं तं घडं विणासेइ ।**
**एवं शिध्धं तरहस्सं अप्पाहारं विणासेइ ॥१॥**

"જેમ કાચા ઘડામાં નાંખેલું પાણી ઘડાનો નાશ કરે છે એમ અધ્યાત્મ તત્ત્વ સિદ્ધાંત રહસ્ય પણ અયોગ્ય જીવને દેતાં તેના આત્માનો નાશ કરે છે, અયોગ્યને સૂત્ર અને સૂત્રાર્થદાન ન આપવું, કારણ કે તે યોગ્યતા વિના તે ઊંધો અર્થ ગ્રહે છે, પ્રરૂપે છે અને ઊલટું વર્તન કરી દુર્ગતિ પામે છે, માટે આત્માર્થી પુરુષને અધ્યાત્મ શાસ્ત્રનું જ્ઞાન દેવું, તેના રહસ્યનો ઉપદેશ આપવો."

આત્મશક્તિ પ્રકાશ ગ્રંથના અંતમાં લેખક મંગળ કરતાં શ્લોક દ્વારા ગ્રંથની પૂર્ણાહુતિ કરે છે :

**नेत्रेरसनवेलाब्दे, वैशाखे शुक्लपक्षके ।**
**तृतीयायां समाप्तोयं, बुद्धयब्धिमुनिना कृतः ॥२॥**

આ શ્લોકમાં લેખક બુદ્ધિસાગર મુનિ વૈશાખ સુદ ત્રીજના દિવસે ગ્રંથ પૂર્ણ કર્યો તે હકીકત જણાવે છે.

## (૧૪) આત્મદર્શન

આ ગ્રંથની રચના શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજે વિ.સં. ૧૯૮૦માં પેથાપુરમાં ચાતુર્માસ દરમ્યાન કરી હતી. આ ગ્રંથમાં શ્રી મણિચંદ્રજી કૃત એકવીસ સજ્ઝાયનું સરળ ગુજરાતી ભાષામાં આચાર્યશ્રીએ વિવેચન કર્યું છે. સજ્ઝાય એ પ્રભુભક્તિની રચનાનો જ એક પ્રકાર છે.

મણિચંદ્રજી મહારાજ વિ.સં. ૧૮૯૦ની આસપાસ થઈ ગયા. તેઓને રક્તપિત્તનો રોગ થયો હતો પરંતુ તેઓ ઘણા જ્ઞાની હોવાને લીધે અત્યંત પીડા સહીને પણ સહજ સમાધિમાં રહેતા હતા. તેમની પ્રશંસા દેવતાઓ પણ કરતા હતા. એક સમયે કોઈ ગુરુ મહારાજે સિમંધર સ્વામીને તે સમયે સંપૂર્ણ આચાર પાળતા ઉત્કૃષ્ટ ઉચ્ચ સાધુ હોઈ શકે એમ પૂછતાં તેમના તરફથી શ્રી મણિચંદ્રજી એવો નિર્દેશ મળ્યો હતો.

પ્રસ્તુત ગ્રંથમાં નવધા ભક્તિ જે નવ પ્રકારે થાય છે એનું સુંદર વિવેચન ગુરુદેવે કર્યું છે. નવધા ભક્તિ નવ પ્રકારે થાય છે જે નીચે મુજબ છે :

(૧) **શ્રવણ ભક્તિ :** ગુરુમુખેથી આત્માના ગુણનું શ્રવણ કરવું.

(૨) **સેવા ભક્તિ :** પ્રભુની સેવા-પૂજા કરવી.

(૩) **કીર્તન ભક્તિ :** આત્માના ગુણોનું ગાયન કરવું.

(૪) **વંદન ભક્તિ :** પ્રભુની વંદના કરવી.

(૫) **નિંદા ક્રિયા ભક્તિ :** રાગદ્વેષ આદિ દોષોની નિંદા કરવી.

(૬) **ધ્યાન ક્રિયા ભક્તિ :** એકાગ્ર ચિત્તથી પ્રભુનું ધ્યાન ધરવું.

(૭) **લઘુતા ક્રિયા ભક્તિ :** જડ વસ્તુઓથી મોટાઈ.

અહંકારનો ત્યાગ કરીને હું લઘુ છું એવું ચિંતવવું.

(૮) **એકતા ક્રિયા ભક્તિ :** આત્મા એકલો જન્મે છે અને એકલો મરે છે એ વાત હરહંમેશ સ્મરણમાં રાખવી.

(૯) **સમતા ક્રિયા ભક્તિ :** આત્મામાં શાંતિરસ એટલે કે સમતારસ પ્રગટાવવો તે વિના દુ:ખનો નાશ થતો નથી.

પ્રસ્તુત ગ્રંથમાં આત્મોપયોગી સજ્ઝાયનું વિવેચન કરતાં બુદ્ધિસાગરજી અંતરઆત્મા વિશે દર્શાવે છે :

"અંતરાત્મા જડ વસ્તુની ચાલે અર્થાત્ મોહભાવે ચાલતો નથી. તે દેહાધ્યાસ ધારતો નથી. તેમજ જડ વસ્તુઓમાં અહમ્ મમત્વ ધારતો નથી. તે લોકવાસના, શાસ્ત્રવાસના, મતપંથવાસના, આદિ પર મોહવૃત્તિથી ગાડરિયા સાંસારિક પ્રવાહમાં ગાડરાની પેઠે ચાલતો નથી, દુનિયાથી ઊલટો ચાલે છે. તે આત્માના શુદ્ધ સ્વભાવમાં વર્તે છે. આત્માના ગુણો ચિંતવવામાં જ મનનો ઉપયોગ કરે છે."

ઉપરોક્ત વાક્યોમાં શ્રીમદ્ બુદ્ધિસાગરજી અંતરાત્મા, દેહ અને મનની સુંદર રીતે છણાવટ કરે છે. અંતરાત્મા દેહ અને મનથી ભિન્ન છે. તેને કોઈ વાસના કે ઇચ્છા નથી. જ્યારે આપણે લોકપ્રવાહમાં ગાડરિયા ચાલથી કીર્તિ, મોહ અને માયામાં તણાતા હોઈએ ત્યારે આપણો અંતરાત્મા એમાંથી આપણને પાછા ખેંચે છે. એ આપણા મનને ખોટું કામ કરતાં અટકાવે છે. અંતરાત્માનો અવાજ સાંભળીને ઘણા મનુષ્યો ખોટું કાર્ય કરતાં અટકી જાય છે. એક વાર આત્માનો અવાજ સંભળાઈ જાય પછી ગમે તેવી લલચામણી તક કે પ્રલોભન આવે ત્યારે તે વ્યક્તિ એક જ વાત કરે છે : 'મારો અંતરાત્મા ના કહે છે.' અને તે લોભામણી વાતમાં કદી પણ પરવશ થતો નથી કે ફસાતો નથી.

**આત્મજ્ઞાની મનુષ્યો હંમેશાં આત્માનું જ ધ્યાન ધરે છે. આત્મામાં જ સત્ય શોધે છે અને પોતાના આત્માને ઉચ્ચ કોટિનો બનાવવા પ્રયત્ન કરે છે. એવા આત્મજ્ઞાની આત્માનો સત્સંગ કરવાથી સર્વત્ર પ્રકાશ રેલાય છે.**

## (૧૫) આત્મશિક્ષાભાવના પ્રકાશ

ઉજ્જૈન નગરમાં સંવત ૧૯૬૨માં શ્રી વિમલહર્ષ ઉપાધ્યાયજીના શિષ્ય પ્રેમવિજયજીએ 'આત્મશિક્ષાભાવના પ્રકાશ' નામનો ગ્રંથ રચ્યો હતો. તેમાં એકસો એંસી દુહાઓ છે. તેની ભાષા જૂની ગુજરાતી છે. આ દુહાઓ અવ્યવસ્થિત દશામાં હતા. આચાર્ય બુદ્ધિસાગરજીએ એ સર્વે દુહાઓને વ્યવસ્થિત કરી તેના પર વિવેચન લખી પ્રસિદ્ધ કર્યા. આ ગ્રંથ ભવ્ય જીવોને પરમાત્મ પદ પ્રાપ્ત કરવા માટે ઘણો જ ઉપયોગી છે.

પ્રેમવિજયજી કૃત આત્મશિક્ષાના આ ગ્રંથમાં પ્રથમ પાંચ શ્લોકમાં તેઓ સરસ્વતી દેવીની સ્તુતિ કરે છે. શ્રી બુદ્ધિસાગરજી ગ્રંથનો ભાવાર્થ સમજાવતાં પહેલા ભગવાન મહાવીરને નમસ્કાર કરે છે :

प्रणम्य परमात्मनं, महावीरं जिनेश्वरम् ।
भावार्थमात्मशिक्षायाः करोमि भव्य हेत्तवे ॥

પ્રથમ **૧-૫ શ્લોકનો** ભાવાર્થ સમજાવતા શ્રી બુદ્ધિસાગરજી કહે છે કે મનુષ્યે આ અસાર સંસારની માયા છોડી ક્ષણિક એવા શરીર પ્રત્યે મમત્વ ન રાખતા ધર્મનું શરણું સ્વીકારવું જોઈએ. ધર્મ દ્વારા અનંત કર્મનો નાશ કરી આત્મતત્ત્વ પામવાનો તેઓ બોધ આપે છે. શુદ્ધાત્મ જીવન અનંત છે. મોહના નાશથી આત્મજીવનનો આવિર્ભાવ થાય છે. મોહવૃત્તિ ધારણ કરનારાઓ બહિરાત્માઓ છે તથા આત્માના સત્યને જ્ઞાન પામનારા અંતરાત્માઓ જ ખરા યોગી અને જ્ઞાની સંતો છે.

ત્યાર બાદ **૯-૧૦ શ્લોકમાં** તેઓ દર્શાવે છે કે જીવ ચોર્યાશી લાખ યોનિમાં ફરી ફરીને અવતાર લે છે અને ચૌદ રાજલોકમાં અનંતા સૂક્ષ્મ જીવરૂપે ઉત્પન્ન થઈ ભમીને દુઃખી થાય છે. તેમાં દેવગતિમાં પણ જીવ ઉત્પન્ન થાય છે, પરંતુ જ્યારે મહાન પુણ્યોદયે દુર્લભ એવો મનુષ્ય-જન્મ મળ્યો છે અને તેમાં જો મોક્ષ ન મેળવ્યું તો તે કયા ભવમાં મેળવશે ?

તેઓ **૧૧-૧૫** સુધીના શ્લોકનો અર્થ સમજાવતાં કહે છે કે ધર્મના આલંબન વિના મનુષ્ય મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ કરી શકતો નથી અને તેથી અનંતા ભવમાં અનંત જીવો સાથે સગપણ કરે છે, છતાં પણ સુખ પ્રાપ્ત થતું નથી. માટે મનુષ્યે સમતા રાખીને કોઈ પ્રત્યે દ્વેષભાવ રાખ્યા વગર સમ્યક્‌જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

તેઓ **૧૬-૨૧** સુધીના શ્લોકનું વિવરણ કરતાં વર્ણવે છે કે જ્યારે આત્મજ્ઞાન થાય છે ત્યારે આત્મા જાણે છે કે આ સંસાર સ્વપ્ન જેવો છે. આ સંસારમાં સાંસારિક સગાઓ હાટમાં વેપાર અર્થે આવતા વેપારીઓની જેમ મળે છે અને જેમ વેપારીઓ કાર્ય પતાવીને ચાલી નીકળે છે તે જ પ્રમાણે સગાવહાલા, મિત્ર સંબંધી કુટુંબમાં ભેગા થાય છે અને આયુષ્ય પૂર્ણ થતાં ચાલી નીકળે છે. જેણે જેવાં કર્મ કર્યાં હોય તેવાં કર્મ આવતા ભવમાં ભોગવવાં પડે છે માટે મનુષ્યે સત્‌કાર્ય અને પ્રભુભક્તિ કરીને સારાં કર્મ કરવાં જોઈએ.

તેઓ આગળ **૨૨-૨૬** શ્લોકનો ભાવાર્થ સમજાવતાં કહે છે કે મનુષ્યને જ્યારે ઉત્તમ માનવ ભવ અને કુળ મળ્યો છે ત્યારે લાખેણી એક ક્ષણ પણ પ્રમાદમાં કે આળસમાં ગુમાવવી જોઈએ નહીં. 'જેવું કરશો તેવું ભોગવશો' માટે આપણા સુખ-દુઃખ માટે બીજાને દોષ આપવો નહિ. જ્યારે દુઃખ પડે ત્યારે બીજાને દોષ આપવો નકામો છે. કારણ કે જે જેવું વાવે છે તે તેવું લણે છે. કોદરા વાવનાર જ્યારે ભાતની આશા રાખે તે નકામી છે. માટે ધર્મની આરાધના કરવી જોઈએ. એ પ્રમાણે ગુરુદેવ કર્મની ગતિ સદૃષ્ટાંત દર્શાવે છે.

તેઓ **૩૭-૩૧** સુધીના શ્લોકના ભાવાર્થમાં કહે છે કે મનુષ્યે અહંકાર કરવો જોઈએ નહિ. જ્યારે તે કંદમૂળ અને નિગોદના અવતારમાં ટકે શેર વેચાય છે ત્યારે તે અહંકાર કરી શકતો નથી. માટે તેણે અહંકાર કરવો નહિ. મનુષ્યની ત્રણ અવસ્થા પૈકી યુવાવસ્થામાં જ ધર્મ કરીને મોહનો નાશ કરવાની જરૂર છે. કારણ કે વૃદ્ધાવસ્થામાં શરીર સાથ આપતું નથી કે મન પણ સ્થિર રહી શકતું નથી. માટે યુવાનીમાં જ ધર્મસાધના મનુષ્યે કરી લેવી જોઈએ.

**૩૨-૩૬** સુધીના શ્લોક સમજાવવાં તેઓ કહે છે કે મનુષ્ય પાસે જ્યારે લક્ષ્મી હોય છે ત્યારે તે અન્યના ભલા માટે વાપરે નહિ પણ લક્ષ્મીના ગયા પછી દાન ન કર્યાનો અફસોસ કરીને પસ્તાય છે. દિવસ-રાત્રીના આઠે પહોર મનુષ્ય જીવ ધંધામાં ગળાડૂબ રહીને ધનના વિચારોમાં તન્મય બની જાય છેઅ ને ધન ભેગું કરે છે. પણ અંતે એ કમાવેલું ધન સાથે આવતું નથી. પણ એને બીજા લોકો ખાય છે. માટે લક્ષ્મીનો ગર્વ કરવો મૂર્ખતા છે. ક્ષણવારમાં દુનિયામાં કેટલીયે

ઊથલપાથલ થતી રહે છે. માટે એક પળ પણ નકામી ન ગુમાવતાં આત્માના અનંત સુખનો અનુભવ કરવા માટે તેઓ મનુષ્યને કહે છે.

**૩૭ થી ૪૧** એ પાંચ શ્લોક સમજાવતાં તેઓ વર્ણવે છે કે જ્યારે મનુષ્ય આ નશ્વર દેહને છોડી અનંતની યાત્રાએ ચાલી નીકળે છે ત્યારે પોતાનું કંઈ જ રહેતું નથી. મહામહેનતે કમાયેલી લક્ષ્મી બીજા વાપરે છે. નામ, રૂપ, સર્વ આ દુનિયા ભૂલી જાય છે. આ સંસારમાં મનુષ્ય કોઈ વખત પુણ્યાઈથી રાજા થઈને જન્મે છે અને કોઈ વખત પાપકર્મના ઉદયથી ભીખ માંગવાનો વારો આવે છે. માટે આ જન્મ-મરણના ફેરા ટાળવા મોક્ષપ્રાપ્તિ માટે ઉદ્યમ કરવો જોઈએ.

તેઓ ૪૨-૪૬ શ્લોકનો ભાવાર્થ સમજાવતાં કહે છે કે મનુષ્ય જીવને કોઈ ભવમાં ઉત્તમ વસ્ત્ર, હીરા, રત્નના દાગીના તથા ભાતભાતના પકવાનવાળાં ઉત્તમ ભોજન મળે છે, જ્યારે કોઈ ભવમાં શરીર પર ઢાંકવા પૂરાં વસ્ત્ર પણ હોતાં નથી. જે દેહ, રૂપ કુમાર જેવું શોભતું હતું જેના સિવાય પ્રિયજનો એક પળ વિરહ સહન ન કરી શકતા હતા. તેવા પ્રિયજનો પણ આ દુનિયા છોડી જાય છે. માટે મનુષ્યે ધર્મમાં મન પરોવવું જોઈએ.

**૪૭-૫૧**માં તેઓ કહે છે કે "આ સંસાર પરિવર્તનશીલ છે." અહીં મનુષ્યોના વિચારો બદલાતા રહે છે. આવી પરિસ્થિતિમાં કોઈ સંબંધી પોતાના હોતા નથી. મન પણ સ્થિર નથી. પ્રત્યેક ક્ષણે વસ્તુઓનાં રૂપાંતર થાય છે. એનો સમ્યક્ વિવેક-વિચાર કરીને મનુષ્યે ધર્મમાર્ગ પર ચાલવું જોઈએ.

**૫૨-૫૬** સુધીના શ્લોકનો ભાવાર્થ સમજાવતાં તેઓ મુંજ રાજા અને રાવણનું દૃષ્ટાંત આપીને સમજાવે છે કે તેઓ સ્ત્રીની પાછળ દીવાના બનીને રાજપાટ ગમાવીને મોતને શરણે થયા. પુરુષે સ્ત્રીની મીઠી વાતોથી ભરમાઈ ન જતાં સ્ત્રીના દાસ બનવાને બદલે દેવગુરુના દાસ બનવું જોઈએ.

**૫૭-૬૧** સુધીના શ્લોકનો તેઓ ભાવાર્થ સમજાવતાં જણાવે છે કે નારીના રૂપના તળાવમાં ભલભલા મનુષ્યો ડૂબી જાય છે. ભૂતકાળમાં પણ ઘણી નિષ્કલંક વ્યક્તિઓને પણ નારી સંગથી કલંક લાગ્યું છે. ચંડ પ્રદ્યોત રાજાએ ઉદાયી રાજાની સાથે સ્ત્રીને માટે યુદ્ધ કર્યું અને તેમાં તે હારી ગયો. અભયકુમાર જે પાંચસો બુદ્ધિશાળી મંત્રીઓનો પણ મંત્રી હતો તેને એક વેશ્યાએ શ્રાવિકાનું રૂપ લઈ ઠગ્યો હતો. તેથી તેને માળવાના રાજાના કેદી બનવું પડ્યું. પરસ્ત્રીના મોહથી સિદ્ધરાજાને શ્રાપ લાગ્યો તથા પૃથ્વીરાજે દિલ્હીનું રાજ્ય ગુમાવ્યું. આમ, સ્ત્રી ચાહે તો પુરુષની દુર્ગતિ કરી શકે છે, પરંતુ જે સતી સ્ત્રીઓ હોય છે તે તીર્થંકર, મહાન સાધુઓ, ભક્તો વગેરે મહાપુરુષોએ જન્મ આપે છે તે ધન્ય છે અને તેમને વંદન કરવું જોઈએ.

**૬૨-૬૬** શ્લોકનો ભાવાર્થ સમજાવતાં આચાર્યશ્રી કહે છે કે "મનુષ્યે મન અને વચનથી છલ, કપટ અને પ્રપંચનો ત્યાગ કરવો જોઈએ તથા સર્વ જીવો સુખી થાય એવી પ્રવૃત્તિ કરવી જોઈએ."

૬૭-૭૧ શ્લોકનો અર્થ સમજાવતાં જે મનુષ્યો પ્રભાતમાં ઊઠી પ્રભુનું ધ્યાન ધરવાને બદલે બીજાની નિંદા કરે છે અને વેરઝેર તથા કલેશના વિચારોમાં જ રહે છે તેઓ અંતે દુર્ગતિમાં જાય છે. આ સંસારમાં દરેક મનુષ્યમાં ગુણ-અવગુણ બંને હોય છે. માટે ગુણાનુરાગી બની દરેકના ગુણની પ્રશંસા કરવી. બીજાની નિંદા કરવાથી આપણામાં ગુણ પ્રગટતા નથી કે અન્યના દોષો દૂર થતા નથી માટે નિંદાનો ત્યાગ કરવો એ મોટું તપ છે.

૭૨-૭૬ : આ શ્લોકનો અર્થ સમજાવતાં તેઓ કહે છે કે ક્રોધી મનુષ્યને શિખામણ આપવી નહીં કારણ કે તેઓ શિખામણ લેતા નથી ઊલટા તે આપનારનો જ નાશ કરે છે. તે માટે તેઓ વાંદરા અને સુગરીનું દૃષ્ટાંત આપે છે. સુગરી ઠંડીથી ધ્રૂજતા વાંદરાને માળો બાંધવાનો ઉપદેશ આપવા ગઈ. પણ વાંદરાએ ઊલટું તેની વાત માનવાને બદલે તેનો માળો જ વિખેરી નાંખ્યો. ક્રોધી જનોથી દૂર રહેવું જ સારું, કારણ કે તેઓના સંગથી ડગલે ને પગલે શિરોવેદના થવાના પ્રસંગો ઊભા થાય છે.

૭૭-૮૧ શ્લોકના ભાવાર્થ સમજાવતાં કહે છે કે વાણીથી સજ્જન અને દુર્જન માણસો પરખાય છે. સજ્જન માનવી મીઠાબોલો છે, જ્યારે દુર્જન મનુષ્ય પરનિંદા કરે છે. તેઓ સજ્જન મનુષ્યને દુર્જનથી દૂર રહેવા તથા તેના વચન પર શ્રદ્ધા ન રાખવાનો બોધ આપે છે.

૮૨-૮૩ : તેઓ આ શ્લોકના વિવેચન કરતાં જણાવે છે કે મનુષ્યનું આયુષ્ય પળે પળે ક્ષીણ થતું જાય છે. તેની વીતી ગયેલી પળ પાછી મળતી નથી. તથા તેના આયુષ્યને ખૂટતાં વાર લાગતી નથી. તેથી અંત સમયે પસ્તાવાનો વારો આવે નહિ. માટે પહેલેથી જ ચેતીને ધર્મની આરાધના કરી લેવી જોઈએ.

૮૭-૯૧ : આ શ્લોકના વિવેચન કરતાં તેઓ કહે છે કે આત્માની સાથે કર્મ જોડાયેલું હોય છે. કર્મના ઘણા પ્રકારો છે. મોહનીય કર્મ, જ્ઞાનાવરણીય કર્મ વગેરે. જ્યારે પરમાણુઓના અનંતા અનંત વર્ગણાના સ્કંધો ભેગા થાય ત્યારે કર્મ બને છે. કર્મ આગળ ઇન્દ્ર શહેનશાહ કે રાજા કોઈનું કંઈ જ ચાલતું નથી. શ્રી મહાવીર પ્રભુએ જે કર્મ કર્યાં હતાં તે કર્મ ઉદયમાં આવ્યાં ત્યારે ગોવાલિયાએ કાનમાં ખીલા ઠોક્યા. ઋષભદેવ ભગવાન એક વર્ષ સુધી ઘેર ઘેર ફરતા રહ્યા પણ ભોજન પામ્યા નહિ. માટે મનુષ્યે શુભ કર્મ કરવાં જોઈએ.

૯૨-૯૬ : મહારાજશ્રી આ શ્લોકોનો ભાવાર્થ સમજાવતાં કહે છે કે શુભ કાર્યનું ફળ સારું જ મળે છે જ્યારે ખરાબ કર્મનું ફળ ખરાબ જ મળે છે. એ માટે તેઓ બાહુબલી, રામ-સીતા વગેરેનાં દૃષ્ટાંતો આપે છે. બાહુબલીએ પૂર્વભવમાં સાધુઓની ઘણી સેવાચાકરી કરી હતી. માટે એમને બીજા ભવમાં ઘણું બળ પ્રાપ્ત થયું અને ચક્રવર્તી ભરત પણ તેમનાથી હારી ગયા. રામને અશુભ કર્મના ઉદયથી વનવાસ ભોગવવો પડ્યો. આ પ્રમાણે ગુરુદેવ શુભ-અશુભ કર્મ વિશે ભનુષ્યને દૃષ્ટાંત દ્વારા સરળ રીતે સમજાવે છે.

**૯૭-૧૦૫ :** મહારાજશ્રી આ શ્લોકનો ભાવાર્થ સમજાવતા કહે છે કે ભગવાન મહાવીરે પણ પૂર્વ ભવમાં અહંકાર કરીને નીચ ગોત્રકર્મ બાંધ્યું હતું તેથી તેઓએ ૮૨ દિવસ દેવાનંદા બ્રાહ્મણીની કૂખમાં રહેવું પડ્યું. કર્મની લીલાને કોઈ પામી શકતું નથી.

**૧૦૬-૧૧૦ :** જંબુ સ્વામીએ નવ કરોડ સોનૈયા અને દેવકુમારી જેવી આઠ સ્ત્રીઓનો યુવાનીમાં ત્યાગ કરવાનું અતિ દુષ્કર કાર્ય કર્યું અને ચારિત્ર લઈને મોક્ષ પામ્યા. શાલિભદ્રએ અખંડ ઋદ્ધિ વૈભવ અને બત્રીસ સ્ત્રીઓનો ત્યાગ કરીને ચારિત્ર દીક્ષા ગ્રહણ કરી. શ્રીકૃષ્ણ વાસુદેવની માતા દેવકીના છ પુત્રોનું અપહરણ થયું અને તેઓ ભદ્દિલપુરમાં સુલસાને ત્યાં ઊછર્યા હતા. તેઓ પણ અઢળક દ્રવ્ય અને દેવરમણી જેવી સ્ત્રીઓને ત્યજીને નેમિનાથ પાસે દીક્ષા અંગીકાર કરી. આ અસાર સંસારમાં જ્ઞાન, વૈરાગ્ય અને ચારિત્રની પ્રાપ્તિ થવી તે જ ઉત્તમ છે. તેથી જ મોક્ષ મળે છે. મોક્ષમાં અનંત સુખ છે. ત્યાં જન્મ-મરણનાં દુઃખ નથી.

**૧૧૧-૧૧૬ :** આ શ્લોકનું વિવેચન કરતાં તેઓ કહે છે કે કંચન અને કામિનીનો ત્યાગ કરવો એ ઘણું દુષ્કર છે. સ્થૂલિભદ્ર મુનિ, થાવચ્ચા કુમાર, સુદર્શન શેઠ વગેરે ઘણા જ મહાન છે કારણ કે તેઓએ સાંસારિક સુખોનો ત્યાગ કરી ચારિત્ર પાળી મોક્ષપદ પામ્યા. સ્થૂલિભદ્ર જેઓ શકડાલ મંત્રીના પુત્ર હતા. તેમણે મંત્રીપદ ન લેતા સંભૂતિમુનિ પાસે દીક્ષા લઈ અનેક ધર્મશાસ્ત્રોનો અભ્યાસ કરી ગુરુના આદેશથી કોશા નામની નર્તકીને ત્યાં રહીને પણ પોતાનું બ્રહ્મચર્ય અખંડ રાખ્યું અને ઇતિહાસમાં અમર થઈ ગયા.

**૧૧૭-૧૨૧ :** તપની સાથે નિરભિમાન જરૂરી છે. તે માટે તેઓ બાહુબલીનું ઉદાહરણ આપે છે. બાહુબલીએ એક વર્ષ સુધી તપ કર્યું, શરીર પર ઝાડની વેલીઓ વીંટળાઈ ગઈ, મસ્તક પર પશુપંખી ફરતાં પરંતુ મનમાં 'નાના ભાઈ ભરતને વંદન કરું નહિ'. એવો અહંકાર હતો. જેવા તેમને તેમની બહેનોએ કહ્યું કે 'વીરા મારા ગજ થકી ઊતરો' ત્યારે તમને મનમાં અહંકારરૂપી ગજ બેઠો છે, એવું જ્ઞાન થયું અને જેવો નાના ભાઈ પાસે જવા પગ ઉપાડ્યો કે તરત જ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. માટે અહંકાર એ મોક્ષમાં બાધારૂપ હોવાથી મનુષ્યે ત્યજવો જોઈએ.

**૧૨૦-૧૨૪ :** શ્લોકના ભાવાર્થ કરતાં બુદ્ધિસાગરજી કહે છે કે આત્મકલ્યાણ અને મોક્ષ માટે હૃદયમાં સમતાભાવ ખૂબ જરૂરી છે. પૂર્વે થયેલા સુકોશલ જ્ઞાની મુનિ એક સમયે વનમાં તપ કરતા હતા. ત્યારે એક વાઘણ આવી ને તેમને મારીને ખાઈ ગઈ. તોપણ તેઓએ સમતાભાવ રાખી દુઃખ સહન કર્યું તથા વાઘણ પર ગુસ્સો લાવ્યા નહિ. તેથી તેઓ સમભાવમાં રહી કેવલી થઈ મોક્ષે ગયા.

શ્રી સ્કંધકસૂરિના પાંચસો સાધુઓને તેમના બનેવી રાજાએ વહેમ લાવીને બધાને ઘાણીમાં પીલીને મારી નાખ્યા. તેઓ બધા સમતા રાખી આત્મસમાધિમાં મરણ પામી મોક્ષમાં ગયા. મોક્ષની પ્રાપ્તિ માટે રાગદ્વેષ છોડીનેઆવી પડતાં સર્વ દુઃખો સમભાવે સહન કરવાં જોઈએ.

**૧૨૫-૧૨૬ :** તેઓ આ શ્લોકના ભાવાર્થ સમજાવતાં કહે છે કે ચિલાતી પુત્ર અને અર્જુનમાલીએ સમભાવ રાખી ઘોર ઉપસર્ગ સહન કર્યા અને કેવલજ્ઞાન પામ્યા. જ્યારે સમભાવ દશા પ્રાપ્ત થાય છે ત્યારે મહા ઘોર કર્મ પણ છૂટી જાય છે.

**૧૨૭-૧૩૧ :** આ શ્લોક સમજાવતા તેઓ કહે છે કે ઈલાઈચીકુમાર નટીના પ્રેમમાં પડી નટના ખેલ કરવા માંડ્યા. રાજાએ ખેલ જોતાં વિચાર કર્યો-આ નટ ઈલાઈચીકુમાર જો નીચે પડે તો આ સુંદર નટી કન્યા એને મળે. ઈલાઈચીકુમારને રાજાની આ વાત ધ્યાનમાં આવતાં જ ત્યાંથી નજરે પડતાં સાધુ મહારાજની નિસ્પૃહતા ગમી ગઈ અને તેઓને વૈરાગ્યની ભાવના ભાવતાં કેવલજ્ઞાન પ્રાપ્ત થયું.

ચંડરુદ્ર અને પંથક મુનિ પણ હૃદયમાં ઊંચી ભાવના ભાવી કેવલજ્ઞાની થાય.

**૧૩૨-૧૩૭ :** સનતકુમાર જે ખૂબ રૂપવાન હતા. તેમણે રૂપનું અભિમાન કર્યું તેથી તેમને ઘણા રોગો થયા. પછી તેમણે ઘોર તપસ્યા કરી તપના પ્રભાવે ઘણી લબ્ધિઓ ઉત્પન્ન થઈ તો પણ તેઓએ રોગને સમભાવપૂર્વક સહન કરી પરમાત્મ પદ પ્રાપ્ત કર્યું. શ્રી શાંતિનાથ પ્રભુએ પૂર્વ જન્મમાં એક કબૂતરના બચ્ચાને બચાવવા જતાં પોતાનાં શરીરનાં ટુકડા કરીને વજનના કાંટામાં નાંખ્યા અને દેવતાઈ પરીક્ષામાં પાસ થયા. આમ, દયા, અહિંસાના બળે તેઓએ તીર્થંકર કર્મ બાંધ્યું.

દશાર્ણભદ્ર, પ્રસન્નચંદ, અઈત્તા મુનિ, સુકુમાલ મુનિ વગેરે બધા મહાપુરુષો શુદ્ધ ભાવના ભાવી કેવલજ્ઞાન પામ્યા. ભવ્ય જીવોએ અશુભ કાર્યનો પશ્ચાત્તાપ કરી ધર્મ પામવો જોઈએ.

**૧૩૮-૧૪૩ :** આ શ્લોકને સમજાવતાં તેઓ કહે છે કે ફક્ત પુરુષો જ મહાન કેવલજ્ઞાની કે મોક્ષગામી નથી થયા, ઘણી સાધ્વી સતી સ્ત્રીઓ પણ દુઃખ, ઉપસર્ગ સહન કરીને કેવલજ્ઞાની થઈ છે. સતી દ્રૌપદીને પણ ઘણાં દુઃખ પડ્યાં,. મૃગાવતી અને ચંદનાને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઈ અને સતી સતીમાતા પતિવ્રતા બની અગ્નિ પરીક્ષામાંથી પાર થઈ.

ગુરુદેવ બુદ્ધિસાગર મહારાજે આ દુહાઓનું વિવેચન મનુષ્યને આત્મબોધ મળે તે હેતુથી કર્યું છે. ગ્રંથના **૧૮૦ દુહાઓમાં** તેઓએ શ્રીકૃષ્ણ, રામ, અર્જુન, દ્રૌપદી, સ્થૂલિભદ્ર, બાહુબલી વગેરે મહાન પુરુષોના તથા શ્રી તીર્થંકરોનાં દૃષ્ટાંતો આપીને સરળ ભાષામાં મનુષ્યની ઉન્નતિના માર્ગો દર્શાવ્યા છે. તેઓ ધર્મને શરણે રહીને મનુષ્યને ક્ષણમાત્રનો પણ પ્રમાદ કર્યા વગર છલકપટ, અભિમાન, ક્રોધ, મોહનો સર્વથા ત્યાગ કરીને શુભ ભાવ ભાવી મોક્ષમાર્ગે પ્રયાણ કરવાનો પ્રખર સંદેશ આપેલ છે.

## (૧૬) આત્મપ્રકાશ

આત્મપ્રકાશ ગ્રંથમાં ગુરુદેવ બુદ્ધિસાગરજીએ આત્મજ્ઞાનનાં ગૂઢ રહસ્યોનું આલેખન કર્યું છે. આ ગ્રંથમાં તેમણે મનુષ્યને અધ્યાત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રથમ અહમ્‌વૃત્તિનો ત્યાગ કરવાનું સૂચન કર્યું છે. અહમ્ ભાવના અધ્યાત્મ વિકાસને અવરોધે છે. મનુષ્યમાં જ્ઞાનની પ્રાપ્તિ માટે યોગ્યતા હોવી જરૂરી છે કારણ કે ફક્ત જ્ઞાનથી મનુષ્ય શુષ્ક બને છે પરંતુ જો જ્ઞાનની સાથે ઉચ્ચ સંયમરૂપી વ્યવહાર કેળવે તો મોક્ષરૂપ કાર્યની સિદ્ધિ થાય છે.

પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં ગુરુદેવે પ્રારંભમાં 'સમ્મતિ તર્ક'નાં પાંચ શ્લોક દર્શાવ્યા છે જેમાં કોઈ પણ શાસ્ત્રની રચના પહેલાં એનો ઉદ્દેશ્ય લખવાનું વિધાન છે જ્યાં સુધી સર્વ શાસ્ત્ર કે કર્મનું પ્રયોજન વર્ણવામાં ન આવે ત્યાં સુધી તેઓ ઉપયોગ કે ગ્રહણ કોના વડે થાય એ નક્કી થઈ શકતું નથી.

**"सम्मति तर्क"**

**सर्वस्यैव हि शास्त्रस्य, कर्मणो वापि कस्यचित् ।**
**यावत् प्रयोजनं नोक्तं, तावत् तत् केन गृह्यते ॥१॥**

શ્રી આચાર્ય બુદ્ધિસાગરજી 'આત્મપ્રકાશ' ગ્રંથના પ્રયોજન વિશે જણાવે છે કે લોકો નિજના આત્મસ્વરૂપને ઓળખે એ ઉદ્દેશ્યથી આ ગ્રંથની રચના કરી છે.

દ્વિતીય આવૃત્તિની પ્રસ્તાવનામાં તેઓ ગ્રંથરચનાનો કાળ દર્શાવે છે. તેમણે પ્રસ્તુત ગ્રંથ દુહાઓના સ્વરૂપમાં કેસરિયાજીની યાત્રા દરમ્યાન રચ્યો હતો, ત્યાર બાદ પ્રાંતિજ ગામના શ્રાવકોની વિનંતીથી તેનું વિવેચન કરીને પ્રસિદ્ધ કર્યો. તેમણે આ ગ્રંથ અમદાવાદના દાતાર શ્રાવક શ્રી લલ્લુભાઈ રાયજીને અર્પણ કર્યો. અર્પણ પત્રિકામાં ગુરુદેવ, શ્રી લલ્લુભાઈની દાન ભાવના અંગે લખે છે :

"અમારા ઉપદેશથી અમદાવાદમાં તમારા નામે શેઠ લલ્લુભાઈ રાયજીએ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગની સ્થાપના કરી. (વિ.સં. ૧૯૬૨ આસો સુદી દશમે). તમોએ ગરીબોને હજારો રૂપિયા આપ્યા. દવા કરાવવામાં દર્દીઓને હજારો રૂપિયાની સહાય આપી. અનાથ ગરીબોને સહાય કરવામાં તમોએ લાંબા હાથ કરી દાન દીધું... ગરીબ જૈનોને તમોએ જેટલી સહાય કરી તેટલી બીજાએ ભાગ્યે કરી હશે. હિન્દુ મુસલમાન વગેરે દરેક ગરીબને આશ્રય આપવામાં ઉદાર હતા. શેઠે ખાનગીમાં હજારો રૂપિયાની સખાવત કરી છે. તેમને તત્ત્વજ્ઞાન આત્મજ્ઞાન ઉપર રુચિ હતી. તે અમારા ભક્ત શ્રાવક હતા. તેથી તેમના ગુણાનુરાગે તેમને આ પુસ્તક અર્પણ કરીને તેમના આત્માનું ભલું ઇચ્છવામાં આવે છે."

શેઠ લલ્લુભાઈની દાનવીરતા અનેક સદ્‌ગુણોથી યુક્ત હતી. તેઓ નામ કે કીર્તિના મોહ વગર દરેક જાતના દુ:ખી લોકોને તેમના દુ:ખદર્દ દૂર કરવામાં સહાય કરતા હતા. તેઓ ગુરુદેવના અનન્ય ભક્ત હતા. આ સર્વ ગુણોથી આકર્ષાઈને તેમના સ્વર્ગવાસ બાદ આ ગ્રંથ ગુરુદેવ તેમને અર્પણ કર્યો.

ગુરુદેવે રચેલા ૧૬૬ દુહાઓ ગુજરાતી ભાષામાં છે. તેમનું વિવેચન તેમણે 'સમ્મતિતર્ક'ના શ્લોકો, 'આવશ્યક સૂત્ર'ના શ્લોકો, પ્રશ્નોત્તરી, વાર્તાઓ, આનંદઘનજીનાં પદો, ઉપાધ્યાય યશોવિજયજીનાં સ્તવનો વગેરે દર્શાવીને ઘણી અસરકારક રીતે સમજાવ્યા છે.

'આત્મપ્રકાશ' ગ્રંથનો પ્રારંભ આચાર્યથી શ્રી વીરપ્રભુનું સ્મરણ કરીને કરે છે. પ્રથમ દુહામાં તેઓ સદ્ગુરુની ઉપાસના કરવાનું કહે છે. સાધુ ભગવંતની વિનયપૂર્વક ભક્તિ કરતાં તેમની પાસેથી જ્ઞાન મળે છે અને તે જ્ઞાન વડે સમક્તિ પ્રાપ્ત થાય છે.

**પરંપરાગમ પામીને, પાળે પંચાચાર ।**
**રજોહરણ મુખવસ્ત્રિકા, જૈનસૂત્ર અનુસાર ।।૧।।**

આ દુહો સમજાવવા માટે ગુરુદેવ દેવતાઓ દ્વારા થતી મુનિરાજોની વંદનાનું ઉદાહરણ આપે છે. દેવતાઓને મતિ, અવધિ અને શ્રુત જ્ઞાન હોય છે, પરંતુ તેમનામાં વ્યવહારથી ચારિત્ર અંગીકાર કરવાની શક્તિ હોતી નથી. તેથી તેઓ જે મનુષ્ય ચારિત્ર અંગીકાર કરે છે તેમને નમસ્કાર કરીને તેમની સ્તુતિ કરે છે. જો સાધુઓને ઇન્દ્રદેવો પણ નમતા હોય તો ગૃહસ્થો પણ નમસ્કાર કરે તો કંઈ આશ્ચર્ય ન કહેવાય. આત્માર્થી જીવોએ ગુરુ ભગવંતોની વિનયભક્તિ કરવી.

આ દુહાના વિવેચનમાં આચાર્ય બુદ્ધિસાગરજી વર્ણવે છે :

"ત્રણ જ્ઞાને યુક્ત એવા તીર્થંકર ભગવાન કે જેમને તે ભવમાં મુક્તિ જવાનું છે, એમ તે જાણે છે, છતાં વ્યવહાર ચરિત્ર અંગીકાર કરે છે, તો અન્ય ભવ્ય જીવોએ તે અવશ્ય વ્યવહારચારિત્ર અંગીકાર કરવું અને વ્યવહારચારિત્ર ધર્મ અંગીકાર કરનાર મુનિરાજની સેવાચાકરી કરવી. જે કોઈ વ્યવહાર સાધુ થવા રૂપ વ્યવહારનું ઉત્થાપન કરે છે તે તીર્થનો ઉચ્છેદ કરી, મહામોહનીય કર્મ સમુપાર્જન કરે છે. માટે આત્માર્થી જીવોએ સુસાધુનું બહુમાન કરવું અને સાધુપદ અંગીકાર કરવાની ચાહના કરવી. સંસારને બંધનરૂપ માનવો."

તીર્થંકર પ્રભુ તેમની એ ભવમાં મુક્તિ નિશ્ચિત છે એમ જાણવા છતાં પણ ચારિત્ર અંગીકાર કરે છે માટે મનુષ્યે સાધુ-સાધ્વીનું બહુમાન કરવું. ગૃહસ્થાવસ્થામાં મનુષ્ય માટે ઉપાધિરહિત રહેવું ઘણું કઠિન છે માટે સંસારને બંધનરૂપ માનીને એના ત્યાગની ભાવના ભાવવી. આત્મધ્યાની મનુષ્યો કદી સાધુ માર્ગનો નિષેધ કરતા નથી.

સર્વજ્ઞ પ્રભુએ બે માર્ગની પ્રરૂપણા કરી છે : (૧) શ્રાવક ધર્મ અને (૨) સાધુ ધર્મ. તે બંનેને આત્મધ્યાની મનુષ્યોએ સત્ય માનીને સદ્ગુરુની ઉપાસના કરવી જોઈએ અને ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં લીન રહેવું જોઈએ. મુનિરાજો સંસાર-ત્યાગી હોવાથી તેમને આત્મધ્યાન માટે ઘણો સમય મળતો હોવાથી ધર્મધ્યાનમાં પ્રવૃત્ત રહે છે.

આત્મજ્ઞાની સાધુઓ દ્રવ્યાનુયોગના જ્ઞાનથી આત્મધ્યાન કરે છે અને ચરણકરણાનુયોગથી બાહ્ય આચારમાં તત્પર રહે છે. ગુરુદેવ બુદ્ધિસાગરજી મુનિરાજોની આત્મધ્યાનની પ્રરૂપણા તથા બાહ્યાચાર વિશે નીચેના દુહામાં વર્ણવતાં લખે છે :

દ્રવ્યાનુયોગે કરી, કરતા આતમધ્યાન ॥
ચરણાનુયોગે કરી, બાહ્યાચાર વિધાન ॥૩॥

★ ★ ★

વેષ ગ્રહેથી શું હુવે, અંતર નહિ ઉપયોગ ।
અંતર ઉપયોગી મુનિ, પામે નિજગુણ ભોગ ॥૫॥

ઉપરોક્ત દુહાઓ ગુરુદેવ ષડ્દ્રવ્યના પ્રકારો આપીને સમજાવે છે. ષડ્દ્રવ્યો આ પ્રમાણે છે : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાળ અને જીવ. એમાં તેઓ પુદ્ગલાસ્તિકાય વિગતવાર સમજાવે છે. આત્મા રાગ અને દ્વેષના જે વિચારો કરે છે તે કર્મરૂપ પુદ્ગલ સ્કંધોને પોતાના પ્રદેશોની સાથે ગ્રહણ કરે છે. આત્મા જેવા શુભ-અશુભ વિચારો કરે છે તેવાં જ કર્મો તે ગ્રહણ કરે છે. આ પ્રમાણે ષડ્દ્રવ્યનું જ્ઞાન સાત નયથી આત્મજ્ઞાનીઓએ કરવું જોઈએ.

શ્રી બુદ્ધિસાગરજી આત્મજ્ઞાનીઓની આત્મધ્યાનની પ્રવૃત્તિ વિશેના દુહાઓને સમજાવતાં વર્ણવે છે :

"'દ્રવ્યાનુયોગે કરી કરતા આત્મધ્યાન' આ પ્રથમ વાક્યાર્થથી એમ સૂચવ્યું છે કે દ્રવ્યાનુયોગના જ્ઞાન વિના, આત્મધ્યાન થઈ શકતું નથી. આત્માર્થી પુરુષો દ્રવ્યાનુયોગથી આત્મધ્યાન કરે છે અને ચરણાનુયોગ દ્વારા ચારિત્રમાર્ગનું સમ્યગ્ રીતિનું પરિપાલન કરે છે. વ્યવહારચારિત્ર અંગીકાર કરી, ચારિત્રમોહનીય કર્મનો પરાજય કરવા ભવ્ય પુરુષો સદાકાળ પ્રયત્ન કરે છે."

આ પ્રમાણે ગુરુદેવ બુદ્ધિસાગરજીએ ૩, ૪ અને ૫ દુહાઓનું વિવેચન બાવીસ પૃષ્ઠોમાં કર્યું છે. ધ્યાની પુરુષો ષડ્દ્રવ્યોનો વિચાર કરીને જીવને મોહનીય કર્મમાંથી બચાવે છે. તેઓ પોતે કોઈ કાર્યમાં નિમિત્ત બનતાં નથી. તેઓ આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે યોગ્ય આચારોનું સેવન કરીને પોતાના આંતરમનને જાગૃત કરે છે.

શ્રી આનંદઘનજી મહારાજનું પદ દર્શાવીને આ દુહાઓનો અર્થ સમજાવતાં શ્રી બુદ્ધિસાગરજી વર્ણવે છે :

"જે ભવ્યમુનિ, વેષ ધારણ કરી, આત્મોપયોગમાં વર્તે છે તે મુનિનો દ્રવ્ય વેષ ઉપયોગી છે. શ્રી આનંદઘનજી મહારાજ પણ કહે છે કે

'આત્મજ્ઞાની શ્રમણ કહાવે, બીજા તો દ્રવ્યલિંગી રે'

આ વાક્યથી આત્માજ્ઞાનોપયોગી મુનિ કહ્યા છે એવા આત્મજ્ઞાની મુનિ સ્વસ્વરૂપના ભોગી બને છે."

જે મુનિઓ મનની આંતરદશા પર લક્ષ આપ્યા સિવાય ફક્ત બાહ્યાચરણ પર લક્ષ આપે છે તેઓ જીવનના ધ્યેયને પામી શકતા નથી. તેથી મુનિઓ-આત્મજ્ઞાનીઓએ આત્માની શક્તિઓ

ખીલવવા માટે મિથ્યા મોહ, લોભ અને અહમ્‌વૃત્તિનો ત્યાગ કરીને શુદ્ધ આચરણ થકી મનને તાબે કરવું જોઈએ.

જીવ અજ્ઞાનવશ અહમ્‌વૃત્તિના તોરમાં ૮૪ લાખ જીવયોનિમાં ભટક્યા કરે છે. મનુષ્ય ભવ, તિર્યંચ ભવ, નારકી દેવતા, નિગોદના જીવ એમ અસંખ્ય ભવ કરે છે. સ્ત્રી, ધન, પુત્ર, સુખની આશામાં ગળાડૂબ રહે છે અને બહુમૂલ્ય આયુષ્ય ગુમાવે છે. આશા વિશેના પદમાં શ્રી બુદ્ધિસાગરજી વર્ણવે છે.

**આશાથી આધીનતા, સુખ તો મળે ન લેશ ।**
**અહંવૃત્તિ સંસારતા, ટળતાં શું અવશેષ ॥૨૮॥**

"આશા હંમેશાં ઠગારી નીવડે છે. ક્ષણિક સુખની આશામાં મનુષ્ય હરહંમેશ સુખ દેનાર આત્મસ્વરૂપને વિસારે છે. આત્મસુખ મેળવવા તે બિલકુલ પ્રયત્ન કરતો નથી. તે ગીતાર્થ ગુરુઓના વચનનું શ્રવણ પણ કરતો નથી. તે ફક્ત સુખની આશામાં બીજાની ગુલામી કર્યા કરે છે - કદી સ્ત્રીની તો કદી માલિકની - પરંતુ અંતે તેને દુઃખ જ પ્રાપ્ત થાય છે. પણ જો મનુષ્યને આત્મજ્ઞાન થાય તો બાહ્ય પરપુદ્‌ગલ વસ્તુમાં મોહાંધ થઈને સુખ શોધવાને બદલે અંતરમાં સુખના ખજાનાને શોધે છે."

ગુરુદેવ બુદ્ધિસાગરજી આશા-તૃષ્ણાના દુહાનું વિવેચન શ્રી આનંદઘનજીનાં પદો, સંત કબીરના દુહાઓ અને યશોવિજયજી ઉપાધ્યાયના સ્તવનની કડીનો ભાવાર્થ સમજાવીને કરે છે. બુદ્ધિસાગર ગુરુ આશાના યોગે કરાતી જીવની સંકલ્પ-વિકલ્પની સ્થિતિ વિશે શ્રી આનંદઘનજીનું પદ આપે છે :

**"આશા મારી આસન ઘરઘરમેં, અજપાજાપ જપાવે ।**
**આનંદઘન ચેતનમય મૂર્તિ, નાથ નિરંજન પાવે ॥"**

જે વસ્તુઓની આશા રાખવામાં આવે છે, તે વસ્તુઓ સર્વ પ્રાપ્ત થાય એવો કોઈ નિયમ નથી. તેમ તે વસ્તુઓથી સુખ પણ થતું નથી એમ અનુભવથી જોવામાં આવે છે. આશારૂપ દાસીના પ્રેમથી ફસાયેલા આ જીવે અનેક શરીરો ધારણ કરી, અનેક સંકટો વેઠ્યાં તો પણ હજુ તેને કોઈ સુખ પ્રાપ્ત થયું નહિ અને થનાર પણ નથી. માટે ભવ્ય જીવોએ આશાથી દૂર રહેવું.

નિત્ય પરિવર્તન પામતી આ સંસારની પૌદ્‌ગલિક વસ્તુઓમાં જે જીવ મોહ કે પોતાપણું કલ્પતો નથી તે સુખી છે. જે જીવ 'મારું' 'મારું' કરે છે તે જીવ તે પ્યારી વસ્તુના વિયોગથી દુઃખી થાય છે. જેમ પાણી વલોવતાં કદી માખણ નીકળતું નથી તેમ આશાના સંગથી કોઈ જીવ સુખી થતો નથી.

આચાર્ય બુદ્ધિસાગરજી જીવની આશા-તૃષ્ણા વિશે કબીરજીના પદનું ઉદાહણ આપે છે :

**"માયા મરી ઔર મન મરે, મર મર ગયે શરીર ।**
**આશા તૃષ્ણા ના મરી, લિખ ગયે દાસ કબીર ॥૧॥"**

ભક્ત કબીર આશા વિશે કહે છે કે મનુષ્યનું શરીર ભલે મૃત્યુ પામે પણ તેની ઈચ્છાઓનો અંત નથી. પરંતુ જો તે આશાનાં બંધનો છોડે તો સાચું સુખ મેળવવા ભાગ્યશાળી થાય છે.

આચાર્ય બુદ્ધિસાગરજી મનુષ્યજીવની મારાપણાની વૃત્તિ સમજાવવા શ્રી ઉપાધ્યાય યશોવિજયજીનું પદ દર્શાવે છે :

**હું એનો એ માહરો, એ હું એણી બુદ્ધિ ।**
**ચેતન જડતા અનુભવે, ન વિમાસે શુદ્ધિ ।**
**આતમતત્ત્વ વિચારીએ ।**

મનુષ્ય જ્યારે આશા કે ઈચ્છાના વશમાં હોય છે ત્યારે બહિરાત્મભાવ યોગે અન્ય વસ્તુમાં અહમ્‌વૃત્તિ જાગે છે તેથી તે પોતાનું શુદ્ધ સ્વરૂપ અનુભવી શકતો નથી.

ગુરુદેવ બુદ્ધિસાગરજી યશોવિજયજીનાં ઉપરોક્ત પદનું વિવેચન કરતાં જણાવે છે :

"હું એનો અને એ મારો, એવી બુદ્ધિથી ચેતન જડતા એટલે બહિરાત્મ પદ અનુભવે છે અને તેની બહિરાત્મ બુદ્ધિથી આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ અનુભવી શકતો નથી. માટે આત્મતત્ત્વની વિચારણા કરવી કે જેથી પરમાં થતી અહંવૃત્તિ ટળે, અહંવૃત્તિથી જ સંસારમાં પરિભ્રમણ થયા કરે છે."

આશારૂપ અંકુરને ખતમ કરવા માટે જ્ઞાનીજનોની સેવા, મુનિઓની ચરણવંદના અને સંસાર ત્યાગ કરવો જોઈએ. સંસારમાં પરોપકારનાં કાર્યો પણ ફળની આશા રાખ્યા વગર કરવાં તો જ આત્મા સુખ અનુભવે છે. મનુષ્યનો બહિરાત્મભાવ અધ્યાત્મજ્ઞાન વડે ઓછો થયો છે અને તેનામાં સમ્યક્‌જ્ઞાન આવે છે કે તેનો આત્મા જડ અને ચૈતન્યનાં લક્ષણોને અલગ પારખી શકવા શક્તિમાન બને છે.

નીચેના દુહામાં ગુરુદેવ દર્શાવે છે કે મનુષ્ય જો અહમ્‌વૃત્તિથી આચ્છાદિત રહે તો પોતાની આત્મિક શક્તિઓ ખીલવી શકતો નથી, પરંતુ જો તે અહમ્‌વૃત્તિનો ત્યાગ કરે તો પરમાત્મપદ મેળવી શકે છે :

**અહંવૃત્તિ આચ્છાદતી, અંતર નિજગુણશક્તિ ।**
**અહંવૃત્તિતા જો ટળે, પરમાત્મપદ વ્યક્તિ ॥૪૭॥**

અજ્ઞાની જીવ સાંસારિક પદાર્થોને પોતાના કલ્પીને તેમાં જ અહમ્‌વૃત્તિ ધારણ કરીને રચ્યાપચ્યા રહે છે. તેને તેનું સત્ય સ્વરૂપ મૃત્યુ પછી ઓળખાય છે, ત્યારે તે પશ્ચાત્તાપ કરે છે. મનુષ્યભવ દુર્લભ હોવાથી જ્યારે તે ફરી અવતાર લે છે ત્યારે એ જ ભૂલો કરે છે. આમ, તે જન્મ-મરણના ફેરામાં અટવાયા કરે છે. આત્માના અનંત ગુણો અનાદિકાળથી શક્તિરૂપે છે પણ કર્માવરણને લીધે વ્યક્ત થતા નથી. જેવું આત્મા પરથી કર્મનું આવરણ દૂર થાય છે, આત્માની અનંત રિદ્ધિ પ્રગટ થાય છે.

ગુરુદેવ આત્માની નિર્વિકાર ઉપાધિરહિત સ્થિતિનું વિવેચન કરતાં ઉપાધ્યાય યશોવિજયનું પદ વર્ણવે છે :

**જે જે અંશે રે નિરુપાધિકપણું, તે તે જાણે રે ધર્મ;**
**સમ્યક્‌દષ્ટિ રે ગુણ ઠાણા થકી, જાવ લહે શિવશર્મ.**

આત્મામાં જેટલી ઉપાધિ વગરની સ્થિતિ હોય છે, અને અહંવૃત્તિના નાશની અવસ્થા આવે છે કે તેમાં ધર્મની પ્રગટતા થાય છે. આત્માની શુદ્ધિ જ્ઞાનપયોગવાળી નિર્વિકલ્પ અવસ્થા થતાં જ કર્મનું આવાગમન થતું નથી અને ત્યારે આત્મામાં અનંતશક્તિઓ સ્ફુરે છે.

આચાર્યશ્રી પ્રભુના ઉપદેશકો પ્રભુ જેવા જ હોય છે અને તે બાબત જ્ઞાનથી કળાય છે એમ નીચેના દુહામાં તેઓ વર્ણવે છે :

**દર્શન શ્રી જિનવરનું કથ્યું, અધુના તે છેદાય ।**
**ઉપદેશક પણ તેહવા, કલિયુગનો મહિમાય ॥૩૯॥**

ઘણી વ્યક્તિઓ સાધુ-સાધ્વી દ્વારા કથાયેલો ઉપદેશને ગ્રહણ કરવા તૈયાર હોતા નથી. આ દુહો સમજાવવા આચાર્યશ્રી કલ્પસૂત્રમાંથી શ્રી વીરપ્રભુનો ઉપદેશ પ્રશ્નોત્તર દ્વારા વર્ણવે છે કે :

"પ્રશ્ન : હાલના કાળમાં સાધુપણું છે, એવું કયા સૂત્રમાં પ્રતિપાદન કર્યું છે ?

ઉત્તર : હે ભદ્રકભવ્ય, સાંભળ શ્રી કલ્પસૂત્રમાં કહ્યું છે કે -

(ગાથા) **जो भणई नथ्थिधम्मो, न य सामाइय न चेव वयाई,**
**सो समणसंघवझो, काय व्वो समण संघेण.**

જે એમ કહે કે, ધર્મ નથી, પંચ મહાવ્રત હાલ નથી, એમ કહેનાર ઉત્સૂત્ર ભાષકને શ્રમણ સંઘથી બહિષ્કૃત કરવો. શ્રી ભગવતી સૂત્રમાં કહ્યું છે કે "હે ગૌતમ ! મારું શાસન એકવીસ હજાર વર્ષ સુધી રહેશે અને ત્યાં સુધી સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘ બન્યો રહેશે."

કોઈ સાધુ રાગદ્વેષ કરે છે માટે એ સાધુ તરીકે સારો નથી એમ કહેવું તદ્દન અયોગ્ય છે. તેરમા ગુણ સ્થાનકે બિલકુલ રાગદ્વેષ હોતાં નથી. કેવલજ્ઞાનીઓ રાગદ્વેષરહિત હોય છે. હાલના સમયમાં છઠ્ઠા અને સાતમા ગુણ સ્થાનક સુધી જ જઈ શકાય છે. પ્રસન્ન ચંદ્રરાજર્ષિને પણ સાધુ અવસ્થામાં ક્રોધ થયો હતો તે સમયે જો તેમનો જીવ જાત તો તેઓ નરકમાં ગતિ કરત; પરંતુ તેઓ પાછા ધર્મધ્યાનમાં મન વાળી લેતાં અંતે કેવલજ્ઞાન પામ્યા. માટે દરેકનું સ્વરૂપ સાત નયથી કરવું જોઈએ. એકાંત નયથી હંમેશાં મિથ્યાત્વની વૃદ્ધિ થાય છે માટે હંમેશાં વ્યવહાર નય અને નિશ્ચય નય માનીને કાર્ય કરવું જોઈએ. વ્યવહારનયનો ઉચ્છેદ તીર્થનો ઉચ્છેદ છે. પુસ્તક વાંચવાં, ગુરુદર્શન કરવાં, સ્તવન ગાવાં, ધ્યાન કરવું પ્રભુપૂજા કરવી વગેરે સર્વ વ્યવહાર કરવા જોઈએ.

સાધુ અને શ્રાવકનો ભેદ દર્શાવતાં આચાર્યશ્રી નીચેના દુહાઓ નિરૂપે છે :

**સર્ષવ સુરગિરિ જેવડો, શ્રાવક યતિમાં ફેર,**
**કરો ન નિંદા સાધુની, કરતાં ભવ અંધેર...૧૦૭**
**શ્રાવક બાહ્યોપધિમાં, વર્તે છે નિશદિન,**
**વિરતિ છે તસ દેશથી, પ્રાયઃ પરમાં લીન...૧૧૦**
**ધર્મધુરંધર સાધુ છે, સંમતિ પંચમકાલ,**
**નમો નમો મુનિવર સદા, હોવે મંગળમાળ...૧૧૧**

આ દુહાઓમાં શ્રાવક અને સાધુ વચ્ચેનું અંતર શ્રી બુદ્ધિસાગરજી બતાવે છે. તેઓ શ્રાવકને સરસવના દાણા અને સાધુને મેરુ પર્વત સાથે સરખાવીને બંનેનો તફાવત દર્શાવે છે. શ્રાવક ગૃહસ્થાવાસમાં સ્ત્રી, પુત્ર, ધનની મોહજાળમાં બંધાયેલો હોય છે.જ્યારે પંચાચાર પાલક મુનિરાજો ગૃહસ્થાવેશનો ત્યાગ કરીને જ્યાંથી જે નિર્દોષ આહાર મળ્યો તે વાપરીને જ્ઞાન-દર્શન-ચારિત્રથી આત્મગુણને સાધે છે તથા તેઓ ધર્મધુરંધર હોય છે. શ્રાવકો હંમેશાં ઉપાધિમાં ગરકાવ થયેલા જોવા મળે છે.

આ દુહાઓનું વિવેચન કરતાં તેઓ સુસાધુઓને અલગ અલગ ઉપમાઓ જેવી કે સર્પ, અગ્નિ, પર્વત, સમુદ્ર, આકાશ, વૃક્ષો, ભ્રમર, પૃથ્વી અને કમલની આપે છે. આ દરેકના સાત ગુણો સાથે તેઓ મુનિરાજોની સરખામણી કરે છે. આ ઉપમાઓ દ્વારા તેઓ સાધુઓની મહાનતા, કર્તવ્યપરાયણતા, ગંભીરતા, સહનશીલતા, ક્ષમાધારકતા વગેરે ગુણો દર્શાવીને તેઓ શ્રાવકો કરતાં કેટલા બધા ઉચ્ચ છે તે બતાવે છે. આવા ઉપકારી શિરદાર સદ્‌ગુરુને નમન કરતાં સર્વત્ર મંગળ વર્તાય છે.

ગુરુદેવ મનુષ્યને સદ્‌ગુરુની સેવનાથી અનંત ભવનાં પાપ નાશ પામે છે એમ સમજાવે છે. ગુરુનું વિનયથી આરાધના કરતાં આત્મા ચૈતન્ય સ્વરૂપનો ભોક્તા થઈને મોક્ષ મેળવે છે. ચૈતન્ય સ્વરૂપ રામ દરેકના આત્મામાં વસે છે અને એ આત્મામાં પરમાત્મા થવાની શક્તિ છે એમ ગુરુદેવ વર્ણવે છે. મનુષ્ય શુભ-અશુભ વસ્તુમાં ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ સ્થાપીને સુખ-દુઃખ જાતે જ ઉપાર્જન કરે છે.

ગુરુદેવ મનુષ્યની ઇષ્ટ-અનિષ્ટ બુદ્ધિ વિશે નિરૂપે છે :

"આજદિન પર્યંત શુભ વસ્તુમાં અને અશુભ વસ્તુઓમાં ઇષ્ટાનિષ્ટ બુદ્ધિની દૃષ્ટિ સ્થાપી તેને ધ્યેય રૂપે કરી પુણ્ય પાપનું ઉપાર્જન કરી, ચાર ગતિમાં તેનાં ફળો ભોગવ્યાં. હવે તેવી ઇષ્ટાનિષ્ટ કલ્પેલી વસ્તુઓ ઉપર બાહ્યા દૃષ્ટિ સ્થાપી ધ્યેય રૂપે કરવાનું પરિહરીને અન્તર્યામી અસંખ્ય પ્રદેશી-આત્મ ઉપર દૃષ્ટિ સ્થાપી, તેના સ્વરૂપને ધ્યેયરૂપે કરો."

માનવી જ્યારે રોગી હોય કે દુઃખી હોય ત્યારે 'હું રોગી છું' કે 'હું દુઃખી છું' એવી ખરાબ ભાવના કરે છે. રોગ, શોક કે દુઃખ આત્માના ગુણો નથી. આવી દૂષિત ભાવનાને પરિણામે એ આત્મસ્વરૂપથી વિમુખ થાય છે તથા તેનામાં વ્યાપ્ત અનંત શક્તિશાળી આત્મસત્તાનો લોપ થાય

છે. પરંતુ જો મનુષ્ય 'હું અનંત દર્શન ચારિત્રમય છું' એવી સતત ભાવના કરે અને 'આત્મા જ પરમાત્મા સ્વરૂપ છે' એવું ચિંતવે તો અનંત સુખનો પ્રકાશ તેનામાં ઉદ્ભવે છે. માનવીએ આ પ્રકારની શુદ્ધ પરિણતિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન હંમેશાં ચાલુ જ રાખવો તથા જ્યારે પણ સમય મળે ત્યારે પોતાના આત્મસ્વરૂપનું ધ્યાન કરવું જોઈએ, કારણ કે આત્માની ઉચ્ચ દશા એક ક્ષણમાં પણ થઈ શકે.

ગુરુદેવ બુદ્ધિસાગરજી ધ્યાન અને જપ કરવા માટે 'सोहं' શબ્દનો જાપ કરવાનું વર્ણવે છે. મનમાં નિરંતર 'सोहं' શબ્દનો જાપ કરવાથી મનુષ્ય પરમાત્મ પદ પ્રાપ્ત કરી શકે છે. જપ ધ્યાન કેવી રીતે કરવું તેની સાદી સમજણ આપતા તેઓ વર્ણવે છે :

"તમે સારા આસન પર બેસો. अर्हं વા ૐ કાર વા ઇષ્ટ ગુરુદેવનું સ્મરણ પ્રારંભમાં કરો. પ્રથમ ડાબી નાસિકા એટલે ઈડાથી ધીરેધીરે ઉદરમાં પ્રાણવાયુ ભરવો, અને પશ્ચાત્ તેને સ્થિર કરવો, પશ્ચાત્ જમણી નાસિકાથી એટલે પિંગળાથી પ્રાણવાયુને હળવે હળવે બહાર કાઢવો. એક મિનિટનો કુંભક થાય એટલે પ્રાણાયામની સિદ્ધિ થઈ ગણાય. સવાર, સંધ્યા ને મધ્યાહ્ન એમ ત્રણે કાલ એંશી એંશી પ્રાણાયામ કરો." પ્રાણાયામની રીત દર્શાવ્યા બાદ ગુરુદેવે એનાથી થતા ફાયદાઓ વિશે દર્શાવ્યું છે.

તેઓ આત્મા સાથે કર્મબંધની યથાર્થતા દર્શાવવા 'ભગવદ્ગીતા'માં આવતા 'પ્રારબ્ધકર્મ' અને 'સંચિતકર્મ'ની ચર્ચા કરે છે. આત્માનું સાચું સ્વરૂપ તેઓ ષડ્દ્રવ્ય, સપ્તનય અને ચતુર્ભંગીના પર્યાયો દ્વારા વિગતવાર સમજાવે છે. ચતુર્ભંગી એટલે નિત્ય અને અનિત્ય પક્ષમાંથી ઉત્પન્ન થતી ચાર પ્રકારના વિકલ્પ વિચાર જે નીચે મુજબ છે :

(૧) જેનો આદિ અને અંત નથી તેને અનાદિ અનંત કહે છે.

(૨) જેને આદિ નથી અને અંત છે તે અનાદિ સાંત છે.

(૩) જેની આદિ અને અંત છે તે આદિ સાંત છે.

(૪) જેની આદિ છે પણ અંત નથી. સાદી અનંત ભંગ કહેવાય છે.

ગુરુદેવ જીવ અને કર્મબંધની છણાવટ વિગતવાર કર્યા બાદ અંતમાં છ દુહાઓમાં ગુરુકૃપા અને શ્રી મહાવીરનો ઉપકાર યાદ કરીને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથને સહાય કરવા વિનંતી કરે છે. ગ્રંથની પૂર્ણાહુતિ તેમણે ધુલેવા નગરમાં કરી હતી. તેઓ કેસરિયાનાથ ઋષભદેવને પણ નમન કરીને સેવક પર મહેર વરસાવવા વિનંતી કરે છે.

ગ્રંથરચનાનો પ્રારંભ તેમણે ઈડરમાં સંવત ૧૯૬૨ માં કર્યો હતો અને કેસરિયાજીમાં રૂપવિજયજી મહારાજની દેરીની ઉપરની ટેકરીમાં બાકીની રચના પૂર્ણ કરી. ગ્રંથને અંતે તેમણે આપેલી સંસ્કૃત પ્રશસ્તિમાં ૧૮ શ્લોકો છે જેમાં ગુરુ પરંપરા તથા ધરણેન્દ્ર દેવ અને માતા પદ્માવતીનો શાંતિમંત્ર છે.

## (૧૭) તત્ત્વ વિચાર

શ્રીમદ્ આચાર્ય બુદ્ધિસાગર મહારાજ સાહેબે 'તત્ત્વ વિચાર' ગ્રંથ પાદરા ગામના શ્રાવકોના હિતાર્થે ત્યાં રચ્યો હતો. આ ગ્રંથની શરૂઆત તેઓ શ્રી મહાવીર પ્રભુને નમસ્કાર કરીને કરે છે. પ્રથમ તેઓ સંક્ષિપ્તમાં શ્રાવકોના આચાર અને ફરજ વિશે કહે છે.

જ્યારે એકવીસ ગુણધારી શ્રાવક જિનઆજ્ઞા અનુસાર વર્તે છે ત્યારે તેની આચારસંહિતા કેવી હોવી જોઈએ તે સમજાવતાં તેઓ કહે છે કે -

"રાત્રીના પાછલા પહોરમાં શ્રાવકોએ જાગી જવું જોઈએ. નવકારમંત્રનું સ્મરણ કરીને નાસિકામાં જે તરફથી નાડી વહેતી હોય તે પગ પ્રથમ ધરતી પર મૂકી સાચવીને શય્યામાંથી શ્રાવકે ઉઠવું જોઈએ. તે સમયે કોઈને બોલાવવા હોય તો ધીરે સાદે બોલાવવા જેથી બીજાને ખલેલ ન પહોંચે. દેહશુદ્ધિ કરીને કપડાં બદલીને તેણે જાપ કરવા જોઈએ. નાહી ધોઈ શુદ્ધ વસ્ત્ર પહેરીને દેરાસર જવું ત્યાં અષ્ટ પ્રકારી પૂજા કરવી અને ગુરુસેવા તથા ધર્મ સાંભળવો.

શ્રાવકે ધર્મ નીતિથી દ્રવ્ય ઉપાર્જન કરી વ્યાપાર કરવો. ભોજન પોતાના બાંધવો સાથે કરવું. ભોજન કરતાં વચમાં પાણી પીવું એ અમૃત સમાન છે. જમ્યા પછી ડાબે પડખે પંદર મિનિટ સૂવું સ્વાસ્થ્ય માટે ઘણું ઉત્તમ છે. તેણે રાજ્ય વિરુદ્ધ, ધર્મ વિરુદ્ધ કોઈ પણ વ્યાવહારિક કાર્ય કરવું નહિ. આવક કરતાં કોઈ પણ વધુ ખર્ચ કરવો નહિ. ઘરે સાંજનું ભોજન લઈ રાત્રે પ્રતિક્રમણ કરી પછી નિદ્રાધીન થવું. પર્વ તિથિએ દાન, તપસ્યા, પોષહ, સ્વાધ્યાય વગેરે ખાસ કરવું."

ગુરુજી શ્રાવક આચાર કે શ્રાવકની દિનચર્ચા સંક્ષિપ્તમાં કહીને તત્ત્વવિચાર ગ્રંથની શરૂઆત ત્રેવીસમા પાર્શ્વનાથ દોહાથી કરે છે.

**પુરિસાદાણી પાર્શ્વનાથ, ત્રેવીસમા સુખકાર**
**પદ પંકજ નમી તેહના વલી સદ્ગુરુ જયકાર...(૧)**

નવ તત્ત્વ વિશે સમજાવતાં તેઓ કહે છે કે તત્ત્વ નવ છે :

| | | |
|---|---|---|
| (૧) જીવ | (૨) અજીવ | (૩) પુણ્ય |
| (૪) પાપ | (૫) આસ્રવ | (૬) સંવર |
| (૭) નિર્જરા | (૮) બંધ | (૯) મોક્ષ |

**૧. જીવ તત્ત્વ :** જીવ તત્ત્વના બે પ્રકાર છે :

(૧) મુક્તિના જીવો (૨) સંસારી જીવો.

**(૧) મુક્તિના જીવો :** મુક્તિના જીવો આઠ કર્મથી મુક્ત થઈને મોક્ષ સ્થાનમાં બિરાજતા હોય છે.

(૨) **સંસારી જીવો :** સંસારી જીવો આઠ કર્મથી યુક્ત હોય છે. તેના ખાસ બે પ્રકાર છે : (i) સ્થાવર અને (ii) ત્રસ. એકેન્દ્રિય જીવના પાંચ ભેદ છે :

(ક) **પૃથ્વી કાય :** સિંધવ, સાજી, સ્ફટિક, રત્ન, પરવાળાં, સોનું, રૂપું, તાંબું.

(ખ) **અપ કાય :** કૂવાનું પાણી, આકાશથી પડેલું પાણી, ઓસ, કરા વગેરે.

(ગ) **તેઉ કાય :** અગ્નિકાયના જીવો, અંગાર, ઉલ્કાપાત, જવાલા વગેરે.

(ઘ) **વાયુ કાય :** વંટોળિયો, વાયરો, ગુંજારવ કરતો વાયુ વગેરે.

(ઝ) **વનસ્પતિ કાય :** સાધારણ અને પ્રત્યેક અનંત જીવો. વચ્ચે એક શરીર હોય તેવી સાધારણ વનસ્પતિ : કંદ, બહાર નીકળેલી કૂંપળો, ગાજર, સેવાળ, લીલી હળદર, લીલું આદુ, થોર વગેરે.

**પ્રત્યેક વનસ્પતિ** - આંબો, લીમડો, રાયણ, વડ વગેરે.

**(ii) ત્રસ :** જીવના ચાર ભેદ છે. બે ઇન્દ્રિય, તે ઇન્દ્રિય ચૌરિન્દ્રિય, પંચેન્દ્રિય.

**બે ઇન્દ્રિય :** જે જીવને સ્પર્શ અને જીભ બે જ ઇન્દ્રિય હોય તેને બે ઇન્દ્રિય જીવ કહેવાય છે.

જેમ કે મોટા-નાના શંખ, કોડી, મોટા કૃમિ, જળો ઇળસિયાં તથા વાસી રોટલીમાં ઉત્પન્ન થતા જીવ.

**તે ઇન્દ્રિય :** આ જીવને સ્પર્શ, જીભ અને પગ હોય છે. કીડીઓ, ઊધઈ, કાનખજૂરા, ઈયળ, કંથુઆ વગેરે.

**ચૌરેન્દ્રિય :** વીંછી, બગાઈ, ભમરા, માખી, ડાંસ, મચ્છર, પતંગ, તીડ વગેરે. ચૌરેન્દ્રિય કહેવાય છે.

**પંચેન્દ્રિય :** આ જીવના ચાર ભેદ છે :

(અ) દેવતા, (બ) મનુષ્ય, (ક) તિર્યંચ, (ડ) નારકી.

૧. **દેવતા :** દેવતાઓ ચાર પ્રકારના હોય છે.

(अ) વૈમાનિક (ब) ભુવન પતિ

(क) વ્યંતર (ड) જ્યોતિષી

(अ) **વૈમાનિક :** તેઓ તેમના દેવ વિમાનમાં દેવલોકમાં રહે છે.

(ब) **ભુવન પતિ :** દેવોના ભુવન જંબુદ્વીપ જેટલા મોટા હોય છે.

(क) **વ્યંતર :** આ દેવોના પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિન્નર, કિંપુરુષ, મહારોગ અને ગંધર્વ એમ આઠ ભેદ છે.

(ड) **જ્યોતિષી :** ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ જ્યોતિષી દેવો છે.

(બ) **મનુષ્ય :** મનુષ્યનાં કર્મભૂમિ, અકર્મ ભૂમિ અને અંતરદ્વીપ મળીને ૩૦૩ ભેદ છે. (પ્રકાર)

(ક) **તિર્યંચ :** જળચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ અને ભુજ પરિસર્પ વગેરે.

(૧) **જળચર :** માછલાં, મગર, કાચબા, ગ્રાહજંતુ વગેરે.

(૨) **સ્થળચર :** ગાય, ભેંસ કૂતરો, બિલાડી, ઊંટ વગેરે.

(૩) **ખેચર :** કાગડા, ચકલી, મેના હંસ વગેર.

(૪) **ઉરપરિસર્પ :** સર્પ વગેરે.

(૫) **ભુજ પરિસર્પ :** નોળિયો, ખિસકોલી વગેરે.

(ડ) **નારકી :** નરક ગતિ (ખરાબ દશા) ભોગવતા જીવોને કહે છે.

૨. **અજીવ તત્ત્વ :** અજીવ તત્ત્વના મુખ્ય પાંચ ભેદ છે :

(૧) **ધર્માસ્તિકાય :** ધર્માસ્તિકાયનો ચલન સ્વભાવ ગુણ છે. જેમ માછલીના સંસારનું અપેક્ષા કારણ પાણી છે. તેમ જીવને તથા પુદ્‌ગલને ગતિપણે પરિણમતાં જે અપેક્ષાકારણ હોય એને ધર્માસ્તિકાય કહે છે. તેના વડે જ જીવ અને પુદ્‌ગલ ચાલે છે.

(૨) **અધર્માસ્તિકાય :** જેમ પક્ષીને આશરો લેવા માટે વૃક્ષને છાયા અપેક્ષા કારણ છે તેમ જીવ તથા પુદ્‌ગલને સ્થિતિપણે પરિણમતાં જે અપેક્ષા કારણ હોય એટલે કે સ્થિર રાખવાનો જે સહજ ગુણ હોય તેને અધર્માસ્તિકાય કહે છે.

(૩) **આકાશાસ્તિકાય :** લોકાલોકવ્યાપી શબ્દ, રૂપ, રસ, ગંધ તથા સ્પર્શરહિત અરૂપી અનંત પ્રદેશી અને સાકરને દૂધની જેમ જેનો અવકાશ સ્વભાવ ગુણ છે તેને આકાશસ્તિકાય કહે છે. જીવ તથા પુદ્‌ગલને આકાશાસ્તિકાય તે અવગાહના ગુણદાન આપે છે.

(૪) **પુદ્‌ગલાસ્તિકાય :** ખંધ, દેશ, પ્રદેશને પરમાણુ એ ચાર ભેદ પુદ્‌ગલ દ્રવ્યના છે. સચિત્ત, અચિત્ત અને મિશ્ર એ ત્રણે પ્રકારે શબ્દ, અંધકાર, રત્ન પ્રમુખનો પ્રકાશ, ચંદ્રમા પ્રમુખની જ્યોતિ, છાયા, સૂર્ય પ્રમુખનો આતાપ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ લક્ષણયુક્ત પુદ્‌ગલ દ્રવ્ય છે.

(૫) **કાળ દ્રવ્ય :** એક મુહૂર્ત, આવલી, એક અહોરાત્રિ પખવાડિયું, એક માસ, વર્ષ, પલ્યોપમ, સાગરોપમ વગેરે કાળ દ્રવ્યના સમય-કાળ છે. 'આવલી' એટલે એક ચપટી વગાડવામાં જે સમય લાગે એટલા સમયમાં અસંખ્યાતા સમય થઈ જાય છે. એને આવલી કહેવાય.

૩. **પુણ્ય તત્ત્વ :** પુણ્ય નવ પ્રકારે બંધાય છે. સાધુ સાધ્વીને - (૧) અન્ન દેવાથી, (૨) પાણી આપવાથી, (૩) રહેવાને સ્થાન આપવાથી, (૪) સૂવા માટે પાટ આપવાથી, (૫) પહેરવા તથા ઓઢવા વસ્ત્ર આપવાથી, (૬) શુભ સંકલ્પ કરવાથી, (૭) વચનથી સ્તુતિ કરવાથી, (૮) કાયા વડે સેવા કરવાથી, (૯) હાથ વડે નમસ્કાર કરવાથી પુણ્યાબંધ થાય છે.

પુણ્યોદય વડે જીવ સુખ અનુભવીને શાતા પામે છે. ઉચ્ચ કુળમાં જન્મીને પૂજાય અને માન પામે તેને ઉચ્ચ ગોત્ર કહે છે. મનુષ્ય ગતિ, દેવ ગતિ પંચેન્દ્રિય ગતિ પુણ્ય વડે થાય છે. પુણ્યથી ઔદારિક શરીર, વૈક્રિય શરીર, આહારક શરીક, તેજસ શરીર વગેરે ધારણ કરી શકે છે, પુણ્યોદયથી ગમે તેવી બળવાન વ્યક્તિને જીતી શકાય છે.

**(૪) પાપ તત્ત્વ :** અઢાર પ્રકારે પાપ બંધાય છે :

| | | |
|---|---|---|
| (૧) પ્રાણાતિપાત | (૨) મૃષાવાદ | (૩) અદત્તાદાન |
| (૪) મૈથુન | (૫) પરિગ્રહ | (૬) ક્રોધ |
| (૭) માન | (૮) માયા | (૯) લોભ |
| (૧૦) રાગદ્વેષ | (૧૧) કલહ | (૧૨) અભ્યાખ્યાન |
| (૧૩) પૈશૂન્ય | (૧૪) રતિ | (૧૫) અરતિ |
| (૧૬) પરપરિવાદ | (૧૭) માયા મૃષાવાદ | (૧૮) મિથ્યાત્વ શલ્ય |

આ પાપ બ્યાશી પ્રકારે ભોગવાય છે.

પાપોદયથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાનનું આચ્છાદન થાય છે.

પાપોદયથી પોતાના ઘરમાં આપવા લાયક વસ્તુ છતાં દાનનું ફળ જાણવા છતાં આપી શકાતું નથી. સામી વ્યક્તિ દાતાર હોય છે. છતાં પોતે તે વસ્તુ ગ્રહણ કરી શકતી નથી. તે લાભાંતરાય કર્મબંધન કહેવાય.

જ્યારે મનુષ્યે પોતે બાંધેલા પાપકર્મ ઉદયમાં આવે છે ત્યારે એ પોતાની પાસે ઉત્તમ વસ્તુ હોવા છતાં તેના ઉપભોગ કરી શકતો નથી.

એ જ પ્રમાણે ચક્ષુ વડે ઓછું દેખાવું કે ખૂબ વધારે કે ખૂબ ઓછી નિદ્રાની પ્રાપ્તિ, નીચ ગોત્ર તથા વિતરાગના વચનમાં અશ્રદ્ધા વગેરે પાપકર્મના ઉદયથી થાય છે. કોઈપણ કાર્યમાં અપકીર્તિ મળે એ પણ પાપોદયનું જ કારણ છે.

**૫. આશ્રવતત્ત્વ :** આશ્રવતત્ત્વ એટલે એવી ક્રિયા કે જેને લીધે આત્માને કર્મબંધન થાય. મનુષ્ય મન, વચન અને કાયા વડે ઘણી ક્રિયાઓ કરે છે. જેને લીધે બીજા જીવ ઉપર ક્રોધ થાય કે મોહ થાય ત્યારે પાપકર્મબંધન થાય છે.

મનુષ્યને પરિગ્રહની વૃદ્ધિ કરતાં તેના પર મોહ જાગે છે. એ પણ એક ક્રિયા છે. જેને લીધે કર્મબંધન થાય. એમાં ઘણી ક્રિયાઓ છે. જેને લીધે મનુષ્યને કર્મબંધન થાય છે. જેવી કે -

(૧) કપટ કરીને મીઠું બોલીને બીજાને ઠગવું.

(૨) જિન વચનની વિપરીત પ્રરૂપણા કરવી.

(૩) રાગ, દ્વેષ અને મોહ વડે સ્ત્રી કે પુરુષનો સ્પર્શ કરવો.

(૪) હર્ષ, શોક કરવો.

(૫) રાજાના આદેશથી શસ્ત્ર ઘડાવવા.

(૬) કોઈ મનુષ્ય એવું મોટું પાપ કરે કે જેમાં બધાં પાપકર્મ એકસાથે આવી જાય.

**૬. સંવર તત્ત્વ :** પુણ્યરૂપ કર્મ અને પાપરૂપ કર્મ એ બંનેને રોકવાની સ્થિતિને સંવર કહે છે.

(૧) ચાલતી વખતે થોડી નીચી દૃષ્ટિ રાખીને ચાલવું, પાપરહિત ભાષા સમ્યક્ પ્રકારે બોલવી.

(૨) નિર્દોષ આહાર અને વસ્ત્ર વાપરવા.

(૩) મન, વચન અને કાયાને વશમાં રાખવું.

(૪) કર્મની નિર્જરા કરવાને દુઃખ સહન કરવા.

(૫) ભૂખ, પ્યાસ, ઠંડી, ગરમી સહન કરવી તથા કોઈ કટું વચન બોલે તો તે સહન કરવું.

યતિ ધર્મ જેવા કે ક્ષમાધર્મ, મોહમાયાના ત્યાગનો ધર્મ, સંયમ ધર્મ, બ્રહ્મચર્ય ધર્મ જે પાળે તે સંવર કહેવાય તથા સંસારની અસારતા ભાવના, આત્મા શરીરથી જુદો છે. એ ભાવના ચિંતતવી. આ સર્વ સંવર તત્ત્વના ભેદ કહેવાય છે.

**૭. નિર્જરા તત્ત્વ :** નિર્જરા તત્ત્વમાં કર્મની નિર્જરાનો સમાવેશ પણ થાય છે. આહારનો ત્યાગ કરવો એને અનશન કહે છે. અભિગ્રહ, રસત્યાગ વગેરે કરવાથી કર્મની નિર્જરા થાય છે. કરેલા પાપનું ગુરુ સમક્ષ એકરાર કરીને પ્રાયશ્ચિત લેવું. પોતે ભણવું, શિષ્યને ભણાવવું તથા પોતે પૂર્વે શીખેલા ગ્રંથને ફરી ચિંતવવું અને ધર્મોપદેશ કરવો એ સર્વે સ્વાધ્યાય તપમાં આવે છે. તપ કરવું અને રૌદ્ર ધ્યાન તથા આર્તધ્યાનનો ત્યાગ કરવો એ સર્વ કર્મની નિર્જરા કહેવાય છે.

**૮. બંધ તત્ત્વ :** આત્મા અને કર્મનો આશ્લેષ બંધ કહેવાય છે.

**૯. મોક્ષ તત્ત્વ :** આત્મા અને કર્મનો આશ્લેષ બંધ કહેવાય છે.

●●●

## (૧૮) શ્રી તત્ત્વબિંદુ

આ ગ્રંથ ગુરુદેવ બુદ્ધિસાગરજીએ સંવત ૧૯૧૦માં છપાવ્યો હતો. આ ગ્રંથમાં તેમણે સમ્મતિ તર્ક, તત્ત્વાર્થ સૂત્ર, ઉત્તરાધ્યયન સૂત્ર વગેરે ગ્રંથોમાંથી તાત્ત્વિક શ્લોકો ઉદ્ધૃત કરીને તેનું વિગતવાર વિવેચન ખૂબ સરળ ભાષામાં આપ્યું છે. એમાં તેઓએ જીવ, જ્ઞાન, યોગ, લેશ્યાનાં ભેદની ક્રમવાર આલોચના કરી છે.

તેઓ ગ્રંથનો પ્રારંભ પરમાત્મા અને ગુરુને નમસ્કાર કરીને કરે છે :

**प्रणिपत्य परमात्मनं, धर्मदेवं गुरुं गिरं ।**
**शास्त्रोद्धेः समृद्धत्य, तत्त्वबिन्दु विरच्यते ॥१॥**

ગ્રંથ મંગળ પછી ગુરુદેવ જીવની ઉત્પત્તિ સ્થાન પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને વાયુકાય એ પ્રત્યેકનાં ૩૫૦ સ્થાનકો વિશે સમજાવે છે. જેના વર્ણ, સ્પર્શ, ગંધ એકસરખાં હોય તે બધા જીવોનું એક સ્થાનક અથવા એક યોનિક કહેવાય છે. પૃથ્વીકાય એટલે પૃથ્વીના જીવ કે જમીનનાં જીવ, અપ્કાય - એટલે પ્રાણીનાં જીવ. તેઉકાય - અગ્નિનાં જીવ. વાયુકાય - પવનનાં જીવ.

જીવોને ઊપજવાનાં અસંખ્યાતા સ્થાનો હોય છે. યોનિની ગણના નીચે મુજબ થાય છે :

| | | | |
|---|---|---|---|
| પૃથ્વીકાયના મૂળ ભેદ | ૩૫૦ x ૫ વર્ણ | = | ૧,૭૫૦ |
| | ૧૭૫૦ x ૨ ગંધ | = | ૩,૫૦૦ |
| | ૩૫૦૦ x ૫ રસ | = | ૧૭,૫૦૦ |
| | ૧૭૫૦૦ x ૮ સ્પર્શ | = | ૧,૪૦,૦૦૦ |

૧,૪૦,૦૦૦ x ૫ સંસ્થાન = સાત લાખ પૃથ્વીકાયના જીવ થાય છે. આ પ્રમાણે સર્વ જીવ, વનસ્પતિ વગેરે મળીને ૮૪ લાખ જીવાયોનિ થાય છે.

આ ગ્રંથમાં આચાર્યશ્રીએ તત્ત્વ, જ્ઞાન, યોગ વગેરે વિષયો પર અલગ અલગ ગ્રંથમાંથી થોડા શ્લોકો પસંદ કરીને તે ઉપર સમજૂતીઓ ક્રમિક સંખ્યામાં આપી છે. આ ગ્રંથમાં આવી ૬૫૨ સમજૂતીઓની ગ્રંથમંગળથી ગ્રંથના અંત સુધીમાં સમાવિષ્ટ થયેલી છે.

જ્ઞાન વિશેની ૧૮૫ ક્રમિક સમજૂતીમાં તેઓ શ્રુત જ્ઞાન અને મનઃ પર્યવ જ્ઞાનને સાકાર કહે છે જ્યારે મતિજ્ઞાન, અવધિ જ્ઞાન અને કેવલજ્ઞાન સાકાર અને અનાકાર બંને હોય છે એમ સમજાવે છે.

●●●

## પ્રકરણ ૫

# નીતિબોધ તથા ઉપદેશાત્મક ગ્રંથો


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | ગુરુબોધ | ૩૧૨ |
| ૨. | તીર્થયાત્રાનું વિમાન | ૩૧૫ |
| ૩. | શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ ૧-૨ | ૩૧૯ |
| ૪. | જૈનોપનિષદ | ૩૨૩ |
| ૫. | શિષ્યોપનિષદ | ૩૨૬ |
| ૬. | ગુણાનુરાગ કુલક | ૩૨૯ |
| ૭. | કન્યાવિક્રયનિષેધ | ૩૩૧ |
| ૮. | ચિંતામણિ | ૩૩૫ |
| ૯. | જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો | ૩૩૬ |
| ૧૦. | લાલા લજપતરાય અને જૈન ધર્મ | ૩૩૮ |
| ૧૧. | પ્રતિજ્ઞાપાલન | ૩૩૯ |
| ૧૨. | મિત્રમૈત્રી | ૩૩૯ |
| ૧૩. | શોક-વિનાશક ગ્રંથ | ૩૩૯ |
| ૧૪. | સાંવત્સરિક ક્ષમાપના | ૩૪૧ |
| ૧૫. | જૈન સૂત્રમાં મૂર્તિપૂજા | ૩૪૪ |
| ૧૬. | જૈન ધાર્મિક શંકા-સમાધાન | ૩૪૮ |
| ૧૭. | મુદ્રિત જૈન ગ્રંથ નામાવલી | ૩૫૧ |
| ૧૮. | શ્રી સંઘ પ્રગતિ મહામંત્ર | ૩૫૨ |
| ૧૯. | કાલ્પનિક અધ્યાત્મ મહાવીર | ૩૫૬ |

## (૧) 'ગુરુબોધ'

શ્રી ગુરુની કૃપામાં અનંત શક્તિ હોય છે. તેમની વાણી તથા સ્પર્શ પ્રાપ્ત થતાં ભવ્ય જીવો શાશ્વત આત્મિક સુખ પ્રાપ્ત કરે છે. આચાર્ય બુદ્ધિસાગર મહારાજને પ્રભાતના પ્રથમ પ્રહરમાં પુણ્યશાળી શાંત વદના ગુરુનાં દર્શન થાય છે. વિધિપૂર્વક તેઓ તેમની સ્તુતિ કરે છે.

**જય જય શ્રી સદ્‌ગુરુજી ભવભય ભંજક દુઃખ હરારે,**
**જ્ઞાતા પરોપકારી મંગલકારક સુખ કરારે.**

ગુરુએ તેમના મસ્તક પર હાથ મૂકીને તેમને જગતના સારભૂત ચિંતામણિ રત્ન સમાન તેર વ્રત આપ્યા જેનું વર્ણન તેઓએ 'શ્રી ગુરુબોધ' ગ્રંથમાં કર્યું છે.

ગ્રંથના પ્રથમ પ્રકરણમાં તેઓ ગુરુ સાથેના મિલનથી થયેલી અલૌકિક અનુભૂતિનું સ્મરણ કરે છે. જ્ઞાની ગુરુએ તેમને ભવ્ય જીવોને પરમાત્મા સ્વરૂપ પામવામાં મદદગાર તેર રત્નોનું યથાર્થ સ્વરૂપ બતાવ્યું.

આ તેર રત્નો નીચે મુજબ છે :

(૧) વિનય
(૨) વિવેક
(૩) મૈત્રી
(૪) દયા
(૫) સત્ય
(૬) અસ્તેય
(૭) બ્રહ્મચર્ય
(૮) સંતોષ
(૯) શ્રદ્ધા
(૧૦) ભક્તિ
(૧૧) દાન
(૧૨) આત્મજ્ઞાન
(૧૩) સમાધિ

આ તેર રત્નોના પાલનથી મનુષ્યમાં અનંત સુખની ખુમારી પ્રગટે છે.

**(૧) વિનય રત્ન :** 'विद्या विनयेन शोभते' મનુષ્ય ગમે તેવો જ્ઞાની હોય પરંતુ તેનામાં જો વિનયનો અભાવ હોય તો સર્વ વિદ્યાનો સ્વામી હોવા છતાં લોકોમાં આદર સન્માન પામી શકતો નથી.

'માતા-પિતા, વડીલ અને ધર્મગુરુ પ્રત્યે વિનયથી વર્તતો મનુષ્ય સર્વની પ્રીતિ પ્રાપ્ત કરે છે. ઘણી વ્યક્તિઓ રાજા કે શેઠને ઝૂકી ઝૂકીને સલામ કરે છે, પરંતુ માતાને પ્રણામ કરતાં લજ્જા પામે છે. તેઓ માતા-પિતાના આશીર્વાદથી વંચિત રહે છે અને જીવનમાં દુઃખી થાય છે. વીર

એકલવ્ય ભીલે માટીના ગુરુદ્રોણ બનાવી તેમના પ્રત્યે વિનય પ્રગટ કર્યો જેથી આત્મામાં રહેલી ગુપ્ત શક્તિઓ ખીલી નીકળી અને તે અર્જુન કરતાં પણ ધનુર્વિદ્યામાં આગળ નીકળી ગયો.

**(૨) વિવેક :** જે વ્યક્તિ વિવેકી હોય છે તે સર્વનાં દિલ જીતી લે છે. જેથી અસંભવ કાર્ય પણ સહજમાં થઈ જાય છે. વિવેકી સત્પુરુષો જે બોલે છે તે કરે છે. તેઓ વિવેકપુરઃસર હોવાથી દુઃખમાં આવી પડતા નથી અને અનંત સુખના સ્વામી બને છે.

**(૩) મૈત્રી :** સર્વ જીવો પર જે મિત્રદૃષ્ટિ રાખે છે તેને જગતમાં કોઈ પર વેર હોતું નથી. શ્રી વીરપ્રભુએ મૈત્રીભાવના ધારણ કરી અનેક ઉપસર્ગો સહન કર્યા. દંશ દેનાર ચંડકૌશિક નાગ પર કરુણામય ઉપદેશ દઈ તેનું આત્મહિત કર્યું.

મનુષ્ય રાગદ્વેષની માયામાં લપેટાઈને હૃદયમાં ઊઠેલી મૈત્રીભાવને ક્ષણમાં નાશ કરે છે. આવા રાગ-દ્વેષને કાબૂમાં લઈ મૈત્રીભાવનો વિજય કરવાથી મન ક્લુષિત થતું અટકે છે.

**(૪) દયા :** દયાના વિચાર વિના ચિત્ત અશાંત રહે છે. સર્વ પ્રતિ વેરવૃત્તિ જાગે છે, પરંતુ જેવા દયાના વિચારો મનમાં કબજો જમાવે છે, કે તરત જ આત્માને લાગેલા અશુભ કર્મ ખરવા માંડે છે. પતંજલિએ 'યોગપાતંજલ'માં કહ્યું છે કે "अहिंसा प्रतिष्ठायां वैर त्यागं।" સર્વ જીવો સાથે જો દયાથી વર્તવામાં આવે તો કોઈની સાથે વેર રહેતું નથી. તેથી જ્યારે યોગીપુરુષો ધ્યાન ધરતાં હોય છે ત્યારે સિંહ, વાઘ વગેરે ક્રૂર પ્રાણીઓ પણ તેમના તરફ ક્રૂર દૃષ્ટિ સુધ્ધાં કરતાં નથી. આવી ઉત્તમ દયાની સિદ્ધિ છે.

**(૫) સત્ય :** સત્યવાદી મનુષ્ય જલદીથી બીજાનો વિશ્વાસ જીતે છે. સત્ય અને ન્યાયી વ્યક્તિ પોતાનું કલ્યાણ સાધી શકે છે. સત્યભાષી વ્યક્તિ ખૂબ નીડર હોય છે. જ્યારે જૂઠું બોલનાર હંમેશાં ડરપોક વૃત્તિના હોય છે.

**(૬) અસ્તેય :** ચોરીથી પ્રાપ્ત કરેલું ધન તરત જ ચાલી જા ય છે જ્યારે ન્યાયથી ભેગું કરેલું ધન કામ આવે છે. નાના બાળકોમાં ચોરી જેવા કુસંસ્કાર પડે નહિ તેનું ધ્યાન માબાપે રાખવું જોઈએ. જૂઠી સાક્ષી, વિશ્વાસઘાત, છેતરપિંડી, કોઈની થાપણ પચાવી પાડવી આ સર્વ ચોરીના જ ઉદાહરણ છે.

**(૭) બ્રહ્મચર્ય :** બ્રહ્મચારી મનુષ્ય સર્વમાં શક્તિશાળી હોય છે. એનામાં સર્વ ગુણો સ્વયં પ્રગટે છે. પેથડદેવે ત્રીસ વર્ષની ભરયુવાનીમાં પત્નીની સંમતિથી બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું.

**(૮) સંતોષ :** હરીફાઈની આ દુનિયામાં સંતોષી વ્યક્તિ જ સર્વ રીતે સુખ પામી શકે છે. તૃષ્ણા, ઇચ્છા અને મહેચ્છાઓ અનંત છે. એના પર વિજય મેળવવા માટે સંતોષી થવું ખૂબ જરૂરી છે.

**(૯) શ્રદ્ધા :** જિનેશ્વરના વચનમાં શ્રદ્ધા રાખનાર વ્યક્તિ કદી નિરાશ થતી નથી.

**(૧૦) ભક્તિ :** ભક્તિ એ મુક્તિનું પ્રથમ પગથિયું છે. પરમાત્માની સાચી ભક્તિ કરનારને પ્રભુપ્રેમ અચુક જ પ્રાપ્ત થાય છે. પ્રભુ પોતાના ભક્તને કદી નિરાશ કરતો નથી.

**(૧૧) દાન :** દરેક ધર્મમાં દાનનો મહિમા અપરંપાર છે. દાન આપવાથી મન એક જાતની તૃપ્તિનો અનુભવ કરે છે. કંજૂસ માનવ દાન આપ્યા પછી તે વિશે મનમાં શંકા-કુશંકા કરે છે. તે દાનથી થતાં શાંતિ-સુખથી વંચિત રહે છે. દ્રવ્ય અને અભયદાનથી દેવલોકનાં સુખ અને ઉત્તરોત્તર સિદ્ધનાં સુખ મળે છે.

**(૧૨) આત્મજ્ઞાન :** જેણે આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું. આત્મ તત્ત્વ જાણ્યા વિના સત્ય ધર્મ સાધી શકાતો નથી. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે, આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાથી મુનિ થવાય છે. પણ ફક્ત જંગલમાં વાસ કરવા માત્ર વડે મુનિ હોતા નથી.

આત્માના ત્રણ ભેદો બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ સમજવાથી આપણો આત્મા ઉન્નતિ કરી શકે છે. અનાદિકાળથી આત્માને ખીર-નીરની જેમ અષ્ટ કર્મ વર્ગણાઓ લાગતી હોય છે. આઠ પ્રકરણના કર્મ તે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અનંતરાય કર્મ, આ આઠે કર્મનો ક્ષય થવાથી આત્મા અનંતજ્ઞાન, અનંત દર્શન અવ્યાબાધ સુખ, ક્ષાયિક ચરિત્ર, આદિઅનંતિ સ્થિતિ, અરૂપી, અગુરુલઘુ અને અનંત વીર્ય એ આઠ ગુણ છે. તેનો પરિપૂર્ણ પ્રકાશ થાય છે.

આત્માની શુદ્ધ દશા રાગદ્વેષનો ક્ષય કરવાથી અને પ્રતિદિન ક્રોધ, માન વગેરે દોષો પર કાબૂ મેળવવાથી થાય છે.

**(૧૩) સમાધિ :** સમાધિ આત્માની સ્થિતિ છે.

ઉપરોક્ત ગુણો ધારણ કરીને મનુષ્ય પરમાત્માપદ પ્રાપ્ત કરી શકે છે.

●●●

## (૨) તીર્થયાત્રાનું વિમાન

આ ગ્રંથ શ્રી આચાર્ય બુદ્ધિસાગરજીએ પત્રરૂપે લખેલો છે. સુરતના સુપ્રસિદ્ધ દાનવીર શેઠ જીવણચંદ ધરમચંદ નવાણું વારની શત્રુંજય યાત્રા કરવા ગયા હતા તેમને ઉદ્દેશીને આ પત્ર ગુરુદેવે સંવત ૧૯૬૭માં લખ્યો હતો. એ સમયે વલસાડ અને બિલિમોરા નગરમાં તેમની સ્થિરતા હતી. તીર્થયાત્રા કરનાર યાત્રાળુએ કેવી રીતે વર્તવું અને કયા ગુણો ધારણ કરીને યાત્રા કરવી તે આ ગ્રંથમાં સવિસ્તર સમજાવ્યું છે.

યાત્રામાં મનુષ્ય મોહ, મમતા, ક્રોધ, ક્લેશ વગેરે કસાયો ત્યાગીને પરોપકાર, દાન અને દયાના ગુણો હૃદયમાં સ્થાપીને પ્રભુની યાત્રા કરે તો જ યાત્રા સફળ થાય. શ્રાવકોને ઉદ્દેશીને લખાયેલા આ પત્રમાં જૈન ધર્મના વિસ્તાર અને રક્ષણના ઉપાયો અને તેના વિકલ્પો ખૂબ જ અસરકારક શબ્દોમાં એવી સચોટ રીતે ગૂંથાયેલા છે કે તે વાંચનાર અને સાંભળનાર પર તેની ધારી અસર થાય. ધાર્મિક જુસ્સો પ્રગટાવનારા આ ગ્રંથ વિશે ટિપ્પણી કરતાં પ્રસ્તાવનામાં પારડીના શ્રાવક શ્રી ઠાકોરલાલ નેમચંદ લખે છે :

"આ પત્રમાં જૈન તીર્થના ઉદ્ધાર માટે ઉપાયો બતાવ્યા છે અને યાત્રાળુઓએ કેવા ગુણો ધારણ કરવા જોઈએ તેનું ધર્મના જુસ્સાપૂર્વક દિગ્દર્શન કરાવ્યું છે કે જે પત્ર વાંચવાથી જૈન કોમમાં જ નવો જુસ્સો પેદા થાય અને જૈન ગુરુકુળ સ્થાપવાની બુદ્ધિ પ્રગટ થાય. આ લેખને તીર્થયાત્રાનું વિમાન એવું નામ આપ્યું છે તે નામ પ્રમાણે ગુણને ધારણ કરનાર થઈ પડશે. સર્વ ધર્મવાળાઓની સાથે હરીફાઈમાં જૈનો ભવિષ્યમાં કેવી રીતે ટકી શકે અને પોતાનો ધર્મ ફેલાવી શકે તે માટે અપૂર્વ જુસ્સો એવો તો પ્રગટાવ્યો છે કે તે વાચકોના મનમાં વીજળીની પેઠે અસર કરી શકે."

યાત્રાસ્થળમાં અનેક મહાપુરુષોએ તપસ્યા કરીને કાયોત્સર્ગ કર્યો હોવાથી તેમના મનોવર્ગણા શુભ પુદ્ગલસ્કંધો હોય છે. આવી પવિત્ર જગ્યામાં પ્રભુનું નામ સ્મરણ કરવાથી હૃદય સંસ્કારિત થાય છે. કેટલાક તીર્થધામમાં ઘણા મનુષ્યો બીજા શ્રાવકોને પોતાની જરૂરિયાત દર્શાવીને ધનોપાર્જન કરે છે જે ખૂબ જ અયોગ્ય છે. ઘણા સાધુ-સાધ્વીઓ પણ તીર્થસ્થળોમાં શિથિલાચારી બની જાય છે. આ સર્વ સ્થિતિ લક્ષમાં રાખીને ગુરુદેવે સ્થાવર તીર્થોની યાત્રા કરતા સમયે **યાત્રાળુઓએ ધારણ કરવાના ગુણોનું વર્ણન કર્યું છે, જે નીચે મુજબ છે :**

**(૧) દયા :** સર્વ ધર્મનો મૂળમંત્ર દયા છે. યાત્રાળુઓએ સર્વ જીવો પર દયાભાવ રાખીને કોઈનું પણ અહિત કરવું જોઈએ નહિ.

**(૨) જૂઠ અને ચોરી ત્યાગ :** યાત્રિકોએ કદી પણ જૂઠાણુંનો આશરો લેવો નહિ તથા ચોરી, દારૂસેવન કે વ્યભિચારી વિચારનો સર્વથા ત્યાગ કરવો જોઈએ.

**(૩) મમત્વ ભાવનો ત્યાગ :** ધન પરનો મોહ ત્યાગીને શ્રાવકોએ જીર્ણોદ્ધારના કાર્યમાં ધનનો સદુપયોગ કરવો જોઈએ.

**(૪) ક્લેશ ત્યાગ :** યાત્રાળુઓએ ક્લેશ, ઝઘડા સદંતર છોડીને યાત્રા કરવી જોઈએ. જેઓ બીજા સાથે લડાઈ કે ઝઘડો કરીને યાત્રાએ જતાં હોય તેણે સર્વને ખમાવીને પ્રાયશ્ચિત્ત દ્વારા હૃદયશુદ્ધિ કરવી જોઈએ. નોકરચાકરો સાથે પણ ઉદ્ધતાઈભરી રીતે વર્તવું જોઈએ નહિ.

**(૫) પરોપકાર :** જે ભૂમિ પર ઉપકારી પ્રભુ અને ગુરુજનનાં પગલાં પડ્યાં તેવા સ્થાન પર જતાં પહેલાં આપણે પણ તેમની જેમ દીનદુઃખીની રોજ સેવા કરવી જોઈએ.

**(૬) સુપાત્ર દાન :** સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા, જ્ઞાન, જીર્ણોદ્ધાર અને મંદિર એ સાતે ક્ષેત્રમાં પુષ્કળ દાન કરવું જોઈએ. સાધુ-સાધ્વીની દરેક આવશ્યકતાઓ જેમ કે વસ્ત્ર, પાત્ર, પુસ્તક, ઔષધ વગેરેનું દાન કરવું.

ગુરુદેવે સાધર્મિક ભક્તિને નામે લાખો રૂપિયા ખર્ચીને થતી નવકારશી જમણ પ્રત્યે લાલ આંખ કરીને તેઓ કહે છે કે એને બદલે એ ધનનો વ્યય કેળવણી પાછળ કરવો જોઈએ. એ વિશે ચર્ચા કરતા શ્રી બુદ્ધિસાગરજી આલેખે છે :

"એક દિવસ સકળ શ્રાવક અને શ્રાવિકાઓને જમાડી નવકારશી કરવામાં આવે છે તેટલું જ માત્ર ખરેખર શાસ્ત્રાધારે સાધર્મવાત્સલ્ય કહેવાતું નથી. ખરો સાધર્મવાત્સલ્ય એ છે કે જેને જૈનબંધુઓની ભક્તિ કહેવામાં આવે છે તેનું વર્ણન શાસ્ત્રોમાં સારી રીતે છે. લાખો રૂપિયાનો નવકારશીના નામે વ્યય કરવામાં આવે છે તેનો વ્યય જો ધાર્મિક કેળવણી આપવામાં જ કરવામાં આવે તો જૈનો જે નામમાત્રથી કેટલા છે તે મટી જઈને ખરા જૈનો બની જાય."

આ પ્રમાણે ગુરુદેવ ધનવાનોને નવકારશી જમણને બદલે જૈનોનાં બાળકોને સારી કેળવણી આપવામાં દાન આપવાનો આગ્રહ કરે છે.

**(૭) ભ્રાતૃભાવ :** ગુરુ બુદ્ધિસાગરજી યાત્રાળુઓને એક જ દેવના ભક્ત હોવાને નાતે એકબીજા સાથે ભ્રાતૃભાવ રાખવાનો ઉપદેશ આપે છે. તેઓ અલગ અલગ ગચ્છના સાધુઓને પણ ભ્રાતૃભાવ કેળવવા માટે બોધ આપે છે.

આચાર્ય બુદ્ધિસાગરજી સાધુઓને એકબીજાનું ખંડન ન કરતાં સુસાધુ બનવાનો ઉપદેશ આપતાં વર્ણવે છે : "આ સાધુઓએ પોતાના આત્માના ઉદ્ધાર માટે અને અન્યોના ઉદ્ધાર માટે તેમજ જૈન ધર્મના ફેલાવા માટે અવશ્ય ભાતૃભાવ ધારણ કરવો જોઈએ અને એકબીજાની પ્રાણાંતે પણ નિંદા કરવી નહીં. આપણે પણ મૈત્રીભાવનાના ગુણનું સ્મરણ કરવા માટે તીર્થોની યાત્રા કરીએ છીએ. (પરંતુ) એકબીજા સંઘાડાના સાધુઓ પરસ્પર એકબીજાને વક્રદૃષ્ટિથી દેખે, એકબીજાનું ખંડન કરવા કાવાદાવાઓ ચાલતા હોય... વિદ્યા અને ચારિત્ર વડે અન્યો મારા આગળ કંઈ પણ નથી એવી જ્યાં ભાવનાઓ હૃદયમાં સ્ફુરતી હોય છે ત્યાં ભાતૃભાવની શી આશા રાખી શકાય ? સાધુઓમાં પણ જો ભાતૃભાવ ખીલે તો મનમાં વિચારે કે જ તીર્થંકરોના તત્ત્વોનો હું ઉપદેશ આપું છું અને મને શ્રદ્ધા છે તે જ પ્રમાણે બીજા સાધુઓને છે તો પરસ્પર

ભ્રાતૃભાવ ધારણ કરીને જો ચાલીએ તો તંતુઓનાં બનેલાં વસ્ત્રની પેઠે અમો પણ જૈન ધર્મનો ઉદ્ધાર કરવા સમર્થ થઈ શકીએ."

ઉપરોક્ત વાક્યોમાં આચાર્યશ્રી અલગ અલગ ગચ્છના સાધુઓને એકબીજા સાથે ભ્રાતૃભાવ ધારણ કરવાનો ઉપદેશ આપે છે. તેઓ સમજાવે છે કે વિદ્યા અને ચરિત્રનું માન-અભિમાન રાખવું નિરર્થક છે. એકબીજાની નિંદા કરવી કે બૂરી ભાવના રાખવી એવા ખરાબ આશયવાળી વ્યક્તિનું હંમેશાં પતન થાય છે માટે ભાઈચારો કેળવીને પરસ્પર હળીમળીને રહેવાથી ધર્મોન્નતિ થાય છે.

(૮) **શુદ્ધ પ્રેમ :** યાત્રાળુઓએ સર્વત્ર શુદ્ધ પ્રેમ ધારણ કરવો જોઈએ.

(૯) **શ્રદ્ધા :** જે પ્રભુનાં દર્શન આપણે કરવા જોઈએ તેમાં સંપૂર્ણ શ્રદ્ધા હોવી જરૂરી છે. ધર્મનાં તત્ત્વો સમજવામાં આપણી બુદ્ધિ મંદ હોવાથી વિતરાગનાં વચનો પર અખૂટ શ્રદ્ધા ધારણ કરવી. બાળકોમાં નાનપણથી જ તેમની શ્રદ્ધા ધર્મમાં દૃઢ કરવી. જે યાત્રાળુ પ્રભુ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા રાખે છે તેમનો આત્મા પરમાત્મા અવસ્થા પ્રાપ્ત કરે છે. શ્રદ્ધા માટે ગુરુદેવ આર્દ્રકુમાર અને શ્રીહરિકેશી ચાંડાળનું દૃષ્ટાંત આપે છે. આર્દ્રકુમાર મ્લેચ્છ હતા તો પણ જૈન ધર્મ પર શ્રદ્ધા હતી. તે જ પ્રમાણે હરિકેશી મુનિ ચાંડાળ હતા અને શ્રેણિક રાજાના જમાઈ હતા. શ્રી જૈન ધર્મમાં ન્યાત જાતનો ભેદ નથી.

(૧૦) **તત્ત્વજ્ઞાન :** જ્ઞાન વિના જગતનું ખરું સ્વરૂપ અવલોકી શકાતું નથી.

(૧૧) **જૈન ગુરુકુળ :** ગુરુદેવે જૈન ગુરુકુળની આવશ્યકતા પર ઘણો જ ભાર મૂકતો ઉપદેશ શ્રાવકોને આ પત્ર દ્વારા આપ્યો છે. એમાં તેમણે ગુરુકુળની સ્થાપનાનાં કારણો, તેની રૂપરેખા તથા તેના અભાવે થતી જૈનસમાજની અવદશાનું વર્ણન પોતાને થયેલા સ્વાનુભાવોને આધારે કર્યું છે. ગુરુકુળોની સ્થાપનાથી થતા લાભો વિશે ચર્ચા કરતાં તેઓ લખે છે કે **ગુરુકુળોમાંથી શિક્ષણ લઈને બહાર આવતા શૂરવીર વિદ્યાર્થીઓ જ્યારે ધર્મસેવા કરશે ત્યારે તેઓની આત્મભોગ આપીને નિશ્ચિત સમયમાં કામ કરવાની પદ્ધતિને લીધે જૈન સમાજ ઉન્નતિના શિખરે પહોંચશે. આર્યસમાજધર્મીઓ હરિદ્વાર અને બીજે સ્થળોએ ગુરુકુળોની સ્થાપના કરે છે. ખ્રિસ્તીઓ વલસાડ, પારડી, વડોદરા, અમદાવાદ વગેરે દરેક સ્થળોએ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરીને આત્મભોગ આપીને નવા ખ્રિસ્તીઓ બનાવીને તેમને ઉદ્યોગો શીખવીને ખ્રિસ્તી ધર્મની ઉન્નતિ કરે છે. જ્યારે સનાતની જૈન અને સનાતની હિન્દુ સમાજસેવામાં પાછળ પડે છે. તે સમયમાં એક અંગ્રેજ સ્ત્રીએ આઠ કરોડ રૂપિયાનું દાન મુંબઈની ખ્રિસ્તી સંસ્થાને નવા ખ્રિસ્તી બનાવવા માટે આપ્યું હતું.**

**જૈન શાસનમાં શિક્ષણ પાછળ ધન વ્યય થતો નથી તે વિશેનું તેમનું મંતવ્ય સમજાવતાં તેઓ લખે છે : "જૈનો વરઘોડો અને નાતવરામાં લાખો રૂપિયાની ધૂળધાણી કરી નાખે છે. જૈન ધર્મની ઉન્નતિ માટે ચમડી તૂટે પણ દમડી ન છૂટે જેવી ગતિ આચરે છે. અહો જૈનોનું મન ક્યારે સુધરશે! જેને જૈન ધર્મની ઉન્નતિ કરવાનો વિચાર નથી અને જે જૈન ધર્મના ઉદ્ધાર માટે આત્મભોગ**

**આપવા તૈયાર નથી તે તીર્થંકરોની આરાધનામાં બરાબર સમજતો નથી. જેઓની નસેનસમાં જૈન ધર્મની ઉન્નતિ કરવા માટે શૂર વ્યાપતું નથી એવા જૈનો જન્મીને કોઈનું કંઈ ઉકાળી શકતા નથી. ભૂલ્યાં ત્યાંથી ફરી ગણો. જાગ્યા ત્યાંથી પ્રભાત માનો - તમારી શક્તિઓ પ્રાપ્ત કરવા જૈન ગુરુકુળની યોજનાને વધાવી લો."**

જૈનો પરસ્પર પોતાને એકબીજાથી ઉન્નત દર્શાવવામાં લાખો રૂપિયા ખર્ચે છે, પરંતુ જૈન બાળકોને સારા સંસ્કાર મળે એ હેતુથી ગુરુકુળની સ્થાપનામાં પોતાનો ફાળો આપતા નથી.

ગુરુદેવ બુદ્ધિસાગરજી ગુરુકુળની રૂપરેખા દર્શાવતાં આલેખે છે કે ગુરુકુળની બાંધણી હૉસ્પિટલ, જૈન દેરાસર, સભામંડપ, લાઈબ્રેરી, હુન્નર, શિક્ષણના વર્ગો, ઉપહારગૃહથી યુક્ત હોય અને જેમાં ઊંચા શૈક્ષણિક માપદંડથી દરેક પ્રકારના વિષયો શીખવાતા હોય તે ઉત્તમ છે.

**(૧૨) ધર્મોપદેશ :** ગુરુદેવ ધર્મપ્રચાર કરવા માટે પ્રાચીન સમયમાં થઈ ગયેલા મહાન સાધુ-મહાત્માઓનાં દૃષ્ટાંત આપે છે. શ્રી આર્યસુહસ્તિ, હરિભદ્રસૂરિ, જીનદત્તસૂરિ, શ્રી હિરવિજયજી વગેરે સાધુપુરુષોએ જે પ્રમાણે જૈન ધર્મનો બોધ આપ્યો તે પ્રમાણે આપણે પણ ધર્મોપદેશ દ્વારા જીવહિંસા, ધર્મપરિવર્તન જેવાં અનેક અઘટિત કાર્યો રોકી અહિંસા અને પ્રેમનો સંદેશ જગતને આપીએ.

**(૧૩) ઉપદેશ શ્રવણ તથા વાંચન :** યાત્રા કરનાર ભાઈ-બહેનોએ હંમેશાં મુનિ ભગવંતો પાસે ઉપદેશ, શ્રવણ અને ધાર્મિક ગ્રંથોનું પઠન કરવું જોઈએ. ગુરુદેવ બુદ્ધિસાગરજી ઉપદેશ સાંભળવાથી અને ગ્રંથ વાંચનથી તથા લાભની ચર્ચા કરતાં વર્ણવે છે :

"ઉપદેશ શ્રવણ કરવાથી હૃદયમાં જ્ઞાનરૂપ દીપકની જ્યોતિ પ્રગટે છે અને અનેક પ્રકારની શંકાઓનો નાશ થાય છે. શ્રી ઇન્દ્રભૂતિએ પ્રભુનો ઉપદેશ સાંભળ્યો કે તુરત જ તેમના મનની શંકાઓ ટળી ગઈ. ઉપદેશથી વીજળીના કરતાં પણ અધિક અસર હૃદયમાં થાય છે. ગ્રંથો વાંચવાથી દરરોજ અભિનવ જ્ઞાનવૃદ્ધિ પામે છે."

આ પ્રમાણે તીર્થસ્થાનમાં બિરાજેલા સાધુઓ પાસે વિનયપૂર્વક ઉપદેશ ગ્રહણ કરીને તેમણે દર્શાવેલાં સૂચનો પર અમલ કરવાથી ધર્મશ્રદ્ધા દૃઢ બને છે.

**(૧૪) આત્મધ્યાન :** શ્રાવકોએ અધ્યાત્મજ્ઞાન અન દ્રવ્યાનુયોગના ગ્રંથોનું અધ્યયન કરીને પ્રભુએ ધ્યાન ધરેલાં પૂજનીય સ્થળોમાં જઈને ધ્યાન કરવું જોઈએ. સમેતશિખર પહાડ પર વીસ તીર્થંકરો ધ્યાન ધરીને મોક્ષ પામ્યા ત્યાં શ્રાવકોએ પણ ધ્યાન ધરીને પ્રભુના ગુણોનું સ્મરણ કરવું જોઈએ એમ બુદ્ધિસાગરજી વર્ણવે છે.

ગુરુદેવ યાત્રા કરનાર ભાઈ-બહેનોને દયા, પ્રેમ, અપરિગ્રહ, ભ્રાતૃભાવ વગેરે સદ્‌ગુણો પ્રગટાવીને યાત્રા સફળ કરવાનો સંદેશ આપે છે. તેઓ જૈન ગુરુકુળ સ્થાપવાની જરૂરિયાત પર ખૂબ જ ભાર મૂકે છે. તેઓ શ્રાવકોને સંઘ જમણ અને નવકારશી જમણમાં ધન વ્યય કરવાને બદલે શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરવાનો બોધ આ ગ્રંથમાં આપે છે.

## (૩) શ્રાવક ધર્મ સ્વરૂપ

આચાર્ય બુદ્ધિસાગરજીએ 'શ્રાવક ધર્મ સ્વરૂપ' બે ભાગમાં રચ્યો છે.

ગ્રંથની ભાષા ગુજરાતી તથા માગધી છે. તેઓએ પ્રથમ ભાગમાં શ્રાવકના એકવીસ ગુણોનું વર્ણન કર્યું છે. તથા બીજા ભાગમાં આ એકવીસ ગુણોથી સંપન્ન શ્રાવક, સાધુ વર્ગ સાથે અત્યંત વાત્સલ્ય ભાવ સાથે કેવી રીતે સુમેળપૂર્વક રહે તે દર્શાવ્યું છે.

આ પુસ્તકનું ફરી સંપાદન મુનિ મનોહરસાગરજીએ કર્યું છે. (તથા તેમની પ્રેરણાથી) ગ્રંથની પ્રસ્તાવનાનું શુભ કાર્ય શ્રી સ્નેહરશ્મિની કલમ દ્વારા આલેખાયેલું છે.

તેઓ પ્રસ્તાવનામાં ગ્રંથ વિશે સમજાવતા લખે છે કે "જેવી રીતે એક દીપકની જ્યોતિથી બીજો દીપક પ્રગટી શકે છે તેવી રીતે મનુષ્ય કે શ્રાવકમાં થોડા મુખ્ય ગુણો જેવા કે ઉદાહતા, સહિષ્ણુતા હોય તો બીજા ગુણો (જેવા કે) કરુણા, મૈત્રી, ક્ષમા, પરોપકાર વૃત્તિ વગેરે ગુણો સ્વયં પ્રગટતા જાય છે. આ ગ્રંથરત્ન અંતઃકરણની નિર્મળતામાં સહાયક છે."

આચાર્ય બુદ્ધિસાગરજી મંગલાચરણના પ્રથમ શ્લોક દ્વારા શ્રી મહાવીર તથા શ્રી ગુરુને નમસ્કાર કરીને ભવ્ય જીવોને બોધ આપવા ગ્રંથ રચનાની શુભ શરૂઆત કરે છે :

**नत्वा श्रीमन्महावीरं गुरुं धर्मोपदेशकम् ।**
**श्राद्धधर्मस्वरूपं रच्यते - बोधहेतवे ॥१॥**

તેઓ શ્રાવકની વ્યાખ્યા આપતાં લખે છે કે જે વ્યક્તિ ગુરુ પાસેથી ધર્મ તત્ત્વ સાંભળે તથા એકવીસ ગુણને ધારણ કરે છે તે શ્રાવક કહેવાય છે. શ્રાવકના એકવીસ ગુણો ખીલવવાથી શ્રાવકનો આત્મા ઉચ્ચ કોટિનો બને છે. તે સમાજ તથા દેશને ઉન્નતિના શિખરે પહોંચાડવા શક્તિમાન બને છે. **શ્રાવકના એકવીસ ગુણો આ પ્રમાણે છે :**

**(૧) અક્ષુદ્ર :** એટલે જે ગંભીર વિશાળ હૃદયવાળો શાંત પ્રકૃતિયુક્ત હોય જેથી તે પોતાની સાથે બીજાનું પણ ભલું કરી શકે.

**(૨) રૂપવાન :** સંપૂર્ણ અંગઉપાંગવાળો પાંચ ઇન્દ્રિયોથી સુંદર દેખાતો, દઢ શરીરવાળો પુરુષ ધર્મની સાધના બરાબર કરી શકે છે. જો કે કુરૂપ હોય તે પણ ધર્મસાધના બરાબર કરી શકે છે.

**(૩) સૌમ્ય સ્વભાવ :** શાંત સ્વભાવવાળા ખૂબ વિચારીને કાર્ય કરે છે તથા તેના મૃદુ સ્વભાવથી લોકો નિર્ભય બનીને તેને સત્ય હકીકતથી વાકેફ કરી શકે છે અને તે પોતાની તથા બીજાની ઉન્નતિ કરી શકે છે.

**(૪) લોકપ્રિય :** લોકપ્રિય મનુષ્ય પર બીજા લોકો જલદીથી વિશ્વાસ કરે છે અને તે કારણથી એને અન્યની સેવાનો લાભ સહેલાઈથી મળે છે. લોકપ્રિય થવા માટે મીઠી વાણી બોલવી તથા યથાશક્તિ દાન કરવું.

**(૫) અક્રૂર :** જે ક્રૂર નથી તે અક્રૂર. વૈર, ક્રોધ વગેરેથી ક્રૂરતા આવે છે. અક્રૂર વ્યક્તિ દયાળુ, માયાળુ અને સંસ્કારી હોય છે. જે સાચા શ્રાવકની પિછાન છે.

**(૬) પાપભીરુ :** જે પુરુષ પાપમય પ્રવૃત્તિ કરતા ડરે તે ધર્મને માટે યોગ્ય ગણાય.

**(૭) અશઠ :** ધર્મને યોગ્ય પુરુષના ગુણમાં ખાસ ગુણ તે અશઠ એટલે કે જે અન્યને છેતરે નહિ તે. શઠ પુરુષ કંઈ ખરાબ કાર્ય ન કરે તો પણ લોકો એને શંકાની નજરે જુએ છે. એનો વિશ્વાસ કરતા નથી. જ્યારે અશઠ પુરુષના પ્રમાણિકપણાને લીધે રાજ્યમાં કુટુંબમાં બધે એની કીર્તિ ફેલાય છે.

**(૮) સુદાક્ષિણ્ય :** સુદાક્ષિણ્ય ગુણવાળો મનુષ્ય અન્યના ભલા માટે પોતાના તન, મન, ધન વાપરે છે. આ ગુણ વડે અનેક મનુષ્યની કૃપા મળે છે.

**(૯) લજ્જા :** શ્રાવકના ગુણોમાં આ ગુણ ઘણો મહત્ત્વનો છે. કારણ કે લજ્જા એટલે કે શરમવાળો મનુષ્ય કદી પણ ખોટું કાર્ય કરતો નથી.

**(૧૦) દયા :** 'मूलं धम्मस्स दया' ધર્મનું મૂળ દયામાં છે. દયાળુ પુરુષમાં વૈરભાવનો અભાવ હોવાને કારણે ક્રોધ, શોક, ક્લેશ વગેરે દોષો સ્વભાવમાં પ્રવેશતા નથી અનેતે થી તે પોતે સુખી થઈને બીજાને સુખમાં રાખે છે.

**(૧૧) માધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિ :** માધ્યસ્થ સૌમ્ય દૃષ્ટિવાળો મનુષ્ય પ્રથમ અન્ય ધર્મની માન્યતા પર વિચાર કરે છે. તેમાં રહેલું સત્ય શોધી કાઢી એના પર અમલ કરે છે. આવા સૌમ્ય દૃષ્ટિવાળા મનુષ્ય કોઈની નિંદા કરતો નથી અને તેનું કથન હંમેશાં સત્ય, પૂર્વગ્રહ વિનાનું નિષ્પક્ષ હોય છે. આચાર્ય બુદ્ધિસાગર લખે છે કે "માધ્યસ્થ દૃષ્ટિ પ્રાપ્તિ કર્યા વિના સમ્યક્ત્વ રત્નની પ્રાપ્તિ થતી નથી."

**(૧૨) ગુણાનુરાગ :** ગુણાનુરાગી પુરુષ અન્યના ગુણ જોવા સમર્થ હોવાથી ગુણીજનોનું બહુમાન કરે છે. કોઈ પણ વ્યક્તિ સર્વગુણ સંપન્ન સંભવી શકતો નથી. માટે જેમાં જે ગુણ હોય તેની પ્રશંસા કરવી તથા અવગુણ પ્રત્યે દુર્લક્ષ કરવું કારણ કે અવગુણ કહી બતાવતા વૈરની વૃદ્ધિ થાય છે. જે ગુણાનુરાગી હોય તે પોતાના દોષો સ્વયં શોધીને તેને સુધારવા પ્રયત્ન કરે છે.

**(૧૩) સત્કથન :** ધર્માર્થી પુરુષો હંમેશાં શુભ (સારાં) વચનો બોલતા હોય છે. તેઓ કદી પારકી નિંદા કે પંચાતમાં પડતા નથી.

**(૧૪) સુપક્ષ :** ધાર્મિક સદાચારયુક્ત પરિવાર સુપક્ષ કહેવાય છે. આવા અનુકૂળ વાતાવરણમાં શ્રાવક નિર્વિઘ્નપણે ધર્મકાર્ય કરી શકે છે.

**(૧૫) દીર્ઘદર્શિત્વ :** જે મનુષ્ય દૂરંદેશી હોય તે પરિણામનો વિચાર કરીને કાર્યનો આરંભ કરે છે. જેથી અંતમાં તે કાર્ય પ્રશંસનીય તથા સંપૂર્ણ હોય.

**(૧૬) વિશેષજ્ઞ :** વિશેષજ્ઞ બનવા માટે તીવ્ર બુદ્ધિની સાથે ઉત્સાહ, તર્કશક્તિ તથા જે વિષયના વિશેષજ્ઞ બનવું હોય તેની પૂર્ણ જાણકારી જરૂરી છે. જે પુરુષમાં આ સર્વે ગુણો હોય તે નિષ્ણાત બની શકે છે.

**(૧૭) વૃદ્ધાનુગ :** અનેક અનુભવ વડે ઘડાયેલો પરિપક્વ બુદ્ધિવાળા વૃદ્ધ પુરુષને અનુસરીને તેની સલાહ લઈને ચાલનાર પુરુષ પાપ પ્રવૃત્તિમાં પ્રવર્તતો નથી.

**(૧૮) વિનય :** સર્વ ગુણોનું મૂળ વિનય છે. વિનય વડે જ અનેક મુશ્કેલ કાર્યની સિદ્ધિ થાય છે. સંસારમાં જે મા-બાપ, ગુરુ અને વડીલો પ્રત્યે વિનયથી વર્તે તે જ ધર્મને પામવા યોગ્ય બને છે. વિનયી બનવા માટે અન્યનો ઉપકાર યાદ કરવો. અન્યને મદદ કરવા તત્પર રહેવું અને અન્યની સેવા શુશ્રૂષા કરવા તૈયાર રહેવું જોઈએ.

**(૧૯) કૃતજ્ઞ :** કૃતજ્ઞ મનુષ્યો, પરમ ઉપકારી શ્રી ધર્મગુરુઓને ગણી તેનું બહુમાન કરે છે. મા-બાપ, સ્વામી અને ધર્માચાર્યના ઉપકારનો બદલો ગમે તેટલી સેવા પછી પણ વાળી શકતો નથી. માટે તેઓની સેવામાં હંમેશાં તત્પર રહેવું જોઈએ.

**(૨૦) પરોપકાર :** પરોપકાર ગુણ મનુષ્યમાં હોય તો તે ધર્મની સેવા સારી રીતે બજાવી શકે છે. આચાર્ય બુદ્ધિસાગરજી કહે છે કે "જગતમાં ધર્મની પ્રાપ્તિ માટે પરોપકાર એ સડક જેવો સીધો રસ્તો છે. પરોપકારી જ જલદી ધર્મ પામી શકે છે અને તે જલદી ધર્મનો ફેલાવો કરી શકે છે. પરોપકારી ધન, સત્તા, જ્ઞાન, ઉપદેશ, મન, વાણી અને કાયા વડે જ્યાં જાય છે ત્યાં ઉપકાર જ કરતો હોય છે."

પરોપકારી વ્યક્તિ પોતાના પરોપકાર ગુણ વડે ધર્મનો ફેલાવો કરી શકે છે.

**(૨૧) લબ્ધલક્ષ્ય (intelegent) :** લબ્ધલક્ષ્ય મનુષ્ય જલદીથી વિદ્યાભ્યાસમાં હોશિયાર બની વિજયી નીવડે છે. અનેક ધર્મસૂત્રનાં રહસ્યોને સહેલાઈથી જાણી શકે છે. માટે ધર્મની પ્રાપ્તિ માટે મનુષ્યે લબ્ધલક્ષ્ય ગુણ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ.

તેઓ શ્રાવક ધર્મ સ્વરૂપના બીજા ભાગમાં શ્રાવકના પ્રકાર અને શ્રાવકનું સ્વરૂપ સમજાવે છે.

આચાર્ય બુદ્ધિસાગર મહારાજશ્રી સ્થાનાંગ સૂત્ર પ્રમાણે શ્રાવક શ્રમણોપાસક ચાર પ્રકારના બતાવ્યા છે :

"चउविहा समणोवासगा पन्नता, तं जहा अमापिय समाणे, माय समाणे, मित्त समाणे, सवति समाणे, अहवा चउविहा समणोवासणा पन्नता, तं जहा उभ्यंस समाणे, पडाग समाणे, खाणु समाणे, खरंट समाणे, फ्ते चं साधून्नाश्रित्य दृष्टव्यास्ते, चामीषां चतुण्णां मध्ये कस्मिन्नवतरन्तीति ?"

**શ્રમણોપાસકના ચાર પ્રકાર આ પ્રમાણે છે :**

**(૧) મા-બાપ સમાન :** કેટલાક શ્રાવકો મા-બાપની જેમ સાધુઓ ઉપર પ્રેમ રાખે છે. તેમના દોષ ઢાંકીને ગુણો ખીલવે છે અને તેમની ઉન્નતિમાં સંપૂર્ણ સહકાર આપે છે.

**(૨) ભ્રાતા સમાન :** ભાઈ સમાન શ્રાવકો સાધુઓને પોતાના ભાઈની જેમ અત્યંત સ્નેહથી રાખે છે અને તેમની સેવા કરવા તત્પર રહે છે.

**(૩) મિત્રસમાન શ્રાવક :** કેટલાક શ્રાવકો મુનિ ગુરુઓ પર મિત્ર સમાન પ્રેમ રાખે છે. તેમને ગુરુવરને મળ્યા સિવાય ચેન પડતું નથી. તેમના દુઃખે દુઃખી થાય છે. તેમની આજ્ઞા શિરોધાર્ય કરે છે.

**(૪) શોક્ય સમાન શ્રાવક :** ઘણા શ્રાવકો સાધુઓ સાથે શોક્ય સમાન વર્તન કરે છે. સાધુની નાનીશી ભૂલને ઘણું મોટું સ્વરૂપ આપીને રાઈનો પર્વત બનાવી દે છે. સાધુઓની દરેક બાબત જેવી કે વિહાર, આહાર ક્રિયા વગેરેમાં છિદ્રો શોધી બીજા ભોળા લોકોને ગેરમાર્ગે દોરે છે. આવા શ્રાવકો અયોગ્ય કહેવાય. આ ઉપરાંત અરીસા સમાન શ્રાવકો, પતાકા સમાન શ્રાવકો, મૂઢ સમાન શ્રાવકો, સ્થાન સમાન એટલે કે હઠધર્મી તથા ખરંટ સમાન એટલે કે ગુરુ સાચા હોય તો પણ તેમને ખોટા પાખંડી કહીને ખરડે અને વાંદરો જેમ ચકલીનો માળો વીંખી નાખે તેમ સાધુઓને હાનિ પહોંચાડે છે.

શ્રાવકના સ્વરૂપ ચાર પ્રકારના છે :

**(૧) નામ શ્રાવક :** કોઈનું પણ શ્રાવક નામ હોય તે સંજ્ઞાવાચક નામધારી.

**(૨) સ્થાપના શ્રાવક :** પુસ્તક કે ચિત્રમાં હોય તે સ્થાપના શ્રાવક ચીતરેલું હોય તે.

**(૩) દ્રવ્ય શ્રાવક :** જેણે ફક્ત આજીવિકા માટે શ્રાવકનો વેષ ધારણ કર્યો હોય પણ દેવ-ગુરુથી રહિત હોય.

**(૪) ભાવ શ્રાવક :** શાસ્ત્રમાં કહેલા સર્વ પ્રકારના શ્રાવકના ગુણને ધારણ કરે અને દેવ, ગુરુ અને ધર્મનું આરાધન કરે તે ભાવ શ્રાવક જાણવો. તે ભાવ શ્રાવકનું સ્વરૂપ બરાબર સાંભળીને ગ્રહણ કરે છે. તે શીલવાન, ગુણવાન, વ્યવહારમાં ઋજુ હોય, ગુરુની સેવા કરનાર અને જિનાજ્ઞા પાળવામાં કુશળ હોય છે.

શ્રાવકો એવા એકવીસ ગુણો ધારણ કરીને ભાવ શ્રાવક બની વ્રત નિયમથી યુક્ત થઈ સંસારમાં જળકમળવત્ રહી પોતાના જીવનને સફળ બનાવીને મોક્ષનો અધિકારી બની શકે છે.

ઉપરોક્ત શ્રાવક ધર્મ સ્વરૂપના બંને ભાગોમાંથી પ્રથમ ભાગમાં શ્રાવકના એકવીસ ગુણોનું વર્ણન છે. બુદ્ધિસાગરજીએ દેવેન્દ્રસૂરિ રચિત 'ધર્મરત્ન પ્રકરણ' ગ્રંથમાંથી શ્રાવકને સમજવામાં સરળ રહે એ માટે તેનું ટૂંકાણમાં વિવેચન કર્યું છે. બીજા ભાગમાં ભાવ શ્રાવકના સત્તર ગુણો, શ્રાવકના ચાર પ્રકારો તથા તેનાં લક્ષણો દર્શાવ્યાં છે. આ ગ્રંથને બીજી આવૃત્તિ સમયે વચનામૃતમાં સંલગ્ન કરવામાં આવ્યો. એ પછીની આવૃત્તિમાં બંને ભાગો અલગથી પ્રસિદ્ધ કરવામાં આવ્યા.

## (૪) જૈનોપનિષદ

'જૈનોપનિષદ' આચાર્ય બુદ્ધિસાગરજીએ મૂળ ગ્રંથ સરળ સંસ્કૃત ભાષામાં રચીને તેનું વિવેચન તેમણે ગુજરાતી ભાષામાં કર્યું.

આ ગ્રંથની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજ લખે છે કે "જૈનો જૈન ધર્મની તથા પોતાની પ્રગતિ કરે અને દુનિયામાં સદાય જાહોજલાલી ભોગવે એ ઉદ્દેશ્યથી આ ગ્રંથ રચ્યો છે. આ ગ્રંથમાં બતાવેલ સૂત્રોને જીવનમાં ઉતારવાથી જૈન કોમનો ઉદ્ધાર થશે."

શ્રી ચીમનભાઈ જેચંદભાઈ આ પુસ્તક વિશે પ્રકાશકીય નિવેદનમાં લખે છે કે આ ગ્રંથની ગુજરાતી તથા સંસ્કૃત ભાષા ખૂબ સરળ હોવાથી વિદ્યાર્થીઓ સહેલાઈથી સમજી શકે છે. આ ગ્રંથ જીવનને ઊર્ધ્વગામી બનાવવામાં આજના ભૌતિક સમયમાં ખૂબ ઉપયોગી સાબિત થાય છે.

આ ગ્રંથના સંપાદકીય નિવેદનમાં શ્રી ગુણવંતભાઈ શાહ લખે છે કે જૈનોપનિષદ ગ્રંથ સંપ્રદાયની સાંકડી દીવાલોમાં રાચવાને બદલે વિશાળ દુનિયામાં દોડે છે. એ જિનેશ્વરનું વિરાટ સ્વરૂપ સર્વમાં બતાવે છે.

જૈન કોમને નિર્ભય બની હજારો પ્રતિપક્ષીથી ડર્યા વગર સ્વાવલંબી બની આગળ પ્રગતિ કરવા કહે છે.

આચાર્ય બુદ્ધિસાગરજી જૈન અને જિનેશ્વર ભક્ત અને પ્રભુની વ્યાખ્યા આપતાં સમજાવે છે કે, "જે મનુષ્યો, જિનદેવ તીર્થંકર પરમાત્માના ઉપાસકો, સેવકો તેમજ ભક્તો છે તે જૈનો કહેવાય છે. શ્રી જિનેશ્વર સમવસરણમાં બેસીને ચતુર્મુખે દેશના દે છે. માટે તે સર્વજ્ઞ વીતરાગ - બ્રહ્મા કહેવાય છે. સર્વ જીવોને તે ધર્મમાં ખેંચે છે. આથી તે કૃષ્ણ પણ કહેવાય છે. તથા સર્વ જીવોનાં પાપોને હરતાં હોવાથી તે હરિ પણ કહેવાય છે."

આ પ્રમાણે તેઓ તીર્થંકરના દરેક ગુણો સાથે શંકર, વાસુદેવ, વિશ્વેસર, કૃષ્ણ, હર વગેરેના ગુણો સાથે રાખી સર્વ ઈશ્વર સરખા હોય છે તથા સર્વ વિશિષ્ટ ગુણોથી અલંકૃત હોય છે. માટે તેમની ઉપાસના કરવી એમ પ્રતિપાદિત કરે છે. આમ તેઓ ગ્રંથની શરૂઆત કરે છે.

એમની આ ગ્રંથની શૈલી વિશિષ્ટ છે. ઓછા શબ્દો વડે વાક્ય બનાવી તે પર ત્રણ-ચાર નાના ફકરામાં ઉપદેશનો સમાવેશ કર્યો છે. જેમ કે "जिन वचनज्ञाः" "બ્રાહ્મણો, ક્ષત્રિયો, વૈશ્યો અને શૂદ્રો, ગુણ અને કર્મ પ્રમાણે હોય છે, પરંતુ જૈન તો તે જ છે કે જે જિનનાં વચનોને જાણે છે કે અર્થાત્ તેમણે કહેલાં તત્ત્વોને જાણીને તેમના પર જિનદેવ પર રાગભાવ ધારણ કરે છે. શ્રી જિનેશ્વરનાં વચનો પ્રમાણે જે પોતાની શક્તિ મુજબ વર્તે છે અને તેમના ઉપદેશને જેઓ માન્ય કરે છે તેઓ સૌ જૈન છે."

આચાર્ય બુદ્ધિસાગરજી જૈન ધર્મના પ્રચાર માટે ભૂતકાળમાં થયેલા ખારવેલ શ્રેણિક અને કુમારપાળ જેવા રાજાઓ તથા બપ્પભટ્ટસૂરિ, હેમચંદ્રાચાર્ય, હીરવિજયસૂરિ, જિનદત્તસૂરિ વગેરે

આચાર્યોનું ઉદાહરણ આપે છે. તેમણે જેમ ઘણો પ્રચાર કર્યો હતો તે રીતે આજે પણ વિદ્યા, ધન અને ઉપદેશ દ્વારા સકલ સંઘે જૈન ધર્મનો પ્રચાર કરવો જોઈએ.

જૈન સંઘ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો બનેલો હોવાથી ચતુર્વિધ સંઘ કહેવાય છે. એની રક્ષા કરવી તથા તેને માટે આહાર, પાણી, વસ્ત્રની વ્યવસ્થા કરવી એ મોટી ભક્તિ છે. સંઘ પર આવેલા સંકટ દૂર કરવા તથા તેની પડતી દશાનો ઉદ્ધાર કરી તેને મજબૂત કરવો તે પણ ભક્તિનો એક પ્રકાર છે. આચાર્ય કાલિકાચાર્યે ગદર્ભભિલ્લ રાજાને હરાવીને સાધ્વીને યથાસ્થાને પહોંચાડીને સંઘની ભક્તિ કરી હતી.

જૈન ઉપનિષદમાં જૈનોએ સાચા જૈન બનવા શું શું કરવું એ કર્તવ્યની સમજ સીધી-સાદી ભાષામાં પરંતુ જલદીથી સમજાય એવા કર્તવ્યપાલનનો પ્રખર સંદેશ તેમણે આપ્યો છે. મનુષ્યો જીવનમાં તેમનો સંદેશ ગ્રહણ કરે અને આગળ વધે તો સિદ્ધિના સર્વોચ્ચ સ્થાને પહોંચી શકે છે.

દેવ-ગુરુની સેવાભક્તિ કરવાથી જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. ગુરુકૃપા એ પરમાત્માની કૃપા છે એમ સમજવું.

તેઓ શ્રાવકોને ખાસ વિવેકાનંદ અને વીરચંદ ગાંધી જેવા મહાજ્ઞાનીઓ તૈયાર કરાવવા ઉપદેશ આપે છે. જેથી પરદેશમાં જૈનત્વ અને હિન્દુત્વનો ફેલાવો થાય તથા જગતને જૈન ધર્મશાસ્ત્રના ઉદાર-પવિત્ર આચાર-વિચારની જાણ થાય. ધર્મ પર આવેલી આપત્તિ દૂર કરવા અપવાદ ધર્મને અનુસરીને પરિવર્તન કરવું પડે છે તે કરવું જેથી કરીને અસલની પરિસ્થિતિ પ્રાપ્ત થાય.

તેઓ તેમની ઉપદેશાત્મક શૈલી વડે જૈન ધર્મની દૃષ્ટિ જૈનોએ રાખવી જોઈએ તેમ કહે છે. તેઓ કહે છે કે સર્વ મનુષ્યમાં પછી તે હિન્દુ, મુસ્લિમ, પારસી, બૌદ્ધ કે ખ્રિસ્તી હોય તેમના આત્માઓમાં અનંત જ્ઞાન, દર્શન અને ચરિત્ર તથા અનંત સુખ હોય છે. તે દરેક જૈન ધર્મની દૃષ્ટિ વડે નીરખવું જોઈએ.

તીર્થંકર પરમાત્માનાં વચન તથા રહસ્યોને આચાર્યો સારી રીતે જાણે છે. માટે તેમનામાં શ્રદ્ધા રાખી ખોટા તર્કવિતર્ક કર્યા વગર ધર્મકાર્ય કરવા બુદ્ધિસાગરજી તાર્કિક બુદ્ધિ પર પ્રહાર કરતાં કહે છે :

"જેઓ તર્ક પર તર્ક કરે છે તેઓનું ઠેકાણું પડતું નથી અને ઊલટા તેઓ કર્મયોગથી ભ્રષ્ટ થાય છે. માટે શ્રદ્ધા વડે પ્રજ્ઞાને સ્થિર કરી. આચાર્યોએ ઉપદેશેલાં ધર્મકાર્યો કરવામાં સ્વાધિકારે લયલીન થવું જોઈએ."

રજોગુણ અને તમોગુણથી અધર્મ થાય છે. અધર્મથી દુનિયાના તમામ માણસોની પડતી થાય છે. અધર્મથી દુનિયાનો નાશ થાય છે. હિંસા, અસત્ય, ચોરી, વ્યભિચાર, વેર, નિંદા, અભિમાન, કપટ વગેરે દુર્ગુણો તે અધર્મ છે.

શુભ કર્મો પર પ્રશસ્ય રાગ અને દુર્ગુણો પર દ્વેષ થવાથી, અશુભ વાસનાઓનો ક્ષય કરી મનને ઉત્તમ બનાવી શકાય છે. મનમાં શોક, દીનતા, વેર અને દુઃખના વિચારોને આવવા ન દેવા જોઈએ.

ખરાબ વિચારો પર કાબૂ મેળવી મનને ધર્મપ્રેમ અને શ્રદ્ધાથી ભરી દેવું જોઈએ.

સર્વ શક્તિનો સ્વામી આત્મા છે. પ્રેમ અને શ્રદ્ધાથી તેની આરાધના કરવાથી તે પરમાત્મા બને છે. આત્માની અનંત શક્તિને ઓળખીને આત્માભિમુખ પ્રવૃત્તિ કરવાથી આત્માની સાથે જૈન શાસનની ઉન્નતિ પણ થાય છે.

તેઓ અંતમાં ભારતીય લોકોને પાશ્ચાત્ય કોમના ગુણ બતાવીને કહે છે કે તેઓની જેમ પુરુષાર્થ કેળવો, કર્મમાં લખ્યું છે તે થવાનું છે. માટે અકર્મણ્યતાવાદી બનવાનું નથી. કુમારપાળ, સંપ્રતિ, વસ્તુપાળ, તેજપાળ વગેરેના પુરુષાર્થને યાદ કરીને અને જે રીતે યુદ્ધનું બ્યુગલ વાગતા બાયલી વ્યક્તિને પણ શૂર ચઢે છે તે જ પ્રમાણે આ ઉપદેશરૂપ બ્યુગલ વાંચીને મનુષ્યો શૂરતા પ્રગટાવે એમ કહે છે.

●●●

## (૫) શિષ્યોપનિષદ

શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજજીએ શિષ્યોપનિષદ્ ગ્રંથ સંસ્કૃતમાં લખ્યો હતો અને તેનું વિવેચન તેમણે જ વિસ્તારથી ગુજરાતી ભાષામાં કર્યું.

ગુરુના જીવનમાં શિષ્યનું સ્થાન અને શિષ્યના જીવનમાં ગુરુનું સ્થાન ખૂબ મહત્ત્વનું હોય છે. શિષ્ય જયારે ગુરુ પાસે સંપૂર્ણ શ્રદ્ધાથી જાય છે ત્યારે ગુરુ તેને પોતાની સર્વ કંઈ વિદ્યાઓ શીખવે છે. આ ગ્રંથ ફક્ત જૈનો માટે નથી. એ સર્વ સાધારણ કોઈ પણ ગુરુ શિષ્ય માટે છે. તેઓ તેમના આ ગ્રંથની પ્રસ્તાવનામાં દશ વૈકાલિક સૂત્રના નવમા અધ્યયનનો એક શ્લોક કહે છે :

**ध्यानमूलं गुरोः मूर्तिः, पूजा मूलं गुरोः पदम् ।**
**मंत्रमूले गुरोर्वाक्यम् मोक्षमूलं गुरोः कृपाम् ।**

**ભાવાર્થ :** ધ્યાનનું અપૂર્વ સ્થાન ગુરુની મૂર્તિ છે. પૂજાનું પૂર્ણ મહત્ત્વ ધરાવતા ગુરુના ચરણ છે. ગુરુના વચનની આરાધના સર્વ મંત્રમાં શ્રેષ્ઠ છે અને ગુરુની કૃપા મોક્ષ માર્ગનું સાધન છે.

શિષ્ય ગુરુની નિશ્રામાં વિનય, ક્ષમા, નમ્રતા આદિ ગુણો પ્રાપ્ત કરે છે. ગુરુની અવહેલના કરનાર શિષ્ય કદી મુક્તિ પામતો નથી. તેઓએ આ ગ્રંથમાં ઓછામાં ઓછા એક કે બે શબ્દો વડે સુંદર વાક્ય સંસ્કૃત ભાષામાં રચીને ગુજરાતી ભાષામાં વિવેચન કરી ગ્રંથરચના કરી છે. જેમ કે 'परिसह विजयी' 'सत्यप्रिय तथ्य वक्ताः' વગેરે વાક્યોના વિવેચન વડે તેઓએ શિષ્યની લાયકાત, તેણે પ્રાપ્ત કરવાના ગુણ, તેના સંસ્કાર, વર્તન વગેરેનું વર્ણન કર્યું છે.

શિષ્યના સંસ્કાર વર્ણવતાં તેઓ કહે છે કે શિષ્ય સભ્ય, સમુપાસક, પરોપકારી, વિનયી, વિવેકી, શ્રદ્ધાવાન, વગેરે ગુણોવાળો હોવો જોઈએ.

વિનયયુક્ત મનુષ્ય ગુરુજનોની અનેક પ્રકારે સેવા બજાવી શકે છે. ગુરુના વચન પર શ્રદ્ધા રાખનાર શિષ્ય જ આગળ વધીને પોતાનું શ્રેય સાધી શકે છે. 'सुखं दुःखे समः' બુદ્ધિસાગરજી કહે છે :

"શિષ્ય થતાં પહેલાં સુખ-દુઃખમાં સમભાવ ધારણ કરવાની શક્તિ મેળવવી જોઈએ. સુખમાં આનંદ અને દુઃખમાં શોક કરવાથી આત્માની શક્તિઓ ખીલતી નથી. પોતાના ગુરુ પર દુઃખ પડતાં અરુચિ ધારણ કરતો નથી. આપત્તિ પ્રસંગે ગુરુનો ત્યાગ કરતો નથી. સુખની લાલચથી તે અન્યત્ર ભાગી જતો નથી. સર્વ કર્માનુસારે ગમે ત્યાં જવાથી સુખ-દુઃખ તો થયા કરે છે. એવું સમજી તે ગુરુ પર કોઈ જાતનો આરોપ મૂકતો નથી." સુખ-દુઃખમાં સમભાવી શિષ્ય ગુર્વાજ્ઞા પાળી આનંદમાં રહી સર્વનું શ્રેય કરી શકે છે.

તેઓ તેમના આ ગ્રંથમાં શિષ્ય બે જાતના વર્ણવ્યા છે : દીક્ષિત શિષ્ય અને ગૃહસ્થ શિષ્ય. જેમણે ગુરુ પાસે દીક્ષા લીધી હોય તે દીક્ષિત શિષ્ય અને જેમણે દીક્ષા ન લીધી હોય અને ગુરુની

આજ્ઞા માને તે ગૃહસ્થ શિષ્ય. બંને જાતના શિષ્યો એ દ્રવ્ય-ક્ષેત્ર-કાલ પ્રમાણે વર્તવું જોઈએ. અવસરે ચિત્ત ક્ષેત્ર પ્રમાણે વર્તવાથી સુખાંત પ્રવૃત્તિ થાય છે.

શિષ્યમાં મૈત્રીનો ગુણ હોવો જોઈએ એમ તેઓ કહે છે. જે શિષ્ય સર્વ જીવોને પોતાના મિત્ર માને તેના હૃદયમાં જ પ્રભુનો વાસ થાય છે. મનુષ્યનું શુભ કે અશુભ તેના કર્મ પ્રમાણે થાય છે. અન્ય જીવો તેમાં નિમિત્ત માત્ર હોય છે. એ સિદ્ધાંત જે શિષ્ય સમજે છે તે કોઈના પર વેર રાખતો નથી.

તેઓ શિષ્યના ગુણ બતાવતા કહે છે કે શિષ્ય પ્રમાદી ન હોવો જોઈએ. પ્રમાદી મનુષ્ય પોતાની શક્તિઓનો નાશ કરે છે. 'प्रमाद त्याग प्रयत्नशील' । શિષ્ય પ્રમાદનો પરિહર કરવા પ્રયત્નશીલ હોવો જોઈએ.

શિષ્યે ગુરુની આજ્ઞા માનવી જોઈએ. ગુરુની આજ્ઞામાં શંકા-કુશંકા કરવાથી શિષ્યત્વ પ્રાપ્ત થતું નથી. જે પ્રમાણે સૈનિકો પોતાના ઉપરી જનરલની આજ્ઞા માને છે અને કયો હુકમ શેના માટે કર્યો એમ વિચારતા નથી તે જ પ્રમાણે ગુરુ આજ્ઞાને પરમાત્માની આજ્ઞા માની વર્તન કરવાથી જ મનુષ્ય પોતાનું શ્રેય સાધી શકે.

વ્યક્તિ જ્યારે કોઈ ગુરુનો શિષ્ય બને છે ત્યારે તેણે ગુરુ પરંપરાના આચાર વિચારનો અનુભવ કરવો જોઈએ. ગુરુની આગળ પોતે કરેલાં શુભ-અશુભ કાર્યો કે વિચારોનું વૃત્તાંક કહેવું જોઈએ જેથી ગુરુ આત્માની શુદ્ધિ કરવાના ઉપાયો જણાવે છે. 'गुरुत्व सर्व वृत्तांत निवेदक' ગુરુ આગળ રોજેરોજની પ્રવૃત્તિ કહેવાથી હૃદય શુદ્ધ થાય છે. જેથી જે આત્મા લાખો ભવે શુદ્ધ ન થઈ શકતો હોય તે એક જ ભવમાં શુદ્ધ થઈ જાય છે. ગુરુને પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર શિષ્ય જ સાચો શિષ્ય બની શકે.

ગુરુની આજ્ઞામાં ધર્મ જ રહેલો હોય છે. ગુર્વાજ્ઞા પાલક શિષ્યની જ ઉન્નતિ થાય છે. જે શિષ્ય ગુરુની આજ્ઞામાં રહેતો નથી એ ગમે તેટલા ભવ સુધી જપ-તપ કરે તો પણ તે પરમાત્માપદને પ્રાપ્ત કરી શકતો નથી. શિષ્ય પોતાની ભક્તિ દ્વારા ગુરુના હૃદયને જીતી શકે અને સમાધિ બળે ગુરુનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.

"शुद्धात्म रसिक" શુદ્ધાત્મ રસિક શિષ્ય પોતાને અનેક કષ્ટો પડે તો પણ તેઓ શિષ્યવૃત્તિ છોડતાં નથી.

ગુરુની પાસે ગુરુમંત્રથી જે શિષ્ય દીક્ષા લઈને ધર્મ કર્મને જાણે છે. તે ધર્મરક્ષક બને છે. ગુરુની આરાધનાથી તેનામાં અલૌકિક શક્તિઓનો પ્રકાશ થાય છે તથા તેને દૈવિક સહાય પણ મળે છે. "अध्यात्म ज्ञान अनुभवी" અધ્યાત્મ જ્ઞાન સર્વ જ્ઞાનમાં શ્રેષ્ઠ છે. તેના વડે ધર્મના ઊંડાં રહસ્યો સમજી શકાય છે. મનને જીતવામાં અધ્યાત્મ જ્ઞાન જ ઉપયોગમાં આવે છે. એના વડે જ અહમ્, મમતા વગેરે ભાવોનો નાશ થઈ આત્મા અનંત આનંદ પ્રાપ્ત કરે છે. આવા "અધ્યાત્મ

જ્ઞાન અનુભવી" શિષ્ય સ્વ અને પરનો ઉદ્ધાર કરી શકે.

શિષ્યે પ્રથમ દેવ ગુરુ ધર્મની સાચી પિછાન કરીને જ ગુરુ કરવા જોઈએ. એક વાર એકને ગુરુ માન્યા પછી તેમાં અવિશ્વાસ કે અશ્રદ્ધા રાખવી જોઈએ નહિ.

આ. બુદ્ધિસાગર શિષ્ય સત્યવક્તા હોવો જોઈએ તેના પર ખાસ ભાર મૂકે છે. તેઓ કહે છે કે "सत्य प्रियतव्य वक्ता" સત્ય પણ હંમેશાં હિતકારી અને પ્રિય જ બોલવું જોઈએ. કોઈના દોષોને જાહેર કરવા ધર્મ કે અધર્મીની નિંદા વગેરે સત્ય હોય તો પણ અસત્ય સમાન સમજવાં. વ્યવહારમાં પણ કાણાને કાણો ન કહેવાય. એમ કહેવામાં આવ્યું છે. કારણ કે એવા સાચાં વચનોથી પણ સામી વ્યક્તિને દુઃખ જ થાય છે. આથી જે કંઈ બોલવું તે પ્રિય અને હિતકારી એવું જ સત્ય બોલવું. આવો જે સત્ય-પ્રિય અને સત્યવ્યક્તા છે તે શિષ્ય-ભક્ત-ઉપાસક બની શકે છે. સત્યવ્યક્તા વ્યક્તિ જો કંઈ પાપ કરે છે તો પણ તે ગુરુને સાચું કહી દે છે. તેથી ગુરુ એને પાપમાંથી મુક્તિના ઉપાયો બતાવે છે. જેને પરિણામે એ ધર્મમાર્ગમાં આગળ વધવા સમર્થ બને છે. જે સત્ય બોલવાથી ધર્મની હાનિ થાય તે સત્ય પણ અસત્ય જ ગણાય.

શિષ્ય ન્યાયપ્રિય હોવો જોઈએ, જે ન્યાય પ્રિય હોય છે તે કોઈના પણ અન્યાયને સહન કરી શકતો નથી. જે વ્યક્તિને ગુરુની કૃપા અને આશીર્વાદ મળે તેને સંસારની સર્વ સિદ્ધિ મળે છે. ગુરુના આશીર્વાદથી દેવતાઓ પણ પ્રસન્ન રહે છે. ગુરુને દેવ માની તેમની આરાધના કરવી જોઈએ. ગુરુ ઘણી વખત શિષ્યની કસોટી કરે છે. આચાર્ય બુદ્ધિસાગરજી કહે છે કે શિષ્યે ગુરુ સેવા તન્મયતાથી જેમ હનુમાને રામની સેવા કરી હતી તે રીતે કરવી જોઈએ.

શિષ્ય જો દૂર રહેતા હોય તો તેમણે ગુરુને મળવા યાત્રા કરવી જોઈએ અને ગુરુનો ઉપદેશ સાંભળવો જોઈએ. ગુરુના ભક્તો અને ઉપાસકોએ પરસ્પર એકબીજાને તન, મન, ધન અને બુદ્ધિથી મદદ કરવી જોઈએ. જે શિષ્ય કદાગ્રહ-વાળા હોય, પોતાની ખરાબ વર્તણૂક સુધારવા માંગતા જ ન હોય અને ખટપટી હોય તેવા શિષ્યનો ગુરુએ ત્યાગ કરવો જોઈએ. વિનયરત્ન સાધુ બન્યો અને તેણે ઉદાયી રાજાને મારી નાંખ્યો અને એ નાસી ગયો પછી ગુરુ પણ મરણને શરણ થયા એવા ગુરુદ્રોહી શિષ્યથી દૂર રહેવું સારું.

જે વ્યક્તિમાં માતા-પિતા કે ગુરુ પ્રત્યે ભક્તિ નથી તે સારો શિષ્ય બની શકતો નથી. માતા-પિતાએ જે આપણા પર ઉપકાર કર્યા છે તેનો બદલો ન વાળી શકાય. જે વ્યક્તિ માતા-પિતા કે ગુરુજનનો ઉપકાર ભૂલી જાય તેવા શિષ્યનો ત્યાગ કરવો જોઈએ. જે શિષ્યની બુદ્ધિ ભ્રમિત અસ્થિર હોય, શંકા, કુશંકા કરવાવાળી હોય એવા શિષ્યનો ત્યાગ કરવો. જે ગુરુની સામે બોલે, મશ્કરી કરે, પોતાને ગુરુ કરતાં મહાન માને. ગુરુની વારંવાર ભૂલો કાઢે કે ગુરુનું દિલ દુભાય એવું બોલે એવા શિષ્યો જો ન સુધરે તો એને છોડી દેવો.

દેવગુરુ અને ધર્મની સાધના કરનારા ગૃહસ્થો શિષ્યો સ્વયં મંગલમય હોય છે.

## (૬) ગુણાનુરાગ કુલક

પ્રત્યેક મનુષ્યમાં કોઈને કોઈ ગુણ ખીલેલા હોય છે. દરેક વ્યક્તિમાં ગુણ-દોષ વધારે-ઓછા પ્રમાણમાં હોય છે. મનુષ્યે એવી વિવેકયુક્ત સદ્‌ગુણ દૃષ્ટિ રાખવી જોઈએ કે સામી વ્યક્તિના દોષને ન જોતાં ફક્ત એના ગુણની જ પ્રશંસા કરવામાં આવે. આ ગ્રંથમાં બુદ્ધિસાગરજીએ સંસ્કૃતના ૨૮ દુહાઓનું ગુજરાતી ભાષામાં વિવેચન કર્યું છે. આ ગ્રંથરચના તેમણે સુરતના ચાતુર્માસ દરમ્યાન કરી હતી.

યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી આ પુસ્તકની પ્રસ્તાવનામાં સદ્‌ગુણ અને દુર્ગુણની છણાવટ કરતાં સમજાવે છે :

"સદ્‌ગુણ દૃષ્ટિધારકો, સદ્‌ગુણી પુરુષોના ગુણોનું બહુમાન અને પ્રશંસા કરે છે, માટે આવા ઉત્તમ ગુણની ખિલવણી માટે સાધુઓએ, સાધ્વીઓએ, શ્રાવકોએ અને શ્રાવિકાઓએ સદ્‌ગુણદૃષ્ટિ ધારણ કરવી. જેનામાં એક પણ ગુણ હોય તો તેની પ્રશંસા કરવી. દોષોની નિંદા કરવી નહીં. સમ્યકત્વધારી ગુણોને ગ્રહણ કરે છે. કોઈનામાં અવગુણ દેખી આશ્ચર્ય પામવું નહિ. કારણ કે અવગુણો તો અનાદિકાળના છે. ગુણોને દેખી આશ્ચર્ય પામવું."

આચાર્યશ્રી ગ્રંથના મંગળાચરણમાં તીર્થંકર પ્રભુને નમસ્કાર કરે છે. કેવલજ્ઞાની પ્રભુ સર્વના દોષોને જાણતા, તો પણ કોઈની આગળ કોઈનો દોષ કહેતા હોતા. તેઓ કોઈના આત્માને ખોટું લાગે એવું બોલતા નહોતા. તેઓ સમવસરણમાં બેસીને ઉપદેશ દેતા કે ગુણી થવું હોય તો ગુણ દેખવાની જ ટેવ પાડવી. માટે ભગવાનને હાથ જોડીને તેમણે જેવો પૂર્વભવોમાં ગુણાનુરાગ ધાર્યો હતો તે ગુણાનુરાગ ધરવા મનુષ્યોએ પ્રયત્ન કરવો જોઈએ.

આચાર્ય બુદ્ધિસાગરજી ચોથી ગાથામાં ભણતર, દાન કે તપશ્ચર્યાને બદલે ફક્ત ગુણાનુરાગદૃષ્ટિ કેળવવાથી સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય છે એમ કહે છે.

**किं बहुणा भणिएणं, किंवा तविएणं किंवा दाणे णंः ।**
**इक्कं गुणानुरायं, सिक्खह सुस्खाण कुलभवणं ।।४।।**

મનુષ્ય ખૂબ ભણે, ઉગ્ર તપ કરે કે અતિ દાન કરે પરંતુ જેનાથી તેના અભિમાન, નિંદા વગેરે દોષોનું નિવારણ થતું નથી પરંતુ જો તે ફક્ત ગુણાનુરાગ ધારણ કરે તો તે સર્વ રીતે સુખી થાય છે.

સાતમા શ્લોકમાં લેખક ગુણીજનોના જરાપણ દોષ જોવા નહિ એમ નિરૂપે છે. તેઓ કહે છે કે જેણે આપણા પર ઉપકાર કર્યો હોય તેવા ગુણી પુરુષોના ગુણ દેખવાને ઈર્ષ્યાળુઓની સદ્‌ગુણ દૃષ્ટિ બંધ થયેલી હોય છે. સજ્જન પુરુષોના સરસવ જેટલા દોષને તેઓ મેરુ સમાન મોટા દર્શાવે છે. એવા મનુષ્યો ભવમાં ભમતા રહે છે.

**गुणवंताणं नराणं, ईसाभर तिमिर पूरिओ भणसि ।**
**जइ कहवि दोसलेस, ता भमसि भवे अपारंभि ।।७।।**

પ્રસ્તુત સાતમા શ્લોકનો ભાવાર્થ સમજાવતાં લેખક કહે છે કે ગુણીજનોના લેશમાત્ર પણ દોષને જોનાર માનવી આ અથાગ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે. જ્યારે માનવી ઈર્ષ્યાથી અંધ બને છે ત્યારે તેને ઘુવડની જેમ સૂર્ય દેખાતો નથી અને તે આમતેમ આંટા મારે છે. સમકિત્તિ જીવ બીજાના સદ્ગુણો જ જુએ છે ત્યારે ઈર્ષ્યાળુઓ પારકા અવગુણ જોવામાં જ ગળાડૂબ રહે છે અને અનેક અવગુણોને ધારણ કરતા ચોર્યાશી લાખ જીવયોનિમાં પરિભ્રમણ કરે છે.

તેઓ અઠ્ઠાવીસમાં શ્લોકમાં ગુણાનુરાગ ધારણ કરતો જીવ મોક્ષ પામે છે એમ દર્શાવે છે. આ શ્લોકમાં ગ્રંથ રચનાર કવિ શ્રી સોમસુંદરનું નામ છે. ભવ્ય જીવોના હિત માટે એનું ભાવાર્થ સહિત વિવેચન બુદ્ધિસાગરજીએ કર્યું છે.

**एयं गुणाणुरायं, सम्मं जो धरइ धरणिमज्जंमि ।**
**सिरि सोमा सुंदरपयं, सो पावई सव्वनमणिज्जं ।।२८।।**

આ શ્લોકનો ભાવાર્થ સમજાવતાં નિરૂપે છે કે જે ગુણીજનો જગતમાં ગુણાનુરાગ ધારણ કરશે તેઓ અભ્યંતર લક્ષ્મીયુક્ત ઉત્તમ પદને પામશે. ગુણાનુરાગથી જ ઉત્તરોત્તર મોક્ષ મળે છે. એમ વીતરાગનાં વચનોથી ફલિત થાય છે.

પ્રસ્તુત ગુણાનુરાગના પુસ્તકમાં અઠ્ઠાવીસ શ્લોકોના વિવેચનમાં બુદ્ધિસાગરજીએ મનુષ્ય સારો કે પાપી કઈ રીતે બની જાય છે તે દર્શાવ્યું છે. તેઓ નિરૂપે છે કે મનુષ્ય જો દુષ્ટ ભાવથી બીજાના દોષો ગ્રહણ કરે તો તે પોતાના આત્માને નિરર્થક બંધનમાં નાખે છે. તે જ પ્રમાણે તેઓ સર્વોત્તમ પુરુષના લક્ષણ બતાવી તેનું બહુમાન કરીને તેના ક્ષમા, પરોપકાર વગેરે થોડા પણ ગુણો મનુષ્ય ગ્રહણ કરે તો તે મોક્ષગામી બને છે એમ કહે છે.

તેઓ આ પાંચમા આરામાં જે પુરુષમાં થોડા પણ ધાર્મિક ગુણ દેખાય તો તેની અનુમોદના કરવાનું સૂચન કરે છે કારણ કે એમ કરવાથી પોતાનો આત્મા ઉચ્ચ બને છે.

આ પુસ્તકના અંતમાં ગુરુજીનાં ભજનસંગ્રહના પ્રથમ ભાગમાંથી નિંદા ભજન દર્શાવ્યું છે. આ પુસ્તકની પૃષ્ઠસંખ્યા ૨૦ છે.

●●●

## (૭) કન્યાવિક્રયનિષેધ

આચાર્ય બુદ્ધિસાગરજીએ તે સમયે લોકોમાં ફેલાયેલાં દૂષણો જેવાં કે કન્યાવિક્રય, બાળલગ્ન વગેરેને દૂર હટાવવાનું ભગીરથ કાર્ય કર્યું. આ દૂષણ જૈન સમાજમાં વધારે ફેલાયેલું હતું.

ગુરુદેવના આ પુસ્તક 'કન્યાવિક્રયનિષેધ' દ્વારા લોકોમાં જાગૃતિ આવી. આખો સમાજ ખળભળી ઊઠ્યો. લોકોએ સ્વેચ્છાએ કન્યાના લગ્નમાં દહેજ આપવા-લેવાનું ન્યાતમાં ઠરાવ પસાર કરીને બંધ કરાવ્યું અને કોઈ વ્યક્તિ એમ કરે તો એને ન્યાત બહાર મૂકવો એમ નક્કી કર્યું.

મેવાડ, માળવા, ગુજરાત, કાઠિયાવાડ, ઝાલાવાડ, મારવાડ વગેરે પ્રાંતોમાં તે સમયે દીકરી જન્મે તો પિતા ખૂબ ખુશ થાય કારણ કે એ ગમે ત્યારે તેને કોઈ યુવાન અથવા વૃદ્ધ સાથે પરણાવી રોકડ નાણાં લઈ શકે. આચાર્ય બુદ્ધિસાગરજી કહે છે કે એ દૂષણ તે સમયના લોકોમાં પ્લેગની જેમ ફેલાયેલું હતું. તેઓએ સમાજના આ સળગતા પ્રશ્ન સામે લોકોને ગુરુ - શ્રોતા - સંવાદ, શ્રોતાઓની અંદરોઅંદરની વાતચીત તથા અવનવાં દૃષ્ટાંતો આપીને આ કુરીતિ સામે જેહાદ જગાવતું પુસ્તક લખ્યું. આ પુસ્તકની બધી પ્રતો તરત જ ખપી જતાં તેઓએ તરત જ સુધારેલી બીજી આવૃત્તિ છપાવી.

તેમણે આ પુસ્તક મહેસાણાનાં શ્રાવક વેણીચંદ સૂરચંદને અર્પણ કર્યું. શેઠ વેણીચંદ સૂરચંદજી હંમેશાં ધર્મકાર્ય કરવા તત્પર રહેતા. શ્રાવક વેણીચંદભાઈએ પંજાબી મુનિ દાનવિજયજીના સદ્‌ઉપદેશથી મહેસાણામાં જૈન સંસ્કૃત પાઠશાળા શરૂ કરી હતી. જેમાં શ્રી બુદ્ધિસાગરજી ગૃહસ્થાવસ્થામાં ભણ્યા હતા. શ્રી વેણીચંદભાઈ સાચા કર્મયોગી શ્રાવક હતા અને તેઓએ કન્યાવિક્રય અને બાળલગ્ન જેવાં દૂષણો અટકાવવા ઘણા પ્રયત્નો કર્યા હતા. જેથી આચાર્યે ગુણાનુરાગી થઈ આ પુસ્તક તેમને અર્પણ કર્યું.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ અને ગુરુ સુખસાગરને નમસ્કાર કરીને તેઓ ગ્રંથ પ્રારંભ કરે છે. આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી ગુજરાત, મારવાડ વગેરે પ્રદેશોમાં ફેલાયેલા આ કુરિવાજની ચર્ચા કરતાં શ્રાવકોની નિર્દયતા દર્શાવતા જણાવે છે :-

**"કન્યાવિક્રય કરનાર વ્યક્તિ ઘેરબેઠાં પૈસાદાર થવાનું સ્વપ્નું જોતાં તો કેટલાંક શ્રાવકોમાં ગુપ્ત રીતે પોતાની છોકરીઓનું વેચાણ કરતાં. કેટલાક ભાગમાં તો ચીભડાની પેઠે, શાકની પેઠે પોતાની છોકરીઓની કિંમત કરી તેમનાં માતા-પિતા વેચાણ કરે છે એમાં મહાપાપ છે. કાઠિયાવાડમાં તથા ગુજરાત વગેરેમાં મુખ્ય ઉદ્યમ કન્યાવિક્રયનો છે. દયાને હૃદયમાંથી દેશવટો આપી અને વાત્સલ્ય**

**પ્રેમમાં અંગારો મૂકીને પોતાની દીકરીનું વેચાણ કરી રૂપિયાની થેલીઓ ઘરમાં મૂકી દીકરીના પૈસા ખાનાર નામની પદવીરૂપ કાળી ટીલી કપાળમાં ધારણ કરી પોતાની દીકરીને ઘરડા ડોસા (બુઢ્ઢા) સાથે પરણાવે છે અને લાકડે માંકડું વળગાડે છે. ચોમાસામાં ઉત્પન્ન થતા અળસિયાની દયા કરે છે, પણ કન્યાની દયા માટે કંઈ પણ વિચાર લાવતા નથી.''**

આ કુરિવાજને કારણે નાની કન્યાઓને મોટી ઉંમરના પુરુષો સાથે પરણાવવાને લીધે સમાજમાં વિધવાઓની સંખ્યા વધી ગઈ. કન્યાનો પિતા આવી પાપની કમાઈ જલદી ખર્ચાઈ જતાં સુખી થવાને બદલે વધુ દુઃખી થઈ કફોડી સ્થિતિમાં મુકાઈ જતા હતા. ઘણા જૈનો પોતાની દીકરીને અન્ય ધર્મી સાથે પરણાવતા દીકરીની હાલત દયાજનક થઈ જતી હતી. જુવાન પરણાવા લાયક દીકરાઓ પૈસા આપવાની સ્થિતિમાં ન હોય તો તે કુંવારા રહે એવી સ્થિતિ તે સમયે હતી.

આચાર્ય બુદ્ધિસાગર મહારાજ કન્યાવિક્રય કરનાર મા-બાપની તુલના કસાઈ સાથે કરે છે. કસાઈની જેમ જ મા-બાપ કન્યાને ખવડાવી-પીવડાવીને મોટી કરે છે અને પછી પૈસા ખાતર કોઈ વૃદ્ધ સાથે પરણાવે છે.

તેઓ સમાજને કન્યાવિક્રયના દૂષણમાંથી છોડાવવા માટે જે દૃષ્ટાંતો આપે છે તે ઘણાં જ જીવંત લાગે છે. તેઓ આ ગ્રંથમાં શ્રોતાઓની વાતચીત, દુઃખી કન્યાઓનો આર્તનાદ તથા કન્યાવિક્રય કરનારની અવદશાનો ચિતાર વાચકને દર્શાવે છે. તેમના આ પુસ્તકમાં કન્યાવિક્રયના કૃત્યને એકદમ હલકું દર્શાવવા માટે ગુરુદેવે બોધકથા આલેખી છે. એ કથામાં-

વડીલ પિતા પોતાની દીકરીનાં લગ્ન નક્કી કરી રૂપિયા લઈને આવે છે. માર્ગમાં જંગલમાં ઝાડ નીચે આરામ કરે છે. થોડી વારમાં એક ચાંડાલ સ્ત્રી ખોપરીના વાસણમાં માંસ રાંધવા મૂકે છે અને બળતણ તરીકે આજુબાજુમાં પડેલાં હાડકાં વાપરે છે તથા ઢાંકવા માટે જૂના ચંપલ-જોડાંનો ઉપયોગ કરે છે. આવી ચીતરી ચડે એવી વર્તણૂક જોઈને તે વડીલ આવી સર્વ અપવિત્ર વસ્તુઓને પાછી ચંપલથી ઢાંકવાની શી જરૂર હોય ? એમ પૂછતાં તે સ્ત્રી પ્રત્યુત્તર આપે છે કે તે જાહેર માર્ગ પરથી પસાર થતાં કોઈ અધમ માણસની નજર કે પડછાયો ન પડે માટે તેણે સર્વ વસ્તુ ઢાંકીને રાખી છે. ત્યારે તે વડીલ પિતાએ નવાઈથી પૂછ્યું કે તેના કરતાં અધમ વ્યક્તિ બીજી કોણ હોઈ શકે ? ત્યારે તે સ્ત્રી જવાબ આપે છે કે પોતાની કન્યાને વેચનાર બાપ કસાઈ કરતાં પણ વધારે નીચ અને પાપી છે. આ વાત સાંભળ્યા પછી એક પળ પણ રોકાયા વિના તે વડીલ પિતા વરના પિતાને બધા રૂપિયા પરત કરીને કન્યાનાં લગ્નની તારીખ નક્કી કરે છે.

આવી બોધવાર્તા દ્વારા લોકો અને સમાજ જાગૃત થયો. આ પુસ્તકના વાંચનની અસર એટલી તીવ્ર થઈ કે લોકો પોતાની આસપાસનાં ગામોમાં પણ વર-કન્યાની સોદાબાજી ન થાય એ જોતાં અને એમ કરનારને ઉચિત દંડ કરતા. ઘણા વડીલોએ પોતાના પરિવારમાં લગ્ન પ્રસંગે દહેજની લેવડદેવડ ન કરવાનો સંકલ્પ કર્યા.

કન્યાવિક્રય ઉપરાંત બાળલગ્ન ન થાય તે માટે પણ તેઓએ લોકોને ઉપદેશ આપ્યો. બાળલગ્નથી થતા ગેરફાયદા સમજાવ્યા. તેઓ બાળલગ્નનું દૃષ્ટાંત આપવા માટે અમદાવાદ શહેરમાં નગરશેઠ પોતે સભા ભરીને દસ હજાર લોકોની મેદની સમક્ષ ભાષણ આપતા હોય એવી રીતે પ્રસંગનું આલેખન કરે છે. નગરશેઠ પોતે પોતાના ભાષણમાં વિદ્વાન સજ્જનોને બાળલગ્નથી થતા ફાયદા અને ગેરફાયદા ઉપર ચર્ચા કરવા જાહેરમાં આમંત્રે છે.

આ ચર્ચામાં ઘણા ગૃહસ્થો નાની નાની વાર્તાઓ બનાવીને બાળલગ્નના ગેરફાયદાઓ વિશે બોલે છે. આમ, ઉપદેશ દેવાની અનોખી રીતને કારણે લોકોને એવા કુરીતિ કે કુરિવાજથી થતા નુકસાનનો અંદાજ આવે છે અને સમાજ સુધરે છે.

ભાષણમાં નગરશેઠ કહે છે કે "બાળલગ્ન કરવાથી બાળકનું મન અભ્યાસમાં લાગતું નથી. સ્ત્રી અને બાળકને જોઈતી બધી વસ્તુ મેળવવામાં જ બધો સમય જાય છે. વ્યાપારની કેળવણી તથા દેશ-વિદેશનું બધું જ્ઞાન મેળવી શકાતું નથી. શરીરમાં કૌવત (શારીરિક બળ) ઓછું હોવાને લીધે ટી.બી. વગેરે અસાધ્ય રોગ થવાનો સંભવ રહે છે. માટે પોતાના પુત્ર કે પુત્રી ઉંમરલાયક થાય ત્યારે જ પરણાવવા જોઈએ." આ પ્રમાણે ભાષણ પૂરું થયા પછી શ્રોતાઓ અંદરોઅંદર વાતચીત કરે છે કે જૈનોની પડતી દશાનું કારણ બાળલગ્ન જ છે. માટે આપણે બાળલગ્ન કરાવવાં ન જોઈએ.

આ પ્રમાણેનાં દૃષ્ટાંતો વાંચવાથી સમાજને બાળલગ્ન અને કન્યાવિક્રય જેવાં દૂષણોથી મુક્તિ મળે છે.

તેઓ તેમના આ પુસ્તકમાં માતા-પિતાએ પોતાનાં બાળકોને લગ્નગ્રંથિથી જોડતાં પહેલાં તેઓને હિતશિક્ષા આપવી જોઈએ એમ કહે છે. જેમ કે સ્ત્રીએ પોતાના પતિની આજ્ઞા માનવી, સાસુ-સસરાનો આદર કરવો, ઉદ્ધતાઈભર્યું વર્તન કરવું નહિ. પતિએ સ્ત્રીને કડવાં વચન ન કહેવાં વગેરે.

છેલ્લે ભાષણ આપવા માટે એક ગૃહસ્થ ઊભા થાય છે. તેઓ કહે છે કે "જેસલમેર, અમદાવાદ, ખંભાત એમ ઘણી જગ્યાએ પુસ્તકોનો ભંડાર છે. જેમાં મંત્ર, તંત્ર, યંત્ર, વૈદકના, ન્યાય, જ્યોતિષના ગ્રંથો મુખ્ય છે. જેનાં પાનાં ખરાબ થઈ ગયાં હોય એવાં પુસ્તકોને જો આપણે સાચવીને બીજી પ્રતો ન બનાવીએ તો આપણે મૂરખ ગણાઈએ. આપણામાં ઘણી આવડત હોય પરંતુ સંસારસાગર તરવાની આવડત ન હોય તો ડૂબી જવાય." આ માટે આચાર્ય બુદ્ધિસાગર મહારાજ આજના સમયનું દૃષ્ટાંત કે જે પુસ્તકનાં આખરી પાનાંઓમાં ભાષણ આપવા ઊભા થયેલા ગૃહસ્થ દ્વારા આપવામાં આવ્યું.

મુંબઈના શેઠ સમુદ્રમાં હોડીમાં જાય છે. શેઠ ખારવાને પૂછે છે :

**શેઠ :** "અલ્યા, કંઈ પરણ્યો છે કે નહીં."

**ખારવો :** "ના શેઠ સાહેબ, આપણે બંદા તો કુંવારા એકલા છીએ."

**શેઠ :** "જા ત્યારે તો તારી અડધી ઉંમર નકામી ગઈ. કંઈ લખતા-વાંચતા પંચાત કરતા આવડે છે કે નહીં."

**ખારવો :** "ના શેઠજી, વાંચતા-લખતાં આવડતું નથી. પંચાત કરતા પણ આવડતું નથી. ફક્ત હોડી હાંકતા જ આવડે છે."

**શેઠ :** "ત્યારે તારી પોણી જિંદગી નકામી ગઈ."

(એટલામાં મોજાં ઊછળે છે)

**ખારવો :** "શેઠ જી, તરતાં આવડે છે કે નહિ."

**શેઠ :** "નહિ"

**ખારવો :** "ત્યારે તો શેઠ ખૂબ બની !! મારી તો પોણી જિંદગી નકામી ગઈ પણ તમારી તો આખી ઉંમર નકામી ગઈ."

આવી હાસ્યકથા દ્વારા પણ આપણામાં ગમે તેવી હોશિયારી હોય, કુશળ કાર્યકર્તા હોય પરંતુ ધર્મ પુસ્તક લખાવવા, સાધર્મિક સહાય, જીર્ણ દેરાસર સરખા કરાવવા વગેરે ધાર્મિક કાર્ય ન કર્યું તો આખી જિંદગી નકામી ગઈ એવો ઉપદેશ તેમણે તેમના આ ગ્રંથમાં આપ્યો છે.

●●●

## (૮) ચિંતામણિ

આ 'ચિંતામણિ' ગ્રંથ જૈન બાળકોને અનેક જાતની હિતશિક્ષા આપવા માટે રચાયો છે. સરળ શૈલીમાં લખાયેલ આ પુસ્તકમાં (૩૦૭) ત્રણસો સાત રત્ન કંડિકાઓ આપવામાં આવી છે. મહાન ગુરુના હૃદયમાંથી નીકળેલ આ જ્ઞાન ઝરણું જે પીશે તેના આત્માનું કલ્યાણ થશે. આમાં હરિયાળી પ્રકારની કવિતા પણ છે.

પ્રસ્તુત પુસ્તક વકીલ મોહનલાલ હિમચંદના પુત્ર શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકરના હિતાર્થે રચવામાં આવ્યું. નૈતિક સદ્‌ગુણો ખીલવવા માટે આ 'ચિંતામણિ' પુસ્તક અમૂલ્ય છે.

આ ગ્રંથ ગુરુદેવે શ્રાવક લલ્લુભાઈ કરમચંદ દલાલને અર્પણ કર્યો. તેઓ ઉત્સાહી, ઉદ્યમી અને જૈનોના સર્વ આચાર પાળનારા હતા. તેમણે 'અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ'નો ઘણી કુશળતાથી વહીવટ કર્યો. મુંબઈ મોહમયી નગરીમાં રહીને પણ નીતિપૂર્વક જીવન વિતાવ્યું.

આ ગ્રંથ તેઓએ બાળકોને નાનપણથી જ સારા સંસ્કાર પડે એ દૃષ્ટિથી રચ્યો છે. તેમાં બાળકોએ સાચું જ બોલવું એમ લખવાની સાથે સાચું બોલવાથી શી અસર થાય છે એમ સમજાવ્યું છે.

- બાળકોને નાનપણમાં જ સાચું બોલવાની માબાપોએ ટેવ પાડવી. તથા બાળકોએ પણ સાચું બોલવું. જે છોકરાઓને તેવી સ્થિતિ સંપન્ન બને છે તેઓને વિના પરિશ્રમે સર્વ વસ્તુ પ્રાપ્ત થાય છે ને તેઓનો ભવિષ્યકાળ સુધરે છે.
- સૂર્યનું તેજ ઢાંક્યું રહેતું નથી તેમ સત્ય વચન વદનારનો 'વીર્ય પ્રભાવ' સ્વયમેવ પ્રાબલ્ય કીર્તિને મેળવી અનેક સુખને સેવનારો સતેજોમય દેદીપ્યમાન થઈ અસત્યાંધકારને ભેદવા તત્પર થાય છે. તેમાં સંશય નથી જ, માટે સર્વદા સાચું બોલવું જ.
- સત્ય વદનાર વ્યક્તિ તેની વાણી અને વીર્ય વર્તનમાં રહેલા આત્મવિશ્વાસને લીધે આપમેળે જ કીર્તિનાં સોપાન સર કરી સુખી થઈ સૂર્યની જેમ દેદીપ્યમાન રહે છે.
- હિંસા, ચોરી વગેરેથી દૂર રહેવું તથા અન્નદાન કરવાથી માણસ પુણ્ય પ્રભાવ પામે છે. તેવી સુંદર હિતશિક્ષાઓ આ પુસ્તકમાં આપી છે.

**બાળકોને ભોજનના નિયમો સમજાવતાં તેઓ કહે છે કે, "ક્રોધના આવેશમાં ભોજન કરવું નહિ. ખાતી વખતે બોલવું નહિ. ભોજનની પહેલાં અને પછી પાણી પીવું નહિ પરંતુ ભોજન મધ્યે પાણી પીવું જે આરોગ્ય માટે અમૃત સમાન છે."**

આ પુસ્તકમાં તેઓએ હરિયાળી (અવળવાણી) અર્થ સહિત આપી છે.

**માછલીએ બગ લીધો તાણી - માછલો તે લોભને,**
**બગલો તે જીવ તેને સંસારમાં તાણી લીધો છે.**

મોટે ભાગે બગલો સરોવરને પાળે બેસીને માછલી પકડીને ખાઈ જાય છે. પરંતુ અહીં માછલી બગલાને પોતાના તરફ ખેંચી લે છે. એમ હરિયાળીમાં બતાવ્યું છે. લોભ મનુષ્યને પોતાના તરફ આકર્ષીને તેને લોભમાં લપેટી લે છે.

**આગ બળે અંગીઠી તાપે - ક્રોધરૂપ તે અગ્નિ બળે**
**અને અંગીઠી તે શરીર તાપે કહેતાં ઉતાપ પામે છે.**

મનુષ્ય સગડીથી તાપણું કરે છે, પરંતુ જ્યારે ક્રોધ કરે છે ત્યારે શરીર ક્રોધરૂપ અગ્નિથી તપે છે. અંગીઠી તાપે છે.

આ પ્રમાણે નાનાં બાળકો સારાં સંસ્કારી બને એ હેતુ લક્ષમાં લઈને આ ગ્રંથરચના બુદ્ધિસાગરજીએ કરી છે.

## (૯) જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો

અનેક બહુમૂલ્ય ગ્રંથોના રચયિતા શ્રી બુદ્ધિસાગરજીનો આ પ્રથમ ગ્રંથ છે. જ્યારે જૈન શાસનને ડગમગાવવા અન્ય સંપ્રદાયી તત્ત્વો સક્રિય બને છે ત્યારે એનો જડબાતોડ જવાબ આપવો એ જ માત્ર સચોટ ઉપાય છે.

વિ.સં. ૧૯૫૪માં મહેસાણામાં જૈન ઉપાશ્રયની સામે ઓટલા પર જ્યારે એક ખ્રિસ્તી પાદરી તથા નવા ખ્રિસ્તી બનેલા બ્રાહ્મણ ઉપદેશકોએ જૈન ધર્મની ટીકા ખંડન શૈલીથી ચાલુ કરી ત્યારે ઉપાશ્રયમાં ઉપસ્થિત સાધુ વર્ગ ધર્માભિમાનના જુસ્સાથી વિહ્વળ થઈ ગયા. તેમણે ગૃહસ્થ બુદ્ધિસાગરને (બહેચરદાસ) વિનંતી કરીને તે જ ઓટલા પર તે જ સમયે ભાષણ આપવા સમજાવ્યું. શ્રીમાન ગૃહસ્થ બુદ્ધિસાગરે શરૂઆતમાં જ કહ્યું કે, "ખ્રિસ્તીઓ સુવર તથા ગાયનું માંસ ખાય છે." આ સાંભળતાં જ આખી મેદની પાદરીને સાંભળવા મૂકીને બહેચર (બુદ્ધિસાગર) ને સાંભળવા લાગી. તેમણે તે પાદરી સાથે ધર્મચર્ચા ચલાવી જેમાં પણ તે હારી ગયો. તે સમયે ઉપાશ્રયમાં હાજર સાધુઓમાં વિજયકમલસૂરિ, કર્પૂરવિજયજી વગેરેમાં જૈન શાસનને સંભાળવા માટેનો અનેરો જુસ્સો હતો. ધર્મ પ્રત્યેનો અનન્ય અનુરાગ તેમનામાં ભાળીને જ્યારે આ પુસ્તકની રચના બુદ્ધિસાગરજીએ કરી ત્યારે એ પુસ્તક શ્રીમદ્ વિજયકમલસૂરિને અર્પણ કર્યું.

વિ.સં. ૧૯૫૭માં ગુરુ શ્રી સુખસાગરજી, બુદ્ધિસાગરજી તથા સિદ્ધિવિજયજી, પંન્યાસ ચતુરવિજયજી, શ્રી મોહનલાલ મહારાજ સાધુઓ સુરતમાં ચાતુર્માસ દરમ્યાન હતા. બધા સાધુ સમુદાયમાં અંદરોઅંદર ખૂબ આદરભાવ તથા મૈત્રીભાવ હતો. મુનિ બુદ્ધિસાગર, શ્રી મોહનલાલજી મહારાજ તથા શ્રી વિનયવિજયજી વગેરે મુનિઓ અવારનવાર મળીને ધર્મચર્ચાઓ કરતા.

તે ચાતુર્માસ દરમ્યાન એક જૈમલ નામનો ખ્રિસ્તી જે પહેલા મોહનલાલજી મહારાજની પાસે સાધુવેશમાં હતો એ સાધુના વ્રત પાળવામાં નિષ્ફળ ગયો તથા ખ્રિસ્તી પાદરીઓની વાતમાં

ભોળવાઈ જઈ ખ્રિસ્તી બની ગયો હતો. તે જાહેરમાં જૈન ધર્મનું ખંડન કરતો હતો. તેણે જૈન ધર્મને હલકું ચીતરતું પુસ્તક જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો રચ્યું અને તે જૈનોમાં વહેંચ્યું જે વાંચીને આખો જૈન સમાજ ખળભળી ઊઠ્યો. ઘણી ચર્ચાને અંતે બુદ્ધિસાગરજીને એ પુસ્તકનો જડબાતોડ ઉત્તર આપવાનું કહેવામાં આવ્યું. બુદ્ધિસાગરજીએ તો તરત જ જૈમલના કુતર્કના જવાબોનું પુસ્તક દશ દિવસમાં તૈયાર કરીને શ્રી મોહનલાલજી મહારાજ સાહેબને વાંચી બતાવ્યું અને તુરત જ તે છપાવી પ્રસિદ્ધ કર્યું. જૈમલ પદમીંગ ખ્રિસ્તીએ પણ પુસ્તક વાંચ્યું છતાં કંઈ જ ઉત્તર આપી શક્યો નહિ. આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનું ખાસ પ્રયોજન- "ખ્રિસ્તીઓ જે જૈન શાસ્ત્રોને હલકા ચીતરે છે તેનો સભ્યતા અને વિવેકની મર્યાદામાં રહીને તેમના પ્રશ્નોના ઉત્તર આપવાનું છે. જો અમે ન કરીએ તો જૈન ધર્મ પર લોકો શંકા-કુશંકા કરે તથા જૈન ધર્મ જે મહાવીરનો ધર્મ છે તેને બાયલાનો ધર્મ કહી હસવામાં ખપાવી શકે."

શ્રી બુદ્ધિસાગરજીએ રચેલા આ પ્રથમ ગ્રંથની પ્રસ્તાવનામાં જણાવ્યું છે : "સામાઓનો આક્રમણનો જવાબ આપવા માટે ખંડન શૈલીની જરૂર છે અને એવી પ્રવૃત્તિ રાજકીય, વ્યાપારિક, ધાર્મિક વગેરે સર્વ બાબતોમાં અનાદિકાળથી ચાલી રહી છે. સભ્યતા અને વિવેકની હદમાં રહીને જ્ઞાનપૂર્વક અમોએ 'જૈન ખ્રિસ્તી સંવાદ' લખેલો છે. તે વાંચકો વાંચશે એટલે સહેજે તેઓને તે વાત સમજાશે. ખ્રિસ્તીઓ પોતાના ધર્મનું મંડન કરવા માટે, અને અન્ય ધર્મનું ખંડન કરવા માટે જૈન ધર્મ અને હિન્દુ ધર્મ વિરુદ્ધ અનેક પુસ્તકો છપાવે છે. અમારા જૈનોને ખ્રિસ્તી ધર્મીઓએ કરેલા જૈન ધર્મના ખંડનની ખરાબ અસર ન થાય તે માટે અમોએ આ પુસ્તક લખ્યું છે. આ દેશમાં ખ્રિસ્તી પાદરીઓએ લાખો હિન્દુઓને ખ્રિસ્તીઓ બનાવ્યા છે અને બનાવે છે અને તે માટે તેઓ લાખો પાઉન્ડનું ફંડ એકઠું કરવા લાગ્યા છે. ધાર્મિક જુસ્સાના જમાનામાં જૈનો જો ચેતશે નહીં તો તેઓનું જગતમાં નામ-નિશાન પણ રહેશે નહિ. સત્યનો પ્રચાર કરવા માટે નિર્ભય થઈને સત્ય કહેવું જ જોઈએ. ઈશ્વર, ધર્મ તથા આચારની બાબતમાં અમારા વિચાર અમોએ જણાવ્યા છે. અમને ખ્રિસ્તીઓ પર વેર નથી, છોછ નથી, ફક્ત ધાર્મિક વિચારો સંબંધી અમારા વિચારો જણાવ્યા છે." રાજકોટમાં વસતા મિસિસ સ્ટીવન્સને જૈન ધર્મ સંબંધી ખંડનનું પુસ્તક લખ્યું પરંતુ તે વિશે ગુરુ શ્રી બુદ્ધિસાગરજી સાથે ચર્ચા કરવા તૈયાર ન થતા તેમણે જૈન ખ્રિસ્તી સંવાદની રચના કરી. ખ્રિસ્તી ધર્મ કરતાં હિન્દુ ધર્મના વિચારોમાં સત્ય તરત જ જણાઈ આવે છે.

મહાત્મા ગાંધીને તેમના શુભચિંતકોએ ખ્રિસ્તી ધર્મ વિશેના ઘણાં પુસ્તકો મોકલ્યાં હતાં. તેમણે તે બધાં વાંચ્યાં પણ તે વિષેનો સારો અભિપ્રાય તેઓ આપી શક્યા નહિ.

## (૧૦) લાલા લજપતરાય અને જૈન ધર્મ

ગુરુ બુદ્ધિસાગર સંવત ૧૯૭૯ના ચાતુર્માસ દરમ્યાન વિજાપુરમાં હતા તે સમયે લાલા લજપતરાયે 'ભારત કા ઇતિહાસ' નામનું પુસ્તક પ્રગટ કર્યું. જેમાં જૈન ધર્મ અને જૈનો વિશે અણછાજતી-અસત્ય ટીકા કરી હતી. આ પ્રત્યે જૈન એસોસિયેશન, મુંબઈના મંત્રીએ ગુરુજીનું ધ્યાન દોરતાં ગુરુજીએ એ ટીકાઓનો જડબાતોડ શાસ્ત્રોક્ત જવાબ આપવાનું નક્કી કર્યું.

લાલાજી પોતે હિન્દુ (કે જૈન) હતા. તેઓ જવાબદાર મોટા નેતા હતા. તેમણે કોઈ પણ ધર્મની અઘટિત ટીકાટિપ્પણી કરતાં પહેલાં એનાં પરિણામનો વિચાર કરવો જોઈએ. આવા આક્ષેપોથી જૈનોની લાગણી દુભાઈ. તેમના આક્ષેપોનો જવાબ આપવા પ્રશ્નોત્તરી રૂપે "લાલા લજપતરાય અને જૈન ધર્મ" ગ્રંથ ગુરુ બુદ્ધિસાગરજીએ લખ્યો.

**ગુરુજી આ પુસ્તકમાં લખે છે કે "લાલાજી દેશભક્ત છે. દેશના નાયક છે. તેમને સર્વ જાતજાતના ધર્મીઓ પ્રત્યે સત્ય પ્રેમ હોવો જોઈએ અને કોઈ પણ ધર્મવાળાનો દ્વેષ વહોરી ન લેવો જોઈએ. અન્યથા વ્યવસ્થિત બળ, યુક્તિયુક્ત ખ્રિસ્તીઓ અને મુસલમાનોની ધાર્મિક ચળવળથી લાખો-કરોડો હિન્દુઓની જો આ પ્રમાણે દશા રહેશે તો તેઓ ખ્રિસ્તી અથવા મુસલમાન થઈ જશે. મુસલમાનો ને ખ્રિસ્તીઓ આપણા કુસંપ-બેદરકારીની ખેંચતાણથી જ કરોડોની સંખ્યામાં વધી ગયા. નહિ તો તપાસો કે મૂળ તેમની સંખ્યા કેટલી ને ધર્મ પ્રચાર કરવા માંડ્યા બાદ કેટલા વધ્યા ને કોણ હતા ? તો લાલાજીએ તે તરફ લક્ષ આપવું ઘટે છે; નહિ કે હિંદમાંના એક પુરાણા જીવતા જાગતા જૈન ધર્મનું ખંડન કરવામાં !"**

લાલા લજપતરાયજીના આક્ષેપો જેવા કે

"जैन स्पष्ट रूप से ईश्वर के अस्तित्व से इन्कार करते हैं।"

"इस अहिंसा के सिद्धांत को जैनोने परम सीमा तक पहुंचा दिया है। यहां तक की कुछ लोगों की दृष्टि में जैन होना पहले दरजे की कायरता है।"

"मेरी सम्मति में बौद्ध धर्म और जैन धर्म का सामान्य प्रभाव भारत के राजनैतिक अध:पतन का एक कारण हुआ है।"

લાલા લજપતરાયના ઉપરોક્ત આક્ષેપોના સંદર્ભમાં ગુરુ મહારાજે બતાવ્યું કે જૈનો ઈશ્વરના અસ્તિત્વનો ઇન્કાર નથી કરતા પરંતુ ઈશ્વરને સૃષ્ટિકર્તા માનતા નથી. સૃષ્ટિ તો અનાદિ અનંત છે. પ્રાચીન અને અર્વાચીન ભારતનાં જૈન દેરાસરોમાં જે મૂર્તિઓ છે તે ઈશ્વર જ છે. જૈન ધર્મ દયાનો ધર્મ છે, તે બતાવવા તેઓ વસ્તુપાળ, તેજપાળ, મુંજાલ, ભામાશા, જગડૂશા વગેરેએ દુષ્કાળમાં અબજો રૂપિયા માનવ જાતની રક્ષા માટે ખર્ચ્યા છે એમ જણાવ્યું.

ગુરુજી ખંડન શૈલીના હિમાયતી ન હોવા છતાં ધર્મ પર આક્ષેપ થાય ત્યારે મૌન સેવવું તો તે કાયરતા ગણાય: આથી તેઓએ આ ગ્રંથ લખ્યો એમાં ઉદાહરણ માટે ઘણા સંસ્કૃત શ્લોકો અને મહાભારતમાંથી ઘણી ઘટનાઓ આપીને જૈન ધર્મ એ પ્રાચીન છે એના પુરાવા પણ આપ્યા.

## (૧૧) પ્રતિજ્ઞાપાલન

આચાર્યશ્રીએ 'પ્રતિજ્ઞા પાલન'ના નામથી ૭૨ ગઝલો લખી હતી. ગુરુદેવની રજા લઈને અમદાવાદવાળા શેઠ રતિલાલ અને નેમચંદભાઈએ એના પર વિવેચન લખ્યું એમાં આ ગઝલો ઉપરાંત ગુરુદેવના બીજા સંસ્કૃત શ્લોકો તથા બીજાં કાવ્યોનો સમાવેશ પણ લેખકે કર્યો છે.

## (૧૨) મિત્ર મૈત્રી

આચાર્ય બુદ્ધિસાગરજીએ મિત્રમૈત્રી શીર્ષકવાળા ૨૦૬ દુહાઓની રચના કરી હતી. તે દુહાઓ પર અમદાવાદના રતિલાલ મગનલાલ તથા નેમચંદ ગટાભાઈએ ગુરુદેવની પરવાનગીથી વિસ્તૃત વિવેચન સંસ્કૃત ઇંગ્લિશ અને ગુજરાતી ભાષામાં તૈયાર કર્યું. એની પૃષ્ઠ સંખ્યા ૧૬૦ છે.

## (૧૩) શોક-વિનાશક ગ્રંથ

આચાર્ય બુદ્ધિસાગરજી તેમના ગૃહસ્થ શિષ્યોનું હંમેશાં ધ્યાન રાખતા હતા. તેમના પર આવી પડેલી વિપત્તિઓ જાતે જ સમજાવટથી દૂર કરતાં વડોદરા નિવાસી શ્રાવકવર્ય શ્રી કેશવલાલ લાલચંદભાઈના પુત્ર નેમિચંદ જે ખૂબ ધર્મવાન હતા. તેમના અચાનક નિધનથી આખો પરિવાર ખૂબ જ શોકગ્રસ્ત હતો. તેમના શોકને દૂર કરવા માટે વૈરાગ્ય ભાવથી ભરપૂર સંસારની અસારતા સમજાવતો 'શોક વિનાશક ગ્રંથ' તેઓએ લખ્યો. શ્રીયુત કેશવલાલ સાધુ ભગવંતોની ખૂબ સેવાચાકરી કરતા અને ગાયકવાડ રાજ્યમાં જૈનોની પ્રગતિ થાય એવા કાર્ય કરતાં. તેઓ ગુરુ મહારાજ સાથે શ્રીમંત સયાજીરાવ ગાયકવાડના મહેલમાં ઉપદેશ આપવા ગયા હતા.

આ ગ્રંથ ગુરુ મહારાજે આંબલી પોળના સુશ્રાવક પ્રખર ધર્મરાગી હીરાચંદ સથણજીને અર્પણ કર્યો. તેઓએ ગુરુ રવિસાગરજી, કપૂરસાગરજી, વગેરેની ખૂબ સેવાભક્તિ કરી હતી અને શ્રાવકના બાર વ્રત તેઓ બરાબર પાળતા હતા. તેઓ છુપાયેલા રત્ન સમાન હતા. તેથી ગુરુ બુદ્ધિસાગરજીએ એમને ગુણાનુરાગ દૃષ્ટિએ આ પુસ્તક અર્પણ કર્યું.

ગ્રંથ પ્રારંભ તેઓ પુરિષાદાણીય પાર્શ્વપ્રભુને વંદન કરીને કરે છે. સરસ્વતી દેવી તથા ગુરુ સુખસાગરજીને નમીને તેઓના આશીર્વાદ લઈને ગ્રંથ પ્રારંભ કરે છે.

માતા-પિતા પોતાના સંતાનનું અવસાન થતાં ખૂબ શોકમગ્ન બની જાય છે. આવા સમયે ધર્મ જ માનવીને સંસારની અસારતા સમજાવી જીવનની ગતિ સમજાવે છે. સંસારમાં જીવ કેટલાયે જન્મ લે છે. પોતાના ઘરે જન્મેલા પુત્ર-પુત્રીઓ પોતાનું આયુષ્ય પૂર્ણ કરી બીજે જન્મ લઈ લે છે. જ્યારે સગાવહાલાં તેને સંભારીને આખી જિંદગી રુદન કરે છે. રુદન કરવાથી તે પાછા આવવાના નથી. આપણે પણ ગયા જન્મમાં કોઈને ત્યાંથી મૃત્યુ પામીને આ જન્મમાં અહીં જન્મ્યા તો ત્યાં આપણા સગાવહાલા હજી પણ શોક કરતા હશે તેથી શું આપણે ત્યાં જઈને

સાંત્વન આપી શકીએ કે 'ભાઈ, હું તે જ છું. તમે રડો નહિ. મેં ફરી તમારી આસપાસ કે તમારા જ ઘરમાં જન્મ લઈ લીધો છે...' વગેરે.

જ્યારે માનવીનું આયુષ્ય પૂર્ણ થાય છે ત્યારે કોઈનું કંઈ ચાલતું નથી. તીર્થંકર શ્રી મહાવીર દેવના નિર્વાણ સમયે ઇન્દ્ર મહારાજે કહ્યું કે "આપ એક ક્ષણનું આયુષ્ય વધારો તો શાસનને માટે શુભ છે. ત્યારે પ્રભુ કહે છે કે તીર્થંકરથી પણ આયુષ્ય વધારેલું વધતું નથી."

મનુષ્ય જ્યારે મરણાસન્ન હોય છે ત્યારે એને દુઃખ અને ભય સતાવે છે. મનુષ્યને ધર્મકાર્ય ન કર્યાનો અફસોસ થાય છે. ખાલી હાથે આવ્યો હતો અને ખાલી હાથે જાય છે, એ જ્ઞાન થાય છે. પરંતુ જો એ બચી જાય તો બધી પીડા-જ્ઞાન ભૂલીને સંસારની મોહજાળમાં લપેટાઈ જાય છે. મૃત્યુ કોઈ ઇચ્છતું નથી. સર્વને જીવન ગમે છે. ઘણાં પુણ્યોદયથી મનુષ્ય ભવ મળે છે. માટે ધર્મકાર્યમાં તત્પર રહેવું જોઈએ. સંસારમાં ધન, પુત્ર, સ્ત્રી વગેરેના મોહમાં અંધ બની મનુષ્ય તેને માટે હિંસા કરે છે, જૂઠું બોલે છે પણ અંતે તો એ બધાથી એને સુખને બદલે દુઃખ જ પ્રાપ્ત થાય છે. પુત્ર, પુત્રી આયુષ્ય પૂર્ણ થતાં આ નશ્વર શરીરનો ત્યાગ કરી બીજું નવું શરીર ધારણ કરે છે. સગાંવહાલાં વર્ષો સુધી યાદ કરીને રડે છે અને જીવ બીજો જન્મ સત્વરે લઈ લે છે. માટે મિથ્યા મોહ તજીને સુખ આત્મામાં રહેલું છે એમ ભાવના રાખી ધર્મકાર્યમાં જીવન વ્યતીત કરવું જોઈએ.

આપણાં ધર્મશાસ્ત્રોમાં જીવ જો પાપ કરે તો એણે નરકમાં જવું પડે અને તે નરકનું વર્ણન આવે છે. લોખંડની કડાઈમાં તપાવ્યો વગેરે... જીવ જો મરણ પછી તિર્યંચ ગતિમાં જાય એટલે પશુ-પંખી બને તો ત્યાં તેણે તૃષા, ભૂખ, ટાઢ, તાપ વગેરે સહન કરવું પડે છે.

મૃત્યુ કોઈને છોડતું નથી. સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રો એકસાથે મરણ પામ્યા. કર્મ પ્રમાણે જીવની ગતિ થાય છે. જૈન શાસ્ત્રો પ્રમાણે જીવ તરત જ કર્મ અનુસારે બીજા શરીરમાં દાખલ થાય છે.

આ શરીરમાં રોગ ઉત્પન્ન થવો સ્વાભાવિક છે. રોગને ધીરજથી સહન કરવો. વેદનીય કર્મ જ્યાં સુધી છે ત્યાં સુધી ભોગવવું પડે છે. પછી રોગ સારો થઈ જાય છે. જો મૃત્યુ નજીક આવે તો ગભરાવું નહિ. સંસારની વસ્તુમાં મોહ-માયા રાખવી નહિ. અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ, સાધુ શરણ અને કેવલીનું શરણ થાઓ એવું ઇચ્છવું. આ ભવ કે પરભવમાં જે કોઈ ત્રસ કે સ્થાવર જીવોની હિંસા કરી હોય, કરાવી હોય કે કરતાને અનુમોદન આપ્યું હોય તો તે સંબંધી ખમાવું જોઈએ કે માફી માંગવી જોઈએ. કરેલાં પાપકર્મોની માફી માંગવી જોઈએ અને સર્વને ખમાવીને મૈત્રીભાવ ધરીને નવકાર મંત્રનું સ્મરણ કરતાં હિંમત ધારણ કરી સમાધિ મરણ પ્રાપ્ત કરી મોક્ષગામી થવાની ઇચ્છા રાખવી જોઈએ.

આ પ્રમાણે મરણાસન્ન વ્યક્તિએ કેવી ભાવના રાખવી તે તેઓ આ ગ્રંથમાં સમજાવે છે.

**આત્મા શાશ્વત છે. તે કદી મરતો નથી માટે સગાઓએ શોક કરવો નહિ. એવો બોધ બુદ્ધિસાગરજી આ ગ્રંથમાં આપે છે.**

## (૧૪) સાંવત્સરિક ક્ષમાપના

ગુરુ બુદ્ધિસાગરજીએ વિક્રમ સંવત ૧૯૬૪નું ચાતુર્માસ માણસા ગામના શ્રાવકોની ખાસ વિનંતીને માન આપીને કર્યું હતું. ત્યાં પર્યુષણના અવસરે ક્ષમાપનાનું સ્વરૂપ સમજાવવા માટે 'સાંવત્સરિક ક્ષમાપના' ગ્રંથની રચના કરી. આ ગ્રંથમાં દ્રવ્ય ક્ષમાપના અને ભાવ ક્ષમાપનાનું સ્વરૂપ સમજાવતાં શ્રી બુદ્ધિસાગરજી પ્રસ્તાવનામાં જણાવે છે :

"દ્રવ્ય ક્ષમાપના અને ભાવ ક્ષમાપના કરવાથી આત્માની શુદ્ધિ થાય છે. સર્વ જીવોની સાથે આત્મભાવે વર્તવાથી આત્મા સ્વયં પરમાત્મા થાય છે. ક્ષમાપના કરવાથી મૃગાવતી તથા ચંદના સાધ્વીની પેઠે આત્મામાં કેવળ જ્ઞાન પ્રગટે છે અને વેર-દ્વેષ વગેરે ક્લેશો શમી જાય છે."

જૈન ધર્મનું અપૂર્વ પર્વ તે સાંવત્સરિક ક્ષમાપના છે. એની પૂર્વતૈયારીરૂપ પહેલાંના સાત દિવસો હોય છે. દરેક જીવ દર્શન, જ્ઞાન, ચરિત્ર, તપનાં અનેક કાર્યો યથાશક્તિ કરે છે, સાંજે પ્રતિક્રમણ કરીને કરેલા પાપનું પ્રાયશ્ચિત્ત લે છે. એ પછી સાંવત્સરિક એટલે કે વાર્ષિક ક્ષમાપનાના દિવસે સાધર્મિક બંધુઓને ખમાવે છે સાથે સાથે તે ચોર્યાશી જીવયોનિમાં રહેલા જીવો પ્રત્યે પણ કંઈ અપરાધ થઈ ગયો હોય તો તેની માફી માંગે છે.

આ ગ્રંથના નિવેદનમાં સંસારમાં આવતી ક્ષમાપના માંગવાની તક વિશે સમજણ આપતાં શ્રી ફતેહચંદ ઝવેરચંદ લખે છે :

"ઉપાદાન અને નિમિત્તકારણની અપેક્ષાએ મનુષ્યોએ જે જે વેર-અભિમાન-માયા-કપટ, અર્થલાલસા અને ઇન્દ્રિય લાલસાઓ પોષ્યાં હોય, તેનું નિવારણ કરવા આત્મા પોતે જ્યારે પશ્ચાત્તાપપૂર્વક હૃદયના ડંખને દૂર કરી તૈયાર થાય છે, તે પ્રસંગે ગમે તે પ્રકારનું શુભાશુભ નિમિત્ત કારણભૂત થાય છે તે નિશ્ચય પ્રતિક્રમણ છે અને ભાવ મિચ્છામિ દુક્કડં છે. તે અણમોલ પળ તેનું વાસ્તવિક સાંવત્સરિક પર્વ બને છે."

આ ગ્રંથનો પ્રારંભ ગુરુદેવ સર્વ જીવને ખમાવવાના શ્લોકથી કરે છે :

**खामेमि सव्वजीवे सव्वे जीवा खमंतु मे ।**
**मित्तीमे सव्वभुएसु वेरं मज्झ न केणई ।।१।।**

આ શ્લોક દ્વારા જૈનો દરેક જીવને પર્યુષણપર્વના અંતિમ દિવસે એટલે કે સંવત્સરીના દિને આખા વર્ષ દરમ્યાન કંઈક ભૂલ થઈ ગઈ હોય તો તેની ક્ષમાયાચના કરે છે. વિશ્વના સર્વ જીવ સાથેનો મૈત્રીભાવ, કોઈની સાથે પણ વેરભાવ નહીં એવી મૈત્રીભાવના સાંવત્સરિક ક્ષમાપાનના દિવસે સર્વત્ર નજરે પડે છે.

ગુરુદેવે ક્ષમાપનાને વિશાળ અર્થમાં લઈને અહંકાર, ક્રોધ, અભિમાન વગેરે મનના વિકારોથી કોઈ પણ જીવનું મન, વચન અને કાયા થકી બૂરું થયું હોય તો તેની ક્ષમાયાચના કરે છે. આ પુસ્તકમાં પ્રસ્તાવના ચાર આવૃત્તિની ભેગી આપી છે જે આઠ પૃષ્ઠ રોકે છે. ક્ષમાપનાના વિષયને આવરી લેતાં ૪૨ પૃષ્ઠો છે તથા થોડી કવ્વાલીઓ આ વિષયને અનુરૂપ લેવામાં આવી છે. આમાં તેર પૃષ્ઠોમાં એક ગીત ભજન સંગ્રહ ૧૦માંથી અને બીજી દશ નાની-મોટી કવ્વાલીઓ ભજન સંગ્રહ-૮માંથી આપવામાં આવ્યા છે.

પ્રસ્તુત ગ્રંથની રચના ભવ્ય જીવોને ઉદ્દેશીને કરવામાં આવી છે. ગુરુદેવે ક્ષમાના દરેક વિષયવસ્તુની ચર્ચા ભવ્ય જીવને સંબોધીને કરી છે, જેથી ઘણા ફકરાઓનો પ્રારંભ 'હે જગતના જીવો', 'હે ભવ્યાત્માઓ', 'હે મિત્રો', 'હે ભવ્ય જીવો' વડે થાય છે.

ગુરુ શ્રી બુદ્ધિસાગરજી મનુષ્યને દરેક જીવને બંધુ સમાન ગણવાની પ્રેરણા આપતા કહે છે કે કર્મથી પ્રત્યેક જીવના અલગ શરીર રચાય છે, પરંતુ આત્માની મિત્રતા શરીર અને દેશના સંબંધથી ભિન્ન છે. તેઓ બીજા આત્મા પ્રત્યે અતીતમાં કંઈ દુષ્ટભાવ કે બૂરી લાગણી થઈ હોય તેને મનુષ્યભવમાં મન, વચન અને કાયા વડે ખમાવવાના ઉપદેશ આપે છે. તેઓ દરેક જીવને મિત્ર સમજીને તેની ક્ષમા માંગ્યા પછી તેનું ભલું ઇચ્છે છે, તેમનામાં શુભ વિચારો આવે, તેઓ આત્મોન્નતિ કરે એવા શુભાશિષ આપે છે. તેઓ મિત્રને સમજાવે છે કે થોડું સુખ પ્રાપ્ત કરવા માટે કોઈ પણ જીવને મારવો નહિ કે સંતાપવો નહિ, કારણ કે એથી અશુભ કર્મબંધ થાય છે અને અન્ય જીવને દુઃખ આપનાર પોતે જ દુઃખમાં આવી પડે છે.

ગુરુદેવ વ્યાપારી મિત્રોને ઉપદેશ આપે છે કે તેમણે વ્યાપારમાં હિંસા, ચોરી, દગો ન થાય એ રીતે વર્તીને પ્રમાણિકતાથી સર્વજીવ પર મૈત્રીભાવ રાખીને વ્યાપાર કરવો. સર્વ જીવ પ્રત્યે દયા રાખવી. દયા માટે શ્રી તુલસીદાસજીનું ઉદાહરણ આપતાં બુદ્ધિસાગર નિરૂપે છે :

**दया धर्म का मूल है, पाप मूल अभिमान ।**
**तुलसी दया न छांडीए, जब लग घटमें प्राण ॥१॥**

આ કહેવતને પુનઃ પુનઃ સ્મરીને ભૂલ્યા ત્યાંથી ફરી ગણીને તમારા મનમાં દયાના વિચારોને ઠસાવી વચન અને કાર્યથી કોઈ જીવને દુઃખ થાય નહિ એવી પ્રવૃત્તિ કરશો તો અંતે નિવૃત્તિ મળશે.

ગુરુદેવ ભવ્ય આત્માઓને અંતઃમુખી દૃષ્ટિ કેળવી પોતાના શુદ્ધ સ્વરૂપમાં રમણ કરવાનો માર્ગ દર્શાવે છે. નિષ્કામવૃત્તિ રાખીને અન્યનું ભલું કરવાથી પરમાત્માપ્રાપ્તિની કલા પ્રગટે છે, કોઈના પર ઉપકાર કરતે સમયે તે વ્યક્તિ મારા ઉપકાર નીચે રહીને હું કહીશ તેમ કરશે એવી

સકામ વૃત્તિ રાખવી નહિ. કોઈના પર ઉપકાર કર્યા પછી જો સામી વ્યક્તિ નગુણી થાય તેવા પ્રસંગે 'નૈકી કર ઔર દરિયા મેં ડાલ' જેવી નીતિ અપનાવીને પોતાની ફરજ નિભાવી એવી નિષ્કામવૃત્તિ અનંત શક્તિઓને પ્રકાશવા સમર્થ થાય છે. આવા ઉચ્ચ કોટિના વિચારો મનમાં લાવવાથી આત્મા ઉચ્ચ બને છે જેથી આત્મશક્તિનો પ્રકાશ થાય છે. આત્મશક્તિનો મહિમા વર્ણવતાં આચાર્ય બુદ્ધિસાગરજી આલેખે છે :

"આત્મશક્તિનો મહિમા અપરંપાર છે. અઠ્ઠાવીસ પ્રકારની લબ્ધિ વા પચાસ પ્રકારની લબ્ધિઓ પામવી તે સર્વ શક્તિઓ આત્માની છે. એક ઈન્દ્રિયથી પાંચ ઈન્દ્રિયોનું કામ કરવું એ પણ એક પ્રકારની આત્મશક્તિ છે. શ્રી ગૌતમ સ્વામીએ એક પાત્રમાં પન્નરસેં તાપસોને ક્ષીરાન્ન ભોજન કરાવ્યું તે પણ આત્મશક્તિનો મહિમા છે. દેવતાઓ વૈક્રિયલબ્ધિના પ્રતાપથી ક્ષણમાં અનેક પ્રકારનાં શરીરો કરે છે. આત્મશક્તિઓની સર્વ પૂર્ણતા સિદ્ધ ભગવાનોને હોય છે."

આચાર્યશ્રી ભવ્ય જીવોને સંબોધીને તેમને આત્મિક શક્તિના વિકાસ માટે પ્રતિદિન અભ્યાસ કરવા કહે છે. આત્માની શક્તિને તેઓ બીજના ચંદ્રના ઉપમા આપીને સરખાવે છે કે તેની વૃદ્ધિ નિરંતર થઈને તે પૂર્ણચંદ્રની જેમ પ્રકાશે છે. તેના દ્વારા જ સર્વ ચમત્કાર યોગીજનો કરે છે. યોગીઓને દેવતાઓ પણ નમે છે.

આચાર્યશ્રી 'સાંવત્સરિક ક્ષમાપના' કરતે સમયે દરેક જીવોને આત્મવત્ લેખીને તેમના પ્રત્યે કોઈ પણ ભવમાં જે કોઈ અપરાધ થયો હોય તેની મન, વચન અને કાયા વડે ક્ષમાયાચના કરે છે. તેઓ વિશ્વના દરેક જીવ પ્રત્યે મૈત્રીભાવ રાખી વેરભાવનાનો જડમૂળથી નાશ કરીને સર્વ જીવ પોતાનું કલ્યાણ કરે એવા આશીર્વાદ આપે છે.

ગુરુદેવ મનુષ્યને પોતાની દૈનિક પ્રવૃત્તિમાં રોજીરોટી માટે કરાતા વ્યાપાર-વિનિમયમાં પ્રામાણિક રહીને નીતિનિયમનું પાલન કરવાનો, આત્મિક શક્તિઓ જાગૃત કરવાનો અને દરેક જીવ પ્રત્યે દયા રાખવાનો ઉપદેશ આપે છે. તેઓ મનુષ્યને મનની સંકલ્પ-વિકલ્પ કરવાની આદત દૂર કરીને મનના નિર્વિકલ્પ સ્વરૂપ અનુભવીને અનંત સુખ પ્રાપ્ત કરવાનો બોધ આપે છે. તે માટે મનુષ્યે દોષદૃષ્ટિ ત્યાગીને નિશ્ચય નય દૃષ્ટિથી જીવનું શુદ્ધ સ્વરૂપ અવલોકવું જોઈએ એમ તેઓ કહે છે.

આ ગ્રંથમાં તેમણે દુનિયાના દરેક ધર્મ અને પંથમાં જે કંઈ સત્યનો અંશ છે તે ગ્રહણ કરવાનો તથા અન્ય ધર્મીઓ વિશે બૂરું ન ચિંતવવાનો વિશ્વ બંધુત્વની ભાવનાયુક્ત દયાસભર બોધ આપ્યો છે.

●●●

## (૧૫) જૈન સૂત્રમાં મૂર્તિપૂજા

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ હિન્દુ તથા જૈન ધર્મમાં પરાપૂર્વથી ચાલી આવતી મૂર્તિપૂજાની પરંપરા વિશે શાસ્ત્રોમાં આવતાં દૃષ્ટાંતો આપી મૂર્તિપૂજાની આવશ્યકતા બતાવવા આ ગ્રંથ 'જૈન સૂત્રમાં મૂર્તિપૂજા' લખ્યો છે.

સુંદર સચોટ દલીલ, મૂર્તિપૂજાનાં દૃષ્ટાંતો તથા વિદેશ સ્થિત મોટા પિરામિડોની ચર્ચા દ્વારા તેઓ મૂર્તિપૂજા શાસ્ત્રોક્ત છે એમ સાબિત કરે છે. 'મૂર્તિપૂજા કા પ્રાચીન ઇતિહાસ' હિન્દીમાં ઈ.સ. ૧૯૩૭માં લખાયેલું હતું.

પ્રભુપ્રેમ અંતરમાંથી પ્રગટ થાય છે. પ્રભુ પ્રત્યેનો પૂજ્ય ભાવ હૃદયમાં પ્રભુની છબી(મૂર્તિ)નું ધ્યાન કરે છે. (ધરે છે) આ રીતે પ્રભુનું મૂર્તિમંત સ્વરૂપ હૃદયમાં ખડું થાય છે ને આત્મા ભાવવિભોર બને છે.

પૂર્વજો દ્વારા મહામહેનતે તૈયાર થયેલાં દેરાસરમાં વિધિવત્ પ્રાણપ્રતિષ્ઠા તથા અંજનશલાકા થયેલ પ્રભુની મૂર્તિ આગળ જ્યારે પામર માનવી બે હાથ જોડીને ઊભો રહે છે ત્યારે એ સંસારની બધી કઠિનાઈઓ ભૂલી જાય છે. આવનારી મુશ્કેલીઓમાંથી માર્ગ શોધવા માટે પ્રભુને વિનંતી કરે છે. પ્રભુ એને માર્ગ બતાવે છે. મૂર્તિ સન્મુખ ઊભા રહેતા પ્રભુએ સહન કરેલા અનેક ઉપસર્ગો એને યાદ આવે છે. એની સામે આપણે સહન કરતાં દુઃખ તો ખૂબ નાનાં લાગે છે. પ્રભુનો ભક્ત પ્રેમી મનુષ્ય જ મૂર્તિમાં ઈશ્વરને જોઈ શકે છે.

વિશ્વમાં ઘણી જગ્યાએ મોટા મોટા મહાપુરુષોની પ્રતિમાઓ જાહેર જગ્યા પર રાખવામાં આવે છે. એ મૂર્તિપૂજાનું જ સ્વરૂપ છે.

શીખો ગુરુદ્વારામાં ધર્મપુસ્તકને ફૂલો ચઢાવે છે. ધૂપ-અગરબત્તી કરે છે. કબીરપંથીઓ કબીરની ચાખડી પૂજે છે. મુસ્લિમો કુરાનના પુસ્તક પર ફૂલ ચઢાવે છે. પારસીઓ અગ્નિની પૂજા કરે છે. સ્થાનકવાસીઓ નમો અરિહંતાણંના ફોટાને હાથ જોડે છે. આ બધા મૂર્તિપૂજાનાં જ અલગ અલગ સ્વરૂપો છે.

ગિરનાર પર્વત પરનાં મંદિરો અને મૂર્તિઓ ઈસ્વીસન પૂર્વે એક હજાર વર્ષ પહેલાના બનેલાં છે. એવો શિલાલેખ સોમનાથના મંદિરમાં હતો. શત્રુંજય પર્વતનાં દેરાસરો અને મૂર્તિઓ પણ હજારો વર્ષ પહેલાનાં છે.

શંખેશ્વર, અજાહરા તથા શીરપુર ગામમાં આવેલી શ્રી પાર્શ્વનાથની પ્રતિમાઓ હજારો વર્ષ પુરાણી છે.

દિગંબર સંપ્રદાયનું તીર્થ માંગીતુગીમાં એક વિશાળ ઋષભદેવની મૂર્તિ છે, જે હજારો વર્ષ જૂની છે.

જૂનાગઢમાં ઉપરકોટમાં તથા દક્ષિણ પ્રાંતમાં જિનગિરિ સ્થિત પહાડોમાં પથ્થર પર કોતરેલી જિન મૂર્તિઓ એટલી જૂની છે કે એનો કાળ જાણવો મુશ્કેલ છે.

કૈલાસ એટલે કે અષ્ટાપદ પર્વત પર રાવણે પાર્શ્વ પ્રભુનું ધ્યાન ધર્યું ત્યારે વીણા વગાડતાં તાર તૂટી ગયો, ત્યારે એણે તરત જ પોતાના પગની નસ ખેંચીને એના સ્થાને લગાવી દીધી અને તીર્થંકર ગોત્ર બાંધ્યું. રાવણની પ્રભુભક્તિ અનન્ય હતી. તે રોજ પ્રભુની સેવાભક્તિ કરીને અન્નપાણી વાપરતો હતો. તેના સમયની ભટેવા પાર્શ્વનાથ વગેરે છે.

વિદેશોમાં ઘણી જગ્યાએ ખોદકામમાં કરતાં જિનમૂર્તિઓ નીકળી છે. એના દાખલા છે. અફઘાનિસ્તાનમાં તક્ષશિલામાં આવેલી પ્રતિમાઓને ત્યાંના રાજાના કહેવાથી જાવડશાહ દ્વારા ભારત લાવવામાં આવી. મહુવા સ્થિત જીવિત સ્વામીની મૂર્તિ તથા લક્ષ્મીદેવી, ચક્રેશ્વરી દેવીની મૂર્તિઓને જ અરબસ્તાનના રાજાએ જાવડશાહને આપી હતી. મોટા વહાણમાં તે મૂર્તિઓ લાવીને મહુવામાં ભોંયરામાં રાખી અને મુસ્લિમ શાસકોનો ભય ટળી જતાં એમની સ્થાપના કરી.

હિન્દુઓનાં શાસ્ત્રોનો આધાર લઈને શ્રીમદ્ મૂર્તિપૂજાની પ્રાચીનતા માટે એકલવ્ય અને દ્રોણાચાર્યનું દૃષ્ટાંત આપે છે. જ્યારે દ્રોણાચાર્યે એકલવ્યને ધનુર્વિદ્યાના અભ્યાસ માટે ના કહી ત્યારે તેણે જંગલમાં પાછા ફરીને દ્રોણાચાર્યની મૂર્તિ બનાવીને સ્થાપના કરી અને તેને ફૂલ વગેરે ચઢાવીને અનન્ય શ્રદ્ધાભક્તિથી તન્મય થઈને બાણ ચલાવવામાં અર્જુન કરતાં પણ આગળ નીકળી ગયો. આમાં ગુરુની જડમૂર્તિ દ્વારા જ એકલવ્યના આત્મામાં અનંત પ્રકારની શક્તિ જાગૃત થઈ. જ્યારે ગુરુ દ્રોણાચાર્ય તેને જંગલમાં મળે છે ત્યારે એની પાસે ગુરુ દક્ષિણામાં તેનો હાથનો અંગૂઠો માગ્યો જે એકલવ્યે વિનાસંકોચે પોતાનો અંગૂઠો ગુરુચરણે ધરી દીધો. આજે પણ મધ્યપ્રદેશમાં અલિરાજપુર તથા ઝાબુઆ જિલ્લાના આસપાસના ભિલ્લ લોકો બે આંગળીની મદદથી જ બાણ-તીરકામઠા ચલાવે છે. તેઓનું નિશાન કદી ખાલી જતું નથી. તેઓ એકલવ્યનાં વારસદારો હોઈ શકે.

રામ-રાવણના યુદ્ધ વખતે રામે શંકરની શિવલિંગની સ્થાપના કરી હતી. જે આજે પણ રામેશ્વરમ્‌ના નામે પૂજાય છે.

જૈન શાસ્ત્રોમાં મૂર્તિપૂજાના અનેક પાઠો છે. શ્વેતાંબર તથા દિગંબર બંનેનાં શાસ્ત્રોમાં શ્રી ઋષભદેવના પુત્ર ભરતે અષ્ટાપદ પર્વત પર ચોવીસ ભગવાનની મૂર્તિઓ ભરાવી દેરાસર બનાવ્યું એવો ઉલ્લેખ છે.

શત્રુંજય પર ચક્રવર્તી ભરતે પ્રથમ જીર્ણોદ્ધાર કરાવ્યો એમ 'શત્રુંજય મહાત્મ્ય'માં છે. "ભગવતી સૂત્રમાં વિદ્યાચરણ અને જંઘાચરણ સાધુઓ નંદીશ્વર દ્વીપમાં પ્રતિમાના દર્શન માટે ગયા હતા એવો ઉલ્લેખ છે. 'રાયપસેણી સૂત્ર'માં પણ સૂર્યાભ દેવે જિનેશ્વર ભગવાનની પ્રતિમાની પૂજા કરી એવા પાત્રો છે." આવો ઉલ્લેખ બુદ્ધિસાગરજીએ મૂર્તિપૂજા શાસ્ત્રોક્ત છે તે દર્શાવવા કર્યો છે.

જિનેશ્વર ભગવાનની મૂર્તિને શ્રદ્ધા તથા પ્રેમથી જોતાં પ્રભુનું સંપૂર્ણ ચરિત્ર હૃદય આગળ ખડું થાય છે અને તેમના જેવા ગુણો પ્રાપ્ત કરવા ભક્ત મનુષ્ય આકર્ષાય છે. પ્રભુપૂજનથી મનુષ્ય કામ, ક્રોધ, મદ વગેરે છોડી શકવા સમર્થ બને છે.

ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો વિશ્વમાં ઘણી જગ્યાએ પ્રાચીન ખંડેરો વગેરે ખોદતાં તીર્થંકર પરમાત્માની મૂર્તિઓ નીકળી છે અને હજી પણ નીકળે છે.

ગોબીના રણની પાસે ચોટલા નામનું રણ છે. તેમાંથી પાંચ હજાર વર્ષ પૂર્વેની મૂર્તિ નીકળી છે.

અફઘાનિસ્તાનમાં તક્ષશિલાના ખોદકામમાં પ્રાચીન મૂર્તિઓ મળી છે.

મથુરામાં કંકાલી ટીલો ખોદાવતાં જૈન સ્તૂપ જેને 'વૌધ્વ સ્તૂપ' કહેવાતો હતો તે તથા ઘણી જૈન મૂર્તિઓ, પાટલાઓ, શ્રાવક શ્રાવિકાની મૂર્તિઓ વગેરે શિલાલેખો સાથે નીકળ્યું છે.

ચક્રવર્તી રાજા કલિંગપતિ ખારવેલે હાથીગુફાના લેખમાં પોતે મગધ પર ચઢાઈ કરીને દોઢસો વર્ષ પહેલાં નંદ રાજા ઋષભદેવ ભગવાનની રત્નમયી મૂર્તિ લઈ ગયો હતો તે પાછી લાવીને શિલાલેખ કોતરાવ્યો એમ હાથીગુફાના લેખમાં લખ્યું છે. આ ગુફાઓ ઓરિસ્સામાં ખંડગિરિ-ઉદયગિરિ ગામમાં આવેલી છે.

પાર્શ્વનાથ ચરિત્રમાં પ્રભુ પાર્શ્વકુમાર અવસ્થામાં જંગલમાં ફરવા ગયા ત્યાં એક દહેરું હતું, જ્યાં બાવીસમા તીર્થંકર નેમિનાથ ભગવાનની જાન ચીતરેલી હતી. તેઓ પરણવા જતાં પાછા ફરે છે. એવું ચિત્ર જોઈને શ્રી પાર્શ્વનાથને વૈરાગ્ય ઉત્પન્ન થયો એમ વર્ણન આવે છે.

પ્રાચીન નગરોના ખોદકામમાં ચક્રવર્તી અશોકના પૌત્ર સંપ્રતિના સમયની ઘણી મૂર્તિઓ નીકળે છે. શ્વેતાંબર તથા દિગબંર કોમમાં ઘણાં પ્રાચીન સમયથી દેરાસરો થાય છે.

શ્રી આત્મારામજી ઉર્ફે શ્રી વિજયાનંદસૂરિ, શ્રી અજિતસાગરજી તથા શ્રી વિનયવિજયજી વગેરે સાધુ ભગવંતો જૈન શાસ્ત્રોમાં મૂર્તિપૂજા છે એનું વાંચીને સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા ત્યજીને મૂર્તિપૂજાની માન્યતા સ્વીકારીને શ્વેતાંબર દીક્ષા અંગીકાર કરી. ઘણા સ્થાનકવાસી

સંપ્રદાયના સાધુઓ-સાધ્વીઓ જાહેરમાં મૂર્તિપૂજાનું ખંડન કરતા નથી કે તે બાબતની ચર્ચા પણ કરતા નથી તથા બંને કોમ હળીમળીને રહે છે. ઘણા સ્થાનકવાસી શ્રાવકો તથા સાધુઓ પણ ગિરનાર, શત્રુંજય, તારંગાજી વગેરે યાત્રાએ જાય છે તથા પ્રભુપૂજનનો લાભ મેળવે છે. પ્રાચીન જૈનતીર્થો દ્વારા જ જૈનોનો ઇતિહાસ જળવાઈ રહ્યો છે. જૈન દેરાસરો શિલ્પકળાના ઉત્તમ નમૂના છે.

શ્રીમદ્ બુદ્ધિસાગર મહારાજ સાહેબે આ ગ્રંથની પ્રસ્તાવનામાં જૈનોની જીવદયા અને જીવ હિંસાનું સાચું સ્વરૂપ પહેલાના સમયમાં કેવું હતું તથા આજના સ્પર્ધાના યુગમાં કેવું હોવું જોઈએ તે ઘણું જ સ્પષ્ટ રીતે જણાવે છે. તેઓ કહે છે :

"પ્રતિમા પૂજામાં પુષ્પ આદિમાં જીવોની હિંસા થાય છે વગેરે કહે છે જ્યારે ઉપાશ્રયમાં થતા ધર્મકાર્યમાં થતી જીવહિંસા વગેરેનો ખ્યાલ કરતાં નથી ! અને જૈનોને જગતમાં નબળા બાયલા બનાવવામાં અંધ ગાંડી દયાને આગળ કરીને સેવાભક્તિ વગેરેનો જેઓ જીવ હિંસાના બહાના નીચે નિષેધ કરે છે તેઓ હિન્દુ, મુસલમાન, ખ્રિસ્તી, બૌદ્ધોની સાથે આ સ્પર્ધાના જમાનામાં ધાર્મિક, આર્થિક દૃષ્ટિએ જીવવા સમર્થ થઈ શકતા નથી અને જગતમાં તેઓ ઝીણાં જીવડાંની દયા કરનાર અને મોટાને મારનાર તરીકે પ્રસિદ્ધ થાય છે અને તેઓ દુનિયામાં જૈનોનું નામનિશાન પણ રાખી શકવાના નથી ! દુનિયામાં કાયા થકી ધાર્મિક પ્રવૃત્તિ કરતાં કોઈ ને કોઈ સૂક્ષ્મ વાયુ વગેરે જીવોની હિંસા વગેરે થાય છે તથા ગૃહસ્થ દશામાં જીવવા માટે વનસ્પતિ આદિ એકેન્દ્રીય આદિ જીવોની હિંસા પણ થાય છે. દેવગુરુ ધર્મની ભક્તિ અર્થે અને જૈન શાસનની તથા જૈન સંઘની રક્ષા અર્થે તથા સાધુ વગેરેની રક્ષા અર્થે એકેન્દ્રીય આદિ જીવોની હિંસા થાય છે પણ તે ધર્મકાર્યમાં ધર્મ માટે હોવાથી તેથી અલ્પ દોષ અને મહાન લાભ થાય છે.

જૈનોએ દુનિયામાં જીવવા માટે ગાંડી જીવદયાની ઘેલછા ખપમાં આવશે નહિ માટે દેવગુરુ ધર્મની ભક્તિ સેવા માટે અલ્પ દોષ અને મહાન ધર્મ એ સૂત્રને માનવું અને વર્તવું તે જ ગૃહસ્થ જૈનોને યોગ્ય છે."

તેઓ કહે છે કે નિરાકાર પરમાત્માનું ધ્યાન ધરવું મુશ્કેલ હોવાથી સાકાર પ્રભુની પ્રતિમાથી ભક્તિનો પ્રારંભ થાય છે. જૈન શાસ્ત્રમાં પ્રભુની પ્રતિમામાં પ્રભુ પ્રગટે છે એવું નથી પણ પ્રભુ પ્રતિમા દ્વારા ભક્તો તેમના હૃદયમાં પ્રભુને પ્રગટાવી શકે છે એમ વિધાન છે.

અહીં બુદ્ધિમત્તાનો દૃષ્ટિકોણ છે. આ અંધશ્રદ્ધા નથી. પ્રભુ ભક્તના હૃદયમાં જ પ્રગટે છે તથા ભક્તને સહાય કરે છે.

## (૧૬) જૈન ધાર્મિક શંકા-સમાધાન

ગુરુદેવ બુદ્ધિસાગરજીએ અમદાવાદ શહેરની નજીકના મહુડી ગામમાં શ્રી ઘંટાકર્ણ મહાવીરની મૂર્તિની સ્થાપના કરી છે. શ્રી ઘંટાકર્ણવીર યક્ષદેવ છે અને તે જૈન શાસનના રક્ષક ગણાય. ગુરુદેવે ઘણા શ્રાવકોના મનમાં ઊઠતી શંકાના સમાધાનરૂપે આ પુસ્તિકાની રચના કરી. આ રચના તેમણે વિ.સં. ૧૯૮૦માં પેથાપુર શહેરમાં કરી. ઘણા મનુષ્યોને શાસ્ત્રોનો અભ્યાસ હોતો નથી. તેઓને સત્ય હકીકતની જાણ ન હોવાને લીધે અન્યની વાતમાં જલદી ભોળવાઈ જઈ ખોટા તર્ક-વિતર્ક કર્યા જ કરે છે. મનુષ્યના મનમાં ઊઠતી શંકાઓ અને પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપે આ પુસ્તક ગુરુદેવ બુદ્ધિસાગરજીએ લખ્યું છે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં ગુરુદેવ બુદ્ધિસાગર લખે છે :

"અલ્પજ્ઞ મનુષ્યોને ગીતાર્થ જ્ઞાનીઓના સમાગમના અભાવે તેમજ જૈનશાસ્ત્રોના અભ્યાસના અભાવે અનેક જાતની શંકાઓ પડે એમાં આશ્ચર્ય નથી તેથી તેવાઓને ગ્રંથરૂપે પ્રત્યુત્તર આપતાં અન્ય જૈનો કે જે સત્યગ્રાહી છે તેઓને આવા ગ્રંથોથી સમક્તિની નિર્મલતા રહે એવું જાણીને મેં મારી ફરજ બજાવી છે."

પુસ્તિકાનો પ્રારંભ તેઓ સર્વજ્ઞ મહાવીર અને શાસન રક્ષક ઘંટાકર્ણવીરને પ્રમાણ કરીને કરે છે. ગુરુદેવ ગ્રંથ મંગલ કરતાં જણાવે છે કે જૈન શાસ્ત્રોના વિરોધીઓ શાસ્ત્ર વિરુદ્ધ અનેક કુમતો રજૂ કરે છે. એવા કુમતોનું તેઓ ખંડન કરે છે. શ્રી ઘંટાકર્ણવીર જૈન શાસનના રક્ષક વીર છે. તેઓ ધર્મશ્રદ્ધાળુ શ્રાવકોને સહાય કરે છે એમ તેઓ શાસ્ત્રોના આધારે વર્ણવે છે :

**प्रणम्य श्री महावीरं, सर्वज्ञ-दोषवर्जितम् ।**
**कुमतं खण्डनं कुर्वे, जैनशास्त्र-विरोधिनाम् ॥१॥**
**घण्टाकर्ण महावीरो जैनशासनरक्षकः ।**
**तस्य सहाय-सिद्ध्यर्थं, वच्मि शास्त्रानुसारतः ॥२॥**

ઘંટાકર્ણ બાવનવીર પૈકી એક રક્ષકવીર છે. તેઓ જૈન ધર્મમાં શ્રદ્ધા રાખનાર જૈનોને સહાય કરે છે. પૂર્વાચાર્યોએ મંત્રપ્રવાદ નામના પૂર્વમાંથી અનેક મંત્રો અને વિદ્યાઓનો ઉદ્ધાર કરીને મંત્રકલ્પશાસ્ત્રોની રચના કરી છે. તેમના દ્વારા અનેક દેવોના મંત્રકલ્પો રચાયેલા છે. પૂર્વાચાર્યો દ્વારા રચિત ઘંટાકર્ણ કલ્પ પાટણના ત્રીજા ગ્રંથ ભંડારમાં તથા સુરતમાં 'સુરત જૈન આનંદ પુસ્તકાલય'ની અનુક્રમણિકામાં ૫૯૫ થી ૫૯૯ અનુક્રમમાં સુરક્ષિત છે. તપાગચ્છમાં દરેક પ્રતિષ્ઠામાં ઘંટાકર્ણ યંત્ર સ્થાપવામાં આવે છે. આ સિવાય પૂર્વાચાર્યોએ બીજા કલ્પો પણ રચ્યા છે જેમ કે ઉવસગ્ગહરં મંત્રકલ્પ, તિજયહુત્ત મંત્રકલ્પ, ભક્તામર કલ્પ, ઋષિમંડળ મંત્રકલ્પ

વગેરે. આ પ્રમાણે પૂર્વે થયેલા આચાર્યોએ પ્રતિષ્ઠાકલ્પમાં ઘંટાકર્ણવીરની સહાયતા અને માન્યતાને સ્વીકારેલી છે. તેથી પરંપરાગતને માન્ય કરીને ઘંટાકર્ણવીરને શાસનદેવ તરીકે માનીને મહુડીના સંઘે મૂર્તિ ભરાવી તથા શ્રી ગુરુદેવ બુદ્ધિસાગરજીએ તેની પ્રતિષ્ઠા કરી.

જૈનમંદિરોના ગવાક્ષમાં યક્ષદેવ અને દેવીઓની મૂર્તિઓ મંત્રથી પ્રતિષ્ઠિત કરેલી હોય છે. જેમાં માણિભદ્રવીર, ઘંટાકર્ણવીર, વિમલેશ્વર યક્ષદેવ તથા પદ્માવતી, અંબિકા, ચક્રેશ્વરી વગેરે દેવીઓ મુખ્ય છે. દેવદેવીઓ મનુષ્યને સહાય કરે છે માટે ભદ્રબાહુ સ્વામીએ 'ઉવસગ્ગહરં સ્તોત્ર'ની રચના કરી તથા શ્રી મુનિચંદ્રજીએ 'સંતિકરં સ્તોત્ર'ની રચના કરી. મંત્ર અને યંત્રમાં એવી શક્તિ હોય છે જેનાથી દેવો આવીને સહાય કરવા પ્રેરાય છે.

શ્રી ઘંટાકર્ણવીરની પૂજા અને તેમને સુખડીનું નૈવેદ્ય કરવા અંગેની ચર્ચા કરતાં શ્રી બુદ્ધિસાગરજી જણાવે છે :

"જૈનોચાર્યોએ અનેક દેવોને જૈનધર્મરાગી બનાવ્યા છે, તેથી જૈનો શાસનદેવોને સ્વધર્મી બંધુવત્ માને છે, પૂજે છે અને સંસારની ધર્મયાત્રામાં મદદ માટે શાંતિસ્નાત્રના મંત્રોની પેઠે વિનવે છે. જૈનો ઘંટાકર્ણવીરને ધૂપ, દીપ કરે છે; ઘંટાકર્ણવીર ચોથા ગુણસ્થાનકવાળા દેવ છે, તેથી તે, ગૃહસ્થ જૈન શ્રાવકના સમક્તિ બંધુ ઠર્યા, તેથી તેમની આગળ સુખડી ધરીને જૈનો ખાય છે... જૈન મુનિઓ, યતિઓ, શ્રી પૂજ્યો, શ્રાવકો ઘંટાકર્ણનો મંત્ર આરાધે છે. ઘંટાકર્ણ મંત્રનો જાપ કરે છે, કેટલાક યતિઓએ આ મંત્રથી સર્પ, વીંછી વગેરેનાં વિષ ઉતાર્યા છે. એવું મેં પ્રત્યક્ષ દેખ્યું છે."

ગુરુદેવ પૂર્વાચાર્યો દ્વારા દર્શાવેલા મંત્રકલ્પોથી લોકોને સહાય કરવાની અપેક્ષા રાખતા હતા. તેમણે ઘંટાકર્ણ મંત્રકલ્પથી યતિઓને લોકોનાં દુ:ખ-દર્દ દૂર કરતાં જોયા હતા. તેમને તેમના ગુરુ રવિસાગરજીએ વિ.સં. ૧૯૫૪ના ફાગણ માસમાં ઘંટાકર્ણ મંત્રની ગુરુગમતા આપી હતી.

કેટલાક શ્રાવકોને મનમાં શંકા ઊઠતી હતી કે રાગદ્વેષરહિત તીર્થંકર પરમાત્મા ભક્તોને સહાય કરવા સિદ્ધ સ્થાનમાંથી આવતા નથી તો શંખેશ્વર પાર્શ્વનાથ કે કેસરિયાજી દાદાના ચમત્કારો કેવી રીતે થાય છે ? આવી શંકાઓનું નિવારણ કરતાં તેઓ આ પુસ્તકમાં સમજાવે છે કે કેસરિયાજી દાદા કે શંખેશ્વર પ્રભુના નામે જે ચમત્કારો સંભળાય છે તે શાસન દેવો દ્વારા થાય છે. પ્રભુની ભક્તિ કરવાથી પુણ્ય વધે છે અને તે ભોગવવામાં દેવતાઓ સહાયક બને છે. ઘણી વાર દેવો પ્રભુનું રૂપ ધારણ કરીને પણ ભક્તોને દર્શન આપે છે. મનુષ્યને પ્રભુની સહાય તેના કર્મ અનુસાર વહેલી કે મોડી મળતી હોય છે, જે વ્યક્તિના શુભ કર્મોદય થવાનો હોય છે તેને દૈવી સહાય તુરત જ મળે છે અને બાકી વ્યક્તિને પછી મળે છે.

ગુરુદેવ બુદ્ધિસાગરજી આ પુસ્તકમાં કેટલીક વ્યક્તિ દ્વારા 'શત્રુંજય માહાત્મ્ય ગ્રંથ' કલ્પિત છે એમ શંકા ઉઠાવતાં તેમણે આના જવાબમાં જાવડશાહ દ્વારા થયેલા શત્રુંજય ઉદ્ધાર, કુમારપાળ

દ્વારા ભરાવાયેલી પ્રતિમા અને બીજા શાસ્ત્રોક્ત પ્રમાણ દ્વારા તે ગ્રંથ અને શત્રુંજય પહાડ બંને શાશ્વતા છે એમ દર્શાવ્યું.

તે સમયે કેટલાક લોકો ગાંધીજીને જૈન મહાત્મા કહેતા હતા. ગુરુદેવ ગાંધીજી માટે પોતાનો અભિપ્રાય આપતાં જણાવે છે :

"હું ગાંધીજીને પ્રથમ નંબરના ઉત્તમ દેશભક્ત માનું છું પરંતુ તે જૈન મહાત્મા નથી. એમનામાં દેશદાઝ સારી છે. હું ઢેઢ-ભંગીઓ સ્પર્શ્ય થાય એવા ઉપાયો લેવાની તરફેણમાં છું. તેમની રેંટિયા-ખાદીની પ્રવૃત્તિ અહિંસાની દૃષ્ટિએ ઉપયોગી છે. વૈષ્ણવભક્ત મહાત્મા ગાંધીમાં જે જે ગુણો અમને જણાય છે તેની અમો અનુમોદના કરીએ છીએ."

આ પ્રમાણે ગુરુદેવ પોતે અસ્પૃશ્યતા નિવારણમાં માનતા હતા અને ગાંધીજીની રેંટિયા પ્રવૃત્તિની તરફેણ કરતા હતા. તેમની દેશભક્તિ અને ધર્મ સહિષ્ણુતાનાં વખાણ પણ આચાર્યશ્રી કરે છે.

પ્રાચીન અનેક જૈન ગ્રંથોમાં શ્રી ઘંટાકર્ણવીર દેવનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. પૂજ્યપાદ શ્રી જિનપ્રભસૂરિ વિરચિત 'વિવિધ તીર્થકલ્પ'માં તથા શ્રી રત્નશેખસૂરિ વિરચિત ઘંટાકર્ણ કલ્પ આદિ ગ્રંથોમાં તેમનો ઉલ્લેખ થયો છે. શ્રી ઘંટાકર્ણવીર પહેલાં પૂર્વભવમાં મહાબલ નામના ક્ષત્રિય રાજા હતા. તેઓ દુષ્ટ મનુષ્યોથી લોકોનું અને કુંવારી કન્યાઓનું રક્ષણ કરતા હતા. તેઓ લોક કલ્યાણનાં કાર્યો માટે જરૂર પડે તો યુદ્ધ પણ કરતા હતા.

શ્રી ઘંટાકર્ણવીરના પૂર્વભવ વિશેની સમજણ આપતાં આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી લખે છે-

"ઘંટાકર્ણ મહાવીર પહેલાં પુર્વભવમાં એક આર્યરાજા હતા. તે સતીઓનું અને સાધુઓનું તથા ધર્મી મનુષ્યોનું રક્ષણ કરવામાં જીવન ગાળતા હતા. તેઓ પાપીઓના ત્રાસને હટાવી પ્રજાનું કલ્યાણ કરતા હતા. ધનુષ્યબાણ વડે અનેક દુષ્ટ રાજાઓ જોડે યુદ્ધ કરીને તેઓને જીત્યા અને આર્ય દેશમાં તેમણે શાંતિ ફેલાવી. તેમને સુખડી પ્રિય હતી. તેઓ અતિથિઓની સેવાભક્તિ કરતા હતા અને ઘણા શૂરા હતા તેથી તે મરણ પામીને દેવ થયા અને બાવન વીરોમાં ત્રીસમા વીર તરીકે તેમની ગણના થઈ. તેઓ પૂર્વભવમાં પરોપકારી હતા, તેથી વીરના ભવમાં પણ તે બને તેટલી ધર્મી ભક્તજનોને તેઓના શુભકર્માનુસારે સહાય આપે છે. પૂર્વભવમાં તેમના હાથમાં ધનુષ્યબાણ અને ખડગ હતા તેથી તેમની મૂર્તિના હાથમાં ધનુષ્યબાણ અને ખડગ આપવામાં આવે છે. તે સમ્યગ્ દૃષ્ટિદેવ, ક્ષત્રિય રાજાના જેવા આત્મા હોવાથી અને હાલ પણ તેવાં કાર્યો કરતા હોવાથી ઉત્તર વૈક્રિય શરીરની અપેક્ષાએ ધનુષ્યબાણવાળી મૂર્તિ કરાય છે."

શ્રી ઘંટાકર્ણવીરનું પૂર્વભવનું રાજ્ય ઉત્તરપ્રદેશ નજીક શ્રી પર્વત પર હતું. તેઓ યાત્રાએ જનાર ભાવિકોનું રક્ષણ પણ કરતા હતા. તેઓ શુભ ધ્યાનમાં સ્વર્ગે સિધાવી મહાપ્રભાવિક

અધિષ્ઠાયક દેવ થયા. તેઓ સર્વનું રક્ષણ કરતા હોવાથી તેમને જૈન, હિન્દુ અને બૌદ્ધ ધર્મવાળા માને છે. માટે તેમને દેવ તરીકે પૂજવાથી મિથ્યાત્વ લાગતું નથી. મહુડીમાં તેમની મૂર્તિની પ્રતિષ્ઠા શ્રી બુદ્ધિસાગરજીએ કરી. તેમની મૂર્તિઓ ઘણાં મંદિરોમાં સ્થાપિત થયેલી છે. પ્રતિવર્ષ આસો વદ ચૌદશના દિને તેમના જમણા અંગૂઠે વર્ષમાં એક જ વાર કેસર પૂજા થાય છે અને વિજય મુહૂર્તે એટલે કે ૧૨ કલાક, ૩૯ મિનિટે ત્યાં હવન થાય છે. શ્રદ્ધાળુ ભક્તો ત્યાં દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં શ્રી બુદ્ધિસાગરજીએ ગ્રંથરચના શાસ્ત્રાધારે કરવા છતાં કંઈ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો તેની સંઘ સમક્ષ માફી માંગીને તેને સુધારીને વાંચવા માટે વિનવણી કરી છે.

આ પુસ્તક સરળ ગુજરાતી ભાષામાં રચાયેલું છે. તેની પૃષ્ઠ સંખ્યા ૫૦ છે.

## (૧૭) મુદ્રિત જૈન ગ્રંથ નામાવલિ

'મુદ્રિત જૈન ગ્રંથ નામાવલિ' એક અનોખું પુસ્તક છે. જેમાં ભારત-વર્ષના બધા જૈન ગ્રંથ ભંડારો ત્યાં સંગ્રહેલા સર્વ ગ્રંથો, શિલાલેખો તથા ફ્રેંચ સંશોધનકાર ડો. ગેરિનો દ્વારા કયા શિલાલેખો ક્યાં ક્યાં પુસ્તકોમાં છપાઈ ગયા તેની વિગત આપી છે.

વિજયધર્મસૂરિની અધ્યક્ષતામાં જોધપુરમાં જૈન સાહિત્ય સંમેલન સંવત ૧૯૭૦ માં ભરાયું હતું. તેમની ઈચ્છા જૈન તત્ત્વજ્ઞાનનો ફેલાવો સમગ્ર વિશ્વમાં થાય તેવી હતી, પરંતુ પ્રમાદી જૈન સમાજ કમિટી નીમવા સિવાય કંઈ પણ કાર્ય આગળ ન કરી શક્યો એ પછી દશ વર્ષ પછી સુરતમાં તા. ૨૨-૨૩-૨૪-૨૫ દિને મે મહિનામાં સન્ ૧૯૨૪માં જૈન સાહિત્ય પરિષદ ભરાઈ જેમાં ચારસો વિદ્વાનોએ ભાગ લીધો. સભાના પ્રમુખ કવિ નાનાલાલ દલપતરામ હતા. તેમાં ત્રણ કાર્યવાહક મંત્રીઓ : (૧) ઝવેરી જીવણચંદ સાકરચંદ (૨) રા. મણિલાલ મોહનલાલ પાદરાકર (૩) રા. મોહનલાલ ભગવાનદાસ ઝવેરીને કાર્યભાર સોંપવામાં આવ્યો. તેઓએ વિદ્વાન પ્રામાણિક ઈડરના વકીલ શા. વર્ધમાન સ્વરૂપચંદને આ કાર્યની સોંપણી કરી.

તે મુજબ ભારતભરના ગ્રંથભંડારોમાં સંગૃહિત થયેલાં પુસ્તકો, પ્રતો અને શિલાલેખોની નોંધણી કરવામાં આવી. તે લેખો ક્યાંથી આવ્યા તેની વિગત, પ્રકાશિત થયેલાં પુસ્તકો કયાં છપાયાં તેની પણ વિગત મેળવવામાં આવી. કાર્યવાહક મંત્રીઓએ વિદ્વાન, પ્રતિભાવંત પંડિતોને અલગ અલગ ગામના ગ્રંથભંડારોમાં મોકલીને સૂચિપત્રો તૈયાર કરાવ્યાં. ગુરુદેવ બુદ્ધિસાગર મહારાજ આ કાર્યમાં ખૂબ ધ્યાન રાખતા હતા. તેઓ કામ જરા પણ મંદ ન પડે તે જોતા હતા.

આ ગ્રંથમાં નીચે મુજબની વિગતો છે :

૮૪ જ્ઞાન ભંડારો ક્યાં આવ્યા છે, ત્યાં ક્યાં ક્યાં પુસ્તકો-ગ્રંથો છે, તે ક્યાંથી પ્રાપ્ત થયા તથા તેના લખનારાઓનાં નામ આપ્યાં છે. તેની રચનાઓની સાલવારી આપી છે :

☛ ગ્રંથ ઉપલબ્ધ સ્થાન

☛ પુસ્તકોની રચનાઓનો સમય-સાલ આપ્યો છે.

☛ જૈન શ્વેતાંબર અને દિગંબર માસિક, પાક્ષિક, સાપ્તાહિકનાં નામ અને તે ક્યાંથી પ્રગટ થાય છે તે આપ્યું છે.

☛ જૈન પંડિતો, સ્ત્રી ગ્રંથકારો, ભાષાંતરકારો ઈડરમાં થઈ ગયેલા આનંદવિમલસૂરિ તથા વિજયદેવસૂરિનાં જીવનચરિત્રો, હીરવિજયસૂરિના સમયમાં વિદેશમાં વસતા વિદ્વાનોની યાદી આપી છે.

☛ અજાયબીભરી કૃતિઓનાં નામ અને તેના કર્તા, ઉપરાંત ચમત્કારિક અજબ ગ્રંથો તથા તેના કર્તાઓનાં નામ આપ્યાં છે.

☛ ગ્રંથોની નામાવલી જે ૩૦૩૨ થી વધુ છે. તે મુદ્રિત જૈન ગ્રંથ નામાવલિ' શીર્ષક હેઠળ પ્રસિદ્ધ કરવામાં આવી. તેમાં પરદેશી સંશોધનકારો દ્વારા પ્રસિદ્ધ થયેલી ઘણી કૃતિઓનો પણ સમાવેશ છે.

☛ ફ્રેંચ ડૉ. ગેરિનોએ ઈ.સ. ૧૮૧૫ની સાલ સુધીના જે જૈન ગ્રંથોની નોંધ કરી હતી. તે અને તેમણે જે જૈન એપીગ્રાફી (જૈન શિલાલેખો) ની નોંધ કરી હતી તે ઇંગ્લિશમાં આપ્યા છે. આ સાથે તેનું ભાષાંતર કઈ ભાષામાં, કયા પુસ્તકમાં છપાયું તેની નોંધ આપી છે.

આમ, આ અતિ સમૃદ્ધ બહુમૂલ્ય ગ્રંથ છે.

## (૧૮) શ્રી સંઘ પ્રગતિ મહામંત્ર

ધર્મના ચાર પાયા દાન, શીલ, તપ અને ભાવના છે. ધર્મના આ ચારે પાયાઓ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાના પ્રયત્નોથી મજબૂત થાય છે જે ચતુર્વિધ સંઘ કહેવાય છે એને ધાર્મિક, સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક દૃષ્ટિએ સમૃદ્ધ બનાવવા આચાર્ય બુદ્ધિસાગરે આ ગ્રંથ લખ્યો છે.

ગુરુશ્રીએ આ ગ્રંથની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં લખ્યું છે : "શ્વેતાંબરો અને દિગંબરોનાં હજારો જૈન મંદિરો મોજૂદ છે. હાલ (સં. ૧૯૭૩માં) શ્વેતાંબરો અને દિગંબરોની સંખ્યા તેર લાખ અને ત્રેવીસ હજારની છે. એક વખત આખા હિન્દુસ્તાનમાં જે ધર્મની સર્વત્ર ધ્વજા ફરકતી હતી અને જે ધર્મમાં એક વખત ૪૦ ચાળીસ કરોડ મનુષ્યો હતા તેમાં હાલ તેર લાખ મનુષ્યો છે અને તે પણ સંપીને જૈનોન્નતિનાં કાર્યો કરતા નથી તે કેટલી બધી ખેદની વાત છે ? સામાન્ય

નિરુપયોગી મતભેદોને વીસરીને જૈન કોમનાં ત્રણે ફીરકાએ જૈનોન્નતિનાં કાર્યો કરવા જોઈએ.”

તેઓ આ ગ્રંથના પ્રથમ પ્રકરણમાં કહે છે કે જૈનોની અધોગતિનું એક કારણ એ પણ છે કે પૂર્વે થઈ ગયેલા આચાર્યોના ગુણગાન ગાવામાં આવે છે, પરંતુ વર્તમાન સમયમાં વિચરતાં આચાર્યોની આજ્ઞા પાળવામાં આવતી નથી. વર્તમાન આચાર્યોની જૈન શાસનની ઉન્નતિ માટેની આજ્ઞાઓ તે શ્રી મહાવીરની અને પૂર્વાચાર્યોની જ આજ્ઞાઓ છે એમ સમજીને તેને અમલમાં મૂકવી જોઈએ. સમયને અનુસરીને પૂર્વાચાર્યોના વિચારોની રક્ષા કરીને જૈન સમાજની પ્રગતિ થાય એવા કાયદાઓ તથા ઉપાયો કરીને સંઘને સુવ્યવસ્થિત કરવા ગચ્છાધિપતિઓએ પ્રયત્ન કરવા જોઈએ.

પૂર્વે થઈ ગયેલા આચાર્યોએ કેટલાયે રાજાઓને પ્રતિબોધ આપ્યો છે અને જૈનેતર વિદ્વાનોની સાથે ધર્મવાદ કરીને જૈન મંદિરો અને જ્ઞાન ભંડારોનું રક્ષણ કર્યું છે.

જૈનોએ પણ વર્તમાનકાલીન જૈન આચાર્યની આજ્ઞા શ્રદ્ધા-ભક્તિથી અમલમાં મૂકવી જોઈએ. મુસ્લિમ અને ખ્રિસ્તી ધર્મમાં એક મોટા ધર્માચાર્ય હોય છે અને તેમની આજ્ઞાનું તે ધર્મ પાળનારાઓ તરત જ માને છે. તેથી તેઓની ઉન્નતિ થાય છે.

આચાર્યશ્રી પાશ્ચાત્ય વિદ્વાનોની કાર્યશૈલીના વખાણ કરીને આપણે સૌએ તેવી વ્યવસ્થા સ્થિતિ, તથા કાર્યપ્રણાલી અપનાવવા પર લક્ષ આપવા કહે છે. તેઓ લખે છે :

“એક ગવર્નર વિદાય થાય તો એની જગ્યા એનો કાર્યભાર બીજો ગવર્નર સંભાળી લે તે જ પ્રમાણે આપણે પણ આચાર્યોના પ્રમુખપણા હેઠળ ધાર્મિક ફરજો બજાવતાં ભિન્ન ભિન્ન મંડળોની વ્યવસ્થા કરીને તેના અધિકારીઓ નિમીને સુવ્યવસ્થિત કામ કરવું જોઈએ. જેથી શાસનની રક્ષા થઈ શકે.”

જૈન ધર્મમાં પ્રથમ જૈન ધર્મ સંરક્ષક યોજનાઓ, ગૃહસ્થ અને સાધુ ધર્મના આચાર-વિચારની યોજનાઓ, સાહિત્ય યોજનાઓ તથા જૈન આગમોના ફેલાવાની યોજનાઓ ઘડીને જૈન સંઘના અધિપતિ આચાર્યોએ ઉન્નતિના માર્ગે આગળ વધવું જોઈએ.

જૈન ગુરુકુળ સ્થાપવા માટે એક એક જૈન દશ-દશ રૂપિયા પણ આપે તો દશ વર્ષમાં કેટલાયે રૂપિયા ભેગા થાય અને તેમાંથી મોટાં ગુરુકુળો બની શકે.

ભારતમાં સર્વ પ્રદેશોમાં જૈનોની વસ્તી છે. ભારત બહાર પણ ઘણા જૈનો ગયા હોવાથી ત્યાં પણ ઘણી જગ્યાએ જૈન ધર્મ પાળનારાઓની સંખ્યા વધારે છે. આ સર્વ લોકોને જો જૈન ધર્મના ઉપદેશો મળતા રહે તો તેમના જ્ઞાનમાં વધારો થતો રહેત; પરંતુ જૈન ધર્મમાં ઉપદેશ આપવાની પ્રવૃત્તિ થોડી ઓછી થઈ ગઈ છે, આચાર્યો, સાધુઓ ભિન્ન ભિન્ન લઘુ વર્તુળમાં વહેંચાઈ ગયા અને પોતાની માન્યતાનું રક્ષણ કરવામાં જ ગૂંથાયેલા રહે છે. તેઓના વિહારો પણ સંકુચિત પ્રદેશોમાં થાય છે. પંજાબ વગેરે પ્રદેશમાં સાધુઓનો વિહાર ઓછા થઈ જવાથી ત્યાં લોકોને ઉપદેશ મળતા

નથી. આપણી પાઠશાળાઓ, બોર્ડિંગો ઉપર કેળવણી પર કરોડો રૂપિયા ખર્ચાવા છતાં અવ્યવસ્થાને લીધે જોઈએ તેવું સુંદર પરિણામ આવતું નથી.

આચાર્યશ્રી લખે છે : "જૈનાચાર્યોની કરેલી ધાર્મિક ઉન્નતિવાળી વ્યવસ્થાપૂર્વક યોજનાઓને સાધુઓ, સાધ્વીઓ શ્રાવકો અને શ્રાવિકાઓ જો બહુમાન સત્કારપૂર્વક વધાવી લે છે તો તેથી સો વર્ષે થનારું કાર્ય દશ-પંદર વર્ષમાં થાય છે અને હજાર વર્ષે થનારું કાર્ય પચાસ-સાઠ વર્ષમાં થાય છે. ચતુર્વિધ સંઘ જો પરસ્પર કુસંપ કરીને જૈન મહાસંઘોન્નતિના કાયદાઓથી ભ્રષ્ટ થાય છે અને પોતાની મરજી આવે તેમ વર્તે છે, તો રાજા અને સેનાધિપતિની આજ્ઞાથી ભ્રષ્ટ બનેલું સ્વચ્છંદી સૈન્ય જેમ અવનતિ પામી નષ્ટ થાય છે તેમ ચતુર્વિધ સંઘ પણ અવનતિને પામે છે."

સર્વ જૈનોએ મતભેદ ભૂલી જઈ એક થઈને સંઘની ઉન્નતિમાં આત્મભોગ આપવા તત્પર થઈ સ્વફરજ અદા કરવી જોઈએ તો જ વાસ્તવિક પ્રગતિ થઈ શકે.

આપણા સંઘોમાં જો કોઈ વ્યક્તિ આત્મભોગ આપવા તત્પર થાય પણ જો માનને બદલે અપમાન મળે તો ગભરાઈ જઈને હાથમાં લીધેલું કાર્ય પડતું મૂકે છે. ધર્મ ઉન્નતિના માર્ગમાં જે વ્યક્તિ બીજા તરફથી થતાં અપમાનો સહન કરે છે તે જ વ્યક્તિ ઉન્નતિ સાધી શકે છે. શ્રી મહાવીર પ્રભુને છદ્મસ્થ અવસ્થામાં અનાર્યો દ્વારા અનેક પ્રકારના ખરાબ શબ્દો દ્વારા અપમાન થયું હતું. ઈશુ ક્રાઈસ્ટ, મહંમદ પેગંબર, હેમચંદ્રાચાર્ય વગેરેને પણ ઘણાં અપમાન સહન કરવાં પડ્યાં હતાં. અપમાન સહન કરવાની આત્મશક્તિ પ્રકટ્યા વિના જૈન કોમની સેવા, દેશસેવા કે જ્ઞાનસેવા વગેરે સેવાઓમાં જરા પણ આગળ વધી શકાતું નથી. એમ વિશ્વાસ રાખીને પ્રવૃત્તિ કરવી જેથી કાર્યમાં સફળતા મળે.

નિષ્કામ સેવાને જ મહત્ત્વ આપવું. માનની ઇચ્છાવાળો સેવા કરે છે. પરંતુ જેવું માન મળતું બંધ થાય ત્યારે એની સેવાની પ્રવૃત્તિ પણ બંધ થઈ જાય છે. હૃદયમાંથી અહમ્‌વૃત્તિનો ત્યાગ કરીને સંઘ પ્રવૃત્તિ કરવી જોઈએ. તેઓ સાધુઓ અને સાધ્વીઓની પ્રગતિ શાથી થાય તે સમજાવતાં કહે છે :

"(૧) તેઓએ પરસ્પર ગચ્છ મતભેદમાં ઉદાર બની ક્લેશ કર્યા વગર પરસ્પર સંપીને રહેવું જોઈએ.

(૨) સાધુ-સાધ્વીના અલગ ગુરુકુળો સ્થાપી તેમાં શાસ્ત્રાભ્યાસ અમુક વર્ષ પર્યંત કરવામાં આવે અને પછી તેમને વિહારની અનુમતિ આપવી.

(૩) દીક્ષા લેનારાઓની પરીક્ષા લેવી પછી તેઓને અધ્યયન કરાવવું.

(૪) બધા સાધુઓ એકબીજાને મળે તેમ પ્રયત્ન કરવો.

(૫) વર્તમાન સમયને અનુસરીને વિશ્વવર્તિ મનુષ્યોને ધર્મલાભ મળે તે જોવું. સર્વ સાધુ-સાધ્વીની પ્રગતિ રોકવી નહિ તેઓને વર્તમાન સ્થિતિનું જ્ઞાન કરાવવું."

આ પ્રમાણે તેઓ સાધુ-સાધ્વીના ઉચ્ચ શિક્ષણની ખૂબ તરફેણ કરતા હતા. તેમને સાધુઓ વચ્ચે ગચ્છભેદ માટે થતી તકરાર જરા પણ પસંદ ન હતી. તેઓ શ્રાવકો માટે નોંધે છે :

"જૈન કોમની સંખ્યા વધે તે માટે પ્રયત્ન કરવો. જૈનોમાં બાળકો ભણે એવી જૈન કૉલેજો સ્થાપવી જેથી જૈનોનું ઐક્ય જળવાઈ ધાર્મિક પ્રગતિ પણ થાય. સ્કૉલરશિપની વ્યવસ્થા કરવી. જૈનો વેપાર વૃદ્ધિ કરે માટે વ્યાપારિક કૉન્ફરન્સ ભરવી. નબળા શ્રાવકો-શ્રાવિકાઓને સહાય કરવી. સાધુ-સાધ્વીને વિહારમાં સગવડ રહે તે જોવું. સાધુ-સાધ્વીઓની હેલના નિંદા કોઈ ન કરે તે જોવું."

આચાર્ય બુદ્ધિસાગરજી મહારાજે આ ગ્રંથમાં પણ તેમની વિશિષ્ટ ઉદાહરણ આપવાની શૈલી પ્રમાણે જૈન શાસનની ઉન્નતિ કેવી રીતે થાય તે સમજાવવા શિવાજીનું ઉદાહરણ આપતાં કહે છે : "શિવાજીએ હિન્દુઓનું અસ્તિત્વ સંરક્ષ્યું તેનું કારણ પણ એ છે કે તેની સેના, તેમની આજ્ઞાને પ્રભુરૂપ માની તે આજ્ઞા પ્રમાણે પ્રવર્તવામાં સ્વજિંદગીનો હોમ આપતી હતી તેમ સ્વકીય આચાર્યની આજ્ઞાના ઝંડાને વળગી રહી જૈનો સ્વકીય ફરજો અદા કરે તો અલ્પકાળમાં જાપાનની પેઠે સ્વકોમની વ્યાવહારિક તથા ધાર્મિક પ્રવૃત્તિમાં આગળ વધી શકે." તેઓના મતે એક સબળ વ્યક્તિ પણ આખા સંઘની પ્રગતિ કરી શકે છે. શિવાજી એકલા હતા પરંતુ તેમની દેશભક્તિથી આકર્ષાઈને બીજા તેમાં જોડાયા. તે જ પ્રમાણે રાણા પ્રતાપસિંહ વનવગડામાં સ્વમાતૃભૂમિના ઉદ્ધાર માટે એકલા જ હતા, પરંતુ તેમની પ્રતિજ્ઞાના બળથી સ્વદેશીઓને ભેગા કરીને પ્રદેશ જીતી શક્યા.

તેઓ અંતમાં કહે છે : "જૈનો !!! જૈન શાસનની પ્રગતિ માટે સર્વ પ્રકારના કદાગ્રહ પક્ષપાતનો ત્યાગ કરી મધ્યસ્થતાથી વિચાર કરો અને જૈન શાસનની દાઝ મનમાં ધારણ કરીને ઉદાર મન રાખી મહાસંઘની સુવ્યવસ્થાના ઉપાયોમાં ભાગ લો. હુંપણાની તુચ્છ ભાવનાનો મહાસંઘરૂપ યજ્ઞમાં હોમ કરીને પ્રગતિના માર્ગમાં કટિબદ્ધ થઈને સંચરો. સાથે સાથે મોક્ષ પ્રાપ્તિનું સાધ્યબિંદુ એક ક્ષણમાત્ર પણ ન વિસરાય તેનું ધ્યાન રાખવું."

તેઓ આ ગ્રંથમાં શ્રાવકોને શિવાજી અને રાણા પ્રતાપનું ઉદાહરણ આપીને એક વ્યક્તિ મક્કમ મનોબળ સાથે કેવાં ભગીરથ કાર્યો કરી શકે છે તે સમજાવ્યું છે. તેઓ લખે છે કે શ્રાવકોએ માન-સ્વમાન-અભિમાનને સંઘની પ્રગતિના યજ્ઞમાં હોમી દેવો જોઈએ. તો જ જૈન સંઘ પ્રગતિ કરી શકે. જૈનોના કરોડો રૂપિયા વ્યવસ્થિત ઉપયોગમાં ન લેવાને કારણે વેડફાઈ જાય છે તો તેને સુવ્યવસ્થિત આયોજન કરીને વાપરવા જોઈએ.

તેમને વ્યવસ્થિત સુસંચાલિત જૈન બોર્ડિંગ શાળાઓ સ્થાપવાની ઘણી ઈચ્છા હતી. જેથી ભવિષ્યની પ્રજા ખમીરવંતી બને. તે માટે તેઓ કોઈ મોટી ધનાઢ્ય વ્યક્તિ માટે દાન માંગતા નથી, પરંતુ દરેક જૈનને દશ દશ રૂપિયા આપવા વિનંતી કરે છે. જેથી દશ વર્ષમાં કરોડો રૂપિયાનું ફંડ એકઠું થઈ ધારેલું કાર્ય પાર પાડી શકે.

બુદ્ધિસાગરજીએ આ ગ્રંથમાં દર્શાવેલા ઉપાયો જો શ્રાવકો કરે તો સંઘની પ્રગતિ પૂરજોશમાં થઈ શકે.

## (૧૯) કાલ્પનિક અધ્યાત્મ મહાવીર

ઈ.સ. ૧૯૬૯માં આચાર્ય દુર્લભસાગરજીએ દાદા ગુરુ બુદ્ધિસાગરજી દ્વારા અલગ શૈલીમાં રચાયેલ ગ્રંથ 'કાલ્પનિક અધ્યાત્મ મહાવીર'ને પ્રગટ કરવાનું ભગીરથ કાર્ય કર્યું. આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ પ્રસ્તુત ગ્રંથ તેમના જીવનકાળ દરમિયાન લખ્યો હતો, પરંતુ તત્કાલીન સમાજની લાગણીઓને ધ્યાનમાં રાખી તેમના અવસાન બાદ પચ્ચીસ વર્ષ વિતી ગયાં બાદ ગ્રંથ પ્રગટ કરવાની સૂચના તેમણે આપી હતી.

ગુરુવર્ય બુદ્ધિસાગરજીના સ્વર્ગવાસ પછી પચીસ વર્ષે આ ગ્રંથ પ્રકાશિત કરવા માટે ગુરુભક્તોએ કોશિશ કરી, પરંતુ તે દરમિયાન શ્રી લલ્લુભાઈ દલાલ અને શ્રી મણિલાલ પાદરાકરનું અવસાન થતાં આ ગ્રંથ પ્રકાશનનું કાર્ય અપૂર્ણ જ રહ્યું. આચાર્ય દુર્લભસાગરજીએ પ્રસ્તુત ગ્રંથની નિરાળી શૈલી નીરખી એને લોકો સમક્ષ મૂકવાનો વિચાર કર્યો. ગુરુના આશીર્વાદથી દુર્લભસાગરજીએ શ્રીમદ્‌ના સ્વર્ગવાસના પિસ્તાળીસ વર્ષ બાદ આ ગ્રંથ પ્રગટ કર્યો.

શ્રીમદ્ ખરા અંતઃકરણથી ધર્મ, દેશ, સમાજ અને વિશ્વનું કલ્યાણ ઈચ્છતા હતા તેથી નવી ઢબ, નવી માંડણી અને નવીન શૈલીમાં જન સમુદાયના હિત માટે આ ગ્રંથરચના કરી. જેમ રામાયણ, મહાભારત કે ગીતાના ઉપદેશોને લોકભોગ્ય બનાવવા માટે તેમાં આવતા પ્રસંગોને સંવાદ, નાટક કે રામલીલાનું રૂપ આપીને લોકો સમક્ષ રજૂ કરવામાં આવે છે જેથી લોકો તેને સરળતાથી ગ્રહણ કરે છે તેવી જ લઢણથી બુદ્ધિસાગરજીએ 'સંવાદ'ની શૈલી દ્વારા પ્રસ્તુત ગ્રંથનું સર્જન કર્યું.

બદલાતો સમાજ નિરંતર પરિવર્તનશીલ છે. આવી સ્થિતિમાં બોધ આપવાની નવી રીત તદ્દન અનિવાર્ય છે. પ્રસ્તાવનામાં બુદ્ધિસાગરજીની નોંધપોથીના વિચારો શ્રી દુર્લભસાગરજીએ રજૂ કર્યા છે. બુદ્ધિસાગરજી તેમની નોંધપોથીમાં લખે છે : "શ્રી મહાવીર સ્વામીનું જીવનચરિત્રનો ઘણી ભાષામાં અનુવાદ થવો જોઈએ. મહાવીરના ચરિત્રથી ઘણા દેશના લોકો અજાણ છે... જૈનોના હૃદયમાં શ્રી વીરપ્રભુનું ચરિત્ર સ્થાપિત થઈ જાય એવું ગુર્જર વાગ્મયમાં અદ્યાપિ પર્યંત કોઈ પુસ્તક બહાર પડ્યું નથી. શ્રી વીરપ્રભુના બાહ્ય તથા આંતરિક ચરિત્રનો અનુભવ મળે તેવું પુસ્તક ગમે તે જૈનના હાથે તૈયાર થાઓ એવી ભાવના છે. શ્રી વીરપ્રભુના સદ્‌વિચારોથી સમગ્ર વિશ્વ ગાજી ઊઠે ત્યારે શ્રી વીરપ્રભુની દીપાવલિ સાચી ઊજવી કહી શકાય."

યોગનિષ્ઠ આચાર્ય બુદ્ધિસાગરજી પ્રસ્તુત ગ્રંથનો પ્રારંભ મંગલમય મહાવીર પ્રભુની સ્તુતિ દ્વારા કરે છે. નિરાળી શૈલીયુક્ત આ ગ્રંથમાં તેમના જીવનના અલગ અલગ પ્રસંગોનું વર્ણન છે. આચાર્યશ્રીએ પ્રસંગને અનુરૂપ શીર્ષક આપીને પ્રભુને સ્વતઃ ઉપદેશ અર્પતાં દર્શાવ્યા છે. તેમણે પ્રસંગમાં ખુદ મહાવીર સ્વામીને ચર્ચામાં ભાગ લેતા બતાવીને વાર્તાલાપ દ્વારા સ્ત્રી, પુરુષ અને

યુવાવર્ગને જીવનના અણમોલ રહસ્યને નવી લઢણથી સમજાવ્યાં છે. નીચેના પ્રસંગમાં પ્રભુ મહાવીર સ્વામી ગૃહસ્થાવાસમાં મિત્રો સાથે વાતચીત કરે છે.

વીરપ્રભુ મિત્રો સાથે ગોષ્ઠિ કરતાં પૂછે છે : "મિત્રો, તમે મિત્રનાં લક્ષણો જાણો છો ?" મિત્રો જવાબ આપે છે : "ના, આપણે ભેગા મળીને રમીએ, હરીએ, ફરીએ, આનંદ કરીએ એટલે આપણે મિત્રો ગણાઈએ એ જ લક્ષણ જાણીએ છીએ અન્ય લક્ષણ આપ જાણતા હોય તો બતાવો."

મહાવીર સ્વામી બોલ્યા, "આ વિશ્વના જીવો આત્માઓ સઘળા આપણા મિત્રો છે. આત્માને પુણ્ય-પાપ કર્મો લાગે છે, પરંતુ તેથી આત્માઓ જે આપણા ખરેખરા મિત્રો છે તે બદલાઈ જતા નથી. કર્મ, દેહ વગેરેને બાજુએ મૂકીને સર્વ જીવોને ચાહતાં શીખવું જોઈએ. જગતમાં જીવનાર જીવોને બનતી સહાય આપવી જોઈએ. તેઓનાં દુઃખો દૂર કરવાં જોઈએ."

આ પ્રમાણે પ્રભુ મહાવીરના મુખેથી વિશ્વમૈત્રીનો સદેશ આચાર્ય બુદ્ધિસાગરજી દર્શાવે છે. તેઓ વિશ્વના પ્રત્યેક જીવ તથા અબોલ જીવોના પણ મિત્ર બનવાનો ઉપદેશ આપે છે. મનુષ્ય કર્મની ગતિ પ્રમાણે અલગ અલગ યોનિમાં જન્મ લઈ તે પ્રમાણમાં શરીર ધારણ કરે છે માટે તેમાં રહેલાં જીવને પ્રેમ કરતાં શીખવું જોઈએ.

યોગનિષ્ઠ આચાર્યશ્રીની નવી લઢણથી પ્રભુ મહાવીરનો સંદેશ તેમની જ વાણીમાં રજૂ કરવાની ઢબ ખૂબ જીવંત લાગે છે. પ્રભુ મહાવીર આદર્શ ગૃહસ્થ જીવનના અનિવાર્ય સિદ્ધાંતો ભક્તોને ઉદ્દેશીને દર્શાવતાં કહે છે :

"ગૃહસ્થો, તમારા ગૃહાવાસનું મુખ્ય ફલ દાન છે. સાધુઓને અને અતિથિને દાન આપી જમવું જોઈએ. વિદ્યાર્થીઓએ વિદ્યાદાન આપવું. દાનનો પ્રતિબદલો ઇચ્છીને લેનારને દાન ન આપવું, પરંતુ પ્રતિ બદલાની ઇચ્છા વિના દાન આપવું."

અહીં પ્રભુ મહાવીર, ભક્તને પ્રભુ પામવાના સરળ ઉપાયો જેવા કે વિદ્યાદાન, અન્નદાન, આતિથ્ય ધર્મ, સાધુની વૈયાવચ્ચ વગેરે દર્શાવે છે. તેઓ કોઈના પ્રતિ ઉપકાર કરીને સામે બદલા કે લાભની આશા વગર ખુશીખુશી દાન કરવાનો મહિમા વર્ણવે છે.

આ ગ્રંથમાં આચાર્ય બુદ્ધિસાગરજી માતા ત્રિશલા અને વીર પ્રભુના વાર્તાલાપ દ્વારા ગૃહસ્થના કર્તવ્યનો બોધ કરાવે છે. માતા ત્રિશલા પુત્ર વર્ધમાનને મોટા ભાઈ નંદીવર્ધનના લગ્ન પ્રસંગે આમંત્રિત મહેમાનોનું બરાબર સ્વાગત અને સત્કાર કરવાનું કહે છે. માતા પ્રભુને કહે છે કે તેઓ વિશ્વના ઉદ્ધારક થવાના હોવાથી સ્ત્રીઓ અને શૂદ્રવર્ગનો ઉદ્ધાર થાય એવા કાર્ય કરવાનો

પ્રારંભ સત્વરે કરે. પ્રભુ માતાની વિનંતીનો સ્વીકાર કરીને પ્રત્યુત્તર આપે છે કે 'આર્યાવર્તમાં કોઈ સ્ત્રી ભણ્યા વિના ન રહે તથા તે દાસી કે ગુલામડી ન કહેવાય તેવો ઉપદેશ લોકોને આપશે.' અહિં સ્ત્રીના ઉદ્ધારના વિચારો મહાવીરના સમય કરતાં લેખકના સમયના વધુ લાગે છે. આમ, સ્ત્રી શિક્ષણના વિચારોને મહાવીરના મુખમાં મૂકી તેને લોકહૃદય સુધી પહોંચાડવાની દૃષ્ટિ લેખકની રહેલી છે.

લેખક આચાર્ય બુદ્ધિસાગરજી પિતા સિદ્ધાર્થ દ્વારા ગૃહસ્થ મહાવીરને અખિલ વિશ્વમાં પર્યટન કરી અનેક અનુભવ પ્રાપ્ત કરવાનો બોધ આપે છે. તેઓ પિતા સિદ્ધાર્થ રાજા દ્વારા પૃથ્વીના ભૌગોલિક ફેરફાર વિશેની જાણકારી આપે છે. તે ઉપરાંત તેઓ મનુષ્યની પાંચ અલગ જાતિ અને વર્ણ વિશે વિગતથી સમજાવે છે.

જેમાં શ્વેતવર્ણધારી, રક્તવર્ણધારી, પિત્તવર્ણી, નીલવર્ણી અને કાળા વર્ણની પ્રજાનો સમાવેશ થાય છે. શાસ્ત્રવિશારદ બુદ્ધિસાગરજી તીર્થંકરોના વર્ણ અને વંશજ વિશે નિરૂપે છે :

"શ્રી પાર્શ્વપ્રભુના વંશજો તાર્ક્ષ્ય ક્ષત્રિયો ગણાય છે, તેમના વંશજો તમને ઉત્તરદેશમાં અને પશ્ચિમદેશમાં મળશે. પીળી પ્રજા કે જેના વંશમાં શ્રી શાંતિનાથ, વગેરે તીર્થંકરો થઈ ગયા છે તે જાતિના મનુષ્યો સુવર્ણવાલુકા નદી-ક્ષીરદ્વીપની પૂર્વ તરફ તથા એટલામાં વસનારા છે. શ્રી નેમિનાથ ભગવાન અને કૃષ્ણ વગેરે જે જાતિમાં ઉત્પન્ન થયેલા છે તે કૃષ્ણવર્ણી જાતિના મનુષ્યો તમને દક્ષિણ દિશા તરફ વસેલા દેખાશે. બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય ભગવાન રક્તવર્ણી જાતિમાં ઉત્પન્ન થયા હતા. તેના વંશજો ઉત્તરધ્રુવ તરફ અને પશ્ચિમ દેશોમાં તામ્રવર્ણી મનુષ્યો જણાશે. શ્વેતજાતિમાં ઉત્પન્ન થયેલા તીર્થંકરોના વંશજો વર્ણાંતર મિશ્ર જેવા પશ્ચિમ ખંડમાં થયેલા દેખાશે... જો કે તમે તો અવધિજ્ઞાની તીર્થંકર છો. તેથી જાણો છો કે દેખો છો તો પણ શ્રી પાર્શ્વપ્રભુના મુખેથી સાંભળેલી હકીકત તેઓની પાટે બેઠેલા શ્રી મુનિચંદ્રજી વગેરે મુનિઓએ મને સંભળાવી છે."

આ પ્રમાણે આ ગ્રંથમાં પ્રભુ મહાવીર પોતે ગૃહસ્થાવાસમાં પિતા તરફથી વિશ્વની સર્વ બાબતો વિશે જાણકારી મેળવીને સર્વત્ર ફરવાથી ઘણા અનુભવો મળે છે એવું જ્ઞાન મેળવે છે. ગુરુ બુદ્ધિસાગરજી ભૂમધ્ય સમુદ્ર પાસેના ખંડમાં પૂર્વે નીલવર્ણી પ્રજાનો વસવાટ હતો તથા તેમાં અનેક તત્ત્વજ્ઞાનીઓ હતા એમ વર્ણવે છે.

આ ગ્રંથમાં આચાર્યશ્રીએ પ્રભુ મહાવીરને કેન્દ્રસ્થાને રાખી તેમનો મિત્રજનો સાથેનો વાર્તાલાપ, ભાઈ નંદીવર્ધન અને પિતા સાથેની વાતચીત, માતા ત્રિશલા, પત્ની યશોદા સાથેના સંવાદો તથા પુત્રી પ્રિયદર્શના સાથે દીકરીની ગૃહિણી તરીકેની ફરજોનો ચિતાર આપ્યો છે.

પુત્રી પ્રિયદર્શના પ્રભુને પૂછે છે, “આપ ત્યાગી થવાના છો અને ઘરમાં રહેવાના નથી તો મારાથી આપ વિના રહેવાશે નહિ. મને પૂર્વકાલીન મહાસતીની વાર્તાઓ કોણ સંભળાવશે ? હું તમને ત્યાગી થવા નહીં દઉં ?”

પરબ્રહ્મ મહાવીર કહે છે, “વિશ્વ ઉદ્ધાર માટે ત્યાગી બન્યા વિના તે કાર્ય બની શકતું નથી... વહાલી પુત્રી ચોસઠ વિદ્યાકલાથી વિચક્ષણ થા... સાંસારિક સર્વ વિદ્યાઓનું અધ્યયન કર...ઘરનાં કુટુંબનાં ઉપયોગી કર્મો કર... હજારો ગૃહસ્થ આચાર્યોના સમાન એક સારી ભક્ત સ્ત્રી હોય છે... યુવરાજ જમાલી સાથે તારું લગ્ન થશે. જમાલીના વંશજો કલિયુગમાં રાજગૃહી નગરીમાં અને પશ્ચાત્ મરુધર દેશ, સૌરાષ્ટ્ર દેશમાં રાજ્ય કરશે. શ્રી યશોદા દેવીના બંધુઓ હૈહય વંશમાંથી સોલંકી વંશ તરીકે પ્રસિદ્ધ થઈ દક્ષિણ, સૌરાષ્ટ્ર, દેશમાં રાજ્ય કરશે... મારી પ્રાર્થના ભક્તિ ગમે તે વખતે, ગમે તે સ્થાનમાં ગમે તે રીતે થઈ શકે છે એમ તું જાણ અને સર્વને જણાવ.”

આ પ્રમાણે આચાર્યશ્રી વીરપ્રભુ દ્વારા પુત્રીને શ્વસુરગૃહે એક ગૃહિણી તરીકે કેવી રીતે ફરજો નિભાવવી તેની સુંદર શિખામણ આપે છે. પુત્રીને શરીર નીરોગી રાખવા વ્યાયામ કરવાનું અને મન નિર્મળ રાખવા ધર્મધ્યાનમાં રહેવાનું સૂચન તેઓ કરે છે. પ્રભુ વીર જમાલીકુંવર સાથેના તેના લગ્નની પૂર્વ સૂચના આપે છે અને તેમના વંશજો ભવિષ્યમાં સૌરાષ્ટ્ર, મરુધર વગેરે દેશોમાં ફરશે એમ જણાવે છે. તેઓ એક સ્ત્રી તરીકેની તેની પડોશી ધર્મ નિભાવવાની ફરજ, મિથ્યા રીતરિવાજ દૂર કરવાની ફરજ વિશે સમજાવે છે. તેઓ પુત્રીને તેમનો સંદેશ ઘરે ઘરે પહોંચાડવાનો ઉપદેશ આપે છે. તેઓ શ્રીકૃષ્ણની જેમ ભક્તને પોતાનું શરણું સ્વીકારવાનું અને પ્રભુભક્તિ ગમે ત્યારે થઈ શકે છે એમ કહે છે.

આચાર્યશ્રી ભક્તોના હૃદયમાં પ્રભુ કેવી રીતે પ્રગટે છે તે ખુદ પ્રભુના મુખેથી વર્ણવે છે :

“મારી ભક્તિમાં જેઓએ હુંપણું ખોયું છે તેઓ સત્યભક્ત છે. જેઓ પશ્ચાત્તાપથી પોતાના હૃદયને શુદ્ધ કરે છે તેઓના હૃદયમાં હું વ્યક્ત થાઉં છું. હું ભક્તોના હૃદયોમાં બહારથી આવતો નથી. સત્તાએ છું તે વ્યક્ત ભાવે પ્રગટું છે. હું સત્તારૂપે અને આનંદરૂપે જ્યાં જ્યાં છું ત્યાં ત્યાં જીવતા મહાવીર દેવ જાણવા જે જીવતા મહાવીરરૂપ દેવને પૂજે છે તેને શેષ કંઈ પૂજવા લાયક રહેતું નથી.”

ઉપરોક્ત પ્રભુના શબ્દો દ્વારા લેખક પ્રભુનું પ્રાગટ્ય વર્ણવે છે. પ્રભુ ભક્તના હૃદયમાં જ બિરાજે છે અને એવા ભક્તની સેવા એ સાક્ષાત ભગવાનની સેવા છે. પ્રભુ ભક્તોની સેવાચાકરી કરનાર વ્યક્તિ જે ચાહે છે તે મેળવે છે. સર્વ દેવ-દેવી પ્રભુને જપનારા ભક્તોની સેવામાં

હાજરાહજૂર રહે છે એમ ઉપદેશ તેઓ આપે છે. પ્રભુ મહાવીરના પૂર્ણ પ્રેમી ભક્તના હૃદયને જે અનંતજ્ઞાન પ્રાપ્ત થાય છે તે જ્ઞાન આગમ, વેદ, સ્મૃતિ કે ગીતાના વાંચનથી થતું નથી.

લેખક બુદ્ધિસાગરજી મોટા ભાઈ નંદીવર્ધનની પત્ની સત્યરૂપા અને પુત્રી સુદર્શનાના સંવાદ દ્વારા ત્યાગી પુરુષની વાણીને સૂર્ય, આકાશ, વાયુ, અગ્નિ વગેરે તત્ત્વો સાથે સરખાવે છે. જેમ પૃથ્વીના તત્ત્વોનો હરકોઈ ઉપયોગ કરી શકે છે તેમ પ્રભુની અમૃતવાણીનો લાભ સર્વ જીવો એકસરખી રીતે ઉપયોગ કરી શકે છે લેખક આ ગ્રંથમાં પ્રભુ મહાવીર દ્વારા પ્રજાને આદર્શ ગૃહસ્થ જીવનમાં આનંદનું અગત્ય તથા પ્રેમ અને મોહ વચ્ચેનો તફાવત નીચેનાં વાક્યોમાં દર્શાવે છે :

"સત્યપ્રેમ એ આનંદ દૃષ્ટિ છે. પદાર્થના ભોગની વૃત્તિ એ મોહ છે. મોહ અને પ્રેમમાં આકાશ-પાતાળ જેટલો તફાવત છે. પ્રેમીભક્ત ઘરમાં, કુટુંબમાં, દેશમાં સંઘમાં અને અણુ-અણુમાં મારી પ્રભુતા દેખી શકે છે. પ્રેમમાંથી મોહની અશુદ્ધતા દૂર થતાં આનંદ ફેલાય છે. પ્રેમ વિના કોઈ મનુષ્ય આનંદી, ખુશમિજાજ, હસમુખો બની શકતો નથી. પ્રેમ દુશ્મનોને મિત્રરૂપમાં બદલી નાંખે છે માટે તમે પ્રેમી બનો."

આ પ્રમાણે આચાર્યશ્રી પ્રભુ મુખેથી દીક્ષા લેતાં પહેલાં પ્રજાને સત્ય, પ્રેમ અને આનંદનો ધર્મોપદેશ આપે છે. પ્રેમ એ એવી જડીબુટ્ટી છે જેથી કટ્ટર દુશ્મનાવટ ગાઢ મિત્રતામાં રૂપાંતરિત થઈ જાય.

લેખક બુદ્ધિસાગરજી પ્રભુ વીરનો ઉપદેશ તેમની વાણીમાં જ લોકો સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. તેઓ અંતમાં પ્રભુની વાણી દ્વારા લોકોને વીર બનવા કહે છે. વીર પુરુષ કોઈ પણ ભય-સંકોચ-નિંદા, માન, અપમાન, કીર્તિ કે કલંકની પરવાહ નથી કરતો અને હંમેશાં આત્માની પ્રભુતા પામવાની કોશિશમાં જ રહે છે. અતિથિનું સ્વાગત સંપૂર્ણ પ્રેમથી કરનાર તેના આશીર્વાદથી સ્વર્ગસમ સુખ મેળવે છે. તે ઉપરાંત પ્રભુ-મુખથી તેઓ દાનનો મહિમા વર્ણવે છે. તેઓ દર્શાવે છે કે જેટલું આપશો તેનાથી અનંતગણું મળશે. માટે અન્નદાન, જલદાન, વસ્ત્રદાન, જ્ઞાનદાન, સાધુ-સાધ્વીને ઔષધ દાન, વગેરે કરો જેથી આત્મામાં ત્યાગની ભાવના ખીલે છે. ત્યાગ-ભાવનાથી આત્માની અનંત શક્તિઓ પ્રગટે છે.

આ પ્રમાણે આ ગ્રંથમાં લેખક વાર્તાલાપ, સંવાદ, પ્રભુ-મુખથી ઉપદેશ વગેરે દ્વારા જૈન ધર્મનું સ્વરૂપ, સિદ્ધાંત અને માહિતી આપવા કોશિશ કરી છે. તેઓ આ ગ્રંથમાં માતાની બાળક પ્રત્યેની ફરજ, સ્ત્રીની સ્વગૃહ પ્રત્યેની ફરજ, મોટા ભાઈ-ભાભીની પરિવાર પ્રત્યેની શિક્ષણ આપવાની ધગશ વગેરે કૌટુંબિક કાલ્પનિક સંવાદો વડે લોકોને ઉપદેશ આપ્યો છે. આ ગ્રંથમાં નવી શૈલીમાં રચાયેલો હોવાથી હૃદયને સચોટ રીતે અસર કરવા શક્તિમાન છે.

●●●

પ્રકરણ ૬

# ઈતિહાસ તથા વિવેચનાત્મક ગ્રંથો

## ઐતિહાસિક ગ્રંથો


| | | પૃષ્ઠ |
|---|---|---|
| (૧) | જૈન ઐતિહાસિક રાસમાળા | ૩૬૨ |
| (૨) | જૈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ | ૩૬૪ |
| (૩) | (ગુજરાત) વિજાપુર બૃહત્ વૃત્તાંત | ૩૭૩ |
| | (વિજાપુર લઘુ વૃત્તાંત અંદર છે.) | |
| (૪) | જૈન ધાતુપ્રતિમા લેખસંગ્રહ ભાગ ૧-૨ | ૩૮૦ |


## વિવેચનાત્મક ગ્રંથો


| | | |
|---|---|---|
| (૫) | શ્રી આનંદઘન પદ ભાવાર્થ | ૩૮૧ |
| (૬) | ધ્યાન વિચાર | ૩૯૪ |
| (૭) | ઈશાવાસ્યોપનિષદ ભાવાર્થ | ૪૦૨ |
| (૮) | સમાધિશતકમ્ | ૪૦૮ |
| (૯) | અનુભવ પંચવિંશતિ ગ્રંથ | ૪૧૫ |
| (૧૦) | શ્રી કર્મપ્રકૃતિ ટીકા ભાષાંતર (શ્રી દેવચંદજી) | ૪૧૮ |

# ઐતિહાસિક ગ્રંથો

## (૧) જૈન ઐતિહાસિક રાસમાળા

જૈનોમાં ઐતિહાસક રાસો, પ્રબંધો, ચરિત્રો ઘણા લખાયાં છે, પરંતુ તે વિશેના સંશોધનનો અભાવ છે. મોટા મોટા શ્રેષ્ઠીઓ તથા મહારાજાના ગુણગાન ગાતા આ રાસાઓમાં તે સમયના સમાજ તથા દેશની સ્થિતિ, નગરના વર્ણન, કાળ-ગણના વગેરે માલૂમ પડે છે. ભાષામાં જે ધીરે ધીરે ફેરફાર થતો હોય છે તે આવા રાસાઓમાં વર્તાય છે. આમ, આવા રાસાઓનું ઐતિહાસિક મૂલ્ય ઘણું ઊંચું છે.

શ્રી ગુરુ બુદ્ધિસાગર મહારાજે શ્રાવક મોહનલલા દલીચંદ દેસાઈની સહાય લઈ આ ગ્રંથમાં રાસાઓ પ્રગટ કર્યા છે. સાથે સાથે જે માહિતીઓ મળી તે પરથી અનુમાનો કરીને તે પ્રસ્તાવનામાં જણાવ્યું છે. તેમણે મૂળ રાસાઓને કાયમ રાખી તેના પર ટીકા, ટિપ્પણ, સુધારા અને સમાપન આ ગ્રંથમાં આપ્યા છે. પ્રાચીન શબ્દોના અર્થ, પારિભાષિક શબ્દ વગેરે ગ્રંથને છેવટે જુદા આપ્યા છે.

ગુજરાતમાં પૂર્વે થઈ ગયેલા સદ્‌ગૃહસ્થ શાંતિદાસ જે આપબળે અને ગુરુના આશીર્વાદથી કરોડપતિ બન્યા, સાથે સાથે પોતાની લાગવગનો ઉપયોગ દેશ, સમાજ તથા ધર્મ હિતાર્થે કેવી રીતે કર્યો તે દેસાઈએ લખ્યું છે.

જૈનો ઈતિહાસ તરફ ઘણું જ દુર્લક્ષ સેવે છે. જૈન લોકોને ઈતિહાસ કે તે વિષયક સંશોધનમાં રસ ન હોવાને કારણે જૈન ધર્મના પ્રાભાવિક પુરુષો જે મોટા મોટા રાજાઓના ઘણા માનીતા હતા તેમને વિશે આજે મળતી માહિતી ઘણી ઓછી છે. ગુજરાતનો ઈતિહાસ, રાજાઓનાં કાર્ય તથા અગત્યના બનાવોની તવારીખ આ રાસાઓમાં પ્રગટ થાય છે. ગ્રંથભંડારોમાં શાંતિદાસ શેઠનો રાસ, શ્રી સત્ય વિજય, કર્પૂર વિજય, ક્ષમા વિજયના રાસ, વગેરે પુસ્તકની ફક્ત એક જ નકલ હતી. બીજા રાસાઓની નકલો પણ ઘણી ઓછી હતી. આચાર્ય બુદ્ધિસાગરજીએ મહામહેનતે રાસાઓને વ્યવસ્થિત કરી ઘણી મુશ્કેલીઓનો સામનો કરી સામાન્ય માનવીને માહિતી મળે એ કારણે રાસાઓ પ્રગટ કર્યા.

રાસાના લેખકો પ્રાયઃ સાધુ હોવાને કારણે તેઓનો રાસ રચવાનો મૂળ હેતુ સ્વધર્મ સેવા નહિ પણ લોકસેવા જ હોય છે. રાસને અંતે તેની પ્રશસ્તિમાં રાસા રચનાર મહારાજ સાહેબની ત્રણ-ચાર પેઢી, ગુરુ-શિષ્યની વંશાવલિની વિગત દર્શાવેલી હોય છે. જે ઘણી ઉપયોગી થઈ પડે છે.

આ પુસ્તકમાં અગિયાર રાસો તથા બે સ્વાધ્યાય (સજ્ઝાયો) છે. એમાં તેમના જન્મનાં ગામ, વિહારવર્ણન, દીક્ષામહોત્સવ, આચાર્ય પદવી, તેમણે કરેલા શાસનોત્થાનનાં કાર્ય વિશેની ભરપૂર વિગત છે.

શ્રેષ્ઠી શ્રી શાંતિદાસ જૈન સંઘના અનન્ય શ્રાવક હતા. તેમનો રાસ શ્રી ક્ષેમવર્ધન ગણીએ રચ્યો હતો. જે પરથી તેઓ કયા સમયમાં થયા તથા તેમણે કરેલાં મહાન કાર્યોનો આપણને ખ્યાલ આવે છે. તેમાં આવતા રાજનગર શહેર કે જે હવે અમદાવાદ તરીકે ઓળખાય છે તેના વર્ણન કરતાં મહારાજ સાહેબ જણાવે છે :

"અહીં સુખ-શાંતિ સારી હતી. તેથી ચોર વગેરેનો ભય ન હતો, વ્યાપાર બહુ ધીકતો ચાલતો હતો અને શ્રીમંત વ્યાપારી વર્ગ-વણિકો ઘણા વસતા હતાં. જિન મંદિરો ઘણાં હતાં. જૈન

ધર્મનો પ્રસાર ઘણો સારો હતો. બાર દરવાજા હતા અને છવ્વીસ તો તેના પરાં હતાં. ચોર્યાશી ચૌટાં હતા. જેમાં માણેકચોક અતિ પ્રસિદ્ધ હતો. પેશ્વાઈ અને ગાયકવાડ એમ બે રાજ્યો હતાં.''

આ પ્રમાણે અમદાવાદ શહેરમાં ત્યારે પેશ્વા અને ગાયકવાડ સરકાર એમ ઉભય રાજ્ય હતું. જૈનોની વસ્તી વધુ હોવાને લીધે ત્યાં જિન મંદિરોની સંખ્યા પણ વધુ હતી તથા લાલ દરવાજા વગેરે બાર દરવાજા હતા એમ જાણવા મળે છે.

વીરપ્રભુની ત્રેપનમી પાટે શ્રી લક્ષ્મીસાગર સૂરિ થયા. તેમના વંશમાં લબ્ધિસાગર ઉપાધ્યાય થયા. તેમના બે શિષ્ય નેમસાગર અને મુક્તિસાગર પંડિત હતા.

તેમનું ચોમાસું સુરત હતું ત્યારે એક શાંતિદાસ નામે સુરતમાં ધનવાન શ્રાવક રહેતો હતો. તેઓ નિઃસંતાન હતા. ગુરુએ તેમની સેવાથી પ્રસન્ન થઈને તેના માટે ચિંતામણિ મંત્રની સાધના છ મહિના કરી. એમાં એક સમયે બાર હજાર અને બીજી વખત છત્રીસ હજાર આમ પાંચ વાર જાપ કરવાના હોય છે. તેમાં ધૂપ, દીપક, બાકુલા વગેરે આહુતિ આપવાની હોય છે. શેઠ મંત્રની આરાધના ગુરુ પાસે કરાવવા તૈયાર થયા. જે દિવસે આ મંત્ર પૂરો થવાનો હોય છે, તે દિવસે અમદાવાદવાળા (રાસવાળા) શાંતિદાસ શેઠ ગુરુદર્શન માટે મંદિરમાં જાય છે. ત્યાં ગુરુને વંદના કરવા જાય છે. ગુરુએ નામ પૂછતાં તેમણે શાંતિદાસ કહ્યું. સુરતવાળા શાંતિદાસ આવ્યા ન હોવાથી અમદાવાદવાળા શાંતિદાસને ગુરુએ મંત્ર સાધવા બેસાડ્યા. મંત્ર પૂરો થતાં ધરણેન્દ્ર દેવ નાગનું રૂપ લઈને ફણા ચડાવી શાંતિદાસના માથા પરથી જીભનો લલકારો કરે છે. ગુરુએ જીભ ભેગી કરવાનું કહ્યું પણ શેઠજીને ભય લાગ્યો તેથી ધરણેન્દ્ર દેવ અદશ્ય થયા. ગુરુજીએ કહ્યું કે જો શંકા ન કરી હોત તો તમે રાજા થાત પણ તમે શંકા કરી માટે મંત્રના પ્રભાવથી અઢળક લક્ષ્મી મળશે. ગુરુએ લક્ષ્મી ખર્ચો અને સુપાત્રે વાપરો એવો આશીર્વાદ આપી શેઠને વિદાય કર્યા.

શાંતિદાસ શેઠનો ધંધો ધીરે ધીરે જામી ગયો. અકબર બાદશાહથી લઈને જહાંગીર અને શાહજહાના સમય સુધી તેઓ હતા. મોગલ દરબારમાં ઘણું માન હતું. જહાંગીર તેમને મામા તરીકે માનતો હતો અને તેમને રાજનગરની સૂબાગીરી સોંપી હતી. શાંતિદાસ શેઠને શંખેશ્વર ગામનો ઈજારો રૂ. ૧૦૫૦માં આપતું સન ૧૬૫૭માં શાહજહાંનું ફરમાન છે, જેમાં રાજકુમાર દારા શિકોહની સહી છે.

રાસકાર ક્ષેમવર્ધન ગણીએ શાંતિદાસનો રાસ અને તેમના પુત્ર વખતચંદનો રાસ, વખતચંદના સ્વર્ગવાસ પછી બે મહિનામાં પૂર્ણ કર્યો હતો. તેથી તેમણે શાંતિદાસના જીવનની સર્વ હકીકત તેમના પુત્ર પાસેથી વિગતવાર જાણીને રાસની રચના કરી હોવાનો સંભવ છે.

પ્રસ્તુત રાસમાળામાં સત્યવિજયજી, લક્ષ્મીસાગરસૂરિ, કલ્યાણસાગરસૂરિ, નેમિસાગર ઉપાધ્યાય, વિજયદેવસૂરિ, વિજયાનંદસૂરિ, કલ્યાણવિજયગણિના રાસ છે. જે કૃપાસાગર, મેઘવિજય, લાભવિજય વગેરે સાધુ ભગવંતોએ રચ્યા છે. સત્યવિજયજીનો રાસ - આ રાસમાં સત્ય વિજયજીએ ૧૪ વર્ષની ઉંમરે લાડનું ગામમાં દીક્ષા લીધી હતી તે વિગત આપી છે. તેઓ આનંદઘનજી સાથે ઘણા વર્ષ વનવાસમાં રહ્યા હતા. તેઓ ઉપાધ્યાય યશોવિજયજી, વિનયવિજયજીના સમકાલીન હતા. તે ઉપરાંત કર્પૂરવિજયજી, ક્ષમાવિજયજી, જિનવિજગણિ, ઉત્તમવિજયજી, પદ્મવિજયજી વગેરે મુનિઓના રાસાઓની રચના પણ આ ગ્રંથમાં છે.

બુદ્ધિસાગરજીએ આ સર્વ રાસાઓ મેળવીને પ્રસિદ્ધ કરીને અમૂલ્ય શાસન સેવા બજાવી છે.

## (૨) જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ

ગુરુવર્ય શ્રી બુદ્ધિસાગરજીએ જ્યારે આ પુસ્તક જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ લખ્યું. ત્યારે ભારતમાં બ્રિટિશ રાજ્ય અસ્તિત્વમાં હતું. અંગ્રેજ સરકાર તરફથી કોઈ પણ વ્યક્તિને ધર્મની બાબતમાં જરા પણ ખલેલ થતી ન હતી. સર્વ કોમના સભ્યો શાંતિથી પોતાના ધર્મકાર્ય, વેપાર, વાણિજ્ય વગેરે કરી શકતી હતી. આવા ઉત્તમ સમયમાં સંસ્કૃત તથા પ્રાકૃત ગ્રંથનો અનુવાદ, ગ્રંથવાચન વગેરે પ્રવૃત્તિઓ સાધુ-સાધ્વીઓએ કરીને લોકોના ધર્મ સંબંધી જ્ઞાનમાં અનેક ગણો વધારો કર્યો. જૈન ધર્મની પ્રાચીનતા તથા તેની અપૂર્વ જાહોજલાલીવાળી સ્થિતિની લોકોને સમજ આપી. આ પુસ્તક લખવાનો ઉદ્દેશ્ય જૈનોને તેમના જૈન ધર્મથી વાકેફ કરવાનો છે, જેથી તેઓ ભૂતકાળમાં થયેલી ધર્મની ઉન્નતિથી પોતાનું મસ્તક ઊંચું રાખી પોતાની ઉન્નતિ સાધી શકે તથા કુસંપ વગેરેથી દૂર રહીને શાસનની ઉન્નતિ કરી શકે.

બુદ્ધિસાગર મહારાજે પ્રાચીન ઇતિહાસ, તીર્થ ગાઈડ, જૈન તત્ત્વદર્શન, પટ્ટાવલીઓ, શાસ્ત્રો, પ્રબંધો, શિલાલેખો વગેરેનો અભ્યાસ કરીને ભવિષ્યની પ્રજાને જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિની જાણકારી મળે તે હેતુથી આ પુસ્તક તૈયાર કર્યું છે.

પુસ્તકનો પ્રારંભ તેઓ મહાવીર પ્રભુ તથા ગુરુ સુખસાગરને નમસ્કાર ધ્વારા કરે છે :

**नमस्कृत्य महावीरं सद्गुरुं सुखसागरम् ।**
**जैनधर्मप्रसृत्यर्थं लिखामि लेखमुत्तमम् ।।१।।**

પ્રાચીન કાળમાં જૈન ધર્મ વિશ્વના ઘણા ભાગો જેવા કે અફઘાનિસ્તાન, તુર્કસ્તાન, ચીન વગેરેમાં ફેલાયો હતો. ઋષભદેવના પુત્ર ભરતે ભારત દેશ પર રાજ્ય કર્યું અને તેમના બીજા પુત્ર બાહુબલીએ બલી દેશ કે અફઘાનિસ્તાન વગેરે દેશમાં રાજ્ય કર્યું.

જૈન ધર્મની પ્રાચીનતા બતાવતા તેઓ લખે છે કે અનાદિકાળથી ચાલતા જૈન ધર્મનો ફેલાવો પહેલા અફઘાનિસ્તાન, તુર્કસ્તાન, ચીન, મહાચીન, તાતાર વગેરે દેશમાં હતો. ઋષભ દેવના પૌત્ર સોમયશ અને સૂર્યયશાના વંશમાં ઉત્પન્ન થયેલા ક્ષત્રિયો પોતાને ચંદ્રવંશી કે સૂર્યવંશી ઓળખાવે છે.

શત્રુંજય માહાત્મ્ય પ્રમાણે રાવણ રાજાએ અષ્ટાપદ પર ઋષભદેવની પ્રતિમા આગળ તપ કર્યું. તે હિંસાત્મક યજ્ઞનો વિરોધી હતો તેથી તે રાક્ષસ કહેવાયો. શ્રીપાલ રાજા કોંકણમાં જૈન મંદિરોમાં ગયા હતા. તેમણે જે ઋષભદેવની પ્રતિમાનું પૂજન ઉજ્જૈનમાં કર્યું તે હવે કેસરિયાનાથ તરીકે ધુલેવા નગરમાં છે. જેને આજે પણ બ્રાહ્મણો, ભીલ, વૈશ્ય, ક્ષત્રિયો પૂજે છે. અગાશી તીર્થમાં મુનિસુવ્રત સ્વામિના સમયની મુનિસુવ્રત પ્રભુની મૂર્તિ છે. નિશીથ ચૂર્ણિમા કોંકણમાં ગુફાઓમાં રહેતા સાધુઓનું વિવેચન છે.

અંતરીક્ષજીની મૂર્તિ રાવણના સમયની છે. શંખેશ્વર પાર્શ્વનાથની મૂર્તિ શ્રીકૃષ્ણ અને અરિષ્ટનેમિના સમયની છે. અરબસ્તાનના મક્કા શહેરમાં જૈન મૂર્તિઓ હતી. તેમાંથી જીવિત સ્વામી તથા બીજી મૂર્તિઓ મહુવામાં જાવડશાહ દ્વારા લાવવામાં આવી એ કાર્યમાં ત્યાંના રાજાએ જાવડશાહને મદદ કરી તથા વહાણમાં મૂર્તિઓ લાવવામાં આવી, એનો ઉલ્લેખ ઘણાં પુસ્તકોમાં છે. પાટણમાં પંચાસરા પાર્શ્વનાથની મૂર્તિ વનરાજ ચાવડા દ્વારા પંચાસરથી પાટણ લાવવામાં આવેલી છે.

પવિત્ર ગ્રંથો અને બીજાં પુસ્તકોમાં મળતા ઉલ્લેખો પર બુદ્ધિસાગર મહારાજે અભ્યાસ કર્યો જે નીચે મુજબ છે :

(૧) 'ઇન્ડિયન રિવ્યૂ વોલ્યુમ-૧૪' માં અમેરિકામાં એક મોટા પર્વત પર મોટો સર્પ અને પદ્માવતીની મૂર્તિ કોતરેલી છે એવું ચિત્ર છે. જે પાર્શ્વનાથના અનુયાયીઓ તાર્ક્ષજાતિના હતા, તે વહાણમાં અમેરિકા ગયા ત્યાં પોતાને પ્રભુના અનુયાયી તરીકે ઓળખાવા સર્પ અને પદ્માવતીની મૂર્તિ પર્વત પર કોતરી હશે. એ ચિત્ર વીરચંદ રાઘવજી તથા બુદ્ધિસાગરજી એ જાતે જોયું હતું.

(૨) ચીની મુસાફર હ્યુ એન શીંગ લખે છે કે અશોકે કોતરાવેલા ગાંધારના એક શિલાલેખમાં એવું જણાવ્યું છે કે અગાઉ અહીં અસંગબોધિસત્ત્વ, મનોરહિત બોધિસત્ત્વ, શ્રી પાર્શ્વનાથ તીર્થંકર બોધિસત્ત્વ થયેલા છે. તક્ષશિલાના અશોકના શિલાલેખમાં જૈનોના ત્રેવીસ તીર્થંકર પાર્શ્વનાથનું નામ આવે છે."

(૩) અશોકના પૌત્ર સંપ્રતિએ આર્યસુહસ્તિના ઉપદેશથી જૈન ધર્મ સ્વીકાર્યો તથા ભારતની બહાર અનાર્ય દેશોમાં પ્રથમ વીર પુરુષોને સાધુઓનો વેશ પહેરાવી તથા સાધુનો આચાર શીખવીને અફઘાનિસ્તાન, ઈરાન, તુર્કસ્તાન, અરબસ્તાન, તિબેટ, બ્રહ્મદેશ, તાતાર વગેરે દેશોમાં મોકલ્યા જેથી ત્યાંના લોકો જૈન સાધુઓની ભક્તિ કરવા લાગ્યા. એ પછી ખરા સાધુઓના ટોળે ટોળાં સર્વ દેશમાં ફરવા લાગ્યાં. તેમને અનાર્યો, આર્ય કરતાં પણ ઉત્તમ છે એમ માલૂમ પડ્યું.

(૪) 'ટોડ રાજસ્થાન'ના કર્તા ટોડ સાહેબને તે સમયના અન્ય વિદ્વાનોની જેમ બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ અલગ છે, એવી માહિતી ન હોવાને કારણે એમણે ઘણી જગ્યાએ જૈન ધર્મ અને તીર્થંકરને બુદ્ધ સમજીને લખ્યું છે જે નીચે મુજબ છે :

"પત્ર ૬૪: ગેટે, તાક્ષક, આસી, કાંઠી, રાજપાલી, હુમ્સ, કામારી, કામનીઆ, ઇન્દુસાઇથીક, જાતોની ચડાઈઓથી ઇન્દુ અથવા ચંદ્રવંશના બુદ્ધ(તીર્થંકર)ની ભક્તિ દાખલ થઈ જે જાતિઓએ હિન્દુસ્તાન પર ચઢાઈ કરી તે જાતિઓમાં શ્રી પાર્શ્વનાથ અને વીર પ્રભુના વખતથી તીર્થંકરની ભક્તિનો પ્રવેશ દાખલ થયો હતો."

"પત્ર ૬૬: આ સમય છેલ્લા બુદ્ધ અથવા મહાવીરના છે... આ સઘળા ઇન્દુ સાઈથીક ચડાઈ કરનારા બુદ્ધ ધર્મ (તીર્થંકર) પાળતા હતા અને તેથી કરીને સ્કેન્ડીનેવીયન અથવા જર્મન

જાતો અને રાજપૂતો વચ્ચે રીતભાત અને દેવકથાનું એક સરખાપણું, તેઓની વીરરસ કવિતાઓ સરખાવવાથી વધી જાય છે."

આમ ત્યાં પૂર્વે જૈન ધર્મ ફેલાયો હોય પણ ઉપદેશના અભાવે તેઓ અન્ય ધર્મી થયા હોય. પહેલા સર્વે ક્ષત્રિયો જૈન ધર્મ પાળતા હતા. સર્વ તીર્થંકરો ક્ષત્રિય જાતિમાં અવતરેલાં હતાં.

(૫) પયગંબર સાહેબ પહેલા, અરબસ્તાનમાં મક્કા શહેરમાં જૈન મૂર્તિઓ હતી અને તેમાંની કેટલીક પ્રતિમાઓ મહુવામાં જાવડશાહ દ્વારા લાવવામાં આવી એમ સમક્તિ પરીક્ષાના ટબા (ટીકા)માં જણાવેલું છે.

(૬) તક્ષશિલામાં શ્રી ઋષભદેવનો સ્તંભ હતો એમ મથુરા તથા વિશાલા નગરીના સ્તૂપ પ્રસંગે આવશ્યકની ટીકા વગેરેમાં જણાવેલું છે.

(૭) હરિભદ્ર સૂરિના બે શિષ્ય તિબેટમાં ગયા હતા એમ પ્રભાવક ચરિત્રમાં છે. કાશ્મીરમાં પૂર્વે જૈન ધર્મ હતો એવું ઐતિહાસિક કથાઓથી સિદ્ધ થાય છે. લંકાના રાજાની પુત્રી સુદર્શનાને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને તેણે જૈન ધર્મ સ્વીકાર્યો.

(૮) નેપાળમાં ભદ્રબાહુ સ્વામિ કે જે ચૌદ પૂર્વની વિદ્યાઓ જાણતા હતા. તે મહાપ્રાણાયામનું ધ્યાન સિદ્ધ કરવાને ઘણાં વર્ષો સુધી રહ્યા હતા. અહીં સ્ફુર્લિંગ પાર્શ્વનાથ તથા છાયા પાર્શ્વનાથનાં મંદિર હતાં. એમ વિવિધ તીર્થંકલ્પ અને બીજા ઐતિહાસિક વૃત્તાંતોથી સિદ્ધ થાય છે.

(૯) વિક્રમ સંવત ૧૦૮માં શ્રી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરનાર જાવડશાહ હતો. સૌરાષ્ટ્રમાં ગ્રીસ, તુર્કસ્તાન, ઈરાન વગેરે દેશના પરદેશીઓ આવીને જૈનો તથા બીજા લોકોને પકડીને પોતાના દેશમાં લઈ જઈ ગુલામ બનાવતા હતા. તેવા લોકોને જાવડશાહ છોડાવીને પાછા લઈ આવતા હતા. એમ 'ટોડ રાજસ્થાન' પુસ્તકમાં છે. વેદ વગેરેમાં જૈન તીર્થંકર સંબંધી નીચે પ્રમાણે લખાણ મળી આવે છે એમ બુદ્ધિસાગરજી નિરૂપે છે :

**ઋગ્વેદમાં —**

(૧) "**ॐ नग्नं सुधीरं दिग्वाससं ब्रह्मणर्भ्दे सनातनं**
**उपैमोवीरे पुरुष मर्हन्त आदित्यवर्ण तमसः पुरस्तात् स्वाहा**"

અર્થ : નગ્ન, ધીર, વીર, દિગંબર, બ્રહ્મ, સનાતન આદિત્ય વર્ણવાળાં અર્થાત્ (કલ્પાતીત તીર્થંકર) એવા અરિહંતના શરણને પ્રાપ્ત થાઉં છું.

**ॐ त्रैलोक्य प्रष्ठितानां चतुर्विंशति - तीर्थंकराणां ।**
**ऋषभ-आदि वर्धमान्तानं सिद्धानां शरणं प्रपद्ये ॥ ( ऋग्वेद )**

અર્થ : જે ઋષભદેવ આદિનાથથી લઈને વર્ધમાન પર્યંત ત્રૈલોક્ય પ્રતિષ્ઠિત ચોવીસ તીર્થંકર સિદ્ધ છે. તેમને શરણે જાઉં છું.

ॐ नमोऽर्हन्तो ऋषभो ( यजुर्वेद )
ॐ ऋषभ पवित्रं पुरुहूतमध्वरं यज्ञेषु नग्नं परमं माहसं स्तुतं
वारं शत्रुंजयंत पशुरिंद्र माहुरिति स्वाहा ।
उप्रातारमिन्दं ऋषभं वपन्ति अमृतारमिन्दं हवे सुगतं सुपार्श्व-
मिन्द्र हवे शक्रमजितं तद्वर्द्धमान पुरुहूत मिन्द्र माहुरिति स्वाहा ।
ॐ स्वस्तिनइन्द्रो वृद्धश्रवाः स्वस्तिनः पूषा
विश्ववेदाः स्वस्तिनस्तार्क्ष्यो अरिष्टनेमिः
स्वस्तिनो बृहस्पतिर्दधातु दिर्घायु सवाय बलायुर्वाशु यजातायुः ॥
ॐ रक्ष रक्ष अरिष्टनेमि स्वाहा । वामदेव शान्त्यर्थ मुपविधियंते ।
सोऽस्माकं अरिष्टनेभि स्वाहा ॥ ( यजुर्वेद अ. २५ मं. २९ ).

આચાર્ય શ્રી બુદ્ધિસાગરજીએ ઘણી નિષ્ઠા અને મહેનતથી વેદ વગેરે ગ્રંથોનો અભ્યાસ કરી તેમાં પણ ઋષભદેવ, અરિષ્ટનેમિ વગેરે તીર્થંકરોની સ્તુતિ આવે છે એ બતાવ્યું. તે જ પ્રમાણે તેઓએ નંદિસૂત્રના મૂળ પાઠમાં મહાભારત અને રામાયણની વાતો આવે છે. એથી નંદીસૂત્ર મહાભારત અને રામાયણ પછી રચાયું એમ તેઓ કહે છે.

તેઓએ પ્રભુજીની મૂર્તિ પર લખાયેલા લેખોનો પણ આ ગ્રંથમાં સમાવેશ કર્યો છે. (૧) ખંભાતમાં શ્રી સ્તંભન પાર્શ્વનાથની મૂર્તિ પાછળ લખ્યું છે. જે અષાઢી શ્રાવકે ત્રણ પ્રતિમા વરાવ્યાની વિગત છે.

"नमेस्तीर्थ कृते तीर्थे वर्षेदीक चतुष्टये आषाढ ।
श्रावके गौडो कारयेत प्रतिमात्तयम् ॥"

જે જૈન ધર્મ પ્રમાણે ઘણી જૂની છે.

મથુરામાં કંકાલી ટીલામાંથી નીકળેલી એક મૂર્તિ પર સિદ્ધ । સં. ૨૦ ગ્રામાં ૧ । દિ ૧૦ + ૫ + ... લેખ છે. અહીં પ્રાપ્ત થયેલ એકસોથી વધુ પ્રતિમાઓ ઉપર બ્રાહ્મી લિપિમાં આવા લેખો છે.

મહાવીર સ્વામીની મૂર્તિ પર કનિષ્ક રાજાના ૯મા સંવત્સરમાં નીચેનો લેખ લખાયો છે :

"सिद्ध महाराजस्य कनिष्कस्य राज्ये संवत्सरे नवमे..."

આમ, તેઓએ આ પુસ્તકમાં જૈન ધર્મની ઘણી અપ્રગટ માહિતીઓ આપી છે.

તેઓએ વલભીપુર શહેર ક્યારે નાશ પામ્યું તથા ત્યાં વસેલાં કુટુંબો કયા પ્રાંતમાં વસ્યા તેની માહિતી અન્ય પુસ્તકોના આધારે આપી છે, જેમ કે -

વલ્લભીપુર જ્યારે નાશ પામ્યું ત્યારે ત્યાંના પવિત્ર ગ્રંથો અને રહેવાસીઓને મારવાડમાં સુરક્ષિત સ્થાન પર પહોંચાડ્યા; એમ 'ટોડ રાજસ્થાન'માં ઉલ્લેખ છે. જે તેઓએ આપ્યા છે. ટોડ રાજસ્થાન પૃષ્ટ ૨૧૩ પ્રમાણે જ્યારે વલ્લભીપુર પર પરદેશી સવારી લડાઈ માટે આવી પહોંચી

ત્યારે ત્યાં વસેલાં કુટુંબો મરુધર એટલે મારવાડ તરફ ગયા અને ત્યાં સંદેરાય, નાદોલ, બાલહી વગેરે શહેરો સ્થાપ્યાં. જૈનો પ્રમાણે આ બનાવ ઈસવી સન પર૪માં બન્યો હતો. તથા સ્થળાંતરમાં ત્રીસ હજાર કુટુંબો હતાં.

આચાર્ય બુદ્ધિસાગર મહારાજના મતે વલ્લભીપુરમાંથી આવેલ રાજવી કુટુંબોએ 'મોરી' નામનું ગામ વસાવ્યું જ્યાં 'મહુરી પાર્શ્વ'નું જિનાલય હતું જે પ્રતિમા હાલ ટિંટોઈ ગામમાં છે. તે રાજવી વંશમાંથી બાપા રાવળ આવ્યા તેમણે ચિત્તોડ પર રાજ્ય કર્યું. ચિત્તોડમાં હરિભદ્રસૂરિના સમય સુધી રાજવી કુટુંબોમાં જૈન ધર્મ હતો. પછી તેઓએ વૈદિક ધર્મ અંગીકાર કર્યો. રજપૂત રાણાઓ, ચૌહાણો સર્વે જૈન સાધુઓને ખૂબ માનપાન આપતા હતા.

આચાર્ય બુદ્ધિસાગર મહારાજ, મિસિસ એની બેસંટના ભાષણના ઉતારો ટાકતાં લખે છે કે તેમના મતે જૈનોએ દક્ષિણ હિન્દુસ્તાનમાં મદુરા, ત્રિચિનાપલ્લી અને બીજા ઘણા દેશોમાં જૈન રાજાઓ હતા. જૈનો તામિલ ભાષાના સંસ્થાપક હતા.

આ નાની પુસ્તિકામાં તેઓએ છલોછલ માહિતી આપી છે. વિ.સં. ૪૭૭ વલ્લભીપુરમાં શિલાદિત્ય રાજાના અનુરોધથી ધનેશ્વર સૂરિએ મહાન ગ્રંથ 'શત્રુંજય માહાત્મ્ય' લખ્યો હતો તે જ સમયમાં ત્યાં બૌદ્ધો અને જૈનો વચ્ચે શાસ્ત્રાર્થ થયો હતો તથા મલ્લાવાદિઓએ બૌદ્ધોને હરાવ્યા તથા પ્રતિજ્ઞા પ્રમાણે તેઓ આ દેશ છોડીને ચાલ્યા ગયા. વલ્લભીમાં વિ.સં. ૫૧૦માં જૈન આગમોનો ઉદ્ધાર થયો. પછીથી દક્ષિણમાં લિંગાયત ધર્મની સ્થાપના થતા જૈન રાજવીઓની સંખ્યા ઘટી. વિક્રમની નવમી સદીમાં કાન્યકુબ્જ (કનોજ દેશ)ની ગાદી પર ચંદ્રગુપ્ત મૌર્યનો સગોત્રિય યશોવર્મા નામનો રાજા હતો. તેના 'આમ' નામના પુત્રે સતારક નગર તથા મોઢેરામાં જૈન મંદિરો બનાવ્યા. શિલાદિત્ય રાજાના વંશમાં જ વનરાજ ચાવડો થયો. તેમણે પાટણ પર રાજ્ય કર્યું અને ચાવડા વંશની સ્થાપના કરી. તેમના જ વંશમાં માણસા અને વરસોડાના ઠાકોરો છે. ગુજરાતમાં છેલ્લા જૈન રાજા સોલંકીવંશી કુમારપાળ રાજા થયા.

દક્ષિણ પ્રાંતમાં જૈનો અને શૈવધર્મીઓ વચ્ચે ધર્મચર્ચા અને ધર્મયુદ્ધો પણ થયાં તેમાં ઘણા જૈનોને રિબાવીને મારવામાં આવ્યા તેથી ઘણા જૈનોએ ધર્મ-પરિવર્તન કર્યું તથા ઘણાને દાસ બનાવ્યા. આવા દાસ લોકો નવકાર પણ જાણે છે. તેઓ પેરીઆ તરીકે ઓળખાય છે. તેઓ મોટી સંખ્યામાં છે.

આચાર્ય બુદ્ધિસાગર મહારાજે તામિલભાષીય ગ્રંથો તપાસીને નીચે મુજબ તારણ કાઢ્યું : "હાલાસ્ય માહાત્મ્ય નામના પ્રાચીન તામિલ ગ્રંથના ૬૮મા પ્રકરણમાં આ પ્રમાણે જણાવવામાં આવ્યું છે કે જ્ઞાનપૂર્ણ નામના એક યુવાન શૈવ સંન્યાસીએ આઠ હજાર દ્રવિડ જૈન સાધુઓને પોતાના મતમાં આ પ્રમાણે લીધા. પાંડ્ય દેશના રાજાની રાણી અને મુખ્ય પ્રધાનને તે સંન્યાસી કહે છે કે જૈન સાધુઓને ઉખેડી નાંખો, કારણ કે તે નગ્ન જાય છે. હાથમાં મોરપીંછીઓ રાખે છે.

વેદોની નિંદા કરે છે... સાધુઓને વાદવિવાદનું કહેણ મોકલીને જ્યારે સાધુઓ આવે ત્યારે તેઓને પોતાના ગ્રંથોના પવિત્રપણાની કસોટી અગ્નિ અને જલથી કરવા કહે છે. જેથી તેઓ હારી જાય. આમાં ઘણા સાધુઓને કાપી નાખ્યા તથા ઘાણીમાં પીલવવામાં આવ્યા. મીનાક્ષી મંદિરમાં દીવાલો પર પણ દિગંબર આચાર્યો શૂળી પર ચઢી મરી ગયા છે તેવાં ચિત્રો છે. જે જીવિત બચ્યા તે પેરિયા જાતિના દાસ બની ગયા.

હિન્દુસ્તાનનું ઇમ્પીરિયલ ગેઝેટિયર લખે છે કે છેલ્લા સૈકાના અંત સુધી તેઓ ઊંચી જાતના દાસ તરીકે રહેતા આવ્યા છે. કેટલાક સૈકાના જુલમથી તેઓમાંથી મનુષ્યપણું હણી નાખવામાં આવ્યું છે." તેમાંના હજારો ખ્રિસ્તી ધર્મમાં પલટાઈ ગયા છે.

આ પ્રમાણે દક્ષિણ દેશમાં જૈન સાધુઓ અને શ્રાવકોને ધર્માંતર કરવા ફરજ પાડવામાં આવી જેથી જૈનોની ઘણી સંખ્યા ઘટી ગઈ અને જૈન ધર્મની મહત્તા પણ ઘટવા લાગી.

શ્રી બુદ્ધિસાગર મહારાજે તેમના આ ગ્રંથમાં ક્ષત્રિય તથા વૈશ્યની અલગ અલગ જાતિ-ઉપજાતિઓનાં નામ આપ્યાં છે. તેઓએ ચોર્યાશી જાતિના વૈશ્યોની નામાવલી આપી છે, તેમના મતે વૈષ્ણવ વાણિયાઓ પહેલા જૈન ધર્માવલંબીઓ હતા, પરંતુ પાછળથી વલ્લભાચાર્યના પંથમાં ભળી ગયા. જેમકે શ્રીમાલી, ઓસવાલ, પોરવાડ, ગુર્જર, અગ્રવાલ, લાડ, લાડવા, નાગર, મોઢ, જીરણવાલ, નાગોરી, વડનગરા, માંડલિયા, પાચા, પાંડેશિયા વગેરે આમાંના મોટા ભાગના પોતાના ગામ ગોત્ર કે ક્ષેત્રના નામથી ઓળખાય છે. શ્રીમાળીઓ મારવાડના શ્રીમાલ નગર જે આજનું ભિન્નમાલ છે ત્યાંથી આવી ગુજરાતમાં વસ્યા હતા. મોઢ જાતિ મોઢેરાના વતની છે.

તેઓએ ક્ષત્રિયોના છત્રીસ કુલની નામાવલી પણ આપી છે. જેમકે સૂર્યવંશી, ચંદ્રવંશી, પરમાર, સોલંકી, ગોહિલ, ચાવડા, ટાંક, કોટવાલ, દુન, જાટ, રાજપાલ વગેરે ક્ષત્રિયોના કુળ બાબતમાં તેઓએ બીજા વિદ્વાનોના અભિપ્રાય આપ્યા છે કે હુણ જાતિના લોકો બહારથી આવી કાશ્મીરમાં રાજ્ય કર્યું. તથા કેટલાક યુરોપમાં વસ્યા તેમજ તેઓ જે પ્રાંતમાં રહેવા લાગ્યા તે આજે 'હંગેરી' નામે પ્રખ્યાત છે.

તેઓ તેમના આ પુસ્તકમાં ખાસ ભાર મૂકીને કહે છે કે જૈન શાસ્ત્રોના આધારે આર્ય ભારત બહારથી આવ્યા ન હતા, પરંતુ ભારત ખંડમાં આર્ય દેશ અને અનાર્ય દેશો હતા. તથા ત્યાંના રહેવાસીઓને આર્ય-અનાર્ય કહેવામાં આવતા હતા. આર્ય દેશ પર અન્ય દેશના લોકો ચઢી આવ્યા તેઓમાં પણ કેટલાક આર્ય હતા અને કેટલાક અનાર્ય પણ હતા.

બુદ્ધિસાગર મહારાજ જુદા જુદા રાજ્યમાં પ્રધાનપદ પર રહેવા અગ્રણી જૈનોએ કરેલા કાર્યની માહિતી પણ આ ગ્રંથમાં આપી છે.

- રાજસ્થાનમાં કુંભારાણાના સમયમાં ધન્ના પોરવાડે લાખો રૂપિયા ખર્ચીને રાણકપુરનું દેરાસર કરાવ્યું. વિમલ શાહે આબુજીના પર્વત પર સોનૈયા પાથરીને દેરાસર બનાવવા જગ્યા લીધી વસ્તુપાલ તેજપાલે આબુનાં દેરાસરોમાં કરોડો રૂપિયાને ખર્ચે બનાવ્યા.

- માંડવગઢમાં કરોડાધિપતિ જૈનો ભેંસાશા, દેદાશા, પેથડશાહ, ઝાંઝણદેવ, વગેરે હતા.

- પ્રતાપ રાણાને મદદ કરનાર ભામાશા શ્રાવક પાસે કરોડો રૂપિયા હતા. તેની મદદથી જ રાણા પ્રતાપે ગુમાવેલું રાજ્ય ફરી મેળવ્યું.

- રાજગૃહીના પ્રજાજન શાલિભદ્રની ઋદ્ધિ એટલી હતી કે નેપાળ દેશમાંથી આવેલ રત્નકંબલ જે શ્રેણિક રાજા ખરીદી ન શક્યા તે તેમણે તેમની બત્રીસ રાણીઓ માટે ખરીદી લીધી.

- ઘણા જૂના સમયથી જૈન શ્રેષ્ઠીઓ અન્ય દેશો સાથે વહાણો દ્વારા વેપાર કરતા હતા. મુંબઈના મોતીશા શેઠ અંગ્રેજોના સમયમાં થઈ ગયા. તેઓનો માલ દેશ-પરદેશ વહાણો દ્વારા થતો હતો.

- મહાવીર પ્રભુના સમયમાં પણ આનંદ શ્રાવક, કામદેવ શ્રાવક, ચુલણિપિતા, મહાશતક વગેરે થઈ ગયા જેઓની પાસે અઢળક દ્રવ્ય હતું.

મૌર્યવંશી ચંદ્રગુપ્તના વંશમાં થયેલા વિમલશા અને મૂલચંદજી ભણશાલીને અકબર બાદશાહે એક ફરમાનપત્ર લખી આપ્યું હતું. તે ઉપરથી તે સમયના જૈન તીર્થોની આવક અમાપ હતી. એમ લાગે છે.

ફરમાનપત્રની નકલ (ગુજરાતીમાં)

**અકબર જલાલુદ્દીન મહમદ**
**દિલ્હીના મોગલ બાદશાહ**

મુગટબંધ છત્રપતિ મહારાજાધિરાજ ભાઈ મૂલચંદ ભણસાલી કુચબ શહેનશાહ પુદન હજારી જોગ,

પ્રભુની કૃપાથી હું મારું સઘળું રાજ્ય શાંતિથી ભોગવું છું. તમો મને જે વખતોવખત મદદ આપો છો તે હંમેશને માટે કદી વિસ્મૃત થઈ નહિ જ. તમો સંપૂર્ણ રીતે પૂરા લાયક અને યોગ્ય માણસ હોવાથી તમોને જે મારા તાબાની સદાલી (ખજાના) તિજોરીની વ્યવસ્થા સોંપવામાં આવેલી છે તે મને સંપૂર્ણ રીતે સંતોષકારક છે અને તેથી હું બહુ જ નિશ્ચિત છું."

**કાજી અને ધોખા (Dhokha)ની પદવી તમને એનાયત કરતાં મને ખુશી ઊપજે છે. જે પદવીઓ તમો હવે પછી ધારણ કરશો અને ખુદા રાજી રહે તેવી યોગ્ય અને પવિત્ર રીતે કામ કરશો. તેવી જ રીતે તમારા વંશજોને પણ તેવી ઑફિસો (પદવીઓ) આપવામાં આવશે.**

**જે એસ્ટેટો, દેવળો તમારા પૂર્વજોએ અર્પણ કરેલાં છે જેવા કે આબુ તમારા વડુઆ 'વિમળશા' એ બંધાવેલું જેની વાર્ષિક આવક રૂ. પિસ્તાળીસ લાખની છે તેને કરમાંથી મુક્ત કરવામાં આવે છે, તેમજ વળી સિદ્ધાચલ-પાલિતાણાને તે સંબંધીને સ્ટેટ કે જેની વાર્ષિક આવક બાવન લાખની છે અને ગિરનારને તે સાથેની એસ્ટેટ કે જેની વાર્ષિક આવક રૂ. છપ્પન લાખની છે તે પણ કરમાંથી મુક્ત કરવામાં આવે છે. તે એસ્ટેટો હવે પછી તમારા કબજે અને તમારી દેખરેખ નીચે રહેશે, તે બાબતમાં કોઈ દખલ કરી શકશે નહિ અને તેની વચમાં કોઈ આવી શકશે નહિ.''**

ઉપરોક્ત અકબર બાદશાહના ફરમાનપત્રમાં તેઓ વિમલશાહના બનાવેલા દેરાસરની વાર્ષિક આવક તે સમયે ૪૫ લાખની હતી તથા પાલિતાણા અને ગિરનાર જેની બંનેની આવક એક કરોડથી વધુ હતી તે સર્વને કર ભરવામાંથી મુક્તિ આપે છે. આ પરથી તે સમયના મુસ્લિમ શાસકો કેટલા ઉદાર, ધર્મપ્રિય અને ન્યાયપરાયણ હતા એમ અનુભવાય છે.

તેઓએ તેમના આ ગ્રંથમાં જૈનો દ્વારા ઉદ્ભવેલી અને ખેડાયેલી ભાષાઓ વિશે વિશેષ જાણકારી આપી છે. માગધી, પ્રાકૃત, તામિલ, કાનડી, ગુજરાતી વગેરે ભાષાઓના ઉદ્ભવમાં જૈનોનો ઘણો મોટો ફાળો છે.

**માગધી :** જૈનોનાં પવિત્ર પુસ્તકો જે આગમ કહેવાય છે તે બધા માગધી તથા અર્ધમાગધી ભાષામાં લખાયેલાં છે. જેની સંખ્યા ૪૫ છે. તે ઉપરાંત ઘણાં ચરિત્રો ગ્રંથો તથા બીજાં પુસ્તકોની ભાષા પણ માગધી છે.

**સંસ્કૃત :** સંસ્કૃત ભાષામાં પણ લખાયેલા જૈનોના હજારો ગ્રંથો છે. સંસ્કૃત ભાષાનું પ્રાચીનતમ વ્યાકરણ જૈન શાક્ટાયન છે. આ બધા ગ્રંથો જેસલમેર, પાટણ, ખંભાત, અમદાવાદ વગેરે સ્થળોએ ગ્રંથાગારમાં સુરક્ષિત છે.

**તામિલ :** તામિલ ભાષાના પ્રખ્યાત કવિ તિરુવલ્લુવરનું કુરલ જે ખૂબ જ જાણીતો ગ્રંથ છે એના પારિભાષિક શબ્દો જૈન છે. તેઓ તેમાં અર્હંતો વગેરે શબ્દો વાપરે છે. માટે તે જૈન ધર્મના હોય એમ અનુમાન થાય છે.

**શ્રી બુદ્ધિસાગર મહારાજ મિસિસ એન્ની બેસંટનો અભિપ્રાય આપતા જણાવે છે કે ''જૈન ધર્મે રાજાઓ પૂરા પડ્યા એટલું જ નહિ પણ તેઓ તામિલ ભાષાના સંસ્થાપક હતા. તામિલ ભાષાનું વ્યાકરણ જે સરસ હયાત વ્યાકરણોમાં બહુ જ શાસ્ત્રીય પદ્ધતિ પ્રમાણે લખેલું છે. તે પણ જૈનોની કૃતિ છે. પ્રખ્યાત કવિ તિરુવલ્લુવરનું કુરલ જે દરેક દક્ષિણ હિન્દુસ્તાનના રહેવાસીને જાણીતું છે. તે જૈનોનો ગ્રંથ છે. એમ કહેવાય છે અને તેનું કારણ એ છે કે તે જૈનોના શબ્દ વાપરે છે. તે અર્હંતો વિષે લખે છે અને જૈનોના પારિભાષિક શબ્દોનો ઉપયોગ કરે છે અને એટલા માટે તે જૈન ધર્મનો હોય એમ માનવામાં આવે છે.''**

આ પ્રમાણે શ્રીમતી એની બેસંટ તામિલ ભાષાના વિકાસમાં જૈનોનો અમૂલ્ય ફાળો હતો એમ જણાવે છે. તામિલ ભાષાના અન્ય ગ્રંથો સંગમ, નાલદીયાર, અને તોલકાપિયમ્ છે.

**ગુજરાતી : ગુજરાતી ભાષાના ઉદ્ભવમાં તેને ખીલવવામાં જૈન આચાર્યોનો ઘણો મોટો ફાળો છે. વિ.સં. તેરમી સદી પછી રચાયેલા જૂની ગુજરાતી ભાષાના રાસાઓ પ્રબંધો વગેરે હજારોની સંખ્યામાં ઉપલબ્ધ છે.**

**કાનડી : તેઓ તેમના આ ગ્રંથમાં લખે છે કે કાનડી ભાષાને જૈનોએ બારસો વર્ષ સુધી ખીલવી હતી અને તેમની કાનડી ભાષા પર વિક્રમ સંવત પૂર્વેની સત્તા હતી. તેલંગી ભાષાના સાહિત્યમાં વધારો કરવાને જૈનોએ પૂર્વે સારો ભાગ આપ્યો છે. નંદરાજાઓ જૈન ધર્મ પાળતા હતા. દિગંબરાચાર્યોએ અનેક પુસ્તકો લખ્યાં છે.**

જૈનોએ વિવિધ ભાષાઓમાં વિવિધ વિષયો જેવા કે તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ જ્ઞાન, જીવનચરિત્રો, ઐતિહાસિક વૃત્તાંત, મંત્ર, તંત્ર, યંત્ર, રસાયણ, જ્યોતિષ, ભૂગોળ, વ્યાકરણ, ન્યાય, દર્શન, અલંકાર, છંદ, દ્રવ્ય, ચરણાનુયોગ, ગણિતાનુયોગ, વ્યાપાર, વગેરે પર ઘણા અમૂલ્ય ગ્રંથો અલગ અલગ સમયમાં રચ્યા છે. તે સિવાય તીર્થોની ઉત્પત્તિ, તીર્થનું સ્થાન, તેની ઐતિહાસિક મહત્તા વગેરે બતાવતા કલ્પ 'વિવિધ તીર્થકલ્પ' જેવા બહુમૂલ્ય ગ્રંથો, પત્રો, પ્રશસ્તિ વગેરે અમૂલ્ય રચનાઓ પણ જૈન આચાર્યો દ્વારા વિવિધ લોકભાષાઓમાં રચાયેલા છે.

આવી ઉન્નતિ પછી જૈન ધર્મની પડતીનાં કારણો આપતાં તેઓ કહે છે કે "કાલચક્રો દુનિયામાં સર્વ વસ્તુઓ પર છે. જેની ચડતી છે તેની પડતી છે. જૈન ધર્મની પડતીનો પ્રારંભ વિક્રમની બીજી સદીથી દિગંબર-શ્વેતાંબર પક્ષ પડતાં આરંભાયો. બારમી સદીમાં ચૈત્યવાસીઓનું જોર વધતાં જૈન સાધુઓની દુર્દશા થતાં અન્ય ધર્મ પ્રબળ બન્યા. વલ્લભીપુરમાં શિલાદિત્યના સમયમાં પરદેશી સવારીઓ આવવાની શરૂઆત થઈ, દેશમાં અંધાધૂંધી ફેલાવા લાગી, દક્ષિણમાં કુમારીલે જૈન ધર્મનું ખંડન કર્યું. શ્રી શંકરાચાર્યે કોઈ પણ જૈન આચાર્ય સાથે શાસ્ત્રાર્થ કર્યો નહિ, પરંતુ ઉપદેશાત્મક શૈલી, વૈદિક ધર્મના પ્રચારવાળાં પુસ્તકો, સારા શિષ્યો વડે ધર્મપ્રચાર કરીને રાજા તથા પ્રજાને આકર્ષ્યા.

આ પુસ્તકમાં શ્રી બુદ્ધિસાગરજીએ જૈન ધર્મની ઉન્નતિ અખિલ વિશ્વમાં કેટલી હતી તે દર્શાવ્યું છે. તેમણે કર્નલ ટોડ, હ્યુએન શીંગ, એની બેસેંટ, તક્ષશિલાના શિલાલેખો, ઇમ્પીરિયલ ગેઝેટ વગેરેના અભિપ્રાયો આપીને જૈન ધર્મની પ્રાચીન ઉન્નત સ્થિતિનાં દર્શન કરાવ્યાં છે.

●●●

## (૩) (ગુજરાત) વિજાપુર બૃહત્ વૃત્તાંત

દરેક વ્યક્તિને પોતાની માતૃભૂમિ પ્રાણથી પણ અધિક વહાલી હોય છે. યોગનિષ્ઠ બુદ્ધિસાગરજી ગુજરાત સ્થિત અમદાવાદની નજીક આવેલા વિજાપુરના વતની હતા. વિજાપુર ઘણું પુરાણું શહેર છે. ત્યાં ઘણા મહાપુરુષો થઈ ગયા જેમણે નગરને દીપાવ્યું. તેમણે ઐતિહાસિક દૃષ્ટિએ શિલાલેખો, રાસાઓ, પ્રશસ્તિઓ, નોંધપોથી વગેરેનું સંશોધન કરાવી આ ગ્રંથ રચી માતૃભૂમિનું ઋણ અદા કર્યું.

આ ગ્રંથની પ્રસ્તાવના ૪૬ પૃષ્ઠોની છે. પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં આચાર્ય બુદ્ધિસાગરજીએ વિજાપુર અને ગુજરાત કેવી રીતે અસ્તિત્વમાં આવ્યા તથા ત્યાં કોનું રાજ્ય હતું તેની વિસ્તારથી માહિતી આપી છે. વિજાપુરના ઇતિહાસ પર પ્રકાશ પાથરતા શિલાલેખો જૂના સંઘપુર ગામના દેરાસરમાંથી પ્રાપ્ત થયા. એ મૂળ સંસ્કૃત શિલાલેખો અને તેનું ગુજરાતી ભાષાંતર તેમણે પ્રસ્તાવનામાં આપ્યું છે.

આચાર્ય બુદ્ધિસાગરજી પ્રસ્તાવનામાં ગુજરાત વિશે માહિતી આપતાં કહે છે :

"ગુજરાતને પૂર્વે બ્રહ્માવર્ત દેશ કથવામાં આવતો હતો એમ મનુસ્મૃતિના શ્લોકથી સિદ્ધ થાય છે. બ્રહ્માવર્ત દેશ પશ્ચાત્ તેને 'આનર્ત દેશ' કહેવામાં આવતો હોય એમ કેટલાક ઐતિહાસિક પુરાવાના આધારે કહેવામાં આવે છે. શિલાદિત્ય રાજાના સમયમાં તેની સૌરાષ્ટ્ર દેશમાં ગણના થતી હોય એમ કેટલાક અનુમાનોથી પ્રાયઃ અવબોધાય છે. પશ્ચાત્ વિદેશી હુણ અને ગુર્જરોની સવારીઓ સૌરાષ્ટ્ર પર આવી અને તેઓએ સૌરાષ્ટ્રને જીતી લીધો. તે ગુર્જરોના નામે ગુર્જરત્રા. (ગુજરાત) દેશની પ્રસિદ્ધિ થઈ. વિજાપુર અમારી જન્મભૂમિ હોવાથી તેનું વૃત્તાંત લખવાના કેટલાંક કારણોથી ફરજ અદા કરવા સ્ફુરણા થઈ."

આ પ્રમાણે બુદ્ધિસાગરજીએ પ્રસ્તાવનામાં જ માતૃભૂમિનું ઋણ અદા કરવા માટે આ બહુમૂલ્ય ગ્રંથ રચના કરી છે એમ દર્શાવીને વિજાપુર તથા ગુજરાતની સવિસ્તાર પ્રચુર માહિતી આપી છે. તે ઉપરાંત તેમણે ભારતના સર્વ રાજવંશોની વંશાવલી આપી છે જેમાં મનુ, રાજા રામચંદ્ર, કૃષ્ણ, ચંદ્રગુપ્ત, નંદ વંશ, ક્ષત્રપ, ચાલુક્ય, પેશ્વા, મોગલવંશ, પાલવંશ, પરદેશી સવારીઓ, ચૌહાણ, સાતવાહન, રાષ્ટ્રકૂટ વગેરેનો સમાવેશ થાય છે.

જૂના વિજાપુરમાં પરદેશી આક્રમણ સમયે દેરાસરના શિલાલેખોનાં ચાર પાટિયાં પાસેના સંઘપુર, ઘાટુ વગેરે ગામના દેરાસરમાં સુરક્ષિત સ્થળે સંગૃહિત કરવામાં આવ્યા. પરંતુ ત્યાં વર્ષાઋતુમાં પાણીનું પૂર આવતાં ત્રણ જ શિલાલેખો સુરક્ષિત રહેવા પામ્યા. આ શિલાલેખોની સંપૂર્ણ વિગત પ્રસ્તાવનામાં આપી છે.

શેઠશ્રી લલ્લુભાઈ કરમચંદ દલાલ ગુરુશ્રીના બાળસ્નેહી હતા. તેઓ ગુરુશ્રીની સાથે હંમેશાં નિતનવી ચર્ચાઓ કરતા રહેતા. તેઓ આ ગ્રંથની દ્વિતીય આવૃત્તિ સમયે પ્રસ્તાવનામાં જણાવે છે :

"જન્મભૂમિ તરફ પ્રેમભાવે - સેવાભાવે સ્વફરજ બજાવનાર વિરલા પુરુષો હોય છે. તેઓ પૈકી આ ગ્રંથના રચયિતા સદ્‌ગત્ ગુરુશ્રી પણ એક છે. એમ આ ગ્રંથ વાંચવાથી ખાતરી થાય છે. ગામની શોભા, મંદિરોની ભવ્યતા, મંત્રીઓની ન્યાય-પરાયણતા, બજારો, મહોત્સવો વિશે જણાવ્યું છે... પરદેશની ઝીણામાં ઝીણી વાત કરીએ - આંકડા સાથે, પણ સ્વદેશ માટે કંઈ જાણીએ નહિ, બીજા દેશમાં બીજા શહેરના વખાણ કરીએ પણ પોતાના ગામની પ્રાચીનતા શું હતી ? તે માટે કંઈ નહિ."

આ પ્રમાણે શ્રીયુત લલ્લુભાઈ કરમચંદ દલાલ આચાર્ય બુદ્ધિસાગરજીને જન્મભૂમિ વિશે આટલી વિશાળ સચોટ માહિતી પ્રકાશિત કરનાર વિરલ વિભૂતિ તરીકે નિરૂપે છે. તેઓ માનવીની એક ખાસિયત તરફ સૌનું ધ્યાન દોરે છે કે માનવી પરદેશની ઝીણામાં ઝીણી હકીકત એકત્ર કરે છે, તેના મોંફાટ વખાણ કરે છે, પરંતુ પોતાની માતૃભૂમિ વિશે સાવ અજાણ હોય છે.

શાસ્ત્ર વિશારદ આચાર્ય બુદ્ધિસાગરજી 'ગુજરાત વિજાપુર બૃહદ્ વૃત્તાંત' ગ્રંથનો પ્રારંભ જન્મભૂમિને સ્વર્ગ કરતાં પણ મહાન દર્શાવતા શ્લોકથી કરે છે :

**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी**
**तयोरुद्धारणार्थाय, प्राणानपि परित्यजेत...( १ )**

માતા અને માતૃભૂમિ સ્વર્ગ કરતાં પણ અધિક છે અને તેના ઉદ્ધાર માટે પ્રાણ પણ અર્પણ કરવો જોઈએ એવા ભાવાર્થવાળા સંસ્કૃત શ્લોકથી ગ્રંથારંભ કર્યા બાદ તેઓ માતૃભૂમિના ગુણ ગાતી સાત કડીનું કાવ્ય આપ્યું છે :

**ફરી ફરી જગ સહુ કરો - આવે નહીં જગપાર**
**ધરતી છેડો આવતો - જન્મભૂમિ લહે પાર...**
**સ્વર્ગવાડી સુખકાર - ગમે તેવી જન્મભૂમિ રુચિકાર...(૧)**
**જન્મભૂમિની ઝૂંપડી - નંદનવનથી બેશ**
**સ્વાર્પણ હો સઘળું મળ્યું - ટાળે સઘળાં કલેશ**
**શક્તિ ખીલવવા સાર - અમારો જન્મ થયો નિર્ધાર...(૫)**

આખી દુનિયામાં માનવ ફરે છે પણ જ્યારે તે પોતાની જન્મભૂમિમાં પાછો ફરે છે ત્યારે તે અવર્ણનીય આનંદ પામે છે. તેઓ જન્મભૂમિની ઝૂંપડીને સ્વર્ગના નંદનવન કરતાં પણ અધિક પ્યારી ગણે છે અને તેના પર પોતાનું વર્ચસ્વ ન્યોછાવર કરે છે.

આચાર્યએ વિજાપુર શહેરની પ્રાચીનતા અને મહત્તા જાણવા માટે પ્રાચીન શિલાલેખો, તામ્રપત્રો, પુસ્તકો, નકશાઓ વગેરેનું સંશોધન કરીને વિગતવાર માહિતી એકઠી કરીને સંકલન કર્યું જે અલભ્ય છે. ફાર્બસ રાસ-માલા, સુધર્મગચ્છ પટ્ટાવલી રાસ, ડૉ. ભાંડારકર કૃત દક્ષિણ પૂર્વનો ઈતિહાસ, કર્નલ ટોડના પુસ્તક વગેરે ગ્રંથોમાંથી વિજાપુર - વિદ્યાપુર - વિજયપુર વિશે વિદ્વાનોના અભિપ્રાયો આપ્યા છે.

વિજાપુરની ભૌગોલિક પરિસ્થિતિ સમજાવતાં લેખક જણાવે છે કે વિજાપુરના પૂર્વ દિશાથી સાબરમતી નદી વહે છે. ત્યાં જૂનું સંઘપુર ગામ છે. ત્યાં શ્રી ચંદ્રપ્રભુના દેરાસરમાં પાટિયા પર અગત્યનો શિલાલેખ છે. તે પરથી જાણવા મળે છે કે પૂર્વે મુસ્લિમ રાજાઓના સમયે વિજાપુરનાં દેરાસરો નષ્ટ થતા પૂર્વે શિલાલેખો, સંઘપુર, ઘાટુ વગેરે ગામોને સુરક્ષિત જાણીને ત્યાં લઈ જવામાં આવ્યાં. સંઘપુર ગામના શિલાલેખો તથા તામ્રપત્રો પરથી નીચેની હકીકત ફલિત થાય છે.

અયોધ્યામાં પહેલાં રાજા મનુ થયા પછી ઋષભદેવનો પુત્ર ભરત ઇશ્વાકુ વંશનો પહેલો રાજા થયો. એમના પછી ૫૭મી પેઢીએ રામચંદ્ર થયા. તેમની પાટે ત્રેસઠમો કનકસેન રાજા થયો. કનકસેને વડનગરની સ્થાપના કરી. તેમાં ત્રણ પેઢી પછી વિજયસેન રાજા થયો. તેણે વિજયપુર, વિદર્ભ તથા વલ્લભીપુર વસાવ્યું. તેરમા સૈકામાં વિજયપુરનું વિદ્યાપુર નામ થયું. વિજાપુર લગભગ ત્રણેક વાર છિન્ન ભિન્ન થઈને ફરી વસ્યું. કુમારપાળ રાજાએ પણ અહીં ગામ ફરતે કોટ ભરાવ્યાનો ઉલ્લેખ છે.

વિ.સં. ૧૨૮૦માં વસ્તુપાલ તેજપાલે ચિંતામણિ પાર્શ્વનાથ દેરાસરનો જીર્ણોદ્ધાર કર્યો. તેથી એ દેરાસર તેનાથી પણ પાંચસો સાતસો વર્ષ જૂનું હોય એમ જણાય છે.

વિ.સં. ૧૨૮૫માં જગચંદ્રસૂરિએ વિજાપુરમાં ક્રિયાઉદ્ધાર કર્યો જેથી ચિત્તોડમાં તેમને 'તપા'નું બિરુદ મળ્યું અને તપાગચ્છની શરૂઆત થઈ. વિજાપુરની નજીકમાં જ ખડાયતા ગામ છે, જે હજાર વર્ષથી પણ વધુ પ્રાચીન છે. ત્યાંના કોટયર્કના મંદિરમાંથી ચાર હાથથી મોટી અજિતનાથની મૂર્તિ નીકળી છે. તેની પાસે મહુડી ગામ છે, જે જૂનું મહુડી કહેવાય છે. જ્યાં કોતરો પડી જવાથી નવું મહુડી ગામ તેની નજીકમાં જ વસ્યું છે. જેને ગુરુદેવે મધુપુરી નામ આપ્યું. ત્યાં પદ્મપ્રભુની મૂર્તિ જૂના મહુડી ગામમાંથી લાવીને પધરાવી તથા ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૮૦માં કરાવી. વિજાપુરની આસપાસનાં ગામો પણ ઘણાં પ્રાચીન છે. લાડોલ ગામમાંથી એક ઘર પાસે ખોદતાં વિ.સં. ૧૯૫૭માં અઢાર જૈન પ્રતિમાઓ નીકળી જેમાં એક ભદ્રબાહુ સ્વામીની હતી.

પ્રાંતિજ ગામમાં બે દેરાસરો શ્વેતાંબરો તથા દિગંબરોના હતાં. તે મુસ્લિમ શાસન દરમિયાન તોડીને મસ્જિદ બનાવવામાં આવી. અહીં પહેલાં હુંબડ જૈનો હતા. તે તેલંગણા તથા કર્ણાટકથી આવ્યા હતા. પ્રાંતિજમાં જૂની ઈંટો નીકળી છે. જે એક પોણો મણની છે.

જૂનું ખડાયત ગામ અને મહુડી ગામ પાસે પાસે છે. માળવાના રાજા ગર્દભસેનનું રાજ્ય ખડાયત સુધી હતું. તેને ગર્દભ વિદ્યા સિદ્ધ હતી. તેઓ રાજા વિક્રમના કાકા હતા. અહીંથી એક હાથ જેટલી મોટી ઈંટો મળી છે.

વિ.સં. ૧૩૫૬માં અલ્લાઉદ્દીનના સેનાપતિ જફરખાને સિદ્ધપુર, વડનગર, વિજાપુર, વીસનગર અને ખડાયતનાં મંદિરો તોડ્યાં. વિ.સં. ૧૩૩૩માં અહીં વાણિયાઓએ ખડાયતમાં પ્રતિમાઓ ભરાવી હતી તેવો એક ધાતુ પ્રતિમા પર લેખ છે. અહીંના વાણિયાઓ સં. ૧૩૫૬માં મુસ્લિમ રાજાઓની ચઢાઈથી ત્રાસીને નડિયાદ, મોડાસા, ઉમરેઠ વગેરે ગામોમાં રહેવા ચાલી ગયા. અહીં પાછળથી નવું કોટયર્ક મંદિર બન્યું. અહીંના કેટલાક લોકો મહુડી આવ્યા અને ત્યાંથી નવા મહુડીમાં વસી ગયા. આ ગ્રંથમાં ગુરુજીએ સમગ્ર ગુજરાતની ભૌગોલિક તથા ઐતિહાસિક માહિતી સવિસ્તર વર્ણવી છે.

વિજાપુરની આસપાસના પ્રદેશોમાંના વૃક્ષો અને પક્ષીઓ વિશે માહિતી આપતાં તેઓ જણાવે છે કે અહીં આંબા, મહુડા, રાયણ, પીપળા વગેરે હજારો વૃક્ષો હતાં. તેના પર મોર ટહુકા કરતા નજરે પડતાં હતા. પણ વૃક્ષો બધાં કપાઈ ગયાં તથા મોરનો પણ શિકાર થતાં હવે તે નહીંવત્ જણાય છે. વૃક્ષો કાપવાથી વરસાદ પણ પહેલાં કરતાં ઓછો પડે છે. માટે ખેતી બરાબર થતી નથી. તેથી અહીંની કણબી વગેરે લોકો અમદાવાદની મિલોમાં નોકરી કરવા લાગ્યા. વાણિયા તથા દેસાઈ કોમનાં ઘણાં કુટુંબો આજીવિકા માટે મુંબઈ તથા પરદેશ સ્થળાંતર કરી ગયાં.

વિજાપુરમાં ૯ શ્વેતાંબર જૈન મંદિરો તથા એક હુંબડ-દિગંબર મંદિર છે. જૂના વિજાપુર સ્થિત ચિંતામણિ પાર્શ્વનાથ મંદિરનો જીર્ણોદ્ધાર વસ્તુપાલ-તેજપાલે કરાવ્યો હતો, પરંતુ મહમ્મદ બેગડાના સમયમાં જૈન તથા હિંદુ મંદિરો ક્ષતિગ્રસ્ત થતાં પથ્થરમાંથી મસ્જિદ બાંધવામાં આવી અને તે પ્રતિમાજી ભાટવાડામાં એક બ્રહ્મભટ્ટને ત્યાં ત્રણસો વર્ષ રહી. તેમણે વિ.સં. ૧૮૩૧ સુધી જુદા ઓરડામાં પ્રતિમાજી રાખ્યા હતા. બ્રહ્મભટ્ટ મંગલજી જશકરણ પોતે તેનો વહીવટ કરતા હતા. તેમણે પ્રતિમાજી નવું મંદિર બનતાં સંઘને સં. ૧૮૩૧માં સોંપી દીધી.

અહીંનું પદ્માવતીનું દેરાસર ઘણું પ્રસિદ્ધ છે. એની પાસે ઇતિહાસ પ્રસિદ્ધ પેથડશાહની માતાનું ઘર હતું. તેઓ વિજાપુરમાં જન્મ્યા હતા. તેમનાં પત્ની પણ વિજાપુરના વતની હતાં. તેઓ અહીંથી માંડવગઢ ગયા હતા અને ત્યાં રાજાના મંત્રી બન્યા. તેમની કીર્તિ ચોમેર ફેલાયેલી હતી.

પદ્માવતી મંદિરની પ્રતિમાઓ બેથી ત્રણ વખત બદલાઈ હતી એમ થયેલા જીર્ણોદ્ધાર પરથી દેખાય છે. બીજાં દેરાસરોમાં મહાવીર સ્વામી, કુંથુનાથ, શાંતિનાથ, વાસુપૂજ્ય સ્વામી વગેરે મુખ્ય છે. આ ઉપરાંત અહીં ઘણા ઉપાશ્રયો છે. અહીંના જ્ઞાન મંદિરમાં ઘણાં પુસ્તકો છે.

અહીં બીજા મંદિરો પણ ઘણાં છે, જેમાં વિંધ્યવાસિની માતાનું મંદિર, નીલકંઠ મહાદેવનું દેવળ, કાલિકા માતાનું મંદિર, મહાલક્ષ્મીનું મંદિર, રાધાકૃષ્ણ મંદિર, રણછોડજી મંદિર વગેરે મુખ્ય છે.

વિજાપુરમાં પીંજારાની મસ્જિદ ઘણી પ્રાચીન છે. અહીં પુરીબાઈ નામની શ્રાવિકાને જોરજુલમથી મુસ્લિમ બનાવી હતી, તેની કબર ત્યાં ડાબી બાજુએ છે. જમણી બાજુએ એક ભોંયરું છે, જેમાં ઘણી મૂર્તિઓ છે જે પૂરી નાખવામાં આવ્યું. આ જગ્યા મહારાજશ્રીએ જાતે જોઈ હતી. તેમણે પ્રતિમાજીની માંગણી કરી હતી, પરંતુ નકારવામાં આવી. વિજાપુરમાં ફૈજુદીનમિયાનું રોઝુ આવેલું છે. ફૈજુદીનમિયાં પ્રતિષ્ઠિત ગૃહસ્થ હતા. તેઓ ગરીબ ગુરબાંને મદદ કરતા તથા હિન્દુ-મુસ્લિમો બધા સાથે સંપીને રહેતા હતા. તેમની અંત્યેષ્ટિમાં હિંદુ-મુસ્લિમ બધાઓએ ભાગ લીધો હતો. અહિંની બીજી મસ્જિદોમાં કાજીની મસ્જિદ, જુમ્મા મસ્જિદ વગેરે મુખ્ય છે.

ગુરુશ્રીએ વિજાપુર સ્થિત જૈન દેરાસર, ઉપાશ્રય, દેરીઓ, શિલાલેખો ઉપરાંત ત્યાં સ્થિત બીજાં મંદિરો, મસ્જિદો, તળાવો, શાળાઓ, ધર્મશાળા સંબંધી પ્રાચીન તથા અર્વાચીન માહિતી વિપુલ પ્રમાણમાં આવી છે.

જૈન ધર્મમાં ચાલી આવતી પાટ પરંપરા જે મહાવીર સ્વામીના શિષ્ય સુધર્મા સ્વામીથી ગણાય છે તે પણ આ પુસ્તકમાં આપી છે. જૈન સાધુઓના અલગ સંઘાડા, અલગ ગચ્છની ઉત્પત્તિ, ગચ્છનો ઈતિહાસ, ગચ્છની પાટ પરંપરા વગેરે દરેક વસ્તુનો તલસ્પર્શી અભ્યાસ કરીને બધી માહિતીઓ એકઠી કરીને સામાન્ય મનુષ્યની જાણ ખાતર પુસ્તકમાં સમાવી છે.

શ્રાવકોમાં દશા અને વીશા કેવી રીતે અસ્તિત્વમાં આવ્યા, કઈ જ્ઞાતિઓ પહેલા જૈન હતી અને હવે બીજો ધર્મ પાળે છે તેનું પુરાવા સહિત અવલોકન તેઓએ કર્યું છે. વિજાપુરમાં થયેલ પેથડદેવનું ઘર આજે ક્યાં છે, તે તેઓએ નિશાની આપીને જણાવ્યું છે.

વિજાપુર સ્થિત જૈન, હિંદુઓ, મુસ્લિમો વગેરે કોમ ક્યાંથી આવ્યા તથા કઈ સાલમાં ત્યાં વસ્યા તથા તેમાંનાં થોડાં કુટુંબો જે મુંબઈ કે પરદેશ વસ્યાં તેની માહિતી આ નાનકડા ગ્રંથમાં આપવાનું ભગીરથ કાર્ય તેઓએ ખૂબ સાહજિકતાથી કર્યું છે. દા.ત., ભિન્નમાલથી વિજાપુર આવેલા રાજા પંચબાણજીની સોળ પેઢીનો ઈતિહાસ, શ્રી મણિલાલની પ્રાચીન વહીમાંથી ઉતારીને આ પુસ્તકમાં આપ્યો છે. રાજા પંચબાણજી સં. ૧૧૯૧માં જન્મ્યા હતા. યુવરાજ થયા પછી શ્રી પદ્મદેવ સૂરિના બોધથી ક્ષત્રિયમાંથી જૈનધર્મી થયા. તેમણે ભિન્નમાલમાં વસનારા બાર હજાર છસો પાંત્રીસ જૈનોને ઘેર લહાણામાં એક સોનામહોર, એક પાંચશેરી થાળી અને એક લાડવો એમ આપ્યા હતા. તેઓ મગનલાલ કંકુચંદના પૂર્વજ હતા.

બુદ્ધિસાગરજીએ તેમની પંદર પેઢીઓ દર્શાવીને માણસ ધારે તો શું શોધી ન શકે તે બતાવી આપ્યું. વિજાપુરનો ઇતિહાસ તેની ત્યારની ભૌગોલિક સ્થિતિ અને તે પુરાણમાં કયા નામે પ્રસિદ્ધ હતું તે બતાવ્યા પછી તેઓએ ગુજરાત રાજ્યમાં કયા રાજાનું રાજ્ય કયા સમયમાં ચાલતું હતું, તેની હદ ક્યાં સુધીની હતી અને તેનો ૨૫૦૦ વર્ષ પહેલાનો ઇતિહાસ તથા વંશાવળી બતાવી છે. તે જ પ્રમાણે સાથે સાથે તેઓએ બિહાર, તેલંગણા, કર્ણાટક વગેરેમાં થઈ ગયેલા રાજાઓની વંશાવળી આપી છે. આમ, તેમણે આ પુસ્તકનું નામ જે ભારત-ગુજરાત-વિજાપુર બૃહદ્ વૃત્તાંત આપ્યું તે યોગ્ય છે.

આચાર્ય બુદ્ધિસાગરજીએ વિજાપુરના ઇતિહાસને પ્રકાશિત કરનાર સંઘપુરમાંથી પ્રાપ્ત થયેલા શિલાલેખમાં વર્ણન કરાયેલા, ખરતર ગચ્છીય જિનેશ્વરસૂરિ કઈ સાલમાં વિજાપુર આવ્યા હતા તે વિગત અને તેમની પટ્ટાવલી આપી છે. એ પટ્ટાવલી પ્રમાણે જિનેશ્વર સૂરિ જીનદત્તસૂરિના પ્રશિષ્ય હતા તથા વિ.સં. ૧૨૭૮માં જાલોરમાં સૂરિપદ મેળવ્યું હતું. જૂનું વિજાપુર ગામ વિ.સં. ૧૨૭૮ સુધી સારી સ્થિતિમાં હતું. શિલાલેખોમાં નિરૂપેલા ગચ્છો વિશેની માહિતી તેમણે આપી છે.

"જેમકે વિ.સં. ૧૪૭૧માં બ્રાહ્મણ ગચ્છ, વિ.સં. ૧૫૭૫માં આગમ ગચ્છ, આનંદરત્ન સૂરિ વિ.સં. ૧૪૬૫, આગમિક ગચ્છ, અમરસિંહ સૂરિ, વિ.સં. ૧૫૪૧ તપાગચ્છ હેમ વિલમસૂરિ વિ.સં. ૧૫૮૩ ખરતર ગચ્છ જિનહંસસૂરિ."

- આ પ્રમાણે શિલાલેખો, ઉપાશ્રય, પ્રતિમાજી વગેરે પર અંકિત સાધુઓ અને ગચ્છો વિશેની સર્વ માહિતી તેમણે આપી છે.

- વિજાપુર ગામમાં પ્રતિષ્ઠિત થયેલી જિનપ્રતિમાઓ જે હાલ અમદાવાદ, ઈડર વગેરે ગામોમાં બિરાજમાન છે તેના શિલાલેખો આ પુસ્તકમાં તેઓએ આપ્યા છે.

- અહીં રચાયેલા રાસાઓની પ્રશસ્તિ આચાર્યશ્રીએ આપી છે. જેમાં સં. ૧૭૦૮માં ભાવવિજયજીએ ચંપકમાલા ચરિત્ર રચ્યું. સં. ૧૮૧૫માં દેવરત્નગણિએ ગજસિંધુકુમારનો રાસ રચ્યો, સં. ૧૮૨૧માં નેમિવિજયજીએ ધર્મપરીક્ષાનો રાસ રચ્યો. 'અભયકુમાર ચરિત્ર'ની પ્રશસ્તિ પરથી વિજાપુરનો ઘણો ઇતિહાસ જાણવા મળે છે. તે સં. ૧૩૧૨માં રચાતું હતું એના રચનાર ખરતર ગચ્છીય જિનપતિ સૂરિ વિજાપુરના પ્રતિષ્ઠિત કુટુંબના યશોવર્ધન શેઠના પુત્ર હતા અને તેમણે જિનેશ્વર સૂરિ પાસે દીક્ષા લીધી હતી. ઉપરાંત સાગર શાખાની સંપૂર્ણ પટ્ટાવલી ગુરુજીએ આપી છે.

- અહીંની મસ્જિદોમાં થયેલા જીર્ણોદ્ધારની વિગત તથા ગામમાં સ્ટેશન નજીક આવેલા ઇદગાહ પરનો શિલાલેખ જે અરબી ભાષામાં છે તેનો અનુવાદ તેમણે આપ્યો છે. તે શિલાલેખ હિજરી સંવત ૧૦૬૩નો છે.

- આ ગ્રંથની લાક્ષણિકતા આમાં સમાવવામાં આવેલી પ્રચુર માત્રાની માહિતીઓ છે જેમાંની થોડી નીચે આપી છે.

## ગુજરાત

**(૧) ચાવડા વંશ** - ઈ.સ. ૭૮૦ થી ૯૬૧, મુખ્ય રાજાઓ, વનરાજ, ક્ષેમરાજ

**(૨) સોલંકી વંશ** - ઈ.સ. ૯૬૧ થી ૧૨૪૨, મુખ્ય રાજાઓ મૂળરાજ, સિદ્ધરાજ, કુમારપાળ

**(૩) વાઘેલા વંશ** - ઈ.સ. ૧૨૧૯ થી ૧૩૦૪, મુખ્ય રાજાઓ વીરધવળ, લવણપ્રસાદ, સારંગદેવ, કરણદેવ.

- દિલ્હીમાં જ્યારે ગુલામ વંશ, ખીલજી વંશ, તઘલખ વંશ હતો ત્યારે તેમના જે સૂબાઓ ગુજરાત પર અમલ કરતા હતા તેમના નામ આચાર્યએ દર્શાવ્યાં છે :

- મોગલ વંશ, ગુલામ વંશ ખીલજી વંશ વગેરે દરેકની નામાવલી તેમણે તેમના રાજ્યકાલ સાથે આપી છે.

- મરાઠી રાજ્યની વંશાવલીમાં ૧૬૬૪ થી ૧૮૪૮ સુધીની વંશાવલી આપી છે.

- મોગલ વંશના અમલ દરમિયાન બનેલા અગત્યના બનાવોની તવારીખ તેમણે આપી છે, જેમ કે, સર ટોમસ રોનું હિંદમાં આવવું ઈ.સ. - ૧૬૧૫.

- નાદિરશાહની સવારી - ઈ.સ. ૧૭૩૯.

- મરાઠી રાજ્યના મુખ્ય બનાવો, પેશ્વાની વંશાવલી

- તે ઉપરાંત શ્રીરામના વંશજ, શ્રીકૃષ્ણના વંશજ અને તેમનું રાજ્ય ક્ષત્રપ, શાલિવાહન, માળવાના પરમાર વંશ, કુમારપાળનું વંશ, નંદવંશ, ગુપ્ત વંશ, મૌર્ય વંશ દરેકની નામાવલી ગુરુવર્યે આપી છે.

આ પ્રમાણે આ ગ્રંથ 'વિજાપુર વૃત્તાંત' ન રહેતાં 'ભારત-ગુજરાત વિજાપુર વૃત્તાંત બની રહે છે.

●●●

## (૪) જૈન ધાતુ પ્રતિમા લેખસંગ્રહ (ભાગ ૧,૨)

આચાર્ય બુદ્ધિસાગરજીની ઇતિહાસ પ્રત્યેની રુચિ આ ગ્રંથના લેખન માટે કરેલી જહેમત પરથી સિદ્ધ થાય છે. તેઓએ શ્રી કેશવલાલ હર્ષદરાય ધ્રુવ સાથે ચર્ચા કરીને ભારતવર્ષમાં ઘણી જૂની પ્રતિમાઓ તથા તેના લેખો ઉપર શોધખોળ થવી જોઈએ એમ નક્કી કર્યું. જૈનોમાં મૂર્તિઓ ઉપર તેની પ્રતિષ્ઠા કરાવનાર શ્રેષ્ઠીએ કયા ગુરુ મહારાજ દ્વારા કઈ સાલમાં કઈ જગ્યાએ તે પધરાવી તે સર્વ વિગત હોવાથી ઘણી દુર્લભ જાણકારી પ્રાપ્ત થાય છે.

આચાર્યની પ્રેરણાથી 'અધ્યાત્મ જ્ઞાન પ્રસારણ મંડળ' દ્વારા ભારતનાં તમામ જૈન મંદિરો અને જૈન ભંડારોમાંથી જે જે પ્રતિમા લેખો મળ્યા તેનું સંકલન તેઓએ આ પુસ્તકમાં કર્યું.

પહેલાનાં સમયમાં જૈનોની જાહોજલાલી કેટલી બધી હતી તે આ ગ્રંથમાંથી મળે છે. આ ગ્રંથના પ્રથમ ભાગમાં ૧૫૨૩ લેખો અને બીજા ભાગમાં ૧૫૦૦ જેટલા પ્રતિમા લેખો આવરી લેવામાં આવ્યા છે. આ લેખો કયા મંદિર તથા કયા ગામમાં આવ્યા છે. તેની યાદી તેઓએ આપી છે.

પ્રથમ ભાગના લેખો લગભગ ચોપન્ન શહેરનાં મંદિરોમાંથી લીધા છે. જ્યારે બીજા ભાગમાં લગભગ બાર જેટલાં શહેર, મંદિરો અને ભંડારોમાંથી લીધા છે. આ સર્વ હકીકત પરથી જૈનોમાં પૂર્વે કઈ જ્ઞાતિઓ હતી તેની જાણ થાય છે. આમાંથી ઘણાં ગામ એવાં છે જ્યાં આજે જૈનોની વસ્તી નથી, પરંતુ ત્યાંના રહેવાસીઓએ ખૂબ ધન ખર્ચીને પ્રતિષ્ઠા અને જીર્ણોદ્ધાર કરાવ્યા છે એ ફલિત થાય છે. સૌરાષ્ટ્રના દીવ અને કોડીનાર ગામમાં ઘણા શ્રાવકોએ ત્યાંના જૈન મંદિરમાં તથા શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોમાં મૂર્તિઓ પધરાવી છે, પરંતુ હવે ત્યાં જૈનોની વસ્તી નથી. ત્યાંના જૈનો નગર છોડીને ચાલી ગયા અથવા ધર્મપલટો કર્યો હોવો જોઈએ. દીવમાં આજે પણ સુંદર જૈન મંદિર અને પ્રતિમાઓ છે. ત્યાં પાર્શ્વનાથની પ્રતિમાના મુગટ અને આંગી તે સમયના નવ લાખ રૂપિયાની કિંમતના હતા. એથી આજે પણ નવલખા પાર્શ્વનાથ કહેવાય છે.

પ્રતિષ્ઠા કરાવનારા આચાર્ય મહારાજ કયા ગચ્છના હતા અને આજે એમાંથી કેટલા ગચ્છ હયાત છે, કઈ જ્ઞાતિઓ હવે જૈન ધર્મ પાળતી બંધ થઈ ગઈ. એ સર્વેની જાણકારી આ ગ્રંથ દ્વારા પ્રાપ્ત થાય છે. તેઓએ શ્વેતાંબર અને દિગંબર બંને સંપ્રદાયની પ્રતિમાઓ, તે ભરાવનાર આચાર્યોનાં નામ અને ગચ્છ વગેરે બધી માહિતી આ ગ્રંથમાં આપી છે.

આ પ્રમાણે આચાર્યશ્રીએ અનેક મંદિરો અને ગ્રંથભંડારોમાંની પ્રતિમા પરના લેખોને પ્રકાશમાં લાવવાનું ભગીરથ કાર્ય કર્યું.

## વિવેચનાત્મક ગ્રંથો

### (૫) આનંદઘન પદસંગ્રહ - ભાવાર્થ

યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરજીને સત્તરમી સદીમાં થયેલા અધ્યાત્મયોગી આનંદઘનજી ઘણા પ્રિય હતા. ગુરુદેવે તેમના દ્વારા રચાયેલા આધ્યાત્મિક પદોનું વિસ્તૃત વિવેચન સુંદર શૈલીમાં કર્યું છે. આ વિવેચન તેમણે જ્ઞાની ગુરુઓનાં શ્લોક અને સ્તવન આલેખીને જરૂર લાગે ત્યાં દૃષ્ટાંતો આપીને વિસ્તારથી સમજાવ્યું છે. તેમણે આ ભગીરથ કાર્ય સં. ૧૯૬૭ના મુંબઈના ચાતુર્માસ દરમિયાન અહીંની પ્રવૃત્તિમય દિનચર્યામાંથી થોડો સમય ફાળવીને કર્યું.

આનંદઘનજીએ ૭૨ કે ૧૦૮ પદો રચ્યાં હતાં. તે ઉપરાંત તેમણે ચોવીસીઓ અને સ્તવનોની રચના પણ કરી હતી. તેમના દ્વારા રચાયેલી ચોવીશી પર જ્ઞાનસાગરજીએ સ્તબક રચીને તેના ભાવાર્થ પર ઘણો પ્રકાશ પાથર્યો છે. શ્રી પાદરાકર ગુરુવરના અધ્યાત્મરંગથી ભરપૂર પ્રસ્તુત ગ્રંથ વિશે જણાવે છે :

"રગે રગે અધ્યાત્મનો રંગ લાગ્યો હોય, શાસ્ત્રનું, ધ્યાનુયોગનું, યોગનું સ્વરૂપ જાણ્યું-અનુભવ્યું હોય, ખૂબ સત્સંગ થતા હોય અને વિરમી ગયેલા આત્માને ખૂબ શાંતિ હોય, તો જ આવાં વિવેચનો સાધ્ય બની શકે. આ ભાવાર્થ એક ત્યાગી સંત સાત્ત્વિક વૃત્તિવાળા યોગી અધ્યાત્મ જ્ઞાની કવિ-પંડિત શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરે લખ્યો છે. તે કેટલો સુંદર તલસ્પર્શી અને જીવંત છે, મૂળકર્તા પુરુષના આશયની છબી તેમાં ઊઠી છે."

ઉપરોક્ત પ્રશંસાયુક્ત વાક્યોમાં શ્રી પાદરાકર ગુરુદેવ બુદ્ધિસાગરજીને એક સમર્થ અધ્યાત્મજ્ઞાની તરીકે આલેખે છે. અવધૂત આનંદઘનજી અનેક સિદ્ધિઓના સ્વામી, યોગી મહાત્મા, આગમ શાસ્ત્રોના જાણકાર અને અલંકાર શાસ્ત્રમાં નિપુણ પ્રખર વિદ્વાન હતા. તેમનાં પદો અને સ્તવનો વિશેની વિવેચના કરનાર કવિ કે લેખક જો અધ્યાત્મ રંગથી રંગાયેલ સમર્થ ત્યાગી વિરલ વિભૂતિ હોય તો જ આવી આત્મપરિણતી યોગે નીકળેલા રહસ્યમય પદો રૂપી હૃદયના ઊભરાઓને પરિપૂર્ણ જાણીને સરળ શૈલીમાં સદૃષ્ટાંત સમજાવી શકે.

આ ગ્રંથ ગુરુદેવે તેમના ગુરુ સુખસાગરજીને અર્પણ કર્યો છે. અર્પણ કવિતા ચાર પંક્તિવાળી ૧૧ કડીથી યુક્ત છે. આ કવિતાની અંતિમ પંક્તિઓમાં તેઓ નિરૂપે છે :

**વ્હાલા હૃદયના પ્રાણ ! પ્રેમે ગ્રંથ આ સ્વીકાશો,**
**જે ભૂલચૂક જ હોય તે માફી દઈને તારશો,**
**જેવું રચ્યું તેવું સમર્પણ ભક્તિથી કીધું ખરું.**
**બુદ્ધ્યબ્ધિ તે સ્વીકારીને આનંદ પામો સદ્‌ગુરુ...(૧૧)**

ઉપરોક્ત કડીમાં તેઓ ગુરુ સુખસાગરને પોતાના હૃદયમાં ધબકતા પ્રાણ તરીકે સંબધીને પ્રેમથી ગ્રંથને સ્વીકારવા વિનંતી કરે છે.

આ ગ્રંથમાં ૨૫૧ પૃષ્ઠોની પ્રસ્તાવનામાં ગુરુદેવે ગ્રંથરચનાની પ્રેરણા, અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા, આનંદઘનજીના જીવનની રૂપરેખા, તેમના વિશેની કિંવદંતીઓ, ચોવીસીની આછેરી ઝલક, તેમની પ્રશંસા કરતી બે પંક્તિવાળી ૩૮ કડીની ગઝલ અને મંદાક્રાન્તા છંદમાં રચિત ૨૪ પંક્તિની સુંદર કવિતાનો સમાવેશ કર્યો છે. આ સિવાય ગુરુદેવે આનંદઘનજીનું જીવનચરિત્ર દર્શાવતાં હરિગીત છંદમાં ચાર પક્તિવાળાં બાવન પદોની રચના પણ કરી છે. જેમાં તેમના જીવનમાં ઘટિત અગત્યની ઘટનાઓને સાંકળવામાં આવી છે.

બુદ્ધિસાગરજી સ્વયં ઘણા સમયથી 'આનંદઘન પદ-ભાવાર્થ' લખવાનો વિચાર કરતા હતા તે દરમિયાન શ્રેષ્ઠી વ્રજલાલ દીપચંદ ભાવનગરવાળાની પણ વિનંતી થતાં ગ્રંથરચનાનો પ્રારંભ ત્વરિત થયો. તેમણે અમદાવાદ, પાટણ વગેરે ગામોથી આનંદઘનજીનાં પદોની હસ્તલિખિત પ્રતિઓ મંગાવી. તે દરમિયાન તેમને શ્રાવક ભીમસિંહ માણેક દ્વારા સંશોધિત થઈને છપાયેલાં આનંદઘનજીનાં ૧૦૭ પદો પ્રાપ્ત થતાં તેમણે આ ગ્રંથમાં સર્વ મળીને ૧૦૮ પદોનું વિવેચન વિસ્તારપૂર્વક કર્યું છે. બુદ્ધિસાગરજીએ પ્રસ્તાવનામાં અધ્યાત્મજ્ઞાનની જરૂરિયાત સમજાવતાં ૧૨૧ પૃષ્ઠો ગ્રંથની ભૂમિકારૂપે લખ્યાં છે. અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા વિગતથી સમજાવતાં તેઓ લખે છે :

"હૃદયમાં ધર્મના અપૂર્વ પ્રેમને ઉત્પન્ન કરનાર અધ્યાત્મજ્ઞાન છે... જે જે મુનિવરો અધ્યાત્મજ્ઞાનની ઉપાસના કરે છે તેઓ બાહ્ય દુનિયાને સ્વપ્નસમાન ક્ષણિક માનીને આંતરિક જ્ઞાનાદિ લક્ષ્મીને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. કોઈ પણ મનુષ્ય, અધ્યાત્મજ્ઞાન વિના મોક્ષમાર્ગમાં ચાલી શકનાર નથી. શ્વાસોશ્વાસને અને પ્રાણને જેમ નિકટનો સંબંધ છે તેમ આનંદ અને અધ્યાત્મજ્ઞાનને પણ નિકટનો સંબંધ છે."

ઉપરોક્ત વાક્યોમાં આચાર્યશ્રીએ મનુષ્યને અધ્યાત્મજ્ઞાનથી થતા ફાયદાઓ વર્ણવ્યા છે. જ્યારે મનુષ્ય સમતાભાવમાં લીન થાય છે ત્યારે મોહમાયાનાં બંધન આપોઆપ જ છૂટી જાય છે અને એને અથાગજ્ઞાન સ્ફુરે છે. એનું દૃષ્ટાંત ઇલાચીકુમાર છે જેને વાંસ પર નાચતા નાચતાં પોતાના હૃદયના મનોમંથન દ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત થયું. અધ્યાત્મજ્ઞાન સૂર્ય જેવું પ્રકાશમાન હોવાથી અંધકારરૂપ અવગુણને ભેદવા સમર્થ થાય છે. જ્યારે હૃદય અધ્યાત્મજ્ઞાનની ખુમારીથી આનંદિત થયેલું હોય ત્યારે તે બાહ્ય પદાર્થોમાં સુખ મેળવવા પ્રયત્ન કરતું નથી, પરંતુ આત્મિક સુખ મેળવવા ઝંખે છે. તેઓ અલગ અલગ દૃષ્ટિકોણ અને દૃષ્ટાંત દ્વારા મનુષ્યને અધ્યાત્મ જ્ઞાનની ઉપયોગિતા સમજાવે છે. તેમણે હેમચંદ્રાચાર્ય રચિત 'યોગશાસ્ત્ર', મુનિસુંદરસૂરિ રચિત કલ્પદ્રુમ, ઉપાધ્યાય યશોવિજય કૃત 'અધ્યાત્મસાર' વગેરે ગ્રંથોના ઘણાં શ્લોકોના ભાવાર્થ સમજાવીને

અધ્યાત્મજ્ઞાન-યોગમાર્ગની પુષ્ટિ કરી છે. શ્રી વિનયવિજયજીને હઠયોગનું ઘણું જ્ઞાન હતું જે સંબંધી તેમણે અનેક પદોની રચના કરી હતી. ગુરુદેવે એ પદો પણ પ્રસ્તાવનામાં સમજાવ્યાં છે.

આચાર્ય બુદ્ધિસાગરજીએ યોગ અને ધ્યાનનાં બળે અનુભવાતાં સુખદ આનંદ વિશે હેમચંદ્રાચાર્ય કૃત યોગશાસ્ત્રનો શ્લોક સમજાવ્યો છે.

**"मोक्षोस्तुमास्तुयदिवा परमानन्दस्तुवेद्यते स खलु ।**
**यस्मिन्निखिलसुखानि प्रतिभासन्ते नकिञ्चिदिव ।।"૪૧**

મોક્ષ મળે કે ન મળે પણ ધ્યાન દ્વારા મોક્ષનો પરમ આનંદ પ્રાપ્ત થાય છે, જેની આગળ દુનિયાનાં સર્વ સુખો તુચ્છ ભાસે છે. હેમચંદ્રાચાર્યના આ શ્લોકથી પ્રતીત થાય છે કે યોગી મહાત્માઓ દુન્યવી સુખને તુચ્છ ગણીને આત્મિક સુખમાં સદાકાલ મસ્ત બનીને રહે છે. તેઓ યૌગિક લયઅવસ્થાથી મોક્ષનો પરમાનંદ આ દુનિયામાં જ જીવિત રહીને ભોગવે છે. માટે મનુષ્યોએ ધ્યાન અને યોગના બળે ઉન્મનીભાવ તથા લયસમાધિ પ્રાપ્ત કરવી જોઈએ. લય અવસ્થામાં પરમાનંદ ભોગવતા મુક્તિના સુખની પૂર્ણ શ્રદ્ધા પ્રગટે છે.

આચાર્ય બુદ્ધિસાગરજી હેમચંદ્રાચાર્ય રચિત ઉપરોક્ત શ્લોકનું વિવેચન કરતાં લખે છે :

"શ્રી હેમચંદ્રે પોતાના હૃદયનો ખરેખરો સાર આ શ્લોકમાં મૂકી દીધો છે. દુનિયાનાં પંચેન્દ્રિય વિષય સુખો અને આત્મિક સુખની તુલના આ શ્લોકમાં કરવામાં આવી છે. દુનિયાનાં સુખોની પેલે પાર રહેલું એવું આત્માનું નિત્ય સુખ જેણે અનુભવ્યું હોય તે આવા ઉદ્‌ગારો કાઢવા સમર્થ થાય છે. મોક્ષનો પરમાનંદ તો અમારાથી વેદાય છે, એમ શ્રીમદ્‌નું મુક્તકંઠથી કથવું થાય છે. મોક્ષનો પરમાનંદ વેદાય છે એ તો નિશ્ચિત છે અને તેના કથનાર કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્ર પ્રભુ છે... તેમના જેવા મહાપુરુષ મોક્ષનો પરમાનંદ ખરેખર ઉન્મનીભાવ અને લયાવસ્થાથી ભોગવે એમાં કાંઈ અતિશયોક્તિ નથી."

શ્રી હેમચંદ્રાચાર્ય મનુષ્યની શક્તિ અને આત્માની નિષ્ક્રિય અવસ્થા લયસમાધિ દ્વારા પ્રગટે છે એમ દર્શાવે છે. તેમને ધ્યાનસમાધિનો અનુભવ થયો હતો અને તેઓ તેમાં લીન રહીને અવર્ણનીય આનંદ પ્રાપ્ત કરતા હતા એમ જણાય છે.

મુનિસુંદરસૂરિ સ્વરચિત અધ્યાત્મકલ્પદ્રુમમાં મનને જ મોક્ષનું કારણ દર્શાવતા લખે છે :

**"जपो न मुक्त्यै न तपोद्विभेदं न संयमोनापि दमो न मौनम् ।।**
**न साधनाद्यं पवनादिकस्य किन्त्वेकमन्तः करणंसुदान्तम् ।।૭।।"**

ઉપરોક્ત શ્લોકનું વિવેચન કરતાં શ્રી બુદ્ધિસાગરજી જણાવે છે :

"ઉત્તમ ધર્માનુષ્ઠાનો સાથે મનને વશ રાખતાં શીખવું જોઈએ. તેમજ મનના શુદ્ધ પ્રાણિધાનથી ધર્માનુષ્ઠાનો આચરવાં જોઈએ. સર્વ ધર્મક્રિયાઓનું ફળ મનોનિગ્રહ છે. મનને વશ કરવાથી મોક્ષ મળે છે.

આ પ્રમાણે મુનિસુંદરસૂરિના શ્લોકના વિવેચન પરથી ફલિત થાય છે કે તપ, જપ, સંયમ, દમન વગેરેની ફક્ત સાધના કરવાથી મોક્ષ પ્રાપ્ત થતું નથી, પરંતુ સારી રીતે કેળવાયેલું સંયમમાં રહેતું શુદ્ધ મન જ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

આ ઉપરાંત ગુરુદેવે વિશેષ આવશ્યક સૂત્ર, ઉપદેશમાલા, પ્રવચન-સારોદ્ધાર, સમ્મતિતર્ક વગેરે ગ્રંથોના શ્લોક ભાવાર્થ સાથે સમજાવીને અધ્યાત્મજ્ઞાનથી મનુષ્યને પ્રાપ્ત થતી સિદ્ધિઓનું વર્ણન કર્યું છે. આનંદઘનજીના જીવનની ઝલક દર્શાવતાં પદોમાં તેમના શબ્દો વિશે ગુરુદેવ બુદ્ધિસાગરજી લખે છે :

**નાભિ થકી જે ઊઠતો તે શબ્દનો મહિમા ઘણો,**
**એ દેવશક્તિ દાખવે લાગે હૃદય રળિયામણો,**
**ગંભીર ત્હારી વાણીમાં ભાવાર્થ બહુ ઊંડા છતા**
**જે દિલ તારું જાણતાં તે ભાવ તારો ખેંચતા....૩૩**

આનંદઘનજીનાં પદો હૃદયના ભાવ દર્શાવતા હોય છે એમ ઉપરોક્ત પંક્તિઓમાં શ્રી બુદ્ધિસાગર નિરૂપે છે. શ્રીમદ્‌ના શબ્દો અત્યંત ભાવવાહી ઊંડો ભાવાર્થ ધરાવતા અધ્યાત્મજ્ઞાનથી ભરપૂર હોવાને લીધે દૈવશક્તિ યુક્ત હોય એમ અનુભવાય છે. ઉપરોક્ત પંક્તિઓ હરિગીત છંદમાં શ્રી આનંદઘનજીની સ્તુતિરૂપે રચાયેલી છે.

ગુરુદેવ પ્રસ્તાવનામાં ૧૦૦ પૃષ્ઠોમાં આનંદઘનજીના નિસ્પૃહી જીવન વિશેની માહિતી, તેમનાં સ્તવનો અને પદોના આધારે આપી છે. તેમનું નામ લાભાનંદ હતું. તેમની રચનામાં આવતા શબ્દોની ભાષા પરથી તેઓ ગુજરાતના વતની હતા એવું લાગે છે. તેઓ કદી મોટા દંભી શ્રાવકોની ખરાબ વર્તણૂક ચલાવતા ન હતા. તેમને અનેક સિદ્ધિઓ વરેલી હતી, પરંતુ તેઓ ચમત્કારમાં માનતા ન હતા. ઉપાધ્યાય યશોવિજયજીની વિદ્વત્તાની વાત સાંભળીને તેઓ તેમને મળવા ઉપાશ્રયમાં વ્યાખ્યાનમાં બીજા યતિઓની સાથે બેસી ગયા. ઉપાધ્યાયજીના અધ્યાત્મજ્ઞાન વિશેના અસરકારક તર્કયુક્ત વ્યાખ્યાનથી બધા શ્રોતાઓને તેમના સિવાય ખૂબ સંતોષ થયો. ત્યારે ઉપાધ્યાયજીએ તેમને પૂછ્યું : "હે મહાત્મા, તમને વ્યાખ્યાનમાં સમજ પડી ને ?" ત્યારે ઉત્તરમાં આનંદઘનજીએ તેમની વિનંતીથી ત્રણ કલાક સુધી અવિરત અધ્યાત્મ શ્લોકનું વ્યાખ્યાન કરતાં ગયા અને તરત જ યશોવિજયજી તેમને ઓળખી ગયા અને તેમની પ્રશંસા કરતાં તત્કાળ અષ્ટપદીની રચના કરી, જે નીચે મુજબ છે :

**"आनंदधनजीको आनंद सुजश ही गावत ।।**
**रहत आनंद सुमता संग ।**
**सुमति सखी ओर न बल आनंदधन,**
**मिल रहे गंग तरंग ।।१।।**
**मनमंजन करके निर्मल कीयो हे चित्त**

तापर लगायो हे अविहड रंग ।
जसविजय कहे सुनत ही देखो,
सुख पायो बोत अभंग ॥२॥"

યશોવિજયજીએ રચેલી આનંદઘનજીની અષ્ટપદીમાંથી ઉપરોક્ત પદ બીજું છે. આ પદમાં તેઓ તેમને મળીને થયેલા સુખાનંદની અનુભૂતિ પદમાં ગાઈને વર્ણવે છે. આનંદઘનજી સ્વભાવે ખૂબ નિર્મળ અને સમતાધારી હોવાથી યશોવિજયજી તેમને સુમતિ સખી પ્રત્યે નારાજગી ન કરનાર ગંગાનદીમાં ઊઠતા તરંગ સાથે સરખાવે છે.

ઉપરોક્ત પદ વિશે શ્રી બુદ્ધિસાગરજી વર્ણવે છે :

"ગુણાનુરાગ મૂર્તિરૂપ શ્રી યશોવિજયજી ઉપાધ્યાયજીએ આનંદઘનજીની જે સ્તુતિ કરી છે અને તેમાં આનંદઘનનો આત્મા, કે જે આનંદના ઘન અર્થાત્ સમૂહમાં રમતો હતો, તેની સાથે સુમતિનો સંબંધ સરસ રીતે વર્ણવ્યો છે... આનંદઘનજીની સંગતિથી શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયનું અધ્યાત્મજ્ઞાન તરફ વલણ થયું અને અધ્યાત્મરંગ લાગ્યો એમ સિદ્ધ કરે છે."

શ્રી બુદ્ધિસાગરજીએ આનંદઘનજીનાં ૧૦૮ પદો સિવાયના પ્રાપ્ત થયેલાં ત્રણ પદોનો સમાવેશ પ્રસ્તાવનામાં કર્યો છે. જેની અનુક્રમે ૪, ૫ અને ૩ કડીઓ છે. આ પદોમાં આત્મા અને કાયાના સંગની સુંદર વાત આનંદઘનજીએ અનોખી રીતે પ્રસ્તુત કરીને સંસાર-શરીરની અસારતા સમજાવી છે :

**"अब चलो संग हमारे, काया अब चलो संग हमारे,**
**त्होंये - बहोत यत्न करी राखी, काया अब चलो०**
**तोंये कारणमें जीव संहारे, बोले जूठ अपारे,**
**चोरी करी परनारी सेवी, जूठ परिग्रह धारे... काया अब चलो० ( १ )**

...

...

**जीव सुणो या रीत अनादि, कहा कहत वारंवारे,**
**में न चलुंगी तोंये संग चेतन, पापपुण्य दो लारे... ( ३ )"**

આ પદમાં આત્મા, મૃત્યુ સમયે શરીરને પોતાની સાથે આવવા આમંત્રે છે. જીવન દરમિયાન આત્માએ કાયા માટે શું શું કર્યું હતું તે પંક્તિઓમાં સચોટ રીતે સમજાવે છે. આના જવાબમાં કાયા ચેતનને દુનિયાની રીત-રસમ દર્શાવતા કહે છે કે શરીર કદી એક ભવથી બીજા ભવમાં પણ આત્માનો સાથ આપતું નથી, પરંતુ તેના દ્વારા કરાયેલું પાપ અને પુણ્ય બે જ 'લારે' એટલે કે સાથે આવે છે. બુદ્ધિસાગરજી આ પદનો ભાવાર્થ સમજાવતાં કહે છે :

"હે ચેતન ! તારી સાથે મારા સંબંધે તેં કરેલું પુણ્ય અને પાપ એ બે સાથે આવશે અને તેથી તું પરભવમાં પુણ્ય પાપના યોગે શુભાશુભ શરીર ધારણ કરીને સુખ-દુઃખ ભોગવશે."

જૈનોમાં સૌ પ્રથમ હૃદયના ઉદ્‌ગારોને ભાષારૂપ આપી પદમાં વર્ણવાનો પ્રારંભ આનંદઘનજી દ્વારા થયો. તેમનાં પદોમાં વહેતો દિવ્ય જ્ઞાનગંગાનો પ્રવાહ ખૂબ જીવંત લાગે છે. તેમના સમયમાં અલગ ગચ્છોના વાડાની શરૂઆત થઈ ચૂકી હતી. આનંદઘનજી પક્ષભેદમાં માનતા ન હતા. દરેક ગચ્છવાળા પોતાના ધર્મને જ સત્ય માનતા, જેને લીધે પણ ઘણા પ્રમાણિક શ્રાવકો કોઈ સત્ય સાધુની શોધ કરતા હતા. શ્રાવકો આ સંશયના ઉત્તર માટે શ્રી આનંદઘનજી પાસે જઈને એમને વિનયપૂર્વક પૂછતાં એમણે ઉત્તર આપ્યો કે સર્વ સિદ્ધાંતોના જ્ઞાતા ઉપાધ્યાય યશોવિજયજી છે.

બુદ્ધિસાગરજીએ પ્રસ્તાવનામાં આનંદઘનજી વિશેની ઘણી કિંવદંતીઓનો સમાવેશ પણ કર્યો છે. એક સમયે વિહાર દરમિયાન તેઓ બિકાનેર શહેરમાં હતા. ત્યાં એક શાહજાદો બધા સાધુઓની ખૂબ મશ્કરી કરતો હતો. શ્રીમદ્‌ને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેમણે તેને પાઠ ભણાવવાનું વિચાર્યું. તેઓ શાહજાદાના પડાવની આસપાસ વિહરવા લાગ્યા, અને જેવી શાહજાદાએ તેમની મશ્કરી કરી ત્યારે તેને 'બાદશાહ કા બેટા ખડા રહે' એમ કહેતાં તેનો ઘોડો બિલકુલ ખસ્યો નહિ. ત્યારે બાદ રાજા દ્વારા શાહજાદો આવું કામ નહિ કરે એવી ખાતરી મળ્યા બાદ તેમણે 'બાદશાહ કા બેટા ચલેગા' એમ કહેતાં શાહજાદાનો ઘોડો ચાલવા લાગ્યો. આવી ચમત્કારિક સિદ્ધિનો ઉપયોગ તેઓ જવલ્લે જ શાસન હિતાર્થે કરતા હતા.

શ્રી આનંદઘનજી સ્વભાવે મિલનસાર, આનંદી અને ગંભીર હતા. તેમનાં પદોમાં ભિન્ન ભિન્ન રાગ-રાગણીઓ જોવા મળે છે જે પરથી તેઓ એક સારા સંગીતજ્ઞ હતા એમ લાગે છે. ગૃહસ્થાવસ્થામાં તેઓ અનેક ગવૈયાઓના સહવાસમાં આવ્યા હતા તેમની પાસેથી વાજિંત્રો વગાડતાં અને ગાતાં શીખ્યા હતા. તેઓ નવ રસને આત્મામાં ઉતારી જાણતાં હતાં. તેમના સંગીતના જ્ઞાન વિશે બુદ્ધિસાગરજી લખે છે :

"શ્રીમદે મૂળ રાગણીઓમાં હૃદયના ઊભરાઓ કાઢ્યા છે. સંગીતજ્ઞોની સાથે ગૃહસ્થાવાસમાં સ્પર્ધામાં ઊતરતા હતા. શ્રીમદ્‌ની સાથે ભોજકોનો ઘણો પરિચય હતો. શ્રીમદ્‌નાં પદો ઉપર હાલ પણ ઘણો પ્રેમ છે. ભોજકો દેશોદેશ શ્રીમદ્‌નાં પદો ગાઈને શ્રીમદ્‌ની કીર્તિ વિસ્તારે છે."

બુદ્ધિસાગર દ્વારા રચિત આ ગ્રંથની પ્રથમ આવૃત્તિ વિ.સં. ૧૯૬૯માં 'અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળે' મુંબઈમાં નિર્ણયસાગર પ્રેસમાં છપાવી પ્રસિદ્ધ કરી હતી. ત્યાર બાદ તેની બે આવૃત્તિઓ છપાઈ. એની ચોથી આવૃત્તિ સં. ૧૯૮૬માં પ્રકાશિત કરવામાં આવી. એ સમયે પ્રસ્તુત ગ્રંથને ત્રણ ભાગમાં વિભાજિત કરવામાં આવ્યો. ચોથી આવૃત્તિનું સંપાદન આચાર્ય સુબોધસાગરજીના સદુપદેશથી શ્રી મનોહરકીર્તિ સાગરજીએ કર્યું.

**પદ ૧**

**"क्या सोवे उठ जाग बाउ रे**
**अंजलि जल ज्युं आयु घटत हे**
**देत पहोरियां चरिय धाउ रे..." ॥१॥**

ઉપરોક્ત આનંદઘનજીના પ્રથમ પદમાં આત્માને મોહરૂપી માયાજાળમાંથી બહાર નીકળવા માટેનો સંદેશ છે. તેઓ માનવીનાં ઘટતા જતાં આયુષ્યને હાથની અંજલિમાં ધરેલાં પાણીની સાથે સરખાવે છે. પહેરગીરો જ્યારે સમય દર્શાવવા ટકોરા મારે છે ત્યારે આપણી અતિ દુર્લભ માનવ જિંદગીનો એટલો અમૂલ્ય સમય પૂરો થયો એમ સમજવું જોઈએ અને તેથી આત્માના શુદ્ધ સ્વરૂપ અને પ્રભુભક્તિમાં લીન બની ધ્યાન કરવાનો ઉપદેશ તેઓ આપે છે.

આ પદનું વિવેચન કરતાં બુદ્ધિસાગરજી લખે છે, "ગમે તેવું વજ્ર જેવું શરીર હોય તો પણ આયુષ્યનો ક્ષય થયા વિના રહેતો નથી. મરણના ભયથી કોઈ પાતાળમાં પેસે તો પણ કાળ, તેને છોડતો નથી. પાણીના પરપોટાની પેઠે દેવતાઓનાં શરીરો પણ છૂટી જાય છે. માટે હે આત્મન, જાગ્રત થા ! જાગ્રત થા ! ઇન્દ્ર જેવા શરીરધારીઓ પણ શરીર છોડી અન્ય ગતિમાં ચાલ્યા જાય છે."

બુદ્ધિસાગરજી પ્રથમ પદના ભાવાર્થમાં સમજાવે છે કે ખૂબ શક્તિવાન વજ્ર શરીરધારી માનવનું પણ આયુષ્ય ક્ષીણ થાય છે. દેવતાઓ ઇન્દ્રો પણ એમાંથી બચી શકતા નથી. મૃત્યુ કોઈને પણ છોડતું નથી માટે ધર્મમાં મન લગાવીને આત્મકલ્યાણ કરો.

પ્રથમ પદની અંતિમ કડીમાં આનંદઘનજી સમયને ક્ષીણ થતાં ઓળખીને પ્રભુનું ધ્યાન ધરવા કહે છે :

**"कहा बिलंब करे, अब बाउ रे,**
**तरी भवजलनिधि पार पाउ रे ॥**
**आनंदधन चेतनमय मूरति,**
**शुद्धनिरंजन देव ध्याउ रे" ...॥३॥**

ઉપરોક્ત પંક્તિઓમાં આનંદઘનજી શુદ્ધ નિરંજન પરમાત્માનું ધ્યાન ધરવા માટે મનુષ્યને એક ઘડીનો પણ વિલંબ ન કરવા માટે કહે છે. પ્રભુની નવધા ભક્તિ કરીને માનવીએ ભવસાગર તરીને પાર ઊતરવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

આનંદઘનજી નીચેના સોળમાં પદમાં સમતારૂપ સ્ત્રી પોતાના પ્યારા આત્માસ્વરૂપને નિરંતર યાદ કરે છે એમ દર્શાવે છે. તેઓ લખે છે :

**પદ ૧૯**

**"निशदिन जोउं - तारी वाटडी, घेरे आवो रे ढोला ।**
**मुज सरिखा तुज लाख है, मेरे तुंही अमोला ॥१॥"**

આ પદમાં ગુણસ્થાનકમાં રહેલી સમતારૂપી સ્ત્રી પોતાના ચેતનસ્વામીની ગુણસ્થાનક રૂપ વાટથી રાહ જુએ છે, ચૌદ ગુણસ્થાનક મુક્તિનો માર્ગ છે. સમતારૂપી સ્ત્રી આત્મસ્વરૂપી ચેતનની પ્રતીક્ષા કરે છે એવો ભાવાર્થ આ પદમાં છે.

આ પદના ભાવાર્થમાં બુદ્ધિસાગરજી સમતારૂપી સ્ત્રીના હૃદયના ભાવ દર્શાવતાં કહે છે :

"હે ઢોલા, હે પ્યારા, આત્મસ્વામિન્ ! હું તમારી રાત્રી દિવસ વાટડી (રાહ) જોઉં છું. હે મારા પ્યાર સ્વામિન્ ! હવે કૃપા કરીને તમે મારા ઘેર આવો. મારા સરિખી તમારે લાખો સ્ત્રીઓ છે અને મારે તો જેનું મૂલ ન થાય તેવા તમે એક જ છો. આત્મા સમાન જગતમાં કોઈ આનંદનું ધામ નથી."

ઉપરોક્ત પદ-ભાવાર્થમાં બુદ્ધિસાગરજી ચેતનને સંબોધીને કહે છે, કે સમતારૂપી સ્ત્રી એના ચેતનસ્વામીની રાહ જુએ છે. આત્મામાં જ સર્વ આનંદ સમાયેલા છે. અનંત ગુણરૂપી આત્મા અણમોલ છે. સમતારૂપી સ્ત્રીના હૃદયમાં જ આત્મસ્વરૂપ સ્વામી રહેતો હોવાથી તેઓની વચ્ચે કોઈ અંતર નથી.

આનંદઘનજી એકવીસમાં પદ જેનો રાગ ગોડી છે તેમાં પ્રભુને કહે છે :

**પદ ૨૧**

**"निसानी कहाँ बतावुं रे, तेरो अगम अगोचर रूप ।**
**रूपी कहुं तो कछु नहीं रे बंधे कैसे अरूप**
**रूपारूपी जो कहुं प्यारे, एसे न सिद्ध अनूप" ॥१॥**

ઉપરોક્ત પદમાં આનંદઘનજીએ આત્માની નિશાની સંબંધી પોતાનું મંતવ્ય દર્શાવ્યું છે. એક સમયે તેઓ જ્યારે બિકાનેરમાં હતા ત્યારે ઘણા વિદ્વાનોના મનમાં શંકા ઊઠતી હતી કે આત્માનું સ્વરૂપ કેવું સંભવી શકે. આ શંકાના પ્રત્યુત્તરમાં તેમણે આ પદની રચના કરી હતી. જો આત્માને અરૂપી કહે તો એ આત્મા બંધનમાં શી રીતે આવી શકે. આત્મા જો રૂપી હોય તો 'રૂપી' શબ્દ જડને માટે હોય છે. જ્યારે ચેતન અરૂપી છે. ચેતનનું સ્વરૂપ બાહ્ય દૃષ્ટિથી અગોચર હોવાથી તેને કયા લક્ષણથી ઓળખાવી શકાય એ વાતને આનંદઘનજીએ આ પદમાં ગૂંથી લીધી છે. તેઓ કહે છે કે આત્મતત્ત્વનો અનુભવજ્ઞાન થયા પછી આત્માનો નિશ્ચય થાય છે.

આશાવરી રાગમાં રચાયેલ અઠ્ઠાવીસમાં પદમાં આનંદઘનજી આશામાં અહીંતહીં ભટકતા માનવીને આશા હંમેશાં ઠગારી નીવડે છે એવો સંદેશ આપતાં નીચેની પંક્તિઓ કહે છે :

**પદ ૨૮**

**"आशा औरन की क्या कीजे, ज्ञान सुधारस पीजे ॥**
**भटके द्वार द्वार लोकन के, कूकर आश धारी,**
**आतम अनुभव रसके रसिया, उतरे न कबहु खुमारी." ॥१॥**

એક વખત શ્રીમદ્ આનંદઘનજી અઠ્ઠમ એટલે ત્રણ ઉપવાસના પારણા માટે બપોરે આહાર પાણી વહોરવા ગયા. ગૃહસ્થોના ઘરે ફરતાં પણ તેમને ભિક્ષા ન મળી ત્યારે ગામ બહાર આવીને આશામાં લપેટાયેલા પોતાના જીવને ઉદ્દેશીને ઉપરના પદની રચના કરીને આત્મસંબંધીમાં લયલીન થયા.

બુદ્ધિસાગરજી આ પદનો ભાવાર્થ સમજાવતાં લખે છે :

"હે ચેતન ! તારે તો જ્ઞાનરૂપ અમૃતરસ પીવો જોઈએ. લોકોના બારણે બારણે રોટલાના કકડાની આશાએ વારંવાર ભટકતા કૂતરાની પેઠે તેં અનાદિકાળથી આશાને ધારણ કરી, પણ તેમાં જરામાત્ર પણ સંતોષ મળ્યો નહીં. ધનની આશા, કીર્તિની આશા, માનની આશા, આજીવિકાની આશા, પુત્રની આશા, લલનાની આશા, ઈચ્છાની આશા, વૈભવની આશા અને પૌદ્ગલિક સુખની આશા, વગેરે અનેક પ્રકારની આશાઓ ધારણ કરીને ચેતન ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરે છે. આશાના યોગે ચેતન ટાઢ અને તડકાનાં દુઃખોને સહે છે... હે ચેતન આશાના વશમાં પડીને તું કેમ પોતાનું શુદ્ધ ધન જોતો નથી... આત્માના અનુભવરૂપ અમૃતરસના પાનથી જે સહજસુખનું ઘેન ચઢે છે તેની આગળ ઇન્દ્ર, ચંદ્ર અને નાગેન્દ્રના સુખ એક બિંદુ માત્ર પણ નથી."

બુદ્ધિસાગરજી આનંદઘનજીના અઠ્ઠાવીસમા પદના ભાવાર્થમાં ઉપરોક્ત રીતે સમજાવે છે કે આશામાં લપેટાઈને આત્મા અનેક પ્રકારે પાપાચરણ સેવે છે, તે અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પ કરે છે, પરંતુ ઇચ્છાઓનો અંત નથી. મનુષ્ય જ્યારે આત્માનું શુદ્ધ સ્વરૂપ નિહાળે છે ત્યારે એને અદમ્ય શાંતિ પ્રાપ્ત થાય છે. આત્માનો અનુભવ જાગ્રત થતાં આશાના તરંગો શાંત થઈ જાય છે.

બાવનમાં પદમાં આનંદઘનજી સર્વત્ર આનંદના ઘનરૂપ આત્માની ખરી ભાવના આધ્યાત્મિક દૃષ્ટિથી ભાવીને આનંદના સૂર કાઢ્યા છે. આ પદનો રાગ જયજયવંતી છે.

**પદ ૨૨**

**"मेरे प्राण आनंदधन तान आनंदधन**
**मात आनंदधन, तात आनंदधन,**
**गात आनंदधन, जात आनंदधन." ॥१॥**

શ્રીમદ્ આનંદઘનજીને બાહ્ય વસ્તુમાં જરા પણ સુખનો અનુભવ થતો નથી. તેમને તો તેમના આત્મામાં રમણતા કરવાથી જ આનંદઘન એટલે કે આનંદનો સમૂહ પ્રાપ્ત થાય છે.

જગતમાં જન્મ લેવા માટે અનેક માતાઓ કરી, પંરતુ કોઈ શાશ્વત સુખ આપી શક્યું નહિ. કોઈ પણ પિતા જન્મ, જરા અને મૃત્યુના દુઃખને નિવારી ન શક્યા. આત્મામાં જ અનંત સુખ છે અને તે જ પરમાત્મા થઈ શકે છે. માટે તનનો મિથ્યા મોહ ત્યજીને આત્માના અસંખ્ય પ્રદેશોને જ ગાત્ર તરીકે સ્વીકારીને અનંત આત્મામાં જ તેમણે સુખનો અનુભવ કર્યો. આચાર્ય બુદ્ધિસાગરજી આ પદના ભાવાર્થમાં કહે છે કે ગાત અર્થાત્ ગાત્ર કે શરીર પણ અસંખ્ય પ્રદેશરૂપ આનંદઘન આત્મા તે જ પોતાનો છે એવો નિશ્ચય થાય છે અને તે જ આનંદનો સમૂહભૂત છે.

સાધુની સંગતિનું માહાત્મ્ય સમજાવતાં આશાવરી રાગમાં ૬૮મા પદમાં આનંદઘનજી નિરૂપે છે.

**પદ ૬૮**

**"साधु संगति बिनु कैसें पैयें, परम महारस धामरी ।**
**कोटि उपाय करे जो बौरो, अनुभव कथा विश्राम री ॥१॥"**

સાધુની સંગતનો અપૂર્વ મહિમા ઉપરોક્ત પદમાં આનંદઘનજી દર્શાવે છે. સાધુની સંગતિ વિના અનુભવકથા, વિશ્રામકથા વગેરે કહેવા કોઈ સમર્થ નથી. ધર્મનું રક્ષણ કરનાર અને પોતાના સર્વસ્વનો ત્યાગ કરનાર આ જગતમાં સાધુઓ જ છે. બુદ્ધિસાગરજી આ પદના વિવેચનમાં જણાવે છે કે જેમ શરીર બીમાર પડે તો તેની ઘણી દવાઓ છે તે જ પ્રમાણે આત્માને સુધારવા માટે સુસાધુની જ જરૂર પડે છે. પહેલાંના સમયની જેમ સાધુઓ બધા આચાર પાળી ન શકે તો પણ તેમના સાધુપણા વિશે કોઈએ શંકા કરવી નહિ.

સુસાધુઓ ઘણા પાપીઓને સુધારે છે. તેઓ પોતાના સત્ત્વગુણને ખીલવીને રજોગુણ અને તમોગુણનો નાશ કરવા શક્તિમાન થાય છે માટે તેઓ જંગમ તીર્થરૂપ ગણાય છે.

અનુભવ પરિણતિ અને ચેતન સ્વામીના સંબંધ વિશે આનંદઘનજી તોતેરમાં પદમાં કહે છે :

**પદ ૭૩**

**"भोले लोगा हुं रडुं तुम भला हांसा ।**
**सलुणे साजणविण कैसा घरवासा ॥१॥"**

અનુભવ પરિણતિ ચેતનના ધ્યાનમાં મગ્ન થયેલી છે. આત્મસ્વામિની છે તે વાટ જુએ છે પણ તે ન દેખાતા રડે છે. તેને રડતાં જોઈને લોકો હસે છે. તે લોકોને પ્રત્યુત્તર આપે છે કે અસંખ્યાતા પ્રદેશમાં સલુણા સાજન વિના કઈ રીતે રહી શકાય ? જેથી તે રડે છે, તેને ચેતન પ્રભુ વિના ચેન પડતું નથી. અહીં આનંદઘનજી આંતરિક પાત્રોનું સ્વરૂપ દર્શાવે છે. અનેક આગમોના પરિશીલનથી અનુભવ પરિણતી પ્રગટે છે. તેને આત્માની સંગતિ વિના ગમતું નથી. ભોળા માનવીઓ આગળ તે પોતાના અંતરની રમણતાની જ વાત કરે છે.

આચાર્ય બુદ્ધિસાગરજી આ પદનો ભાવાર્થ વર્ણવે છે : "આત્મજ્ઞાન સમાધિમાં મસ્ત રહેનારા મુનિવરોના હૃદયમાં આવી જ્ઞાન પરિણતિ ખીલી શકે છે. અનુભવ પરિણતિ ખીલતાં

આત્મા વિના બાહ્ય દશામાં ચેન પડતું નથી. સાંસારિક વિષયભોગોમાં રુચિ અથવા અરુચિની ભાવના રહેતી નથી અને તત્સમયે અનુભવ પરિણતિ ઉચ્ચ ભૂમિકામાં આત્મ-પતિનું અલૌકિક મહત્ત્વ અનુભવ છે."

૮૬મા પદમાં આનંદઘનજી સમ્યકત્વ દૃષ્ટિધારી સ્ત્રી અને તેના મિત્રનો વાર્તાલાપ દર્શાવતાં કહે છે :

**પદ ૮૬**

**"सलूणे साहेब आवेंगे मेरे, आलीरी वीर विवेक कहो साच**
**मोसुं साच कहो मेरीसुं, सुख पायो के नाहि**
**कहानी कहा कहुं उहाँ की, हिंडोरे चतुरगतिमांहि ॥१॥"**

ઉપરોક્ત પદમાં સમ્યકત્વધારી સ્ત્રી પોતાના મિત્રને પૂછે કે તેનો આત્મપતિ તેના સમ્યકત્વથી સુખી થયા કે નહિ અને તે ફરી ઘરે આવશે ને ? આ પદનો ભાવાર્થ સમજાવતાં બુદ્ધિસાગરજી કહે છે :

"ઉપશમ વા ક્ષયોપશમ સમ્યકત્વ પામીને પણ આત્મા મિથ્યાત્વના ઉદયે મિથ્યાત્વદૃષ્ટિરૂપ સ્ત્રીના ઘરે જાય છે. તેને સમ્યકત્વ દૃષ્ટિના ઘરનો સુખાનુભવ તો મળ્યો હોય છે. કિંતુ મિથ્યાત્વના ઉદયથી પ્રથમ ગુણ સ્થાનકમાં તે અનુભવ રહેતો નથી. સમ્યકત્વ દૃષ્ટિ કથે છે કે, મારો સંગ, ત્યાગ કરીને ચેતન ચતુર્ગતિમાં ચાલ્યો."

બુદ્ધિસાગરજી ઉપરોક્ત ભાવાર્થમાં સમજાવે છે કે મિથ્યાત્વના ઉદયથી આત્મા (કે ચેતન) દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એમ ચારે ગતિમાં જાય છે અને ભવ ભ્રમણ કરે છે. દરેક જીવમાં તિરોભાવે સમ્યક્ દૃષ્ટિ રહી હોય છે, પરંતુ તેનો પ્રાદુર્ભાવ થતો નથી, પરંતુ જો તે પુનઃ તેની પાસે આવશે તો તેને પંચમગતિમાં જવાની રુચિ થશે.

ચોથા ગુણ સ્થાનવાળી સમ્યકત્વ દૃષ્ટિ, પોતાના સ્વામિને પ્રથમ ગુણસ્થાનકમાં ગયા એ જાણીને નિરાશ થાય છે. તે પ્રિયતમના વિરહમાં ઝૂરે છે. તેની વિહ્‌વળતા આનંદઘનજી નીચેના પદમાં વર્ણવે છે :

**પદ ૯૪**

**નિરાધાર કેમ મૂકી, શ્યામ મને નિરાધાર કેમ મૂકી,**
**કોઈ નહીં હું કોણ શું બોલું, સહુ આલંબન ચૂકી...૧૧**

આ પદમાં સમ્યકત્વ દૃષ્ટિરૂપ સ્ત્રીની પાસેથી તેનો પતિ આત્મા દૂર જાય છે એવો ભાવ છે. એમાં તેનો દોષ નથી, પરંતુ આત્માને લાગતાં કર્મોને લીધે તે દૂર જાય છે. સર્વ આલંબનથી વિમુખ થયેલી સમ્યકત્વ દૃષ્ટિ પ્રથમ ગુણસ્થાનકમાં કર્મોદયથી ગયેલા પ્રીતમને પાછા શુદ્ધ હૃદયથી બોલાવે છે. ઉપરોક્ત પદમાં સમ્યકત્વ દૃષ્ટિ પોતાના સ્વામિને કહે છે કે હે શ્યામ, મને નિરાધાર શા માટે મૂકીને ગયા. મારું તમારા વિના કોઈ નથી. હું કોની સાથે બોલું. આત્મા રૂપ સ્વામિ

જ્યારે ચોથા ગુણસ્થાનકમાંથી પહેલા ગુણસ્થાનકમાં આવે છે ત્યારે સમ્યકત્વ દૃષ્ટિનું પરિણમન પણ મિથ્યારૂપે થાય છે. તેથી બાહ્ય જે દેખાય છે તે સમજાતું નથી અને તે આશામાં આત્મસ્વામિના આવવાની રાહ જુએ છે.

બુદ્ધિસાગરજી ૯૪મા પદનો ભાવાર્થ સમજાવતાં કહે છે :

"સમ્યક દૃષ્ટિ અને અધ્યાત્મ દૃષ્ટિની પ્રેમદશા અને તે બેના ઉદ્ગાર ખરેખર હૃદયને અસર કરે છે. અધ્યાત્મ દૃષ્ટિના પણ અંતરાત્મ પતિના વિરહે ઉપર્યુક્ત ઉદ્ગારો નીકળે છે. અધ્યાત્મ દૃષ્ટિનો પ્રારંભકાળ ચોથા ગુણસ્થાનકથી છે અને અધ્યાત્મ ચારિત્ર તો ગુણસ્થાનકના અધિકાર પ્રમાણે પ્રાપ્ત થાય છે. અધ્યાત્મ દૃષ્ટિ અને ચારિત્રમા ઘણું અંતર છે. અધ્યાત્મ દૃષ્ટિમાં જ્ઞાન અને સમ્યકત્વનો સમાવેશ થાય છે. કિન્તુ વ્યવહાર અને નિશ્ચય ચારિત્રનો સમાવેશ થતો નથી. અધ્યાત્મ દૃષ્ટિનું ફલ વિરતિ છે. ચારિત્ર અંગીકાર કર્યા વિના અધ્યાત્મ દૃષ્ટિનું ફળ બેસતું નથી."

આ પદના વિવેચનમાં બુદ્ધિસાગરજી ચારિત્રનો મહિમા ગાય છે. અધ્યાત્મજ્ઞાન પ્રાપ્ત કરીને બાહ્ય અને અભ્યંતર ચારિત્રની વૃદ્ધિ કરવા મનુષ્યે પ્રયત્ન કરવો જોઈએ. તીર્થંકરો પણ ગૃહસ્થાવાસમાં જલકમલવત્ રહીને અવિરતિનો છેદ કરીને સાધુચારિત્ર ગ્રહણ કરે છે. ત્યાર બાદ ઉત્તરોત્તર સાધના, તપશ્ચર્યા કરીને બારમાં અને તેરમાં ગુણસ્થાનક પ્રાપ્ત કરે છે. શ્રાવકો બાર વ્રત અને સાધુઓ પંચાચાર પાળે છે અને અધ્યાત્મજ્ઞાનને સફળ કરે છે.

પ્રથમ તીર્થંકર ઋષભદેવ વિશે ૧૦૧મા પદમાં આનંદઘનજી પોતાના મનની વાત દર્શાવે છે કે તેમને પ્રથમ નરેશ્વર ખૂબ પ્યારા લાગે છે :

**પદ ૧૦૧ (આશાવરી રાગ)**

"मनुप्यारा मनुप्यारा, रिखभदेव मनुप्यारा मनुप्यारा...
प्रथम तीर्थंकर प्रथम नरेसर,
प्रथम यतिव्रतधारा ॥१॥
नाभिराया मरुदेवीको नंदन,
युगलाधर्म निवारा ॥२॥
केवल लई प्रभु मुगतें पोहोता
आवागमन निवारा ॥३॥
आनंदप्रभु इतनी विनती,
आ भव पार उतारा ॥४॥"

રીખભદેવ પ્રભુ, આનંદઘનજીને ખૂબ ગમે છે. તેઓ પ્રથમ નરેશ્વર અને પ્રથમ સાધુવ્રત ધારણ કરનારા હતા. તેઓ દીક્ષા લઈને કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા એ પ્રમાણે તેઓ સંસારભ્રમણથી રહિત થયા. આનંદઘનજી પ્રભુને સંસાર-સાગર પાર ઉતારવા વિનંતી કરે છે. આ પદ એકદમ સરળ અને અત્યંત ભાવવાહી શબ્દોમાં રચાયેલું છે. બુદ્ધિસાગરજી આ પદ સમજાવતાં નિરૂપે છે :

"અન્ય યોગીઓ પણ આદિનાથના નામે શ્રી ઋષભદેવ ભગવાનનું આરાધન કરે છે. પ્રથમ તીર્થંકર અને પ્રથમ નરેશ્વરની પદવી ધારણ કરનારા તે છે. આ અવસર્પિણી કાળમાં પ્રથમ તેઓએ પતિવ્રત ધાર્યું હતું. નાભિ નૃપતિના પુત્ર અને મરૂદેવી જનનીના નંદન, મારા મનમાં બહુ પ્યારા લાગે છે."

મરુદેવી માતા અને પિતા નાભિરાજાના પુત્ર ઋષભદેવનું ધ્યાન યોગીઓ પણ કરે છે. પ્રભુના ગુણોનું સ્મરણ કરતાં મનુષ્ય સંસારસાગર પાર કરી શકે છે.

શ્રી આનંદઘનજી અંતિમ પદમાં પાર્શ્વપ્રભુનું ધ્યાન ધરીને ગ્રંથ મંગળ કરે છે.

**પદ ૧૦૮ (રાગ વેલાવલ)**

**"मेरे ए प्रभु चाहीए, नित्य दरिशन पाउ ।।**
**चरणकमल सेवा करुं, चरणे चित्त लाउ ।।१।।**

.... .... ....

**अंतर जामी आगले, अंतरिक गुण गाउ ।**
**आनंदधन प्रभु पासजी, में तो ओर न ध्याउ ।।३।।"**

આ પદના ભાવાર્થમાં બુદ્ધિસાગરજી આનંદઘનજીના હૃદયના ભાવોને દર્શાવતાં કહે છે :

"મારી એટલી જ ચાહના છે કે નિત્ય તમારાં દર્શન પામું. દરરોજ તમારા ચરણકમલની સેવા કરું, એવી જ અભિરુચિ થયા કરે છે અને તેથી ઇચ્છું કે આપના ચરણમાં અર્થાત્ ચારિત્રમાં મારું ચિત્ત રાખું. એ જ મારી ભાવના સફળ થાઓ. મારા આત્મામાં વસેલા અને મારું સર્વ સ્વરૂપ જાણનારા એવા હે પ્રભો ! તમારી આગળ હું તમારા આંતરિક ગુણો ગાઉં છું. સ્મરું છું અને તેમાં એકલીનતા કરું છું."

ઉપરોક્ત ભાવાર્થમાં બુદ્ધિસાગરજી આનંદઘનજીની પ્રભુસેવા કરવાની ઉન્નત ધગશને છતી કરે છે. તેમની ચરણકમલ સેવાની સાથે તેમના જેવા થવાના અથાગ પ્રયત્નો સફળ થાય એવી તેમની ઊંચી ભાવનાને આચાર્યશ્રીએ બિરદાવી છે. ભક્તિરસના રસીલા આનંદઘનજી પોતાના હૃદયમાં અપૂર્વ જ્ઞાનભક્તિરસ જાગ્રત કરીને પાર્શ્વપ્રભુને પ્રતિષ્ઠિત કરે છે અને તેમના સિવાય અન્યનું ધ્યાન નહિ ધરું એવી ધારણા કરે છે.

આ ગ્રંથના અંતમાં બુદ્ધિસાગરજીએ અંત્ય મંગલ અને પ્રશસ્તિની રચના કરી છે. આ ગ્રંથ તેમણે ૧૯૬૮ અક્ષય તૃતીયાને દિવસે પાદરા નગરમાં પૂર્ણ કર્યો હતો. ગ્રંથના અંતમાં પ્રશસ્તિમાં તેમણે પાટ પરંપરા સંસ્કૃતમાં આપી છે. આ ગ્રંથની ચોથી આવૃત્તિ વિ.સં. ૨૦૪૨માં છપાઈ હતી. જેમાં પ્રકાશકીય નિવેદનમાં મનોહરકીર્તિ સાગરજીએ બુદ્ધિસાગરજી તથા કીર્તિસાગરજીનું જીવન ચરિત્ર ટૂંકમાં આલેખ્યું છે. ચોથી આવૃત્તિ ત્રણ ભાગમાં વિભાજિત છે. એમાં ગ્રંથને અંતે શ્રી આનંદઘનજીનાં ચોવીશ તીર્થંકરોને લગતાં સ્તવનો એટલે કે ચોવીશી આપી છે.

## (૬) ધ્યાન વિચાર

સંવત ૧૯૫૮માં આચાર્ય બુદ્ધિસાગરજીએ પાદરા ગામમાં ચાતુર્માસ દરમિયાન 'ધ્યાન વિચાર' પુસ્તકની રચના કરી હતી. મનુષ્યજન્મની સાર્થકતા મુક્તિમાં છે અને મુક્તિ ત્યારે જ મળે જ્યારે તે ઉત્તમ ધ્યાનમાં પ્રવૃત્ત થાય. આ ગ્રંથ વિશેની વધુ વિગત આપતાં 'શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ'ના પ્રમુખ શ્રી રમણલાલ ચી. શાહ ત્રીજી આવૃત્તિના નિવેદનમાં જણાવે છે :

"પરમ પૂજ્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ વિક્રમ સંવત ૧૯૫૮ના ચૈત્ર માસમાં પાદરા મુકામે 'ધ્યાન વિચાર' નામના પુસ્તકની રચના કરી હતી, પરંતુ તે છપાવવામાં વિલંબ થયો હતો અને વિ.સં. ૧૯૬૮ના કારતક વદ તેરસના રોજ તે પ્રગટ થયું હતું. ત્યાર પછી તેની બીજી આવૃત્તિ વિ.સં. ૧૯૮૧ના કાર્તિકી પૂર્ણિમાના દિવસે શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ ગ્રંથમાળામાં ૮૩મા ગ્રંથ તરીકે પ્રગટ થઈ હતી. આ ગ્રંથ ઘણાં વર્ષોથી સુલભ ન હતો. વાચકોને તે ઉપયોગી હોવાથી તેની નવી આવૃત્તિ પ્રગટ કરવામાં આવે છે."

આ પ્રમાણે આ ગ્રંથની રચના બાદ દશ વર્ષ પછી તે પ્રકાશિત કરવામાં આવ્યો. આ પુસ્તક આચાર્યશ્રીએ સાદી સરળ ભાષામાં રચ્યું છે જેથી સાધારણ મનુષ્ય, બાળકો, સ્ત્રીઓ તથા અલ્પજ્ઞાનીઓ સરળતાથી સમજીને જીવનમાં ઉતારી શકે. 'ધ્યાન' જેવા વિષય દ્વારા માનવી પોતાનું હિત કેવી રીતે સાધીને પોતાના મનને શાંત કરી શકે એનું સુંદર નિરૂપણ તેમણે આ ગ્રંથમાં કર્યું છે. આજની તનાવયુક્ત જીવનશૈલીથી ત્રસ્ત માનવી છળકપટની દુનિયામાં કોઈ ને કોઈ રીતે દુઃખી થયા કરે છે. આ પુસ્તક વાંચવાથી તે પોતાની ચિંતિત મનોવૃત્તિ સુધારી શુભ ધ્યાનમાં પ્રવૃત્ત થઈ શાંતિમય જીવન વ્યતીત કરી શકે છે.

આ પુસ્તકની પ્રસ્તાવનામાં શાસ્ત્રવિશારદ બુદ્ધિસાગરજી ધ્યાન વિશેના પોતાના વિચારો જણાવતાં લખે છે :

"સુધ્યાન વિના મનની નિર્મળતા થતી નથી. મોટા મુનિવરો પણ ધ્યાનને ધ્યાવે છે અને પોતાના આત્માના ગુણો પ્રગટાવવા પ્રયત્ન કરે છે... લક્ષ્મી વિના ગૃહસ્થ જેમ શોભી શકતો નથી તેમ ધ્યાન વિના મુનિ શોભી શકતો નથી. શ્રી મહાવીર પ્રભુએ સાડા બાર વર્ષ પર્યંત ધ્યાન ધર્યું હતું અને તેથી તેમણે કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું હતું... શ્રીમદ્ હરિભદ્રસૂરિ, શ્રીમદ્ યશોવિજય ઉપાધ્યાય અને શ્રી આનંદઘનજી વગેરે સ્વકીય ગ્રંથોમાં ધ્યાનની ઉત્તમતા વર્ણવે છે. શાસ્ત્રોના આધારે કહેવામાં આવે છે કે ધ્યાન વિના મુક્તિ નથી."

ઉપરોક્ત વાક્યોમાં બુદ્ધિસાગરજી ધ્યાનનો મહિમા ગાય છે. યશોવિજયજી, આનંદઘનજી અને હરિભદ્રસૂરિએ તેમના મહાન ગ્રંથોમાં યોગ અને ધ્યાનના ગુણ ગાયા છે. યોગ અને ધ્યાનના બળે મનુષ્ય મુક્તિ મેળવે છે. મહાવીર સ્વામી પણ સાડા બાર વર્ષ પર્યંત ધ્યાનમાં લીન રહ્યા હતા.

આ પુસ્તકનો પ્રારંભ તેઓ મંગલાચરણથી કરે છે. પાર્શ્વનાથને વંદન કરીને ધ્યાન વિચાર ગ્રંથનો પ્રારંભ તેઓ કરે છે :

**પ્રણમું પાર્શ્વજિણંદનો ચિદાનંદ ભગવાન,**
**તાસ પસાયે ધ્યાનનો લેશ કહું છું સંત...(૧)**

... ... ...

**આર્ત રૌદ્ર ને ધર્મ તેમ, શુકલ ધ્યાન એ ચાર,**
**આદ્ય બે પરિહાર યોગ્ય અંતિમ બે હિતકાર...(૫)**

પાર્શ્વપ્રભુને પ્રણામ કરીને તેમની કૃપાથી બુદ્ધિસાગરજી ગ્રંથ રચનાની શરૂઆત કરે છે.

ધ્યાન ચાર પ્રકારના હોય છે : (૧) આર્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન અને (૪) શુક્લધ્યાન. એમાં પ્રથમ બે ધ્યાન આર્ત અને રૌદ્રનો મનુષ્યે ત્યાગ કરીને ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં મન પરોવવું જોઈએ. અંતિમ બંને શુભ ધ્યાન વડે મનુષ્ય અનાદિકાળના જન્મમરણના ફેરાને ટાળી શકે છે.

બુદ્ધિસાગરજી મહારાજ ઘણી સુંદર સરળ રીતે આર્તધ્યાનનું સ્વરૂપ સમજાવવા નીચેનો દુહો આપે છે :

**પ્રથમ ઈષ્ટ વિયોગ છે, અનિષ્ટ સંયોગ તેમ,**
**રોગની ચિંતા અગ્રશોચ, આર્તધ્યાનનાં એમ...(૬)**

ઉપરના દુહામાં આચાર્ય શ્રી આર્તધ્યાનનું વિભાગીકરણ નીચે પ્રમાણે કરે છે :

| | |
|---|---|
| (૧) ઈષ્ટ વિયોગ | (૨) અનિષ્ટ સંયોગ |
| (૩) રોગની ચિંતા | (૪) અગ્ર શૌચ |

**(૧) ઈષ્ટ વિયોગ આર્તધ્યાન :** પોતાની માલિકીની વસ્તુઓ દરેકને પ્રિય હોય છે. મહેનતથી મેળવેલી ધન, દોલત, જર, જમીનને એની પાસેથી કોઈ છીનવી લેશે એવો ડર લાગે છે. એવે સમયે પોતે શું કરે એનું હરહંમેશ ચિંતવન કરે છે. પોતાની પ્રિય વ્યક્તિઓ પુત્ર, સ્ત્રી, માતા વગેરે જો મરણ પામે તો એ આઘાત કેવી રીતે જીરવાશે એમ મનમાં ને મનમાં વિચારીને શોકમગ્ન રહે છે. આવું આર્તધ્યાન વારંવાર કરવાથી મન કલુષિત થાય છે અને અશુભ કર્મબંધ થાય છે.

**(૨) અનિષ્ટ સંયોગ :** સ્ત્રી, પુત્ર કે પતિ ખરાબ મળે ત્યારે તે વ્યક્તિ પોતાના નસીબને ઠપકો આપે કે પુત્રને ખરાબ વેણ કહે ત્યારે સંજોગોને આધીન થતી અનિષ્ટ વસ્તુને યાદ કરીને શોકમગ્ન થતાં અનિષ્ટ સંજોગો નામનું આર્તધ્યાન થાય છે. જ્યારે પ્રિય વસ્તુથી ખરેખર વિયોગ થાય છે ત્યારે મનુષ્ય વારંવાર શોક કરે છે જેથી આર્તધ્યાન થતાં કર્મબંધ થાય છે અને જીવ તિર્યંચ ગતિમાં જાય છે. ધન, જમીન, જર-ઝવેરાત કે પ્રિયજનના વિયોગ સમયે માનવી જો એમ વિચારે

કે પોતે શું લઈને જન્મ સમયે આવ્યો હતો અને સાથે શું લઈ જશે ? કેટલાયે ભવમાં કેટલા જીવનસાથી કર્યા હશે તો શોક કરીને કંઈ વળવાનું નથી...એ પ્રમાણેનું ચિંતવન કરવાથી આર્તધ્યાન ઓછું થતાં મન શાંત થશે.

આ દુ:ખમય સંસારમાં સંજોગવશાત્ માનવીથી કંઈક સારું કે ખરાબ કાર્ય થઈ જતું હોય છે એ સર્વમાં પોતાનો દોષ જોવાને બદલે તેને બીજાનો દોષ જોવાની આદત હોય છે. આ દોષિત વ્યક્તિને વારંવાર ઠપકો આપ્યા પછી પણ મન ઉદ્‌વિઘ્ન રહે છે. જો માનવીને પત્ની ખરાબ મળે તો તે હંમેશાં વિચાર કરે છે કે તે તેની પત્નીને લીધે દુ:ખી થયો, તેના પગલાંથી ઘરમાંથી લક્ષ્મી ચાલી ગઈ વગેરે વિચાર કરીને અનિષ્ટ સંયોગ માટે બીજાનો દોષ જોઈ આર્તધ્યાનમાં શંકા-કુશંકા અને સંકલ્પ-વિકલ્પ કરે છે. પુત્ર જો ખરાબ હોય તો માનવી નસીબનો વાંક કાઢે છે. 'હે ભગવાન ! આવા પુત્રને બદલે તું મને પુત્ર વગરનો રાખ્યો હોત તો સારું' આમ ચિંતવન કરીને અશુભ કર્મબંધ માનવી કરે છે. ભાઈ કે પિતા ક્રોધી હોય તો એવાં સગાં મળ્યા એનો અફસોસ કરીને તે શોકમગ્ન રહે છે. ઘણી સ્ત્રીઓ પતિને વશ કરવા માટે મંત્ર-તંત્રનો સહારો લે છે, એ જ પ્રમાણે ઘણી વ્યક્તિઓ કંઈક ને કંઈક નકામા વિચારો કરીને મનને કલુષિત કરતા હોય છે. આવા અશુભ વિચારોથી પાપકર્મ બંધાય છે. સામી વ્યક્તિનું અશુભ ચિંતવવાથી એનું જ્યાં સુધી પુણ્ય બળવાન હોય ત્યાં સુધી એનું લેશમાત્ર પણ કોઈ બગાડી શકતું નથી. માનવીનું સારું કે ખરાબ કાર્ય તેના કર્મને આધારે થાય છે. ખરાબ ચિંતવનથી જીવ તિર્યંચ ગતિમાં જાય છે.

**રોગ ચિંતા :** રોગ ચિંતા નામના આર્તધ્યાનમાં મનુષ્ય રોગ થશે એની ચિંતામાં ડૉક્ટર કે વૈદ્ય પાસે જઈને અમુક વસ્તુઓ ખાવાથી રોગ ન થાય એમ તેમની પાસે સાંભળીને અભક્ષ પદાર્થનું પણ સેવન કરે છે અને રોગ થયા પછી મૃત્યુના ઓથારા નીચે જીવે છે.

**અગ્ર શૌચ :** અગ્ર શૌચ આર્તધ્યાન એટલે જ્યારે મનુષ્ય પહેલેથી જ ભવિષ્યની કાર્યની ફલશ્રુતિ વિશે વિચાર કર્યા જ કરે. જેમ કે મારા પુત્રો કમાશે ત્યારે ન્યાતમાં અમે પ્રથમ હરોળમાં ગણાશું, વેપારમાં મને ખૂબ લાભ થશે ત્યારે હું સમગ્ર ન્યાતને ભોજનનું આમંત્રણ આપીશ. મારા પુત્ર કે પુત્રીને મોટા ઘરે પરણાવીશ. ઉપર પ્રમાણેના નકામા વિચારો કરતી વખતે મનુષ્યને મૃત્યુ કે ઘડપણનો વિચાર આવતો નથી. ખરાબ વિચારથી પાપબંધ થાય છે અને તે ભોગવતાં મનુષ્યને મુશ્કેલી પડે છે. પોતાની જાતને અન્ય કરતાં મહાન બતાવવાની અભિરુચિ દુર્ગતિનું કારણ બને છે. આનાથી બચવા માટે મનુષ્યે ચેતનનું સાચું સ્વરૂપ પિછાનવું જોઈએ.

આચાર્ય બુદ્ધિસાગરજી આર્તધ્યાનના ચારે પ્રકારોમાંથી બચવા માટેના ઉપાયો દર્શાવતાં બોધ આપે છે :

"વિચાર કરવા સહેલા છે પણ તે થકી જે પાપ બંધાય છે તે ભોગવવું મુશ્કેલ છે. માટે ભવ્ય જીવોએ એવા વિચારો વર્જવા. સારી સામગ્રી પામ્યા છતાં પુદ્‌ગલની વાંછાના વિચારો જો

કરીશું તો પાછા નરક અને નિગોદમાં દુઃખ ભોગવવાં પડશે. વારંવાર મનુષ્ય જન્મ અને વીતરાગ ધર્મની પ્રાપ્તિ થવી દુર્લભ છે, ચેતન તારું સ્વરૂપ પુદ્ગલ ભાવથી ન્યારું છે. તો પછી શા કારણથી તે સંબંધી વિચાર કરે છે, અને શોક કરે છે ? એમ વિચારી શુભ ધ્યાને ચઢવાને ખપ કરવો તે હિતકારક છે.''

રૌદ્રધ્યાનનાં ચાર પ્રકાર કે સ્વરૂપ છે : (૧) હિંસાનુબંધી રૌદ્ર ધ્યાન (૨) મૃષાનુબંધી રૌદ્ર ધ્યાન (૩) સ્તેયાનુબંધી રૌદ્ર ધ્યાન અને (૪) પરિગ્રહાનુબંધી રૌદ્ર ધ્યાન.

**(૧) હિંસાનુબંધી રૌદ્રધ્યાન :** મનુષ્ય પહેલાં હિંસા કરે છે અને પછી ખુશ થાય છે. તે યુદ્ધમાં હજારો સૈનિકો મારે છે, શિકાર કરવામાં જંગલમાં અનેક પશુઓને મારે છે, લડાઈ કરવા માટે બીજાને ઉશ્કેરે છે, વગેરે. આ બધાથી કર્મબંધ થાય છે. એવા દુર્ધ્યાનથી દૂર રહેવું જોઈએ.

**(૨) મૃષાનુબંધી રૌદ્રધ્યાન :** ઘણી વ્યક્તિઓ જૂઠું બોલી છળકપટ કરી પ્રપંચ કરે છે. બીજા મિત્રો આગળ અન્ય લોકોની ચાડી કરે છે. ઘણા વેપારીઓ ઘરાકોને જૂઠું બોલીને ઠગે છે અને મનમાં આનંદ પામે છે. કોર્ટ કચેરીમાં ખોટું બોલીને કે ખોટી સાક્ષી પૂરીને કેસ જીતવાનો વિચાર કરે એ સર્વ મૃષાનુબંધી રૌદ્રધ્યાનના પ્રકાર છે. આમાંથી ઊગરવા માટે મનુષ્યે પરભવનો વિચાર કરવો જોઈએ. મૃષાનુબંધી રૌદ્રધ્યાન ધ્યાવવાથી બીજા ભવમાં મૂંગાપણું અને નરકનાં દુઃખો ભોગવવાં પડે છે.

**(૩) સ્તેયાનુબંધી રૌદ્રધ્યાન :** સ્તેયાનુબંધી રૌદ્રધ્યાનમાં છળકપટ, દગાબાજી, વિશ્વાસઘાત, ઠગવિદ્યા વગેરેનો સમાવેશ થાય છે. મનુષ્ય આ સર્વનો આશરો લઈને અન્ય વ્યક્તિને છેતરીને મનમાં ખુશ થતાં અશુભ કર્મબંધ થાય છે. લાલચી વ્યક્તિ દગો કે વિશ્વાસઘાત કરીને બીજાની કીમતી વસ્તુઓ જૂન કિંમતે લઈને મનમાં ખુશ થાય છે. લોભી વેપારી વ્યાપાર વધુ કરવાના લોભમાં તરકીબથી ગ્રાહકને છેતરીને તેને ભેળસેળવાળો માલ આપીને આનંદ પામે એ જ પ્રમાણે બીજા પાસેથી લાંચ લઈને છેતરપિંડી કરે કે ચોરીછૂપીથી બીજા પાસેનું ધન પડાવી લેવાની વૃત્તિથી મનુષ્ય આ ભવ અને બીજા ભવોમાં પણ દુઃખી થાય છે. આવા ચાલાક મનુષ્યો ન્યાયના અધિકારીઓને પણ છેતરે છે. આવાં અશુભ કર્મો ઉપાર્જન કરનાર મનુષ્યો વિશે આચાર્ય બુદ્ધિસાગરજી લખે છે :

''પોતે વેપારી હોય અને ઘરાકો વસ્તુ ખરીદવા આવ્યા હોય, તેવે પ્રસંગે વિશ્વાસ બેસાડી નમૂનો કાંઈક બતાવી માલ અન્ય તરહનો આપે અને પોતાને સોદો કરાવવામાં કરામતવાળો માને. ભરવામાં, તોળવામાં, ઓછું આપવાની દાનત રાખે, ઈત્યાદિ કામ કરવાથી આ ભવમાં અને પરભવમાં ઘણું દુઃખ થાય છે. આ ભવમાં રાજા જાણે તો કેદમાં નાખે, દંડ કરે, આબરૂ જાય, લોકો તેનો વિશ્વાસ કરે નહીં, તથા પરભવમાં ઊંટ, બિલાડાં, ઘુઅડ, સ્ત્રીનાં અવતાર, માછલાના અવતાર પામે. ટાઢ, તરસ, છેદન, ભેદન, તાડન વગેરે દુઃખ પામે, નરકમાં ઉત્પન્ન થયે છતે

પરમાધર્મીઓ વિવિધ પ્રકારની વેદના કરે. મહા રૌરવ દુઃખ ભોગવવાં પડે, વળી પાછો મનુષ્ય જન્મ પામવો દુર્લભ થાય માટે ભવ્ય પ્રાણીઓએ સ્તેયાનુબંધી રૌદ્રધ્યાનનો ત્યાગ કરવો.''

ઉપરોક્ત વાક્યોમાં આચાર્યશ્રી મનુષ્ય દ્વારા બીજાની વસ્તુ સસ્તામાં પડાવવાની વૃત્તિથી અને ઘરાકને છેતરવાની વૃત્તિથી થતા નુકસાનની વાત કરે છે. મનુષ્યની લોભી લાલચુ મનોવૃત્તિને લીધે તેનો કોઈ વિશ્વાસ કરતું નથી. રાજ્ય તરફથી તેને દંડ અને જેલની સજા થાય છે, લોકોને ઠગનાર તરીકે સર્વત્ર તે હડધૂત થાય છે તથા બીજા ભવમાં તીર્યંચનો અવતાર મળતાં તડકો, ઠંડી, માર, તાડન વગેરે ભયંકર દુઃખો સહન કરવા પડે છે. માટે ભવ્ય જનોએ દેવોને પણ દુર્લભ એવા મનુષ્ય જન્મમાં સ્તેયાનુબંધ રૌદ્રધ્યાનનો ત્યાગ કરી પુણ્ય ઉપાર્જન કરવું.

**(૪) પરિગ્રહાનુબંધી રૌદ્ર ધ્યાન :** ઘણી વ્યક્તિઓ પૈસાનો સંગ્રહ કરે છે. તેનાથી કુટુંબ-સમાજમાં ખૂબ માન મળે છે. ધન વધારવા માટે તે ધર્મવિરુદ્ધ કે કુલાચાર વિરુદ્ધ કાર્ય કરે છે. આવી વ્યક્તિ હંમેશાં અભિમાનથી ફુલાઈને ફરે છે. લોકો વ્યાજના લોભમાં રૂપિયા બીજાને ઉધાર આપે છે અને જો સામી વ્યક્તિ જો સંજોગવશાત્ એ પરત ન કરે તો રાત્રિ-દિવસ એનો પશ્ચાત્તાપ કરે છે. પૈસા માટે તે ભાઈ કે પુત્ર કોઈનો વિશ્વાસ કરતો નથી. પોતાનાં નાણાં પરત મેળવવા માટે સામી વ્યક્તિ પર કોર્ટમાં દાવો કરે, અથવા એની બધી ચીજવસ્તુઓ વેચાવીને પૈસા વસૂલ કરે. આવાં અશુભ કાર્ય કરવાથી તીર્યંચ ગતિ પ્રાપ્ત થાય છે. માટે ભવ્યજનોએ પરિગ્રહાનુબંધી રૌદ્રધ્યાનને હૃદયમાં વસવા જ ન દેવો.

આર્તધ્યાન અને રૌદ્રધ્યાન મનુષ્યને દુઃખી કરે છે. તે સંબંધી આચાર્ય બુદ્ધિસાગરજી બોધ આપતાં લખે છે.

''આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે ધ્યાન મહા અશુભ છે. એ બે ધ્યાનમાં પ્રવર્તમાન જીવ, ચાર ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કર્યા કરે છે અને અનેક પ્રકારનાં દુઃખ પામે છે, એનો રસ મહા કડવો જાણવો. એ બે ધ્યાનરૂપી મોટા શત્રુ આત્માના છે. અનંત શક્તિમય આત્માને એ બે શત્રુ અત્યંત દુઃખ દે છે. અનાદિકાળનાં એ બે દુઃર્ધ્યાન છે. તે આત્માને લાગેલાં છે. માટે એ બે શત્રુને દૂર કરશે તેને ધન્ય છે.''

આ પ્રમાણે બુદ્ધિસાગરજી આર્તધ્યાન અને રૌદ્રધ્યાનથી મનુષ્યને દૂર રહેવાનો ઉપદેશ આપે છે. એ બંને ધ્યાન આત્માને દુઃખી કરે છે. એનાથી તિર્યંચ ગતિ પ્રાપ્ત થાય છે. એ બંને દુઃર્ધ્યાનથી આત્મા અનાદિકાળથી ભવેભવમાં રખડે છે. તેને દૂર કરનાર આત્મા મોક્ષગામી થાય છે.

**(૩) ધર્મધ્યાન :** જે મનુષ્ય વીતરાગ દેવની આજ્ઞામાં રહે તે ધર્મધ્યાનમાં તન્મય છે એમ કહી શકાય. મહાવીર પ્રભુએ સાધુને પાંચ મહાવ્રત અને શ્રાવકને બાર વ્રત ધારણ કરવા કહ્યું છે.

શ્રાવકે પ્રભુ પ્રતિમા ભરાવવી, દેરાસર કરાવવા, જીર્ણોદ્ધાર કરાવવા, પ્રતિમા પૂજન કરવું, સાધર્મિક વાત્સલ્ય કરવું વગેરે કાર્ય કરવાથી મન ધર્મધ્યાનમાં મગ્ન રહે છે. સાધુઓએ અહિંસા પાળવી, સત્ય વચન બોલવું, બ્રહ્મચર્ય પાળવું, સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો અને અસ્તેય વ્રત એટલે કોઈ પણ વસ્તુ એની માલિકની રજા વગર લેવી નહિ તેને કહે છે.

શ્રાવકોએ ધર્મધ્યાનની વૃદ્ધિ અને સ્થિરતા કરવા માટે બાર ભાવના ભાવવી જોઈએ. આચાર્યશ્રીએ બાર ભાવનાનું સ્વરૂપ નીચે પ્રમાણે દર્શાવ્યું છે :

**૧. અનિત્ય ભાવના :** મનુષ્યનું શરીર અને જીવન પાણીના પરપોટા જેવું હોય છે. શરીર ગમે તેટલું સ્વરૂપવાન હોય કે વજ્ર જેવું કઠણ હોય આખરે તે પાનખર ઋતુના પાનની જેમ ખરી પડે છે અને માટીમાં ભળી જાય છે એમ મનુષ્યે ચિંતવવું જોઈએ.

**૨. અશરણ ભાવના :** માનવીને માતા-પિતા કે ભાઈ-બહેનનું શરણું હોય છે છતાં પણ આયુષ્ય પૂરું થતાં કોઈ કોઈને રાખી શકતું નથી કે મૃત્યુ સમયની પીડા પણ કોઈ વહેંચી શકતું નથી. જીવે કર્મના ફળ તો ભોગવવા જ પડે છે માટે પ્રમાદ કર્યા વગર ચેતવું જોઈએ.

**૩. સંસાર ભાવના :** જીવ કર્મને આધીન રહીને આ સંસારમાં સુખી, દુઃખી, ગરીબ, રોગી, ભોગી, રાજા, દેવતા, તિર્યંચ વગેરે વેશો લઈ નાટક ભજવે છે. ગયા જન્મની સ્ત્રી આ ભવમાં માતા બની શકે છે. આ સંસારમાં કોઈ સુખી થયા નથી. જે માનવી એનો ત્યાગ કરે તે જ સુખી થાય છે.

**૪. એકત્વ ભાવના :** જીવ એકલો જ જન્મે લે છે અને કર્મ એકલો જ ભોગવે છે. જીવ સર્વનું પોષણ કરવા રાત્રિ દિવસ જોયા વગર ધન પેદા કરવામાં પાપ બાંધે છે, જે એણે એકલાએ જ ભોગવવું પડે છે. તે એકલો આવે છે અને એકલો જ જાય છે માટે તેણે આત્મામાં સમભાવ ધારણ કરી રાગદ્વેષથી પર થઈ શાશ્વત સુખના સ્વામી થવું જોઈએ.

**૫. અન્યત્વ ભાવના :** સંસારમાં સર્વ સગાંવહાલાં સ્વાર્થથી બંધાયેલા છે. જ્યાં સુધી કાર્યની સિદ્ધિ છે ત્યાં સુધી જ પ્રેમ છે. જેવું કાર્ય પૂરું થયું ગરજ સરે છે અને પ્રેમની જગ્યા વૈરભાવ લઈ લે છે માટે અન્યત્વ ભાવના ચિંતવવાથી ધન, પુત્ર, પુત્રી વગેરેના વિયોગથી દુઃખ થતું નથી.

**૬. અશુચિ ભાવના :** મનુષ્યનું શરીર અપવિત્ર છે કારણ કે આપણે જે કંઈ અન્ન આરોગીએ એમાંથી મળ, મૂત્ર અને રુધિર પેદા થાય છે. એના પર કરેલો સુગંધી લેપ થોડો સમય જ ટકે છે માટે એવા શરીરની માયા રાખવી નહીં.

**૭. આશ્રવ ભાવના :** આચાર્ય બુદ્ધિસાગરજી આશ્રવ ભાવના કોને કહેવાય તે વિશે લખે છે :

"મનયોગ, વચનયોગ અને કાયયોગથી શુભ-અશુભ કર્મનું ગ્રહણ કરવું તે આશ્રવ છે. અરિહંત, સિદ્ધ, સૂરિ, ઉપાધ્યાય, સુસાધુ, સિદ્ધાંત, દ્વાદશાંગી, સાધ્વી, શ્રાવક અને શ્રાવિક,

ઇત્યાદિના જે ગુણ, કીર્તન, સ્તુતિ કરે છે તે શુભ કર્મ ઉપાર્જન કરે છે તથા ગુણવંતની નિંદા કરી, સ્વકપોલ, કલ્પિત મતનો ઉપદેશ વગેરે જે આપે છે, તે અશુભ કર્મ ઉપાર્જન કરી અનંત સંસાર રખડે છે. ઉત્સૂત્ર ભાષણની આલોયણા લેવાતી નથી."

આ પ્રમાણે આશ્રવ વિશે સમજાવતાં આચાર્યશ્રી લખે છે કે મન, વચન અને કાયાના યોગથી શુભ-અશુભ કર્મ ગ્રહણ આશ્રવ કહેવાય છે. ઘણા મનુષ્યો પ્રભુની વાણીનો ઊલટો અર્થ કરી બીજા લોકોને ભરમાવે છે તેનાથી આશ્રવ ભાવના ખંડિત થાય છે. જે શાત્રોનો ખોટો અર્થ કરીને સમજાવે છે તેઓ માટે કોઈ પ્રાયશ્ચિત પણ હોતું નથી એવું અશુભ કર્મબંધન તેમનું થાય છે.

**૮. સંવર ભાવના :** આશ્રવને રોકવું એને સંવર કહેવાય છે. મનુષ્ય અવતાર પામીને જીવે સંવરકરણી કરવી જોઈએ જેથી મોક્ષગામી બની શકાય.

**૯. નિર્જરા ભાવના :** સંસારમાં જે કારણભૂત કર્મ છે તેનો નાશ કરવાની ભાવનાને નિર્જરા કહે છે. શ્રાવક જ્યારે મોક્ષ મેળવવાથી ભાવનાથી તપ, જપ આદિ કરે તેને નિર્જરા કહેવાય છે.

**૧૦. નિર્જરા લોકસ્વભાવ ભાવના :** પૃથ્વી, ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા, પર્વત, નરક, સ્વર્ગ અને લોકાકાશ મળીને એક લોક કહેવાય છે. લોકનો આકાર જેમ કોઈ પુરુષ પોતાના કમર પર હાથ રાખીને ઊભો હોય તેવો છે. આ લોક છ દ્રવ્ય ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલ, કાળ અને જીવ વડે વ્યાપ્ત છે. એ અનાદિ અનંત છે. એ ચૌદ રાજલોક કહેવાય છે. એમાં જીવ અનંત વાર જન્મ લે છે. જ્યાં સુધી તેને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થતી નથી.

**૧૧. બોધિ દુર્લભ ભાવના :** જીવને મનુષ્યપણું પ્રાપ્ત થવું એ અતિ દુર્લભ છે એમાં પણ આર્યભૂમિ અને ઉચ્ચ કુળ મળવું મુશ્કેલ છે. માટે ભવ્ય જીવોએ સુગુરુનો સંગ કરી જ્ઞાનાભ્યાસ દ્વારા પ્રભુનાં વચન સત્ય છે એમ સમજીને હૃદયમાં ધારણ કરવા જોઈએ.

**૧૨. ધર્મ ભાવના :** જૈન ધર્મની આરાધના અને અરિહંત પરમાત્માની ભક્તિ કરવી. વીતરાગ દેવ અઢાર દોષ-રહિત પક્ષપાતરહિત સત્ય ધર્મ કહી શકે છે. એવી જે ધારણા કરે છે તે શીવપદ પામે છે. ધર્મભાવનાના ચાર પ્રકારો છે : જ્ઞાનભાવના, દર્શનભાવના, ચારિત્રભાવના અને વૈરાગ્યભાવના.

**(અ) જ્ઞાનભાવના :** જ્ઞાનભાવનાથી આત્મ સ્વરૂપમાં લીન થવાય છે.

**(બ) દર્શનભાવના :** મંત્ર, તંત્ર કે ચમત્કાર જોઈને મોહ થતો નથી. એ સર્વ પુદ્ગલનાં ખેલ છે.

**(ક) ચારિત્રભાવના :** આના વડે અશુભ કર્મનો ક્ષય થાય છે.

**(ડ) વૈરાગ્યભાવના :** આ ભાવનાથી તીવ્ર કર્મ પણ નાશ પામે છે. વૈરાગ્યયુક્ત ભાવના થતાં સંસાર પ્રત્યે નિર્મોહીપણું ઉત્પન્ન થાય છે, એના વડે મન વશ થાય છે.

(૪) **શુકલ ધ્યાન :** શુક્લ ધ્યાનમાં આત્મા પોતાના અનંત સદ્‌ગુણો પ્રગટાવીને પરમાત્મ પદ પામે છે. અરિહંત, સિદ્ધ વગેરે પદોનો જાપ કરીને ધ્યાન ધરવું જોઈએ. ધ્યાનમાં આત્માના અરૂપી ગુણનું ચિંતવન કરવાથી સર્વ કર્મનો ક્ષય થાય છે અને અનંત શક્તિ મેળવી તે સિદ્ધ પરમાત્મા બને છે.

ગ્રંથકર્તા બુદ્ધિસાગરજી ધ્યાનના ચાર પ્રકારો વર્ણવી એમાં શુભ-અશુભ ધ્યાન વિશે સરળ શબ્દોમાં સમજણ આપી છે. ગ્રંથના અંતમાં તેમણે મંગળ પ્રશસ્તિ રચી છે. મંગળ શ્લોકોમાં તેમણે ધર્મધ્યાન અને શુક્લધ્યાનથી મોક્ષ મળે છે એમ દર્શાવે છે.

**ધર્મ ધ્યાન પ્રભાવથી, કર્મકલંક વિનાશ**
**શુકલ ધ્યાન પ્રભાવથી, મુક્તિપુરીમાં વાસ...(૧)**

ધર્મધ્યાન અને શુક્લધ્યાન સર્વ કર્મનો ક્ષય કરવા શક્તિમાન છે માટે મનુષ્યે હંમેશાં એના ધ્યાનમાં જ પ્રવૃત્ત રહેવું જોઈએ એવો નિર્દેશ આચાર્યશ્રી ગ્રંથના અંતમાં કરે છે. તેઓ ગ્રંથ પૂર્ણ કર્યાનો સમય અને સ્થળનો નિર્દેશ પણ અંતમાં કરે છે.

'ધ્યાન વિચાર'માં ગુરુદેવ ધ્યાનના પ્રકારો વિશેની સાદી સમજ દ્વારા મનુષ્ય પોતાનું શ્રેય સાધી શકે છે એમ દર્શાવે છે.

●●●

## (૭) ઈશાવાસ્યોપનિષદ્ ભાવાર્થ

જૈન દર્શનમાં અન્ય દર્શનોનો સમાવેશ થાય છે. જૈન ધર્મની વ્યાપક દૃષ્ટિએ ગુરુજીએ 'ઈશાવાસ્યોપનિષદ્'નો ભાવાર્થ લખ્યો છે. ઉપનિષદ્દો, વેદો, સ્મૃતિઓ વગેરે દ્વારા દરેક મુમુક્ષુ મહાન આત્માઓ સત્યને ગ્રહણ કરે છે.

અનાદિ કાળથી આ દુનિયામાં જૈન દર્શનનાં તત્ત્વો અને અન્ય દર્શનનાં તત્ત્વો છે. મિથ્યાત્વજ્ઞાન અને સમ્યક્જ્ઞાન પણ અનાદિકાળથી છે. જ્ઞાની પુરુષો વિશ્વના લોકોને મિથ્યા જ્ઞાનમાંથી ઉગારી સત્યજ્ઞાન સમજાવે છે. પરતંત્ર ભારતમાં વટાળ પ્રવૃત્તિ ખૂબ ફૂલીફાલી હતી, જેનો ઘણા હિંદુઓ અને જૈનો ભોગ બન્યા.

ગુરુદેવ બુદ્ધિસાગરજી મહારાજ આ ગ્રંથની પ્રસ્તાવનામાં લખે છે, "શ્રી ઉપાધ્યાયજી એ 'પાતંજંલયોગ દર્શન' પર ટીકા કરી છે. તેઓ જ પ્રથમ હતા. જેમણે અન્ય દર્શનીય 'પાતંજલયોગ' પર ટીકા કરી તેમણે 'દિગંબરી અષ્ટ સહસ્રી' ગ્રંથ પર વિવેચન કર્યું છે. તેઓના પગલે ચાલીને (महाजनो येनगतः स पन्थाः) એ ન્યાયે શ્રી ઈશાવાસ્યોપનિષદ્ પર અનુભવ અર્થે વિવેચન લખ્યું છે."

**"ईशावास्यमिदं सर्वं यत्किंचत्जगत्यां जगत् ।**
**तेन त्यक्तेन भुञ्जीथा मा गृधःकस्यस्विद्धनम् ।।"**

તેઓ પ્રથમ શ્લોકનો ભાવાર્થ સમજાવતાં લખે છે કે શરીરમાં રહેલ આત્મા તે જ ઈશ્વર છે. કોઈનું ધન લેવું નહિ કે કોઈના પણ પ્રાણ કે ધન ગ્રહણ કરવાની ઇચ્છા પણ કરવી નહિ. જે મનુષ્યમાં આવી યોગ્યતા આવે તે જ બ્રહ્મ જ્ઞાન પ્રાપ્ત કરી શકે. અહીં પ્રથમ શ્લોકમાં મનુષ્યને પ્રામાણિકપણે વર્તવાનો ઉપદેશ આપવામાં આવે છે. કોઈ પણ કાર્યમાં અહં પ્રવૃત્તિનો ત્યાગ કરવો. સર્વ આત્મામાં ઈશ્વર પ્રેમથી રહેલો છે. એમ જાણીને સર્વ જીવોની દયા કરવી અને કોઈની વસ્તુ ચોરવી નહિ. આવા આત્મજ્ઞાની હોય તે જ મોહમાયાથી દૂર રહી પરમાત્મપદ પામે છે. કોઈની પણ મિલકત અન્યાયથી પડાવી લેવાથી હૃદય અશુદ્ધ બને છે. એવી મિલકતમાંથી બનાવેલા આહારથી પણ હૃદય દૂષિત બને છે. શુદ્ધ હૃદય જ પરમાત્માનો સાક્ષાત્કાર કરી શકે છે.

तत्त्वमसिનો અર્થ પણ આ જ છે :

તત્ - શુદ્ધ બ્રહ્મ તત્ત્વે અસિ તું જ છે.

મનુષ્ય જીવતા આત્માઓને પૂજતા નથી. જો મનુષ્ય બીજાને દુઃખ થાય એવી મન વચન અને કાયાથી પ્રવૃત્તિ ન કરે તથા સર્વને ઈશ રૂપી માની તેઓની સેવાભક્તિ કરે તો આત્માનો આનંદ માણવા મળે છે.

ઉપનિષદ્‌નો બીજો શ્લોક સમજાવતાં તેઓ કહે છે કે સો વર્ષથી પણ અધિક જીવવાની ઈચ્છાવાળાએ સાત્ત્વિક આહાર લેવો જોઈએ. શરીર, મન અને વાણીથી ખૂબ પરિશ્રમ ન કરવો. તથા બ્રહ્મચર્ય ધારણ કરવું જોઈએ. ઉષ્ણ જલ પીવામાં લેવું જોઈએ. દરરોજ પ્રાણાયામ અને શારીરિક વ્યાયામ કરવો જોઈએ. મહિનામાં બે વખત ઉપવાસ કરવો. દારૂ વગેરે વ્યસનોથી દૂર રહેવું જોઈએ. અતિ રાગ, અતિ ક્રોધ કે અતિ દ્વેષ ન કરવો. દિવસે ન ઊંઘવું, જૂઠું બોલવાથી, હિંસા કરવાથી કે અન્ય મનુષ્યોની હાય લેવાથી આયુષ્ય ઘટે છે. દેવ ગુરુ ધર્મની નિંદા કે અવહેલના કરવાથી આયુષ્ય ઘટે છે. ગુરુ દ્રોહ કે ગુરુ પર આળ ચઢાવવું કે સતી સ્ત્રીને સતાવવી, અતિ મનન, અતિ શાસ્ત્રાભ્યાસ વગેરે પ્રવૃત્તિથી આયુષ્યનો દ્રોહ થાય છે. રજોગુણી, તમોગુણી આહારનો ત્યાગ કરવો અને સાત્ત્વિકાહાર - જલનું ક્ષુધા પિપાસા લાગતાં ગ્રહણ કરવું. શરીર, મન, વાણીથી અતિ મહેનતનું કાર્ય કરવા જેવી પ્રવૃત્તિથી દૂર રહેવું, પરંતુ કાયાને રોજ થોડો પરિશ્રમ આપવો. આયુષ્ય વધારવા માટે પ્રાણાયામ કરવો જોઈએ. પ્રાણાયામથી રોગ થતા નથી અને થયા હોય તો તે દૂર થાય છે.

**असुर्यानाम ते लोका अन्धेन तमसावता: ।**
**तांस्ते प्रेत्याभिगच्छन्ति येके चाम्तहनो जना: ।।३।।**

તેઓ ઉપરોક્ત ઉપનિષદના ત્રીજા શ્લોકનો ભાવાર્થ સમજાવતાં કહે છે કે જે મનુષ્યો આત્મા, પરમાત્મા અને કર્મનું સ્વરૂપ જાણતા નથી. હિંસા, ચોરી, વ્યભિચારમાં પાપ છે એવું માનતા નથી. તથા જેઓ તમોગુણી નાસ્તિક પ્રકૃતિના આસુરીવૃત્તિ કર્મ કરવાવાળા છે તેઓ મરીને ફરીથી આસુરી અવતાર જ પામે છે. જેનો આત્મા જ અજ્ઞાનમય છે તેઓ પાપકર્મથી દૂર જઈ શકતા નથી અને આત્માના સમ્યક્‌જ્ઞાન વિના મોહઅંધકારનો નાશ થતો નથી 'पढमं नाणं तओ दया, प्रथमं ज्ञाने ततः पश्चात् दया' અજ્ઞાનીઓ ધર્મ અને અધર્મને જાણી શકતા નથી. તેથી તેઓ નરક અને તીર્યંચ ગતિમાં અનેક પીડાઓ સહે છે.

તેઓ ચોથા શ્લોકનો ભાવાર્થ અનુભવ પ્રમાણે દર્શાવે છે. ચોથા શ્લોક નીચે મુજબ છે :

**"अनेजदेकं मनोसजवीयो नैनदेवा आप्नुवन्पूर्वमर्षत् ।**
**तद्वावतोन्यानत्येतिष्ठत्तस्मिन्न पोमातरिश्वा दधाति ।।४।।"**

આત્મા, અનેજદં એટલે નિશ્ચલ છે. જ્યાં સુધી આત્માને કર્મ સંબંધ છે ત્યાં સુધી તે ગતિમાન છે. તેઓ સમજાવે છે કે આત્માની સાથે જ્ઞાનાવરણીય કર્મના સંબંધથી જ્ઞાનનું આચ્છાદન થાય છે અને દર્શનાવરણથી આત્માનો દર્શન ગુણ આચ્છાદિત થાય છે. આત્માની સાથે શાતા-અશાતા વેદના-ના સંબંધથી શુદ્ધ આનંદ ગુણ આચ્છાદિત થાય છે અને તેથી આત્મા પૂર્ણાનંદી છતાં સંપૂર્ણ આનંદ ભોગવી શકતો નથી.

શુભ કર્મના ઉદયથી શાતા વેદનીય બાહ્ય સુખનો અનુભવ થાય છે. તથા આત્મા પોતાને સુખી માને છે અને અશુભ કર્મના ઉદયથી જીવને અશાતા દુઃખનો અનુભવ થાય છે. શાતા અને અશાતાથી બાહ્ય સુખ-દુઃખને મન દ્વારા ભોગવી જીવ હર્ષ-શોક માની રાગદ્વેષ કરે છે. રાગદ્વેષ એ મિથ્યા બુદ્ધિ છે. એ મોહનીય કર્મ છે. તેનાથી આત્મજ્ઞાન રૂંધાય છે. અહમ્ વૃત્તિથી જીવ મૂંઝાય છે અને તે પોતાના શુદ્ધ બ્રહ્મ સ્વરૂપ આત્માને પામી શકતો નથી. જે મનુષ્યો જડવસ્તુમાં સુખની બુદ્ધિ ધારણ કરતાં નથી - અને આત્માને જડવસ્તુથી અલગ માને છે. જેઓ મિથ્યા દૃષ્ટિ ત્યજી સમ્યક દૃષ્ટિ વડે આત્માને અંતરમાં અનુભવે છે તે જ અંતર આત્માઓ છે. આવા અંતરાત્માઓ શુભ-અશુભ કર્મોના ઉદય સમયે નિર્લેપ રહેવા શક્તિમાન થાય છે. તથા તેઓને પરમાત્મા સ્વરૂપનો અનુભવ થાય છે.

આવા આત્માઓને ઇન્દ્રનું સામ્રાજ્ય મળે તો પણ તેના ઉપર મોહ થતો નથી. તેઓ વૃક્ષ અને બીજની ઉપમા આત્માને આપીને સમજાવે છે કે જેમ બીજમાંથી ફળ અને તેમાંથી વળી બીજ અને વૃક્ષ એમ પરંપરા અનાદિકાળથી ચાલી આવતી હોય છે, પરંતુ જો બીજને બાળીને ભસ્મ કરવામાં આવે તો બીજમાંથી જેમ વૃક્ષ થતું નથી તે જ પ્રમાણે આત્માની સાથે લાગેલાં કર્મોને જ્ઞાન અને વૈરાગ્યથી બાળીને ભસ્મ કરવામાં આવે તો આત્માએ આ સંસારમાં જન્મ-મરણના ફેરામાં ભ્રમણ કરવું પડતું નથી અને આત્મા મોક્ષ પામે છે.

તેઓ પાંચમા શ્લોકનો ભાવાર્થ સમજાવતાં લખે છે કે બાહ્યદૃષ્ટિથી આત્મતત્ત્વ હાલતું ચાલતું અજ્ઞાનીઓને દેખાય છે, પરંતુ જ્ઞાનીઓ આત્માને સક્રિય જુએ છે અને કર્મ પુદ્‌ગલને સક્રિય જુએ છે. કર્મના બંધનથી આત્મા વ્યવહારમાં સક્રિય જણાય છે. આત્મા સ્ફટિક જેવો નિર્મલ હોય છે. તેની પાસે જેવો રંગ મૂકવામાં આવે તેવો તે દેખાય છે. ગાડીમાંથી પસાર થતાં જેમ વૃક્ષો ફરતાં દેખાય છે તે જ પ્રમાણે આત્મા અક્રિય હોવા છતાં મોહ વગેરે કર્મને લીધે સક્રિય જણાય છે. આત્માની શુદ્ધિ માટે હંમેશાં તત્પર રહેવું જોઈએ. મનમાં પરમેશ્વરનું સ્વરૂપ ધારણ કરીને પરિસ્થિતિ પ્રમાણે મનુષ્યે વર્તવું જોઈએ. માયાથી કાયાને ભય હોય છે. આત્માને ભય હોતો નથી. આર્તધ્યાન અને રૌદ્ર ધ્યાનનો ત્યાગ કરી કીર્તિધન વગેરેના નાશથી શોક કર્યા વગર આત્માના શુદ્ધ સ્વરૂપનું ચિંતન માનવીએ કરવું જેથી આત્મારૂપ પરમાત્માનાં આપોઆપ દર્શન થાય તથા પ્રાપ્તિ થાય છે.

**"यस्तु सर्वाणि भूतान्यात्मन्चेवानुपश्यति ।**
**सर्वभूतेषु चत्मानं ततो न विजुगुप्सते ॥६॥"**

છઠ્ઠા શ્લોકનો અનુભાવાર્થ સમજાવતાં ગુરુદેવ લખે છે. પોતાનામાં સર્વ જીવોને જોવાથી અને સર્વ આત્માઓમાં પોતાને જોવાથી વિશ્વમાં કોઈની ઈર્ષ્યા, દ્વેષ, જુગુપ્સા, હિંસા થતી નથી. આવો સમભાવ કેળવવાથી આત્મા પરમાત્મા બને છે. પરમાત્માપણું અંતરમાં છે - એ કંઈ બહારથી આવતું નથી. અન્ય જીવોની હિંસા તે પોતાના આત્માની હિંસા છે. બીજા જીવોને

ધિક્કારવા એ પોતાને ધિક્કારવા બરાબર છે. તથા અન્ય જીવોમાં પ્રભુના દર્શન કરનાર નિજમાં પ્રભુનાં દર્શન કર્યા સમ છે. આવાં દર્શન અને વર્તનથી રજોગુણ અને તમોગુણનો નાશ થાય છે. સર્વ જીવોમાં સિદ્ધત્વ જોનાર મહાજ્ઞાની ગુરુના દર્શનથી અનેક ભવના બાંધેલા પાપકર્મ ટળી જાય છે. તથા આવી ઉત્તમ ભાવના રાખનાર પરમાત્મા પદ પ્રાપ્ત કરે છે.

તેઓ સાતમા શ્લોકનો ભાવાર્થ સમજાવતાં કહે છે કે જે મનુષ્ય સર્વ જીવોમાં અને પોતાનામાં એકાત્મપણું દેખાય એવી ઉચ્ચ ભાવના પ્રાપ્ત કરે તે મનુષ્ય રાગ, દ્વેષ, મોહશોકના અજ્ઞાનથી પર થઈ જાય છે. પ્રભુ વિશ્વના લોકોને – સર્વ આત્માઓને પોતાના આત્મા સમા સમજવાનો ઉપદેશ આપે છે.

તેઓ આઠમો શ્લોક અને તેનો અર્થ સમજાવતાં કહે છે કે –

**"स पर्यगाच्छु क्रम कायमव्रणम स्त्राबिरं शुद्धमपापविद्धम् ।**
**कविर्मनिषी परिभूः स्वयमूर्याथातथ्य तोर्थानव्यदधाच्छश्वतीभ्यः समाभ्यः ।।૮।।"**

"આત્મા વ્યાપક શુદ્ધ, અકાય, અવ્રણ નાડિયો રહિત શુદ્ધ કવિ મનીષી સ્વયંભૂ શાશ્વતી સમાઓથી યથાતથ્ય અર્થોને ધારક એવો આત્મા છે."

આત્મા જ્યારે કેવલજ્ઞાનથી વ્યાપ્ત હોય ત્યારે તેને શાસ્ત્રોની જરૂર પડતી નથી, પ્રભુ મહાવીરે કેવલજ્ઞાનથી જે દેખ્યું તે સ્વતંત્રપણે પ્રકાશ્યું તથા અગિયાર ગણધરોની શંકા સત્યસ્વરૂપે સમજાવીને ટાળી. તેઓ ભાવાર્થ સમજાવતાં કહે છે કે આત્મા અનંતવીર્ય રૂપ છે અને વિશ્વ પ્રકાશક છે. તે પોતાની શક્તિના પ્રભાવ વડે ત્રણે લોકને ચલાયમાન કરી શકે છે. આત્મા અનંત શક્તિનો ભંડાર છે. આત્મા જેવો જડ વસ્તુઓ અને દેહ પરનો બહિરાત્મભાવ ત્યાગે છે અને સર્વથા કર્મરહિત શુદ્ધ થાય છે ત્યારે તે પરમાત્મા સ્વરૂપ પામે છે.

બુદ્ધિસાગર મહારાજ નવમા શ્લોકનો અર્થ સમજાવતાં કહે છે કે જેઓ અવિદ્યાની ઉપાસના કરે છે તે અંધારામાં પ્રવેશ કરે છે.

**"अन्धं तमः प्रविशन्ति ये विद्यामुपासते ।**
**ततो भूयइवते यउविधार्या रताः ।।૯।।"**

અજ્ઞાનીઓ પાપ કર્મ અને હિંસામાં ધર્મ માને છે. જ્ઞાનીઓ અહિંસાને ધર્મ માને છે. આત્માના જ્ઞાનને મોહમાયાના પડદાઓ ચીરીને પ્રગટાવવું તે મોક્ષ માર્ગ છે.

તેઓ દશમા અને અગિયારમા શ્લોકનો ભાવાર્થ સમજાવતાં કહે છે કે અજ્ઞાની અને બાળજીવોને ધર્મક્રિયા તથા કર્મના ત્યાગનો ઉપદેશ ન આપવો. કર્મ અને જ્ઞાન બંને પ્રમાણે જે ચાલે છે તે જ મોક્ષના અધિકારી બને છે. ज्ञान कियाभ्यां मोक्षः – જ્ઞાન અને ક્રિયા બેની આરાધનાથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે.

જ્યારે શુભ-અશુભ કર્મનો ઉદય થાય ત્યારે તે ભોગવવામાં જે મનુષ્ય સાક્ષીભાવે વર્તે અને નિષ્કામ ભાવે બાહ્યક્રિયા કરે તથા હું જ્ઞાની છું, ધ્યાની છું, તપસ્વી છું એવો અહંકાર આસક્તિ ભાવ ત્યાગે ત્યારે જ આત્માની શુદ્ધિ અને પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

તેઓ બાર-તેર અને ચૌદમાં શ્લોકનો ભાવાર્થ સમજાવતાં કહે છે કે મનુષ્ય ગતિમાં અનેક પ્રકારનું સુખ પુણ્ય વડે પ્રાપ્ત થાય છે. મનુષ્યભવમાં અનંત પુણ્યવાન તીર્થંકર ભગવાન અને સિદ્ધયોગી મુનિવરો હોય છે. યોગના બળ વડે તેઓને અનેક પ્રકારના સિદ્ધિઓ અને નવનિધિ પ્રાપ્ત થાય છે. પુણ્યના બળે કીર્તિ, પ્રતિષ્ઠા, શાંતિ તથા ઇચ્છિત વસ્તુઓનો સંજોગ પ્રાપ્ત થાય છે. વિશેષ પુણ્ય વડે દેવલોકનું આયુષ્ય બંધાય છે અને જીવ દેવતા સ્વરૂપ પામે છે. કેટલાક દેવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન હોય છે. તેમની પાસેની સિદ્ધિઓ વડે તેઓ મનપસંદ રૂપ શરીર ધારણ કરીને જ્યાં જવું હોય ત્યાં ઊડીને જઈ શકે છે.

જ્યારે મનુષ્ય ખૂબ પાપકર્મ કરે ત્યારે નરકમાં જાય છે. નરક એકની નીચે એક એમ સાત છે. નરકના જીવોને એક ઘડી પણ શાંતિ હોતી નથી.

શુભ-અશુભ કર્મનું ફળ જીવે ભોગવવું પડે છે. માટે મનુષ્યે નિષ્કામ ભાવે શુભ પ્રવૃત્તિ કરવી. આત્માની શક્તિઓને પ્રગટાવવા પ્રયત્ન કરવો. સાધુ, શ્રાવક, બ્રાહ્મણ, ગાય, સ્ત્રી વગેરેનું રક્ષણ કરવું જેથી પરમાનંદ રૂપ આનંદની પ્રાપ્તિ થાય છે.

શ્રી બુદ્ધિસાગરજી પંદરમાં શ્લોકનો ભાવાર્થ સમજાવતાં દર્શાવે છે કે મોહ, ભોગ, તૃષ્ણા અને ઇચ્છા એ સુવર્ણ પાત્ર છે. જ્યારે મમત્વ, અહંકાર, મદ વગેરે તેનું ઢાંકણ છે. જ્યારે મનુષ્ય અહંકાર અને મમત્વનો ત્યાગ કરે છે ત્યારે એ ઢાંકણ ખૂલે છે અને તેને જ્ઞાન, દર્શન અને ચરિત્ર રૂપ આત્મતેજના દર્શન અને પ્રભુપ્રાપ્તિ થાય છે, પરંતુ માયારૂપ સુવર્ણપાત્રમાં વિશ્વના જીવો ખોવાઈને પોતાનું સાચું સ્વરૂપ ભૂલી જાય છે, જ્ઞાની આત્મા સર્વ સદ્‌ગુણો પ્રાપ્ત કરીને વિશ્વના જીવોનું કલ્યાણ કરવા સમર્થ બને છે.

તેઓ સોળમા શ્લોકનો ભાવાર્થ સમજાવતાં લખે છે કે સ્વર્ણપાત્ર ઊઘડવાથી શરીરમાં રહેલ આત્મા તે જ બ્રહ્મસત્ય છે એવો જ્ઞાન પ્રકાશ થયો. એને માટે તેઓ ગુરુજનો, ઋષિવરો, દેવો સર્વનો આભાર-ઉપકાર માને છે. સર્વ જીવો બ્રહ્મમય છે. સર્વ જીવો સત્તાએ પ્રભુ છે. મનુષ્યને સર્વત્ર 'સોહં'નો પ્રકાશ થવાથી તે જન્મ-મરણ વગરનો આત્મા સર્વજ્ઞાની છે એવી

અનુભૂતિ થાય છે. ગુરુદેવ આત્માને કૃષ્ણ અને વિષ્ણુ દર્શાવતું સાપેક્ષ જ્ઞાનપદ રચ્યું જે નીચે મુજબ છે :

**રમજો રંગે કૃષ્ણજી રંગમાં રે રાચી**
**સમજીને વાત આ તો સાચી રે... ગણી... કાચી રે.**
**ગણી માયાને તમે કાચી રે.**

...

**સ્થિરતા રમણતા રાધા ને લક્ષ્મી, તેહના પ્રેમમાં રંગાયા...**
**ધારણા દ્વારિકામાં વાસ કર્યો રૂડો, ચારિત્ર વસુદેવ રાયા રે...**

ગ્રંથના અંતમાં તેઓ પરમ ઉપકારી ગુરુ રવિસાગરજી અને સુખસાગરજીના આશીર્વાદથી સર્વદર્શન ધાર્મિક શાસ્ત્રોમાંથી સત્યજ્ઞાન ગ્રહણ કરવાથી સમ્યક્ દૃષ્ટિ પ્રાપ્ત થઈ એમ દર્શાવે છે. મનુષ્યે શુભ-અશુભ કર્મના ફળ ભોગવવા જ પડે છે, પરંતુ આત્મામાં સમભાવ દૃષ્ટિ કેળવવાથી તે ઉચ્ચ બને છે. આ ગ્રંથની પૃષ્ઠ સંખ્યા ૨૮૫ છે. તે સંવત ૧૯૭૯માં રચાયેલો હતો. તેઓ વાંચકોને પરમોપકારી પરમાત્મા મહાવીર દેવનો મંત્ર 'ॐ अर्हं महावीर' મંત્ર જપવા માટેનો બોધ આપે છે. એ મંત્ર તેમણે કરોડો વાર જપ્યો હોવાથી તેમના જ્ઞાનાનુભવ અને આત્મિક બુદ્ધિમાં ઘણો વધારો થવાથી તેઓ તેનો જાપ કરવા માટે લોકોને ઉપદેશ આપે છે.

●●●

## (૮) સમાધિશતકમ્

પરમ પૂજ્ય બુદ્ધિસાગરસૂરિએ જનસાધારણ માટે અધ્યાત્મભાવનાસભર પોતાની ઉપદેશાત્મક શૈલીમાં સમાધિ શતકમ્ ગ્રંથનું વિવેચન કર્યું છે. સમાધિ એટલે સુખ, શાશ્વત આનંદ અને પરમ શાંતિ. શતક એટલે સો, આમ સમાધિ શતકમ્ એટલે શાશ્વત આનંદ માટેના સો શ્લોક પ્રમાણગ્રંથ.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં શ્રી સ્નેહરશ્મિ લખે છે : "પરોપકાર પ્રવિણ મહાપુરુષોએ સ્થિર આનંદનું સ્થાન અને આનંદપ્રાપ્તિના ઉપાયો સુંદર રીતે દેખાડેલા છે. એ ઉપાયો દ્વારા હરકોઈ સુજ્ઞ આનંદ મેળવી શકે છે. શાંત અને નિખાલસ મનથી વિચાર કરતાં સહુ સમજી શકે છે કે આનંદ એ આત્મામાં જ છે. મહાપુરુષોના ગ્રંથો આનંદપ્રાપ્તિના ઉપાયો જણાવે છે, અને ઉપાયો જાણ્યા પછી એના અમલીકરણ માટે પુરુષાર્થ કરવો, એ આપણી પવિત્ર ફરજ છે."

આ પ્રમાણે સ્નેહરશ્મિ પ્રસ્તાવનામાં જણાવે છે કે મહાત્માઓ જગતના લોકો પર ઉપકાર કરીને આત્મામાં અનહદ આનંદ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય તે દર્શાવે છે. પ્રસ્તાવનામાં તેમણે 'સમાધિ' શબ્દની વ્યાખ્યા વિવિધ ગ્રંથોને આધારે આપી છે. તેઓ સમાધિ વિશે સમજાવતાં લખે છે,

**'सज्यग् आहितः आत्मा ज्ञानदौ येन समाहितः ।**
**समाधिन शोभनानध्यवसयेन युक्तः ।"**

(શ્રી સૂત્રકૃતાંગર અ. ૨ ઉ. ૪ શ્લોક)

શ્રી સ્નેહરશ્મિ 'સૂત્રકૃતાંગ' આગમ ગ્રંથનો શ્લોક દર્શાવીને જણાવે છે કે આત્મામાં જ્ઞાન વગેરે ગુણો સ્થાપવાના અર્થમાં અને આત્માની શુભ અધ્યવસાયથી યુક્તતાને સમાધિ કહે છે. તેઓ 'ધ્વાંત્રિશિકા'ના શ્લોકમાં સમાધિનો અર્થ સમજાવતાં લખે છે,

**"एकाग्रे च निरुद्धे च समाधिरिति चैन्न तत्**
**समाधिरिति एकाग्रता पृष्ठ भाविनीश्चित्तस्यालक्ष्यत्वात् ॥"**

(ધ્વાંત્રિશિકા ૩૧ શ્લોક)

એકાગ્રતા અને નિરુદ્ધ ચિત્તને સમાધિ કહેવાતી નથી, પરંતુ ચિત્ત એકાગ્ર થયા પછીની અવસ્થાને સમાધિ કહેવાય છે.

તેઓ સમાધિ વિશે 'યોગદૃષ્ટિ સમુચ્ચય'નો શ્લોક દર્શાવે છે.

**"समाधिनिष्ठा तु परा तदा संग विवर्जिता ।**
**सात्मीकृत-प्रवृत्तिश्चय, तदुत्तीर्णाशयेतिच ॥"**

(યોગદૃષ્ટિ સમુ. ૧૭૬ શ્લોક)

સમાધિ વિશે વધુ સમજણ આપતાં શ્રી સ્નેહરશ્મિ 'યોગદષ્ટિસમુ.'નો ૧૭૬મો શ્લોક સમજાવે છે કે આશય, આકાંક્ષા વગરની આત્મીય પ્રવૃત્તિ જે અસંગ દોષથી રહિત હોય તે સમાધિ નામની પરાશક્તિ કહેવાય છે.

જૈનો દેરાસરમાં ચૈત્યવંદન કરતે સમયે 'શ્રી જયવીયરાય સૂત્ર'માં નમસ્કારના ફળ માટે સમાધિમરણની યાચના કરે છે.

**"दुक्खखओ कम्मक्खओ, समाहिमरणं च बोहिलाभो अ,**
**संपज्जउ मह एअं, तुह नाह ! पणामकरणेणं ॥"**

(શ્રી જયવિયરાયસૂત્ર ગાથા-૪)

આ સૂત્રમાં પ્રભુને પ્રાર્થના કરીને દુઃખ અને કર્મનો ક્ષય, અને સમાધિમરણની યાચના કરવામાં આવે છે.

આ ગ્રંથની મૂળ રચના સંસ્કૃત ભાષામાં દિગંબરાચાર્ય શ્રી પૂજ્યપાદસ્વામી પ્રભેન્દુજીએ કરેલી છે. ત્યાર બાદ આ શ્લોકોનું ગુજરાતી ભાષાંતર દુહાની રીતે ત્રણસો વર્ષ પહેલા ઉપાધ્યાય યશોવિજયજીએ કર્યું. આ દુહાઓ દોધક છંદ પ્રકારના છે. તેમાં આવતી કડીઓ પ્રાસ અનુપ્રાસવાળી છે.

દા.ત., અવિદ્યારૂપ - અંધકૂપ, અચંભ - થિરથંભ, મતહોઉ - અસુખ ન કોઉ, દોષ - પોષ

ગ્રંથની શરૂઆત દિગંબરાચાર્ય શ્રી પ્રભેન્દુજી સકલકર્મરહિત સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને કરે છે. મહાન પુરુષો તેમની રચનાનો પ્રારંભ દેવ, ગુરુ, અરિહંત કે સિદ્ધ પરમાત્મા નમસ્કારથી કરે છે. ચક્રવર્તી કલિંગપતિ રાજા ખારવેલનો હાથી ગુફાનો લેખ જેમાં નંદરાજા રત્નજડિત ઋષભદેવ ભગવાનની મૂર્તિ લઈ ગયો હતો તે મૂર્તિ યુદ્ધ કરીને પાછી લાવે છે, એ અગત્યનો સૌથી જૂના શિલાલેખની શરૂઆત પણ **'નમો અરહંતાણં નમો સવ્વ સિદ્ધાણં'** થી થાય છે.

શ્રી યશોવિજયજી સરસ્વતી દેવીને પ્રણામ કરી એમના રસમય દોધક છંદવાળા સમાધિશતક ગ્રંથનો પ્રારંભ કરે છે.

**પ્રણમી સરસ્વતી ભારતી પ્રણમી જિન જગબંધુ**
**કેવલ આતમ બોધકો, કરશું સરસ પ્રબંધ.**

ગ્રંથની શરૂઆત સરસ્વતી દેવી તથા જગતબંધુ જિનેશ્વર દેવ તીર્થંકર પ્રભુને વંદન કરીને આત્મબોધ અર્થે કાવ્ય પ્રબંધ રચીશ એમ ઉપાધ્યાયજી કહે છે.

ભવ્ય પુરુષો આત્મજ્ઞાનમાં સદા મગ્ન રહે છે. સંસારનાં ભૌતિક સુખ-સગવડો તેઓને આકર્ષી શકતાં નથી.

શ્રી જ્ઞાનાસારની ટીકામાં શ્રી દેવચંદ્રજી કહે છે કે,

**"आया-सभावनाणी भोई रमई विपष्यु-धम्मस ।**
**सो उत्तमो महप्पा, अवरे भवसूयरा जीव ॥१॥"**

જે આત્મા પોતાના આત્મસ્વભાવનો જ્ઞાની તથા આત્મધર્મમાં મગ્ન રહે છે તે મહાન ઉત્તમ છે. બાકી પંચેન્દ્રિયમાં રાચવાવાળા સંસારમાં ભૂંડ સમાન છે. આત્મજ્ઞાની પોતાના અનંત ગુણ અનંતા ધર્મમાં સદા રાચે છે.

**શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કહે છે કે,**
**જ્યાં લગે આતમ દ્રવ્યનું, લક્ષણ નવિ જાણ્યું,**
**તિહાઁ લગે ગુણ ઠાણું ભલું, કિમ આવ્યે તાણ્યું,**
**કષ્ટ કરો, સંજમ ધરો, ગાળો નિજ દેહ,**
**જ્ઞાન દશા વિણ જીવને, નહીં દુઃખનો છેહ.**

જ્યાં સુધી આત્માને અનેકાંત દૃષ્ટિ વડે ઓળખીએ નહિ ત્યાં સુધી દુઃખથી મુક્ત થવાનો માર્ગ જડતો નથી. સંયમ અને તપ કરતાં પહેલાં આત્મજ્ઞાની થવું જરૂરી છે. આત્મજ્ઞાન વગર ગમે તેટલો સંયમ કે તપ કરીને કાયા ગાળી નાખવામાં આવે તો પણ દુઃખનો નાશ થતો નથી માટે પહેલાં આત્માને જ્ઞાનદૃષ્ટિ વડે નીરખવાની ખાસ જરૂર છે.

દરેક મનુષ્યમાં આત્મા ત્રણ પ્રકારે વાસ કરે છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. મનુષ્યે બહિરાત્માનો ત્યાગ કરી અંતરાત્માથી પરમાત્મા પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો જોઈએ.

ઉપાધ્યાય યશોવિજયજી પણ એમના દોધક છંદ દ્વારા આત્માના ભેદ બતાવે છે :

**"બહિર અંતર પરમ એ, આતમ પરિણતી તીન**
**દેહાદિક આતમ ભરમ, બહિરાતમ બહુ દીન (૭)**
**ચિત્તદોષ આતમભરમ, અંતર આતમ ખેલ,**
**અતિ નિર્મલ પરમાત્મા, નહિ કર્મકો ભેલ...(૮)**

આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી આનું વિવેચન કરતાં સમજાવે છે કે, "બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એ ત્રણ આત્માની પરિણતિ છે. બહિરાત્મા એટલે તન, મન, વચન વગેરે જેમાં આત્મત્વ બુદ્ધિ છે, જે પર વસ્તુને પોતાની માની રાગદ્વેષમાં રાચીને અંતે દુઃખ પામે છે. અજ્ઞાની જીવ શરીરને જ આત્મા માની આધિ, વ્યાધિ, ઉપાધિથી ગ્રસ્ત થઈ તિર્યંચ ગતિમાં જાય છે અને ખૂબ દુઃખ ભોગવે છે. અંતરઆત્મા શરીરમાં મન કે ચિત્તને ચિત્ત સ્વરૂપે સમજે છે. રાગદ્વેષ આદિને રાગદ્વેષ રૂપે જાણવું તે અંતર આત્મા છે અને જે આત્મા અતિ નિર્મલ છે જેના રાગદ્વેષ કર્મ ક્ષીણ થયા છે તે પરમાત્મા છે."

અજ્ઞાની જીવ બહિરાત્મા જેવા શરીરમાં હોય તેને પોતાનો માને છે. મનુષ્ય શરીરમાં હોય તો બહિરાત્મા પોતાને મનુષ્ય માને છે. તે જ પ્રમાણે તિર્યંચ પોતાને તિર્યંચ માને છે અને જો દેવ શરીર પ્રાપ્ત થયું હોય તો બહિરાત્મા પોતાને દેવ માને છે. આમ અહંકારથી ગ્રસ્ત બહિરાત્મા કર્મ ગ્રહણ કરતો જાય છે. તથા શત્રુ, મિત્ર, પુત્ર પોતાનું, પારકું એમ કલ્પનામાં રાચે છે, પરંતુ આત્મજ્ઞાનવાળો ભવ્યાત્મા ફક્ત આત્મિક શુદ્ધ સ્વભાવને જ જગતમાં પોતાનો માને છે તથા એના પર અહમ્‌વૃત્તિ કે એના જેવા બીજા કોઈ આવરણ આત્મા પર ચઢે નહિ તેની કાળજી રાખે છે.

ઉપાધ્યાયજી તેમના છંદમાં આગળ કહે છે કે,

**યા ભ્રમમતિ સબ છોડિ દૌ, દેખો અંતર દૃષ્ટિ,**
**મોહ દૃષ્ટિ જો છોડીયે, પ્રગટે નિજગુણ સૃષ્ટ...(૧૫)**
**રૂપાદિક્કો દેખવો, કહન કહાવન કૂટ**
**ઈન્દ્રિય જોગાદિક બલે, એ સબ લૂટા લૂટ...(૧૬)**
**પરમ આતમ દ્રવ્યકું કહન સુનન કુછ નહિ,**
**ચિદાનંદઘન ખેલહી, નિજપદ તો નિજમાંહિ...(૧૭)**

શ્રી બુદ્ધિસાગર સૂરિજી આની સ્પષ્ટતા કરતા કહે છે કે,

"આંતર દૃષ્ટિથી જો જોઈએ રિદ્ધિનો અખૂટ ખજાનો અંતરમાં દેખાય છે. આત્મા જ્યારે પોતાના સ્વ-સ્વભાવને છોડી પર સ્વભાવમાં જાય છે ત્યારે રાગ, દ્વેષ, ક્રોધ, નિંદા રૂપી ચોરો આત્માની રિદ્ધિ-સિદ્ધિને લૂંટે છે અને આત્માને દીન કરી નાંખે છે, પરંતુ જ્યારે આત્મા પોતાના સ્વ-સ્વભાવ રૂપી ઘરમાં જ હોય ત્યારે રાગદ્વેષ રૂપી ચોરોનું કંઈ જ ચાલતું નથી, પરંતુ જેવો આત્મા પોતાનો સ્વભાવ છોડી પર સ્વભાવ રૂપી બીજા ઘરમાં જાય છે કે તરત રાગદ્વેષ રૂપી શત્રુઓ એની રિદ્ધિ-સિદ્ધિ લૂંટવા આવી પહોંચે છે."

અજ્ઞાન તથા મોહ દશામાં લપેટાયેલ જીવને સાચી સિદ્ધિ, સાચું સુખ શેમાં છે તેની ખબર પડતી નથી. તેની દશા ભરનિદ્રામાં પોઢેલ મનુષ્ય જેવી છે. અજ્ઞાની જીવ પુદ્‌ગલ વસ્તુઓને પોતાની માની તે ગ્રહણ કરે છે, પરંતુ મૃત્યુ સમયે કોઈ વસ્તુ પોતાની થતી નથી માટે નિરાશ થાય છે.

આમ, જીવ સંસારમાં નિરંતર ભ્રમણ કરતો રહે છે. જ્યારે તે જાગીને પોતાનું અલખ સ્વરૂપ અવલોકે છે ત્યારે એને અનંત પ્રકાશમય અરૂપી, અગોચર નિર્વિકલ્પ આત્મા કળાય છે. તે પોતાના જ્ઞાન વડે જ મુક્તિ પામે છે અને સહજસમાધિભાવે સિદ્ધિના સર્વોચ્ચ શિખરે પહોંચે છે.

જે મનુષ્ય દેહમાં મમત્વભાવ ધારણ કરીને દિવ્ય વિષયભોગ ઇચ્છે છે અને જે તત્ત્વજ્ઞાની છે તે દેહની માયાથી છૂટવા ઇચ્છે છે એવો નિર્દેશ નીચેના શ્લોકમાં આચાર્ય પ્રભેન્દુજી કરે છે,

**"शुभं शरीरं दिव्यांश्च, विषयानभिवांछति ।**
**उत्पन्नात्ममतिर्देहे, तत्त्वज्ञानी ततश्चतिम् ।।४२।।"**

આ શ્લોકના વિવેચનમાં બુદ્ધિસાગરજી જ્ઞાની મનુષ્ય અને અજ્ઞાની મનુષ્યની વૈચારિક દૃષ્ટિનો તફાવત સમજાવતાં કહે છે :

"દેહ તે જ આત્મા, એમ જેની બુદ્ધિ વર્તે છે, તે શુભ અને સુંદર શરીર, દિવ્ય વિષયભોગ, અને સ્વર્ગના ભોગ ઇચ્છે અને જે અંતરાત્મા તત્ત્વજ્ઞાની છે. તે શરીર ભોગાદિ થકી છૂટવાને ઇચ્છે છે. જ્ઞાની અને અજ્ઞાનીની દૃષ્ટિમાં આકાશ અને પાતાળ જેટલો તફાવત છે. અજ્ઞાની જેનાથી બંધાય છે, તેનાથી જ્ઞાની છૂટે છે."

ઉપરોક્ત વિવેચનમાં બુદ્ધિસાગરજી અજ્ઞાની અને જ્ઞાનીજનોનો ભેદ દર્શાવતા લખે છે કે અજ્ઞાનીજન દેહમાં આત્મબુદ્ધિ અને મમત્વભાવ ધારણ કરીને ભોગની ઇચ્છા કરે છે જ્યારે જ્ઞાની- જનો તેનાથી દૂર જવા ઇચ્છા રાખે છે.

શ્રી ઉપાધ્યાય યશોવિજયજી બેંતાળીસમાં દોધક છંદમાં બાહ્ય પુદ્ગલમાં રાચતા પર એટલે કે બીજામાં આત્મબુદ્ધિ ધારણ કરતા જીવ વિશે કહે છે,

**અહંકાર પરમેં ધરત, ન લેહ નિજ ગુણ ગંધ,**
**અહંજ્ઞાન નિજગુણ લગે, છૂટૈ પર હિ સંબંધ...(૪૨)**

આ છંદનું વિવેચન કરતાં બુદ્ધિસાગરજી જણાવે છે,

"પરમાં આત્મબુદ્ધિ ધારણ કરતો જીવ આત્મગુણની ગંધ પણ પામતો નથી અને આત્મામાં અહંપણું ત્યાગે તો કર્મનો સંબંધ છૂટે છે. ભવ્ય જીવોએ પરમાંથી અહંવૃત્તિ દુર કરીને પોતાના આત્મસ્વરૂપમાં અહંત્વ ધારણ કરવું."

ઉપરોક્ત છંદના વિવેચનમાં બુદ્ધિસાગરજી સમજાવે છે કે મનુષ્ય ઘણી વાર બાહ્ય સ્વરૂપમાં આત્મિક બુદ્ધિથી મમત્વ અને અહંપણું રાખે છે. તે આત્માનું તત્ત્વ જાણે છે છતાં પરવસ્તુમાં આત્મભ્રાંતિ થઈ જાય છે તો તેણે ફરી આત્મસ્વરૂપમાં રમણતા કરવી.

ઉપાધ્યાય યશોવિજયજી જ્ઞાન અને ક્રિયા બંને જરૂરી છે તે વિના એનું ફળ મળતું નથી એ ૯૧મા દોધક છંદમાં દર્શાવ્યું છે :

**ક્રિયા યોગ અભ્યાસ હે, ફલ હે જ્ઞાન અબંધ,**
**દોનુ કૂં જ્ઞાની ભજે, એક મતિ તે અંધ...(૯૧)**

આ દુહાના વિવેચનમાં બુદ્ધિસાગરજી જ્ઞાન અને ક્રિયા એ બેથી મોક્ષ છે એમ દર્શાવતાં લખે છે :

"યોગ અભ્યાસરૂપ ક્રિયા છે અને અબંધ એવું જ્ઞાન અને ક્રિયા એ બેમાંથી એકને ભજે તે અજ્ઞાની છે. ज्ञान क्रियाभ्यां मोक्षः - જ્ઞાન અને ક્રિયા બેથી મોક્ષોત્પત્તિ થાય છે. પ્રથમ જ્ઞાન અને પશ્ચાત્ ક્રિયા જાણવી. જ્ઞાન વિના આત્મસ્વરૂપ અને ક્રિયાસ્વરૂપ પણ જાણવામાં આવતું નથી. અજ્ઞાની સમ્યક્ ક્રિયા શી રીતે કરી શકે ?"

સૂત્રનો ભાવાર્થ જાણ્યા સિવાય સમ્યક્ ક્રિયા થઈ શકતી નથી. તે માટે આચાર્ય પોપટનું ઉદાહરણ આપે છે. એક ગૃહસ્થના ઘરે પોપટ હતો. માલિકે પોપટને બોલતાં શીખવ્યું અને 'બિલ્લી આયે તો ભાગ જાના' એમ શીખવ્યું. પાંજરાની ઉપરના ભાગમાંથી બહાર ઊડી જવાય એવું બનાવેલું હતું. પોપટ બિલાડીને ઓળખતો ન હતો. એને તો ફક્ત 'બિલ્લી આયે તો ભાગ જાના' બોલતાં જ આવડતું હતું. એક દિવસ બિલાડીએ આવીને એને પકડીને મારી નાંખ્યો. છેવટ સુધી એ બોલતો રહ્યો કે 'બિલ્લી આયે તો ભાગ જાના.'

આચાર્યશ્રી આવા દૃષ્ટાંત દ્વારા સમજાવે છે કે ફક્ત સૂત્રો ગોખી લીધા હોય, પરંતુ અર્થ ખબર ન હોય તો શુકદેવ-પોપટ જેવું જ આપણું જ્ઞાન કામમાં આવતું નથી.

ઉપાધ્યાય યશોવિજયજીએ ૧૦૨ દુહાઓની રચના કરી જેમાં અંતિમ બે દુહાઓમાં જ એને વાંચે તે સૌનું કલ્યાણ થાય એવો ભાવ દર્શાવ્યો છે.

**દોધિક શતકે ઉધર્યું, તંત્ર સમાધિ વિચાર.**
**ધરો એહ બુધ કંઠ મેં, ભાવ રતનકો હાર...(૧૦૦)**
**કવિ જશવિજયે એ રચ્યો, દોધિક શતક પ્રમાણ,**
**એહભાવ જો મન ધરે, સૌ પાવે કલ્યાણ... (૧૦૨)**

આ પદના વિવેચનમાં બુદ્ધિસાગરજી જણાવે છે કે કવિ જશવિજયએ સમાધિશાસ્ત્રમાંથી ભવ્ય જીવોના કલ્યાણ અર્થે સરળ ભાષામાં છંદબદ્ધ રચના કરી. તેનું સ્મરણ કરીને પ્રમાદ ત્યાગી આત્મ રમણતામાં આયુષ્ય વ્યતીત કરવું.

સાહિત્ય કલારત્ન વિજય યશોદેવસૂરિ મહારાજ પ્રસ્તુત ગ્રંથની કૃતિ 'સમાધિ શતક' વિશે 'યશોદોહન' નામના ગ્રંથમાં લખે છે :

"સમાધિ શતક આ ૧૦૪ દુહામાં રચાયેલી કૃતિ છે. તે ઉપરથી આ કૃતિના છંદ (કવિ જશવિજયે રચ્યો દોધક શતક પ્રમાણ) અને પરિમાણનો બોધ થાય છે અને સાથે સાથે એ શેમાંથી ઉદ્ધૃત કરાયું છે તે પણ જાણી શકાય છે. 'દોધક શતકેં ઉધ્ધર્યું તંત્ર સમાધિ વિચાર'.

વિષય-કર્તાએ પ્રથમ પદ્યમાં કહ્યું છે તેમ આ ગુજરાતી મિશ્રિત હિન્દી કૃતિનો વિષય આત્મબોધ છે. એમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ દાખલા-દલીલપૂર્વક સમજાવ્યું છે."

પ્રસ્તુત ગ્રંથમાં ૧૦૧ છંદમાં યશોવિજયજીએ જ્ઞાનને વિમાન, ઇન્દ્રના હાથમાં વજ્રની જેમ મુનિના હાથમાં ચારિત્રની ઉપમા આપીને મુનિઓ પોતાના ચરિત્ર બળથી કર્મરૂપ આઠ પર્વતોને છેદવા સમર્થ હોય છે એમ દર્શાવે છે. ઇન્દ્ર જેમ નંદનવનમાં રમે છે તેમ મુનિઓ પણ સહજસમાધિરૂપ નંદનવનમાં આનંદ કરે છે તેમ નીચેના છંદમાં આલેખ્યું છે :

**જ્ઞાન વિમલ ચારિત્ર, પામિ, નંદન સહજ સમાધિ**
**મુનિ સુરપતિ સમતા શચી, રંગે રમે અગાધ...(૧૦૧)**

ઉપરોક્ત છંદનું વિવેચન કરતાં આચાર્ય યશોદેવસૂરિ 'યશોદોહન'માં કહે છે :

"આ છંદમાં મુનિને ઇન્દ્ર કહી રૂપક અલંકારનું સુંદર ઉદાહરણ પૂરું પડાયું છે. અહીં જ્ઞાનને વિમાન, ચારિત્રને વજ્ર, સ્વાભાવિક સમાધિને નંદનવન અને સમતાને 'શચી' કહ્યા છે. ૮૧માં પદમાં કહ્યું છે કે પોતાના આત્માથી ભિન્ન એવા પરમાત્માના સેવનથી ભવ્યજન પરમાત્મા બને. દા.ત., જેમ જ્યોતિથી ભિન્ન એવી વાટ જ્યોતિને દીપકને સેવતાં જ્યોતિરૂપ બને છે. પ્રસ્તુત કૃતિ 'સમાધિતંત્ર'ના ઉદ્ધરણરૂપે છે. પૂજ્યપાદની કૃતિ મુમુક્ષોને ઘણી ઉપયોગી છે એટલે ઉપાધ્યાયજીએ સંસ્કૃત કૃતિનો લાભ ન લઈ શકે તેવા જનોને ઉદ્દેશીને જે આ પ્રસ્તુત કૃતિ રચી તે ઉત્તમ કાર્ય ગણાય."

આ કૃતિ પ્રથમ દિગંબરાચાર્યે પ્રભેન્દુજીએ કરી હતી. ત્યાર બાદ તેમના સંસ્કૃત શ્લોક, ઉપરથી ગુજરાતી પદ્યમાં યશોવિજયજી ઉપાધ્યાયે દુહાઓની રચના કરી. આચાર્ય બુદ્ધિસાગરજીએ પ્રત્યેક સંસ્કૃત શ્લોક અને ઉપાધ્યાયજીના દરેક દુહાઓ પર ગુજરાતી ભાષામાં અર્થ-ભાવાર્થ સહિત વિવેચન અનેક દૃષ્ટાંતો આપીને કર્યું. આ પ્રમાણે આ ગ્રંથ આધ્યાત્મિક ગ્રંથકારોની ત્રિપુટીનો સુંદર સરવાળો છે.

આત્મોન્નતિને માર્ગે લઈ જવા આ ગ્રંથ એક મશાલચીની ગરજ સારે છે.

આ અમોઘ ગ્રંથ લોકોને ઘણો ઉપયોગી છે. એનાથી માનવી પોતાના જીવનમાં શાંતિ પ્રાપ્ત કરે છે.

●●●

## (૯) અનુભવ પંચવિંશતિ ગ્રંથ

આ ગ્રંથના પચ્ચીસ શ્લોકો આચાર્ય બુદ્ધિસાગરજીએ અચાનક રચેલા છે. તેઓ એક વાર પાદરાથી વડોદરા થઈને કાવીઠા ગયા હતા. ત્યાંથી આગળ વિહાર કરતાં પોતાની સાથેનું એક ઉપકરણ કાવીઠા ગામમાં ઉપાશ્રયમાં ભૂલમાં રહી જવાથી એક માણસને તે લાવવા માટે મોકલ્યો અને તે સમય દરમિયાન ગામબહાર તેની રાહ જોતાં ૨૫ અનુપમ સંસ્કૃત શ્લોકોની રચના કરી. આમ, મળેલા સમયનો લોકહિતાર્થે સદુપયોગ કર્યો. પ્રસ્તુત સ્વરચિત સંસ્કૃત શ્લોકોનો ભાવાર્થ અને વિવેચન તેમણ સંવત ૧૯૫૯માં માણસા ગામમાં ચાતુર્માસ દરમ્યાન કર્યો. તેની પૂર્ણાહુતિ ચાતુર્માસ બાદ વિજાપુર ગામમાં ઉત્તરાયણના દિવસે કરી.

આ ગ્રંથની પ્રસ્તાવનામાં બુદ્ધિસાગરજીએ વિજાપુરમાં રચાયેલા અણમોલ ગ્રંથો વિદ્યાનંદ વ્યાકરણ, ધર્મપરીક્ષાનો રાસ વગેરેને યાદ કરીને આ 'અનુભવ પંચવિંશતિ ગ્રંથ' પણ ભવિષ્યની પ્રજાને ઘણો બોધ આપશે એવી આશા વ્યક્ત કરી. ગ્રંથરચનાનો ઉદ્દેશ્ય જણાવતાં તેઓ નિરૂપે છે :

"ભવ્ય જીવો આત્મસ્વરૂપ અવબોધે છે. તદા ઉપાદેય શુદ્ધ સાધ્યબિંદુ આત્મા છે એમ શ્રદ્ધાંતઃ સ્વીકારી જન્મ જરા મૃત્યુનાં દુઃખ પરિહારાર્થ અને પરમાનંદ સ્વાદાર્થ આત્માભિમુખ થઈ રત્નત્રયીનું યથાશક્તિ દેશતઃ સર્વતઃ આરાધના કરે છે. આત્મજ્ઞાનાર્થ આત્મવેત્તાઓ ભવ્ય જીવોને ઉપદેશ આપે છે, પુસ્તક લખે છે, પત્ર લખે છે. ત્રણ કાલમાં આ સ્થિતિ બની રહી છે. તદવત્ આ ગ્રંથનો ઉદ્દેશ પણ સમજવો."

આ પ્રમાણે ગ્રંથ રચનાનો હેતુ ભવ્યજીવોને તેમના આત્મસ્વરૂપની પિછાન કરાવવાનો છે એમ તેઓ દર્શાવે છે. મનુષ્ય પોતાની આત્મશક્તિ ઓળખીને દર્શન, જ્ઞાન અને ચારિત્રની રત્નત્રયીનું આરાધન કરી જિનવરની વાણીમાં શ્રદ્ધા રાખી આત્માભિમુખ થઈ જન્મ જરા મૃત્યુના કષ્ટમાંથી છૂટી મોક્ષગામી બને છે.

આચાર્ય શ્રી પ્રારંભમાં મંગલાચરણ કરે છે જેથી ગ્રંથરચનામાં કોઈ વિઘ્નો ન આવે. તેઓ શંખેશ્વર પાર્શ્વનાથને ચરણે વંદન કરીને અને ગુરુ તથા સરસ્વતીમાતાને પ્રણામ કરી 'અનુભવ પચ્ચીશી' ગ્રંથ રચનાની શરૂઆત કરે છે :

**ત્રેવીસમાં શ્રી પાર્શ્વનાથ, શંખેશ્વર સુખકાર,**
**તેહતણા ચરણે નમી, વળી સદ્ગુરુ હિતકાર...(૧)**
**પ્રણમી ભગવતી સરસ્વતી, જિનવાણી જયકાર,**
**અનુભવ પચ્ચીશી રચું, જેથી શિવ સુખકાર...(૨)**

જગતના સર્વ લોકો ધર્મની વાતો કરે છે, પરંતુ ધર્મને જાણતાં નથી. અજ્ઞાની જીવો જેની પાસે ગાડી, ધનસંપત્તિ હોય તેને ઉત્તમ પુરુષ કહે છે. પરંતુ ધર્મ આરાધના કરનાર અને જિનવરની આજ્ઞા શિરોધાર્ય કરનાર જ ઉત્તમ પુરુષ કહેવાય છે એમ બુદ્ધિસાગરજી નીચેના દુહામાં કહે છે :

**ઉત્તમ ધર્મ થકી સુણો એવી જિનવર વાણ.**
**ધર્મ ધર્મ જગ સૌ કરે, સત્યધર્મ જિન આણ...(૧)**

આ ગ્રંથમાં બુદ્ધિસાગરજીએ ગુરુસ્વરૂપ, આત્મસ્વરૂપ, કર્મ અને આત્માનો સંવાદ, શુદ્ધ ચેતના અને આત્માનો સંવાદ, મૂર્તિપૂજાની માન્યતા, જ્ઞાનીની મહત્તા વગેરે વિષયો અલગ અલગ દૃષ્ટાંતો આપીને વિગતવાર સમજાવ્યાં છે.

શુદ્ધ ચેતન સર્વથી ન્યારું છે એમ બુદ્ધિસાગરજી નીચેના દુહાઓમાં દર્શાવે છે :

**પ્રાણ દશ ને યોગથી, ન્યારો ચેતનરાય,**
**દ્રવ્ય કર્મ વ્યવહારથી, કર્તા આત્મ કહાય...(૧)**
**દ્રવ્યાદિક ચઉ ભાવથી, જાણે વસ્તુ સ્વરૂપ,**
**નવતત્ત્વદિક જાણતો, પંડિત તેહ અનૂપ...(૪)**
**શ્રદ્ધા જ્ઞાન વિવેકથી, જાણે તે ષડ્દ્રવ્ય**
**સૂત્ર પંચાગી સદહે, પંડિત આસન્ન ભવ્ય...(૫)**

ઉપરોક્ત દુહાઓમાં બુદ્ધિસાગરજી ચેતન એટલે કે આત્માને સર્વથી ન્યારો દર્શાવે છે. તેઓ સમજાવે છે કે આત્મા પાંચ ઇન્દ્રિય, ત્રણ બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય જે દશ પ્રાણ કહેવાય છે તેનાથી અલગ છે. પાંચ ઇન્દ્રિયો આંખ, નાક, કાન, જીભ અને સ્પર્શને કહેવાય છે. ત્રણ બળ એટલે મનોબળ, વચનબળ અને કાયબળને કહે છે. એ સર્વથી ચેતન જુદો છે. તે ઔદારિક શરીર, વૈક્રિય શરીર, આહારક શરીર, તેજસ શરીર અને કાર્મણ શરીર એનાથી પણ અલગ છે. છ લેશ્યા, ત્રિકરણ યોગ, અષ્ટ કર્મ અને અષ્ટ વર્ગણાથી ન્યારો છે. આ પ્રમાણે આત્મા અરૂપી, અનંત શક્તિવાન અને અનંત ગુણનો ભંડાર છે. તે પંચદ્રવ્યથી ભિન્ન છે. ચાર ગતિમાં ભ્રમણ કરતાં જીવ અનેક શરીર ધારણ કરે છે. દરેક ભવમાં જીવની પાંચે ઇન્દ્રિયોની કાર્યશક્તિ વત્તાઓછા પ્રમાણમાં હોય છે. તે જ પ્રમાણે દરેક ભવમાં જીવનું વચનબળ, કાયબળ અને મનોબળ પણ સપ્રમાણ હોતું નથી. જ્યારે ચેતન પોતાનામાં રહેલા ગુણપયાર્યને જાણે છે ત્યારે તે ભવોભવના બંધનમાંથી મુક્તિ ઇચ્છે છે.

આત્માને જ્યારે પોતાના શુદ્ધ સ્વરૂપની ઓળખ થાય છે ત્યારે તેની સ્થિતિ વિચિત્ર હોય છે. તે દર્શાવતાં આચાર્ય બુદ્ધિસાગરજી લખે છે :

"જ્યારે આત્મા સ્વસ્વરૂપ ઓળખે છે, પોતાનામાં રહેલા ગુણપર્યાયને જાણે છે, તે વખતે તેમની વિચિત્ર દશા થાય છે, પરવસ્તુને પોતાની માની અને અનંતકાળ સંસારમાં ચાર ગતિમાં ભટક્યો, તેનો પશ્ચાત્તાપ થાય છે, અને સિંહ જેમ પાંજરામાંથી છૂટવા પ્રયત્ન કરે છે તેમ અનંત શક્તિનો ધણી આત્મા કર્મપિંજરમાંથી છૂટવા પ્રયત્ન કરે છે અને રાગ-દ્વેષનો ત્યાગ કરી વિભાવદશાથી દૂર રહી પોતાના સ્વભાવમાં શુદ્ધ ઉપયોગથી રચે છે અને ભાવના ભાવે છે."

ઉપરોક્ત વિધાનોમાં આચાર્ય બુદ્ધિસાગરજી આત્માને જ્યારે ઉચ્ચ દશા પ્રાપ્ત થાય છે તે સમયની તેની મનઃસ્થિતિ દર્શાવે છે. ચેતન ધન, કીર્તિ, શરીર અને સગાસંબંધીના મોહમાં અંધ થઈ અનેક કર્મોપાર્જન કરી મનુષ્ય, તિર્યંચ, દેવતા અને નારકી એમ ચાર ગતિમાં ભટકી દુઃખી થાય છે. જ્યારે એનો આત્મા જાગ્રત થાય છે ત્યારે તે નવા અશુભ કર્મ બાંધતો નથી. અંતે તે રાગદ્વેષથી પર થઈ પ્રભુભક્તિ અને સ્વ આત્મામાં રમણતા કરી મોક્ષગામી બને છે.

બુદ્ધિસાગરજી નીચેના શ્લોકમાં આત્માનો રાગરૂપી જ્વર અને મોહરૂપી નિદ્રા દૂર થતાં આત્મા શુદ્ધબુદ્ધ થાય છે તે દર્શાવે છે.

**"अद्य रागज्वरो निष्टो मोहनिद्रा विनिर्गता**
**ततः कर्म रिपुं हन्मि ध्याननिस्तृंशधारया...( १ )"**

ઉપરોક્ત શ્લોકનું વિવેચન તેઓ રાગને જ્વર, મોહને નિદ્રા અને ધ્યાનને તીક્ષ્ણ તલવારની ધાર સાથે સરખાવીને સમજાવે છે.

"અદ્ય રાગરૂપ જ્વર (તાવ) નાશ પામ્યો. આજ મોહનિદ્રા ગઈ અને હું શુદ્ધોપયોગે કરી જાગ્યો. હવે કર્મરૂપ શત્રુને ધ્યાન રૂપ તીક્ષ્ણ તલવારની ધારા વડે કરી હણું છું. હવે કર્મ શા હિસાબમાં છે, અશુદ્ધ પરિણતિનો ત્યાગ કરી શુદ્ધ પરિણતિ આદરતાં પોતાનામાં રહેલા અનંત ગુણો કે જે તિરોભાવે રહેલા છે તેને આવિર્ભાવે કરવા રૂપ કરીને પોતાના ગુણોનો કર્તા બનું, અને તેમ વિચારતાં તેની પ્રાપ્તિ તત્ સ્વરૂપનું ધ્યાન આત્મા ધરી પરમાત્મરૂપ બને છે."

ઉપરોક્ત વિવેચનમાં આચાર્યશ્રી સમજાવે છે કે આત્મા જ્યારે શુદ્ધોપયોગમાં પ્રવેશે છે ત્યારે તે રાગ અને મોહરૂપી શત્રુને હણે છે. તેઓ 'ધ્યાન'ને તલવારની તીક્ષ્ણધાર સાથે સરખાવીને તેના વડે કર્મરૂપી શત્રુનો નાશ થાય છે એમ નિરૂપે છે. આમ, આત્મામાં જ્યારે ફક્ત શુદ્ધ પરિણતિ જ બાકી રહે છે ત્યારે તે પોતાનામાં તિરોભાવે રહેલા અનંત ગુણો અને અનંત શક્તિઓનો પ્રાદુર્ભાવ કરનાર કર્તા થાય છે.

ગ્રંથના અંતમાં આચાર્યશ્રીએ પ્રશસ્તિની રચના કરી છે. પ્રશસ્તિમાં આચાર્યશ્રીએ તેમની પાટ પરંપરા આપી છે. તેમાં તેર શ્લોકો છે, અને ગ્રંથ ભવ્ય લોકોને હંમેશાં બોધ આપતો રહેશે એવી આશા વ્યક્ત કરી છે. તેઓ અગિયારમાં શ્લોકમાં સર્વત્ર શાંતિ ફેલાય અને લોકો સુખી થાય એવી શુભેચ્છા દર્શાવી છે.

**"जनाः सर्वे सुखं यान्तु सन्तु शुद्धात्म सन्मुखाः**
**सर्व पापानि नस्यन्तु, शांतिः सर्वत्र वर्तताम्...." ( ११ )**

આ શ્લોકમાં બુદ્ધિસાગરજી સર્વ લોકો સુખી થાય અને સર્વત્ર શાંતિ પ્રસરે એવી આશા વ્યક્ત કરે છે.

## (૧૦) શ્રી કર્મપ્રકૃતિ ટીકા ભાષાંતર

ગુરુદેવ બુદ્ધિસાગરજીએ 'કર્મપ્રકૃતિ' મૂળ પ્રાચીન ગ્રંથ પર ટીકા અને વિવેચન સંસ્કૃત ભાષામાં સં. ૧૯૭૬માં રચી હતી. આ ગ્રંથની મૂળ ભાષા સંસ્કૃત હતી, અને તે શ્રી શિવશર્મસૂરિએ રચેલો હતો. તે પર માગધી ભાષામાં શ્રી મલયગિરિજીએ ટીકા રચી હતી. આ ગ્રંથ અતિ ગહન અને ઉપયોગી હોવાથી બુદ્ધિસાગરજીની પ્રેરણાથી ગુજરાતીમાં ભાષાંતર કરાવીને મંડળે પ્રસિદ્ધ કર્યો.

પ્રસ્તુત ગ્રંથમાં જૈન દર્શનના મૂળ તત્ત્વ કર્મ વિશે ખૂબ વિસ્તારથી વિવેચન છે. એમાં કર્મનું સ્વરૂપ તથા અપવર્તના ઉદવર્તના વિશે ઊંડાણપૂર્વક સમજાવ્યું છે. જૈન ધર્મનાં તત્ત્વો દશકરણનો પણ આ ગ્રંથમાં સમાવેશ થાય છે. દશકરણ આ પ્રમાણે છે :

(૧) બંધનકરણ (૨) સંક્રમકરણ (૩) ઉદ્‌વર્તનાકરણ
(૪) અપવર્તનાકરણ (૫) ઉદીરણાકરણ (૬) ઉપશમનાકરણ
(૭) નિધત્તીકરણ (૮) નિકાચનાકરણ (૯) ઉદયકરણ
(૧૦) સત્તાકરણ.

ગણિતાનુયોગના આ ગ્રંથને સમજવા માટે અતિ ઉદ્યમ, શ્રમ અને શ્રદ્ધા અનિવાર્ય છે. એમાં કર્મના યથાર્થ સ્વરૂપ અને દ્રવ્યના સ્વરૂપના સવિસ્તર વર્ણનો છે.

મૂળ પ્રાચીન ગ્રંથ સંસ્કૃતમાં હતો તથા તેની ટીકા માગધી ભાષામાં હતી તેના પર ગુરુદેવ બુદ્ધિસાગરજીની પ્રેરણાથી આ અતિ ઉપયોગી ગ્રંથ 'અધ્યાત્મ પ્રસારક મંડળે' ગુજરાતીમાં ભાષાંતર કરાવી પ્રસિદ્ધ કર્યો.

●

*"મહારાજશ્રીને સાધુ સંસ્થા સ્થાપવી હતી. તેમને સાધુઓ માટે યોગ સંસ્થા પણ સ્થાપવી હતી. તેમની અભિલાષા સંશોધન માટે એક કેન્દ્રસ્થ ગ્રંથભંડાર સ્થાપવાની હતી. આ અભિલાષાઓ સિધ્ધ થઈ શકી નહીં, એ જુદી વાત છે. પણ પચાસ વર્ષ અગાઉ આવી સિધ્ધિઓને પાર પાડવાની અભિલાષા સેવનાર જૈન સાધુનું મતિજ્ઞાન ખરેખર અલૌકિક જ કહેવાય."*

*- પ્રોફેસર કેશવલાલ કામદાર*

*પ્રતાપગંજ, વડોદરા.*

*તા. ૨૨-૦૭-૧૯૪૯*

પ્રકરણ ૭

# શ્રી બુદ્ધિસાગરજી દ્વારા રચિત અન્ય મહાપુરુષોના જીવનચરિત્રો, સંસ્કૃત ગ્રંથો, પત્રો, રોજનીશી અને 'બુદ્ધિપ્રભા' માસિક વિશેની માહિતી


| | | પૃષ્ઠ |
|---|---|---|
| (૧) | જીવનચરિત્રો | ૪૨૦ |
| | (અ) શ્રી સુખસાગર ગુરુગીતા | |
| | (બ) શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ-૧ | |
| | (ક) શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ-૨ | |
| | (ડ) શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર તથા દેવવિલાસ | |
| | (ઈ) શ્રીમદ્ યશોવિજયજી નિબંધ | |
| (૨) | રોજનીશીનું સ્વરૂપ | ૪૩૫ |
| (૩) | ધાર્મિક ગદ્યસંગ્રહ તથા પત્ર સદુપદેશ ભાગ - ૧ (રોજનીશી) | ૪૩૬ |
| (૪) | પત્રસદુપદેશ ભાગ ૨ અને ૩ | ૪૩૯ |
| (૫) | સંસ્કૃત ગ્રંથો | ૪૪૩ |
| (૬) | 'બુદ્ધિપ્રભા' માસિક | ૪૪૯ |

## ૧. જીવનચરિત્રો

**(અ) શ્રી સુખસાગર ગુરુગીતા :**

ગુરુવર્ય બુદ્ધિસાગરજીએ પોતાના ગુરુ સુખસાગરજી, દાદા ગુરુ શ્રી રવિસાગરજી, શ્રી નેમિસાગરજી તથા મયાસાગરજી વગેરે સર્વ મહાન સંતોનાં જીવનચરિત્રો અને તેમણે કરેલા સત્કાર્યોની માહિતી આ ગ્રંથમાં આપી છે. ગુરુ સુખસાગરજીના ગુણોની પ્રશંસા કરતાં પાંચસો પચ્ચીસ પદો અનન્ય ભાવથી રચ્યા છે. ગુરુ મહારાજો જે સ્થળે વિચર્યા હતા તે સ્થળોનું વિસ્તૃત વર્ણન તેમણે સુંદર રીતે રજૂ કર્યું છે. ચાતુર્માસ દરમિયાન સ્થિરતા પામેલ નગરની ઘણી જાણવા યોગ્ય હકીકતો વિહારમાં ત્યાં થયેલ ઉત્તમ કાર્યો તથા ભક્ત શ્રાવક-શ્રાવિકા વિશેની ઘણી માહિતીઓથી આ ગ્રંથ ભરપૂર છે.

પ્રભુ મહાવીરના ગણધર સુધર્મા સ્વામીથી સાગર શાખાના બુદ્ધિસાગરજી સુધીની પટ્ટાવલી આપી છે. તપાગચ્છીય સાગરશાખા અકબર પ્રતિબોધક શ્રી હિરવિજયસૂરિથી નીકળી છે. તેમના શિષ્ય શ્રી સહજસાગર ઉપાધ્યાય થયા. તેઓની પ્રતિષ્ઠા જહાંગીરના દરબારમાં પણ હતી. શ્રી બુદ્ધિસાગર મહારાજે તેમના આ ગ્રંથમાં સાગર સંપ્રદાયના મુખ્ય સાધુઓ વિશે ઘણી વિગતો આપી છે. તેમની સ્વર્ગવાસની તિથિ અને સ્થળની નોંધ પણ તેમણે કરી છે.

સહજસાગરની પટ્ટપરંપરામાં ભાવસાગરજી મહારાજ થયા જેઓએ ઉદેપુરના મહારાણા ભીમસિંહજીને જૈન ધર્મનો ઉપદેશ આપ્યો. રાણાએ જિન મંદિર માટે જગ્યા આપી. ભાવસાગરજીએ બિકાનેર વગેરે સ્થળોથી પ્રાચીન ગ્રંથો લાવી ઉદેપુરના ગ્રંથાગારમાં સાચવ્યા.

તેમના પટ્ટધર શ્રી મયાસાગરજી પ્રથમ યતિ હતા અને પછી સાધુ બન્યા. તેઓએ યતિઓ અને સાધુઓમાં પ્રવેશેલો શિથિલ આચાર હટાવ્યો. તેઓના ઉપદેશની અસર શ્રાવકો પર સારી થતી. તેઓ ધર્મ પ્રવૃત્તિમાં મગ્ન રહેતા. તેઓ ઘણા ઉત્સાહી, ખંતીલા, સત્યાગ્રહી તથા વૈરાગી હતા. તેમના સંસર્ગમાં આવી ગુજરાતના જૈનો જાગૃત બન્યા. શ્રી નેમિસાગરજી તેમના શિષ્ય હતા. અમદાવાદમાં સૂરજમલ શેઠ, રુકમણિ શેઠાણી, દલપતભાઈ વગેરેને તેમના પર ઘણી આસ્થા-શ્રદ્ધા હતી. તેમના સમયમાં શ્રી રૂપવિજયજી, વીરવિજયજી વગેરે થયા હતા. તેઓ યતિઓ, શ્રી પૂજ્યો વગેરેના અવગુણો સામે લડતા હતા. અમદાવાદમાં રુકમણિ શેઠાણીએ પેથાપુર, વિજાપુર વગેરે સ્થળોએ શ્રી નેમિસાગરજી ઉપદેશ અર્થે વિચરે તે હેતુથી ધર્મશાળાઓ બંધાવી હતી.

શ્રાવિકાઓએ ઘણા ભાવથી તેમની ગહુંલીઓ રચી હતી :

**"ગુરુજી આવ્યા ગુર્જર દેશ-પેથાપુર ગામે વિશેષ રે**
**ગુરુવંદોને ગોરી...**

**એવા શ્રી નેમિસાગર ગુરુ રાયા**

પાલીથી ગુજરાત આવ્યા રે... ગુરુવંદોને... ગોરી
જિન મત સ્થાપક પર મતભેદક
જીતના ડંકા વજાવ્યા રે... ગુરુ વંદોને"

તેમને જ્યોતિષનું સારું જ્ઞાન હતું. તેઓ પદ્માવતી દેવીના ઉપાસક હતા. શ્રી રવિસાગરજી તેમના પટ્ટધર હતું. ગુરુએ તેમને ઘણા ચમત્કારિક દૈવિક આમ્નાયો આપ્યા હતા. ગુરુ શિષ્ય બંને મળીને શાસનની ઘણી ઉન્નતિ કરી. તેઓએ પદ્માવતી દેવીની ઉપાસના કરી હતી. તેઓ નિર્ભય સત્યવક્તા તથા ચારિત્રમાર્ગમાં તીક્ષ્ણ હોવાને લીધે કોઈ મોટા શેઠિયાઓ કે શ્રી પૂજ્યોની શેહશરમમાં આવ્યા વિના બીજા સાધુઓ તથા સાધ્વીઓને ધર્મમાર્ગનો ઉપદેશ આપતા હતા.

શ્રી રવિસાગરજી, શ્રી ધર્મસાગરજી, શ્રી કપૂરસાગરજી, શ્રી વિવેકસાગરજી વગેરે તેમના શિષ્ય હતા. શ્રી વિવેકસાગરજીએ વૃદ્ધાવસ્થા દરમિયાન અમદાવાદમાં જ સ્થિરતા કરી હતી. ત્યાં તેઓ શ્રી આત્મારામજી તથા શ્રી રાજેન્દ્રસૂરિની જ્ઞાનચર્ચામાં લાભ લેતા હતા.

શ્રી રવિસાગરજી મહારાજ સાહેબ જૈન શાસનમાં રવિ સમ ઝળકતા હતા. તેઓ મારવાડના પાલી શહેરના વતની હતા. બાળવયમાં તેમની બુદ્ધિ તીવ્ર હતી. માતાપિતાની સાથે તેઓ અમદાવાદમાં વસ્યા ત્યાં નેમિસાગરજીના મેળાપથી તેમનામાં વૈરાગ્યની ભાવના દૃઢ બની. ગુરુનો ઉપદેશ રોજ શ્રવણ કરતાં સંસારની અસારતા તેમને સમજાઈ. જીવ એકલો આવ્યો છે અને એકલો જશે, પરંતુ માતાપિતા દીક્ષા આપવા રાજી થતા ન હતા. તેથી તેઓ જાતે જ સાધુનો વેશ પહેરી સ્વગૃહમાં જ રહ્યા. ત્યાર બાદ અમદાવાદના મોટા શ્રેષ્ઠીઓ સૂરજમલ શેઠ વગેરેના સમજાવાથી તેઓને ઉપાશ્રય લઈ જઈ નેમિસાગરજીના સં. ૧૯૦૭માં શિષ્ય બનાવ્યા.

તેઓએ ઈડરમાં યતિઓની વધતી જતી તાકાતને કાબૂમાં લઈને સાધુ તથા શ્રાવકોને મદદગાર થયા. તેમના શિષ્ય સમુદાયમાં ગુણસાગર, મણિસાગર, વિનીતસાગર, ભાવસાગર તથા સુખસાગર વગેરે મુખ્ય હતા. તેઓએ વિજાપુર, પેથાપુર, રાધનપુર, મહેસાણા, પાટણ વગેરે ગામોમાં ચાતુર્માસ અને વિહાર કર્યો.

શ્રી રવિસાગરજીએ સં. ૧૯૪૭ પાટણમાં ચોમાસું કર્યું. ભાવસાગરજી તથા સુખસાગરજી સાથે જ હતા. પછી વૃદ્ધાવસ્થાને લીધે તેમણે સંવત ૧૯૪૮થી મહેસાણામાં સ્થિરતા કરી.

તેમના અંત સમયે શ્રી બુદ્ધિસાગરજી ગૃહસ્થ અવસ્થામાં હતા અને પ્રબંધ લખતા હતા. તેમની પાસે જ હતા. શ્રી રવિસાગરજીને બેચરદાસ પર ખૂબ પ્રેમદૃષ્ટિ હતી. અંતિમ સમયે હાજર રહેવાવાળામાં શ્રી આત્મારામજીના શિષ્ય શ્રી ચારિત્રવિજયજી, ધર્મવિજયજી, કપૂરવિજયજી હતા.

રવિસાગરજી તેમનો અંતકાળ નજીક આવ્યો જાણી સંવત ૧૯૫૪ના જેઠ વદિ અગિયારસના રોજ સવારે પ્રભુનાં દર્શન કરી સંથારામાં અર્ધ પદ્માસનમાં આત્મસમાધિમાં આરૂઢ થયા.

અંતે સમયે નવકારનું રટણ કરતા હતા. શ્રી બુદ્ધિસાગરજી પણ મોટેથી તેમને વારંવાર નવકાર સંભળાવતાં હતા. સવારે ૬ વાગ્યે અમૃતસિદ્ધિ યોગમાં ક્ષણિક દેહનો ત્યાગ કર્યો.

હજારો લોકો તેમના દર્શનાર્થે પધાર્યા અને તેમને એક ખેતરમાં સુખડના લાકડાથી અગ્નિ સંસ્કાર કર્યો. તેમના ચારિત્રની પ્રશંસા શ્રી આત્મારામજી મહારાજ તથા શ્રી મોહનલાલજી મહારાજ સાહેબ પણ કરતા હતા. તેઓએ સુડતાળીશ વર્ષ સુધી સંયમ માર્ગ આરાધ્યો.

તેમણે ઘણી તપશ્ચર્યાઓ કરી. જૈન ધર્મની ઉન્નતિ માટે તનતોડ પ્રયત્નો કર્યા. ઘણે સ્થળે સંઘમાં સુધારાવધારા કરાવ્યા તથા પશુઓ માટે પાંજરાપોળો કરાવી.

તેઓશ્રીના પરિચયમાં તે સમયના વિખ્યાત મુનિરાજો આવ્યા હતા. જેમાં રાજેન્દ્રસૂરિ, બુટેરાયજી, વૃદ્ધિચંદજી, વિજયાનંદસૂરિ, ગુમાનવિજયજી વગેરે મુખ્ય હતા. શ્રી મોહનલાલજી મહારાજ તો તેમના દર્શન માટે ખાસ ભોંયણીથી વિહાર કરીને મહેસાણા પધાર્યા હતા. તેઓ અન્ય સંઘાડાના મહારાજ સાથે ખૂબ સૂમેળભર્યો વર્તાવ રાખતા હતા.

અંતિમ દર્શન કરવા સર્વ વર્ણના લોકો આવ્યા હતા. મહેસાણામાં જૈન સંઘે રવિસાગરજીની દેરી બનાવી. તેમના શિષ્ય સુખસાગરજી ઘણું ઓછું બોલતા અને સ્વભાવે પણ ઘણા સહનશીલ હતા. તેઓ પોતે જાતે જ ગોચરી વહોરી લાવતા.

જ્યારે શ્રીમદ્ રવિસાગરજી બિમાર હતા ત્યારે તેમની સેવા સુખસાગરજીએ જાતે જ કરી. તેમને ગોચરી, ગોચરીના દોષો ટાળીને લાવતા. જ્ઞાન તપ વગેરે ક્રિયાઓમાં કોઈક દોષ લાગે પણ ગુરુ સાધુની વૈયાવચ્ચ કરવાથી ગુરુકૃપા હંમેશ રહે છે.

આચાર્ય બુદ્ધિસાગરજી મહારાજે સુખસાગરજીના ગુણ પ્રશંસા કરતા સોળ શ્લોક સંસ્કૃતમાં રચ્યા અને પાંચસો પચ્ચીસ શ્લોક ગુજરાતીમાં રચ્યા એ ગુરુગીતાની રચના ખૂબ ભાવવાહી ભાષામાં છે.

**પગલાં પડ્યાં તારા અહો જ્યાં તીર્થ તે મારે સદા**
**તવ પાદની ધુલી થકી નહાતો રહું ભાવે મુદા**
**તવ પાદ પદ્મે લોટતાં પાપો કર્યાં રેહવે નહીં.**
**ત્હેં ચિત્તમાં જે માનીયું તે માન્ય મારે છે. અહીં...(૧)**
**મુજ ચિત્ત તુજને વેચીયું બાકી રહ્યું ના કો હવે**
**પ્રત્યક્ષ દર્શન દે મને આ દાસ ભાવે એ લવે.**
**આ દાસની વિજ્ઞપ્તિમાં દોષો થયા જોશો નહીં**
**જ્યાં પ્રેમ ભક્તિ ભક્તની ત્યાં દોષ ટળતા**
**સહુ અહીં...(૩)**

ઉપરની પંક્તિઓમાં ગુરુ પ્રત્યેનો પ્રેમભાવ અને આદર બુદ્ધિસાગરજીના હૃદયમાંથી નીકળે છે.

ગુરુ સુખસાગરજી ગોચરી નિર્દોષ લાવવાના ઘણા આગ્રહી હતા. ગોચરી માટે તેઓ દૂર દૂર જતાં હોવાથી સાથેના બીજા સાધુઓ અકળાઈ જતા, પરંતુ તેઓ કદી કંટાળતા કે થાકતા નહિ. અન્ય સાધુઓ તેમના આ કાર્ય માટે ખૂબ પ્રશંસા કરતા. તેઓએ તેમના ગુરુ રવિસાગરજીની અનન્ય સેવા કરી. તેઓ એમ માનતા કે પૂર્વ ભાવના પુણ્યોદયથી ગુરુ સેવા મળી છે. માટે સેવામાં ખામી રાખવી નહિ. તેમને ગુરુના ઉપદેશમાં અપૂર્વ શ્રદ્ધા હતી. તેથી ગુરુના સ્વર્ગાગમન પછી તેમણે ચીંધેલા આચાર પ્રમાણે પોતે પ્રવૃત્તિ કરતાં હતાં. તેઓ આત્મ કલ્યાણની પ્રવૃત્તિ તથા વિહારમાં ઘણા ઉગ્ર હતા. તેઓએ માણસા, વિજાપુર, અમદાવાદ, ચાણસ્મા વગેરે સ્થળોએ ચાતુર્માસ કર્યા. તેઓ સાગર જેવા ગંભીર હતા. દયાળુ ચારિત્રવાન તથા પરિમિત શબ્દોમાં જે કંઈ કહેવું હોય તે કહેતા.

ગુરુ સુખસાગરજીનો જન્મ પાટણમાં વીસા પોરવાડ જૈન શ્રાવક આલમચંદ તથા શ્રાવિકા જડાવબાઈની કૂખે સંવત ૧૯૦૭ના શ્રાવણ સુદ ચૌદશે થયો હતો. ઉચ્ચ ગ્રહયોગમાં જન્મ થયો હોવાથી બાળક શુભ કાર્યો કરીને વિશ્વમાં નામ કમાશે. એમ સર્વ કહેતા હતા. સાંકળચંદ નામ હતું. તેઓ દરરોજ દેવદર્શન કરતા હતા. તેમની તીક્ષ્ણ સારગ્રાહી બુદ્ધિ હતી. ભરૂચ, સુરત વેપાર અર્થે જતા. તેમની ચારિત્ર લેવાની ભાવના હોવાથી કોઈ લાલચમાં ફસાયા વિના રવિસાગરજીને દીક્ષા માટે વિનંતી કરી અને સાંકળચંદમાંથી સુખસાગર બન્યા. ગુરુમહારાજની સાથે રહી સેવાભક્તિ કરી અત્યંત પ્રેમ ભાવે જન્મ સફળ કર્યો. ગુરુઓ પાસેથી જે જે બાબતોના અનુભવો મળે છે તે જીવતાં શાસ્ત્રો છે એમ તેઓ માનતા.

શ્રી સુખસાગરજીએ ગુરુ રવિસાગરજીના અંતિમ સમયે તેમને શ્રી પાર્શ્વનાથનાં દર્શન કરાવ્યા, પછી તેમણે આત્મધ્યાનમાં મનને સ્થિર કર્યું ત્યારબાદ તેમણે દેહ છોડ્યો. તેમને ગુરુનો વિયોગ ખૂબ સાલતો હતો.

સુખસાગરજીએ બહેચરદાસને સંવત ૧૯૫૭ માગસર ૬ને દિને દીક્ષા આપી. આમ બહેચરમાંથી બુદ્ધિ સાગર મહારાજ બન્યા. છેલ્લી માંદગી વખતે અમદાવાદના સંઘની વિનંતીથી સુખસાગરજી અમદાવાદ આવ્યા. તેમને આખા શરીરે સોજા હતા તેમણે પોતાની બધી વસ્તુઓ અને વસ્ત્રો બીજા સાધુઓને આપ્યાં ઉપરાંત સંઘાડા સંબંધી ઘણી ભલામણો બુદ્ધિસાગરજીને કરી. શેઠ મણિભાઈ દલપતભાઈ, જગાભાઈ, ગંગાબહેન વગેરે ગુણાનુરાગી શ્રાવકો તેમની પાસે બેસી રહેતા.

ગુરુ બુદ્ધિસાગરજી થોડા શોકમગ્ન થવાથી તેમને ગુરુએ દિલાસો આપ્યો કે સર્વ જીવો કર્મના યોગે જન્મ મરણની રેંટમાળામાં ફરે છે. મનુષ્ય જન્મ, દેવોને પણ દુર્લભ હોય છે. જીવનમાં વિઘ્નો ઘણાં હોય છે, પરંતુ તે તરફ લક્ષ્ય ન આપતા આત્મકલ્યાણ પ્રતિ લક્ષ રાખવું.

ગુરુએ નવકારવાળી ગણવા માંગી, પરંતુ તે હાથમાંથી પડી જવાથી બુદ્ધિસાગરજીને આપી "લે આ તું સદાકાળ ગણજે" પ્રાતઃ કાળમાં તેઓએ દેહ છોડ્યો. તેમના સમાધિ મરણના

સમાચાર સાંભળી લોકો પાર્થિવ શરીરના દર્શન કરવા આવ્યા. તે દિવસે આખું અમદાવાદ બંધ રહ્યું.

તપસ્વીને કોઈ વખત ક્રોધ આવે છે, પરંતુ ગુરુ સુખસાગરે કદી ક્રોધ કર્યો નહિ. પોતાની ભૂલ સહર્ષ સ્વીકારતા નાના બાળકની વાત પણ માન્ય રાખતાં. ક્રિયા કરવાની બાબતમાં ખૂબ ચીવટ રાખતા. તેઓ સરળ સ્વભાવથી ધર્મ પ્રવૃત્તિમાં લીન રહેનારા હતા. ભણવા પર રુચિ હોવાને લીધે ઘણા આમ્નાય ગ્રંથ મોઢે હતા.

આ કૃતિમાં આચાર્ય બુદ્ધિસાગરજીએ તેમના ગુરુઓ ભાવસાગરજી, મયાસાગરજી, નેમિસાગરજી, રવિસાગરજી અને સુખસાગરજીનું ચરિત્ર અપાયું છે. તેમાં રવિસાગરજી અને સુખસાગરજીનું જીવન વિસ્તારથી દર્શાવ્યું છે. આ કાવ્યમય ગીતાગ્રંથમાં ઉરનાં અનન્ય પ્રેમમય અહોભાવ પ્રગટ કરવાની તેમની શક્તિનાં દર્શન થાય છે. તેમની દરેક પંક્તિમાં ગુરુ પ્રત્યેનો આદર નીતરે છે. નેહથી નીતરતી આ કૃતિમાં વાચક તરબોળ થઈ પોતાની આંખ ભીની કરે છે.

ગુરુ સુખસાગરની પ્રશંસા પોતે બાળક બનીને હૃદયનાં ઊંડાણથી કરતાં કહે છે :

**ત્હારી કૃપા ગંગાજલે નિર્મલ સદા મનડું રહે,**
**આ દાસ વણ કાલાં અને ઘેલાં વચન તવ કો કહે,**
**સેવા વિના યાચ્યા નહીં બીજી કશી તવ આગળે.**
**તવ બાલુડાના બોલની કિંમત ખરી તું તો કળે...(૨)**

ગુરુની કૃપાના ગંગાજલથી પોતાનું મન હંમેશ નિર્મળ રહે એમ બાળક બનીને કાલીઘેલી ભાષામાં મા-બાપ સમ ગુરુને કહે છે. બાળકની વાણીની કિંમત માતા-પિતા જ કરે છે. એવો ભાવ દર્શાવતી ઉપરોક્ત પંક્તિઓ છે.

ગુરુ રવિસાગરજીના ઉત્તમ ચારિત્રની પ્રશંસા રાજેન્દ્રસૂરિ ગુરુમહારાજે કરી હતી. વિજયાનંદસૂરિ, પં. સિદ્ધિવિજયજી, દાનવિજયજી, મોહનલાલજી મહારાજ, કર્પૂરવિજયજી વગેરે શિરોમણિ સાધુઓ તેમના દર્શનાર્થે આવ્યા હતા. તેમને વિશે શ્રી જયભિખ્ખુ અને પાદરાકર લખે છે :

"શ્રી રવિસાગરજી મહારાજે કેવું ચારિત્ર પાળ્યું હશે અને કેવું જીવન વિતાવ્યું હશે અને અન્ય સંઘાડાના મહાન શિરોમણિ સાધુઓનાં દિલ કેવા અદ્‌ભુત પ્રેમથી જીત્યાં હશે. તે વાચક જ કલ્પી લેશે. ૪૭ વર્ષના દીક્ષાપર્યાયમાં ગુરુશ્રી કોઈ સાથે ઊંચેથી બોલ્યા નથી. અરે 'ચારિત્રક્રિયા તો શ્રીમદ્ રવિસાગરજીની' એમ અનેક સંઘાડાનાં ક્ષેત્રોના શ્રાવકો અને સાધુઓ આજે પણ એક અવાજે કહે છે."

ઉપરોક્ત વિધાનોથી શ્રી પાદરાકર અને જયભિખ્ખુએ ગુરુ રવિસાગરજીના આત્મિક ગુણોની પ્રશંસા કરી છે. બુદ્ધિસાગરજીએ ગુરુઓનાં ચરિત્ર રચીને તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પણ કરી.

**(બ) શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ-૧ :**

શ્રીમદ્ બુદ્ધિસાગરજીને પંડિત પ્રવર શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ પ્રત્યે ઘણો પૂજ્યભાવ હતો. શ્રીમદ્ દેવચંદ્રજીએ આત્મજ્ઞાનના ઘણા ગ્રંથોની રચના કરી હતી. તેમની કૃતિઓ અને જીવનચરિત્ર વિશેની માહિતીઓ વ્યવસ્થિત રીતે ઉપલબ્ધ ન હતી. તેથી બુદ્ધિસાગરજીએ અનેક સ્થળોએ શોધ કરાવીને તેમની કૃતિઓ મેળવી, સંશોધિત કરી પ્રકાશન કરવાનું ભગીરથ કાર્ય કર્યું. આ સર્વ અલભ્ય કૃતિઓ ગુરુવરના સંકલન કાર્યથી કાળના પ્રવાહમાં લુપ્ત થતી બચી ગઈ. તથા જ્ઞાનપિપાસુ વાચકોને એના વાંચનથી જ્ઞાનમાં અભિવૃદ્ધિ થઈ.

તેમની પ્રેરણાથી પાદરા ગામના મોહનલાલ હિમચંદ અને બીજા શ્રાવકોએ જુદા જુદા જ્ઞાનભંડારોમાંથી પ્રાપ્ત થયેલા દેવચંદ્રજીનાં ગ્રંથોનું સંકલન કરીને 'શ્રીમદ્ દેવચંદ્ર ભાગ-૧ અને ભાગ-૨' તરીકે પ્રકાશિત કર્યાં. પ્રસ્તુત બંને ભાગના પ્રકાશન સમયે સર્વ પુસ્તકો જ્ઞાનભંડારમાંથી પ્રાપ્ત થયા ન હતા તેથી તેમાં ગદ્ય, પદ્ય, સંસ્કૃત ગ્રંથો વગેરેનું વિભાગીકરણ થઈ શક્યું ન હતું.

શ્રી મોહનલાલ હિમચંદે ગુરુદેવની પ્રેરણાથી પંડિત દેવચંદ્રજીનાં પ્રાપ્ત થયેલાં સર્વ પુસ્તકોને (૧) ગદ્ય, (૨) પદ્ય અને (૩) સંસ્કૃત ગ્રંથો એમ ત્રણ વિભાગમાં વહેંચીને તેને ત્રણ ભાગમાં પ્રસિદ્ધ કરવાની યોજના કરી.

બીજી આવૃત્તિ સમયે 'શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ-૧'માં નીચેની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો :

(૧) આગમ સાર
(૨) નયચક્રસાર
(૩) ગુરુગુણ છત્રીસી
(૪) કર્મગ્રંથ ટબાર્થ
(૫) કર્મ સંવેધ પ્રકરણ
(૬) વિચાર રત્નસાર
(૭) છૂટક પ્રશ્નોત્તર
(૮) સુરતની શ્રાવિકા બહેનોને લખેલા પત્રો.

આ ગ્રંથમાં પ્રસ્તાવના અને શુદ્ધિપત્રકનાં ૪૦ પૃષ્ઠો તથા ૬૭૦ પૃષ્ઠો ગ્રંથની વિગતના હોવાથી બધું મળીને ૭૧૦ પાનાનો દળદાર ગ્રંથ તૈયાર થયો. ત્યાર બાદ લોકમાંગણીને ધ્યાનમાં રાખીને પ્રથમ ભાગને ચાર નાનાં પુસ્તકોમાં પણ છપાવવામાં આવ્યો જેથી વાંચનાર અને ખરીદનારને સુગમતા રહે. જે નીચે મુજબ છે :

| | (જૂની કિંમત) રૂ. આ. પા. |
|---|---|
| (૧) આગમસાર | ૦ - ૬ - ૦ |
| (૨) નયચક્રસાર ગુરુગુણ છત્રીસી | ૦ - ૧૨ - ૦ |
| (૩) કર્મગ્રંથ ટબાર્થ અને કર્મ સંવેદ્ય પ્રકરણ | ૦ - ૧૪ - ૦ |
| (૪) વિચાર રત્નસાર છૂટક પ્રશ્નો અને કાગળો | ૧ - ૦ - ૦ |

આ સર્વ ગ્રંથો છપાવવામાં સુરતના ઝવેરી કેશરીચંદ કલ્યાણચંદ ઘેલાભાઈએ મદદ કરી હતી. શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર અને જયભિખ્ખુ શ્રી બુદ્ધિસાગરજીની આ ગ્રંથ છપાવવાની પ્રેરણા વિશે લખે છે, "શ્રી આનંદઘનજી જેવા જ બીજા મહાન અધ્યાત્મજ્ઞાની શ્રીમદ્ દેવચંદ્રજી નામે એક સમર્થ ગ્રંથકાર અને અવધૂત પુરુષ થઈ ગયા છે. તેમના અનુપલબ્ધ અને અપ્રગટ એવા અનેક અમૂલ્ય ગ્રંથો અમદાવાદ, મારવાડ, જેસલમેર, બિકાનેર આદિ સ્થળેથી મેળવાવી તે પ્રગટ કરાવી તથા તે ગ્રંથો પર તથા શ્રીમદ્ દેવચંદ્રજી પર ખૂબ પ્રેમપૂર્વક પોતાના વિચારો લખીને 'શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ ૧-૨', આશરે પૃષ્ઠ ૨૫૦૦ના બે અદ્‌ભુત મહાગ્રંથો તેમણે ગુજરાતને આપ્યા છે."

ગુરુદેવ બુદ્ધિસાગરજીએ દેવચંદ્રજીના અનુપલબ્ધ બહુમૂલ્ય કૃતિઓનું સંશોધન કરાવીને પ્રગટ કરી. શ્રી પાદરાકર તેમના આ કાર્યને અમૂલ્ય લોકસેવા અને સાહિત્યસેવા તરીકે બિરદાવે છે.

શ્રી નાગકુમાર મકાતી આ ગ્રંથની પ્રસ્તાવનામાં શ્રીમદ્ દેવચંદ્રજીના જીવન અને કવન વિશેની માહિતીનું નિરૂપણ કરતાં જણાવે છે :

"શ્રીમદ્‌ને હાથે અનેક શાસનપ્રભાવક કાર્યો થયાં છે. સં. ૧૭૮૭માં અમદાવાદમાં નાગોરી સરાહમાં ભગવતીસૂત્રની વાચના, ઢૂંઢક માણેકલાલનું મૂર્તિપૂજક બનવું. શાંતિનાથની પોળમાં સહસ્રફણાબિંબની સ્થાપના, સહસ્રકૂટ જિનબિંબની પ્રતિષ્ઠા, ૧૭૮૬ અને ૧૭૮૭માં શત્રુંજય પર પ્રતિષ્ઠા, અમદાવાદના સૂબા રત્નસિંહ, ભંડારીની વિનંતીથી મરકીનો શમાવ્યો, વિષ્ણુયોગીને પ્રતિબોધી જૈન બનાવ્યો. નવાનગરમાં ચૈત્યોમાં બંધ પડેલી પૂજા ચાલુ કરાવી... સં. ૧૮૧૦માં સુરતમાં શેઠ કચરાકીકાએ કાઢેલા સંઘમાં ફરી પાલિતાણા પરવર્યા."

પ્રસ્તુત ગ્રંથમાં શ્રી દેવચંદ્રજીની કૃતિઓનો જ સમાવેશ હોવાથી શ્રી મકાતીએ તેમના જીવન અને કાર્યનો ખ્યાલ વાચકને આવી શકે માટે ટૂંકમાં પ્રસ્તાવનામાં આપ્યો છે. શ્રીમદ્ દેવચંદ્રજીએ અનેક ગ્રંથોનું પરિશીલન કર્યું હતું. તેમનામાં અલખદશા, અસામાન્ય લઘુતા, અદ્‌ભુત વૈરાગ્ય, પૂર્ણાનંદ પ્રાપ્તિ, ઉત્કટ પ્રભુપ્રેમ વગેરે અનેક ગુણો દૃષ્ટિગોચર થાય છે.

આ પુસ્તકમાં સંલગ્ન આગમસાર ગ્રંથ ગુરુદેવ બુદ્ધિસાગરજીએ દીક્ષા લેતાં પહેલાં સો વાર વાંચ્યો હતો. આ ગ્રંથ જૈન સિદ્ધાંતોના દોહનરૂપ છે. જૈન દર્શનનાં મુખ્યતત્ત્વો ષડ્‌દ્રવ્ય, આઠ પક્ષ, સાત નય, ચાર નિક્ષેપ, ચાર પ્રમાણ, સપ્તભંગી વગેરેને દેવચંદ્રજીએ સરળ અને સ્પષ્ટ ભાષામાં સમજાવ્યો છે.

આ ગ્રંથ પ્રસિદ્ધ કરવાની પ્રેરણા આપનાર બુદ્ધિસાગરજીના ગચ્છ ભેદભાવ વગરના વિશાળ હૃદયનો વાચકને દર્શન થાય છે.

**(ક) શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ - ૨ :**

આ ગ્રંથમાં દેવચંદ્રજીના પદ્ય વિભાગનો સમાવેશ કરવામાં આવ્યો છે.

એમાં ધ્યાનદીપિકા, દ્રવ્ય પ્રકાશ, અધ્યાત્મ ગીતા, સ્નાત્રપૂજા, નવપદપૂજા, ચતુષ્પદી, વર્તમાન જીન ચોવીસી, વીશ વિહરમાન સ્તવન, અતિત જિન ચોવીસી અને અનેક સ્તવનોનો સમાવેશ થાય છે.

આ ગ્રંથની પૃષ્ઠ સંખ્યા ૬૫૦ છે.

**(ડ) શ્રીમદ્ દેવચંદ્રજી વિસ્તૃત જીવનચરિત્ર તથા દેવવિલાસ :**

બુદ્ધિસાગરજીને પંડિતપ્રવર શ્રીમદ્ દેવચંદ્રજી પ્રત્યે ઘણો આદરભાવ હતો. દેવચંદ્રજીએ આત્મજ્ઞાનનાં ઘણાં પુસ્તકોની રચના કરી હતી. ગુરુદેવને તેમના જીવન વિશેની માહિતીઓ મળતી ન હતી. ઘણી મહેનત પછી મેળવેલી માહિતીઓ પર્યાપ્ત ન હોવાથી સંવત ૧૯૮૦માં સુરતમાં ભરાયેલી 'જૈન સાહિત્ય પરિષદ'ને પ્રેરણા આપીને ફરી ગ્રંથભંડારોમાં શોધ કરતાં થોડી માહિતીઓ મળી. ગુરુદેવે પરિષદ્‌ના વ્યવસ્થાપકોને વિનંતી કરીને જુદા જુદા ગ્રંથ ભંડારોમાં રહેલી હસ્તપ્રતોની નામાવલીઓ એકત્ર કરી. એમાં વડોદરાના કાંતિવજયજી મહારાજના જ્ઞાનભંડારમાંથી 'દેવવિલાસ' રાસ દેવચંદ્રના શિષ્ય 'કવિયણ' દ્વારા રચેલો મળી આવ્યો. ગુરુદેવની પ્રેરણા અને સંશોધન કાર્યમાં સહાય લઈને ગુરભક્ત મણિલાલ મોહનલાલ પાદરાકરે પં. દેવચંદ્રજીના વિસ્તૃત જીવનચરિત્રની રચના 'દેવવિલાસ' નામના રાસના આધારે કરી. આ રાસ 'નિર્વાણરાસ' તરીકે પણ ઓળખાય છે.

શ્રી મણિલાલ મોહનલાલ પાદરાકર પોતે ગુરુદેવ પાસે પેથાપુર ગામમાં રહીને આ ચરિત્ર ગુર્જર ભાષામાં રચ્યું. પં. દેવચંદ્રજીના સમયમાં ફોટા વગેરે પ્રવૃત્તિ જવલ્લેજ હોવાથી તેમનો ફોટો ઉપલબ્ધ ન થતાં તેમના હસ્તાક્ષરનો નમૂનો સુરતના મોહનલાલજી મહારાજના જ્ઞાનભંડારમાંથી દેવચંદ્ર લિખિત 'શ્રી સંથારા પોરિસિસૂત્ર'માંથી લેવામાં આવ્યો. જે આ ગ્રંથમાં સામેલ છે.

આ ગ્રંથની પ્રસ્તાવના શ્રી મોહનલાલ દલિચંદ દેસાઈએ લખી છે. તેઓ અનેકવિધ પ્રવૃત્તિ, વકીલાતનો ધંધો, જૈનયુગના તંત્રી, વગેરે કાર્યથી ખૂબ વ્યસ્ત હોવા છતાં સમય કાઢીને ૬૪ પાનાંની પ્રસ્તાવના આ ગ્રંથ માટે લખી છે. શ્રી દેસાઈએ પંડિતજીના ગ્રંથો 'જ્ઞાનમંજરી પ્રશસ્તિ', 'કર્મ સંવેદ્ય પ્રકરણ', ચોવીશી, સ્તવનો અને સ્વાધ્યાય દ્વારા કયા યાદગાર પ્રસંગો કઈ સાલમાં બન્યા હતા તે દર્શાવ્યું છે. જેનાથી અમદાવાદ, વીરમગામ, ગોધરા, વડોદરા, જામનગર વગેરે ઘણાં શહેરોનો સત્તરમી અને અઢારમી સદીના ઈતિહાસની ઝલક જોવા મળે છે.

પ્રસ્તાવનામાં શ્રી દેસાઈ સૂરતથી કીકાના પુત્ર કચરાશાહ દ્વારા કઢાયેલા સંઘમાં દેવચંદજી પધાર્યા હતા અને એ સંઘમાં ભાવનગરના રાજા ભાવસિંહજી જોડાયા હતા. આ સાલની વિગત 'રાસ'માં નથી એમ તેઓ જણાવે છે. માર્ગમાં તેઓ જિનબિંબની પ્રતિષ્ઠા કરાવતા હતા.

તેમણે દેવચંદ્રજીએ રચેલાં સ્તવનો, ચોવીશીઓ અને વીશીઓની દેશીઓની નોંધ કરી છે. શ્રી દેસાઈ દેવચંદ્રજીનાં વિશાળ વાંચન માટે નોંધે છે :

"આ દેશીઓ પરથી જણાય છે કે દેવચંદ્રજીએ રાસાઓ આદિ ભાષા સાહિત્ય ઘણું વાંચ્યું હતું. તેમજ આનંદઘનજી, યશોવિજયજી, ભાનુ વિજયજી, જિનરાજસૂરિ, સમયસુંદરજી વગેરેનાં સ્તવનો ખાસ અવધાર્યાં હતાં.

તેમના વખતમાં ભરથરીનાં ગીતો બોલાતાં હતાં. રાજસ્થાની ગીતોનો ઉપયોગ પોતે કર્યો છે.

શ્રી દેસાઈ પ્રસ્તાવનામાં તેમની વકીલની છટાથી પંડિત દેવચંદ્રજીની અનેકવિધ લાક્ષણિકતાઓનું વર્ણન કર્યું છે. તેમણે નાના-મોટા ૮૬ પેરેગ્રાફોમાં પોતાના કલાકૌશલ્ય વડે પંડિતજીના જીવનનાં અણમોલ રહસ્ય પ્રગટ કર્યાં છે. એમાં પંડિતજીનું સંયમી જીવન, જિનધર્મ ક્રિયા રુચિ, તત્કાલીન સ્થિતિ, આનંદઘનજી અને યશોવિજયજીની સાથે સરખામણી, અધ્યાત્મ રસિકતા, અખા સાથે સરખામણી, તેમના લઘુતા-ભક્તિ વગેરે ગુણો, દાસ-સેવા ભાવ, ઐક્ય ભાવ તથા દેવચંદ્રજી એક કવિ તરીકેની સમીક્ષા મુખ્ય છે.

ગુરુવર્ય બુદ્ધિસાગરજીએ ૨૭ સંસ્કૃત શ્લોકમાં પંડિત દેવચંદ્રજીનો ગુણાનુવાદ કર્યો છે. તેઓ લખે છે કે ગુજરાત, સૌરાષ્ટ્ર, મેવાડ, માલવા, લાટ દેશ, પંજાબ, મારવાડ દરેક દેશમાં તેમણે વિહાર કર્યો હતો. તેમણે અનેક ઠેકાણે લોકોને બોધ આપ્યો હતો. એવા જ્ઞાની દેવચંદ્રને ગુરુદેવ સંપૂર્ણ પ્રેમથી નમે છે.

**गुर्जरोर्व्यांच सोराष्ट्रे, मेदपाटे च मालये ।**
**लाटदेशेच पंजाबे, मरुदेशे स्वपादतः ॥१०॥**
**विहाराश्चकृतानैके, लोकानां बोध हेतवे ।**
**ज्ञानिने देवचंद्राय, पूर्ण प्रेम्ण नमो नमः ॥११॥**

ખરતરગચ્છીય શ્રી દેવચંદ્રજી રાસ દૈવવિલાસના રચયિતા શિષ્યે 'કવિયણ' ઉપનામથી આ રાસ લખ્યો છે. શ્રી આદિનાથને હૃદયથી નમન કરીને તેઓ રાસનો શુભ આરંભ કરે છે. બીજા પદમાં તેઓ નેમિનાથ, પાર્શ્વનાથ, વર્ધમાન સ્વામિને નમન કરે છે. તેઓ સરસ્વતિ માતાને કહે છે કે જેવી રીતે કવિ માઘ અને કાલિદાસ પર પ્રસન્ન થયા હતા તેવી જ ભક્તિ 'કવિયણ' પર કરવા વિનંતી કરે છે. ૧૪ પદોમાં ચતુર્વિધ સંઘ અને પંચ પરમેષ્ટિને નમસ્કાર કર્યાં પછી તેઓ રાસની ઢાળનો પ્રારંભ કરે છે.

કવિએ ૧૧ ઢાળ, દુહાઓ અને અંતમાં કળશ રચીને રાસ પૂર્ણ કર્યો.

**કવિયણે દેવવિલાસ કીધો,**
**મન હર્ષિત ઉલ્લસ્યોરે...૩૦**

ગુરુભક્ત મણિલાલ પાદરાકરે ઉપરોક્ત રાસ પરથી પંડિત દેવચંદ્રજીનું જીવન આલેખ્યું છે.

**(ઈ) શ્રીમદ્ યશોવિજયજી જીવન - (નિબંધ) :**

આચાર્ય બુદ્ધિસાગરજીએ વિ.સં. ૧૯૬૮નું ચાતુર્માસ પાદરા ગામમાં કર્યું હતું. તે સમયે ગુજરાતી સાહિત્ય પરિષદ વડોદરામાં યોજાવાની હતું. પરિષદમાં જૈનમુનિ વિશે નિબંધની આવશ્યકતા જણાતાં શ્રીમંત સંપતરાવ ગાયકવાડના આગ્રહથી આચાર્ય બુદ્ધિસાગરજીએ ભાષા સાહિત્યની પ્રસાદીરૂપ 'યશોવિજયજી જીવન' એ વિષય પર એક લેખ તૈયાર કરીને આપ્યો. એ લેખ શ્રી ત્રિભોવનભાઈ દલપતરામે પરિષદમાં વાંચી સંભળાવ્યો.

આચાર્ય બુદ્ધિસાગરજીને શ્રી ઉપાધ્યાય યશોવિજયજીનું આધ્યાત્મિક જીવન, તેમણે રચેલા ગ્રંથો, તેમની જ્ઞાનસાધના તથા સમાજ સુધારણાની પ્રવૃત્તિ ખૂબ પ્રિય હતા. તેમના જીવન અને કવનની જૈનેતર લોકોને પણ જાણ થાય એ આશયથી એમના જીવન અને કાર્યની માહિતી પ્રસ્તુત લેખમાં આપી છે. આ જીવન ચરિત્ર ગુજરાતી સાહિત્ય પરિષદે છપાવ્યું હતું. આ પુસ્તકની બીજી આવૃત્તિ વિ.સં. ૧૯૮૦માં અધ્યાત્મ જ્ઞાન પ્રસારણ મંડળ દ્વારા છપાવવામાં આવી.

બીજી આવૃત્તિની પ્રસ્તાવનામાં આચાર્ય બુદ્ધિસાગરજી ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનું આલેખન એક યુગપુરુષ તરીકે કરે છે. તેઓ ઉપાધ્યાયજીની તુલના શ્રી આનંદઘનજી સાથે કરતાં પ્રસ્તાવનામાં જણાવે છે :

"શ્રીમદ્ આનંદઘનજી અને તેમની મુલાકાત થઈ હતી અને શ્રીમદ્ આનંદઘનજીની પાસેથી તેમણે અધ્યાત્મ જ્ઞાન સંબંધી ઘણો અનુભવ મેળવ્યો હોય એમ લાગે છે. આનંદઘનજી ઘણી નિવૃત્તિ ધારણ કરનારા હતા અને ઘણે ભાગે ઉપદેશાદિક પ્રવૃત્તિ માર્ગમાં પડતા નહોતા. એમને નિવૃત્તિ-ઘણી પસંદ હતી તેથી તે ગુફા, નિર્જનસ્થાન અને નિરુપાધિક સ્થાનોમાં રહેતા હતા, જાહેર પરિચયમાં વિશેષ આવતા નહોતા, તેથી તે આત્માની નિર્વિકલ્પ દશામાં ઘણું જીવન ગાળતા હતા અને શ્રીમદ્ ઉપાધ્યાયજી તો પોતાના આત્માના હિતની સાથે જૈન કોમને સુધારવાનું કાર્ય કરતા હતા. જૈનોને રોજ પ્રતિબોધ દેતા હતા. તે વખતના આચાર્યોની સાથે પણ શિથિલતા નિવારણ માટે ઘણી સુપ્રવૃત્તિ સેવતા હતા. તેથી તેઓ સેવા-ભક્તિ માર્ગમાં ઘણા આગળ વધ્યા હતા. શ્રી હરિભદ્રસૂરિ પાછળ તેઓ જૈન કોમમાં મહાન જ્ઞાની તરીકે પ્રસિદ્ધ થયા છે."

આચાર્યશ્રી પ્રસ્તુત નિબંધ-ગ્રંથનો પ્રારંભ ઉપાધ્યાયજી રચિત મલ્લિનાથજીના સ્તવનથી કરે છે.

**મલ્લિનાથ તુજ રીત, જન રીઝે ન હુએરી,**
**હોય રીઝણનો ઉપાય સાહમું કાંઈ ન જુએરી.**

ઉપાધ્યાય યશોવિજયજી જે જશવિજયજીને નામે પણ ઓળખાય છે એમનો જન્મ અમદાવાદમાં લગભગ સંવત ૧૬૬૩ થી ૧૬૭૦ની વચ્ચે થયો હતો. તેમના પિતા તેઓ નાના

હતા ત્યારે જ ગુજરી ગયા હતા. તેમનું બાળપણનું નામ જશ હતું તથા તેઓ ઓસવાલ જ્ઞાતિના હતા. આચાર્ય બુદ્ધિસાગરજીએ યશોવિજયજીની અદ્ભુત અસાધારણ યાદશક્તિ અને પ્રતિમાનું સુંદર દૃષ્ટાંત આપ્યું છે, જેમાં યશોવિજયજી દ્વારા એમની માતાને તેમના ચીવટ નિયમપાલનમાં આપેલાં યોગદાનનો સમાવેશ થાય છે.

ઉપાધ્યાયજીના માતુશ્રીને રોજ ગુરુ પાસે 'ભક્તામર સ્તોત્ર' શ્રવણ કરીને જ અન્ન ગ્રહણ કરવાનો નિયમ હતો. એક વાર ધોધમાર વર્ષાને કારણે તેઓ ઉપાશ્રય ભક્તામર સાંભળવા જઈ ન શક્યા જેથી એમના ત્રણ દિવસના ઉપવાસ થઈ ગયા. આ હકીકત સાત વર્ષીય જશના લક્ષમાં આવતાં તેણે માતાને એનું કારણ પૂછતાં એ કઠિન નિયમની જાણ થઈ. બાળક જશે સવિનય માતાને નિવેદન કર્યું કે તેમને આખું ભક્તામર સ્તોત્ર કંઠસ્થ હોવાથી તેઓ આ અતૂટ નિયમનું પાલન કરાવી શકે એમ છે, માતાએ આશ્ચર્ય અને કુતૂહલથી આખું સ્તોત્ર સાંભળ્યું જે સ્પષ્ટ અને ભૂલ વગરનું હતું. તેમણે ઉપવાસનું પારણું કર્યું. વરસાદ બંધ થતાં માતા બાળકને લઈને ઉપાશ્રય ગઈ અને ગુરુજીને બાળકની અદ્ભુત સ્મરણશક્તિની વાત કરી. ગુરુએ બાળકને પૂછતાં ખબર પડી કે ગુરુમુખેથી બોલાયેલ ભક્તામર સ્તોત્રનું તેણે ફક્ત એક વાર શ્રવણ કર્યું હતું. જે એને આખું કંઠસ્થ થઈ ગયું હતું. આ પ્રસંગ પરથી ગુરુ અને સંઘના આગ્રહથી માતાએ બાળક જશને શાસનની સેવા કરવા માટે દીક્ષાની અનુમતિ આપી.

તેમના ગુરુ નયવિજયજી હતા. આચાર્ય બુદ્ધિસાગરજીએ તેમની પાટ પરંપરા નીચે મુજબ આપી છે :




તપાગચ્છમાં ભારતમાં પ્રખ્યાત અકબર બાદશાહને ઉપદેશ દેનાર શ્રી હીરવિજયસૂરિ થયા. શ્રી હીરવિજયસૂરિના શિષ્ય ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજય ગણિ, તેમના મુખ્ય શિષ્ય શ્રી લાભવિજય ગણિ, તેમના મુખ્ય શિષ્ય, શ્રી નયવિજયજીના શિષ્ય ઉપાધ્યાય શ્રી યશોવિજયજી થયા."

તેમના સમકાલીન મુનિવરોમાં મુખ્યત્વે આનંદઘનજી, જ્ઞાનવિમલસૂરિ, ઉદયરત્ન, સકલચન્દ્ર, વિનયવિજયજી મોહનવિજયજી વગેરે હતા. ગુરુ નયવિજયજીએ વિનયવિજયજી અને શ્રી યશોવિજય બંનેની તીવ્ર બુદ્ધિ જોઈને તેમને કાશીમાં પંડિતો પાસે વ્યાકરણ અને ન્યાયના વધુ અભ્યાસાર્થે મોકલ્યા. કાશીમાં બંને સાધુઓએ અભ્યાસમાં ખૂબ વિદ્વત્તા પ્રાપ્ત કરી. ત્યાં તેઓ પંડિતોના મોભા અને માન માટે દક્ષિણાત્વ પંડિતો સાથે વાદ-વિવાદ કરીને તેમને હરાવીને જશવિજયજીએ 'ન્યાય વિશારદ'ની પદવી પ્રાપ્ત કરી.

કાશીમાં ગંગાનદીના કિનારા પર સરસ્વતી દેવીની સાધના કરીને તેમણે દેવીને પ્રસન્ન કરીને જૈન ગ્રંથોની રચના માટે સહાય મેળવી. તેમણે ન્યાયસંબંધી એકસો આઠ ગ્રંથો રચ્યા. એમની વિદ્વત્તાભારી પંડિતાઈને લીધે તેમને 'ઉપાધ્યાય'નું બિરુદ મળ્યું.

તેમણે સમાજ ઉત્થાનનાં કરેલાં વિવિધ કાર્યો પર આ ગ્રંથમાં શ્રી બુદ્ધિસાગરજીએ ઘણો પ્રકાશ પાડ્યો છે.

તે સમયમાં શિથિલાચાર તથા અલ્પમતિને કારણે તપાગચ્છના ઘણા શ્રાવકો ઢુંઢિયા સંપ્રદાય કે જે સ્થાનકવાસીના નામથી પણ ઓળખાય છે તેને માનવા લાગ્યા. લીંબડી વગેરે ગામના સંઘોએ અમદાવાદમાં શ્રી વિજયસિંહસૂરિ આગળ લોકોને ઉપદેશ આપવાની વિનંતી કરી. તેમના શિષ્ય શ્રી સત્યવિજયજીએ આ ભગીરથ કાર્ય માટે પિત્તવસ્ત્ર ધારણ કરીને ક્રિયોદ્ધાર કર્યો. તેમણે તથા ઉપાધ્યાયજીએ લીંબડી વગેરે ગામોમાં ચાતુર્માસ કરીને લોકોને સત્ય હકીકતથી વાકેફ કરતો ઉપદેશ આપીને તેમને ઢુંઢિયા સંપ્રદાયમાંથી ફરી તપાગચ્છમાં લાવ્યા. તેમના આ કાર્યમાં શ્રી ઉપાધ્યાય યશોવિજયજીએ ઘણો સાથ આપ્યો. તેમણે સંસ્કૃત ભાષામાં પ્રતિમાશતક, ગુજરાતી ભાષામાં પ્રતિમા પૂજનનાં શાસ્ત્રોમાં આવતા ઉલ્લેખોવાળું સાડા ત્રણસો ગાથાનું સ્તવન, સજ્ઝાય, ૧૫૦ ગાથાવાળું 'વીરસ્તુતિ' હૂંડીરૂપ સ્તવન વગેરે સાહિત્યની રચના કરી.

તેમણે યતિઓના વધતા જતા શિથિલાચારનું ખંડન કરતાં ઉપદેશો પણ આપ્યા. તેમના આ કાર્યને કારણે ઘણા યતિઓ તેમના તરફ દ્વેષભાવ રાખતા હતાં છતાં પણ તેઓ નિર્ભય થઈને શાસનનું કાર્ય બજાવતા હતા.

તેમણે રચેલાં વિવિધ સ્તવનો પર રચાયેલી ટીકાઓ વિશે ટિપ્પણી કરતાં આચાર્ય બુદ્ધિસાગરજી લખે છે :

"શ્રી સીમંધર પ્રભુને સ્તુતિ કરીને એકાંત વ્યવહાર નિશ્ચય મતવાળા યતિઓ વગેરેને ગુર્જર ભાષામાં, પ્રતિબંધ દેવા માટે સવાસો ગાથાનું સ્તવન બનાવ્યું. તે સ્તવનો પર પદ્મ વિજયજીએ ટબો પૂરેલો છે. સાડા ત્રણસો ગાથાના સ્તવન પર જ્ઞાનવિમલજીએ ટબો પૂર્યો છે... તેમની કલમમાં અપૂર્વ ધર્મરસની ધારાનો પ્રવાહ વહે છે. આગમોના આધારે તેમનો ઉપદેશ હતો.

કેટલાક દિગંબરીઓના ટીકાના જવાબમાં તેમણે જ્ઞાનાર્ણવ નામનો સરસ ગ્રંથ બનાવ્યો. હાલ એ ગ્રંથનો પત્તો નથી. આ ગ્રંથ શોધવાની ઘણી જરૂર છે. ઉપાધ્યાયજીના મનમાં જૈન ધર્મની ઉન્નતિ ધરવાની ઘણી ઇચ્છા હતી.''

તેમની શ્રી આનંદઘનજીને મળવાની કોશિશ ચાલુ હતી તે દરમિયાન આનંદઘનજી પોતે તેમના અધ્યાત્મજ્ઞાનની પ્રરૂપણા કરતાં વ્યાખ્યાનમાં આવીને ચૂપચાપ શ્રાવકોની સાથે બિરાજમાન થઈ ગયા. ઉપાધ્યાયજીએ તેમને 'ગાથાના ભાવાર્થમાં કંઈ સમજ પડી કે નહિ, કંઈ ત્રુટિ તો નથી રહીને ?' એમ પૂછતાં આનંદઘનજીએ જાતે તે ગાથાના અધ્યાત્મ અનુભવની એવી સુંદર પ્રરૂપણા કરી કે ઉપાધ્યાયજી આનંદઘનજીને તરત જ ઓળખી ગયા અને તેમનો ખૂબ સત્કાર કર્યો. પોતાનો ગુણાનુરાગ તેમણે તરત જ આનંદઘનજીની અષ્ટપદી રચીને જાહેર કર્યો.

શ્રી ઉપાધ્યાયજીનો વિહાર મારવાડ, ખંભાત, કાવી, ગંધાર, પાદરા, છાણી, વડોદરા, મિયાંગામ, ભરૂચ, સુરત, રાદેર વગેરે સ્થળોએ થયો હતો. સુરતમાં પંન્યાસ સત્યવિજયજી અને જ્ઞાનવિમળજી સાથે તેમનો મેળાપ થયો હતો. છાણી ગામમાં તે સમયે તેઓ તેમના સ્થાપનાચાર્યમાં ઠવણીમાં ચાર ખૂણામાં ચાર ધજાઓ રખાવતા હતા. તેનો અર્થ એ થતો હતો કે ચારે દિશામાં કોઈ મોટા પંડિત હોય તો તે તેમની સાથે શાસ્ત્રાર્થ કરે, અન્યથા તેઓ પોતે અજય છે એમ માને. છાણી ગામમાં એક વિદ્વાન વૃદ્ધ શ્રાવિકા રહેતા હતા. તેમને ઉપાધ્યાયજીની આ વર્તણૂક કંઈ ગમી નહિ, તેથી તેમણે શ્રીમદ્‌ને માર્મિક પ્રશ્ન ધીરેથી આજ્ઞા માંગીને પૂછ્યો કે 'ગૌતમસ્વામી તેમની ઠવણીમાં કેટલી ધજા રાખતા હતા ?' આ પ્રશ્ન સાંભળતા તરત જ તેનો ભાવાર્થ સમજીને ઉપાધ્યાયજીએ તરત જ સ્થાપનાચાર્યમાંથી ધજાઓ દૂર કરાવી.

તેમણે વિ.સં. ૧૭૪૪નું અંતિમ ચાતુર્માસ સુરત શહેરમાં કર્યું હતું. ત્યાંથી તેઓ ડભોઈ ગયા. ડભોઈમાં સાગરગચ્છના ઘણા યતિઓ રહેતા હતા. તેમનો સ્વર્ગવાસ વિ.સં. ૧૭૪૫ના માગસર સુદ અગિયારસના દિને ડભોઈ ગામમાં થયો હતો. ગામમાં તળાવ પાસે તેમની દેરી છે. ત્યાં તેમની પાદુકાના દર્શનાર્થે ઘણા શ્રાવકો અને મુનિઓ જાય છે. ભક્ત કવિ દયારામનો સ્વર્ગવાસ પણ ડભોઈ ગામમાં જ થયો હતો.

ગુજરાતી સાહિત્ય પરિષદના લેખકો અને શ્રોતાઓને ઘણું જાણવાનું અને ગ્રહણ કરવાનું મળે એ દૃષ્ટિથી આચાર્યશ્રીએ ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનાં જીવન અને કાર્યને પ્રકાશતો નિબંધ લખ્યો. સત્તરમી સદીમાં થયેલા ઉપાધ્યાયજી જ્ઞાની, યોગી, સેવાભાવી, ઉપદેશક અને સમાજ સુધારક હતા. જીવનની વૃદ્ધાવસ્થામાં તેઓ સિદ્ધપુર, શુક્લતીર્થ, નર્મદાના શાંત કિનારે રહીને ધ્યાન ધરતા હતા.

તેઓ જૈન કવિ હોવા છતાં ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવામાં તેમનો વિશેષ ફાળો રહ્યો હતો. તેમણે ન્યાયના ૧૦૮ ગ્રંથો રચ્યા. તેમાં સંસ્કૃત ભાષાના ૫૬ અને ગુજરાતી ભાષામાં ૪૭થી વધુ ગ્રંથો છે. તે ઉપરાંત ચોવીસીઓ, સજ્ઝાયો અને ભક્તિરસથી ભરપૂર અજોડ સ્તવનોની રચના પણ તેમણે કરી છે. તેમના અધ્યાત્મસાર અને જ્ઞાનસાર મુખ્ય ગ્રંથો ગણાય છે. તેમણે રચેલા ગુજરાતી ભાષાના ગ્રંથોમાંથી ગુરુદેવ બુદ્ધિસાગરજીએ નીચેના ગ્રંથો (૧) સમુદ્ર વહાણ સંવાદ (૨) પંચ પરમેષ્ટિ ગીતા (૩) બ્રહ્મગીતા વગેરેનો સમાવેશ પોતાના ભજન સંગ્રહોમાં કર્યો છે.

આચાર્યશ્રીએ ઉપાધ્યાયજીના જીવન અને કવનની વિગતવાર છણાવટ કરીને એક સિદ્ધહસ્ત વિવેચનકાર તરીકે તેમના સ્તવનોનું વિશ્લેષણ પણ કર્યું છે. શ્રી બુદ્ધિસાગરજી, ઉપાધ્યાયજી દ્વારા રચિત અજિતનાથજીનાં સ્તવનનું વિવેચન કરતાં લખે છે :

**"અજિત જિણંદશું પ્રીતડી, મુજ ન ગમે હો બીજાનો સંગ કે,**
**માલતી ફૂલે મોહીઓ, કિમ બેસે હો બાવલતરૂ ભૃંગ કે...(૧)**
**કમલિની દિનકર કર ગ્રહે, વળી કુમુદિની હો ધરે ચંદ્રશું પ્રીત કે,**
**ગોરી ગિરીશ ગિરિધર વિના, નવિ ચાહે હો કમલા, નિજ ચિત્ત કે...(૪)**

શ્રીમદ્ યશોવિજયજી પોતાના પ્રેમી તરીકે અજિતનાથને સ્વીકારીને પ્રેમીના સંબંધમાં યોગ્ય દૃષ્ટાંતો આપીને પોતાની પ્રીતિ શ્રી પ્રભુ ઉપર પૂર્ણ છે તેને હૃદયોદ્ગારથી જણાવે છે. પ્રેમાનંદ કવિના સમકાલીન આ જૈન કવિરાજની ગુર્જરભાષા સરળ અને રમ્ય છે. તેમના શબ્દોમાં પ્રભુ પ્રત્યેનો પ્રેમ ઝળકી ઊઠે છે. પ્રભુ પર પ્રેમી બનેલ આ મહાપુરુષ પોતાના હૃદયને પ્રેમ ઊભરાથી શબ્દો દ્વારા ખાલી કરીને પ્રભુની ભક્તિમાં ગુલતાન બને છે અને અન્યોને તત્પ્રતિ આકર્ષે છે."

ગુરુદેવ ઉપાધ્યાયજીની અઢાર પાપસ્થાનકની સજ્ઝાય પણ વિગતથી સમજાવી છે. તેની સમાલોચના કરતાં જ્ઞાનનું અજીર્ણ અહંકાર છે તથા નિંદા વગેરે કાર્ય કરનાર મનુષ્ય હૃદયશુદ્ધિ કરી શકતો નથી એમ નિરૂપણા કરી છે.

તેમણે ઉપાધ્યાયજીની વર્ણનશક્તિનાં ઘણાં વખાણ કર્યાં છે અને તેમની શૈલીની સરખામણી તે સમયના કવિ પ્રેમાનંદ સાથે કરી છે. 'શ્રીપાળ રાસ' નામના 'રાસા' કાવ્યમાં તેમની વર્ણનશક્તિનું આલેખન કરતાં શ્રી બુદ્ધિસાગરજી નિરૂપે છે.

"શ્રીમદ્ ઉપાધ્યાયજી વસ્તુવર્ણન કરવામાં પણ સારી નિપુણતા ધરાવે છે. રાજાનું નગરનું, વા અમુક પદાર્થોનું વર્ણન કરવામાં તે કાળના કવિઓની શૈલીને અંગીકાર કરીને, વસ્તુનું વર્ણન મનોરંજન થાય તેવી રીતે કરે છે. અઢારમાં સૈકાના કવિરાજ પ્રેમાનંદની પેઠે, યશોવિજયજી પણ વસ્તુ વર્ણન કરવામાં ઉત્તમ કવિની ગરજ પૂરી પાડે છે.

શ્રીપાલ રાસ - ખંડ ત્રીજો - ઢાલ - ૬ છઠ્ઠી

**એક દિન એક પરદેશીયો કહે કુમારને અદ્‌ભુત કામ રે.**
**સુણ યોજન ત્રણસે ઉપરે છે નયર કંચનપુર નામ રે,**
**જુઓ જુઓ અચરિજ અતિ ભલું રે...(૧)**

ઉપરોક્ત રાસમાં શ્રી બુદ્ધિસાગરજીએ ઉપાધ્યાયજીની કવિત્વશક્તિ તથા બીજાની શૈલી અંગીકાર કરીને તેમના પ્રત્યેની કાવ્યભક્તિ દર્શાવી છે. પાપસ્થાનક સજ્ઝાયમાં અહંકારના પ્રજ્ઞામદ, લક્ષ્મીમદ, સત્તામદ વગેરે પ્રકારો દર્શાવીને તેના થકી ઉપદેશ આપવાની પદ્ધતિ વિશે પોતાના આગવી પ્રતિભા દ્વારા લોકોને ઉપાધ્યાયજીની કવિત્વશક્તિનો પરિચય કરાવ્યો. નીચેની દ્વેષની સજ્ઝાયમાં ઉપાધ્યાયજી ઉગ્રવિહાર અને તપ, જપ, ક્રિયા કરનાર સાધુ જો દ્વેષભાવ કરે તો એની સર્વ ક્રિયા વ્યર્થ જાય છે એમ સમજાવે છે.

**ઉગ્ર વિહારને તપ જપ કિરિયા**
**કરતાં દ્વેષ તે ભવમાંહિ ફરિયા...(૪)**
**યોગનું અંગ અદ્વેષ છે પહેલું,**
**સાધન સવિ લહે તેહથી વહેલું...(૫)**

ઉપરોક્ત સજ્ઝાયમાં ઉપાધ્યાયજી દ્વેષનું સ્વરૂપ અને તેનાથી થતા નુકસાન પર પ્રકાશ ફેંકે છે. આ સજ્ઝાયમાં રહેલા ભાવોને દર્શાવતાં બુદ્ધિસાગરજી લખે છે :

"મોટા મોટા જ્ઞાની મુનિવરો પણ દ્વેષ દોષે અન્યોના સદ્‌ગુણોને દેખી શકતા નથી. દોષનો ત્યાગ કર્યા વિના કોઈ પણ મનુષ્ય ધર્મના પગથિયા પર પાદ મૂકી શક્તો નથી... હિન્દુસ્તાન અને આર્યજનોની પાયમાલી કરાવનાર દ્વેષ છે."

આ પ્રમાણે બુદ્ધિસાગરજી ઉપાધ્યાયજીની દ્વેષની સજ્ઝાયનું વિવેચન કરતાં વર્ણવે છે કે કોઈના પ્રત્યે દ્વેષભાવ રાખવાથી મનુષ્ય પોતે જ પોતાના વિનાશ નોતરે છે. દ્વેષી મનુષ્ય હરહંમેશ અહંકાર અને બદલાની ભાવનાવાળા અગ્નિમાં તપેલો રહે છે અને નિજની સાથે બીજાને પણ ક્રોધાગ્નિથી પ્રજ્વલિત કરે છે. જો મનુષ્ય અહંકાર, દ્વેષ અને ક્રોધને ત્યજી દે તો આ જગત તેના માટે સ્વર્ગ બની જાય છે.

●●●

## (૨) રોજનીશીનું સ્વરૂપ

સાહિત્યનો અનોખો પ્રકાર ડાયરી-લખવાની પ્રથા ભારતમાં ઓછી જોવા મળે છે. દિવસ દરમિયાન અનુભવેલા પ્રસંગો અને મનમાં ઊઠતા વિચારોની પ્રાસંગિક નોંધ કરીને જાળવી રાખવાની પ્રથા એ ડાયરી કે રોજનીશી કહેવાય છે. ડાયરી કોઈ પણ પ્રસંગ કે બનાવનો સમય અને સ્થળ નક્કી કરવામાં સહાયભૂત થાય છે. એમાં લેખકના વ્યક્તિગત અનુભવો, અનુભૂતિ, ભૂલો, ચિંતન, મનન વગેરે રોજિંદી હકીકતોનો સમાવેશ થાય છે.

ડાયરી ફક્ત હિંમતવાન સત્યપુરુષ જ આલેખી શકે છે. એ કાચી પોચી વ્યક્તિનું કામ નથી. આજની ભૂલોની નોંધ કરીને આવતી કાલે એ ન થાય એવી તકેદારી રાખતી ખેલદિલી કોઈ વિરલ વ્યક્તિ જ દર્શાવી શકે. વિશ્વ પ્રસિદ્ધ ટૉલ્સટૉયે ડાયરી લખી છે. ગુજરાતમાં શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી, શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા અને શ્રી ઝવેરચંદ મેઘાણીએ પોતાના દૈનિક જીવનને આવરી લેતી રોજનીશી લખી છે. ડાયરી વિશેના પોતાના વિચારો જણાવતાં ડૉ. કુમારપાળ દેસાઈ વર્ણવે છે :

"ખરું જોતાં ડાયરીની આત્મલક્ષી નોંધ એક પ્રકારનું આત્મ-સંભાષણ બને છે. જેમાંથી લેખક આત્મનિરીક્ષણ કરીને પોતાના ગુણદોષ જોઈ શકે છે. મોટા ભાગની ડાયરીઓ ભૌતિક પ્રવૃત્તિઓની નોંધરૂપે હોય છે, અને તેમાં ઐહિક સુખ-દુઃખ કે સફળતા-નિષ્ફળતાનું અથવા ગમા-અણગમાનું નિદર્શન કરતી નોંધો જોવા મળે છે. જો તેનામાં સાહિત્યિક શક્તિ હોય તો, તેને લગતા ગદ્ય-પદ્યના ઉદ્‌ગારોમાં સાહિત્યિક સુગંધ આવવા પામે છે. નિઃસ્પૃહ અને નિર્મમ ભાવે, કેવળ આધ્યાત્મિક પ્રગતિ કે પીછેહઠની નોંધ કે નિજાનંદની અભિવ્યક્તિ માટે લખનારા વિરલ હોય છે."

જૈન સાહિત્યમાં ડાયરી લખનાર આચાર્ય શ્રી બુદ્ધિસાગરજી સર્વપ્રથમ છે. તેમણે દીક્ષા લીધા પછી ડાયરી લખવાનું કાર્ય સતત જારી રાખ્યું. તેમની ડાયરીમાંથી ઈ.સ. ૧૯૧૧ થી ૧૯૧૪ સુધીની ડાયરીઓ પુસ્તકરૂપે પ્રગટ થઈ છે. એમાં મોટે ભાગે તેમના અધ્યાત્મ ચિંતન અને લોકકલ્યાણની પ્રવૃત્તિના આયોજનના દર્શન થાય છે. તેમણે દૈનિક જીવનમાં પોતાના મનમાં ઉદ્‌ભવતા વિચારોને લેખની દ્વારા વ્યક્ત કરીને રોજેરોજની દિનચર્યા આલેખી છે.

ગુરુદેવની ડાયરી અને કેટલાક પત્રોનો સમાવેશ 'ધાર્મિક પદ્યસંગ્રહ તથા પત્ર સદુપદેશ ભાગ-૧' નામના ગ્રંથમાં કરવામાં આવ્યો છે. બીજા પત્રો 'પત્ર સદુપદેશ ભાગ-૨, અને ભાગ-૩'માં આવરી લેવામાં આવ્યા છે.

## (૩) ધાર્મિક પદ્ય સંગ્રહ તથા પત્ર સદુપદેશ ભાગ - ૧ (રોજનીશી)

પ્રસ્તુત ગ્રંથમાં ગુરુદેવ બુદ્ધિસાગરજીની રોજનિશી અને પત્રોનો સંગ્રહ છે. એમાં તત્ત્વજ્ઞાન, આત્માના અનુભવો જૈન સમાજની ઉન્નતિમાં આવતાં વિઘ્નો, ભાષાકીય જ્ઞાન વગેરે વિવિધ વિષયો પર પોતાનું મનોમંથન આલેખેલું છે. આ સર્વ વિષયો પર ગુરુદેવે સંખ્યાબંધ પૃષ્ઠોમાં આલેખન કર્યું છે જેમાં કવિતા, ગઝલ અને ઉપદેશનો પણ સમાવેશ થાય છે.

આ ગ્રંથમાં પૃષ્ઠની સંખ્યા ૯૬૦ છે. જેમાં ૭૧૬ પૃષ્ટો રોજનિશીના છે અને ૨૪૪ પૃષ્ઠોમાં ભક્તોને સંબોધીને લખેલા બોધાત્મક પત્રોનો સમાવેશ થાય છે.

ગુરુદેવના આ ગ્રંથમાંથી શ્રેષ્ઠ પૃષ્ઠો પસંદ કરીને આચાર્ય મનોહર કીર્તિસાગરજીએ 'પાથેય' નામના પુસ્તકમાં સંગ્રહ કર્યો છે. આ પુસ્તકના ઉદ્‌બોધનમાં તેઓ એટલે કે મનોહરકીર્તિસાગરજી વર્ણવે છે.

"મારા પૂજ્ય અને શ્રદ્ધેય, આરાધ્ય ગુરુદેવ ભગવંત પૂજ્ય પંન્યાસપ્રવર શ્રી સુબોધસાગરજી ગણિવર્ય મ.સા.ને શ્રીમદ્‌જીનો 'ધાર્મિક પદ્યસંગ્રહ' ગ્રંથ ખૂબ જ ગમે છે. અનેક વાર તે ગ્રંથનું તેઓશ્રીએ પારાયણ કર્યું છે. જાણે એ ગ્રંથ તેમનો નિત્ય પાઠ બની ગયો છે."

'પાથેય' ગ્રંથની પ્રસ્તાવનામાં સંપાદક શ્રી ગુણવંત શાહ યોગનિષ્ઠ આચાર્યશ્રીની સમાજ સુધારણાના અભિગમ વિશે ચર્ચા કરતાં લખે છે :

"શ્રીમદ્‌ જૈનોની વસ્તી ઘટતી જોઈને, જૈનોની પ્રતિભા ઝાંખી પડતી જોઈને, જૈનોમાં પેસી ગયેલાં વેર-ઝેરના ઝઘડા જોઈને, જૈનોને નિષ્ક્રિય બનેલાં જોઈને અનેક જગ્યાએ પોતાની હૈયા વ્યથા ઠાલવી છે. જરૂર પડે ત્યાં ચાબખાં મારતાં લખાણ પણ લખ્યાં છે અને પ્રેરક પ્રગતિનો રાહ પણ ચીંધ્યો છે."

ગુરુદેવની રોજનીશીમાં તેમના વાંચન, મનન અને વિચારોની સાથે સમય અને સ્થળની જાણકારી પણ મળે છે. મુંબઈ શહેરમાં તેમણે નોંધેલા વિચારોમાં તેઓ પોતાને જ સંબોધીને લખે છે કે તેઓ ઘણી વ્યક્તિના પરિચયમાં આવીને બધાની પાસેથી ઘણું શીખ્યા પછી હવે નિરુપાધિ દશામાં રહેવાનું તેમને ગમે છે. ગુરુદેવની મુંબઈની રોજનીશીમાં નીચે મુજબની નોંધ છે :

મુંબઈ

તા. ૨૯-૧૦-૧૯૧૧

"હે ચેતન ! તું અનેક સુપુરુષો અને અનેક પુરુષોના સમાગમમાં આવ્યો, ઘણું જોયું, ઘણું અનુભવ્યું હવે તો સારમાં સારભૂત એવી નિરુપાધિ દશાના પ્રદેશમાં જ ગમન કર્યા કર.

જૈન ગુરુકુળના વિચારો દર્શાવવામાં તેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે. તારાથી બને તેટલું કર, પરંતુ તેના તાત્કાલિક ફળની ઇચ્છાથી, તેની ચિંતાના પ્રવાહમાં તણાતો નહિ."

બીજા પૃષ્ઠમાં તેમણે માનવીને બાળપણથી જ સારા સંસ્કારવાળી વ્યક્તિનો જો સમાગમ પ્રાપ્ત થયો હોય તો તેના આચાર-વિચાર પણ સારા બને છે એવી નોંધ કરી છે. તેઓ એક વાર મનુષ્યમાં ખરાબ સંસ્કાર પડ્યા પછી તેને સુધારવાના કાર્યને પારામાંથી સોનું બનાવવા જેવું કઠિન કાર્ય ગણાવ્યું છે. તેઓ ભવોભવથી આત્મામાં વ્યાપેલા દુર્ગુણોને દૂર કરવાનો સંકલ્પ કરે છે.

ગુરુદેવે ભાઈંદરમાં લખેલી રોજનીશી નીચે મુજબ છે :

**ભાઈંદર**

તા. ૧૮-૧૨-૧૯૧૧

"...બાલ્યાવસ્થામાં સારા આચાર-વિચારવાળા માણસોના સહવાસમાં રહેવું જોઈએ... હૃદયમાં અશુભ સંસ્કાર પડ્યા પછી જો શુભ આચાર-વિચારના સંસ્કાર પાડવાનો અભ્યાસ ન સેવાય તો તે અશુભ આચાર-વિચારમાં ફેરફાર થઈ શકતો નથી. પારાનું સોનું બનાવવું એ કાર્ય જેટલું કઠિન છે તેટલું જ કઠિન કાર્ય એક વાર અશુભ સંસ્કાર પડ્યા પછી શુભ સંસ્કાર પાડવાનું છે... જે જે દુર્ગુણોના સંસ્કાર હૃદયમાં ઘણા ભવથી ઘર કરીને રહ્યા છે, તે તે દુર્ગુણોનો હવે નાશ કરવાનો સંકલ્પ કરું છું."

વાપીમાં ગુરુદેવે તેમની રોજનીશીમાં ગુરુ મહિમા વર્ણવ્યો છે. ગુરુ પાસે જ્ઞાન પામવાની ઈચ્છા સેવનાર શિષ્ય, ગુરુ પ્રત્યે વિવેક, ભક્તિ, શ્રદ્ધા દર્શાવીને તેમને પ્રસન્ન કરીને તેમની પાસેથી અભિનવ જ્ઞાન પ્રાપ્ત કરે છે.

**વાપી**

તા. ૧-૧-૧૯૧૨

"... પોતાના વિનય, વિવેક, ભક્તિ, ગુણદૃષ્ટિ અને ગુરુશ્રદ્ધા વગેરે ગુણોથી સુપાત્ર શિષ્યો ગુરુની આરાધના કરવા સદાકાળ તૈયાર રહે છે અને પરમ ભક્તિથી ગુરુના ચિત્તને પ્રસન્ન કરે છે, તેમજ ગુરુ પાસેથી તાત્ત્વિક જ્ઞાનને શીખે છે."

વલસાડ ગામમાં તેમણે રોજનીશીમાં નોંધ્યું કે માનની અપેક્ષા વગર ઉપદેશ આપવો કે બીજા શુભ કાર્ય કરવા, કારણ કે જ્યારે મનુષ્યને માન મળતું બંધ થાય છે ત્યારે તે શુભ કાર્ય પ્રવૃત્તિ છોડી દે છે માટે નિષ્કામ ભાવે શુભ કાર્ય કરવાં.

**વલસાડ**

તા. ૧૧-૧-૧૯૧૨

" ... લોકો તરફથી માન આદિની ઈચ્છા રાખીને ઉપદેશ વા ગ્રંથો લખનારા મનુષ્યો, કોઈ વખતે સન્માન નહિ મળતાં મનમાં દિલગીર થાય છે અને શુભ કાર્યોથી તેઓ પાછા હઠે છે. જ્યારે નિષ્કામ ભાવે ધાર્મિક કાર્યો કરનારા મહાત્માઓ કદી દિલગીરી થતા નથી અને ધાર્મિક શુભ કાર્યોથી તેઓ પાછા હઠતા નથી."

એ જ પ્રમાણે વિહારનાં સ્થળોમાં રોકાણ દરમિયાન મનમાં સ્ફુરાયમાન થયેલા વિચારોની નોંધ તેમણે કરી છે. બીલીમોરામાં ગુરુદેવે ગુણાનુરાગવાળી દષ્ટિથી ઉપદેશ સાંભળવો જોઈએ તો જ તેની અસર થાય છે એમ વર્ણવ્યું છે. સુરતમાં તેમણે દાનનો મહિમા દર્શાવતાં ઉપમા આપી છે કે જેમ એક બીજમાંથી લાખો બીજ થાય તેમ એક દાનમાંથી લાખ ગણો ફાયદો થાય છે. તથા મનુષ્યે દયા અને શુદ્ધ પ્રેમથી દાન આપવું જોઈએ.

ગુરુદેવે અમદાવાદમાં વિહારની સ્થિરતા દરમિયાન તેમની ૩૦-૫-૧૯૧૨ના દિનની રોજનિશીમાં કર્મને સંબોધીને આલેખ્યું છે કે કર્મ તો કોઈની શરમ રાખતું નથી. પૈસાના જોરે દુનિયાને નચાવતા માનવીને તે ગરીબોની કક્ષામાં દુઃખના પાઠ ભણવા મૂકી દે છે. કર્મના ફળ જાણવાં છતાં સંસારી જીવ અશુભ કર્મબંધ કરી મૂંઝાય છે પણ જે કર્મને જીતે છે તે જ સુખી થાય છે.

ગુરુદેવની ડાયરીમાં કોઈ કોઈ જગ્યાએ કાવ્યરચના પણ જોવા મળે છે. કવિ કલાપિની યાદ અપાવતી પ્રભુપ્રેમમાં તરબોળ ગઝલ તેના શબ્દો દ્વારા વાચકના હૈયા વીંધી જાય છે :

**અમદાવાદ**

તા. ૨૨-૯-૧૯૧૨

**"જયાં જયાં વિભુતિ આપની ત્યાં પ્રાણ મારા પાથરું,**
**તવ નામ પીયૂષ પી ઘણું આનંદથી હસતો ફરું.**
**મારું હૃદય સોંપ્યું તને એ પ્રેમમાં અર્પણ સહુ,**
**તારા વિના સાક્ષી નથી તારા વિના રહેવું નથી,**
**તારા વિના વદવું નથી તારા વિના જોવું નથી.**
**મારું અને તારું અરે એ ભેદ પણ ભૂલી ગયો,**
**આધેય ને આધાર તું જિનરાજ તું ધ્યાને રહ્યો."**

ગુરુદેવ યાત્રાનાં સ્થળો, શિલાલેખો વગેરેનો ચીવટાઈથી અભ્યાસ કરીને તેની નોંધ રાખતા. વિ.સં. ૧૯૭૧ મહા વદ ૧૩ના દિને તેઓ આબુમાં હતા તે દિવસે એમણે દેલવાડાનાં સુંદર મંદિરો નીરખીને તે દિવસની રોજનીશીમાં નોંધ્યું છે :

"વસ્તુપાલ અને તેજપાલના દેરાસરમાં દેરાણી-જેઠાણીના ગોખલા કહેવાય છે, પરંતુ તે પર લખેલા લેખના આધારે ખોટી પડે છે. તેજપાલની સ્ત્રી સુહડાદેવીના શ્રેયાર્થે તે બે ગોખલાઓને તેજપાલે કરાવ્યા છે.

આ પ્રમાણે રોજનીશી ગ્રંથમાં એમના વિહાર, ચિંતન, સર્જન પ્રક્રિયા, કાવ્યો, ઈતિહાસ વગેરે દરેક વિષય પર તેમનાં મંતવ્યો જાણવા મળે છે. શ્રી મણિલાલ પાદરાકર શ્રીમદજીના હૃદયના ભાવોને પ્રતિબિંબિત કરતી ડાયરી વિશે જણાવે છે :

"શરૂઆતથી જ વિચારો અને બનાવોની નોંધ કરવા તેઓ ટેવાયેલા અને આગ્રહી હતા. તેમના હૃદયની ભાવનાઓ, આકાંક્ષાઓ, લાગણીઓ અને ઊર્મિઓ તેમની ડાયરીઓમાંથી સમજાય છે તેટલી સ્પષ્ટ બીજા કશામાંથી સમજાતી નથી. મનનપૂર્વકના કેટલાય સુંદર વિચારો તેમાં સંગ્રહાયેલા છે."

તેમની ડાયરી કે રોજનીશીમાં તેમના જીવન પર પ્રકાશ પાથરતી ઘણી બાબતો સમાયેલી છે.

આ ગ્રંથમાં તેમના કેટલાક પત્રોનો સમાવેશ પણ કરવામાં આવ્યો છે. જે ૨૪૪ પૃષ્ઠો રોકે છે. આ પત્રો તેમણે સાધુઓ અને ગૃહસ્થોને સંબોધીને લખેલા છે. પત્રોમાં સ્થળ અને સમય લખીને જેને ઉદ્દેશીને લખ્યો હોય તેનું સંબોધન લખીને તેમને ધર્મલાભ આપીને પત્રનો પ્રારંભ તેમણે કર્યો છે. એમાં મોટે ભાગે સમાજ સુધારણાનો ઉપદેશ અને દયા તથા પ્રેમભાવનો સંદેશ નજરે પડે છે. આ ગ્રંથમાં તેમના સાધુઓ, આચાર્યો, ભક્તો, વેપારીઓ, બ્રાહ્મણો, પટેલ અને મુસ્લિમ તથા અત્યંજ ભાઈઓ પર લખેલા પત્રો છે. આ પત્રસંગ્રહમાં તેમની સર્વધર્મ સમભાવ વૃત્તિ નજરે પડે છે.

## (૪) પત્ર સદુપદેશ ભાગ ૨ અને ૩

આ ગ્રંથમાં ગુરુદેવે વિહારમાં અને સ્થિરતા સમયે લખેલા પત્રોનું સંકલન છે જેમાં સાધુઓ, સંતો, ગૃહસ્થો, અમલદારો વગેરેને સંબોધીને લખેલા પત્રોનો સમાવેશ છે. એમના દરેક પત્રમાં અનુભવ, દયા, સહિષ્ણુતા, સમતા અને જ્ઞાનનાં દર્શન થાય છે. તેઓ પત્ર દ્વારા સામી વ્યક્તિને નિરાશામાંથી બહાર કાઢીને રોશનીનો રાહ ચીંધે છે. પત્ર દ્વારા તેઓ મનુષ્યને તેના કર્તવ્યનો ઉપદેશ આપીને તેને પ્રગતિને પંથે વાળે છે. આ ગ્રંથમાં એક જગ્યાએ ગુરુદેવે તેમના ભક્ત પર લખેલું સંસ્કૃત કાવ્ય આલેખ્યું છે. બાકીના પત્રો સરળ ગુજરાતી ભાષામાં છે.

નીચે દર્શાવેલ પત્ર ગુરુદેવે વડોદરાના શ્રીમંત સંપતરાવ ગાયકવાડ પર લખેલો છે. એ પત્ર તેમણે વિજાપુરથી સંવત ૧૯૭૬ના ચૈત્ર વદ ૯ના દિને લખ્યો હતો. આ પત્રમાં તેમણે ભારતમાં જો સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થ જેવા સંતો પાકે તો ભારતની ખૂબ પ્રગતિ થઈ શકે એવા વિચારો વ્યક્ત કર્યા હતા.

"ધાર્મિક પ્રગતિ સાથે વ્યાવહારિક પ્રગતિકારક સાધુઓ પ્રકટે એવી વ્યવસ્થા થાય તો આર્યાવર્તમાં નવપ્રગતિયુગને અવલોકવા સમર્થ થઈ શકાય. હિંદુઓમાં સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થ જેવા સાધુઓ પ્રકટે તે ભારતનું પ્રગતિકારક પુનિત જીવન ત્વરિત સંપ્રાપ્ત થઈ શકે."

સાણંદથી ગુરુદેવે મુનિ જિનવિજયજીને કાવ્યરૂપે પત્ર લખ્યો હતો. તેમાં મુનિને ધર્મકાર્ય અને જ્ઞાનવૃદ્ધિનો ઉપદેશ આપ્યો. તથા કાર્યની સફળતા માટે આશીર્વાદ આપ્યા :

**"સારામાં હો નમ મન સદા - ધર્મનાં કાર્ય ધારો,**
**આશીઃ એવી સફળ બનશો - જ્ઞાનમાં હો વધારો,**
**જ્ઞાતવ્યોનો પ્રતિદિન લખી - ફર્જ સાચી બજાવો.**
**બુધ્યબ્ધિ સત્ હૃદયઘટમાં - મિત્રનો હો વધાવો."**

પત્ર સદુપદેશ ભાગ-૩માં ગુરુદેવે ખાસ ભક્તો અને સાધુસંતોને લખેલા પત્રોનો સંગ્રહ છે. ગુરુદેવે તેમનાં વૈષ્ણવ ભક્ત શ્રી જયંતીલાલનાં લગ્ન પ્રસંગે આશીર્વાદ આપતા પત્રમાં અદ્ભુત વાતો જણાવી છે. વર કન્યાને તેમણે સૂર્ય-ચંદ્રની ઉપમા આપી તેમની જેમ તેઓ પતિ-પત્ની સંસારનું રક્ષણ કરે એવી ભાવના વ્યક્ત કરી. તેમની વચ્ચે હું-તુંનો ભેદ મટી જીવન યાત્રામાં પરમાત્માનો સાક્ષાત્કાર અનુભવાય તેવી શુભાશિષ તેઓ આપે છે :

"તમારા તરફથી લગ્ન પત્રિકા મળી. સૂર્ય-ચંદ્ર સમા તમો ઉભય, સંસારરૂપી અવનિનું રક્ષણ કરી, સંસારને દીપાવી, સ્વદષ્ટાંતે અન્ય સંસારને પ્રફુલ્લ કરશો. બંનેના હૃદયમાં શુદ્ધાનંદ પ્રભુનું પ્રાકટ્ય થાઓ. પરસ્પરમાં હું - તુંનો ભેદ ન રહે, અને ચામડીનાં રૂપરંગે સુખની બુદ્ધિ ન રહે - એવી રીતે જીવનયાત્રાનું લગ્ન તમને પરમાત્મ સાક્ષાત્કારવાળું જણાઓ અને એવી શુભ પ્રવૃત્તિઓ થાઓ."

આ સંગ્રહમાં ગુરુદેવે શિષ્ય અજિતસાગરજી પર લખેલા પત્રો તથા માણસાનિવાસી શ્રી વીરચંદ કૃષ્ણાજી પર લખેલા પત્રોનું સંકલન પણ છે. શ્રી અજિતસાગરજીએ પ્રથમ સ્થાનકવાસી દીક્ષા અંગીકાર કરી હતી. તે સમયમાં ગુરુદેવના પત્રોમાં તેમની અન્ય સંપ્રદાય પ્રત્યેની ગુણાનુરાગ દૃષ્ટિના દર્શન થાય છે. શ્રી અજિતસાગરજી ગુરુજીનાં મહાન ગુણોથી આકર્ષાઈને તેમના શિષ્ય બન્યા. ગુરુદેવ બુદ્ધિસાગરજીએ તેમને સાયણથી લખેલા પત્રમાં તનને નીરોગી રાખવા માટે તથા બીજા સંઘાડાના સાધુ પાસે રહીને જ્ઞાન પ્રાપ્ત કરવા માટેનો બોધ આપ્યો છે. તેઓ લાંબા વિહારથી તબિયત બગડે છે માટે યાત્રામાં શરીરની કાળજી રાખતાં નાનાં વિહારો કરવા માટે કહે છે. તેઓ એક વડીલની જેમ માથું દુઃખતું હોય તો ઘી ઘસવાથી એકદમ સારું થઈ જશે એ પ્રમાણે શિષ્યોની કાળજી રાખતા હતા. તેમનો અજિતસાગરજીને લખેલો પત્ર નીચે દર્શાવ્યો છે :

શ્રી

તા. ૬-૨-૧૯૧૨
મુ. સાયણ
લિ. બુદ્ધિસાગર

"જિજ્ઞાસુ જ્ઞાનેચ્છુ મુનિ અજિતસાગર તથા સૌભાગ્યસાગર યોગ્ય અનુવંદના સુખશાતા.

વિશેષ લાંબી મજલોથી વિહાર કરવા યોગ્ય નથી. શરીર યાત્રા સંભાળથી કરવી, તેમજ સંયમ યાત્રામાં ઉપયોગ રાખવો. બપોરે વિહાર કરવો નહિ, કારણ કે ચશ્માં વગેરેની ઉપાધિનું સેવન કરવાના સંયોગોમાં જીવ આવી પડે... લાંબા ગાઉનો વિહાર કરવાથી શરીર નરમ થઈ જાય માટે હઠ કરવી નહીં. ભરૂચમાં મુનિરાજ હંસવિજયજીના ભેગા ઊતરશો અને તેમની વૈરાગ્ય આદિ શુભ પરિણતિઓનો લાભ લેશો... સૌભાગ્ય સાગરને માથું દુઃખે તો માથે ઘી ઘસાવવું તેથી રામબાણની પેઠે આરામ થશે."

પોતાનો અંતિમ સમય નજીક આવ્યાની જાણ કરતા પત્રમાં તેમણે પટ્ટધર અજિતસાગરજીને જણાવ્યું કે તેમની તબિયત નરમ રહેતી હોવાથી તેઓ જલદી મળવા આવે તથા પત્રને અંતે ફરીને મળવા આવવા માટેની વિનંતી હતી.

મું. વિજાપુર
લે. બુદ્ધિસાગરસૂરિ
તા. ૧૭-૪-૨૫

"શ્રી અમદાવાદ તત્ર વૈરાગી આચાર્ય શ્રી અજિતસાગરસૂરિજી તથા મુનિશ્રી મહેન્દ્રસાગરજી વગેરે જોગ અનુવંદના સુખ શાતા. પ્રકૃતિ નરમ થતી જાય છે. તમારે મળવાની ઇચ્છા હોય તો જેમ બને તેમ વહેલા મળશો. શરીરમાંથી ગરમી ઓછી થતી જાય છે. શું બને તે નક્કી કહેવાય નહીં. પગના તળિયા ઠંડા રહે છે. સૂંઠ વગેરે ઘવાથી પણ તે ગરમ થતાં નથી.

સં. ૧૯૮૧ના ચૈત્ર વદી ૯ને વાર શુક્ર તા. ૧૭-૪-૨૫

લે. **બુદ્ધિસાગરની અનુવંદણા** જલદી મળાય તેમ મળવા જેવું છે."

આ પ્રમાણે ગુરુદેવે નજીક આવતાં મૃત્યુની મર્મભરી ચેતવણીઓ તથા સૌને તેમના મૃત્યુ માટે તૈયાર રહેવાની સૂચનાઓ આપી હતી. પોતાને થતી આગાહી અને અનુભૂતિની જાણ સર્વને કરીને જેમને કંઈ પૂછવું હોય કે મળવું હોય તો ઉતાવળ કરવા જણાવીને કર્તવ્યપાલન કર્યું. મૃત્યુને નિર્ભયતાપૂર્વક સ્વીકારવાની તેમની તૈયારી હતી. કોઈ વિરલ આત્મજ્ઞાની જ મૃત્યુને મહોત્સવ સમજી શકે.

તેઓ તેમના ભક્તોને યોગ અને ધ્યાનની રીત પણ પત્ર દ્વારા દર્શાવતા હતા તેઓ તેમના ભક્ત મહેસાણા સ્થિત ભાખરિયા ભાઈઓ મોહનલાલ, ચંદુલાલ, ચીમનલાલ, પોપટલાલને યોગ અને ધ્યાનની રીત અને સ્થળ વિશેની માહિતી પત્રમાં જણાવતા. તેઓ લખતા કે આત્માએ પોતાનું શુદ્ધ ચેતન સ્વરૂપ અવલોકવું જોઈએ. પોતાને સર્વમાં સાક્ષી બનીને જોવું. કીર્તિ-અપકીર્તિથી દૂર આત્મસ્વરૂપમાં લીન બની રોજ બે કલાક અભ્યાસ કરવો. નીચેના પત્રમાં પ્રાંતિજથી મહેસાણાના ભક્તોને શ્રી બુદ્ધિસાગરજી લખે છે :

**ॐ नमो अर्हते**

મુ. પ્રાંતિજ<br>લેખક બુદ્ધિસાગર

"શ્રી મહેસાણા મધ્યે શ્રદ્ધાળુ, દયાળુ, દેવગુરુ ભક્તિકારક પુણ્યપ્રભાવક વિનયવંત સુશ્રાવક ભાખરિયા મોહનલાલ નગીનદાસ તથા ભાઈ ચંદુલાલ, ચીમનલાલ તથા શિષ્ય પોપટલાલ યોગ્ય ધર્મલાભ.

... તમોને ધ્યાન ધરવાની રીત વિજાપુરમાં ગામની બહાર ઈદગાહની જગામાં તથા જ્ઞાન મંદિરમાં પેથાપુર રૂદન ચોતરે અને મહેસાણામાં હેડક્વાર્ટરની પાછળ તથા મહુડીમાં કોટયાર્કજીનાં કોતરો તથા ત્યાંના ઉપાશ્રયમાં જણાવી હતી તે પ્રમાણે ધ્યાન ધરતાં હશો અને તે ક્રિયા ચાલુ રાખશો કે જેથી આત્માનું શ્રેય થાય... આનંદ અને જ્ઞાન તે જ મારું રૂપ છે એવા વિચારમાં લીન થઈ બીજા વિચારોને હઠાવી દેવા અને પોતાના સ્વરૂપની યાદી કરવી... શયતાનને મનમાં પેસવા ન દેવો. દરરોજ એક બે કલાક અભ્યાસ કરવો."

તેમના સર્વ પત્રોમાં યોગ, ધ્યાન અને જ્ઞાનનો ઉપદેશ નજરે પડે છે. દરેક પત્રમાં સમાજને સુધારવાની વૃત્તિનાં દર્શન થાય છે, તેઓ પત્ર દ્વારા નવદંપતિને આશીર્વાદ આપે છે અને સાથી સાધુ વૃંદોને વિહારમાં રાખવી પડતી કાળજીની ચર્ચા પણ કરે છે.

તેમનો અંતિમ પત્ર પાદરાના શેઠ મોહનલાલ હિમચંદભાઈને સંબોધીને લખાયેલો હતો. તેમાં તેમણે પોતાને આભાસ થતાં મૃત્યુની પૂર્વસૂચના આપી છે. પોતાનું જીવનકાર્ય પૂર્ણ થવાથી સત્વરે મહાપ્રયાણ કરશે માટે જેઓને મળવાની કે કંઈક પૂછવાની કે અંતિમ સમયે હાજર રહેવાની અભિલાષા હોય એમણે ગુરુદેવ પાસે પહોંચી જવું. અંતિમ પત્રોમાં તેમની ભવ્ય આત્મિક શક્તિની પ્રતીતિ થાય છે.

## (૫) સંસ્કૃત ગ્રંથો

આચાર્ય બુદ્ધિસાગરજીએ બાવીસથી વધુ સંસ્કૃત ગ્રંથો રચ્યા છે. એમાંના ઘણા ગ્રંથોનું વિવેચન તેમણે સ્વયં ગુજરાતી ભાષામાં કર્યું છે. જેમાં કર્મયોગ, સંઘ કર્તવ્ય, શોકવિનાશક ગ્રંથ વગેરે મુખ્ય છે.

આચાર્યશ્રી દ્વારા રચિત સંસ્કૃત ગ્રંથોનું સંક્ષિપ્ત વિવરણ નીચે પ્રમાણે છે :

**( १ ) आत्मशुद्धोपयोग :** આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં શ્લોકબદ્ધ કાવ્યમય રચના છે. એમાં અનેકાંત દૃષ્ટિની વિચારણા કરી છે. ગ્રંથ પ્રારંભ તેઓ મહાવીર સ્વામીને પ્રણામ કરીને કરે છે. પરમાનંદ મહાવીરને પ્રણામ કરીને સ્યાદ્‌વાદનો બોધ કરતા 'આત્મશુદ્ધોપયોગ' વિશે કહે છે.

**"प्रणम्य परमानन्दं, महावीरं जिनेश्वरम्**
**आत्मशुद्धोपयोगतं, वच्मिस्याद्वादबोधतः ।।१।।"**

શુદ્ધ આત્માના સ્વરૂપ સમજાવતાં ૮૦૩ શ્લોકમાં ૧૬૦૬ પંક્તિઓ છે. તેમાં મનુષ્યને માતા, પિતા, વૃદ્ધો અને ગુરુ પ્રત્યે સ્વશક્તિ પ્રમાણે તેમની ભક્તિ કરવાનો ઉપદેશ આપ્યો છે. તેઓ મનુષ્યને પોતાની શક્તિ અનુસાર પશુ, પક્ષી અને વૃક્ષોનું રક્ષણ કરી પર્યાવરણ જાળવવાનો ઉપદેશ આપે છે.

**( २ ) दया ग्रंथ :** આ સંસ્કૃત ગ્રંથમાં ૪૨૯ શ્લોક એટલે ૮૫૮ પંક્તિઓ છે. આ ગ્રંથમાં દયાના અનેક પ્રકારોનું વર્ણન છે. એમાં હિંસા અને અહિંસાનાં લક્ષણો અનેક નયની અપેક્ષાએ વર્ણવેલાં છે. નીચેના શ્લોકમાં તેઓ અહિંસામાં જ ધર્મ સમાયેલો છે અને હિંસામાં ધર્મશૂન્યતા છે એમ વર્ણવે છે.

**"अहिंसा प्रभोर्धर्मो, हिंसायां धर्मशून्यताः**
**पशुपक्षिमनुष्याणां, दयायां धर्म उच्यते ।।१३।।"**

જ્યાં પશુ સેવા, ગોચર ભૂમિ વગેરે શુભ કાર્ય માટે દાન અપાય છે તેવા દેશના લોકો હંમેશાં સુખી હોય છે એમ પશુપક્ષી વિશે દયાવૃત્તિનો બોધ આપતા નીચેના શ્લોકમાં બુદ્ધિસાગરજી વર્ણવે છે :

**"गोचरभूमिदानाद्यैः पशुसेवा शुभंकरा**
**यत्रदेशे दयादानं, तत्रदेशे सुखोदयः ।।३३।।"**

પ્રસ્તુત 'દયાગ્રંથ'ની રચના આચાર્યશ્રીએ મહુડીમાં સંવત ૧૯૮૦માં કરી હતી.

**( ३ ) श्रेणिक सुबोधग्रंथ :** આ સંસ્કૃત ગ્રંથમાં ૨૬૮ પંક્તિઓ છે. ૨૨ પૃષ્ઠોની આ રચના ગુરુદેવે વિજાપુરમાં સં. ૧૯૭૯માં કરી હતી. સર્વજ્ઞ મહાવીર પ્રભુને કૃપા કરી સંસાર સાગર પાર ઉતારવા માટે વિનંતી કરે છે.

**"सर्वज्ञ हे वीर सदा जय त्वं,**
**धीरः परेशो जगदीश्वरो सि,**
**गुणास्त्वदीया भगवन्न पाराः**
**कृत्वा कृपां तारय मां दयालो ॥१॥"**

આ ગ્રંથમાં શ્રેણિકરાજાની શક્તિના ગુણ બુદ્ધિસાગરજીએ દર્શાવ્યા છે.

(૪) **કૃષ્ણ ગીતા :** આ સંસ્કૃત ગ્રંથમાં ૬૬૬ પંક્તિઓ છે. તેની પૃષ્ઠ સંખ્યા ૨૭ છે. આ ગ્રંથની રચના બુદ્ધિસાગરજીએ પાદરા ગામમાં સં. ૧૯૭૫માં કરી હતી.

**"श्रीकृष्ण वासुदेवेन, नेमिनाथस्य शिक्षया ।**
**जैनधर्मप्रश्चाराय, हिंसायज्ञा निवारिताः ॥४॥"**

ઉપરોક્ત શ્લોકમાં બુદ્ધિસાગરજી કૃષ્ણ-વાસુદેવે નેમિનાથની શિક્ષાબોધ ધ્યાનમાં રાખીને હિંસામય યજ્ઞને નિવારવાનો પ્રચાર કરવાનું નક્કી કર્યું એમ જણાવે છે.

**"पठन्ति कृष्णगीतां ये, श्रुण्वन्ति पाठयन्तिच**
**स्वर्गं मुक्ति च ये यान्ति, लभ्यन्ते सर्वमंगलम ॥३३२॥"**

અંતમાં બુદ્ધિસાગરજી ઉપરોક્ત શ્લોક દ્વારા વર્ણવે છે કે આ કૃષ્ણગીતાનું જે મનુષ્યો પઠન-પાઠન શ્રવણ કરશે તેનું સર્વ મંગળ થશે અને તે સ્વર્ગ તરફ ગતિ કરશે.

**( ૫ ) संघकर्तव्य :** આ ગ્રંથની પૃષ્ઠ સંખ્યા ૧૧ છે. તેમણે આ પુસ્તિકાની રચના વિજાપુરમાં સંવત ૧૯૭૯માં કરી હતી. તેમાં ૨૧૦ પંક્તિઓ છે.

**( ६ ) प्रजा समाज कर्तव्य :** આ ગ્રંથની પૃષ્ઠ સંખ્યા ૧૨ છે. એમાં ૨૩૮ પંક્તિઓ છે. વિજાપુર શહેરમાં સં. ૧૯૭૯ના ચાતુર્માસ દરમિયાન આ સંસ્કૃત પુસ્તિકાની રચના આચાર્યશ્રીએ કરી હતી.

(૭) **શોકવિનાશક ગ્રંથ :** આ સંસ્કૃત ગ્રંથનું આચાર્યશ્રીએ ગુજરાતી ભાષામાં વિવેચન પણ કર્યું છે. આની પૃષ્ઠસંખ્યા ૨૦ છે અને તે વિજાપુરમાં ચાતુર્માસ દરમિયાન સં. ૧૯૭૯માં રચ્યો હતો.

(૮) **ચેટક બોધ :** ૪ પૃષ્ઠોની નાની પુસ્તિકા ચેટક રાજા વિશેની છે. જેની રચના વિજાપુરના સં. ૧૯૭૯ના ચાતુર્માસ દરમિયાન આચાર્યશ્રીએ કરી હતી.

(૯) **સુદર્શના સુબોધ :** ૧૦૯ પૃષ્ઠોનો આ સંસ્કૃત ગ્રંથ બુદ્ધિસાગરજીએ વિજાપુરમાં રચ્યો હતો. તેમાં ૧૬૬૮ પંક્તિઓ છે.

(૧૦) **અધ્યાત્મ ગીતા :** આ ગ્રંથ આચાર્યશ્રીએ આયુષ્ય પૂરું થવા આવેલું જાણી આત્માની શુદ્ધતા અર્થે રચ્યો હતો. એમાં આત્માનાં શુદ્ધ સ્વરૂપો વર્ણવતા ૫૨૯ શ્લોકો છે. આ ગ્રંથનો પ્રારંભ તેઓ મહાવીર સ્વામીને પ્રણામ કરીને કરે છે.

**"प्रणम्य श्री महावीरं, ज्ञानानंदमयं परम् ।**
**करोम्य अध्यात्मनो गीतां, स्वपरानंद हेतवे ।।"**

ઉપરોક્ત શ્લોકમાં આચાર્યશ્રી જ્ઞાનાનંદમયી મહાવીર પ્રભુને નમસ્કાર કરીને સર્વના કલ્યાણ માટે આ ગ્રંથ રચે છે એમ નિર્દેશે છે.

તેઓ નીચેના શ્લોકમાં આત્માનો સ્વભાવ સુખી રહેવાનો છે અને દુઃખ એ મોહવૃત્તિમાંથી જન્મ લે છે એમ દર્શાવે છે.

**"सुखमात्म स्वभावोस्ति, दुःखं मोहस्य वृत्तियु ।**
**मोहरूपं मनोदुःखं, ज्ञात्वात्मनि रतिं कुरु ।।८।।"**

પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવનામાં બુદ્ધિસાગરજી દર્શાવે છે :

"મુંબઈના દાક્તર કૂપરે અમારા શરીરની નબળી સ્થિતિથી આયુષ્ય સંબંધી ભય બતાવ્યો હતો. તેથી કેટલાક ભક્ત શ્રાવકો દિલગીર થયા હતા. પણ અમને તો તેથી ધર્મકાર્યો ઝડપથી કરવામાં ઘણો ઉત્સાહ થયો, અને આયુષ્ય સંબંધી એક પળનો પણ વિશ્વાસ રાખ્યા વિના આત્માની શુદ્ધતા કરવા ઘણો ઉપયોગ જાગ્રત થયો અને તેથી આત્માના શુદ્ધ સ્વરૂપનું ધ્યાન ધરતાં અધ્યાત્મ ગીતા રચવાનો મનોરથ થયો અને તેથી અધ્યાત્મ ગીતા રચવાની શરૂઆત કરી અને શ્રાવણ સુદ ૫ને રોજ રચીને પૂર્ણ કરી."

આ પ્રમાણે આચાર્યશ્રીએ જીવનમાં જેટલાં મહત્ત્વનાં કાર્યો બાકી હોય એ આયુષ્ય ઓછું છે એ જાણીને ત્વરિત કર્યાં. आत्मसमाधिशतकः આ ગ્રંથમાં એકસો વીશ સંસ્કૃત શ્લોકો છે. એમાં સમાધિ અને મરણ વિશેનું જ્ઞાન છે. નીચેના શ્લોકમાં તેઓ જન્મ અને મૃત્યુ વિશેની સાદી સમજ આપે છે :

**"जन्म मृत्यु च देहस्य, प्राणामां च विसर्जनम् ।**
**न च शुद्ध आत्मनो जन्म, मृत्युश्च निश्चयेन व ।।१३।।"**

શુદ્ધ આત્માને જન્મ મરણ હોતાં નથી, જન્મ મૃત્યુ તો દેહનું થાય છે. આત્મા દર્શન જ્ઞાનચારિત્ર વડે શુદ્ધ થઈ અંતે સમાધિ પ્રાપ્ત કરે છે.

**(૧૨) જીવક પ્રબોધ :** આ સંસ્કૃત પુસ્તકની પૃષ્ઠ સંખ્યા ૩૪ છે. તેમાં ૬૫૬ પંક્તિઓ છે. આ પુસ્તકની રચના બુદ્ધિસાગરજી પેથાપુરમાં હતા ત્યારે કરી હતી. એમાં તેઓ પ્રભુપ્રાપ્ત કર્યા પછીની મનુષ્યની સ્થિતિનું વર્ણન કરતાં નિરૂપે છે કે આત્માને પ્રભુ પ્રાપ્ત થયા પછી રાજ્ય, સામ્રાજ્ય વગેરે દુન્યવી સુખ નિરર્થક ભાષે છે.

**"प्रभुप्राप्तिकृते राज्यं, कुरु साम्राज्यात्मनः ।**
**रक्षायै सर्वजीवानां, वर्तते राज्यपद्धतिः ।।९।।"**

**(૧૩) પરમાત્મ દર્શન :** આ પુસ્તકની પૃષ્ઠ સંખ્યા ૪૬ છે. એમાં સંસ્કૃત ભાષામાં ૫૨૯ શ્લોકો આચાર્યશ્રીએ સદ્ગુરુની સેવા અને મનુષ્ય પોતાના આત્માને ઓળખે એ વિષયને લક્ષમાં રાખીને રચ્યા છે. તેમણે 'પરમાત્મ દર્શન' ગુજરાતી ભાષામાં પણ રચ્યું છે. તેઓ આ પુસ્તકના

દશમા શ્લોકમાં ગુરુનો મહિમા વર્ણવે છે. ગુરુ જ મનુષ્યને ભવોભવનાં દુઃખમાંથી મુક્તિ અપાવે છે અને નિત્ય સદ્ગુરુની વંદના વડે જ મનુષ્યજન્મ સાર્થક બને છે.

**"न कोपि भवदुःखानां हर्तास्ति सद्गुरुं विना ।**
**वन्दे तं सद्गुरुं नित्यं साफल्यं जन्मनो भवेत ॥१०॥"**

**(૧૪) આત્મસ્વરૂપ :** આ પુસ્તકની પૃષ્ઠ સંખ્યા ૪૧ છે. એની રચના આચાર્યે માણસામાં સંવત ૧૯૬૧માં કરી હતી. આ ગ્રંથ પ્રારંભ તેઓ શંખેશ્વર પાર્શ્વનાથને પ્રણામ કરી કરે છે.

**"आत्मस्वरूपः समुद्रेति येन,**
**येनात्मबोधश्चय विकाशमेति ।**
**प्रणम्य शंखेश्वर पार्श्वनाथ-**
**मात्मस्वरूपं विदधामि शास्त्रम् ॥१॥"**

તેઓ ઉપરોક્ત શ્લોકમાં શંખેશ્વર પાર્શ્વપ્રભુને નમસ્કાર કરી શુદ્ધબુદ્ધ આત્માનો વિકાસ અને તેનું ચિદાનંદ સ્વરૂપ વર્ણવે છે.

**(૧૫) કર્મયોગ :** આ ગ્રંથ ગુજરાતી અને સંસ્કૃત બંને ભાષામાં ગુરુદેવે રચ્યો છે. તેમાં ૨૭૨ સંસ્કૃત શ્લોકો છે અને તેનું તેમણે ગુજરાતી ભાષામાં વિસ્તારથી વિવેચન કર્યું છે, ગણિવર્ય દેવેન્દ્રસાગરજીએ કર્મયોગનો હિન્દી ભાષામાં ભાવાર્થ લખ્યો છે.

**(૧૬) પ્રેમગીતા :** આ ગ્રંથમાં પૃષ્ઠ સંખ્યા ૫૮ છે. આ સુંદર ગ્રંથ સંસ્કૃતમાં હોવાથી બધા સમજી ન શકે માટે તેનું સુંદર વિવરણ આચાર્યશ્રીના શિષ્ય શ્રી ઋદ્ધિસાગરજીએ સરળ ગુજરાતી ભાષામાં કર્યું છે. આ ગ્રંથની પ્રસ્તાવના શ્રી મફતલાલ ઝવેરચંદ્રે લખી છે. આચાર્યશ્રી આ ગ્રંથમાં નિરૂપણ કરે છે કે જગતના સર્વ જીવોને આત્મસમાન સમજવાની ભાવના જ્યારે જીવનમાં દૃઢ થાય છે ત્યારે જીવ શિવ બુદ્ધ બને છે. આ ગ્રંથમાં ૬૮૦ સંસ્કૃત શ્લોકો છે તથા એની રચના ગુરુમહારાજે વિજાપુરમાં સં. ૧૯૭૨માં કરી હતી.

**(૧૭) જૈન ગીતા :** આ ગ્રંથની પૃષ્ઠ સંખ્યા ૩૫ છે. એમાં ૫૦૬ પંક્તિઓ છે. એની રચના આચાર્ય બુદ્ધિસાગરજીએ માણસામાં સં. ૧૯૭૩માં કરી હતી.

**(૧૮) આત્મદર્શન ગીતા :** આમાં ૧૬ પૃષ્ઠો છે. આ ગ્રંથ 'આત્મપ્રદીપ'ની અંતર્ગત છે. આની રચના તેમણે અમદાવાદમાં સં. ૧૯૬૫માં કરી હતી.

**(૧૯) શિષ્યોપનિષદ :** આ પુસ્તકમાં સંસ્કૃત શ્લોકની ૭૯ પંક્તિઓ છે. તે સં. ૧૯૭૩માં રચ્યો હતો. આ પુસ્તકમાં સંસ્કૃત અને ગુજરાતી બંને ભાષામાં રચના છે. તેમણે સંસ્કૃત શ્લોકને વિસ્તારથી ગુજરાતી ભાષામાં સમજાવ્યા છે.

**(૨૦) જૈનોપનિષદ :** આ ગ્રંથની પૃષ્ઠ સંખ્યા સંસ્કૃત શ્લોક અને ગુજરાતી ભાષામાં ભાવાર્થ એમ બંને મળીને ૪૧ છે. આ પુસ્તકની રચના તેમણે પેથાપુરમાં કરી હતી.

**(૨૧) આત્માનુશાસન :** ૧૩ પૃષ્ઠોની આ પુસ્તિકા 'પરમાત્મ જ્યોતિ' ગ્રંથમાં સંલગ્ન છે. એની રચના તેમણે સં. ૧૯૮૦માં કરી હતી.

(૨૨) **યોગપ્રદીપ :** ૧૧ પૃષ્ઠોની આ પુસ્તિકા પૂર્ણ પરમાત્મા 'જ્યોતિ'માં સંલગ્ન છે.

(૨૩) **સામ્યશતક :** ૯ પૃષ્ઠોના આ શ્લોકો પણ 'પરમાત્મ જ્યોતિ'ની અંતર્ગત આપ્યા છે.

(૨૪) **શ્રી જૈન મહાવીર ગીતા :** શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ 'શ્રી જૈન મહાવીર ગીતા' સંસ્કૃત ભાષામાં રચ્યો હતો. એની ભાષા તથા શૈલી ખૂબ સરળ છે. આ ગ્રંથનાં પ્રકાશન કાર્યમાં શ્રી મહોદયસાગરજી તથા શ્રી દુર્લભસાગર મહારાજ સાહેબે અનેક રીતે માર્ગદર્શન આપ્યું. જૈન મહાવીર ગીતા, મહાવીર સ્વામી સમવસરણમાં બિરાજીને દેશના આપે છે. ત્યાંથી ઉદ્ભવે છે. જેમ કૃષ્ણ ગીતા અર્જુન યુદ્ધભૂમિ પર યુદ્ધ કરવા માટે તૈયાર ન થતાં કૃષ્ણ ઉપદેશ દ્વારા રચાઈ છે. તે જ પ્રમાણે આ ગ્રંથ મહાવીર ગીતામાં સમવસરણનું સુંદર ચિત્ર અનિવાર્ય હોવાથી તે કાર્ય વિધ્વતવર્ય પ્રશાંત સંયમ મૂર્તિ શ્રી ત્રૈલોક્ય સાગરજીએ રંગીન સંપૂર્ણ ચિત્ર તૈયાર કરાવ્યું જેમાં ફૂલોની વૃષ્ટિ કરતાં દેવતાઓ અને દેવદુંદુભિ વગાડતા દેવો દર્શાવ્યા છે. સિંહાસન પર બિરાજમાન ચૌમુખી પ્રભુ મહાવીરને બંને બાજુ ચામર ઢાળતા સેવકો, છત્ર, પ્રથમ ભાગમાં સાધુ સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘ પ્રભુને શ્રવણ કરતાં બતાવ્યા છે.

આ ગ્રંથના સંશોધનના કાર્યથી પ્રારંભીને મુદ્રણ પ્રકાશન વગેરે દરેક કાર્યમાં શ્રી ક્ષમાસાગરજીએ અમૂલ્ય ફાળો આપ્યો છે. તેઓ આ ગ્રંથની પ્રસ્તાવનામાં લખે છે કે "આત્મા શબ્દનો ઝંકાર આ ગ્રંથરત્નમાં મધુકરના ગુંજનની જેમ ગુંજન કરતો સંભળાય છે. શ્રી કૃષ્ણ ગીતા યુદ્ધભૂમિ પર રચાઈ છે. જ્યારે શ્રી જૈન મહાવીર ગીતા રાજગૃહી નગરમાં ભક્તિવંત દેવોએ સમવસરણની રચના કરી અને પ્રભુ મહાવીર દેવ તેમાં પધાર્યા; ગૌતમસ્વામી, શ્રેણિક રાજા, દેવ-દેવીઓ, નર-નારીઓ બધા બિરાજ્યા છે. અહીં ગૌતમ સ્વામી અને શ્રેણિક રાજા વગેરે આત્માના ઉત્થાનને લગતા પ્રશ્નો પૂછે છે અને પ્રભુ મહાવીર દેવ દ્વારા એનું સવિસ્તર સમાધાન કરવામાં આવે છે. એ સમાધાનના સારને શ્રી જૈન મહાવીર ગીતામાં કંડારવામાં આવ્યો છે."

ગુરુ શ્રી બુદ્ધિસાગરજી આ ગ્રંથમાં સમજાવે છે કે પ્રભુ પ્રત્યે પ્રેમ થયા પછી ભક્તને કોઈ પણ ચાહના રહેતી નથી. તે રાગ, દ્વેષ, શોકથી દૂર થઈ જાય છે. આત્મા જ બ્રહ્મ છે. સંપૂર્ણ વિશ્વ બ્રહ્મમય છે. માટે આત્મા દ્વારા જ આત્માનો ઉદ્ધાર કરવો જોઈએ.

શ્રી ક્ષમાસાગરજી આ ગ્રંથની પ્રસ્તાવનામાં મહાવીર ગીતાને કૃષ્ણગીતા સાથે સરખાવતા જણાવે છે કે જેમ ભગવદ્ગીતામાં કૃષ્ણ કહે છે કે "સર્વ ધર્માન પરિત્યજ્ય, મામેકં શરણં વ્રજ !' (મ. ગી. અ. ૧૮ - શ્લોક ૬૬)

તે જ પ્રમાણે બુદ્ધિસાગર મહારાજ કહે છે,

**'सर्व धर्मान् विहायतो, भजध्वंमां शरणवयम् ।'**

**સર્વ ધર્મોનો ત્યાગ કરી મારા શરણને સ્વીકારો.'**

કલિકાલમાં પ્રભુના નામમાં સર્વ વેદો આવી જાય છે. મારા નામના જાપથી સર્વ તીર્થોની યાત્રાનું ફળ મળે છે.

**"कलौ मन्नाय जापेन तरिष्वन्ति जनाः क्षणात्" ।**

(મ. ગી. અ. - શ્લોક ૪૨૨)

આ જ પ્રમાણેના શ્લોક 'કલ્યાણ મંદિર' જે સિદ્ધસેન દિવાકર દ્વારા રચાયેલું છે. એની આઠમી ગાથામાં છે :

**"आज्ञामचितये महिमा जिन संस्तवस्ते,**
**नामापि पाति भवतो भवतो जगन्ति ।"**

હે પ્રભુ ! આપનું અચિન્ત્ય મહિમાશીલ સ્તવન તો દૂર રહ્યું પણ આપના નામથી પણ વિશ્વજનનું ભવના ફેરાથી રક્ષણ થાય છે.

તુલસીદાસજી પણ કહે છે કે કલિયુગમાં ફક્ત પ્રભુનું નામ લઈને મનુષ્ય ભવસાગર તરી જાય છે :

**"कलियुग केवल नाम आधारा, प्रभु समरो उत्तरो भव पारा**
**कंचन कोटी कोटी दे गौदाना, तोभी न आवे नाम समाना ।"**

અંત સમયે પ્રભુનું સ્મરણ કરવાથી અને થયેલ પાપનું પ્રાયશ્ચિત કરવાવાળા મનુષ્યનો ઉદ્ધાર પ્રભુ કરે છે :

**"अंत काल वमाभेव, स्मरन्मक्त्वा क्लेवरम् ।**
**थः प्रयातिम्र भद्‌भावं याति नासत्वत्र संशयः ।।"**

(મ. ગી. અતી શ્લોક ૫)

આવો જ 'શ્લોક મહાવીર ગીતામાં' છે. અંત સમયે જે ભક્ત મનુષ્ય મને ભક્તિ ભાવથી ભજે છે, પાપોનું પ્રાયશ્ચિત કરે છે તેઓનું હું ઉદ્ધાર કરું છું.

**अन्तकाले भजन्ते ये भक्ताये भक्तिभवतः ।**
**तेषामुद्धार कर्ता हे पश्चात्ताप विद्याविनाम् ।।**

(મ. ગી. અ. ૨-૪૬૩)

વિશ્વના બધા આત્માઓને કર્મો ચોંટે છે. પણ જ્ઞાનસિદ્ધ આત્માને ચોંટતાં નથી.

આ ગ્રંથમાં અનેક વિષયો વિશે ચર્ચા છે. આમાં આડકતરી રીતે સર્વ દર્શનો સમાવી લીધાં છે.

તેઓએ આ ગ્રંથને સોળ અધ્યાયોમાં વહેંચ્યો છે અને પછી મંત્રયોગ, ગૌતમ સ્તુતિ, શ્રેણિકસ્તુતિ, ચેટકસ્તુતિ વગેરે પાઠો છે ! તેઓએ દરેક અધ્યાયની અંદર જે વિષયને આવરી લીધો છે તેનું મથાળું આપ્યું છે. જેમ કે પ્રથમ અધ્યાયમાં શ્રદ્ધાયોગ, બીજા અધ્યાયમાં પ્રેમયોગ વગેરે. આમાં કર્મયોગ, ધર્મયોગ, નીતિયોગ, સંસ્કારયોગ, દાનયોગ, જ્ઞાનયોગ, શક્તિયોગ વગેરે સર્વ આવી જાય છે.

## (૬) 'બુદ્ધિપ્રભા' માસિક

જૈન પત્રકારત્વનો ઈતિહાસ ઘણો પ્રાચીન છે. જ્યારે ભારત વહેમો, જડ રૂઢિઓ, કર્મકાંડ અને અંધશ્રદ્ધામાં ડૂબેલો હતો ત્યારે જૈન સમાજ યતિઓની નાગચૂડમાં જકડાયેલો હતો. જેમાં થોડાઘણા સંવેગી સાધુઓ સમાજને સાચી રાહ દર્શાવતા હતા. તેવા સંજોગોમાં જૈન પત્રકારત્વનો સૂરજ ધીરે ધીરે પ્રકાશિત થવા લાગ્યો. ઈ.સ. ૧૮૫૯માં સૌ પ્રથમ અમદાવાદથી 'જૈન દીપક' નામનું માસિક પ્રગટ થયું. આજે ૬૦૦ થી વધુ જૈન પત્રો વિવિધ ભાષાઓમાં પ્રગટ થાય છે. જેમાં અંગ્રેજી, ઉર્દૂ, કન્નડ, ગુજરાતી, તામિલ, બંગાલી, મરાઠી, સંસ્કૃત, હિન્દી વગેરે મુખ્ય છે.

યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરજીની પ્રેરણાથી સન્ ૧૯૦૯માં 'બુદ્ધિપ્રભા' માસિક પ્રગટ થયું. 'બુદ્ધિપ્રભા' માસિકે પ્રચ્છન્ન અને અપ્રચ્છન્ન પણે સાધુઓને પત્રો શરૂ કરવાથી પ્રથા પાડી. આચાર્ય બુદ્ધિસાગરજીએ આ માસિકમાં ઘણા લેખો અને કવિતાઓ લખ્યાં છે, આ માસિકમાં વિદ્વાન શ્રાવકો અને સાધુઓનાં લેખો, કાવ્યો, ચર્ચાઓ અને ધર્મોપદેશ દ્વારા લોકોનો આત્મવિશ્વાસ જાગૃત થયો. તેમના જીવનમાં આશા અને ઉમંગની નવી લહેર ઊઠી. આ માસિકે લોકોને શાસ્ત્ર વિશારદ બુદ્ધિસાગરજીની કૃતિઓનો લાભ તેમની હયાતીમાં તથા તેમના સ્વર્ગગમન બાદ પણ આપ્યો છે.

આચાર્ય બુદ્ધિસાગરજીનું સાહિત્ય દરેક વર્ગના લોકો માટે ઉપયોગી છે. તેમણે સાધુઓ, શ્રાવકો, ગૃહિણીઓ, બાળકો, લેખકો, સમાલોચકો, તંત્રીઓ વગેરે સર્વને ઉદ્દેશીને લખ્યું છે. તેઓ પોતાનું કાર્ય ઉમદા રીતે બજાવી તેમાં સર્વોપરિતા કેવી રીતે મેળવવી એ સરળ ભાષામાં સમજાવ્યું છે.

બુદ્ધિપ્રભા માસિકના દરેક અંકમાં આચાર્યશ્રીનાં ભજન, લેખ કે યોગ વિષયક ચર્ચાઓ અગ્રસ્થાને રહેતી. પ્રસ્તુત માસિકના તા. ૧૦-૬-૧૯૬૫ના અંકમાં આચાર્ય બુદ્ધિસાગરજીનો એક અગ્રંથસ્થ લેખ છે. એ લેખમાં આચાર્ય બુદ્ધિસાગરજીએ સમાલોચન કરતાં લેખકોને માર્ગદર્શન આપ્યું છે. પ્રસ્તુત લેખમાં તેમણે સમાલોચના કરનાર વ્યક્તિએ પ્રથમ પોતાની યોગ્યતા તપાસીને જે વિષયમાં સમાલોચના કરવાની હોય તેનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ એમ સૂચન કર્યું છે. ત્યાર બાદ જે ગ્રંથની આલોચના કરવાની હોય તેને સંપૂર્ણ અવલોકીને તેના ઉત્તમ વિભાગની પ્રશંસા કરવી જોઈએ. જે વિભાગ કે વિષય બરાબર ન લખાયો હોય તેની સદૃષ્ટાંત ચર્ચા કરી તે કઈ રીતે સુંદર લખી શકાય તે અભિપ્રાય દ્વારા દર્શાવવું એવું સુંદર નિરૂપણ આલોચના વિશેના લેખમાં તેમણે કર્યું છે.

નીચેના પેરેગ્રાફોમાં બુદ્ધિસાગરજીના સમાલોચના વિશેના વિચારો જાણવા મળે છે જે આલોચકોને સારું માર્ગદર્શન પૂરું પાડે છે. આ લેખ બુદ્ધિપ્રભાના ૧૯૬૫ના જૂન મહિનામાં છપાયો હતો. બુદ્ધિસાગરજી વિવેચકોને સૂચન કરતાં દર્શાવે છે,

"સમાલોચના કરનારે અંગત વૈર, દ્વેષ, ઈર્ષ્યા, પક્ષપાત અને સંકુચિત દૃષ્ટિનો ત્યાગ કરવો જોઈએ. સંકુચિત દૃષ્ટિથી સમાલોચના કરનારાઓ પોતાનું સ્પષ્ટ હૃદય બહાર જાહેર કરી શકતા નથી.

સમાલોચના કરનારે ગ્રંથકર્તાની યોગ્યતા અને તેના આશયોને જાણવા જોઈએ. ગ્રંથકર્તાના આશયને જાણ્યા વિના પોતાની દૃષ્ટિ પ્રમાણે ગમે તેવો અભિપ્રાય બહાંધવાથી ગ્રંથકર્તાની લાગણીને દુઃખાવવાનો પ્રસંગ ઊભો થાય છે.

સમાલોચના કરનારમાં સ્વાર્થ બુદ્ધિ અને પરતંત્રતા ન હોવી જોઈએ. ગ્રંથકર્તાની સિદ્ધિના બણગા ફૂંકવા ઇત્યાદિ લખાણોથી સ્વાર્થબુદ્ધિ તુરત જ જાણી શકાય છે અને વાચકોને સમાલોચનાને સ્થાને સ્વાર્થ લોચનાનો ભાસ થાય છે."

ઉપરોક્ત વાક્યોમાં શ્રીમદ્‌ની બુદ્ધિની વિચક્ષણતા જણાય છે, તેમણે માસિકોના સંપાદકોને સ્વાર્થબુદ્ધિથી અંગત રીતે દ્વેષભાવ કે પક્ષપાત ન રાખી ગ્રંથની સમીક્ષા કરવા માટેનો ઉપદેશ આપે છે. તેઓ સમીક્ષકને ગ્રંથકર્તાનો ગ્રંથ રચના પરત્વેનો ઉદ્દેશ્ય લક્ષમાં રાખીને પછી ગ્રંથ વિશે અભિપ્રાય આપવાનો બોધ આપે છે જેથી ગ્રંથકર્તાની શુભ ભાવનાને ઠેસ ન પહોંચે.

'બુદ્ધિપ્રભા' માસિકના વર્ષ ૧૯૬૪ના ડિસેમ્બરના અંકમાં શ્રીમદ્‌ બુદ્ધિસાગરજીનો એક સુંદર લેખ છે જેનું શીર્ષક 'લેખકો અને લેખો' છે. એ લેખમાં આચાર્યશ્રી લખે છે : "ગુણાનુરાગી લેખક કોઈના લેખ વા ગ્રંથની સમાલોચના કરવા માંડે છે તો તેમાં રહેલા ગુણોનું સારી રીતે પ્રકટ કરી શકે છે અને લોકોની આગળ ગુણોની શોધ કરીને મૂકે છે તેથી લોકોને ગુણનો ભાગ ગ્રહણ કરવામાં ઘણો પરિશ્રમ પડતો નથી... દોષાનુરાગી લેખક કોઈના સંબંધી કંઈ લેખ લખે છે તેમાં

દોષોને ચીતરવામાં તેની દૃષ્ટિ રહે છે અને કોઈ ગ્રંથ વા લેખની સમાલોચના કરી છે તેમાં તે લેખ્ય ગુણો તરફ દૃષ્ટિ ન ફેંકતા લેખ્ય દોષો તરફ પોતાની દૃષ્ટિ ફેંકે છે તેમજ છતાં વા અછતાં દોષો વડે ગ્રંથકર્તાની મૂર્ખતા બતાવવા પ્રયત્ન કરે છે."

ઉપરોક્ત વાક્યોમાં લેખક બુદ્ધિસાગરજી ગુણાનુરાગી લેખક અને સમીક્ષક પોતાની ગુણગ્રાહી દૃષ્ટિ વડે ગ્રંથ અને ગ્રંથકારની સારી બાજુ તથા ઉત્તમ સદ્‌ગુણોને જ કેન્દ્રસ્થાનમાં રાખે છે જેથી વાચક ફાયદામાં રહે છે એમ નિરૂપણા કરે છે. કોઈ વ્યક્તિ, ગ્રંથ કે લેખકના દોષો

બતાવવા જ પડે તો વિવેકપૂર્ણ શાલીન શબ્દો વડે દર્શાવવું. કદીપણ નિષ્ઠુર શબ્દપ્રયોગ કોઈને માટે પણ કરવો નહિ. આ પ્રમાણે આચાર્યશ્રી તેમના અનન્ય લેખો, ભજનો, કાવ્યો અને ગ્રંથોમાં કર્તવ્યપરાયણતાનો ઉપદેશ સર્વને આપે છે.

'બુદ્ધિપ્રભા' માસિકે સાધુ-સંસ્થા અને શિક્ષિત વર્ગને ધર્મ અને સમાજના પ્રશ્નો અંગે વિચારવાની અને લખવાની સફળ પ્રેરણા આપી. તે સમયે સમાજમાં બાળલગ્ન, કન્યાવિક્રય, વૃદ્ધ લગ્ન વગેરે ઘણાં દૂષણો હતાં. પરદેશગમન કરનારને સમાજની સજા ભોગવવી પડતી હતી. આ સર્વ દૂષણો સામે 'બુદ્ધિપ્રભા' જેવા માસિકો લોકોને અન્યાયનો સામનો કરવાનો બોધ આપતા. 'બુદ્ધિપ્રભા'એ સામાજિક, ધાર્મિક અજ્ઞાનને દૂર કરવામાં નોંધપાત્ર ફાળો નોંધાવ્યો.

'બુદ્ધિપ્રભા' માસિક બુદ્ધિસાગરજીની પ્રેરણાથી 'અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ' દ્વારા પ્રગટ થતું હતું. પ્રારંભમાં તે અમદાવાદ નાગોરી સરાહ સ્થિત 'શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડિંગ'થી સર્વ કાર્ય કરવામાં આવતું હતું. ત્યારના વ્યવસ્થાપકો અને સંપાદક શંકરલાલ ડાહ્યાભાઈ કાપડિયા હતા. ત્યાર બાદ કંઈક કારણવશાત્ આ માસિક થોડા વર્ષ પ્રગટ થતું બંધ થયું. જે ફરી ઈ.સ. ૧૯૫૯ની આસપાસ પ્રગટ થવા લાગ્યું. તેના તંત્રી ઇંદિરા શાહ સહતંત્રી ભગવાન શાહ અને સંપાદક ગુણવંત શાહ હતા. જે ફરી થોડાં વર્ષો સુધી નિયમિત પ્રગટ થઈને બંધ રહ્યું.

●●●

# પ્રકરણ ૮ ગુરુદેવનું સમાજજીવનમાં યોગદાન


| | | પૃષ્ઠ |
|---|---|---|
| (૧) | શ્રી બુધ્ધિસાગરજીના ગદ્યની સમીક્ષા | ૪૫૨ |
| (૨) | યુગદર્શી આચાર્યશ્રીનો યુગ સંદેશ | ૪૬૩ |
| (૩) | ગુરુદેવની જ્ઞાનપ્રાપ્તિની ઝંખના અને તેમની રોજનીશી | ૪૬૮ |
| (૪) | સ્મારક ગ્રંથ અને શ્રદ્ધાંજલિ | ૪૭૦ |
| (૫) | વિશિષ્ટ અનુભૂતિ | ૪૭૫ |
| (૬) | જૈન સાહિત્ય પરિષદો | ૪૭૭ |
| (૭) | ગુરુદેવ અને અન્ય મહાનુભાવોની મુલાકાતો | ૪૭૮ |
| (૮) | ગુરુદેવ આપેલ દિક્ષાઓ | ૪૮૦ |
| (૯) | મંદિર પ્રતિષ્ઠા, પાઠશાળા પ્રારંભ અને જીર્ણોધ્ધાર | ૪૮૦ |


## (૧) બુદ્ધિસાગરજીના ગદ્યની સમીક્ષા

વિશ્વની દરેક સંસ્કૃતિના ઘડતરમાં સાહિત્ય અને ધર્મનો સવિશેષ ફાળો હોય છે. ભારતની સંસ્કૃતિમાં જૈન ધર્મ, હિંદુ ધર્મ અને બૌદ્ધ ધર્મએ પોતાનો અમૂલ્ય ફાળો તેના સિદ્ધાંતો અને મહાન આચાર્યો દ્વારા આપ્યો છે. જૈન ધર્મના અનેક ધર્મધુરંધર મહાનુભાવોએ પોતાની કલમ દ્વારા વિવિધ ભાષાઓમાં ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, વ્યાકરણ, વર્ણનકાવ્યો, ચરિત્ર કાવ્યો વગેરે અઢળક વિષયોમાં બહુમૂલ્ય રચનાઓની વિશ્વને ભેટ કરી છે.

શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ ભારતની સંસ્કૃતિને ઓળખી, દરેક ધર્મગ્રંથોનો અભ્યાસ કર્યો અને જગતને બહુમૂલ્ય ગ્રંથોની ભેંટ કરી. તેમનું સંપૂર્ણ જીવન આધ્યાત્મિક રંગથી રંગાયેલું અને યોગબળથી પોષાયેલું હતું. તેમણે જીવનમાં અનેક સિદ્ધિઓ મેળવી તથા તેવી સિદ્ધિઓ વિશ્વ જન પણ મેળવે એવી ઉચ્ચ ભાવના અને હેતુ લક્ષમાં રાખીને સાહિત્ય સર્જન કર્યું. તેમના જીવનમાં આડંબર, અભિમાન કે દંભને લેશમાત્ર પણ સ્થાન હતું. જેવા એમના ઉમદા વિચાર હતો તેવું જ ઉમદા એમનું વર્તન હતું તેથી જ તેમના સાહિત્યને આટલા બહોળા પ્રમાણમાં લોકચાહના મળી.

બહુમુખી પ્રતિભા ધરાવતાં સાહિત્ય વિશારદ બુદ્ધિસાગરજીની ગદ્ય પ્રતિભાની સરખામણીમાં પદ્યપ્રતિભા શ્રેષ્ઠ, ભવ્ય અને કલાત્મક દીસે છે. તેમના પદ્યમાં ગદ્યના કરતાં કલાના અંશો વધુ છે પરંતુ એક ગદ્યલેખક તરીકે પણ તેમણે ઘણા વિષયોમાં મૌલિક સર્જન કર્યું છે. અન્ય સાધુ ભગવંત દ્વારા રચિત રચનાઓ પર પણ તેમને વિસ્તૃત વિવેચનાઓ કરી છે.

તેમના ગદ્યની કલાત્મકતા વિશે શ્રી જયભિખ્ખુ અને શ્રી પાદરાકર વર્ણવે છે :

"તેમની અદ્‌ભુત લેખિનીમાં અવિરત શબ્દસુધા ઝરાવવાનું જેવું સામર્થ્ય હતું તેવું કોઈ વિરલ લેખિનીમાં જ હોય છે. વિચારોની વિપુલતા, ભાવનાઓની સમૃદ્ધિ, લાગણીઓનો તરવરાટ, અંતરાત્માના ઊંડાણના ઘૂઘવાટ, ભાષા અને શબ્દનો આધાર લઈ બહાર પડતાં સાહિત્ય-સૃષ્ટિમાં અજબ ભાત પાડે છે."

એક ગદ્યકાર તરીકે તેમનો મુખ્ય ગુણ સરળતા છે. તેમને સંસ્કૃત અને પ્રાકૃત ભાષા પર ખૂબ પ્રભુત્વ હોવા છતાં લોકોને બોધ આપવા માટે તેમણે ગુજરાતી ભાષામાં સરળ શૈલીમાં સાહિત્ય રચના કરી જેથી વાચક તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મજ્ઞાન જેવા ગહન વિષયને સહેલાઈથી સમજી શકે. તેમણે તેમની રચનાઓમાં ભારેખમ આલંકારિક વાક્યપ્રયોગને સ્થાને સાદા ઘરગથ્થુ શબ્દોનો ઉપયોગ કર્યો જેથી સાધારણ જનસમુદાયને તે સમજવામાં સુગમતા રહે. એમનું લેખન સરળ હોવા છતાં વ્યવસ્થિત અને પરિપક્વ છે.

'યોગદીપક' ગ્રંથમાં લેખક તત્ત્વજ્ઞાન જેવા અઘરા વિષયને સરળ ભાષામાં સમજાવે છે. એમાં પ્રાણાયામ, ધ્યાન, નાડી, ષડ્‌ચક્ર વગેરે અનેક યોગના વિષયોની છણાવટ કરી છે. તેઓ આત્મા, પરમાત્મા જેવો ઉચ્ચ કેવી રીતે બની શકે તે સરળ વાક્યોમાં 'યોગદીપક' ગ્રંથમાં સમજાવતાં લખે છે :

"આત્મા, કર્મના યોગે શરીરરૂપ પિંડમાં રહ્યો છે. શરીરના પાંચ ભેદ છે : ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ. આ પાંચ પ્રકારના શરીરમાં રહેતા આત્માને જરામાત્ર પણ શાંતિ મળતી નથી, માટે શરીર પિંડમાં રહેલા પોતાના આત્માને નિર્મળ કરવા આત્મામાં જ લક્ષ્ય રાખી પર પુદ્‌ગલ વસ્તુઓ ઉપર થતા રાગ અને દ્વેષનો ક્ષય કરવો જોઈએ... આત્માને કર્મ લાગ્યા છે તેથી તે પરમાત્મા થઈ શકતો નથી. જો કર્મરૂપ કલંક દૂર થાય તો આત્મા-પરમાત્મા થઈ શકે."

તેમણે આત્મજ્ઞાન જેવા મુશ્કેલ વિષયનું ઘરગથ્થું સરળ શૈલીમાં રૂપાંતર કર્યું જેથી સાધારણ વ્યક્તિ પણ તેનું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરી શકે 'આત્મ શક્તિ પ્રકાશ' ગ્રંથમાં આત્મિક શક્તિ પ્રાપ્ત કરવાના સરળ ઉપાયો દર્શાવતા તેઓ લખે છે :

"આત્મજ્ઞાન સુખનું નિધાન છે એવું સાંભળી સાંભળીને અમારા કાન બહેર મારી ગયા છે. સઘળા મહાત્માઓ કહે છે કે - આત્મજ્ઞાન 'પ્રાપ્ત કરો', 'પ્રાપ્ત કરો'... અમારા જેવાએ શી રીતે લેવું તેનો કોઈ પણ ખરો ઉપાય બતાવે છે ?

ઉપાયમાં કહેવું પડશે કે મનની શાંત અક્રિય અવસ્થા કરવી. અક્રિય થાઓ. તમો પોતે જ પરમાત્મા છો એમ સ્વાનુભવથી જાણશો. પ્રાતઃકાળે નિત્ય તમે ઊઠતા હો તે કરતાં પણ અર્ધો કલાક વહેલા ઊઠો પછી આત્મસ્વરૂપનું સંશોધન કરવાના નિશ્ચયથી એકાંત સ્થાનમાં પ્રવેશો. નેત્રની દૃષ્ટિને બે ભ્રૂની મધ્યમાં સ્થાપજો."

તેમની સરળ શૈલીનો ઉત્તમ નમૂનો 'કર્મયોગ' ગ્રંથ છે. એમાં તેમની સ્વાભાવિક સરળતા દૃષ્ટિગોચર થાય છે. તેઓ લોકોને ઉપદેશ આપવા માટે સીધા ટૂંકા અર્થપૂર્ણ પ્રશ્નોત્તરયુક્ત હૃદયંગમ શૈલીનો ઉપયોગ કરે છે :

**"જે ભય પામે છે એ વિશ્વના પગ તળે કચરાય છે. જે ભય પામીને કર્મયોગથી ભ્રષ્ટ થાય છે, તે અજ્ઞાત કૂપમાં ઊતરે છે. ભય પામનારને જીવવાનો અધિકાર નથી. કોનાથી ભય પામવાનો છે ? શું ઈશ્વરથી ભય પામવો જોઈએ ? ઈશ્વર કદી ભય કરનાર નથી, તે કોઈને દુઃખ આપનાર નથી. માટે ઈશ્વરથી ભય ન પામવો જોઈએ. ઈશ્વર પરમાત્મા, અનંત, આનંદરૂપ છે. તેનાથી કોઈને ભય થયો નથી અને થનાર નથી. યમથી ભય પામવો જોઈએ ? ના તે કદાપિ આત્માનો નાશ કરી શકે તેમ નથી."**

લેખકે તેમના લંબાણવાળા લેખોમાં ઘણી જગ્યાએ સંસ્કૃત શ્લોકોનો ઉપયોગ કરીને લખાણની અસર વધુ તીવ્ર બનાવી છે. તેમનું કથન અસરકારક અને પુરાવા સહિતનું દર્શાવવા માટે તેમણે જૈન અને અન્ય ધર્મનાં અવતરણો આપ્યાં છે.

દા.ત., નેપાળમાં હિમાલય પર્વત પર પૂર્વે જિનમંદિરો હતાં તે તેમના ગ્રંથ જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિમાં સંસ્કૃત શ્લોક દ્વારા દર્શાવ્યું છે :

**"चित्रे शैलेविचित्रे यमक गिरिवरे चक्रवाले हिमाद्रौ ।**
**श्रीमत्तीर्थंकराणां प्रति दिवसमहं तत्र चैत्यानि वन्दे ॥२॥"**

તેઓ નેપાળમાં પૂર્વે સ્થિત પાર્શ્વનાથનાં જૈન મંદિરોનાં નામ દર્શાવવા વિવિધ તીર્થ કલ્પનું સંસ્કૃતવાક્ય આ જ પુસ્તકમાં આપે છે :

**"हिमालये छायापार्श्वो मन्त्राधिराजः श्री स्फुर्लिंगः"**

'इशावास्योपनिषद भावार्थ' ગ્રંથના આત્માવિષય આઠમા શ્લોકનું વિવેચન કરતાં તેઓ ઉપાધ્યાય યશોવિજયજી દ્વારા રચિત 'જ્ઞાનાસાર'માંથી શ્લોકો આપી ભાવાર્થ સમજાવે છે :

**"व्यापारः सर्व सास्त्राणां, दिक्प्रदर्शनमेवहि ॥**
**पारं तुं प्रापपत्येकानुभवो भववारिथेः ॥२॥**
**अतीन्द्रिय परंब्रह्म, विशुद्धानुभवंविना ॥**
**शास्त्रयुवितशतेनापि न गम्यं यद्बुधाजगुः ॥३॥"**

આ પ્રમાણે શાસ્ત્રો દિશા દેખાડનારા છે. મુક્તિ તો અનુભવથી જ મળે છે. શાસ્ત્રોના વાચન શ્રવણ માત્રથી સંસાર સમુદ્ર પાર પામી શકાય નહિ તે તો અનુભવ જ્ઞાનથી સંસાર પાર પામી શકાય છે. એમ ઉપરોક્ત શ્લોકનો ભાવાર્થ છે.

તેઓ મનની શાંતિથી આત્માની ઉન્નત સ્થિતિનું વર્ણન દર્શાવવા 'આત્મશક્તિ પ્રકાશ'માં નીચેનો શ્લોક આપે છે.

**"शान्ते मनसि ज्योतिः प्रकाशते शांतमात्मनः सहजम् ।**
**मस्मीभवत्यविद्या, मोहध्वांत क्लियमेति ॥१॥"**

જેનો ભાવાર્થ આ પ્રમાણે છે : "મન શાંત થતાં આત્માની અનંત આનંદ સુખદાયક જ્યોતિ પ્રકાશે છે, અવિદ્યા ભસ્મીભૂત છે મોહ નાશ પામે છે અને અંતરમાં જ્ઞાનરૂપ સૂર્ય ઝળહળે છે."

'કન્યા વિક્રય દોષ નિષેધ' ગ્રંથમાં વિનાશકાળે વિપરીત બુદ્ધિ દર્શાવવા માટે તેઓ નીચેનો શ્લોક આપે છે :

**असंभवं हेम मृगस्यजन्म, तथापि रामो भुभुमे मृगाय ।**
**प्रायः समापन्नविपत्तिकाले, धियोपि पुंसांमलिनी भवन्ति ॥१॥**

'આત્મપ્રકાશ' ગ્રંથમાં લેખક આત્માના અજ્ઞાનથી જીવ બાહ્ય પુદ્ગલ પદાર્થ શરીર, મન, વાણી, લેશ્યા વગેરેમાં મમત્વ ધારણ કરી કર્મ બંધનથી દુઃખી થાય છે તે દર્શાવવા નીચેનો શ્લોક દર્શાવે છે :

**"आत्माज्ञानं हि विदुषामात्मज्ञानने न हन्यते ।**
**तपसाप्यात्मविज्ञान हीनैस्ततु न शक्यते ॥१॥"**

તેમનાં તાત્ત્વિક લખાણોને રસમય અને સરળ રીતે સમજાવવા માટે તેમણે આનંદઘનજી, ચિદાનંદજી, ઉપાધ્યાય યશોવિજયજી, હેમચંદ્રાચાર્ય વગેરે સાધુભગવંતોનાં પદો નિરૂપેલાં છે. એમાં તેમણે ઉપમા, રૂપક જેવા અલંકારો, રૂપક કથા અને સંવાદોનો આધાર પણ લીધો છે જેથી કઠિન વિષય, વધુ રસમય અને સમજવામાં સુગમ પડે.

તેઓ 'આત્મપ્રકાશ' ગ્રંથમાં યોગની રીતથી આત્મા, આત્માનંદ પ્રાપ્ત કરે છે તે દર્શાવવા શ્રી ચિદાનંદ મહારાજનું પદ આપ્યું છે :

**થીર કરી પંચનિજ વાયુ કું પ્રચાર કરે,**
**ભેદે ષટ્ચક્ર અવક્રગતિ પાઈકે,**
**પ્રાણાયામ જોગ સપ્ત ભેદ કો સ્વરૂપ લહી,**
**દેહિકો વિચાર ભાન દઢ અતિધાર જ્ઞાન...**

લેખક બુદ્ધિસાગરજીએ સંસ્કૃત ભાષાની જેમ કોઈ કોઈ ગ્રંથમાં માગધી ભાષાનો ઉપયોગ પણ કર્યો છે. 'શ્રાવક ધર્મ સ્વરૂપ' ગ્રંથમાં શ્રાવકોના સત્ય ધર્મનું આલેખન કરતાં માગધી ભાષાના શ્લોકો રચીને તેનું વિસ્તારથી વિવેચન કર્યું છે.

તેઓ શ્રાવકના દશમા ગુણનું વિવેચન કરતાં નિરૂપે છે :

**"मूल धम्मस्स दया, तयणुगयं सव्वमेय गुणठ्ठाणम् ॥**
**सिद्धं जिणिंद समये, मग्गिज्जद तेणिह दवालु ॥१०॥"**

"ધર્મનું મૂળ દયા છે અને દયાને અનુકૂળ જ સઘળું અનુષ્ઠાન જૈન શાસ્ત્રોમાં કહ્યું છે."

આ પ્રમાણે તેઓ શ્રાવકના એકવીસ ગુણો માટે માગધી ભાષાના એકવીસ શ્લોકો આલેખે છે અને અંતિમ શ્લોકમાં પોતાનું નામ દર્શાવે છે :

**"श्राद्धधर्मस्वरूपे, सद्‌गुणा वर्णिता मया,**
**श्राध्धानामुप कारार्थ बुद्धब्धि मुनिना मुद्रा ॥१॥"**

લેખકની ગદ્યરચનાઓમાં લાઘવનો ગુણ પણ ઊડીને આંખે વળગે છે. 'જૈનોપનિષદ્' અને 'શિષ્યોપનિષદ્' ગ્રંથમાં તેઓ ઓછા શબ્દો દ્વારા સંસ્કૃતમાં વાક્યોની ગૂંથણી કરી તેનું વિવેચન કર્યું છે.

જેમ કે,

" '**जिनाज्ञा पालकाः ।**' 'જિનેશ્વરની આજ્ઞા પાળો.'

'**देवगुरु सेवा रसिकाः ।**' 'દેવગુરુની સેવા કરો.'

'**उदार विचार धारकाः ।**' 'ઉદાર વિચારને ધારણ કરો.' "

લેખકનું પુસ્તક 'ગુણાનુરાગ કુલક'ની પૃષ્ઠ સંખ્યા ફક્ત વીશ છે. તેમાં ગદ્યમાં વાચકને તેમની અતિસૂક્ષ્મ નિરીક્ષણશક્તિનો પરિચય થાય છે. 'ગુજરાત વિજાપુર - બૃહત્ વૃત્તાંત' અને 'જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ' ગ્રંથોમાં તેમનો આ ગુણ નજરે પડે છે. સંઘપુર ગામના જિનમંદિરોની ભીંતોમાં જડેલા શિલાલેખો મુસ્લિમ રાજ્યકાળ દરમિયાન વિજાપુરથી ત્યાં ખસેડવામાં આવ્યા હતા. વગેરે અનેક બાબતો પર તેમણે આ ગ્રંથોમાં પ્રકાશ પાડ્યો છે. તેમની પ્રબળ અવલોકનશક્તિ અને પ્રખર અભ્યાસનું ઉત્કૃષ્ટ ઉદાહરણ તેમના પ્રસ્તુત ગ્રંથો છે.

'ગુજરાત વિજાપુર બૃહત્ વૃત્તાંત' ગ્રંથમાં તેમની વસ્તુ નિરીક્ષણ કરવાની અદ્‌ભુત શક્તિનાં દર્શન નીચેના ફકરા પરથી થાય છે :

"વિજાપુરની પૂર્વ દિશાથી કંઈક અગ્નિખૂણા તરફ સાબરમતીના કાંઠા પર આવેલા જૂના સંઘપુર ગામમાં શ્રી ચંદ્રપ્રભુના દેરાસરની ભીંતમાં બબ્બે હાથ લાંબા તથા એકેક હાથ પહોળાં બે પાટિયા પર એક લેખ છે તે વાંચવા તરફ લક્ષ ગયું. સં. ૧૯૨૪ના રેલમાં તે તણાયું ત્યારે જૂનું સંઘપુર ભાંગ્યું અને નવું સંઘપુર વસ્યું. જૂના સંઘપુરના દેરાસરમાં જે લેખ છે તે પૂર્વે ઘાંટુના

દેરાસરમાં હતો. ઘાંટુમાં એ શિલાલેખ વિજાપુરથી ગયો હોય એમ કલ્પના થાય છે. ઘાંટુના દેરાસરનું ખંડિયેર હજી વિદ્યમાન છે. વિજાપુરના દેરાસરનો મુસલમાનોના વખતમાં ભંગ થયો. તે વખતે પ્રાયઃ તે શિલાલેખને ઘાંટુને સુરક્ષિત જાણી લઈ જવામાં આવ્યો હોય અને પશ્ચાત્ સં. ૧૮૧૫ લગભગમાં ઘાંટુનો ભંગ થયો ત્યારે તે જૂના સંઘપુરના દેરાસરમાં મૂકવામાં આવ્યો હોય એમ કેટલીક વૃદ્ધિ કિંવદંતિઓથી અનુમાન કરાય છે."

તેમણે પ્રસ્તુત ગ્રંથમાં વિજાપુરનાં મંદિરો, ઉપાશ્રયો, મસ્જિદો, ખેતરો ત્યાં રચિત રાસાઓની પ્રશસ્તિઓ અને ગુજરાતનું બ્રહ્માવર્ત આનર્ત, લાટ વગેરે નામ, દ્વારિકામાં કૃષ્ણ ભગવાનના વંશજોનાં નામ અને ભારતના દરેક મહાન વંશોની વંશાવલી વગેરેની પ્રચુર વિગતો આપીને વાચકને પોતાની કુશાગ્ર તીક્ષ્ણ બુદ્ધિનો પરિચય કરાવ્યો છે.

દા.ત., "દિલ્હીની ગાદી પર થયેલા મુસલમાન બાદશાહોની વંશાવલી.

| **બાદશાહોનાં નામ** | **કઈ સાલમાં ગાદીએ આવ્યો** | **મરણની સાલ** |
|---|---|---|
| મહમ્મદ ઘોરી | ૧૧૮૬ | ૧૨૦૬ |
| **ગુલામવંશ** | | |
| કુતુબુદ્દીન | ૧૨૦૬ | ૧૨૧૦ |
| અલ્તમસ | ૧૨૧૦ | ૧૨૩૬ |
| રઝિયા બેગમ | ૧૨૩૬ | ૧૨૩૯ |
| બે નાના બાદશાહો | ૧૨૩૯ | ૧૨૪૬ |
| નાઝીરુદ્દીન | ૧૨૪૬ | ૧૨૬૬ |
| બલબન | ૧૨૬૬ | ૧૨૮૭ |

લેખકે ગદ્યકાર તરીકે તેમના ગ્રંથોમાં પત્રશૈલીનો ઉપયોગ પણ કર્યો છે. 'તીર્થયાત્રાનું વિમાન' અને 'પત્ર સદુપદેશ' ગ્રંથોમાં તેમના લખેલા ઉપદેશાત્મક પત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પત્રોમાં તેમણેઅન્ય સાધુસંતો, શ્રાવકો, અમલદારોને ઉદ્દેશીને લખ્યા છે જેમાં તેમના પ્રત્યેનો પ્રેમ પ્રગટ થાય છે. એક ભક્તને ગુરુદેવે સંસ્કૃતમાં દીર્ઘકાવ્ય સંવત - ૧૯૭૨માં લખ્યું હતું જેમાં ૫૬ ગાથાઓ છે.

**"विश्वदेशस्थ लोकानां, प्रगत्यर्थ च शांतये ।**
**विश्वकाव्यं समाख्यातं बुद्धिसागर सुरिणाम ।।५६।।"**

ઉપરોક્ત પત્રશૈલીની કાવ્ય પંક્તિઓમાં તેમની વિશ્વજનનાં કલ્યાણની ભાવના નજરે પડે છે.

આચાર્યશ્રીએ એક પત્ર દાંપત્યજીવનમાં પદાર્પણ કરતાં ભક્ત યુગલને લખ્યો હતો જે ખૂબ જ બોધદાયક છે.

"સૂર્ય-ચંદ્ર સમા તમો ઉભય, સંસારરૂપી અવનિનું રક્ષણ કરી, સંસારને દીપાવી, સ્વ દૃષ્ટાંતને અન્ય સંસારને પ્રફુલ્લ કરશો. મન-વાણી અને કાયાના યોગ વડે પ્રભુના પવિત્ર માર્ગમાં આરોહીને સહચરીને સ્વજીવનના ઐક્ય પ્રભુદ્વારમાં પ્રવેશાવશો."

તેમના લખાણમાં તેમની અવર્ણનીય વર્ણનશક્તિનાં દર્શન વાચકને થાય છે. તેઓ જે વસ્તુનું વર્ણન કરે છે તે ખૂબ લંબાણવાળું હોય છે. તેઓ તે વસ્તુના દરેક પાસાને દરેક ખૂણાથી અવલોકીને તેના પર દૃષ્ટાંતો, દલીલો, વિવિધ પદોનાં અવતરણો, ટિપ્પણીઓ વગેરે આપીને એકદમ સરળ સ્વરૂપમાં વાચક સમક્ષ રજૂ કરે છે જેથી વાચકને તેનો અક્ષરસઃ ખ્યાલ આવી જાય. તેમનો વર્ણનશક્તિનો ગુણ લગભગ દરેક ગ્રંથમાં અવલોકવા મળે છે. 'આત્મશાંતિ' ગ્રંથમાં 'ધન એ દુઃખનું કારણ છે' વર્ણવતાં ધન મેળવવા માટે મનુષ્યના યત્નો, તેની જાળવણીની ચિંતા, તેને વધારવાની ચિંતા, ધનથી વૃદ્ધિ પામતાં આર્તધ્યાન, રૌદ્રધ્યાન વગેરે કષાયો તથા તેની ચિંતામાં રોગગ્રસ્ત થતો માનવીનો સંપૂર્ણ ચિતાર વર્ણવે છે. તે ઉપરાંત લક્ષ્મીની ચંચળતા, ભોગની ઇચ્છા વગેરે વર્ણવીને 'શાશ્વત સુખ આત્માનું છે' એ દર્શાવે છે. અહીં લેખકની અદ્‌ભુત વર્ણનશક્તિનાં દર્શન થાય છે. તેઓ લક્ષ્મી મેળવવાના અને જાળવવાના મનુષ્યના યત્નોનું વર્ણન કરતાં નિરૂપે છે :

"ધન મેળવવાની આશાએ જીવ અનેક પ્રકારનાં દુઃખ સહન કરે છે, કોઈ સમુદ્રમાં પેસે છે, કોઈ પર્વત પર ચઢે છે, કોઈ ગુલામગીરી કરે છે, કોઈ યાચના કરે છે, તો પણ તે ધન ભાગ્ય વિના મળી શકતું નથી અને કદાપિ મળ્યું તો તેને સાચવવાની ચિંતા રહે છે અને સુખે કરી ઊંઘ આવતી નથી. દશ રૂપિયા મળ્યા તો સો રૂપિયા મળવાની આશા રાખે, એમ ઉત્તરોત્તર આશા વધતી જાય છે. પણ સંતોષ થતો નથી અને સંતોષ વિના સુખ નથી, માટે તેવા બાહ્ય ધનને ધિક્કાર છે. જુઓ રાત્રીના વખતમાં મમ્મણ શેઠ બિચારો ધનપતિ છતાં પણ લાકડાં કાઢવા નદીમાં પડ્યો. ધવલશેઠે બાહ્યધનની અદેખાઈથી શ્રીપાળ રાજાને મારવાનો પ્રયત્ન કર્યો... ધનની વૃદ્ધિ થકી ધનમદ ઉત્પન્ન થાય છે અને હું મોટો છું મારા જેવો કોઈ નથી, એમ પાપના વિચારો વારંવાર થયા કરે છે. ધન થકી વેશ્યાગમન કરવાની મરજી થાય છે... માંદા પડેલા કરોડાધિપતિને અમૃત સરખું ભોજન પણ ભાવતું નથી... કોઈની સાથે લક્ષ્મી કદી ગઈ નથી અને જવાની પણ નથી."

એમની વર્ણનશક્તિ 'જૈન સૂત્રમાં મૂર્તિપૂજા' ગ્રંથમાં અદ્‌ભુત છે. મૂર્તિપૂજાની માન્યતાને સિદ્ધ કરવા માટે દાખલા, દલીલ, પુરાવાઓ વગેરે વર્ણવ્યા છે. એ માટે તેમણે મથુરાના કંકાલી ટીલામાંથી નીકળેલા શિલાલેખો ચક્રવર્તી રાજા ખારવેલનો હાથીગુંફાનો લેખ, અફઘાનિસ્તાનમાં ચોટીલા મકનના રણમાંથી નીકળેલી પાંચ હજાર વર્ષ પૂર્વેની પ્રતિમા, મહાનિશિથ સૂત્રના પાઠો, આલાવાઓના મૂળ પાઠ અને તેનું ભાષાંતર દ્વારા મૂર્તિપૂજાની પ્રાચીનતા વર્ણવી છે. તે ઉપરાંત તેમણે સ્થાનકવાસી સંપ્રદાય ત્યજીને મંદિરમાર્ગી થયેલા સાધુઓ આચાર્ય આત્મારામજી, અંજીતસાગરસૂરિ તથા વિનયવિજયજીનાં દૃષ્ટાંતો પણ આપ્યા છે.

પ્રસ્તુત ગ્રંથમાં મૂર્તિપૂજાની પ્રાચીનતા વર્ણવતા તેઓ લખે છે :

"ઐતિહાસિક દૃષ્ટિએ પણ જૈન પ્રતિમાઓની પ્રાચીનતા સિદ્ધ થાય છે, તક્ષશિલાનાં પ્રાચીન ખંડેરોને ખોદતાં તેમાંથી બબ્બે હજાર વર્ષ પહેલાંની બુદ્ધદેવની તથા તીર્થંકર ભગવાનની મૂર્તિઓ નીકળે છે. ગેબીના રણની પાસે ચોટલા મકનનું રણ છે તેમાંથી પાંચ હજાર વર્ષ પૂર્વેની મૂર્તિ નીકળેલી છે... હાલ પણ તે દેશો તરફ ખોદકામનું કામ ચાલુ છે. તેથી પ્રાચીન મૂર્તિઓ નીકળવાનો સંભવ છે. મથુરા નગરીમાં એક ઊંચી ટેકરી હતી તેને વાઈસરૉય હેસ્ટિંગ્સે ખોદાવી હતી તેમાંથી જૈનોની પ્રાચીન મૂર્તિઓ નીકળી છે અને તેમાં બે હજાર બાવીસ વર્ષ પહેલાના શ્રાવક શ્રાવિકાઓએ તે મૂર્તિઓ બનાવી છે એવો લેખ છે અને તેમાં કલ્પસૂત્રની પાછળ આપેલી સ્થવિરાવલીમાં જે આચાર્યો છે તેમાંના કેટલાક આચાર્યોનાં નામ આવે છે... ખારવેલ રાજા જૈન હતો. તેણે મગધ દેશ ઉપર ચઢાઈ કરીને પ્રાચીન પ્રતિમા પાછી લાવ્યો... શ્રી પાર્શ્વનાથ ચરિત્રમાં, એક એવી વાત આવે છે કે એક વખત ભગવાન પાર્શ્વનાથ કુમારાવસ્થામાં બહાર ઘણે દૂર ફરવા ગયા ત્યાં જંગલમાં એક દેરું હતું તેમાં બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનની જાન ચીતરેલી હતી. એ ઉપરથી પ્રાચીન કાળમાં જૈન મૂર્તિઓ વિદ્યમાન હતી. એમ સિદ્ધ થાય છે."

તેમની અસાધારણ વર્ણનશક્તિ 'વિજાપુર બૃહત વૃત્તાંત' ગ્રંથમાં પણ સોળે કળાએ ઝળકે છે. આ ગ્રંથમાં લેખકે ત્યાં સ્થિત દશ મંદિરો બંધાવનારા શ્રાવકો વિશેની માહિતી, મંદિરના શિલાલેખોની માહિતી, તે વિશેના અન્ય ગ્રંથોનાં અવતરણો, ઉપાશ્રયો, અન્યધર્મી મંદિરો, મસ્જિદો, કબરો, મુસ્લિમ ભાઈઓની વિગતો વગેરે પ્રચૂર માહિતીઓના વર્ણનથી ગ્રંથ ભરપૂર છે.

તેમણે આ ગ્રંથમાં વિજાપુર શહેરમાં રચાયેલા ચંપકમાલા ચરિત્ર, ગજસિંધુકુમાર રાસ, ધર્મ પરીક્ષાનો રાસ અભયકુમાર ચરિત્ર વગેરે સર્વ રાસના રચયિતાના નામ અને તેની પ્રશસ્તિનું લંબાણપૂર્વક વર્ણન કરીને વિજાપુરના પુરાણા વૈભવને તાદૃશ કર્યો છે.

'આનંદઘનજી પદ ભાવાર્થ' ગ્રંથના વિવેચનમાં તેમની વર્ણનશક્તિ પણ સોળે કળાએ ખીલે છે. દરેક પદનો ભાવાર્થ સમજાવતાં તેઓ અલગ અલગ ધર્મપુસ્તકોનાં અવતરણો દર્શાવીને મનુષ્યની આત્મિક વિકાસ પ્રત્યે રુચિ વધે એવો પ્રયત્ન સેવ્યો છે. આ ગ્રંથનાં ૫૩મા પદની બીજી કડીનો ભાવાર્થ સમજાવવા માટે લેખક આઠ પૃષ્ઠો રોકે છે. તેમાં કર્મનો સિદ્ધાંત પ્રતિપાદિત કરતાં પુરાણ ગ્રંથના શ્લોકો, ગૌતમ બુદ્ધના કર્મ વિશેનાં કથનો, મહાવીર પ્રભુએ સહન કરેલાં ઉપસર્ગ પાછળનું નિમિત્ત કર્મ, દૃષ્ટાંત કથા વગેરેનું આલેખન કર્યું છે.

તેમણે ઘણા ગ્રંથોમાં પ્રશ્નોત્તરીની શૈલી અપનાવીને પોતાના વકતવ્યને વધુ અસરકારક બનાવવા પ્રયત્ન કર્યો છે. સાદા પ્રશ્નોના સરળ ઉત્તરો દ્વારા તેઓ વાચકના મનની શંકાઓનું નિવારણ કરે છે.

તેઓ જીવની મુક્તિ વિશેની પ્રશ્નોત્તરી દ્વારા વાચકની શંકાનું નિવારણ અધ્યાત્મ શાંતિ ગ્રંથમાં કરે છે :

"**પ્રશ્ન :** જીવનની મુક્તિ થયા પછી જીવ પાછો સંસારમાં આવતો હશે કે કેમ ?

**ઉત્તર :** જીવની મુક્તિ થયા પછી જીવ પોતે જ પરમાત્મ પદ પામે છે. કર્મનો નાશ થવાથી પરમાત્માઓ પાછા સંસારમાં આવતા નથી."

આ જ ગ્રંથમાં લેખક સંસાર ક્ષણિક છે અને તેમાં માતા-પિતા-પુત્ર-સ્ત્રીનાં બંધનો પણ ક્ષણભંગુર છે તે વધુ સચોટ રીતે દર્શાવવા પ્રશ્ન અને તેના ઉત્તરનો સહારો લે છે...

"**પ્રશ્ન :** જ્યારે સંસારમાં કોઈ કોઈનું નથી ત્યારે સર્વ મનુષ્યો સંસારનો કેમ ત્યાગ કરતા નથી અને કેમ સંસારમાં રહ્યા છે ?

**ઉત્તર :** હે મિત્ર ! સંસારમાં સર્વ માણસો મોહરૂપી મંદિરાને આધીન થયા છતાં હું કોણ છું ? ક્યાંથી આવ્યો અને ક્યાં જઈશ ? તત્ત્વ શું છે ? એવું જાણી શકતા નથી તેથી અસ્થિર ધન, ઘર, કુટુંબ, પુત્ર ઉપર મોહ કરે છે. અને જે જીવોને પુણ્યયોગે સદ્‌ગુરુ સમાગમ થાય છે તે સંસારનું સ્વરૂપ સમજે છે અને આત્માના ગુણ પ્રકટ કરવા પ્રયત્ન કરે છે અને પાપસ્થાનકનો ત્યાગ કરે છે. સર્વ જીવને એકસરખા કર્મ નથી તેથી એકસરખી બુદ્ધિ ઉત્પન્ન થતી નથી અને જ્યારે એકસરખું કર્મ નહિ ત્યારે એકસરખો વિચાર પણ થાય નહિ તો પશ્ચાત્ સર્વ જીવ સંસારનો ત્યાગ કરી શકે નહિ તે વાત સિદ્ધ થાય છે."

બુદ્ધિસાગરજીએ એક લેખક તરીકે વાચકોને બોધદાયક પુસ્તકોનો મોટો ફાળો આપ્યો છે. તેઓ 'કન્યાવિક્રય દોષ' ગ્રંથમાં દૃષ્ટાંત અને સંવાદો દ્વારા સમાજમાં પ્રસરેલી કુરીતિને હઠાવી છે.

"**કન્યા વિક્રયી :** શું આપણાં શાસ્ત્રોમાં કન્યા વેચવી નહિ એવી શાસ્ત્રકર્તાઓએ મનાઈ કરી છે...ને કરી હોય તો ગ્રંથાધાર બતાવો."

**ધર્મસાધક :** ઓ મારા વહાલા ભ્રાતા ! શાસ્ત્રોમાં કોઈ પણ ઠેકાણે કન્યાને વેચવી એમ પણ લખ્યું નથી. ભરત રાજા, સગર ચક્રવર્તી, રામ, પાંડવો, શ્રી મહાવીર સ્વામિના ભક્તો વગેરે કોઈએ પણ પોતાની કન્યાને રૂપૈયા લઈ બીજાને વેચી નથી... સ્વોદર પોષણ કરવા અસમર્થ, નિ:પુરુષાર્થી અનુદ્યોગી પુરુષોએ તે પ્રચાર જારી કીધો છે... એ અકથનીય પાપનું પગલું છે. તેમાં કોઈ દિન કલ્યાણ થતું જ નથી. માટે સર્વથા નિર્વિક્રયી કન્યાદાન દેવું એ જૈન ધર્મની ઉન્નતિનું પ્રથમ દ્વાર છે."

લેખકે પ્રશ્નોત્તરની શૈલી દ્વારા જૈન ધર્મના સિદ્ધાંતો બાળકોને સરળતાથી 'તત્ત્વજ્ઞાન દીપિકા' ગ્રંથમાં સમજાવ્યા છે :

**પ્રશ્ન :** "જિન એટલે શું ?

**ઉત્તર :** જેણે અષ્ટાદશ દોષોનો ક્ષય કર્યો છે તે જિન કહેવાય છે.

**પ્રશ્ન :** જૈન ધર્મ ખરો ધર્મ છે તો એને પાળનારા લોકોની સંખ્યા વધવાને બદલે ઘટી શાથી ગઈ ?

**ઉત્તર :** સુવર્ણ કરતાં લોખંડ અને પથ્થર ઘણા પ્રમાણમાં હોય છે તેથી સુવર્ણનું મહત્ત્વ ઘટતું નથી. જૈન દર્શનના સિદ્ધાંતો 'ષડ્દ્રવ્ય' જેવા અઘરાં સ્વરૂપોને સમજાવવા માટે પણ તેમને પ્રશ્ન અને ઉત્તરની રીત અપનાવી છે. તેઓ ધર્માસ્તિકાય વધુ વિગતથી સમજાવવા પ્રશ્નોત્તર નીચે પ્રમાણે 'ષડ્દ્રવ્ય વિચાર' ગ્રંથમાં આપે છે :

**પ્રશ્ન :** લોકાંતિસિદ્ધ ક્ષેત્રમાં ધર્માસ્તિકાય છે. તે સિદ્ધના જીવોને ચલાવવામાં સહાયક્રિયા કેમ કરતું નથી ?

**ઉત્તર :** સિદ્ધના જીવો સક્રિય છે, માટે ચાલતા નથી. પણ તે ક્ષેત્રમાં સૂક્ષ્મ નિગોદના જીવ તથા પુદ્ગલ છે. તેને ધર્માસ્તિકાય ચલન સહાય આપે છે. પણ સિદ્ધના જીવો અક્રિય છે, તેથી તેમને ચલણ સહાય આપતો નથી. પુદ્ગલ સક્રિય છે, પણ પુદ્ગલ સંગ ત્યાગી જે સિદ્ધ થયાં છે તે તો અક્રિય છે, અને અક્રિય એવા સિદ્ધના જીવો ચાલી શકતા નથી. જે વસ્તુ સક્રિય હોય છે, ગતિ કરી શકે છે, તેને ધર્માસ્તિકાય ચાલવામાં સહાય આપે છે, પણ અક્રિય એવા સિદ્ધના જીવો ગતિ કરતા નથી, તેથી તેમને ચાલવામાં સહાય આપી શકતું નથી. સિદ્ધાત્માઓ અક્રિય છે માટે તેને ચલણ સહાય આપતો નથી."

તેમનું ગુજરાતી ભાષા પરનું પ્રભુત્વ અનન્ય હતું. તેઓ સંસ્કૃતમય આલંકારિક કઠિન ભાષાના અચ્છા જાણકાર હતા, પરંતુ તેમણે પોતાના લખાણમાં ભારેખમ શબ્દપ્રયોગ વાપરવાનું ટાળ્યું છે. એમના લખાણમાં ભાષા ક્લિષ્ટ નથી, સર્વત્ર સાદગી અને સરળતા ઝળકે છે. આધ્યાત્મિક અને તાત્ત્વિક લખાણોમાં તેમણે બને તેટલા કઠિન શબ્દપ્રયોગને ઓછો વાપર્યો છે. જેથી વાચક તેનો અર્થ સરળતાથી સમજી શકે.

જૈન દર્શનનું નિરૂપણ કરતાં તેમના ગ્રંથો 'ષડદ્રવ્ય વિચાર' અને 'તત્ત્વબિંદુ' વગેરેની સરળ શૈલીને કારણે વાચક વર્ગ તેનો ભાવાર્થ સહેલાઈથી ગ્રહણ કરી શકે છે. 'યોગદીપક' ગ્રંથમાં તેમણે પોતે રચેલા એકસો દશ સંસ્કૃત શ્લોકોનો ભાવાર્થ સમજાવવા લોકહિતાર્થે ક્લિષ્ટ ભાષાને બદલે સાદી સૌમ્ય ભાષામાં અષ્ટાંગ યોગનો ભાવાર્થ સમજાવ્યો છે જેથી વાચક યોગ જેવા ગહન વિષયનું જ્ઞાન સહેલાઈથી મેળવી શકે. 'ષડ્દ્રવ્યવિચાર' ગ્રંથમાં પણ તેઓ ષડ્દ્રવ્ય, સપ્તનય, ચાર ધ્યાન વગેરેનું સ્વરૂપ દર્શાવવા અઘરા શબ્દો કે ક્લિષ્ટ ભાષાને સ્થાને સાદા શબ્દો અને સરળ વાક્યો દ્વારા જ જૈન દર્શનનાં તત્ત્વોને સમજાવે છે. 'ષડ્દ્રવ્ય વિચાર'માં સપ્તનયમાં ઋજુ સુત્રનય સૌમ્ય રીતે સમજાવતાં નિરૂપે છે :

"જે અતીતકાલ અને અનાગત કાલની અપેક્ષા ન કરે, પણ વર્તમાન કાલમાં જે વસ્તુ જેવા ગુણે પરિણમે, વર્તે, તે વસ્તુને તેવા જ પરિણામે માને તેને ઋજુસત્રનય કહે છે."

**વિશાળ પ્રસ્તાવનાઓ :** લેખક બુદ્ધિસાગરજીએ ઘણા ગ્રંથોમાં ખૂબ **લાંબી પ્રસ્તાવનાઓ** લખી છે. ઘણી જગ્યાએ તેમણે પદનો ભાવાર્થ ખૂબ લંબાણપૂર્વક સમજાવ્યો છે : 'ઈશાવાશ્યોપનિષદ્ ભાવાર્થ' ગ્રંથ ૨૮૫ પૃષ્ઠોનો છે, પરંતુ તેની પ્રસ્તાવના ૪૮ પાનાની છે. એમાં સોળમાં શ્લોકનો ભાવાર્થ તેમણે ૩૨ પૃષ્ઠોમાં સ્વરચિત સંસ્કૃત શ્લોકોનો ઉપયોગ કરીને સમજાવ્યો છે. 'ભજનપદ સંગ્રહ ભાગ-૮' સાડા આઠસો પૃષ્ઠોનો છે અને તેની પ્રસ્તાવના લેખકે ૧૪૪ પાનાંની લખી છે. 'કર્મયોગ' ગ્રંથ ત્રણ ભાગમાં છે અને તેની પ્રસ્તાવના ૬૩ પૃષ્ઠોમાં છે. 'આનંદઘન પદ સંગ્રહ' ગ્રંથમાં લેખક ઉપોદ્ઘાત, અધ્યાત્મજ્ઞાનની આવશ્યક્તા, આનંદઘનજીનું જીવનચરિત્ર અને તેમની પ્રશંસા કરવી કવ્વાલી એમ સર્વ મળીને ૨૫૧ પૃષ્ઠોની પ્રસ્તાવના લખી છે. આમ તેમને **દળદાર ગ્રંથસર્જક** કહી શકાય.

તેમના તાત્ત્વિક, બોધદાયક લખાણો કોઈ વખત નીરસ અને લંબાણવાળાં જણાય છે તેને ધ્યાનમાં ન લેતાં સામાન્ય રીતે તેમનું લખાણ ઘણું ઉત્કૃષ્ટ કોટિનું, આત્મવિશ્વાસયુક્ત સંપૂર્ણ શુદ્ધ, પરિપક્વ, સુમધુર, અર્થગાંભીર્ય, ક્યાંક ક્યાંક હાસ્યરસની કથાઓ આલેખતું હૃદયના ઊંડાણમાંથી રેલાતું અનુભવાય છે. તેમની લેખિનીમાં લોકહૃદય સુધી પહોંચવાનું સામર્થ્ય હતું. તેમના ગ્રંથની ભાષા કલાકૌશલ્યથી ભરપૂર સાચા કર્મવીરની અલગારી ખુમારીવાળી હોવાથી લોકલાગણીને અસર કરી ગઈ. તેમના લખાણમાં કબીરજી, આનંદઘનજી, યશોવિજયજી, હેમચંદ્રચાર્ય વગેરે મહાપુરુષોનાં અવતરણો હોવાથી તેમનું લખાણ રસમય થવાની સાથે વાચકના મન પર ધારી અસર ઉપજાવવા શક્તિમાન થયું. જેથી તે સમયના ગાયકવાડ, રાઓળજી ઠાકોર વગેરે ખૂબ મુગ્ધ થયા અને સમાજ સુધારણામાં ક્રાંતિ આવી.

## (૨) યુગદર્શી આચાર્યશ્રીનો યુગસંદેશ

આચાર્યશ્રી યુગદ્રષ્ટા હતા. એમના જીવનનું મુખ્ય ધ્યેય ભારતના લોકોમાં પ્રવેશેલી આળસ અને અકર્મણ્યતા દૂર કરવાનું, દુઃખદર્દમાં સહાય કરવાનું તથા એને પોતાના કર્તવ્યનો બોધ કરાવવાનું હતું. ગુરુદેવે દુઃખી બેબસ જનતાને તેની પીડામાં સહાય કરવા બાવનવીરોમાંના ત્રીસમા વીર શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની મહુડી તીર્થમાં સ્થાપના કરી. ગુરુદેવના આ કાર્યને કારણે લોકો ધર્મપરિવર્તન કરતાં અટક્યા અને લોકોની આસ્થા પોતાના ધર્મમાં જ સ્થિર રહેવા લાગી. પોતાના ધ્યેયને સાકાર કરવા માટે તેમણે ૧૪૦ થી વધુ ગ્રંથો રચ્યા, જેને તેમણે ગ્રંથશિષ્યો તરીકે ઓળખાવ્યા. આ સર્વ કૃતિઓ ભવિષ્યની પ્રજા માટે અણમોલ સંદેશ છે.

આચાર્યશ્રીનું વિશિષ્ટ વ્યક્તિત્વ વિવિધલક્ષી હતું. તેઓ એક સિદ્ધહસ્ત લેખક, કવિ, ટીકાકાર, ઇતિહાસકાર, પુરાતત્ત્વવિદ્ અને સમાજસુધારક હતા. તેમના સાહિત્યમાં ગદ્ય અને પદ્યમાં દરેકે દરેક પ્રકારોનો સમાવેશ જોવા મળે છે. એમનું સાહિત્ય સેંકડો વર્ષો સુધી લોકોને ઉપદેશ આપવાની ક્ષમતા ધરાવે છે. ગુરુદેવનો કોઈ પણ ગ્રંથ હોય અથવા પત્ર કે ડાયરી હોય એમાં એક પ્રેરક બળ સદા દૃષ્ટિગોચર થાય છે અને તે, એમાં રહેલ બોધ. આ બોધ આપવાની તેમની કળા સરળ છે જેથી વીજળીની ત્વરાથી મનુષ્ય એને જીવનમાં ઉતારે છે. એમના ઉપદેશાત્મક ગ્રંથોની અસર એટલી તીવ્ર હતી કે ગુજરાત અને આસપાસના પ્રદેશોમાં કન્યાવિક્રય, બાળવિવાહ વગેરે બંધ થયા તથા શિક્ષણક્ષેત્રે નવી ક્રાંતિ આવી. ગુરુદેવની પ્રેરણાથી સયાજીરાવ ગાયકવાડે સ્ત્રીશિક્ષણ ફરજિયાત કર્યું, તેમના રાજ્યમાં ઘણે સ્થળે શાળા અને કૉલેજોની સ્થાપના થઈ.

ગુરુદેવના મતે મનુષ્યે જ્ઞાન પ્રાપ્ત કરવું જ જોઈએ. જ્ઞાની આત્મા સ્વ-પરનું કલ્યાણ કરે છે જ્યારે અજ્ઞાની જીવ દુઃખી થાય છે. તેઓ 'કક્કાવલી સુબોધ'માં મનુષ્યને જ્ઞાનપ્રાપ્તિનો બોધ આપે છે -

**'અજ્ઞાની રહેવું નહિ આતમ, સર્વ દુઃખ હેતુ અજ્ઞાન,**
**અજ્ઞાની પશુ સરખો જાણો, અજ્ઞાને ભવદુઃખની ખાણ.'**

આચાર્યશ્રીની ઇતિહાસ અને પુરાતત્ત્વના વિષયમાં ગહન રુચિ હતી એ તેમના ઘણા ગ્રંથોમાં જોવા મળે છે. આજના માનવીએ જો જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ જાણવો હોય તો ગુરુદેવના બે-ત્રણ નહીં પણ આઠ-દસ ગ્રંથોમાં વિગત છે. 'જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ' ગ્રંથમાં તેમણે જૈનોની ૪૦ કરોડની એક સમયની વસ્તી હતી તે ઘટીને થોડા લાખો પર પહોંચી એની ચર્ચા કરી છે. તેમણે મોઢ, ખડાયતા, શેટ્ટી, હેગડે, સરાક એક સમયે જૈન ધર્મી હતા તે તેમણે ભરાવેલ પ્રતિમાઓના આધારે દર્શાવ્યું છે. 'ભારત વિજાપુર બૃહત્ વૃત્તાંત'માં તેમણે ભારતના રાજવીઓની વંશાવલી. જૈન મંત્રીઓના કાર્ય, અકબર રાજાએ જૈન શ્રેષ્ઠીઓને આપેલાં ફરમાનો જેમાં રાજાએ તીર્થક્ષેત્રની આવક દર્શાવીને એને કરમુક્ત જાહેર કરી છે એવી માહિતી છે. આ સર્વ બીનાઓ ભવિષ્યની પ્રજાને માટે ગુરુદેવે આપેલ અણમોલ ખજાનો છે, documentation છે.

યોગનિષ્ઠ ગુરુદેવે યોગ, ધ્યાન અને સાધનાના બળે અસાધારણ સિદ્ધિ હાંસલ કરી હતી. તેવી સિદ્ધિ સામાન્યજન પણ મેળવી શકે માટે અધ્યાત્મજ્ઞાનપ્રાપ્તિના ઘણા ગ્રંથોનું સર્જન કર્યું. આ ગ્રંથોમાં શરીરમાં રહેલાં ચક્રોમાં કેવા પ્રકારે ધ્યાન કરવું તે દર્શાવ્યું છે. તેમણે જણાવ્યું કે યોગસાધના કલ્પવૃક્ષની જેમ ઇચ્છિત ફળ આપે છે.

કર્મયોગ ગ્રંથ ૨૭૩ શ્લોકનો સંસ્કૃતમાં રચ્યો અને પછી તેનું લોકહિતાર્થે વિશ્વના મહાપુરુષોના જીવનનાં ઉદાહરણો આપી આજના યુગમાં માનવીએ વ્યવસ્થિત યોજનાપૂર્વક કેવી રીતે કાર્ય કરવું તે સમજાવ્યું છે. યોગનિષ્ઠ આચાર્યશ્રીનું જીવન કર્મયોગી જેવું નિસ્પૃહી અને સતત પ્રયત્નશીલ હતું. જેવો તેમનો ઉપદેશ એવા જ ઉદ્યમી સરળ અને ગુણાનુરાગી ચારિત્રશીલ સંત મહાત્મા તેઓ હતા માટે તેમના બોધની લોકો પર ત્વરિત અસર થતી હતી. તેઓ સ્ત્રી કેળવણીના પ્રખર હિમાયતી હતા. તેમની માન્યતા મુજબ સ્ત્રી જ ધર્મ, કોમ અને સમાજનો વિકાસ સાધી શકે છે. જૈન સમાજની ઉન્નતિ માટે ગુરુદેવ શ્રીમતી એની બેસંટનું દૃષ્ટાંત આપી જણાવે છે કે તેમના જેવી કર્મયોગિનીઓની જૈન ધર્મમાં અત્યંત જરૂર છે. તેમના જેવી કર્મયોગિનીઓ જૈનોમાં તૈયાર નહીં થાય તો ધર્મની પ્રગતિ રૂંધાશે.

કર્મયોગ ગ્રંથ ઉપદેશોથી પરિપૂર્ણ છે. અહીં યુગદ્રષ્ટા આચાર્યશ્રી ભવિષ્યની પેઢીને સંદેશ આપે છે કે -

'આર્યાવર્તમાં આર્યોની ખરી મૂડી અધ્યાત્મશાસ્ત્રો છે માટે અન્ય દેશો અધ્યાત્મજ્ઞાન માટે ભારતને પોતાના ગુરુ માનશે. આ જ્ઞાન વડે જ તે અન્ય દેશ પર ઉપકાર કરી શકશે કારણ કે અહીંની ચપટી ધૂળમાં જે સાત્ત્વિક અણુઓ છે તે અન્ય ભૂમિમાં નથી.'

આ વિશ્વમાં જેણે નવું સાહસ કે શોધ કરવી છે અથવા વાણિજ્યમાં પ્રગતિ કરવી છે તેમને ગુરુદેવ ઉપદેશ આપે છે,

'આ વિશ્વશાળાનો જે શિષ્ય બનતો નથી તે કદી ગુરુ બની શકે નહીં. અહીં અનુભવીઓનેપોતાના ગુરુ બનાવી જ્ઞાન ગ્રહણ કરો તો જ તમે પ્રગતિ કરી શકો. આ વિશ્વશાળાના ગુપ્તજ્ઞાનનાં બારણાં ઠોકો, ગમે તેવા વજ્ર જેવા કઠણ હશે તોપણ મહેનત, ખંત, ઉત્સાહ અને બુદ્ધિથી ખૂલશે.'

અહીં ગુરુદેવ અનુભવીઓ પાસેથી શીખીને આગળ વધવાથી જ દરેક કાર્યમાં વિજય મળે છે એમ સમજાવે છે. જ્યારે મનુષ્ય લક્ષ પ્રાપ્તિ માટે વિકાસ આરંભે છે ત્યારે એનાથી સ્વાભાવિક રીતે નાનીમોટી ઘણી ક્ષતિઓ થાય છે. કોઈ વાર નાની ગેરસમજ પણ પીડાદાયી બને છે. વ્યાપારમાં નુકસાની થવા પણ સંભવ રહે છે. આવી દુઃસહ્ય પરિસ્થિતિમાં ગુરુદેવનો અણમોલ સંદેશ અસહાયજનોને નવજીવન બક્ષે છે. આચાર્યશ્રી કહે છે કે,

'આ વિશ્વશાળામાં જરા માત્ર પ્રમાદ વડે ચૂક (ભૂલ) કરવામાં આવે છે, તો તરત દુઃખની ઠોકર વાગ્યા વિના રહેતી નથી. બાવન ઠોકર વાગે ત્યારે બાવન વીર જેટલી શક્તિઓને પ્રાપ્ત કરી શકાય છે. આ વિશ્વમાં જે શોધશો તે મળી શકશે.'

જ્યારે મનુષ્ય મુશ્કેલીઓથી ઘેરાઈ જાય છે ત્યારે જરા પણ ભીતિ રાખ્યા વગર ઉન્નતિ કરવી ચાલુ જ રાખવી એવો બોધ ગુરુદેવ 'કક્કાવલી સુબોધ' ગ્રંથમાં આપે છે.

**'અરે ચૌદિશી ઉપસર્ગો નિહાળીને તું જરા ના બ્હીશ;**
**ધરીને આત્મની શ્રદ્ધા, મુસાફિર ચાલજે આગળ.'**

ગુરુ મહારાજના વિચારો સકારાત્મક હતા. તેઓ કદી પણ નકારાત્મક વલણ અપનાવતા નહીં. તેમનો ઉપદેશ સદૈવ પ્રેરણાદાયી જ રહેતો અને તેવું જ વલણ તેમના ભક્તો પણ રાખે એવો એમનો ખાસ આગ્રહ હતો. તેઓ આ પ્રકારનો ઉપદેશ તેમના આત્મશક્તિપ્રકાશ ગ્રંથમાં આપતાં કહે છે કે કોઈ પણ વ્યક્તિને તેનો આત્મવિશ્વાસ ઘટે એવાં વચનો કહેવાં નહિ. પ્રેરણાદાયી ઉત્સાહપ્રેરક શબ્દો સામી વ્યક્તિમાં આત્મશ્રદ્ધા પ્રગટાવે છે.

યુગદ્રષ્ટા યોગનિષ્ઠ આચાર્યશ્રીએ પોતાના જ્ઞાન, સાધના અને યોગની શક્તિથી ભવિષ્યની ઘટનાઓને નિહાળી. તેમની દીર્ઘદૃષ્ટિની સાથે જિનશાસનની ભક્તિ ભળી એમાંથી જે મંથન થયું એ આવનારી નવી પેઢીને તેમણે આપ્યું. જૈનશાસનની પ્રગતિ માટે તેમણે ગદ્ય અને પદ્યમાં સુંદર ઉપદેશાત્મક રચના કરી છે જે સેંકડો વર્ષ સુધી જૈનસંઘને બોધ આપવા સક્ષમ છે.

ગુરુદેવે 'સંઘ કર્તવ્ય ગ્રંથ' શીર્ષકથી ચોપાઈ કાવ્ય પ્રકારના એકસો આઠ દુહાઓમાં સંઘ આજ્ઞાનું મહત્ત્વ દર્શાવ્યું છે. સંઘ પ્રવૃત્તિમાં દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ પ્રમાણે જે જરૂરી ફેરફાર કરવો પડે તે પ્રભુઆજ્ઞા સમજીને શિરોધાર્ય કરવો જોઈએ. તેમ જણાવ્યું છે.

**'સંઘની સેવા તે નિજસેવા માની વર્તે તજે કુટેવ**
**સંઘ આજ્ઞા વહેવામાં મરે, સંઘ તે હું, માની સહુ કરે...' (૯૦)**
**સંઘનો નાશ તે મારો નાશ, જાણી સંઘના થાઓ દાસ**
**સંઘ છે સાગરવત્ ગંભીર, સેવી સ્વયં બનો મહાવીર. (૮૭)**
**કદી ન લેવી સંઘની હાય, સંઘનો શત્રુ દુર્ગતિ જાય,**
**ત્યાગી સંઘની શુભ આશિષ, મળતાં ચડતી વિશ્વાવીશ. (૮૬)**

આવી સુંદર બોધાત્મક ચોપાઈ ચતુર્વિધ સંઘને માટે તેમણે રચી છે. ગુરુદેવે ગદ્યમાં જે સૂચનો કર્યા છે તેને 'શ્રી સંઘ પ્રગતિ મહામંત્ર'માં ગ્રંથિત કર્યા. આ સર્વ સૂચનો સર્વકાળે સમુપયોગી જેવાં છે. પ્રસ્તુત ગ્રંથ થકી ગુરુદેવ જૈનોના બધા ફીરકાઓને એકત્ર થઈ 'જૈન મહાસંઘ' સ્થાપવા માટેનું સૂચન કરે છે. અહીં સર્વ શ્રાવકો અને સાધુઓએ સામાન્ય વિચારભેદ ભૂલી જઈ એકબીજાનું ખંડન ન કરવું એમ જણાવે છે. ગુરુદેવ પારસી કોમની જેમ જૈન શ્રાવકોને શિક્ષણ માટે સ્કોલરશિપ આપવાનું ફરમાવે છે અને તે માટે તેઓ ફંડ ભેગું કરીને વ્યવસ્થાપૂર્વક યોજનાબદ્ધ રીતે કાર્ય હાથમાં લે. ઉપરાંત જૈન કૉલેજોની સ્થાપના કરવી, વ્યાપાર-વાણિજ્યની ઉન્નતિ માટે સંમેલનો, મહાસંઘનાં આયોજનો, કુરિવાજોના ત્યાગ અને જૈનોની સંખ્યા વધે તેવા ઉપાયો લેવા આહ્વાન કરે છે.

ગુરુદેવના પ્રગતિશીલ વિચારોમાંનો એક મુખ્ય વિચાર તે તેમણે આજથી સો વર્ષ પહેલાં કરેલી આપણા દેવદ્રવ્યના ખાતાની વિચારણા. તેમણે જણાવ્યું કે દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ દ્રવ્યનાં ખાતાંઓને અમુક નિયમોને આધીન રાખી જોડવાં અને એક મહાસત્તા નીચે રાખી સુધારવાં. ગરીબ શ્રાવકોને ગુપ્ત રીતે ઉદ્યમ અને વ્યાપાર શીખવવો જેથી તેઓ પોતાના પગ પર ઊભા રહેતાં શીખે. સાધુ સાધ્વીઓને સર્વ ધર્મનો ઇતિહાસ પાઠશાળામાં ભણાવવો જેથી તેમનું દૃષ્ટિબિંદુ વિશાળ બને. સાધુઓ અને સાધ્વીઓએ આજના શિક્ષિત શ્રાવકોને તેમની શંકાઓનું સમાધાન થાય તેવો ઉપદેશ આપવો. ગુરુદેવનો 'શ્રીસંઘ પ્રગતિ મહામંત્ર' સાચા અર્થમાં જૈન સંઘના ચારે ઘટકો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકોને મજબૂત કરનાર મંત્ર છે. જો જૈન સંઘને ધાર્મિક, સામાજિક, આર્થિક સાંસ્કૃતિક દૃષ્ટિએ સમૃદ્ધ કરવો હોય તો એનો મંત્ર આ ગ્રંથમાં આપ્યો છે. ગુરુદેવે તેમનું આ અદ્ભૂત સૃજન સમગ્ર ભારતદેશમાં સતત જાગ્રત પ્રયત્નશીલ, જ્ઞાની, ઉદ્યમી, ભક્તિ અને કર્તવ્ય પરાયણ ચુનંદા ચાર વિદ્વાનોને સાદર સમર્પણ કર્યો. એ મહાનુભાવો છે :

(૧) પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ (૨) શ્રીમાન ગુલાબચંદજી ઢઢ્ઢા (૩) શ્રીમાન કાંતિલાલ ઈશ્વરલાલ જે. પી. (૪) શ્રીમાન અમૃતલાલ કાલીદાસ દોશી.

યુગદ્રષ્ટાઓ જે સમાજ માટે કરે છે. એનાથી જ સમાજ નવપલ્લવિત થાય છે. તેઓ આ ગ્રંથમાં તેમની પૈની નજરથી જે નિરીક્ષણ કરેલ છે એમાંથી જણાવે છે ખ્રિસ્તીઓ, નવા ખ્રિસ્તીઓ બનાવે છે અને તેમને વ્યાપાર ઉદ્યોગ શીખવે છે માટે હિંદુઓને ધર્મપરિવર્તન કરતાં રોકવા હોય તો આપણે તેમને અહીં જ બધી સગવડો આપો.

સમાજસુધારક શાસ્ત્રવિશારદ બુદ્ધિસાગરજી મહારાજનો પત્રરૂપી એક ગ્રંથ જેનું શીર્ષક છે 'તીર્થયાત્રાનું વિમાન' જૈનીઓ માટે ઉપદેશથી ભરપૂર છે. તીર્થયાત્રા કરનાર શ્રાવકોએ કેવા આચાર-વિચાર ધારણ કરવા જેથી તેમની યાત્રા ઊર્ધ્વગતિ તરફ પ્રયાણ કરે તે માટે ગુરુદેવ આ ગ્રંથનું નામ 'તીર્થયાત્રાનું વિમાન' રાખ્યું. અહીં તેમણે યાત્રાળુઓએ ધારણ કરવાના ગુણો - દયા, સત્ય, અચૌર્ય, પરોપકાર, ભ્રાતૃભાવ, શ્રદ્ધા, ઉપદેશ શ્રવણ ઉપરાંત સાધર્મિક ભક્તિ અને જૈન ગુરુકુળોની સ્થાપનાના ગુણો દર્શાવ્યા છે.

સાધર્મિક ભક્તિ વિશેના આચાર્યશ્રીના વિચારો તેમની જિનશાસનની પ્રભાવનાના દ્યોતક છે. તેઓ પત્ર દ્વારા તેમના ભક્તોને લખે છે કે -

'એક દિવસ સકળ સંઘને ભોજન કરાવી નવકારશી કરાવવામાં આવે છે એ ખરેખર શાસ્ત્રાધારે સાધર્મિક વાત્સલ્ય કહેવાતું નથી. નવકારશીના નામે વ્યય થતી ધનરાશિ જો ધાર્મિક કેળવણી આપવામાં ખર્ચાય તો જેઓ નામ માત્રથી જૈન છે તે સાચા અર્થમાં જૈનબને.'

ગુરુકુળોની સ્થાપના એ તેમના જીવનનું ધ્યેય કહી શકાય કારણ કે તેનાથી થતા દીર્ઘકાલીન લાભોની તેમને જાણ હતી. તેઓ જણાવે છે કે, 'ગુરુકુળોમાંથી શિક્ષણ લઈને બહાર આવતા

શૂરવીર વિદ્યાર્થીઓ જ્યારે ધર્મકાર્ય કરશે ત્યારે તેમની વ્યવસ્થિત કાર્યપ્રણાલીને કારણે જૈન સમાજ ઉન્નતિના શિખરે પહોંચશે.'

જૈન શ્રાવકોને ગુરુ મહારાજની નમ્ર અપીલ તેમના જ શબ્દોમાં અત્રે રજૂ કરું છું. -

'જૈનો વરઘોડા અને નાતવરામાં લાખો રૂપિયાની ધૂળધાણી કરી નાંખે છે પરંતુ જૈન ધર્મની ઉન્નતિ માટે ચમડી તૂટે પણ દમડી ન છૂટે તેવી ગતિ આચરે છે. અહો ! જૈનોનું મન ક્યારે સુધરશે ! જેને જૈન ધર્મની ઉન્નતિ કરવાનો વિચાર નથી અને જે જૈન ધર્મના ઉદ્ધાર માટે આત્મભોગ આપવા તૈયાર નથી તે તીર્થંકરોની આરાધનામાં બરાબર સમજતો નથી. જેઓની નસેનસમાં જૈન ધર્મની ઉન્નતિ કરવા માટે શૂર વ્યાપતું નથી એવા જૈને જન્મીને કોઈનું કંઈ ઉકાળી શકતા નથી. જાગ્યા ત્યાંથી પ્રભાત માનો. ભૂલ્યા ત્યાંથી ફરી ગણો. તમારી શક્તિઓ પ્રાપ્ત કરવા જૈન ગુરુકુળની યોજનાને વધાવી લો.'

ગુરુદેવે આ ગ્રંથરચના તેમના વલસાડ-બિલિમોરા આદિ નગરજનો જ્યારે ૯૯ (નવાણું)ની યાત્રાએ શત્રુંજયમાં હતા ત્યારે તેમને ઉદ્દેશીને લખેલો પત્ર સ્વરૂપનો છે. ગુરુદેવની સ્થિરતા ત્યારે વલસાડ નગરે હતી. ત્યાં તેમણે જોયું કે વલસાડ-પારડી તથા આસપાસના પ્રદેશોમાં ખ્રિસ્તીઓ દરેક સ્થળે શિક્ષણસંસ્થાઓ શરૂ કરીને આત્મભોગ આપીને નવા ખ્રિસ્તીઓ બનાવે છે. નવા ખ્રિસ્તીઓને ઉદ્યોગો પણ શીખવીને ખ્રિસ્તી ધર્મની ઉન્નતિ કરે છે. જ્યારે હિંદુ અને જૈન કોમ સમાજસેવામાં ખૂબ પાછળ રહે છે. એક અન્ય બાબત ગુરુદેવે નોંધી છે કે તે સમયે અર્થાત્ આજથી સો વર્ષ પહેલાં એક અંગ્રેજ સ્ત્રીએ આઠ કરોડ રૂપિયાનું દાન મુંબઈની ખ્રિસ્તી સંસ્થાને નવા ખ્રિસ્તી બનાવવા માટે આપ્યું હતું. માટે જ ગુરુદેવ બુદ્ધિસાગરજીએ ગુરુકુળોની સ્થાપનાને વિશેષ મહત્ત્વ આપ્યું છે.

આચાર્યશ્રીએ આ ગ્રંથમાં ગુરુકુળો કેવાં હોવાં જોઈએ તેની રૂપરેખા પણ દર્શાવી છે કે - ત્યાં જૈન દેરાસર, સભામંડપ, લાઈબ્રેરી, હુન્નર - કલા - શિક્ષણના વર્ગો (સ્કૂલ કૉલેજ) અને ઉપહારગૃહ હોય. ત્યાંનું શૈક્ષણિક માપદંડ ખૂબ ઊંચું હોય તથા ત્યાં દરેક પ્રકારના વિષયો શીખવાતા હોય એ ઉત્તમ છે.

ગુરુદેવની કૃતિઓ હોય કે તેમનું પોતાનું જીવન તેમાં ખૂબ ઉપદેશ અને બોધ મળે છે. તેમનો પોતાના દેશ, ભાષા, ધર્મ, તથા પ્રાચીન ધરોહર પ્રત્યે ખૂબ માન હતું. તેમની ગદ્ય અને પદ્યમાં ઘણી સુંદર રચનાઓ છે. જેનાથી આપણને જીવન પ્રત્યેનો એક લગાવ પ્રાપ્ત થાય છે. જે ટૂંકમાં નીચે આપું છું :

'जिनाज्ञा पालकाः ।' જિનેશ્વરની આજ્ઞા પાળો.

'देवगुरु सेवा रसिकाः' દેવગુરુની સેવા કરો.

'उदार विचार धारका' - ઉદાર વિચારને ધારણ કરો - (શિષ્યોપનિષદ)

## (૩) ગુરુદેવની જ્ઞાન પ્રાપ્તિની ઝંખના અને રોજનીશી

- ગુરુદેવ નિત્ય નોંધપોથી અને નવા ગ્રંથોના આલેખન કરતાં જ રહેતા શ્રી મણિલાલ પાદરાકર તેમની રચના "શ્રીમદ્‌નું સાહિત્ય સર્જન"માં 'પ્રતિજ્ઞા પાલન' ગ્રંથના વિવેચનમાં જણાવે છે કે - **સવારે ૧૨ પેન્સીલો છોલાઈને તૈયાર થઈ જાય અને સાંજ સુધી તેના નાના ટુકડાઓ બાકી રહે. તેઓ ફાઉન્ટન પેન કો હોલ્ડર કે તૈયાર શાહી વાપરતા નહીં હતા.**
- કાશીના શાસ્ત્રી શ્યામસુંદરાચાર્ય પાસે, સ્યાદવાદ મંજરી, સ્યાદવાદ રત્નાકર અષ્ટ સહસ્ત્રી, પ્રમેય કમલ માર્તંડ, રાજ વાર્તિક, શ્લોક વાર્તિક વગેરે ગ્રંથોનું અધ્યયન કર્યું. મહેસાણામાં તેમણે હરિભદ્રસૂરિના ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યો જેમાં મુખ્યત્વે અષ્ટકજી, જિતકલ્પ, બાલાવબોધ, જ્ઞાનસાર, વગેરે હતા. **અહિં તેમણે આ.રાજેન્દ્રસૂરિ તથા શ્રી ધનવિજયજીના પુસ્તકો પણ વાંચ્યા.**
- તેમણે મહેસાણાની સાર્વજનિક લાયબ્રેરીમાંથી પુરાણ, ભાગવત, ગીતા, વેદાંત, શિક્ષાપત્રી, બ્રહ્માનંદ કાવ્યમાળા, સર્વદર્શનસાર વગેરે વાંચ્યા **એક દિવસમાં તેઓ લગભગ ૫૦૦ પાના વાંચતા.**
- વિ.સં. ૧૯૬૧માં શ્રી સદાનંદ સરસ્વતી પાસે બોરિયા ગામમાં (આજોલ અને લોદ્રાની વચ્ચે) યોગવિદ્યાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

ગુરુદેવ રોજનીશીમાં જણાવે છે કે, "સાધુઓને પૂર્વની પેઠે ભણાવવાની વ્યવસ્થા કરવામાં આવે તો સાધુઓનું જ્ઞાન વધે અને તેથી તેઓ ઉપદેશ દઈને લાખો-કરોડો મનુષ્યોનું કલ્યાણ કરી શકે...પ્રાચીન અને અર્વાચીન એ બે જમાનાના અભ્યાસનું યોગ્ય મિશ્રણ કરીને સાધુઓને અભ્યાસ કરાવવાની આવશ્યકતા છે. જમાનાને ઓળખવો જોઈએ અને હાલના જમાનાના લોકોને ઉપદેશ આપી શકાય એવી પ્રણાલિકાથી અધ્યયન કરવું જોઈએ. ભિન્ન ભિન્ન સંઘાડાના સાધુઓ કે જે અભ્યાસીઓ હોય તે એક ઠેકાણે ભણી શકે એવો સુધારો કરવો જોઈએ. સાધુઓ કોલેજના વિદ્યાર્થીઓની પેઠે ભેગા મળીને અભ્યાસ કરે તો પરસ્પર એકબીજાને **ઘણુ જાણવાનું મળી શકે. જમાનો વિદ્યુતવેગે દોડે છે, તેને સાધુઓ જવા દેશે તો જમાનાની પાછળ ઘસડાવું પડશે."**

ગુરુદેવે ગાંધીજી સાથેની મુલાકાત વિશે પણ તેમની રોજનીશીમાં નોંધેલું છે.- **"તેમનો અને અમારો અમદાવાદ સાબરમતી કાંઠે સમાગમ થયો હતો. તેમણે પગે લાગીને અમારું સ્વાગત કર્યું હતું. તેમની સાથે ચાર વર્ણની સિધ્ધિ સબંધી ચર્ચા ચાલી હતી.** અમારા વિચારો શ્રવણ કરતાં

**તેમણે અહિંસાત્મક રાષ્ટ્રિય ચળવળ ચલાવવી યોગ્ય ગણી હતી. તેમણે જૈનશાસ્ત્રોનો યુરોપમાં પ્રચાર થાય તો ત્યાંના લોકો પણ ધ્યામય બને એવા તેમના વિચારો વ્યક્ત કર્યા હતા. મેં તેમની ઈચ્છાને માન આપીને ભજન સંગ્રહ ભાગ ૧ થી ૭ ના સાતે ભાગ તેમને ભેંટ આપ્યા હતા. ગુરુદેવેને લાગ્યું કે તેમને જૈનધર્મનો સ્યાદ્‌વાદનો સિધ્ધાંત સર્વથા ગમે છે માટે તેનાથી તેઓ વિશ્વકલ્યાણ કરી શકશે."**

ગુરુદેવના "સર્વ મનુષ્ય પ્રત્યે સમભાવ"ના વિચારો પણ તેમની નોંધપોથીમાં જોવા મળે છે. જેમકે -

"જે રાજ્યમાં વિધ્વાનો, યોધ્ધાઓ, કારીગર, વેપારી, ખેડૂત અને કામદાર નોકરો એ ચારે વર્ણ મળીને રાજકીય વ્યવહાર ચલાવે છે તે રાજ્યની સદા ચડતી થયા કરે છે... હિંદુઓ અને મુસલમાનોની એકતા ટકવા માટે જ્ઞાન અને સંપની જરૂર છે. હિંદમાં જો સર્વ પ્રકારનું વ્યવસ્થાબળ એકઠું થાય તો તે સર્વ દેશોનું મિત્ર બની શકે."

- ગોંડલ સંપ્રદાયના માણેકચંદજી તપસી ગુરુદેવને મળવા આવ્યા. ગુરુદેવ પણ તેમના ઉપાશ્રયે જતાં બંને વચ્ચે પ્રેમ, વિશ્વાસ અને લોકસેવાના કાર્યોની ચર્ચાઓ થતી.
- જૈનોના ચાલીસ ઘરોએ વસઈમાં અન્ય ધર્મ અપનાવ્યો એ જાણી એમને દુઃખ થયું
- પાલઘરમાં પ્રતાપગઢના હુંબડ જૈન શ્રાયકની દુકાનમાં તેઓ ઉતર્યા હતા.
- ગુરુદેવને ઐતિહાસિક સ્થળો જોવાનું ઘણું ગમતું તેમણે રોજનિશિમાં નોંધ્યું છે કે અષો જરથુષ્ટના ઉપાસકો ઈરાની આર્યો, મુસ્લિમ આક્રમણોથી પોતાને બચાવવા અને ધર્મની રક્ષા કાજે ઈ.સ. ૬૯૮માં સંજાણ બંદરે ઉતર્યા હતા. સંજાણ નવેતરી કહેવાતું અર્થાત નવ ગાઉ પહોળું અને તેર ગાઉ લાંબુ, ત્યારબાદ ફિરંગીઓએ પંદરમાં સૈકામાં ત્યાં કિલ્લો બંધાવ્યો.
- સત્તાવીશ તાલુકાઓથી બનેલો સાબરમતી નદીના કિનારાનો તટવર્તી ઈલાકો છે, જેમાં આગલોડ, કલોડી, ખેડાવાડા, ઈલોલ, વસ્તાપુર વગેરે આવે છે જે સત્તાવીશા નામે ઓળખાય છે.
- "શુકલતીર્થ રાજા ચંદ્રગુપ્તના સમયથી હિંદુ તીર્થ છે."
- "વાલ્મિકી રામાયણનું 'દંડકારણ્ય' સુરત જિલ્લામાં છે."
- "ઝઘડિયા પ્રાચીન જૈન તીર્થ છે."

આવી સુંદર માહિતીઓનું સંકલન પ્રસ્તુત ગ્રંથમાં છે.

## (૪) શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ સ્મારક ગ્રંથ અને શ્રદ્ધાંજલિ

ગુરુદેવ બુદ્ધિસાગરજીના સ્વર્ગગમનના સમાચાર ગામોગામ વીજળીવેગે પ્રસરી જતાં અસંખ્ય લોકો તેમના દર્શનાર્થે આવ્યા. એમના દર્શનનો લાભ સર્વ વર્ણના લોકોએ લીધો. શિષ્ય અજિતસાગરજીએ લોકોને ઉપદેશ આપીને એમના ઉપકાર અને પ્રેમની હરહંમેશ યાદ રહે એ માટે તેમનું સ્મારક રચવાનો વિચાર રજૂ કર્યો.

ગુરુદેવની અંતિમયાત્રા અપૂર્વ હતી. એમાં દશથી બાર બજાર લોકોની મેદની હતી. મુસલમાન ભાઈઓ પણ ઘણી મોટી સંખ્યામાં હાજર હતા. તેઓ પણ અશ્રુભરી આંખે શ્રીમદ્‌ની પાલખીને ખાંધ આપીને આત્મસંતોષ માનતા હતા. એમાં બૅન્ડવાજાં અને ભજન મંડળીઓ પોતાના વાદ્ય પર ભજન ગાતાં ચાલતાં હતાં. તે સમયે ચોખા-રૂપાનાણું, અનાજ, મીઠાઈ વગેરે લોકોને વહેંચવામાં આવ્યું.

અગ્નિદાહની અંતિમ ક્રિયા પછી વકીલ મોહનભાઈ હિમચંદે ગુરુદેવના ગુણો અને તેમના સમાજ પરના ઉપકારોનું વર્ણન કર્યું. તેમણે તે સ્થાન પર દેરી બનાવવા માટે અપીલ કરતાં, તુરત જ સારી રકમ એકઠી થઈ ગઈ. જેમાંથી ત્યાં સમાધિમંદિર બનાવવામાં આવ્યું.

એમને શ્રદ્ધાંજલિ આપતા પત્રો અને તારો ઘણાં ગામોથી આવ્યા. એ સર્વનો સમન્વય કરી શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળે **૧૦૯મા ગ્રંથ** તરીકે છપાવીને પ્રસિદ્ધ કર્યો : ૧૦૮ ગ્રંથ ગુરુદેવ બુદ્ધિસાગરજીના રચેલા હતા, જે મંડળે પ્રકાશિત કર્યા હતા.

'સ્મારક ગ્રંથ'ની પ્રસ્તાવનામાં શ્રી વકીલ મહોનલાલ હિમચંદ જણાવે છે :

"જ્યાં ત્યાં ગુરુભક્તો તરફથી પાદુકાની પ્રતિષ્ઠાઓ, મહોત્સવો, સમાધિ મંદિરના ખાતમુહૂર્તો થવાના સમાચારો મળવા લાગ્યા. મહેસાણામાં ગુરુશ્રીના સ્વર્ગગમનના પંદરમા દિવસે જ ગુરુદેવની પાદુકાની પ્રતિષ્ઠા કરી. તે પછી અમદાવાદ, પ્રાંતિજ, પેથાપુર, વિજાપુર વગેરે સ્થળોએ પણ સમાધિમંદિર રચવામાં આવ્યાં."

વિજાપુરના સંઘ તરફથી ગુરુદેવની યાદમાં અઠ્ઠાઈ મહોત્સવ થયો અને તેમના સમાધિસ્થાન પર ભવ્ય ગુરુમંદિર બનાવવામાં આવ્યું. ગુરુદેવને અઢારે વર્ણની પ્રજા પોતાના માનતી હતી, તેમને પોતાના કહેવામાં ગૌરવ અનુભવતી હતી. એવી વિશ્વવિભૂતિ માટે અખિલ વિશ્વમાંથી શ્રદ્ધાંજલિ અર્પતા સંદેશાઓ આવ્યા. ગુરુભક્ત શ્રી પાદરાકર, શ્રી અજિતસાગરજી, શ્રી પંડિત

અમોઘચરણ વગેરે મહાનુભાવોએ ગુરુદેવને સ્મરણાંજલિ અર્પતાં કાવ્યોની સંસ્કૃતમય રચના કરી. એ સર્વ અંજલિઓનું સંકલન 'સ્મારક ગ્રંથ'માં કરવામાં આવ્યું.

પ્રસ્તુત 'સ્મારક ગ્રંથ'નો પ્રારંભ ગુરુદેવને અંજલિ આપતાં ગુરુભક્તોની સંસ્કૃતમાં રચાયેલી કૃતિઓ દ્વારા થાય છે.

ગુરુદેવ મહાન અધ્યાત્મજ્ઞાની, આત્મજ્ઞાન, તપોનિધિ, વિશ્વોદ્ધારક, વિશ્વવંદ્ય, વિશ્વની વિરલ વિભૂતિ હતા. તેઓ યોગવિદ્યાના જાણકાર સરસ્વતીનંદન હતા. શ્રી પાદરાકર બુદ્ધિસાગર ગુરુને પોતાના હૃદયને હંમેશાં સૂરજની જેમ પ્રકાશિત કરવા પ્રાર્થે છે. તેઓ ગુરુદેવ બુદ્ધિસાગરજીને નીચેની કડીમાં શોકાતુર હૃદયથી પ્રાર્થના કરે છે :

**आत्मज्ञान तपोनिधि वरद जे अध्यात्मज्ञानी महा ।**
**विश्वोद्धारक विश्ववंद्य विरला गुरुदेव विश्वे अहा ।।**
**मोंघा शारदानंद जे परम श्री श्री योगविद्या भर्या ।**
**बुद्धिसागर सद्‌गुरु निवसज्यो मणि अंतरे दिनकरा ।।**

શ્રી પંડિત અમોઘચરણજીએ ગુરુદેવની સ્તુતિ કરતાં અષ્ટકની સંસ્કૃતમય રચના કરી -

જેને સિદ્ધલક્ષ્મી વરેલી છે જે ગુજરાતના અલંકાર છે, ધનિક શ્રેષ્ઠીઓથી સુશોભિત સ્વર્ગસમ વિજાપુર નગરમાં જેઓ જન્મીને સૂર્યની જેમ ઝળક્યા તેવા શ્રી બુદ્ધિસાગર તમારું હંમેશાં કલ્યાણ કરે. આવી અર્થગંભીર અષ્ટકની રચના ગુરુદેવને અંજલિ આપતાં શ્રી પં. અમોઘચરણે રચી.

**सिद्धश्री निलये च गूर्जरधरालंकारिणि स्वर्णिभे-**
**नेकश्रीमदमहेश जिष्णुकलिते विद्यापुराख्ये पुरे ।**
**यो जन्माश्रयत प्रतापभवनं प्राच्यामिवाहर्मणिः ।**
**सूरिर्यच्छतु बुद्धिसागर इति श्रेयांसि वः सोन्वहम् ।।१।।**

ગુરુદેવને સ્મરણાંજલિ આપતાં સંસ્કૃત કાવ્યો ઉપરાંત તેમના ભક્તોએ ગઝલોની પણ રચનાઓ કરી છે, ગુરુશિષ્ય શ્રી અજિતસાગરજી ગુરુના ગુણને આકાશના તારા અને મેઘબિંદુઓ સાથે સરખાવે છે. જેમ તારા અને મેઘબિંદુ અગણ્ય હોય છે તેમ ગુરુના ગુણ અને દિવ્યતા અગણિત હોય છે.

ગઝલ - સોહિની

**આકાશના તારા તણી, ગણના કદીક બની શકે,**
**વર્ષાદના જળબિંદુની, ગણના કદાપિ થઈ શકે...(૯)**
**પણ ગુરુ તણા ગુણની કદી, ગણના સુણી દેખી નથી.**
**ગુરુદેવ સમ મ્હેં દિવ્યતા, જન અન્યમાં દેખી નથી...(૧૦)"**

પૂના લૉ કૉલેજના ચૂનીલાલ દુર્લભદાસ ગુરુજીને અંજલિ આપતાં તેમને સિંહ જેવા નિર્ભીક દર્શાવે છે. તેઓ ગુરુજીની તુલના હીરા સાથે કરે છે. હીરો જેમ પૃથ્વીના અભેદ્ય પડમાં ગુપ્ત રીતે પાકે છે તે રીતે મહાપુરુષોના જીવનનો પ્રારંભ સાધારણ કુટુંબમાં થાય છે. તેઓ લખે છે :

"સિંહનાં ટોળાં નથી હોતાં. ખરા વનકેસરીઓ તો જવલ્લે જ મળે છે તેવું જ જ્ઞાનકેસરીનું સમજવું... હીરાઓ પૃથ્વીના અભેદ્ય પડોમાં ગુપ્ત રીતે પાકે છે. મહાપુરુષોની બાળલીલાનાં ચરિત્રોની કથની પણ કંઈક એવા જ પ્રકારની હોય છે."

શુક્લતીર્થ સ્થિત નર્મદા આશ્રમના સંત મૂલચંદજીએ ગુરુદેવને શ્રદ્ધાંજલિ આપતાં તેમને 'સાચા સંતમણિ' તરીકે બિરદાવે છે. ગુરુદેવે તેમને પ્રથમ મુલાકાતમાં જ તેમની પરમાત્માને પામવાની જિજ્ઞાસા જાણીને તુરત જ જીવનના રહસ્યનું અનુભવજ્ઞાન આપ્યું. ગુરુદેવે સંસ્કૃતમાં રચેલી 'પ્રેમગીતા'નો અભ્યાસ તેમની પાસે કરાવ્યો. એ ગ્રંથ ગુરુજી લાયક શિષ્યને જ વાંચવા આપતા હતા. ગુરુજીની બીજાને મદદ કરવાની વૃત્તિ હંમેશાં રહેતી. શ્રી મૂલચંદજી ગુરુને શ્રદ્ધાંજલિ આપતાં વર્ણવે છે :

"જીવનની સાચી ચાવી બતાવવાની ભાવના એમના મનપ્રદેશમાં રમ્યા કરતી. આ ભાવના મારા એકલા પ્રત્યે જ એઓશ્રીએ બતાવી છે એમ નથી. પરંતુ હરકોઈ જિજ્ઞાસુ અને મુમુક્ષુબંધુને એઓશ્રીને સદ્‌રસ્તે દોરવાની તીવ્ર ઝંખના હતી. પોતાનામાં જે જ્ઞાન અનુભવ સિદ્ધજ્ઞાન હતું તે જ્ઞાનનો રસ, પોતાને પરિચિત તેમજ અપરિચિત એવા સર્વ બંધુઓ પીતા થાય એ એમનો ખાસ મંત્ર હતો... આત્મા પરમાત્મા સંબંધી જ્ઞાનનું વિવરણ પોતે એવી અજબ શૈલીથી કરતા કે અન્ય ધર્મીને કદી એમ ન જણાય કે તેઓ પોતે એ વિવરણ જૈન દૃષ્ટિએ કરે છે... ભજનોમાં વિશુદ્ધાત્મા - પરમાત્માને રામ, કૃષ્ણ, અલ્લા એવાં અનેક નામોથી સંબોધ્યા છે. મેં જ્યારે એ મીમાંસા સાંભળી ત્યારે મારી ઘણા અંશે ધર્મની ભેદાભેદ દૃષ્ટિ ઓછી થઈ અને હું જૈન ધર્મનો પૂજારી બન્યો."

ગુરુદેવના સ્વર્ગારોહણના સમાચારો સાંભળીને ગામેગામ શોકસભાઓ ભરવામાં આવી અને સ્વયંભૂ બંધ પાળવામાં આવ્યો. મહેસાણા ગામમાં સર્વધર્મની સભા સાથે ભરીને લોકોએ ગુરુદેવને અંજલિ આપી અને આખા ગામમાં બજારો બંધ રાખવામાં આવ્યાં. તે જ પ્રમાણે કરાંચી, ભાવનગર, પૂના, તલેગાંવ, સોનગઢ, પાલિતાણા, સાદડી, આકોલા, પ્રાંતિજ, પાદરા, વડોદરા વગેરે દરેક ગામમાં ગુરુદેવને શ્રદ્ધાંજલિ આપતી શોકસભાઓ યોજાઈ.

મુંબઈમાં લાલબાગ, મુંબઈ માંગરોળ જૈનસભા, શ્રી કોટ જૈન મિત્ર મંડળ, ભાયખલા વગેરે સ્થળોએ મંડળોની જાહેર શોકસભાઓ યોજાઈ. અમદાવાદમાં ઝવેરીવાડ-ઉપાશ્રયના વિશાળ હોલમાં શેઠ કસ્તૂરભાઈ લાલભાઈના પ્રમુખપણા હેઠળ જંગી જાહેર શોકસભા યોજાઈ હતી. જેમાં કસ્તૂરભાઈ તથા શ્રી પાદરાકરે ગુરુદેવનાં મહાન કાર્યોને બિરદાવ્યાં હતાં.

ગુરુદેવને અંજલિ આપતાં મોહનલાલ નગીનદાસ ભાખરિયા પોતાનો અનુભવ લખે છે :

"ગુરુશ્રીએ હસ્તે મુખડે કહ્યું : 'મોહન, લે છેવટનો વાસક્ષેપ ! પંદર દિવસ પછી નવાં કપડાં પહેરીશું.' "

આ પ્રમાણે ગુરુદેવે પોતાના મૃત્યુની જાણકારી ખૂબ સહજ રીતે આપી હતી.

મહેસાણા-નિવાસી શેઠ ડાહ્યાભાઈ ઘેલાભાઈએ શ્રીમદ્ બુદ્ધિસાગરજીના સ્મરણાર્થે વિલેપારલા સ્ટેશન પાસે એક સેનેટોરિયમની સ્થાપના કરી જેથી લોકો મુંબઈના ધમાલિયા જીવનમાં થોડો શાંતિનો અનુભવ કરવા આવી શકે. તેના વાસ્તુપ્રસંગમાં મોટો ઉત્સવ કરવામાં આવ્યો. તે સમયે શ્રી ડાહ્યાભાઈએ ગુરુજીનું સ્મરણ કરતાં જણાવ્યું કે તેઓ જ્યારે ખૂબ બીમાર હતા ત્યારે તેમણે ગુરુદેવને પોતે સારા થશે કે નહિ એવી શંકા વ્યક્ત કરી; ગુરુદેવે ધ્યાન ધરીને દર્શાવ્યું કે તેઓ ચોક્કસ સારા થશે. એ પછી તેઓ જલ્દી સારા થયા અને તરત ગુરુદેવનાં દર્શન કર્યાં અને તેમની પ્રેરણાથી લક્ષ્મી સદ્માર્ગે વાપરી. ગુરુના સ્મરણાર્થે પિતાના નામથી સેનેટોરિયમની સ્થાપના કરી. આ સેનેટોરિયમ આજે પણ ગુરુદેવના નામનું સ્મરણ કરાવતું ઊભું છે. અહીં શંખેશ્વર પાર્શ્વનાથ મૂળનાયક તરીકે બિરાજે છે. આ પ્રતિમા એક હજાર વર્ષથી પણ વધુ પ્રાચીન છે. અહીં સુંદર વિશાળ ઉપાશ્રય અને આયંબીલ શાળા છે. જેનો લાભ ઘણા લોકો લે છે.

ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન વગેરે પ્રાંતના વર્તમાનપત્રોએ પણ ગુરુદેવને શ્રદ્ધાંજલિ આપી.

મહાકવિ નાનાલાલ ગુરુદેવને અંજલિ આપતાં લખે છે :

"એ તો ખરેખર સાગર હતા. જૈનસંઘ આજે જાણતો નથી કે એનું કેટલું આત્મધન હરાયું છે. એમની ભવ્ય મૂર્તિ એમના આત્મસ્વરૂપ જેવી ભવ્ય હતી. વિશાળ મુખારવિંદ, ઉચ્ચ અને પુષ્ટ દેહસ્થંભ, યોગેન્દ્રના જેવી દાઢી ! એમનો જબરજસ્ત દંડ ! આપણે સૌ માનવજાત મૂર્તિપૂજક છીએ, અને એ ભવ્ય મૂર્તિ અદશ્ય થઈ છે, પણ જેણે નીરખી છે તેમના અંતરમાંથી જલ્દી ભૂંસાશે નહીં જ.

આનંદઘનજી પછી આવા અવધૂત જૈનસંઘમાં થોડા જ થયા હશે. સાથના શિષ્ય મંડળના તો બ્રહ્મ, જન્મદાતા પિતા અને શિરછત્ર ગયા છે. કેટલીક વેળા આશ્વાસનનાં વચન ઉચ્ચારવાં એ યે મિથ્યા છે. નાનાલાલ કવિના જયશ્રી હરિ.

તા.ક. - એક મારું ભજન સાંભરી આવે છે તે લખું છું. એનું પ્રથમ ચરણ તો એક જૂના પ્રસિદ્ધ ભજનનું છે, બાકીનું મારું છે. એમાં બુદ્ધિસાગરજીની જ જાણે આત્મપ્રતિભા ઊતરી હોય એવું છે, માટે મોકલું છું -

**મળે જો જતિ સતી રે કોઈ સાહેબને દરબાર**
**ધીંગાધોરી ભારખમાં સદ્ધર્મ તણા શણગાર**
**પુન્ય પાપના પરખન્દ !**
**કાંઈ બ્રહ્મ -**
**આંખલડી અનભોમાં રમતી ઉછળે ઉરનાં પૂર**
**સત્ ચિત આનંદે ખેલંદા**
**ધર્મ ધુરંધર શૂર**
**મળે જો જતિ સતી રે**
**કોઈ આહલેકના દરબાર."**

મહાકવિ નાનાલાલે ઉપરોક્ત શબ્દો સંત કવિ માટે ઉચ્ચાર્યા હતા. ગુરુદેવના સ્વર્ગગમનના સમાચાર મળતાં તેમણે અમદાવાદથી તારીખ ૧૧-૬-૧૯૨૫ના દિને એનો પ્રત્યુત્તર પાઠવ્યો.

ગુરુદેવની કાળધર્મના સમયે કાર્યમાં ચઢાવો બોલાયો હતો- ગુરુશ્રીને પાલખીમાં પધરાવવાનો ચઢાવો મહુડીના શેઠ કાળીદાસ માનચંદ, દેગડી ઊંચકવા માટે પાટણના પુનમચંદ ચુનિલાલ, તથા અગ્નિસંસ્કાર માટે વીજાપુરના શેઠ મોતીલાલ નાનચંદ હતા.

## (૫) આચાર્ય બુદ્ધિસાગરજીના જીવનમાંથી પ્રગટ થતી વિશિષ્ટ અનુભૂતિ

**સ્વપ્નામાં સંકેત**

માસ્તર બહેચરદાસે ગુરુ રવિસાગરજીની યાદમાં એમણે આપેલી નવકારવાળી ગણવા માંડી એક રાત્રે એક જ રીતે બે જણને સ્વપ્નું આવ્યું એક બહેચરદાસ (આ.બુધ્ધિસાગરજી સંસારીપણામાં) અને શેઠ છગનલાલ ડોસાભાઈ. બંનેને ગુરુ રવિસાગરજીએ સ્વપ્ન મારફત જણાવ્યું કે તેઓ બીજા ઈશાન દેવલોકમાં દેવ તરીકે ઉત્પન્ન થયા છે.

**દરેક જીવ અભય બને છે**

એકવાર ગુરુદેવ સુરતમાં તાપી નદીને કિનારે શૌચાદિ ક્રિયાથી નિવૃત્ત થઈ આવતા હતા. તે સમયે ત્યાં એક માછીમારે નદીમાં માછલાં પકડવા માટે જાળ નાંખી હતી. ગુરુદેવે કહ્યું કે, "ભાઈ, જાળ બહાર કાઢી લે અને મારી હાજરીમાં ફરી નાંખતો નહીં." માછીમારે ગુરુદેવની વાત પર જરા પણ લક્ષ આપ્યું નહિં. ગુરુદેવે થોડીવાર પછી જણાવ્યું કે તારે જેટલો પ્રયત્ન કરવો હોય તે કરીલે પણ આજે તારી જાળમાં એકે માછલું નહિ આવે. તેમણે એક કાંકરી લઈને પાણી તરફ નાખી. ગુરુદેવના અભય આશિર્વાદ અને વચનસિધ્ધિના કારણે માછલીઓને અભયદાન મળ્યું. માછીમારે તેની જાળમાં એકપણ માછલી નહિ પકડાતા ગુરુદેવને સાચા સંત તરીકે પિછાન્યા અને માફી માંગી.

**ગુરુદેવે દર્શાવેલ દયા જેને ચમત્કાર કહી શકાય**

મુંબઈમાં ઝવેરીનો વ્યાપાર કરતાં શેઠ મથુરદાસ છગનલાલ વૈષ્ણવ જ્ઞાતિના હતા. એકવાર તેમની આંખો બંધ થઈ ગઈ, દેખાતું પણ બંધ થઈ ગયું. બાહોશ ડૉકટરોની દવાઓ કરી પરંતુ સારું થયું નહી. તેઓ માણસાના રહેવાશી હતા, ગુરુદેવ પાસે માણસા આવ્યા. ગુરુદેવે જણાવ્યું કે દોઢ મહિના પછી આપમેળે સારી થશે. એ ભાઈ ઘણાજ દુઃખી હતા તેથી ગુરુદેવને ખૂબ આગ્રહ કર્યો. ગુરુદેવે તેમની આંખો પર પોતાનો અંગુઠો મૂક્યો, આંખ ઉઘડી ગઈ, ગુરુદેવના કહેવાથી તેમણે તેમના ઈષ્ટદેવને સંભાર્યા. દેવના જણાવ્યા મુજબ અમુક વિધિ કરતાં આંખો સંપૂર્ણ સારી થઈ ગઈ. ગુરુદેવ કાળધર્મ પામ્યા પછી ઘંટાકર્ણ મંદિરના ધ્વાર બંધ હતા પરંતુ ગર્ભગૃહમાં ઘણીવાર સુધી ઘંટ વાગ્યો હતો.

**આ પુસ્તકના લેખિકાને થયેલ ચમત્કારો**

- એક ગ્રંથ 'વચનામૃત બૃહત્' ઘણી શોધ કર્યા પછી પણ મળતું ન હતું. ત્યારે કંઈ કારણસર મુલુંડમાં આવેલ 'ખોના નિવાસ'ના મંદિરમાં જવાનું થયું. ત્યાં ઘંટાકર્ણવીરના દર્શન કર્યા

અને તરત જ એ પુસ્તક, વીલેપાર્લામાં આવેલી ગુરુદેવની યાદમાં સ્થપાયેલ સેનેટેરીયમમાં હોય શકે એમ સ્ફૂરણા થતાં, ત્યાં તપાસ કરી તો તરત જ એ ગ્રંથ મળી ગયો.

- ઘણી મહેનતે શ્રી ઘંટાકર્ણવીરનો ઉલ્લેખ 'વિવિધ તીર્થકલ્પ' માંથી પ્રાપ્ત થયો. શ્રી વીરની ૨૦૦૦ વર્ષ પ્રાચીન કૃષાણકાળની પ્રતિમા પણ પ્રાપ્ત થઈ જેના કર્ણમાં ઘંટ તથા હાથમાં કુબેરની જેમ મની બેગ-બટવો પણ છે.

આ ઉપરાંત એક પ્રતિમા ૫૦૦ વર્ષ જુની આબુમાં જોવામાં આવી અને અન્ય એક લગભગ ૨૦૦૦ વર્ષથી વધુ પ્રાચીનની પણ જાણવામાં આવી. શ્રી ઘંટાકર્ણયંત્રની તપાસ કરતાં લગભગ ચારસો વર્ષ પ્રાચીન સુરજમંડણ દેરાસરમાં જોવામાં આવ્યો. શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવના કલ્પની પ્રાચીન હસ્તપ્રતો પણ ઘણી શોધને અંતે મળી આવી જે લગભગ ૪૦૦ વર્ષ જૂની હોઈ શકે.

**મહુડી ગામના વૃદ્ધજનો પાસેથી સાંભળેલી વાતો**

સંવત ૧૯૭૮માં મહુડીમાં શ્રી માનચંદ મૂળચંદ વોરાના સુપુત્રો કાળીદાસ, મગનલાલ, વાડીલાલ, વર્ધમાનદાસ અને ઈશ્વરલાલે સંયુક્ત રીતે ઉજમણું કરીને સાધર્મિક ભક્તિ કરવાનું નક્કી કર્યું. તે પ્રસંગે ખૂબ મહેમાનો એકત્ર થયા હતા. ગુરુદેવ બુદ્ધિસાગરજી પણ તેમના શિષ્ય સમુદાય સાથે પધાર્યા હતા. મહેમાનોનો ધસારો જોતાં બનાવેલા પકવાનો બે દિવસમાં જ વપરાઈ જાય એવું લાગતું હતું જ્યારે કાર્યક્રમ ચાર દિવસનો હતો. ગુરુદેવે જણાવ્યું કે તેઓ સર્વ કામ ખુશીથી પાર પાડે તથા મેવા મીઠાઈ ઘટે એવી ચિંતા કરે નહિ. ગુરુદેવે ભંડારમાં જઈને ઘીનો દીવો અખંડ રખાવીને દરેક મીઠાઈની થાળીઓ પર કપડું ઢંકાવ્યું. ત્યાર બાદ દરેક થાળીઓ પર તેમણે ઓઘો ફેરવીને લબ્ધિ મૂકી અને થાળીમાંથી જોઈને તેટલું વાપરતા જવું એમ સૂચના આપી. ત્રીજે દિવસે એક બાળક (ભાઈશ્રી રતિલાલ) રમતાં રમતાં ભંડારામાં પહોંચી ગયો. તેણે ત્યાં દરેક થાળી પર શ્રી ઘંટાકર્ણવીરની આકૃતિ હાથમાં ધનુષ્યબાણ લઈને ઊભેલી જોઈ. બાળકે શ્રીઘંટાકર્ણ વીરનું ખૂબ તેજોમય સ્વરૂપ જોયું. એની આંખો અંજાઈ જતાં તરત બહાર આવીને વડીલોને વાત કરી. વડીલોએ અંદર જઈને જોયું તો ઘીનો દીવો બુઝાઈ રહ્યો હતો જે તેઓએ સરખો કર્યો. દશથી બાર હજાર લોકોએ ચાર દિવસ ભોજન કર્યા પછી પણ મીઠાઈઓ અડધી જ વપરાઈ હતી. એ મીઠાઈઓ ગામના સર્વ લોકોને વહેંચવામાં આવી. સર્વત્ર ગુરુદેવ અને શ્રી ઘંટાકર્ણવીરનો જયજયકાર થયો.

**સાક્ષાત્ દર્શન**

બોરિયા મહાદેવના મંદિરમાં એક ધૂર્ત સ્ત્રી ચમત્કારનો નામે લોકોને ઠગતી હતી. ગુરુદેવે ત્યાં જઈને એને ચમત્કાર બતાવવાનો આગ્રહ કરતાં તે ગભરાઈ ગઈ ત્યારે ગુરુદેવે તેને ધતિંગ છોડી દેવા સમજાવી અને તેને વાઘની સવારી પર આરૂઢ સાક્ષાત્ અંબામાનાં દર્શન કરાવ્યાં.

## (૬) જૈન સાહિત્ય પરિષદોઃ

- વિ.સં. ૧૯૬૨માં પેથાપુરમાં ગુરુદેવે જૈન કોન્ફરન્સ ભરી. એમાં શ્રી આનંદસાગરજી, પં.વીરવિજયજી. શ્રી ભાતૃચંદજી વગેરે ગુરુભગવંતો અને પાંચ હજાર જેટલા શ્રાવકો હતા. આચાર્યશ્રીએ અહીં ભારપૂર્વક જણાવ્યું કે શિક્ષણ અને જ્ઞાન થકી જ જૈન સમાજનો ઉધ્ધાર થશે.
- વિ.સં. ૧૯૬૩માં અમદાવાદમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ભરાઈ હતી. એ સભામાં સાગરાનંદજી, મણિવિજયજી, ધર્મવિજયજી, ભાયચંદજી વગેરે હતા. આ. બુધ્ધિસાગરજી વિવિધ-વિષયો પર બધા સાધુભગવંતો સાથે ચર્ચા વિચારણા કરતાં.
- વિ.સં. ૧૯૬૫ જ્ઞાનપંચમીના દિને અધ્યાત્મ અને યોગનું જ્ઞાન વિશ્વના લોકો સુધી પહોંચે માટે માણસા ગામે એક સંમેલન યોજવામાં આવ્યું. "અધ્યાત્મજ્ઞાન પ્રસારણ મંડળ"ની સ્થાપના એ સમયે થઈ.
- વિ.સં. ૧૯૬૮માં વડોદરામાં ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ ભરાઈ. એ માટે જૈન મુનિઓના નિબંધની આવશ્યકતા જણાઈ. શ્રીમંત સંપતરાવ ગાયકવાડ જાતે પાદરા ગામે ગુરુદેવને આમંત્રણ આપવા પધાર્યા. **ગુરુદેવે ઉપાધ્યાય યશોવિજયજી પર નિબંધ લખી આપ્યો. પરિષદમાં એ નિબંધ પાદરાના વકીલ ત્રિભોવનદાસ દલપતભાઈ એ વાંચ્યો. પરિષદે એ નિબંધ અલગથી છપાવ્યો.**

●●●

## (૭) ગુરુદેવ અને અન્ય મહાનુભાવોની મુલાકાતોઃ

આચાર્યશ્રી તેમના વિહાર દરમ્યાન ઘણી પ્રસિધ્ધ વિશેષ વ્યક્તિઓને મળ્યા હતા તેમની વિગત અત્રે ઉપસ્થિત છે.

| મહાનુભાવોના નામ | મિલન સ્થળ | ચર્ચાની વિગત અને કાર્યસિધ્ધિ |
|---|---|---|
| ૧. ગાંધીજી | અમદાવાદ સાબરમતી આશ્રમ | આચાર્યશ્રી અને બીજા સાધુ ભગવંતો ગાંધીજીના આમંત્રણને માન આપી સાબરમતી આશ્રમ માં ગયા. મહાત્મા ગાંધીજીએ તેમનું સ્વાગત પગે લાગીને કર્યું. સંપૂર્ણ ભારતમાં ગાંધીજીએ શરૂ કરેલ અહિંસાત્મક ચળવળને ગુરુદેવે યોગ્ય ઠરાવી. તેમણે કહ્યું કે, "જૈનધર્મના સ્વાદ્‌વાદ સિધ્ધાંત ગાંધીજીને ગમે છે અને તે રીતે ગાંધીજી વિશ્વકલ્યાણ કરી શકાશે." જૈન મહાજનની પાખી-હડતાલને ગાંધીજીએ અસહકારન અહિંસાત્મક સિધ્ધાંત તરીકે વાપરી છે. જૈન મહાજનો કારણ પ્રસંગે હડતાલરૂપ અસહકારથી અને પ્રેમ, સત્ય, દયા તથા રાજા સાથે પૂજ્યભાવ રાખી રાજ્યમાં ચાલતું અંધેર દૂર કરતા હતા. હાટે તાળા દેવા તે હડતાલ. ગાંધીજીએ પણ અપેક્ષાઓ તેનું અનુકરણ કર્યું છે. ગુરુદેવે ગાંધીજીને ભજનસંગ્રના ૧ થી ૭ ભાગો તેમની ઈચ્છાથી ભેટ આપ્યા ઉપરાંત હરિજનોની ઉધ્ધાર માટે ચર્ચાઓ કરી. |
| ૨.લાલા લજપતરાય | અમદાવાદ આંબલીપોળ ઉપાશ્રય | દેશકાળને અનુસરીને દેશહિતના કાર્યો વધુ કરવા કોંગેસમાં ઐક્ય જળવાઈ રહે તે રીતે કામ કરવા સૂચના કરી. ઉપરાંત સમેતશીખર પર અંગ્રેજ સરકાર કતલખાનું ખોલવાની યોજના બનાવે છે. તેનો કોંગ્રેસે વિરોધનો ઠરાવ કરવો જેથી કોંગ્રેસ દેશ ધર્મની પણ રક્ષક છે એમ સ્પષ્ટ થશે. |
| ૩. શ્રી સૂરજમલજી | વરસોડા | શાળાની ખાલી જગ્યા જૈન ઉપાશ્રય માટે દાન આપી. |
| ૪. શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ | વડોદરા રાજમહેલ | ભારત અને ગુજરાતની ઉન્નતિ માટે ઘણી ચર્ચાઓ થઈ અને ઘણા નિર્ણયો લેવાયા-ખાસ તો બાળ દિક્ષા અને બાળ લગ્નનો મનાઈ હુકમ તથા સ્ત્રી કેળવણી ફરજીયાત કરાવી. |
| ૫. શ્રી તખ્તસિંહજી ચાવડા શીશોદિયાવંશના રાજા | માણસા | લગભગ રોજ મુલાકાત થતી. ગુરુદેવની પડ્‌દર્શન અને નવતત્ત્વોની ચર્ચા પર મુગ્ધ થયા. |

| | | |
|---|---|---|
| ૬. ધરમપુર સ્ટેટના રાજવી | સુરત-ડુમસ | તેમણે શિકાર નહીં કરવાનું વ્રત લીધું. |
| ૭. ટિંટોઈના ઠાકોર | ટિંટોઈ | સપ્ત વ્યસન ત્યાગનો ઉપદેશ આપ્યો. |
| ૮. કર્નલ પ્રતાપસિંહ રાણા | | રાજધર્મ સમજાવ્યો. |
| ૯. આ.સાગરાનંદસૂરિજી | વિ.સં.૧૯૬૮ મુંબઈથી વલસાડ-સુરત અંકલેશ્વર થઈ ઝઘડિયા તીર્થમાં ગયા ત્યાં મેળાપ થયો. | જૈનસંઘની ઉન્નતિ શી રીતે થાય. જૈન પ્રગતિ માટેના કર્તવ્યો. બંને આચાર્યો ઘણીવાર મળ્યા. |
| ૧૦ શ્રી કાંતિવિજયજી | વિ.સં. ૧૯૬૮ સુરત | બંને ગુરુદેવોએ વાતચીત કરી. |
| ૧૧. દરિયાપરી સંઘાડાના સ્થાનક વાસી સાધુઓ | વિ.સં. ૧૯૬૮ ઈટોલામાં સ્થાનકવાસી ઉપાશ્રય | આગમોના જ્ઞાનની ગોષ્ઠી |
| ૧૨. આનંદશંકર બા. ધ્રુવ | | |
| ૧૩. કેશવલાલ હ. ધ્રુવ | અમદાવાદ | ગુજરાતી સાહિત્યના ઉત્કર્ષની ચર્ચા |
| ૧૪. મહાકવિ નાનાલાલ | | |
| ૧૫. સ્થાનકવાસી સાધુઓ | અમદાવાદ | નિઃસંકોચ ચર્ચાઓ થતી. ૨૫૦૦ વર્ષનો સાથ ૩૦૦ વર્ષથી જુદા થયા તો શું. |
| ૧૬. મહાત્મા સર જુદાસ | અમદાવાદ | જ્ઞાન ગોષ્ઠી થતી. |
| ૧૭. બાલમુકુંદજી સ્વામી નારાયણ | અમદાવાદ | |
| ૧૮. શ્રી સાગરાનંદજી શ્રી કાંતિ વિજયજી | સુરત સં.૧૯૬૬ વડોદરા, | સાથે મળીને વડિલોના આદર અને ગુણાનુરાગની પ્રવૃત્તિઓ કરતા આ. સાગરાનંદજી સાથે સાધુઓમાં ઉત્પન્ન થતાં મતભેદોની ચર્ચાઓ કરી. |
| શ્રી હંસ વિજયજી પં. સિધ્ધ વિજયજી શ્રી ઋધ્ધિ વિજયજી | ઝઘડિયા | |
| ૧૯. શ્રી આનંદ સાગરજી શ્રી કેસરવિજયજી પં. કમલવિજયજી શ્રી ધર્મવિજયજી | માંડલ, દીક્ષા મહોત્સવમાં | જ્ઞાનગોષ્ઠી |
| ૨૦. શ્રી દાનવિજયજી શ્રી વીરવિજયજી | પાલિતાણા | જ્ઞાનગોષ્ઠી |
| ૨૧. ભોગિન્દ્રરાવ દિવેટીયા | શાંતાક્રુઝ, મુંબઈ | જૈનધર્મ સ્વરૂપની ચર્ચા થઈ. ગુરુદેવને પુસ્તકો ભેંટ આપ્યા ઉષાકાન્ત, રાજમાર્ગનો મુસાફર વગેરે. |
| ૨૨. પં.આનંદ સાગરજી મુનિ હંસવિજયજી ઋધ્ધિવિ., શ્રી ચતુરવિજયજી વગેરે | સુરત, વડાચૌટાનો ઉપાશ્રય (મુંબઈના ચાતુર્માસ દરમ્યાન કરવાજોગ કાર્ય) | મુંબઈમાં જૈન ધર્મની ઉન્નતિ માટે કયા કાર્યોનો પ્રારંભ કરવો? ચર્ચાને અંતે નક્કિ થયું કે - સાધુ પાઠશાળા, ગુરુકુળ, શ્રાવક-શ્રાવિકાઓને સહાય વગેરે કાર્યો કરવા. |

## (૮) આચાર્યશ્રીએ આપેલ દીક્ષાઓ:

| વર્ષ | નામ | સ્થળ | દીક્ષા પછીનું નામ |
|---|---|---|---|
| વિ.સ. ૧૯૬૩ | એક વિદ્યાર્થી ગામ-ઈડર | સાણંદ | કીર્તિસાગરજી |
| વિ.સં. ૧૯૬૪ | એક રજપૂત વિદ્યાર્થી-માણસા | અમદાવાદ | અમૃત સાગરજી |
| વિ.સં. ૧૯૬૪ | લક્ષ્મીચંદ હીરાલાલ વઢવાણ | લોદ્રા | ઋધ્ધિસાગરજી |
| વિ.સં. ૧૯૬૫ | અમીરખજી | અમદાવાદ | શ્રી અજીતસાગરજી |
| વિ.સં. ૧૯૬૫ | અમીરખજીનાભાઈ | અમદાવાદ | શ્રી મહેન્દ્રસાગરજી |
| વિ.સં. ૧૯૬૫ | અન્ય સંપ્રદાયમાંથી | અમદાવાદ | શ્રી સૌભાગ્યસાગરજી |
| વિ.સં. ૧૯૬૫ | અન્ય સંપ્રદાયમાંથી | અમદાવાદ | શ્રી હીરસાગરજી |
| વિ.સં. ૧૯૬૫ | અન્ય સંપ્રદાયમાંથી | અમદાવાદ | શ્રી સિધ્ધસાગરજી |
| વિ.સ. ૧૯૭૦ | જગજીવનદાસ | સિપોળ | શ્રી જયસાગરજી |

## (૯) મંદિર પ્રતિષ્ઠા: જીર્ણોધ્ધાર

| | | |
|---|---|---|
| • વરસોડા | સં.૧૯૭૯ (વૈશાખ સુદ-૧) | વરસોડામાં દેરાસરની પ્રતિષ્ઠા કરી. |
| • વિજાપુર | સં.૧૯૭૯ | જ્ઞાનમંદિર બનાવ્યું. |
| • સુરત | સં.૧૯૭૯ | ઉપદેશ આપ્યો અને ભુરિઆભાઈએ ૬૫૦૦૦ ખર્ચી ધર્મશાળા બંધાવી. |
| • સાણંદ | સં. ૧૯૭૯ | સાણંદમાં મંદિર પ્રતિષ્ઠા અને તે સમયે ચોવીશીની રચના. |
| • મહુડી | સં. ૧૯૮૦ | ઘંટાકર્ણવીરની સ્થાપના |
| • ગોધાવી | | ગૌતમસ્વામિ અને ગુરુપાદુકાની સ્થાપના. |
| • સંઘપુર | | નવુ મંદિર બનાવી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. |
| • વલસાડ | ઈ.સ. ૧૯૧૧ (આશરે) | મહાવીરસ્વામિ જિનાલયની પ્રતિષ્ઠા કરી. |
| • અગાશી | સં.૧૯૬૭ મહાસુ-૧૦ | વિ.સં.૧૯૬૫માં જીર્ણોધ્ધાર શરૂ થયો. ત્યારપછી બે વર્ષે ગુરુદેવે પ્રતિષ્ઠા કરી. |
| • વલસાડ | સં.૧૯૬૬ | તેમની પ્રેરણાથી વલસાડમાં જૈન પાઠશાળા ચાલુ થઈ. |
| • પારડી | સં. ૧૯૬૬ | ગુરુદેવની પ્રેરણાથી ગ્રંથ ભંડાર |
| • દમણ | સં. ૧૯૬૭ | દમણમાં પાઠશાળા થઈ |

# પરિશિષ્ટ

## (૧) શ્રીમદ્ બુદ્ધિસાગરજીનો જન્મ, દીક્ષા, આચાર્યપદવી તથા સ્વર્ગવાસનું સ્થળ અને સાલ

| | વર્ષ | માસ | સ્થળ |
|---|---|---|---|
| જન્મ : | વિ.સં. ૧૯૩૦ | મહા સુદ ચૌદશ | વિજાપુર |
| દીક્ષા : | વિ.સં. ૧૯૫૭ | માગસર સુદ છઠ | પાલનપુર |
| આચાર્ય પદવી : | વિ.સં. ૧૯૭૦ | મહાસુદ પૂનમ | પેથાપુર |
| સ્વર્ગવાસ : | વિ.સં. ૧૯૮૧ | જેઠ વદ ત્રીજ | વિજાપુર |

## (૨) આચાર્ય બુદ્ધિસાગરજીની વિહારયાત્રા અને ચાતુર્માસનાં સ્થળોની સાલવારી

| વર્ષ | સ્થળ | વર્ષ | સ્થળ |
|---|---|---|---|
| વિ.સં. ૧૯૫૭ | સુરત | વિ.સં. ૧૯૬૯ | અમદાવાદ |
| વિ.સં. ૧૯૫૮ | પાદરા | વિ.સં. ૧૯૭૦ | માણસા |
| વિ.સં. ૧૯૫૯ | માણસા | વિ.સં. ૧૯૭૧ | પેથાપુર |
| વિ.સં. ૧૯૬૦ | મહેસાણા | વિ.સં. ૧૯૭૨ | વિજાપુર |
| વિ.સં. ૧૯૬૧ | વિજાપુર | વિ.સં. ૧૯૭૩ | પેથાપુર |
| વિ.સં. ૧૯૬૨ | અમદાવાદ | વિ.સં. ૧૯૭૪ | વિજાપુર |
| વિ.સં. ૧૯૬૩ | સાણંદ | વિ.સં. ૧૯૭૫ | પાદરા |
| વિ.સં. ૧૯૬૪ | માણસા | વિ.સં. ૧૯૭૬ | વિજાપુર |
| વિ.સં. ૧૯૬૫ | અમદાવાદ | વિ.સં. ૧૯૭૭ | સાણંદ |
| વિ.સં. ૧૯૬૬ | સુરત | વિ.સં. ૧૯૭૮ | મહેસાણા |
| વિ.સં. ૧૯૬૭ | મુંબઈ | વિ.સં. ૧૯૭૯ | વિજાપુર |
| વિ.સં. ૧૯૬૮ | અમદાવાદ | વિ.સં. ૧૯૮૦ | પેથાપુર |

## (૩) શ્રી બુદ્ધિસાગરજી મહારાજ સાહેબની પટ્ટાવલી
## (સાગર શાખા)
## (જૈનશ્વેતામ્બર) તપાગચ્છીય સાગરશાખા પટ્ટાવલી

● ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીરપ્રભુ દેવ

૧. તેમના પટ્ટે-શ્રી સુધર્માસ્વામિજી ગણધર
૨. તત્પટ્ટે શ્રી જંબુસ્વામિજી
૩. તત્પટ્ટે શ્રી પ્રભવસ્વામિજી
૪. તત્પટ્ટે શ્રી શયંયભવ્સૂરિજી
૫. તત્પટ્ટે શ્રી યશોભદ્રસૂરિજી
૬. તત્પટ્ટે શ્રી સંભૂતિવિજય તથા ભદ્રબાહુસ્વામિજી
૭. તત્પટ્ટે શ્રી સ્થૂલભદ્રજી મહારાજ
૮. તત્પટ્ટે શ્રી આર્યસુહસ્તિ મહારાજ (સંપ્રતિ રાજાનાપ્રતિબોધક) અશોકનો પુત્ર કુણાલ તેનો પુત્ર સંપ્રતિ રાજા થયો. આઠ પાટ પર્યંત નિર્ગ્રન્થગચ્છ નામ ચાલ્યું.
૯. તત્પટ્ટે સુસ્થિત અને સુપ્રતિબદ્ધસૂરિ.
૧૦. તત્પટ્ટે ઇન્દ્રદિન્નસૂરિજી
૧૧. તત્પટ્ટે શ્રી દિન્નસૂરિજી
૧૨. તત્પટ્ટે સિંહગિરિસૂરિજી
૧૩. તત્પટ્ટે શ્રી વજ્રસ્વામિજી મહારાજ
૧૪. તત્પટ્ટે શ્રી વજ્રસેનસૂરિજી
૧૫. તત્પટ્ટે શ્રી ચન્દ્રસુરિજી
૧૬. તત્પટ્ટે સામન્તભદ્રસૂરિજી (વનવાસી ગચ્છ નીકળ્યો)
૧૭. તત્પટ્ટે વૃદ્ધદેવસૂરિજી
૧૮. તત્પટ્ટે પ્રદ્યોતનસૂરિજી
૧૯. તત્પટ્ટે માનદેવસૂરિજી
૨૦. તત્પટ્ટે માનતુંગસૂરિજી
૨૧. તત્પટ્ટે શ્રી વીરસૂરિજી
૨૨. તત્પટ્ટે જયદેવસૂરિજી
૨૩. તત્પટ્ટે દેવાનન્દસૂરિજી
૨૪. તત્પટ્ટે શ્રી વિક્રમસૂરિજી
૨૫. તત્પટ્ટે શ્રી નરસિંહસૂરિજી
૨૬. તત્પટ્ટે શ્રી સમુદ્રસૂરિજી
૨૭. તત્પટ્ટે શ્રી માનદેવસૂરિજી
૨૮. તત્પટ્ટે શ્રી વિબુધપ્રભસૂરિજી
૨૯. તત્પટ્ટે શ્રી જયાનન્દસૂરિજી
૩૦. તત્પટ્ટે શ્રી રવિપ્રભસૂરિજી
૩૧. તત્પટ્ટે શ્રી યશોદેવસૂરિજી
૩૨. તત્પટ્ટે શ્રી પ્રદ્યુમ્નસૂરિજી
૩૩. તત્પટ્ટે શ્રી માનદેવસૂરિજી
૩૪. તત્પટ્ટે શ્રી વિમલચન્દ્રસૂરિજી
૩૫. તત્પટ્ટે શ્રી ઉદ્યોતનસૂરિજી
૩૬. તત્પટ્ટે શ્રી સર્વદેવસૂરિજી
૩૭. તત્પટ્ટે શ્રી દેવસૂરિજી
૩૮. તત્પટ્ટે શ્રી સર્વદેવસૂરિજી
૩૯. તત્પટ્ટે શ્રી યશોભદ્રસૂરિજી
૪૦. તત્પટ્ટે શ્રી મુનિચન્દ્રસૂરિજી
૪૧. તત્પટ્ટે શ્રી અજિતદેવસૂરિજી
૪૨. તત્પટ્ટે શ્રી વિજયસિંહસૂરિજી
૪૩. તત્પટ્ટે શ્રી સોમપ્રભસૂરિજી
૪૪. તત્પટ્ટે શ્રી જગચ્ચન્દ્રસૂરિજી

આ આચાર્યના સમયમાં વિ.સં. ૯૯૫માં વડગચ્છ આદિ ચોરાશી ગચ્છ નીકળ્યા. તેમણે ચોરાશી શિષ્યોને એક કાલે વડ નીચે આચાર્ય પદ આપ્યું તેથી ગચ્છનું વડગચ્છ નામ પડ્યું છે. (વિ.સં. ૧૨૮૫માં વિજાપુરમાં શ્રી જગચ્ચંદ્રસૂરિએ ક્રિયોદ્ધાર કર્યો અને તેમનો મેવાડમાં આઘાટ (આયડ)માં મેવાડના રાણાએ 'તપા' એવું બિરુદ આપ્યું તેથી ત્યાંથી તપાગચ્છ પ્રસિદ્ધ થયો.)

૪૫. તત્પટ્ટે શ્રી દેવેન્દ્રસૂરિજી
૪૬. તત્પટ્ટે શ્રી ધર્મઘોષસૂરિજી
૪૭. તત્પટ્ટે શ્રી સોમપ્રભસૂરિજી
૪૮. તત્પટ્ટે શ્રી સોમતિલકસૂરિજી
૪૯. તત્પટ્ટે શ્રી દેવસુંદરસૂરિજી
૫૦. તત્પટ્ટે શ્રી સોમસુંદરસૂરિજી
૫૧. તત્પટ્ટે શ્રી મુનિસુંદરસૂરિજી
૫૨. તત્પટ્ટે શ્રી રત્નશેખરસૂરિ
૫૩. તત્પટ્ટે શ્રી લક્ષ્મીસાગરસૂરિજી
૫૪. તત્પટ્ટે શ્રી સુમતિસાધુસૂરિજી
૫૫. તત્પટ્ટે શ્રી હેમવિમલસૂરિજી
૫૬. તત્પટ્ટે શ્રી આનંદવિમલસૂરિ (ક્રિયોદ્ધાર કર્તા)
૫૭. તત્પટ્ટે શ્રી વિજયાનન્દસૂરિજી
૫૮. તત્પટ્ટે શ્રી હીરવિજયસૂરિજી (અકબર પ્રતિબોધક જગદ્ગુરુ)
૫૯. તત્પટ્ટે શ્રી સહજસાગરોપાધ્યાય (તપાગચ્છ સાગર શાખા)
૬૦. તત્પટ્ટે શ્રી જયસાગરજી ઉપાધ્યાય
૬૧. તત્પટ્ટે શ્રી જિનસાગરગણિ સમાજ
૬૨. તત્પટ્ટે શ્રી માનસાગરજીગણિ મહારાજ
૬૩. તત્પટ્ટે શ્રી મયગલસાગરજી મહારાજ
૬૪. તત્પટ્ટે શ્રી પદ્મસાગરજી મહારાજ (વિ.સં. ૧૮૨૫ અષાડ સુદી ૧૧ મેડતામાં સ્વર્ગગમન.)
૬૫. તત્પટ્ટે શ્રી સુજ્ઞાનસાગરજી મહારાજ (વિ.સં. ૧૮૩૮ શ્રાવણ સુદી ૫ સ્વર્ગગમન ઉદેપુરમાં)
૬૬. તત્પટ્ટે શ્રી સરુપસાગરજી મહારાજ (વિ.સં. ૧૮૬૬ પોષ સુદી બીજે પાલીમાં સ્વર્ગગમન.)
૬૭. તત્પટ્ટે શ્રી નાણસાગરજી (જ્ઞાનસાગરજી) મહારાજ (વિ.સં. ૧૮૮૭ ભાદરવા વદી ૧૪ પાક્ષિક પ્રતિક્રમણમાં અજીત શાંતિ કહેતાં સ્વર્ગગમન ઉદેપુરમાં)
૬૮. તત્પટ્ટે શ્રી મયાસાગરજી મહારાજ (સંવત ૧૮૮૭ થી ૧૯૦૭ સુધી પટ્ટધર અમદાવાદમાં સ્વર્ગગમન)
૬૯. તત્પટ્ટે શ્રી નેમિસાગરજી મહારાજ (સંવત ૧૯૦૭ થી ૧૯૧૩ સુધી પટ્ટધર સ્વ. મુંજપરમાં)
૭૦. તત્પટ્ટે શ્રીમાન્ રવિસાગરજી મહારાજ (સંવત્ ૧૯૧૩ થી ૧૯૫૪ સુધી પટ્ટધર સ્વ. મહેસાણા)
૭૧. તત્પટ્ટે શ્રીમાન્ સુખસાગરજી મહારાજ (વિ.સં. ૧૯૫૪ થી ૧૯૬૯ સુધી પટ્ટધર સ્વ. અમદાવાદમાં)
૭૨. તત્પટ્ટે શ્રી શાસ્ત્રવિશારદયોગનિષ્ઠ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિ. (વિ.સં. ૧૯૬૯ થી પટ્ટધર.)

(વિજાપુર બૃહત વૃત્તાંતમાંથી)

## (૪) બુદ્ધિસાગરજી દ્વારા રચિત ગ્રંથોની નામાવલી

### ગદ્ય વિભાગ

૧. અધ્યાત્મ વ્યાખ્યાનમાળા
૨. પરમાત્મ દર્શન
૩. પરમાત્મા જ્યોતિ
૪. તત્ત્વજ્ઞાન દીપિકા
૫. વચનામૃત લઘુ
૬. વચનામૃત - બૃહત્
૭. યોગદીપક
૮. અધ્યાત્મ શાંતિ
૯. ષડ્દ્રવ્ય વિચાર
૧૦. કર્મયોગ
૧૧. આત્મતત્ત્વ દર્શન
૧૨. આત્મતત્ત્વ દર્શન
૧૩. સત્ય સ્વરૂપ
૧૪. આત્મશક્તિ પ્રકાશ
૧૫. આત્મ દર્શન
૧૬. આત્મશિક્ષાભાવના પ્રકાશ
૧૭. આત્મ પ્રકાશ
૧૮. તત્ત્વ વિચાર
૧૯. અધ્યાત્મસાર
૨૦. તત્ત્વ બિંદુ
૨૧. ગુરુ બોધ
૨૨. તીર્થયાત્રાનું વિમાન
૨૩. શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ ૧
૨૪. શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ ૨
૨૫. જૈનોપનિષદ્
૨૬. શિષ્યોપનિષદ્
૨૭. ગુણાનુરાગ કુલક
૩૩. પ્રતિજ્ઞાપાલન
૩૪. મિત્ર મૈત્રી
૩૫. શોક વિનાશક ગ્રંથ
૩૬. સાંવત્સરિક ક્ષમાપના
૩૭. જૈન સૂત્રમાં મૂર્તિપૂજા
૩૮. જૈન ધાર્મિક શંકા સમાધાન
૩૯. મુદ્રિત જૈન શ્વેતાંબર ગ્રંથ ગાઈડ
૪૦. શ્રી સંઘ પ્રગતિ મહામંત્ર
૪૧. જૈન ઐતિહાસિક રાસમાળા
૪૨. જૈન ધર્મની પ્રાચીન - અર્વાચીન સ્થિતિ
૪૩. વિજાપુર બૃહત્ વૃત્તાંત
૪૪. જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ ૧
૪૫. જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ ૨
૪૬. જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ ૩
૪૭. શ્રી આનંદઘન પદ ભાવાર્થ
૪૮. ધ્યાન વિચાર
૪૯. ઈશાવાસ્યોપનિષદ્
૫૦. સમાધિ શતકમ્
૫૧. અનુભવ પંચ વિશતિગ્રંથ
૫૨. કર્મપ્રકૃતિ ટીકા ભાષાંતર
૫૩. શ્રી સુખસાગર ગુરુગીતા
૫૪. શ્રીમદ્ દેવચંદ્રજી
૫૫. શ્રીમદ્ દેવચંદ્રજીનું જીવનચરિત્ર યાને દેવ વિલાસ
૫૬. શ્રીમદ્ યશોવિજયજી જીવન
૫૭. કુમારપાળ
૫૮. ધાર્મિક ગદ્યસંગ્રહ (રોજનિશી)
૫૯. પત્ર સદુપદેશ ભાગ ૧

૨૮. કન્યાવિક્રય નિષેધ
૨૯. ચિંતામણિ
૩૦. વર્તમાન સુધારો
૩૧. જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો
૩૨. લાલા લજપતરાય અને જૈન ધર્મ
૬૦. પત્ર સદુપદેશ ભાગ ૨
૬૧. પત્ર સદુપદેશ ભાગ ૩
૬૨. કાલ્પનિક અધ્યાત્મ મહાવીર ભાગ ૧
૬૩. કાલ્પનિક અધ્યાત્મ મહાવીર ભાગ ૨

## પદ્ય સાહિત્ય

૧. ભજનપદ સંગ્રહ ભાગ - ૧
૨. ભજનપદ સંગ્રહ ભાગ - ૨
૩. ભજનપદ સંગ્રહ ભાગ - ૩
૪. ભજનપદ સંગ્રહ ભાગ - ૪
૫. ભજનપદ સંગ્રહ ભાગ - ૫
૬. ભજનપદ સંગ્રહ ભાગ - ૬
૭. કાવ્ય સંગ્રહ ભાગ - ૭
૮. ભજન પદ સંગ્રહ ભાગ - ૮
૯. ભજન પદ સંગ્રહ ભાગ - ૯
૧૦. ભજન પદ સંગ્રહ ભાગ - ૧૦
૧૧. ભજન પદ સંગ્રહ ભાગ - ૧૧
૧૨. સ્તવન સંગ્રહ દેવવંદન સહિત ભાગ - ૧૨
૧૩. અધ્યાત્મ ભજનસંગ્રહ ભાગ - ૧૩
૧૪. પૂજા સંગ્રહ ભાગ ૧ - ૨
૧૫. ગહુંલી સંગ્રહ ભાગ - ૧
૧૬. ગહુંલી સંગ્રહ ભાગ - ૨
૧૭. ગુરુગીત ગહુંલી સંગ્રહ
૧૮. ભારત સહકાર શિક્ષણ કાવ્ય
૧૯. સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય
૨૦. કક્કાવલી સુબોધ

## (૫) શ્રીમદ્ બુદ્ધિસાગરજી દ્વારા રચિત સંસ્કૃત ગ્રંથો

૧. આત્મશુદ્ધોપયોગ
૨. દયા ગ્રંથ
૩. શ્રેણિક સુબોધ ગ્રંથ
૪. કૃષ્ણગીતા
૫. સંઘ કર્તવ્ય
૬. પ્રજા સમાજ કર્તવ્ય
૭. શોક વિનાશક ગ્રંથ
૮. ચેટક બોધ
૯. સુદર્શના સુબોધ
૧૦. અધ્યાત્મ ગીતા
૧૧. જીવક પ્રબોધ
૧૨. જીવક પ્રબોધ
૧૩. પરમાત્મ દર્શન
૧૪. આત્મ સ્વરૂપ
૧૫. કર્મયોગ
૧૬. પ્રેમગીતા
૧૭. જૈન ગીતા
૧૮. આત્મદર્શના ગીતા
૧૯. શિષ્યોપનિષદ્
૨૦. જૈનોપનિષદ્
૨૧. આત્માનુશાસન
૨૨. યોગપ્રદીપ
૨૩. સામ્યશતક
૨૪. શ્રી જૈન મહાવીર ગીતા

●

## ગુરુદેવ બુધ્ધિસાગરજીના ગ્રંથોની રચના, સમય, સ્થળ અને અન્ય વિગતો

હૃદયમાં સતત વહેતી દયા, કરુણા અને જગત કલ્યાણની ભાવનાઓને સદા અખંડીત રાખવા બહેચરદાસે દીક્ષા લીધી. દીક્ષા પછીનું પ્રથમ ચાતુર્માસ સુરત હતું. ત્યા જૈનધર્મ પર ઘણી ટિકાઓ કરતું એક પુસ્તક શ્રી મોહનલાલજી મહારાજના હાથમાં આવ્યું. એ વાંચીને સર્વ જૈન સાધુ અને શ્રાવકોના દિલ ખૂબ ધવાયા. શ્રી મોહનલાલજી મહારાજે નવોદીત બુદ્ધિસાગરજી મહારાજને વિનંતી કરી અને ખંડન-મડન શૈલીથી પુસ્તકનો ઉત્તર આપતા ગ્રંથ રચવાની ભલામણ કરી. આ પ્રમાણે અચાનક તેમના જીવનના પ્રથમ પુસ્તકના શ્રી ગણેશ થયા. ત્યારબાદ તેમણે અધ્યાત્મજ્ઞાનના ગ્રંથો પણ રચ્યા પરંતુ જ્યારે તેમણે જાણ્યું કે એક જૈનસાધુએ એકસો આઠ શિષ્યો બનાવવાની પ્રતિજ્ઞા લીધી ત્યારે તેમણે પણ નિર્ધાર કર્યો કે તેઓ પણ એકસો આઠ અમર શિષ્યો તૈયાર કરશે. તેમની કલ્પના મુજબના એકસો આઠ શિષ્યો એવા તૈયાર થયા કે એ ગ્રંથો આજે પણ લોકોને ઉપદેશ આપે છે. ત્યારબાદ તો તેમણે નાના મોટા ૧૪૦ ગ્રંથો રચ્યા. આ ગ્રંથની રચના ક્યારે કયા સ્થળે કયા સંજોગોમાં થઈ એ નીચેના ટેબલમાં જોઈ શકાશે.

નીચે દર્શાવેલ સર્વ ગ્રંથોમાં તેમની સાહિત્યિક પ્રતિભા સોળે કળાએ છલકે છે. એ કૃતિઓ તેમને 'સાહિત્ય સમ્રાટ'નું બિરૂદ આપવા સક્ષમ છે. સૂક્ષ્મ નિરિક્ષણ કરતાં સમજાય છે કે તેમણે તો દરેક આત્મામાં બિરાજીત પરમાત્માના અંશને, વિષય વૈવિધ્ય અને વિપુલતાથી ભરપુર અમર કૃતિઓનો રસથાળ ધર્યો છે.

| પુસ્તક નં. | પુસ્તકનું નામ | રચના સ્થળ-સમય | સંજોગ-કારણ-વિષય વગેરે |
|---|---|---|---|
| ૧. | ભજન સંગ્રહ ભાગ-૧ | વિવિધ સ્થળે વિહાર દરમ્યાન | તીવ્ર વૈરાગ્ય દશાને કારણે પ્રત્યેક ભજનમાં મોહને ત્યજવાનો સંદેશ છે. |
| ૨. | ભજન સંગ્રહ ભાગ-૨ | વિવિધ સ્થળે વિહાર દરમ્યાન | ભાગ-૧-૨ મળીને પ્રભુ-ભક્તિમાં તરબોળ ૪૨૦ ભજનો છે. |
| ૩. | ભજન સંગ્રહ ભાગ-૩ | વિવિધ સ્થળે વિહાર દરમ્યાન | જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ, ચોવીશી |
| ૪. | ભજન સંગ્રહ ભાગ-૪ | વિવિધ સ્થળે વિહાર દરમ્યાન | અંદર યશો વિજયજીની કૃતિઓને પણ સમાવી છે. પ્રસ્તાવના વરસોડાના પંડિતે લખી છે. |

| | | | |
|---|---|---|---|
| ૫. | ભજન સંગ્રહ ભાગ-૫ | વિવિધ સ્થળે<br>વિહાર દરમ્યાન | ગઝલો, ગીતો |
| ૬. | ભજન સંગ્રહ ભાગ-૬ | વિવિધ સ્થળે<br>વિહાર દરમ્યાન | ગઝલ, કવ્વાલિ, કાવ્યો-બધા ગૂઢ<br>આત્મજ્ઞાનથી ભરપુર છે. |
| ૭. | કાવ્ય સંગ્રહ ભાગ-૭ | વિહારમાં<br>વિવિધ સ્થળ | કાવ્યો એ જ્ઞાની કવિની<br>જીવતી પ્રતિમા છે. |
| ૮. | ભજન સંગ્રહ ભાગ-૮ | વિહારમાં<br>વિવિધ સ્થળ | પત્રો, કવ્વાલિ, કહેવતો, સુવાક્યો,<br>ભવિષ્યવાણી તથા સહુનો ભાવાર્થ |
| ૯. | ભજન સંગ્રહ ભાગ-૯ | વિહારમાં<br>વિવિધ સ્થળ | દેશભક્તિ, ખાદી, દેશસેવા |
| ૧૦. | ભજન સંગ્રહ ભાગ-૧૦ | વિહારમાં<br>વિવિધ સ્થળ | ગુરુ, આત્માની મસ્ત દશા, અવધૂત દશા,<br>ધ્યાન, ચેટક ચોવીસી, સંઘકર્તવ્ય વગેરે |
| ૧૧. | ભજન સંગ્રહ ભાગ-૧૧ | | પ્રભુ મિલન, આત્મા વિશ્વ સંદેશ, દુર્લભ મોક્ષ<br>પ્રાપ્તિ. |
| ૧૨. | ભજન સંગ્રહ ભાગ-૧૨ | વિહાર દરમ્યાન<br>યાત્રાસ્થળોએ | સ્તવનો, દેવવંદન, પ્રભુશરણ, તીર્થોના<br>સ્તવેના વગેરે |
| ૧૩. | ભજન સંગ્રહ ભાગ-૧૩ | વિહાર દરમ્યાન | ઉપરોક્ત ભજન સંગ્રહોમાંથી<br>અધ્યાત્મજ્ઞાનનાં અલગ કરીને ભજનસંગ્રહ<br>પ્રસ્તુત કર્યો. |
| ૧૪. | સ્નાત્ર પૂજા | સાણંદ, સં. ૧૯૭૭ | ભક્તોના આગ્રહથી<br>મહાવીર પ્રભુની સ્નાત્ર પૂજા બનાવી |
| ૧૫. | નવપદ પૂજા | સાણંદ, સં. ૧૯૭૭ | આસોમાસની ઓળી દરમ્યાન પૂજાની રચના |
| ૧૬. | મંગળ પૂજા | પેથાપુર, સં. ૧૯૭૯ | સુવિધિનાથના મંદિરમાં રચના કરી |
| ૧૭. | વાસ્તુક પૂજા | વિજાપુર, સં. ૧૯૬૦ | ધર્મપિતા શેઠ નથુભાઈ મંછારામના નવા<br>ઘરના મુર્હત પ્રસંગે થઈ. આજે પણ દરેક નવા<br>ઘરના મુર્હતમાં ગવાય છે. |
| ૧૮. | શ્રી ઘંટાકર્ણ<br>મહાવીર પૂજા | વિજાપુર, સં. ૧૯૭૮<br>અક્ષય તૃતિયાને દિને | લોક હિતાર્થે રચના કરી છે.<br>ધર્મ પ્રેમી જનોને સદા સહાય પ્રાપ્ત થાય છે. |

| | | | |
|---|---|---|---|
| ૧૯. | ગુરુગીત ગહુંલી સંગ્રહ | પાદરા, સં. ૧૯૭૭ | વ્યાખ્યાન સમયે વચમાં થોડા સમય અંતરે બહેનોના ગાવા માટે ગીતો. સંખ્યા ૨૦૦ |
| ૨૦. | ભારત સહકાર શિક્ષણ કાવ્ય (ખંડ કાવ્ય) | વિજાપુર, સં. ૧૯૭૪ | ગામમાં અચાનક પ્લેગ ફેલાય જતા, ગામના બધા લોકો ખેતરમાં રહ્યા. આંબાના ગુણ જોઈ કાવ્ય રચ્યું |
| ૨૧. | સાબરમતી ગુણ શિક્ષણ કાવ્ય | નરોડાની પાસે વળાદ ગામે ઉપાશ્રયની પાસે વહેતી સાબરમતી જોઈને સ્ફૂરણા થઈ, માણસાથી વિજાપુર જતાં પૂર્ણ કર્યું. | નદીને જોઈ લોકો પણ એમાંથી બોધ ગ્રહે માટે રચના કરી. |
| ૨૨. | કક્કાવલી સુબોધ (પદ્ય) | જીવનના અંતીમ દિવસોમાં રચના કરી. | ગુરુજીના સ્વર્ગવાસ બાદ પ્રસ્તાવના લખાઈ અને પછી પુસ્તક પ્રકાશિત થયું. |
| **ઉપરોક્ત ઘણા કાવ્યોમાં નાના કાવ્યગ્રંથોનો સમાવેશ છે.** | | | |
| ૨૩. | અધ્યાત્મ વ્યાખ્યાન માળા | માણસા, સં. ૧૯૬૪ | માણસા શહેરમાં આત્મોપાસક મંડળે ગુરુદેવ બુ.સા.ની નિશ્રામાં ત્રિદિવસીય સંમેલન રાખ્યું. વિષય હતો અધ્યાત્મજ્ઞાન અને યોગ વિદ્યા. અહીં "શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારણ મંડળની" સ્થાપના થઈ સર્વ વિધ્વાનોના ભાષણોનું પ્રથમ પુસ્તક નવોદિત મંડળે છાપ્યું. |
| ૨૪. | પરમાત્મ દર્શન | રચના સં. ૧૯૬૦ | કેશીમુનિ અને પ્રદેશી રાજાના સંવાદો થકી આત્માના જ્ઞાનાનંદ સ્વભાવની પહિચાન કરાવી. |
| ૨૫. | શ્રી પરમાત્મ જ્યોતિ | રચના સં. ૧૯૮૪ | ભાષા - સંસ્કૃત - માગધી - ગુજરાતી મૂળકૃતિ શ્રીમદ્ યશોવિજયજીના ૨૫ શ્લોકો ગુરુદેવે આની ટીકા ગુજરાતી અને સંસ્કૃતમાં રચી, અને સિધ્ધ કર્યું કે 'પરમજ્યોતિ' કેવલજ્ઞાન છે. અહીં ગુરુદેવે યશોવિજયજીનાં મૂળ ગ્રંથો શુધ્ધ કરીને આપ્યા છે. જેમાં 'યોગ પ્રદીપ', આત્માનુ શાસન शाम्य शतकम्, पंचविशतिकानो समावेश છે. |

| | | | |
|---|---|---|---|
| ૨૬. | તત્ત્વજ્ઞાન દીપિકા | પ્રથમ આવૃત્તિ સં.૧૯૬૦<br>બીજી આવૃત્તિ સં.૧૯૬૭ | બાળકો અને વિદ્યાર્થીઓ માટે રચ્યો. |
| ૨૭. | વચનામૃત<br>(બૃહત્) | રચના સં. ૧૯૬૮<br>નાનું વચનામૃત<br>'પાદરા'માં ગુરુભક્તો<br>માટે રચ્યું ત્યારબાદ<br>મોટું તૈયાર કર્યું. | વિવિધ વિષયોનો સમાવેશ છે.<br>આત્મોન્નતિ શી રીતે કરવી? ગુરુદેવના<br>લેખો, ઉપદેશો, મૂર્તિપૂજા, અનેકાંતવાદ,<br>સ્થાપના ચાર્યના ફાયદા, લક્ષ્મીવિલાસ<br>પેલેસમાં આપેલું પ્રવચન, શીલાલેખોના<br>આધારે ઐતિહાસિક બનાવોની નોંધ<br>સાગર સંપ્રદાયનો પ્રારંભ, વગેરે. |
| ૨૮. | યોગદીપક | ડુમસ | સંસ્કૃતમાં શ્લોકો રચ્યા પછી પોતે જ<br>એનું વિવેચન કર્યું. |
| ૨૯. | અધ્યાત્મશાંતિ | પાદરા, સં.૧૯૫૯ | ગુરુભક્ત વકીલ મોહનલાલ હીમચંદને બોધ<br>આપવા માટે રચ્યો. બિનસંપ્રદાય રીતે આ<br>ગ્રંથ માનવને આત્મિક શાંતિ આપવા સક્ષમ<br>છે. |
| ૩૦. | ષડ્દ્રવ્ય વિચાર | પાદરા | ગુરુભક્ત મોહનલાલ હિમચંદને ષડ્દ્રવ્યનું<br>સ્વરૂપ જાણવાની જીજ્ઞાસા થતાં આગ્રંથ<br>રચ્યો. |
| ૩૧. | કર્મયોગ | સં.૧૯૭૩ | સંપૂર્ણ ગ્રંથ શ્લોકરૂપે સંસ્કૃતમાં, અને પોતેજ<br>એનું વિસ્તારથી ગુજરાતીમાં વિવેચન કર્યું |
| ૩૨. | આત્મતત્ત્વદર્શન | સં.૧૯૭૪ અષાઢી પુનમ | ભાષા સંસ્કૃત-ગુજરાતી |
| ૩૩. | આગમસાર વિવેચન | સં.૧૯૭૮ | મૂળ રચના શ્રી દેવચંદ્રજી, એનું વિવેચન કર્યું. |
| ૩૪. | સત્ય સ્વરૂપ | વિ. ૧૯૬૨, કેસરિયાજી | યાત્રામાં નવરાશને સમયે રચ્યો. |
| ૩૫. | આત્મશક્તિ પ્રકાશ | વિ. ૧૯૬૧, પેથાપુર | |
| ૩૬. | આત્મ દર્શન | સં. ૧૯૮૦, પેથાપુર | મણિચંદ્રજી મહારાજની સંસ્કૃત રચના છે.<br>૨૧ દુહાઓનું વિવેચન કર્યું. |

| | | | |
|---|---|---|---|
| ૩૭. | આત્મશિક્ષા ભાવના પ્રકાશ | આ ગ્રંથ સં.૧૯૬૨માં ઉજ્જૈન નગરે વિમલ હર્ષ ઉપાધ્યાયજી એ રચ્યો | અવ્યવસ્થિત દશામાં રહેલ જુની ગુજરાતી ભાષામાં દુહાઓને વ્યવસ્થિત કરાવ્યા અને એના પર વિવેચન કર્યું. |
| ૩૮. | આત્મ પ્રકાશ | રચના સં.૧૯૬૪ આ ગ્રંથમાં ૧૬૬ દુહાઓ ગુજરાતી ભાષાના છે. ગ્રંથ દુહાઓના સ્વરૂપમાં કેસરિયાજીની યાત્રા સમયે રચ્યો હતો. પ્રાંતિજમાં એનું વિવેચન કર્યું. | પાના ૫૭૦. ભાષા સંસ્કૃત-ગુજરાતી વિવેચન માટે ગુરુદેવે સન્મતિતર્કના શ્લોકો પ્રશ્નોત્તરી, આવશ્ય સૂત્રના શ્લોકો, વાર્તાઓ, આનંદધનજીના પદો, ઉપાધ્યાયજીના સ્તવનો વગેરેનો ઉપયોગ કર્યો છે. |
| ૩૯. | તત્ત્વવિચાર | પાદરામાં સં.૧૯૫૮માં વકીલ મોહનલાલ હિમ. ના હિતાર્થે રચ્યો. | |
| ૪૦. | શ્રી તત્ત્વબિંદુ | સં.૧૯૧૦માં છપાવ્યો | જૈનધર્મના મૂળ તત્ત્વો સમ્મતિ તર્ક, તત્ત્વાર્થસૂત્ર ઉત્તરાધ્યયન વગેરે માંથી મૂળ લઈ તેનું વિવેચન કર્યું. |
| ૪૧. | ગુરુબોધ | સં. ૧૯૬૭ રચના કાળ | વિનય, વિવેક, પ્રમાણિકપણું વગેરે વિષય લઈ ગ્રંથ તૈયાર કરવું. |
| ૪૨. | તીર્થયાત્રાનું વિમાન | સં.૧૯૬૭ વલસાડ બિલીમોરા | પત્ર રૂપે લખાયેલો આ પત્રમાં યાત્રાળુઓએ તીર્થયાત્રા દરમ્યાન કેવા ગુણો ધારણ કરવા તેનું વર્ણન છે. |
| ૪૩. | જૈનોપનિષદ | સં.૧૯૭૩ અષાઢ માસ | સંસ્કૃતમાં રચ્યો અને તેનું વિવેચન ગુજરાતીમાં કર્યું નાના સંસ્કૃત શ્લોકો રચ્યા. |
| ૪૪. | શિષ્યોપનિષદ | સં.૧૯૭૩ શ્રાવણ માસ | સંસ્કૃતમાં રચના અને વિવેચન ગુજરાતીમાં |
| ૪૫. | ગુણાનુરાગ કુલક | સં.૧૯૬૬ સૂરત પાના સંખ્યા-૨૦ | માગધી ભાષામાં ૨૮ શ્લોકોની રચના કરી. વિવેચન ગુજરાતીમાં કર્યું. |
| ૪૬. | કન્યાવિક્રિય નિષેધ | સં.૧૯૬૦ વિજાપુર | કાઠિયાવાડ, ઝાલાવાડ, વગેરે પ્રાંતોમાં કન્યા વિક્રય બંધ કરાવવા રચેલ ગ્રંથ |

| | | | |
|---|---|---|---|
| ૪૭. | ચિંતામણી | સં.૧૯૬૨ બીજી આવૃત્તિ પ્રથમ આવૃત્તિ સં.૧૯૫૯ પાદરા | ભક્ત મણિલાલ પાદરાકટ માટે રચના કરી |
| ૪૮. | વર્તમાન સુધારો | | આચાર્યશ્રીએ ૧૬૮ પદો રચ્યા એનો સમાવેશ ભજન પદ સં.ભાગ-૩માં કર્યો છે. |
| ૪૯. | જૈન ધર્મ અને ખ્રિસ્તી ધર્મનો મુકાબલો | સં.૧૯૫૭ સુરત | સમગ્ર ભારતમાં ખ્રિસ્તીઓ જૈન અને હિંદુ ધર્મને નીચા દેખાડી લોકોને વટલાવતા હતા માટે શ્રી મોહનલાલજી મ.ની વિનંતીથી પ્રથમ વાર ગ્રંથ રચના કરી. |
| ૫૦. | લાલા લજપતરાય અને જૈન ધર્મ | સં.૧૯૮૦ | |
| ૫૧. | પ્રતિજ્ઞા પાલન | સં.૧૯૭૩ ફાગણ માસ પેથાપુર | આ વિષય અંતર્ગત ૭૨ સુંદર ગઝલો ગુરુજીએ લખી. એનું વિવેચન શ્રી નેમચંદભાઈએ કર્યું. |
| ૫૨. | મિત્ર મૈત્રી | સં.૧૯૭૧ પેથાપુર | ૨૦૬ દુહાઓ ગુરુજીએ રચ્યા તેમનું વિવેચન શ્રી નેમચંદભાઈ અને રતિલાલે ગુરુદેવની પરવાનગીથી કર્યું. (ભા-૮ માં છે.) |
| ૫૩. | શોક વિનાશંક ગ્રંથ | સં.૧૯૫૯ પાદરા | શોક નિવારણ માટે ગ્રંથ રચના કરી. |
| ૫૪. | સાંવત્સરિક ક્ષમાપના | સં.૧૯૬૪ | ભાષા માગધી-સંસ્કૃત. અર્પણ કર્યું છે- બુકસેલર શા.મેઘજી હીરજી. |
| ૫૫. | જૈન સૂત્રમાં મૂર્તિપૂજા | સં.૧૯૮૧ ચૈત્રીપુનમ | જેઓ મૂર્તિપૂજામાં માનતા નથી તેમને માટે શાસ્ત્રોક્ત રીતે પ્રતિમા પૂજન આપ્યું છે. |
| ૫૬. | જૈન ધાર્મિક શંકા સમાધાન | સં.૧૯૮૦ મહુડી | ઘંટાકર્ણ વીરના મંત્રો અને ઈતિહાસની વિગત છે. |
| ૫૭. | મુદ્રિત જૈન ગ્રંથ નામાવલિ | સં. ૧૯૮૦ | સુરતમાં ઈ.સ. ૧૯૨૪માં જૈન સાહિત્ય પરિષદ કવિ નાનાલાલની અધ્યક્ષતામાં ભરાઈ. મણિલાલ પાદરાકારે પરિષદનો સર્વ કાર્યભાર સંભાળ્યો. ૮૪૪ સંસ્થાઓની નામાવલિ આ મૂલ્યવાન ગ્રંથમાં છે. |
| ૫૮. | શ્રી સંઘ પ્રગતિ મહામંત્ર | | જૈન ધર્મની ઉન્નતિ માટેના ઉપાયોની વિગતવાર ચર્ચા. |

| | | | |
|---|---|---|---|
| ૫૯. | કાલ્પનિક અધ્યાત્મ મહાવીર | ગુરુદેવે પોતાના જીવન કાળમાંજ રચના કરી હતી. પરંતુ પ્રકાશન થોડા વર્ષો પછી કરવું એમ સૂચના આપી હતી. | પ્રભુ મહાવીરના જીવન પ્રસંગોનું સુંદર વર્ણન છે. સંવાદ શૈલીથી ઉપદેશ આપ્યો છે. આ. દુર્લભ સાગરજીએ ઈ.સ.૧૯૬૭માં પ્રકાશન કરાવ્યું. |
| ૬૦. | જૈન ઐતિહાસિક રાસમાળા | સં.૧૯૬૯ | પૂર્વે થઈ ગયેલા મહાન આચાર્યો અને શ્રેષ્ઠીઓના રાસોને વ્યવસ્થિત કરાવી પ્રકાશિત કરાવ્યા. મૂળ રાસાઓ છપાવી તેના પર વિવેચન કર્યું જેથી ઐતિહાસિક રાસોનો અમર વારસો જળવાય રહે. |
| ૬૧. | જૈન ધર્મની પ્રાચીન અર્વાચીન સ્થિતિ | સં.૧૯૬૮ | ગુરુદેવે પ્રાચીન ઈતિહાસ, પટ્ટાવલીઓ, શિલાલેખો, રાસાઓ વગેરે પરથી ઈતિહાસની ઘણીજ અગત્યની માહિતી પુરી પાડી છે. |
| ૬૨. | વિજાપુર બૃહત્ વૃતાંત (વિજાપુર લઘુ વૃત્તાંત) | સં. ૧૯૭૩ | વિજાપુર-જન્મભૂમિની પ્રાચીનતા, મહુડી નગરની પ્રાચીન સવિસ્તર માહિતી તથા સંપૂર્ણ ભારતની સ્થિતિનો ચિતાર અહીં છે. |
| ૬૩. | જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ ૧-૨ અને ૩ | સં. ૧૯૭૩ અને સં.૧૯૮૦ | વિધ્વતવર્ય કેશવલાલ હ. ધ્રુવ એકવાર મળવા આવ્યા ત્યારે પ્રતિમા લેખોની ચર્ચા થઈ ગુરુદેવે અ.જ્ઞા.મં.ને પ્રેરણા કરીને આ ગ્રંથમાં ૩૦૦૦ થી વધુ લેખો છે. |
| ૬૪. | શ્રી આનંદઘન પદ ભાવાર્થ | સં.૧૯૬૭ મુંબઈ | પ્રસ્તાવનામાં ૨૫૧ પૃષ્ઠોમાં અધ્યાત્મજ્ઞાનની આવશ્યકતા અને આનંદ ઘનજીના જીવનની માહિતી અને અન્ય વિગતો છે. |
| ૬૫. | ધ્યાન વિચાર | સં.૧૯૫૮ પાદરા | ધ્યાનના દરેક પ્રકાર અને બાર ભાવનાનું સ્વરૂપ છે. |
| ૬૬. | ઈશાવાસ્યોપનિષદ્ | સં.૧૯૭૯ | જૈનધર્મની વ્યાપક દૃષ્ટિએ આ કૃતિનું વિવેચન કર્યું છે. |

| | | | |
|---|---|---|---|
| ૬૭. | સમાધિ શતકમ્ | સં.૧૯૬૨ | સંસ્કૃત રચના દિગંબરાચાર્ય પ્રભેન્દ્રજીએ કરી હતી ગુજરાતીમાં દોહા સ્વરૂપે ઉપાધ્યાયજી વિવેચન કર્યું અને તેનું વધુ સરળ ભાવાર્થયુક્ત વિવેચન બુ.સા.એ કર્યું આમ અહીં એક કૃતિના ગ્રંથકાર ત્રિપુટી વિધ્વાનો છે. |
| ૬૮. | અનુભવ પંચવિશતી | સં.૧૯૫૯ ઉત્તરાણ સુરત નજીક | ગુરુદેવ એક ઉપકરણ કાવીઠા ભૂલી ગયા હતા એ લેવા એક વ્યક્તિને મોકલ્યો. એ આવે તે દરમ્યાન સંસ્કૃતમાં ૨૫ શ્લોકો રચ્યો પછી પોતેજ એનું વિવેચન કર્યું. |
| ૬૯. | શ્રી કર્મપ્રકૃતિ ટીકા (ભાષાંતર) | સં.૧૯૭૬માં સંસ્કૃતમાં વિવેચન કર્યું. | પ્રાચીન સંસ્કૃત ગ્રંથ માગધી ભાષામાં શ્રી મલય ગિરીજીએ ટીકા રચી હતી. આ ગ્રંથનું ભાષાંતર ગુજરાતી ભાષામાં ગુરુદેવની પ્રેરણાથી થયું. |
| ૭૦. | શ્રી સુખસાગર ગુરુગીતાઃ | સં.૧૯૭૧ | આ ગ્રંથમાં ચાર ગુરુ મહારાજોના જીવન ચરિત્રોનો સમાવેશ પણ આચાર્યશ્રીએ કર્યો છે. |
| ૭૧. | શ્રી મયાસાગરજી | | |
| ૭૨. | શ્રી નેમિ સાગરજી | | |
| ૭૩. | શ્રી સુખસાગરજી | | |
| ૭૪. | શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ-૧ | સં.૧૯૬૯ પાદરા | શ્રી દેવચંદ્રજીનું જીવનચરિત્ર લખ્યું તથા તેમની કૃતિઓને વ્યવસ્થિત કરીને છપાવી દેવચંદ્રજીની પદ્ય રચનાઓનું સંકલન કરી પ્રકાશિત કરાવી. |
| ૭૫. | શ્રીમદ્ દેવચંદ્રજી ભાગ-૨ | | |
| ૭૬. | શ્રી દેવવિલાસ | સં.૧૯૭૫ | શ્રી દેવચંદ્રજી અધ્યાત્મજ્ઞાની હતા. તેમના યશોગાન ગાતા ૨૭ સંસ્કૃત પદોની રચના કરી |
| ૭૭. | શ્રીમદ્ યશોવિજયજી નિબંધ | સં.૧૯૬૮ પાદરા | સં.૧૯૬૮માં વડોદરામાં ચોથી ગુજરાતી સાહિત્ય પરિષદ માટે આમંત્રણ આપવા સંપતરાવ ગાયકવાડ જાતે ગુરુદેવ પાસે આવ્યા. તે સમય દરમ્યાન વિહાર શક્ય ન હતો માટે આ નિબંધ લખી આપ્યો. પરિષદે એને સ્વ ખર્ચે પ્રગટ કરાવ્યો. |

| | | | |
|---|---|---|---|
| ૭૮. | ધાર્મિક ગદ્ય સંગ્રહ | સં.૧૯૭૩ પેથાપુર | ગુરુદેવની રોજનિશી |
| ૭૯. | પત્ર સદુપદેશ ભાગ-૧ | | |
| ૮૦. | પત્ર સદુપદેશ ભાગ-૨ | સં.૧૯૭૬ | |
| ૮૧. | પત્ર સદુપદેશ ભાગ-૩ | સં.૧૯૭૭ થી ૧૯૮૧ | |
| ૮૨. | વચનામૃત (લઘુ) | | |
| ૮૩. | શ્રી કુમારપાળ ચરિત્ર | | હિન્દી |
| ૮૪. | શ્રી ગહુંલી સંગ્રહ ભાગ-૧ | સં.૧૯૭૬, પાદરા | માણસાના ભક્ત શેઠ વીરચંદ કૃષ્ણાજીની વિનંતીથી ગહુંલીની રચના કરી |
| ૮૫. | શ્રી ગહુંલી સંગ્રહ ભાગ-૨ | સં.૧૯૭૬, પાદરા | માણસાના ભક્ત શેઠ વીરચંદ કૃષ્ણાજીની વિનંતીથી ગહુંલીની રચના કરી |
| ૮૬. | પૂજા સંગ્રહ ભાગ-૧ | સં.૧૯૭૯, સાણંદ | ૬૦૦ પૃષ્ઠોમાં સુંદર પૂજાઓ પ્રતિષ્ઠા સમયે બનાવી છે. |
| ૮૭. | પૂજા સંગ્રહ ભાગ-૨ | સં.૧૯૭૯, સાણંદ | ૫૫૬ પૃષ્ઠોમાં ૩૩ પૂજાઓ છે. |
| ૮૮. | स्तवन संग्रह | સં.૧૯૭૮, મહેસાણા | |
| ૮૯. | आत्मशुद्धोपयोग | સં.૧૯૭૯, વિજાપુર | |
| ૯૦. | दयाग्रंथ | સં.૧૯૮૦, મહુડી | |
| ૯૧. | श्रेणिक सुबोध | સં.૧૯૭૯, વિજાપુર | |
| ૯૨. | कृष्ण गीता | સં.૧૯૭૫, પાદરા | |
| ૯૩. | संघ कर्तव्य | સં.૧૯૭૯, વિજાપુર | |
| ૯૪. | प्रजा समाज कर्तव्य | સં.૧૯૭૯, વિજાપુર | |
| ૯૫. | शोक विनाशक ग्रंथ | સં.૧૯૭૯, વિજાપુર | संस्कृत और गुजराती गद्य दोनों मे है. |
| ૯૬. | चेटक बोध | સં.૧૯૭૯, વિજાપુર | |
| ૯૭. | सुदर्शन सुबोध | સં.૧૯૭૯, વિજાપુર | |
| ૯૮. | अध्यात्मगीता | સં.૧૯૮૦, પેથાપુર | |
| ૯૯. | आत्मसमाधी शतक | સં.૧૯૮૦, પેથાપુર | |
| ૧૦૦. | जीवन प्रबोध | સં.૧૯૮૦, પેથાપુર | |

| | | | |
|---|---|---|---|
| ૧૦૧. | आत्म स्वरुप | સં.૧૯૬૧, મહેસાણા | |
| ૧૦૨. | પરમાત્મદર્શન | સં. ૧૯૬૦, મહેસાણા | |
| ૧૦૩. | કર્મયોગ | સં. ૧૯૭૩ | સંસ્કૃતમાં ૨૭૨ શ્લોક છે તેનું ગુરુદેવે જાતે દૃષ્ટાંતો આપી વિવેચન કર્યું. |
| ૧૦૪. | પ્રેમગીતા | સં. ૧૯૮૦ | |
| ૧૦૫. | જૈન ગીતા | સં. ૧૯૭૩ માણસા | |
| ૧૦૬. | આત્મદર્શન ગીતા | સં.૧૯૬૫ અમદાવાદ | |
| ૧૦૭. | શિષ્યોપનિષદ | સં.૧૯૭૩ પેથાપુર | સંસ્કૃત-ગુજરાતી બંને |
| ૧૦૮. | જૈનોપનિષદ | સં.૧૯૭૩ પેથાપુર | સંસ્કૃત-ગુજરાતી બંને |
| ૧૦૯. | યોગ પ્રદીપ | સં.૧૯૮૦ શ્રાવણ | |
| ૧૧૦. | આત્માનુશાસન | સં.૧૯૮૦ | |
| ૧૧૧. | શામ્ય શતક | સં.૧૯૮૦ | |
| ૧૧૨. | શ્રી મહાવીર ગીતા | | |
| ૧૧૩. | આત્મ સ્વરૂપ | ભ.સં. ભાગ-૩માં | અંતર્ગત છે. ૨૫૫ પદો છે. |
| ૧૧૪. | ચેતન શક્તિ સ્વરૂપ | ભ.સં. ભાગ-૩માં | અંતર્ગત છે. ૭૪ પદો છે. |
| ૧૧૫. | ચેટક ચોવીસી ગ્રંથ | ભ.સં. ભાગ-૧૦માં આવરી લીધો છે. | ૨૭ પદોની ચોપાઈ છે. |
| ૧૧૬. | સંઘ કર્તવ્ય ગ્રંથ | ભ.સં. ભાગ-૧૦માં છે. | ૧૦૮ દુહાઓ રચ્યા છે. |
| ૧૧૭. | પ્રજા સમાજ કર્તવ્ય ગ્રંથ | ભ.સં. ભાગ-૧૦માં છે. પ્રભુ મહાવીર શ્રેણીકને ઉપદેશ રાખે છે. | ૧૧૧ પદો છે. રાજા અને પ્રજાએ બંને એ પરસ્પર હિત જોયું. |
| ૧૧૮. | આત્મ શુધ્ધોપયોગ | ભ.સં. ભાગ-૧૧માં છે. | ગુજરાતી |
| ૧૧૯. | શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ-૧ | | |
| ૧૨૦. | શ્રાવક ધર્મ સ્વરૂપ ભાગ-૨ | | |
| ૧૨૧. | સંઘ પ્રગતિ | | |
| ૧૨૩. | ચેતન શક્તિ - સંસ્કૃત | | લઘુ ગ્રંથ છે. અન્ય ગ્રંથોમાં સમાવેશ છે. |
| ૧૨૪. | કર્મ પ્રકૃતિ | સં.૧૯૭૬ પાદરા | |
| ૧૨૫. | જૈન શ્યાદવાદ | | સંસ્કૃત-લઘુ |
| ૧૨૬. | ગુરુ મહાત્મ્ય | | સંસ્કૃત |

| | | | |
|---|---|---|---|
| ૧૨૭. | શ્રી રવિસાગરજી ચરિત્ર | | |
| ૧૨૮. | પરબ્રહ્મ નિરાકરણ | | સંસ્કૃત |
| ૧૨૯. | ચેતનશક્તિ ગ્રંથ-ગુજરાતી (પદ્ય) | | ૬૧ દુહાઓ, ભ.સં.-૩માં સમાવેશ |
| ૧૩૦. | આત્મ શક્તિ ગ્રંથ-પદ્ય | તારંગા સં.૧૯૬૪ | ભ.ભાગ-૩માં સમાવેશ ૭૪ દુહાઓ |
| ૧૩૧. | શોક નિવારક ભાવના ગ્રંથ (પદ્ય) | | ૧૧૨ પદ્યો ગુજરાતીમાં, ભ.સં.૧૦ |
| ૧૩૨. | યોગ સ્વરૂપ (પદ્ય) | | ૩૯ દુહાઓ, ભ.સં.૧૦ |
| ૧૩૩. | ક્ષમાપના (પદ્ય) | | ૪૧ પદોમાં ક્ષમાની ભાવના ભ.સં.-૧૦ |
| ૧૩૪. | મનુષ્ય (પદ્ય) | | ૧૫૫ પદો, ભ.સં.-૮ |
| ૧૩૫. | સ્થુલિભદ્ર સજઝાય (પદ્ય) | | ૫૦ ગાથા ભ.સં.-૩ |
| ૧૩૬. | ચોવીશી ત્રણ છે. | એક ચોવીશી સાણંદમાં પ્રતિષ્ઠા સામે સં. ૧૯૭૯ એક ચોવીશી ભ.સં. ભાગ-૪માં છે. | |
| ૧૩૭. | જૈન શ્રાવક | ભાગ-૮માં સંલગ્ન છે. | ૨૦૮ કડીઓ છે. |
| ૧૩૮. | સ્મશાન | ભાગ-૮માં છે. | ૮૬ કડીઓ છે. |

શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂર્તિપૂજક ટ્રસ્ટ

મહુડી